# શ્રી ઋષિમંડળવૃત્તિ—ઉત્તરાર્ધ

( ભાષાંતર સહિત. )

રચનાર,

આચાર્યશ્રી શુભવર્ધનસૂરીશ્વરજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી જૈન વિદ્યાશાળા.

દોશીવાડાની પોળ—અમદાવાદ.

श्री

# श्री ऋषिमंडलवृत्ति-उत्तरार्ध.

## ( भाषांतर सहित )

મૂળ રચનાર:—

આચાર્યશ્રી શુભવર્ધન સૂરીશ્વરજી.

ભાષાંતર કર્તા:—

શાસ્ત્રી હરિશંકર કાળીદાસ.

ભાષાંતર કરાવી પ્રસિદ્ધ કરનાર:—

શા. સુબાજી રવચંદ જયચંદે સ્થાપન કરેલી

**શ્રી જૈન વિદ્યાશાળા.**

ડોસીવાડાની પોળ, અમદાવાદ

પ્રસિદ્ધકર્તાએ આ ગ્રંથ ફરીથી છાપવા તથા છપાવવા સંબંધીના સર્વ હક્ક સ્વાધિન રાખ્યા છે.

( પ્રથમાવૃત્તિ )

વીર સં. ૨૪૫૨: વિ. સં. ૧૯૮૨: સન. ૧૯૨૫:

મૂલ્ય રૂા. ૨-૮-૦

મળવાનું ઠેકાણું:—
શ્રી જૈન વિદ્યાશાળા.
ડોસીવાડાની પોળ, અમદાવાદ.

આ પુસ્તક શ્રી વીરસમાજના શ્રી વીર-શાસન પ્રીન્ટીંગ પ્રેસ,
હાજાપટેલની પોળ, અમદાવાદમાં
શા. વીઠ્ઠલદાસ મોહનલાલે છાપ્યું.

મળવાનું ઠેકાણું:—
શ્રી વીરશાસન પ્રીન્ટીંગ પ્રેસ.
હાજા પટેલની પોળ, અમદાવાદ.

# પ્રસ્તાવના.

આજથી લગભગ ૨૪ વર્ષ પૂર્વે શ્રી ઋષિમંડળવૃત્તિના પૂર્વાર્ધનું ભાષાંતર કરાવી અમ્હે પ્રકાશિત કર્યું હતું. પૂર્વાર્ધ પ્રગટ થયા બાદ અનેક માગણીઓ ઉત્તરાર્ધ માટે થઈ હતી, અને અમ્હારી પ્રબળ ઈચ્છા હતી કે, વાંચકોના કરકમલમાં એ પુસ્તકનો ઉત્તરાર્ધ વિભાગ જલ્દી ઉપસ્થિત કરવો; પરન્તુ જગત્માં ઘણે સ્થળે જોવાય છે તેમ ઇચ્છાઓ અને સંયોગોના વિરોધથી, અમ્હે પણ ન બચી શકયા. છતાં વર્ષો પછીથી પણ અમ્હારા ધર્મપ્રેમી, કથા રસિક, સજ્જનો સમક્ષ, અમ્હારી ભાવનાઓના સાફલ્ય રૂપ આ ઉત્તરાર્ધનું ભાષાંતર લઇ ઉપસ્થિત થઇએ છીએ. અને શાસનદેવ પ્રતિ પ્રાર્થીએ છીએ કે, પૂર્વાર્ધ કરતાં પણ ઉત્તરાર્ધમાં અમ્હને વિશેષ સફલતા પ્રાપ્ત થાય.

અમ્હારી સફલતા એટલે કોઈ સજ્જન એમ ન માની બેસે કે–'અમ્હને આ પુસ્તક પ્રકાશનમાં આર્થિક વિશેષ લાભ હો, એમ અમ્હે ઇચ્છીએ છીએ.' પરન્તુ જનસમૂહ આ પુસ્તક વાંચી આત્મિક માર્ગમાં ગતિ કરે અને ધર્મમાં સુસ્થિત બને તથા પોતાના પૂર્વભૂત મહાત્માઓનાં અદ્ભૂત ચરિત્ર વાંચી, ત્હેમને સત્યાકારે ઓળખે એજ અમ્હારી ભાવના અને એમાંજ અમ્હારી સફલતા !

ઋષિમંડળવૃત્તિનો ઉત્તરાર્ધ વિભાગ વધુ મ્હોટો હોવાથી ઉત્તરાર્ધમાંનું પાંડવ-ચરિત્ર અમ્હે પૂર્વાર્ધમાં આપી ગયા છીએ એટલે એ ચરિત્ર આ ગ્રંથમાં દાખલ કરવામાં આવ્યું નથી; આથી આ ગ્રંથ શ્રી કેશિ ગણધરની કથાથી શરૂ થાય છે. આ ઉત્તરાર્ધમાં ચરિત્રો અને કથાઓ મળી ૭૦ ની સંખ્યામાં આપવામાં આવ્યાં છે; જે એટલાં બધાં રસિક છે કે એક ચરિત્ર યા કથા પૂર્ણ થતાં તત્કાળ બીજું ચરિત્ર વાંચવાની ઈચ્છિા રોકી શકાતી નથી.

વિદ્યાશાળા તરફથી 'પુસ્તક પ્રકાશન વિભાગ' ઘણા વખતથી ખોલવામાં આવ્યો છે એ વિભાગમાંથી અત્યાર સુધીમાં અનેક ઉપયોગી ગ્રંથો પ્રકાશમાં લાવી શકયા છીએ. આ પુસ્તક પણ તેજ પુસ્તક પ્રકાશન વિભાગને આભારી છે.

દરેક સમાજના અસ્તિત્વનો આધાર ત્હેના સાહિત્યની વિપૂલતા અને પ્રાચિન તીર્થોની સંરક્ષણતા ઉપર અવલંબી રહ્યો છે. જે સમાજમાં સાહિત્ય સમૃદ્ધિવાન્ નથી, તે સમાજ કાં તો અમૂક વર્ષો પૂર્વેજ ઉત્પન્ન થયો હોવો જોઇએ અથવા ત્હેનું જીવન, મરણ નજદીક પહોંચ્યું હોવું જોઇએ. આપણે જોઈ શકયા છીએ કે આપણું જૈન સાહિત્ય એટલું બધું સમૃદ્ધ છે કે કોઇપણ વિદ્વાન્થી એ માટે આશ્ચર્ય પ્રગટ કર્યા સિવાય રહી શકાય તેમ નથી. પાશ્ચાત્ય વિદ્વાનો કે જેઓ જૈન સાહિત્યની અજ્ઞાનતાને લીધે એમ કહેતા કે, The Jain have got no literature of their own and so they have no right to alive. "જૈનો પાસે પોતાનું સ્વતંત્ર સાહિત્ય નથી અને અને તેથી તેમને જીવવાનો હક્ક નથી" તેજ વિદ્વાનો આજે ખુલ્લા શબ્દોમાં જૈન સાહિત્યની અને ત્હેની વિપૂલતાની તારીફ કરી રહ્યા

છે. જન સાહિત્યકારોએ સાહિત્યના કોઈપણ વિભાગને પડતો મૂક્યો નથી. વ્યાકરણ ન્યાય, ચમ્પૂ, સાહિત્ય, ગણિત, ઇતિહાસ, ભૌગોલિક વિષય, જ્યોતિષ, વૈદક વિગેરે વિગેરે વિષયોના જૈન ગ્રંથો એટલા બધા રચાયા છે કે જ્હેની તુલના અન્ય સમાજના સાહિત્ય સાથે કરવામાં આવે તો અવશ્ય સમાન કોટિમાં તો ઠીક, પરન્તુ ઉત્તમ કોટમાં આવી શકે.

કહેવાય છે કે, જૈન સાહિત્ય અનેક આઘાતમાંથી પસાર થઈ ચુક્યું છે. પહેલાં કેટલાક વિદ્વેષી જૈનેતર રાજાઓએ, પોતાની ધર્માંધતાને વશ થઇ, એને, બાળી પણ મૂક્યું હતું. કેટલાક ગ્રંથો ચોરાઇ પણ ગયા છે. વળી કેટલાક સાહિત્યની કિંમત ન સમજનાર મનુષ્યોએ એ ગ્રંથો પરદેશીઓને વેચી દીધા છે, અને વધુમાં કેટલેક ઠેકાણે ઉધઈના કીડાઓથી પણ કેટલાક ગ્રંથો ખવાઇને મરણને શરણ થયા છે. આ બધા આઘાતોમાંથી પસાર થતાં થતાં પણ આપણી પાસે એટલું બધું સાહિત્ય બચ્યું છે કે, જ્હેને માટે એ સાહિત્યકારોના વારસદારો (જૈનો) ગૌરવથી શીર ઉંચકી શકે છે.

જૈન સાહિત્યના અવાંતર અનેક વિભાગ પાડવામાં આવ્યા છે. જેમ કે, ગણિતાનુયોગ, વિધિવાદાનુયોગ, કથાનુયોગ વિગેરે. ગણિતાનુયોગમાં પૃથ્વી, આકાશ, જીવ, અજીવ આદિની ગણત્રીની સંપૂર્ણ માહીતી આપવામાં આવી છે; વિધિવાદાનુયોગમાં જૈન મુનિએ તથા જૈન ગૃહસ્થે કેવા કેવા આચારોનું પાલન કરવું જોઇએ ત્હેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. અને કથાનુયોગમાં વિધિવાદાનુયોગનાં પુસ્તકોમાં વર્ણવેલા આચારો, એ મહાત્માઓએ કેવી રીતે પાલન કરી, પોતાનું આત્મશ્રેય સાધ્યું તે સ્ફુટ્ રીતે દર્શાવવામાં આવ્યું છે. આ ઋષિમંડલવૃત્તિ પણ કથાનુયોગમાં જતું પુસ્તક છે. અસલ જે ચાર અનુયોગ કહેવાય છે તે આ છે:—
૧ દ્રવ્યાનુયોગ, ૨ ગણિતાનુયોગ. ૩ ચરણ કરણાનુયોગ ને ૪ કથાનુયોગ.

આજે આપણે ઘણે સ્થળેથી સાંભળીએ છીએ કે આપણા ઉગતા યુવાનો યુવાવસ્થામાં પ્રવિષ્ટ થતાં પહેલાંથી બદચાલના બની જાય છે, ત્હેનું કારણ, ત્હેમને આપવામાં આવતું કુત્સિત વાંચન છે. આજ કાલ લોકોમાં વાર્તાનો શોખ વધતો જાય છે અને બિભત્સ શબ્દો તથા ભાવોવાળી નોવેલોનો પ્રચાર વધતો જાય છે. એવા સમયે આવાં કથાનકો પ્રકાશમાં લાવવાથી વિશેષ લાભ થવાની સંભાવના છે. વાંચન એ એક પ્રકારનો ખોરાક છે. જ્હેમ શરીરને આહારની આવશ્યકતા અનિવાર્ય છે તેમ માનસિક પરિશ્રમ પછી વાંચનની આવશ્યકતા અનિવાર્ય છે. શરીરમાં મેલો અસ્વચ્છ આહાર જાય તો તે શરીરને બગાડે છે. તેવીજ રીતે મનના ખોરાક રૂપ વાંચન જો મેલું હોય તો તે મનની નિર્મળતામાં વિઘાતક નીવડે છે.

જૈનોનો કથાનુયોગ વિભાગ સર્વોત્કૃષ્ટ ગણાય છે. આનું કારણ એ છે કે એની કોઈપણ કથા યા ચરિત્ર એવું નથી કે જેથી વાંચકના હૃદય ઉપર ખરાબ અસર કરે. ઉપરાન્ત વિશેષતા એ છે કે, એ સાહિત્ય કથાના બ્હાને ધર્મનો ઉપદેશ આપી રહ્યું છે. વાંચકની ધર્મશ્રદ્ધાને તે સચોટ કરે છે. આથી આ ગ્રંથ આજની પરિ-

રાજનગર જૈનવિદ્યાશાળાના આદ્ય સંસ્થાપક

શ્રાદ્ધરત્ન

## સુબાજી રવચંદ જયચંદ.



**જન્મ.**

સંવત્ ૧૮૮૧ આસો સુદ ૨

**અવસાન.**

સંવત્ ૧૯૨૯ વૈસાખ વદ ૨

સ્થિતિ જોતાં જો યુવાનોના હાથમાં આપવામાં આવે તો વિશેષ લાભદાયી નીવડે એમ અમ્હારૂં મન્તવ્ય છે.

વિશેષમાં દૃષ્ટિદોષથી કિંવા પ્રેસની ભૂલથી જો આ ગ્રંથમાં કોઈ પ્રકારની ભૂલ રહી ગઇ હોય તો તે સુધારી વાંચવા સુજ્ઞ વાંચકને અમ્હારી નમ્ર સૂચના છે. સાથે વિનંતી છે કે ભૂલ જો અમ્હને જણાવશો તો અમ્હે દ્વિતીયાવૃતમાં તેનો સુધારો કરીશું.

ડોશીવાડાની પોળ, અમદાવાદ.
વીર. સં. ૨૪૫૨

**જૈન વિદ્યાશાળા.**


## શેઠ સુબાજી રવચંદ જયચંદ જૈન વિદ્યાશાળા તરફથી બહાર પડેલાં પુસ્તકો.

૧. **શ્રી શત્રુંજય તીર્થ માહાત્મ્ય સાર.** પૃષ્ઠ ૩૨૦. કિં. માત્ર ૦-૮-૦
૨. **સ્નાત્ર પંચાશિકા.** ભાષાંતર સહિત. પૃષ્ઠ ૩૪૦. કિં. માત્ર ૦-૧૨-૦
૩. **જયાનંદ કેવલી રાસ.** શ્રી પદ્મવિજયજી ગણી કૃત. પૃષ્ઠ ૪૩૦. કિં. માત્ર ૧-૦-૦
૪. **સમ્બોધ સપ્તતિ.** ભાષાંતર સહિત. શ્રી રત્નશેખરજી કૃત. કિં. માત્ર ૨-૦-૦
૫. **શ્રી પર્યુષણા મહાત્મ્ય.** બાલાવબોધ. શ્રી જ્ઞાનવિમલસૂરિજી કૃત. પૃષ્ઠ ૨૨૦ પાકું પુંઠું. કિં. ૧-૪-૦
૬. **શ્રાદ્ધવિધિ.** ભાષાન્તર. પૃષ્ઠ ૫૦૦. કિં. માત્ર ૩-૦-૦
૭. **સુલસા ચરિત્ર.** સમ્યકત્વ સંભવ મહાકાવ્ય ભાષાંતર સહિત. પૃષ્ઠ ૧૧૨. પાકું પુઠું કિં. માત્ર ૧-૦-૦
૮. **શીલોપદેશમાલા.** ભાષાંતર. પૃષ્ઠ ૪૫૦. પાકું પુઠું. કિં. ૨-૮-૦
૯. **શ્રી ઋષિમંડલ.** ભાષાંતર પૂર્વાર્ધ. પૃષ્ઠ ૫૯૦ પાકું પુઠું. કિં. ૨-૮-૦
૧૦. **પ્રકરણમાલા.** મૂળ કિં. ૦-૮-૦.
૧૧. „ અર્થ સહિત. કિં. ૧-૦-૦.
૧૨. **પંચપ્રતિક્રમણ.** પૃષ્ઠ ૬૦૦ પાકું પુઠું. કિં. ૨-૦-૦.
૧૩. **શ્રીપાલ રાજાનો રાસ.** પાકું પુઠું. કિં. ૨-૦-૦.
૧૪. **શ્રી દેવવંદનમાલા.** પાકું પુઠું. કિ. ૧-૦-૦.
૧૫. **સુંદર રાજાની સુંદર ભાવના.** કિં. ૧-૦-૦.
૧૬. **ભીમકુમારનું ભુજાબળ.** કિં. ૧-૦-૦.

**કમીશન**—રૂા. ૫૦) ઉપરનાં પુસ્તકો મંગાવનારછે ૫) ટકા અને રૂા. ૧૦૦) ઉપરનાને ૧૫) ટકા આપવામાં આવશે.

લખો:—**જૈન વિદ્યાશાળા.**
ડોશીવાડાની પોળ—**અમદાવાદ.**

જૈન ધર્મના અસ્પષ્ટ અને અગમ્ય સિદ્ધાન્તોનો સ્ફોટ કરી તે સિદ્ધા-
ન્તોનેજ અનુસરી ચાલતું તથા જૈન સમાજના પ્રત્યેક હિતમાં
શાસ્ત્રાધારે ભાગ લેતું, એકનું એક, નીડર અને
સ્વતંત્ર, અઠવાડીક પત્ર-

# " શ્રી વીરશાસન. "

આ પત્રમાં પૂ. આચાર્યાદિ મુનિપ્રવરોના તથા ધર્મ શ્રદ્ધાળુ, સંસ્કારી લેખકોના મનનીય લેખો, સુંદર રસમય ચાલુ વાર્તા, દેશદેશાવરના જૈન સમાચારો, દુનીઆના જાણુવાજોગ સમાચારો, ઉપરાન્ત તન્ત્રી સ્થાનેથી લખાતી ચાલુ વિષયની નોંધો વિ. નું વાંચન દર શુક્રવારે આપવામાં આવે છે. તથા દર વર્ષે ભેટની બુક તેમજ ખાસ અંકો અપાય છે.

" અમ્હારો ઉદ્દેશ–નિઃસ્વાર્થીપણે ધર્મમાં નિશ્ચલ રહી ધર્મ અને સમાજની માત્ર સેવા કરવાનો છે. "

વાર્ષિક મૂલ્ય { સ્થાનિક રૂા. ૫—૦—૦
દેશાવર રૂા. ૫—૯—૦ પોષ્ટ સાથે.

ગ્રાહક થવા માટે લખોઃ—

**વ્યવસ્થાપક ' શ્રી વીરશાસન. '**

હાજાપટેલની પોળ,—અમદાવાદ.

---

## નીચેનાં પુસ્તકો અમ્હારે ત્યાંથી મળશે.

| | નામ | | કિંમત. | |
|---|---|---|---|---|
| ૧ | બંધશતક પ્રકરણ. | રૂા. | ૧-૪-૦ | ટપાલ ખર્ચ જુદું |
| ૨ | શતકચૂર્ણિ. | ,, | ૦-૧૨-૦ | |
| ૩ | સત્યનું સમર્થન. | ,, | ૧-૦-૦ | |
| ૪ | ચિલ્લણાદેવી. | ,, | ૦-૧૨-૦ | |
| ૫ | સ્તવનાવલી. | ,, | ૦-૪-૦ | |
| ૬ | જિન સહસ્રનામ સ્તોત્ર. | ,, | ૦-૧-૦ | |

આ ઉપરાંત અમ્હારે ત્યાં પુસ્તકાકારે તેમજ પ્રતાકારે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી તેમજ ઈંગ્લીશ ગ્રંથો ખાસ દેખરેખ નીચે છપાય છે. એક વાર કામ આપી ખાત્રી કરો.

લખો યા મળોઃ—મેનેજર,

**શ્રી વીરશાસન પ્રીન્ટીંગ પ્રેસ, હાજાપટેલની પોળ, અમદાવાદ.**

# આ ગ્રંથમાં આવેલ ચરિત્રો અને કથાઓની અનુક્રમણિકા.


| નંબર. | નામ. | પાનું. |
|---|---|---|
| ૧ | શ્રી કેશિ ગણધરની કથા. | ૧ |
| ૨ | શ્રી પુંડરીક–કુંડરીકની કથા.... | ૯ |
| ૩ | શ્રી વીરપ્રભુના પૂર્વ માતાપીતાનો સંબંધ. | ૧૧ |
| ૪ | પ્રત્યેક બુદ્ધ શ્રી કરકંડુ મુનિનું ચરિત્ર.... | ૧૫ |
| ૫ | „ „ શ્રી જયવર્મ (દ્વિમુખ)નું ચરિત્ર..... | ૨૩ |
| ૬ | „ „ શ્રી નમિરાજર્ષિનું ચરિત્ર.... | ૨૬ |
| ૭ | „ „ શ્રી નાગાતીનું ચરિત્ર. | ૩૮ |
| ૮ | „ „ શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિનું ચરિત્ર. | ૫૪ |
| ૯ | શ્રી અતિમુક્ત મુનિની કથા..... | ૬૫ |
| ૧૦ | 'શ્રી ક્ષુલ્લક' નામના મુનિની કથા. | ૬૭ |
| ૧૧ | 'શ્રી લોહ' નામના ઋષિની કથા. | ૬૯ |
| ૧૨ | 'શ્રી સુપ્રતિષ્ઠ' નામના મહર્ષિની કથા. | ૭૧ |
| ૧૩ | 'શ્રી સુવ્રત' નામના મુનિની કથા. | ૭૨ |
| ૧૪ | 'શ્રી વારત્ત' નામના મુનિની કથા. | ૭૪ |
| ૧૫ | શ્રી અર્જુન માલીની કથા. | ૭૯ |
| ૧૬ | 'શ્રી દૃઢપ્રહારી' મુનિની કથા. | ૮૨ |
| ૧૭ | 'શ્રી કુરગડુ' મુનિની કથા.... | ૮૩ |
| ૧૮ | શ્રી કોડિન્ન, દિન્ન અને સેવાલ નામના ત્રણ મુનિઓની કથા. | ૮૭ |
| ૧૯ | શ્રી શિવરાજર્ષિની કથા. | ૯૨ |
| ૨૦ | 'શ્રી દશાર્ણભદ્ર' નામના રાજાની કથા. | ૯૪ |
| ૨૧ | 'શ્રી મેતાર્ય' નામના મુનિવરની કથા. | ૯૭ |
| ૨૨ | શ્રી ઈલાચી પુત્રની કથા. | ૧૦૫ |
| ૨૩ | શ્રી ચીલાતી પુત્રની કથા. | ૧૦૯ |
| ૨૪ | શ્રી મૃગાપુત્રની કથા. | ૧૧૨ |
| ૨૫ | 'શ્રીઈંદ્રનાગ' નામના મુનિવરની કથા.... | ૧૧૭ |
| ૨૬ | 'શ્રી ધર્મરૂચિ' નામના મુનિવરની કથા. | ૧૧૯ |
| ૨૭ | 'શ્રી તેતલી' નામના મુનિવરની કથા... | ૧૨૧ |
| ૨૮ | 'શ્રી જિતશત્રુ' નામના રાજા તથા 'સુબુદ્ધિ' નામના મંત્રીની કથા. | ૧૨૩ |
| ૨૯ | 'શ્રી આર્દ્રકુમાર' નામના મુનિવરની કથા. | ૧૨૬ |
| ૩૦ | 'શ્રી ઉદય' નામના મુનિવરની કથા.... | ૧૩૫ |
| ૩૧ | 'શ્રી સુદર્શન' નામના મુનિવરની કથા. | ૧૩૬ |
| ૩૨ | 'શ્રી ગાંગેય' નામના મહર્ષિની કથા. | ૧૪૧ |
| ૩૩ | 'શ્રી જિનપાલિત' નામના મહર્ષિની કથા. | ૧૪૨ |
| ૩૪ | 'શ્રી ધર્મરૂચિ' નામના મુનિવરની કથા. | ૧૪૭ |
| ૩૫ | 'શ્રી જિનદેવ' નામના મુનિવરની કથા. | ૧૫૧ |
| ૩૬ | 'શ્રી કપિલ' નામના મુનિવરની કથા. | ૧૫૨ |

૩૭ 'શ્રીહરિકેશ' નામના મુનિવરની કથા.... ... .... ... ૧૫૩
૩૮ 'શ્રી ઇષુકાર' આદિ છ મહર્ષિઓની કથા. ... .... .... ૧૫૯
૩૯ 'શ્રી સંયત' નામના રાજર્ષિની કથા. .... .... ... ૧૬૪
૪૦ 'શ્રી અનાથી' નામના નિર્ગ્રંથ મુનિવરની કથા. .... ... ૧૬૬
૪૧ 'શ્રી સમુદ્રપાલ' નામના મુનિવરની કથા. ... .... ... ૧૭૦
૪૨ 'શ્રી જયઘોષ' અને 'શ્રીવિજયઘોષ' નામના મુનિવરોની કથા. ... ૧૭૧
૪૩ 'શ્રી અગ્નિકાપુત્ર' નામના સૂરિપુરંદરની કથા..... .... .... ૧૭૫
૪૪ શ્રીમતી 'રોહિણી'નો સંબંધ. ... ... .... ૧૭૭
૪૫ પ્રિયા અને શિષ્યોની સાથે 'શ્રી કૌશિકાર્ય' નામના ઉપાધ્યાયની કથા. ૧૯૦
૪૬ 'શ્રી દેવિલાસુત' નામના રાજર્ષિની કથા. .... ... ... ૧૯૧
૪૭ 'શ્રી કુર્માપુત્ર' નામના કેવલીની કથા... .... ... .... ૧૯૩
૪૮ 'શ્રી ચંડરૂદ્ર' નામના સૂરીશ્વરજીના શિષ્યરત્નની કથા. .... .... ૧૯૭
૪૯ 'શ્રી ધન્યકુમાર' નામના મુનિપુંગવની કથા. ... ... ... ૧૯૯
૫૦ 'શ્રી શિતલાચાર્ય' નામના સૂરિપુરંદરની કથા.... ... ... ૨૦૧
૫૧ 'શ્રી સુબાહુકુમાર' નામના મહર્ષિની કથા. ... ... .... ૨૦૩
૫૨ 'શ્રી રોહક' નામના મુનિવરની કથા.... ... ... ... ૨૧૦
૫૩ 'શ્રી સ્કંદક' નામના મુનિવરની કથા. ... ... ... ૨૧૦
૫૪ 'શ્રી તિષ્ય' નામના મુનિવરની કથા.... ... ... ... ૨૧૧
૫૫ 'શ્રી કુરૂદત્તસુત' નામના મુનિવરની કથા. ... ... ... ૨૧૧
૫૬ 'શ્રી અભયકુમાર' નામના મુનિ પુંગવની કથા. ... ... ૨૧૨
૫૭ 'શ્રી અભયકુમાર' કથાન્તર્ગત 'શ્રી ઉદાયન' રાજર્ષિની કથા. .... ૨૨૬
૫૮ 'શ્રી મેઘકુમાર' નામના મુનિવરની કથા. ... ... ... ૨૪૦
૫૯ 'શ્રી હલ્લ' અને 'શ્રી વિહલ્લ' નામના મુનિવરોની કથા. ... ૨૪૨
૬૦ 'શ્રી સર્વાનુભૂતિ', 'શ્રી સુનક્ષત્ર' અને 'શ્રી સિંહ' નામના મુનિ પુંગવોની કથા. ... ... ... ૨૫૬
૬૧ 'શ્રી ધન્યકુમાર' તથા 'શ્રી શાલિભદ્ર' નામના મહર્ષિઓની કથા. ૨૬૭
૬૨ 'શ્રી જંબૂસ્વામી' નામના ચરમ કેવલીની કથા. ... ... ૨૭૯
૬૩ 'શ્રી શય્યંભવસૂરિ' નામના શ્રુત કેવલીની કથા. ... ... ૩૩૬
૬૪ 'શ્રી ભદ્રબાહુ સ્વામી' નામના શ્રુત કેવલીની કથા. ... ... ૩૪૧
૬૫ 'શ્રી સ્થુલિભદ્ર સ્વામી' નામના અંતિમ શ્રુત કેવલીની કથા. ... ૩૪૬
૬૬ 'શ્રી ભદ્રબાહુ સ્વામી'ના ચાર શિષ્યોની કથા.... ... ... ૩૬૦
૬૭ 'શ્રી આર્ય મહાગિરિ' અને 'શ્રી આર્ય સુહસ્તિ' નામના દશ પૂર્વધરોની કથા. ... ... ... ૩૬૧
૬૮ 'શ્રી આર્ય સમિત' નામના સૂરીશ્વરજીની કથા... ... ... ૩૬૯
૬૯ 'શ્રી વજ્રસ્વામી' નામના અંતિમ દશ પૂર્વધરની કથા. ... ... ૩૭૨
૭૦ 'શ્રી આર્યરક્ષિત' નામના પૂર્વધર સૂરિપુરંદરની કથા. ... ... ૩૮૭

श्री युगादिदेवायनमः

श्री

# श्री ऋषिमंडलवृत्ति

## भाषांतरसहित.

( उत्तरार्द्ध )

**पडिबोहिअप्पएसिं, केसिं वंदामि गोअमसमीवे ॥**
**विअलियसंसयवग्गं, अंगीकयचरमजिणमग्गं ॥ ४७ ॥**

પ્રદેશી રાજાને પ્રતિબોધ આપનારા, ગૌતમ સ્વામી પાસે છેલ્લા (શ્રીવીર) જિનેશ્વરના માર્ગને અંગીકાર કરનારા અને સંશયસમૂહને ટાલી દેનારા શ્રી કેશિ ગણધરને હું વંદના કરૂં છું ॥ ૪૬ ॥ વિશેષ વાત કથાથી જાણી લેવી તે આ પ્રમાણે:—

**કથા.**

પોતાના કુલક્રમાગત સ્પષ્ટ નાસ્તિક મતને પોષણ કરવામાં ચતુર એવો પ્રદેશી નામનો રાજા શ્વેતપિકા નગરીમાં રાજ્ય કરતો હતો. એકદા તે નગરના ઉદ્યાનને વિષે શ્રી પાર્શ્વનાથના મુખ્ય શિષ્ય કેશિગણધર અનેક સાધુઓ સહિત સમવસર્યા. સુશ્રાવક મંત્રીશ્વરે પ્રેરેલા મનવાલો તે રાજા, ઉદ્યાનમાં બહુ કાલ ક્રીડા કરીને પછી હર્ષથી કેશિ મુનીશ્વર પાસે ગયો. ત્યાં તે અસમાન રૂપ લક્ષ્મીને ધારણ કરનારા અને સર્વ પ્રકારના સંદેહને નાશ કરનારા તે મહા મુનિને જોઈ વિસ્મય પામ્યો છતો તર્કથી ગુરૂને કહેવા લાગ્યો.

"હે સૂરિ! તમે આ સર્વ મૂર્ખ માણસોને ધર્મ, અધર્મ, પરભવ અને જીવ અજીવાદિના કહેવાવડે કરીને શા માટે નિરંતર છેતરો છો? હે મહાત્મન્! જીવની સિદ્ધિ છતે ધર્મ અધર્માદિ સર્વ સિદ્ધ થાય છે, પરંતુ જો જીવ છે તો તેનું કેવું સ્વરૂપ છે અને તેનો વર્ણ પણ કેવો છે? જન્મથી આરંભીને નાસ્તિક મતનું નિરૂપણ કરનાર મ્હારો પિતા મરવા પડયો ત્યારે મેં તેમને પ્રથમથીજ કહી રાખ્યું હતું કે "તમારા માર્ગના દુઃખનું ફલ તમે મને કહેવા આવજો." મ્હારા પિતા મૃત્યુ પામ્યા પરંતુ તેમણે તેનું કાંઇ પણ ફલ મને દેખાડયું નહિ. એવી રીતે જૈનધર્મવાલી મ્હારી માતાએ પોતાના પુણ્યનું ફલ પણ મને કાંઈ દેખાડયું નહીં. માટે જો આત્મા હોય તો તેણે બીજા ભવથી અહીં આવી પુણ્ય પાપનું સર્વ ફલ પોતાના માણસોને

કહેવું જોઇએ. ક્યારે પણ એવું નથી સંભળાયું જે કોઈ પુરૂષે પરભવથી આવીને પોતાના પુણ્ય પાપનું ફલ કોઈની આગલ કહ્યું. માટે હે મુનિ! નિશ્ચય આત્મા નથી એમ સિદ્ધ થાય છે. વલી બીજું પણ એ કે એકદા મેં કોઈ એક પાપી પુરૂષને જીવતો છિદ્ર વિનાની પેટીમાં ઘાલ્યો, તે તેમાંજ મૃત્યુ પામ્યો. હે મુનિ! જો જીવ હોય તો તેને નિકલી જતાં પેટીમાં છિદ્ર કેમ ન પડયું? માટે હવે તમે આ વાતમાં કેમ ભ્રાંતિ પામો છો? હે મુનિ! વળી કોઇ દિવસ મેં એક ચોરના શરીરના કકડા તલ-તલ જેવડા કરાવ્યા પરંતુ મેં તેના શરીરને વિષે પણ જીવ દીઠો નહીં. આ પ્રમાણે મેં અનેક દ્રષ્ટાંતો જોઇ નિઃસંદેહપણે હર્ષથી એવો નિશ્ચય કર્યો છે. કે "જીવ નથી જ," આવો તેનો મિથ્યા ધર્મોપદેશ સાંભલી કેશિગુરૂએ કહ્યું.

"હે રાજન્! તેં જે કહ્યું છે તેના સર્વ ઉત્તર સાંભલ, પુણ્ય પાપ કરનારો પરભવે ગએલો જીવ, સુખ દુઃખના તે તે ફલ ખરેખર ભોગવે છે. આમાં મને જરા પણ ભ્રાંતિ નથી. ત્હારો પિતા ન આવ્યો તેનું કારણ સાંભલ. પોતાના પાપે કરીને બેડીની પેઠે દુર્ગતિમાં પડેલો તે, અહિં આવવાને સમર્થ નથી. જેમ દેશાંતરમાં ગએલો દુઃખી માણસ ત્યાં બહુ સુખ પામવાને લીધે પોતાના પૂર્વ સ્થાનને વિષે ન જાય તેમ આ લોકમાં કરેલા પુણ્યના ફલરૂપ અતિ વિષયસુખમાં મગ્ન થએલી ત્હારી માતા અહીં આવતી નથી. વળી છીદ્રરહિત પેટીમાં પૂરેલો માણસ શંખ વગાડે તો તેનો શબ્દ બહાર સંભલાય છે, તેવી જ રીતે પેટીમાં કરેલા ધૂપનો સુગંધ પણ બહાર આવે છે તો તેનું શું કારણ હોવું જોઈએ? કારણ પેટીને છીદ્ર તો ક્યાંઈ દેખાતું નથી. હે રાજન્! પેટીને અતિ સૂક્ષ્મ છીદ્રો રહેલાં હોય છે તેથી જ તે શબ્દ સંભળાય છે અને ધૂપનો વાસ આવે છે. તેવી જ રીતે અમૂર્ત્તપણાથી જીવનું આવવું જવું દેખાતું નથી. હે ભૂપ! તેં ચોરનું શરીર તલ તલ પ્રમાણ છેદી નાખ્યું પરંતુ જીવ દીઠો નહીં તેનો સત્ય ઉત્તર સાંભલ. જેમ અરણીના કાષ્ટમાં, સૂર્યકાંત મણિમાં, ચંદ્ર-કાંતમણિમાં અને દહીં વિગેરેમાં અગ્નિ, તેજ, જલ અને ઘી વિગેરે ભાવો અનુક્રમે છે તેમજ દેહને વિષે આત્મા રહ્યો છે. જીવ ન હોય તો ગ્રહગૃહિત પેઠે, હું સુખી છું અથવા દુઃખી છું એમ કોણ બોલે? માટે જીવ છે એમ નિશ્ચે જાણ. હે ભૂપાલ! મનુષ્યપણું સરખું છતાં પુણ્ય અપુણ્ય વિના પ્રાણી બહુ સુખ દુઃખને ધારણ કરનારો કેમ હોય તે કહે?

ત્રણ ભુવનને પ્રકાશ કરવામાં સૂર્ય રૂપ કેશિ સૂરિના ઈત્યાદિ યુક્તિયુક્ત વચન રૂપ કાંતિથી નાશ થયો છે અજ્ઞાન રૂપ અંધકાર જેનો એવો તે રાજા પ્રદેશી પ્રબોધ પામીને ફરી કહેવા લાગ્યો કે "હે ભગવન્! મને આપના પ્રસાદથી જીવાદિનું અસ્તિત્વપણું સારી રીતે સિદ્ધ થયું છે. તેમજ હે પ્રભો! આ લોક અને પર-લોક છે એમ પણ સિદ્ધ થયું છે. હવે આપ મને નરકરૂપ ખાડામાં પડતાં અવલંબન રૂપ ધર્મ આપો." પછી ગુરૂએ તેની યોગ્યતા જાણી તેને શ્રાવક ધર્મ આપ્યો. દી-

ર્ઘકાળ પર્યંત શુદ્ધ એવા શ્રાદ્ધ ધર્મને પાલનારા તે ભૂપતિને તેની સ્ત્રીએ મારી નાખ્યો તેથી તે, સૂર્યાભ દેવલોકમાં સૂર્યસમાન કાંતિવાળો મહા સમૃદ્ધિવાળો દેવતા થયો.

આ પ્રમાણે પ્રદેશી રાજાને પ્રતિબોધ પમાડીને પછી કેશી ગણધર ભવ્ય જનોને પ્રતિબોધ પમાડવા માટે શ્રાવસ્તી નગરીના તિંદુક વનમાં સમવસર્યા આ વખતે શ્રુત કેવળી ઇંદ્રભૂતિ (ગૌતમ) ભગવાન્ અનેક શિષ્યો સહિત વિહાર કરતા કરતા તેજ નગરીના કોષ્ટક વનમાં સમવસર્યા. હવે તે નગરીમાં વિહાર કરતા એવા તે બન્નેના શિષ્યોએ પરસ્પર એક બીજાના વેષને જોઇ ભ્રાંતિ પામવાથી તુરત તે વાત પોતપોતાના ગુરૂને કહી. પછી ગૌતમ ગણધર પોતાના અને પરના શિષ્યોની શંકા દૂર કરવા માટે જ્યેષ્ઠ અને વ્રતથી લાભ માની કેશિ ગુરૂ પાસે ગયા. પોતાના શિષ્ય સહિત આવતા એવા ગૌતમ મુનિને જોઇ કેશિ ગણધરે વિનયથી પાથરેલા દર્ભાસન ઉપર તેમને બેસાર્યા. પોત પોતાના શિષ્યગણસહિત અને ઉપશમ રસથી પૂર્ણ એવા તે બન્ને સુગુરૂઓ, નિર્મલ જ્ઞાનવડે તેજથી સૂર્ય ચંદ્ર સમાન શોભતા હતા. બન્ને પક્ષને વિષે કુતુહળ જોવા માટે હર્ષ પામેલા બહુ માણસો એકઠા થયા હતા. એટલુંજ નહિ પણ "અહિં મ્હોટો વાદ થશે" એમ કહેતા એવા દેવતાઓ પણ બહુ આવ્યા હતા, પછી મુનિઓના સંશયનો નાશ કરવા માટે કેશિ ગુરૂએ બન્ને હાથ જોડીને કહ્યું કે "હે ગૌતમ ! હું જે તમને પૂછું તે કહો ?" ગૌતમે કહ્યું "હે પૂજ્યો ! તમને જે રૂચે તે પૂછો." ગૌતમનાં આવાં વચન સાંભળી વિનયનો વિસ્તાર કરતા એવા કેશિ ગણધરે પૂછયું. "હે મુનિ ! શ્રી પાર્શ્વનાથ પ્રભુએ, ચાર મહાવ્રતો કહ્યાં છે અને શ્રી વીરપ્રભુએ પાંચ મહાવ્રતો કહ્યાં તો અપવર્ગ રૂપ સાધ્ય એક છતાં આ ભેદ કેમ?" ગૌતમે કહ્યું. "શ્રી આદિનાથના અવસરે જીવો સરળ જડ હતા ત્યારપછી મધ્યમ અવસરે સરળ પ્રાજ્ઞ હતા અને વીર પ્રભુના અવસરે વક્ર જડ હતા. ગણમાં સરળ જડ જીવો હોય છે તેઓ ગુરૂએ કહેલા ધર્મને દુઃખથી જાણી શકે છે. વક્રજડ જીવો પણ ગુરૂ પ્રણીત ધર્મને અતિ કષ્ટથી જાણે છે તેમ પાળે પણ છે. પરંતુ મધ્યમ કાળને વિષે રહેલા શ્રેષ્ઠ પ્રજ્ઞા યુક્ત સરળ બુદ્ધિવાળા જીવો તો જિનધર્મને સુખેથી જાણી શકે છે અને રક્ષણ કરી શકે છે. એજ કારણથી જિનેશ્વરોએ બે પ્રકારનો ધર્મ કહેલો છે.

આ પ્રમાણે ગૌતમ ગુરૂએ કહ્યું એટલે કેશિ ગણધરે કહ્યું કે "સંશયને હરણ કરનારી તમારી બુદ્ધિ બહુ સારી છે બહુ સારી છે ! માટે બીજો પણ એક મ્હારો સંશય હરણ કરો. "શ્રી પાર્શ્વનાથ પ્રભુએ પોતાના શિષ્યોને ઇચ્છા પ્રમાણે વેષ ધારણ કરવો કહ્યો છે તો પછી શ્રી વીર પ્રભુએ પોતાના શિષ્યોને પ્રમાણવાળો વેષ શા માટે કહ્યો ?" ગૌતમ ગુરૂએ કહ્યું. સ્થિર મનવાળાને વેષની કંઈ જરૂર નથી જેમકે વેષ વિના પણ સ્થિર મનવાળા ભરત રાજા કેવળી થયા અને વેષવાળા પ્રસન્નચંદ્ર વેશ્યાને જોઇ ચલાયમાન થયા જેથી તેમને નરકમાં પડવું પડયું."

( અર્થાત્ બાવીશ પ્રભુના શાસનમાં સરલ અને બુદ્ધિમાન સાધુઓને વિવિધવર્ણી વસ્ત્ર પહેરવાની છુટ પણ પહેલા અને છેલ્લા પ્રભુના શાસનમાં તેવી છુટ નથી કારણ પહેલા પ્રભુના સાધુઓ સરલ અને જડ હતા ત્યારે છેલ્લા પ્રભુના સાધુઓ વક્ર અને જડ હોય છે.) ગૌતમનાં આવાં વચન સાંભળી કેશિ મુનિએ કહ્યું " સંશયને હરણ કરનારી તમારી બુદ્ધિ બહુ સારી છે બહુ સારી છે. માટે બીજો એક મ્હારો સંશય હરણ કરો. હે ગૌતમ ! તમને જોઇ તમારા સન્મુખ દોડી આવતી શત્રુની સેનાને તમે એકલાએ શી રીતે જીતી ? " ગૌતમે કહ્યું, " પાચ, ચાર અને એક એ રૂપ દુર્જય એવી શત્રુની સેનાને મેં તુરત સ્વાધીન કરી છે," "એ કયા ?" એમ કેશિ મુનિએ પૂછ્યું ત્યારે ગૌતમે કહ્યું કે " હે મહાભાગ ! ક્રોધાદિ ચાર કષાયો, પાંચ ઈંદ્રિઓ અને એક મન એ રૂપ દશ શત્રુઓ જાણવા. જો કે ચિત્તના શત્રુ રૂપ તે એક પણ મહા દુર્જય છે તો પણ મેં શુભ ધ્યાનથી એ સઘળા શત્રુઓને સારી રીતે જીતેલા છે એમ તું જાણ." ગૌતમ ગુરૂનાં આવાં વચન સાંભળી કેશિ ગણધરે કહ્યું કે " સંશયને હરણ કરવામાં તમારી બુદ્ધિ બહુ સારી છે બહુ સારી છે માટે બીજા એક મ્હારા સંશયને દૂર કરો, હે ગૌતમ ! નિશ્ચે આ લોકમાં બહુ જીવો પાશથી બંધાએલા દેખાય છે અને તમે ન્હાના છતાં પણ તે પાશથી પોતાની મેળે છુટી શી રીતે વિહાર કરો છો ? " ગૌતમે કહ્યું " મેં પોતાના પરાક્રમથીજ વૈરાગ્ય રૂપ ખડગવડે રાગદ્વેષાદિ ભયંકર તીવ્ર મોહરૂપ પાશોને છેદી નાખી પોતાને છુટો કર્યો છે તેથી હું ઈચ્છા પ્રમાણે વિહાર કરૂં છું." ગૌતમ ગુરૂનાં આવાં વચન સાંભળી કેશિ ગણધરે કહ્યું " સંશયને દૂર કરનારી તમારી બુદ્ધિ બહુ સારી છે બહુ સારી છે. માટે મ્હારા બીજા એક સંશયને નાશ કરો. હે ગૌતમ ! હૃદયમાં ઉત્પન્ન થએલી એક લતા છે કે જે મહા વિષમય ફલો ફલતી છતી રહેલી છે તો તેને તમે શી રીતે ઝટ ઉચ્છેદ પમાડી ?" ગૌતમે કહ્યું. " વિષ ફળ ભક્ષણથી રહિત એવો હું, તે લતાને સર્વ પ્રકારે છેદી નાખી અથવા તો મૂળમાંથી ઉખેડી નાખી ઈચ્છા પ્રમાણે વિહાર કરૂં છું." " આપે કહેલી તે કઈ વેલ" એમ કેશિ મુનિએ પૂછ્યું એટલે શ્રુતજ્ઞાની એવા ઇંદ્રભૂતિ (ગૌતમ) ભગવાને આ પ્રમાણે કહ્યું. " નરકાદિ ભયંકર ફળ ઉત્પન્ન કરનારી ભવતૃષ્ણા રૂપ વિષ વેલ કહી છે. તે વેલને સંવેગરૂપ કોદાળા વતી ઉખેડી નાખીને હું વિહાર કરૂં છું." ગૌતમ ગુરૂનાં આવાં વચન સાંભળી કેશિ ગણધરે કહ્યું. "સંશયને દૂર કરવામાં તમારી બુદ્ધિ બહુ સારી છે બહુ સારી છે. માટે મ્હારા બીજા એક સંશયને દૂર કરો. હે ગૌતમ ! દેહની અંદર રહેલો દારૂણ અગ્નિ તમોએ અત્યંત બુઝાવી નાખ્યો છે છતાં તે કેમ બહુ દગ્ધ કરે છે ? " ગૌતમ ગુરૂએ કહ્યું. અગ્નિને મેઘના જલવડે બુઝાવી દીધો છે તેથી તે જરાપણ મને બાળી શકતો નથી." એ કેશિગણધરે પૂછ્યું. " હે ગૌતમ ! તે અગ્નિ કયો અને મેઘ પણ કયો ? તે મને કહો ! " ગૌતમે કહ્યું, " કોપરૂપ અગ્નિ, જિનવચન રૂપ મેઘ અને તેમાં શીલ, શાસ્ત્ર તથા તપરૂપ જલ છે. શ્રુત (શાસ્ત્ર) રૂપ જલથી બુઝાવી દીધેલો કષાય રૂપ તે અગ્નિ

મને જરા પણ બાળી શકતો નથી.” ગૌતમ ગુરૂનાં આવાં વચન સાંભળી કેશિગણધરે કહ્યુ. “ સંશય દૂર કરવામાં તમારી બુદ્ધિ બહુ સારી છે. માટે મ્હારા આ એક બીજા સંશયને દૂર કરો. હે ગૌતમ ! દુર્દમ, અતિ દુષ્ટ અને માર્ગ ત્યજી દઇ અવલા માર્ગે જનારા અશ્વ ઉપર બેસીને તમે સારા માર્ગને વિષે શી રીતે ચાલી શકો છો ? ગૌતમે કહ્યું. “ એ અશ્વને મેં શાસ્ત્રરૂપ દોરીથી બાંધીને વશ કરેલો છે જેથી તે કુમાર્ગે ન જતાં સારા માર્ગપ્રત્યે ચાલે છે. ” કેશિગણધરે પૂછ્યું. “ એ કયો અશ્વ ? ” ગૌતમે કહ્યું. સુધ્યાન રૂપ દોરીથી ચંચલ મન રૂપ અશ્વને દમન કરીને હું, શીતેંદ્રે ક્ષોભ પમાડવાના અવસરે રામની પેઠે સારા માર્ગપ્રત્યે ચાલું છું. ગૌતમગુરૂનાં આવાં વચન સાંભળી કેશિગણધરે કહ્યું. “ સંશય દૂર કરવામાં તમારી બુદ્ધિ બહુ સારી છે બહુ સારી છે. માટે મ્હારા આ એક બીજા સંશયનો નાશ કરો. હે ગૌતમ ! આ લોકમાં બહુ કુમાર્ગો કહેલા છે જેથી બીજા અશ્વોવડે કરીને ભ્રષ્ટ થયેલા જીવો કુગતિમાં પડે છે. છતાં તમે તે અશ્વોથી કેમ માર્ગભ્રષ્ટ થયા નહીં ? ” ગૌતમે કહ્યું. “ જે ઉત્તમ બુદ્ધિવાળા પુરૂષો સારા માર્ગે ચાલે છે અને જે મૂઢ બુદ્ધિવાળા ખોટા માર્ગે ચાલે છે તે સર્વેને જાણીને હું તે દુષ્ટ બીજા અશ્વોથી ભ્રષ્ટ થતો નથી. ” કેશિગુરૂએ કહ્યું. “ એ કયો માર્ગ ? ” ગૌતમે કહ્યુ. “ શ્રી વીરપ્રભુએ કહેલો માર્ગ, મોક્ષ આપનારો છે અને બીજાઓએ કહેલા બીજા સર્વે માર્ગો, ઉત્પથ (ખોટા માર્ગો) જાણવા. તેજ કારણ માટે જેમ અંબડ, સુલસાના મનને અવળા માર્ગે લઈ જવા સમર્થ થયો નહીં તેમ શ્રી જિનેંદ્ર માર્ગને વિષે રહેલા મ્હારા મનને કોઇ અવળા માર્ગ પ્રત્યે લઇ જવા સમર્થ નથી.” ગૌતમ ગુરૂનાં આવાં વચન સાંભળી કેશિગણધરે કહ્યું. “ સંશય દૂર કરવામાં તમારી બુદ્ધિ બહુ સારી છે માટે મ્હારા આ એક બીજા સંશયને દૂર કરો. તમે અતિ મહા જલના વેગથી બુડી જતા એવા સર્વ પ્રાણીઓને દ્વીપરૂપ શરણ, ગતિ અને સ્થિતિ કોને માનો છો ? ” ગૌતમ ગણધરે કહ્યું. “ એક મહા ઉત્તમ એવો દ્વીપ છે કે જેને વિષે મહા જળનો સમૂહ પણ જવા સમર્થ થતો નથી.” કેશી મુનિએ કહ્યું, “ એ જળ કયું અને દ્વીપ કયો ? ” ગૌતમે કહ્યું. “ સંસારરૂપ સમુદ્રમાં દુષ્ટ કર્મરૂપ જલ છે અને તેમાં ધર્મ એ મહા દ્વીપ જાણવો. માટે જે પુરૂષ દ્રઢપ્રહારીની પેઠે દુષ્ટ કર્મ રૂપ જળને તરી ધર્મરૂપ દ્વીપ પ્રત્યે જાય છે. તે દુઃખ પામતો નથી.” ગૌતમગુરૂના આવાં વચન સાંભળી કેશિગણધરે કહ્યું. “ સંશયને દૂર કરવામાં તમારી બુદ્ધિ બહુ સારી છે બહુ સારી છે. માટે મ્હારા આ એક બીજા સંશયને દૂર કરો. સંસારરૂપ સમુદ્રમાં એક હોડી જીવોને તારે છે અને બુડાડે પણ છે. તો કહો કે તે હોડી શી રીતે ઓળખાય કે જે હોડીથી સંસાર સમુદ્ર તરાય છે ? જે છિદ્રરહિત હોડી કોઇ પણ રીતે જલથી ભરાઈ જતી નથી એવી હોડીવડે સમુદ્ર તરાય છે તે હોડી કઇ ? એમ કેશિગણધરે પૂછયું એટલે ગૌતમે કહ્યું. “ હે મુનીશ્વર ! નાના પ્ર-

કારના પાપરૂપ જલથી અપૂર્ણ ( નહીં ભરાયેલી ) એવા શરીર રૂપી હોડી, પુંડરીક રાજાની પેઠે જીવરૂપ ખલાસીને નિશ્ચે સંસાર સમુદ્રથી તારે છે." ગૌતમ ગુરૂના આવાં વચન સાંભળી કેશિગણધરે કહ્યું. "સંશયને દૂર કરવામાં તમારી બુદ્ધિ બહુ સારી છે બહુ સારી છે. માટે મ્હારા આ એક બીજા સંશયને દૂર કરો. ઘોર અંધકારથી ત્રણ ભુવન વ્યાપ્ત છતે તેને પ્રકાશિત કોણ કરશે તે તમે મને કહો?" ગૌતમે કહ્યું "જે સૂર્ય ત્રણ જગતને પ્રકાશ કરવા માટે ઉદય પામ્યા છે તેજ પ્રકાશ કરશે." કેશિમુનિએ પુછ્યું. "એ કયો સૂર્ય?" ગૌતમે કહ્યું. "અનંત ચિત્તને પ્રકાશ કરનારા શ્રી વીર જિનેશ્વરરૂપ સૂર્ય ઉદય પામ્યા છે. તેમણે ક્ષણમાત્રમાં મ્હારા સર્વ મિથ્યાત્વરૂપ અંધકારને પણ નાશ કર્યું છે." ગૌતમ ગુરૂનાં આવાં વચન સાંભળી કેશિગણધરે કહ્યું કે "સંશયને દૂર કરવામાં તમારી બુદ્ધિ બહુ સારી છે બહુ સારી છે માટે મ્હારા આ એક બીજા સંશયને દૂર કરો. આ જગત્ નાના પ્રકારના રોગ, જરા, જન્મ અને મૃત્યુ વિગેરે અનેક દુઃખોથી સંતપ્ત થઇ રહ્યું છે. તો એવું કોઇ સ્થાનક છે કે જ્યાં એમાંનું જરા પણ દુઃખ ન હોય?" ગૌતમે કહ્યું. "હે મુનિ! એક એવું અચલ સ્થાનક છે કે જ્યાં ગયેલા જીવોને જન્માદિથી ઉત્પન્ન થએલું જરા પણ દુઃખ થતું નથી." કેશિમુનિએ પૂછ્યું એ કયું સ્થાન?" ગૌતમે કહ્યું. "અવ્યાબાધ રૂપ મુક્તિસ્થાન કે જેમાં જન્માદિનું જરા પણ દુઃખ નથી. જે પુરૂષ જન્મ, જરા, મૃત્યુ વિગેરે દુઃખોથી બહુ ભય પામે છે તે પુરૂષ, શિવકુમારની પેઠે મોક્ષ માર્ગને વિષે પૂર્ણ રીતે રૂડો ઉદ્યમ કરે છે." કેશિગણધરે કહ્યું. હે જગત્પૂજ્યો! તમારી બુદ્ધિ સંશયોને અપહરનારી છે. જેથી મ્હારા ચિત્તની સર્વ ભ્રાંતિઓ દૂર કરી. કેશિમુનિએ આ પ્રમાણે કહીને અને કૃતિ કર્મ ( વંદન આદિ ) આપીને પછી ગૌતમ ગુરૂની પાસે શ્રી વીર પ્રભુએ કહેલા વેષને અને પાંચ મહાવ્રતરૂપ ધર્મને અંગીકાર કર્યો. વિશ્વને પૂજ્ય એવા ગૌતમ તથા કેશિગણધરનો પરસ્પર થએલો ધર્મસંવાદ સાંભળી સર્વ સભાપતિઓ પોતપોતાને સ્થાનકે ગયા.

ધર્મના મહા દ્વેષી એવા પ્રદેશી રાજાને પરિપૂર્ણ રીતે અરિહંત ધર્મમાં સ્થાપન કરનારા શ્રી કેશિ નામના ગણધર અને તેમના અસંખ્ય સંશયોને દૂર કરનારા શ્રી ગૌતમ ગુરૂ, એ બન્ને મહામુનિઓ ચારિત્ર પાળીને મોક્ષપદ પ્રત્યે ગયા.

इति ऋषिमंडल वृत्तौ द्वितीय खंडे केशिगणधरसंबंधः

कालियपुत्ते मेहल थेरे, आणंदरक्खिए तइए ॥
कासव ए ए चउरो, पासावचिज्जमुणिपवरा ॥ ४८ ॥
अकहिंसु तुंगीआए, सरागतवसंजमेण समणावि ॥
कंमावसे सपडिबंधउ अ देवा हविज्जंति ॥ ४९ ॥

जंतंति पंचरत्ति पाउवगयं तु खाइये सिआली ॥
मुग्गिलसेलसिहरे वंदे कालासवेसरिसि ॥ ५० ॥

કાલિક પુત્ર સ્થવિર, મેખળ નામના સ્થવિર, ત્રીજા આનંદ રક્ષિત સ્થવિર અને ચોથા કાસ્યપ સ્થવિર આ ચારે મુનીશ્વરો પાર્શ્વનાથજીના શિષ્યો છે. ॥૪૮॥ સરાગ તપ સંયમથી થોડું કર્મ જેને બાકી રહ્યું છે તે દેવ લોકમાં દેવતાપણે ઉત્પન્ન થાય છે એમ બૌદ્ધાદિ સાધુઓ પણ કહે છે. ॥૪૯॥ પૂર્વોક્ત વાક્ય સાંભળી, દીક્ષા ગ્રહણ કરી મુદ્દગલ પર્વતના શિખરના ઉપર પંદર દિવસ સુધીનું જેણે પાદમોપગમન નામનું અનશન કર્યું છે અને નવીન પ્રસૂતા સગાલી જેનું ભક્ષણ કરે છે તે કાલાસવેસ મુનિને હું વાંદુ છું. ॥ ૫૦ ॥

એક વખત જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં પુષ્કલ ધન સુવર્ણાદિકે કરી પરિપૂર્ણ સ્વર્ગ લોક તુલ્ય એક તુંગીઆ નામની નગરી છે. ત્યાં જીવ અજીવાદિ તત્ત્વોને જાણનારા, દેવ દાનવથી ક્ષોભ નહિ પામનારા અને ચૌદશ, આઠમ પૂર્ણમાસી વિગેરે પર્વોમાં સંપૂર્ણ પૌષધ સમ્યક્ પ્રકારે પાળીને પારણાને દિવસે મુનિઓને અશનાદિ અને વસ્ત્ર ઔષધાદિ વ્હોરાવીને પારણું કરનારા, મહર્દ્ધિક શ્રાવકો વસે છે ત્યાં ચરમ તીર્થપતિ સમોસર્યા અને ત્યાં કાલાસવેસ, મેખલ, આણંદરક્ષિત અને કાશ્યપ એ ચાર આચાર્યો પાર્શ્વનાથ પ્રભુના સન્તાનીયા છે. તેમને વાંદીને પ્રશ્ના પૂછીને નિઃસંશય થયેલ. તેઓએ પ્રભુની પાસે પાંચ મહાવ્રત અંગીકાર કરીને સમ્યક્ પાળી મોક્ષમાં ગયા એમનો વિશેષ સંબન્ધ ભગવતી સૂત્રથી જાણવો.

इतिश्री ऋषिमण्डल वृत्तौ कालासवेस–मेहलाणं दरक्खि अकासचार्यसम्बन्धः ।

હવે કાલાસવેસિક પુત્રનો સમ્બન્ધ કહે છે—એક વખત રાજગૃહી નગરીની બહાર ગુણશીલ નામા ચૈત્યમાં શ્રી મહાવીર સ્વામીના કેટલાએક સમગ્ર શ્રુતના પારગામી સ્થવિર શિષ્યો સમવસર્યા. તે સમયમાં વાદ કરવાના અભિપ્રાયવાળા શ્રી પાર્શ્વ પ્રભુના સન્તાનીય કાલાવેસિક પુત્ર સ્થવિર મુનિયોની પાસે આવી એવી રીતે કહ્યું કે હે પૂજ્યો ! આત્માજ સામાયિક છે. તે સામાયિકથી ભિન્ન આત્મા નથી ત્યારે સ્થવિરોએ કહ્યું કે આ તારૂં કહેવું ઠીક નથી કારણ કે જીવના સામાયિક આદિ ગુણો હોય છે. એમ અમે જાણીએ છીએ ત્યારે કાલાસવેસિક પુત્ર બોલ્યો કે તમારા મતે સામાયિક શું છે ? અને તેનો અર્થ શો છે ? સ્થવિરો કહે છે કે હે આર્ય ! હમારા મતે આત્મા સામાયિક છે જે કારણથી કહ્યું છે કે—દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ ગુણપ્રતિપન્ન જીવ છે તેજ સામાયિક છે યતઃ સૂત્રમાં બે નયો દર્શાવ્યા છે. દ્રવ્યાર્થિક અને બીજો પર્યાયાર્થિક અને બીજો દ્રવ્યાર્થિકની અપેક્ષાએ આત્મા સામાયિકજ છે. અને પર્યાયનયની અપેક્ષાએ આત્મદ્રવ્ય છે અને સામાયિક તેનો ગુણ છે તેમનો કથંચિતભેદ સમજવો. કારણ સૂત્રમાં કહ્યું છે કે—" જેઓ

સંયમમાં, નિયમમાં અને તપમાં આત્માને લઈ ગયા છે તેમને સામાયિક હોય. એવું એવું કેવળી ભગવાને કહ્યું છે ત્રસ સ્થાવર રૂપ સર્વ જીવોમાં જે સામાન છે તેને સામાયિક હોય એવું કેવળી ભગવન્તે કહ્યું છે." હમેશાં ગુણવાન જીવને સામાયિક હોય છે. વાસ્તે કથંચિત્ આત્માથી સામાયિક ભિન્ન છે. ઈત્યાદિ સ્થવિરોની ઘણી યુક્તિ આ સાંભળીને કાલાસવેસિક પુત્ર પ્રતિબોધ પામ્યો અને સ્થવિરોની પાસે પાંચ મહાવ્રતોરૂક ધર્મને અંગીકાર કરી સમ્યક્ પ્રકારે આરાધીને મોક્ષમાં ગયો એનું વિશેષ સ્વરૂપ ભગવતી સૂત્રથી જોઈ લેવું.

इतिश्री ऋषिमण्डलवृत्तौ द्वितियखण्डे कालासवेसिक सुतसंबंधः ।

धम्मो दढसन्नाहो, जो निच्चं मदरो इव अकंपो ॥
इह लोग निप्पिवासो, परलोग गवेसउ धीरो ॥ ५१ ॥
जो सोमेण जमेण य वेसमणेण वरुणेण य महप्पा ॥
मुग्गिलसेल सिहरे नमंसिउ तं नमंसामि ॥ ५२ ॥

જે મહાત્મા કાલાસવેસર્ષિ, ધર્મને વિષે દઢ પરિણામવાળા, શિયાળના ઉપસર્ગ છતાં મેરૂ પર્વતની પેઠે ધર્મધ્યાનથી નિષ્પ્રકંપ એવા છે તેમજ આ લોકમાં અથવા આ ભવમાં એટલે રાજયશ અને માનાદિકની ઈચ્છા રહિત તથા પરભવની ગવેષણાના કરનાર અને મહા ધીરવંત છે. વળી જેમને મુદગળ પર્વત ઉપર ચંદ્ર, યમ વૈષ્ણુવ, અને વરૂણ વિગેરે લોકપાળોએ તેમના અસમ ગુણોથી હર્ષ પામીને નમસ્કાર કર્યા છે. તે કાલાસવેશર્ષિને હું નમસ્કાર કરૂં છું. ॥ ૫૧ ॥ ૫૨ ॥

कालासवेसिअ सुओ आया सामाइयंति थेराणं ॥
वयणं सोउ पडिवन्नपंचजामो गओ सिद्धि ॥ ५३ ॥

સ્થવિરોનાં "સામાયિક" એવા વચનને સાંભળી પંચ મહાવ્રતને અંગીકાર કરનાર; કાલાસવેશિકનો પુત્ર આત્મા સિદ્ધિ પામ્યો છે. ॥ ૫૩ ॥

पुक्खलवईइ विजये सामी पुंडरगिणीइ नयरीए ॥
दट्ठुण कंडरीअस्स कम्मदुच्चिलसिअं घोरं ॥ ५४ ॥
सिरि पुंडरीय राया निखंतो काउ निम्मलं चरणं ॥
थेवेणवि कालेणं सपत्तो जयउ सव्वट्ठे ॥ ५५ ॥

પુષ્કલાવતી વિજયમાં પુંડરિકિણી નગરીના રાજા પુંડરિકે, પોતાના ભાઈ કુંડરિકને માઠા કર્મના ઉદયથી ભગ્ન ચારિત્રના પરિણામવાલો જોઈ પોતે વૈરાગ્યથી રાજ્ય ત્યજી દઈ દીક્ષા લીધી. પછી થોડા કાલે નિર્મલ એવા ચારિત્રને પાલી સર્વાર્થસિદ્ધ વિમાન પ્રત્યે ગયા, તે પુંડરિક મુનિ સર્વ પ્રકારે વિજયવંતા વર્તો. ૫૪-૫૫

## કથા.

વિદેહ ભૂમિમાં રહેલા પુષ્કલાવતી નામના વિજયમાં સ્વર્ગપુરીથી પણ અધિક સુશોભિત પુંડરીકિણી નામે નગરી છે. ત્યાં જગતને વખાણવા યોગ્ય અને નિર્મલ પ્રતાપવાળો કુંડરિક નામે રાજા, પોતાના બંધુ પુંડરિક સહિત રાજ્ય કરતો હતો.

એકદા સુગુરૂનો ઉપદેશ સાંભળવાથી ઉત્પન્ન થએલા વૈરાગ્યવડે કુંડરીકે, નહિ ઇચ્છતા એવાય પણ પોતાના બંધુ પુંડરિકને રાજ્યભાર સોંપી પોતે દિક્ષા લીધી. પછી નિરંતર નિરતિચારપણે ચારિત્ર પાલતા એવા તે કુંડરિકને કોઇ એક દિવસ પૂર્વ કર્મના યોગથી બહુ રોગ થયો. બંધુરૂપ પુંડરિક ભૂપતિએ તેને નિર્દોષ આહાર અને ઉત્તમ વૈદ્યોએ કહેલા બહુ પ્રકારના આહારથી રોગરહિત કર્યો. પછી કુંડરિક સાધુએ ગુરૂ પાસે આલોચના લઇ શુદ્ધ ચારિત્ર પાળવા પૂર્વક પુંડરિકની રજા લઇ વિહાર કર્યો. નિરંતર આઠ પ્રવચન માતાનું પરિપાલન કરતા તેમજ સંસારની ઉત્પત્તિ કરનારા એવા કષાયરૂપ સ્તંભોને દૂર કરતા વળી પોતાના ઉત્તમ પ્રકારે દશ પ્રકારના સાધુ ધર્મને સદ્દહતા નાના પ્રકારના ઉપસર્ગોને તથા પરીષહોને સહન કરતા હતા.

આ પ્રકારે એ મહામુનિએ એક હજાર વર્ષ પર્યંત નિર્મલ ચારિત્ર પાલ્યું. એવામાં તેમને કર્મના યોગથી ચારિત્ર પાળવામાં પ્રતિબંધ કરનારૂં કર્મનું આવરણ ઉદય પામ્યું. જેથી ભાગી ગયું છે મન જેમનું એવા તે કંડરિક મુનિ પર્વતના ભારની પેઠે સત્તર પ્રકારના સંયમભારને ઉપાડવા સમર્થ થયા નહીં. છેવટ કંડરિક મુનિ રાજ્ય લેવાની ઇચ્છાથી બંધુ પુંડરિકની નગરીના ઉદ્યાનમાં ગયા. ત્યાં તેમણે પોતાનાં પાત્રો એક વૃક્ષની ડાલે વળગાડી નિવાસ કર્યો. પછી વનપાલના મુખથી પોતાના બંધુ કંડરિક મુનિનું આવાગમન સાંભળી પુંડરીક રાજા પરિવાર સહિત ઉદ્યાનમાં ગયા. ત્યાં તે પોતાના બંધુનો આકાર, ચેષ્ટા, ગતિ, ભાષણ, નેત્રના વિકારાદિ મુખ્ય ભાવોવડે ચારિત્રથી ખેદ પામેલા ચિત્તવાળા જાણી બહુ ખેદ કરતાં છતાં કહ્યું કે "હે બંધુ! તમે સિંહની પેઠે પોતાનું ચક્રવર્તિ સરખું રાજ્ય ત્યજી દઇ દીક્ષા લીધી છે તો હવે તેને પાલવામાં શિયાલના સરખા ન થાઓ. તમે આ લોકમાં બહુ કાળપર્યંત અતિ નિર્મળ ચારિત્ર પાળ્યું છે તો હમણાં થોડા દિવસને માટે દુ:ખરૂપ સંસારમાં શા કારણે પડો છો ? બહુ કાલપર્યંત ભોગવેલા અસંખ્ય ભોગોથી પણ આત્મા તૃપ્તિ પામતો નથી માટે આ ચરિત્રને વિષે આનંદ અને સુખદાયક એવો સંતોષ રાખો." આ પ્રમાણે બહુ કહ્યું છતાં એ મહામુનિ ચારિત્રને વિષે સ્થિરતા ન પામ્યા ત્યારે પુંડરિક ભૂપતિએ કહ્યું કે "જો તું રાજ્યની ઇચ્છા કરતો હોય તો તે લે અને ત્હારો વેષ મને આપ." કંડરિકે તે વાત કબુલ કરી એટલે રાજાએ તેને તેજ વખતે રાજ્ય આપી પોતે તેનો વેષ લઇને સંયમરૂપ સામ્રાજ્ય અંગીકાર કર્યું.

હવે દીર્ઘકાલે પ્રાપ્ત થએલા રાજ્યવાલા અને રસમાં લુબ્ધ થએલા મનવાલા મૂઢ કંડરિકે બહુ સરસ આહારો ભક્ષણ કર્યા જેથી તેને અજીર્ણ થયું. આવા વૃથા દુઃખ-રૂપ સમુદ્રમાં મગ્ન થએલા તે ભૂપતિએ, પોતાના અજીર્ણની ચિકિત્સા માટે તત્કાલ શ્રેષ્ઠ મંત્રિઓને બોલાવ્યા પરંતુ " આ સંયમ ત્યજી દેનારાનું મુખ જોવાથી આપણને પાપ થાય " એમ ધારીને પ્રધાનાદિ કોઇ પુરૂષ તેની પાસે ગયા નહીં, કુંડરિક રાજા વિચાર કરે છે કે " મ્હારો આપેલો ગ્રાસ ભોગવવાથી સુખી થએલા આ પ્રધાનાદિ સેવકો મ્હારી પાસે આવતા નથી તેમ મ્હારૂં કહેલું કરતા પણ નથી જેથી સવારે એ દુષ્ટોને કુટુંબસહિત પકડીને હારી નાખીશ. " આ પ્રમાણે વૃદ્ધિ પામતા રૌદ્ર ધ્યાન રૂપ મહા સમુદ્રમાં મગ્ન થએલો તે ગાઢ વેદનાથી પરાભવ પામતો છતો મૃત્યુ પામીને સાતમી નરક પ્રત્યે ગયો. જેમ નિર્ધન માણસ દ્રવ્યનો ભંડાર મલવાથી હર્ષ પામે તેમ અત્યંત સંવેગના રંગથી પૂર્ણ એવો તે પુંડરિક દીક્ષાની પ્રાપ્તિથી બહુ સંતોષ પામવા લાગ્યો. અત્યંત સુકુમાલ છે હાથ પગનાં તલીયાં જેમનાં તેમજ પુષ્ટ શરીરવાલા, માર્ગમાં કાંટા અને કાંકરાની પીડાને સહન કરતા વલી ક્ષુધા તૃષાના પરિષહને સહન કરવા પૂર્વક પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિમાં પ્રીતિવાલા, અનશન ગ્રહણ કરવાથી બહુ પીડા પામેલા અને અતિ વૃદ્ધિ પામતા શુભ પરિણામવાલા તે પુંડરિક રાજર્ષિ થોડા કાલમાં મૃત્યુ પામીને તુરત સર્વાર્થસિદ્ધ નામના વિમાન પ્રત્યે ગયા. શ્રી પુંડરિક રાજાનું દર્શન અને શુદ્ધ ચારિત્રનું પાલન સાંભલીને બીજા ભવ્ય પુરૂષોએ પણ શુદ્ધ ચારિત્ર પાલવું.

" इति ऋुषिमंडल वृत्तौ द्वितीयखंडे श्रीपुंडरिक-कुंडरिक कथा. "

वीरजिणपुव्वपिअरो देवाणंदा य उसभदत्तो अ ॥
इक्कारसंगविउणो होऊणं सिवसुहं पत्ता ॥ ६४ ॥

શ્રી વીર પ્રભુના પૂર્વના માતા પિતા દેવાનંદા અને ઋષભદત્ત એ બન્ને દીક્ષા લઇ, એકાદશાંગીના જાણ થઈ મોક્ષ સુખ પામ્યા. ॥ ૬૪ ॥

### કથા.

એકદા શ્રી મહાવીર જિનેશ્વર, પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા બ્રાહ્મણ કુંડ ગામને વિષે સમવસર્યા. તે વખતે ત્યાં દેવતાઓએ ઉત્તમ એવી સમવસરણની રચના કરી. મનુષ્ય, દેવતા, ભુવનપતિ, સાધુ અને સાધ્વીથી સર્વ સભા ભરપૂર ભરાઇ. દેવા-નંદા સહિત ઋષભદત્ત પણ ત્યાં આવ્યા. વિશ્વમાં અતિશાયિ રૂપવાલા, મહા સુખરૂપ જલ સમૂહના કૂવા રૂપ, અને ચાર પ્રકારના જિનધર્મનો ઉપદેશ કરતા એવા ભગ-વાનને જોઇ પુત્રના પ્રેમથી અતિ હર્ષ પામેલી અને રોમાંચ થએલી શરીરવાલી દેવાનં-દાની વૃદ્ધાવસ્થા છતાં પણ તેણીના સ્તનો ઝરવા લાગ્યા. દેવાનંદાની આવી અવસ્થા જોઈ

ગૌતમ ગણધરે જાણતા છતાં પણ ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડવા માટે વિનયથી શ્રી વીર પ્રભુને પૂછ્યું. "હે જિનવરેંદ્ર ! તમને જોઇને આકુલ વ્યાકુલ ચિત્તવાલી, વૃદ્ધાવસ્થાવાલી અને સતી એવી આ દેવાનંદાના સ્તનો કેમ ઝરે છે ?" પ્રભુએ કહ્યું. "હે ઇંદ્રભૂતિ ! નિશ્ચે એ સર્વ મોહનું વિલસિત છે." ગૌતમે કહ્યું. "એ શી રીતે ? જિનેશ્વરે સર્વ વાત કરવાનો આરંભ કર્યો. શ્રીવીર પ્રભુ, ગૌતમને કહે છે કે:—

પૂર્વે આ પ્રશ્ન ભરતચક્રર્તિએ શ્રી આદિનાથને પૂછ્યો હતો કે "હે સ્વામિન્ ! આ પષદામાં કોઇ એવો છે કે જે ભવિષ્યકાલમાં જિનેશ્વર થવાનો હોય ?" શ્રી ઋષભદેવ પ્રભુએ કહ્યું. "હે ભરત ! સભામાં એવો કોઇ જીવ નથી જે આવતા કાલમાં જિનેશ્વર થાય. પરંતુ સભાની બહાર ત્હારો પુત્ર મરીચિ જે ત્રિદંડી થઈ રહેલો છે તે આ ચોવીશીમાં ત્રણ જગત્‌ને પૂજ્ય એવો શ્રી વર્ધમાન નામે ચોવીસમો જિનેશ્વર થશે. વલી તે મહાવિદેહ ક્ષેત્રની મૂકા નગરીમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તિ અને આ ભરતક્ષેત્રમાં આદ્ય ત્રિપૃષ્ટ નામે વાસુદેવ થવાનો છે." પ્રભુનાં આવાં વચન સાંભળી અત્યંત હર્ષ પામેલો ભરત, જિનેશ્વરને પ્રણામ કરી તુરત પરિવાર સહિત મરીચિને વંદન કરવા ગયા. ત્યાં તેણે મરીચિને કહ્યું "હે મરીચિ ! તું મૂકા નગરીમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થવાનો છે ને આ ભરતક્ષેત્રમાં ત્રિપૃષ્ટ નામે પહેલો વાસુદેવ થવાનો છે એ હેતુથી નહિ પરંતુ તું છેવટે આ ભરતક્ષેત્રમાં ચોવીશમો વીર નામે તીર્થંકર થવાનો છે માટે ભક્તિથી તને વંદન કરૂં છું." ભરત ચક્રવર્તી મરીચિને આ પ્રમાણે કહી અને તેની ત્રણ પ્રદક્ષિણા પૂર્વક ભક્તિથી વંદના કરી પોતાની વિનીતા નગરી પ્રત્યે ગયો. પાછલ જેને અભિમાનનો સમૂહ ઉત્પન્ન થયો છે એવો મરીચિ ભુજાસ્ફાલન કરીને મોહથી પોતાના મુખવડે આ પ્રમાણે કહેતો છતો બહુ નાચવા લાગ્યો. "અહો ! યુગાદીશ મ્હારા પિતામહ (દાદા) છે. ભરત ચક્રવર્તી જેવા મ્હારા પિતા છે. હું પણ સર્વે વિષ્ણુનો પણ મુખ્ય વિષ્ણુ થઇશ અર્થાત્ ત્રિપૃષ્ટ નામે પ્રથમ વાસુદેવ થવાનો છું. ખરેખર અમારા કુલમાં સર્વે પદાર્થો મ્હોટાઇનાજ આવી મલ્યા છે માટે લોકમાં નિરંતર અમારૂં કુલ સર્વોત્તમ છે." આ પ્રમાણે અત્યંત કુલમદ કરતા એવા મોહને વશ થએલા તે મરીચિએ બહુ દઢ એવું નીચ ગોત્ર કર્મ ઉપાર્જન કર્યું. પછી મરીચિ, ભવ્યજીવોને બોધ પમાડી ઉત્તમ સાધુઓ પાસે મોકલવા લાગ્યો. કોઇ પૂછે ત્યારે તે કહેતો કે મ્હારી પાસે નિર્મલ ધર્મ નથી. કોઈ એક દિવસે તે મરીચિને કાંઇ વ્યાધિ થઇ આવ્યો. સર્વ વિરક્ત એવા સાધુઓથી પણ સહાય વિના નિરંતર ચારિત્ર પાળી શકાતું નથી એમ માની વિચાર કરવા લાગ્યો કે "મ્હારાથી સહાય વિના આ દુષ્કર એવું તપસ્વીપણું પાળી શકાશે નહીં. માટે હું એક વિનેય શિષ્ય કરીશ." એકદા મરીચિ નિરોગી થયો એટલે કપિલ નામનો કોઇ પુરૂષ તેને ધર્મ પૂછવા લાગ્યો. તેથી તે તેની આગલ યતિધર્મનું વર્ણન કરવા લાગ્યો. તે ધર્મ સાંભલીને પછી પ્રતિબોધ પામેલા કપિલે કહ્યું કે "તે ધર્મ મને

આપો." મરીચિએ કહ્યું. "સાધુ પાસે જઇને તે ધર્મને તમે અંગીકાર કરો." કપિલે કહ્યું. "હે મરીચિ ! શું ત્હારી પાસે તે ધર્મ નથી. જેથી તું ધર્મ ગ્રહણ કરવા માટે મને બીજા સાધુઓ પાસે મોકલે છે ?" મરીચિ મનમાં વિચાર કરવા લાગ્યો કે "નિશ્ચે આ બહુકર્મી દેખાય છે. કારણ બીજા કોઇએ નહિ પૂછેલું તે એ મને પૂછે છે. હું એક શિષ્યની શોધ કરૂં છું. જે મ્હારી વૃદ્ધાવસ્થામાં સેવા કરે. માટે આ પુરૂષ મ્હારો શિષ્ય થઇને મ્હારી પાછલ બહુસંસારી થાઓ." આમ ધારીને બહુ સંસારીપણાથી મરીચિએ તેને કહ્યું કે "હે કપિલ ! મ્હારી પાસે ધર્મ છે અને સાધુઓ પાસે પણ છે." પછી મરીચિએ, ઉત્સૂત્રના નિરૂપણથી કોડાકોડી સાગર પ્રમાણ અને નિરંતર દુઃખના સમૂહના સ્થાન રૂપ સંસાર ઉપાર્જન કર્યો. ઇક્ષ્વાકુકુલમાં ઉત્પન્ન થએલો તે મરીચિ આદિનાથ સમાન આયુષ્ય ભોગવીને અને તે પોતાના કાર્યની આલોચના લીધા વિના મૃત્યુ પામીને પાંચમા દેવલોકમાં દેવતા થયો. ત્યાંથી ચવીને કોલ્લાક નામના સંનિવેશમાં કૌશિક નામે બ્રાહ્મણ થયો, ત્યાં પણ તે એંશી લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી મિથ્યાત્વના પોષણ થકી મૃત્યુ પામીને દીર્ઘકાલ પર્યંત ચાર ગતિરૂપ સંસારમાં બહુ કાળ ભમી સ્થુણા નગરીમાં પુષ્પમિત્ર નામે બ્રાહ્મણ થયો. ત્યાં બોતેર લાખ પૂર્વનું પૂર્ણ આયુષ્ય ભાગવી. અંતે સંન્યાસી થઇ મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં દેવતા થયો. મરીચિનો જીવ ત્યાંથી ચવીને ચૈત્ય સંનિવેશમાં અગ્નિદ્યોત નામે ઉત્તમ બ્રાહ્મણ થયો. તે ભવમાં તેણે ચોસઠ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવ્યું. છેવટ સંન્યાસી થઇને મૃત્યુ પામી ઇશાન દેવલોકમાં દેવપણે ઉપન્યો. ત્યાંથી ચ્યવિને મંદિરક સંનિવેશમાં અગ્નિભૂતિ નામે બ્રાહ્મણ થયો. તે ભવમાં છપ્પન પૂર્વનું સુખમય આયુષ્ય ભોગવી અંતે પરિવ્રાજક દીક્ષા લઇ ત્રીજે દેવલોકે ગયો. ત્યાંથી-ચવીને તે મરીચિનો જીવ શ્વેતાંબિકા નગરીમાં ભારદ્વાજ નામે બ્રાહ્મણ થયો. ત્યાં ચુંમાળીશ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી અંતે સંન્યાસી થઇ મૃત્યુ પામીને માહેંદ્ર દેવલોકમાં બહુ સુખવાળો દેવતા થયો. ત્યાંથી ચવીને તે બહુ કાલ પર્યંત સંસારમાં ભમીને રાજગૃહ નગરમાં સ્થાવર નામે વિપ્ર થયો. તે ભવમાં ચોત્રિશ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી છઠીવાર સંન્યાસી થઇ મૃત્યુ પામીને પાંચમાં દેવલોકને વિષે દેવતા થયો, બહુકાલ સંસારને વિષે ભમીને પછી તે મરીચિનો જીવ, રાજગૃહ નગરના વિશ્વનંદિ રાજાના બંધુ વિશાખાભૂતિ યુવરાજનો બલવાન્, ગુણવાન્ અને સર્વ રાજાઓને પ્રિય એવો વિશ્વભૂતિ નામે પુત્ર થયો. વિશ્વનંદી રાજાને વિશાખનંદી નામે પુત્ર છે. પરંતુ તે, વિશ્વભૂતિ કુમારથી રૂપ, ગુણ અને લક્ષ્મીએ કરીને રહિત હતો. એકદા વિશ્વભૂતિ, પોતાની પ્રિયા સહિત નંદનવન સમાન સુગંધવાળા ક્રીડા ઉદ્યાનમાં એક માસ પર્યંત ક્રીડા કરવા ગયો હતો. ત્યાં તેને ક્રીડા કરતો જોઇ વિશાખનંદિએ ઇર્ષ્યાથી પોતાના પિતાને કહ્યું કે "હે તાત ! આ વિશ્વભૂતિ ક્રીડા કરે છે. તે ઉદ્યાનને તમે ખેડાવી નાખો જેથી હું મ્હારી ઇચ્છા પ્રમાણે ક્રીડા કરૂં. નહિ તો આ

જન્મને વિષે મેં સર્વ ભોજન ત્યજી દીધું છે." પોતાના એકના એક પુત્રનો આવો ઘોર કદાગ્રહ જાણી રાજા વિશ્વનંદિએ મનમાં કાંઇ વિચાર કરી ઉદ્યાનમાં ક્રીડા કરવા જવાનો પડહ વગડાવ્યો. પડહનો શબ્દ સાંભલી વિનયથી નમ્ર એવો વિશ્વભૂતિ પોતાના પરિવાર સહિત જેટલામાં રાજાની પાસે આવીને કાંઇ કહેવા જાય છે તેટલામાં સ્ત્રી સહિત વિશાખનંદિએ તે ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. વલી તેણે તે ઉદ્યાનને ખેડાવી નાખ્યું જેથી તે વિશ્વભૂતિ, તેને દંભી માની બહુ ખેદ પામવા લાગ્યો. પછી વિશ્વભૂતિ, એક મુષ્ટિના પ્રહારથી મ્હોટા કોઠીના વૃક્ષને મૂલમાંથી પાડી નાખી તેને હાથમાં લઇ ઉદ્યાન આગલ આવ્યો એટલે વિશાખનંદિએ તેને કહ્યું કે "અરે ! તું પોતાના ચિત્તમાં આ ઉદ્યાનને વિષે પેસવાનું માન ન કર, હમણાં હું તને વૃક્ષની પેઠે ઝટ ઉન્મૂલન કરી નાખીશ." પછી વિશ્વભૂતિ "અરે આ મ્હોટા ગુરૂરૂપ ભૂપતિની આગલ મેં આ શું લજ્જાવાલું કામ કર્યું ? એમ કહીને મનમાં વિચાર કરવા લાગ્યો. પછી બહુ વૈરાગ્યરસથી વ્યાપ્ત એવા તેણે સંભૂતિમુનિની પાસે શ્રી જિનેશ્વર પ્રણિત દીક્ષા લઇ ઘોર તપ આરંભ્યું.

એકદા મથુરા નગરીમાં ભિક્ષા માટે વિચરતા એવા તે દુર્બળ શરીરવાળા વિશ્વભૂતિને કોઇ અતિ દુષ્ટ ગાયે પાડી દીધા. વિશ્વભૂતિને પડેલા જોઇ વિશાખનંદી બહુ હસવા લાગ્યો. વળી તે એમ કહેવા પણ લાગ્યો કે "હે મુનિ ! હમણાં કોઠીના વૃક્ષને પાડી દેનારૂં તમારૂ બળ કયાં ગયું ?" વિશાખનંદીનાં આવાં વચન સાંભળી ઉત્પન્ન થયું છે અભિમાન જેમને એવા વિશ્વભૂતિએ તે ગાયને શીંગડામાંથી પકડીને સર્વ જનોને વિસ્મય પમાડતાં છતાં બહુ ભમાવી પછી અંતે "હું બહુ બળવાન થઉં" એવું નિયાણું કરીને એક માસભક્તથી મૃત્યુ પામી ને તે વિશ્વભૂતિ, શુક્ર કલ્પને વિષે મટો દેવતા થયો. ત્યાંથી ચવીને અર્ધા ભરત ક્ષેત્રનો અધિપતિ પ્રજાપતિ તથા મૃગાવતીનો પુત્ર અને મહા બળવાન એવો ત્રિપુષ્ટ નામે પહેલો વાસુદેવ થયો. ચોરાસી લાખ વર્ષના પૂર્ણ આયુષ્યવાળો તે વિષ્ણુ સંપત્તિને ભોગવી અંતે મૃત્યુ પામીને સાતમી નરકે ગયો. ત્યાંથી નિકળીને સિંહ થયો. વળી તે નરકે ગયો આ પ્રમાણે તિર્યંચ અને મનુષ્યના બહુ ભવોથી સંસારમાં ભમીને મહાવિદેહ ક્ષેત્રને વિષે મૂકા નગરીમાં ધનંજય રાજા અને ધારિણી માતાથી ઉત્પન્ન થઇ પૂર્ણ ચોરાસી પૂર્વના આયુષ્યવાળો પ્રિયમિત્ર નામે ચક્રવર્ત્તિ થયો. તે પોટ્ટીલ ગુરૂ પાસે દીક્ષા અને તેને કોટિ વર્ષ પર્યંત પાલન કરીને અંતે મહાશુક્ર દેવલોકમાં દેવતા થયો. ત્યાંથી ચવી છત્રા નગરીમાં પચ્ચીસ લાખ વર્ષના આયુષ્ય વાળો તથા જિતશત્રુ અને ભદ્રાનો નંદન નામે પુત્ર થયો. તણે ચોવીશ લાખ વર્ષ પર્યંત સુખકારી રાજ્ય ભોગવી એક લાખ વર્ષ પર્યંત નિર્મલ દિક્ષા પર્યાય પાલ્યો. હવે તે નંદને દીક્ષા લઇને એવો નિયમ અંગીકાર કર્યો હતો કે "હું માસક્ષપણ વિના પારણું નહિ કરૂં." આ પ્રમાણે નિયમ લીધાથી તેમને અગીયાર લાખ, એંશી

હજાર છસેને પીસ્તાલીશ માસક્ષમણ થયાં હતાં. એક લાખ વર્ષ અને પાંચ દિવસમાં તે મહામુનિએ ત્યાંજ નિકાચિત એવું તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

જેને માટે કહ્યું છેકે, **एक्कारसयसहस्सा, असीइ सहस्साय छसयपणयाली । मासक्खमणा नंदणभवम्मि वीरस्स पणदिवसा ॥ १ ॥**

અર્થ શ્રીવીર પ્રભુને નંદનભવમાં અગીયાર લાખ, એંશી હજાર, છસે ને પીસ્તાલીસ માસક્ષમણના લાખ વર્ષને પણ દિવસો થયા. પછી એક માસના અનશન વ્રતથી મૃત્યુ પામેલા નંદન પ્રાણત કલ્પમાં પુષ્પોત્તરાવતંસ વિમાનને વિષે વિશ સાગરોપમના આયુષ્યવાળો દેવતા થયો. ત્યાંથી ચવીને નીચ ગોત્રકર્મના અનુભાવથી બ્રાહ્મણ કુંડ ગામને વિષે દેવાનંદાના ઉદરમાં અવતર્યા. આ વાત અવધિજ્ઞાનથી ઇન્દ્રે જાણી અને તેના હુકમથી હર્ષપૂર્વક હરિનૈગમેષીદેવે દેવાનંદાના ઉદરમાંથી ગર્ભ લઇને સિદ્ધાર્થરાજાની રાણી શ્રી ત્રિશલાના ઉદરમાં મૂક્યો.

શ્રી વીરપ્રભુ ગૌતમને કહે છે કે, તે હું આસી દિવસ સુધી આ દેવાનંદાના ઉદરને વિષે સ્થિર રહ્યો તેથી માતા પુત્રના મોહથી મને દેખી બહુ હર્ષ પામ્યા." ગૌતમસ્વામી પ્રભુનાં આવાં વચન સાંભળી વિચારવા લાગ્યા કે "આ સંસારને ધિક્કાર છે જે તેને વિષે શ્રીજિનેશ્વરોને પણ કર્મનો અનુભવ કરવો પડે છે." પ્રભુનાં આવાં ખરાં વચન સાંભળી સંસારથી ઉદ્વેગ પામેલા ઋષભદત્ત અને દેવાનંદાએ તુરત ચારિત્ર લીધું. અનુક્રમે અગીયાર અંગનો અભ્યાસ કરી નિરતિચારપણે ચારિત્ર પાળી કર્મના ક્ષયથી થોડા કાલમાં તેઓ મોક્ષ પામ્યા.

" इति श्रीवीरप्रभुपूर्वपितृमातृश्रीरुषभदत्तदेवनंदासंबंधः "

**संबुद्धो दट्ठुणं रिद्धिं वसहस्स जोअरिद्धिं य ।**
**सो करकंडूराया कलिंगजणवयवइ जयउ ॥ ५७ ॥**

જે કરકંડુ, બલદની યુવાવસ્થા. અને પુષ્ટ દેહ, શબ્દમાત્રથી બીજા વૃષભને ત્રાસ પમાડવું, ઇત્યાદિ સમૃદ્ધિ જોઇને તથા યુવાવસ્થા ગયા પછી તેજ બળદનો અતિ દુર્બળ દેહ બીજા બળદોના યુદ્ધમાં પરાભવ અને નિરૂપતાદિક પણ જોઈ પ્રતિબોધ પામ્યા. તે કલિંગ દેશના ભૂપતિ કરકંડુ રાજા વિજયવંતા વર્તો ॥ ૫૭ ॥

**पंचालदेशअहिवो, पूअमपूअं च इंदकेउस्स ।**
**दट्ठुं विरत्तकामो पव्वइओ दोम्मुहनरिंदो ॥ ५८ ॥**

ઇંદ્રધ્વજની લોકે કરેલી પૂજા અને લોકના જવા આવવાથી આમ તેમ અથડાવાને લીધે થએલી અપૂજા જોઇ સંસાર સુખને ત્યજી દેનારા પંચાલ દેશના અધિપતિ દ્વિમુખ ભૂપતિએ દીક્ષા લીધી. ॥ ૫૮ ॥

**सुच्चा बहूण सद्दं वलयाणमसद्दहं च एगस्स ।**
**बुद्धो विदेहसामी, सक्केण परिक्खिओ अ नमी ॥ ५९ ॥**

ચંદન ઘસવાને વખતે બહુ સ્રીયોના કંકણોના શબ્દોને સાંભળી તથા એક કંકણના શબ્દને નહિ જાણીને "એકલામાંજ સંસારનો કલકલાટ થતો નથી" એવી ભાવના ભાવતા અને ઇંદ્રે પરીક્ષા કરેલા શ્રી વિદેહ દેશના અધિપતિ નમિરાજાએ દીક્ષા લીધી. ॥ ૫૯ ॥

उप्फलवं विगयपल्लवं तह यं दट्ठु चूअतरुं
गंधाररायवसहो पडिवन्नो नग्गइमग्गं ॥ ६० ॥

પ્રથમ પ્રફુલ્લિત થએલા અને પાછલથી શુષ્ક બની ગએલા આંબાના વૃક્ષને જોઈ ગાંધાર દેશના મહારાજા નગ્ગતિએ શ્રીજિનેશ્વર પ્રણિત ચારિત્રધર્મ આદર્યો॥૬૦॥

नयरंम्मि खिइपइट्ठे चउरो विपरूप्परं समुल्लावं ॥
अकरिंसु तत्थओ जरको भत्तीइ चउवयणो ॥ ६१ ॥

ઉપર કહેલા ચારે રાજર્ષિઓ, ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનાં યક્ષમંદિરમાં એકી વખતે આવી પરસ્પર ધર્મવાર્તા કરવા લાગ્યા. તે વખતે ત્યાં યક્ષદેવ ભક્તિથી, તેઓને જોવા માટે ચાર મુખવાલો થયો ॥ ૬૧ ॥

पुप्फुत्तराओ चवणं पव्वज्जा तह य तेसि समकालं ॥
पत्तेअबुद्धकेवलि सिद्धिगया एगसमएणं ६२ ॥

એ ચારે પ્રત્યેક બુદ્ધ રાજર્ષિઓનું પ્રાણત કલ્પમાં રહેલા પુષ્પોત્તર વિમાનથી ચવન, પ્રવ્રજ્યા, પ્રત્યેકબુદ્ધપણું, કેવલીપણું અને મોક્ષગમન એ સર્વ એકી વખતે થયું. ॥ ૬૨ ॥

## ॥ ચારે પ્રત્યેક બુદ્ધના ભાવાર્થની કથા ॥

હે ભવ્યજનો ! મોક્ષલક્ષ્મી આપનારા બીજા શ્રી અજિતનાથ જિનેશ્વરને નમસ્કાર કરીને હું પ્રત્યેકબુદ્ધ સાધુઓનું ચરિત્ર કહું છું. તેમાં પ્રથમ સઘલા પાપરૂપ કાદવને ધોઇ નાખવામાં જલસમાન શ્રી કરકંડુ મહામુનિનું ચરિત્ર સાંભલો.

શ્રી વાસુપૂજ્ય જિનેશ્વરના પાંચ કલ્યાણકોથી નિષ્પાપ અને શત્રુઓથી પણ ન કંપાવી શકાય તેવી ચંપા નગરીને વિષે દધિવાહન નામે રાજા રાજ્ય કરતો હતો. અપ્રતિમ રૂપલક્ષ્મીએ કરીને જાણે સાક્ષાત્ પદ્માવતી દેવી હોયની એવી શ્રી ચેડામહારાજાની પુત્રી પદ્માવતી તેની સ્રી હતી. એકદા ગર્ભ ધારણ કરતી એવી તે રાણીને એવો દોહદ ઉત્પન્ન થયો કે " હું પુરૂષનો વેષ પહેરી, રાજા પાસે છત્ર ધારણ કરાવી અને હસ્તિ ઉપર બેસી વનમાં ક્રીડા કરવા જાઉં." પદ્માવતીને આવો દોહદ ઉત્પન્ન થયો હતો પરંતુ લજ્જા અને વિનયથી દધિવાહન ભૂપતિને કહી શકતી નહોતી તેથી તે બહુ દુર્બલ થઈ. રાજાએ તેનું કારણ પૂછયું એટલે તેણીએ પોતાનો સર્વ મનોરથ કહ્યો. પછી પ્રસન્ન થએલો રાજા પોતે છત્રધારણ કરવાપૂર્વક પુરૂષનો વેષ ધારણ કરનારી પ્રિયાને પટ્ટહસ્તિ ઉપર બેસારી વન પ્રત્યે ગયો.

આ વખતે બહુ વર્ષાદ વરસવા લાગ્યો હતો જેથી સલ્લકીના ગંધવડે અને હસ્તિઓના વનથી ઉત્પન્ન થએલા પવન વડે ચારે તરફથી હણાએલો તે મદોન્મત્ત હસ્તિ પોતાની વિંધ્યાટવીનું સ્મરણ કરી દોડવા લાગ્યો. જો કે અનુચરો તેની પાછળ દોડયા પરંતુ તેને પકડી શકયા નહીં. એટલુંજ નહીં પરંતુ તેઓની દ્રષ્ટિએ પણ ન આવે તેટલો દૂર જતો રહ્યો. જેમ કુકર્મ વડે કરીને ચેતના સહિત જીવ વિષમસ્થાન પ્રત્યે ચડી જાય તેમ તે દુષ્ટ હસ્તિવડે પ્રિયા સહિત રાજા, વનમાં બહુ દૂર જતો રહ્યો. કેલના સમાન કોમલ શરીરવાલી અને ગર્ભયુક્ત રાણીની સાથે રાજાને પણ એ બલવંત હસ્તિ મહા અરણ્યમાં ખેંચી લાવ્યો. પછી સમ, વિષમ, ઉત્કૃષ્ટ દૂર અને નજીકના અનેક ભાવોને વિચાર કરતા એવા રાજાએ માર્ગમાં એક વડનું વૃક્ષ જોઇને કહ્યું કે "હે ભદ્રે ! આ માર્ગમાં સામે પેલું વડનું વૃક્ષ આવે છે તેની શાખાએ આપણે વળગી પડીએ." એમ કહીને વડવૃક્ષ આવ્યું એટલે રાજા પોતે ચાતુરીથી તેને વળગી પડયો. રાણી તેમ ન કરી શકી તેથી હસ્તિ, તેણીને આગળ લઈ ગયો. રાજા વડવૃક્ષથી નીચે ઉતર્યો એટલામાં તેને બહુ હર્ષવાલું સર્વ સૈન્ય આવી મલ્યું. પછી પ્રિયાના વિયોગથી ગાઢ શોકવાલો તે રાજા ધીમે ધીમે પોતાની ચંપાપુરીને વિષે ગયો.

હવે જાણે સાક્ષાત્ દુષ્ટ કર્મજ હોયની ! એવો તે દુષ્ટ હસ્તિ, તે રાણીને મનુષ્ય રહિત એવા મહા અરણ્યમાં લઇ આવ્યો. ત્યાં તૃષાથી આકુલ વ્યાકુલ થએલા આત્માવાલા અને તાપર્થી તપી રહેલા તે હસ્તિએ, દિશાઓને જોતાં છતાં કોઇ જલથી ભરપૂર તલાવ દેખી તેમાં પ્રવેશ કરવા માંડયો. જલમાં પ્રવેશ કરી સુંઢવતી જલને ઉડાડી દુર્દિન બનાવી દેતો એવો તે હસ્તિ આકૃતિ અને કાર્યથી–કર્મથી મેઘ સમાન દેખાવા લાગ્યો. પછી તૃષાથી આકુલ એવો તે હસ્તિ જેટલામાં અગાધ જલને વિષે જવા લાગ્યો તેટલામાં રાણી તેના ઉપરથી ધીમે નીચે ઉતરીને તલાવની બ્હાર આવી. એકતો હસ્તિથી ભય પામેલી અને બીજું મહાભયંકર વનમાં આવેલી તે રાણી બહુ ખેદ પામતી છતી પોતાના મનમાં આ પ્રમાણે વિચાર કરવા લાગી. "મનુષ્યોના વિધિને ધિક્કાર હો ધિક્કાર હો ! જે વિધિ મ્હોટા પુરૂષોને પણ કારણ વિના નિરંતર ઓચિંતી વિટંબના પમાડે છે. અરે તે મ્હારૂં નગર કયાં ? તે મ્હારો પ્રાણનાથ કયાં ? તે મ્હારી લક્ષ્મી કયાં ? અને તે મ્હારૂં સુખ કયાં ? ખરેખર દુષ્કર્મના વિપાકથી મ્હારૂં તે સર્વ વૃથા થયું. હવે વિધિને ઠપકો આપવાથી શું ? અથવા કુકર્મની ચિંતાથી પણ શું ? આ વખતે તો પ્રાપ્ત થએલી આપત્તિની પ્રતિક્રિયા કરવામાં ઉત્સાહ રાખવો જોઇએ. અનેક હિંસક જીવોથી ઉત્પન્ન થએલી આપત્તિવડે કરીને કારણ વિના આ અતિ ભયાનક એવા ઘાટા વનમાં નિશ્ચે મ્હારૂં મૃત્યુ થવાનું છે. તો પછી હમણાં શા માટે પ્રમાદ કરૂં ? " આ પ્રમાણે વિચાર કરીને પછી ધીરજનો આશ્રય કરી તે પદ્માવતીએ જાણે પોતાનું છેલ્લું કાર્ય હોયની?

એમ શ્રી જિનેશ્વર પ્રભુએ કહેલી આરાધના કરવા માંડી. તેમાં પ્રથમ ચાર શરણને અંગીકાર કરી પોતાના દુષ્ટ કર્મની નિંદા કરતી એવી તે ચેટકરાજની પુત્રીએ સર્વે જીવોને, સંઘને અને જિનમતને ખમાવ્યા. સાધુ અને શ્રાવકોના સુકાર્યોની અનુમોદના કરીને તેણીએ સ્વભાવથી સાગારી અનશન અંગીકાર કર્યું. " જો મ્હારા દેહને પ્રમાદમૃત્યુ થાય તો આજ અવસ્થાને વિષે એક ક્ષણમાત્રમાં આ દેહ, ઉપધિ અને આહાર પ્રમુખ ત્યજી દઉં છું અને જિનમતના સાર રૂપ, મૃત્યુનું રક્ષણ કરનાર, પાપને દૂર કરનાર અને વિઘ્નને નાશ કરનાર એવા પરમેષ્ટી મંત્ર નમસ્કારને શુભ ભાવથી સ્મરણ કરૂં છું. હવે પછી મ્હારે સુખના સામ્રાજ્ય પદ રૂપ રાજ્યે કરીને સર્યું અર્થાત્ તેનું મ્હારે કાંઈ પ્રયોજન નથી પરંતુ આ પરમેષ્ઠિ નમસ્કાર, મને એકલીને ત્યજી ન દ્યો. "

આ પ્રમાણે વિચાર કરીને મનમાં નમસ્કારનું સ્મરણ કરતી એવી તે પદ્માવતી એક દિશા તરફ ચાલી. એવામાં શુદ્ધવ્રતવાલી તે મહારાણીએ કોઈ એક મહા ઉગ્રવ્રતવાળા તાપસને દીઠો. પદ્માવતી તેમની પાસે જઇ વંદના કરીને ઉભી રહી એટલે તે તાપસે પૂછયું કે " હે વત્સે ! કહે, તું કોણ ? કોની પત્ની અને કોની પુત્રી છે ? ખરેખર આકૃતિએ કરીને તો તું કોઈ મ્હોટા ભાગ્યશાલીના ઘરને વિષે ઉત્પન્ન થએલી દેખાય છે. તું નિર્ભયપણે કહે કે ત્હારી આવી અવસ્થા શાથી થઈ ? અમે પણ ઉપશમધારી તાપસો છીએ. " પછી વિશ્વાસ પામેલી પદ્માવતીએ, નિર્મલ ધર્મ કાર્ય કરવામાં તત્પર એવા તે તાપસને વિકાર રહિત જાણી તેની આગલ પોતાનું સર્વ વૃત્તાંત કહ્યું. તાપસે પણ ચેડા મહારાજાની પુત્રીને અમૃતના મ્હોટા ક્યારા સમાન વચનવડે કરીને સિંચન કરી. તે આ પ્રમાણે " હે વત્સે ! તું અહિં આવી મહા ચિંતાવડે પોતાના મનને કેમ બહુ દુઃખી કરે છે ? આ સંસાર તો આવીજ રીતે નિરંતર વિપત્તિઓના સ્થાન રૂપજ છે. માણસ, અનિત્યપણાથી એ વિપત્તિને જીતવાનું વૃથા મન કરે છે. કારણ કે મનુષ્ય ઉત્પન્ન નહિ થયે છતે એ વિપત્તિ પણ ઉત્પન્ન થતી નથી અને ઉત્પન્ન થએલા મનુષ્યને તો એ હણી નાખે છે. વળી કોઇ પણ થએલી અથવા થવાની વસ્તુ અર્થથી સત્ય નથી માટે સત્પુરૂષોએ વર્તમાન યોગ્યથીજ ચાલવું. " આ પ્રમાણે પ્રતિબોધ આપીને તાપસ, તે રાણીને પોતાના આશ્રમમાં લઈ ગયો ત્યાં તેણે પોતે આણેલા ફલોવડે કરીને રાણીને ભોજન કરાવ્યું, પછી અકૃત્રિમ ઉપકારી એવા તે તાપસે સતીને એકાંત સ્થાનકે લઈ જઇને હર્ષથી આ પ્રમાણે કહ્યું. " અહિંથી હવે હળોથી નહિં ખેડાયેલા સાવદ્ય પર્વતો આવે છે. માટે તે મુનિઓથી ઉલ્લંઘીને જવાય નહીં. આ દંતપુર નગરનો માર્ગ છે. તે નગરમાં દંતચક્ર નામે રાજા છે, માટે ત્યાં જઇ અને પછી કોઇ સંગાથની સાથે ત્યાંથી નિર્ભયપણે પોતાના નગર તરફ જજે" તાપસ આ પ્રમાણે કહીને તુરત પોતાના આશ્રમ પ્રત્યે આવ્યો. પદ્માવતી પણ દંતપુરમાં આવી કોઇ સાધ્વી

પાસે ગઇ. ત્યાં સાધ્વીએ પૂછ્યું "હે સુશ્રાવિકા તું કયાંથી આવી છે?" રાણીએ પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો એટલે ફરી સાધ્વીએ કહ્યું. "બહુ દુઃખના મંદિરરૂપ આ સંસારમાં જે કાંઈ સુખનો આભાસ દેખાય છે તે ખરેખર મહા સ્વપ્નામાં રાજ્યની પેઠે ભ્રમરૂપજ જાણવો. હે શુભે! વધારે શું કહું પરંતુ ચતુર્વિધ સંઘ,શ્રીજિનમત અને જિનેશ્વર વિના બાકીનો સર્વ સંસારનો વિસ્તાર સત્પુરૂષોએ ત્યજી દેવા યોગ્ય છે." સાધ્વીનાં આવાં વચન સાંભળી વૈરાગ્યવાસિત થએલી રાણીએ તુરત ચારિત્ર અંગીકાર કર્યું. કહ્યું છે કે ધર્મના કાર્યને વિષે કયો પુરૂષ વિલંબ કરે! પદ્માવતીએ પોતાના ચારિત્રમાં વિઘ્નના ભયથી વિદ્યમાન એવા ગર્ભની વાત જણાવી નહિ પરંતુ જ્યારે તે સ્વાભાવિકપણાથી પુષ્ટ થઇ ત્યારે સાધ્વીઓએ તેના ગર્ભની વાત જાણી. ઉદરવૃદ્ધિના પ્રશ્નથી સર્વ વૃત્તાંત જાણે છતે સાધ્વીઓએ, પોતાના ધર્મના ઉડ્ડાહના ભયથી તેણીને એકાન્ત સ્થાનમાં ગુપ્ત રીતે રાખી. પછી અવસરે પદ્માવતીએ પુત્રને જન્મ આપ્યો. તેને તેણીએ રત્નકંબળમાં વીંટાળી નામ મુદ્રા સહિત તુરત સ્મશાનમાં મુકયો. આ પ્રકારના બાળકને જોઇ અત્યંત પ્રસન્ન થએલા સ્મશાનપતિ જનંગમે તેને લઇ લીધો અને પોતાની સંતાનરહિત સ્ત્રીને સોંપ્યો. આ સર્વ વૃત્તાંત પદ્માવતીએ ગુપ્ત રીતે રહીને જોયો. તેથી તે બહુ હર્ષ પામી અને પછી પોતે સાધ્વીઓની આગળ "મ્હારો પુત્ર જન્મ પામ્યા પછી તુરત મૃત્યુ પામ્યો."

હવે અહિં જનંગમ ચાંડાલના ઘરને વિષે પોતાના શરીરે લોકોત્તર તેજને ધારણ કરતો તથા પાડયું છે અપકર્ણિત નામ જેનું એવો તે પદ્માવતીનો પુત્ર વૃદ્ધિ પામવા લાગ્યો નિરંતર બહાર જતી એવી પદ્માવતી સાધ્વી પુત્રના સ્નેહથી તે ચાંડાલણીનો સંગાથ તેમજ તેણીની સાથે મધુર વાતો કરતી. અનુક્રમે વૃદ્ધિ પામતો એવો તે કુમાર બીજા બાલકોની સાથે ક્રીડા કરતો છતો રાજતેજથી કાચના કકડામાં પડેલા મણિની પેઠે શોભતો હતો. ગર્ભથીજ માંડીને બહુ શાકાદિકના દોષથી એ અપકર્ણિત નામના બાળકને શરીરે કંડુલતા ( ખરજ ) નામનો રોગ થયો તેથી ભૂપતિની પેઠે સામન રૂપ બનેલો તે અપકર્ણિત, પોતાના શરીરે જ્યાં ખરજ આવતી ત્યાં સર્વ બાલકો પાસે ખજવલાવતો તેથી લોકમાં તેનું કરકંડુ નામ પડયું. જો કે કરકંડુ, પોતાની માતાને ઓલખતો ન હતો, તો પણ તે, પદ્માવતી સાધ્વીને દેખી બહુ હર્ષ પામતો, તેણીના આગળ વિનય કરતો અને તેણીને વિષે બહુ પ્રીતિ રાખતો. ઠીકજ છે માતા વિના બીજાને વિષે એવો અંતરનો પ્રેમ કયાંથી હોય? અર્થાત્ નજ હોય. પદ્માવતી સાધ્વી પણ નિરંતર ભિક્ષામાં મળેલો મોદકાદિ સરસ આહાર તે કુમાર કરકંડુને આપતી. અહો! નિશ્ચય સાધુપણામાં પુત્રસ્નેહ દુઃસહજ હોય છે. ચક્રવર્તિના ચિન્હથી મનોહર અંગવાળો તે છ વર્ષનો કુમાર કરકંડુ, પોતાના પિતાની આજ્ઞાથી કર્મના દોષવડે સ્મશાન ભૂમિનું રક્ષણ કરતો હતો.

એકદા કરકંડુ સ્મશાનમાં ઉભો હતો એવામાં ત્યાં થઈને જતા એવા કોઇ

સાધુએ ઉત્તમ લક્ષણવાળા વાંસને જોઇ પોતાની સાથેના બીજા ન્હાના સાધુ પ્રત્યે કહ્યું કે "જે પુરૂષ આ વંશને મૂળમાંથી ચાર આંગુલ લઇ પોતાની પાસે રાખશે તે અવશ્ય રાજ્ય પામશે." મુનિનુ આવું વચન ત્યાં કોઇ ઉભેલા બ્રાહ્મણે અને તે ચંડાળપુત્ર કરકંડુએ સાંભળ્યું. પછી તે બ્રાહ્મણે ગુપ્ત રીતે મૂળમાંથી ખોદી જેટલામાં તે વંશને ચાર આંગુલ કાપ્યો તેટલામાં કરકંડુએ તેને તુરત છીનવી લીધો. બહુ કલેશ કરતો એવો બ્રાહ્મણ કરકંડુને રાજ્યસભામાં લઈ ગયો. ત્યાં કરકંડુએ કહ્યું કે "મ્હારી વાડીમાં ઉત્પન્ન થયેલો એ વંશ હું તેને નહીં આપું." અધિકારીઓએ "ત્હારે એ વંશનું શું કામ છે. અર્થાત્ એ વંશ ત્હારૂં શું કામ કરશે. ?" એમ પૂછયું એટલે તે બાળકે કહ્યું કે "એ અમને મ્હોટું રાજ્ય આપશે." અધિકારીઓએ હાસ્યપૂર્વક કહ્યું કે "જ્યારે તને રાજ્ય મળે ત્યારે તું હર્ષથી એ બ્રાહ્મણને એક ગામ આપજે. કુમાર તે વાત અંગીકાર કરી પોતાના વાંસનો કકડો લઈને ઝટ ઘેર આવ્યો. બ્રાહ્મણ પણ બીજાઓની સાથે મળી કરકંડુને મારી નાખવાનો વિચાર કરવા લાગ્યો. અહો ! લોભથી વ્યાપ્ત થએલો મૂઢમતિ જીવ કયું અકૃત્ય નથી કરતો ? જે બ્રાહ્મણ પણ રાજ્યને અર્થે તે કરકંડુ બાળકને મારી નાખવાની ઇચ્છા કરવા લાગ્યો. ચતુર એવો કરકંડુનો પિતા જનંગમ બ્રાહ્મણના અભિપ્રાયને સમજી ગયો, તેથી તે પોતાની સ્ત્રી અને પુત્રને સાથે લઇ તુરત બીજા દેશ પ્રત્યે નાસી ગયો. અનુક્રમે કુટુંબ સહિત પૃથ્વીનું ઉલ્લંઘન કરતો એવો તે જનંગમ, શુભ શ્રેણિ અને લક્ષ્મીના ધામરૂપ કાંચનપુર પ્રત્યે આવ્યો.

હવે એમ બન્યું કે તે વખતે તે કાંચનપુરનો રાજા અપુત્રિયો મરણ પામ્યો તેથી પ્રધાનોએ તૈયાર કરેલો એક અશ્વ નગરમાં ફેરવવા માંડયો હતો. અશ્વ, કરકંડુને ત્રણ પ્રદક્ષિણા કરી ઉભો રહ્યો. પછી મનુષ્યોએ કરકંડુને રાજ્ય ચિન્હવાળો જાણી તે વખતે જય જય શબ્દ કરવા લાગ્યા. કરકંડુ પણ પોતાનું અનાહત એવું નાંદી નામે વાજીંત્ર વગાડવા લાગ્યો. પછી મહા પ્રધાનોએ આણેલાં વસ્ત્રોને ધારણ કરી જાણે પ્રથમથીજ શીખેલો હોયની ? એમ કરકંડુ તે અશ્વ રત્ન ઉપર બેઠો. જેટલામાં ઉદાર એવા નાગરીક લોકોની સાથે તે હર્ષપૂર્વક નગરમાં પ્રવેશ કરવા લાગ્યો. તેટલામાં બ્રાહ્મણોએ " આ ચાંડાળ છે" એમ કહીને અટકાવ્યો. વિપ્રોએ રોકી રાખેલા કુમારે ક્રોધથી જેટલામાં પોતાનું વાંસના કકડારૂપ દંડરત્ન હાથમાં લીધું તેટલામાં તે વિજળીની પેઠે અત્યંત દેદીપ્યમાન બની ગયો. આ વખતે ભાગ્યાધિષ્ટાયક દેવતાએ પુષ્પવૃષ્ટિ પૂર્વક એવી ઉદ્દઘોષણા કરી કે "જે આ કુમારની અવગણના કરશે તેના મસ્તક ઉપર આ દંડપ્રહાર થશે." અત્યંત ભય પામેલા બ્રાહ્મણો હાથ જોડીને કહેવા લાગ્યા કે નિશ્ચય વર્ણાશ્રમને પોત પોતાના નિયમમાં રાખનારા ગુરૂ અને રાજા તમેજ છો, તમે શંકર, ઇંદ્ર, વિષ્ણુ અને બ્રહ્મા છો. વળી સાક્ષાત્ પવિત્ર એવું ક્ષત્રિય તેજ પણ તમારે વિષે ઉદ્યોત પામે છે. વર્ણ (બ્રાહ્મ-

ણાદિ જાતિ) શુભ કર્મથીજ વખાણવા યોગ્ય છે અન્યથા અવર્ણનીય છે. બ્રાહ્મણાદિ વર્ણોની જાતિ એ કાંઇ કારણ નથી. વળી જે પરબ્રહ્મ રૂપ પુરૂષ, કર્મ પ્રકૃતિને વિષે નિરંતર લીન તે સંકચુકીની માફક જાતિએ કરીને ક્યારે પણ પરાવર્તન નથી પામતો ? અર્થાત્ ન ફરી શકે ? નારકીઓમાં, ભુવનપતિઓમાં, તિર્યંચમાં કે મનુષ્યોમાં કોઈ સ્થાનકે આત્માનું અપમાન કરવું નહીં કારણ કે તે કોઇ સ્થળે વખતે દેવતારૂપે હોય છે. આજ કારણથી ત્રિકાળજ્ઞાની વિપ્રો કહે છે કે "પ્રાણીનો વિનાશ કરવાથી પાપ અને પ્રાણીનું રક્ષણ કરવાથી પુણ્ય થાય છે. અમારા જેવા અજ્ઞાનરૂપ અંધકારમાં બુડી ગએલા પુરૂષોનો તુંજ ગુરૂ છે. વળી ત્હારા આ તેજ વડે કરીને અમોને જ્ઞાન પ્રગટ થયું છે. હે વિભો ! રાજારહિત દેશમાં અગ્નિ બલીદાન ગ્રહણ કરતોજ નથી, વાયુઓ વાતા નથી, વળી જ્યાં સર્વમય ભુપતિ, મનુષ્યનો રક્ષણ કરનાર નથી ત્યાં ધન નાશ પામે છે. દેહ સુખ હોતું નથી તો પછી સ્ત્રીઓ સારા આચાર વાળી તો ક્યાંથીજ હોય ? તમે મનુષ્યોને શીતલ કરવામાં ચંદ્રરૂપ અને પંકને ધોઇ નાખવામાં જળના પુર સમાન છો. વળી દુર્ભિક્ષનો વિનાશ કરવામાં અથવા પાપની શુદ્ધિ કરવામાં એક ભૂપતિજ કારણ છે. માટે હે ભૂપાળ ! તમારા અપમાનથી ઉત્પન્ન થએલા અમારા પાપને આપ ઝટ ધોઈ નાખો કારણ લોકોના પાપને ધોઈ નાખવામાં ભૂપતિને તીર્થરૂપ કહેલ છે," આ પ્રમાણે બ્રહ્મજ્ઞ એવા વિપ્રોએ રાજાને વિનંતિ કરી એટલે ક્રોધરહિત થએલા ભૂપાળે મેઘના સરખી ગંભીર અને મધુર વાણીથી કહ્યું "અહિંયાં તમોએ જે કહ્યું તેને જેટલા બ્રાહ્મણો સંમતિ ધરાવતા હોય તેટલાઓનું માન હો અને બાકીના મ્હારે વધ કરવા યોગ્ય છે." સર્વે બ્રાહ્મણોએ એકજ સંમતિનો ઘોષ કર્યો એટલે ફરી કરકંડુ નૃપતિએ, પોતાના મુખ કમલમાં વિલાસ કરવા રૂપ શ્રેષ્ઠ લાભવાળી વાણી કહી. "જો એમ છે તો આ ચાંડાળોને દિવ્ય સંસ્કારોથી બ્રાહ્મણ કરો. કારણ કે સંસ્કારોએ કરીને તો અદ્વિજને પણ દ્વિજ કરી શકાય છે," પછી હર્ષ પામેલા બ્રાહ્મણો લોકવ્યવહારનું બળવત્તરપણું નિવેદન કરતા છતાં કહેવા લાગ્યા. "હે દેવ! આપે કહ્યું તે સત્ય છે, સંસ્કારથીજ બ્રાહ્મણપણું પ્રાપ્ત થાય છે. કારણ સંસ્કારરહિત બ્રાહ્મણ જાતિ બ્રાહ્મણપણું પામતી નથી. જુઓ બ્રાહ્મણના કુળમાં જન્મ્યા છતાં એક વર્ષ સુધી બ્રાહ્મણ કહેવાતો નથી. પરંતુ સંસ્કાર પ્રાપ્ત થયા પછી તે બ્રાહ્મણ કહેવાય છે."

પછી ચિત્તમાં વિચાર કરીને હર્ષ પામેલા રાજાએ બ્રાહ્મણોને કહ્યું. દ્વિજો ! ત્યારે તો વાટધાનક નિવાસી ચાંડાળો બ્રાહ્મણ થાઓ." રાજાએ આમ કહ્યું એટલે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ હે અને ભૂપતિ ! જય જય અને બહુ જીવો " એવી આકાશવાણી થઇ પછી ઉત્તમ બ્રાહ્મણોએ કરેલા સંસ્કારવડે તે સર્વે ચાંડાળો બ્રાહ્મણપણું પામ્યા જેથી દેવ અને મનુષ્યોએ તેની બહુ પૂજા કરી. જેને માટે કહ્યું છે કે—"દધિવાહન રાજાના પુત્ર કરકંડુ રાજાએ, વાટધાનકના નિવાસી એવા

ચાંડાળોને બ્રાહ્મણ કર્યા. પછી મહોત્સવ પૂર્વક કાંચન પુરમાં પ્રવેશ કરાવી કરકંડુને રાજ્યાભિષેક કર્યો. અનુક્રમે તે મહા પ્રતાપી થયો.

હવે પેલા વંશના કકડાનો પ્રતિવાદી બ્રાહ્મણ, કરકંડુને રાજા થએલો જાણી તેની પાસેથી એક ગામની ઇચ્છા કરતો છતો તે ભૂપતિની સભામાં આવ્યો. કરકંડુએ "કહે તું કેમ આવ્યો છું." એમ પૂછવા ઉપરથી બ્રાહ્મણે કહ્યું. "મ્હારૂં ઘર ચંપા નગરીમાં છે માટે તે દેશના એક ગામની હું ઈચ્છા કરૂં છું." કરકંડુએ "તને મ્હારી આજ્ઞાથી ચંપાપુરીનો દધિવાહન રાજા એક ગામ આપશે." એમ કહીને તેને ચંપાપુરી પ્રત્યે મોકલ્યો. બ્રાહ્મણે ત્યાં જઈ સર્વ વાત નિવેદન કરી. એટલે વિસ્મય પામેલા અને અંદરથી બહુ ક્રોધાતુર થએલા દધિવાહને કંઈક હસીને કહ્યું. "અહો મૂઢપણાથી મરવાને ઇચ્છતો તે મૃગ સમાન બીકણ મ્લેચ્છપુત્ર સિંહ સરખા મ્હારી સાથે શા માટે વિરોધ કરે છે? સર્વે રાજાઓ દૂતમુખ હોય છે માટે હે દૂત તને હું હણતો નથી.તું અહિંથી ચાલ્યો જા અને હું મ્હારા ખડ્ગ, રૂપ તીર્થે કરીને તેની શુદ્ધિ કરીશ. મ્હારા ખડ્ગની તીક્ષ્ણ ધારા રૂપ જલ વિના એ રાજાની પરવસ્તુની અભિલાષથી ઉત્પન્ન થએલા પાપ રૂપ કાદવથી શુદ્ધિ થવાની નથી." દૂતે ફરી કરકંડુ પાસે જઇ તેને સર્વ સત્ય વાત કરી. પછી ક્રોધ પામેલા કરકંડુએ, સૈન્ય ચંપાપુરી તરફ મોકલ્યું. પોતાની નગરીના સમીપે આવેલા તે સૈન્યને જાણી દધિવાહન રાજા પોતે કિલ્લાને સજ્જ કરી યુદ્ધ કરવા માટે નગર બહાર આવ્યો. જેટલામાં બન્ને સૈન્યો યુદ્ધ કરવા તૈયાર થયા તેટલામાં પદ્માવતી સાધ્વીએ કરકંડુ પાસે જઇને કહ્યું કે:—

"હે કરકંડુ ભૂપાલ! તેં આ અયોગ્ય કર્મ શા માટે આરંભ્યું? પિતા સર્વ પ્રાણીઓને પૂજ્ય હોય છે છતાં તેં તેમની સાથે કેમ યુદ્ધ આરંભ્યું?" કરકંડુ ભૂપાલે કહ્યું "હે મહાસતિ! એ રાજા મ્હારો પિતા શી રીતે?" સાધ્વીએ મૂલથી આરંભીને પોતાનો સર્વ વૃત્તાંત કહી સંભલાવ્યો. પછી કરકંડુ રાજા, સાધ્વી રૂપ પોતાની માતાને દધિવાહન રૂપ પોતાના પિતાને ઓલખી કાદવમાંથી નિકલેલાની પેઠે બહુ હર્ષ પામ્યો તો પણ યૌવનથી મદોન્મત એવા તેણે અભિમાનથી પિતા દધિવાહન નૃપને નમસ્કાર કરવાનું ચિત્ત કર્યું નહીં. નિર્મલ મનવાલી સાધ્વીએ પણ તે મદોન્મત્ત એવા પુત્રનું વૃત્તાંત જણાવા માટે તુરત ચંપાનગરીમાં પ્રવેશ કર્યો. મહેલના આંગણાંમાં આવતી એવી સાધ્વીને જોઇ વૃદ્ધ દાસીઓએ તેને ઓલખીને હર્ષથી તેના ચરણકમલમાં નમસ્કાર કર્યો. દાસીઓએ વિજ્ઞાપના કરેલા રાજાએ પણ સંભ્રમથી ત્યાં આવી બહુ ભક્તિથી સાક્ષાત્ તપોલક્ષ્મી રૂપ સાધ્વીને નમસ્કાર કર્યો. મહાસતીએ આશિર્વાદ આપ્યો પછી રાજાએ તેણીને ગર્ભ સંબંધી વાત પૂછી એટલે તેણીએ કહ્યું કે "જેણે

તમારી નગરી ઘેરી લીધી છે તે તમારો પુત્ર છે. ” સાધ્વીનાં આવાં વચન સાંભલી પ્રસન્ન થએલો રાજા પુત્ર પાસે ગયો. પુત્ર પણ પિતાને જોઇ તેમના ચરણમાં પડયો. પિતાયે તેને ઉઠાડી આલિંગન કરી અને તેનું મસ્તક સુંઘ્યું. ખરેખર પિતાને પુત્ર ઉપર આશ્ચર્યકારી પ્રેમ હોય છે.

દધિવાહન રાજાએ પ્રથમ પુત્ર ઉપર હર્ષના આંસુનો અભિષેક કરીને પછી તીર્થજલથી પોતાના રાજ્યનો અભિષેક કર્યો અને પોતે કર્મનો વિનાશ કરવા માટે તુરત દીક્ષા લીધી. આ વખતે કરકંડુ રાજા બે રાજ્યનો અધિપતિ થયો. પછી ઈંદ્રના સરખો પરાક્રમી, પ્રચંડ આજ્ઞાવાલો અને કલિંગદેશનો મહારાજા એવો કરકંડુ ભૂપતિ સર્વ પૃથ્વીનું પાલન કરવા લાગ્યો, ઈંદ્રના સરખી સમૃદ્ધિવાલા, સૂર્ય સરખા તેજવાળા અને નિરંતર પૃથ્વીનું પાલન કરતા એવા તેને ઈષ્ટ એવાં ગોકુલો હતાં. ચિન્હ, આકૃતિ અને વર્ણાદિકે કરીને જુદાં જુદાં રાખેલાં તે ગોકુલોને જોતાં છતાં તે રાજાની દ્રષ્ટિ બહુ તૃપ્તિ પામતી.

એકાદ કરકંડુ રાજાએ, સ્ફટિક મણિના સમાન કાંતિવાલા તથા વર્ણ અને આકૃતિએ કરીને શ્રેષ્ટ એવા કોઈ એક નાના વાછરડાને દીઠો તેથી તે હંમેશાં ગોવાલોને એમજ કહેવા લાગ્યો કે “ આ વાછરડાને તમારે દુધવડે બહુ પોષણ કરવો. ” અનુક્રમે કેટલાક માસે મહા બલવંત અને પુષ્ટ શરીરવાલો બનેલો તે સાંઢ પોતાના ઘુરઘુર શબ્દવડે મેઘના ગર્જારવ તુલ્ય ગર્જારવ કરવા લાગ્યો અને બીજા સાંઢડાઓને ત્રાસ પમાડવા લાગ્યો. જેવી રીતે કૃષ્ણની પ્રીતિ ગરૂડ ઉપર અને ઇંદ્રની પ્રીતિ ઐરાવણ હસ્તિ ઉપર હોય છે તેવીજ રીતે કરકંડુ રાજાની પ્રીતિ તે સાંઢ ઉપર થઇ. રાજ્યકાર્ય કરવામાં વ્યગ્રચિત્તવાલો બનેલો કરકંડુ ભૂપાલ કેટલાક વર્ષ સુધી તે સાંઢને જોઇ શકયો નહીં તેથી કોઈ દિવસ સાંઢને જોવા માટે ઉત્સાહથી ગોકુલ પ્રત્યે ગયો. બહુ વખત શોધ કર્યા છતાં પણ સાંઢને દીઠો નહીં તેથી તેણે ગોવાલોને પૂછયું કે “ મ્હારો માનવંતો સાંઢ કયાં છે ? ” પછી ગોવાલોએ વૃદ્ધાવસ્થાને લીધે જીર્ણ બની ગએલો, પડી ગએલા દાંતવાલો, બળ અને રૂપ રહિત શરીરવાલો બીજા વાછરડાઓએ સંઘટિત કરેલા દેહવાલો અને દુર્બલ અંગવાલો તે સાંઢ દેખાડયો, રાજા તેવા પ્રકારના સાંઢને જોઇ તેની વિષમ દશાનો વિચાર કરતો છતો તત્કાલ ઉત્પન્ન થએલા ક્ષોભથી મનમાં ચિંતવવા લાગ્યો. “ અહો ! જેની ગર્જના સાંભલીને ગર્વધારી મ્હોટા વૃષભો પણ દૂરથી ગોષ્ઠમાં નાશી જતા તે આ સાંઢ આજે બીજા નાના વાછરડાઓથી સંઘટ્ટન કરાય છે. સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ અને સંહાર કરવામાં રહેલો આ અનવસ્થિત કાલ, ખરેખર ઈષ્ટિવસ્તુના સંયોગની પેઠે તેનો વિયોગ કરાવે છે માટે તેને ધિક્કાર થાઓ ધિક્કાર થાઓ. વલી આશ્ચર્ય તો એ છે જે મ્હોટા ઉદરવાલો આ પાપી કાલ જીવ અને નિર્જીવવાળા એવા આ લોકને સરજી સરજીને પાછો ગલી જાય છે છતાં તે તૃપ્તિ પામતો નથી. દુષ્ટ થકી પણ નાશ પામતી એવી

વસ્તુનું નાના પ્રકારના ઉપાયથી રક્ષણ કરી શકાય પરંતુ આ ખલે કરેલા નાશનો કાંઇ પણ પ્રતિકાર દેખાતો નથી. આ લોકમાં આપણે જે જે વસ્તુઓ દેખીએ છીએ તે પછી દૈવયોગથી દેખાતી નથી. કારણ કે કાલ રૂપની ભાવપરાવર્તિરૂપ રસે કરીને પોતાની મરજી પ્રમાણે ક્રીડા કરે છે. સ્વપ્ન અને આકાશપુષ્પ સમાન થએલી અને થવાની વસ્તુ અર્થકારી નથી. એ કારણ માટે કયો મૂર્ખ પુરૂષ, ક્ષણિક સુખની આશા કરે ? જો સર્વ વસ્તુનું હરણ કરનારા એવા બલીષ્ટ કાલથી ભય ન હોય તો કયો પુરૂષ દેહ કુટુંબ અને સ્ત્રીયાદિ સુંદર ભાવોને ન માને ? તે તે સ્થાનને વિષે અમારૂં મ્હોટું સ્થાન છે કે જ્યાં સર્વ વસ્તુનું હરણ કરવાવા કુશલ એવા કાલનું કિંચિત્માત્ર વિલસિત નથી. " આ પ્રકારની મહા જંખના જંખવાથી તે રાજાને પૂર્વભાવના સંસ્કારથી ઉત્પન્ન થએલો બોધ થયો જેથી તેના અંતરનું સર્વ અજ્ઞાનરૂપ અંધકાર નાશ પામ્યું. તુરત શાસનદેવીએ આપેલા વેષને અંગીકાર કરી અને તૃણની પેઠે રાજ્યને ત્યજી દઇ તે કરકંડુ સાધુ પ્રત્યેકબુદ્ધપણાને પામ્યા. જેને માટે કહ્યું છે કે--ઉજ્વળ, શ્રેષ્ટ જાતિવાળા અને સારી રચના વાલાં શિંગડાં છે જેને એવા સાંઢને ગોષ્ઠના આંગણામાં વૃદ્ધાવસ્થાથી વ્યાપ્ત થએલો જોઇ બોધથી ઋદ્ધિનો અને અઋદ્ધિનો વિચાર કરતા એવા કલિંગ દેશનો મહારાજા ધર્મ પામ્યો.

॥ इति करकंडु चरित्रं समाप्तम्.

---

## પ્રત્યેક બુદ્ધ શ્રીજયવર્મ (દ્વિમુખ) નું ચરિત્ર.

પંચાલ દેશના આભૂષણ રૂપ અને ઇંદ્રપુરી સમાન કાંપીલ્યપુરમાં ગાઢ સુખવાલો અને શુભ કાર્ય કરનાર જયવર્મા નામે રાજા રાજ્ય કરતો હતો. જેણીના સ્વરૂપની આગલ રંભા પણ નિસ્તેજ બની જતી હતી એવી રાજ્યલક્ષ્મીની પેઠે અદ્ભૂત ગુણવાલી તે રાજાને ગુણમાલા નામે સ્ત્રી હતી.

એકદા શુભ મનોરથવાલા અને સર્વોત્કૃષ્ટ એવા તે રાજાએ શિલ્પશાસ્ત્રના જાણ એવા ઉત્તમ કારીગરોને કહ્યું કે " તમે એક અદ્ભૂત સભામંડપ કરી આપો, " પછી વાસ્તુશાસ્ત્રના જાણ પુરૂષોએ પૃથ્વીપૂજા પૂર્વક ભૂમિની પરીક્ષા કરીને સર્વ વિઘ્નહારી એવા શુભ મુહૂર્ત્તને વિષે હર્ષથી ખાતમુહૂર્ત્ત કર્યું. અનુક્રમે પૃથ્વીને ખોદતા એવા તે લોકોએ પાંચમે દિવસ દિવ્યમણિના સ્થાનરૂપ અને સૂર્યની પેઠે જ્વાજલ્યમાન એવો એક અદ્ભૂત મુકુટ દીઠો, તુરત તેઓએ સભામાં આવીને રાજાને જાણ કર્યું એટલે ભૂપતિએ શીઘ્ર ત્યાં જઇને ખોદેલી પૃથ્વીમાંથી અદ્ભૂત એવા તે મુકુટને ગ્રહણ કર્યો. ત્યારબાદ તેણે જયજય શબ્દ તથા વાજીંત્રોના નાદ પૂર્વક મહાસંતોષથી તે મુકુટને પોતાના કોશમાં મૂકયો. રાજાએ વસ્ત્રાદિકથી સત્કાર કરેલા શિલ્પી લોકોએ સ્વર્ગના વિમાન સમાન અદ્ભૂત સભામંડપ ઝટ તૈયાર કરી આપ્યો. જાણે સ્વર્ગની

પર્ષદા હોયની ? એમ ચિત્રકારોએ પણ વિવિધ પ્રકારનાં ચિત્રોએ કરીને તે સભા ત્રણ જગત્‌ને આશ્ચર્યકારી બનાવી. પછી ધન્ય પુરૂષોમાં ઉત્તમ એવો તે રાજા, શુભ મૂહૂર્ત્તને વિષે મસ્તક ઉપર મુકુટ ધારણ કરી સિંહાસન ઉપર બેઠો. તે નિર્મલ મુકુટ મસ્તકને વિષે ધારણ કર્યો તેથી જયવર્મા રાજાનું મુખકમલ બેવડુ દેખાવા લાગ્યું. આ કાંઇ આશ્ચર્ય નહોતું. પછી ઈંદ્રના સરખો પરાક્રમી તે જયવર્મા નામનો રાજા લોકમાં દ્વિમુખ એવા નામથી પ્રસિદ્ધ થયો.

હવે જયવર્મ ભૂપતિના મુકુટની વાત સાંભળીને મહા ક્રોધાતુર થએલા ચંડપ્રદ્યોતન ભૂપાળે અવંતીથી એક દૂત દ્વિમુખ ભૂપતિ પાસે મોકલ્યો. દૂત પણ દ્વિમુખ પાસે આવીને ચંડપ્રદ્યોતન ભૂપતિની આજ્ઞા કહેવા લાગ્યો કે "જો તમારે જીવિતનું કાર્ય હોય તો તમને પૃથ્વીમાંથી જડેલો મુકુટ ચંડપ્રદ્યોતન મહારાજાને સોંપો." દ્વિમુખ ભૂપતિએ કહ્યું. "હે ચર ! ખરેખર ત્હારો રાજા મહામૂર્ખ દેખાય છે. જે દુષ્પ્રાપ્ય એવા મહા મુકુટનો અભિલાષ કરે છે. જા ત્હારા રાજાને કહે કે તે પોતાની શિવા રાણી, અનલગિરિ હસ્તિ, અગ્નિભીરૂ રથ અને લોહજંઘ દૂત એટલી વસ્તુઓ ઝટ મને સોંપે." આ પ્રમાણે કહીને પછી દ્વિમુખ રાજાએ પોતાના સેવકો પાસે તે મહાદૂતને ગલે પકડાવી નગરની બહાર કાઢી મૂકયો. દૂતે અવંતિ નગરીએ જઇ સર્વ વાત ચંડપ્રદ્યોતનને કહી. ચંડપ્રદ્યોતને પણ મહાક્રોધથી પ્રયાણનો પટહ વગડાવ્યો. ગણત્રી ન કરી શકાય તેટલા અશ્વ, ગજ, રથ અને પાયદલવાલા મહાસૈન્યથી ચંડપ્રદ્યોતન રાજા પ્રયાણ કરે છે તે વખતે કયા કયા બલવંત રાજાઓ પણ કંપાયમાન નથી થયા ? સ્થાનકે સ્થાનકે પોતાના તાબામાં કરેલા અનેક ભૂપતિઓથી વધતા સૈન્યવાળા અવંતિ નગરીના મહારાજા ચંડપ્રદ્યોતને પંચાલ દેશના સિમાડા ઉપર પડાવ કર્યો. પોતાના સાત પુત્રો સહિત અસંખ્ય સેનાથી વિંટાએલો, અનેક શત્રુઓના સમૂહને કંપાવનારો અને બમણા ઉત્સાહવાલો દ્વિમુખ ભૂપતિ પણ પોતાના નિશાનોના ઘોર શબ્દથી શત્રુની સેના રૂપ સ્ત્રીઓના ગર્વ રૂપ ગર્ભને તોડી પાડતો છતો પોતાના સીમાડે આવ્યો. અનુક્રમે બન્ને રાજાઓને યુદ્ધ ચાલ્યું. તેમાં મુકુટના પ્રભાવથી દ્વિમુખ રાજાનું પરાક્રમ શત્રુના સમૂહને દુઃસહ દેખાયું. દ્વિમુખે શત્રુનું સૈન્ય જીતી લીધું તેથી અવંતિ નાથ પોતે યુદ્ધ કરવા આવ્યો પરંતુ તેને તો શસ્ત્ર તથા રથ સહિત હરી નાખ્યો, ઝટ દ્વિમુખે અવંતિપતિને બાંધીને પોતાના નગરમાં આણ્યો. જેનું સર્વ સૈન્ય હારી ગયું છે એવા ચંડપ્રદ્યોતન રાજાને દ્વિમુખ ભૂપતિએ લઘુ બનાવી દીધો એ કાંઈ કૌતુક નહોતું.

એકદા કારાગ્રહની આગલ ફરતી એવી લક્ષ્મીના સમાન કોઇ ધન્ય સ્ત્રીને જોઇ ચંડપ્રદ્યોતને પહેરેદારને પૂછયું કે "આ રાજાને કેટલા પુત્ર છે અને આ પુત્રી કોની છે ?" આ પ્રમાણે પૂછતા એવા અવંતિનાથને પહેરેદારે કહ્યું. "હે દેવ ! આ રાજાને ગુણમાલા નામે સ્ત્રી છે અને તેણીના ઉદરથી જાણે દિશાઓના અધિપતિઓજ હોયની !

એવા સાત પુત્રો થયા છે. પછી "મને એક કન્યા થાઓ" એવો મનોરથ ધારણ કરતી એવી વનમાલાએ પોતે મદન નામના યક્ષની આરાધના કરી. પછી રાણી વનમાલાએ કલ્પવૃક્ષની કલીના સુસ્વપ્ન સૂચિત એક સૌભાગ્યથી મનોહર એવી પુત્રીને જન્મ આપ્યો. ત્યારપછી તેણીએ યક્ષને ઇષ્ટવસ્તુ આપીને સંતોષ પમાડી મહોત્સવ પૂર્વક પુત્રીનું મદનમંજરી નામ પાડયું. જેણીએ બાલ્યાવસ્થામાં જ પૂર્ણ વિદ્યાભ્યાસ કર્યો છે એવી આ રાજપુત્રી હમણાં યૌવનાવસ્થામાં કલાના સમૂહથી તેમજ રૂપ સંપત્તિએ કરીને સાક્ષાત્ લક્ષ્મીની પેઠે શોભે છે." પેહેરેદારના મુખથી આવી વાત સાંભળીને તથા તેણીનું રૂપ જોઇને કામાર્ત્ત થએલો ચંડપ્રદ્યોતન રાજા મનમાં વિચાર કરવા લાગ્યો. "અહો ! જ્યાં સુધી આ સ્રી મલી નથી ત્યાં સુધી લક્ષ્મીએ પણ શું? આ શ્રેષ્ઠ રૂપવાળીની પ્રાપ્તિ થાય તો જ સારૂં, કારણ તેજ વિના મ્હોટાં નેત્ર પણ કસા કામના નથી. જો અહિં આ સ્ત્રીની પ્રાપ્તિ થાય તો રાજ્યના ભ્રંશને પણ હું શ્રેયકારી માનું છું. તેમજ તેણીના વિના સુખદાયી પણ રાજ્યની પ્રાપ્તિ ખરેખર દુઃખ રૂપ છે." આ પ્રમાણે વિચાર કરતા એવા ચંડપ્રદ્યોતનને જાણી દ્વિમુખ ભૂપતિએ તુરત પહેરદારથી તેને પોતાની પાસે સભામાં બોલાવ્યો. ચંડપ્રદ્યોતન સભામાં આવ્યો એટલે દ્વિમુખે તેના સામા જઇને પોતાના અર્ધસિંહાસન ઉપર બેસાર્યો. ચંડપ્રદ્યોતન પણ હાથ જોડીને કહેવા લાગ્યો. "મ્હારા પ્રાણ તમારે વશ છે, સર્વ સંપત્તિ પણ તમારી સ્વાધિનમાં રહેલી છે તમે મ્હારા પ્રાણના અને સંપત્તિના પ્રભુ છો. વધારે શું કહું. પરંતુ તમારે સ્વાધિન છે પ્રાણ અને સંપત્તિ જેની એવો હું તમારો સેવક છું. મ્હારે રાજ્યસંપત્તિનો ખપ નથી તેમ નથી ખપ સર્વ સેનાનો." ચંડપ્રદ્યોતનનાં આવાં વચન સાંભલીને તેના ભાવને જાણનારા દ્વિમુખે તે સર્વોત્કૃષ્ટ રાજાને પોતાની પુત્રી મદનમંજરી આપી. જોશીએ આપેલાં સારા મુહૂર્તમાં અવંતિનાથની સાથે પુત્રીનાં લગ્ન કરીને તેને તુરત તેની નગરી તરફ વિદાય કર્યો. તે દિવસથી આરંભીને દ્વિમુખ રાજાનો જમાઈ ચંડપ્રદ્યોતન, ઉત્તમ કીર્તિથી ઉજ્વલ હાલતા ચાલતા વિજયધ્વજ રૂપ થયો.

હવે કોઇ એક દિવસે દ્વિમુખ રાજાના પુરમાં નગર જનોએ મહા ઉત્સવથી અદ્ભુત એવો ઇંદ્રધ્વજ બનાવીને પુરીના કલ્યાણ માટે પૂજા કરી. લોક જેમ ભક્તિથી રાજાને અને દેવતાને પૂજે તેમ દ્વિમુખ ભૂપતિએ પણ તે ધ્વજને પૂજ્યો. મહોત્સવ પૂર્ણ થયા પછી કોઇ દિવસ પડી ગએલા અને આમતેમ અથડાવાથી ફાટી ગએલા તે ઇંદ્રધ્વજને જોઇ દ્વિમુખ ભૂપાલ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે "અહો ! જનોએ જેનું મણિ મુક્તાફલ અને પુષ્પમાલાદિ સુગંધિ પદાર્થોવડે ભાવથી પૂજન કર્યું હતું તે ઇંદ્રધ્વજ આજે વિનાશ પામ્યો. લોકમાં સ્વાર્થથી મ્હોટે આદર અને અસ્વાર્થથી અનાદર થાય છે. જેનો સ્વાર્થ નથી તેનો આદર પણ નથી. ભોગવવા યોગ્ય એવાં લક્ષ્મી, સ્ત્રી અને શરીરાદિ સર્વ પદાર્થો વૃથા છે માટે જ તત્ત્વના જાણ પુરૂષો તેને તત્ત્વથી સ્વાર્થ માનતા નથી. ફક્ત જડ પુરૂષો નિરંતર સ્વાર્થમાં વ્યગ્ર બને છે.

સ્વાર્થના નાશથી મૂઢ બનતા એવા જડ પુરૂષો, સ્વાર્થ પ્રત્યે તાત્વિક ઔદાસીનપણું નથી જાણતા. ઉદાસીપણું એજ ઉત્કૃષ્ટ તપ અને શુદ્ધ ધર્મ છે એજ હેતુથી વિદ્વાન પુરૂષો ઉદાસીપણામાં પ્રત્યક્ષ મુકિત જાણે છે.

તેજ કારણ માટે રાગદ્વેષ રૂપ સ્વાર્થને ત્યજી દઈ ઉદાસીપણાનો આશ્રય કરો. જે રાગદ્વેષ સ્વાર્થના આભાસ રૂપ દેખાય છે. તેને ત્યજી દઇ ખરો સ્વાર્થ તો સામાયિક કહ્યું છે.” આ પ્રમાણે સુવિચારથી ઉત્પન્ન થએલા અખંડિત વૈરાગ્યથી રંગીત થએલા મનવાલો દ્વિમુખ રાજા, પૂર્વભવના સંસ્કારથી પ્રાપ્ત થએલા શુદ્ધ બોધને પામ્યો. શાસનદેવતાએ આપ્યો છે યતિવેષ જેને એવો તે દ્વિમુખ રાજર્ષિ તૃણની પેઠે રાજ્ય ત્યજી દઇ પ્રત્યેકબુદ્ધપણું પામ્યો. જેને માટે કહ્યું છે કે, નાગરિક લોકોએ પૂજન કરેલા અને પછીથી પડી ગએલા ઇંદ્રધ્વજને જોઈ સમૃદ્ધિ અને અસમૃદ્ધિનો વિચાર કરતા એવા દ્વિમુખ રાજાએ પ્રતિબોધ પામીને જિનધર્મ આદર્યો.

इति द्विमुख संबंध.

---

## ॥ श्री नमि चरित्रम् ॥

માલવદેશના આભૂષણ રૂપ સુદર્શન નામના પ્રસિદ્ધપુરમાં પોતાના ગુણોથી મનુષ્યોને આનંદકારી એવો મણિરથ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને યુગબાહુ નામે અતિ વિનયવંત યુવરાજ બંધુ હતો. એ યુગબાહુને સુશીલ અને સદાચારવાળી મદનરેખા નામે સ્ત્રી હતી. બાલ્યાવસ્થાથીજ સમક્તિવ્રત અને નિર્મળ એવા અરિહંત ધર્મને ઉત્કૃષ્ટપણે અંગીકાર કરીને તે મદનરેખાએ મનુષ્યભવના સંસારરૂપ કલ્પવૃક્ષનું ઉત્તમ ફલ મેળવ્યું હતું. તેણીને ગુણોથી પૂર્ણ અને ચંદ્ર સમાન નિર્મલ યશવાલો ચંદ્રયશા નામે પુત્ર હતો. અનુક્રમે દશવર્ષના થએલા એ રાજપુત્રને નિરંતર રાજલક્ષ્મી કટાક્ષવડે જોતી હતી.

એકદા મણિરથ રાજા, પોતાના બંધુની પવિત્ર મદનરેખા સ્ત્રીને જોઇ કામપિશાચથી ગ્રસિત થયો. કામથી વ્યાપ્ત થએલા મનુષ્યો, નથી ગણતા લજ્જાને કે નથી ગણતા નિર્મલ કુલમર્યાદાને, વલી નથી ગણતા અપવાદને કે નથી ગણતા અધર્મને. મણિરથ રાજા વિચાર કરવા લાગ્યો કે “ મદનરેખા શી રીતે મ્હારે વશ થાય ? પ્રથમ હું તેણીને સાધારણ કાર્યથી વિશ્વાસ પમાડું અને પછી અવસર મળે કામની વાત કરીશ. નિર્મલ બુદ્ધિવડે દુષ્કર કાર્ય શું સિદ્ધ નથી થતું ? ” આમ વિચાર કરીને મણિરથ રાજા, તેણીને તાંબુલ, પુષ્પ, વસ્ત્ર, અલંકાર અને વિલેપનાદિ સર્વ વસ્તુઓ ભેટ તરીકે મોકલવા લાગ્યો. મદનરેખા પણ તે વસ્તુઓને નિર્વિકારપણેજ અંગીકાર કરવા લાગી, તે એમ ધારીને કે “ પોતાના ન્હાના ભાઇના ઉપર સ્નેહને લીધે જેઠ આ પ્રસાદ મને મોકલે છે માટે મ્હારે તેમનો મોકલેલો પ્રસાદ અંગી-

કાર કરવો જોઇએ. ” આમ ધારીને તે, જેઠે મોકલેલા પ્રસાદને સ્વીકારતી. કોઇ એક દિવસે મણિરથ રાજા પોતે એકાંતમાં ત્યાં આવીને મદનરેખાને કહેવા લાગ્યો કે “ તું મને પોતાનો સ્વામી બનાવીને મ્હારી પટ્ટરાણીપદ ભોગવ. ” ખરેખર પોતાના કુલાચારથી ભ્રષ્ટ અંતઃકરણવાલા તે રાજાને જાણી તેના કામ વિષનો નાશ કરવા માટે મદનરેખા અમૃત સમાન વચન કહેવા લાગી.

હે રાજન્ ! તમે કલંકરહિત કુલમાં ઉત્પન્ન થએલા પાંચમા લોકપાલ છો. તો આવાં મિથ્યા વચન બોલતાં કેમ લજ્જા નથી પામતા ? હે વિભો ! શસ્ત્ર, અગ્નિ, વિષમ વિષ ઇત્યાદિકથી મૃત્યુ પામવું એ શ્રેષ્ઠ છે પરંતુ પોતાના કુલાચારરહિત જીવિત સારૂં નથી. જેઓએ ઇંદ્રિય ઉપર વિજય મેળવ્યો નથી એવા રાજાઓએ દિગ્યાત્રાથી કરેલો વિજયવિસ્તાર વ્યર્થ છે. ખરૂં તો એજ છે કે જેણે ઇંદ્રિયનો નિગ્રહ કર્યો તેણે વિશ્વ જીત્યું છે. જે પુરૂષ ઇંદ્રિયોને સ્વાધિન કર્યા વિના બીજાઓથી જય મેળવવાની ઇચ્છા કરે છે તે નિશ્ચે પોતાના બળતા ઘરને ત્યજી દઈ પર્વતને સિંચન કરવા જેવું કરે છે. જે મૂર્ખ પુરૂષો પતંગીયાની પેઠે સુખના આભાસને વિષે લુબ્ધ બને છે, હા ! તેઓ સંપાદન કરેલા પોતાના સર્વ યશને નાશ કરે છે. પ્રાણીઓ, ચોરી, હિંસા, જુઠું અને પરસ્ત્રીસંગના પાપસમૂહથી તેમજ પોતાના બીજા ચેષ્ટિતથી ઘોર એવા નરકપ્રત્યે જાય છે. હે રાજન્ ! તમે પોતાની સંપત્તિનો નાશ કરવા માટે આ વજ્રપાત આરંભ્યો છે માટે નરકમાર્ગમાં ભાથારૂપ એ કુકૃત્યને ત્યજી દ્યો. પ્રાણીઓના મૃત્યુસમાન અને કુલને કલંકિત કરવા માટે મશીના કુચડા સમાન એવો તું કીર્તિરૂપી વેલડીના કંદનો નાશ કરવા કેમ તૈયાર થયો છે ? અહંકાર સહિત કુશીલવંત પુરૂષોની, અવિચાર્યું કાર્ય કરનારાની અને મંદમતિની આયુષ્ય સહિત લક્ષ્મી નાશ પામે છે. ” મદનરેખાએ આ પ્રમાણે બહુ પ્રતિબોધ કર્યો છતાં પોતાના કદાગ્રહને નહિ ત્યજી દેનારો તે ભૂપતિ લજ્જા પામીને તેણીનું સ્મરણ કરતો છતો પોતાના ઘર પ્રત્યે ગયો. ત્યાં પણ તે ક્ષુદ્રમતિવાળો એમજ વિચારવા લાગ્યો કે “ વિશ્વાસ પામેલા એ ન્હાના બંધુને હણી નાખ્યા વિના તે મદનરેખા મ્હારે વશ થશે નહીં. ”

એકદા મદનરેખાએ સ્વપ્નામાં શરદ્ઋતુનો પૂર્ણ ચંદ્રમા દીઠો. તુરત જાગીને તેણીએ તે વાત પોતાના પતિ યુગબાહુને કહી. યુગબાહુએ પણ “ તને પૃથ્વીના ઇંદ્રરૂપ મહા પરાક્રમી પુત્ર થશે. ” એમ કહીને તેણીનો જિનેશ્વર અને મુનિઓની કથા તથા પૂજારૂપ દોહદ પૂર્ણ કર્યો. કોઇ એક દિવસ યુગબાહુ પ્રિયા મદનરેખા સહિત દિવસે ક્રીડા કરવા માટે ઉદ્યાન પ્રત્યે ગયો. જેણે થોડો પરિવાર સંગાથે રાખ્યો હતો એવો તે યુગબાહુ થાકી ગએલો હોવાથી રાત્રીને વિષે પ્રિયા સહિત કદલીગૃહમાં રહ્યો. આ વખતે અવસર મલ્યો જાણી અધમ બંધુ મણિરથ રાજા ત્યાં આવ્યો. અને “ યુવરાજ ! તું આજે અહિં કેમ સુતો છે ? ” એમ કહેતો છતો કદલી ગૃહ

પ્રત્યે દાખલ થયો. પછી તુરત જાગી ગએલા તે ન્હાના બંધુએ તેને નમન કર્યું એટલામાં અધમ અને નિર્દય ચિત્તવાળા મણિરથે તેને ખડ્ગપ્રહાર કર્યો. ધિક્કાર છે તેના નિર્દયપણાને, "મ્હારૂં ખડ્ગ પ્રમાદથી પડી ગયું" એમ કહીને પહેરેદાર પુરૂષોએ છોડી દીધેલો તે તુરત નગરમાં જતો રહ્યો. આ વાત ચંદ્રયશા કુમારે સાંભળી, તેથી તે પોતે વૈદ્ય અને પોતાના ઇષ્ટ અમાત્યોની સાથે ત્યાં આવ્યો. મર્મના જાણ એવા વૈદ્યોએ અંદર પ્રસરાઇ ગએલા રૂધિરવાલા અને વિધુર એવા યુગબાહુના શરીરને જોઇ ઉપાય કરવા ત્યજી દીધા. જેને માટે વૈદ્યકશાસ્ત્રમાં કહ્યું છે કે: દ્રષ્ટિ સ્થિર થઈ ગઇ હોય, ઘુરઘુર શબ્દથી શ્વાસ ચાલતો હોય અને હોઠ પહોળા તથા શિથિલ બની ગયા હોય તો અરિષ્ટ ઉત્પન્ન થયું છે એમ જાણવું.

પછી સતી મદનરેખાએ પોતાના પતિની અંત અવસ્થા જાણી તેને પરભવમાં ભાથાને માટે વિધિથી આરાધના કરાવી અને કહ્યું કે "હે પ્રાણનાથ ! મ્હારી વિનંતિ સાંભળો. તમે ધન અને સ્ત્રી વિગેરેમાં મોહ ત્યજી દઇ જૈન ધર્મ અંગીકાર કરો. સાવધાન થઇ પોતાના હિતને ભજો, જેણે કરીને સંસારમાં સારૂં કુટુંબ, નિરોગી દેહ અને ઉત્તમ ગૃહાદિ પ્રાપ્ત થાય છે. તે શ્રી જિનેશ્વર પ્રણિત ધર્મ સુકૃતથીજ પમાય છે. હે નાથ ! આલોચના, વ્રત, ગર્હા, પુણ્યની અનુમોદના, જીવક્ષમા, પાપસ્થાનનો ત્યાગ, અનશન, શુભ ભાવ, ચતુ:શરણની પ્રાપ્તિ અને પરમેષ્ઠિમંત્રનું સ્મરણ આવી મોક્ષ સુખકારી દશ પ્રકારની આરાધના તમને થાઓ. જિનેશ્વરોનું ધ્યાન ધરી, ગુરૂના ચરણને નમસ્કાર કરી અને રત્નત્રય રૂપ સમકિતનો મનથી આશ્રય કરો કે જેથી તમારો કલ્યાણકારી માર્ગ હોય, જીવનો વધ, જુઠું, પરધન અને સ્ત્રીનો સંગ ત્યજી દઇ તમે પોતાના પાપનો ક્ષય કરવા માટે ભાવથી અણુવ્રતને સેવો. પોતાના ચિત્તમાં ઉત્તમ એવા ચાર ગુણવ્રતોને ધારણ કરો. વળી આ લોકમાં તમે જે કાંઇ કાર્ય કર્યું હોય તે સર્વ દુષ્કૃત મિથ્યા થાઓ. હે નૃપ ! મન વચન અને કાયા વડે આલોચના લઇ શ્રી જિનેશ્વરના ચરણની સાક્ષીવડે સર્વ મિથ્યા દુષ્કૃત કરવાથી તમને પ્રતિક્રમણ હો. આ લોકમાં અને પરલોકમાં કરેલા પોતાના દુષ્કૃતને નિંદવાપૂર્વક બીજાઓના પુણ્યકાર્યની અનુમોદના કરો. વળી આ ભવમાં અને પરભવમાં તમે મન, વચન અને કાયાથી જે પુણ્ય કર્યું હોય તેની વારંવાર અનુમોદના કરો. જે જીવોને ઘણા દુ:ખમાં નાખ્યા હોય તેની ક્ષમા માગો અને કોઇએ કરેલા તમારા પોતાના અપરાધની પીડા ત્યજી દ્યો. કર્મથી ઉત્પન્ન થએલા સુખ દુ:ખનું કોઈ કારણ નથી તેમજ જીવોનો તત્ત્વથી કોઇપણ મિત્ર કે શત્રુ નથી. પ્રાણીઓ સાથે કરેલું વૈર દુર્ગતિને અર્થે અને મૈત્રી, મોક્ષ તથા સુખને અર્થે થાય છે. માટે તમે પ્રાણીઓની સાથે વૈર ત્યજી દઈ તત્ત્વનું ચિંતવન કરતા છતા મૈત્રી ધારણ કરો. માણસોના જે કાર્યથી છકાય જીવોનો આરંભ થાય છે તેવા કાર્યને ત્યજી દઇ આ ઉત્તર કાલમાં હિતનું ચિંતવન કરો. પ્રાણીઓનો વધ,

જુઠું, ચોરી, મૈથુન, ધનનો મોહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષ એ સર્વને તજી ઘો. માયામૃષાવાદ, કલહ, અભ્યાખ્યાન, ચાડી, પરપરિવાદ અને મિથ્યાત્વશલ્ય એ સર્વ પાપના સ્થાનોને ઝટ મૂકી ઘો. પાપરહિત અંતરના અને બાહ્યના સર્વ યોગને તેમજ ઉપાધિને ત્યજી ઘો. એટલુંજ નહીં પણ છેલ્લા શ્વાસના પહેલા આ શરીરને પણ ત્યજી ઘો, ભાવથી શુદ્ધ મનવાળા તમે સંસારને નાશ કરવા માટે બાર પ્રકારની ભાવનાને ભાવો, કારણ કે હિતસ્વી મનુષ્યો ધર્મ વિના બીજે સ્થાનકે ક્યારે પણ પોતાનું મન પ્રેરતા નથી. જિનેશ્વર, સિદ્ધ સાધુ અને જિનરાજ પ્રણિત ધર્મ એ સર્વના શરણને અંગીકાર કરો. કારણ કે તેમના વિના બીજા કોઇ રક્ષણ કરવાને સમર્થ નથી. ભાવથી મનમાં પરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરો. કારણ એ મંત્રરાજ, મોક્ષ લક્ષ્મીને વશ કરવામાં પૂર્ણ સત્તાવાળો છે. જેના પ્રાણ પરમેષ્ઠિમંત્રનું સ્મરણ કરતા છતા જાય છે તે મૃત્યુ પામ્યા છતાં જીવતા જેવો છે. હે વીર ! મનથી અંતરના યોધાને જીતી ધીરપણું ધારણ કરો.” મદનરેખાએ જે જે વચન કહ્યાં તે તે સર્વ શાંતમનવાલા યુગબાહુએ હાથ જોડીને અંગીકાર કર્યાં. પછી યુગબાહુ દેવલોક પ્રત્યે ગયો એટલે શોકથી પુત્ર તથા બીજા લોકો આક્રંદ કરવા લાગ્યે છતે મદનરેખા વિચાર કરવા લાગી. “ હમણાં સ્વતંત્ર થએલો જેઠ મણિરથ મ્હારા શીલને ખંડિત કરશે અથવા તો તે પાપી આ મ્હારા કુમારને વિષે પાપ આચરશે. માટે હમણાં શરણરહિત એવી મ્હારે નાશી જવું તે શ્રેયકારી છે. કારણ મ્હારૂં મૃત્યુ થાય તે સારૂ પરંતુ શીલખંડન થાય તે સારૂં નહિ.” આ પ્રમાણે વિચાર કરીને પછી રાત્રીને વિષે તે મહાસતી, જેમ વાઘને દેખીને ગાય નાસી જાય તેમ કોઇ વિષમ માર્ગથી વનમાં નાસી ગઈ. આ પ્રખતે જાણે મદનરેખાની આપત્તિ રૂપ ગાઢ અંધકારને જોઈ લજ્જા પામેલી હોયને શું ? તેમ રાત્રી નિવૃત્ત થઇ. અરણ્યમાં ભ્રમતી એવી મદનરેખા, સાંજે કોઇ એક તલાવ પાસે આવી પહોંચી. ત્યાં તેણીએ ફલનો આહાર કરી, શીતલ જલપાન કરી અને કોઇ લતાગ્રહમાં વિશ્રામ કર્યો. શુભ આશયવાલી તે મહાસતીએ સાગારી આહારનું પચ્ચખાણ કરી નમસ્કારમંત્રનું સ્મરણ કરતાં છતાં શયન કર્યું, શીલવ્રત ધારણ કરનારી એ મહાસતીને પોતાના શીલપ્રભાવથી વ્યાઘ્રાદિહિંસક જીવોનો ભય થયો નહીં. પછી એ રાત્રીને સમયે વેદનાથી પીડા પામેલી તે મદનરેખાએ અદ્ભુત લક્ષણવાળા એક પુત્રને જન્મ આપ્યો. જેથી તે મહાવનમાં સહસા પ્રકાશ થયો. પછી સવારે, યુગબાહુ પિતાના નામવાલી મુદ્રા યુક્ત રત્ન કંબલથી પુત્રને વિંટાલી એક વૃક્ષની છાયામાં મૂકી મદનરેખા પોતે અંગ ધોવા માટે તલાવે ગઇ. ત્યાં તેણીને જલહસ્તિએ સુંઢવડે પકડીને તુરત આકાશમાં ફેંકી દીધી. ધિક્કાર છે ધિક્કાર છે પૂર્વભવના સંપાદન કરેલા કુકર્મને પછી આકાશથી પડતી એવી રંભા સમાન તે મહાસતી મદનરેખાને કોઈ યુવાન વિદ્યાધરે લક્ષ્મીની પેઠે ઝીલી લીધી. અનુક્રમે વૈતાઢ્ય પર્વત ઉપર પહોંચાડેલી અને પોતાના

પાપ કર્મથી ઉત્પન્ન થએલા ફલનું ધ્યાન કરતી મદનરેખાએ વિદ્યાધરને કહ્યું કે "હે બંધો ! તું સાવધાન થઈને મ્હારૂં કહેવું સાંભળ. "નિશ્ચે આ રાત્રીને વિષે મેં વનમાં એક પુત્રને જન્મ આપ્યો છે. હું વસ્ત્ર ધોવા ગઇ એટલામાં જલહસ્તિએ મને આકાશમાં ઉછાલી. નીચે પડતી એવી મને તેં ઝીલી લીધી છે. તું મ્હારા પુત્રને ઝટ અહિં લાવી આપ અથવા મને ત્યાં પહોંચાડ. નહિ તો તે ભાગ્યશાલી બાલકને કોઇ લઇ જશે. અહો ! મ્હારી આપત્તિ રૂપ ઘરનું બારણું વિધિએ જ ઉઘાડયું છે. નહિં તો પતિનો વધ, જેઠના ભયથી વનમાં નાશી આવવું, ત્યાં પુત્રનો જન્મ અને ત્હારાથી પકડાવું એ સર્વ કયાંથી બને ? તું મ્હારા વિનીત પુત્રની સાથે મ્હારો ઝટ મેલાપ કરાવ, વલી પ્રસન્ન થઈને પુત્રભિક્ષાના દાનથી મ્હારા ઉપર દયા કર." તે યુવાન વિદ્યાધર પણ રાગસહિત તેણીના સામે નેત્ર ફેંકતો છતો કહેવા લાગ્યો. "ગંધાર દેશમાં રત્નાવહ નામે નગર છે. ત્યાં વિદ્યાધરોનો અગ્રણી મણિચૂડ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને કમલવતી નામે સ્ત્રી હતી. તેઓનો મણિચૂડ રાજા, મને વૈતાઢય પર્વતની બન્ને શ્રેણિનું રાજ્ય આપી પોતે દીક્ષા લઇ ચારણમુનિ થયા. હમણાં ચતુર્જ્ઞાનિ થએલા તે મહામુનિ જિનેશ્વરોને નમન કરવા માટે આઠમા દ્વીપ પ્રત્યે ગયા છે. હું પણ તે વખતે તેમને નમન કરવા માટે ત્યાં જતો હતો. પણ અર્ધા માર્ગે જતા મને ત્હારી પ્રાપ્તિ થઈ તેથી હું પાછો વળ્યો છું. હવે હું તને પ્રાર્થના કરીને કહું છું કે નિશ્ચે તું હમણાં મ્હારી પ્રાણપ્રિયા થા. મેં પ્રજ્ઞપ્તિ વિદ્યાના પ્રભાવથી ત્હારા પુત્રની વાત જાણી છે. મિથિલા નગરીનો રાજા, ત્હારા પુત્રને વનમાંથી પોતાની નગરી પ્રત્યે લઇ ગયો છે." મણિપ્રભનાં આવાં વચન સાંભળી મદનરેખા વિચાર કરવા લાગી. "જો કે આ સ્વતંત્ર અને કામાતુર થયો છે છતાં મ્હારે તેનાથી પણ શીલનું રક્ષણ કરવું જોઈએ. હમણાં કાલક્ષેપ કરવો યોગ્ય છે." એમ ધારીને તેણીએ સ્પષ્ટ વિદ્યાધરને કહ્યું. "તું પ્રથમ મને નંદીશ્વરની યાત્રા કરાવ. ત્યાં હું જિનેશ્વરોને વંદના કરીને કૃતકૃત્ય થયા પછી ત્હારા કહેવા પ્રમાણે કરીશ." તેણીનાં આવાં વચનથી બહુ હર્ષ પામેલો મણિપ્રભ, મદનરેખાને વિમાનમાં બેસારી આઠમા દ્વીપને વિષે તેડી ગયો, ત્યાં તેણીએ શાશ્વતા બાવન જીનાલયોને નમન કર્યું. અંજન પર્વત ઉપર ચાર, દધિમુખ પર્વત ઉપર સોળ અને રતિકર પર્વત ઉપર બત્રીશ એમ તે બાવન જિનમંદિરોમાં પ્રત્યેક સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને બહોતેર યોજન ઉંચા છે. તે શાશ્વતા ચૈત્યને વિષે શ્રી ઋષભ, વર્દ્ધમાન, ચંદ્રાનન અને વારિષેણ નામની એકસોને આઠ ઉત્તમ જિનપ્રતિમાઓ છે. તે જિનાલયોમાં શાશ્વતા અરિહંતપ્રતિબિંબોને વિધિપૂર્વક હર્ષથી પ્રણામ કરીને મદનરેખાએ પોતાના આત્માને અત્યંત કૃતાર્થ માન્યો. પછી ત્યાં મદનરેખા સતીસહિત ચાર જ્ઞાનના ધારણહાર મણિચૂડ ચારણમુનિને મણિપ્રભ વિદ્યાધરે હર્ષથી વંદના કરી. ઉપશમધારી મણિચૂડે પણ મદનરેખાને મહાસતી અને મણિપ્રભને લંપટ જાણીને પો-

તાની દેશનારૂપ અમૃતથી તે વિદ્યાધરાધિપતિને શાંતિ પમાડી. પછી મણિપ્રભ, મુનિની પાસે સ્વદારાસંતોષ નામનું વ્રત અંગીકાર કરી અને તેમને નમસ્કાર કરી મદનરેખાને કહ્યું કે "હવેથી તું મ્હારી માતા અથવા બ્હેન છે." હર્ષિત મનવાળી સતી મદનરેખા પણ પોતાના શીલખંડન રૂપ આપત્તિનો અંત આવ્યો જાણીને તે મહામુનિને પોતાના પુત્રના કુશલ સમાચાર પૂછયા. મુનિએ કહ્યું. "હે શુભે! શોક ત્યજી દઈ સ્થિર ચિત્તથી સાંભલ. આ જંબૂદ્વીપમાં પુષ્કલાવતી નામે વિજય છે. ત્યાં મણિતોરણ નગરમાં મહાબલવંત એવો અમિતયશ નામે રાજા રાજ્ય કરે છે. એ રાજાને પુષ્પવતી નામે સ્ત્રી છે. તેઓને ધર્મકાર્યમાં તત્પર, વિનયવંત અને દયાવંત એવા પુષ્પસિંહ અને રત્નસિંહ નામના બે પુત્રો થયા. ભૂપતિએ ચારણમુનિ પાસે દીક્ષા લીધે છતે બન્ને પુત્રો ચોરાસી લાખ પૂર્વ રાજ્ય ભોગવી અને સોલ લાખ પૂર્વ દીક્ષા પર્યાયપાલી અંતે મૃત્યુ પામીને અચ્યુત દેવલોકમાં સામાનિક દેવતાઓ થયા. ત્યાંથી ચવીને તેઓ ધાતકીખંડના ભરતક્ષેત્રમાં હરિષેણ સમુદ્રદત્તાના પુત્રપણે ઉત્પન્ન થયા. પેહેલો સાગરદેવ અને બીજો દત્ત, અનુક્રમે તેઓ ધર્મિ અને પરસ્પર પ્રીતિરૂપ અમૃતથી સિંચાયલા થયા. પછી અખંડિત એવા વૈરાગ્યથી વ્યાપ્તથએલા તે બન્ને જણાએ અગીયારમા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથસ્વામી પાસે દીક્ષા લીધી. ત્રીજે જ દિવસે વિજલી પડવાથી કાલધર્મ પામેલા તેઓ, પહેલા દેવલોકમાં મહાસમૃદ્ધિવંત એવા દેવતાથયા.

એકદા આ ભરતક્ષેત્રમાં તેઓએ શ્રીનેમિનાથ જિનેશ્વરને પૂછયું કે "અમારે હજુ સુધી સંસાર કેટલો બાકી છે?" પ્રભુએ કહ્યું."તમારા બન્નેમાંથી એક જણ મિથિલા નગરીના જયસેન ભૂપતિનો પહેલો પદ્મરથ નામે પુત્ર થશે અને બીજો સુદર્શનપુરના યુગબાહુ રાજાની સ્ત્રી મદનરેખાના પુત્ર પણે ઉત્પન્ન થશે. અનુક્રમે તમે બન્ને જણા પિતા પુત્રના સંબંધને પામી, રાજ્યપદ ભોગવી, પ્રતિબોધ પામી તેમજ કર્મમલનો નાશ કરી થોડા કાળમાં મોક્ષપદ પામશો." આ પ્રમાણે બન્ને દેવતાએ પોતાનું એકાવતારીપણું સાંભળીને પછી આયુષ્ય પૂર્ણ થયે તેમાંથી એક મિથિલાનગરીનો પદ્મરથ રાજા થયો. કોઈ દિવસ દુર્વિનીત અશ્વે વનમાં ખેંચી આણેલા તે રાજાએ વૃક્ષ નીચે ત્હારા પુત્રને દીઠો. પછી બહુ હર્ષ પામેલા મિથિલાધિપતિએ પુત્રને લઈ નગરીમાં આવીને પોતાની પ્રિયા પદ્મમાળાને સોંપ્યો અને મ્હોટો જન્મમહોચ્છવ કરાવ્યો."

ચાર જ્ઞાનના ધારણહાર મણિચૂડ ચારણમુનિ મદનરેખાને આ પ્રમાણે વાત કરે છે તેટલામાં આકાશથી પુષ્પવૃષ્ટિ થવા પૂર્વક સૂર્યમંડળ સમાન જ્વાજલ્યમાન એક વિમાન ત્યાં આવ્યું. કોઇ એક કાર્યનો જાણ અને દિવ્ય આભૂષણોને ધારણ કરનારો કોઇ એક દેવ, તે વિમાનમાંથી નીચે ઉતરી સતી મદનરેખાને પ્રણામ કરી અને પછી ચારણમુનિને પ્રણામ કરી તેમના આગળ બેઠો. દેવતાનું આવું વિલોમ કાર્ય જોઇ મણિપ્રભે તેનું કારણ પૂછયું એટલે દેવતાએ સ્પષ્ટ કહ્યું. "હું પૂર્વભવમાં મણિરથ રાજાનો ન્હાનો ભાઇ યુગબાહુ હતો. મને મ્હારા મ્હોટા બંધુએ વૈરથી માર્યો પરંતુ

આ સતીએ મને ઉપદેશથી શાંતિ પમાડી. એજ કારણથી મને અદ્ભૂત એવી દેવશ્રી ને દેહશ્રી પ્રાપ્ત થઈ છે. પૂર્વભવમાં આ સતી તે જિનધર્મને વિષે મ્હારો ગુરૂ થઈ છે. મનુષ્ય ધર્મદાન કરવાથી પિતાના અને ભર્તાના ઉપકારનો બદલો આપી દેવાથી મુક્ત થઈ શકે છે. પરંતુ સુધર્મ આપનારા સુગુરૂનો નિર્દ્રવ્ય પુરૂષો શી રીતે પ્રત્યુપકાર કરી શકે ? ઉત્કૃષ્ટ આગમ, દેવ અને ધર્મમય ગુરૂજ છે. જેણે ગુરૂનું અપમાન કર્યું તેણે ઉપર કહેલા ત્રણેનું અપમાન કર્યું સમજવું. હે વિદ્યાધર ! પ્રથમ ગુરૂના ચરણનું પૂજન કર્યા પછી દેવતાનું પૂજન કરવું. અન્યથા ગુરૂનું અપમાન થાય.” દેવતાએ આ પ્રમાણે વાણી વડે વિદ્યાધરને પ્રતિબોધ પમાડી અને પછી ફરીથી સ્નેહવડે હાથ જોડીને સતી મદનરેખાને કહ્યું. “હે સાધર્મિકે ! કહે, હમણાં હું ત્હારૂં શું પ્રિય કરૂં ?” મદનરેખાએ કહ્યું. “મને તો મુક્તિ જોઈએ છીએ પરંતુ દેવતાઓ તે આપવા શક્તિવંત નથી માટે તું મને પુત્રનું મુખ દેખાડવા માટે મિથિલાપુરી પ્રત્યે લઇ જા કે ત્યાં હું નિવૃત્ત થઈને પરલોકના હિતનું આચરણ કરૂં.” મદનરેખાએ આ પ્રમાણે કહ્યું એટલે હર્ષ પામેલો દેવતા, તેણીને શ્રીમલ્લિનાથ તીર્થંકરના કલ્યાણકે કરીને પવિત્ર મિથિલાનગરી પ્રત્યે લઇ ગયો. ત્યાં તે દેવતાસહિત મદનરેખા, જિનાલયમાં તીર્થપતિઓને નમસ્કાર કરી પવિત્ર એવી સાધ્વીઓના ઉપાશ્રયને વિષે જઈ વંદના કરવાપૂર્વક ધર્મ શ્રવણ કરવા બેઠી. સાધ્વીએ પણ તે મહા સતીને પ્રતિબોધ પમાડવા માટે કૃપાથી ઉપદેશ આપ્યો. “ધર્મ વિના સંસારનો ક્ષય ઇચ્છતા મૂઢમતિ જીવો મોહને વશ થઇ પુત્રાદિ જનોને વિષે અત્યંત સ્નેહ કરે છે. આ અખંડિત પ્રસરી રહેલા મ્હોટા સંસાર માર્ગમાં જીવો ભમતા છતા ઈષ્ટ વસ્તુને મેળવી શકતા નથી તોપણ તેની ઇચ્છા કર્યા કરે છે. જીવોને સંસારમાં માતા, પિતા, ભાઈ, બ્હેન, સ્ત્રી અને પુત્રાદિ કનો અનેકવાર સંબંધ થયો છે. લક્ષ્મી, કુટુંબ અને દેહાદિ સર્વ વિનશ્વર છે. શાશ્વત તો એક ધર્મજ છે. માટે સજ્જન પુરૂષોએ તેનેજ અંગીકાર કરવો.” સાધ્વીનો ઉપદેશ પૂર્ણ થયા પછી દેવતાએ તેજ વખતે મદનરેખાને પુત્ર પાસે જવાનું કહ્યું એટલે તેણીએ કહ્યું કે “હમણાં મ્હારે સંસારની વૃદ્ધિ કરનારા પુત્ર ઉપર પ્રેમપુરનું કંઈ પ્રયોજન નથી. પછી દેવતા, તેણીની રજા લઇને પોતાને સ્થાનકે ગયો એટલે મદનરેખા, દીક્ષા લઈ સુવ્રતા નામે પ્રસિદ્ધ સાધ્વી થઇ.

હવે અહિં પદ્મરથ રાજાના ઘરને વિષે દિવસે દિવસે તે બાલક જેમ જેમ વૃદ્ધિ પામવા લાગ્યો તેમ તેમ ભૂપતિને બીજા અનેક રાજાઓ નમન કરવા લાગ્યા. પુષ્પમાળા અને પદ્મરથે પુત્રનો આવો પ્રભાવ દેખી મહોત્સવપૂર્વક “નમિ” એવું યથાર્થ નામ પાડયું. જેમ દર્પણને વિષે પોતાની પ્રતિમા દેખાય છે. તેમ તે આશ્ચર્યકારી પુત્રને વિષે ગુરૂના પ્રયાસ વિના સર્વ કળાઓએ આશ્રય કર્યો. યૌવનાવસ્થાથી મનોહર સ્વરૂપવાળો એ રાજકુમાર છે. કલંકી ચંદ્ર અને તાપકારી સૂર્યની ઉપમા ન ઘટવાથી તે નિરૂપમજ હતો. માતાપિતાએ ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થએલી એક

હજાર ને આઠ રાજકન્યાઓનું એકજ લગ્નમાં તેને પ્રેમથી પાણીગ્રહણ કરાવ્યું. પછી પદ્મરથ રાજાએ નમિ પુત્રને રાજ્ય આપી પોતે દીક્ષા લીધી. અનુક્રમે કેવળજ્ઞાન પામીને તે મહામુનિ મહોદયપદ પામ્યા.

પછી મહા દુર્ધર શત્રુઓને પણ નમાવી દેનારો અને પ્રતાપથી સૂર્ય સમાન પરાક્રમી નમિ રાજા અખંડિત પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યો. લક્ષ્મીએ વિષ્ણુને ત્યજી દઇ ગુણના સમુદ્રરૂપ એ રાજાનો આશ્રય કર્યો એમ જાણીનેજ જાણે ભયને લીધે શંકરે પણ પાર્વતીને પોતાના અર્ધા શરીરને વિષે બાંધી લીધી હોય કે શું ? અનુક્રમે ન્યાયવંત, સમર્થ, ઉપશમવાળો, શક્તિવંત, સરળ, સુશીલ, અને સુભગ એવો તે નમિ રાજા, સર્વ ગુણોના સમુદ્રરૂપ થયો. પ્રજાનું પાલન કરવામાં તત્પર એવો તે ભૂપાળ, કીર્ત્તિ, યશ, ન્યાય, વિનય, ઐશ્વર્ય અને વિવેકની સંપત્તિએ કરીને શેષરાજ સમાન શોભતો હતો.

હવે અહિં સુદર્શનપુરમાં એમ બન્યું કે પોતાના ન્હાના બંધુ યુગબાહુને હણી સિદ્ધમનોરથ માનતો એવો પાપી મણિરથ રાજા પોતાને ઘેર ગયો. તેટલામાં તેને પાપના યોગથી રાત્રીને વિષે સાપ કરડયો. તેથી તે મૃત્યુ પામીને અતિ દુઃખદાયી એવી ચોથી નરક પ્રત્યે ગયો. અહા ! મોહથી આંધળો, મહાપાપી અને દુષ્ટ બુદ્ધિવાળો મણિરથ રાજા અધર્મને લીધે મહા સમૃદ્ધિવાળા પદથી ભ્રષ્ટ થયો. ધિક્કાર છે ધિક્કાર છે આવા નિર્દય કૃત્યને ? આંસુથી વ્યાપ્ત એવા પ્રધાનાદિકે તે બન્ને ભાઈઓનું ઉર્ધ્વ દેહિક કરીને પછી યુગબાહુના પુત્ર ચંદ્રયશાને રાજ્યાભિષેક કર્યો.

પોતાના ભુજબળથી તોડી પાડયા છે રાજશત્રુઓના માન જેણે એવા તે ચંદ્રયશા રાજાને ક્યારેક હસ્તિ, અશ્વ વિગેરે વાહનોની ક્રીડાનો મનોરથ થયો. મહાવેગ વાળા બહુ વાહનોને ખરીદ કરી ઉત્તમ વેષ ધારી તે ભૂપતિ વિશાલ પ્રદેશમાં જઈ નિરંતર પ્રધાન વિગેરે પુરૂષોની સાથે ક્રીડા કરવા લાગ્યો.

હવે એકદા ઇંદ્ર સમાન સંપત્તિવાળા નમિ રાજાનો ઉજ્વલ દેહવાળો, ઐરાવણ સમાન, વિંધ્યાટવીનું સ્મરણ થવાથી આલાનસ્તંભને ઉખેડી નાખી નાસી જતો, મદથી આકુલ મહા બળવંત એવા પણ બીજા હસ્તિઓને ત્રાસ પમાડતો, ભયંકર આકૃતિવાળો, કાલના સરખો દુર્દમ, સ્પર્શથી વારંવાર મસ્તકને ધુણાવતો, ઝરતા મદરૂપ જળથી પૃથ્વીને સિંચન કરતો, બળવંત, ઉગ્ર એવા સુંઢ અને દાંતથી ઘર અને હાટને પાડી દેતો, વલી ભમરાથી ઘેરાયલો અને વેગથી બીજા હસ્તિઓને પાછળ ત્યજી દઇ નાસી જતો એવો હસ્તિ મિથિલા નગરીની ભૂમિને ઉલ્લંઘન કરી આગળ નાસી જવા લાગ્યો. નમિ રાજાના દેશની સીમા સહિત બહુ માર્ગ ઉલ્લંઘન કરી તે હસ્તિરાજ સુદર્શનપુરની પાસે ભમતો હતો એવામાં તેને વાહનોથી ક્રીડા કરતા એવા ચંદ્રયશાના દૂતોએ દીઠો. રાજાની આજ્ઞાથી તેઓએ તુરત ક્ષુધાથી વ્યાપ્ત થએલા અને થાકી ગએલા તે હસ્તિને પકડી રાજા પાસે આણ્યો. મહારાજા ચંદ્રયશા પણ બહુ

હર્ષ પામતો છતો તે હસ્તિને લઇ શણગારેલી પોતાની નગરી પ્રત્યે ગયો. "સુદર્શન પુરના અધિપતિ ચંદ્રયશાએ પોતાનો હસ્તિ પકડયો છે." એવી નમિ રાજાએ આઠ દિવસે ચર પુરૂષોથી વાત જાણી. પછી તેણે દૂત મોકલી પોતાનો હસ્તિ મગાવ્યો પરંતુ પ્રાર્થના કરતા એવા તે દૂતને ભૂપતિની આજ્ઞાથી ચંદ્રયશાના દૂતોએ પ્રહારથી દાંત પાડી નાખવાપૂર્વક નગરની બહાર કાઢી મૂકયો. દૂતે પાછા આવીને નમિરાજાને સર્વ વાત નિવેદન કરી એટલે અભિમાનયુકત મહા બલવાળો નમિ ભૂપતિ બહુ સેના સાથે લઇ કેટલેક દિવસ અવંતિપુરના સિમાડે આવ્યો. ચંદ્રયશા પણ યુદ્ધ કરવા તેના સન્મુખ ચાલ્યો. એવામાં તેને પક્ષિઓએ અપશુકનથી નિવાર્યો એટલે મંત્રીઓએ કહ્યું કે "હે સ્વામિન્ ! હમણાં આપને કીલ્લાની અંદર રહીને યુદ્ધ કરવું યોગ્ય છે પછી અવસર આવ્યે કાલને યોગ એવું કાર્ય આરંભવું." પછી ચંદ્રયશા રાજાએ અન્ન-જલાદિકથી તેમજ બીજી બહુ સામગ્રીથી કીલ્લાને સજ્જ કર્યો. એટલુંજ નહીં પણ તોપોના યંત્રો વડે પોતાના કીલ્લાને શત્રુઓથી ન પેસી શકાય તેવો મહા વિષમ કરી દીધો. અસ્ખલિત પ્રયાણથી નમિ રાજાએ, નગરની સમીપે આવી નિર્દોષ ભૂમિ પ્રત્યે સેનાને પડાવ કરાવ્યો. પછી નીચે રહેલા નમિ રાજાના સૈન્યની સાથે કિલ્લા ઉપર રહેલા ચંદ્રયશાના સુભટોનો, દીન પુરૂષોને ભયકારી અને વીર પુરૂષોને પુરૂ-ષાર્થ ઉપજાવનારો મહા સંગ્રામ ચાલ્યો. કિલ્લાની પ્રાપ્તિનો ઉપાય શોધી કાઢનારા નમિ રાજાએ કિલ્લામાં પેસવાનો પ્રયત્ન કરવા માંડયો અને અવંતિપતિએ તેને નિષેધ કરવાનો ઉદ્યમ કરવા માંડયો.

આ પ્રમાણે બન્ને ભૂપતિઓનું ભયંકર યુદ્ધ ચાલતું હતું એવામાં તેઓની માતા મદનરેખા કે જેણીએ સુવ્રતા નામ ધરાવી દીક્ષા લીધી હતી. તેણીએ તે વાત જાણી. તેથી તે શુદ્ધ મતિવાળી સુવ્રતા સાધ્વી મનમાં કહેવા લાગી કે, "પરસ્પર એક બીજાનો વધ કરવાને ઉદ્યમવંત થએલા આ બન્ને ભાઇઓ નરક પ્રત્યે જશે." એમ ધારીને તે મહા સતી, પ્રવર્ત્તિનીની રજા લઈ અને એક સાધ્વીને સાથે રાખી નમિ રાજાના શિબિર પ્રત્યે ગઇ. નમિ રાજાએ તેણીને નમસ્કાર કરીને આસન આપ્યું. સુવ્રતા આસન ઉપર બેઠી. એટલે નમિ તેમની આગલ બેઠો પછી સાધ્વીએ અમૃતવૃષ્ટિ સમાન ઉપદેશ આપ્યો "હે રાજન્ ! આદિ અને અંત વિનાના આ અનંત દુ:ખના પાત્રરૂપ સંસારમાં મનુષ્યભવ પામીને યુદ્ધથી કરેલા પાપોવડે શા માટે મોહ પામો છો ? હે નરેશ્વર ! અમિત એવી રાજ્ય સંપત્તિ છતાં તમારા સરખા પુરૂષો, પોતાના કુલાચારથી ભ્રષ્ટ નથી થતા. નિરપેક્ષપણે રાજ્યપદ ભોગવતા એવા ભૂપતિઓને ધિક્કાર થાઓ ધિક્કાર થાઓ કે જેમનાથી ઉત્પન્ન થએલી જાજ્વલ્યમાન ચિંતા રૂપ અગ્નિથી લોક ઉદ્વેગ પામે છે. તેઓનુંજ સામર્થ્ય ત્રણ જગત્માં વખાણવા યોગ્ય છે કે જેમનો આશ્રય કરીને સર્વે જીવો નિર્ભયપણે શયન કરે છે. હે મહિપતિ ! તું પોતાના પૂજ્ય પુરૂષોની આશાનો ભંગ કરતો છતો બીજાઓને

ઇષ્ટ વસ્તુ આપે તોપણ તું કંઇ સારૂં કરતો નથી. પોતાની મેળે આવેલા હસ્તિને બંધુએ ગ્રહણ કર્યો છે તો પછી પોતાના મ્હોટા બંધુને વિષે શા માટે કોપ કરે છે ? લોભી માણસ ધન પ્રાપ્તિને જુએ છે. વિષયવાળી સ્ત્રી પુરૂષનેજ જુએ છે. ગાંડો માણસ ભ્રમ દેખે છે, પરંતુ ક્રોધથી આકુલ થએલો માણસ તો કાંઈ પણ દેખતો નથી. કોપ મહા અગ્નિ રૂપ છે. ઉત્કૃષ્ટ વિષ રૂપ પણ કોપ છે. કોપથી મૃત્યુ થાય છે અને નરક ગતિ આપનારો પણ કોપજ છે. જો કે બીજા માણસ ઉપર કરેલો ક્રોધ મનુષ્યોને નરકગતિ આપનારો થાય છે તો પછી જે પોતાના બંધુ ઉપર ક્રોધ કરે એવા ત્હારા સરખા પુરૂષોની તો વાતજ શું કહું. " સુવ્રતા સાધ્વીનાં આવાં વચન સાંભલી નમિરાજા પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે " આ ચંદ્રયશા, યુગબાહુનો પુત્ર છે. અને હું પદ્મરથનો પુત્ર છું. છતાં દેવતાની પેઠે પૂજ્ય એવાં આ સાધ્વી વારંવાર આમ કેમ બોલે છે ? રાગદ્વેષરહિત એવાં તે કયારે પણ જુઠું તો બોલે નહીં. ચાલ એમને પરમાર્થ દૃષ્ટિથી હમણાં પૂછી જોઉં, કારણ પૃથ્વી ઉપર પડી ગએલા પુરૂષને પૃથ્વીજ અવલંબન રૂપ છે " આમ વિચાર કરીને તેણે પૂછ્યું કે " હે પૂજ્યે, હું કયાં ? અને ભિન્નકુલમાં ઉત્પન્ન થએલો તે કયાં ? મ્હારો અને તેનો બંધુનો સંબંધ કેમ ઘટે ? " સુવ્રતા સાધ્વીએ કહ્યું. " હે વત્સ ! જો તું યૌવન અને ઐશ્વર્યથી ઉત્પન્ન થએલા મદને ત્યજી દઇને સાંભળે તો હું ત્હારૂં સર્વ વૃત્તાંત કહું, "

વિભવથી ઉત્પન્ન થએલા પુરૂષો, બીજાઓની વાત સાંભળવામાં બ્હેરા, બીજાઓને જોવામાં આંધળા અને વિનયયુકત વાણી બોલવામાં મુંગા થાય છે. પછી વિનયથી નમ્ર અને તે પોતાની સર્વ વાત જાણવા માટે ઉત્સાહવંત થએલા તે નમિરાજાને સુવ્રતા સાધ્વીએ તેના યુગનો જન્મવૃત્તાંત કહી સંભલાવ્યો અને કહ્યું કે " સુદર્શન પુરીનો રાજા ત્હારો ખરો પિતા છે તેમજ માતા પણ હું મદનરેખા કે જે હમણાં સુવ્રતા નામે સાધ્વી થઇ છું. હે શ્રીમાન્ ! આ પુષ્પમાળા અને પદ્મરથ એ બન્ને જણા તો ફક્ત તને ધાવમાતાની પેઠે વૃદ્ધિ પમાડનારા તેમજ અભ્યાસ કરાવનારા છે. માટે મોહમાં વશ થએલો તું આ સર્વ પોતાનું હિતકારી જાણીને શત્રુની પેઠે પોતાના સગા ભાઇને વિષે વિરોધ ન કર. કાલરૂપી સર્પે ડશેલા જીવો, પોતાનો મનોરથ પૂર્ણ નહિ થયા છતા ધન, પુત્ર અને સ્ત્રી વિગેરેને ત્યજી દઈ પરભવ પ્રત્યે ચાલ્યા જાય છે. હે વત્સ ! નરકમાં ભેદન, છેદન, ક્ષુધા, તૃષા વિગેરે બહુ વેદનાઓ છે તો ત્યાં કુટુંબ, રાજ્ય અને દેહસંપત્તિની તો વાતજ શી કરવી ? નમિ રાજાએ, સુવ્રતા સાધ્વીનાં વચનમાં સંદેહ તો પડયો પરંતુ મુદ્રાના દેખાડવાથી તેણીના વચનને તે જૈનસિદ્ધાંતની પેઠે સત્ય માનવા લાગ્યા. એટલુંજ નહિ પણ તે સુવ્રતાના દર્શનથી ઉત્પન્ન થએલા સ્નેહવડે સૂચવેલી તે પોતાની સત્ય માતાને નમિ રાજાએ ભક્તિથી પ્રણામ કર્યા. કારણ માતા નજીક રહેલું તેમજ ઉત્કૃષ્ટ એવા તાપ અને સંતાપને હરણ કરનારૂં મહાતીર્થ છે. વલી તે માતાનું

દર્શન પોતાને પવિત્ર કરનારૂં જલ વિનાનું સ્નાન જાણવું. તીર્થના તપનું ફલ પરલોકમાં કહેલું છે. પરંતુ માતારૂપ તીર્થ તો નિશ્ચે આ લોકમાં સિદ્ધ ફલ આપેછે. હર્ષના આંસુથી ભિંજાઇ ગએલા મુખવાળા અને નમાવેલા મસ્તકવાલા નમિ ભૂપતિએ ચારિત્રધારી પોતાની માતાને કહ્યું. " હે માતા આપનું કહેલું સત્ય છે. એમાં કાંઇ વિચાર કરવા જેવું નથી તેમાં પણ આ મુદ્રા મને " તું યુગબાહુનો પુત્ર છે, એમ જણાવી આપે છે. મ્હારે નિર્વિકલ્પપણે મ્હોટો ભાઇ પિતાની પેઠે માનવા યોગ્યજ છે.

તો પણ હે માતા! જેના બોલવાનું ઠેકાણું નથી તેને કેમ છોડી દેવાય ? સર્વથા ગુણ યા દોષને કરનાર લોકની અવશ્ય પરીક્ષા કરવી જોઇએ કારણ કે લોકમાં જેનો સારો આચાર હોય તેજ વિશ્વાસનું પાત્ર છે. જો ન્હાના ભાઇ ઉપરના સ્નેહને લીધે મ્હોટો ભાઇ તેના સન્મુખ આવે તો તેમને શોભાકારી એવો વિનય કરૂં. મ્હોટા પુરૂષોનું અખંડિત એવું વીરવ્રત તો એ જ છે કે તેમણે ધનને વિષે લોભ નહિ કરતાં માનને વિષે કરવો તેમજ આયુષ્યને વિષે કરવો. તેમજ આયુષ્યને વિષે તૃષ્ણા નહિ રાખતાં કીર્તિને વિષે રાખવી. જેમ મૂલ સૂકાઇ ગયે છતે મ્હોટું વૃક્ષ પણ ફલદાયી હોતું નથી તેમ માન ગયે છતે યશઃસમૂહ ક્યારે પણ રહી શકતો નથી. પછી પોતાના સુભટોએ ઘાલેલો ઘેરો સુવ્રતા સાધ્વીની આજ્ઞાથી નમિ રાજાએ છોડાવી નાખ્યો. સુવ્રતા મહાસતી પણ નમિ રાજાની રજા લઇ કિલ્લાના ગરનાલાને રસ્તે થઈ ચંદ્રયશાના રાજમહેલમાં ગઈ. ઓચિંતાં આવેલાં તે પોતાની માતા રૂપ સાધ્વીને જોઇ અને તેમને ઓળખી ચંદ્રયશા રાજાએ અભ્યુત્થાનાદિ પૂર્વક નમસ્કાર કર્યો. સુવ્રતા પોતે તેને ધર્મલાભ આપી ચંદ્રયશાએ આપેલા આસન ઉપર લોકના નમસ્કાર પૂર્વક બેઠાં. પ્રથમ મહાસતીએ, ચંદ્રયશા ભૂપતિને પોતાની વાત નિવેદન કરી અને પછી નમિ રાજા પોતાનો ( ચંદ્રયશાનો ) ભાઇ થાય છે. એમ જણાવ્યું. નમિ રાજા પોતાના ન્હાના ભાઇ થાય છે એ વાત સાંભળીને ચંદ્રયશા ભૂપતિ સ્વજન પુરૂષો સહિત હર્ષ, ઉત્સાહ અને લજ્જાનું પાત્ર બની ગયો. સર્વ પ્રાણીઓને સારાં પુત્ર સ્ત્રી મળવા સુલભ છે પરંતુ સગો ભાઇ મલવો બહુ મુશ્કેલ છે. તે તો જો પૂર્વનું પુણ્ય હોય તો જ મલે. સેનાસહિત ચંદ્રયશા ભૂપતિ નગરની બ્હાર નિકળી ન્હાના ભાઈને મળવા ચાલ્યો એટલે નમિરાજા પણ તે વાત જાણીને તુરત સામો ચાલ્યો, હર્ષવ્યાપ્ત ચંદ્રયશા ભૂપતિએ, બાહ્ય શરીરથી જાણે પોતાના ન્હાના ભાઇને મનની અંદર પેસારી દઇને એકજ થઈ જવાને ઈચ્છતો હોયની ? એમ આલિંગન કર્યું. સમાન આકૃતિ, સમાન વર્ણ અને સમાન અંગપ્રમાણવાલા તે બન્ને ભાઇઓ, એક માતા પિતાપણાથી ( સગા ભાઈઓ હોવાથી ) પરસ્પર બહુ પ્રીતિના સ્થાન થયા. પછી હર્ષ પામેલા ચંદ્રયશા રાજાએ તેજ વખતે વેગથી નમિ બંધુને મ્હોટા ઉત્સવપૂર્વક સુદર્શનપુરનો રાજ્યાભિષેક કર્યો અને પોતે સંગનો અભિલાષ ત્યજી દઇ તથા તે ન્હાના બંધુને

જોઇ હર્ષ પામી અને કર્મનો ક્ષય કરવા માટે નિર્મલ ચિત્તથી દીક્ષા લીધી. હવે અવંતી અને મિથિલા એ બન્ને નગરીઓનો અધિપતિ બનેલો નમિરાજા, પૃથ્વીને વિષે પોતાના પરાક્રમથી અનુક્રમે પ્રચંડ આજ્ઞાવાલો થયો.

એકદા નમિભૂપતિના દેહને વિષે પૂર્વકર્મના વિપાકથી વૈદ્યોને પણ અસાધ્ય એવો છમાસિક મહાદાહજ્વર ઉત્પન્ન થયો. અંતઃપુરની સ્ત્રીઓ, તેને શાંત કરવામાટે વિલેપનાર્થે શ્રીખંડ ચંદનને ઘસતી હતી. પરંતુ તેણીઓના કંકણોનો મહા શબ્દ નમિરાજાને વાજીંત્રોના શબ્દથી પણ વધારે દુઃશકય થઈ પડયો અને તેજ વખતે વારંવાર મૂર્ચ્છા પામવા લાગ્યો. પછી તે સર્વે સ્ત્રીઓએ પોતાના વલયશબ્દથી પીડા પામતા ભૂપતિને જાણી ફક્ત મંગળ નિમિત્તે એક એક વલય હાથમાં રાખી બાકીનાં ઉતારી નાખ્યાં. "હવે કંકણનો શબ્દ કેમ સંભાલતો નથી ?" એમ રાજાના પૂછવા ઉપરથી પાસે બેઠેલા સેવકોએ કહ્યું કે "હે વિભો ? ફક્ત હાથમાં એક એક કંકણ રાખ્યે છતે તેનો શબ્દ ક્યાંથી સંભળાય ? કારણ શબ્દની ઉત્પત્તિ તો કંકણોના સમૂહથી જ થાય છે." સેવકોનાં આવાં અમૃત સમાન મધુર વચન સાંભળીને નમિરાજા પ્રતિબોધ પામીને શાંત મનથી વિચાર કરવા લાગ્યો. "જેમ સંયોગથી ( બે વસ્તુઓ ભેગી થવાથી ) શુભ અને અશુભ શબ્દો થાય છે, તેમ જ સંયોગ અને વિયોગથી ઉત્પન્ન થએલા રાગાદિ દોષો હોય છે. મનુષ્ય, સુખની પ્રાપ્તિને માટે જેટલાં કુકર્મ કરે છે. તેટલાંજ દુઃખો તે અવશ્યપણે નિશ્ચય ભોગવે છે પ્રાણી, મોહને લીધે જેની જેની સાથે સંબંધ કરે છે તેની તેની સાથે ફરી શલ્ય સમાન પરિણામ અનુભવે છે. માટે જો હવે હું આ રોગથી મુક્ત થઉં તો સર્વ મૂકી દઇને સુખના મૂલ રૂપ સર્વ સંગના ત્યાગને અર્થે પ્રયત્ન કરીશ," આ પ્રમાણે વિચાર કરતા એવા તે રાજાને નિદ્રા આવવાથી તેજ વખતે છ માસિક દાહજ્વર તદ્દન શાંત થઇ ગયો. કાર્તિક માસની પૂર્ણિમાના દિવસે નિદ્રાવશ થએલા તે રાજાએ રાત્રીને વિષે સ્વપ્ન દીઠું કે "જાણે હું ઇંદ્રની પેટે કૈલાસ પર્વત સમાન ઉજ્વલ હસ્તિ ઉપર બેસી મેરૂ પર્વતના શિખર ઉપર ચઢયો." સવારે મંગલ વાજીંત્રોના શબ્દથી જાગૃત થએલો અને જાણે અમૃતપાન કર્યું હોયની ? એમ નિરોગી થએલો તે નમિરાજા વિચારવા લાગ્યો. "મેં સ્વપ્નામાં દીઠેલો પર્વત નિશ્ચે કોઇ સ્થાનકે દીઠો છે." આમ વિચાર કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. "જ્યારે હું પૂર્વે શુક્ર દેવલોકમાં દેવતા હતો ત્યારે વિમાનમાં બેસી આકાશ માર્ગે જતા એવા મેં અરિહંત પ્રભુના જન્મ વખતે એ પર્વત જોયો હતો." પછી કંકણોના નિરાબાધપણાની પેઠે એકલાપણાનો વિચાર કરતા એવા તે નમિરાજાએ, પ્રત્યેકબુદ્ધપણું પામીને દીક્ષા લીધી. તે વખતે એકી વખતે રાજ્ય, પુર અને અંતઃપુર ત્યજી દેતા એવા નમિને જોઇ ઇંદ્રે તેમને નમસ્કાર કર્યા ઇંદ્રે, માનરહિત, માયારહિત, નિષ્ક્રય, નિર્મલ મનવાળા અને મહર્ષિઓએ પૂજેલા નમિ રાજાની બહુ પ્રશંસા કરી.

॥ इति श्री नमिचरित्रं समाप्तम् ॥

## अथ नगातिचरित्रम्.

અસંખ્ય વિઘ્નનો નાશ કરનારા અજીતનાથ પ્રભુને નમસ્કાર કરી અને કલ્પવૃક્ષ સમાન આત્મ ગુરૂનું સ્મરણ કરી પોતાના જન્મની શુદ્ધિ માટે પ્રત્યેકબુદ્ધ એવા નગાતિ રાજાના ચરિત્રને કહું છું.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં પુંડ્રુવર્ધન નામે નગર છે. ત્યાં શત્રુરૂપ હસ્તિઓને મર્દન કરવામાં સિંહસમાન સિંહરથ નામે રાજા રાજ્ય કરે છે. એકદા ગાંધારદેશના અધિપતિએ તેને મુખ્ય બે અશ્વો ભેટ તરીકે મોકલ્યા. સિંહરથ રાજા ક્યારેક તે અશ્વોની પરીક્ષા કરવા માટે એક ઉપર પોતે બેસી અને બીજા ઉપર બીજા પુરૂષને બેસારી બીજા સેંકડો સ્વારો સહિત એક મ્હોટા મેદાનમાં ગયો. બીજા સર્વ અશ્વોની સાથે જુદી જુદી ચાલની પરીક્ષા કર્યા પછી પાંચમી વેગનામની ગતિની પરીક્ષા કરવા માટે તત્કાલ છોડયા. જેમ જેમ તે રાજા અશ્વના ચોકડાને ખેંચવા લાગ્યો. તેમ તેમ તે અશ્વ વાયુવેગની પેઠે એકદમ દોડવા લાગ્યો. ક્ષણમાત્રમાં મહા પરાક્રમવાલો તે અશ્વ, બીજાઓને પાછળ મૂકીને રાજા સહિત શ્રમરહિતપણે એક મ્હોટા અરણ્યમાં આવી પહોંચ્યો. પછી થાકી ગએલા રાજાએ જ્યારે ચોકડું ઢીલું મૂકયું. ત્યારે તે અશ્વ ઉભો રહ્યો. એ ઉપરથી ભૂપતિએ મનમાં તેના વિપરીત અભ્યાસને જાણી લીધો. નીચે ઉતરેલા ભુપતિએ તેને પાણી પાઇ અને એક વૃક્ષની નીચે બાંધ્યો.ત્યાં તે ઘાસ ખાવા લાગ્યો. રાજાએ પણ ઉત્તમ પાકેલા ફળવડે આહાર કર્યો. પછી કોઇ પાસે રહેલા પર્વત ઉપર ચઢતા એવા તે ભૂપાળે, સાંજને વખતે કોઇ પ્રદેશમાં દિવ્ય ભુવન દીઠું. ભૂપતિ આશ્ચર્યથી ઉપર ચઢવા લાગ્યો. અનુક્રમે તે જેટલામાં સાતમા માળ ઉપર ચઢયો તેટલામાં તેણે ત્યાં પવિત્ર અંગવાળી કોઈ એક કન્યા દીઠી. કન્યા બહુ હર્ષ પામી અને તેણીએ પ્રીતિ તથા હાસ્યપૂર્વક રાજાને અર્ઘપાદ્યથી પૂજીને અંતઃકરણથી ઉત્તમ આસન આપ્યું પછી અત્યંત વિસ્મય પામેલા રાજાએ ઝરતા અમૃતસમાન વચનથી પૂછયું કે "હે શુભે ! તું કોણ છે ? આ પર્વત ઉપર શા માટે રહે છે ? આ રમ્યસ્થાન કોણે બનાવી આપ્યું ? અને ત્હારૂં રક્ષણ કરનાર કોણ છે ?" કન્યાએ કહ્યું. "હે રાજન્, હમણાં સૂર્ય અસ્ત થાય છે વળી આ પાસે રહેલા વેદિકાના અગ્ર ભાગને જુઓ. હે સુભગ ! તમે પ્રથમ મ્હારૂં પાણીગ્રહણ કરો. પછી પૂર્ણ થએલા અભિલાષવાળી હું તમને મ્હારા પોતાના વૃત્તાંતને કહીશ કે જે મને હમણાં વરદાનરૂપે છે." કન્યાનાં આવાં વચન સાંભળી હર્ષિત મનવાળા રાજાએ પૂજન કરેલા તીર્થંકર પ્રભુને નમસ્કાર કરી વેદિકા ઉપર રહેલા અગ્નિને પ્રદક્ષિણા કરવા પૂર્વક તે કન્યાની સાથે વિવાહ સંબંધી માંગલીક કાર્ય કર્યું. પછી તે કન્યા રતિ જેમ કામદેવને શયનગૃહમાં લઇ જાય તેમ પોતાના આવાસ મધ્યે દેવતાની શય્યાસમાન પોતાની શય્યા પ્રત્યે રાજાને વિનયથી વિશ્રામને માટે તત્કાળ તેડી ગઇ. ત્યાં તે કન્યાએ

વિવિધ પ્રકારના મનોહર ઉપચારથી રાજાનો બહુ સત્કાર કર્યો. ભૂપતિ પણ આ વખતે પોતાના જન્મને સફલ માનતો છતો મનમાં વિચાર કરવા લાગ્યો. "આ ભયંકર અરણ્યમાં વિમાન સમાન આ મહેલ ક્યાંથી ? આ રમ્ભા સમાન દિવ્ય કન્યા ક્યાંથી ? વળી એ કન્યા અમૃત સમાન અપ્રતિમ વચનથી મ્હારે વિષે અપૂર્વ પ્રેમ શા કારણથી ધારણ કરે છે ? પ્રભાતનાં સર્વ કાર્ય કરી, ફરીથી જિનેશ્વર પ્રભુનું પૂજન કરી અને ઉત્તમ પદાર્થનું ભોજન કરી છેવટ આ સર્વ વૃત્તાંત એ કન્યાને પૂછું" આ પ્રમાણે વિચાર કરીને પછી કાર્યનો જાણ અને કૃતાર્થ એવો તે રાજાનું નમસ્કાર સ્મરણ કરતો છતો શય્યામાંથી ઉઠી આવશ્યકાદિ દેહશુદ્ધિ કરી, પવિત્ર વસ્ત્ર પહેરી વિધિથી જિનેશ્વરનું પૂજન કરી અને તે પોતાની પ્રિયા સહિત આસન ઉપર બેસી હર્ષથી વ્યાપ્ત થયો છતો તે કન્યાને કહેવા લાગ્યો. "હે પ્રિયે ! પૂર્વની પેઠે આપણો સંબંધ પૂર્વના નિર્મલ પુન્યથીજ થયો છે. તે કારણથીજ તને સ્પષ્ટ પૂછવામાં મ્હારૂં મન બહુ લજ્જા પામે છે કે નિશ્ચય તું કોણ છે ? હે તન્વિ ત્હારા વચનરૂપ અમૃતનું પાન કરવાની મને તૃષ્ણા છે માટે તું પોતાનું આનંદકારી સઘલું સ્વરૂપ મને કહે." પોતાના પતિના આવા આદેશથી અત્યંત હર્ષ પામેલી તે કન્યા જાણે સાક્ષાત્ સરસ્વતી પોતેજ હોયની ? એમ અમૃતને પણ મિથ્યા કરી દેનાર વાણીના વિલાસથી પોતાનું સઘળુ સ્વરૂપ કહેવા લાગી.

હે રાજન્ "જેવી રીતે અલકા નગરીમાં કુબેર, સ્વર્ગમાં ઈંદ્ર અને આકાશમાં ચંદ્ર રાજ્ય કરે છે તેવીજ રીતે પૃથ્વી ઉપર ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં મહા પ્રતાપવાલો જિતશત્રુ રાજા રાજ્ય કરે છે. એકદા તે ભૂપતિ, પૃથ્વીના સર્વ ભૂપાલોથી પોતાના વૈભવને અધિક માનતો છતો પોતાના ચરપુરૂષોને કહેવા લાગ્યો કે "હે પુરૂષો ! બીજાઓના રાજ્યથી મ્હારા રાજ્યમાં શું ન્યૂન ?" સર્વે ચરપુરૂષોએ વિનંતિ પૂર્વક કહ્યું કે "હે રાજેંદ્ર ! આપની સભામાં ચિત્રકારોનાં બનાવેલાં ચિત્રો નથી એજ એક ન્યૂન દેખાય છે. ચરપુરૂષોનાં આવાં વચન સાંભલી મહા લક્ષ્મીવંત એવા તે રાજાએ મહા વિચક્ષણ એવા ચિત્રકારોને બોલાવીને તેઓને સમાન ભાગે પોતાની ચિત્રશાલા ચિતરવા માટે સોંપી. તે ચિત્રકારોમાં મનોહિર ચિત્રનો બતાવનાર અને અતિવૃદ્ધ એવો કોઈ એક ચિત્રાંગદ નામનો ચિતારો પોતાને સોંપેલા ભીંતના ભાગ ઉપર શીઘ્ર વિચિત્ર પ્રકારના ચિત્રો ચિતરતો હતો. સહાય રહિત એવા તે ચિતારાની અતિઉત્તમ રૂપવાલી કનકમંજરી નામની પુત્રી હંમેશાં ભક્તિપૂર્વક પોતાના ઘરેથી તેને ભાત આપવા આવતી હતી.

એકદા ઉત્તમ યૌવનાવસ્થાવાલી અને ચતુર કન્યાઓમાં શ્રેષ્ટ એવી તે કન્યા પોતાના પિતાને માટે ઘેરથી ભાત લઇ જેટલામાં રાજમાર્ગ પ્રત્યે આવી તેટલામાં તેણીએ મનુષ્યોથી ભરપૂર એવા રાજમાર્ગમાં પોતાની મરજીથી અશ્વને ખેલાવતા અને રાજ્યસંપત્તિથી યુક્ત એવા કોઈ એક જતા એવા ઘોડેસ્વારને દીઠો. ભયથી

ત્રાસ પામેલા સર્વે લોકો આમ તેમ નાસી ગયે છતે તે ચિત્રાંગદ પુત્રી કનકમંજરી પણ તુરત નાશી જઇને કોઇ સ્થાનકે ઉભી રહી. પછી ઘોડેસ્વારને ગયે છતે કનકમંજરી, પોતાના પિતા પાસે આવી. હાથમાં ભાત લઈને આવેલી પુત્રીને જોઇ ચિત્રાંગદ શરીરચિંતા માટે બ્હાર ગયો. પછી કન્યાએ વસ્ત્રથી ઢાંકેલા ભોજનના પાત્રને એક બાજુએ મૂકી અને તે પોતાના પિતાના રંગના નાના પ્રકારનાં પાત્રો હાથમાં લઇ કૌતકથી તે રંગોવડે સ્ફટિકમણિના સરખી ઉજવલ ભીંત ઉપર આદરથી એક કલાવાન્ મોર ચિતર્યો. આ વખતે રાજા ત્યાં આવી ચડયો. અનુક્રમે ચિત્રો જોવા માટે ફરતા એવા તે ચતુર ભૂપતિએ પેલા મોરને ભ્રમથી સાચો માની તેને પકડવા માટે હાથથી ઝડપ મારી, આમ કરવાથી તેના નખ ભાગી જવાને લીધે તે બહુ વિલક્ષ બની ગયો. આ અવસરે ચિત્રકાર પુત્રી કનકમંજરી, રાજાને વિલક્ષ બનેલો જોઇ હસીને બોલી કે " ખરેખર ત્રણ પાયાથી ડગતા એવા માંચાનો ચોથો પાયો તું આજે મને મલ્યો." રાજાએ કહ્યું. " તે ત્રણ પાયા ક્યા છે કે જેમાં ચોથા પાયા રૂપ મને બનાવ્યો ? કનકમંજરીએ કહ્યું " હે નૃપ ! જો આપના મનમાં તે બાબતનું કૌતુક હોય તો સાવધાન થઇને સાંભળો.

આજે બાળક અને સ્ત્રીઓથી ભરપૂર એવા રાજમાર્ગમાં અતિવેગથી અશ્વ દોડાવતા એવા એક પુરૂષને મેં દીઠો. તે પુરૂષ પહેલો પાયો છે. હે નૃપ ! બીજો પાયો તેને જાણો કે જેણે આ બીજા મ્હોટા કુટુંબી પુરૂષોની સાથે નિર્ધન અને વૃદ્ધાવસ્થાથી વ્યાપ્ત એવા મ્હારા પીતાને આ ચિત્રકામમાં સરખો ભાગ આપ્યો. વલી સંપાદન કરેલી લક્ષ્મીનો વ્યય કરનાર અને સરલ મનવાલો આ મ્હારો પિતા પૃથ્વીને વિષે ખરેખર ત્રીજા પાયા રૂપ છે. કારણ કે મેં હંમેશાં ભાત આણ્યા પછી તે બ્હાર-જવા જાય છે. હે રાજન્ ! તે ત્રણમાં ચોથા પાયાની પૂર્તિ કરનારા તમે દેખાયા છો. કારણ જે તમે વિચાર કર્યા વિના સહસા ચિતરેલા મોરને સાચો જાણી તેને પકડવા માટે પોતાના હાથથી ઝડપ મારી. "

આ પ્રમાણે વાત કરતી એવી અને મૃગના સમાન દ્રષ્ટિવાલી તે કનકમંજરીએ, મધુર વચન અને યુક્તિથી વ્યાપ્ત એવી ચાતુરીએ કરીને ચમત્કાર પમાડેલા અને હરિના સરખા તે ભૂપતિના મનને હરણ કરી લીધું. જો કે તેણીએ એક એક વચન અવળી રીતે કહ્યું હતું તો પણ તે મનુષ્યોને ગ્રહણ કરવા જેવું હતું. કહ્યું છે કે કાળા અગર ચંદનથી ઉત્પન્ન થએલો ધુમાડો પણ ક્યા માણસને મનોહર ન લાગે ? પછી મનોહરપણાએ કરીને તેણીને વિષે આસક્ત થએલો રાજા અત્યંત હર્ષ પામતો છતો પોતાના મંદીર પ્રત્યે ગયો. પરંતુ તે પોતાનું રાત્રી સંબધી કૃત્ય અને મન એ બન્ને વસ્તુઓને કનકમંજરી પ્રત્યે મૂકી ગયો. પછી ભૂપતિએ પોતાના સુગુપ્ત નામના ઉત્તમ પ્રધાનની મારફતે મ્હોટા આદરથી ચિત્રાંગદ પાસે તે કન્યાનું માગું કર્યું. છેવટ ક્ષણમાત્રમાં બહુ દ્રવ્યથી તે ચિત્રકારના ઘરને પૂર્ણ કરીને જિત-

શત્રુ રાજાએ તેની કન્યાનું કૃષ્ણ જેમ લક્ષ્મીનું પાણીગ્રહણ કરે તેમ પાણીગ્રહણ કર્યું. પછી પૂર્વના પુણ્યથી ભૂપતિના પ્રસાદરૂપ મ્હેલને પામેલી તે કનકમંજરી, મ્હોટા ભૂપતિઓના વંશમાં ઉત્પન્ન થએલી સર્વ સ્ત્રીઓમાં પટ્ટરાણી પદ પામી.

એકદા તે કનકમંજરીએ, પોતાની મદના નામની દાસીને એકાંતમાં શીખવી રાખ્યું કે "હે ભદ્રે ! આપણે ત્યાં આવીને રાજા ક્રીડાથી શ્રાંત થાય ત્યારે ત્હારે મને કોઇએક કથા પૂછવી." પછી રાત્રીની સભા વિસર્જન થઈ અને પ્રધાન લોકો પોત પોતાને ઘરે ગયા એટલે ધનુર્ધારી પુરૂષોથી શરીરની રક્ષાવાળો તે રાજા કનકમંજરીના મહેલ પ્રત્યે આવ્યો. કનકમંજરીએ રાજાની સાથે કામસુખનો બહુ અનુભવ કર્યો. ભૂપતિ પણ બહુ ક્રીડાથી થાકી જવાને લીધે કપટનિદ્રા કરીને સુતો તેટલામાં દાસીએ કનકમંજરીને કથા કહેવાનું કહ્યું. રાણીએ કહ્યું "હે સખી ! ક્ષણમાત્ર ધીરજ રાખ, રાજા સુતા છે તે ઉંઘી જશે એટલે હું તને ત્હારી મરજી પ્રમાણે કથા કહીશ." "આ શી કથા કહેશે" એમ વિચાર કરી તેણીની કથા સાંભળવાની ઈચ્છા કરતો ભૂપતિ કપટનિદ્રાથી સુઇ ગયો એટલે ચિત્રકારની પુત્રી કનકમંજરી, દાસીને કથા કહેવા લાગી.

### કથા ૧

પ્રાચીન એવા વસંતપુરમાં કૃતાર્થ એવા વરૂણ નામના શ્રેષ્ટીએ એક ઉત્તમ પથ્થરનું એક હાથ પ્રમાણ ઉંચુ એક દેવમંદીર કરાવ્યું. તેમાં તેણે ચાર હાથની મનોહર દેવની પ્રતિષ્ટા કરી. એ પ્રતિષ્ટા કરેલા દેવ, પૂજન કરવાથી તે શ્રેષ્ટીને નિરંતર ઈચ્છિત ફલ આપનારા થયા. "એક હાથના મંદીરમાં ચાર હાથના દેવ શી રીતે રહી શકે ?" એમ દાસીએ પૂછ્યું એટલે રાણી કનકમંજરીએ કહ્યું કે "હમણાં હું નિદ્રા કરીશ." પછી અત્યંત હર્ષ પામેલી મદના દાસી રાણીની રજા લઈને પોતાના સ્થાન પ્રત્યે ગયે છતે કનકમંજરીનાં બે નેત્રો બહુ નિદ્રાથી વ્યાપ્ત થયાં. અર્થાત્ તે ઉંઘી ગઇ. કથાના રહસ્ય-અર્થને જાણવાની ઇચ્છા કરતો અને મનમાં વિસ્મય પામેલો ભૂપતિ પણ "એ કથા મ્હારે કાલે નિશ્ચય સાંભલવી" એમ વિચર કરીને તે વખતે સુઇ ગયો. બીજે દિવસે સાંજે કથામાંજ એકચિત્તવાલો અને તે સાંભળવામાં ઉત્સાહવંત એવો તે રાજા પોતે આગલા દિવસની પેઠે આદરથી ત્યાંજ આવ્યો. ક્રીડા કરીને શ્રાંત થએલો રાજા કપટનિદ્રા કરીને સુતો એટલે મદના દાસીએ આગલા દિવસની અધુરી રહેલી વાત રાણીને પૂછી. રાણીએ કહ્યું: "હે મુગ્ધે ! મેં તને ચાર હાથના દેવ કહ્યા છે. તે ચાર હાથ પ્રમાણે ઉંચા ન ધારવા પરંતુ ચાર હાથવાલા કહ્યા છે એમ જાણવું." રાણીનાં આવાં ચાતુરીયુકત વચન સાંભળી રાજા પોતાના મનમાં બહુ વિસ્મય પામ્યો.

॥ इति पहेली कथा ॥

દાસી મદનાએ ફરી તેજ વખતે બીજી કથા પૂછી એટલે રાણીએ કહ્યું, હે

સુંદરિ ! વિંધ્યાચલ પર્વતને વિષે બહુ મ્હોટું એવું કોઇ એક અશોકવૃક્ષ હતું. જેની શાખાઓ બહુ દિશામાં વિસ્તાર પામી હતી એવું તે વૃક્ષ અર્ક (આકડા) ના ગાઢ પત્રના સમૂહથી ઢંકાએલું હતું. આ પ્રમાણે તે મ્હોટું વૃક્ષ છતાં પણ તેની જરા પણ છાયા નહોતી." દાસીએ કહ્યું. "એમ કેમ ? કનકમંજરીએ કહ્યું. "આજે હું ક્રીડાના શ્રમથી થાકી ગઈ છું માટે ઉંઘી જાઉં છું તે વાત કાલે કહીશ." પછી ત્રીજે દિવસે પણ રાત્રીએ વાત સાંભલવાની લાલચે રાજા ત્યાંજ આવ્યો અને કપટનિદ્રાથી સુતો. દાસીએ આગલા દિવસની અધુરી રહેલી વાત પૂછી એટલે તેણીએ કહ્યું. "અર્ક (સૂર્ય) ના તાપથી અત્યંત તપ્ત એવા વૃક્ષની તે છાયા કયાંથી હોય ? કે જે વૃક્ષનો આશ્રય કરી રહેલા પક્ષીઓ તેની છાયા અને ફલને અત્યંત ઉપભોગ કરનારા થાય."

## इति द्वितीय कथा.

વલી દાસીએ કથા પૂછી એટલે કનકમંજરીએ કહ્યું. "કોઇ એક ઠેકાણે કોઇ ઉંટ કાંટાસહિત ફલાદિકનું ભક્ષણ કરતો હતો. એવામાં તેણે અસંખ્ય ફલ પુષ્પોવાલું બબ્બુલ વૃક્ષ દીઠું. ઉંટ, તેની પાસે ગયો અને ભક્ષણ કરવાની ઈચ્છાથી લાંબી ડોક કરીને ઉભો રહ્યો પરંતુ તે વૃક્ષ બહુ દૂર હોવાથી તેના પત્ર ફલ વિગેરેને મેલવી શકયો નહીં. પછી ઉંટ બહુ ખેદાતુર થયો અને બબ્બુલવૃક્ષને જોઇ જોઇને ઇર્ષ્યાથી વિધિના વામપણાને લીધે બહુ પસ્તાવો કરવા લાગ્યો." વૃક્ષની શાખાને નહિ મેળવી શકવાને લીધે જેને મનમાં અત્યંત મત્સર ઉત્પન્ન થયો હતો એવા તે શૂન્ય મનવાલા ઉંટે તત્કાલ તે વૃક્ષ ઉપર મલમૂત્ર કર્યું." રાણીની આવી વાત સાંભલી મદનાદાસીએ પૂછયું. "હે મૃગાક્ષી ! જે ઉંટ પોતાની લાંબી ડોકથી પણ બબ્બુલ વૃક્ષને પહોંચી શકયો નહીં તેણે તેના ઉપર ક્ષણમાત્રમાં મલમૂત્ર શી રીતે કર્યાં ?" આ વખતે સુરતશ્રમથી અત્યંત થાકી ગએલી કનકમંજરી સૂઇ ગઇ. ચોથે દિવસે જિતશત્રુ રાજા વાર્તાના કુતુહલથી ત્યાં આવ્યો. પૂર્વની પેઠે ક્રીડાથી શ્રાંત થએલો તે ભૂપતિ કપટનિદ્રાથી સૂતો એટલે દાસીએ આગલા દિવસની અધુરી રહેલી વાત પૂછી. રાણીએ તેને હસીને કહ્યું. "અરે સખિ ! તને એમાં શું આશ્ચર્ય છે ? કારણ હે તન્વિ ! ઉંટે તે વૃક્ષને કૂવાની અંદર દીઠું હતું."

## ॥ इति तृतीया कथा ॥

દાસીએ ફરી બીજી વાત પૂછવાથી રાણીએ કહ્યું. "કોઇ એક કન્યા હતી. તેને પરણાવવા માટે તેના માતા પિતા અને ભાઈઓએ તેડાવેલા ત્રણ પુરૂષોમાંથી એક જણ મોહને લીધે તે કન્યાની સાથે બળી મૂવો. બીજો તેણીના ભસ્મના ઢગલાની ત્યાં (શ્મશાનમાં) રહીને સેવા કરવા લાગ્યો. ત્રીજો તેણીને ફરીથી જીવતી કરવાની ઈચ્છાથી દેવતાનું આરાધન કરવા લાગ્યો. અનુક્રમે પ્રસન્ન થએલા દેવતાથી પ્રાપ્ત થએલા જલથી ભસ્મને સિંચન કરી ત્રીજા પુરૂષે, તે કન્યાને પુરૂષસહિત તુરત જીવતી કરી.

પછી આદરથી તેણીની એકી કાળે ઇચ્છા કરતા એવા તે ત્રણ પુરૂષોમાંથી કોની સાથે તે કન્યા પરણાવવી તે કહે?" આ પ્રમાણે કહીને પૂર્વના દિવસની પેઠે નિદ્રા આવવાનું કહી રાણી સૂઇ ગઈ. બીજે દિવસે વાત સાંભળવાની ઇચ્છાથી રાજા ત્યાં આવી ક્રીડાથી શાંત થઇને સુતે છતે દાસીએ આગલા દિવસની અધુરી રહેલી વાત પૂછી એટલે રાણી કનકમંજરીએ કહ્યું કે "કન્યાને જીવાડનારો તેનો પિતા થાય, સાથે જીવતો થયો તે તેણીનો બંધુ, અને જે તેણીને પિંડદાન આપવા પૂર્વક ભસ્મના ઢગલાને સેવતો હતો તે તેણીનો પતિ થાય."

## ॥ इति चतुर्थी कथा ॥

મદના દાસીના પૂછવાથી રાણીએ ફરી વાત કહેવા માંડી કે "કોઇ એક રાજાએ પોતાની પ્રિયાને માટે ઉત્તમ રત્નજડિન અલંકારો ઘડાવવા માટે સોનીને બોલાવ્યા. વળી તેણે તે સોનીઓને એક ગુપ્ત ભોયરામાં કે જ્યાં સૂર્ય તથા ચંદ્રનો બીલકુલ પ્રકાશ પડતો નહોતો ત્યાં રાખ્યા. તે સોનીઓમાં એક એવો ચતુર હતો કે તે પ્રવેશ વખત જાણીને હંમેશાં પોતાની પાસે દેખરેખ રાખવા બેસતા એવા રાજાના અધિકારી પુરૂષને તે વખત કહી આપતો." મદના દાસીએ "એ શી રીતે જાણતો" એમ પૂછ્યું એટલે રાણી, તે વાત બીજે દિવસે કહેવાનું કહી સૂઇ ગઇ. બીજે દિવસે રાજા વાત સાંભળવાની ઇચ્છાથી આવ્યો અને ક્રીડાને અંતે કપટનિદ્રાથી સુતો. પછી દાસીએ પૂછ્યું એટલે રાણીએ કહ્યું કે "હે મુગ્ધે! એને રતાંધલાનો રોગ હોવાથી તે રાત્રીના વખતને જાણી શકતો હતો."

## ॥ इति पंचमी कथा ॥

દાસીના પૂછવાથી રાણી ફરીથી વાત કહે છે. "કોઇ એક રાજાએ વધ કરવા યોગ્ય એ ચોરોનો વધ નહિ કરતાં છિદ્રરહિત પેટીમાં પૂર્યા અને પછી તે પેટી નદીમાં તણાતી મૂકી. કેટલાક દિવસ ગયા પછી પેટી નદીને કાંઠે નિકળી ગઈ. ત્યાં તેને કોઇ પુરૂષે દીઠી. પેટી ઉઘાડીને તેમાંથી નિકલેલા પુરૂષોને પેલા બ્હાર રહેલા પુરૂષે પૂછ્યું કે "તમને આ પેટીમાં રહેતા કેટલા દિવસ થયા?" એકે ઉત્તર આપ્યો કે આજે ચોથો દિવસ છે." મદનાએ "તેણે ચોથો દિવસ કેમ જાણ્યો" એમ પૂછ્યું એટલે રાણીએ તે વાત બીજા દિવસે કહેવાનું કહ્યું. બીજે દિવસે વાત સાંભળવાની ઇચ્છાથી રાજા ત્યાંજ આવ્યો અને ક્રીડા કરીને કપટનિદ્રાથી સુતો. પછી દાસીએ અપૂર્ણ રહેલી વાત પૂછી એટલે રાણીએ કહ્યું કે "એને ચોથીઓ તાવ આવતો હતો તે ઉપરથી તેણે ચોથો દિવસ જાણ્યો હતો."

## ॥ इति षष्ठीकथा ॥

મદનાએ ફરી બીજી વાત પૂછી એટલે રાણીએ કહ્યું. "કોઇ એક સ્ત્રી, પોતાને ત્યાં કાંઇ પ્રસંગ આવવાથી દ્રવ્ય આપીને ઘરાણે બે કડા લઇ આવી. પછી જેણીને

તે કડાં મ્હોટાં પડયાં છે એવી તે સ્ત્રી બહુ કૌતુક પામી. અનુક્રમે કડાં પહેરતાં ત્રણ વર્ષ ગયાં એવામાં તો તે બહુજ પુષ્ટ દેહવાલી બની ગઈ. એકદા તે સ્ત્રી જે ધનવંતને ત્યાંથી કડાં લાવી હતી તે પુરૂષે પેલી સ્ત્રીને ત્યાં આવી તેણીએ આપેલું દ્રવ્ય પાછું લઇ પોતાનાં કડાં પોતાને સ્વાધિન કરવાનું કહ્યું. સ્ત્રીએ બહુ મેહેનત કરી પણ વૃથા, કારણ પોતે બહુ પુષ્ટ થઈ જવાને લીધે હાથથી કડાં નિકળી શકયાં નહીં પછી તે બન્ને જણાઓએ વિચાર કરી યોગ્ય કિંમતથી તે સ્ત્રીને કડાં રાખવાનું ઠરાવ્યું." દાસીએ "હાથમાં રહેલાં કડાંની કિંમત શી રીતે થાય? એમ પૂછવાથી રાણીએ તે વાત બીજે દિવસે કહેવાનું કહ્યું. વાત સાંભળવાનો લાલચુ રાજા બીજે દિવસ પણ ત્યાંજ આવ્યો. અને રતિશ્રમ થવાથી કપટનિંદ્રામાં સુતો. દાસીએ આગલા દિવસની વાત પૂર્ણ કહેવાનું કહ્યું એટલે રાણીએ કહ્યું. પ્રથમ જેટલું દ્રવ્ય આપ્યું છે. તેટલુંજ આપવું."

## ॥ इति सप्तमी कथा ॥

મદનાના પૂછવાથી ફરી કનકમંજરી કથા કહેવા લાગી. "કોઈ એક સ્ત્રી, પોતાની શોકયની ચોરીના ભયથી પોતાના અંગના આભૂષણો, પેટીમાં મૂકી સીલ કરીને દાસીની પાસે એક દેખાતા સ્થાન ઉપર મૂકાવી પોતાની સખીને ઘેર ગઈ. પછી એકદા પેલી શોકયે જાણે હમેંશા ઉઘડતી હોયની ? એમ પેટી ઉઘાડીને તેમાંથી મહા મૂલ્યવાલો હાર ચોરી લીધો. હવે પેલી સ્ત્રી પાછી આવી અને તેણીએ પેટીને ઉઘાડયા વિના દૂરથી જોઇને હારની ચોરી થએલી જાણી. "નિશ્ચે મ્હારી, શોકયે તે હાર ચોરી લીધો છે." એમ ધારી તે સ્ત્રીએ સર્વ માણસોની સમક્ષ તે સ્ત્રીનું વૃત્તાંત પ્રગટ કર્યું. પછી તે સ્ત્રી પોતાની શોકયને કોઇ દુષ્ટ દેવના સોગન આપવા માટે ત્યાં તેડી જવા લાગી. તેથી ભયભ્રાંત ચિત્તવાળી તે શોકયે તુરત લોકોના જોતાં છતાં તેણીનો હાર પાછે આપી દીધો." મદનાએ પૂછયું કે–"હે બાઇ! હારની માલીક તે સ્ત્રીએ પેટી ઉઘાડી નહોતી છતાં તેણીએ દૂરથીજ પેટી જોઇ હારની ચોરી શી રીતે જાણી ?" રાણી કનકમંજરી "એ વાત કાલે કહીશ" એમ કહી નિદ્રાવશ થઇ. પછી બીજે દિવસે વાત સાંભલવામાં મહા લોભી બનેલો રાજા ત્યાંજ અવ્યો અને કામસુખનો અનુભવ કર્યા પછી કપટનિદ્રાથી સુતો. દાસીએ આગલા દિવસની અધુરી વાત પૂછી એટલો રાણીએ મદનાને કહ્યું. "હે સખી! તે પેટી નિર્મલ એવ કાચની બનાવેલી હતી જેથી અંદર રહેલી સર્વ વસ્તુ પ્રગટપણે બહારથી દેખાતી હતી.

## ॥ इति अष्टमी कथा ॥

વલી પણ દાસીએ વાત પૂછી અને કનકમંજરી કહેવા લાગી. "એકદા કોઇ એક વિદ્યાધર કોઇ રાજકન્યાનું હરણ કરીને આકાશ માર્ગે ચાલ્યો. પુત્રીના હરણની વાત સાંભલી પિતા કહેવા લાગ્યો કે "જે વીર પુરૂષને મ્હારી પુત્રી

ને પાછી વાલશે તેને હું તે મ્હારી પુત્રી પરણાવીશ." રાજાના આવાં વચન સાંભળી ચાર પુરૂષો તૈયાર થયા તેમાં એક જોશી, બીજો સુથાર, ત્રીજો સુભટ સહસ્રસોધ અને ચોથો વૈદ્ય. વિદ્યાધર કઇ દિશામાં ગયો છે તે વાત જોશીએ કહી. સુથારે દિવ્ય રથ તૈયાર કર્યો. પછી તેમાં બેસી આકાશ માર્ગે જતા એવા સુભટે વિદ્યાધરને હણ્યો વિદ્યાધરે પણ મરતાં મરતાં પેલી કન્યાનું મસ્તક છેદી નાખ્યું. પરંતુ તેણીને વૈદ્યે તુરત જીવતી કરી. પછી રાજાએ તે પોતાની પુત્રી ચારે જણાને આપી. કન્યાએ કહ્યું "જે મ્હારી સાથે અગ્નિમાં પ્રવેશ કરશે તેનીજ હું પ્રિયા થઇશ એવો મ્હારો નિશ્ચય છે." પછી બીજે દિવસે મનુષ્યરહિત સ્થાનકે સુરંગના દ્વાર ઉપર રચેલી ચિતામાં જે પુરૂષ તે કન્યાની સાથે પેઠો તે ઉત્સાહ પૂર્વક તેણીને પરણ્યો." મદનાએ "હે તન્વિ ! એ ચારે પુરૂષોમાંથી કયો પુરૂષ, તે કન્યાને પરણ્યો તે મને કહે ?" એમ કહ્યું એટલે કનકમંજરીએ તે વાત પૂરી કરવાનું આવતે દિવસે કહ્યું. બીજે દિવસે રાજા ત્યાંજ આવ્યો અને કપટનિદ્રાથી સુતો. પછી દાસીના પૂછવાથી કનકમંજરીએ કહ્યું. "કન્યાનું મૃત્યુ થવાનું નથી એમ જે નિમિત્તજ્ઞ જાણતો હતો તે તેણીનો પતિ થયો."

॥ इति नवमी कथा ॥

વલી પણ મદના દાસીના પૂછવાથી રાણી કનકમંજરીએ વાત કહેવાનો આરંભ કર્યો. પૂર્વે જયપુર નામના નગરથી કાંતિએ કરીને સુંદર એવા રાજાને કોઈ અવિનિત અશ્વ, વનમાં લઇ ગયો. ચોકઠું ઢીલું કરવાથી ઉભા રહેલા અશ્વ ઉપરથી નીચે ઉતરેલા તે ભૂપતિએ એમ તેમ જોવાથી ત્યાં કોઇ એક નિર્મલ જળથી ભરેલું તલાવ જોયું. આ વખતે બહુ લાવણ્યવાળી કોઇ તાપસકન્યા ત્યાં આવી. રાજા તે તાપસકન્યાને પોતાની રાગવાલી દ્રષ્ટિથી અભિલાષ પૂર્વક જોવા લાગ્યો. પછી તાપસ કન્યાએ પોતાની સખીના મુખથી તે રાજાનો આદર સત્કાર કરીને તેને દાનમાનવડે પોતાના આશ્રમ પ્રત્યે આવવાનું નિમંત્રણ કર્યું. આશ્રમમાં આવેલા રાજાની કુલપતિએ તાપસજનને યોગ્ય એવી પૂજા કરી. ત્યારબાદ તે ભૂપતિ, કુલનાથે આપેલી તે તાપસકન્યાને મહોત્સવ પૂર્વક પરણ્યો. બીજે દિવસે અત્યંત પ્રસન્ન એવો તે રાજા, તાપસની રજા લઇ પોતાની નવી પત્ની સહિત અશ્વ ઉપર બેસી પોતાના રાજ્ય તરફ પાછો વલ્યો. અનુક્રમે આવતા એવા તે રાજાએ સાંજ થવાને લીધે એક તલાવને કાંઠે વૃક્ષની નીચે પડાવ કર્યો. ત્યાં તાપસકન્યા ઉંઘી ગઇ એવામાં કોઇ રાક્ષસ રાજાની પાસે આવી તેને કહેવા લાગ્યો. "હું છ માસ થયા ભૂખ્યો છું. સારૂં થયું જે આજે તું મને ઇષ્ટ ભોજનરૂપ પ્રાપ્ત થયો. હે ભૂપ ! હું ત્હારાથી અત્યંત તૃપ્ત થઈશ. અથવા તું મને ઇષ્ટ વસ્તુ ભોજનને માટે આપ. તે એજ કે કોઇ બ્રાહ્મણનો

અઢાર વર્ષનો પુત્ર, કે જેને માતાએ મસ્તકને વિષે અને પિતાએ પગને વિષે ઝાલેલો હોય, તેને તું પોતાના ખડગવતી હણી મને બલીદાન આપ તો હું તને ત્યજી દઉં. આ કાર્યની હું તને નિશ્ચયે સાત દિવસની અવધિ આપું છું." રાજા, અવસર મલવાની ઇચ્છાથી તે દૈત્યનાં વચન અંગીકાર કરી તુરત પ્રિયાસહિત અશ્વ ઉપર બેસી પોતાના નગર તરફ ચાલ્યો. પ્રભાત વખતે પોતાની પાછળ આવતા અને પોતે મળવાથી હર્ષ પામેલા સેવકોને તે બળવંત ભૂપતિ મલ્યો. અનુક્રમે તે ભૂપાલ, નિરૂત્સાહપણે પોતાના નગરમાં આવીને પોતાના મંદીરમાં ગયો. પછી રાજાએ પોતાનો સર્વ વૃત્તાંત વૃદ્ધ પ્રધાનોની પાસે કહ્યો એટલે તેઓએ તુરત ભૂપતિના સમાન એક સૂવર્ણની મૂર્ત્તિ કરાવી. પછી મંત્રીએ જ્યાં ઘણા વિપ્રોના ઘણાં ઘરો હતા એવા નગરને વિષે લક્ષ દ્રવ્યસહિત તે સુવર્ણ પુરૂષને ફેરવવા પૂર્વક એવો પટ્ટહ વગડાવ્યો કે "હે લોકો! કોઇ પુણ્યથી પવિત્ર અંધારી રાતને વિષે જન્મેલો બ્રાહ્મણ પુત્ર અર્પે છે? કે જે દયાવંત પોતાના જીવિતના દાનથી રાજાને પ્રસન્ન થાય. નિશ્ચે રાજા તેના પિતાને અસંખ્ય દ્રવ્ય અને આ સુવર્ણ પુરૂષ આપશે." આ પ્રમાણે પટહ વગડાવતાં સાત દિવસ થયા એવામાં તે સાતમે દિવસે કોઇ એક બ્રાહ્મણના પુત્રે તે પટહને રોકીને તેની ઉદ્દઘોષણાનો સર્વ તાત્પર્ય જાણ્યો. પછી તે વાત પોતે કબુલ કરી. રાજપુરૂષોને ઘરની બ્હાર ઉભા રાખી દયાથી ભિંજાઈ ગએલા ચિત્તવાળો પોતે ઘરની અંદર જઇને અત્યંત ભયભ્રાંત થએલા માતા પિતાને પ્રતિબોધ કરવા લાગ્યો. "હે માતા પિતા! આજે મ્હારા ઉપર પૂર્વના બહુ પુણ્યો પ્રસન્ન થયાં છે. વલી અસંખ્ય મનોરથોથી મ્હારી ઇચ્છાઓ ફલીભૂત થઈ. નિશ્ચે વાયુમય પ્રાણો નાશવંત સ્વભાવવાલા છે. માટે જેમ તેમ કરીને પણ હું આ મ્હારા પ્રાણોથી અખંડિત એવા યશને ખરીદ કરૂં. વલી "હું સર્વ પ્રાણીઓના હૃદયમાં વસેલો છું." એમ જે કહે છે. તે ત્રણ જગતના નિયંતા ભગવાન્ પરમાત્મા ખરેખર મ્હારા ઉપર પ્રસન્ન થયા છે કે જેથી મને આવો અવસર મલ્યો. આ જગત્માં પેટભરા મનુષ્યો તો ઘણાએ ઉત્પન્ન થાય છે. પરંતુ જે પરોપકારને માટેજ જન્મે છે. તેજ જન્મ્યો કહેવાય છે. તેમ તે મુવા છતાં પણ જીવતો કહેવાય છે. વિશ્વમાં સર્વે પ્રાણીઓ પોતાના આત્માનું પોષણ કરે છે. તેમ જગત્ પણ પોતાનું પોષણ કરે છે. પરન્તુ કોઈ કોઈનું પોષણ કરતું નથી. નિશ્ચે આ દેહ ભાગ્યાધીન છે. એજ કારણથી આત્માનું હિતકારી શાશ્વતું પુણ્ય અંગીકાર કરવું. જેનો દેહ કૃતઘ્નપણાથી બીજાઓને વિઘ્ન ઉપજાવતાં છતાં વૃથા નાશ પામે છે તે પુરૂષ પરોપકાર અથવા પુણ્યને અર્થે શું કાર્ય કરી શકવાનો છે. જો દેહ પરોપકાર કરવાવામાં સમર્થ ન હોય તોઅધમ ભક્ષણથી પોષણ કરેલા તે અધમ દેહથી શું? અર્થાત્ કાંઇ નહિ. જે પરોપકાર કરનારા છે તેઓજ મ્હોટા કહેવાય છે જેમ કે મેઘ, વૃક્ષ, સૂર્ય અને ચંદ્રકાંત પરોપકારથી વિશ્વમાં ગરીષ્ટપણું પામ્યા છે. હે માતા પિતા! તમે દ્રવ્ય વડે કરીને, રાજા પ્રાણવડે કરીને, રાક્ષસ ઇષ્ટ ભોજનવડે કરીને અને હું મ્હારી મનોરથની પ્રા-

મિએ કરીને એમ પૂર્ણ ઇચ્છાવાળા થઇએ. પરોપકાર કરવામાં પ્રીતિવાળા પુત્રને આજ્ઞા આપી અને રાજકાર્ય કરવાની હા પાડી. માતા પિતાએ નગરવાસી જનોને હર્ષિત કર્યા. પછી સ્નાન કરી ચંદનાદિનો લેપ કરી અને ભોજન કરી વળી વાજીંત્રોના શબ્દપૂર્વક નગરમાં ફરી રાક્ષસની પાસે આવેલા તે પુત્રને માતા પિતાએ રાક્ષસના કહેવા પ્રમાણે ઉંચકયો. આ વખતે હાથમાં ખડગ ધારી રહેલા રાજાએ તે બ્રાહ્મણ પુત્રને "તું ત્હારા ઇષ્ટનું સ્મરણ કર." એમ કહ્યું. બ્રાહ્મણ પુત્ર પણ રાક્ષસ સામું જોઇને હસવા લાગ્યો. રાક્ષસે તેને હસવાનું કારણ પૂછયું એટલે તે વિપ્ર પુત્રે કહ્યું. "હે રાક્ષસ પ્રથમ તને આ રાજાએ સ્વાર્થપણાએ કરીને આ શું આપ્યું ?" બ્રાહ્મણ પુત્રનાં આવાં વચન સાંભળી જેને હર્ષથી પુલકાવલી ઉત્પન્ન થઇ હતી એવા તે રાક્ષસે કહ્યું. "હે દ્વિજ ! હું ત્હારા સત્ત્વથી સંતુષ્ટ થયો છું માટે કહે હું ત્હારૂં શું કાર્ય કરૂં ?" બ્રાહ્મણ પુત્રે હસતાં છતાં કહ્યું "જો તું મને ઇષ્ટ વસ્તુ આપવાનું કહેતો હોય તો પ્રથમ તું હિંસાનો ત્યાગ કર," વળી તે વિપ્ર પુત્રે મનમાં હિંસક જીવોનું ચિત્ત શુભ કયાંથી હોય ? અને માંસ ભક્ષણ કરનારા અમૃતભોજી કયાંથી થાય " એમ વિચાર કરીને કહ્યું કે "ત્હારે વૃથા હિંસા ત્યજી દેવી." બ્રાહ્મણપુત્રે કરેલા હાસ્યથી પ્રતિબોધ પામેલો રાક્ષસ શ્રી અરિહંત પ્રભુનો દયામય ધર્મ અંગીકાર કરી તે બ્રાહ્મણપુત્રને ગુરૂ સમાન માનવા લાગ્યો. પછી બ્રાહ્મણપુત્રથી પ્રતિબોધ પામીને ભૂપાદિ અનેક માણસોએ શાંત અને દયામય જૈનધર્મનો અંગીકાર કર્યો. (દાસી રાણી કનકમંજરીને કહે છે કે, હે નૃપપ્રિયે ! બ્રાહ્મણપુત્ર શા કારણથી હસ્યો હતો તે કહે ? કે જેના હાસ્યને સાંભળીને તે રાક્ષસાદિ સર્વને દયામય ધર્મને વિષે બુદ્ધિ થઇ." રાણી "તે કાલે કહીશ " એમ કહીને સૂઈ ગઇ. બીજે દિવસ વાત સાંભળવા માટે આવેલો રાજા ક્રીડા કરીને સુતો એટલે દાસીએ આગલા દિવસની વાત પૂછી કનકમંજરીએ કહ્યું. "મનુષ્યોને માતા પિતા શરણરૂપ છે. અને રાજા દેવરૂપ છે એ સઘળા વિપ્રપુત્રની પાસે હતા, છતાં રાજાએ તેને તેના ઇષ્ટ દેવતાનું સ્મરણ કરવાનું કહ્યું તેથી તે એમ વિચાર કરીને હસ્યો કે "જેનું મ્હારે સ્મરણ કરવું જોઇએ તે તો મ્હારી પાસે છે તો હવે મ્હારે કોનું સ્મરણ કરવું ? માટે હે નૃપ ! જે દયારૂપ અમૃતના સમુદ્ર છે. અહિંસક છે, અને શરણ આવેલાનું રક્ષણ કરનાર છે તેજ ભવપારગામી શ્રી અરિહંત શરણ કરવા યોગ્ય છે, "

આ પ્રકારની અનેક કથાઓ વડે વારંવાર મોહ પમાડતી રાણી કનકમંજરીએ રાજાને પોતાના સ્વાધીન બનાવી દીધો. રાણી કનકમંજરીને વિષેજ અત્યંત અનુરક્ત ચિત્તવાળો અને નિરંતર તેના ઉપર મોહ પામેલો રાજા કયારે પણ બીજી રાણીઓનું કુશળાદિક પણ પૂછતો નહોતો. ઘણું કરીને સ્ત્રીઓ, બાળકો અને રાજાઓ નિરંતર મુગ્ધ હૃદયવાળા હોય છે, માટે જેમ પારધીઓ વનમાં મૃગને

પોતાના કબજે કરે છે તેમ તેઓને નીચ માણસો પોતાને સ્વાધિન કરી લે છે. પુરૂષોને વિષે પુરૂષાર્થ ત્યાંજ સુધી ટકી શકે છે કે જ્યાં સુધી તેઓ સ્ત્રીઓની ઉત્કૃષ્ટ ભ્રકુટીવડે વિંધાણા નથી.

હવે રાજા નિરંતર કનકમંજરીને ત્યાં જવા લાગ્યો તેથી અત્યંત ક્રોધયુક્ત હૃદયવાળી બીજી સર્વ સ્ત્રીઓ કનકમંજરી ઉપર દ્વેષ કરવા લાગી સર્વ રાજસ્ત્રીઓની કળા, કુળ અને રૂપને અત્યંત તિરસ્કાર કરી ચિત્રાંગદ પુત્રી કનકમંજરીએ કથાના રસવડે રાજાને વશ કર્યો કારણ કોમળ વાણી, નિર્દ્રવ્ય મુખમંડન, પવિત્ર લક્ષ્મીનો મેળાપ એ સર્વ કાર્ય વિના પણ વશ કરવાનાં સાધન છે. પછી બહુ દ્વેષ થવાને લીધે તે સર્વે શોક્યો નિરંતર ગુપ્ત રીતે કનકમંજરીનાં છિદ્ર ખોળવા લાગી.

હવે તે કનકમંજરી હંમેશાં મધ્યાહ્નને વખતે એકાંતમાં પોતાનાં પૂર્વના વસ્ત્રો પહેરી અને આરસામાં પોતાના આત્માને જોતી છતી પોતાની નિંદા કરતી હતી. આ તેણીનું છિદ્ર જોઇ બહુ હર્ષ પામેલી રાણીઓએ તુરત એકાંતમાં રાજા પાસે આવીને વિનંતિ પૂર્વક કહ્યું કે "હે સ્વામિન્! એ તમારી ક્ષુદ્ર સ્ત્રી નિરંતર કામણ કરે છે. જો અમે ખોટું બોલતાં હોઇએ તો આપ પોતે મધ્યાહ્નને વખતે ત્યાં જઇ જુઓ કે તે શું જુએ છે." સ્ત્રીઓનાં આવાં વચન સાંભળી ભૂપતિ તે કનકમંજરીનું સ્વરૂપ જાણવા માટે તે જ્યાં રહેતી હતી તે ઘર પ્રત્યે તેજ વખતે તુરત ગયો.

અહિં કનકમંજરી જ્યારથી રાજાને પરણી તે દિવસથી આરંભીને તે હંમેશાં બપોર વખતે પોતાના આત્માને શિખામણ આપતી. એવી રીતે કે પોતે એકાંતમાં જઇ, રાજાએ આપેલા વસ્ત્રાલંકારને ત્યજી દઇ અને પોતાના પિતાએ આપેલા નિંદ્ય વસ્ત્રાદિકને ધારણ કરતી, તેમજ પોતાના પૂર્વના કાચ અને કથિરના ઘરેણાને ધારણ કરીને તે ચિત્રાંગદ પુત્રી, પોતાના આત્માને એવી રીતે પ્રતિબોધ કરતી કે "હે આત્મન્! તું પોતાના આ પૂર્વનાં આભરણોનો વિચાર કરી અને આ રાજ્યલક્ષ્મીથી અનર્થકારી એવું માન ન કરીશ. હે જીવ! તું સ્વામીની સંપત્તિએ કરીને પોતાને ન ભૂલી જા, કારણ મદ્ય અને વિષથી પણ માયાની મોહશક્તિ બહુ મ્હોટી છે. પતિની ભક્તિ વિના સ્ત્રીઓ રૂપ, વંશ, વેષ કે કામણે કરીને સુખી થતી નથી. વળી તેઓ શિયળ વિના અલંકાર, દિવ્ય વસ્ત્ર કે અંગકાંતિથી શોભતી નથી." વિવેકવાળી અને આત્માના વશીકરણ કાર્યને જાણનારી કનકમંજરી આ પ્રમાણે નિત્ય પોતાના આત્માને શિખામણ દઈ અને પછી બીજું કાર્ય કરતી. આ વખતે ગુપ્ત રીતે છિદ્ર જોવા માટે આવેલો રાજા તેણીનું સર્વ વૃત્તાંત સાંભળી બહુ હર્ષ પામ્યો. પછી પ્રસન્ન થએલા રાજાએ તેણીને પટ્ટરાણી પદ આપ્યું. કહ્યું છે કે—સ્ત્રીઓની પતિને વિષે ભક્તિ એજ એક કાર્ય વિનાનું વશીકરણ છે. શોક્યોને અત્યંત તાપ પમાડનારી કનકમંજરી ઉત્કૃષ્ટ ગુણને પામી. કહ્યું છે કે અગ્નિમાં તપાવેલું સુવર્ણ અધિક તેજવાળું થાય છે.

એકદા ઉદ્યાનમાં વિમલાચાર્યને આવેલા સાંભળી ભૂપતિ, પટ્ટરાણી સહિત તેમને વંદન કરવા ગયો. પાંચ અભિગમનથી અવગ્રહની અંદર પ્રવેશ કરીને ભૂપતિએ ત્રણ પ્રદક્ષિણા કરવા પૂર્વક ગુરૂને નમસ્કાર કર્યા. પછી રાજાદિ સર્વે મનુષ્યો પોત પોતાને યોગ્ય આસને બેઠા એટલે ગુરૂએ મેઘની પેઠે દેશના રૂપ અમૃતનો વર્ષાદ કરવા માંડયો. "જેમ સમુદ્રમાં પડી ગએલું ચિંતામણિ રત્ન દુર્લભ થાય છે તેમ આ સંસાર સમુદ્રમાં ખોવાઇ ગએલો મનુષ્યભવ પણ ફરીથી મલવો મુશ્કેલ થઇ પડે છે. હા ! જે મનુષ્યો, કામની ઇચ્છાથી પોતાના મનુષ્ય ભવને વૃથા ગુમાવે છે તેઓ નિશ્ચે પોતાના આંગણામાં ઉગેલી કલ્પલતાને ઉખેડી નાખી વિષવલ્લીને વાવવા પ્રયત્નો કરે છે. હે ભવ્ય જીવો ! રાગાદિ દોષથી નિર્મુક્ત એવા દેવ, પરિગ્રહરહિત ગુરૂ અને જિનભાષિત ધર્મ એજ તત્ત્વ છે. માટે તમે નિરંતર તે તત્ત્વનો આશ્રય કરો. જે દેવાદિકને વિષે બોધ તે જ્ઞાન કહેવાય છે. અને તે જ્ઞાનને વિષે જે પ્રીતિ તેનું નામ સમક્તિ કહેલું છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ માર્ગ દેવ, ગુરૂ અને ધર્મ રૂપ ત્રણ તત્ત્વથી ગોચર હોવાથી ત્રણ પ્રકારનો કહેલો છે. હે નૃપતિ ! તેજ માર્ગ નિશ્ચે ભવ્ય જીવોને મોક્ષાર્થે થાય છે." આ પ્રમાણે સૂરિનું ધર્મવ્યાખ્યાન સાંભલી ધર્મકાર્યમાં વિશેષે તત્પર થએલો ભૂપાલ, કનકમંજરીની સાથે શ્રાવક ધર્મ પાલવા લાગ્યો. પછી તે જિતશત્રુ રાજા નિરંતર આ લોક તથા પરલોકને માટે રાજ્યનું અને અરિહંત ધર્મનું પરસ્પર અવિરોધથી ન્યાયીરીતે પાલન કરવા લાગ્યા.

એકદા રાણી કનકમંજરીએ પોતાના પિતાને માંદા પડેલા જોઇ નમસ્કાર મંત્ર આપ્યો. ચિત્રાંગદ પણ તે નમસ્કારનું સ્મરણ કરતો છતો કાલથી મૃત્યુ પામ્યો. પછી કનકમંજરી પણ કેટલાક કાલે કરીને અરિહંત ધર્મનું આરાધન કરી કાલ ધર્મ પામીને દિવ્ય સુખના સ્થાન રૂપ દેવીપણું પામી. ત્યાંથી ચ્યવીને તે વૈતાઢય પર્વત ઉપર ભદ્રતોરણ નામના નગરમાં દઢશક્તિ નામના વિદ્યાધરાધિપતિની કનકમાલા નામે પુત્રી થઇ. એકદા કામદેવથી તપ્ત થએલા વાસવ નામના વિદ્યાધરે તે યૌવનાવસ્થા પામેલી કનકમાલાને હરણ કરી ? આ મહા પર્વત ઉપર લાવ્યો. ત્યાં તેણે મંગલ ચૈત્યની આગળ એક વેદી બનાવી. કારણ કે દેવતાઓની પેઠે વિદ્યારૂપ દ્રવ્યવાલા વિદ્યાધરો પણ પોતાની મરજી પ્રમાણે વિલાસ કરનારા હોય છે. પછી વિદ્યાના બલથી સર્વ સામગ્રી તૈયાર કરીને જેટલામાં તે વિદ્યાધર ઉત્સાહ પૂર્વક કનકમાલાનું ગાંધર્વ વિવાહથી પાણીગ્રહણ કરવા તૈયાર થયો, તેટલામાં કનકમાળાનો સુવર્ણતેજ નામનો મ્હોટો ભાઇ તે ચોર રૂપ વાસવ વિદ્યાધરનો તિરસ્કાર કરતો છતો તેની પાછલ આવી પહોંચ્યો. પછી દુઃસહ એવા તે બન્ને જણા પરસ્પર ખડ્ગનું યુદ્ધ કરતા છતા ક્રોધરૂપ અગ્નિમાં બળિદાન રૂપ થયા. આ અવસરે કનકમાલાને પ્રસન્ન થએલા કોઇ દેવતાએ બંધુના અગાધ શોકથી પીડા પામેલી અને ભયભ્રાંત થએલી

જાણી તેણીને એકાંત સ્થાનમાં લાવીને કહ્યું. "હે પુત્રી! યુદ્ધમાં સન્મુખ હણાયલા બંધુનો તું શોક ન કર, જેમ દ્રવ્યથી દ્રવ્ય વૃદ્ધિ પામે છે. અને દુઃખથી દુઃખ વધે છે તેમ શોકાનુબંધી શોક બીજા શોકને શમાવતો નથી. હે વત્સ! તું મ્હારી પુત્રી હોવાથી મ્હારા પ્રાણથકી પણ વધારે વહાલી છું. માટે અહિં પ્રસન્ન ચિત્તથી નિઃસંદેહપણે દીર્ઘકાલ પર્યંત રહે." દેવતાનાં આવાં વચન સાંભલી કનકમાલા "આ દેવતા કોણ, હું એની પુત્રી શી રીતે, એ મ્હારે વિષે કેમ સ્નેહ કરે છે તેમ મ્હારો અંતરાત્મા પણ તેને વિષે કેમ પ્રીતિ પામે છે?" એમ જેટલામાં વિચાર કરે છે તેટલામાં દૃઢશક્તિ વિદ્યાધરેંદ્ર ત્યાં આવી તેણીને અમૃત દ્રષ્ટિથી જોવા લાગ્યો. વલી તેણે ત્યાં પૃથ્વી ઉપર પરસ્પર હણાઇને પડેલા વાસવ વિદ્યાધરને તથા પોતાના પુત્ર સુવર્ણતેજને દીઠા. એટલુંજ નહીં પણ તે પોતાની આગલ પડેલી, કપાઇ ગએલા મસ્તકવાળી કનકમાલિકા પુત્રીને જોઈ વિચાર કરવા લાગ્યો. "પ્રથમ આ અધમ વાસવે મ્હારી પુત્રીનું હરણ કર્યું અને મ્હારા પુત્ર સુવર્ણતેજને માર્યો. વલી મ્હારા પુત્રે તેને પણ મારી નાખ્યો દેખાય છે. અરે જીવ! દુઃખની ખાઇરૂપ આ સંસારમાં કઈ સાર વસ્તુનું વર્ણન કરૂં? કે જ્યાં ઇષ્ટ પુરૂષના વિયોગ રૂપ અનિષ્ટ યોગથી ઉત્પન્ન થએલું દુઃખ વૃદ્ધિ પામે છે. ક્યાં મ્હારો પુત્ર અને પુત્રી? વળી ક્યાં આ શસ્ત્રધારી વાસવ? હે જીવ! નિરંતર તું આ જગત્‌ને સ્વપ્નાના સમાન જાણ. આ મ્હારો શત્રુ અને આ મ્હારો મિત્ર એ કેવલ મોહનીજ ચેષ્ટા છે. મોહથીજ જડ હૃદયવાલા લોકો પોતાનું હિત જાણી શકતા નથી. અવલા માર્ગે ચાલનારાને વૈરી અથવા મિત્ર ગણવો એ સર્વ મનુષ્યોને વિષે ભ્રાંતિ છે. આ મનુષ્ય સુખ દુઃખનું નિર્ણય કરેલું તત્ત્વ જાણે છે કે અસંતોષથી મહાદુઃખ અને સંતોષથી ઉત્કૃષ્ટું સુખ મળે છે." આ પ્રમાણે બિચાર કરતા એવા તે લઘુકર્મી અને ધર્મિ એવા દૃઢશક્તિ વિદ્યાધરને પૂર્વ ભવના જાતિ સ્મરણને લીધે સ્વયંબુદ્ધપણું પ્રાપ્ત થયું. પછી દેવતાએ વેષ આપ્યો એટલે તે દૃઢશકિત ચારણ મુનિ થયો. આ વખતે પુત્રી કનકમાલાની સાથે પેલા દેવતાએ આવીને તેને નમસ્કાર કર્યો. પુત્રીને જીવતી જોઇ અત્યંત વિસ્મય પામેલા ચારણ મુનિએ તે દેવતાને પૂછયું કે "અહો! આ શું?" દેવતાએ કહ્યું. "હે મુનિ! રણમાં પરસ્પર યુદ્ધ કરીને મૃત્યુ પામેલા તે બન્ને વિદ્યાધરોની પાસે મેં માયાથીજ આ કન્યા મૃત્યુ પામેલી દેખાડી હતી." મુનિએ "તમે તેવી માયા શામાટે કરી?" એમ પૂછયું એટલે તે વ્યંતર દેવતાએ હસીને કહ્યુ કે "હે મહામુનિ! એ વાત તમે સ્થિર થઇને સાંભળો. પૂર્વે હું ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજા જિતશત્રુની પ્રિયા કનકમંજરીનો પિતા ચિત્રાંગદ નામે હતો. તેણીએ આપેલા નવકારના પ્રભાવથી હું મૃત્યુ પામીને વ્યંતર દેવતા થયો છું. અને તે મ્હારી પુત્રી કનકમંજરી પણ દેવીપણાનો અનુભવ કરીને પછી તમારી વિદ્યાધર પુત્રી થઈ છે. વાસવ વિદ્યાધર તેણીને હરણ કરીને પ્રાસાદ આગલ લાવ્યો એટલામાં આ પર્વતમાં રહેતા એવા મેં અવધિજ્ઞાનથી તેણીને મ્હારી પુત્રી જાણી. પરસ્પર યુદ્ધ કરીને વાસવ તથા સુવર્ણતેજ બન્ને જણા મૃત્યુ પામ્યા. પછી હું જેટ-

લામાં તેણીને આશ્વાસન કરતો હતો તેટલામાં મેં તને આવતો જોયો. તેથી જ મે એવી માયા કરી હતી તે એમ ધારીને કે આ કનકમાળા તે પોતાના પિતાની સાથે ન જાઓ. આવી રીતે તમને નિરાશ કરવાના હેતુથીજ મેં તે માયા રચી હતી. હે મહામુનિ! આપે આ મ્હારો અપરાધ ક્ષમા કરવો." આ પ્રમાણે હાથ જોડીને ક્ષમા માગતા જોઈ તે વ્યંતર દેવતાને ચારણમુનિએ કહ્યું કે "તમે આ મ્હારે વિષે યોજેલી તમારી માયા દિવ્ય છે. કે જે મહામાયાએ મ્હારી સર્વ ભવરૂપમાયાને હરણ કરી લીધી. અહો! તમે મ્હારો જરા પણ અપરાધ કર્યો નથી." એમ કહીને તે મહામુનિ વ્યંતર દેવતાને આશીષ્ આપી અન્યસ્થાને વિહાર કરી ગયા.

હવે વ્યંતર દેવતાએ કહેલા પોતાના તે પૂર્વ ભવને સાંભળીને કનકમાળાને તુરત જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી તે પોતાના પૂર્વ ભવના પિતા રૂપ વ્યંતર દેવતાની પ્રાર્થના કરવા લાગી કે "હે તાત! હમણાં તમે તે મ્હારા પૂર્વ ભવના પતિને મેલવી આપો." વ્યંતરે કહ્યું. "હે પુત્રી! ત્હારે યાચના કરવી પડે તેમ નથી કારણ કે આ યાચનામાં ત્હારૂં જાગતું ભાગ્ય વિજયવંત વર્તે છે. ત્હારો પતિ જિતશત્રુ રાજા મૃત્યુ પામીને દેવતા થયો અને ત્યાંથી તે ચ્યવીને દૃઢરથ રાજાનો પુત્ર સિંહરથ નામે થયો છે. તે પુંડ્રપુરનો મહારાજા, ગાંધાર દેશના અધિપતિએ આપેલા અશ્વથી હરણ થયો છતો આ પર્વત ઉપર આવશે. આ વૈદ્યાદિ સર્વ સામગ્રી છતાં તે તને તુરત પરણશે માટે તે જ્યાં સુધી અહિં આવે ત્યાં સુધી આ સ્થાનકે રહે. એમ કહી વ્યંતરદેવ શ્રીજિનેશ્વરદેવને વંદન કરવા મેરૂ પર્વત ઉપર ગયો. બીજે દિવસે સિંહરથ રાજા ત્યાં આવ્યો. (કનકમાળા સિંહરથ રાજાને પૂર્વભવનો સંબંધ કહીને કહે છે કે) હે સ્વામિન્! તે વ્યંતર દેવતા કાલેજ શ્રી જિનેશ્વર પ્રભુને નમસ્કાર કરવા માટે મેરૂ પર્વત ઉપર ગયા અને મ્હારા ભાગ્યથી ખેંચાયલા તમે આજે અહિં આવી પહોંચ્યા." સિંહરથ રાજા આ પ્રમાણે પોતાના પૂર્વભવની સર્વ વાત સાંભળી વિચાર કરતો હતો એવામાં પેલો વ્યંતરદેવ કે જે તેનો સસરો થતો હતો તે ત્યાં આવ્યો. પછી દિવ્ય વાજીંત્રોના નાદ પૂર્વક શ્રી જિનેશ્વર પ્રભુનું પૂજન કરીને સિંહરથ રાજાએ મધ્યાન્હે ભોજન કર્યું. પછી દેવતાએ જેની સર્વ ઈચ્છાઓ પૂર્ણ કરી છે એવા તે સિંહરથ રાજાએ તે પર્વત ઉપર એક દિવસ પેઠે એક માસ નિર્ગમન કર્યો. પોતાને દીર્ઘકાળ થવાને લીધે રાજ્યની ખરાબી થવાની શંકા પામેલા રાજાએ અનિષ્ટ છતાં પણ પોતાની પ્રિયાને આ પ્રમાણે કહ્યું. "હે પ્રિયે! પ્રબલ એવો શત્રુનો સમૂહ રાજ્યને ખરાબ કરશે. માટે હું ત્યાં જાઉં છું. આજથી પાંચમે દહાડે ફરી પાછો અહિં આવીશ. કનકમાલાએ કહ્યુ. "હે નાથ! આપ અહિં રહેવા માટે રાજ્યને ત્યજી દેવા શકિતવંત નથી જેથી આવજા કરવામાં આપને બહુ કષ્ટ થશે. માટે આપ મ્હારી પાસેથી પ્રજ્ઞપ્તિ વિદ્યા ગ્રહણ કરો કે જેથી આવવું જવું સુખે કરીને થાય. પછી પ્રિયાએ આપેલી પ-

જ્ઞપ્તિ વિદ્યા રાજાએ તુરત અંગીકાર કરી અને સાધી. જેથી તે સિંહરથ રાજા સર્વ વિદ્યાધરોમાં અગ્રણી થયો. પછી પૂર્વભવના પ્રેમથી પૂર્ણ એવી પ્રિયાની રજા લઇ સિંહરથ ભૂપતિ, નગરવાસી લોકોએ કરેલા ઉત્સવ પૂર્વક પોતાના નગરમાં આવ્યો. ત્યાં કેટલા દિવસ નિર્ગમન કરી ફરી તે પર્વત ઉપર ગયો. આ પ્રમાણે તેણે વારંવાર ત્યાં જવું આવવું કર્યું. પરંતુ કનકમાલાને પોતાના મનમાંથી જરા પણ દૂર કરી નહીં. પછી તો તે હંમેશાં વિદ્યાના બલથી ત્યાં જવા આવવા લાગ્યો. તે ઉપરથી લોકોએ તેનું નગાતિ એવું નામ પાડયું. હવે પછી સિંહરથને ઠેકાણે નગાતિ ગાંધાર નામ આપવું.

એકદા પેલો વ્યંતર દેવતા ખેદ ધરતો છતો સિંહરથ રાજાને કહેવા લાગ્યો. "હું આપના પૂજ્યપણાથી બીજા દેવતાઓની મધ્યે માન પામ્યો છું. હમણાં હું મ્હારા સ્વામીની આજ્ઞાથી બીજા દેશ પ્રત્યે જાઉં છું. પરંતુ આ પર્વતને વિષે અને પુત્રીને વિષે મ્હારો બહુ સ્નેહ છે. મહાત્મા પુરૂષોને સ્નેહસહિત મુગ્ધપણામાં જરા પણ ભેદ નથી તેથી ચાતુર્યના સાગર અને જમાઇ રૂપ તમારી પાસે હું એટલી યાચના કરૂં છું કે, તમે મ્હારી પુત્રીને પોતાના નગર પ્રત્યે લઇ જઈ આ પર્વતને શૂન્ય કરશો નહીં. તેમજ આ મ્હારા સ્થાનનું રક્ષણ કરશો." આ પ્રમાણે કહીને તે વ્યંતર દેવતા પોતાના પરિવારને સાથે લઇ ચાલ્યો ગયો. સિંહરથ રાજાએ પણ તે વ્યંતર દેવાતાનું વચન અંગીકાર કરી પર્વતને શૂન્ય ન કરવા માટે ત્યાં એક મ્હોટું નગર વસાવ્યું. દેવાલયોથી દેદીપ્યમાન, દિવ્ય અમરાવતી સમાન અને કલ્યાણની શોભાના સ્થાન રૂપ તે નગરનું નગાતિપુર એવું નામ પાડયું. મ્હોટા પ્રસાદોના શિખરો ઉપર રહેલા સુવર્ણના કલશો જાણે મધ્યાન્હકાલના સૂર્યનાં મંડલો હોયની ? એમ શોભતાં હતાં. સિંહરથ એ પર્વત ઉપર રહેનારા વ્યંતરનો અને તે નગાતિપુરનો એમ બે પ્રકારે રાજા થયો. ત્યાં પોતાની પ્રિયાની સાથે અસંખ્ય ભોગોને ભોગવતો એવો તે ભૂપતિ, દોગુંદક દેવની પેઠે શોભતો હતો. નિરંતર ન્યાયથી રાજ્યનું પાલન કરતા એવા તે રાજાનો ત્યાં અનુક્રમે બહુ કાલ નિર્ગમન થયો.

એકદા સિંહરથ રાજા પોતાના સ્વજનોના આગ્રહથી નગરની પાસેના ઉદ્યાનમાં વસંત જોવા ગયો. ત્યાં તેણે માર્ગમાં ગુંજારવ કરતા ભ્રમરોથી વ્યાપ્ત અને મંજરીના સમૂહથી મનોહર જાણે પૃથ્વીનું અદભૂત છત્ર હોયની ? એવું એક આંબાનું વૃક્ષ દીઠું. વસંત સમયથી ઉત્પન્ન થએલી અનેક કળીઓ વડે મનોહર એવા તે વૃક્ષને જોઇ રાજા બહુ હર્ષ પામ્યો. " પછી મંજરીના સમૂહની સંપત્તિએ કરીને શોભાના સ્થાન રૂપ અને મનોહર એવું તે વૃક્ષ સર્વ પ્રાણીઓના મનને ખુશી કરે છે." એમ પ્રશંસા કરતા એવા ભૂપતિએ પોતે આંબાની એક મંજરી લઇ વારંવાર સુંઘતા સુંઘતા આગળ પ્રયાણ કર્યું. પાછળ ગાડરિયા પ્રવાહના સરખા લોકોએ

મંજરી, ફૂલ અને પત્રાદિ લઇ લઈને એ આમ્રવૃક્ષનું માત્ર થડ રહેવા દીધું. પછી ક્રીડા કરીને પાછા ફરેલા રાજાએ ફક્ત થડવાલા તે આમ્રવૃક્ષને જોઈ વિચાર્યું કે, " અહો ! નેત્રની પ્રીતિ કરનારો આ આમ્રવૃક્ષ પ્રથમ મેં કેવો દીઠો હતો. છતાં તેની આવી અવસ્થા થઇ ? ખરેખર એનાજ સમાન દશા મનુષ્યોની પણ ઘણું કરીને થાય છે. સંસારમાં પરિવર્તન થઇ રહેલા સર્વ ભાવોને અનિત્યપણાને લીધે શું નિશ્ચે વિપર્યયપણું નથી પ્રાપ્ત થતું ? દુઃસ્થ એવા મનોરથની પેઠે નવિન નવિન ધન, કુટુંબ અને દેહાદિ સર્વ નાશ પામે છે. આ સર્વ સંસારની સ્થિતિ સંધ્યાના વાદલાના રંગની પેઠે, હસ્તિના કાનની પેઠે, વલી વિજલી અને પાકેલા પત્રની પેઠે તેમજ મદોન્મત્ત એવી સ્ત્રીના કટાક્ષની પેઠે સ્થિરતા પામતી નથી. પાપ પુણ્યથી ઉત્પન્ન થએલા અને અપાર એવા ભવના એક કારણ રૂપ એવા જેના અસાતા સાતા રૂપ પાપ પુણ્ય શાંત થયાં નથી એવો જીવ ક્યારે પણ સિદ્ધિપદ રૂપ મહેલ ઉપર ચડી શકવાને સમર્થ થતા નથી. અનાદિસિદ્ધ, શાશ્વત અને અમૂર્ત એવા જીવને નાશવંત સ્વભાવવાલા અને મૂર્તિમંત એવા દેહની સાથે વૃથા મમત્વપણું છે. માટે હે જીવ ! તું દેહ ઉપરનો મોહ ત્યજી દે. " આમ્રવૃક્ષની શ્રી અથવા અશ્રી જોઇ આ પ્રમાણે વિચાર કરતો એવો તે નગાતિ ગાંધાર ભૂપતિ પ્રતિબોધ પામીને પ્રત્યેકબુદ્ધપણું પામ્યો. તે વખતે દેવતાએ તેને તુરત સાધુનો વેષ આપ્યો.

## इति श्रीनगाति चरित्रम्.

હવે કરકંડુ, દ્વિમુખ, નામિ અને નગાતિગાંધાર એ ચારે મુનીશ્વરો પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા અનુક્રમે ક્ષિતિપ્રતિષ્ટ નગરને વિષે આવ્યા. ત્યાં તેઓ કોઈ બહુ ન્હાના એવા ચતુર્મુખ દેવમંદિરમાં પૂર્વાદિ દિશાઓને વિષે અનુક્રમે શુદ્ધ ધ્યાનમાં નિરંતર એક ચિત્તવાલા થયા છતાં બેઠા. આ વખતે અત્યંત પ્રસન્ન થએલા મનવાલો મંદીરાધિપતિ દેવ વિચાર કરવા લાગ્યો કે, આ સંતોષધારી મહામુનિઓનું મ્હારે શી રીતે આતિથ્ય કરવું ? નિશ્ચે આજે હું કૃતકૃત્ય, ધન્ય અને પુણ્ય દેહવાળો થયો જે પવિત્ર દર્શનવાલા આ મુનીશ્વરોએ આજે મ્હારા મંદિરને પવિત્ર કર્યું. હમણાં એમના સન્મુખ થઈને બેસવું એજ આતિથ્ય કરવું યોગ્ય છે. " એમ ધારીને તે દેવતા તે ચારે મુનિઓની તરફ ચાર મુખ કરીને બેઠો. આ વખતે ખરજ આવવાને લીધે સળીવડે ખણુતા એવા કરકંડુ મુનિને જોઇ દ્વિમુખ મુનીશ્વરે કહ્યું કે, " તમે પુર, અંતઃપુર, રાજ્ય અને દેશ ત્યજી દીધો છે છતાં ફરીથી પરિગ્રહ શા માટે કરો છો ? " દ્વિમુખનાં આવાં વચન સાંભલી કરકંડુ જેટલામાં તેમને ઉત્તર આપવા જાય છે. તેટલામાં ઉત્પન્ન થયો છે તર્ક જેમને એવા નમિ મુનિએ દ્વિમુખને કહ્યું. " તમે પિતા સંબંધિ રાજ્યના કાર્યને ત્યજી દીધું તો પણ આજે ફરીથી તેવું કામ શા માટે કરો છો. " દ્વિમુખ જેટલામાં નમિ મુનીશ્વરને ઉત્તર આપવાનો

વિચાર કરે છે. તેટલામાં નગાતિ રાજર્ષિએ નમિને કહ્યું. " જો તમે રાજ્યને ત્યજી દઈ મુક્તિ પામવાની ઇચ્છા કરતો હો તો સર્વ કાર્યના કરણહાર તમે બીજું કાંઇ બોલવાને યોગ્ય નથી. " પછી કરકંડુએ નગાતિ મુનિને શાંત, હિતકારી, મધુર અને અમૃત સમાન વચન કહ્યું, " મોક્ષ માર્ગને પામેલા બ્રહ્મચારી અને સાધુને હિતની શિખામણ આપતા એવા મુનિઓનો દોષ કહેવો એ આપને યોગ્ય નથી. ગમે તો સાચો માણસ આપણા ઉપર ક્રોધ કરે, દ્વેષ કરે અથવા તો આપણી વાણી મહાવિષ સમાન માને પરંતુ પોતાના પક્ષને ગુણકારી મુનિએ તો હિતકારી અમિતવાણી બોલવી. " આ પ્રમાણે પરસ્પર ધર્મસંવાદ કરતા એવા તે મહાત્માઓને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું જેથી તેઓ અનુક્રમે મોક્ષપદ પામ્યા. હે ભવ્યજનો ! તમે પોતાના હિતને માટે આ મનુષ્યોના તાપને હરણ કરનારૂં કરકંડુ, નમિ, દ્વિમુખ અને નગાતિ મુનિનું ચરિત્ર સાંભળો.

इतिश्री शुभवर्द्धनगणिप्रणीतायां श्रीऋषिमंडलवृत्तौ द्वितीयखंडे चतुःप्रत्येकबुद्धचरित्रवर्णन नामाधिकार समाप्तः ॥

---

जंपिरजिणकहिअसत्तम-पुढवीसव्वट्ठासिद्धिगइजोगो ॥
नंदउ पसन्नचंदो, तक्कालं केवलं पत्तो ॥ ६३ ॥

શ્રી જિનેશ્વર પ્રભુએ કહ્યો છે સાતમી નરકગતિનો અને સર્વાર્થસિદ્ધિવિમાન ગતિનો યોગ જેમનો અને વલી તેજ વખતે કેવળજ્ઞાન પામેલા **શ્રી પ્રસન્નચંદ્ર** રાજર્ષિ આનંદ પામો. ૬૩

पिउतावसउवगरणं, पमज्जयंतस्स केवलं नाणं ॥
उपन्नं जस्स कए, वक्कलचीरिस्स तस्स नमो ॥ ६४ ॥

પિતારૂપ તાપસના ઉપકરણોને પ્રમાર્જન કરતા એવા જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તે વલ્કલચીરિને નમસ્કાર થાઓ. ૬૪

॥ प्रसन्नचंद्र राजर्षिनी कथा ॥

સર્વ પ્રકારના વિઘ્નને હરણ કરનારા શ્રી અજિતનાથ તીર્થંકરને હર્ષથી નમસ્કાર કરીને પાપને નાશ કરનારૂં શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિનું ચરિત્ર કહું છું.

પૂર્વે એકદા શ્રી મહાવીર પ્રભુ રાજગૃહ નગરના ગુણશિલ નામના ચૈત્યને વિષે સમવસર્યા. ત્યાં હર્ષ પામેલા દેવતાઓ સમવસરણની રચના કરી એટલે સિંહાસન પર બિરાજમાન થએલા શ્રી અરિહંત પ્રભુએ ચાર પ્રકારની ધર્મ દેશનાનો આરંભ કર્યો. શ્રી વીરપ્રભુને સમવસરેલા જાણી મહારાજ શ્રેણિક હર્ષ પામતો છતો પોતાના પરિવારસહિત તેમને વંદન કરવા જવા માટે નગરથી બહાર નિકલ્યો. મહારાજા શ્રેણિકની સેનાની અગ્રભાગમાં સુમુખ અને દુર્મુખ નામના બે સુભટો ચાલતા હતા.

તેઓએ એક પગે ઉભા રહેલા, ઉંચા હાથ રાખેલા સૂર્ય સામું જોઈ રહેલા અને વલી ઇંદ્રિયો વશ કરવાથી જાણે સાક્ષાત્ મૂર્તિમાન શાંત રસ હોયની ? એવા તેમજ કષાયરૂપી વસ્ત્ર વિનાના કોઇ મુનિને દીઠા. પછી તેઓમાંથી એકે ( સુમુખે ) કહ્યું. “ અહો ! શુદ્ધ આત્માવાલા આ સાધુશિરોમણિ વંદના કરવા યોગ્ય છે. જે તે આ પ્રકારનું તપ કરે છે. અહો ! નિશ્ચે એમનું તપ દુષ્કરકારી છે. કારણ તે એક પગે ઉભા રહી સૂર્ય સામું જોઇ તપ કરે છે. ખરેખર આ મહાત્માને સ્વર્ગસંપત્તિ અથવા મોક્ષ દૂર નથી કારણ કે મહાતપથી દુ:સાધ્ય વસ્તુ પણ મેલવી શકાય છે. ” સુમુખનાં આવાં વચન સાંભલી દુર્મુખે કહ્યું. “ હે બાંધવ ! એ પ્રસન્નચંદ્ર રાજા છે. તે તું શું નથી જાણતો ? એનું સર્વ તપ વૃથા છે. એણે પ્રધાનોની સાર સંભાળ નીચે પોતાના બાલપુત્રને રાજ્ય સોંપ્યું છે. પરંતુ તેઓ વૃક્ષના અપક્વ ફલની પેઠે બાલપુત્રને રાજ્યમાંથી હમણાંજ કાઢી મૂકશે. તેણે પ્રધાનોને જે પોતાનું રાજ્ય રક્ષણ કરવા સોંપ્યું છે તે કેવળ બીલાડીના બચ્ચાઓને દુધ ભળાવવા જેવું કર્યું છે. જ્યારે પ્રધાનો તે પુત્રને નષ્ટ કરશે ત્યારે તે રાજાના વંશનો છેદ થયોજ જાણ, અને તેમ કરવાને લીધે પોતાના પૂર્વજોનું નામ નાશ પામવાથી તે પાપી થયો ન કહેવાય કે શું ? વલી વ્રત લેનારા તે રાજાએ પોતાની માનવંતી પ્રિયાઓને શિઘ્ર ત્યજી દીધી છે. તો હવે તે અનાથ સ્ત્રીઓની આલોકમાં શી ગતિ થશે તે કહે ?” આ પ્રમાણે તે બન્ને સુભટોના પરસ્પર થતા સંવાદને સાંભળી તે મહામુનિનું શુભ ધ્યાન નાશ પામ્યું. તેથી એ રાજર્ષિ વિચાર કરવા લાગ્યો કે “ અહો ! મેં તે પ્રધાનોનો મોટો સત્કાર કર્યો તે સર્વ ભસ્મમાં આહુતિ દીધા જેવું થયું. પાપ કર્મ કરનારા એ જડ પ્રધાનોએ મ્હારા બાળપુત્રનું રાજ્ય લઈ લેવાનો વિચાર કર્યો તો તે પોતાના સ્વામીનો ઘાત કરનારા દુષ્ટોને ધિક્કાર થાઓ. જો હું ત્યાં જાઉં તો તે દુષ્ટોને નવા નવા નિગ્રહથી શિક્ષા કરૂં, મ્હારે બહુ તપવડે કરીને અથવા જીવિતવડે શું કામ છે જે હું કુમંત્રીઓએ કરેલા મ્હારા પુત્રના પરાભવને સાંભળું છું. ” આ પ્રમાણે દુષ્ટ ધ્યાનથી મલીન એવો તે રાજર્ષિ કોપ રૂપ પિશાચે અધિક ગ્રસિત કર્યો છતો પોતાનું વ્રત ભૂલી ગયો. પોતાના ક્ષત્રિયતેજથી વ્યાપ્ત અને સ્ફુરણાયમાન રોમપંક્તિવાળો તે રાજર્ષિ, પોતાના પુત્રના શત્રુરૂપ દુષ્ટ મંત્રિઓને જાણે પ્રત્યક્ષ દેખતો હોયની ? એમ પૂર્વના અભ્યાસના વશથી ખડ્ગને ધારણ કરી યુદ્ધમાં ચિત્તવડે તેઓને ખંડ ખંડ કરી નાખવા લાગ્યો. મહા ક્રોધ પામેલા તે પ્રસન્નચંદ્ર રાજર્ષિએ મનવડે શત્રુઓને છેદન ભેદનાદિ કયું કયું દારૂણ દુષ્ટ કર્મ નથી કર્યું ? આ વખતે શ્રીજિનેશ્વરની ભક્તિરૂપ અમૃતથી સિંચન કરાએલું છે ચિત્તરૂપ વૃક્ષ જેનું અને કાર્યજ્ઞ એવો શ્રેણિક રાજા તે સ્થાનકે ( જ્યાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ ઉભા છે ત્યાં) આવી પહોંચ્યો. મુનિને જોઇ તુરત હસ્તિ ઉપરથી નીચે ઉતરેલા મહારાજા શ્રેણિકે મુકુટવડે પૃથ્વીનો સ્પર્શ કરતા છતાં ભક્તિથી તેમને નમસ્કાર કર્યો. એટલુંજ નહિ પણ તે મગધેશ્વર, એક પગે ઉભા રહેલા, ઉંચા હાથ રાખેલા અને સૂર્ય સામું જોઇને તપ કરતા એવા તે મહા-

મુનિને જોઇ બહુ હર્ષ પામ્યો. પછી શ્રેણિક રાજા રાજર્ષિના અદ્ભૂત તપના પ્રાગલ્ભ્યપણાનો વિચાર કરતો છતો શ્રીવર્દ્ધમાન સ્વામી પાસે ગયો. ત્યાં તે પંચાંગથી પૃથ્વીનો સ્પર્શ કરી શ્રીજિનેશ્વરને નમસ્કાર કરી હાથ જોડીને યોગ્ય સ્થાનકે બેઠો. પછી અવસર આવ્યે હર્ષથી શ્રીજિનેશ્વર પ્રભુને નમસ્કાર કરી હાથ જોડી શ્રેણિક રાજાએ પૂછયું "હે પ્રભો! મહા ધ્યાનમાં બેઠેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિને મેં જ્યારે જોયા હતા તે વખતે તેઓ જો મૃત્યુ પામે તો તે કઈ ગતિ પામે ?" પ્રભુએ કહ્યું. "જો તે વખતે કાળ કરે તો તે રાજર્ષિ નિશ્ચે મહાદુઃખદાયી સાતમી નરક પ્રત્યે જાય." પ્રભુનાં આવાં વચન સાંભળી શ્રદ્ધાવાન્ સરળ બુદ્ધિવાળા શ્રેણિક રાજાએ વિચાર્યું કે "હા, હા! મહાતીવ્રતપવાળા એ મહામુનિને આવી ભયંકર ગતિ કેમ હોય ?" આમ ધારી ફરી તેણે પ્રભુને પૂછયું. "હે નાથ! જો તે મહામુનિ અત્યારે કાળ કરે તો કઇ ગતિ પામે ?" પ્રભુએ કહ્યું. "હે નરેશ્વર! હમણાં તે તપરૂપ દ્રવ્યવાળા રાજર્ષિ સર્વાર્થસિદ્ધને પામવા યોગ્ય છે." ભૂપતિએ કહ્યું. "હે પ્રભો! આપની વાણી આમ જુદી જુદી કેમ થઈ? શ્રીજિનેશ્વરની વાણી મૃષા હોતી નથી માટે અજ્ઞાની એવા મને તે યથાર્થ રીતે સમજાવો ?" અરિહંત પ્રભુએ કહ્યું. "હે રાજન્! જ્યારે તેં એ રાજર્ષિને નમસ્કાર કર્યા ત્યારે તેમને રૌદ્રધ્યાન હતું પણ હમણાં તે શુકલધ્યાની થયા છે એજ કારણથી જો તે તે વખતે મૃત્યુ પામ્યા હોત તો રૌદ્રધ્યાનના વશપણાને લીધે નરકને યોગ્ય હતા. અને હમણાં શુકલ ધ્યાનના યોગથી સર્વાર્થસિદ્ધિપદને યોગ્ય થયા છે." શ્રેણિક રાજાએ કેવળજ્ઞાનથી સૂર્યરૂપ શ્રીપ્રભુને પૂછયું કે?" એમને રૌદ્રધ્યાન અને શુકલધ્યાન શાથી થયું? શ્રીવર્દ્ધમાન પ્રભુએ કહ્યું. કે "તેમણે ત્હારા સુભટોના મુખથી એવી વાર્તા સાંભળી જે પોતાના પુત્રનો પરાભવ થવાનો છે. એ કારણથી પુત્રસ્નેહને લીધે ક્રોધવડે આકુળ વ્યાકુળ થએલો તે પ્રસન્નચંદ્ર રાજર્ષિ પોતાના સુભટો સહિત પ્રધાનોની સાથે વૈરથી યુદ્ધ કરવા લાગ્યો. જાણે પ્રત્યક્ષ યુદ્ધ કરતો હોયની? એમ પ્રધાનોની સાથે માનસિક યુદ્ધ કરતાં તેનાં સર્વ શસ્ત્રો ખુટી પડયાં. તેથી તે બહુ ખેદાતુર થયો. પછી પોતાના આત્માને સંનદ્ધમાની ક્રોધથી આકુળ વ્યાકુળ થએલો તે વિચારવા લાગ્યો કે "હું મ્હારા મસ્તક ઉપર રહેલા મુકુટવડે તે સર્વે દુશ્મનોના આયુધને તોડી નાખી મારી નાખું." આમ ધારી જેવો તે મુકુટ લેવાની ઇચ્છાથી હાથ મસ્તક ઉપર મૂકવા ગયો તેટલામાં તેને પોતાના લોચ કરેલા મસ્તકનો સ્પર્શ થવાથી પોતાનું વ્રત સાંભર્યું. પછી તે રાજા વિચારવા લાગ્યો. જે "રૌદ્ર ધ્યાન કરનારા મને ધિક્કાર થાઓ ધિક્કાર થાઓ. હવે મમતારહિત એવા મ્હારે પ્રધાનોવડે અને પુત્રવડે શું કામ છે ?" આ પ્રમાણે વિચાર કરતા એવા તે રાજાનો સર્વ મોહાંધકાર નાશ પામ્યો એટલે ફરી તેના ચિત્તમાં વિવેકરૂપ નિર્મળ સૂર્ય ઉદય પામ્યો. પછી તે જાણે પોતાની આગળજ હોયની? એમ અમને ભક્તિથી વંદના કરી, પ્રતિક્રમણ કરી તથા આલોચના લઈ ફરી શુકલધ્યાન ધ્યાવા લાગ્યા. ( શ્રીમહાવીર પ્રભુ શ્રેણિક રાજાને કહે છે કે )

હે રાજન્! દુષ્ટ ધ્યાનરૂપ અટવીમાં ઉત્પન્ન થએલા કર્મરૂપ વૃક્ષના સમૂહને ભસ્મીભૂત કરી હમણાં તે રાજર્ષિ કેવળજ્ઞાન પામ્યા છે." પ્રભુએ વર્ણન કરેલા શ્રીપ્રસન્નચંદ્ર રાજર્ષિના ચરિત્રરૂપ સુગંધિવડે વાસીત થએલા શ્રેણિક રાજાએ હર્ષથી પ્રભુને પૂછયું કે:-

હે ભગવન્! પોતાના બાળપુત્રને રાજ્યાસન ઉપર બેસાડી એ પ્રસન્નચંદ્ર ભૂપતિએ શામાટે દીક્ષા લીધી ?" શ્રીમહાવીર પ્રભુએ કહ્યું કે:-

પોતનપુરમાં નામના નગરમાં યથાર્થ નામવાલો સોમચંદ્ર રાજા રાજ્ય કરતો હતો તેને સરલ સ્વભાવવાળી, વિવેક અને વિનયથી ઉદાર તેમ શીલરૂપ અલંકારને ધારણ કરનારી ધારિણી નામે સ્ત્રી હતી. એકદા ગોખમાં બેઠેલી રાણી પોતે હાથથી રાજાના કેશને જોતી હતી એવામાં તેણીએ ભૂપતિના મસ્તકમાં પળીયાં જોયાં. તેથી તેણીએ "હે સ્વામિન્! આ દૂત આવ્યો." એમ ભૂપતિને કહ્યું. રાજાએ આમ તેમ જોઇને કહ્યું. "અહિં દૂત કેમ દેખાતો નથી ?" તે ઉપરથી રાણીએ તેના મસ્તકનો પળી દેખાડયો. રાજા પળીને જોઇ "જીવિત રૂપ ભૂપતિનો ઉત્તમ ધર્મદૂત રૂપ આ પળી છે. વળી એ વૃદ્ધાવસ્થાનો હેતુ છે." એમ કહીને બહુ ખેદ કરવા લાગ્યો. ધારિણીએ કહ્યું.

"હે નાથ ! તમે એક પળીને જોઈ અત્યંત ખેદ કરતા છતા બહુ વૃદ્ધ પુરૂષની પેઠે લજ્જા કેમ પામો છો ? મેં જેવી રીતે તમારી વૃદ્ધાવસ્થા વાતોથી પણ પ્રસિદ્ધ ન થાય તેવી રીતે પટહના ઉદ્દઘોષણથી સર્વ લોકને નિષેધ કર્યો હતો." ભૂપતિએ કહ્યું "હે સુંદરી ! પળી આવવાને લીધે હું લોકથી કયારે પણ લજ્જા પામું તેવો નથી પરંતુ મ્હારા ખેદનું કારણ એમ છે કે અમારા પૂર્વજોએ પળી આવ્યા પહેલાં દીક્ષા લીધી છે અને હું પળી આવ્યા છતાં પણ કામાસકત થઇ રહ્યો. હું સવારમાંજ રાજ્ય ત્યજી દઇ નિર્મલમને વ્રત અંગીકાર કરૂં, પરંતુ હજુ સ્તનપાન કરતા એવા બાલપુત્રને વિષે રાજ્યભાર કેમ આરોપણ થાય ? અથવા વ્રત અંગીકાર કરતા એવા મ્હારે હવે રાજ્ય અને પુત્રવડે શું ? હું તો આનંદથી વ્રત લઇશ. તું ત્હારા પોતાના પુત્રને વૃદ્ધિ પમાડ." ધારિણીએ કહ્યું. "હું આપના વિના રહેવાની નથી. કારણ સતી સ્ત્રીઓ સર્વ વખતે પતિને અનુસરનારી હોય છે. પૂર્ણ મનોરથવાલા આપ, બાલપુત્રને રાજ્યાભિષેક કરો અને હું તો છાયાની પેઠે આપની વનમાં પણ સેવા કરીશ. પુત્ર પ્રસન્નચંદ્ર બાલ છે. તોપણ તે વનવૃક્ષની પેઠે પોતાના કર્મથી વૃદ્ધિ પામશે. તેને મ્હારા વૃદ્ધિ પમાડવાવડે કરીને શું ? " પછી સોમચંદ્ર રાજા; પુત્રને રાજ્યાભિષેક કરી પોતે સ્ત્રી અને ધાત્રી સહિત વનમાં જઇ તાપસ થયો. ત્યાં તે મહા શૂન્ય વનમાં કોઇ આશ્રમ પ્રત્યે રહી સુકાં પત્રાદિકનું ભોજન કરતો છતો દુષ્કર તપ કરવા લાગ્યો. વનમાં તેણે પાંદડાં વિગેરે એકઠાં કરી તેની એક વટેમાર્ગુને તથા મૃગોને શીતલ છાયાના સુખને આપનારી ઝુંપડી બનાવી. પ્રેમના સમૂહથી વ્યાપ્ત એવો સોમચંદ્ર ભૂપતિ, પોતાની પ્રિયાને માટે વનમાંથી મધુર ફલ અને જલ લાવી આપતો. રાણી ધારિણી

પણ પતિના ઉપર બહુ અનુરાગને લીધે કોમલ તૃણાદિકથી તેને માટે શય્યા બનાવતી એટલુંજ નાહિં પણ તે પોતાના સ્વામીની આજ્ઞા લઈ દિવસે પાકેલા ઇંગુદી ફલ લઇ આવતી ને તેના રાત્રીને વિષે દીવા કરતી. વલી તે પોતાના સુખને માટે બહુ લીલા વનના છાણુથી આશ્રમને લીંપતી અને વારંવાર બાલતી, એ આશ્રમમાં મૃગના બચ્ચાંઓને લાલન પાલન કરતા એવા તે સ્ત્રી પુરૂષે તપ કષ્ટ નહિ જાણતા છતાં બહુ સમય નિર્ગમન કર્યો. ધારિણીને તાપસી દીક્ષા દીધા પહેલાંનો રહેલો તેમજ સંતોષ સુખના દોહદવાળો ગર્ભ, કોઇ પ્રકારની પીડા કર્યા વિના ત્યાં અનુક્રમે વૃદ્ધિ પામ્યો.

એકદા ધારણીએ પવિત્ર લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો અને તેનું નામ વલ્કલચિરી પાડયું. ધારિણી સૂતીકાના રોગથી મૃત્યુ પામી જેથી તે બાળક દૈવયોગથી માતા રહિત થયો. પછી સોમચંદ્ર તાપસે નિરંતર વનની મહિષીઓનું દુધ પાઇ વૃદ્ધિ પમાડવા માટે તે પુત્ર ધાત્રીને સોંપ્યો. ધાત્રી પણ કેટલેક કાળે દૈવયોગથી મૃત્યુ પામી જેથી સોમચંદ્ર પોતે તે બાળકને દુધ પાવા વિગેરેનું કામ કરવા લાગ્યો. અનુક્રમે વૃદ્ધિ પામેલો તે બાળક વલ્કલચીરિ ચાલવા શીખ્યો, જેથી તે ન્હાના મૃગલાંઓ સાથે વનમાં ક્રીડા કરવા લાગ્યો વનમાંથી આણેલા પવિત્ર ધાન્યની રસોઈ કરી સોમચંદ્ર પોતે તે બાળકને ભોજન કરાવતો. વનનાં બીજાં ફલ ફુલ વિગેરેથી પોષણ કરીને સોમચંદ્રે તે બાલકને પોતાના દુઃસહ તપમાં મદદગાર બનાવ્યો. પછી યૌવનાવસ્થા પામેલો અને હંમેશાં સર્વ કામ કરવામાં સમર્થ થએલો એ વલ્કલચીરિ પિતાની ભક્તિ કરવામાં તત્પર થયો. અંગને ચાંપવું તથા વનમાંથી ફલાદિ લાવી આપવાં ઇત્યાદિ તે સર્વ વ્રતમાં ઉત્તમ એવી પિતૃભક્તિ કરવા લાગ્યો. આ વલ્કલચીરી વ્રતી જન્મથી આરંભીને બ્રહ્મચારી હતો કારણ કે સ્ત્રીરહિત વનમાં વસતા એવા તેણે સ્ત્રીનું નામ પણ જાણ્યું નહોતું.

એકદા પ્રસન્નચંદ્ર રાજાએ વનમાં રહેલા પોતાના પિતાની અને ધારિણી માતાના ઉદરથી ઉત્પન્ન થએલા પોતાના બંધુ વલ્કલચીરીની વાત સાંભળી, તેથી " એ મ્હારો બંધુ કેવો હશે ? અને તેનો મેલાપ મને શી રીતે થાય ? " એમ વિચાર કરતો છતો તેને મલવા માટે અધિક ઉત્સાહ કરવા લાગ્યો. પછી તેણે ચિત્રકારોને બોલાવીને આજ્ઞા કરી કે " તમે વનમાં જઇ પિતાના ચરણકમળસહિત ત્યાં નિવાસ કરતા તથા નિરંતર પિતૃભક્તિમાં પરાયણ એવા મ્હારા ન્હાના બંધુનું રૂપ આલેખીને ઝટ અહિં લાવો. " પછી ચિત્રકારો " અમે આપનો હુકમ પ્રમાણ કરીએ છીએ. " એમ કહી સોમચંદ્ર તાપસના નિવાસથી પવિત્ર થએલા વનપ્રત્યે આવ્યા. ત્યા તેઓએ જાણે વિશ્વકર્માની બીજી મૂર્ત્તિ હોયની ? એમ દર્પણના પ્રતિબિંબની પેઠે તેની ( વલ્કલચીરિની ) યથાર્થ મૂર્ત્તિ આલેખી. પછી તે ચિત્રકારોએ દૃષ્ટિને અમૃત સમાન વલ્કલચીરીનું રૂપ પ્રસન્નચંદ્ર રાજાને દેખાડયું. રાજા બંધુની મૂર્ત્તિ

જોઇ વિચારવા લાગ્યો. ખરેખર એ મ્હારા પિતા સમાન દેખાય છે. ખરૂં છે. "પુત્ર પિતાસમાન થાય" એ શ્રુતિ મિથ્યા હોય નહીં. પછી "હે બંધો! આ જે મેં તને દીઠો એ મ્હારાં મોટાં ભાગ્ય" એમ વારંવાર કહેતા એવા ભૂપતિએ તે મૂર્ત્તિને આલિંગન કરી, સુંઘી અને મસ્તકે તથા છાતિને વિષે ધારણ કરી. એટલુંજ નહિં પણ વલ્કલ વસ્ત્રથી આચ્છાદિત એવા પોતાના બંધુ વલ્કલચીરિને જોઇ જાણે મ્હોટા પર્વત ઉપરથી ઝરણાં પડતાં હોયની ? એમ તે ભૂપતિના નેત્રમાંથી આંસુ પડવા લાગ્યાં. વળી તેણે કહ્યું કે "વૃદ્ધાવસ્થા વાળા મ્હારા પિતા તપ કરો પરંતુ બાલ એવો તે મ્હારો બંધુ તપ કરવા યોગ્ય નથી. હું અહિં રાજ્યના સુખસ્વાદમાં લીન થયો છતો દેવની પેઠે રહું છું અને તે મારો બંધુ વનમાં પશુની પેઠે દુઃખી થતો છતો રહે છે. આવા વિધિને ધિક્કાર થાઓ. અહો ! મ્હારો બાળ બંધુ જનમાં નિવાસ કરે છે તો પછી મ્હારે આ વિસ્તારવંત રાજ્ય અને મહા સંપત્તિવડે કરીને પણ શું ?" આ પ્રમાણે પોતાના બંધુના વનવાસ કષ્ટનો શોક કરતા એવા તે ચતુર પ્રસન્નચંદ્ર રાજાએ વેશ્યા સ્ત્રીઓને બોલાવીને આજ્ઞા કરી. "તમે મુનિઓનું રૂપ ધારણ કરી અને સ્પર્શ, વાણીવિલાસ, નવીન ફળ અને એવી બીજી વસ્તુથી મ્હારા ન્હાના બંધુને ભોળવી અહિં લઇ આવો." પ્રસન્નચંદ્ર રાજાના આવા આદેશથી મુનિના વેષને ધારણ કરી તે સર્વે વેશ્યાઓ સોમચંદ્ર રાજર્ષિએ ભૂષિત કરેલા તે વનાશ્રમ પ્રત્યે હર્ષથી ગઇ. ત્યાં તેણીઓએ વલ્કલ વસ્ત્રથી આચ્છાદિત એવા અને વનમાંથી બિલ્વાદિ ફલ લઇને આવતા એવા વલ્કલચીરીને દીઠો. વલ્કલચીરીએ પણ મુગ્ધપણાથી તે મુનિવેષધારી વેશ્યાઓને વંદન કરી પૂછ્યું કે "તમે કોણ છો ? અને તમારો આશ્રમ કયો ?" વેશ્યાઓએ કહ્યું. "અમે પોતાના આશ્રમમાં રહેનારા તાપસો છીએ, હે ઉપશમધારી! અમારા અતિથિઓનો તમે શું સત્કાર કરશો ?" વલ્કલ ચીરીએ કહ્યું. "હે મુનિઓ ? હું વનમાંથી આ પાકેલાં મધુર ફલો લાવ્યો છું તે તમે ભક્ષણ કરો." વેશ્યાઓએ કહ્યું. "હે તપોધન ! અમારા આશ્રમને વિષે કોઇ આવાં નિરસ ફલ ખાતું નથી. હે મુનીશ્વર ! અમારા આશ્રમોના વૃક્ષોના ફલનો વર્ણ જુઓ." એમ કહીને તે વેશ્યાઓએ તેને મોદક આપ્યા. પછી ફળની બુદ્ધિથી સરસ મોદકનું ભક્ષણ કરતા એવા તે વલ્કલચીરિનું મન મોદકના સ્વાદને લીધે બિલ્વાદિ ફળથી બહુ ઉદ્વેગ પામી ગયું. પછી વેશ્યાઓએ એકાંત સ્થાનમાં બેઠેલા તે વલ્કલચીરીને પોતાના અંગનો સ્પર્શ કરાવ્યો એટલુંજ નહિ પણ તેણીઓએ પોતાની છાતીને વિષે પુષ્ટ સ્તનો ઉપર તેનો હાથ મુકાવ્યો. વલ્કલચીરીએ કહ્યું કે "અહો મુનીશ્વરો ! તમારૂં શરીર આવું કોમળ કયાંથી ? તેમજ તમારા હૃદયને વિષે આ બે ઉંચાં સ્થળો શેનાં ?" વેશ્યાઓએ પોતાના કોમળ હસ્તથી સ્પર્શ કરતાં છતાં કહ્યું કે "અમારા વનનાં ફળનું ભક્ષણ કરવાથી આવાં કોમળ શરીર બને છે. તેમજ તે સરસ ફળોના ભક્ષણથી હૃદયમાં આવા કોમલ સ્થલો થાય છે. તમે પણ આ આશ્રમને અને તુચ્છ ફળોને

ત્યજી દઇ અમારા આશ્રમ પ્રત્યે આવી અમારા સરખા થાઓ." પછી મોદક રૂપી ફળના ભક્ષણથી તે વેશ્યારૂપ સાધુને વિષે અત્યંત લુબ્ધ થએલા મુગ્ધ વલ્કલચીરી તેણીઓની સાથે જવાનો સંકેત કર્યો, અને તાપસોના યોગ્ય પાત્રોને એક સ્થાનકે સંતાડી પ્રથમથી કરી રાખેલા સંકેતસ્થાન પ્રત્યે આવ્યો. વેશ્યાઓએ રાખેલા ચરપુરૂષોએ વૃક્ષ ઉપર ચડીને જોયું તો પાછળ સોમચંદ્ર રાજર્ષિને આવતા જોયા તેથી તેઓએ વેશ્યાઓને તુરત તે વાત નિવેદન કરી. વેશ્યાઓ પણ "એ અમને શ્રાપ દેશે" એવા ભયથી ઝટ એકઠી થઇને મૃગલીઓની પેઠે નાશી ગઈ. પિતા આશ્રમ પ્રત્યે ગયે છતે વલ્કલચીરી વનમાં વેશ્યાઓને બહુ શોધવા લાગ્યો પણ તે મળી નહી. પછી મૃગયુક્ત વનમાં ભમતા એવા તેણે એક રથિકને દીઠો. તેથી તે તેને તાપસ માનતો "હે તાત! હું વંદના કરૂં છું." એમ કહેવા લાગ્યો. રથિકે પૂછયું. "હે કુમારેંદ્ર! તું ક્યાં જાય છે? તેણે કહ્યું. "હે મહર્ષિ? મ્હારે પોતન-નામના આશ્રમમાં જવું છે." રથિકે કહ્યું. "હું પણ પોતનાશ્રમ પ્રત્યે જાઉં છું." રથિકનાં આવાં વચન સાંભળી અતિ મુગ્ધ બુદ્ધિવાળો તેમજ બહુ ગુણવાળો વલ્કલ-ચીરી તેની પાછળ પાછળ ચાલ્યો. માર્ગમાં વલ્કલચીરીએ રથમાં બેઠેલી રથિકની સ્ત્રીને દીઠી તેથી તે તેણીને "હે તાત! હું વંદના કરૂં છું" એમ વારંવાર કહેવા લાગ્યો. સ્ત્રીએ રથિકને કહ્યું. "આ બાળક મને તાત કહે છે. એ તેની કેવી વાણી?" રથિકે કહ્યું. "એ સ્ત્રી વિનાના વનમાં વસેલો મુગ્ધ તાપસપુત્ર છે. એને સ્ત્રી પુરૂષના ભેદની માલમ નહિ હોવાથી તને પણ પુરૂષરૂપજ જાણે છે." વળી વલ્કલ-ચીરીએ રથને જોડેલા બળદોને જોઈ કહ્યું "હે તાત! આ મૃગોને શા માટે આમ બાંધ્યા છે. મુનિઓને આમ કરવું તે યોગ્ય નથી. રથિકે કાંઇક હસીને કહ્યું. "હે મુનિ! એ મૃગોનું એવું કર્મ છે જેથી તે એમ પીડા પામે છે પછી રથિકે તેને હર્ષકારી સ્વાદિષ્ટ મોદકો આપ્યા. વલ્કલચીરી પણ ભક્ષણ કરી તેના સ્વાદના સુખ-માં મગ્ન થયો છતો કહેવા લાગ્યો. "હે મુનિ! પૂર્વે પોતનાશ્રમવાસી મહર્ષિઓએ આપેલાં આવાં ફળો મેં ખાધેલાં છે." આમ કહેતો અને બિલાં તથા આમલાદિ ફળોને ખાઇ ખાઇ અત્યંત ખેદ પામેલો તે વલ્કલચીરી મોદકના સ્વાદથી પોતનાશ્રમ પ્રત્યે જવા બહુ ઉત્સાહ ધરવા લાગ્યો. રસ્તામાં સારથીને કોઇ બળવંત એવા ચો-રની સાથે યુદ્ધ થયું તેમાં તેણે ગાઢ પ્રહારથી ચોરને માર્યો. ચોરે કહ્યું "શત્રુનો પણ પ્રહાર વખાણવા યોગ્ય છે. તેં મને પ્રહારથી જીત્યો તેથી હું હમણાં ત્હારા ઉપર પ્રસન્ન થયો છું માટે હે ભાઇ, અહિંયાં મ્હારૂં બહુ દ્રવ્ય છે તે તું લઇ જા. રથિકે તે સર્વ દ્રવ્ય પોતાના રથમાં મૂકયું. પછી રથિકે પોતનાશ્રમ નગર પ્રત્યે જ-ઈને વલ્કલચીરીને કહ્યું "હે મુનિ? તમને જે પ્રિય હતું તે આ પોતનાશ્રમ છે." એમ કહીને તેણે પોતાના માર્ગના મિત્ર એવા તે વલ્કલચીરીને થોડું દ્રવ્ય આપ્યું. ત્યારપછી તે પોતાને ઘેર ગયો.

હવે અહીં વલ્કલચીરી નગરવાસી જનોને "હું આમ જાઉં કે આમ ? એમ પૂછતો છતો સર્વ હવેલીઓને જોઇ ભ્રાંતિ પામ્યો. મુગ્ધ બુદ્ધિવાળો તે સ્ત્રીઓને અને પુરૂષોને મુનિની બુદ્ધિથી "હે તાત ! નમસ્કાર કરૂં છું." એમ કહેતો છતો હસાવતો હતો. સર્વ નગરમાં ભમીને પછી તે વલ્કલચીરી છોડેલા અસ્ખલિત બાણની પેઠે એક વેશ્યાના નિવાસ ઘર પ્રત્યે ગયો ત્યાં તે વેશ્યાને તાપસ અને તેણીના ઘરને આશ્રમ માનતો છતો કહેવા લાગ્યો "હે તાત ! હું આપને વંદન કરૂં છું." વળી તેણે પ્રાર્થના પૂર્વક કહ્યું કે, "હે મહર્ષિ ! મને રહેવા માટે એક ઝુંપડી આપો અને આ દ્રવ્ય મનુષ્યના ભાડાને બદલે લ્યો." વેશ્યાએ પણ "હે સાધો ! આ આશ્રમ આપનો છે અંગીકાર કરો." એમ કહીને તેમના શરીરને શુદ્ધ કરવા માટે હજામને બોલાવ્યો. હજામ પણ તે મુનિના શરીરને સ્પર્શ કરવા ઇચ્છતો હતો નહિ તો પણ તેણે વેશ્યાના આદેશથી તેમના સુપડા સમાન નખો ઉતાર્યા. પછી વેશ્યાએ તત્કાલ વસ્ત્ર ઉતરાવી નખાવવા પૂર્વક સ્નાન કરાવીને ઉત્તમ વસ્ત્ર પહેરાવ્યાં વલ્કલચીરીએ કહ્યું "હે તપોધન ! તમે મ્હારો આ જન્મથી માંડીને ધારણ કરેલો વેષ ઉતરાવો. નહીં." વેશ્યાએ કહ્યું "આ મહર્ષિઓના આશ્રમમાં અતિથિ રૂપ તમારો ભક્તિથી કરેલો સત્કાર કેમ નથી ઇચ્છતા ? હે મહામુનિ ? જો તમે અમારા આશ્રમના આચારો અહિં અમારા આશ્રમમાં ઇચ્છો તોજ તમારો આશ્રમ નિશ્ચે મળશે." પછી તે આશ્રમના લોભથી વલ્કલચીરી ગારૂડીએ વશ કરેલા સર્પની પેઠે પોતાના દેહને કંપાવ્યા વિના તે ઉત્તમ વસ્ત્રો ધારણ કર્યાં. વેશ્યાએ તે મહા મુનિના જટા સમાન કેશને તેલથી મર્દન કરી ધીમે ધીમે ઉન સમાન નિર્મલ બનાવ્યા. વેશ્યાએ તેલથી શરીરે મર્દન કરેલા તે વલ્કલચીરી ખર્જન કરેલી ગાયની પેઠે સુખ નિદ્રા યુક્ત નેત્રવાળા થવા લાગ્યા. સુગંધી અને કાંઇક ઉના એવા જલથી સ્નાન કરાવીને વેશ્યાએ તેમને ઉત્તમ વસ્ત્રાલંકારો પહેરાવ્યા. વેશ્યાએ પોતાની એક પુત્રી સાથે વલ્કલચીરીને પાણી ગ્રહણ કરાવ્યું. તે વખતે વલ્કલચિરિના હસ્તગત થએલી તે કન્યા જાણે સાક્ષાત્ ગૃહસ્થોની લક્ષ્મીજ હોયની ? એમ શોભતી હતી. આ અવસરે સર્વે વેશ્યાઓ તે વર કન્યાને ગીત ગાતીઓ હતી તેથી તે મુનિ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે "આ મુનીશ્વરો શું ભણુતા હશે ?" વેશ્યાઓએ મંગલ વાજીંત્રો વગડાવ્યાં તેથી તો તે વલ્કલચીરીએ "આ શું ?" એમ કહીને ભ્રાંતિ પામતા છતા પોતાના કાન બંધ કરી દીધા.

હવે પ્રસન્નચંદ્ર રાજાની આજ્ઞાથી જે વેશ્યાઓ તાપસોનો વેષ લઈ વલ્કલચીરીનું હરણ કરવા માટે વનમાં ગઇ હતી તેઓ પાછી આવીને ભૂપતિને કહેવા લાગી. "હે રાજન્ ! અમોએ તે તે પ્રકારે કરીને તે કુમારને લોભ પમાડયો, જેથી તે અમોએ બતાવેલા સંકેત સ્થાન પ્રત્યે આવ્યો હતો પરંતુ તેટલામાં તેના પિતાને દૂરથી આવતા જોઇ શ્રાપના ભયથી અમે નાશી આવીઓ કારણ સ્ત્રીઓ સ્વ-

ભાવથી બીકણુ હોય છે. લોભથી વશ કરેલો તે અમને વનમાં શોધતો હતો પરંતુ પોતાના પિતાના આશ્રમમાં ગયો નથી પણ વન વન પ્રત્યે ભમતો હતો." વેશ્યાનાં આવાં વચન સાંભળી પ્રસન્નચંદ્ર ભૂપાળ વિચાર કરવા લાગ્યો કે, " અહો ! મેં મૂર્ખે આ શું કર્યું જે ન્હાના ભાઇનો અને પિતાનો વિયોગ પડાવ્યો. પિતાના સમીપથી ભ્રષ્ટ થએલો તે કેમ જીવી શકશે ? જલમાંથી બહાર કાઢેલું મત્સ્ય કેટલો વખત જીવે ?" આમ થોડા જળમાં રહેલા મત્સ્યની પેઠે બહુ અરતિવાળો તે રાજા દુઃખથી શય્યામાં પણ સુખ ન પામ્યો. આ વખતે વેશ્યાના ઘરને વિષે વાગતાં વાજીંત્રોને રાજાએ સાંભલ્યાં, તેથી તેણે કહ્યું. " આ સર્વ નગરી મ્હારા દુઃખથી અત્યંત દુઃખિત થઇ છે, છતાં અત્યારે એવો કોણ લોકોત્તર સુખવાલો જાગ્યો જે તેના ઘરને વિષે આવા વાજીંત્રોના શબ્દ થાય છે. ? સ્વાર્થના ઇષ્ટપણાને લીધે આ વાજીંત્રોના શબ્દ કોના હર્ષને માટે થાય છે, કે જે મને તો વજ્રપાત સમાન લાગે છે. એ વાત વેશ્યાના કાને આવી. એટલે તરતજ વેશ્યા પ્રસન્નચંદ્ર રાજા પાસે ગઇ હાથ જોઇ કહેવા લાગી. " મહારાજ ! પૂર્વે મને કોઈ નિમિત્તિએ કહ્યું હતું કે ત્હારા ઘરને વિષે કોઈ યુવાવસ્થાવાલો મુનિ આવશે. તેને તું પોતાની પુત્રી પરણાવજે. આજેજ મ્હારા ઘરે બલદની પેઠે વ્યવહારનો અજાણ કોઈ યુવાવસ્થાવાલો મુનીશ્વર આવી ચડયો હતો તેને મેં મ્હારી પુત્રી પરણાવી. તે વિવાહ પ્રસંગે મ્હારા ઘરને વિષે ગીત અને વાજીંત્રોના શબ્દો થતા હતા તેથી મેં આપના દુઃખની વાત જાણી નથી. માટે આપ મ્હારો અપરાધ ક્ષમા કરો. "

પછી પ્રસન્નચંદ્ર રાજાએ જેમણે પ્રથમ વલ્કલચીરીને જોયા હતા તે ચિત્રકારોને વેશ્યાને ત્યાં આવેલા મુનિને ઓલખવા માટે મોકલ્યા. ચિત્રકારોએ પણ ત્યાં જઇ તે કુમારને ઓલખ્યો. પછી તેઓએ ભૂપતિ પાસે આવી સર્વ યથાર્થ વાત નિવેદન કરી. રાજા, જાણે સારૂં સ્વપ્ન દીઠું હોયની ? એમ બહુ હર્ષ પામ્યો. પછી પ્રસન્નચંદ્ર રાજાએ તે પોતાના બંધુ વલ્કલચીરીને સ્ત્રીસહિત હસ્તિ ઉપર બેસારી પોતાના ઘરપ્રત્યે લાવ્યો. અનુક્રમે ભૂપતિએ તેને સવ વ્યવહાર શીખવ્યો. કારણ લોકો પશુઓને પણ શિક્ષણ આપે છે તો પછી મનુષ્યોને શિક્ષણ આપવું એમાં તો શું ? ભૂપતિ પોતાના ન્હાના બંધુને બહુ રાજ્ય કન્યાઓ પરણાવી તેમજ રાજ્યનો ભાગ આપી કૃતાર્થ થયો. વલ્કલચીરીએ પણ તે પોતાની ઈષ્ટ સ્ત્રીઓની સાથે કેટલો કાળ વિષયસુખ ભોગવ્યું.

એકદા વલ્કલચીરીનો માર્ગમિત્ર પેલો રથિક, ચોરે આપેલું સુવર્ણાદિ દ્રવ્ય વેચતો હતો એવામાં પેલા ચોરે જેનું જેનું દ્રવ્ય ચોર્યું હતું તેણે તત્કાલ ઓલખી કાઢયું. તેથી તેઓએ તુરત તે વાત રક્ષક લોકોને કહી. રક્ષકોએ પણ રથિકને બાંધી તુરત રાજસભામાં આણ્યો. ત્યાં તેને વલ્કલચીરીએ પૂર્ણ કૃપામય દ્રષ્ટિથી જોયો. રાજાએ પણ પોતાના ન્હાના બંધુને માર્ગમાં ઉપકાર કરનારા તે રથિકને ઓલખીને છોડી મૂકયો. કહ્યું છે કે, સંત પુરૂષો ઉપકારથી વિમુખ થતા નથી.

હવે અહિં સોમચંદ્ર મુનિએ પણ સર્વ વનમાં શોધ કરતા છતા પુત્રને દીઠો નહીં. તેથી તે પુત્રના વિયોગરૂપ અગ્નિમાં બહુ બળવા લાગ્યા. પરંતુ એટલામાં તો પોતાના પુત્ર પ્રસન્નચંદ્ર રાજાએ મોકલેલા દૂતથી વલ્કલચીરીનું વૃત્તાંત સાંભળી બહુ પ્રસન્ન થયા. પરંતુ પુત્રના વિયોગને લીધે કરેલા રૂદનથી તેમને પડલ વલવાને લીધે અંધપણું પ્રાપ્ત થયું. ત્યાર પછી તેમણે તપને અંતે બીજા બ્રહ્મચારી અને તાપસોની સાથે ફલાદિકથી પારણું કર્યું. આ પ્રમાણે બાર વર્ષ નિર્ગમન થયાં. એટલામાં એકદા અર્ધિ રાત્રીને વિષે વલ્કલચીરી વિચાર કરવા લાગ્યો કે “ આહા ! હું કેવો મંદભાગ્યવાલો, જે મ્હારો જન્મ થતા માત્રમાંજ મ્હારી માતા મૃત્યુ પામી. એજ કારણથી અરણ્યમાં પણ પિતાને મ્હારૂં પાલન પોષણ કરવું પડ્યું. અહો ! નિરંતર કેડમાં બેસનારા મેં દૂરાત્માએ થોડા વખતમાં તપના કષ્ટથી પણ દુઃસહ એવું પિતાને દુઃખ દીધું. હું જેટલામાં તેમનો પ્રત્યુપકાર કરવામાં સમર્થ એવો યૌવનવસ્થા પામ્યો તેટલામાં સુખને વિષે આસક્ત થએલો હું પાપી દૈવયોગથી અહિં આવી ચડ્યો. અહો જેણે અસહ્ય દુઃખ સહન કરી મને ન્હાનાને મ્હોટો કર્યો. તે પિતાનો હું એક જન્મે કરીને દેવાદાર કેમ મટું ? આ પ્રમાણે વિચાર કરતો એવો તે વલ્કલચીરી પોતાના મ્હોટા બંધુ પ્રસન્નચંદ્ર રાજા પાસે જઈ કહેવા લાગ્યો. “ હે વિભો ! મને પિતાના ચરણના દર્શન કરવાનો ઉત્સાહ થયો છે. ” પ્રસન્નચંદ્રે કહ્યું. “ હે બંધો ! આપણા બન્નેના એ સમાન પિતા છે તો તને તેમનું દર્શન કરવામાં જેટલો ઉત્સાહ છે તેટલો મને પણ છે. ” પછી તે બન્ને બંધુઓ સર્વ પરિવાર સહિત હર્ષ પામતા છતા પિતાના ચરણથી પવિત્ર એવા તે આશ્રમ પ્રત્યે ગયા ત્યાં તેઓ બન્ને જણા વાહનથી નીચે ઉતર્યા. એટલે ન્હાના ભાઇએ કહ્યું “ આ તપોવનને જોવાથી મને રાજ્ય લક્ષ્મી પણ તૃણ સમાન લાગે છે. આ તેજ તલાવો કે જેમાં હું હંસની પેઠે ક્રીડા કરતો હતો, વૃક્ષો પણ તેજ કે મેં વાંદરાની પેઠે જેના ફલો બહુ દિવસ સુધી ભક્ષણ કર્યાં છે. મ્હારી સાથે ધુલમાં ક્રીડા કરનારા મ્હારા બંધુ મૃગલી પણ તેનાં તેજ દેખાય છે. આહા ! મેં ઘણા દિવસ સુધી જેનું દુધ પીધું છે. તે આ માતા સમાન ભેંસો હજુ મ્હારી દ્રષ્ટિએ પડે છે. હે ભાઇ ! હું તમારી પાસે આ વનનાં સુખો કેટલાંક વર્ણવું. વળી આ અરણ્યમાં પિતાની ભક્તિ કરવા રૂપ મેં જે સુખનો અનુભવ કર્યો છે. તે રાજ્યને વિષે તો ક્યાંથી હોય ? ” બન્ને ભાઇઓએ પિતાના પવિત્ર આશ્રમમાં પ્રવેશ કર્યો તો તેમણે નજીકમાં હર્ષના સમૂહને વૃદ્ધિ પમાડવામાં ચંદ્ર રૂપ પિતાને દીઠા. રાજા પોતે પ્રણામ કરતો છતો સોમચંદ્ર મુનિને કહેવા લાગ્યો કે, હે પિતા ! હું આપનો પ્રસન્નચંદ્ર પુત્ર આપને નમસ્કાર કરૂં છું. ” સોમચંદ્ર મુનિએ તેના વિયોગથી ઉત્પન્ન થએલા દુઃખને ધોઇ નાખતા છતા પોતાના હસ્તવડે તેનો સ્પર્શ કર્યો. આ વખતે પિતાના હસ્તથી સ્પર્શિત થએલા તેને કદંબની પેઠે રાજ્યઋદ્ધિના હર્ષથી પણ

વધારે આનંદ થયો. પછી વાલ્કલચીરી પણ પિતારૂપ મુનિને નમન કરતો છતો કહેવા લાગ્યો. "હે તાત ! આપે બહુ કાલ સુધી લાલન પાલન કરેલો હું આપનો ન્હાનો પુત્ર વલ્કલચીરી આપને નમસ્કાર કરૂં છું." મુનિએ કમલની પેઠે તેના મસ્તકને સુંઘી નવીન મેઘ જેમ પર્વતને આલિંગન કરે તેમ તેના સર્વ અંગને આલિંગન કર્યું. આ વખતે તે મહા મુનિને હર્ષથી ઉત્પન્ન થએલા આસુંથી નેત્રનાં પડલો ધોવાઈ જવાને લીધે અંધત્વપણું નાશ પામ્યું. જેથી તેમને પુત્રનો મેલાપ ઉત્તમ ઔષધ રૂપ થઇ પડયો. તુરત પડલ ધોવાઈ જવાને લીધે સોમચંદ્ર મુનિએ બન્ને પુત્રોને જોયા તેથી તેમને ફરી મોહ ઉત્પન્ન થયો. પછી તે બન્ને પુત્રોને પૂછયું કે હે વત્સો ! તમારો આજ સુધીનો કાલ સુખે નિર્ગમન થયો છેની ?" તેઓએ કહ્યું. "હે તાત ! આપના પ્રસાદથી અમારો કાલ સુખે નિર્ગમન થયો છે." પછી વલ્કલચીરી "મ્હારાં પૂર્વનાં પાત્રો કેવાં હશે ?" એમ ધારી તેને જોવા માટે તે તુરત પોતાની ઝુંપડીમાં પેઠો. ત્યાં તેણે પોતાના ઉત્તરીય વસ્ત્રથી તે સર્વ પાત્રોને પૂંજવાનો આરંભ કર્યો. આ વખતે તેને હૃદયમાં વિચાર થયો કે, "મેં પૂર્વે પાદ-કેસરિકના યોગથી આવાં યતિનાં પાત્રો કયાંક પડિલેહણ કર્યા છે." આમ વિચાર કરતા તેને જાતિસ્મરણ જ્ઞાન થયું જેથી તેણે પોતાના પૂર્વનો મનુષ્યભવ જોયો. પછી પૂર્વ જન્મને વિષે અંગીકાર કરેલા વ્રતનું સ્મરણ કરતા તેને મોક્ષ લક્ષ્મીના કારણરૂપ ઉત્તમ વૈરાગ્ય પ્રાપ્ત થયો. એટલુંજ નહીં પણ ધર્મ-ધ્યાન કરી શુકલધ્યાન ધ્યાતા એવા તેને તુરત કેવળજ્ઞાન પ્રગટ થયું. આ પ્રમાણે કેવળજ્ઞાન પામેલા તે વલ્કલચીરી મુનિ, પોતાના પિતાને તથા બંધુને અમૃતસમાન ધર્મોપદેશ આપવા લાગ્યા. તેટલામાં દેવે મુનિવેષ આપ્યો. પછી પ્રતિબોધ પામેલા પિતાને મોટા ભાઇએ નમસ્કાર કર્યો.

( શ્રી મહાવીર પ્રભુ શ્રેણિક રાજાને કહે છે કે ) હે ભૂપાલ ! એકદા અમે વિહાર કરતા કરતા શ્રી પોતનપુરના સમીપના મનોહર ઉદ્યાનમાં સમવસર્યા, આ વખતે સ્વયંબુદ્ધ કેવલજ્ઞાની વલ્કલચીરી પોતાના પિતાને અમને સોંપી પોતે એકલા વિહાર કરવા લાગ્યા. પસન્નચંદ્ર રાજા પણ નગર પ્રત્યે આવી પોતાના જ્ઞાની બંધુના વચનથી સ્થિર વૈરાગ્યવાલો થયો. પછી તેણે પોતાના બાલવયવાલા પુત્રને રાજ્ય સોંપી અમારી પાસે દીક્ષા લીધી." આ પ્રમાણે શ્રી પ્રસન્નચંદ્ર રાજાનું વૃત્તાંત કહીને શ્રી મહાવીર પ્રભુ વિરામ પામ્યા એટલામાં શ્રેણિકરાજાએ આકાશથી આવતા એવા દેવ-સમૂહને જોયો. તેથી તેણે ફરી શ્રી વીર પ્રભુને પ્રણામ કરીને પૂછયું. "હે નાથ ? આકાશને પ્રકાશ કરનારો આ દેવસમૂહ કેમ આવે છે ?" પ્રભુએ કહ્યું. "પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે તેથી દેવતાઓ તેનો મહિમા કરવા આવે છે."

આ પ્રમાણે શ્રી વીર જિનેશ્વરના મુખકમલથી ત્રણ લોકને આશ્ચર્યકારી પ્રસન્ન-

ચંદ્ર રાજર્ષિના અને વલ્કલચીરીના ઉત્તમ ચરિત્રને સાંભળી ધર્મધ્યાન કરવામાં તત્પર થએલી બુદ્ધિવાલો શ્રી શ્રેણિકરાજા પ્રભુને નમસ્કાર કરી હર્ષ પામતો છતો ઇંદ્રની પેઠે પોતાના રાજગૃહ નગર પ્રત્યે ગયો."

**इति शुभवर्द्धनगणिविहितायां ऋषिमंडलवृत्तौ द्वितीयखंडे प्रसन्नचंद्रराजर्षिसंबंधः समाप्तः**

**जं चेवय जाणामी, तं चेव न वेत्ति भणिअ पव्वइओ ॥**
**अइमुत्तरिसी, सिरिवीरअंतिए चरमदेहधरो ॥ ६५ ॥**

ચરમદેહધારી શ્રી અતિમુક્ત ઋષિએ પોતાના માતાપિતાની પાસે "હું જે જાણું છું તે નથી જાણતો" એમ કહીને શ્રી વીરપ્રભુ પાસે દીક્ષા લીધી. ॥ ૬૫ ॥

## ॥ श्रीअतिमुक्तमुनिनीकथा ॥

પૂર્વે પોલાસપુર નગરમાં વિજય નામે રાજા રાજ્ય કરતો હતો. તેને લક્ષ્મીની પેઠે વિશ્વમાં પ્રશંસા કરવા યોગ્ય શ્રી દેવી નામે પ્રિયા હતી તેઓને ગુણગરિષ્ઠ એવો અતિમુકત નામે એક પુત્ર હતો.

એકદા છ વર્ષનો તે અતિમુકત બાલક અને બાલકીઓની સાથે રમતો હતો. એવામાં તેણે ગોચરી માટે જતા એવા ગૌતમ ગણધરને જોયા. "તમે કોણ છો અને કયાં જાઓ છો ?" એમ તે અતિમુકત બાલકે પૂછયું એટલે ગૌતમે કહ્યું. "અમે મહાવ્રતધારી શ્રમણો છીએ અને આ નગરમાં પ્રાસુક આહારને માટે ઘર ઘર પ્રત્યે ફરીએ છીએ." અતિમુકતે કહ્યું કે હે ભદંત ! "ત્યારે તો તમે મ્હારે ઘરે ચાલો, હું આપને નિર્મલ ભિક્ષા વહોરાવું." એમ કહી આંગલી પકડી પોતાને ઘેર તેડી ગયો. હર્ષિત ચિત્તવાલી શ્રીદેવીએ તેમને પાસુક આહાર વહોરાવ્યો. એટલે ફરી અતિમુકતે પૂછયું. "હે ભદંતો ! તમે કોણ છો અને કયાં રહો છો ?" ગૌતમે કહ્યું. "હે સુંદર ! અમે શ્રી વીરપ્રભુના ધર્મના આચાર્યો છીએ અને અહિં આ નગરીના ઉદ્યાનને વિષે વસીએ છીએ." તેણે કહ્યું. "હે પૂજ્યો ! હું પણ ત્યાં શ્રી વીર જિનેશ્વરને વંદન કરવા આવું છું." ગૌતમે કહ્યું. "હે વત્સ ? જેમ સુખ ઉપજે તેમ" પછી ગૌતમગુરૂની સાથે અતિમુકતે ઉદ્યાન પ્રત્યે આવી શ્રી વીરપ્રભુને નમસ્કાર કર્યો. ત્યાં તે ધર્મ સાંભળી પ્રતિબોધ પામ્યો પછી પોતાના ઘર પ્રત્યે આવી સંસારથી ઉદ્વેગ પામેલો અતિમુકત બાલક માતાપિતાને કહેવા લાગ્યો. "મને આજ્ઞા આપો હું દીક્ષા લઉં." માતાપિતાએ કહ્યું. "હે બાલ ! અપકવ બુદ્ધિવાલો તું શું તત્ત્વને જાણે છે ?" અતિમુક્તે કહ્યું. "હું જે જાણું છું તે નથી જાણતો, અને જે નથી જાણતો તે જાણું છું." તેના આવાં વચન સાંભળી માતાપિતાએ કહ્યું. "હે વત્સ ! એમ કેમ ?" તેણે કહ્યું. "હે માતાપિતા ! હું જાણું છે કે ઉત્પન્ન થએલા

મનુષ્યોને નિશ્ચે મરવું તો છેજ પણ તે કયારે અને કેવી રીતે તે નથી જાણતો. વલી હું નથી જાણતો કે કયા કર્મવડે નરકાદિ પમાય છે પરંતુ જે પોતે કર્મ કરેલાં છે તે જાણું છું " આ પ્રમાણે માતાપિતાને પ્રતિબોધ પમાડી અને તેમના આગ્રહથી એક દિવસ રાજ્ય ભોગવી અતિમુકત કુમારે શ્રી વીરપ્રભુ પાસે દીક્ષા લીધી. પછી પ્રભુએ તેને યોગ્ય શિક્ષા આપવા માટે સ્થવિર સાધુઓને સોંપ્યો. સાધુઓ તેને યોગ્ય શિક્ષા આપવા લાગ્યા.

એકદા વર્ષાકાલે સ્થવિર સાધુઓની સાથે બહાર ગયેલા ગૌતમ ગુરૂએ જલક્રીડા કરતા એવા બાલકોની મધ્યે અતિમુક્તને દીઠો આ વખતે તે અતિમુક્ત કુમાર બાલસ્વભાવને લીધે પોતાની તુંમડી જલમાં મૂકી મુખથી પોતાના મિત્રને એમ કહેતો હતો કે " જુઓ આ મ્હારૂં વહાણ તરે છે. " આ પ્રમાણે ક્રીડા કરતા એવા તે કુમારને વારી સર્વે સાધુઓ તેને સાથે લઇ ઉપાશ્રયે આવ્યા. સવારે સર્વે આવશ્યક કર્મ કરીને સર્વે સાધુઓ તેને સાથે લઇ ઉપાશ્રયે આવ્યા. સવારે સર્વ અવશ્યક કર્મ કરીને સર્વે સાધુઓ શ્રીવીર પ્રભુને વંદના કરવા બ્હાર ગયા. ત્યાં પ્રભુને હર્ષથી પ્રદક્ષિણા કરી નમસ્કાર કરી અને વિનયથી નમ્ર એવા તે સાધુઓ વિનંતિ કરવા લાગ્યા કે " હે સ્વામિન્ ! નિશ્ચે આ બાલક દીક્ષાને યોગ્ય નથી, કારણ એ બાલભાવને લીધે સચિત્ત અચિત્ત વસ્તુને જાણતો નથી. " ભગવાને કહ્યું " હે વત્સો ! તમે એ બાલકની અવજ્ઞા કરશો નહીં, કારણ એ નવમે વર્ષે કેવલી થવાનો છે." સાધુઓ પ્રભુની આજ્ઞા અંગીકાર કરી અતિમુકતને આદર પૂર્વક સમાચારી શીખવવા પૂર્વક શાસ્ત્રનો અભ્યાસ કરાવવા લાગ્યા. અનુક્રમે તે બે વર્ષમાં એકાદશાંગીના પારગામી થયા.

એકદા નવમા વર્ષને વિષે અતિમુક્ત મુનિ પોતે કરેલી જલક્રીડાનું સ્મરણ કરી બહુ પસ્તાવો કરવા લાગ્યા પછી ઇરિયાવહી પડિકમતાં "**दगमट्टी**" એ શબ્દના ઉચ્ચારથી પાણી અને માટીની વિરાધનાથી આત્માની નિંદા કરતા એવા તે બાળ મુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે દેવતાઓએ આવીને સમવસરણ રચ્યું. પછી બહુ કાલ પર્યંત ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી શ્રીઅતિમુક્ત કેવળી મોક્ષપદપામ્યા.

**श्रीअतिमुक्तमुनिनी कथा संपूर्ण. ॥**

**कुमरं सत्थवाहवहुं, [illegible] मंठं च जोउ पव्वावे ॥**
**जं बुद्धो गीईए, तं वंदे खुड्डयकुमारं ॥ ६६ ॥**

જેણે "**सुट्ठु गाइअं**" ઇત્યાદિ ગીતિથી પ્રતિબોધ પામીને રાજકુમારને, સાર્થવાહની સ્ત્રીને, મંત્રીને અને મહાવતને દીક્ષા લેવરાવી. તે ક્ષુલ્લકકુમારને હું વંદન કરૂં છું.॥૬૬॥

## 'શ્રીક્ષુલ્લક' નામના મુનિની કથા

આ જંબૂદ્વીપના સાકેતન પુરને વિષે પુંડરીક નામે રાજા રાજ્ય કરતો હતો. તેને કુંડરીક નામનો યુવરાજ બંધુ હતો. તે કુંડરીકને યશોભદ્રા નામે પતિવ્રતા સ્ત્રી હતી.

એકદા પુંડરીક ભૂપતિ, યશોભદ્રાની રૂપલક્ષ્મી જોઈ કામાતુર થયો. તેથી તેણે દાસીની મારફત યશોભદ્રાને કહેવરાવ્યું કે, "હે ભદ્રે ? તું મને અંગીકાર કરી મ્હારા રાજ્યની સ્વામિની થા. નિશ્ચે ત્હારા વિના મ્હારા પ્રાણનું બીજું કોઇ રક્ષણ કરનાર નથી."

યશોભદ્રા "આ સંસારજ વિચિત્ર છે. ધિક્કાર છે ધિક્કાર છે કામ વિડંબનાને, "અહા ! જેઠ પણ પોતાના ન્હાના ભાઇની સ્ત્રીની ઈચ્છા કરે છે." આ પ્રમાણે મનમાં વિચાર કરી દાસીને કહેવા લાગી. "તું રાજાને જઈને કહે કે તમે પોતાના ન્હાના બંધુની સ્ત્રીની ઇચ્છા કરો છો તે શું કુલને યોગ્ય કાર્ય કહેવાય ? ખરેખર પરસ્ત્રીની પ્રાર્થના કરવી એ પણ એક નરકબંધનનું કારણ છે. તો પછી હે વિભો ! પોતાના ન્હાના ભાઈની સ્ત્રીની પાર્થના કરવી, તેનું તો શું જ કહેવું ? નિશ્ચે મને આ લોકમાં અને પરલોકમાં જે સુખ પ્રાપ્ત થશે તે સુખ રાજ્યવાલા છતાં તમને પ્રાપ્ત નહીં થાય. કારણ પિતાના સમાન એવા તમને હું ક્યારે પણ ઇચ્છતી નથી. કેમકે મ્હારો પતિવ્રતા ધર્મ તમારા થકી પણ મહા તેજવંત છે." યશોભદ્રાએ કહેલાં આ સઘલાં વચન પુંડરીક રાજાએ દાસીના મુખથી સાંભલ્યાં. તેથી કામવડે બહુ પીડા પામતો એ ભૂપતિ મનમાં વિચાર કરવા લાગ્યો. "જ્યાં સુધી સુંદર આકૃતિવાલો મ્હારો ન્હાનો બંધુ જીવતો છે ત્યાંસુધી એ મને ઈચ્છિનારી નથી માટે નિશ્ચે મ્હારે મ્હારા ન્હાના બંધુને મારી નાખવો જોઇએ."

એકદા દુષ્ટ બુદ્ધિવાલા રાજાએ છલ કરી પોતાના બંધુને મારી નાખ્યો. તેથી તેની સ્ત્રી મહાસતી યશોભદ્રા પોતાના શીલવ્રતના ભંગના ભયથી નાસી જઈને શ્રાવસ્તી નગરી પ્રત્યે આવતી રહી. ત્યાં અજિતસેન સૂરીશ્વર અને કીર્તિમતિ સાધ્વી હતાં. તેમની પાસે યશોભદ્રાએ ભયથી પોતાના ગર્ભની વાત નહિ પ્રગટ કરતાં દીક્ષા લીધી. અનુક્રમે તેણીએ અવસરે એક પુત્રને જન્મ આપ્યો. જ્યારે તે પુત્ર આઠ વર્ષનો થયો ત્યારે ગુરૂએ તેને દીક્ષા આપી. પરંતુ તે જ્યારે યુવાવસ્થા પામ્યો ત્યારે તેને દીક્ષા ત્યજી દેવાનો વિચાર થયો. આ વાતની તેની માતાને ખબર પડી ત્યારે તેણીએ પુત્રની પાસે આવી દીક્ષા પાલવાનું કહ્યું. પુત્રે માતાના વચનથી બાર વર્ષ દીક્ષા પાળી. એવી જ રીતે પ્રવર્તનીના આગ્રહથી બીજા બાર વર્ષ દીક્ષા પાળી. વળી ગુરૂ અને ઉપાધ્યાયના વચનથી પણ તેણે મન વિના બાર વર્ષ દીક્ષા પાળી. આ પ્રમાણે અડતાળીશ વર્ષ પર્યંત મન વિના દીક્ષા પર્યાય પાળી એ ક્ષુલ્લક નામના કુમારે છેવટ નિર્લજ્જપણે દીક્ષા ત્યજી દીધી.

પછી માતાએ આપેલી પિતાના નામની મુદ્રિકા અને રત્નકંબલ લઇ તે રાત્રિને

વખતે પુંડરીક રાજા પાસે ગયો. આ વખતે ત્યાં નાચ થતો હતો. બહુ મોડું થવા ને લીધે નર્તકીને કાંઇક નિદ્રાયુક્ત થએલી જોઇ નટે કાનને અમૃતના ક્યારા સમાન એક સુકોમળ ગીતિ કહી. તે નીચે પ્રમાણે:—

सुट्ठु गाइअं सुट्ठु वाइअं, सुट्ठु नच्चिअं सामसुंदरि ॥
अणुपालिअदीहराइअं, सुमिणंते मा पमायए ॥१०॥

હે સુંદરિ સારૂં ગાયું, સારૂ વગાડયું, સારો નાચ કર્યો અને આખી રાત્રી અપ્રમાદપણ વ્યતીત કરી. પણ હવે અંતસમયે પ્રમાદ ન કર.

ક્ષુલ્લક કુમારે આ મનોહર ગીતિ સાંભળીને નટને રત્નકંબલ આપી. યુવરાજે કુંડલ, સાર્થપતિની સ્ત્રી શ્રીકાંતાએ હાર, જયસિંહ મંત્રીએ કડાં અને કર્ણપાલ મહાવતે અંકુશ એમ ચાર જણાએ ચાર લક્ષના મૂલ્યવાળી જુદી જુદી વસ્તુઓ આપી. પછી સવારે રાજાના પૂછવા ઉપરથી ક્ષુલ્લક કુમારે કહ્યું કે, હું તમારા ભાઇનો પુત્ર છું. મ્હારી માતાએ દીક્ષા લીધા પછી મ્હારો જન્મ થયો છે. મેં પણ માતાના, ગુરૂના, ઉપાધ્યાયના અને પ્રવર્તિનીના વચનથી અડતાળીશ વર્ષ પર્યંત દીક્ષા પાળી. હે ભૂપતિ! આજે રાજ્યનો અર્થી એવો હું દીક્ષા ત્યજી દઈને રાત્રીએ અહિં આવ્યો. પરંતુ નાટયમાં આ ગીતિને સાંભળી પ્રતિબોધ પામેલા મેં મ્હારી રત્નકંબલ તેને આપી દીધી છે. હે વિભો! આ અનર્થ ફળદાયી અને સંસારના કારણ રૂપ રાજ્યવડે શું? બહુ આયુષ્ય તો ગયું માટે હવે તો મ્હારે ચારિત્રનું શરણ હો." આ વખતે યુવરાજ પણ ત્યાં આવીને કહેવા લાગ્યો. "હે પિતા! હું પણ તમને હણી રાજ્ય લઈ લેવાની ઈચ્છા કરતો હતો. પરંતુ આ ગીતિના શ્રવણથી પ્રતિબોધ પામીને રાજ્યથી વિરામ પામ્યો છું." જયસિંહ અને કર્ણપાલ મહાવત એ બન્ને જણાએ પણ ભૂપતિને કહ્યું કે, "અમે પણ યુવરાજની આજ્ઞાથી તમને હણવામાટે ઉત્સાહવંત થઈ રહ્યા હતા, પણ આ ગીતિના શ્રવણથી નિવૃત્ત થયા છીએ. હે ભૂપતિ! અને એજ કારણથી અમે કડાં અને અંકુશ આપી દીધાં છે." પછી શ્રીકાંતા કહેવા લાગી. "હે ભૂપ! મ્હારો પતિ દૂર વિદેશ ગયો છે. તે દિવસથી માંડીને કામાતુર એવી હું નવિન પતિ કરવાની ઈચ્છા કરૂં છું. તેને આજ બાર વર્ષ વીતી ગયાં. હે રાજન્! આજ રાત્રીને વિષે પતિ ન કરવા માટે મેં ચિત્ત સ્થિર કર્યું તેમજ ગીતિના શ્રવણથી નિવૃત્તિ પામેલી મેં મ્હારો હાર આપી દીધો." ક્ષુલ્લક કુમારના ધર્મોપદેશ રૂપ અમૃતનું પાન કરીને રાજાદિ સર્વે લોકો જિનધર્મને વિષે આદરવાલા થયા. યુવરાજ, મંત્રી, માવત અને શ્રીકાંતાદિ બીજા અનેક મનુષ્યોની સાથે ક્ષુલ્લક કુમારે ફરી ભાવવડે દીક્ષા લીધી. સર્વ પ્રકારની ક્રિયાનો જાણ ક્ષુલ્લકકુમાર નિરતિચારપણે વિધિથી ચારિત્રને આરાધી કર્મક્ષય કરી સિદ્ધિપદ પામ્યો.

'श्रीक्षुल्लककुमार' नामना मुनिनी कथा संपूर्ण

धन्नो सो लोहिज्जो, खंतिखमो पवरलोहसिरिवणो ॥
जस्स जिणो पत्ताओ, इच्छइ पाणीहिं भुत्तुं जे ॥ ६७ ॥

જેના પાત્રમાંથી હાથવડે ભોજન કરવા શ્રી વીરપ્રભુ ઇચ્છા કરે છે તે લોહ-સમાન શ્યામવર્ણવાલા અને ક્ષમાધારી લોહર્ષિ ધન્યવંતા વર્તે છે ॥૬૭ ॥

जो कम्मसेसवल्लिं, अट्ठविहं छिंदिउं निरवसेसे ॥
सिद्धिवसहिमुवगओ, तमहं लोहं नमंसामि ॥ ६८ ॥

જે સંપૂર્ણ એવી આઠ પ્રકારની કર્મરૂપ વેલને છેદી સિદ્ધિપદ પામ્યા તે લોહર્ષિને હું નમસ્કાર કરૂં છું. ॥ ૬૮ ॥

जेणेगराइआए, चउदस अहिआसिआ य उवसग्गा ॥
वोसट्ठचत्तदेहं, तमहं लोहं समणभद्दं ॥ ६९ ॥

જેમણે એક રાત્રીમાં દેવકૃત ચૌદ ઉપસર્ગ સહન કર્યા વળી શ્રમણોને વિષે ભદ્રકારી હોવાથી શ્રમણભદ્ર નામધારી થએલા અને દેહને ત્યજી દેનારા તે લોહર્ષિને હું વંદન કરૂં છું. ॥ ૬૯ ॥

भोगेसु अरज्जंतो, धम्मं सोउण वद्धमाणस्स ॥
जो समणो पव्वइओ, सुपइट्ठरिसिं नमंसामि ॥ ७० ॥

શ્રી વર્દ્ધમાન પ્રભુના ધર્મને સાંભલી ભોગને વિષે આસક્ત નહિ થયા છતાં જે તપસ્વીએ દીક્ષા લીધી તે સુપ્રતિષ્ટ ઋષિને હું નમસ્કાર કરૂં છું. ॥ ૭૦ ॥

जो वागरिउं वीरेण, सीहनिकीलिए तवोकम्मे ॥
ओसप्पिणीइ भरहे, अपच्छिमोऽसित्ति तं वंदे ॥ ७०॥

શ્રી વીરપ્રભુએ કહ્યું કે " આ અવસર્પિણીમાં ભરતખંડને વિષે સિંહનિક્રિડિત તપ કરનારા તમે છેલ્લા છો અર્થાત્ તમારા પછી કોઇ એ તપ કરનાર નથી" એવા તે સુપ્રતિષ્ઠ ઋષિને હું વંદન કરૂં છું. ॥ ૭૦ ॥

'श्रीलोह' नामना ऋषिनी कथा ॥

ભક્તિથી ઝરતા એવા ચોસઠ ઇંદ્રોએ સેવન કરેલા, આઠ પ્રાતિહાર્યથી સુશોભિત, વળી સિદ્ધાર્થ રાજાના પુત્ર, સિદ્ધઅર્થની દેશના આપનારા, સિદ્ધ શાસનવાળા અને તપે કરીને સિદ્ધ થએલા શ્રી મહાવીર પ્રભુ, સુવર્ણ કમલને વિષે ચરણ મૂકતા છતા આ ભરતક્ષેત્રને વિષે વિહાર કરતા હતા. એ પ્રભુના ચૌદ હજાર ગુણવંત સાધુઓ હતા તેમા એક નામાંકિત લોહાર્યક નામે મુનિ હતા. એ મુનિમાં કોમલપણું, સરલપણું, ક્ષમા, મુક્તિ, સત્ય, તપ, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, સંયમ અને ઉત્તમ પવિત્રતા ઇત્યાદિ સર્વ ઉત્કૃષ્ટા ભાવો નિવાસ કરીને રહ્યા હતા. જેથી લોહર્ષિ સર્વ સાધુઓમાં ઉત્તમ ગણાતા હતા. આ કારણથીજ ત્રણલોકના ગુરૂ એવા શ્રી

વીરપ્રભુ એ મહર્ષિએ આદરથી આણેલા ભક્ત પાનાદિકને અંગીકાર કરતા હતા. કેટલાક મૂઢ પુરૂષો એમ કહે છે કે " કેવળી ભોજન કરતા નથી " તે સાચું નથી. કારણ કે ભોજન વિના દેહ રહી શકતો નથી.

" જેઓ પોતાના અનંત બલથી પૃથ્વીપીઠને છત્રાકાર અને મેરૂને દંડરૂપ બનાવવા શક્તિવંત છે. તે શ્રી જિનેશ્વરો ભોજન વિના પોતાના દેહને ધારણ ન કરી શકે એમ જે તમારૂં કહેવું છે. તે સાંભલી અમને આશ્ચર્ય થાય છે, છદ્મસ્થાવસ્થામાં શ્રી ઋષભપ્રભુ અને બાહુબલી એક વર્ષ પર્યંત નિરાહાર રહ્યા તો પછી કેવલી શું આહારવિના ન રહી શકે ? કયા મનુષ્યોને આ તમારૂં વચન હાસ્યકારી નહીં થાય ? અહો ! કેવલીને કવલનો અહાર તો યોગ્યજ નથી. એ પોતાના અનંત વીર્યપણાથી દેહને ધારણ કરે છે. "

આવો મૂઢ દિગમ્બરોનો અભિપ્રાય છે તે ઠીક નથી. એમ જાણી ગ્રન્થકારે તેનો ઉત્તર આપતાં કહ્યું કે "હે મૂઢો ! આ પુદ્‌ગલમય શરીર નિરંતર ધીમે ધીમે વૃદ્ધિ પામ્યું છે, તો તે આહાર વિના શી રીતે રહી શકે ? જો કે અનંત શક્તિવાલા જિનેશ્વરોનું લોકોત્તર બલ હોય તોપણ તેમનું ઔદારિક શરીર તો પુદ્‌ગલમય છે. જેવી રીતે કેવલીપણું છતાં પણ ઉપવેશન, વિશ્રામણ અને ગમન ઇત્યાદિક હોય છે. તેવી રીતે શું આહારનું ગ્રહણ હોતું નથી. હે દિક્‌પટો ! અર્હંતોને ઘાતિ કર્મના ક્ષયથી કેવલજ્ઞાન હોય છે. અને તેમને ક્ષુધાદિનું કારણ તો વેદનીય કર્મ જાણવું. જો કે કેવલીપણું છતાં ક્ષુધા તૃષાદિ હોય છે. તો પણ દેહધારી એવા અરિહંતોને તે ક્ષુધાદિ શું નથી હોતું ? વલી શ્રી ઋષભાદિ તિર્થંકરોને જે નિરાહારપણાનો કાલ કહ્યો છે પણ તે કાલ કોઇ કારણે હોય એમ જાણવું. કેવલજ્ઞાન તો દેશે કરીને ન્યૂન એવા ઉત્કૃષ્ટથી પૂર્વ કોટિ વર્ષ પર્યંત હોય છે તો તેટલો વખત આહાર વિના દેહ કેમ રહી શકે? તે કારણ માટે કેવળજ્ઞાનીઓને કવલઆહાર કહ્યો છે અને સર્વથા અણાહારિ જીવો તો નીચેની ગાથામાં કહ્યા છે તેટલાજ છે.

**विगहे गइमावन्ना केवलिणो समुहया अजोगीअ ॥**
**सिद्धा य अणाहारा, सेसा आहारगा जीवा ॥ १ ॥**

વિગ્રહ ગતિવાળા, સમુદ્‌ઘાત અવસ્થામાં ત્રીજા ચોથા ને પાંચમા સમયમાં સયોગિ કેવલી અને અયોગિ કેવલી તથા સિદ્ધ ભગવાન્ એટલા અણાહારી હોય છે. અને બાકીના સર્વ જીવો આહારી છે.

આ પ્રકારની યુક્તિથી સર્વજ્ઞ દેવોને આહાર લેવામાં વાધો હોઇ શકતો જ નથી. લોહર્ષિ મુનિ શ્રી વીરપ્રભુને માટે આહાર લાવતા. શ્રી વીરપ્રભુ પણ લોહર્ષિએ આણેલા આહારને નિઃસંશયપણે જમતા આવા કાર્યથી લોહર્ષિ સર્વ સાધુઓમાં શ્રેષ્ઠ કેમ ન ગણાય ? વળી એકજ રાત્રીમાં કોઇ ક્ષુદ્ર દેવતાએ કરેલા બહુ ઉપસ-

ગોને સહન કરનારા એ લોહર્ષિ સર્વે સાધુઓમાં વખાણવા યોગ્ય કેમ ન હોય ? અનુક્રમે કાલે કરી સર્વ કર્મને ખપાવી કેવલજ્ઞાન પામેલા તે લોહર્ષિ મોક્ષપદ પામ્યા. હે ભવ્યપુરૂષો ! આ પાપને નાશ કરનારૂં લોહર્ષિનું ચરિત્ર સાંભળી જિનેશ્વર પ્રભુએ કહેલા ધર્મને વિષે ઉદ્યમ કરો.

## ' श्री लोह' नामना ऋषिनी कथा संपूर्ण.

## ' श्रीसुप्रतिष्ठ ' नामना महर्षिनी कथा ॥

પ્રતિષ્ઠાના એક સ્થાનરૂપ કોઇ ધનવંત શ્રેષ્ઠિપુત્ર સુપ્રતિષ્ઠે, શ્રીવીરપ્રભુના મુખથી અરિહંતનો શુદ્ધ ધર્મ સાંભળ્યો. તેથી ભોગસુખ ત્યજી દઇ સંવેગ પામેલા તેણે તૃણાદિની પેઠે બાહ્ય અને આભ્યંતરના સર્વ સંયોગ ત્યજી દીધા એટલુંજ નહિ પણ પોતાનું સર્વ દ્રવ્ય સાત ક્ષેત્રને વિષે વાપરી તેણે શ્રી વીર પ્રભુ પાસે દીક્ષા લીધી. પછી ક્ષમા અને સરળતાદિ ગુણોયુક્ત એવા તે મહા મુનિ, સિદ્ધાંતમાં કહેલા સર્વે તપો કરવા લાગ્યા.

એકદા વિનયવાળા તે સુપ્રતિષ્ટ મુનિએ શ્રી વર્દ્ધમાન પ્રભુને પ્રણામ કરી હાથ જોડીને પૂછયું. "હે સ્વામિન્! જો આપ આજ્ઞા આપો તો હું હર્ષથી કર્મક્ષય માટે ઘોર પાપને નાશ કરનારૂં સિંહનિષ્ક્રિડિત તપ કરૂં." પ્રભુએ કહ્યું. "હે વત્સ ! હા તું તે ઘોર તપનું આચરણ કર." પ્રભુએ આજ્ઞા આપી એટલે તે સુપ્રતિષ્ટ મુનિ હર્ષપૂર્વક સિંહનિષ્ક્રીડિત તપ કરવા લાગ્યા. પછી વિધિથી તપ પૂર્ણ કરી ઉત્તમ બુદ્ધિવાલા સુપ્રતિષ્ટ મુનિએ ભક્તિથી શ્રી વર્દ્ધમાન પ્રભુને નમસ્કાર કર્યો. આ વખતે શ્રી પ્રભુ સુર, અસુર અને મનુષ્યની સભામાં બેઠા હતા. તેથી તેમણે જગતના જીવોને હિતકારી એવું વચન સુપ્રતિષ્ટને કહ્યું. "હે સુપ્રતિષ્ટ મહા મુનિ ! અહો ! તમે આ અવસર્પિણીમાં સિંહનિષ્ક્રીડિત તપ છેલ્લું કર્યુ છે. અર્થાત્ હવે પછી આ તપ કોઇ કરનાર નથી." પ્રભુનાં આવાં વચન સાંભળી તેમના ગુણથી હર્ષ પામેલા સર્વે સાધુઓ સુપ્રતિષ્ટ મુનિની પ્રશંસા કરવા લાગ્યા. અરિહંત પ્રભુથી પ્રશંસા પામેલા સુપ્રતિષ્ટ મુનિ પણ સંયમને ઉત્તમ પ્રકારે પાળી અક્ષય એવા મોક્ષપદને પામ્યા.

**धणकणगरयणपउरो, जेणं संसारवासभीएण ।**
**मुक्को कुटुंबवासो, तं सिरसा सुव्वयं वंदे ॥ ७२ ॥**

સંસારવાસથી ભય પામેલા જે મહામુનિએ દ્રવ્ય, સુવર્ણ રત્નસમાહ અને કુટુંબવાસ ત્યજી દીધો તે સુવ્રતમુનિને હું મસ્તકવડે વંદના કરૂં છું. ॥ ૭૨ ॥

## ॥ 'श्रीसुव्रत' नामना मुनिनी कथा ॥

લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ આ ભરતક્ષેત્રના સુદર્શનપુરમાં ઉત્તમ ગુણોના આશ્રયરૂપ શિશુનાગ નામનો ઉત્તમ બુદ્ધિવાળો શ્રેષ્ઠી વસતો હતો. લક્ષ્મી પોતાનો સ્વભાવિક ચપળતાનો દોષ ત્યજી દઇ નિરંતર તેના ઘરને વિષે ઉત્સાહ પામતી છતી રહેતી હતી. જેણીએ પોતાના શીળગુણથી સતી સ્ત્રીઓને વિષે અગ્રેસરપણું મેલવ્યું હતું એવી અને જાણે સાક્ષાત્ દેહધારી ગૃહલક્ષ્મીજ હોયની ? એવી તે શ્રેષ્ઠીને સુયશા નામે સ્ત્રી હતી. નિરંતર શ્રાવકવ્રત પાળતા અને ભોગ ભોગવતા એવા તેઓને ઉત્તમ ગુણલક્ષ્મીએ કરીને પવિત્ર એવો સુવ્રત નામે પુત્ર થયો. ગુરૂ પાસે સર્વ કલાઓનો અભ્યાસ કરતા એવા તે શ્રેષ્ઠિપુત્રે પોતાના પુણ્યથી કલાધારીઓમાં અગ્રેસરપણું મેલવ્યું. અનુક્રમે તે સ્ત્રીઓના મનરૂપ મદોન્મત્ત મૃગને વશ કરવામાં પાસરૂપ સૌભાગ્યલક્ષ્મીવાળું દિવ્ય યૌવન પામ્યો, જેથી તે દોગુંદકદેવની પેઠે નિરંતર સુખસંપત્તિ ભોગવતો હતો.

એકદા તે પોતાના આવાસના ગોખ ઉપર બેસીને નગરની શોભા જોતો હતો. એવામાં તેણે પોતાના ઘરની પાસેના કોઈ ઘરને વિષે જોવા યોગ્ય કાંતિવાળી, મનોહર અને રંભાના સરખી કોઈ સ્ત્રીને દીઠી. વિવિધ પ્રકારના તે તે ઇષ્ટ વિલાસથી ક્રીડા કરતી એવી તે સ્ત્રીને જોઇ બુદ્ધિમાન એવો સુવ્રત વારંવાર વિચાર કરવા લાગ્યો. " અહો ! શું એણીનું રૂપ! એનો પતિ કેવો તેની સાથે ક્રીડા કરે છે. ખરેખર ઉત્તમ પુરૂષોને આવો યોગ તો પુણ્યથીજ પ્રાપ્ત થાય છે. સુવ્રત આ પ્રમાણે વિચાર કરતો હતો એવામાં તેના પ્રિયમિત્રો આવ્યા તેથી તે તેમની સાથે વાતો કરવા લાગ્યો એટલે પેલી વાત ભૂલી ગયો. બીજે દિવસે પવિત્ર બુદ્ધિવાળો સુવ્રત ફરી ગોખને વિષે બેઠો. આ વખતે પેલી સ્ત્રીને અચાનક વ્યાધિ થઇ આવ્યો તેથી તે તુરત મરી ગઈ. આક્રંદ કરતા એવા તેણીના બંધુઓ શોકથી તેણીને શ્મશાનમાં લઇ જતા હતા. તે ગોખમાં બેઠેલા સુવ્રતે દીઠી. તેથી તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો. " પ્રાણીઓને દુઃખના ભંડારરૂપ આ સંસારને ધિક્કાર થાઓ, ધિક્કાર થાઓ, ફક્ત મૂર્ખ પુરૂષોજ આ સંસારમાં આસક્ત થાય છે. પરંતુ વિવેકી પુરૂષો તો તેથી વિરાગવંતા થાય છે. જીવિત અને ધનાદિ સર્વ સંધ્યા સમયના વાદળાના રંગ જેવું છે. સંસારના સંયોગ પણ વિયોગથી નાશવંતા છે. માટે વિનશ્વર એવા કુટુંબમાં નિવાસ કરવાની મ્હારે કાંઇ જરૂર નથી. જ્યાં શાશ્વત તત્ત્વ હોય ત્યાં વાસ કરવો યોગ્ય છે. " આ પ્રમાણે વિચાર કરીને પુણ્યાત્મા તથા ક્ષમાધારી એવા સુવ્રતે માતા પિતાની આજ્ઞા લઈ સુગુરૂ પાસે દીક્ષા લીધી. ત્યારપછી તે ચારિત્રને પાલવા લાગ્યો. અનુક્રમે સર્વ સિદ્ધાંતના અભ્યાસવાળા અને સાધુની શિક્ષાદિના પારને પામેલા તે સુવ્રત મુનિ, ગુરૂની આજ્ઞાથી એકલ વિહારી થયા.

એકદા ક્રોધ, માન અને માયાદિને જીતનારા તે મહામુનિ, ઇંદ્રિયોને વશ કરી અરણ્યમાં કાયોત્સર્ગે રહ્યા હતા. આ અવસરે ઇંદ્રે અવધિ જ્ઞાનથી તે સુવ્રત મુનિને જોઈ હર્ષ પામતા છતા દેવતાઓને કહ્યું કે "હે દેવતાઓ! સાંભળો. જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં સુવ્રત નામના મહામુનિ, જેવા વ્રતને વિષે દૃઢ છે તેવા બીજા કોઇ પણ મુનિ હમણાં ત્રણ જગત્‌ને વિષે નથી. કારણ એ મુનીશ્વરને સુરેંદ્ર પણ તેમના વ્રતથી ચલાવવા સમર્થ નથી." ઇંદ્રનાં આવાં વચન સાંભળી એક મિથ્યાદૃષ્ટિ દેવતા વિચાર કરવા લાગ્યો કે "અહો! આ ઇંદ્ર પોતે તેની સમર્થપણાની શી વાત કરે છે. શું મનુષ્યોમાં એટલું બધું સત્ત્વ હોય છે? માટે ચાલ હું ભરતક્ષેત્રમાં જઇ તેને વ્રતથી ભ્રષ્ટ કરી અને આ પ્રમાણે તેની પ્રશંસા કરતા એવા ઇંદ્રને બોલતા બંધ કરી દઉં." પછી પોતાની દિવ્ય શકિતથી તે દેવતા જ્યાં અરણ્યને વિષે મુનિ કાર્યોત્સર્ગે રહ્યા હતા ત્યાં આવ્યો. ત્યાં તેણે પ્રથમ ઝટ શરીરને સુખકારી અને સુગંધવાળો વાયુ વિકર્વ્યો. અકાળે સર્વ વૃક્ષોને પુષ્પ અને ફલ પ્રગટ કરી સર્વ સ્થાનકે રાગસહિત મધુર ગીત રચાવ્યાં. વિદ્યાધરો અને સ્થાનકચારી સર્વ પ્રાણીઓનાં મૈથુનક્રીડા કરતાં એવા જોડલાંઓ બનાવ્યાં. વળી તે દેવતાએ વિકુર્વેલી ઉજ્વળ અલંકારને ધારણ કરનારી મનોહર રૂપવાળી સ્ત્રીઓ કટાક્ષથી ત્રણ જગત્‌ને ક્ષોભ પમાડવા લાગી. આ સર્વ અકાળે ઓચિંતું ઉત્પન્ન થએલું જોઇ સુવ્રત મુનિ પોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યા કે, "મોહનું કારણ આ શું? મ્હારા મોહને ઉન્માદ કરાવનારૂં આ સર્વ શું દિવ્ય છે કે સ્વાભાવિક છે? ગમે તે હો, મ્હારે તેનો વિચાર કરવાની કાંઇ જરૂર નથી. નિશ્ચે મ્હારા આ દુર્દમ આત્માને વશ કરવા કોઇ દેવતાએ આ ઉદ્યમ કર્યો હોય તેમ જણાય છે." આમ ધારી તે મહાત્મા પોતાની પાંચે ઇંદ્રિયોને મનસહિત નિયમમાં રાખી મેરૂપર્વતની પેઠે સ્થિરતાએ એક એકાંત સ્થલમાં બેઠા.

હવે પેલી કૃત્રિમ સર્વ સ્ત્રીઓ, મુનિને લોભ પમાડતી છતી કહેવા લાગી. "હે મુનિ! તમને અતિ ઉગ્ર એવા તપનું ફલ આજ ભવને વિષે મલ્યું છે. તેથીજ વિદ્યાધરની પુત્રીઓ અને સ્વયંવર કરનારી અમે તમને વરવા માટે અહિં આવીઓ છીએ. માટે તમે અમારૂં પાણીગ્રહણ કરો. હે સુવ્રત! નિરંતર પૃથ્વીના સામ્રાજ્યની પેઠે સ્વરાજ્ય ભોગવતા છતા તમે અમારી સાથે પોતાના તારૂણ્યને કૃતાર્થ કરો." સ્ત્રીઓનાં આવાં વચનથી પણ સ્થિર બુદ્ધિવાળા તે સુવ્રત મુનિ કિંચિત્‌માત્ર ક્ષોભ પામ્યા નહીં. કહ્યું છે કે બહુ પવનથી કયારે પણ મેરૂ પર્વત ચલાયમાન થાય ખરો? સ્ત્રીઓએ આલિંગનાદિ બહુ ભાવો કર્યા. પરંતુ ભરેલા ઘડા ઉપર પાણીના સિંચનની પેઠે તે સર્વ નિષ્ફલ થયું. પછી દેવતા અવધિજ્ઞાનથી મુનિનું વ્રતને વિષે ધૈર્ય જોઇ માયા ત્યજી દઈ અને પ્રગટ થઈ કહેવા લાગ્યો. "હે સુવ્રત મુનિ! તમે ધન્ય, ત્રણ જગત્‌ને માન્ય અને વ્રતધારીઓની મધ્યે શ્રેષ્ઠ છો. જે તમારૂં પોતાનું વ્રત પાળવામાં આવું દૃઢપણું છે. હે મુનિ! હમણાં ઇંદ્ર, પોતાની

સભામાં તમારી બહુ પ્રસંશા કરતો હતો. તેથી મૂઢ એવા મેં પરીક્ષા કરવા માટે તમારી અવજ્ઞા કરી છે. આ મ્હારો અપરાધ ક્ષમા કરો. કારણ સંત પુરૂષો સર્વ સહન કરનારા હોય છે." દેવતા આ પ્રમાણે સુવ્રત મુનિને કહી ભક્તિથી નમસ્કાર કરી અને વારંવાર સ્તુતિ કરી તેમના ગુણોને સ્મરણ કરતો છતો પોતાને સ્થાનકે ગયો. છેવટ તે સુવ્રત નામના મહામુનિ, ક્રોધાદિ શત્રુઓને વશ કરી, નિર્મલ એવા ચારિત્રને પાલી, ઉગ્ર એવા ઉપસર્ગને સહન કરવાથી દુષ્ટ એવા આઠ કર્મનો ક્ષય કરી અને લોક તથા અલોકની યથાર્થ અર્થ ઘટનાને પ્રકાશ કરનારૂં કેવલજ્ઞાન પામીને મોક્ષ લક્ષ્મીને વર્યા.

॥ 'श्री सुव्रत' नामना मुनिनुं चरित्र संपूर्ण ॥

जेण कयं सामन्नं, छमासे झाणसंजमरयेण ॥
तं मुणिमुदारकित्तिं, गोभद्दरिसिं नमंसामि ॥ ७३ ॥

ધર્મ શુક્લ ધ્યાન અને સત્તર પ્રકારના સંયમમાં આસક્ત એવા જે મુનિએ છ માસ પર્યંત સાધુપણું પાલ્યું તે તત્ત્વજ્ઞ અને ઉદાર કીર્તિવાલા ગોભદ્ર ઋષિને હું નમસ્કાર કરૂં છે. ॥ ૭૨ ॥

## આ ગોભદ્ર રૂષિની કથા આગલ શાલિભદ્ર અને ધન્યકુમારના અધિકાર વિષે કહેવાશે.

वारत्तपुरे जायं, सोहम्मवडिंसया चइत्ताणं ॥
सिद्धिं विहुयरयमलं, वारत्तरिसिं नमंसामि ॥ ७४ ॥

સૌધર્મ વિમાનથી ચવીને વારત્તપુરને વિષે ઉત્પન્ન થએલા અને ધોઈ નાખ્યાછે કર્મ-રૂપ મલ જેમણે એવા તેમજ સિદ્ધિ પદને પામેલા વારત્ત ઋષિને હું નમસ્કાર કરૂં છું.

## 'श्रीवारत्त' नामना ऋषिनी कथा.

પોતાની સંપત્તિએ કરીને અમરાવતીને પણ કંપાવનારી ચંપાપુરી નામે નગરી છે. ત્યાં મિત્રપ્રભ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામે રાણી હતી. તે નગરીમાં દ્રવ્યથી કુબેરના સરખી ઉપમાવાળો અને પોતાના ગુણોથી લોકમાં વિખ્યાત એવો ધનમિત્ર નામે ઉત્તમ બુદ્ધિવાળો સાર્થવાહ રહેતો હતો. તેને પ્રેમના પાત્ર રૂપ ઉત્તમ રૂપવાલી અને સતી ધનશ્રી નામે સ્ત્રી હતી. શ્રેષ્ઠ એવી તે સ્ત્રી હંમેશાં પતિ-વ્રતા રૂપ મહા ધર્મનું પાલન કરતી હતી. નિરંતર ભાવથી શ્રાવકધર્મને પાલતા અને સુખ ભોગવતા એવા તેઓને કાળે કરીને એક મહાતેજવંત પુત્ર થયો. "આ વંશમાં આ સારો પુત્ર થયો." એમ લોકો તેની પ્રશંસા કરવા લાગ્યા. એ ઉપરથી કામદેવ સમાન રૂપ વાલા તે પુત્રનું સુજાત એવું નામ પાડયું. પુત્રે ગુરૂની પાસે સર્વ

શાસ્ત્રોનો અભ્યાસ કર્યો, તેથી શ્રી અરિહંત પ્રભુના ધર્મને વિષે તેની વિશેષે બુદ્ધિ થઈ. પોતાના નિર્મલ ગુણોથી સર્વ મનુષ્યોને આનંદ પમાડતો એવો તે સુજાત, અનુક્રમે કામિનીઓના કામની ખાણુ રૂપ યૌવન પામ્યો. શુદ્ધ પક્ષવાળો તે કુમાર, પોતાના સમાન ગુણ અને વયવાલા ઉત્તમ મિત્રોની સાથે હંમેશાં શુદ્ધ પાંખોવાળા હંસની પેઠે ક્રીડા કરતો હતો.

હવે તે નગરમાં તે વખતે રાજાનો ધર્મઘોષ નામે સત્યવાદી પ્રધાન હતો. તેને પ્રિયંગુ નામની સ્ત્રી હતી. એકદા પ્રિયંગુ, નિરૂપમ એવા સુજાતને જોઈ તેના ઉપર અત્યંત અનુરાગ ધરવાથી પોતાની સખી પાસે તેની પ્રશંસા કરવા લાગી. આ પ્રમાણે સખીની પાસે સુજાતની પ્રશંસા કરતી એવી પોતાની પ્રિયાને સુજાત ઉપર અનુરાગ વાળી થએલી જાણી ધર્મઘોષ પ્રધાન પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો. " હા ! મ્હારૂં ઘર નાશ પામ્યું જે મ્હારી પ્રિયા બીજા ઉપર આસક્ત થઇ. હવે એ સુજાત જીવતાં છતાં મને સુખ મળવાનું ક્યાંથી ? કારણ બીજાને વિષે આસક્ત થએલી નર્દય સ્ત્રી, પોતાના પતિ વિગેરેને હણી નાખે છે. માટે કોઇ ઉપાયથી ધનમિત્રના પુત્રને મારી નાખું જેથી નિશ્ચે કુટુંબ સહિત મને સુખ થાય, પરંતુ તેનો પિતા રાજ્યમાન્ય અને સર્વ નગરમાં શ્રેષ્ઠ કહેવાય છે. જેથી તેના પુત્રને અપરાધ વિના શી રીતે મારી શકાય ? હા, જેણે કરીને રાજાઓ પણ પોતાના અસાધ્ય કાર્યને સાધી શકે છે, તેવી બુદ્ધિ મ્હારે છે તો પછી શી ચિંતા રાખવી. જેને માટે કહ્યું છે કેઃ—

**यस्य बुद्धिर्बलं तस्य, निर्बुद्धेश्च कुतो बलं ॥**
**वने सिंहो मदोन्मत्तः, शशकेन निपातितः ॥ १ ॥**

જેની બુદ્ધિ તેનું બલ, બુદ્ધિ રહિતને બલ ક્યાંથી હોય ? બુદ્ધિના બલથી સસલાએ મદોન્મત્ત સિંહને કુવામાં નાખ્યો. ॥ ૧ ॥

પછી કપટલેખથી તે ધર્મઘોષ મંત્રીએ રાજાને સુજાત ઉપર બહુ કોપ પમાડયો.

હવે એમ બન્યું કે યારખુરી પુરીના રાજા ચંદ્રધ્વજ આ મિત્રપ્રભ રાજા પાસે કાંઇ કામની માગણી કરતો હતો. તેથી મિત્રપ્રભે આ સુજાતને એક ચીઠી આપી તેની પાસે મારી નાખવા મોકલ્યો. સુજાત પણ નિષ્કપટપણે ચંદ્રધ્વજ રાજા પાસે જઈ હર્ષને નાશ કરનારી પોતાના રાજાની ચીઠી આપી. ચીઠી વાંચી વૃત્તાંત જાણી બહુ ખેદ પામેલા ચંદ્રધ્વજ રાજાએ તેને ચીઠી ન દેખાડતાં છતાં પૂછયું કે " હે ઉત્તમ બુદ્ધિવાળા વત્સ ! તેં રાજાનો એવો શો અપરાધ કર્યો છે કે જેણે તને આવો અધમ હુકમ કરીને મ્હારી પાસે મોકલ્યો ? " સુજાતે કહ્યું. " તેમનો કાંઇ પણ અપરાધ કર્યો નથી તેમજ મને વધ કરવા માટે અહીં શામાટે મોકલ્યો તે પણ હું જાણતો નથી. આપ તે રાજાના હુકમ પ્રમાણે ઝટ કરો. એમાં તમારો શો દોષ છે. કારણ ક્યાં પુરૂષનું પૂર્વ ભવોપાર્જિત કર્મ નાશ પામે છે ? " ચંદ્રધ્વજ રાજાએ તેને

નિષ્કપટપણે નિર્દોષ જાણી પોતાને ત્યાં એકાંત સ્થાને રાખ્યો. એટલુંજ નહીં પણ પોતાની ચંદ્રયશા બ્હેન પણ તેને પરણાવી. પછી સુજાતે, તેણીને કોઢના રોગવાળી જાણી એવો ઉપદેશ દીધો કે, તે ભક્તનું પચ્ચખાણ કરી ( અનશન લઇ ) સ્વર્ગને વિષે મ્હોટો દેવતા થયો.

હવે સ્વર્ગને વિષે રહેલા દેવતાએ સુજાતને પોતાનો ઉપકાર કરનારો જાણ્યો. તેથી તેણે મિત્રપ્રભ ભૂપતિને શિલાના ઉત્પાત દેખાડી, સુજાતને વિશ્વને આશ્ચર્યકારી એવા મ્હોટા ઉત્સવથી રત્નવૃષ્ટિ પૂર્વક તેના ઘરને વિષે પહોંચાડયો. ભૂપતિ મિત્રપ્રભ પણ પોતાના ધર્મઘોષ મંત્રીનું દુ:ચેષ્ટિત જાણી સુજાતના ઘર પ્રત્યે આવી તેની ક્ષમા માગવા લાગ્યો. સુજાતે કહ્યું. " એ મંત્રીનો દોષ નથી પરંતુ દુષ્ટબુદ્ધિથી કરેલા મ્હારા પૂર્વ કર્મનો દોષ છે. માટે હે રાજન્ ! મને આજ્ઞા આપો કે જેથી હું આ દુ:ખના નિવાસસ્થાન રૂપ ગૃહવાસને તજી દઇ તેજ દુષ્ટ કર્મને જીતવા માટે યોગ્ય ઉદ્યમ કરૂં. " આ પ્રમાણે સુજાતે રાજાની તથા માતાપિતાની આજ્ઞા લઈ સર્વ સંગ તજી દઇ આદરથી તપસ્યા અંગીકાર કરી. થોડા કાલમાં દુષ્કર તપથી સર્વ કર્મનો ક્ષય કરી તે સુજાત મહાત્મા મોક્ષ પામ્યા.

હવે પાછલ મહા ક્રોધાતુર થએલા ભૂપતિએ ધર્મઘોષ મંત્રીનું સર્વ ઘર લુંટી લઈ તેને પોતાના દેશમાંથી કાઢી મૂકયો. મંત્રી પૃથ્વી ઉપર ભ્રમણ કરતો કરતો વૈરાગ્ય પામ્યો. તેથી તેણે કોઇ સ્થવિર સાધુ પાસે હર્ષથી જૈનની દીક્ષા લીધી. પછી તે ગુરૂ પાસે શાસ્ત્રોનો અભ્યાસ કરતા છતા અનુક્રમે બહુશ્રુત થયા. પછી તે મહાત્મા ગુરૂની આજ્ઞાથી એકલા વિહાર કરવા લાગ્યા. તે એકદા વાર્તક નગરના બ્હાર ઉદ્યાનમાં આવી પહોંચ્યા. તે વાર્તક નગરમાં પુત્રની પેઠે પ્રજાનું પાલન કરનારો અને સૂર્ય સમાન પ્રૌઢ પ્રતાપવાળો અભયસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને પ્રશંસા કરવા યોગ્ય ગુણના સ્થાન રૂપ વાર્તક નામે મહામંત્રી હતો. કે જે મંત્રી લીલા માત્રમાંજ ભૂપતિનાં અસાધ્ય કાર્ય કરતો હતો. એક દિવસ ઉપસર્ગ અને પરીષહને સહન કરનારા તથા પંચ સમિતિ અને ત્રણ ગુપ્તિયુક્ત એવા તે ધર્મઘોષ, મુનિ ભિક્ષાને અર્થે ભમતા ભમતા પુણ્યના ઉદયથી કલ્પવૃક્ષની પેઠે તે વાર્તક મંત્રીના ઘરને વિષે આવ્યા. આ વખતે મંત્રી ગોખમાં બેઠો હતો. પછી હર્ષિત ચિત્તવાલી મંત્રીપ્રિયા જેટલામાં ઘૃતાદિયુક્ત પાયસાન્ન મુનિને વહોરાવવા માટે આવતી હતી તેટલામાં તેમાંથી એક ટીપું નીચે પડયું. જો કે મુનિ, તે શુદ્ધ આહારને જાણતા હતા તો પણ તે પાયસાન્નનું સ્નિગ્ધ ટીપું પૃથ્વી ઉપર પડતું જોઇ તુરત પાછા ચાલ્યા ગયા. " એક ટીપું પૃથ્વી ઉપર પડયે છતે પાયસાન્નને લીધા વિના મુનિ કેમ પાછા ચાલ્યા ગયા ? " એમ વાર્તક પ્રધાન મનમાં વિચાર કરતો હતો એટલામાં મક્ષિકાની લાલચુ એવી ઘરોલી ત્યાં આવી, ઘરોલીને પકડવા માટે એક બીલાડો આવી પહોંચ્યો. વલી તે બીલાડાને પકડવા માટે કોઇ અજાણ કુતરો

આવ્યો. તેટલામાં પ્રધાનના ઘરનો રહેનારો કુતરો ક્રોધ કરી પેલા કુતરા ઉપર ધસી આવ્યો. બન્ને કુતરાઓનું પરસ્પર યુદ્ધ થતું હતું એવામાં તે તે પક્ષના મ્હોટા કુતરાઓ પોત પોતાના પક્ષના બીજા બહુ કુતરાઓને એકઠા કરી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. પછી ગોખમાં બેઠેલા વાર્તક પ્રધાને વિચાર્યું કે, " નિશ્ચે આવા અનર્થ થવાના વિચારથીજ આવા હેતુવડે સાધુએ પાયસાન્ન વહોર્યું નહીં. " આવા શુભ વિચારથી જાતિસ્મરણ જ્ઞાનને પામી પ્રતિબોધ પામેલા તે વાર્તક પ્રધાનને શાસનદેવીએ વેષ આપ્યો જેથી તેણે તુરત વ્રત અંગીકાર કર્યું. નિરંતર અતિચારરહિત વ્રત પાલતા એવા તે વાર્તક મુનિ એકદા સુંસુમાર નગરને વિષે જઇ ત્યાં એક યક્ષમંદિરના ચોકમાં રહ્યા. હવે એમ બન્યું કે જેમ સૂર્યનો તાપ ઘુવડથી સહન ન થાય તેમ જેનો પ્રતાપ શત્રુઓ સહન કરી શકતા નહોતા એવો તે સુંસુમાર નગરમાં ધુંધુમાર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ઉત્તમ રૂપવાલી, નવીન યૌવન વાળી, જીવાજીવાદિ તત્ત્વને જાણનારી અને સમકીત રૂપ વ્રતને ધારણ કરનારી અંગારવતી નામે પુત્રી હતી.

એકદા મિથ્યાત્વવાસિત કોઈ એક પરિવ્રાજિકા તેની પાસે આવીને જિનધર્મની અવજ્ઞા કરવા લાગી. પરંતુ જિનશાસનથી સર્વ સ્થાનકે વિજય મેળવનારી અંગારવતીએ તેણીને યુક્તિ પ્રયુક્તિથી બોલતી બંધ કરી દીધી. પછી રાજપુત્રી ઉપર અત્યંત ક્રોધ પામીને તે પરિવ્રાજિકાએ એવી પ્રતિજ્ઞા કરી કે, " હું તને આ જિનમતથી ભ્રષ્ટ કરીશ. " પછી તે અંગારવતીના યથાર્થ રૂપને પટ ઉપર આલેખી તે પરિવ્રાજિકા ઉજ્જયિની નગરીને વિષે મહા સમર્થ એવા ચંડપ્રદ્યોતન રાજા પાસે ગઇ. ભૂપતિએ બહુ આદર સત્કાર કર્યા પછી તેણીએ આશ્ચર્ય ઉત્પન્ન કરવા માટે પેલો પટ તેના આગળ મૂકયો. ભૂપતિએ તે ચિત્રપટના રૂપને જોઇ અત્યંત વિસ્મય પામીને પૂછ્યું. " હે તપસ્વિનિ ! આ કઈ દેવીનું સ્વરૂપ છે ? " પરિવ્રાજિકાએ ઉત્તર આપ્યો. હે નૃપ ! આ કોઈ દેવીનું સ્વરૂપ નથી પરંતુ એ અંગારવતી રાજકન્યાનું સ્વરૂપ છે. " ચંડપ્રદ્યોતને પૂછ્યું " એ કોની પુત્રી છે. અને કયાં રહે છે ? " પરિવ્રાજિકાએ કહ્યું. " એ સુંસુમાર પુરના ધુંધુમાર ભૂપતિની પુત્રી છે. " પછી અંગારવતીને વિષે જેનું મન આસક્તિ પામ્યું છે. એવા તે ચંડપ્રદ્યોતન રાજાએ વસ્ત્ર પાત્ર વિગેરેથી તે પરિવ્રાજિકાને સત્કાર કરીને રજા આપી. ત્યાર બાદ મહા સમૃદ્ધિથી મદોન્મત એવા તે ભૂપતિએ એક દૂતને સમાચાર આપીને તુરત ધુંધુમાર ભૂપતિ પાસે મોકલ્યો. દૂત પણ ધુંધુમાર ભૂપતિને નમસ્કાર કરી નિર્ભયપણે કહેવા લાગ્યો. " હે રાજન્ ! તમારી અંગારવતી કન્યા ચંડપ્રદ્યોતન મહારાજાને આપો. નહિતર હમણાંજ રાજ્ય તજી દ્યો. કારણ કે તે રાજા રોષ પામ્યે છતે તમે અહિં રહી શકવાના નથી. હે આર્ય ! મનુષ્યોનું ચાતુર્ય તો એજ કહેવાય કે જે તે પ્રકારે કરીને પોતાનો સ્વાર્થ સાધવો. " દૂતનાં આવાં વચન સાંભલી હાસ્ય કરતા

એવા ધુંધુમાર ભૂપતિએ કહ્યું. " જે બીકણ પુરૂષ હોય છે તે એવી રીતે પોતાનું કાર્ય સાધે છે. હે ચર ! તે ત્હારા અનાર્ય રાજાનું બલ હું યુદ્ધમાં જોઇ લઇશ. હું રણભૂમિપર આવે છતે કયો પુરૂષ મ્હારી સામો ટકી શકે તેમ છે ? " હે નરાધમ ! તું પણ અહિંથી ઝટ ચાલ્યો જા, નહિતો તને પણ આ મ્હારા ખડ્ગથી હણી નખીશ " ધુંધુમાર ભૂપતિનાં આવાં વચનથી ભય પામેલા દૂતે ઝટ ચંડપ્રદ્યોતન રાજા પાસે આવીને ધુંધુમાર ભૂપતિનું કહેલું સર્વ યથાર્થપણે નિવેદન કર્યું. પછી અત્યંત ક્રોધ પામેલો ચંડપ્રદ્યોતન રાજા, પોતાના અસંખ્ય સૈન્યથી પૃથ્વીને કંપાવતો છતો સુંસુમારપુર પ્રત્યે આવ્યો.

હવે અહિં ધુંધુમાર ભૂપતિ, મહાબળવાળા શત્રુને આવેલો જાણી કિલ્લાને બંધ કરી, પોતાના પ્રધાનોની સાથે વિચાર કરવા લાગ્યો. તેણે કહ્યું કે, હે પ્રધાનો ! આ આવેલો ભૂપતિ, મ્હારાથી બલે કરીને મ્હોટો છે. જેથી સિંહની સાથે મૃગની પેઠે હું તેની સાથે યુદ્ધ કરવા સમર્થ નથી. માટે હે ઉત્તમ બુદ્ધિવાળા મંત્રીઓ ! તમે કોઇ પણ ઉપાય કહો કે જેથી મ્હારો એ દુર્જય ભૂપતિથી પણ જય થાય. " પ્રધાનોએ કહ્યું. " હે પ્રભો ! અમે રાત્રીને વિષે પક્ષીઓને જોઇ તમને ઉપાય કહીશું જેથી તમારો વિજય થશે. " પ્રધાનોનાં આવાં વચનથી અત્યંત સંતોષ પામેલા ભૂપતિ ધુંધુમારે કહ્યું. " તમે આજ પક્ષીઓને જોઇ ઉપાય કહેજો. "

પછી રાત્રીને વિષે સર્વે મંત્રીઓ પક્ષીઓને જોતા જોતા જેટલામાં યક્ષના મંદીરના પાસેના ભાગ ઉપર આવીને બેઠા તેટલામાં ત્યાં તે નગરની કેટલાક બાલકો એકઠા થઇને ધુંધુમાર તથા પ્રદ્યોતનના સૈન્યની કલ્પના કરી પરસ્પર યુદ્ધ કરતા હતા. પ્રદ્યોતનના સૈન્યના બાળકોથી ધુંધુમારના બાલકોનું સૈન્ય હારી ગયું તેથી તે સર્વે બાલકો યક્ષમંદીરની અંદર પેસવા લાગ્યા, એવામાં ત્યાં રહેલા વાર્તક સાધુએ દૈવયોગથી એમ કહ્યું કે " હે બાલકો ! તમે ભય ન પામો. કારણ તમારો જય થશે. " મહામુનિના આવાં વચન સાંભલી સર્વે પ્રધાનો રાજા પાસે જઇ કહેવા લાગ્યા. " હે સ્વામિન્ ! યુદ્ધમાં તમારો જય થશે. " પછી હસ્તિ જેમ સિંહ ઉપર પડે તેમ ધુંધુમાર ભૂપતિએ પોતાના થોડા સૈન્યથી રાત્રીને વિષે ચંડપ્રદ્યોતનની સૈન્ય ઉપર ધસારો કર્યો. જો કે ધુંધુમાર ભૂપતિનું સૈન્ય થોડું હતું તો પણ તે બલવંત સૈન્યથી ચંડપ્રદ્યોતન રાજાનું મ્હોટું સૈન્ય નાશી ગયું. એટલુંજ નહીં પણ ધુંધુમાર ભૂપતિએ બલવંત એવા ચંડપ્રદ્યોતન રાજાને બાંધી લીધો. પછી વિજયલક્ષ્મી પામેલો ધુંધુમાર ભૂપતિ બીજે દિવસે સવારે નાના પ્રકારના મહોત્સવપૂર્વક ચંડપ્રદ્યોતનની સાથે પોતાના નગરમાં આવ્યો. ત્યાં તે પોતાના મંત્રીઓની સાથે વિચાર કરવા લાગ્યો કે, " આ ચંડપ્રદ્યોતન રાજાને મારવો નહિ. પરંતુ જો તે ઉત્તમ ભૂપતિ અરિહંતધર્મ અંગીકાર કરે તો હું તેને મ્હારી અંગારવતી કન્યા આપીને હર્ષથી છોડી મૂકું. " આ પ્રમાણે વિચાર કરીને તેણે ચંડપ્રદ્યોતન રાજાને બોલાવીને કહ્યું કે " જો તમે શ્રાવકધર્મ અં-

ગીકાર કરો તો હું તમને મ્હારી અંગારવતી કન્યા આપું. એટલુંજ નહીં પણ છોડી મૂકીને તમારા પોતાના રાજ્યને વિષે સ્થાપન કરૂં. પરંતુ હે રાજન્! જો તમે મ્હારૂં કહ્યું નહિ માનો તો તમે અહિંથી છુટા થવાના નથી." પછી ચંડપ્રદ્યોતન રાજાએ શ્રાવક ધર્મ અંગીકાર કર્યે છતે ધુંધુમાર ભૂપતિએ તેને મહોત્સવ પૂર્વક પોતાની પુત્રી પરણાવીને છોડી મૂકયો.

એકદા ચંડપ્રદ્યોતન ભૂપાલે પોતાની પ્રિયા અંગારવતીને પૂછયું કે "હે પ્રિયે અલ્પ પરાક્રમવાલા ત્હારા પિતાએ મને શી રીતે જીત્યો? રાજાના આવા પ્રશ્નથી અંગારવતીએ તેની આગળ સાધુએ કહેલું સર્વ કહી આપ્યું. તેથી વિશાળાનગરીનો મહારાજા બહુ વિસ્મય પામ્યો. પછી બીજે દિવસે ચંડપ્રદ્યોતન ભૂપતિએ વાર્તક મુનિ પાસે જઈને કહ્યું કે, "હે નૈમિત્તિક મુનીશ્વર! હું તમને નમસ્કાર કરૂં છું." રાજા આ પ્રમાણે કહીને ચાલ્યો ગયો એટલે વાર્તક મુનિ વિચારવા લાગ્યા કે, એ રાજાએ મને નૈમિત્તિક કેમ કહ્યો?" વિચાર કરતાં માલમ પડયું. હા મેં તેનું કારણ જાણ્યું. બાલકો લડતા હતા તે વખતે મેં સ્પષ્ટ કહ્યું હતું કે, તમે નાશી ન જાઓ, તમારો વિજય થશે. અહો! ધિક્કાર છે ધિક્કાર છે મને, જે મ્હારા વચનથી અહિં ઘોર યુદ્ધ થયું. અને એજ કારણથી આ રાજાએ પણ મ્હારૂં હાસ્ય કર્યું છે. ખરેખર એજ કારણ માટે મુક્તિની ઇચ્છા કરનારા અને સંગરહિત એવા મુનિઓ પોતાના ચિત્તને વિષે આદરથી ભાષાસમિતિ ધારણ કરે છે. જો મેં એ ભાષાસમિતિમાં બહુ પ્રમાદ કર્યો તો મને આવું મહા અતુલ પાપ લાગ્યું." આ પ્રમાણે વિચાર કરીને પછી તે મુનિએ વારંવાર મિથ્યાદુષ્કૃત દઇને ચારિત્રમાં એવા પ્રવર્ત્યા કે જેથી તે થોડા કાળમાં મોક્ષ પ્રત્યે ગયા. હે ભવ્યજનો! એ પ્રકારે સાધુઓમાં મણિરૂપ વાર્તક અને સુજાત મુનિઓનાં નિર્મળ અને પાપને નાશ કરનારાં વળી બીજા પણ સત્પુરૂષોના વિશ્વને પવિત્ર કરનારાં ઉત્તમ ચરિત્રોને સાંભળી તેમજ શીઘ્ર પ્રમાદને તજી દઈ મોક્ષલક્ષ્મીના વિલાસ કરવાના મંદીરરૂપ તથા પાપને નાશ કરનારા શ્રી અરિહંત પ્રભુના સંયમને વિષે યત્ન કરો."

**श्रीसुजात अने वार्त्तकमुनिनो संबंध संपूर्ण.**

**छट्ठेणं छम्मासे, सहित्तु अक्कोसताडणाइणि ॥**
**अज्जुणमालागारो, खवित्तु परिनिव्वुडो कम्मे ॥ ७५ ॥**

અર્જુનમાલી છ માસ પર્યંત લોકોના તિરસ્કાર અને તાડનાદિકને સહન કરી છઠ્ઠથી જ્ઞાનાવરણાદિ કર્મોને ખપાવી સિદ્ધિપદ પામ્યો ॥ ૭૫ ॥

## श्रीअर्जुनमालीनी कथा

આ ભરતક્ષેત્રમાં સર્વ સ્થાનકે પ્રસિદ્ધ એવા રાજગૃહ નગરને વિષે પરમ અરિહંત પ્રભુનો ભક્ત એવો શ્રી શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તેને પોતાના બગીચાને

રક્ષણ કરવામાં તત્પર એવો એક અર્જુન નામે ઉત્તમ બાગવાન ( માળી ) હતો. એ માળીને શ્રેષ્ઠ રૂપવાળી અને નવીન એવી ઉત્પન્ન થએલી યૌવનલક્ષ્મીથી મનુષ્યોને મોહકારી સ્કંદશ્રી નામે સ્ત્રી હતી. વલી તે માળીને મુદ્દગરપાણી નામે કુલદેવ યક્ષ હતો. તેનું મંદીર નગરની બ્હાર તે માળીના બાગની પાસે હતું. અર્જુનમાળી હંમેશાં આદરપૂર્વક સુગંધી પુષ્પાદિવડે તે યક્ષનું પૂજન કરતો અને પોતાના બગીચાનું રક્ષણ કરતો.

એકદા એમ બન્યું કે સ્કંદશ્રી પોતાના પતિ અર્જુનમાલીને ભાત આપી ઘેર ગઇ એટલે પાછળથી યક્ષમંદીરમાં રહેલા કોઇ છ પુરૂષોએ તે ભાત ખાવા માંડયું. અર્જુનમાલી તે વાત જાણીને તુરત હાથમાં લાકડી લઇ તેઓને મારવા માટે આવતો હતો. પરંતુ પેલા છ જણાએ તેનેજ બાંધી તેની આગળ ભાતું ખાવા માંડયું. પછી એ માળી વિચારવા લાગ્યો. કે, " મેં આટલા દિવસ પુષ્પભોગાદિકે કરીને આ યક્ષની વૃથા પૂજા કરી. આ દુષ્ટ પુરૂષોએ મ્હારો આવો દુઃસહ પરાભવ કર્યો છતાં એ આગળ રહ્યો છે તો પણ બીકણની પેઠે સહન કરી રહ્યો છે. " માળીના આવા ભાવને અવધિજ્ઞાનથી જાણી તે યક્ષરાજે તેના શરીરમાં પ્રવેશ કરીને સર્વ બંધનો તોડી નાખ્યાં. પછી તેણે તત્કાલ લાકડીવડે છ પુરૂષોને અને તેમની સાથે રહેલી એક સ્ત્રીને મારી નાખી. કહ્યું છે કે આ લોકમાં બહુ પાપ તુરત ફલે છે. આ પ્રમાણે યક્ષથી આશ્રિત શરીરવાળો અને પરસ્વાધિન એવો તે યક્ષ એક એક દિવસે દિવસે છ પુરૂષો અને એક સ્ત્રી એમ સાત માણસોને મારવા લાગ્યો. યક્ષના પ્રભાવથી તેને કોઇ પકડવા સમર્થ થયું નહીં. જેથી માર્ગને વિષે તે યમરાજની પેઠે દુઃસહ થઈ પડયો. પછી તે માળી જે માર્ગે રહેતો હતો તે માર્ગે ભયથી કોઇ જતું નહિ. કહ્યું છે કે સર્વ ભયથી મૃત્યુનો ભય અધિક હોય છે.

એકદા તે ઉદ્યાનને વિષે શ્રી મહાવીર પ્રભુ સમવસર્યા એટલે દેવતાઓએ ત્યાં સમવસરણ રચ્યું, સર્વે માણસો, જે રસ્તે અર્જુનમાળી રહેતો હતો તે માર્ગ તજી દઇ બીજે રસ્તેથી શ્રી પ્રભુને વંદન કરવા માટે જવા લાગ્યા. જો કે યક્ષાધિષ્ઠિત તે માળી હંમેશાં સાત માણસોને મારે છે એ વાત સુદર્શન શ્રેષ્ઠીને બીજાઓએ કહી તો પણ તે તો નિર્ભયપણે તેજ રસ્તે થઇને જવા લાગ્યો. સુદર્શન શ્રેષ્ઠીને જતો જોઇ અર્જુનમાલી તેને મારવા માટે પાછળ દોડયો. તેટલામાં તે શ્રેષ્ઠીએ જિનેશ્વરનું ધ્યાન કરવામાં તત્પર થઇને કાયોત્સર્ગ કર્યો. જેમ હરણ સિંહને મારવા તત્પર ન થાય તેમ તે શ્રેષ્ઠીને હણવા સમર્થ થયો નહીં. જેથી યક્ષ તે માલીના શરીરમાંથી નિકળીને ચાલ્યો ગયો, પછી જ્યારે તે ચેતના પામ્યો ત્યારે પોતે કરેલા ઘોર અપરાધને જાણી અત્યંત ભય પામતો છતો શ્રેષ્ઠીને નમસ્કાર કરી આ પ્રમાણે કહેવા લાગ્યો. " વિશ્વના જીવોને કારણ વિના ઉપકાર કરવામાં સમર્થ એવા હે શ્રેષ્ઠી ! તમે મને જેવી રીતે હમણાં આ પક્ષથી મૂકાવ્યો તેવીજ રીતે હે તાત ! મ્હારા ઉપર કૃપા કરીને નરકના અનંત દુઃખ આપનારા ક્રુર કર્મથી મને છોડાવો છોડાવો. " શ્રેષ્ઠીએ

કાયોત્સર્ગ પારીને અર્જુનમાલીને કહ્યું. "હે વત્સ ! તને ક્રુર કર્મથી શ્રી વીર પ્રભુ છોડાવશે. માટે ચાલ, વિશ્વને અભય આપનારા તે પ્રભુની પાસે જઈએ." એમ કહીને શ્રેષ્ઠી સુદર્શન અર્જુનમાલીને સાથે લઇ શ્રી જિનેશ્વર પ્રભુ પાસે ગયો. આ વખતે દયાના સમુદ્રરૂપ શ્રી જિનેશ્વર પ્રભુ લોકોની આગળ કલેશનો નાશ કરનારી ધર્મદેશના આ પ્રમાણે દેવા લાગ્યા.

"હે ભવ્યજનો ! આ લોકમાં જેઓ માંસનું ભક્ષણ કરનારા છે, જેઓ બહુ આરંભનો પરિગ્રહ ધરનારા છે. જેઓ રૌદ્રધ્યાનમાં તત્પર છે અને જેઓ પંચેંદ્રિય જીવોનો ઘાત કરનારા છે તે દુષ્ટ આશયવાળા સર્વે જીવો ઘોર એવા નરકને વિષે ઉત્પન્ન થઇ ત્યાં અસંખ્યાતા વર્ષ પર્યંત ઘોર વેદના સહન કરે છે."

પ્રભુની આવી ધર્મદેશના સાંભળી અત્યંત ભય પામેલો અર્જુનમાલી હાથ જોડી વિશ્વના ગુરૂ અને વિશ્વના હિતકારી એવા શ્રી વીર પ્રભુને વિનંતિ કરવા લાગ્યો.

"હે નાથ ! મેં પરાધીનપણાએ કરીને અસંખ્ય જનોનો ક્ષય કર્યો છે જેથી નિશ્ચે મ્હારૂં નરકભૂમિમાં પડવું થશે. માટે હે સ્વામિન્ ! મને કોઈ એવો ઉપાય દેખાડો કે જેથી મ્હારૂં નરકને વિષે પડવું ન થાય."

શ્રી વીરપ્રભુએ કહ્યું. "હે અર્જુન ! જો તને અંતકાલે નરકનો બહુ ભય હોય તો નરકના દુઃખને નાશ કરનારૂં પવિત્ર ચારિત્ર અંગીકાર કર."

પછી નરકના દુઃખથી અતિ ભય પામેલા અર્જુનમાલીએ તત્કાલ આદરથી શ્રી જિનેશ્વર પ્રભુ પાસે હર્ષથી દીક્ષા લીધી. પછી તેણે શ્રી પ્રભુને કહ્યું કે "હે પ્રભો ! આજથી હું છઠ્ઠનું પચ્ચખાણ કરીશું. તેમજ સર્વ પ્રાણીઓના તિરસ્કાર તથા તાડના રૂપ ઉપસર્ગો સહન કરીશ."

આ પ્રમાણે ઘોર પ્રતિજ્ઞા કરીને તે સ્થિર મનવાળો અર્જુનમાલી પેલા યક્ષના મંદીરને વિષેજ કાયોત્સર્ગ કરીને રહ્યો. હવે તે યક્ષ મંદીરમાં આવતા એવા લોકો અર્જુનમાલીને જોઇને બહુ ક્રોધ ધરતા છતા તેને વારંવાર વિવિધ પ્રકારના દુઃસહ તિરસ્કાર કરવા લાગ્યા. એટલું જ નહીં પણ તે દુરાશય મનુષ્યો, લાકડી અને મુષ્ટિ વિગેરેથી તેને મારવા લાગ્યા. પરંતુ તે અર્જુનમાલીએ પોતાના અપરાધને ચિંતવતા થકા તે એના ઉપર મનમાં પણ જરા ક્રોધ કર્યો નહીં. એ મહાત્માએ ઉપસર્ગાદિ કલેશ એવી રીતે સહન કર્યા કે તે છ માસમાં કર્મક્ષયથી મોક્ષ પદ પામ્યો. જેવી રીતે તે મહાત્મા અર્જુનમાલીએ મહા ઉપશમથી દુઃસહ એવા લોકોના તિરસ્કાર અને તાડનાદિ ઉપસર્ગો સહન કર્યાં તેવી રીતે ક્રોધરહિત અને મહા ઉપશમને ધારણ કરનારા તેમજ મુક્તિને ઇચ્છનારા બીજા શ્રેષ્ઠ મુનિઓએ પણ નિરંતર પોતાના આત્માને વિષે ઉપસર્ગો સહન કરવા.

'श्रीअर्जुन' नामना मालाकारनी कथा संपूर्ण.

माहणमहिलं सपइं, सगप्भमवि च्छिन्नुपत्तवेरग्गो ॥
घोरागारं च तवं, काउं सिद्धो दढपहारी ॥ ७५ ॥

ગર્ભ અને પતિ સહિત બ્રાહ્મણ સ્ત્રીને તથા ગાયને હણી વૈરાગ્ય પામેલો દઢપ્રહારિ અતિ દુષ્કર એવા તપને કરી સિદ્ધિ પદ પામ્યો ॥ ૭૫ ॥

## ' श्रीदढप्रहारी ' नामना चरमशरीरी महापुरुषनी कथा

આ ભરતક્ષેત્રને વિષે આ પ્રમાણે સંપત્તિથી સુશોભિત એવી માકંદી નગરીમાં મહા પુણ્યરૂપ યશના સમૂહવાલો સુભદ્ર નામે મ્હોટો શ્રેષ્ઠી વસતો હતો. તેને ઉત્તમ રૂપવાલો, સુંદર આકૃતિવાલો, સંપત્તિથી કામદેવની ઉપમાવાલો અને ગુણલક્ષ્મીના સ્થાનરૂપ દત્ત નામનો પુત્ર હતો. પિતાએ સ્નેહથી કોઇ કલાચાર્ય પાસે તે પુત્રને સર્વ કળા અને શાસ્ત્રો ભણાવ્યાં. અનુક્રમે યૌવનાવસ્થા પામ્યો એટલે પિતાએ તેને એક સારી કન્યા પરણાવી. પરંતુ તે દત્ત, પૂર્વ કર્મના વશથી દ્યૂતકારી થયો. એકદા દ્યુતના રસમાં મગ્ન થએલો તે પોતાના જેવા બીજા દ્યુતકારોની સંગાથે દ્યૂત રમતાં બહુ દ્રવ્ય હારી ગયો. પછી તો તે દત્ત બીજાઓના કુસંગ દોષથી તે નગરીમાં ચોરી કરવા માટે વિશેષે બીજાઓના ઘરમાં પેસવા લાગ્યો. આ વાત સમુદ્ર શ્રેષ્ઠીએ જાણી તેથી તે રાજદંડના ભયથી પોતાના પુત્રને રાજસભામાં ઘસડી ગયો. ભિલ સમાન આચારવાલો અને શિષ્ટાચારથી રહિત એવો તે દત્ત પણ રાજનિગ્રહથી ભય પામીને કોઈ પલ્લીને વિષે નાશી ગયો. ત્યાં તે ભિલ્લ લોકોને મળ્યો અને તેઓની સોબતથી તે તેઓના જેવી ક્રુર બુદ્ધિવાળો થયો. આ દત્ત એકજ પ્રહારથી સર્વ વસ્તુના બે કકડા કરી નાંખતો તેથી ભલ્લ લોકોએ તેનું દઢપ્રહારી નામ પાડયું. પછી તે દઢપ્રહારી હંમેશા ભિલ્લોની સાથે ચોરીનું પાપ કરતો.

એકદા તે દઢપ્રહારી ચોરી કરવા માટે બીજા ભિલ્લો સહિત માકંદી નગરીને વિષે ગયો. ત્યાં બીજા ભિલ્લો બીજા કોઈના ઘરને વિષે પેઠા અને દઢપ્રહારી કોઈ બ્રાહ્મણના ઘરને વિષે ગયો. આ વખતે નિદ્રામાંથી જાગી ગયેલો ઘરનો માલીક વિપ્ર જેટલામાં તેના સામો દોડયો તેટલામાં પાપી દઢપ્રહારીએ ખડગવતી તેના બે કકડા કરી નાખ્યા. પાછળ ગર્ભસહિત એવી બ્રાહ્મણી પોકાર કરવા લાગી. તેને પણ તેણે મારી. એટલુંજ નહીં પણ ઉંચા સીંગડાં કરીને પ્રહાર કરવા માટે આવતી એવી ગાયને પણ તે દુષ્ટ દઢપ્રહારીએ મારી નાખી. પછી જતા એવા તેણે જ્યારે પૃથ્વીઉપર લોટતા બ્રાહ્મણીના ગર્ભને દીઠો ત્યારે તેને સ્પષ્ટ વૈરાગ્ય પ્રગટ થયો. " અહા ! પાપી એવા મેં આ ઘોર પાપ શું કર્યું ? મનુષ્ય જન્મને વિષે ઘોર પાપ કરનારા મને ધિક્કાર થાઓ, ધિક્કાર થાઓ, નરકના અનંત દુઃખના કારણરૂપ આવું ઘોર પાપ કરી હવે હું કયાં જાઉં " આ પ્રમાણે મનમાં વિચાર કરી તે દઢપ્રહારીએ પંચ

મુષ્ટિ લોચ કરી અરિહંત પ્રભુનું ચારિત્ર લીધું. વળી તેણે એવો અભિગ્રહ લીધો કે, "જ્યાં સુધી મને આ પાપ સાંભરશે ત્યાં સુધી હું અન્ન જળ નહીં લઉં." આવી રીતે ઘોર અભિગ્રહ લઈ તે મહાત્મા, "હું બ્રાહ્મણ, સ્ત્રી, બાલ અને ગાયની હત્યા કરનારો છું." એમ કહી અને પૂર્વના સ્થાનકે આવી મેરૂ પર્વતની પેઠે નિશ્ચલપણે એક માસ પર્યંત કાયોત્સર્ગે રહ્યા. ત્યાં અનાર્ય જનોએ તેમને લાકડી, મુષ્ટી વિગેરેથી બહુ પ્રહાર કર્યા અને કઠોર વચનથી બહુ તિરસ્કાર કર્યો તે મુનિએ પોતાના ચિત્તમાં જરાપણ ક્રોધ કર્યો નહીં પરંતુ "હું ઘોર પાપ કરનારો છું" એમ કહી પોતાના આત્માની નિંદા કરવા લાગ્યા. આ પ્રમાણે ઘોર ઉપસર્ગને સહન કરી તે મહા મુનિ કર્મનો ક્ષય કરી છ માસમાં કેવળ જ્ઞાન પામી મોક્ષ પ્રત્યે ગયા. પ્રથમ બ્રાહ્મણ. સ્ત્રી, બાળ અને ગાયના ઘાતથી ઉત્પન્ન થએલા પાપસમૂહે કરીને પછી પૃથ્વી ઉપર આળોટતા એવા બાળકને જોઇ વિરાગ પામી દીક્ષા લીધેલા દૃઢપ્રહારી મુનિ ઉપશમથી ઘોર ઉપસર્ગને સહન કરી છ માસમાં મોક્ષ લક્ષ્મી પામ્યા.

' श्रीदृढप्रहारी, नामना मुनिवरनी कथा संपूर्ण.

**जाइसरं रायसुअं, खंतिजुअं कूरगडुअं वंदे ॥**
**चउरोवि तहा खवगे, पंचवि सिवमयलमणुपत्ते ॥ ७७ ॥**

રાજપુત્ર, ક્ષમાયુક્ત અને જાતિ સ્મરણજ્ઞાન પામેલા કૂરગડુ મુનિને વલી ચાતુર્માસના ઉપવાસ કરનારા બીજા ચાર સાધુઓને એમ એ નિરૂપદ્રવ અને નિશ્ચલ એવા મોક્ષ સુખ પામેલા તે પાંચે મુનિઓને હું વંદના કરૂં છું. ॥ ૭૭ ॥

## 'श्रीकुरगडु' नामना मुनिनी कथा.

કોઇ એક નગરને વિષે શ્રેષ્ઠ સંયમવાળા અને પંચાચારમાં પ્રવીણ એવા કેટલાક સાધુઓ એકઠા ચોમાસુ રહ્યા હતા. તેમના પરિવારને વિષે નિર્મલ મનવાલા, બહુશ્રુત, ક્ષમાવંત અને ઉત્તમ તપવાળા બહુ સાધુઓ હતા. તેઓને વિષે એક સાધુ હંમેશાં માસક્ષમણે સંસારની પીડાને નિવૃત્ત કરનારૂં પારણું કરતા. એકદા તે સાધુ, બીજા બાલ શિષ્યની સાથે આહાર નિમિત્તે નગરમાં ફરતા હતા. તેવામાં રસ્તે કાદવમાં ઢંકાઈ રહેલી કોઇ દેડકીને તેમણે અજાણતાથી કચરી નાખી. તે હણાયેલ દેડકીને જોઇ પેલા બાલ મુનિ વિચારવા લાગ્યા કે "નિશ્ચે આ સાધુ, ગુરૂની પાસે પોતે આ કરેલા પાપની આલોચના લેશે." પછી શુદ્ધ આહાર વોરીને તેઓ ઉપાશ્રયે આવ્યા. અને વિધિ પ્રમાણે ગુરૂની આજ્ઞા લઈ ભોજન કરવા બેઠા. આ વખતે પેલા બાલ સાધુએ ફરી ચિંતવ્યું જે "શું આ સાધુ તે મ્હોટું પાપ વિસરી ગયા જે તેની આલોચના લીધા વિના ભોજન કરવા બેસે છે ? હમણાં તો એ મુનિને હું કહેવા સમર્થ નથી કારણ કે તે એક માસના ઉપવાસી છે. જેથી મ્હારા કહ્યાથી તે વચને

કોપ પામશે. પરંતુ જો તે પ્રતિક્રમણ વખતે આલોચના નહિ લે તો હું તેમને તે પાપ સંભારી આપીશ." આમ વિચારી તે બાલસાધુ મૌન રહ્યો. પેલા સાધુ પણ આહાર કરી રહ્યા પછી પોતાની ક્રીયાવિધિમાં પ્રવૃત થયા. પછી સંધ્યાકાલ થયો એટલે પ્રતિક્રમણ કરવાને ઉદ્યમવંત થએલા સર્વે સાધુએ પોતાના ગુરૂની પાસે પાપની આલોચના લેવા લાગ્યા. પેલા સાધુએ પોતાના પાપની આલોચના લીધી નહીં એ વાત જાણીને ઉત્તમ બુદ્ધિવાલા તેમણે હિતને માટે તુરત પેલા સાધુને કહ્યું. "આજે ભિક્ષાર્થે ભ્રમણ કરતા એવા પૂજ્ય આપે અજાણથી એક દેડકીના વધનું પાપ કર્યું છે તેની તમે ત્રણ પ્રકારે આલોચના કેમ ન લીધી ?" બાલ મુનિનાં આવાં વચન સાંભળી દૈવવશથી ક્રોધ પામેલા તે મુનિએ કહ્યું. "ઇર્યાસમિતિથી જતા એવા મેં દેડકીનો વધ ક્યાંથી કર્યો હોય ? અરે અધમ ક્ષુલ્લક! તું હમણાં મને આવું મિથ્યાવચન કહે છે તેથી તું વધ કરવા યોગ્ય છે." એમ કહીને તે સાધુ તુરત એક પાટલો લઇને તે બાલ સાધુને મારવા દોડયા. ક્રોધથી વ્યાકુલ એવા તે મુનિ રસ્તામાં એક સ્તંભ સાથે એવા અથડાયા કે જેથી તે તુરત મૃત્યુ પામ્યા.

હવે જેઓ સંયમની વિરાધના કરવાથી સર્પરૂપે ઉત્પન્ન થયા હતા તે કુલમાં આ સાધુ પણ કોપના પરિણામથી સર્પરૂપે ઉત્પન્ન થયા.પેલા સર્પો "અમે સંયમની વિરાધના કરવાથી દૃષ્ટિવિષ સર્પ થયા છીએ." એવી જાતિસ્મૃતિને લીધે કયારે પણ હિંસા કરતા નથી. તે સર્વે સર્પો પ્રાસુક આહાર લે છે. આવા તે સર્પોને જોઇ પેલો સાધુના જીવ રૂપ સર્પ વિચાર કરવા લાગ્યો. "મેં આવી ક્રીયા પૂર્વે કોઇ સ્થાનકે અનુભવ કરેલી છે." આવી રીતે ઉહાપોહ કરતા તે સર્પને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. "ધિક્કાર છે મને, જે મેં હિતવચન કહેનારા તે બાલ સાધુ ઉપર ક્રોધ કર્યો અને તેથીજ મને આવી પાપદાયક ગતિ પ્રાપ્ત થઈ. હવે મ્હારે આ ભવમાં પાપકારી એવો જરા પણ ક્રોધ કરવો નહિ. તેમજ નિરંતર પ્રાસુક આહારથીજ આજીવિકા કરવી. મ્હારે આ ભવમાં હંમેશાં વીતરાગ દેવ, સુસાધુ ગુરૂ અને શ્રીજિનરાજ પ્રણિત ધર્મરૂપ સમકીત હો." આવી રીતે વિશુદ્ધ આત્માવાલા, ઉત્તમ બુદ્ધિવાલા અને ક્ષમાધારી તે બાલ સર્પે અભિગ્રહ લઇ એક નિરવદ્ય બિલને વિષે નિવાસ કર્યો.

હવે એમ બન્યું કે આ વખતે તુસમિણી નગરીને વિષે કુંભરાજાનો લલિતાંગ નામનો પુત્ર સર્પના કરડવાથી મૃત્યુ પામ્યો તેથી રાજાએ ક્રોધવડે એવો પટહ વગડાવ્યો કે "જેઓ સર્પને મારી મારીને મ્હારી પાસે લાવશે તેને હું સોના મ્હોરો આપીશ." રાજાના આવા આદેશને સાંભલી નિર્દય અને પાપી એવા બહુ પુરૂષો ચારે તરફ સર્પોનો નાશ કરવા માટે ચાલ્યા. સર્વેને આકર્ષણ કરવાની વિધિના જાણ એવા કેટલાક પુરૂષો તો ત્યાં આવી પહોંચ્યા કે જે વનમાં પવિત્ર આત્માવાળો પેલો ક્ષપક સાધુના જીવવાળો સર્પ વસતો હતો. સર્પના ઘસારાને અનુસારે તે દુષ્ટ પુરૂષો

રાફડાની આગળ આવી સર્પને આકર્ષણ કરનારો મંત્ર ભણવા લાગ્યા પછી મંત્રના ભણવાથી અત્યંત વિહ્વળ થએલો સર્પ રાફડામાં રહેવાને અશક્ત થયો તેથી તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો. "અહો ! મ્હારૂં સર્વે કરેલું અશુભ કર્મ ઉદય આવ્યું છે તો પણ હે જીવ ! ત્હારે કિંચિત્ માત્ર પણ ઉદ્વેગ કરવો નહીં. મ્હારે તો શ્રી અરિહંત પ્રભુ, સિદ્ધ, પવિત્ર સાધુઓ અને શ્રી જિનેશ્વરપ્રણીત ધર્મ એ નિરંતર શરણરૂપ છે. હું સર્વે જીવોને ખમાવું છું અને તેઓ સર્વે મ્હારા ઉપર ક્ષમા કરો મ્હારે તે સર્વ જીવો સાથે નિરંતર મૈત્રી હજો પણ વૈર હશો નહિ" આ પ્રમાણે આરાધના કરીને પછી ગ્રહણ કર્યું છે અનશન જેણે એવો તે ઉત્તમ બુદ્ધિવાળો "મ્હારી વિષમય દ્રષ્ટિથી આ દીન પુરૂષો શીઘ્ર ન મૃત્યુ પામો." એમ વિચાર કરવા લાગ્યો. પછી પવિત્ર આત્માવાળો તે ક્ષપક સર્પ મનમાં પરમેષ્ઠિ નવકાર મંત્રનું સ્મરણ કરતો છતો બહુ દયાથી અવળું મુખ રાખી રાફડામાંથી બહાર નિકળ્યો એટલે પેલા નિર્દય પાપી પુરૂષો તેને છેદી છેદીને રાજા પાસે લઇ ગયા. આ વખતે નગરદેવતાએ આકાશવાણીથી રાજાને કહ્યું કે "હે નરેંદ્ર ! તું સર્પોને નહિ માર કારણ ત્હારે એક પુત્ર થશે." નાગદેવતાનાં આવાં વચન સાંભળી કુંભરાજાએ તુરત પડહ વગડાવી નગરવાસી લોકોને સર્પનો ઘાત કરતા અટકાવ્યા.

હવે પેલો ક્ષપક સર્પ શુભ ધ્યાન યોગથી મૃત્યુ પામીને તેજ વખતે કુંભ રાજાની પટ્ટરાણીના ગર્ભને વિષે અવતર્યો. પૂર્ણ સમયે રાણીએ એક પુત્રને જન્મ આપ્યો જેથી કુંભ ભૂપતિએ પૂત્ર જન્મના અનેક મહોત્સવો કરાવ્યા. નામ પાડવાને વખતે પણ નાના પ્રકારના મહોત્સવોથી રાજાએ તેનું નાગદત્ત એવું યથાર્થ પ્રગટ નામ પાડયું. અનુક્રમે પાંચ ધાવ માતાઓથી લાડ લડાવાતો તે પુત્ર વૃદ્ધિ પામ્યો ત્યારે પિતાએ તેને કલાચાર્ય પાસે મૂકીને કલાઓનો અભ્યાસ કરાવ્યો.

એકદા ગોખમાં બેઠેલા અને પોતેજ મેળવેલા સુખના ઉદયવાળા નાગદત્તે ઇર્યાસમિતિથી જતા એવા એક મુનીશ્વરને દીઠા. મુનિને જોતાં માત્રજ પૂર્વ ભવની સ્મૃતિને પામીને મોક્ષના સુખનો અભિલાષી તે નાગદત્ત સંસારથકી અત્યંત વિરક્ત થયો. પછી માતા પિતાને મધુર વચનથી સમજાવી ઉત્તમ બુદ્ધિવાળા તે નાગદત્તે વૈરાગ્યથી દીક્ષા લઈને પોતાના ગુરૂને કહ્યું કે "હે ગુરો ! હું કર્મના યોગથી થોડું પણ તપ કરવા સમર્થ નથી જેથી મ્હારે આ ભવમાં સર્વથા ક્રોધાદિકનો ત્યાગ હો." ગુરૂએ કહ્યું "હે મુનિ ! તમને તપ કર્મ વિના પણ ક્રોધાદિના ત્યાગથી કેવળજ્ઞાન પ્રાપ્ત થશે." ગુરૂનાં આવાં પરમ હિતકારી વચન સાંભળી જિતેંદ્રિય એવા નાગદત્ત મુનિએ પોતાનું ચિત્ત સ્થિર કર્યું, પરંતુ તિર્યંચ (સર્પ) ભવમાં ઉપાર્જન કરેલા અતિ ક્ષુધા વેદનીય કુકર્મથી તે ક્ષમાધારીને પણ અત્યંત ક્ષુધા લાગવા માંડી તે એટલે સુધી કે તેને નમસ્કાર સહિત (નવકારશી) પચ્ચખાણ કરવું પણ દુષ્કર થઇ પડયું તેથી તે વારંવાર ભોજન કરવા લાગ્યો. જેથી તેનું લોકમાં કૂરગડુક એવું નામ પડયું.

એકદા રાત્રીને વિષે પહેલી પોરસીમાં વિધિથી સ્વાધ્યાય કરી તે મુનિ પોતાના આત્માની નિંદા કરતો છતો ઉપાશ્રયમાં બેઠો હતો તે નિંદા આ પ્રમાણે:—

"વિરતિ નહિ પામેલા અને થોડા પણ તપ કર્મ રહિત એવા મને ધિક્કાર થાઓ. મ્હારાં સર્વ કર્મો શી રીતે ક્ષય પામશે ? આ કાયોત્સર્ગે રહેલા શ્રેષ્ઠ ચાર સાધુઓ અનુક્રમે એક, બે, ત્રણ અને ચાર માસના નિરંતર તપ કરે છે. આ પ્રમાણે પોતાની નિંદા અને બીજાની પ્રશંસા કરતા એવા તે કૂરગડુ સાધુ ધર્મધ્યાનમાં લીન થયા.

આ વખતે દિવ્ય આભુષણથી દેદીપ્યમાન એવી કોઇ દેવીએ પેલા ચાર સાધુને ત્યજી કૂરગડુ મુનિને નમસ્કાર કર્યો. અને અતિ હર્ષિત ચિત્તથી તેણીએ વારંવાર કૂરગડુને કહ્યું કે "હે ભાવસાધુ કૂરગડુ મુનિ ! તમે દીર્ઘકાળ પર્યંત જયવંતા વર્તો."

આ પ્રમાણે કહીને જેટલામાં તે દેવી પાછી વળી એટલે પેલા ચાર સાધુઓ ક્રોધથી તેણીને પ્રગટપણે કહેવા લાગ્યા.

અહો ! આપણે સાંભળીએ છીએ કે દેવ અને દેવીઓને વિષે પરમ વિવેક હોય છે તો આ દેવીએ તપસ્વી એવા આપણને ત્યજી દઈ એ અવિરતિને કેમ વાંદ્યો ?" દેવીએ પાછા વળીને કહ્યું. "હે શ્રેષ્ઠ મુનિઓ ! તમે વૃથા ક્રોધ ન કરો કારણ આ ભાવ સાધુ છે અને તમે દ્રવ્ય સાધુ છો. તે માટે મેં તમને ત્યજી એમને વંદના કરી છે વળી એમનું ભાવસાધુપણું તમે સવારમાંજ જાણશો." આ પ્રમાણે કહીને દેવી તુરત પોતાને સ્થાનકે ગઈ અને ચાર સાધુઓ પણ ક્રોધથી આકુળ વ્યાકુળ થતા છતા રહ્યા.

હવે સવારમાં નિર્મલ મનવાલા કુરગડુ મુનીશ્વર પોતાનું આવશ્યક કરી તેમજ બે ઘડીનું પચ્ચખાણ પૂરૂં કરી વિધિપૂર્વક શુદ્ધ આહાર લઈ આવ્યા. ત્યાર પછી તે વિધિથી પેલા સાધુઓની વિનંતિ કરીને જેટલામાં ભોજન કરવા બેસે છે. તેટલામાં ક્રોધાતુર થઈ રહેલા પેલા સાધુઓએ આવીને તેના ભોજનમાં (શ્લેમ, મુખ અને નાસિકાનો મલ ) નાખ્યો. અહો ! ક્રોધી પુરૂષો શું શું નથી કરતા ? પછી તેટલા પ્રમાણ આહાર જુદો કરી ક્ષમાવંત એવો તે ઉત્તમ બુદ્ધિવાલો કૂરગડુ મુનિ બાકીનો આહાર કરતો છતો ચિત્તમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો કે:-

"થોડા પણ તપ કર્મથી રહિત એવા મને પ્રમાદીને ધિક્કાર થાઓ. જે હું આ સાધુઓની વૈયાવચ્ચ પણ કરી શકતો નથી. વલી એ પણ મ્હારો પ્રમાદ છે જે એમના શ્લેષ્મ મ્હારા ભોજનમાં પડયા. જો મેં એમના શ્લેષ્મ નિવૃત્ત કર્યા હોત તો આમ થાત નહિ. તપ અને વૈયાવચ્ચ કરવામાં અસક્ત છતો હે જીવ ! જો તું આવી રીતે મદ કરીશ તો ત્હારી શી ગતિ થશે ? આ પ્રમાણે હાથમાં ભોજનનો કોલીઓ લઈ શૂન્ય ચિત્તથી પોતાનાજ દોષને જોતા એવા તે મુનિ બહુ ખેદ કરવા લાગ્યા. પછી ધર્મ ધ્યાન કરી શુકલધ્યાન કરતા એવા તે કૂરગડુ મુનિને સર્વ અર્થ આપવામાં

સમર્થ એવું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. દેવતાઓએ સુવર્ણ કમલ ઉપર સિંહાસન કર્યું. તેના ઉપર કૂરગડુ કેવલી બેઠા. આ વખતે " કેવલજ્ઞાને કરીને સૂર્યરૂપ હે કૂરગડુ મુનિ ! તમે જયવંતા વર્તો " એમ કહેતા એવા દેવતાઓએ આઠ પ્રાતિહાર્ય રચ્યા. કૂરગડુને કેવલજ્ઞાનની પ્રાપ્તિ જાણી પેલા ચાર સાધુઓ શાંત થયા છતા પરસ્પર કહેવા લાગ્યા " અહો ! રાત્રીએ દેવતાએ સત્ય કહ્યું હતું જે એને ભાવસાધુ કહ્યો હતો અને આપણને ક્રોધી જાણીને દ્રવ્ય સાધુ કહ્યા હતા. હા ! પાપી એવા આપણે એ મહા મુનિનો બહુ અપરાધ કર્યો. જેથી આપણને બોધિબીજ પણ દુર્લભ થયું. " પછી " આજ ભગવાન્ આપણને સંસાર સમુદ્રથી તારશે " એમ વિચારીને શાંત થએલા તે ચારે મુનિઓ; સર્વજ્ઞમાં શ્રેષ્ઠ એવા તે કૂરગડુ મુનિના ચરણમાં પડી પ્રાદુર્ભાવ પૂર્વક પોતાના અપરાધની એવી રીતે ક્ષમા, માગવા લાગ્યા કે અત્યંત શાંત એવા તે ચારે મહાત્માઓને તુરત લોકાલોકને પ્રકાશ કરનારૂં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

અહો ! જો કે પોતે પાપસમૂહને નાશ કરનારા એવા થોડા પણ તપને કરી શકતા નહોતા તોપણ મ્હોટી એવી એક ક્ષમાએ કરીને કેવલજ્ઞાન મેલવ્યું તે શ્રી કૂરગડુ મુનીશ્વર, તે ચારે ક્ષપક સાધુની સાથે ઉત્તમ લોકને પ્રતિબોધ કરવા નિમિત્તે પૃથ્વી ઉપર દીર્ઘકાલ પર્યંત વિહાર કરી સિદ્ધિપદ પામ્યા.

**श्रीकुरगडु मुनिनी कथा संपूर्ण.**

**कोडिन्नदिन्नसेवाल–नामए पंचपंचसयकलिए ॥**
**पडिबुद्धे गोयमदंसणेण पणमामि सिद्धे अ ॥ ७८ ॥**

શ્રી ગૌતમસ્વામીના દર્શનથી પ્રતિબોધ પામેલા, પાંચસેં પાંચસેં સાધુના પરિવાર યુક્ત, અને સિદ્ધિપદ પામેલા કોડિન્ન, દિન્ન અને સેવાલ નામના મુનિઓને હું વંદન કરૂં છું. ॥ ૭૮ ॥

**एगस्स खीरभोअणहेऊ, नाणुप्पया मुणेयव्वा ।**
**बीअस्स य परिसाए, दिट्ठीइ जिणंमि तइअस्स ॥ ७९ ॥**

તેમાં પહેલા કોડિન્ન મુનિને જ્ઞાનોત્પત્તિનું કારણ ક્ષીરભોજન જાણવું, બીજા દિન્ન મુનિને જ્ઞાનોત્પત્તિનું કારણ ખાઇનું દર્શન જાણવું અને ત્રીજા સેવાલ મુનિને જ્ઞાનોત્પતિનું કારણ જિનદર્શન જાણવું. ॥ ૭૯ ॥

## श्रीकोडिन्न, दिन्न अने सेवालनामना त्रण मुनिओनी कथा.

આ ભરત ક્ષેત્રમાં સ્વર્ગ સંપત્તિનો પરાજય કરનારી ચંપાપુરીમાં સાલ અને મહાસાલ નામના બે રાજાઓ રાજ્ય કરતા હતા. એકદા ત્યાં શ્રી મહાવીર પ્રભુ સમવસર્યા, એટલે દેવતાઓએ ભક્તિથી તેમનું સમવસરણ રચ્યું. વનપાલના મુખથી

શ્રી વીરપ્રભુના આગમનને સાંભલી અત્યંત હર્ષ પામેલા તે બન્ને ભૂપતિઓ તત્કાલ શ્રી જિનેશ્વર પ્રભુ પાસે ગયા. ત્યાં કાર્યના જાણ અને ઉત્પન્ન થએલી ભકિતથી ભાવિત ચિત્તવાલા તે બન્ને બંધુઓએ શ્રી જિનેશ્વરને ત્રણ પ્રદિક્ષણા કરી વિધિથી પ્રણામ કર્યા. પછી ઇષ્ટ વસ્તુ આપવામાં કલ્પવૃક્ષરૂપ અને શાંત તેજથી સુશોભિત એવા શ્રી પ્રભુએ ભવ્ય જીવોના ઉપકાર માટે મનોહર ધર્મ દેશનાનો આરંભ કર્યો.

હે ભવ્યજનો ! દેવરત્નની પેઠે દુર્લભ સર્વ સામગ્રી યુકત આ મનુષ્યભવ પામીને કુગતિરૂપ સ્ત્રીને મેલવનાર આલસ્યને અંગીકાર ન કરો. યૌવન, નદીના પુરની પેઠે અસ્થિર અને અનર્થકારી છે. લક્ષ્મી નદીના કલ્લોલ જેવી ચંચલ છે. પાંચ વિષયો પણ કિંપાકફલ સમાન છે. તેમજ સ્વજનાદિકોનો સમાગમ પણ સ્વપ્ન જેવો છે. હે ભવ્યજનો ? ઈત્યાદિ સર્વ વિચાર કરીને સંસારદાયક પ્રમાદ ત્યજી દઇ અને શાશ્વત આનંદ તથા સુખ આપનારા અરિહંતના ધર્મને સેવો. ”

આવી શ્રીજિનેશ્વર પ્રભુની ધર્મદેશના સાંભલીને પ્રતિબોધ પામી વૈરાગ્યવંત થએલા શાલ અને મહાશાલ પ્રભુને વિનંતિ કરવા લાગ્યા કે:-

“ હે વિભો ? અમે હાલમાં રાજ્યની વ્યવસ્થા કરી શીઘ્ર અહિં આવીએ ત્યાં સુધી આપે કૃપા કરી અહિંયાજ રહેવું. ”

પ્રભુએ કહ્યું. “ આ કાર્યમાં તમારે વિલંબ કરવો નહીં કારણકે મ્હોટા પુરૂષોને પણ ઉત્તમ કાર્યો બહુ વિઘ્નવાલાં થઇ પડે છે. ”

પછી તે બન્ને ભાઇઓએ નગરીમાં આવી પોતાની બ્હેન કે જે કાંપીલ્યપુરના પિઠર ભૂપતિની સ્ત્રી થતી હતી, તેના પુત્ર ( ભાણેજ ) ગોગલિને પોતાના રાજ્યનો અભિષેક કર્યો અને પછી પોતે તત્કાલ શ્રી જિનેશ્વર પ્રભુ પાસે આવ્યા ત્યાં તેઓએ દીક્ષા લીધી પછી સત્તર પ્રકારના શુદ્ધ સંયમને પાલતા એવા તે બન્ને સાધુઓ અનુક્રમે એકાદશાંગીના-સૂત્ર તથા અર્થના જાણ થયા.

એકદા તે બન્ને મુનિઓ, શ્રી મહાવીર પ્રભુને વિનંતિ કરવા લાગ્યા કે, “ હે તીર્થેશ્વર પ્રભુ ! જો આપ અમને ધર્મ લાભ માટે આજ્ઞા આપો તો અમે શ્રી ગૌતમ ગુરૂને સાથે લઇ પૃષ્ટચંપા નગરીમાં ગોગાલિઆદિકને પ્રતિબોધ કરવા માટે જઇએ. ”

પ્રભુએ એમણે ‘ એમ હો ’ એમ કહ્યું એટલે તે બન્ને મુનિરાજ શ્રી ગૌતમને સાથે લઇ પૃષ્ટચંપા નગરીમાં ગયા. પછી સાલ, અને મહાસાલ સહિત આદિ ગણનાથ એવા શ્રી ગૌતમને આવ્યા જાણી માતાપિતા સહિત ગાગલિ બહુ હર્ષ પામ્યો. ત્યાર પછી માતાપિતાદિ પરિવાર સહિત તે ગાગલિ ભૂપતિ તેમને વંદન કરવા માટે સુકૃતિ નામના ઉદ્યાનમાં આવ્યો. ત્યાં તેણે પ્રથમ ગૌતમ ગણધરને ત્રણ પ્રદક્ષિણા કરવા પૂર્વક નમસ્કાર કરીને પછી ભકિતથી સાલ મહાસાલ મુનિને વંદના કરી. શ્રી ગૌતમ પાસે ધર્મોપદેશ સાંભલી માતાપિતા સહિત ગાગલિ ઉત્કૃષ્ટ સંવેગ પામ્યો. તેથી

પોતાના પુત્રને રાજ્ય સોંપી માતાપિતાસહિત શ્રી ગૌતમ પાસે દીક્ષા લીધી. પછી શ્રી વીરપ્રભુને વંદન કરવા માટે તેઓ જવા લાગ્યા એવામાં રસ્તે સાલ અને મહાસાલ બન્ને મુનિઓ પોતપોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યા કે "આ ત્રણે જણાને (બ્હેન બનેવી અને ભાણેજને) આપણે રાજ્યપદ આપ્યું હતું અને હમણાં તેઓને સંસારથી ઉતારી મૂકયા છે." આ પ્રમાણે હર્ષના ઉત્કર્ષથી વિચાર કરતા એવા તે મહાત્મારૂપ બન્ને જણાને ઉજ્વલ એવું કેવલ જ્ઞાન ઉત્પન્ન થયું. હવે પેલા ગાગલિ વિગેરે ત્રણ જણા પણ પોતપોતાના ચિત્તમાં વિચાર કરતા હતા કે, આ બન્ને ભાઇઓએ પ્રથમ અમને રાજ્યાસને સ્થાપન કર્યા હતા અને હમણાં તેઓએજ અમારો સંસારરૂપ કૂવાથી ઉદ્ધાર કર્યો છે," આવી રીતે નિર્મલ અધ્યવસાયથી વિચાર કરતા એવા તે ત્રણ મહાત્માઓને પણ વિશ્વને પ્રકાશ કરનારૂં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. પછી તેઓ સર્વે સમવસરણમાં જઇ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી વંદના નહિ કરતા છતા તુરત કેવલજ્ઞાનીની પર્ષદામાં ગયા, આવી રીતે પ્રભુને વંદન કર્યા વિના જતા એવા તેઓને જોઈ ગૌતમ ગણધરે કહ્યું. "હે વિનિત વત્સો ! તમે પ્રથમ શ્રી જિનેશ્વર પ્રભુને કેમ વંદના કરતા નથી ?" આ અવસરે તીર્થનાથ એવા શ્રી વીરપ્રભુએ ગૌતમને કહ્યું કે "હે ગૌતમ ! તમે એ જ્ઞાનીઓની અશુભ એવી આશાતના કરશો નહીં." ગૌતમે પૂછયું. "હે તીર્થેશ્વર ? એમને કેવલજ્ઞાન શાથી ઉત્પન્ન થયું ?" પ્રભુએ કહ્યું. શુભ ધ્યાનના યોગથી "તીર્થનાથનાં આવાં વચન સાંભલી ગૌતમ વિચાર કરવા લાગ્યા કે "હા હા ! મ્હારા પછીના સાધુઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને મને નહીં." આવી રીતે વિચાર કરતા જેટલામાં તેમના મનને વિષે મહા ખેદ ઉત્પન્ન થયો તેટલામાં તે પર્ષદાને વિષે દેવતાઓ પરસ્પર વાત કરવા લાગ્યા કે "આજે દેશના આપતા એવા શ્રી અરિહંત પ્રભુએ એમ કહ્યું કે જે પુરૂષ, અષ્ટાપદ પર્વતને વિષે દેવોને નમસ્કાર કરશે તે પુરૂષ તેજ ભવમાં કેવલજ્ઞાન પામી અક્ષય એવા મોક્ષ સુખને પામશે. નિશ્ચે એજ ઉત્તમ તત્ત્વાર્થ છે." પછી ગૌતમગુરૂ દેવતાનાં આવાં વચન સાંભળી શ્રી જિનેશ્વરની આજ્ઞા લઇ અષ્ટપદ તીર્થ પ્રત્યે ગયા.

હવે એમ બન્યું કે પાંચસે પાંચસે શિષ્યના પરિવારવાળા દિન્ન, કોડિન્ન અને સેવાલ નામના ત્રણ તાપસો સચિત્ત એવા કંદ અને સેવાળ વિગેરેનું ભક્ષણ કરતા છતા એક, બે અને ત્રણ એવા અનુક્રમે ઉપવાસના પારણે અષ્ટાપદ પ્રત્યે જવા માટે તૈયાર થયા હતા. તેમાં દિન્ન ચોથભક્ત તપથી પહેલી મેખલા પ્રત્યે ગયો. કોડિન્ન છઠ્ઠના તપથી બીજી મેખળા પ્રત્યે ગયો અને ત્રીજા સેવાલ અઠ્ઠમના તપથી ત્રીજી મેખલા પ્રત્યે ગયો પછી તેઓ ગૌતમ ગણધરને આવતા જોઇ વિસ્મય પામતા છતા પરસ્પર વિચાર કરવા લાગ્યા કેઃ—

"અહો ! તપથી દુર્બળ અંગવાળા અમે તો આ અષ્ટાપદ પર્વત ઉપર ચઢી શકતા નથી તો ગજરાજ સરખા પ્રૌઢ દેહવાળા આ મુનિ શી રીતે ચઢી શકશે ?"

આમ તેઓ વિચાર કરતા જોતા હતા તેટલામાં ગૌતમ ગણધર સૂર્યના કિરણોનું અવલંબન કરી પોતાની લબ્ધિથી શીઘ્ર અષ્ટાપદની ઉપર ચઢી ગયા. ત્યાં ભરતેશ્વરે કરાવેલા પોત પોતાના અંગના વર્ણ અને પ્રમાણયુક્ત દેહવાળા ચોવીસ તીર્થંકરના પ્રતિબિંબવાલા જિનમંદીરને વિષે વિધિથી સ્તુતિપૂર્વક નમસ્કાર કરી વૈશ્રમણ અને તેના સામાનિક દેવતા જે વજ્રસ્વામીના જીવને પુંડરીક અધ્યયનથી પ્રતિબોધ કરીને અદ્‌ભૂત આકૃતિવાળા ગૌતમસ્વામી જ્યાં તાપસો છે ત્યાં આવે છે તેટલામાં વિસ્મય પામ્યું છે ચિત્ત જેમનું એવા તે તાપસો પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યા કેઃ—" જો આવી શક્તિને ધારણ કરનારા, પુષ્ટ શરીરવાળા અને તેજવંત મહાત્મા જો અમારા ગુરૂ થાય તો જરૂર સર્વ અર્થની સિદ્ધિ થાય.

આમ વિચાર કરીને તે ત્રણે તાપસો તુરત ગૌતમ ગણધરને વિનંતિ કરવા લાગ્યા કે " હે ભગવન્ ! આપ અમારા સુગુરૂ છો માટે અમને દીક્ષા આપો " પછી ગૌતમે, તેમની યોગ્યતા જાણી હર્ષથી તે પંદરસે તાપસોને દીક્ષા આપી. ત્યાર બાદ તે પોતાના મ્હોટા પરિવાર સહિત ગૌતમ, ગજરાજની પેઠે શ્રી વીરપ્રભુને વંદન કરવા માટે ચાલ્યા. મધ્યાન્હ વખતે રસ્તામાં કોઈ ગામ આવ્યું. ત્યાં ગૌતમ ગુરૂએ સર્વ શિષ્યોને પૂછ્યું કે " હે વત્સો ! કહો હું તમારા માટે શો આહાર લાવું ? તેઓએ કહ્યું. " હે ભગવન્ ! અમે બહુ કાલ પર્યંત ખરાબ અન્નનું ભક્ષણ કરવાથી કષ્ટ પામ્યા છીએ માટે હમણાં અમને સાકર અને ઘી યુક્ત પરમાન્ન લાવી આપો. " પછી સર્વ લબ્ધિના ધારણહાર ગૌતમ ગુરૂએ ગામમાંથી પરમાન્ન લાવીને કહ્યું. " હે વત્સો ! ભોજન કરો." સર્વે શિષ્યો પાત્રમાં રહેલા પરમાન્નને જોઈ વિચારવા લાગ્યા. " આ આટલા પરમાન્નથી આપણને શું થવાનું છે ? અથવા તો સર્વાતિશય લબ્ધિવાળા આ ગુરૂ કલ્પવૃક્ષની પેઠે આપણને મનોભિષ્ટ પદાર્થ આપનારા થશે." પછી સર્વે શિષ્યો ભોજન કરવા બેઠે છતે ગૌતમસ્વામીએ પાત્રમાં અંગુઠો મૂકીને પરમાન્ન પીરસ્યું. આ વખતે તે ગુરૂની મહા લબ્ધિથી ચક્રવર્તિના નિધાનની પેઠે પાત્રમાં પરમાન્ન આશ્ચર્યકારી અક્ષયરૂપ પામ્યું. તેને જોઈને વધતી એવી શુભ ભાવના વડે પાંચસેં શિષ્ય સહિત દિન્નને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ભોજન કરી રહ્યા પછી જતા એવા ગૌતમ ગુરૂને તે શિષ્યોએ એકઠા થઈને પૂછ્યું કે " હે સ્વામિન્ ! આપ ક્યાં જાઓ છો ? " ગૌતમે કહ્યું " મ્હારા ગુરૂની પાસે " શિષ્યોએ ફરી પૂછ્યું " અહો ! લોકોત્તર ભાવવાળા તમારા પણ જે ગુરૂ છે તે કેવા છે ? " ગૌતમે કહ્યું "હે વત્સો ! જે મ્હારા ગુરૂ છે તે સર્વજ્ઞ છે, નિરંતર ચોસઠ ઇંદ્રો તેમના ચરણકમળની સેવા કરે છે, તેમના મસ્તક ઉપર અવલંબનરહિત ત્રણ છત્રો શોભે છે. તેમની પાછળ સૂર્યની પેઠે ભામંડલ દીપી રહ્યું છે, તેમના ઉપર બાર ગુણવાળો અને યોજનપ્રમાણ ભૂમિ પર્યંત વિસ્તાર પામેલો અશોક વૃક્ષ અધિક શોભાથી શોભી રહ્યો છે એ ત્રિ-

લોક નાથની દેશનાભૂમિને વિષે દેવતાઓ અતિ હર્ષથી અદ્ભૂત પુષ્પવૃષ્ટિ કરે છે. ત્રણ ભુવનની પ્રભુતાના પદને સૂચવનારા અને ત્રણ જગત્‌ના જનોને આશ્ચર્યકારી એવા સિંહાસનને વિષે એ પ્રભુ વિરાજે છે. વળી ત્રણ લોકના જનોને આકર્ષણ કરવામાં મંત્રરૂપ જેમનો દેવદુંદુભિ નહિ વગાડયા છતાં પણ હુંકાર શબ્દની પેઠે અત્યંત વાગ્યા કરે છે. તેમના બન્ને પડખે હંસના સમૂહની પેઠે ચામરોની પંક્તિ શોભી રહી છે. તેમજ સર્વ પ્રાણીઓ પોતપોતાની ભાષામાં સમજી શકે તેવી તેમની વાણી એક યોજન પર્યંત સંભળાય છે. ઇત્યાદિ અનેક સંપત્તિવાળા ત્રણ જગત્‌ના પતિ અને શ્રી વીર નામવાલા મ્હારા ગુરૂ આજે તમને પ્રત્યક્ષ થશે." આ પ્રમાણે પરસ્પર વાતો કરતા એવા તે સર્વે મુનીશ્વરો મોક્ષના સમીપ રહેલા સમવસરણ પ્રત્યે આવ્યા. ત્યાં સમવસરણના દર્શનથીજ પ્રાપ્ત થએલા શુભ ધ્યાનવડે દળી નાખ્યા છે કર્મરૂપ મલ જેમણે એવા તે બીજા કોડિન્નાદિ પાંચસેં સાધુઓ કેવળજ્ઞાન પામ્યા. બાકી રહેલા સેવાલાદિ પાંચસેં સાધુઓ જિનસ્વરૂપને જોઈ શુભ ભાવના ભાવતા છતા કેવલી થયા.

પછી તે સર્વે પંદરસે કેવલી સાધુઓ શ્રી જિનેશ્વરને પ્રદક્ષિણા કરી જેટલામાં કેવળીની પર્ષદામાં જવા લાગ્યા. તેટલામાં ગૌતમ ગુરૂએ પૂર્વની પેઠે કહ્યું કે. " હે વત્સો ! શ્રીવીર પ્રભુને નમસ્કાર ન કરવા રૂપ તે વિશ્વગુરૂની અવજ્ઞા ન કરો" ગૌતમનાં આવાં વચન સાંભળી શ્રી વીર પ્રભુએ તેમને કહ્યું કે:–" હે ગૌતમ ! હમણાં તમે એ કેવલજ્ઞાનીઓની પાપદાયી એવી ઘાઢ આશાતના ન કરો." પ્રભુનાં આવાં વચન સાંભળી શુદ્ધ આત્માવાલા ગૌતમ પોતાના મનમાં નિશ્ચય કરીને બહુ ચિંતા કરવા લાગ્યા કે, " અહો ! હું જેને જેને જૈની દીક્ષા આપું છું તેને તેને ઉજ્વળ એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે." પરંતુ મને કેવળજ્ઞાન થતું નથી. શું મને આ ભવમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ નહિ થાય ? ધિક્કાર છે મ્હારા આત્માને" આવી રીતે ખેદ કરતા એવા ગૌતમને શ્રીવીર પ્રભુએ કહ્યું. " હે વત્સ ગૌતમ ! તું કેવળજ્ઞાનની ઉત્પત્તિ નિમિત્ત ખેદ ન કર, કારણ અંતે આપણે બન્ને જણા સરખા થઇશું." પ્રભુનાં આવાં વચનથી ગૌતમ નિઃસંદેહ થયા. અને તેમણે સંખ્યાબંધ માણસોને પ્રતિબોધ પમાડી સંસારથી મૂકાવ્યા.

પછી વીર પ્રભુએ પોતાનો નિર્વાણ સમય પાસે આવ્યો જાણી તે વખતે ગૌતમને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ પમાડવા મોકલ્યા. ગૌતમ તે બ્રાહ્મણને પ્રતિબોધ પમાડી પાછા આવતા હતા એવામાં તેમણે રસ્તામાં પ્રભુનો મોક્ષ સાંભળ્યો. તેથી તે વજ્રવડે હણાયલાની પેઠે ક્ષણમાત્ર તો શૂન્ય થઇ ગયા. પછી સચેત થયા એટલે વિલાપ કરવા લાગ્યા.

હે પ્રભો ! તારાવિના આજે મિથ્યાત્વરૂપ અંધકાર ફેલાશે, કુતીર્થિક કૌશિકો ગર્જારવ કરશે, દુર્ભિક્ષ, ડમર, વૈરાદિ રાક્ષસોનો પ્રચાર થશે તથા રાહુગ્રહસ્ત ચંદ્રવાળું જેમ આકાશ અને દીવા વિનાનું ઘર તેમ તારા વિનાનું ભરત આજ થઈ ગયું.

હે વિભો! વારંવાર કોની આગલ જઈને પ્રશ્નો પૂછીશ તેમ હું ભદન્ત, ભદન્ત કોને કહીશ, તેમ મને ગૌતમ કહીને કોણ બોલાવશે, હાહા વીર! આ શું કર્યું? આવા અવસરે મને દૂર કર્યો, શું બાલકની માફક હું તારો છેડો પકડત અથવા શું કેવલજ્ઞાનમાં ભાગ માગત અથવા શુ મને લઇ ગયા હોત તો મોક્ષમાં સંકીર્ણતા થાત?

આ પ્રમાણે શ્રી ગૌતમ પ્રભુ બાલકની પેઠે વિવિધ પ્રકારના વિલાપ કરીને પછી ઉત્પન્ન થએલા વિવેકવાલા તે પોતે મનમાં વિચાર કરવા લાગ્યા. "હા મેં જાણ્યું. વીતરાગ પુરૂષો સ્નેહરહિત હોય છે. મને પ્રમાદીનેજ ધિક્કાર થાઓ. કારણ કે જે મેં અહિં શ્રુતોપયોગ સ્વીકાર્યો નહીં. મૂઢ એવો હું આ મોહરહિત એવા શ્રી વીર જિનેશ્વરને વિષે વૃથા મોહ કરૂંછું કે જે મોહ નિશ્ચે સંસારનું કારણ છે. હું એકજ છું. મ્હારૂં કોઇ નથી." આવી રીતે વિચાર કરતા એવા તે શ્રેષ્ઠ ગૌતમસ્વામીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. સવારે ઇંદ્રાદિ દેવતાઓએ તેમનો એવો કેવળમહોત્સવ કર્યો કે જેથી સર્વે જનો બહુ હર્ષ પામ્યા. આવી રીતે ગૌતમ ગણધરના અધિક દર્શનથી પ્રતિબોધ પામી ચારિત્ર અંગીકાર કરનારા અને શુદ્ધ ચિત્તવાળા તે કોડિન્નદિન્નાદિ તાપસો પોત પોતાના શિષ્યો સહિત કેવળજ્ઞાન પામીને નિત્ય લક્ષ્મીના સ્થાનરૂપ શિવપદ પામ્યા.

**श्रीकोडिन्न, दिन्न अने सेवाल मुनिनो संबंध संपूर्ण**

**विप्परिवडिअविभंगो, संबुद्धो वीरनाहवयणेण ॥**
**सिवरायरिसी इकार–संगवी जयउ सिद्धिगओ ॥ ८० ॥**

વિસંઘટિ અવધિ જ્ઞાનના આભાસવાલા શ્રીવીર પ્રભુના વચનથી પ્રતિબોધ પામેલા, એકાદસંગીના જાણ અને છેવટ સિદ્ધિપદ પામેલા શ્રીશિવરાજર્ષિ વિજયવંતા વર્તો.

**॥ 'श्रीशिवकुमार' नामना राजर्षिनी कथा ॥**

આ ભરત ક્ષેત્રના મગધ દેશને વિષે સર્વ પ્રકારના સુખથી પૂર્ણ અને પ્રજાને આનંદકારી એવા શિવ નામે રાજા રાજ્ય કરતો હતો. તેના કોશમાં નિરંતર ધન ધાન્યાદિ વૃદ્ધિ પામતું હતું તેથી લઘુ કર્મી એવા તે ભૂપાળને મનમાં વિચાર થયો કે, "નિશ્ચે પૂર્વ ભવના ઉત્પન્ન થએલા ધર્મરૂપ કલ્પવૃક્ષનું આ ફલ છે. માટે આ ભવમાં પણ તે ધર્મ રૂપ કલ્પવૃક્ષનું સેવન કરૂં કે જેથી બીજા ભવમાં તેનું ઉત્તમ ફલ પામી શકાય." આ પ્રમાણે વિચાર કરતા તે શિવ ભૂપતિને વૈરાગ્ય પ્રાપ્ત થયો. તેથી તેણે ભોજન વસ્ત્રાદિકથી સર્વ સ્વજનોને સંતોષ પમાડી દીન તથા અદીનજનોને મહા દાન આપી અને હર્ષથી પોતાના પુત્રને ઉત્સવપૂર્વક રાજ્યાભિષેક કર્યો. પછી પોતે કરાવેલા ત્રાંબાના અદ્દ્ભૂત ભિક્ષાપાત્રને તથા જલપાત્રને લઈ તાપસ થયો અને અહર્નિશ છઠ્ઠ અઠ્ઠમાદિ ઉગ્ર તપ કરી પારણાને વિષે પકવાન્નની પેઠે સુકાં પાંદડાં વિગેરેનું ભક્ષણ કરવા લાગ્યો. આ પ્રમાણે સમતાથી રહેલા એવા

તે શીવ તાપસને સંખ્યાવંત દ્વીપ અને સમુદ્રનું ગોચર એવું વિભંગ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તે નગરમાં આવીને લોકોની પાસે સંખ્યાવંત દ્વીપનું સ્વરૂપ નિરૂપણ કરવા લાગ્યો. આ અવસરે સર્વના હિતચિંતક એવા શ્રી વીર પ્રભુએ પોતાના સાધુઓને કહ્યું કે, "હે મુનીશ્વરો ! તમે શીઘ્ર શિવ તાપસ પાસે જઇ તેને કહો જે તું લોકોની પાસે દ્વીપ અને સમુદ્રનું મિથ્યા પ્રરૂપણ કર નહિ કારણ કે શ્રી જિનેશ્વરોએ દ્વીપ અને સમુદ્રો અસંખ્યાતા કહેલા છે માટે ઉત્સૂત્રનું નિરૂપણ કરનારા પુરૂષોને મહા પાપ લાગે છે" પ્રભુનું વચન અંગીકાર કરી સર્વે સાધુઓએ શિવ તાપસ પાસે આવીને જિનેશ્વર એવા શ્રી વીર સ્વામીની આજ્ઞા કહી. શીવ તાપસ પણ તે વાત સાંભળી કર્મક્ષયને વિષે મનમાં શંકા ધરતો છતો સાધુઓને પૂછવા લાગ્યો કે, "તમને આ સર્વ કયા મહાત્માએ કહ્યું છે?" સાધુઓએ કહ્યું "હે શિવરાજર્ષિ ! સર્વ દર્શનના જાણ અને સર્વજ્ઞ એવા શ્રી વીર નામના મહાત્માએ એ સર્વ અમને કહ્યું છે." પછી શિવ તાપસ વિચારવા લાગ્યો "હમણાં શ્રી વીરનામના મહાત્મા સર્વજ્ઞ અને રાગરહિત સંભળાય છે તો તે મિથ્યા કેમ બોલે ? માટે ચાલ હમણાં તેમની પાસે જઇ અને મ્હારા હૃદયના સંશયોને દૂર કરી તેમના કહેલા ધર્મને હું અંગીકાર કરૂં." આમ વિચાર કરીને તે શિવ તાપસ સાધુઓની સાથે શ્રીજિનેશ્વર પ્રભુ પાસે ગયો અને પોતાના આત્માને નિઃસંશય કરી પ્રતિબોધ પામ્યો. ત્યાર પછી તે મહામુનિ શિવ તાપસ, જિનેશ્વરની પાસે જૈની દીક્ષા લઈ થોડા કાળમાં એકાદશાંગીના જાણ થયા. તીવ્ર તપથી ઉપસર્ગને સહન કરી અને કેવળજ્ઞાન પામી તે શિવમુનિ મોક્ષપદ પામ્યા. અજ્ઞાનવડે કરેલા ઉગ્ર તપથી ઉત્પન્ન થએલા વિભંગ જ્ઞાને કરી સંખ્યાવંત દ્વીપ અને સમુદ્રનું સ્થાપન કરવામાં તત્પર અને તાપસોના અધિપતિ એવા શિવ તાપસ, શ્રી વીર પ્રભુના વચનથી પ્રતિબોધ પામી, વ્રત લઈ એકાદશાંગીનો અભ્યાસ કરી અને છેવટ કેવલજ્ઞાન પામી અવ્યય એવા મોક્ષપુરના ઐશ્વર્યને પામ્યા.

**'श्री शिवराजर्षि' नी कथा संपूर्ण.**

**चउसट्ठि करिसहस्सा, चउसट्ठि सअट्ठदंत अट्ठसिरा ।**
**दंते अ एगमेगे, पुक्खरिणीअं अट्ठट्ठ ॥ ८१ ॥**

ઇંદ્રની આજ્ઞાથી ઐરાવત નામના દેવતાએ ચોસઠ હજાર હસ્તિના રૂપ વિકુર્વ્યાં તેમાં એક એક હસ્તિને આઠ આઠ મસ્તક, મસ્તકે મસ્તકે આઠ આઠ દાંત અને એક એક દાંતને વિષે આઠ આઠ વાવ્યો. ॥ ૮૧ ॥

**अट्ठट्ठ लक्खपत्ताइं, तासु पउमाइं हुंति पत्तेअं ।**
**पत्ते पत्ते बत्तीस–बद्ध नाडयविही दिव्वो ॥ ८२ ॥**

તે પ્રત્યેક વાવ્યમાં લાખ લાખ પાંખડીવાળાં આઠ આઠ કમળો અને પત્રે પત્રે બત્રિશ બદ્ધ દિવ્ય નાટક દેવ દેવીઓ કરે છે. ॥ ૮૨ ॥

एगेग कन्निआए, वासाय वडिसओ अयइ पउमं ।
अग्गामहिसीं सद्धिं, उवगिज्झइ सो तहिं सक्को ॥ ८३ ॥

કમલની એક એક કર્ણિકાને વિષે રચેલા ઉત્તમ મહેલમાં ઇંદ્ર પોતાની અગ્ર મહિષીઓની સાથે ભગવાનના ગુણ ગાય છે. ॥ ૮૩ ॥

एआरिस इड्ढिए, विलग्गमेरावणंमि दट्ठू हरिं ।
राया दसन्नभद्दो, निखंतो पुन्नसपइन्नो ॥ ८४ ॥

આવી મહા લબ્ધિથી ઐરાવત હસ્તિ ઉપર બેઠેલા ઇંદ્રને જોઇને અપૂર્ણ થઇ છે પ્રતિજ્ઞા જેની એવા દશાર્ણભદ્ર ભૂપતિએ ચારિત્ર લીધું. ॥ ૮૪ ॥

## ' श्रीदशार्णभद्र ' नामना राजानी कथा

દશાર્ણ નામની મહાપુરીને વિષે સર્વ રાજાઓમાં મુખ્ય અને સમુદ્ર સમાન ગંભીર દર્શાણુ ભદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો. તેના અંતઃપુરને વિષે જગતને આશ્ચર્યકારી રૂપવડે સર્વ દેવાંગનાઓનો પરાભવ કરનારી પાંચસે સ્ત્રીઓ હતી. દશાર્ણભદ્ર રાજા પોતાના યૌવનથી, રૂપથી, ભૂજપરાક્રમથી અને સેનાથી બીજા સર્વ રાજાઓને તૃણ સમાન માનતો હતો અને તેથીજ ગર્વ રૂપ પર્વત ઉપર આરૂઢ થએલો તે ભૂપતિ, ઇંદ્રની પેઠે પોતાના મ્હોટા રાજ્યને નિરંતર ભોગવતો હતો.

આ અવસરે દશાર્ણપુરીની પાસે રહેલા દશાર્ણકૂટ નામના પર્વતને વિષે દેવ મનુષ્યોને હર્ષ કરાવનારા શ્રી વીર જિનેશ્વર સમવસર્યા. દેવતાઓએ રચેલા સમવસરણમાં સિંહાસન ઉપર બેસી શ્રી વીરપ્રભુ ધર્મદેશના આપવા લાગ્યા. વનપાળે પ્રભુના આગમનને જાણી બહુ હર્ષ પામતા છતાં તુરત દર્શાણભદ્ર રાજાને વધામણી આપીને કહ્યું. "હે સ્વામિન્! જેમના ચરણકમલની દેવતાઓ સેવા કરે છે તે ત્રણ જગત્ના પતિ શ્રી વીરપ્રભુ હમણાં દશાર્ણકૂટ પર્વતના શિખર ઉપર સમવસર્યા છે" વનપાળનાં આવાં વચન સાંભળી મનમાં અત્યંત હર્ષ પામેલા દશાર્ણભદ્ર ભૂપતિએ તેને તુષ્ટિદાનમાં પોતાના અંગનાં આભરણો આપીને વિચાર્યું જે "હું કાલે તેવી મ્હોટી સમૃદ્ધિથી વીર પ્રભુને વંદન કરવા જઇશ કે જેવી સમૃદ્ધિથી પૂર્વે કોઇ પણ ગયો નહીં હોય." આ પ્રમાણે વિચાર કરીને સવારે પ્રભાત સંબંધી ક્રીયા પૂર્ણ કરી દશાર્ણભદ્ર ભૂપતિએ પર્વત સમાન હજારો હાથીઓને, ઇંદ્રના અશ્વ સમાન લાખો અશ્વોને; સુભટ પુરૂષોથી વ્યાપ્ત એવા અસંખ્ય રથોને અને સુશોભિત વસ્ત્રાભરણ તથા આયુધથી દીપતા કોટી વાલાઓને તૈયાર કર્યા. વલી ઉત્તમ શોભાવાલી પોતાની પાંચસે રાણીઓને પણ સુખાસનમાં બેસાડી. આવી અદ્ભૂત સંપત્તિથી બીજા ભૂપતિઓને

તૃણુ સમાન ગણુતો એવો તે દશાર્ણભદ્ર નૃપતિ ભક્તિથી શ્રી વીરપ્રભુને વંદન કરવા માટે ચાલ્યો. શ્રી જિનેશ્વર પ્રભુને વંદના કરવા જતા દશાર્ણભદ્ર ભૂપતિને જોઇ સૌધર્મેંદ્ર વિસ્મયથી વિચાર કરવા લાગ્યો. " વિશ્વ મધ્યે આ રાજાને ધન્ય છે. વલી તેનુંજ જીવિત કૃતાર્થ છે કે જે તે આવી મહા ભક્તિથી વીરપ્રભુને વંદન કરવા જાય છે. પરંતુ પૂર્વે બીજા કોઇ રાજાએ પ્રભુને ન વાંદ્યા હોય એવી મહા સમૃદ્ધિથી મ્હારે પ્રભુને વાંદવા " એવા અભિમાનથી એ ભૂપતિએ પોતાની ભક્તિને દૂષિત કરી છે. જો કે ચોસઠ ઇંદ્રો પોતાની સર્વ સમૃદ્ધિથી એકી વખતે શ્રીજિનેશ્વરને વંદન કરવા આવે તો પણુ તે તીર્થપતિ સંતુષ્ટ થાય તેમ નથી કારણુ કે જિનેશ્વરો અનંત બળ, જ્ઞાન અને આનંદવાલા હોય છે. માટે આ ભૂપતિના અભિમાનને દૂર કરાવવાનો આ અવસર છે. " એમ વિચાર કરીને ઇંદ્રે, ઐરાવણુને આજ્ઞા કરી. પછી ઐરાવણે પણુ ઇંદ્રની આજ્ઞાથી સાઠ હજાર હસ્તિના રૂપ વિકુર્વ્યાં. પ્રત્યેક હાથીને પાંચસે બાર મુખ, પ્રત્યેક મુખે આઠ આઠ દાંત, પ્રત્યેક દાંતે જલથી પૂર્ણ એવી આઠ આઠ વાવ્યો. પ્રત્યેક વાવ્યમાં લાખ લાખ પાંખડીનાં આઠ આઠ કમલો. પ્રત્યેક પાંખડીએ બત્રીશબદ્ધ દિવ્ય નાટકો થાય છે. વલી પ્રત્યેક કમલની કર્ણિકા ઉપર એક એક મહા સમૃદ્ધિવાળો મહેલ રચ્યો. અને તે દરેક મહેલના અગ્રભાગમાં રહેલા સિંહાસન ઉપર પોતાની આઠ અગ્ર પટ્ટરાણીઓની સાથે બેઠેલો ઇંદ્ર છે, તે દેવતાઓ સહિત શ્રી જિનેશ્વર પ્રભુના ગુણ ગાય છે. આવી મહાસમૃદ્ધિથી ઐરાવણુ હસ્તિ ઉપર બેઠેલા ઇંદ્રે ભગવંતને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક નમસ્કાર કર્યા. આ વખતે પાછલા બે ઉગ્ર પગથી પૃથ્વી ઉપર ઉભા રહેલા ઐરાવણુ હસ્તિના આગલા બે પગ પ્રભુના પ્રભાવથી પર્વત ઉપર ગયા. તે ઉપરથી લોકોએ અરિહંત પ્રભુના ચરણથી પવિત્ર એવા તે દશાર્ણકૂટ પર્વતનું ગજાગ્રપાદ એવું નામ પાડ્યું.

ઇંદ્રની આવી સમૃદ્ધિ જોઇ દશાર્ણભદ્ર ભૂપતિ પોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યા. કે " મેં વિશ્વને આશ્ચર્યકારી આવી સમૃદ્ધિ વિસ્તારી તો પણુ આ ઇંદ્રની સંપત્તિથી હું અત્યંત લઘુપણું પામી ગયો. હા ! મેં જે પૂર્વ પ્રતિજ્ઞા કરી હતી તે નિષ્ફળ થઇ. નિશ્ચે આ ઇંદ્રે પૂર્વભવે અગણ્ય પુણ્ય કર્યું છે, મેં તેવું પુણ્ય કર્યું નથી. તેથીજ હું અલ્પ વૈભવવાલો થયો. હવે હું આ ભવમાં નિર્મલ એવો અરિહંત ધર્મને એવી રીતે આચરૂં કે જેથી આવતા ભવમાં બીજાઓથી અલ્પપણું પામું નહીં. " આવી રીતે વિચાર કરી વૈરાગ્યવાસિત થએલા તે દશાર્ણભદ્ર ભૂપતિએ પંચમુષ્ટિ લોચ કરી દેવતાએ આપેલો યતિવેષ અંગીકાર કર્યો અને તેજ વખતે જિનેશ્વર પ્રભુને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વંદના કરી મુકિતરૂપ વધૂની સાથે પાણીગ્રહણુ કરાવનારૂં ચરિત્ર અંગીકાર કર્યું.

પછી દશાર્ણભદ્ર ભૂપતિને મુનિરૂપે જોઇ અત્યંત હર્ષ પામેલા ઇંદ્રે તેમની પ્રશંસા કરી કે " ત્રણુ લોકને સ્તુતિ કરવા યોગ્ય સદ્ગુણુવાલા હે રાજર્ષિ ! તમે

જયવંતા વર્તો. ત્રણ જગત્‌માં તમારૂં અભિમાન સત્ય ઠર્યું છે કે જેને માટે તમે પોતાનું વિસ્તારવાળું રાજ્ય પણ શીઘ્ર ત્યજી દીધું. તમે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાથી મને પણ જીત્યા તો પછી બીજો સંસારી જીવ તમને જીતવા કેમ સમર્થ થાય ? હે સાધુ ! સંસારને હરણ કરતા એવા તમોએ જેવી રીતે મને જીત્યો છે તેવીજ રીતે થોડા કાલમાં કર્મરૂપ શત્રુઓને જીતી તમે કેવલી થાઓ. " આ પ્રકારે દશાર્ણભદ્ર રાજાર્ષને સ્તુતિ કરવા પૂર્વક નમસ્કાર કરી તેમજ અરિહંત-પ્રભુની ધર્મ દેશના સાંભલી ગુણવંત એવો ઈંદ્ર, સ્વર્ગ પ્રત્યે ગયો. દશાર્ણભદ્ર રાજર્ષિ પણ ઘોર તપ કરી કર્મરૂપ શત્રુનો નાશ કરવાથી કેવલજ્ઞાન પામ્યા. ત્રણ લોકમાં દશાર્ણભદ્ર ભૂપતિ સમાન બીજો કયો અભિમાની પુરૂષ થયો છે અથવા થવાનો છે ? કે જે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે સર્વ પૃથ્વીના સામ્રાજ્યપદને ત્યજી દઈ, શ્રીજિનેશ્વર પ્રભુ પાસે દીક્ષા લઇ, ઇંદ્રની પ્રશંસા પામી મોક્ષ લક્ષ્મીને પામ્યો.

**'श्री दशार्णभद्र' नामना राजर्षिनी कथा संपूर्ण.**

रायगिहंमि पुरवरे, समुआणट्ठा कयाइं हिंडंतो ॥
पत्तो अ तस्स भवणं, सुवन्नगारस्स पावस्स ॥ ८५ ॥
निप्फेडिआणि दुन्निवि, सिसावेढेण जस्स अच्छीणि ॥
नय संजमाओ चलिओ, मेअज्जो मंदरगिरिव्व ॥ ८६ ॥
नवपुव्वी जो कुंचग–मवराहिणमवि दयाइ नाइरके ॥
तं निअजिअनिरविरकं, नमामि मेअअमंतगडं ॥ ८७ ॥

સર્વ પુરમાં શ્રેષ્ઠ એવા રાજગૃહ નગરને વિષે કયારેક ગોચરી માટે ભમતા એવા જે મેતાર્ય મુનિ, ઋષિઘાત કરવાથી પ્રસિદ્ધ થએલા સુવર્ણકારના ઘરને વિષે પ્રાપ્ત થયા. તેમજ તે સુવર્ણકારે લીલી વાધરવડે મસ્તક બાંધવાથી જેનાં નેત્રો પૃથ્વી ઉપર નીકલી પડયાં. આવી રીતે પીડા કરી તો પણ દયાને લીધે જેનું મન સંયમથી મેરૂ પર્વતની પેઠે જરાપણ ચલાયમાન થયું નહીં એટલુંજ નહીં પણ જેમણે જવ ચરી જતા એવા ક્રૌંચ પક્ષીને દીઠા છતાં પણ દયાથી તે વાત કહી નહીં. અને જેમણે નવ પૂર્વનો અભ્યાસ કર્યો હતો એવા તે પોતાના જીવિતને વિષે પણ નિરપેક્ષ એવા મેતાર્ય મુનિને હું નમસ્કાર કરૂં છું. ॥ ૮૫–૮૬–૮૭ ॥

**'श्रीमेतार्य' नामना मुनिवरनी कथा.**

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સાકેતપુર નગરને વિષે ચંદ્રાવતંસ નામે રાજા રાજ્ય કરતો હતો તે રાજાને સુદર્શના અને પ્રિયદર્શન નામની બે સ્રીઓ હતી. તેમાં સુદર્શનાને ઉત્તમ ગુણવંત એવા સાગરચંદ્ર અને મુનિચંદ્ર નામના બે પુત્રો

થયા હતા. પ્રિયદર્શનાએ પણ ગુણચંદ્ર અને બાલચંદ્ર નામના બે પુત્રોને જન્મ આપ્યો હતો. ચંદ્રાવતંસ ભૂપાલે સાગરચંદ્રને યુવરાજ પદે સ્થાપી મુનિચંદ્ર કુમારને ઉજ્જયિની નગરી આપી.

એકદા માઘમાસને વિષે ચંદ્રાવતંસ ભૂપાલે રાત્રીએ સામાયિક વ્રત લઈ એવો અભિગ્રહ લીધો કે " જ્યાં સુધી આ મ્હારા વાસગૃહમાં આ દીવો બલે ત્યાં સુધી મ્હારે ત્રણ પ્રકારના સંસારના તાપને નાશ કરનારો કાયોત્સર્ગ હો " ભૂપતિએ આવો ઉગ્ર અભિગ્રહ લઇ કાયોત્સર્ગ કર્યો એટલામાં તેની શય્યાપાલિકા દાસી પોતાના મનમાં વિચાર કરવા લાગી કે. " દીવો હોલવાઇ જવાને લીધે ઘોર અંધકાર થયે છતે મ્હારો ભૂપતિ શય્યામાં સૂવા માટે શી રીતે આવી શકશે ? " આમ વિચાર કરીને તેણીએ પહેલા પહોરને વિષે દીવામાં તેલ ખૂટયું એટલે ફરી ભૂપતિના દુષ્કર્મ યોગથી દીવામાં તેલ પૂર્યું. આ પ્રમાણે તેણીએ સ્વામીભક્તિને લીધે બીજા, ત્રીજા અને ચોથા પહોરને વિષે દીવામાં તેલ પૂર્યા કર્યું. પછી પ્રભાતે ચંદ્રાવતંસ ભૂપતિને કોમળપણાથી કોઇ એવી વેદના ઉત્પન્ન થઇ કે જેથી તે મૃત્યુ પામ્યો. પાછલ પ્રધાનાદિ પુરૂષોએ મહા ભાગ્યવંત એવા સાગરચંદ્રને ઉત્સવ પૂર્વક રાજ્યાભિષેક કર્યો. એક દિવસ મહાશય એવા સાગરચંદ્ર ભૂપતિએ પોતાની અપર માતા પ્રિયદર્શનાને સ્નેહપૂર્વક કહ્યું. "હે માત ! આપ મ્હારી આજ્ઞાથી આ સામ્રાજ્યપદ આપના મનની પ્રસન્નતા માટે નિશ્ચે આપના પુત્રને આપો. કારણ વૈરાગ્યવાસિત થએલો હું અરિહંત સંબંધી દીક્ષા લઈશ." પુત્રે આમ કહ્યુ તોપણ પ્રિયદર્શનાએ લોકલજ્જાથી તેનું વચન માન્ય કર્યું નહીં. પછી સાગરચંદ્ર ભૂપતિ પોતાના પુત્રની પેઠે પ્રજાનું પાલન કરતો છતો પોતાના પુણ્યથી પૃથ્વીનું રાજ્ય ભોગવવા લાગ્યો.

એકદા રાજ્યલક્ષ્મીથી દેદીપ્યમાન એવા સાગરચંદ્ર ભૂપાલને જોઇ અપર માતા પ્રિયદર્શના વિચાર કરવા લાગી કે. " હા હા ! ધિક્કાર છે મને, જે મેં તે વખતે મ્હારા પુત્રને રાજ્ય આપતા એવા આને ના પાડી. જો મ્હારા પુત્રને રાજ્ય મળ્યું હોત તો તે પણ હમણાં આની પેઠે બહુ શોભા પામત. જે તે આજ સુધી નાશ નથી પામ્યો તો હું તેને મારી નાખું જેથી મ્હારા પુત્રને રાજ્ય મલે. " આ પ્રમાણે વિચાર કરી તે પ્રિયદર્શના રાજાનાં છિદ્ર જોવા લાગી. કોઈ એક દિવસ સવારે સાગરચંદ્ર ભૂપતિ પોતાના પરિવારસહિત બહાર ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. ત્યાં ક્રીડા કરતા એવા ભૂપતિને બહુ ભૂખ લાગી તેથી તેણે રસોઇયા પાસેથી શીઘ્ર ભોજન મગાવ્યું. રસોઇયાએ પણ સ્નિગ્ધ ભોજન દાસીના હાથમાં આપી ભૂપતિ પાસે મોકલ્યું. તે ભોજનમાં ભૂપતિ માટે એક મ્હોટો લાડુ બનાવ્યો હતો. આ વાતની અપરમાતા પ્રિયદર્શનાને ખબર પડી તેથી દુષ્ટ બુદ્ધિવાલી તે પોતાના હાથ વિષ વાળા કરી ઝટ માર્ગમાં આવીને ઉભી રહી. પછી તે દુષ્ટાએ દાસીને આવતી જોઇ પૂછ્યું કે " અરે ! ત્હારા હાથમાં શું છે અને તું ક્યાં જાય છે તે કહે ? " દાસીએ

કહ્યું. "હે માતા ! હું રાજાને માટે ભોજન લઇને ઉદ્યાનમાં જાઉંછું." પ્રિયદર્શનાએ કહ્યું. "જોઉં તે ભોજન કેવું છે ?" દાસીએ કહ્યું "હે માત ! જુઓ રસોઈયાએ બનાવેલું આ ભોજન બીજા માટે અને આ લાડુ ભૂપતિ માટે છે." પ્રિયદર્શનાએ કહ્યું. "ભૂપતિને માટે જે લાડુ મોકલ્યો છે તે કેવો છે. મને દેખાડ." દાસીએ મુગ્ધપણાથી હર્ષકારી એવો મોદક દેખાડયો. તે પ્રિયદર્શનાએ પોતાના વિષવાળા હાથથી મર્દિત કર્યો. પછી મોદકને પાછો પાત્રમાં મૂકી પ્રિયદર્શનાએ "હે સુંદરી ! વાહ તેની કેવી મધુર સુગંધ છે." એમ કહી તેણીને રજા આપી. પછી દાસીએ રાજા પાસે જઇ તેને ભોજન આપ્યું. ભૂપતિ પણ મોદકને જોઈ મનમાં વિચાર કરવા લાગ્યો. "આ મ્હારા ન્હાના બે બંધુઓને મૂકી એ લાડુ મ્હારાથી કેમ ખવાય ? માટે લાવ વેહેચીને તેઓનેજ આપી દઉં." આમ ધારી ભૂપતિએ નિષ્કપટપણે તે લાડુના બે કકડા કરી પોતાના ન્હાના બે બંધુઓને (પ્રિયદર્શનાના પુત્રોને)વેહેંચી આપ્યા. અને પોતે બીજું ભોજન ખાધું. જેણે પૂર્ણ ભવે શુદ્ધ ભાવથી પુણ્ય કરેલું છે તેને બીજાઓએ કરેલા અનિષ્ટો કયારે પણ નથી લાગતા. દુષ્ટ બુદ્ધિવાળો ક્ષુદ્ર પુરૂષ સજ્જન ઉપર જે દુષ્ટ વિચાર કરે તે નિશ્ચે તે દુરાત્માને વિષેજ ફળીભૂત થાય છે.

હવે પેલા બે કુમારોએ જેટલામાં તે મોદક ખાધો તેટલામાં તેઓ વિષવશથી તુરત મુર્ચ્છા પામીને પૃથ્વી ઉપર પડી ગયા. ભૂપતિએ સંભ્રમથી તુરત વૈદ્યોને બોલાવી એવી ચિકિત્સા કરાવી કે જેથી તેઓ તુરત નિર્વિષ થયા પછી સાગરચંદ્ર રાજાએ દાસીએ બોલાવીને પૂછયું કે "અરે દાસી ! તેં રસ્તામાં કોઇને મોદક દેખાડયો હતો ?" દાસીએ કહ્યું. "મેં તે મોદક કોઇને દેખાડયો નથી પરંતુ આ કુમારોની માતા પ્રિયદર્શનાએ તે જોયો હતો અને મર્દન કર્યો હતો." પછી જાણ્યું છે સર્વ વૃત્તાંત જેણે એવા તે રાજાએ પ્રિયદર્શનાને બોલાવીને કહ્યું "હે પાપીણી ! ધિક્કાર છે તને, મેં ત્હારા પુત્રને પ્રથમથીજ રાજ્ય આપવા માંડયું હતું તે તેં સ્વીકાર્યું નહિ અને મને મારવા માટે આવો વિષપ્રયોગ કર્યો. હા ! તેં સંસારસમુદ્રમાં ફેંકી દીધેલો હું પુણ્યરહિત થાત." એમ કહીને સાગરચંદ્ર ભૂપતિ પ્રિયદર્શનાના બન્ને પુત્રોને રાજ્ય સોંપી પોતે વૈરાગ્યથી દીક્ષા લઇ કૃતાર્થપણે વિહાર કરવા લાગ્યા. અનુક્રમે સાગરચંદ્ર મુનિ સુગુરૂ પાસે અભ્યાસ કરતા સર્વ શ્રુતના પારગામી થયા.

એકદા ગુરૂની પાસે ઉજ્જયિની નગરીથી સાધુનો સંઘાડો આવ્યો. તેને જોઈ સાગરચંદ્ર મુનિએ પૂછયું "હે મુનિઓ ! સર્વ પ્રકારની સંપત્તિથી સુશોભિત એવી ઉજ્જયિની નગરીમાં જિનધર્મ સુખે પ્રવર્ત્તે છે કની ?" સાધુઓએ કહ્યું. "અરે ત્યાં જિનધર્મનું સુખથી પ્રવર્તન કયાંથી હોય ? કારણ ત્યાં રાજાનો અને પુરોહિતનો પુત્ર ધર્મનો બહુ દ્વેષ કરે છે." મુનિઓનાં આવાં કાનમાં ઉકાળેલા કથીર રેડયા જેવા વચન સાંભલી સાગરચંદ્ર મુનિ, ગુરૂને વિનંતિ કરવા લાગ્યો કે, "હે ભગવંત ! હું ત્યાં જાઉં ?" ગુરૂએ આજ્ઞા આપી કે "હે વત્સ ! તું તે મહા-

પુરીમાં જઇ ધર્મદ્વેષી એવા તે બન્ને પુત્રોને ધર્મને વિષે સ્થિર કર." પછી સાગરચંદ્ર મુનિ અવંતી નગરી પ્રત્યે ગયા અને અનુક્રમે સાંજ વખતે ત્યાં ઉપાશ્રયે પહોંચ્યા. ત્યાંના સ્થાયી સાધુઓએ તેમને પોતાની પાસે રાખ્યા. તેથી તે મુનિ ત્યાં પોતાની શુદ્ધ સમાચારી કરવા લાગ્યા.

બીજે દિવસે ભિક્ષાવસરે સાધુઓએ તેમને કહ્યું કે "હે મહામુનિ ! અમે આપના માટે ભિક્ષા લાવશું માટે આપ અહિંજ રહો." સાગરચંદ્ર મુનિએ કહ્યું હું પોતેજ આણેલો આહાર લઉં છું. માટે હે મુનિઓ ! તમે મને યોગ કુલ બતાવો." પછી સાધુઓએ તેમની સાથે એક બાલ શિષ્યને મોકલ્યો. તે શિષ્ય તેમને પુરોહિતનું ઘર બતાવી તેમની આજ્ઞાથી પાછો વળ્યો. સાગરચંદ્ર મુનિ પણ પુરોહિતના ઘરની અંદર જઇ મ્હોટા શબ્દથી જેટલામાં વારંવાર ધર્મલાભ કહેવા લાગ્યા તેટલામાં પુરોહિતની સર્વ સ્ત્રીઓએ તેમને કહ્યું કે, "હે મુનિ ! આપ ધીમે બોલો કારણ કે અહીં બે દુષ્ટ કુમારો રહે છે. સ્ત્રીઓએ આમ કહ્યા છતાં પણ મુનિ તો તેમને ગાઢ સ્વરથી ધર્માશિષ દેવા લાગ્યા. તે ઉપરથી સ્ત્રીઓએ જાણ્યું કે આ મુનિ બહેરા દેખાય છે. પછી તે સ્ત્રીઓએ શુદ્ધ અન્નથી પ્રતિલાભેલા મુનિ મ્હોટા સ્વરથી ધર્મલાભ આપી જેટલામાં દ્વાર પાસે આવ્યા તેટલામાં ધર્મલાભનો શબ્દ સાંભળી અત્યંત ક્રોધ પામેલા પુરોહિતનો અને રાજાનો પુત્ર તુરત દ્વાર પાસે આવી તે ઉત્તમ મુનિને કહેવા લાગ્યા કે અરે મુંડ ! અમારી આગળ નૃત્ય કર, નહિ તો ત્હારો અહીંથી ક્યારે પણ છુટકો થવાનો નથી." મુનિએ કહ્યું. "હે કુમારો ! હું અદ્ભૂત એવું નૃત્ય તો કરીશ પણ તેને યોગ્ય એવું વાજીંત્ર કોણ વગાડશે ? જો તમે બન્ને જણા મારા નૃત્યને યોગ્ય વાજીંત્ર નહિ વગાડો તો હું તમને બન્ને જણાને મહા દુઃખદાયી શિક્ષા કરીશ." મદોન્મત્ત એવા તે બે કુમારોએ મુનિ સાગરચંદ્રને કહ્યું "હે મુનીશ્વર ! તમે નૃત્ય કરો અમે તમારે યોગ્ય વાજીંત્ર વગાડશું," પછી સુબુદ્ધિવાળા સાગરચંદ્ર મુનિ પૂર્વના અભ્યાસથી આદરપૂર્વક નૃત્ય કરવા લાગ્યા તે વખતે બન્ને કુમારો મૂર્ખપણાને લીધે વાજીંત્ર વગાડવા લાગ્યા. પછી અત્યંત ક્રોધ પામેલા સાગરચંદ્ર મુનિએ "અરે અધમ કુમારો ! મ્હારા નૃત્ય પ્રમાણે તમે યોગ્ય વાજીંત્ર કેમ નથી વગાડતા ?" એમ કહીને એક હાથવડે પકડી તેઓને એવા તાડન કર્યા કે જેથી તેમના શરીરના સાંધે સાંધા ઉતરી ગયા. આમ થવાથી તો તેઓ જવા, આવવા, ઉઠવા કે બેસવા પણ સમર્થ થયા નહીં. ત્યાં ને ત્યાં રહ્યા છતાં બહુ દુઃખ પામવા લાગ્યા. મુનિએ પણ તુરત દ્વાર ઉઘાડી ઉદ્યાનમાં જઇ જિનેશ્વરનું ધ્યાન કરવાપૂર્વક કાયોત્સર્ગ કર્યો.

પછી આ વૃત્તાંતની ભૂપતિને ખબર પડી એટલે તે રાજસેવકો પાસે સાધુઓના આશ્રમને વિષે તે મહામુનિની શોધ કરાવવા લાગ્યો. ઉપાશ્રયમાં રહેલા સાધુઓએ કહ્યું. "અહીં કોઇ પ્રાઘુર્ણક સાધુ આવ્યા હતા પણ તે ક્યાં ગયા તે અમે

જાણુતા નથી. રાજસેવકો મુનિની શોધ કરતા કરતા ઉદ્યાન પ્રત્યે ગયા. ત્યાં તેઓ મુનિને જોઇ વિસ્મય પામતા છતા વિચાર કરવા લાગ્યા. "વિશ્વમાં ઉત્તમ એવા આજ સાગરચંદ્ર રાજર્ષિ છે કે જેમણે ગુણચંદ્રને રાજ્ય આપી પોતે દીક્ષા લીધી છે." પછી તે સર્વે સુભટોએ ગુણચંદ્ર રાજા પાસે આવીને ઉદ્યાનમાં સાગરચંદ્ર મુનિના આગમનની ખબર આપી. ગુણચંદ્ર ભૂપતિ પણ વિચાર કરવા લાગ્યો. "નિશ્ચે આ પુત્રોનું ધર્મદ્વેષીપણું જાણી સાગરચંદ્ર મુનિએજ તેમને આવી શિક્ષા કરી છે. કારણ તેમના વિના બીજો કયો પુરૂષ એ દુષ્ટ પુત્રોને સરલ કરવા સમર્થ થાય? પૃથ્વી ઉપરથી ખસી પડેલાને પૃથ્વી એજ અવલંબન છે માટે ચાલ વિનયયુક્ત વચનથી એ રાજર્ષિને શાંત કરી એ બન્ને કુમારોને જીવાડું. અન્યથા તેઓને જીવવાનો ઉપાય નથી." આ પ્રમાણે વિચાર કરીને ગુણચંદ્ર ભૂપતિ તુરત ઉદ્યાનમાં આવી મુનિના ચરણમાં પડી પુત્રોના અપરાધની ક્ષમા માગવા લાગ્યો. સાગરચંદ્ર મુનિએ કહ્યું. "અરે અધમ નૃપ! જો ધર્મધ્વંસ કરતા એવા તે દુષ્ટ કુમારોને તું મોહને લીધે નથી નિવારી શકતો તો મ્હારે તને આવી શિક્ષા કરવી ઘટે છે. કારણ જે પુરૂષ ધર્મનો નાશ કરનારની ઉપેક્ષા કરે છે તે પાપી કહેવાય છે." સાગરચંદ્ર મુનિ આ પ્રમાણે કહીને વિરામ પામ્યા, એટલે ભયથી વિહ્વલ એવો ભૂપતિ મુનિને કહેવા લાગ્યો કે, "હે ક્ષમાવંત! એ બન્ને કુમારોના અપરાધને ક્ષમા કરો. હવે પછી તેઓ આવો અપરાધ નહિ કરે માટે દયા કરી તેઓને સારા કરો. કારણ સંત પુરૂષો તો દયાવંતજ હોય છે." મુનિએ ફરીથી કહ્યું. "હે રાજન્! જો એ બન્ને કુમારો દીક્ષા લે તો હું તેઓને સારા કરૂં અન્યથા નહીં." મુનિના આવા આગ્રહને જાણી ગુણચંદ્ર ભૂપતિએ તે વાત બન્ને કુમારોને પૂછી. બન્ને કુમારોએ તે અંગીકાર કરી એટલે સાગરચંદ્ર મુનિએ તેઓના શરીરને એવાં મર્દિત કર્યાં કે જેથી તેઓના શરીરના સાંધા જેમ હતા તેમ મલી ગયા. પછી દુષ્કર્મનો ભેદ કરનાર સાગરચંદ્ર મુનિએ તેજ વખતે તે બન્ને કુમારોને લોચ કરી, દીક્ષા દઈ અને તે બન્નેને સાથે લઈ વિહાર કર્યો.

પછી તે દિવસથી રાજાનો પુત્ર એમ વિચાર કરવા લાગ્યો કે "આ શ્રેષ્ઠ મહામુનિએ મારો સંસારથી ઉદ્ધાર કર્યો છે." પુરોહિતપુત્ર પણ તેથી વિપરીત એટલે એમ ધારવા લાગ્યો કે "આ મુનિએ કપટ કરીને મને શા માટે દીક્ષા દીધી? માટે તેને ધિક્કાર છે." રાજપુત્ર મુનિએ નિષ્કપટપણે વ્રતનું આરાધન કર્યું અને બીજા પુરોહિત પુત્રે યતિધર્મની દુર્ગંધ કરી આરાધન કર્યું. પછી આયુનો ક્ષય થયે તે બન્ને જણા મૃત્યુ પામીને સ્વર્ગને વિષે સુખના સ્થાનક એવા એકજ વિમાનમાં મહા સમૃદ્ધિવંત દેવતા થયા. શાશ્વતા અરિહંત પ્રભુના ચૈત્યને વિષે નિરંતર ઓચ્છવથી જતા અને વર્તમાન એવા જૈન મુનિઓની ભક્તિ કરતા એવા તે બન્ને દેવાઓએ પોતાનું સમકિત અતિ નિર્મળ કર્યું પછી તે બન્ને જણાએ પરસ્પર એવો સંકેત કર્યો કે

"આપણા બન્નેમાંથી જે પહેલો ચવીને મનુષ્ય થાય તેણે પાછળ રહેલા દેવતાએ પ્રયત્નથી પ્રતિબોધ કરવો,"

હવે પુરોહિતના પુત્રનો જીવ સ્વર્ગથી ચવીને મુનિની દુગંચ્છા કરવાથી રાજગૃહનરમાં કોઇ એક મેતી ( ચાંડાલણી ) ના ઉદરને વિષે અવતર્યો. ચાંડાલણીને અને કોઇ એક શ્રેષ્ઠીની સ્ત્રીને દૈવયોગથી પરસ્પર પ્રીતિ થઈ તેથી એક દિવસ ગર્ભવતી એવી શ્રેષ્ઠીની સ્ત્રીએ માંસ વેચવા જતી એવી તે ચંડાલણીને કહ્યું કે "હે મેતી ! તું માંસ વેચવા માટે બીજાના ઘરે જઇશ નહીં હું ત્હારૂં સર્વ માંસ દિન દિન પ્રત્યે લઇશિ." પછી તે મેતી હંમેશા તે શ્રેષ્ઠીને ઘરે માંસ આપવા લાગી અને અધિક અધિક મૂલ્ય લેવા લાગી. આ પ્રમાણે કરતા તેઓને પરસ્પર અવર્ણનીય પ્રીતિ થઇ જેથી તે મેતી પોતાના કુટુંબ સહિત શ્રેષ્ઠીના ઘરને વિષેજ રહેવા લાગી. મેતી પણ ગર્ભવંતી થઇ. પ્રસવનો સમય નજીક આવ્યો એટલે શ્રેષ્ઠીની સ્ત્રીએ મેતીને કહ્યું. "હે શુભે ! ત્હારે તો પુત્રજ થાય છે માટે આ ફેરાનો ત્હારો પુત્ર તું મને આપ અને મ્હારે મૃત્યુ પામેલું પુત્ર અથવા પુત્રી જે બાળક થાય તે તું સ્વીકાર, મેતીએ પ્રીતિના યોગથી આ સર્વ વાત કબુલ કરી. પછી અવસર આવ્યે શ્રેષ્ઠીની સ્ત્રીએ એક મૃત્યુ પામેલી પુત્રીને જન્મ આપ્યો. આ વખતે પેલી મેતીએ પણ કાંતિથી દેદીપ્યમાન એવા એક પુત્રને જન્મ આપ્યો. શ્રેષ્ઠીની સ્ત્રીએ પોતાની મૃત્યુ પામેલી પુત્રી મેતીને આપી તેની પાસેથી ચિંતામણિ સમાન પુત્રને લઈ લીધો. શ્રેષ્ઠીની સ્ત્રીએ ત પુત્રને મેતીના ચરણમાં નમાડીને કહ્યું કે હે જીવિતેશ્વરી ! ત્હારા મહિમાથી આ પુત્ર જીવો. પછી નામ સ્થાપનાને અવસરે માતાએ મ્હોટા ઓચ્છવ પૂર્વક તે બાલકનું મેતાર્ય એવું યથાર્થ નામ પાડયું. પૂર્વ જન્મે કરેલા ઉત્તમ પુણ્યના યોગ્યથી વૃદ્ધિ પામતા એવા તે મેતાર્ય કુમારે સુખેથીજ સર્વ કલાઓનો અભ્યાસ કર્યો. આ વખતે વચનથી બંધાયલા તેના પૂર્વ ભવના મિત્ર દેવતાએ આવીને તેને પ્રતિબોધ કરવા માંડયો, પરંતુ તે પ્રતિબોધ પામ્યો નહીં. પછી પિતાએ આઠ શ્રેષ્ઠીની પુત્રીઓની સાથે તેનો મ્હોટા મહોચ્છવથી એક દિવસે પાણિગ્રહણ કરાવ્યું. તે વખતે શિબિકામાં બેઠેલો તે કુમાર મેતાર્ય, જયંતની પેઠે રાજમાર્ગમાં જતો હતો. આ વખતે પેલા દેવતાએ રાજમાર્ગમાં ઉભેલી મેત ( ચંડાલ ) ના શરીરમાં પ્રવેશ કર્યો. તેથી તે ચાંડાલ બહુ રોવા લાગ્યો અને કહેવા લાગ્યો કે

"જો હા ! તે મ્હારી પુત્રી જીવતી હોત તો હું તેનો આવા મ્હોટા ઓચ્છવથી પાણિગ્રહણ કરાવત અને તેથી મ્હારી જ્ઞાતિવર્ગને ભોજન પણ મલત."

તેની આવી વાણી સાંભળીને ચાંડાલણીએ પોતાની સર્વ ખરી હકીકત પોતાના પતિને કહી. પછી અત્યંત ક્રોધ પામેલા ચાંડાલે દેવતાના પ્રભાવથી ઉત્તમ વૈભવવાળા મેતાર્યને શિબિકામાંથી પૃથ્વી ઉપર પાડી દીધો એટલુંજ નહિ પણ "અરે તું આપણા કુલને અયોગ્ય એવી કન્યાઓનું પાણિગ્રહણ કરે છે ?" એમ કહીને

તેને તુરત નગરની ખાલમાં પછાડયો. આ વખતે દેવતાએ ફરી પ્રગટ થઇને મેતાર્યને કહ્યું. " જો હજી સુધી પ્રતિબોધ પામ, તો ત્હારૂં કાંઇ પણ નાશ થયું નથી. " મેતાર્યે કહ્યું. " હે દેવેશ ! હવે પ્રતિબોધ વડે કરીને પણ શું, કારણ લોકમાં હું અવર્ણનીય થયો અપવાદ પામ્યો. અને મ્હારી લક્ષ્મી પણ ગઇ. હે દેવ ! જો હવે તું મને ફરીથી તેવું પ્રભુપણું આપે તો હું ત્હારા કહેવા પ્રમાણે સર્વ કરીશ. " દેવતાએ કહ્યું. " જો એમ છે તો કહે, હું ત્હારૂં શું કામ કરૂં ? " મેતાર્યે કહ્યું. " હમણાં તું મ્હારો શ્રેણિક રાજાની પુત્રી સાથે પાણિગ્રહણ કરાવ. જેથી આ મ્હારો મ્હોટો અપવાદ નાશ પામે, મ્હોટાઈ મલે તેમજ અધિક લક્ષ્મી પણ પ્રાપ્ત થાય. એટલુંજ નહિ પણ હે વિભો ! ઉત્સવરહિત જૈનદીક્ષા લેતી વખતે મ્હારો આ લોકમાં યશ, સંપત્તિ, ધર્મ અને શોભા વૃદ્ધિ પામે. અન્યથા નહીં. " મેતાર્યનું વચન અંગીકાર કરી દેવતાએ તેને એક છાગ ( બોકડો ) આપ્યો. તે છાગ હંમેશાં મેતાર્યના ઘરને વિષે રત્નમય છાણુ કરવા લાગ્યો. મેતાર્ય તે રત્નો વડે થાળ ભરી પોતાના પિતાને કહેવા લાગ્યો. " હે તાત ! તમે આ રત્ન થાલ શ્રી શ્રેણિક રાજાને અપર્ણ કરો. જ્યારે તે ભૂપતિ તમારા ઉપર પ્રસન્ન થાય ત્યારે તમારે મ્હારે માટે તેની પુત્રીનું માગું કરવું. બીજું કાંઇ પણ માગવું નહીં. " પુત્રના આવાં વચન સાંભલી અત્યંત હર્ષ પામેલો ચાંડાલે રત્નનો થાલ લઇ શ્રેણિક રાજાને અર્પણ કર્યો. તે દિવ્ય રત્નોને જોઇ અતિ પ્રસન્ન થએલા શ્રેણિક રાજાએ કહ્યું " અરે મેત ! ત્હારી મરજી હોય તે માગ. " ચાંડાલે કહ્યું કે–મ્હારા પુત્રને માટે આપની પુત્રી આપો. " શ્રેણિક રાજાએ " અરે ! તેં શું આ યોગ્ય માગ્યું ? " એમ કહીને તેને રાજસભામાંથી કાઢી મૂકયો, તેથી તે પોતાને ઘેર આવ્યો.

પછી તે દિવસથી આરંભીને દિન દિન પ્રત્યે ચાંડાલે આણેલા રત્નના થાલને શ્રેણિક રાજા સ્વીકારે છે પરંતુ તેને પોતાની પુત્રી આપતો નથી. આ પ્રમાણે હંમેશાં રત્નથાલ ભૂપતિને આપતા એવા ચાંડાલને જોઇ અભયકુમાર મંત્રીએ તેને પૂછયું. " અરે ! તું આવા ઉત્તમ રત્નો કયાંથી લાવે છે ? ચાંડાળે કહ્યું. " મ્હારે ત્યાં એક છાગ છે. તે છાણુને બદલે આવાં રત્ન કરે છે. " અભયકુમારે કહ્યું. " હે મહાશય ! જો તું તે છાગ ભૂપતિને આપે તો હું ત્હારૂં સર્વ ઇષ્ટ કાર્ય કરીશ. " ચાંડાલે "એમ થાઓ " એમ કહીને તુરત પોતાને ઘેરથી છાગ લાવીને શ્રેણિક રાજાને અર્પણ કયો. શ્રેણિક રાજા તે છાગને જેટલામાં પોતાના અંતઃપુરમાં લઈ ગયો તેટલામાં તેણે એવો દુર્ગંધી મલમૂત્ર કર્યો કે જેથી તત્કાળ સર્વ રાજકુલ આકુલ વ્યાકુલ થઇ ગયું. પછી અભય કુમારે ચાંડાલને બોલાવીને કહ્યું કે " તું જુઠું કેમ બોલ્યો ? ચાંડાલે કહ્યું. " હું ભૂપતિની આગલ કયારે પણ જુઠું નથી બોલતો. આમાં કાંઇ કારણ દેખાય છે. કેમકે મહા ભાગ્યવંત એવો મ્હારો પુત્ર જ્યાં જ્યાં રહે છે ત્યાં ત્યાં તે છાગ સહજથી રત્નમય છાણુ કરે છે. હે સ્વામિન્ ! તે વાતની મ્હારે ઘેર આવીને

આપ પરીક્ષા કરો." ચાંડાલનાં આવાં વચન સાંભળી વિસ્મય પામેલા અભયકુમાર મંત્રી છાગને મેતાર્યની પાસે લઈ ગયો. ત્યાં તો તેણે રત્નમય છાણુ કર્યું. પછી બહુ આશ્ચર્ય પામેલા અભયકુમારે કહ્યું કે "આ શું?" મેતાર્યે કહ્યું. "હે મંત્રીશ્વર! આપ હૃદયમાં આશ્ચર્ય ન પામો. કારણ મહાત્મા પુરૂષોને દિવ્યપ્રભાવથી શું શું નથી મલતું?" અભયકુમારે કહ્યું, "હે શ્રેષ્ઠ! જો ત્હારો દિવ્યપ્રભાવ છે તો આ વૈભાર પર્વતને વિષે રથ ચાલે તેવો સરળ માર્ગ કરાવી આપ. જેથી શ્રેણિક રાજાને તે પર્વત ઉપર શ્રીવીર પ્રભુને વંદન કરવા જતાં આવતાં થતી અડચણો દૂર થાય." મેતાર્યે તુરત દેવસહાયથી વૈભાર પર્વત ઉપર સુખે જવાય તેવી સડક બનાવી દીધી કે જે અદ્યાપિ સુધી વિદ્યમાન છે. અભયકુમારે ફરી મેતાર્યને કહ્યું. "આ રાજગૃહ નગરને ફરતો કાંગરાવાલો ઉંચો સુવર્ણનો કોટ બનાવી આપ." આ કાર્ય પણ મેતાર્યે પોતાના દિવ્ય પ્રભાવથી તુરત કરી આપ્યું. પછી તો બહુ આશ્ચર્ય પામેલા અભયકુમારે કહ્યું કે "જો તું ક્ષીર સમુદ્રને અહિં લાવી તેના શુદ્ધ જલવડે કુટુંબ સહિત સ્નાન કરી પવિત્ર થાય તો હું તને રાજકન્યા આપીશ." મેતાર્યે પણ પોતાના દિવ્ય પ્રભાવથી ઉચ્છલતા કલ્લોલ વડે મનુષ્યોને આશ્ચર્યકારી એવા ક્ષીર સમુદ્રને ત્યાં આણ્યો અને તેની વેલામાં કુટુંબ સહિત સ્નાન કરીને પવિત્ર થયો. પછી અભયકુમારે મેતાર્યનું રાજકન્યા સાથે પાણીગ્રહણ કરાવ્યું. આ વખતે પૂર્વના આઠ શ્રેષ્ઠીઓએ જે પોતાની પુત્રીઓ નહોતી પરણાવી તે પણ મહોચ્છવપૂર્વક મેતાર્યને દીધી. પછી મહા શોભાવાલા તે રાજગૃહ નગરમાં મેતાર્ય પોતાની મરજી પ્રમાણે શિબિકામાં બેસીને નિરંતર હર્ષથી ફરવા લાગ્યા. એકદા રાત્રીએ પેલા દેવતાએ ફરી આવી મેતાર્યને કહ્યું. "મેતાર્ય! પ્રતિબોધ પામ અને સંસારમાં ફરી ન પડ." જો તું હવે શીઘ્ર મ્હારૂં કહ્યું નહીં કરે તો હું ત્હારી ફરી તેવીજ વલે કરીશ." દેવતાનાં આવાં વચનથી બહુ ભય પામેલા મેતાર્યે તેના ચરણમાં પડીને કહ્યું. "હે સુરેશ્વર! હમણાં મ્હારૂં મન વ્રત લેવા ઉત્સાહ પામતું નથી માટે મ્હારા ઉપર દયા કરી મને બાર વર્ષ પર્યંત ગૃહસ્થાવાસમાં રહેવાની રજા આપ પછી હું સર્વ ત્હારા કહેવા પ્રમાણે કરીશ." દેવતા મેતાર્યનું કહેવું દયાથી માન્ય કરી સ્વર્ગ પ્રત્યે ચાલ્યો ગયો અને ફરી બાર વર્ષને અંતે મેતાર્યને કહેવા લાગ્યો કે "હે મેતાર્ય! પ્રતિબોધ પામ અને સંસારરૂપ સમુદ્રમાં ન પડ." દેવતાનાં આવાં વચન સાંભળી ભોગને ત્યજી દેવાને તેમજ દેવતાના ભયથી ગૃહસ્થાવાસમાં રહેવાને અસમર્થ એવો મેતાર્ય પરતંત્રતાને લીધે જેટલામાં મૌન ધારીને ઉભો રહ્યો તેટલામાં અતિ દીન થએલા મુખવાળી તેની નવે સ્ત્રીઓ દેવતાના ચરણમાં પડી તેને વિનંતિ કરવા લાગી કે "હે સુરાધીશ! હે કૃપાનિધિ! અમારા ઉપર કૃપા કરી અમારા પતિને ફરી બીજા બાર વર્ષ ગૃહસ્થાવાસમાં રહેવાની આજ્ઞા આપો." દેવતાએ પણ તેણીઓના વચનથી દયાને લીધે ફરી બીજા બાર વર્ષ પર્યંત મેતાર્યને ગૃહસ્થાવાસમાં રહેવાની આજ્ઞા આપી

પછી ચોવીશ વર્ષ તેનું ભોગાવલી કર્મ ક્ષય થયું એટલે દેવતાના વચનથી મેતાર્યે પોતાની નવે સ્ત્રીઓ સહિત ચારિત્ર અંગીકાર કર્યું. અનુક્રમે ગુરૂ પાસે નવપૂર્વનો અભ્યાસ કરી શ્રી મેતાર્ય મુનિ એકલવિહારી થયા.

એકદા ઉત્તમ બુદ્ધિવાળા તે મહામુનિ રાજગૃહ નગરમાં ભિક્ષાને અર્થે ભમતા ભમતા કોઇ એક સોનીને ઘરે આવ્યા. તે વખતે સોનીએ સુવર્ણના એકસોને આઠ જવ ગેરૂવાળા કરી પોતાના ઘરના આંગણામાં મૂકયા હતા કારણ કે શ્રી શ્રેણિક રાજા શ્રી જિનેશ્વરનું પૂજન કરી રહ્યા પછી હર્ષથી પ્રભુ આગળ તે જવ વડે નિત્ય સ્વસ્તિક કરતો. મુનિએ તેના આંગણામાં આવીને એક ધર્મલાભનો ઉચ્ચાર કર્યો હતો. પરંતુ અતિ વ્યગ્રપણાથી સુવર્ણકાર, મુનિ માટે પ્રાસુક આહાર લાવી શકયો નહિ પછી મેતાર્યમુનિ, તે સોનીના ઘરના બારણામાં આવ્યા એટલે સોની તેમના માટે પ્રાસુક આહાર લેવા માટે ઘરની અંદર ગયો આ વખતે કોઈ એક ક્રૌંચપક્ષીએ આવીને પેલા સુવર્ણના સર્વ જવને ચરી લીધા પછી ભીક્ષા લઇ આવેલા સોનીએ જોયું તો જવ દીઠા નહિ તેથી તે બહુ ભય પામતો છતો મનમાં વિચાર કરવા લાગ્યો કે "હમણાં શ્રેણીક ભૂપતિને શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા કરવાનો અવસર થયો છે અને જવ તો કોઈએ ચોરી લીધા માટે હાય! હાય! હવે હું શું કરૂં? આ મુનિ વિના બીજું કોઈ આવ્યું નથી, માટે નિશ્ચે તેમણેજ સુવર્ણના જવ ચોરી લીધા." આમ ધારીને તેણે સાધુને પૂછયું. "હે સાધો! કહો, ભૂપતિના અહીં પડેલા જવો કોણે ચોરી લીધા?" સોનીનાં આવાં વચનથી મેતાર્ય મુનિ વિચાર કરવા લાગ્યા. "જો હું સત્ય કહીશ તો તે ક્રૌંચ પક્ષીને મારી નાખશે, નહિ કહું તો તે દુઃસહ એવો મને અનર્થ કરશે." પૂર્વે બાંધેલા અશુભ કર્મથી મને ભલે અનર્થ થાઓ પરંતુ હું તે પક્ષીનું નામ તો નહિ દઉં" આમ નિશ્ચય કરી તે મહામુનિ મૌન રહ્યા. મુનિને મૌન રહેલા જાણી સોનીએ તેમને કહ્યું. "હે મુનિ! હમણાં સુવર્ણના જવો મને પાછા સોંપો નહિ તો તમને પ્રાણાંતકારી મહા અનર્થ થશે." સોનીએ આ પ્રમાણે બહુ કહ્યું પરંતુ મહામુનિ મેતાર્યે તો દયાથી પોતાનું મૌનપણું ત્યજી દીધું નહિ. પછી અત્યંત ક્રોધ પામેલા દુષ્ટ ચિત્તવાળા સોનીએ નિર્દયપણાથી લીલી વાધરવડે તે મુનીશ્વરના મસ્તકને એવું બાંધ્યું કે જેથી તેમનાં બન્ને નેત્રો પૃથ્વી ઉપર ગળી પડયાં. તત્કાળ આયુષ્યનો ક્ષય થવાથી તે મુનીશ્વર સિદ્ધિ પદ પામ્યા. લોકોને આ વાતની ખબર પડી એટલે તેઓ કોલાહલ કરવા લાગ્યા. સોની પણ ત્યાં આવીને પોતાના આત્માની બહુ નિંદા કરવા લાગ્યો. મુનિના નેત્રોનું પૃથ્વી ઉપર ગલી પડવું તથા તેમનું મૃત્યુ પામવું જોઈ બીજી મનુષ્યોના કોલાહલને સાંભળી પેલો ક્રૌંચ પક્ષી કે જે જવ ચરીને સામેના વૃક્ષ ઉપર બેઠો હતો તે બહુ ભય પામ્યો તેથી તેણે ચરેલા જવ વમન કરીને કાઢી નાખ્યા તે જોઇ લોકો સોનીને કહેવા લાગ્યા "અરે ત્હારા જવ તો આ ક્રૌંચ પક્ષી ચરી ગયો

હતો. તેં નિર્દોષ એવા મુનિનો વૃથા ઘાત કર્યો છે, માટે તું જ વધ કરવા લાયક છે." લોકોએ આ પ્રમાણે સોનીને કહીને જેટલામાં તે વાત શ્રેણિક રાજાને નિવેદન કરી તેટલામાં અતિ રૂષ્ટ થએલા તે ભૂપતિએ સોનીને મારી નાખવા માટે યમરાજ સમાન પોતાના દૂતોને ઝટ આજ્ઞા આપી. પાછળ અહિં અતિ ભયભીત થએલા સોનીએ ઝટ બારણું બંધ કરી પોતા કુટુંબ સહિત જેટલામાં જૈની દીક્ષા અંગીકાર કરી તેટલામાં, અતિ ક્રોધાતુર એવા શ્રેણિક રાજાના દૂતોએ ત્યાં આવીને સોનીને કહ્યું કે "અરે! તેં આ શું દુષ્ટ કર્મ કર્યું. હવે તને અમે શું કરીએ? કારણ તેં કુટુંબસહિત દીક્ષા લીધી નહિ તો તને ઘોર વિટંબના થાત. જો હવે પછી પણ દીક્ષાનો ત્યાગ કરીશ તો કુટુંબસહિત તને રાજદંડ થશે." આમ કહીને તે સર્વે સુભટો પોત પોતાના સ્થાનકે ગયા. પછી કુટુંબસહિત સોની નિરંતર દીક્ષા પાળવા લાગ્યો. મેતાર્ય મુનિ પ્રાણાંત ઘોર ઉપસર્ગ સહન કરી અંત કેવલજ્ઞાન પામી મોક્ષ પ્રત્યે ગયા. અહો! જે પ્રથમ સંકેતિક મિત્ર દેવના વશથી મહા કષ્ટે મૂર્ખતાના નાશ કરનાર ઉત્તમ પ્રતિબોધને પામી અને સોનીએ કરેલા ઘોર ઉપસર્ગને સહન કરી તત્કાળ મોક્ષ પદ પામ્યા તે શ્રી આર્ય મેતાર્ય મુનિની હું સ્તુતિ કરૂં છું."

॥ 'श्रीमेतार्य' नामना मुनिवरनी कथा संपूर्ण ॥

अभिरुढो वंसग्गे, मुणिपवरं दट्ठुं केवलं पत्तो ॥
जो गिहिवेसधरोवि हु, तमिलापुत्तं नमंसामि ॥ ८९ ॥

વંશ ઉપર ચડેલા જે પુરૂષને ગૃહસ્થનો વેષ છતાં પણ શ્રેષ્ઠ મુનિને જોવાથી કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. તે ઈલાપુત્રને હું નમસ્કાર કરૂં છું. ॥ ૮૯ ॥

## ॥ श्री इलाची कुमारनी कथा ॥

કોઈ ગામમાં કોઈ એક બ્રાહ્મણે સુગુરૂ પાસેથી ધર્મ સાંભલી વૈરાગ્યથી પોતાની સ્રીસહિત દીક્ષા લીધી. પછી પરસ્પર અધિક સ્નેહવાલાં તે બન્ને જણ ઉગ્ર તપ કરતાં હતાં. પરંતુ વિપ્ર સ્રી જાતિમદને લીધે સાધુની નિંદા કરતી હતી. ધિક્કાર છે એ જાતિમદને! અનુક્રમે મૃત્યુ પામીને તે બન્ને જણ સ્વર્ગ પ્રત્યે ગયાં અને ત્યાં સુખે રહેવા લાગ્યાં.

આ અવસરે ભરત ક્ષેત્રમાં ઈલાવર્ધન નગરને વિષે ઈભ્ય નામે શ્રેષ્ઠી વસતો હતો તેને ધારિણી નામે સ્રી હતી. પુત્રના અર્થવાલી તે સ્રી હંમેશાં હર્ષથી ઉત્તમ મહિમાવાલી ઈલાદેવીને સેવતી અને તેની પાસે ઈષ્ટ ફલ ( પુત્ર ) ની યાચના કરતી.

હવે પેલો બ્રાહ્મણનો જીવ કે જે સ્વર્ગને વિષે દેવતા થયો હતો. તે ત્યાંથી ચવીને ધારિણીના પુત્ર રૂપે ઉત્પન્ન થયો. માતા પિતાએ ઉત્સવ પૂર્વક તેનું ઈલાપુત્ર

એવું નામ પાડયું. પેલી વિપ્ર સ્ત્રીનો જીવ પણ અનુક્રમે સ્વર્ગથી ચવીને દુગંછાકર્મના વશથી અતિ રૂપવંતી મંખપુત્રી થઈ. ઈલાપુત્ર અને મંખપુત્રી એ બન્ને જણાં અનુક્રમે કામદેવ રૂપ ગજરાજને ક્રીડાવન રૂપ યૌવનાવસ્થા પામ્યાં.

એકદા ઇલાપુત્રે નૃત્ય કરતી એવી મંખપુત્રીને દીઠી તેથી તે પૂર્વ જન્મના પ્રેમથી તેણીના ઉપર બહુ અનુરાગ ધરવા લાગ્યો. પછી કામાતુર એવો તે ઈલાપુત્ર મનમાં બહુ ચિંતા કરતો છતો પોતાને ઘેર આવ્યો. કામજ્વરથી અત્યંત પિડિત થએલા અને કોઇ સ્થાનકે સુખ નહિ પામતા એવા તે ઇલાપુત્રને જોઇ તેની માતાએ મોહથી કહ્યું કે "હે વત્સ! ત્હારા શરીરને વિષે શું આધિ ( મન સંબંધી પીડા ) અથવા વ્યાધિ ( શરીર સંબંધી પીડા ) ઉત્પન્ન થઈ છે? કે કોઇએ ત્હારી આજ્ઞા લોપી છે કે જેથી ત્હારૂં અનિષ્ટ થયું છે?"

"નિશ્ચે કહ્યા વિના કાર્યસિદ્ધિ થવાની નથી" એમ પોતાના મનમાં વિચાર કરીને અને લજ્જા ત્યજી દઇને ઇલાપુત્રે પોતાનો સર્વ ભાવ માતાને કહ્યો. પછી માતાએ તેનો ભાવ તુરત પોતાના પતિની આગળ કહ્યો. એટલે શ્રેષ્ઠી, પુત્રની પાસે આવીને મધુર વાણીથી કહેવા લાગ્યો.

"હે વત્સ! ત્હારા કુળને અયોગ્ય એવો આ નવીન ભાવ કેમ ઉત્પન્ન થયો? કારણ કે ઉત્તમ પુરૂષો તો નીચ લોકોની સાથે વાત પણ કરતા નથી. જો તું મને કહે તો હું હમણાંજ ઉત્તમ કુલવંત કન્યાઓની સાથે ત્હારૂં મહોત્સવ પૂર્વક પાણીગ્રહણ કરાવું પરંતુ તું આ કદાગ્રહ તજી દે."

પિતાનાં આવાં વચન સાંભળી ઈલાપુત્રે કહ્યું. "હે પિતા! સાંભળો મ્હારે બીજી રૂપવતી કન્યાઓનું પ્રયોજન નથી હું તમારો એકજ પુત્ર છું માટે જો તમારે મને ઘરે રાખવાની મરજી હોયતો મ્હારૂં મંખપુત્રીની સાથે પાણિગ્રહણ કરાવો."

આવી ગૃહનિવાસ કરવામાં એક નિશ્ચયવાલી પુત્રવાણી સાંભળી પોતાના એકના એક પુત્ર ઉપરના સ્નેહને લીધે શ્રેષ્ઠીએ મંખ પ્રત્યે જઇને કહ્યું કે:-

"હે મંખ! તું જેટલું દ્રવ્ય માગે તેટલું હું તને આપું પરંતુ તું પોતાની પુત્રી મારા પુત્રને આપ."

મંખે કહ્યું "મારે બહુ દ્રવ્યનું પ્રયોજન નથી, કારણ મારે તે પુત્રી એજ અક્ષય દ્રવ્ય છે માટે તે હું તમારા પુત્રને નહિ આપુ' હે શ્રેષ્ઠી! જો તમારો પુત્ર તમને તજી દઈ મારો ઘરજમાઈ થઇને નિરંતર મ્હારે ઘરે રહે તો હું ઉત્તમ ગુણવંત એવા તમારા પુત્રને આ મ્હારી કન્યા હર્ષપૂર્વક આપું અન્યથા નહીં."

મખનાં આવાં વચન સાંભલી શ્રેષ્ઠીએ ઘરે જઈ પોતાના પુત્રને કહ્યું કે:-

"મેં મંખને બહુ લોભ પમાડયો, પણ તે પોતાની પુત્રી આપતો નથી. વલી તે એમ કહે છે કે જો તમારો પુત્ર મ્હારો ઘર જમાઈ થઇને હંમેશા મ્હારે ઘરે રહે તો હું તેને મ્હારી પુત્રી પરણાવું. માટે હે પુત્ર! કુલને અયોગ્ય એવા તે નીચ સ્રીસંગના કદાગ્રહને તજી દે હું. ત્હારૂં ઉત્તમ કુલની કન્યાઓની સાથે પાણિગ્રહણ કરાવું.

પિતાનાં વચન સાંભલી પૂર્વ જન્મના અનુરાગથી બંધાયલા ઈલાપુત્રે કહ્યું. હે તાત ! મ્હારો પ્રતિબંધ એવો છે કે હું નિશ્ચે મંખપુત્રી વિના જીવવાનોજ નથી. માટે હું તેના ઘરે જઇ તેના ઘરજમાઈ તરીકે ત્યાંજ રહીશ. નહિ તો નિશ્ચે મ્હારૂં મૃત્યુજ છે.

પુત્રનાં આવાં વચન સાંભલી શ્રેષ્ઠી વિચારવા લાગ્યો. " નિશ્ચે ભાવિ અન્યથા થતું નથી. " પછી રાગથી વ્યાકુલિત મનવાલા માતા પિતાને તજી દઈ ઈલાપુત્ર, પોતાના દુષ્ટ કર્મના યોગથી મંખનો ઘરજમાઈ થઇને રહ્યો.

એકદા તે મંખે પોતાના કુટુંબસહિત બેનાતટ નગરે જઈ રાજાની આગલ લોકને આશ્ચર્યકારી નાટક આરંભ્યું. નાટકની અંદર નૃત્ય કરતી એવી ઈલાપુત્રની સ્ત્રી કે જે મંખની પુત્રી થતી હતી તેને જોઈ તુરત ભૂપતિ કામથી બહુ વ્યાકુલ થવા લાગ્યો. પછી તેણે વિચાર્યું જે " આ ( ઈલાપુત્ર ) કોઇ ઉપાયથી મૃત્યુ પામે તો આ નટી મ્હારા મંદીર પ્રત્યે આવે. અન્યથા નહીં. " આમ વિચારીને તત્કાલ ઉત્પન્ન થએલી બુદ્ધિવાલા ભૂપતિએ ઈલાપુત્રને કહ્યું. " જો તું સર્વ નાટક ક્રીયામાં કુશલ હોય તો વંશના ઉપર પાટલો મૂકી તેના ઉપર સ્થિર ઉભો રહી ઉંચા હાથ રાખી ત્રણવાર નાટક કરે તો હું તને પ્રમાણરહિત સુવર્ણ, રત્ન, હસ્તિ અને અશ્વાદિકનું દાન આપું. " ભૂપતિનાં આવાં વચન સાંભલી તે ઇલાપુત્ર નટે જે જોવા માત્રથીજ લોકો આકુલ વ્યાકુલ થઈ જાય એવું તે સર્વ નૃત્ય કરી રાજાને કહ્યું કે " હે નૃપ ! આપે કહેલું દાન મને આપો. " ક્ષુદ્રાત્મા ભૂપાલે કહ્યું " હે ભદ્ર ! વ્યગ્રપણાથી હું ત્હારૂં નાટક જોઈ શકયો નથી, માટે ફરીથી કર, જેથી હું તને દાન આપું. " ઇલાપુત્રે ફરીથી તેવું નાટક કરી તુષ્ટિદાન માગ્યું. એટલે ભૂપતિએ ફરીથી પણ તેવો જ ઉત્તર આપ્યો. તેથી ઈલિપુત્ર વિચારવા લાગ્યો કે, " ભૂપતિ કામથી આકુલ વ્યાકુલ થવાને લીધે મ્હારી પ્રિયાને ગ્રહણ કરવાની ઇચ્છાથીજ મને વારંવાર આવો ક્ષુદ્ર આદેશ કરે છે. હાય હાય હવે હું કયાં જાઉં અને શું કરૂં ? હત દૈવ એવો આ ભૂપતિ નિશ્ચે મને મ્હારીને તુરત મારી પ્રિયાને અંગીકાર કરશે. " આવા વિચારથી આતુર ચિત્તવાલો અને વંશ ઉપર બેસી પુરશોભા જોતા એવા તે ઇલાપુત્રે પોતાના દુષ્ટ કર્મનો અંતરાય ક્ષય થવાથી કોઇ એક શ્રેષ્ઠીના ઘરને વિષે અલંકારવડે દિવ્ય રૂપ ધારણ કરતી એવી કોઇ સ્ત્રી સાધુને ભિક્ષા વહોરાવતી પણ તે મહા સાધુ તેણીના સામે પોતાની દ્રષ્ટિ જરાપણ કરતા નહિ હતા તે જોયું. તે ઉપરથી વિવેક બુદ્ધિવાળો ઇલાપુત્ર મનમાં વિચારવા લાગ્યો કે મ્હોટા પુરૂષોમાં આજ અંતર છે. જુઓ આ એકલા એવા મુનિ પોતાને ભિક્ષા વહોરાવતી એવી આ ઉત્તમ રૂપવતી સ્ત્રીને નિરાગપણાથી જોતા પણ નથી. હુંજ એક પાપી ઠર્યો કે જે મેં અધમ એવી નટપુત્રી જોઈ અને તેને વિષે આસક્ત થઈ માતા પિતાને તજી દઈ આ દુષ્ટ એવું નટકર્મ આરંભ્યું. ઉત્તમ કુલમાં ઉત્પન્ન થએલા મ્હારે આ નટોની સાથે ઠેકાણે ઠેકાણે નૃત્ય કરવું પડે છે. જો એથી હમણાંજ મ્હારો મૃત્યુનો

સમય આવ્યો હતો. હવે પછી શું શું નહિ થાય ? માટે હે જીવ ! તું દુર્ગતિના સ્થાનરૂપ રાગને તજી દે તજી દે. કારણ મૃત્યુ પામવાના સ્વભાવવાળા કયા પુરૂષને દ્રવ્ય અને સ્ત્રી વિગેરે પોતાનું થયું છે ? ”

આ પ્રમાણે ભાવના ભાવતા એવા તે ઈલાપુત્રને ઘાતિ કર્મના ક્ષયથી વંશના ઉપરજ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તુરત ત્યાં આવેલા દેવતાઓએ તેજ વંશને ઉત્તમ બનાવી તેના ઉપર સુવર્ણના કમલમાં દિવ્ય સિંહાસનની રચના કરી. પછી ઈલાપુત્ર કેવલી પંચમુષ્ટિ લોચ કરી યતિવેષ ધારણ કરી તે સિંહાસન ઉપર બેઠા. આ વખતે દેવતાએ દુંદુભિના નાદ અને હર્ષના શબ્દો કર્યા તેમજ દેવાંગનાઓએ પણ કેવલીનું ગીત ગાન કરવા માંડયું. કેવલીએ ઉત્તમ ધર્મદેશનાનો આરંભ કર્યો તે જાણીને રાજાદિ મુખ્ય પુરૂષો ત્યાં આવી કેવલીને પ્રણામ કરવા લાગ્યા. દેશના પૂર્ણ થયા પછી કેટલાકે ચારિત્ર અંગીકાર કર્યું, કેટલાકે શ્રાવકનાં બાર વ્રત આદર્યાં અને કેટલાકે શુદ્ધ સમકિત લીધું. પછી તે ઈલાપુત્ર કેવલી, વિશ્વમાં વિહાર કરી, અનેક ભવ્ય પુરૂષોને પ્રતિબોધ પમાડી. સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષપુર પામ્યા. પ્રથમજ મ્હોટા શ્રેષ્ઠીના કુલમાં ઉત્પન્ન થઇને નટની પુત્રી જોઈ તેના ઉપર આસક્ત થયા, ત્યાર પછી માતા પિતાને તજી નટ થઇ વંશ ઉપર ચડી નૃત્ય કરવા લાગ્યા ત્યાંથી મુનિને જોઈ વૈરાગ્ય પામી ભાવનાથી કેવલજ્ઞાન પામ્યા. તે ઇલાપુત્રની હું સ્તુતિ કરૂં છું. ઇતિ

॥ श्री इलाचि पुत्रनी कथा ॥

उवसमाववेगसंवरपय-चिंतणवज्जदलिअपावगिरी ॥
सोढुवसग्गो पत्तो, चिलाइपुत्तो सहस्सारे ॥ ८९ ॥

ઉપશમ, વિવેક અને સંવરના ચિંતવન રૂપ વજ્રે કરીને દલન કરી નાખ્યો છે પાપરૂપ પર્વત જેમણે તથા કીડીઓના ઉપસર્ગને સહન કરનારા ચિલાતિપુત્ર સહસ્રાર નામના આઠમા દેવલોકને પામ્યા. ॥ ૮૯ ॥

चालणिगंपिच भयवं, समंतओ जा कओ अ कीडीहिं ॥
घोरं सरीरवियणं, तहविअ अहिआसए धीरो ॥ ९० ॥

ધીર અને સામર્થ્યવાન્ એવા ચિલાતિપુત્રે પોતાનું સર્વ અંગ કીડીઓએ ચાલણી સમાન કર્યાં છતાં તે અસહ્ય શરીરવેદનાને સમ્યક્ વૃત્તિથી સહન કરી. ॥ ૯૦ ॥

अड्ढाइज्जेहिं राइदिएहिं, पत्तं चिलाइपुतेण ॥
देविंदामरभवणं, अप्परगणसंकुलं रम्मं ॥ ९१ ॥

ચિલાતિપુત્રે અઢી અહોરાત્ર વડે અપ્સરાઓના સમૂહવાલું અને રમ્ય એવું મ્હોટું વિમાન પ્રાપ્ત કર્યું. ॥ ૯૧ ॥

## ' श्रीचीलाती पुत्रनी कथा '

કોઈ એક ગામમાં નિરંતર દુર્વિદગ્ધ બુદ્ધિવાલો કોઇ બ્રાહ્મણ રહેતો હતો. તે અનિંદ્ય ( સારા ) માણસોની નિંદા કરતો એટલુંજ નહીં પણ જિનધર્મની નિંદા કરવામાં પણ તે પાછલ રહેતો નહીં. એકદા તે ગામમાં કમુનીરી નામે આચાર્ય આવ્યા. તેમણે તે બ્રાહ્મણને પણ વાદ કરીને ક્ષણ માત્રમાં જીતી લીધો. પછી તે બ્રાહ્મણે તેજ સુગુરૂ પાસે દીક્ષા લીધી, તેમજ દેવતાના વચનથી તે જૈન ધર્મને વિષે સ્થિર થયો, પણ બ્રાહ્મણ જાતિને લીધે તે દુગંછા કરતો હતો. તે બ્રાહ્મણનો શાંત એવો જ્ઞાતિવર્ગ પણ અનુક્રમે અરિહંત ધર્મ પાળવા લાગ્યો. વળી તે બ્રાહ્મણને એક સ્ત્રી હતી તે તેના ઉપરથી પોતાનો સ્નેહ તજી દેતી નહોતી અને તેથીજ તે પોતાના પતિને વશ કરવા માટે નિરંતર કામણ કરતી. સ્રીના કામણથીજ ક્ષીણ થએલા શરીરવાળો વિપ્રમુનિ ઉત્તમ પ્રકારે ધર્મનું આરાધન કરી દેવલોકમાં મ્હોટો દેવતા થયો. પેલી સ્ત્રી પણ પોતાના કામણથીજ મૃત્યુ પામેલા એવા પોતાના પતિના સમાચાર સાંભળી વૈરાગ્યથી વ્રત લઈ તેમજ કરેલા પાપની આલોચના લીધા વિના મૃત્યુ પામીને સ્વર્ગને વિષે ગઈ.

હવે પેલો વિપ્રજીવ સ્વર્ગથી ચવીને દુર્ગછા કર્મથી રાજગૃહપુરમાં ધન નામના શ્રેષ્ઠીની ચિલાતી નામની દાસીની કુક્ષીએ પુત્રપણે અવતર્યો તેનું માણસોએ ચિલાતિપુત્ર એવું નામ આપ્યું. ધન શ્રેષ્ઠીને પણ પાંચ પુત્ર ઉપર એક છઠ્ઠી પુત્રી થઈ. માતા પિતાને પ્રિય એવી તે પુત્રીનું સુસુમા નામ પાડયું. ધન શ્રેષ્ઠીએ પુત્રી ઉપરના પ્રેમને લીધે ચિલાતિપુત્રને પોતાની પુત્રીને રમાડવા માટે તેની પાસે રાખ્યો. અનુક્રમે વૃદ્ધિ પામતા એવાં તે બન્ને જણાં પરસ્પર ક્રીડા કરતાં છતાં પૂર્વના સંબંધથી અત્યંત સ્નેહવંત થયાં.

એકદા ધન શ્રેષ્ઠીએ તે ચિલાતિપુત્રને પોતાની પુત્રીની સાથે પશુક્રીડા કરતો જોઇ ક્રોધવડે પોતાના ઘરમાંથી કાઢી મૂકયો. પછી તે બાળક ત્યાંથી સિંહગુહા નામની ચોરપલ્લીને વિષે ગયો ત્યાં તેને પલ્લીપતિએ પુત્ર કરી ઘરમાં રાખ્યો. કેટલેક કાળે પલ્લીપતિ મૃત્યુ પામ્યો એટલે સઘળા ચોર લોકોએ એકઠા થઈ મહોત્સવ પૂર્વક ચિલાતીપુત્રને પલ્લીપતિ ઠરાવ્યો. નિરંતર સુસુમાને વિષે બહુ રાગ ધરતા એવા તે ચિલાતીપુત્રે એક દિવસ સર્વ ચોર લોકોને કહ્યું. “ હે ચોરલોકો ! આપણે ચોરી કરવા માટે રાજગૃહ નગરમાં ધન શ્રેષ્ઠીને ઘરે જઇએ. તેમાં સઘલું દ્રવ્ય તમારૂં અને ફક્ત સુસુમા મારી ” ચિલાતિપુત્રનાં આવાં વચન સાંભળી સર્વે ચોર લોકો બહુ ઉત્સાહવાલા થયા અને રાત્રીએ તે સર્વની સાથે ચિલાતીપુત્ર રાજગૃહ નગર પ્રત્યે ગયો. પછી ધન શ્રેષ્ઠીના સર્વે ચાકરોને અવસ્વાપિની નિદ્રા મૂકી મહા ક્રોધ ધરતો ચિલાતીપુત્ર જ્યાં પુત્રસહિત ધન શ્રેષ્ઠી સુતો હતો ત્યાં ગયો અને તેને કહેવા લાગ્યો કે “અરે ધન ! તેં મને બાલ્યાવસ્થામાં ઘરથી કાઢી મૂકયો હતો

તે હું ચિલાતીપુત્ર છું. તું જોતાં છતાં હું ત્હારૂં દ્રવ્ય અને સુસુમા પુત્રી લઇ જાઉં છું માટે જો ત્હારામાં શક્તિ હોય તો ત્હારે જેમ કરવું હોય તેમ કર.” આ પ્રમાણે કહી પરિવાર સહિત તે ચોરરાજ, ધન શ્રેષ્ઠીના ઘરમાંથી દ્રવ્ય અને સુસુમાને લઇ ચાલ્યો ગયો.

પછી ધન શ્રેષ્ઠી નગરના રક્ષકોને બોલાવી કહેવા લાગ્યો કે–“હે રક્ષકો ! મ્હારી પુત્રી અને દ્રવ્ય એ બન્ને વસ્તુને ચોર લોકો ચોરી ગયા છે માટે તમે તે વસ્તુને પાછી લાવો તો હું તમને તે દ્રવ્ય આપીશ.” તુરત તૈયાર થએલા રક્ષક લોકો તે ધાડ પાછળ દોડયા. ધન શ્રેષ્ઠી પણ પોતાના પુત્રો સહિત સર્વે પ્રકારનાં આયુધ લઇ તેમની સાથે દોડયો. રક્ષક લોકો ધાઢને મલી ચોર લોકોને મારી દ્રવ્ય લઈ પાછા વળ્યા. કહ્યું છે કે પ્રાયે લોક પોતાના અર્થનાજ સાધક હોય છે. આ વખતે ચિલાતીપુત્ર નામનો ચોરરાજ ભયથી જેટલામાં સુસુમાને લઇ બીજી દિશા તરફ નાસવા લાગ્યો તેટલામાં તે પ્રમાણે નાસી જતા એવા તે ચોરને જોઈ યમની પેઠે ક્રોધ પામેલો ધન શ્રેષ્ટી પોતાના પુત્રો સહિત તેની પાછળ દોડયો. પોતાની પાછળ ધન શ્રેષ્ઠીને આવતો જોઈ અત્યંત ભયભીત થએલો ચિલાતીપુત્ર ચોરરાજ વિચારવા લાગ્યો કે “હવે હું આ કન્યાસહિત ધનના આગલથી નાસી જવા સમર્થ નથી. એટલુંજ નહિ પણ આ કન્યાને અહીં તજી દઇને જવા હું સમર્થ નથી માટે હવે તો હું ફક્ત તેણીનું મસ્તક લઈ આ ધનની પાસેથી નાશી જાઉં કારણ કહ્યું છે કે જીવતો માણસ ફરી ભદ્ર પામે છે.” આ પ્રમાણે વિચાર કરી ચિલાતી પુત્ર ખડ્ગવડે સુસુમાના મસ્તકને કાપી સાથે લઈ નાસી ગયો. તે વખતે ધન શ્રેષ્ઠી ત્યાં આવી પહોંચ્યો અને પોતાની પુત્રીની તેવી અવસ્થા જોઇ પુત્ર સહિત તે બહુ શોક પામ્યો. પછી તેણે તે વનમાં દીર્ઘકાળ પર્યંત બહુ વિલાપ કર્યો. બહુ વખત થવાને લીધે પુત્રસહિત તે ધનશ્રેષ્ઠીને પ્રાણાંતકારી ક્ષુધા લાગી પરંતુ તે વનમાં ભક્ષણ કરાય તેવી ફળાદિ કંઈ વસ્તુ નહોતી.

પછી ધન શ્રેષ્ઠી વિચાર કરવા લાગ્યો “ ક્ષુધા બહુ લાગી છે તેથી અમે સૌ અહિંજ મૃત્યુ પામીશું અને તેમ થવાથી આ પ્રકારના વૈભવનો વિનાશ અને કુળનો ક્ષય થશે. માટે જો કોઇ પ્રકાર વડે કરીને જીવિતનું રક્ષણ થાય તો ફરીથી વૈભવનું સુખ અને પોતાના કુળની વૃદ્ધિ થાય.” આમ વિચારી ધન શ્રેષ્ઠીએ પોતાના પુત્રોને કહ્યું. “ હે પુત્રો ! તમે મને મારી અને મ્હારા માંસનું ભક્ષણ કરી ઝટ નગર પ્રત્યે જાઓ ” તેનું આવું વચન કોઈ પુત્રે અંગીકાર કર્યું નહિ. મ્હોટા પુત્રે પણ પિતાની પેઠે સર્વેને પોતાનું માંસ ભક્ષણ કરવાનું કહ્યું આમ ચારે જણાએ પ્રીતિથી કહ્યું પણ કોઈએ તે માન્ય કર્યું નહિ. એટલે ફરી ધન શ્રેષ્ઠીએ કહ્યું. “ હે પુત્રો ? આપણે સૌ ચિલાતીપુત્રે મારી નાખેલી સુસુમાનું ભક્ષણ કરી જીવિતનું રક્ષણ કરીએ.” પુત્રોએ તે વાત અંગીકાર કરી તેથી પુત્રસહિત ધન શ્રેષ્ઠી સુસુમાનું માંસ ભક્ષણ કરી સુખે પોતાના નગર પ્રત્યે ગયો. આ પ્રમાણે જીવિતને ધારણ કરી

તે ધન શ્રેષ્ઠી વિગેરે સર્વેને ફરી બહુ ભોગ પ્રાપ્ત થયા અને કુલ વૃદ્ધિ થઈ એટલુંજ નહિ અમિત એવી સંપદાનો પણ લાભ થયો. જે સાધુઓ ધન શ્રેષ્ઠીની પેઠે નિરંતર અનાસક્તપણે શુદ્ધ આહાર કરે છે તે કર્મક્ષય કરી પૂર્ણ એવા મોક્ષસુખને પામે છે.

હવે અહિં નાસી જતા એવા ચિલાતીપુત્રને કાંઇ વૈરાગ્ય પ્રાપ્ત થયો એટલામાં તેણે કાયોત્સર્ગે ઉભા રહેલા મુનિને જોઇને કહ્યું. "હે મુનિ! તમે હમણાં મને સંક્ષેપમાં ધર્મ સંભળાવો. જો નહિ સંભળાવો તો આ ખડ્‌ગવડે તમારૂં મસ્તક હું કાપી નાખીશ." કાયોત્સર્ગ પારીને તે ચારણ શ્રમણ મુનિએ કહ્યું. "હે મહાભાગ! સંક્ષેપથી ધર્મ સાંભલ." પછી **उवसम, विवेग, संवर"** એટલો સંક્ષેપથી ધર્મ કહીને "નમો અરિહંતાણ" એટલો નમસ્કાર મંત્ર ભણી આકાશ માર્ગે ચાલ્યા ગયા. મુનિનાં એવાં વચન સાંભળી ચોરપતિ ચિલાતીપુત્ર વિચારવા લાગ્યો."પુણ્યશાલિ પુરૂષોએ ઉપશમ ધારણ કરવો જોઇએ. તે હમણાં મ્હારે ક્યાંથી હોય? માટે હું પ્રથમ ક્રોધના ચિન્હ રૂપ ખડગને ત્યજી દઈ ઉપશમ ધારણ કરૂં." એમ વિચાર કરી તેણે તત્કાળ પોતાના હાથમાંથી ખડગ ત્યજી દીધું. "વલી ધર્મ વિવેકથીજ પ્રાપ્ત થાય છે તે હમણાં મ્હારે ક્યાંથી હોય? કારણ દુષ્ટપણાને સૂચવનારૂં સ્ત્રીનું મસ્તક મ્હારા હાથમાં રહ્યું છે. માટે તે મસ્તક ત્યજી દઈ ધર્મના મૂલરૂપ વિવેકને આદરૂં." એમ ધારી તે વિવેકવંત ચિલાતિપુત્રે સ્ત્રીના મસ્તકને દૂર ફેંકી દીધું. "વળી ચિત્ત અને ઇંદ્રિયના નિરોધથી નિશ્ચે સંવર પ્રાપ્ત થાય છે. પરંતુ ઉચ્છૃંખલ ઇંદ્રિય અને ચિત્તવાળા મને તે સંવર ક્યાંથી હોય? હું જ્યારે આ મુનિની પેઠે સ્થિર ઉભો રહીશ ત્યારેજ મને સર્વ પાપને ક્ષય કરનારો સંવર પ્રાપ્ત થશે." આ પ્રમાણે વિચાર કરીને ચોરરાજ એવા તે ચિલાતીપુત્રે મુનિના સ્થાનકે ઉભા રહી પોતાના પાપનો ક્ષય કરવા માટે એવો ઘોર અભિગ્રહ લીધો કે "જ્યાં સુધી મને આ સ્ત્રીહત્યાનું પાપ સાંભરશે ત્યાં સુધી મ્હારે સર્વ પ્રકારે કાયાનું વોસિરાવવું હો."

જ્યારે ચિલાતીપુત્ર મુનિની પેઠે કાયોત્સર્ગે ઉભો રહ્યો ત્યારે રૂધિરના ગંધથી પૃથ્વીમાંથી નિકળેલી અસંખ્ય વજ્રતુંડ કીડીઓ તેના અંગનું ભક્ષણ કરવા લાગી. પરંતુ તે ચોર પોતાના કરેલા પાપનું સ્મરણ કરતો ધ્યાનથી જરાપણ ચલાયમાન થયો નહીં. પગથી આરંભીને સર્વ અંગનું ભક્ષણ કરતી એવી કીડીઓ પણ નિશ્ચલ આત્માવાલા તે ચોરરાજના મસ્તકને વિષે આવી પહોંચી. ચારે તરફ પ્રસરી રહેલી કીડીઓએ અઢી દિવસમાં તેનું સર્વ અંગ ચાલણીસરખું કરી દીધું તોપણ તે તીવ્ર વેદનાને સહન કરતા એવા તે ચોરરાજનું મન શુભ ધ્યાનને વિષે અધિક અધિક લાગ્યું. પછી આયુષ્ય પૂર્ણ થયે તે મહાત્મા મૃત્યુ પામીને આઠમા દેવલોકમાં દેવતા થયો. પાપ કરનારો છતાં પણ ઉપશમ ધારણ કરનારાઓમાં અગ્રેસર, સાધુઓનો રાજા, પવિત્ર બુદ્ધિવાળો અને કૃતાર્થ એવો તે ચિલાતીપુત્ર પોતાના ધીરપણાથી કીડીઓએ કરેલી અતિ ઉગ્ર વેદનાને સહન કરી અઢી દિવસમાં આઠમા દેવ લોક પ્રત્યે ગયો.

**श्रीचिलाती पुत्रनी कथा संपूर्ण**

दट्ठुण समणमणहं, सरित्तु जाईओ भवविरत्तमणो ॥
अणुचरिअं मिअचरिअं, मुक्खं पत्तो मिआपुत्तो ॥ ९२ ॥

શ્રમણ મહાત્માને જોઇ પૂર્વભવની સ્મૃતિ પામેલો અને સંસારથી વિરક્ત થએલા મનવાલો તેમજ મૃગચર્યા આચરીને મૃગાપુત્ર મોક્ષ પામ્યો. ॥ ૯૨ ॥

## श्रीमृगापुत्रनी कथा

આ ભરત ક્ષેત્રમાં લક્ષ્મીથી સ્વર્ગપુરી સમાન સુગ્રીવ નામના નગરને વિષે બલભદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો. તેને મૃગાવતી નામે પ્રિય પત્ની હતી. તેઓને બલશ્રી નામે પુત્ર હતો. માતા પિતાને અત્યંત પ્રિય અને શત્રુઓનો વિચ્છેદ કરનારો તે પુત્ર લોકમાં મૃગાપુત્ર એવા નામથી પ્રસિદ્ધ થઇ યુવરાજ પદ ભોગવતો હતો. સ્વર્ગભુવન સમાન પોતાના વાસભુવનને વિષે પોતાની સ્ત્રીઓની સાથે દોગુંદક દેવની પેઠે તે ક્રીડા કરતો હતો.

એકદા ગોખમાં બેસી અનેક પ્રકારની પુરસંપત્તિને જોતા એવા તે રાજપુત્રે તપથી કૃતાર્થ એવા કોઇ જીતેંદ્રિય મુનિને દીઠો. મૃગાપુત્ર તે મુનિને જોઇ મનમાં વિચાર કરવા લાગ્યો. “ હું જાણુંછું કે પૂર્વે મેં આવું રૂપ ક્યાંઇ પણ દીઠું છે. ” સાધુના દર્શનયોગથી આ પ્રમાણે વિચાર કરતા એવા તેને મૂર્છા પ્રાપ્ત થઈ અને મૂર્ચ્છામાંજ તત્કાલ તેને ઉત્કૃષ્ટ એવું જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તે વિચારવા લાગ્યો. “ મેં આવું સાધુપણું પાલ્યું છે. ત્યાંથી દેવતા થઇ વિવિધ પ્રકારના ભોગો પણ ભોગવ્યા છે. ભોગોમાં નહિ રંજન થતો પાંચ મહાવ્રતમાં રંગાએલો કુમાર પોતાના માતા પિતાને કહેવા લાગ્યો કે:—

“ હે માત પિતા ! મેં નરકને વિષે મનુષ્ય અને તિર્યંચ ભવને વિષે અસંખ્ય મહા દુઃખ સહન કર્યાં છે. હવે હું આ અનંત દુઃખના મૂલરૂપ સંસારથી નિવૃત્તિ પામ્યો છું. જેથી મને આજ્ઞા આપો કે હું સંયમ અંગીકાર કરૂં. હે માતપિતા ! મેં આરંભે અતિ મધુર પણ અંતે મહા દુઃખદાયી કડવા વિષ ફલ સમાન બહુ ભોગો ભોગવ્યા છે. વળી અપવિત્ર વસ્તુથી ઉત્પન્ન થએલું આ મ્હારૂં અપવિત્ર અનિત્ય શરીર જીવનું અશાશ્વતું સ્થાન અને દુઃખ તથા ક્લેશનું એક પાત્ર છે. હે માતાપિતા ! જલના પરપોટા સરખા આ વિનશ્વર અંગને વિષે હું ક્યારે પણ રતિ પામતો નથી. શરીરસંબંધી અને મનસંબંધી પીડાના ઘરરૂપ તથા જાગૃતાવસ્થા, જરાવસ્થા અને જન્માવસ્થાના દુઃખ રૂપ અસાર મનુષ્યપણામાં કોઇ પુરૂષ બહુ રતિ પામતો નથી. પ્રાણીઓને ચતુર્ગતિ રૂપ સંસાર ક્લેશના સ્થાનરૂપ છે કે જે સંસારમાં નિરંતર અનંત દુઃખે કરીને બહુ જીવો ક્લેશજ પામે છે માટે હું તો એમજ માનું છું કે દેહ અને ધનાદિક ઉપરથી મોહ ત્યજી દેવો. કારણ ધર્મહિન પુરૂષને સંસાર સર્વ પ્રકારના દુઃખના સ્થાનરૂપ છે.

જે પુરૂષ ભાથા વિના લાંબી મુસાફરી કરવા જાય છે. તે રસ્તામાં ક્ષુધા તૃષ્ણાથી પીડા પામતો છતો દુઃખી થાય છે, તેમજ જે પ્રાણી ધર્મકૃત્ય કર્યા વિના ભવાંતરે જાય છે તે રસ્તામાં જતો છતો રોગ શોકાદિકથી પીડા પામીને મહા દુઃખી થાય છે. જેમ જે મનુષ્ય ભાથું સાથે રાખીને લાંબી મુસાફરી જાય છે તો તે માર્ગમાં ક્ષુધા તૃષાદિ રહિત છતો સુખી થાય છે, તેમ જે પ્રાણી અરિહંત ધર્મનું આચરણ કરી અન્યભવ પ્રત્યે જાય છે તે માર્ગમાં આધિ વ્યાધિ રહિત છતાં બહુ સુખી થાય છે. જેમ ઘર બળવા લાગે છતે તેનો માલીક અસાર વસ્તુને ત્યજી દઇ સાર વસ્તુને ખેંચી લે છે. તેવી રીતે જરા મૃત્યુ ઇત્યાદિરૂપ અગ્નિથી વ્યાકુલ થએલા લોકમાં તમારી આજ્ઞાથી હું મ્હારા આત્માને તારીશ, ”

આ પ્રમાણે મૃગાપુત્રે પોતાના માતપિતાને કહે છતે તેઓએ કહ્યું. “ હે વત્સ ! સાધુપણું પાલવું અતિ દુષ્કર છે. સાધુઓએ પોતાના શીલાંગરૂપ અઢાર હજાર ગુણો રાત્રી દિવસ ધારણ કરવા જોઇએ. ગમે તો શત્રુ હોય કે મિત્ર હોય પણ સર્વ પ્રાણીને વિષે સમતા રાખવી એ સાધુઓનો ધર્મ છે. મુનિઓને પ્રાણાતિપાતની વિરતિ એ હંમેશાં દુષ્કર છે. નિરંતર અપ્રમત્તપણે મૃષા ભાષાને ત્યજી દેવી અને સાવધાનપણાથી હિતકારી બોલવું. હે વત્સ ! વલી અદત્ત એવી તૃણ માત્ર વસ્તુને ત્યજી દેવી એ બહુ દુષ્કર છે એટલુંજ નહિં પણ અનવદ્ય એષણીય આહાર મેળવવો પણ તેવીજ રીતે દુષ્કર છે. ભોગોને ભોગવનાર એવા તને મૈથુનનો ત્યાગ મહા દુષ્કર છે. તેમજ નિરંતર બ્રહ્મવ્રત ધારણ કરવું પણ તેવુંજ છે. એટલુંજ નહીં પણ હમેશાં ધન ધાન્યાદિ પરીગ્રહ ત્યજી દેવો; નિર્મમત્વપણું રાખવું અને સર્વ આરંભનો ત્યાગ કરવો, એ બહુ દુષ્કર છે. રાત્રીએ ચાર પ્રકારના આહારનો પરિત્યાગ તથા દ્રવ્યનો સંચય ન કરવો તેપણ દુષ્કર છે. વળી ક્ષુધા, તૃષાની પીડા, બહુ ટાઢ તથા ઉનાળાનું દુઃખ, મત્સર વિગેરે જીવોની વેદના, બીજાઓથી થએલો પોતાનો તિરસ્કાર, તૃણ સ્પર્શવાલી દુઃખદાયી શય્યા અને મલીનતા એ સર્વ અતિ દુષ્કર છે. તાડના, તર્જના, વધ, બંધ, યાચનારૂપ ગોચરી અને લાભનો અભાવ એ સર્વ દુઃસહ છે. તેમજ મહાત્મા સાધુને ક્રોધરહિતપણે વૃત્તિ, દારૂણ એવો કેશનો લોચ અને ઘોર એવું બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવું પડે છે. હે પુત્ર ! તું સુખને યોગ્ય સુકુમાલ શરીરવાલો છે જેથી નિરંતર આવું શ્રમણપણું પાળવા સમર્થ નથી. જેમ અધર ઉભા રહી ગંગાનો પ્રવાહ ધારણ કરવો અને બાહુવડે દુસ્તર સમુદ્ર તરવો એ દુષ્કર છે તેમ સાધુપણામાં ગુણરૂપ સમુદ્ર તરવો પણ દુષ્કર છે. સાધુપણું વેલુના કોલીયાની પેઠે સ્વાદરહિત છે, અથવા તો મહા તીક્ષ્ણ ખડગની ધારા ઉપર ચાલવા જેવું છે. હે પુત્ર ! લોહના ચણા ચાવવા જેવા દુષ્કર સંયમને વિષે હરિ રાજાની પેઠે એકાંત દૃષ્ટિથીજ રહેવું યોગ્ય છે જેમ અતિ જ્વાજલ્યમાન એવી દુષ્કર અગ્નિજ્વાલાનું પાન કરવું અશક્ય છે તેવીજ રીતે યૌવનાવસ્થામાં સાધુપણું પાળવું દુષ્કર છે. હે પુત્ર ! જેવી રીતે મહા વાયુથી કોઠી ભરવી દુષ્કર છે. હે સુત ! જેવી

રીતે મેરૂ પર્વત ત્રાજવામાં તોળવો દુષ્કર છે તેવી રીતે નિઃશંકપણે શુદ્ધ સંયમ પાળવું એ પણ દુષ્કર છે. જેવી રીતે મહા સમુદ્ર બે હાથ વડે તરવો અશકય છે, તેવી રીતે અશાંત પુરૂષોએ પ્રશમ રૂપ સમુદ્ર તરવો બહુ અશકય છે. માટે હે પુત્ર ! હમણાં તું પાંચ લક્ષણવાળા સમસ્ત ભોગોને ભોગવ અને પછી વૃદ્ધાવસ્થામાં ચારિત્ર લેજે. ”

માતા પિતાનાં આવાં વચન સાંભળી મૃગાપુત્રે કહ્યું કે “ નિસ્પૃહ પુરૂષને આ લોકમાં દુષ્કર શું છે ? શરીર અને મનથી ઉત્પન્ન થએલી ભયંકર પીડાઓ મેં અનંતીવાર ભોગવી છે તેવીજ રીતે દુઃખ અને ભય પણ ભોગવ્યા છે. નાના પ્રકારના કલેશથી ભયંકર એવા આ ચાર ગતિ રૂપ સંસારમાં મેં જન્મ મૃત્યુ વિગેરેનાં દુઃખો અનંતીવાર ભોગવ્યાં છે, આ લોકમાં અગ્નિ જેવો ઉષ્ણ છે તેથી નરકને વિષે અનંત ગુણ ઉષ્ણતા છે તેની પીડા પણ મેં અનુભવી છે વળી આ લોકમાં જેવી શીત વસ્તુ છે તેથી અનંત ગુણી શીત વસ્તુ નરકમાં છે તેની પીડા પણ મેં ભોગવી છે. ખરાબ કુમ્ભીમાં નીચે માથુ કરી ઉંચે પગ રાખી બુમ પાડતો જવાજલ્યમાન અગ્નિને વિષે હું અનંતીવાર પૂર્ણ રીતે પચાયલો છું. વળી આ લોકમાં જેવી દાવાનળ અગ્નિની જ્વાળા હોય છે તેવી રેતીની મધ્યે હું અનંતીવાર દગ્ધ થયો છું. નરકને વિષે કટુકુંભીમાં વિરસ અને સહાયરહિત હું કરવત વડે અનંતીવાર છેદાયલો છું વળી અત્યંત તીક્ષ્ણ એવા કાંટાઓથી ભરપૂર અને મ્હોટા એવા શંબલીના વૃક્ષને વિષે મને બાંધીને પરમાધાર્મિક દેવોએ દીધેલું દુઃખ મેં અનંતીવાર ભોગવ્યું છે. મહા દુઃસહ એવા યંત્રને વિષે શેરડીની પેઠે આક્રોશ કરતો એવો હું પોતાના પાપકર્મથી બહુ વાર પીલાયલો છું. શબ્દ કરતા એવા કાલ રૂપ પરમાધાર્મિક દેવોએ પોતાના દાંતવડે કરીને મને પાડી નાખ્યો છે, ચીરી નાંખ્યો છે અને છેદી નાખ્યો છે. વળી તે નરકમાં હું પોતાના પાપ કર્મથી ખડ્ગવડે છેદાયલો તેમજ ભાલા અને પટ્ટિશવડે ઝીણા કકડા થયોછું. અગ્નિથી જવાજલ્યમાન એવા લોઢાના રથને વિષે પરમાધાર્મિક દેવોએ પરસ્વાધિન એવા મને બેસાર્યો છે અને ત્રોતાદિ આયુધના પ્રહારથી જર્જરીત કરીને પાડી નાખ્યો છે. પરમધાર્મિક દેવોએ જવાજલ્યમાન અગ્નિને વિષે મહિષની પેઠે મને મ્હારા પોતાના કર્મથી ભડથું કરી નાખ્યો છે. તીક્ષ્ણ મુખવાલા ગીધ પક્ષીરૂપ પરમાધાર્મિક દેવોએ વિલાપ કરતા એવા મને અનંતી વાર છેદી નાખ્યો છે. “ મને તરસ લાગી છે. ” એવા મ્હારા કહેવા ઉપરથી “ હું તને જલપાન કરવું છું ” એમ કહી વૈતરણી નદી પ્રગટ કરીને તેના ખડ્ગ સમાન તરંગોવડે મને બહુ વાર છેદી નાખ્યો છે. અગ્નિના તાપથી તપ્ત થએલો હું અસિપત્ર નામના મહાવનમાં ગયો ત્યાં પણ ખડ્ગ સરખા પડતા એવા પત્રોએ કરીને હું ખંડ ખંડ થયો છું. પરસ્પર ફેંકેલા તીક્ષ્ણ મુદ્ગરોથી ભાગી ગએલા અંગવાલો અને તેથીજ હણાઇ ગઇ છે આશા જેની એવો હું ઘણા દુઃખને પામ્યો છું. તીક્ષ્ણ ધારાવાલા અસ્ત્રા, છુરી, કાતરોના સમૂહથી હું અનેકવાર કકડા કરાયલો છું, ચીરાયલો છું, છેદાયલો છું

અને ઘણા ઝીણા કકડા રૂપ કરાયલો છું. હે પિતા ! પરમાધાર્મિક દેવોએ દૃઢ એવી જાલોએ કરીને તથા પાશોએ કરીને મૃગની પેઠે વ્યાકુલ કરેલા અને પરવશ એવા મને બાંધ્યો છે, રૂંધ્યો છે અને મારી નાખ્યો છે એટલુંજ નહિ પણ મગરના સરખા સ્વરૂપવાળા તેઓએ પોતાની રચેલી જાલવડે કરીને પરતંત્ર એવા મને મત્સ્યની પેઠે બહુ દુઃખ દીધું છે. સિંચાણાના સમાન સ્વરૂપવાળા તે દેવતાઓએ વજ્રલેપવાલી પોતાની જાલોવડે મને અનેકવાર બાંધ્યો છે, તોડી નાખ્યો છે અને મર્દિત પણ કર્યો છે. હે માતા પિતા ! અધમ દેવોએ કુહાડા આયુધોવડે મને વૃક્ષની પેઠે કુટી નાખ્યો છે; ફાડી નાખ્યો છે, છેદી નાખ્યો છે અને ચીરી નાખ્યો પણ છે. તેજ પુરૂષોએ મને મ્હારા પોતાના કર્મથી લુહાર જેમ લોઢાને તાડનાદિ કરે તેમ તાડન કર્યો છે, કુટી નાખ્યો છે અને ચૂર્ણરૂપ કર્યો છે. તે દેવોએ અતિ કલકલાટ કરતા એવા મને બહુ તપ્ત એવા તામ્રરસ વિગેરે વિરસ રસ પાયો છે. “ પૂર્વ ભવે તને માંસ અને મદિરા બહુ પ્રિય હતાં ” એમ સંભાળી આપીને તે પરમાધાર્મિક દેવોએ મ્હારા શરીરના રૂધિર અને માંસ ગ્રહણ કરી તથા અગ્નિવડે લાલચોળ કરી પોતાના કુકર્મથી રૂદન કરતા એવા મને ખવરાવ્યું છે અને પાન કરાવ્યું છે “ હે મૂઢ ! તેં પૂર્વ જન્મને વિષે પરસ્ત્રીનો સંગ કર્યો છે.” એમ પરમાધાર્મિક દેવોએ વારંવાર તિરસ્કાર કરીને ત્રાંબાની અગ્નિવર્ણ બનાવેલી પુતળીની સાથે દીન વચનવાલા મને બહુ પ્રકારે આલિંગન કરાવ્યું છે. હે માતા પિતા ! ત્રાસ પામેલા, નિત્ય ભય પામેલા અને દુઃખી એવા મેં નરકને વિષે આ સર્વે વેદનાઓ ઉત્કૃષ્ટપણે અનુભવી છે. હે તાત ! મનુષ્ય લોકમાં જે ગાઢ વેદનાઓ છે તે કરતાં નરકને વિષે અનંતગુણી દુઃખવેદના છે. મેં નરકને વિષે તે સર્વ વેદના અનુભવી છે તો પછી હે માતા પિતા ! તમે મને સુકોમલ કહો છો તે હું શી રીતે કહેવાઉં ? ”

આ પ્રમાણે કહીને મૃગાપુત્ર વિરામ પામ્યો એટલે માતા પિતાએ કહ્યું. ‘ હે પુત્ર ! તું મરજી પ્રમાણે ઝટ ચરિત્ર અંગીકાર કર પણ સાધુપણામાં નિઃપ્રતિકર્મપણું બહુ દુશ્કર છે તેથી તું યૌવનાવસ્થા નિવૃત્ત થયા પછી ઉજવલ એવું ચારિત્ર સ્વીકાર.”

મૃગાપુત્રે કહ્યું. “ હે માતા પિતા ! તમે જે કહ્યું તે યોગ્ય છે પણ વનમાં મૃગોનાં શરીરની સેવા કોણ કરે છે ! જેમ હરિણ વનમાં પોતાની મરજી પ્રમાણે એકલાજ ફરે છે તેમ હું પણ એકલોજ ઉત્તમ ચારિત્રરૂપ ધર્મ આચરીશ. નિર્જન વનમાં વૃક્ષની નીચે નિવાસ કરનારા મૃગને જ્યારે રોગ થાય છે ત્યારે તેનું ઔષધ કોણ કરે છે ? દવા કોણ આપે છે ? તેને સુખ કોણ પૂછે છે ? તૃણ જલ લાવીને કોણ આપે છે ? જ્યારે રોગ મટી જવાથી સુખી થાય છે ત્યારે તે તૃણ જળ માટે મહા અરણ્યમાં અથવા તો તલાવ પ્રત્યે જાય છે ત્યાં તૃણ ચરી, જલ પાન કરી, મૃગચર્યા ચરી, પોતાની મૃગભૂમિ પ્રત્યે જાય છે. એવી રીતે સંયમને વિષે નિયમિત સ્થિતિવાળા ઉત્તમ સાધુ મૃગચર્યાનું સેવન કરી કૃતાર્થ થઇ ઉર્ધ્વગતિ પ્રત્યે જાય છે. જેમ એક હરિણ

બીજા અનેક મૃગોની સાથે ફરતો છતો નિશ્ચલપણે તૃણ ચરે છે તેવી રીતે ગોચરીમાં ગએલો મુનિ પણ કોઇની કિંચિત્ માત્ર નિંદા ન કરે તેમ કોઇની હેલના પણ ન કરે. હે માતા પિતા ! હું તમારી આજ્ઞાથી મૃગચર્યા ચરીશ ”

પછી માતા પિતાએ તેના દુર્નિવાર્ય આગ્રહને જાણી કહ્યું કે “ હે મૃગાપુત્ર કુમારેંદ્ર ! તને મૃગચર્યા બહુ માન્ય છે માટે તું તેને અંગીકાર કરી સુખેથી સુખી થા. માતા પિતાની આજ્ઞા મલવાથી ધીર એવા મૃગાપુત્રે બાહ્ય અને આભ્યંતર એવા સર્વ પરિગ્રહ ત્યજી દઇ સંયમ અંગીકાર કરી અને એવી રીતે મૃગચર્યા સેવી કે જેથી તે થોડા વખતમાં સર્વ કર્મને ખમાવી મોક્ષપદ પામ્યો. હે મુનીશ્વરો ! તમે પણ મૃગાપુત્રની પેઠે મહા આનંદ અને સુખ આપનારી મૃગચર્યાને પ્રયત્નવડે સેવન કરો.

સુગ્રીવ નગરમાં દેવતાની પેઠે પોતાના મહેલના ગોખમાં બેઠેલા અને સંયમી તથા જિતેંદ્રિય એવા સાધુને જોઈ જાતિસ્મરણ જ્ઞાન પામેલો મૃગાપુત્ર પૂર્વના ભવને અનુભવી તથા બહુ નરકવેદનાના વર્ણનથી માતા પિતા પાસેથી રજા લઇ ચારિત્ર અંગીકાર કરી મોક્ષ પામ્યો.

**श्रीमृगापुत्रनी कथा संपूर्ण.**

**सुच्चा बहुर्पिडि ! एगर्पिडिओ दट्ठुमिच्छइ तुमंति ।**
**जाइ सरित्तु बुद्धो सिद्धो तह इंदनागमुणी ॥ ९३ ॥**

શ્રી વીર પ્રભુએ મોકલેલા ગૌતમના મુખથી “ હે ઇંદ્રનાગ હે બહુ પિંડિક ! એકપિંડિક તને જોવા ઇચ્છે છે.” એવાં વચન સાંભળી, જાતિ સ્મરણ જ્ઞાનને પામી, તત્ત્વજ્ઞ થએલા ઈંદ્રનાગમુનિ સિદ્ધિ પદ પામ્યા. ॥૯૩॥

**‘ श्रीइंद्रनाग’ नामना मुनिनी कथा**

જંબૂદ્વીપને વિષે ભરતક્ષેત્રની ભૂમિના આભૂષણ રૂપ અને ઇંદ્રપુર સમાન વસંતપુર નામે નગર છે. ત્યાં પવિત્ર ગુણવાળો, લોકમાં પ્રસિદ્ધ અને સંપત્તિથી ઈંદ્રસમાન શ્રેષ્ઠી વસતો હતો. તેને ભવિષ્યમાં મંગલકારી ઇંદ્રનાગ નામનો પુત્ર થયો.

એકદા પૂર્વ ભવે ઉપાર્જન કરેલા દુષ્ટ કર્મના યોગથી તે શ્રેષ્ઠીના કુળને વિષે દુઃખથી પણ ન નિવારી શકાય તેવો મહા મરકીનો રોગ ચાલ્યો જેથી ફક્ત ઇંદ્રનાગ વિના સર્વ કુળ સહિત તે શ્રેષ્ઠિ મૃત્યુ પામ્યો.

“ આ મરકીનો રોગ નગરમાં સર્વ સ્થાનકે ન ફેલાય એમ ધારી લોકોએ તે શ્રેષ્ઠીના ઘર ફરતી વાંસ અને કાંટા વિગેરેની વાડ કરી પછી ક્ષુધા તૃષાથી અતિ પીડા પામેલો ઇંદ્રનાગ બાળક શ્વાન વિગેરેને જવા આવવાના રસ્તેથી બહુ મુશ્કેલીથી બહાર નિકળ્યો. કોઇ રક્ષણ કરનાર નહિ હોવાથી તેમજ બાળપણાને લીધે અતિ અસમર્થ એવો તે બાળક બીજાઓના ઘરને વિષે ભિક્ષા વડે પોતાની આજી-

ivકા કરવા લાગ્યો. અનુક્રમે વૃદ્ધિ પામેલો તે ઇંદ્રભૂતિ એક દિવસ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે "ધિક્કાર છે ધિક્કાર છે મને જે મ્હારી બાલ્યાવસ્થામાં મ્હારા સર્વ કુટુંબાદિકનો ક્ષય થઈ ગયો. મ્હોટા કુળમાં ઉત્પન્ન થએલા અને ભિક્ષાથી આજીવિકા કરનારા મ્હારે અહિં રહેવું યોગ્ય નથી. કારણ એમ કરવાથી મ્હારી લોકમાં લજ્જા ઉત્પન્ન કરનારી નિંદા થાય છે. જો હમણાં અહિં કોઈ સારો સાર્થ આવે તો અપુણ્ય એવો હું તેની સાથે દેશાંતરમાં જઇ કાળ નિર્ગમન કરૂં." આ પ્રમાણે વિચાર કરતો તે ઇંદ્રનાગ જેટલામાં ત્યાં રહે છે તેટલામાં તે નગરના ઉદ્યાનમાં કોઇ શ્રેષ્ઠ વેપારીનો મ્હોટો સાર્થ આવ્યો. પછી ઇંદ્રનાગે ત્યાં જઇ સાર્થપતિને કહ્યું કે "આપ કયાં જવાના છો?" સાર્થપતિએ કહ્યું. "અમે રાજગૃહ નગર પ્રત્યે જઈએ છીએ." ઇંદ્રનાગે ફરીથી કહ્યું. "હે મહાશય! જો આપ કહો તો હું પણ તમારા સાર્થને વિષે રાજગૃહ નગર પ્રત્યે આવું." સાર્થપતિએ કહ્યું. "હે ભદ્ર! ભલે હમણાં તું પણ મ્હારી સાથે ચાલ. હું ત્હારી ભોજન આસન વિગેરેની સાર સંભાળ કરીશ." પછી માર્ગે ચાલતા સાર્થપતિએ ભોજન અવસરે તેને આદરથી બહુ સ્નિગ્ધ ભોજનથી જમાડયો. બીજે દિવસ ભોજન વખતે સાર્થપતિએ તેને કહ્યું. "હે ભદ્ર જમી લે." ઇંદ્રનાગે અજીર્ણપણાથી કહ્યું. "હે સાર્થપતિ! આજે હું જમીશ નહિ. ત્રીજે દિવસે પણ સાર્થપતિએ બહુ આગ્રહ કર્યો પરંતુ ઇંદ્રનાગે અજીર્ણતાથી ભોજન કર્યું નહિ. આવી રીતે ઇંદ્રનાગે બબે દિવસને આંતરે એક એક વખત ભોજન કર્યે છતે રાજગૃહ નગરની સમીપ આવેલા સાર્થપતિએ વિચાર્યું જે "અહો નિશ્ચે આ અતિથિ પૂજ્ય અને જગત્‌માન્ય છે કારણ કે જે બીજાએ આપેલા આહારને ગ્રહણ કરી આ પ્રમાણે તપ કરે છે માટે જો આ અતિથી નિરંતર મ્હારે ઘરે આહાર કરે તો હું ત્રણ જગત્‌માં માન્ય કહેવાઉં અને મ્હારૂં ધન પણ પ્રશંસનીય ગણાય" આવી રીતે વિચાર કરીને સાર્થપતિએ તે ઇંદ્રનાગને કહ્યું. "હે વત્સ ત્હારે નિરંતર મ્હારા ઘરને વિષે પોતાની મરજી પ્રમાણે આહાર કરવો." સાર્થપતિનાં આવાં વચન સાંભળી ઇંદ્રનાગ વિચાર કરવા લાગ્યો "મેં રસ્તામાં અજીર્ણ થવાથી આહાર ત્યજી દીધો હતો પણ તુષ્ટિથી ત્યજ્યો નહોતો છતાં આ સાર્થપતિએ મને મહા તપસ્વી જાણ્યો અને તેણે એમ ધાર્યું જે આ મહા તપસ્વી મ્હારો આહાર ગ્રહણ કરીને તીવ્ર તપ કરે છે. જ્યારે મ્હારા કૃત્રિમ તપથી આ સાર્થપતિ મ્હારી બહુ ભક્તિ કરે છે ત્યારે જે પુરૂષ સત્ય તપ કરે તે સત્પુરૂષોને પૂજ્ય કેમ ન થાય? માટે હવે પછી હું પણ નિત્ય તેવી રીતે સત્ય તપ કરીશ કે જેથી મને આ લોકમાં અને પરલોકમાં બહુ સુખ પ્રાપ્ત થાય." આ પ્રમાણે વિચાર કરી તાપસ થઈ તે ઇંદ્રનાગ છઠ્ઠ વિગેરે ઉગ્ર મહાતપ કરી તે એક સાર્થપતિને ત્યાંજ પારણું કરવા લાગ્યો. આવી રીતે નિત્ય સ્વભાવથી અજ્ઞાન કષ્ટ કરતો તે ઇંદ્રનાગ સ્વર્ગલોકમાં મહા તપસ્વી એવા નામથી પ્રસિદ્ધ થયો. પછી સર્વે નગરવાસી જનો પારણાને દિવસે તેના માટે આહાર નીપજાવી ઘરનાં અન્ય કાર્ય

ત્યજી દઇ તેના આગમન પર્યંત ઉભા રહેવા લાગ્યા. જ્યારે તે ઇંદ્રનાગ આહાર કરીને જાય ત્યારે લોક, ભેરીના નાદથી સંકેત કરતા કે "હવે સૌ પોત પોતાનાં કાર્ય કરો."

એકદા તે રાજગૃહનગરમાં શ્રી વીરપ્રભુ સમવસર્યા. તે વખતે દેવતાઓએ ત્યાં આવીને સમવસરણ રચ્યું. પછી ગોચરીને અવસરે તીર્થંકર પ્રભુએ સાધુઓને કહ્યું. " હે ભદ્રો ! હમણાં રાજગ્રહ નગરમાં અનેષણીય આહાર છે માટે વાર કરો. થોડા વખત પછી ભિક્ષા માટે જજો. " પ્રભુનાં આવાં વચન સાંભલી તે સર્વે સાધુઓ ત્યાંજ રહ્યા. ઇંદ્રનાગનું પારણું થયા પછી તીર્થપતિએ ગૌતમને કહ્યું. " હે વત્સ ! તું ઈંદ્રનાગ પાસે જઇને એમ કહે કે " હે બહુપિંડક ! ઈંદ્રનાગ ! તને એક પિંડિક જોવા ઇચ્છે છે. " તારે ત્યાં આવવુ યોગ્ય છે એમ જણાવ્યું છે. પ્રભુની આજ્ઞાથી ગૌતમે ત્યાં જઇ ઈંદ્રનાગને તેજ પ્રમાણે કહ્યું. પછી ગૌતમનાં વચન સાંભલી ઈંદ્રનાગ વિચારવા લાગ્યો. " ફક્ત એક ઘરને વિષે ભોજન કરનારા મેં બહુપિંડ શી રીતે કર્યા ? શ્રી વીરપ્રભુએ મોકલેલા આ મૃષા ભાષણ કેમ કરે છે ? ખરૂં જોતાં તો અનેક ઘરથી આહાર ગ્રહણ કરનારા તેઓજ બહુ પિંડિક છે. વલી તે ઇંદ્રનાગ ફરીથી વિચારવા લાગ્યો. " વીતરાગ એવા એ જિનેશ્વર કયારે પણ સર્વથા મૃષા ભાષણ કરે નહિ. હા, મેં જાણ્યું ખરેખર હું જ બહુ પિંડિક તીર્થ છું. કારણ સર્વે નાગરવાસી જનો મ્હારે માટેજ ઉત્કૃષ્ટો આહાર નિપજાવે છે અને તેના સર્વાંગીપણાથી મને પાપ લાગે છે. અહો ! ગૌતમે કહેલું બહુ પિંડિકપણું ખરેખર મ્હારે વિષેજ લાગું થયું મોક્ષના અભિલાષી આ મહાત્માઓ તો નિરંતર ગૃહસ્થોએ પોતાને માટે બનાવેલા એષણીય આહારને ગ્રહણ કરે છે. " આ પ્રમાણે વિચાર કરતા ઈંદ્રનાગને જાતિ સ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું તેથી શુભ આશયવાલા તેણે પ્રતિબોધ પામીને પ્રભુ પાસે દીક્ષા લીધી. પછી કૃતાર્થ અને વિધિના જાણ એવા તે ઇંદ્રનાગ મુનિ વિધિ પ્રમાણે સંયમને આરાધી કેવલજ્ઞાન મેળવી મોક્ષ પામ્યા.

બાલ્યાવસ્થામાં મરકીના રોગથી પોતાના કુલનો ક્ષય થવાને લીધે એકલા રહેલા અને નિરંતર ભિક્ષાવૃત્તિ કરતા તેમજ અજ્ઞતપ કરતા એવા તે ઇંદ્રનાગ તાપસ સાધુઓની તપોચર્યાની વિધિને જોઇ, જિનેશ્વરનાં વચન સાંભલી પ્રતિબોધ પામ્યા. પછી ચારિત્ર પાલી મોક્ષને પામેલા ઇંદ્રનાગ મુનિને હું સ્તવું છું.

**' श्रीइंद्रनाग ' नामना मुनिवरनी कथा संपूर्ण**

**अम्हाणमणाउट्टी, जावज्जीवंति सोउ मुणिवयणं ॥**
**चिंतंतो धम्मरुइ, जाओ पत्तेअबुद्धजइ ॥ ९४ ॥**

અમાવાસ્યાને દિવસે વિહાર કરતા એવા સાધુઓને જોઈ ધર્મરૂચિ તાપસે પૂછ્યું. " તમારે આજે અનાકુટ્ટી (ફલ પત્રાદિના અછેદન રૂપ અહિંસા) નથી ? "

સાધુઓએ કહ્યું "અમારે જાવજીવ પર્યંત અનાકુટી છે," સાધુઓનાં આવાં વચન સાંભલી વિચાર કરતા એવા તે ધર્મરૂચિ પ્રત્યેકબુદ્ધ મુનિ થયા. ॥ ૯૪ ॥

## 'श्रीधर्मरुचि' नामना मुनिवरनी कथा

આ ભરતક્ષેત્રમાં કલ્યાણના વિસ્તારવાલું વસંતપુર નામે નગર છે. જે નગરમાં પ્રસન્નતાના મીષથી જાણે મૂર્તિમાન હોયની ? એવો શ્રી અરિહંત પ્રભુનો ધર્મ નિવાસ કરે છે. તે નગરમાં પોતાના પુત્રની પેઠે પ્રજાનું રક્ષણ કરનારો અને પરિણામથી પવિત્ર લક્ષ્મીવાળો જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તે ભૂપતિને રૂપ, સૌભાગ્ય અને ભાગ્યાદિ ગુણોને ધારણ કરનારી તથા ધર્મકર્મમાં કુશલ એવી ધારિણી નામે સ્ત્રી હતી. નિરંતર વિષયસુખ ભોગવતા એવા તેઓને ધર્મમાં પવિત્ર સ્થિતિવાલો ધર્મરૂચિ નામે પુત્ર થયો.

એકદા જિતશત્રુ ભૂપતિ, ક્રિડા કરવા માટે પોતાના અંતઃપુરના ઉદ્યાનમાં ગયો ત્યાં તેણે કોઇ શ્રમણ તાપસને જોઇ ભક્તિથી પ્રણામ કર્યો. તે તાપસે પણ રાજાની આગળ પાપના તાપથી પીડા પામેલા જનસમૂહને અમૃતની નદી સમાન ધર્મદેશના આપી તે આ પ્રમાણેઃ–

હે પ્રાણીઓ ! આયુષ્ય વાયુએ કંપાવેલા વાદલાના સમાન ચપલ છે. સર્વ સંપત્તિઓ સમુદ્રના કલોલ સમાન અસ્થિર છે. તારૂણ્ય પણ તેવુંજ અનિશ્ચલ છે. સર્વ વિષયો કિંપાક ફલ જેવા છે, માટે તમે સંસારસમુદ્રને તારનારા તથા શિવ સુખ આપનારા શ્રી ધર્મને અંગીકાર કરો." તાપસના આવા ધર્મોપદેશનાં વચન સાંભલી અત્યંત વૈરાગ્યવાસિત થએલા જિતશત્રુ ભૂપતિએ પોતાના પુત્ર ધર્મરૂચિને કહ્યું. "હે ઉત્તમ બુદ્ધિવાળા પુત્ર ! હમણાં તું આ વિસ્તારવંત રાજ્યને અંગીકાર કર અને હું પોતે સ્ત્રીસહિત તાપસવ્રત અંગીકાર કરીશ." ધર્મરૂચિ વિચાર કરવા લાગ્યો. "પિતા આ રાજ્ય મને આપી પોતે શા માટે વાનપ્રસ્થ ધર્મ અંગીકાર કરે છે ?" પછી તેણે માતાને પૂછયું. "હે માતા ! મ્હારો પિતા મને રાજ્ય સોંપી પોતે તપોવન પ્રત્યે શા માટે જાય છે ?" માતાએ કહ્યું. "હે વત્સ ! અનેક પ્રકારે દીર્ઘકાલ પર્યંત ભોગવેલું રાજ્ય ભવાંતરે નરકાદિકની વેદના આપે છે અને તે રાજ્યને ત્યજી દઈ પાલેલું વ્રત મોક્ષ સુખને અર્થે થાય છે. એજ કારણથી ત્હારો પિતા રાજ્ય ત્યજી દઇ તાપસી દીક્ષા લે છે." માતાનાં આવાં વચન સાંભલી અત્યંત ભય પામેલો ધર્મરૂચિ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે "ધિક્કાર છે ધિક્કાર છે આ રાજ્યને કારણ કે જે ભોગવતાં છતાં નરકાદિ દુઃખ આપનારૂં થાય છે. માટે હમણાં પિતાએ આપવા માંડેલું તે નરકાદિ દુઃખ આપનારૂં રાજ્ય મ્હારે કોઈ પણ રીતે ગ્રહણ કરવું નહીં." આમ વિચાર કરીને ઉત્તમ બુદ્ધિવાલા તે ધર્મરૂચિએ પિતાને કહ્યું. "હે તાત ! મેં તમારૂં મ્હારે વિષે મૂર્ખજનને યોગ્ય

એવું હિત જાણ્યું. જે તમે ભવાંતરને વિષે બહુ કલેશ આપનારૂં રાજ્ય મને આપી પોતે શાશ્વત સુખને અર્થે વ્રત લેવાની ઇચ્છા કરો છો. માટે મ્હારે પણ એ દુઃખદાયી મ્હોટા રાજ્યનું કામ નથી. હું તો નિર્વાણના સુખને આપનારૂં વ્રત અંગીકાર કરીશ.” પછી પુત્રના આવા મહા આગ્રહને જાણી જિતશત્રુ ભૂપતિએ ધર્મરૂચિ પુત્ર સહિત તાપસ વ્રત લીધું.

એકદા ચૌદશને દિવસે તાપસોએ એવી ઉદ્‌ઘોષણા કરાવી કે “હે તાપસો! આજે ભોજન માટે ઉત્તમ એવાં ફલ ફુલ વિગેરે ગ્રહણ કરવાં. કાલે પાપને નાશ કરનારો અમાવાસ્યાનો દિવસ છે માટે અતિ સાવધાનપણે અનાકુટ્ટિ કરવી. ફલ પત્રાદિકને નહિ તોડવું તેને વિદ્વાન પુરૂષોએ અનાકુટ્ટિ કહેલ છે, અને અમાવાસ્યાને દિવસ તે અનાકુટ્ટિ ઉત્તમ મુનિઓએ નિશ્ચે કરવી જોઇએ.” પછી ચૌદશને દિવસે ફળપત્રાદિકનો યોગ્ય સંગ્રહ કરી ધર્મરૂચિ અમાવાસ્યાને દિવસ પોતાના આશ્રમમાં બેઠો હતો. એવામાં તેણે સાધુઓને જતા જોઇ કહ્યું કે “હે ભકતો! આજે તમારે અનાકુટ્ટિ નથી?” સાધુઓએ! “અનાકુટ્ટિ અહિંસા કહેવાય છે. અને તે અમારે જાવજીવ પર્યંત છે.” એમ કહ્યું. એટલે તે ધર્મરૂચિ અનાકુટ્ટિનો વિચાર કરવા લાગ્યો. એટલામાં તેને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. તેથી ઉત્તમ બુદ્ધિવાલો તે કાર્યજ્ઞ ધર્મરૂચિ જૈન દિક્ષા લઇ પ્રત્યેક બુદ્ધ થઇ અનુક્રમે કર્મ ક્ષય થવાથી સિદ્ધ થયો. પોતાની માતાના મુખકમળથી નરકદાયી રાજ્યને જાણી પિતાની સાથે તાપસી દીક્ષા લેનારો ધર્મરૂચિ સાધુના મુખથી “અમારે જાવજીવ પર્યંત અનાકુટ્ટિ છે” એવું વચન સાંભલી પ્રતિબોધ પામીને જૈની દીક્ષા લઇ સિદ્ધિપદ પામ્યો તે ધર્મરૂચિ મુનિની હું સ્તુતિ કરૂં છું.”

**‘ श्रीधर्मरुचि ’ नामना मुनिवरनी कथा संपूर्ण.**

**पुक्खलवईइ पुंडरगिणी य, राया अहेसि महपउमो ॥**
**चउदसपुव्वी संलेहणाइ पत्तो महासुक्के ॥ ९५ ॥**

પુષ્કલાવતિ વિજયને વિષે પુંડરકિણી નગરીમાં મહાપદ્મ નામે રાજા હતો, તે દીક્ષા લઇ ચૌદ પૂર્વનો ધારણહાર થઇ અને સંલેખનાથી મૃત્યુ પામી મહાશુક્ર નામના દેવલોકમાં દેવતા થયો. ॥ ૯૫ ॥

**तत्तो तेअलिपुत्तो, वयणेणं पुट्टिलाइ जाइसरो ॥**
**केवलनाणी भासइ, तेअलिनाम सुअज्झयणं ॥ ९६ ॥**

પછી મહાશુક્ર દેવલોકથી ચવી તે મહાપદ્મનો જીવ તેતલિ પુત્ર થયો. તે ભવમાં પણ તે પોતાની પુટ્ટિલા સ્ત્રીના વચનથી જાતિસ્મરણ જ્ઞાન પામી દીક્ષાથી કેવલજ્ઞાની થઇ તેમણે તેતલિ નામે શ્રુતાધ્યયન રચ્યું ॥ ૯૬ ॥

## શ્રી ' તેતલિ ' નામના મુનિવરની કથા

જંબૂદ્વીપના મધ્ય ભાગને વિષે પુષ્કલાવતી નામની વિજયમાં મહાવિદેહના આભૂષણ રૂપ પુંડરીકિણી નામે નગરી શોભે છે.

તે નગરીમાં સહસ્રદલ કમલની પેઠે શ્રેષ્ઠ મહાપદ્મ નામે રાજા રાજ્ય કરતો હતો. દુર્જય શત્રુઓને તે ભૂપતિનું ખડ્ગ ઉત્તમ તીર્થરૂપ થયું હતું કે જેથી તે શત્રુ-સમૂહ સ્વર્ગમાં સુખના સ્થાનને પામ્યા હતા.

એકદા સુગુરૂ પાસે શ્રી અરિહંત ધર્મ સાંભળી વૈરાગ્ય પામેલા મહાપદ્મ ભૂપતિએ સુખેથી પોતાનું વિસ્તારવંત રાજ્ય ત્યજી દઇ દીક્ષા લીધી. અનુક્રમે ઉત્કૃષ્ટતાથી અભ્યાસ કરતા તે મુનિ ચૌદપૂર્વના જાણુ થયા. પછી દીર્ઘકાલપર્યંત અતિચારરહિત ચારિત્ર પાલી સદુપદેશથી અસંખ્ય ભવ્યજનોને પ્રતિબોધ પમાડી નિર્મલ મનવાલા તે મહાપદ્મ રાજર્ષિ એક માસના અનશનથી મૃત્યુ પામી મહાશુક્ર દેવલોકને વિષે દેવતા થયા. ત્યાંથી ચવીને તેતલીપુર નગરમાં કનકરથ ભૂપતિના મંત્રી તેતલિ પુત્રના પુત્ર રૂપે ઉત્પન્ન થયા. પિતાએ મહા મહોત્છવપૂર્વક શુભ દિવસે સ્વજનોની અનુમતિથી તે પુત્રનું તેતલિસુત એવું નામ પાડયું. અનુક્રમે વૃદ્ધિ પામતા તે પુત્રે સર્વ કલાઓનો અભ્યાસ કર્યો. પછી યૌવનાવસ્થા પામેલા તે પુત્રને પિતાએ ઉત્તમ કન્યા સાથે પરણાવ્યો. પિતા તેતલિપુત્ર મૃત્યુ પામ્યો એટલે રાજાએ તેતલિસુતને હર્ષથી પ્રધાનપદે સ્થાપ્યો.

એકદા રાજ્ય કાર્ય કરી તે તેતલિસુત પોતાના ઘેર જતો હતો એવામાં તેણે ગોખમાં બેઠેલી કોઇ કન્યાને દીઠી. તેણીના રૂપથી મોહ પામેલા મંત્રીએ કોઈ પોતાના માણસને પૂછયું કે " હે ભદ્ર ! આ ઘર કોનું છે અને આ યૌવનવાલી કન્યા કોણ છે ? " તે પુરૂષે ઉત્તર આપ્યો. " આ સોનીશ્રેષ્ઠીનું ઘર છે. અને આ નહિં પરણાવેલી તેની પોટ્ટિલા નામની યૌવનવતી પુત્રી છે. " પછી તે કન્યા ઉપર રાગને લીધે પરતંત્ર બનેલા મંત્રીએ શ્રેષ્ઠી પાસે તેજ માણસને મોકલી પ્રાણીગ્રહણ કરવા માટે તે કન્યાનું માગું કર્યું. શ્રેષ્ઠીએ પણ તે મહા પ્રધાનને યોગ્ય વર જાણી મ્હોટા મહોત્સવપૂર્વક પોતાની પોટ્ટિલા નામની પુત્રી તેને પરણાવી. પછી તે તેતલિસુત પ્રધાન પોટ્ટિલાની સાથે દોગુંદક દેવતાની પેઠે યથેચ્છ ભોગ ભોગવવા લાગ્યો.

આ વખતે દુષ્ટ બુદ્ધિવાલો કનકરથ ભૂપતિ પોતાનું રાજ્યાદિ લઇ લેવાના ભયથી ઉત્પન્ન થતા એવા પુત્રોને મારી નાખતો. આ અવસરે રાજાની પટ્ટરાણીને અને મંત્રીની પ્રિયાને દૈવયોગથી સાથેજ ગર્ભ રહ્યો. એક દિવસ પટ્ટરાણીએ તેતલિસુત પ્રધાનને એકાંતે કહ્યું. " તું મ્હારા એક પુત્રનું કુલની સ્થિતિને માટે ગમે તે ઉપાયથી રક્ષણ કર. " મંત્રી તે વાત અંગીકાર કરીને ગયા પછી અતિ હર્ષ પામેલી રાણી પુણ્યના સમૂહને સૂચવનારા ગર્ભને પોષણ કરવા લાગી. પૂર્ણ સમયે રાણીએ

ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. આ વખતે દૈવયોગથી મંત્રીની સ્ત્રી પોટ્ટિલાએ એક પુત્રીને જન્મ આપ્યો. આ વાતની પ્રધાનને ખબર પડી તેથી તેણે તુરત તે પોતાની પુત્રી રાણીને અર્પણ કરીને તેનો પુત્ર પોતાની પ્રિયાને સોંપ્યો. પછી હર્ષિત ચિત્તવાલા મંત્રીએ જન્મમહોચ્છવ કરી તે રાજપુત્રનું કનકધ્વજ નામ પાડ્યું. પાંચ ધાવ માતાઓથી લાલન પાલન કરાતા તે કનકધ્વજને મંત્રીએ સર્વ કલાશાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો. રૂપે કરીને જાણે શાક્ષાત્ કામદેવ હોયની ? એવો તે કનકધ્વજ કુમાર યૌવનાવસ્થા પામ્યો. પછી કનકરથ રાજા મૃત્યુ પામ્યો એટલે મંત્રીએ કનકધ્વજને રાજ્યાસને સ્થાપ્યો. કનકધ્વજ કુમાર તે દિવસથી આરંભીને ક્યારે પણ ભક્તિથી તેતલિસુત પ્રધાનની આજ્ઞા ઉલ્લંઘન કરતો નહીં.

એકદા તે તેતલિસુત પ્રધાનને પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય એવી પોટ્ટિલા પ્રિયા પૂર્વના કર્મથી અપ્રિય થઈ પડી. જેથી તે તેણીની પાસે રસોઇ કરાવવા લાગ્યો. કહ્યું છે કે દૈવ પ્રતિકૂલ હોય તો કોનો પરાભવ નથી થતો ? પછી પોતાના કર્મથી પરાભવ પામેલી પોટ્ટિલા પોતાના પતિને વશ કરવા માટે અનેક માણસોને પૂછવા લાગી. એક દિવસ તેણીના ઘરને વિષે સાધ્વીઓ ગોચરી માટે આવી. એટલે પોટ્ટિલાએ તે મહાસતીઓને પોતાના પતિને વશ કરવાનો ઉપાય પૂછયો. આ વખતે સાધ્વીઓએ કૃપાથી તેણીને ધર્મદેશનાવડે અરિહંતના ધર્મમાં એવી સ્થિર કરી કે જેથી તે તુરત વૈરાગ પામી. પછી પોટ્ટિલાએ દિક્ષા લેવા માટે પોતાના પતિની રજા માગી એટલે મંત્રીએ કહ્યું. " હે પ્રિયે ! જો તું સ્વર્ગમાં દેવપણું પામે છતે મને પ્રતિબોધ કરે તો હું તને ચારિત્ર લેવાની રજા આપું." પોટ્ટિલાએ તે સર્વ વાત અંગીકાર કરી તથા તેને આરાધી દેવલોકમાં મહા સમૃદ્ધિવંત દેવતાપણે ઉત્પન્ન થઇ. પછી તે દેવે સાધુ શ્રાવક વિગેરે અનેક રૂપ ધારણ કરી બહુ પ્રકારે તેતલિસુત પ્રધાનને પ્રતિબોધ પમાડવા માંડયો. પણ તે પ્રતિબોધ પામ્યો નહીં.

પછી તે દેવતાએ એક દિવસ તેતલિસુત પ્રધાન ઉપર કનકધ્વજ ભૂપતિને અત્યંત ક્રોધાતુર કર્યો, જેથી પ્રધાન ભયથી સભાની બ્હાર ચાલ્યો ગયો અને બીજા લોક પણ તેવીજ રીતે વિદાય થયા. અહો ! દેવતાની કેવી અધિક દિવ્ય શક્તિ હોય છે. પછી અત્યંત ભયભ્રાંત થએલો પ્રધાન મૃત્યુ પામવાની ઇચ્છાથી ગલામાં પાશ નાખવા, અંધારા કુવામાં પડવા અથવા અગ્નિમાં ઝંપાપાત કરવા લાગ્યો, પરંતુ દેવતાએ તે સર્વ વૃથા કર્યું. છેવટ વનમાં નાસી જતા એવા પ્રધાનને આગલ ચારે તરફ ખાઇ અને પાછલ ભિલ્લ લોકોના બાણોનો વરસાદ માલમ પડયો. પછી હવે શું કરવું. તેનો કાંઇ રસ્તો ન મલવાથી મૂઢ થએલા તેતલિસુતને પોતાની પોટ્ટિલા યાદ આવી. આ વખતે પેલા દેવતાએ " દુ:ખના ઔષધરૂપ દીક્ષા અંગીકાર કર." એમ કહ્યું. દીક્ષાનું નામ માત્ર સાંભલવાથી જાતિસ્મરણ જ્ઞાન પામેલા તેતલિસુત પ્રધાને પ્રતિબોધ પામીને દેવતાને કહ્યું કે " તું મ્હારા ઉપર ભૂપતિને પ્રસન્ન કર, કારણ

રાજાએ કાઢી મૂકયો અને બીજે તેવું પ્રધાન પદ ન મલવાથી મંત્રીએ દીક્ષા લીધી એવો લોકમાં મ્હારો અપવાદ ન થાય. " પછી દેવતાએ કનકધ્વજ રાજાને શાંત કર્યો તેથી તે ભૂપતિ તુરત સ્નેહથી પ્રધાન પાસે આવી ક્ષમા માગવા લાગ્યો. ભૂપતિએ પ્રધાનને પટ્ટહસ્તિ ઉપર બેસારી અને પોતે છડીદાર થઇ મ્હોટા મહોચ્છવપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. આ અવસરે મંત્રીને પ્રાપ્ત થએલા અખંડ વૈરાગ્યના રંગથી પોટ્ટિલાના જીવ રૂપ દેવતાએ પણ મોટો ઉત્સવ કર્યો. પછી મહા કષ્ટથી કનકધ્વજ ભૂપતિની આજ્ઞા લઇ તેતલિસુત પ્રધાને સાવદ્ય યોગનું પચ્ચખાણુ કર્યું અને ઉત્પન્ન થએલા જાતિસ્મરણુ જ્ઞાનથી પૂર્વે અભ્યાસ કરેલા ચૌદ પૂર્વને સ્મરણુ કરતા તેમણે ચારિત્ર લીધું. અનુક્રમે તે મહામુનિ કેવલજ્ઞાન પામ્યા. જેથી દેવતાઓએ તેમનો કેવલમહોચ્છવ કર્યો. તેતલિસુત મહામુનિએ તેતલિ નામનું અધ્યયન બનાવી કનકધ્વજ ભૂપતિને શીઘ્ર શ્રાવકધર્મી બનાવ્યો. પછી પૃથ્વી ઉપર બહુ કાલ પર્યંત પોતાના વિહારથી અનેક ભવ્ય જનોને પ્રતિબોધ પમાડી તેતલિસુત મુનિ ઉત્કૃષ્ટ એવા અક્ષય પદને પામ્યા. સમૃદ્ધિથી સ્વર્ગની હરિફાઈ કરનારા તેતલિપુર નગરમાં શ્રી પોટ્ટિલાના જીવરૂપ દેવતાએ ઉત્કૃષ્ટ રીતે પ્રતિબોધ પમાડેલો, ઉત્તમ બુદ્ધિવાલો તેતલિસુત પ્રધાન, સંસારનો બંધ કરનારા સાવદ્ય યોગોનું પચ્ચખાણુ કરી, દીક્ષા લઈ અને પૃથ્વી ઉપર વિહાર કરવાથી સર્વ ભવ્ય જનોને પ્રતિબોધ પમાડી મુક્તિરૂપ લક્ષ્મીને પામ્યા.

**' श्रीतेतलिपुत्र ' नामना मुनिवरनी कथा संपूर्ण**

**जिअसत्तु पडिबुद्धो, सुबुद्धिवयणेण उदयनायंमि ॥**
**ते दोवि समणसीहा, सिद्धा इक्कारसंगधरा ॥ ९७ ॥**

સુબુદ્ધિ મંત્રીના વચનથી જિતશત્રુ રાજા ઉદકના દ્રષ્ટાંતને વિષે પ્રતિબોધ પામ્યો. પછી તે બન્ને જણા દીક્ષા લઇ એકાંદશાંગીના ધારણહાર થઇ મોક્ષપદ પામ્યા ॥૯૭॥

## श्रीजितशत्रु नृपति अने सुबुद्धि मंत्रीनी कथा

આ ભરત ક્ષેત્રમાં જાણે અમૃતના મોદથી હર્ષિત એવા દેવતાઓને પ્રિય એવી અમરાવતી હોયની ? એવી ચંપા નામે મહાપુરી છે. ત્યાં મહા પ્રભાવવાલો જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. તેને પ્રેમવાળી તથા ગુણના પાત્રરૂપ ધારિણી નામે સ્ત્રી અને અદીતશત્રુ નામે યુવરાજ હતો. એ રાજાને સર્વ રાજ્યની દેખરેખ રાખનારો, ઉત્તમ બુદ્ધિવાલો, શ્રમણનો ઉપાસક અને ઉત્કૃષ્ટપણે તત્ત્વનો જાણ એવો સુબુદ્ધિ નામે પ્રધાન હતો. પુરીની પાસે એક ખાઈ હતી તેમાં પક્ષી વિગેરેનાં કલેવરોથી વ્યાપ્ત, માંસ, ચરબી, રૂધિર, પાચાદિના સમૂહથી ભરપૂર, ખરાબ દેખાવવાલું, ખરાબ રસ અને ગંધથી નિંદ્ય, અને જોવા માત્રમાંજ દુઃખકારી એવું જળ હતું.

એકદા જિતશત્રુ ભૂપતિએ ભોજનમંડપમાં સરસ આહારનું ભોજન કરી પોતાના સેવકોને કહ્યું. " આહા ! આજે જમેલા ભોજનના વિશ્વને આશ્ચર્યકારી ગંધ,

રસ, સ્પર્શ અને સ્વાદ કેવા સુંદર છે ?" સર્વે સેવકોએ "હા બહુ સારી છે" એમ કહ્યું. પછી ભૂપતિએ મહા પ્રધાન સુબુદ્ધિને પણ કહ્યું કે "હે પ્રધાન આજે સુગંધી અને સુંદર સ્વાદવાલું જે ભોજન થયું છે તેવું પૂર્વે મને કયારે પણ મળ્યું નથી." રાજાનાં આવાં વચન સાંભળી અરિહંતના મતથી જાણી છે સર્વે પુદ્દગલની સ્થિતિ જેણે એવો તથા બુદ્ધિનો સમુદ્ર એવો મંત્રીશ્વર જેટલામાં મૌન ધારણ કરી બેશી રહ્યો તેટલામાં ભૂપતિએ તેને ફરી ફરી તેજ વચન કહ્યું પછી મંત્રીએ ભૂપતિને પ્રતિબોધ પમાડવા માટે તેની આગળ આ પ્રમાણે કહ્યું. "અહો ! જે સારા સ્વાદવાળા અને સુગંધી પુદ્દગલો હોય છે તે પર્યાય પલટી જવાથી વિપરિતપણાને પામે છે. સ્વાભાવિક અથવા પ્રયોગથી સુગંધી પુદ્દગલો દુર્ગંધપણું પામે છે અને દુર્ગંધી પુદ્દગલો સુગંધીપણું પામે છે. એટલુંજ નહિ પણ દુષ્ટ સ્વાદ સારા સ્વાદપણાને, સારો સ્વાદ દુષ્ટપણાને, કુરૂપ સુરૂપપણાને, સુરૂપ કુરૂપપણાને, સુશબ્દ કુશબ્દપણાને અને કુશબ્દ સુશબ્દપણાને પામે છે. આ પ્રમાણે આ સંસારચક્રમાં પુદ્દગલોનું પરાવર્તન થાય છે માટે હે મહારાજાધિરાજ ! વવેકી પુરૂષોએ કોઇ પણ વસ્તુની બહુ નિંદા અથવા પ્રશંસા કરવી નહિ" સુબુદ્ધિ મંત્રીનાં આવાં વચન સાંભળી જિતશત્રુ ભૂપતિ તેના વચન ઉપર અશ્રદ્ધા રાખતો છતો મૌન રહ્યો.

એકદા તે ભૂપતિ પોતાના પરિવારસહિત અશ્વ ખેલવા માટે નગરની બહાર ગયો. આ વખતે રસ્તામાં ખાઇના દુર્ગંધથી પરાભવ પામેલો તે ભૂપતિ વસ્ત્રવડે પોતાના મુખને ઢાંકી બીજા પુરૂષોને કહેવા લાગ્યો "હે ચતુર રાજપુરૂષો ! આ ખાઇના પાણીનો કેવો દુર્ગંધ છે ?" સર્વે પુરૂષોએ કહ્યું "હે સ્વામિન્ ! નિશ્ચે આ પાણીનો બહુ દુર્ગંધ છે પછી જિતશત્રુ ભૂપતિએ મંત્રીને કહ્યું. "હે મહા પ્રધાન ! આ ખાઇના પાણીને વિષે કેવો દુર્ગંધ છે ?" આ પ્રમાણે ભૂપતિએ વારંવાર કહ્યે છતે સુબુદ્ધિ મંત્રીએ તેના હિતને માટેજ ધર્મ વચન કહ્યું. "હે સ્વામિન્ ! આપ મનમાં શુદ્ધ ચિત્તથી વિચાર કરી મેં જે પ્રથમ કહ્યું હતું તેના સરખું આને પણ જાણો. હે નાથ ! પ્રયોગથી અથવા સમાગમથી પુદ્દગલો ક્ષણ માત્રમાં ગંધ, રસ કે સ્વાદવડે પરાવર્તન પામે છે માટે આપ આ ખાઇના પાણીની દુગંચ્છા જીવને સંસારચક્રમાં પાડે છે." પછી મંત્રીનાં આવાં વચનને મનમાં નહિ ધારણ કરતો એવો ભૂપતિ જેટલામાં આગલ પ્રયાણ કરે છે તેટલામાં પ્રધાને વિચાર કર્યો કે "મ્હારે જે તે ઉપાયવડે આ ભૂપતિને પ્રતિબોધ પમાડવો કે જેથી તે દુગંચ્છા ત્યજી દેવાથી સંસારસમુદ્રમાં ન પડે" આ પ્રમાણે વિચાર કરી પ્રધાને ગુપ્ત રીતે તે ખાઈનું પાણી ઘડો ભરી તુરત પોતાને ઘરે મોકલાવ્યું. ત્યાં તેને કોરા ઘડામાં ભરી અંદર ખાર નાખી શુદ્ધ બનાવ્યું. પછી તેને ગળી ફરી નવા ઘડામાં ભર્યું આવી રીતે એકવીશ દિવસ કરવાથી તે પાણી અતિ નિર્મલ જલ રત્ન સમાન થયું. વળી સુગંધિ દ્રવ્યથી સુવાસિત એવું તે પાણી ઉત્તમ એવા ગંધ, રસ અને સ્વાદવડે મનને આનંદકારી થયું.

પછી પ્રધાને તે પાણી ભૂપતિના રસોઇયાને આપીને કહ્યું કે "તમારે આ પાણી ભોજન વખતે **ભૂપતિને** આપવું" રસોઈયાએ પણ ભોજન અવસરે તે પાણી રાજાને આપ્યું પછી તે પાણીને લોકોત્તર રસ, સ્વાદ અને સુગંધવાળુ જાણી સંતોષિત મનવાળા ભૂપતિએ રસોઇયાને પૂછયું. "અરે ! તમે આ અમૃત સમાન પાણી ક્યાંથી લાવ્યા છો ?" રસોઇયાઓએ કહ્યું "હે સ્વામિન્ ! એ પાણી અમને સુબુદ્ધિપ્રધાને આપ્યું છે." ભૂપતિએ મંત્રીને બોલાવી આશ્ચર્યથી પૂછયું. "હે મંત્રિ ! હમણાં તમે આ જલરત્ન ક્યાંથી લાવ્યા છો ?" મંત્રીએ કહ્યું "હે રાજન્ જો આપ મને અભયદાન આપો તો હું તે જળરત્નનું સ્થાન વિગેરે સર્વ કહું." ભૂપતિએ અભયદાન આપ્યું એટલે મંત્રીએ તે પાણીનું યથાર્થ સ્વરૂપ કહી દીધું, પણ તે ભૂપતિના માનવામાં આવ્યું નહીં; તેથી મંત્રીએ ફરી તે પ્રમાણે કરી બતાવ્યું પછી ભૂપતિએ મંત્રીને કહ્યું "હે મંત્રિન્ ! તમે પુદ્ગલોનું આ સ્વરૂપ શી રીતે જાણ્યું ?" મંત્રીએ કહ્યું. "વિશ્વને પ્રકાશ કરનારા જૈનશાસનથી." રાજાએ કહ્યું. "હે સચિવ ! મને જિનશાસનનું સ્વરૂપ કહો. તે સાંભળવાની મને બહુ ઇચ્છા છે." પછી મંત્રીએ એ અરિહંત મતનું સઘળું સ્વરૂપ ઉત્તમ પ્રકારે નિવેદન કર્યું તેથી પ્રતિબોધ પામેલા નૃપતિએ શ્રી અરિહંતના શ્રાવક ધર્મને અંગીકાર કર્યો. ઉત્તમ પ્રકારે ધર્મનું આરાધન કરતા એવા મંત્રી અને ભૂપાલે દીર્ઘકાળ પર્યંત પોત પોતાના ઘરમાં ભોગ સુખ ભોગવે છે.

એકદા સુગુરૂ પાસેથી ધર્મદેશના સાંભળી પ્રતિબોધ પાપલા મંત્રી અને ભૂપાલ બન્ને જણાએ પોત પોતાને પદે પુત્રોને સ્થાપન કરી સદ્ગુરૂ પાસે ભાવથી ઉત્તમ ચારિત્ર લીધું. અનુક્રમે બન્ને જણા એકાદશાંગી સૂત્રના તથા અર્થના જાણ થયા. અતિચારરહિત ઉત્તમ ચારિત્રને પાળી તથા અનેક ભવ્ય જનોને પ્રતિબોધ પમાડી મહાશય એવા તે બન્ને જણા સિદ્ધિપદ પામ્યા. સુબુદ્ધિ મંત્રી પાસેથી ખાઈના જળના દ્રષ્ટાંતને સાંભળી તુરત જિતશત્રુ રાજા પ્રતિબોધ પામ્યો પછી ઉપશમ રસવાળા બન્ને જણા ( સુબુદ્ધિ મંત્રી અને જિતશત્રુ રાજા ) સાથે દીક્ષા લઈ બહુ ભવના એકઠા થએલા ઘાઢ પાપને નાશ કરી મોક્ષપદ પામ્યા.

**'श्री जितशत्रु' नामना राजा तथा 'सुबुद्धि' नामना मंत्रीनी कथा संपूर्ण.**

**उववन्नो जोणज्जे, सुदट्ठुमुसभस्स समजडिं पडिमं ॥**
**पच्चइओ जेण पुणो, चरणाचरणाउ इणंमि ॥ ९८ ॥**
**अप्पा विमोइओ अ, भावबंधणा दव्वबंधणाओ करी ॥**
**लद्धजओ परतित्थिसु, सो अद्दरिसी सिवं पत्तो ॥ ९९ ॥**

જે અનાર્ય દેશમાં ઉત્પન્ન થયા, જેમણે આદિનાથની જટાવાળી સુવર્ણપતિમા જોઇ પ્રવ્રજ્યા લીધી અને જેમણે ચારિત્ર પાળવાને અવસરે અર્થાત્ મોહનીય કર્મ

ઉદય આવ્યે છતે ફરી ગૃહસ્થપણું અંગીકાર કર્યું; વળી જેમણે પુત્ર અને સ્રીના પ્રેમરૂપ ભાવબંધનથી પોતાના આત્માને છોડાવ્યો તથા દ્રવ્ય બંધનથી હસ્તિને છોડાવ્યો, તેમજ જેમણે પર તીર્થિઓને વિષે વિજય મેળવ્યો તે શ્રી આર્દ્રકુમારમુનિ મોક્ષ પામ્યા. ૯૮-૯૯

न दुक्करं वारणपासमोअणं, गयस्स मत्तस्स वणंमि रायं ॥
जहाउ अक्का बलिएण तंतुणो, तं दुक्करं मे पडिहायमोअणं ॥ १०० ॥

(શ્રી શ્રેણિકાદિકના પૂછવા ઉપરથી આર્દ્રકમુનિ કહે છે.) હે રાજન્! જેવી રીતે મને કાચા સૂતરના તાંતણાથી મૂકાવું દુષ્કર લાગે છે તેવી રીતે વનખંડમાં મદોન્મત હસ્તિને વારણપાસથી મૂકાવું દુષ્કર નથી લાગતું. ૧૦૦

## ॐ 'श्रीआर्द्रकुमार' नामना मुनिवरनी कथा ॐ

જંબૂદ્વીપના આ ભરતક્ષેત્રમાં ઇંદ્રપુર સમાન લક્ષ્મીના નિવાસ સ્થાનરૂપ વસંતપુર નામે નગર છે. તે નગરમાં સોમાદિત્ય નામનો પ્રસિદ્ધ વિદ્વાન્ અને ઉત્તમ એવો બ્રાહ્મણ વસતો હતો. તેને ઘણા પ્રેમવાળી બંધુમતિ નામે પ્રિયા હતી. સોમાદિત્યને ઘરનાં સર્વ કાર્ય કરનારો અને પીડાને નાશ કરનારો તેમજ ગુણલક્ષ્મીએ કરી પવિત્ર એવો એક વણિક મિત્ર હતો.

એકદા સોમાદિત્ય વિપ્ર સૂર્યાચાર્ય પાસે ઉત્તમ દેશના સાંભલી પોતાના મિત્ર અને સ્રી સહિત વૈરાગ્યવાસિત થયો, તેથી તેણે તેઓની સાથે તે સુગુરૂ પાસે આગ્રહથી સર્વાર્થને આપનારી દીક્ષા લીધી. જો કે તે સોમાદિત્ય મુનિ વૈયાવચ્ચ, તપ અને સર્વ સિદ્ધાંતનું અધ્યયન ઇત્યાદિ ધર્મ કાર્યવડે નિરંતર અતિ પવિત્ર એવા ચારિત્રને પાલતા હતા. તોપણ તે, મિત્રે વાર્યા છતાં જાતિમદ કરતા હતા. તેથી તેમણે નીચ ગોત્ર કર્મ ઉપાર્જન કર્યું. એક દિવસ સોમાદિત્ય મુનિએ બંધુમતિ સાધ્વીને દીઠી તેથી પૂર્વનો તેણીની સાથેનો સંભોગ યાદ આવવાથી તેમનું મન તે સાધ્વી ઉપર બહુ રાગવાલું થયું. જો કે પોતે શુભ ભાવનાથી ચિત્તનો નિરોધ કરવા લાગ્યા તો પણ રાગને લીધે તેમ કરવા સમર્થ થઇ શક્યા નહીં. તેથી તેમણે સાધુઓના સમૂહની આગલ નિવેદન કર્યું કે “ હે મહા મુનિઓ ! હું જ્યારે દૃષ્ટિથી બંધુમતી સાધ્વીને જોઉં છું ત્યારે મ્હારૂં ચિત્ત તુરત તેણીના ઉપર બહુ રાગવાલું થાય છે, માટે હે પૂજ્યો ! પાપાત્મા અને પાપ મનવાલો હુ શું કરૂં ? ”

અહિં બંધુમતી સાધ્વીએ પણ પોતાના કર્મબંધના કારણ રૂપ તે વ્યતિકર જાણી તુરત પોતાના શીલની રક્ષા કરવા માટે પોતાની ગુરૂણીને પૂછી અનશન લીધું. શુભ આશયવાલી તે મહા સતી વિધિ પૂર્વક આરાધના કરી સ્વર્ગ પ્રત્યે ગઇ. બંધુમતી સાધ્વીની સ્વર્ગગતિ સાંભલી સોમાદિત્ય મુનીશ્વર, પોતાના મનમાં ઉત્પન્ન થએલા પશ્ચાતાપથી વિચાર કરવા લાગ્યા. “ હા હા ! મ્હારા મનના દુષ્ટ પરિણા-

મને જાણી એ મહાસતી બંધુમતીએ શીલરક્ષા માટે પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. આ ઘોર મહા પાપથી મલીન થએલા અને દુરાત્મા એવા મ્હારે હમણાં જીવવામાં શો લાભ છે ? " આ પ્રમાણે વિચાર કરી અનશન લઇ તે મહામુનિ પોતાના દઢ એવા તે દુગંચ્છા કર્મને આલોચ્યા વિના શુભ ધ્યાનથી મૃત્યુ પામીને સ્વર્ગ પ્રત્યે ગયા. પવિત્ર ચારિત્રવાલા મિત્ર સાધુ પણ આયુષ્ય પૂર્ણ થયે શુભ ભાવથી મૃત્યુ પામીને સ્વર્ગમાં દેવતાપણે ઉત્પન્ન થયો,

હવે સોમાદિત્યનો જીવ સ્વર્ગથી ચવીને અનાર્ય એવા આદ્રક દેશમાં આર્દ્રકિ નામના ભૂપતિનો આર્દ્રકુમાર નામે શ્રેષ્ટ પુત્ર થયો. મિત્રનો જીવ પણ સ્વર્ગથી ચવી શ્રેણિક રાજાની નંદા રાણીનો અભયકુમાર નામે પવિત્ર પુત્ર થયો, છેવટ બંધુમતી સાધ્વીનો જીવ પણ સ્વર્ગથી ચવી વસંતપુરમાં ધનશ્રી નામે શ્રેષ્ઠી પુત્રી થઇ. ઉત્તમ પુણ્યના યોગથી વૃદ્ધિ પામતો આર્દ્રકકુમાર અનુક્રમે અનુપમ કલાકેલિના મંદીર રૂપ યૌવન અવસ્થા પામ્યો. આ વખતે શ્રી શ્રેણિક મહારાજાએ પૂર્વથી ચાલતી આવતી પ્રીતિની વૃદ્ધિને અર્થે હર્ષથી આર્દ્રકી રાજાને ભેટ મોકલી. આ વખતે શ્રી માન્ આર્દ્રકકુમાર પોતાના પિતા પાસે બેઠો હતો. તેથી તે આવેલી ભેટ જોઈ વિસ્મયથી વિચાર કરવા લાગ્યો " શ્રીશ્રેણિક ભૂપતિ હમણાં મ્હોટો રાજા સંભલાય છે. અને તે મ્હારા પિતાનો મિત્ર છે તો મ્હારે પણ તેના પુત્રની સાથે મૈત્રી કરવી જોઈએ. " આમ ધારી તેણે ભેટ લઇ આવેલા માણસોને પોતાના મેહેલમાં બોલાવીને પૂછયું કે " શ્રી શ્રેણિક રાજાને કોઈ એવો પુત્ર છે કે જે સદ્ગુણીની સાથે હું પણ મૈત્રી કરૂં ? " શ્રી શ્રેણિક રાજાને મહા બલવંત એવા ઘણા પુત્રો છે. પરંતુ તેઓમાં સુકૃતી, સર્વ ગુણયુક્ત, મિત્ર ઉપર સ્નેહ રાખનારો અને કર્યા ગુણનો જાણ એવો અભયકુમાર નામનો મુખ્ય પુત્ર છે. " અભયકુમારનું નામ સાંભલી આર્દ્રકકુમાર પૂર્વ જન્મના અનુરાગથી બહુ આનંદ પામ્યો. પછી તેણે તે રાજપુરૂષોને કહ્યું. " હે ભદ્રો ! તમે જ્યારે પોતાના પુર પ્રત્યે જાઓ ત્યારે અભયકુમાર માટે મ્હારી ભેટ તથા પત્ર લઈ જજો. તે વિના તમારે જવું નહીં. વલી તમારે તે મિત્રને મ્હારા સ્નેહ પૂર્વક આદરથી પ્રણામ કહેવા. " પછી રાજ પ્રસાદને લઈ તે શ્રેણિક રાજાના પુરૂષો પોતાના પુર પ્રત્યે જવાની તૈયારી કરતા આર્દ્રકકુમાર પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યા. " હે કુમાર! અભયકુમાર માટે ભેટ અને પત્ર આપો. અમે નિશ્ચે આજે રાજગૃહ નગર પ્રત્યે જવાના છીએ. " પછી અતિ હર્ષ પામેલા આર્દ્રકકુમારે પોતે મિત્ર અભયકુમાર માટે ભેટ સહિત પત્ર તે રાજપુરૂષોને આપ્યો. રાજપુરૂષો ચાલ્યા અને થોડા દિવસમાં રાજગૃહ નગર પ્રત્યે આવી પહોંચ્યા. ત્યાં તેઓએ આદ્રક દેશના અધિપતિના સર્વ સમાચાર હર્ષપૂર્વક શ્રેણિક રાજાને કહ્યા. અને આર્દ્રકુમારે મોકલાવેલ પત્રસહિત ભેટ અભયકુમારને આપી. અભયકુમારે કહ્યું. " હે ભદ્રો ! આ ભેટ કોની છે અને

આ પત્ર પણ કોણે મોકલાવેલો છે તે હમણાં સ્પષ્ટ કહો ? " રાજપુરૂષોએ કહ્યું. " હે નરેશ્વર ! આદ્રન દેશના આર્દ્રકિ ભૂપતિના પુત્ર આર્દ્રકકુમારે એ બન્ને વસ્તુ આપના માટે મોકલી છે. " એમ કહીને તે સર્વે રાજપુરૂષો, અભયકુમારને નમસ્કાર કરી ઉભા રહ્યા. પછી અભયકુમારે સત્કાર કરી રજા આપેલા સર્વે પુરૂષો સંતોષ પામતાં છતાં પોત પોતાના ઘર પ્રત્યે ગયા.

હવે પાછલ અભયકુમાર ભેટમાં આવેલી મુક્તાફલાદિ અમૂલ્ય વસ્તુ જોઇ હર્ષ પામતો છતો પોતે આર્દ્રકકુમારે મોકલેલો પત્ર વાંચવા લાગ્યો. " પ્રેમ રૂપ અમૃતના સમુદ્ર સમાન હે બંધુ અભયકુમાર ! તમારૂં નામ સાંભલવાથી હું તમારે વિષે બહુ અનુરક્ત થયો છું. માટે હવે પછી તમે મ્હારા મિત્ર અને ઈષ્ટ બંધુ છો. અહો ! સર્વથી નિવૃત્ત થયેલું મ્હારૂં મન તમારે વિષે લીન થયું છે. " આવા પત્રને વાંચી અભયકુમાર વિચારવા લાગ્યો. " જો કે આ આર્દ્રકુમાર મારી સાથે મૈત્રી કરવા ઇચ્છે છે. તો એ નિશ્ચે આસન્નસિદ્ધિવાળો હોવો જોઇએ. કારણ મારી સાથે બહુલ કર્મી જીવ મૈત્રી કરતો નથી. હું જાણું છું કે તેણે પૂર્વ ભવમાં વ્રતની બહુ વિરાધના કરી છે અને તેથીજ તે અનાર્યદેશમાં મ્લેચ્છ કુલને વિષે ઉત્પન્ન થયો છે. માટે મ્હારે એને નિશ્ચે સર્વ ઉપાયવડે પ્રતિબોધ પમાડવો. કારણ એમ ન કરૂં તો એને મ્હારી સાથે મૈત્રી કર્યાનો લાભ શો ? " આવી રીતે વિચાર કરીને અભયકુમારે હર્ષથી સુવર્ણની શ્રી આદિનાથની જટાવાલી રમ્ય પ્રતિમા કરાવી. પછી તેણે ધુપધાણું ઘંટાદિ નાના પ્રકારનાં ઉપકરણસહિત તે પ્રતિમા એક પેટીમાં મૂકી પેટીને બરાબર બંધ કરી અને પોતાના સેવકોને બોલાવીને કહ્યું કે " આ પેટી લઈ તમે આદ્રન દેશમાં જાઓ અને ત્યાં આર્દ્રકિ ભૂપના પુત્ર અર્દ્રકકુમારને તે પેટી આપીને કહેજો કે તમારે આ પેટી એકાંતે ઉઘાડવી. તેમજ અભયકુમારનો સાધુ પુરૂષોને આભૂષણરૂપ પ્રણામ અંગીકાર કરવો. " આવી અભયકુમાર મંત્રીની શિખામણ લઇ તે રાજપુરૂષો શુભ દિવસે આદ્રન દેશ તરફ વિદાય થયા. અનુક્રમે તેઓએ આદ્રનદેશ પ્રત્યે જઈ આર્દ્રકુમારને પ્રણામ કરી તેની આગળ પેટી મૂકીને કહ્યું કે " હે સ્વામિન્ ! આપના મિત્ર અભયકુમારે પ્રેમથી આ ભેટ આપને મોકલાવી છે આપે આ પેટી એકાંતમાં ઉઘાડવી અને તેની અંદર રહેલી વસ્તુ યત્નથી લેવી. " રાજપુરૂષોનાં આવાં વચન સાંભળી તથા પેટીરૂપ ભેટ જોઇ અત્યંત સંતુષ્ટ થએલા આર્દ્રકુમારે તે રાજપુરૂષોને કહ્યું. " હું ધન્ય છું, કૃતપુણ્ય છું તેમજ આજે મ્હારો જન્મ સફલ થયો. કારણકે અભયકુમારે આવી ભેટ મોકલી મ્હારા ઉપર અનુગ્રહ કર્યો છે. " એમ કહી હર્ષિત હૃદયવાલા આર્દ્રકુમારે અન્ન, વસ્ત્ર આભૂષણાદિકથી તે રાજપુરૂષોને સત્કાર કરવા પૂર્વક તુરત વિદાય કર્યા. પછી હર્ષિત મનવાલા આર્દ્રકુમારે તે પેટીને એકાંતમાં લઈ જઇ ઉઘાડી તો તેમાં તેમણે ધુપધાણું, ઘંટા વિગેરે નાના પ્રકારના ઉપકરણો સહિત સુવર્ણમય શ્રી અદિનાથની પ્રતિમા દીઠી. " મ્હારા પ્રિય મિત્ર અભય-

કુમારે આ તે શું આભૂષણ મોકલ્યું હશે ? ” એમ વિચાર કરતા આર્દ્રકુમારે પોતાના હાથ, પગ, મસ્તક, કંઠ, હૃદય અને શ્રવણાદિકને વિષે તે સુવર્ણમય જિનપ્રતિમા બાંધી જોઇ પણ તેથી તે કાંઈ શોભા પામ્યો નહીં. પછી તે પ્રતિમાને પોતાની સામે બાજોઠ ઉપર મૂકી અને નિહાળી ઉહાપોહ કરતા શુદ્ધ બુદ્ધિવાલા તે આર્દ્રકુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, તેથી તે વિચાર કરવા લાગ્યો કે “ અહો ! માન દુગંચ્છા કરવાથી સંયમને વિરાધી હું અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો છું. માટે ધિક્કાર છે મને, પરંતુ ધન્ય તો તે એકજ છે કે જે અભયકુમારે શ્રી અરિહંતની પ્રતિમા મોકલી મને પ્રતિબોધ પમાડી મ્હારા ઉપર ઉપકાર કર્યો. હવે પછી એ મ્હારો પરમ મિત્ર છે. કારણ એણે મને ધર્મ પમાડી મારા ઉપર બહુ ઉપકાર કર્યો છે. કહ્યું છે કે:—

कस्तस्मात्परमो बंधुः, प्रमादाग्निप्रदीपिते ॥
यो मोहनिद्रया सुप्तं, भवगेहे प्रबोधयेत् ॥ १ ॥

પ્રમાદરૂપ અગ્નિથી બળતા સંસાર રૂપ ઘરને વિષે મોહરૂપ નિદ્રાથી સુતેલા પુરૂષને જે જગાડે તેના વિના બીજો કયો ઉત્તમ મિત્ર છે ? અર્થાત્ કોઈ નથી. માટે હવે હું આર્ય દેશ પ્રત્યે જઇ સંયમ લઇશ. ” આ પ્રમાણે વિચાર કરી તથા તે સુવર્ણરૂપ જિનેશ્વરની પ્રતિમાનું ભક્તિથી પૂજન કરી આર્દ્રકુમાર પોતાના પિતાને કહેવા લાગ્યો. “ હે તાત ! અભયકુમાર મિત્રે મ્હારી સાથે એવી પ્રીતિ કરી છે કે હું તેના વિના રહી શકતો નથી. માટે આપ મને એક વખત આજ્ઞા આપો કે જેથી એકવાર તેને મળી ઝટ પાછો અહિં આવું. ” પિતાએ કહ્યું. “ હે વત્સ ! તેં એ યોગ્ય કહ્યું છે. પણ તે અમને સુખકારી નથી, કારણ અમારા શત્રુઓ પગલે પગલે હોય છે. રાજ્યના સર્વ ભારને ધારણ કરવામાં સમર્થ એવો તું અમારો એકનો એક પુત્ર છે માટે ત્હારે સર્વથા અભયકુમારની પાસે જવું નહીં. હે વત્સ ! ત્હારે અહિંયાંજ રહીને અદ્ભૂત વસ્તુ મોકલવાથી તેની સાથે પ્રીતિ વધારવી. ” પિતાએ આ પ્રમાણે નિષેધ્યો એટલે ભવથી ઉદ્વેગ પામેલો તે આર્દ્રકુમાર બહુ શોકાતુર થયો. આર્દ્રકિ ભૂપના મનમાં આ વાત જાણવામાં આવી તેથી તેણે પુત્રના રક્ષણ માટે તેની પાસે પોતાના પાંચસે સુભટો રાખ્યા. જેમ તારાઓ ચંદ્રને વિંટલાઈને રહે તેમ તે પાંચસે સુભટો હંમેશાં આર્દ્રકુમારને વિંટલાઇને રહેતા હતા.

પછી શંકાયુક્ત ચિત્તવાળો બુદ્ધિવાળો અને કાર્યનો જાણ એવો આર્દ્રકકુમાર પાંચસે સુભટોની સાથે હંમેશાં નગરની બ્હાર અશ્વ ખેલાવવા જવા લાગ્યો. સુભટો જોતાં છતાં શુદ્ધ બુદ્ધિવાલો આર્દ્રકકુમાર પોતાના અશ્વને ખેલાવતો ખેલાવતો પોતે દિવસે દિવસે વધારે વધારે દૂર જાય અને પાછો આવે. “ અહો ! આ કુમાર અશ્વ ખેલાવવાનો કેવો સારો અભ્યાસ કરે છે ? ” એવો તેણે હમેશાં તે સર્વે સુભટોના

મનમાં વિશ્વાસ ઉત્પન્ન કર્યો. પછી આર્દ્રકુમારે ગુપ્ત રીતે પોતાના વિશ્વાસુ પુરૂષો પાસે જિનપ્રતિમાસહિત બહુ રત્નાદિ વસ્તુઓથી ભરપુર એવું એક વહાણ તૈયાર કરાવ્યું. અને પોતે અશ્વ ખેલાવવાના મીષથી નાસી જઈ તુરત વહાણ ઉપર ચડી વિદાય થયો. કેટલાક દિવસે તે આર્યદેશ પ્રત્યે આવી પહોંચ્યો. પછી તે આર્દ્રકકુમાર તુરત અભયકુમાર તરફ જિનપ્રતિમા મોકલી, સાત ક્ષેત્રમાં રત્નાદિ સર્વ દ્રવ્યનો વ્યય કરી અને જેટલામાં વ્રત લેવા માટે પંચમુષ્ટી લોચ કરે છે તેટલામાં આકાશમાં રહેલી શાસનદેવીએ તેને કહ્યું કે "હે આર્દ્રકુમાર ! હજુ હ્હારે ઉગ્ર એવું ભોગાવલી કર્મ બાકી છે માટે તું હમણાં મુક્તિને પ્રતિબંધ કરનારૂં વ્રત ન અંગીકાર કર, કારણ કે વ્રતની વિરાધના કરતાં વ્રત ન લેવું તે વધારે સારૂં છે." દેવતાનું કહેવું સાંભળી આર્દ્રકુમારે વિચાર્યું જે "શું મ્હારૂં ભોગાવલી કર્મ એવું સમર્થ છે કે તે મ્હારા તપની આગળ ટકી શકે ? આમ ધારી જાતિસ્મરણ જ્ઞાનથી જાણ્યો છે પૂર્વ ભવનો સાધુનો આચાર જેણે એવો તે આર્દ્રકુમાર, તુરત વ્રત અંગીકાર કરી ચાલી નિકળ્યો. રાજગૃહ નગર તરફ જતા એવા તે સાધુના આચારવાળા મહામુનિને રસ્તામાં વસંતપુર નગર આવ્યું. પછી તે નગરની બહારના દેવમંદિરમાં આર્દ્રકુમાર મુનિ જેટલામાં મેરૂ પર્વતની પેઠે નિશ્ચલપણે કાયોત્સર્ગે રહ્યા, તેટલામાં શ્રેષ્ઠીપુત્રી ધનશ્રી કે જે તેમના પૂર્વભવની સ્ત્રી થતી હતી તે બાલિકા બીજી કેટલીક કન્યાઓની સાથે ત્યાં ક્રીડા કરવા આવી. પછી તે કન્યાઓ પરસ્પર "હે સખિઓ ! આપણે સારા વરને વરીએ" એમ કહીને તેણીઓએ દેવમંદીરની અંદર રહેલા સ્તંભોને "આ મ્હારો પતિ, આ મ્હારો પતિ" એમ કહીને વર્યા. અંધકારને લીધે ધનશ્રીને એકે સ્તંભ મલ્યો નહીં તેથી તેણીએ તુરત આર્દ્રકકુમારને પકડી "આ મ્હારો પતિ" એમ કહી જેટલામાં અંગીકાર કર્યો તેટલામાં આકાશમાં ઉભેલા દેવતાએ કહ્યું "આ સર્વે કન્યાઓએ મુગ્ધપણાથી વેગવડે સ્તંભોનેજ વર્યા પણ ધનશ્રીએ તો ત્રણભુવનમાં શ્રેષ્ઠ એવો વર વર્યો." એમ કહીને દેવતાઓએ આકાશમાં દેવદુંદુભિનો શબ્દ કરી સાડી બાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી. દેવદુંદુભિનો શબ્દ સાંભલી ધનશ્રી આર્દ્રકુમાર મુનિના ચરણમાં પડી અને તે મહામુનિના પગને મજબુત પકડી સ્થિર થઇ. ઉત્તમ બુદ્ધિવાળા આર્દ્રકુમાર મુનિ પણ મહા ઉપસર્ગ પ્રાપ્ત થયો જાણી કષ્ટથી ધનશ્રીના હાથમાંથી પોતાના ચરણને છોડાવી તુરત અન્યત્ર વિહાર કરી ગયા.

હવે વસંતપુર ભૂપાલ રત્નાદિની વૃષ્ટિ સાંભલી તુરત તે લેવા માટે ત્યાં આવ્યો. પણ શાસનદેવીએ નિવાર્યો અને કહ્યું કે "હે ભૂપતિ ! મેં એ ધનશ્રી સુકન્યાને પાણિગ્રહણમાં તે સુવર્ણ રત્નાદિ સર્વ આપ્યું છે માટે તે લેવાનો બીજાને અધિકાર નથી." શાસનદેવીનાં આવાં વચન સાંભલી વસંતપુર ભૂપતિ પાછો ચાલ્યો ગયો. ધનશ્રીએ પણ રત્નાદિ સર્વ દ્રવ્ય લઇ ઘરે આવી પોતાના પિતાને સોંપ્યું.

પછી અનેક ધનવંત શ્રેષ્ઠીઓ પોતાના પુત્રને અર્થે તે ભાગ્યવતી કન્યાનું માગું

કરવા ધનશ્રીના પિતા પાસે તેના ઘરે આવવા લાગ્યા. તેઓને આવીને ગયા જાણી ધનશ્રીએ પોતાના પિતાને પૂછયું. " હે તાત ! તે સર્વ વ્યવહારીઆઓ આપણા ઘરે શા માટે આવ્યા હતા ? " શ્રેષ્ઠીએ કહ્યું. " હે પુત્રી ! આ સર્વે પુરૂષો પોત પોતાના પુત્રને અર્થે ત્હારૂં માગું કરવા આવ્યા હતા, માટે હવે તું ત્હારો પોતાનો ભાવ મને જણાવ. " ધનશ્રીએ કહ્યું. નિર્મલ કુલમાં ઉત્પન્ન થએલી ઉત્તમ કન્યાઓનું એકવાર પાણીગ્રહણ થાય છે. જેના પાણીગ્રહણ વખતે દેવતાએ મને સાડાબાર ક્રોડ દ્રવ્ય આપ્યું છે, તેજ મારો આ ભવનો પતિ છે. અન્યથા મારે જવાલાથી વિકરાલ એવો અગ્નિજ શરણ છે. માટે તમારે મારા બીજા વરને માટે જરાપણ ચિંતા કરવી નહિ, " પુત્રીનો આવો કદાગ્રહ જાણી શ્રેષ્ઠીએ કહ્યું. " નિસ્પૃહી એવા તે સાધુ ત્હારો પાણીગ્રહણ શી રીતે કરશે ? વલી પોતાની મેળે ત્હારા હાથમાંથી પોતાના પગ છોડાવી રાત્રીને વખતેજ નાસી ગએલા તે એકલા અને અસ્થિર મુનિને શી રીતે ઓલખી શકાય ? " ધનશ્રીએ કહ્યુ. " એમને હુંજ ઓલખીશ, કારણ મેં વિજલીના પ્રકાશથી એ મહા મુનિના પગને વિષે પદ્મ દીઠું છે. " પિતાએ કહ્યું. " હે વત્સે ! જો. એમ છે તો તું મારી દાનશાલામાં રહી નિરંતર યાચક જનોને સ્વેચ્છા પ્રમાણે દાન આપ, અને આપવાને વખતે નિત્ય સાવધપણાથી તેને ઓલખવા માટે સર્વ યાચકોના પગ જો. કદાચિત્ ત્હારા ભાગ્યયોગે જો તે મુનિ અહિં આવી ચડે તો ત્હારે મને ઝટ નિવેદન કરવું. " પિતાની તે આજ્ઞા માન્ય કરી ધનશ્રી સ્વેચ્છા પ્રમાણે યાચક જનોનો દાન આપતી છતી દાનશાલામાં રહેવા લાગી.

હવે અભયકુમારને મલવા માટે જતા એવા આર્દ્રકુમાર મુનિ, હંમેશાં રાજગૃહ નગર તરફ પગ રાખીને રાત્રીએ સુતા. એક દિવસ તે મહા મુનિનું ઉગ્ર એવું ભોગાવલી કર્મ ઉદય આવ્યું જેથી રાત્રીએ સુતેલા તે મુનિના પગને સ્થાનકે મસ્તક આવી ગયું. પછી તે મહામુનિ પોતાના પગને અનુસારે હંમેશની માફક ચાલવા લાગ્યા અને કેટલેક દહાડે પાછા વસંતપુર નગરે આવી પહોંચ્યા. ત્યાં પોતાના ભોગાવલી કર્મે પ્રેરેલા તે ધીર મહા મુનિ, ભિક્ષાને અર્થે ધનશ્રીની દાનશાલા પ્રત્યે ગયા. શુદ્ધ ભોજન વહોરાવતી એવી ધનશ્રીએ તે મુનિના ચરણમાં પદ્મ દીઠું, તેથી તેણીએ તુરત તે મહામુનિને ઓળખ્યા. તુરત પોતાના પિતાને મુનિના આગમનની વાત જણાવીહર્ષના આંસુનો વિસ્તાર કરતી ધનશ્રી મુનિના ચરણમાં પડી કહેવા લાગી કે " હે સ્વામિન્ ! તે રાત્રીએ મ્હારા હાથમાંથી બલવડે પોતાના પગ છોડાવી નિરાશ્રિત એવી મને ત્યજી દઈ ચાલ્યા ગયા હતા, પણ આજે શીરીતે જશો ? શ્રેષ્ઠી પણ રાજા વિગેરેને સાથે લઇ ત્યાં આવ્યો અને આર્દ્રકુમાર મુનિને પ્રણામ કરી હાથજોડી કહેવા લાગ્યો. કરૂણારસના સમુદ્ર અને વિશ્વના જીવોને હિતકારી હે મુનીશ્વર ! તમારાજ એક શરણે રહેલી આ બાળાને જો તમે પરણશો નહીં તો નિશ્ચે તે અગ્નિમાં પ્રવેશ કરી પોતાના પ્રાણનો ત્યાગ કરશે. કારણ એ તમારા વિના બીજા પતિને

ઇચ્છતી નથી. માટે હે ઉત્તમ પુરૂષ ! કૃપા કરી તેનું પાણીગ્રહણ કરો, કે જેથી તમને ઘોર એવું સ્ત્રીહત્યાનું પાપ ન લાગે" ભૂપતિએ પણ તેમજ કહ્યું, તેથી આર્દ્ર-કુમાર મુનિએ પોતાના ભોગાવલી કર્મનો ઉદય જાણી તથા દેવતાના વચનનું સ્મરણ કરી તેજ વખતે ધનશ્રીનો પાણી ગ્રહણ કર્યો પછી દેવતાએ પૂર્ણ આપેલી સંપત્તિવાલા આર્દ્રકુમારે તે ધનશ્રીની સાથે બહુ ભોગો ભોગવ્યા. કેટલાક કાલે તેઓને ઉત્તમ લક્ષણવાલો પુત્ર થયો. અનુક્રમે વૃદ્ધિ પામતો તે પુત્ર જ્યારે પાંચ વર્ષનો થયો ત્યારે આર્દ્રકુમારે પોતાની પ્રિયા ધનશ્રીને કહ્યું કે "હે પ્રિયે ! હવે તને નિરંતર આધાર રૂપ આ પુત્ર થયો છે, માટે મને ફરી દીક્ષાને માટે આજ્ઞા આપ, કારણ મેં વ્રતને માટેજ પ્રથમ મ્હારૂં મ્હોટું રાજ્ય ત્યજી દીધું છે." તપાવેલા કથીર સરખા પતિના વચનને નહિ સદ્દહતી ધનશ્રી વિચારવા લાગી. "ધિક્કાર છે મને જે મ્હારા કુકર્મનો ઉદય થયો. હમણાં પતિ વ્રત લેવા તૈયાર થયા, પુત્ર બાલ છે અને હું નવયૌવના છું તેથી હું નથી જાણતી કે શું થશે." પછી તત્કાલ ઉત્પન્ન થએલી બુદ્ધિવાળી ધનશ્રી પુત્રને કાંઇ શીખવાડી પતિ સુઇ ગયે છતે પોતે કાંતવા લાગી. આ વખતે પુત્ર નિશાળેથી આવ્યો અને માતાને કાંતતી જોઇ ગાઢ સ્વરથી કહેવા લાગ્યો. "અરે માતા ! ગરીબ માણસને યોગ્ય એવું આપણા ઘરને વિષે આ કાંતવું શું ?" માતાએ કહ્યું "હે વત્સ ત્હારા પિતા હમણાં દીક્ષા લેવાના છે અને તું બાળ હોવાથી દ્રવ્ય કમાવા શિખ્યો નથી માટે નિશ્ચે કાંતવાથી મ્હારો નિર્વાહ થશે." પુત્રે કહ્યું "હે માત ! ત્હારે આવું અમંગલિક ન બોલવું. હું બંધનથી બાંધીને મ્હારા પિતાને ઘેર રાખીશ. હે માત ! તું હમણાં મને ઝટ સૂતરની દડી આપ કે જે સૂતરથી હું મ્હારા પિતાને હમણાંજ બાંધી લઉં" પછી માતાએ પુત્રને સુતરની દડી આપી. પુત્ર સૂતરના ત્રાગથી જેટલામાં પોતાના પિતાને બાંધે છે તેટલામાં કપટનિદ્રાથી સૂતેલા આર્દ્રકુમાર આ સર્વ વાત સાંભળી મોહથી પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા. "હમણાં પુત્ર મને જેટલા ત્રાગથી વિંટશે તેટલા વર્ષ સુધી મ્હારે નિશ્ચે ગૃહવાસમાં રહેવું." આ વખતે પુત્રે તેમને સૂતરના ત્રાગથી તુરત બાર વાર વીંટી લીધાં. પછી તુરત આર્દ્રકુમારે ઉઠીને તથા સૂતરના ત્રાગ ગણીને તે પોતાની પ્રિયાને કહ્યું "હે ભદ્રે ! પુત્રે મને સૂતરના બાર ત્રાગવડે વિંટયો છે. માટે હું બાર વર્ષ સુધી ગૃહવાસમાં રહીશ. જેથી તું ચિત્તમાં ખેદ ન કરતાં હર્ષ પામ." પછી સંતુષ્ટ થએલી ધનશ્રીએ પુત્રને આલિંગન કરીને કહ્યું. "હે વત્સ ! ત્હારા સમાન બીજો કયો પુત્ર હોય કે જેણે માતાની આશા પણ પૂર્ણ કરી." પછી ધન-શ્રીની સાથે મરજી પ્રમાણે ભોગ ભોગવતા આર્દ્ર કુમારને સુખમાં એક વર્ષની પેઠે બાર વર્ષ નીકળી ગયાં.

પછી બાર વર્ષને અંતે એક દિવસ રાત્રીના પાછલા પહોરે નિદ્રામાંથી જાગૃત થએલા આર્દ્રકુમાર મનમાં વિચાર કરવા લાગ્યા. "હા હા ! મેં નિશ્ચે પૂર્વભવને

વિષે મહાવ્રત વિરાધ્યું હતું તે કર્મથી હું આ ભવમાં અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો. વળી આ ભવમાં પણ મેં ચારિત્રને ભાંગ્યું તો આવતા ભવમાં મ્હારૂં કેવું મ્હોટું અશુભ થશે? માટે હવે શુદ્ધ સંયમને અંગીકાર કરી તેને સાવધાનપણાથી પાળું શ્રીજિનેશ્વરોએ પણ આગમમાં કહ્યું છે કે:—

पच्छावि ते पयाया, खिप्पं गच्छंति अमरभवणाइं ॥
जेसिं पिउतवो संजमो अ, खंती अ बंभचेरं च ॥ १ ॥

જેમને વૃદ્ધ અવસ્થામાં પણ દીક્ષા લઈને તપ સંયમ અને બ્રહ્મચર્ય પાલન કરનારા છે, તે શીઘ્ર દેવલોકમાં જાય છે.

આ પ્રમાણે વિચાર કરી આર્દ્રકુમાર સવારે પોતાની સ્ત્રીની રજા લઇ અને તેની આજ્ઞાથી વ્રત અંગીકાર કરી રાજગૃહ પ્રત્યે જવા માટે ચાલી નિકળ્યા. હવે એમ બન્યું કે આર્દ્રકી ભૂપાલે પોતાના કુમાર આર્દ્રકુમારનું રક્ષણ કરવા માટે જે પાંચસે સુભટો રાખ્યા હતા તે પુરૂષો, રાજકુમાર નાસી જવાથી ભૂપતિના ભયને લીધે વનમાં જતા રહ્યા અને કોઇ વિકરાલ અટવીમાં ચોરોનો ધંધો કરતા છતા રહેવા લાગ્યા. તે ચોરો જે અટવીમાં નિર્ભયપણે રહેતા હતા તે અટવીમાં એક દિવસ રાજગૃહ નગર પ્રત્યે જવા નિકળેલા શુદ્ધ બુદ્ધિવાળા આર્દ્રકુમાર આવી પહોંચ્યા. સુભટોએ આવતા એવા આર્દ્રકુમારને ઓલખ્યા, તેથી તેઓએ હર્ષના આંસુનો વર્ષાદ કરતા છતા ભક્તિથી તેમને નમસ્કાર કર્યો. પછી આર્દ્રકુમારે તેઓને એવી ધર્મદેશના આપી કે તેઓએ તુરત તેમની પાસે વ્રત અંગીકાર કર્યું. ત્યાંથી અનુક્રમે પાંચસો શિષ્ય સહિત જતા એવા આર્દ્રકુમાર મુનિને રસ્તામાં પોતાના શિષ્યોના સમૂહ સહિત ગોશાળો મળ્યો. ગોશાળો શ્રીજિનેશ્વરના દોષો પ્રગટ કરતો હતો. તેને તે મહા મુનિએ પ્રતિષેધ્યો. જેથી અતિ ગલી ગએલા માનવાળો, પ્રતિયુક્તિથી પરાઙ્મુખ થએલો અને આર્દ્રકુમારની યુક્તિથી હારી ગએલો ગોશાળો નાસીને કયાંઇ જતો રહ્યો.

પછી આર્દ્રકુમાર જેટલામાં રાજગૃહની પાસે આવ્યા તેટલામાં કેટલાક તાપસોએ પોતાના આશ્રમમાં એક હસ્તિને મારી નાખેલો અને બીજાને દ્રઢ બંધનથી બાંધેલો તેમણે જોયો. તાપસોના હૃદયનો ભાવ એવો હતો કે "બહુ જીવોનો વિનાશ કરવાથી બહુ પાપ લાગે માટે એક મ્હોટો જીવ મારવો." આવા વિચારથી તેઓએ એક હસ્તિને મારી નાખ્યો હતો અને બીજાને બાંધીને પોતાની પાસે રાખ્યો હતો.

આ વખતે રાજગૃહ નગર પ્રત્યે જતા એવા આર્દ્રકુમાર મુનિ પોતાના શિષ્યો સહિત તાપસોના આશ્રમમાં આવ્યા, એટલે પેલો બાંધેલો હસ્તિ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે—જો હું બંધનથી મુકાઉં તો આ મહા મુનિને વંદના

કરૂં." હસ્તિ આવો વિચાર કરતો હતો એટલામાં તે આર્દ્રકુમાર મુનિના માહાત્મ્યથી તેના સર્વ બંધો ત્રુટી ગયા. જેથી તે હસ્તિ આર્દ્રકુમાર મુનિને નમસ્કાર કરી વનમાં જતો રહ્યો. તાપસો, આર્દ્રકુમાર મુનિનું આવું માહાત્મ્ય જોઈ તેમની પાસે આવ્યા એટલે તે મહા મુનિએ તેમને યુક્તિથી પ્રતિબોધ પમાડયા.

હવે આર્દ્રકુમાર મુનિનું આગમન જાણી તથા હસ્તિને છોડાવવાની વાત સાંભળી શ્રેણિક તથા અભય કુમારાદિ બહુ જનોએ હર્ષથી ત્યાં આવી ઉચ્છલતા પ્રેમયુક્ત રોમાંચવાલી ભક્તિથી નમસ્કાર કરી તે મુનીશ્વરને પૂછયું કે "હે આર્દ્રકુમાર મુનિ ! તમે હસ્તિને શી રીતે છોડાવ્યો ?" આર્દ્રકુમાર મુનિએ કહ્યું "હે મહારાજ ! બંધનથી હસ્તિને છોડાવવું મને દુષ્કર લાગ્યું નહીં, કારણ તપનો પ્રભાવ વિચિત્ર છે. પરંતુ હે ભૂપતિ ! મેં નહિ છેદી શકાય એવા જે તંતુરૂપ લતા પાશ છેદ્યા છે તેજ મને બહુ દુષ્કર લાગે છે." શ્રેણિક રાજાએ "એ શી રીતે ?" એમ પૂછયું એટલે આર્દ્રકુમારે તેમની પાસે પોતાનો સઘળો વૃત્તાંત કહીને ફરીથી કહ્યું કે "મ્હારા પુત્રે મને સૂતરના તાંતણાથી બાર વાર બાંધ્યો હતો તે બંધન હું મહાદુઃખથી બાર વર્ષે છેદી શકયો છું. હે નરાધીશ ! એ બંધનની આગળ આ હસ્તિનું બંધન શા હીસાબમાં છે."

આર્દ્રકુમારનું આવું વૃત્તાંત સાંભળી શ્રેણિકાદિ સર્વે માણસો બહુ વિસ્મય પામ્યા. પછી તે આર્દ્રકુમાર મહા મુનિની ધર્મદેશના સાંભળી વૈરાગ્ય પામેલા શ્રેણિકાદિ સર્વે જનો પોત પોતાના ઘરે ગયા. આર્દ્રકુમારે પણ પોતાના સર્વ શિષ્યો સહિત શ્રીવીરપ્રભુ પાસે આવી સંયમ અંગીકાર કર્યું. નિ:સંગપણે ઘોર તપ કરતા એવા તે મહામુનિ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષપદ પામ્યા. હે ભવ્યજનો ! જે અનાર્ય દેશમાં ઉત્પન્ન થયા અને અભય કુમાર મંત્રીએ મોકલેલી શ્રી આદિનાથની સુવર્ણ પ્રતિમા જોઇ પૂર્વ ભવનું જાતિસ્મરણ જ્ઞાન પામ્યા તેમજ સમકીત પામ્યા પછી આર્ય દેશમાં આવી દીર્ઘકાલ પર્યંત ચારિત્ર પાળી નિર્વાણપદ પામ્યા. તે શ્રી આર્દ્રકુમાર મુનિને પોતાની શુદ્ધિને અર્થે પ્રણામ કરો.

**'શ્રીઆર્દ્રકુમાર નામના મુનિવરની કથા સંપૂર્ણ.**

**नालंदाए अद्धत्तेरस–कुलकोडिकयनिवासाए ॥**
**पुच्छिअ गोअमसामी, सावयवयपच्चरकाणविहिं ॥ १०१ ॥**
**जो चरमजिणसमीवे, पडिवन्नो पंचजामिअं धम्मं ॥**
**पेढालपुत्तमुदयं, तं वंदे मुणिअसयलनयं ॥ १०२ ॥**

સાડાબાર ક્રોડ શ્રાવક કુલના નિવાસ સ્થાન એવા નાલંદા પાડામાં શ્રી ગૌતમસ્વામીને શ્રાવકવ્રતના પચ્ચખાણની વિધિ પૂછી જેણે શ્રી વીરપ્રભુ પાસે પંચ મહાવ્રત

રૂપ ધર્મ અંગીકાર કર્યો. તે સર્વ નયના જાણુ એવા પેઢાલપુત્ર ઉદય મુનિને હું વંદના કરૂં છું. ॥ ૧૦૧-૧૦૨ ॥

## श्री 'उदय' नामना मुनिवरनी कथा

રાજગૃહ નગરમાં શ્રેણિકરાજા રાજ્ય કરતો હતો. તેને ચિલ્લણાદિ બહુ રાણીઓ હતી અને અભયકુમાર નામનો પુત્ર મંત્રીપદ ભોગવતો હતો. એકદા તે નગરમાં નાલંદ નામના પાડે શ્રી ગૌતમાદિ પરિવારથી વિંટાએલા શ્રી મહાવીર પ્રભુ સમવસર્યા. "હું પહેલો, હું પહેલો" એવા આગ્રહથી શ્રેણિક ભૂપતિ વિગેરે બહુ જનો ત્યાં આવી શ્રી વીરપ્રભુને વંદના કરી યોગ્ય સ્થાનકે બેઠા. આ વખતે પેઢાલનો પુત્ર ઉદય, શ્રી ગૌતમ પાસે આવીને શ્રાવકના વ્રતની વિધિ પૂછવા લાગ્યો. પછી ગૌતમસ્વામીએ તેમની આગલ વિસ્તારથી તેરસેં ક્રોડ શ્રાવકના વ્રતના ભાંગા નિરૂપણ કર્યા. તે સાંભલીને પ્રતિબોધ પામેલો ઉદય વૈરાગ્યને પામ્યો. પછી તેણે શ્રી વીરપ્રભુ પાસે પંચ મહાવ્રત રૂપ ધર્મ અંગીકાર કરી મોક્ષપદ મેલવ્યું.

'श्रीउदय' नामना मुनिवरनी कथा संपूर्ण.

आसी सुरसा दिव्वा, सीलं रूवं च जस्स जयपडहं ॥
तं निरकंतं वंदे, सिद्धिपत्तं सुजायरिसिं ॥ १०३ ॥

શ્રૃંગારાદિ મનોહર રસ, તેમજ જગત્‌માં પ્રસિદ્ધ એવું શીલ તથા રૂપ વિદ્યમાન છતા જેમણે દીક્ષા લીધી, તે સિદ્ધિપદ પામનારા શ્રી સુજાત મુનિને હું વંદના કરૂં છું. ॥ ૧૦૩ ॥

આ સુજાત મુનિની કથા વાર્તક મુનિની કથાના અધિકારમાં પૂર્વે કહેલી છે માટે ત્યાંથી જાણી લેવી.

खंतिखमं उग्गतवं, दुक्करतवतेअनाणसंपन्नं ॥
किन्नरगणेहि महिअं, सुदंसणरिसिं नमंसामि ॥ १०४ ॥

ક્ષમાથી સર્વ સહન કરનારા, ઉગ્ર તપવાલા, દુષ્કર તપતેજ અને જ્ઞાનવડે સંપન્ન તથા કિંન્નરસમૂહે પૂજેલા સુદર્શન મુનિને હું નમસ્કાર કરૂં છું ॥૧૦૪॥

गिहिणोवि सीलकणयं, निव्वडियं जस्स वसणकसवट्टे ॥
तं नमामो सिवपत्तं, सुदंसणमुणिं महासत्तं ॥ १०५ ॥

ગ્રહસ્થાવસ્થામાં પણ જેમનું શીલવ્રત રૂપ સુવર્ણ, દુઃખરૂપ કસોટીમાં શુદ્ધ થએલું છે, તે; મહા સત્ત્વવંત અને મોક્ષ પામેલા સુદર્શન મુનિને અમે નમસ્કાર કરીએ છીએ. ॥ ૧૦૫ ॥

## શ્રી 'સુદર્શન' નામના મુનિવરની કથા

આ ભરત ક્ષેત્રમાં ચંપાપુરીને વિષે રાજતેજથી દેદીપ્યમાન એવો દધિવાહન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને દેવાંગના સમાન ઉત્તમ રૂપવાલી સંપત્તિથી સર્વને પરાભવ કરનારી અને પ્રેમના પાત્ર રૂપ અભયા નામની શ્રેષ્ઠ પત્ની હતી. તે નગરમાં ઉત્તમ બુદ્ધિવાલો ઋષભદાસ નામે શ્રેષ્ઠી વસતો હતો. તેને અરિહાદાસી નામે સ્ત્રી તથા સુભગ નામનો પશુપાલ ( ગાય ભેંસ વિગેરે પશુનું રક્ષણ કરનારો ગોવાલ ) હતો.

એકદા શિયાલામાં ઉત્તમ બુદ્ધિવાલો તે સુભગ, પોતાની ગાયોને ચરાવી સાંજે વનમાંથી નગરી પ્રત્યે આવતો હતો એવામાં તેણે માર્ગમાં જિતેંદ્રિય, જોવા યોગ્ય શરીરવાલા, વસ્ત્ર ઓઢયા વિનાના કોઇ એક મુનિને કાયોત્સર્ગે રહેલા દીઠા. સુભગ આસન્નસિદ્ધિ જીવ હોવાથી તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે–" હવણાં મહા દારૂણ તાઢ પડે છે તો આ મુનિ એ પ્રાણનો નાશ કરનારી તાઢને રાત્રીએ શી રીતે સહન કરશે. હા હા ! મેં પૂર્વભવને વિષે કાંઇપણ સુકૃત કર્યું નથી જેથી આ ભવમાં નિત્ય પારકા ઘરને વિષે દાસપણું કરૂં છું. માટે ચાલ હવણાંજ આ કાંબલા વડે એ મહા મુનિના શરીરને ચારે તરફથી ઓઢાડી હું મ્હારે ઘરે જાઉં અને કાલે સવારે પાછો આવી તે કાંબલો લઈ લઇશ. પણ " એ મુનિ દયાપણાથી આ કાંબલાને અંગીકાર કરશે કે નહીં ? " આમ વિચાર કરીને તે સુભગ કાંબલાવડે મુનિના શરીરને ચારે તરફથી ઢાંકી ભાવના ભાવતો છતો પોતાના ઘર પ્રત્યે ગયો. કામલો પાસે નહિં હોવાથી જેમ જેમ સુભગને રાત્રીએ વધારે વધારે તાઢ લાગી તેમ તેમ તે મુનિની અનુમોદના કરવા લાગ્યો. જો કે સુભગે મુનિને કાંબલો આપવાથી બહુજ થોડું પુણ્ય ઉપાર્જ્યું હતું પરંતુ તેની બહુ અનુમોદના કરવાથી તે પુણ્યને તેણે મેરૂ પર્વત સમાન બનાવી દીધું.

પછી સવારે કૃતાર્થ એવા સુભગે તેજ પ્રકારે કાયોત્સર્ગે ઉભા રહેલા મુનીશ્વરને નમસ્કાર કરી જેટલામાં તેમના શરીર ઉપરથી પોતાના કામલાને લઈ લીધો તેટલામાં જાગ્રત થએલા તે મુનીશ્વર " **नमो अरिहंताणं** " એ પદનો ઉચ્ચાર કરી ઉત્તમ પક્ષીની પેઠે આકાશમાં ઉડી ગયા.

પછી સુભગ વિચાર કરવા લાગ્યો " નિશ્ચે એ મહાત્માએ દયાથી મને સંક્ષેપવડે આકાશ ગામિની વિદ્યા આપી. માટે હવે હું સાવધાનપણે એ વિદ્યાને ભણું જેથી તે વિદ્યા મને પણ કાલે કરીને નિશ્ચે સિદ્ધિ આપશે " પછી નિરંતર નવકારના આદિ પદને વારંવાર ઉચ્ચાર કરતા સુભગને સાંભળી શ્રેષ્ઠીએ તેને હર્ષથી કહ્યું. " મનોહર આકૃતિવાલા હે સુભગ ! તું સર્વ મનોરથ પૂર્ણ કરનારા આ

નવકાર રૂપ મહા મંત્રને નિરંતર ભણુ, કે જેથી તને સિદ્ધિ થાય. " શ્રેષ્ઠીની પાસે સર્વ નવકાર ભણીને સુભગ ભાવથી આવતાં જતાં તેનેજ ગણવા લાગ્યો.

એકદા વર્ષાકાલે નદીના સામે કાંઠે કોઈના ખેતરમાં ગએલી ભેંસોને પાછી વાળવા માટે આ કાંઠે ઉભેલા શુભ હૃદયવાલા સુભગે નવકાર મંત્રનો ઉંચે સ્વરે શબ્દ કરી નદીમાં ઝંપાપાત દીધો. તે વખતે તે કાદવથી મેલા એવા જલમાં રહેલા ખીલાથી હૃદયમાં વિંધાયો જેથી તે તુરત મૃત્યુ પામ્યો. પછી સુભગનો જીવ પોતાના પુષ્ટ પુણ્યોદયથી રૂપ સૌભાગ્યે મનોહર એવો તેજ રુષભદાસની સ્ત્રી અર્હાદાસીના ઉદરને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો. પુત્ર ગર્ભમાં છતાં માતાને સુદર્શન ( સારૂ સ્વપ્ન ) થયું હતું તેથી પિતાએ તે પુત્રનું સુદર્શન નામ પાડયું. પછી પાંચ ધાવમાતાથી લાલન પાલન કરાતો તે પુત્ર જેમ જેમ વૃદ્ધિ પામ્યો તેમ તેમ પિતાના ઘરને વિષે સંપત્તિ પણ વૃદ્ધિ પામવા લાગી. પિતાએ તેને યોગ્ય ઉપાધ્યાય પાસે મોકલી સર્વ શાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો અનુક્રમે અભ્યાસ કરતો તે સુદર્શન પુત્ર યૌવનાવસ્થા પામ્યો. સર્વ ગુણોએ સુદર્શનને વિષે તેવી રીતે નિવાસ કર્યો કે દોષોને તેને વિષે પોતાનું સ્થાન ન મલવાથી તેને ત્યજી દીધો પછી પિતાએ તેને કોઈ સારા કુલમાં ઉત્પન્ન થએલી, ધન્ય, સારા શીલવાલી અને સારા આચારવાલી મનોરમા નામની કન્યા પરણાવી.

હવે સુદર્શનને કપિલ નામના પુરોહિતની સાથે એવી મૈત્રી થઈ કે ગુણજ્ઞ એવા તે બન્ને જણાના ફકત દેહ જુદા હતા. બન્ને જણાના પિતાઓએ સંસારથી વૈરાગ્ય પામી પોતપોતાના પુત્રને વિષે પોતપોતાના કુટુંબનો ભાર આરોપણ કરી હર્ષથી દીક્ષા લીધી. જેમણે પોતાના અંતરના શત્રુઓનો નાશ કર્યો છે એવા તે નિર્મલ મનવાલા બન્ને જણાએ ઉત્તમ પ્રકારે ચારિત્રને આરાધી મોક્ષસ્થાન પામ્યા. સદ્ગુણી એવા સુદર્શનને પોતાની મનોરમા પ્રિયાની સાથે નિરંતર વિષય સુખ ભોગવતા છ પુત્રો થયા. શ્રમણોપાસક સુદર્શન પરસ્પર અબાધપણે અવસરે અવસરે પુરૂષાર્થને સાધતો તથા શુદ્ધભાવથી ધર્મકાર્ય કરતો. સુદર્શનના આવા ગુણોથી બહુ હર્ષિત ચિત્તવાલો કપિલ પુરોહિત, પોતાની પ્રિયા પાસે સુદર્શનના રૂપાદિ ગુણોને વખાણતો છતો તે પોતાના મિત્રની હંમેશા પ્રશંસા કરતો હતો. કપિલ પુરોહિતની સ્ત્રી કપિલા જગત્માં શ્રેષ્ટ એવા સુદર્શનના ગુણોને સાંભળી નીચકુલપણાથી તેના ઉપર બહુ અનુરાગવાલી થઈ.

એકદા પોતાનો પતિ કાંઈ કાર્ય પ્રસંગે કોઇ બીજા ગામ ગયો ત્યારે કપિલાએ કપટ કરીને સરલ મનવાલા સુદર્શનને પોતાના ઘરે બોલાવ્યો. સુદર્શન શ્રેષ્ટી નિષ્કપટપણે જેટલામાં પ્રીતિથી તેણીના મંદીર પ્રત્યે આવ્યો તેટલામાં તે કપિલાએ પોતાના ઘરના બારણા બંધ કર્યા. પછી ઉદ્ભટ વેષ ધારણ કરી કપિલાએ સુદર્શ-

નને કહ્યું. "હે નાથ ! મ્હારી આશા પૂર્ણ કરો અને ઉગ્ર એવા કામદેવના આગ્રહને ચૂર્ણ કરો." સુદર્શન શ્રેષ્ઠીએ કહ્યું "અરે અપંડિતે ! હું નપુંશક છું તે વાત શું તેં લોકમાં નથી સાંભળી ? મ્હારા નપુંશકપણાની વાત તો સર્વત્ર લોક પ્રસિદ્ધ છે." પછી કપિલાએ શ્રૃંગાર તથા હાવભાવાદિકથી સુદર્શન શ્રેષ્ઠીને બહુ ક્ષોભ પમાડવા માંડયો. પણ જેમ કલ્પાંતકાલના પવનથી મેરૂપર્વત કંપાયમાન થાય નહીં તેમ તે કંપ્યા નહિં. "નિશ્ચે એણે પોતાનું નપુંશકપણું બતાવ્યું તે ખરૂં છે." એમ ધારી કપિલાએ તરત તેમને પૂત્ર કરી વિદાય કર્યા. પછી ઉપસર્ગથી મુકત થએલા અને પોતાને ઘરે આવેલા સુદર્શન શ્રેષ્ઠીએ એવો અભિગ્રહ લીધો કે "આજથી મ્હારે કોઇના ઘરે એકલા જવું નહીં."

એકદા ઇંદ્ર મહોચ્છવને દિવસે કપિલ પુરોહિત અને સુદર્શન શ્રેષ્ટી સહિત ચંપાપુરીનો રાજા દધિવાહન નંદનવન સમાન પોતાના ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. રાણી અભયા પણ પુરોહિત સ્ત્રી કપિલાની સાથે ત્યાં ગઇ. રસ્તે દેવતાના સમાન કાંતિવાલા છ પુત્રો સહિત મનોરમાને જોઈ કપિલાએ અભયારાણીને પૂછયું "આ છ પુત્રો સહિત કોની સ્ત્રી છે ?" અભયારાણીએ કાંઇક હસીને કહ્યું. "અરે સખિ શું તું એને નથી ઓળખતી ?" આ નગરીના આભૂષણ રૂપ સુદર્શન શ્રેષ્ટીની એ સ્ત્રી છે. સર્વ ગુણના વિભવ અવા તે છ પુત્રો એના ઉદરથી ઉત્પન્ન થએલા છે. માટે હે સખી ? નગરશ્રેષ્ટી એવા સુદર્શનનાજ એ છ પુત્રો છે એમ તું જાણ." રાણી અભયાનાં એવાં વચન સાંભળી ચિત્તમાં વિસ્મય પામેલી કપિલા કાંઈક હસીને મૌન ધારણ કરી બેસી રહી એટલે ફરી અભયારાણીએ પૂછયું. "હે સખી ! મારા વાત કહેવાથી તું હસી કેમ ?" કપિલાએ કહ્યું. "સુદર્શન શ્રેષ્ટી તો નપુંશક છે તો આ પુત્રો એના કયાંથી ? એથી મને બહુ આશ્ચર્ય થયું છે." અભયારાણીએ "એ પુરૂષ રત્નનું તેં નપુંશકપણું શી રીતે જાણ્યું." એમ પૂછયું એટલે કપિલાએ પૂર્વે બનેલી સર્વ વાત અભયારાણીને કહી. અભયાએ હસીને કહ્યું. "હે સખી ! ખરૂં છે એ પરસ્ત્રીઓને વિષે નપુંશક તુલ્ય છે માટે હે મુગ્ધે ! એ ચતુર પુરૂષે તને છેતરી છે." ક્રોધ કરીને કપિલાએ કહ્યું. "હે સખી ? હું પણ તને ત્યારેજ ચતુર જાણું કે જ્યારે તું એ શ્રેષ્ટીને રમાડ" રાણીએ કહ્યું "મેં એને રમાડેલા જાણ." આ પ્રમાણે પરસ્પર વાદ કરતી એવી તે બન્ને જણીઓ ક્રીડા કરીને પોતપોતાને ઘેર ગઇ.

પછી રાણી અભયાએ આ વાત પોતાની ધાવમાતાને જણાવી એટલે તેણીએ કહ્યું કે "જેમ કોઇ બળવંત પુરૂષ સિંહની કેશવાલીને, નાગરાજના ફણા રત્નને અને ગજપતિના દંતૂશળને લેવા સમર્થ થાય નહી તેમ પરમ અરિહંતના ભકત-જનોમાં મુખ્ય એવા એ ગુણવંત સુદર્શનને તું બ્રહ્મવ્રતથી શી રીતે ભ્રષ્ટ કરવા સમર્થ થઇશ ?" અભયારાણીએ કહ્યું. "હે માત ! તું એકવાર તેને અહિં લાવી

મને સોંપ, પછી હું એના બ્રહ્મવ્રતનું દ્રઢપણું જોઈશ." અભયારાણીના વચનથી સુદર્શન શ્રેષ્ટીને લાવવાના વિવિધ પ્રકારના ઉપાયોને શોધતી તે ચતુર ધાવમાતા બહુ વાર વિચારવા લાગી. પછી ચોમાસીની રાત્રે રાણીના પુજાના બાનાથી વસ્ત્રથી ઢાંકીને યક્ષની પૂજાની સામગ્રી રથમાં લઇને ગઇ.

પાછલ સુદર્શન શ્રેષ્ટી એક શૂન્ય ઘરમાં કાયોત્સર્ગ કરીને રહ્યા હતા. એવામાં ધાવમાતાએ આવી તેમને ઉપાડી લઈ અભયારાણીની આગલ મૂકયા. પછી અદ્દભુત વેષ ધારણ કરવાથી દેવાંગનાઓને પણ તિરસ્કાર કરનારી તે વાચાલ અભયા મધુરવચનથી સુદર્શન શ્રેષ્ટીને કહેવા લાગી. "વિશ્વના મનુષ્યોની મધ્યે દયાવંત એવા હે પ્રાણનાથ? તમે લોકમાં કામદેવરૂપ ગૃહથી પીડા પામેલાના દુઃખને જાણો છો છતાં તમે મ્હારી શા માટે ઉપેક્ષા કરો છો? હે સ્વામિન્! આપના શરીરના સંગરૂપ અમૃત મેઘજલના સિંચનથી કામજ્વરવડે તપ્ત થઈ રહેલા મ્હરા અંગને ઝટ શીતલ કરો." આ પ્રમાણે કામથી આકુલ વ્યાકુલ થએલી અભયારાણીએ બહુ ઉપસેર્ગોના સમૂહથી તેમને પીડિત કર્યા, તો પણ તે મહાત્મા પોતાના શીલવ્રતથી જરા પણ ચલાયમાન થયા નહીં. પછી વિલક્ષ બનેલી અભયારાણીએ ક્રોધથી પોતાના શરીરને તીક્ષ્ણ નખવડે વલૂરી પોકાર કર્યો કે "આ કોઇ ધૂર્ત પુરૂષ મને વલગે છે માટે એને ધિક્કાર થાઓ." રાણીના આવા શબ્દ સાંભલી પેહેરેદાર પુરૂષો તુરત ત્યાં આવ્યા તો તેમણે સુદર્શન શેઠને દીઠા. પછી વિસ્મય પામેલા રાજ પુરૂષોએ ભૂપતિ પાસે જઈ તે વાત નિવેદન કરી. રાજાના પૂછવા ઉપરથી અભયા રાણીએ કહ્યું-" આ દુરાત્મા પુરૂષ કયાંઇથી અકસ્માત્ આવી પર પુરૂષનું મુખ નહિં જોનારી એવી મને પોતાની સાથે ક્રીડા કરવાનું કહે છે. હે નાથ! મેં તેને કહ્યું કે અરે દુષ્ટ! તું અસતી સ્ત્રીઓના જેવી મને જાણે છે? કયો પુરૂષ પોતાના કંઠને વિષે હારની પેઠે સર્પ આરોપણ કરે? મેં આમ કહ્યા છતાં પણ તેણે મ્હારા ઉપર બલાત્કાર કર્યો તેથી મેં પોકાર કર્યો. "નરેંદ્ર! જો આપના મનમાં "એ આ કામ કરે નહીં" એમ હોય તો તેને પૂછો." દધિવાહન ભૂપતિએ સુદર્શન શ્રેષ્ઠીને ખરી વાત જણાવવાનું કહ્યું, પરંતુ દયાથી ભિંજાઇ ગએલા મનવાલા તેમણે રાજાની પાસે કાંઇપણ કહ્યું નહીં. તેથી રાજાએ વિચાર્યું જે "પૂછતાં છતાં પણ કાંઇ ઉત્તર આપતો નથી માટે એ શુદ્ધ હોય તેમ દેખાતું નથી" એમ ધારી ભૂપતિએ ક્રોધથી પોતાના સેવકોને સુદર્શન શ્રેષ્ઠીનો વધ કરવાનો આદેસ આપ્યો. પછી રક્ષક પુરૂષો વધ મંડપ તૈયાર કરી સુદર્શન શ્રેષ્ઠીને ગધેડા ઉપર બેસારી નગરમાં ફેરવવા લાગ્યા અને "નીતીમાન અંતઃપુરમાં મહા અપરાધ કરનારા રૂષભદાસ શ્રેષ્ઠીના પુત્રનો રાજા ઘાત કરે છે." એવી ઉદ્દઘોષણા કરવા લાગ્યા. નગરીના લોકો "આ કાર્ય આ શ્રેષ્ઠીને વિષે ઘટે છે?" એમ પોકાર કરતા હતા એવામાં રક્ષક પુરૂષોએ ફેરવવા માંડેલો તે શ્રેષ્ઠી પોતાના ઘર પાસે આવી પહોંચ્યો. મનોરમા પોતાના પતિની આવી સ્થિતિ જોઇ વિચાર કરવા લાગી-

"આ મ્હારો પતિ સારા આચારવાળો છે અને એ ભૂપતિની સ્ત્રી વશ છે માટે નિશ્ચે આજે મ્હારૂં કુકર્મ ઉદય આવ્યું. મ્હારો પતિ આવું કાર્ય કરે નહિ છતાં તેમને માથે આવો મિથ્યા આરોપ આવી પડયો તો પૂર્વે સંપાદન કરેલા કર્મને કયો પુરૂષ નિવારી શકે? આમ છે તોપણ હું તેનો ઉપાય કરીશ." આમ વિચારી મનોરમા પોતાના ઘરમાં જઈ જિન પ્રતિમાનું પૂજન કરી અને કાયોત્સર્ગ કરી આ પ્રમાણે કહેવા લાગી–

પ્રવચનની ભક્ત, ઉત્તમ પુરૂષોના વિઘ્નને દૂર કરનારી અને સમાધિ કરવામાં તત્પર એવી હે શાસન દેવી! મ્હારા પતિનો લેશમાત્ર દોષ નથી માટે શ્રાવકોમાં મુકુટમણિ સમાન એ શ્રેષ્ટીનું જો તું સાંનિધ્ય કરીશ તો જ હું આ કાયોત્સર્ગ પારીશ." મનોરમા આ પ્રમાણે કહી કાયોત્સર્ગે રહી એટલામાં રક્ષક પુરૂષોએ સુદર્શન શ્રેષ્ઠીને સ્મશાનમાં લઇ જઈ શૂલી ઉપર ચડાવ્યો. આ વખતે શાસનદેવીના પ્રભાવથી શૂલીને ઠેકાણે સુવર્ણ કમલ થયું એટલુંજ નહિં પણ રક્ષક પુરૂષોએ કરેલા પ્રહાર તે શ્રેષ્ટીના શરીરે રેશમી વસ્ત્રો તથા હીરાદિ આભૂષણો થઇ ગયા.

સુદર્શન શ્રેષ્ટીને આ પ્રકારના જોઇ વિસ્મય પામેલા રાજ પુરૂષોએ તે વાત ભૂપતિને કહી. ભૂપતિ દધિવાહન પણ તુરત હસ્તિ ઉપર બેસી સુદર્શન શ્રેષ્ટી પાસે આવ્યો અને તેને વેગથી ભેટી અત્યંત ખેદ કરતો છતો કહેવા લાગ્યો. "હે શ્રેષ્ટી! તમે તમારા પોતાના પુણ્યોદયથી મૃત્યુ પામ્યા નથી. એટલુંજ નહિં પણ પાપી એવા મેં તમને મરણ કષ્ટમાં નાખ્યા છતાં જે તમે જીવતા રહ્યા છે તે નિશ્ચે તમારા શીલનું માહાત્મ્ય છે. હા હા, પૃથ્વીમાં દધિવાહન વિના બીજો કોઈ નૃપતિ પાપી, અવિચારી, સમદ અને સ્ત્રીવશ નથી, કે જે મૂઢે તમને મારી નાખવાનો નિશ્ચય કર્યો. અથવા હે શ્રેષ્ટી! આ સઘલું પાપ તમેજ મને કરાવ્યું છે કારણ મેં તમને બહુવાર પૂછ્યું છતાં તમે મને કાંઈ પણ ઉત્તર આપ્યો નહીં."

આ પ્રમાણે પોતાના આત્માની નિંદા કરતો દધિવાહન ભૂપતિ સુદર્શન શ્રેષ્ટીને હાથિણી ઉપર બેસારી સત્પુરૂષોથી પ્રશંસા કરાતો છતો પોતાના ઘર પ્રત્યે લઈ ગયો. ત્યાં સ્નાનાદિ કરાવી, વસ્ત્રાભરણથી સત્કાર કરી અને વિધિથી ભોજન કરાવી રાજાએ તેને સર્વ વાત પૂછી. શ્રેષ્ટીએ અભયાને અભયદાન આપવાની વિનંતી કરીને પછી અભયરાણીની સર્વ વાત રાજાની આગલ કહી. દધિવાહન ભૂપતિએ પણ તુરત અભયારાણીને પોતાના ઘરમાંથી કાઢી મૂકી પછી રાણી પોતાના આત્માની નિંદા કરતી છતી થોડા કાલમાં મૃત્યુ પામીને વ્યંતરી થઈ. હર્ષોત્કર્ષને ધારણ કરતા ભૂપાલે સુદર્શન શ્રેષ્ટીને પોતાના પટ્ટહસ્તિ ઉપર બેસારી મ્હોટા મહોચ્છવ પૂર્વક તેના ઘર પ્રત્યે પહોંચાડયો.

હવે અભયારાણીની ધાવમાતા પંડિતા પોતાના દુષ્કૃત્યથી ભય પામીને નાસી ગઇ, તે કુસુમપુરમાં જઈ ત્યાંની દેવદત્તા ગણિકાના ઘરે રહી ત્યાં પણ તે પંડિતા,

સુદર્શન શ્રેષ્ટીના ગુણોના વખાણ કરતી હતી. તેથી દેવદત્તા ગણિકા, સુદર્શન શ્રેષ્ટી ઉપર બહુ અનુરાગ ધરવા લાગી.

હવે અહિં સુદર્શન શ્રેષ્ટીએ વૈરાગ્યથી વ્રત લીધું. અનુક્રમે તે મુનિ, તપ અને વિહાર કરતા કુસુમનગરે ગયા. તે નગરીમાં ગોચરી માટે ફરતા એવા સુદર્શન મુનિને જોઈ પંડિતાએ તે વાત દેવદત્તાને કહી. દેવદત્તાએ દંભથી ભિક્ષાને માટે મુનિને પોતાને ઘેર બોલાવ્યા. જેટલામાં સુદર્શન મુનિ તેના ઘરમાં આવ્યા તેટલામાં તેણીએ બારણા બંધ કરી આખો દિવસ તે મહામુનિને ઉપસર્ગ કર્યા, પછી સાંજે વેશ્યાએ ત્યજી દીધેલા તે મુનિ વનમાં ગયા. ત્યાં પણ વ્યંતરી થએલી અભયારાણીએ ક્રોધથી તેમને બહુ પ્રકારે પીડા પમાડયા. ત્યાં શુભ ધ્યાનથી સુદર્શન મુનિને કેવલ જ્ઞાન ઉપન્યું જેથી દેવતાઓએ વિધિથી તેમનો કેવલ મહોચ્છવ કર્યો. આ વખતે સુદર્શન કેવલીએ એવો ધર્મોપદેશ દીધો કે જેથી અભયાદેવી અને તેની ધાવમાતાદિ પ્રતિબોધ પામ્યા. ઉત્તમ પ્રકારે સ્મરણ કરેલા અને શ્રેષ્ટ દૃષ્ટીવાલા દેવતાઓએ રચેલા અદ્‌ભુત પોતાના પતિના કેવલ મહોચ્છવને જાણી બહુ હર્ષ પામેલી મનોરમાએ કાર્યોત્સર્ગ પાર્યો, જેમને શૂલી સુવર્ણનું સિંહાસન થયું અને પ્રહાર હારો થયા, ગૃહસ્થાવસ્થામાં અભયારાણીએ કુકલંક આપવાથી પણ જે શુદ્ધ રહ્યા. દીક્ષાવસ્થામાં પણ જેમને અભયારાણીરૂપ વ્યંતરીએ મહા ઉપસર્ગો કર્યા જ્યાંથી કેવલ જ્ઞાન ઉત્પન્ન થયું તે કેવલ જ્ઞાની સુદર્શન મુનિની અમે હંમેશા સ્તુતી કરીએ છીએ.

**શ્રી 'सुदर्शन' नामना मुनिवरनी कथा संपूर्ण**

**जीवाणुववायपवेसणाइ पुच्छित्तु वीरजिणपासे ॥**
**गिण्हितु पंचजाम गंगेओ जयउ सिद्धिगओ ॥ १०६ ॥**

જીવોની ઉત્પત્તિ, ચતુર્ગતિમાં ગમન, ભવસ્થિતિ અને કાયસ્થિતિ ઇત્યાદિ પુછી શ્રી વીર પ્રભુ પાસે પંચ મહાવ્રત ગ્રહણ કરી સિદ્ધિપદ પામનારા ગાંગેય જયવંતા વર્તો. ॥ ૧૦૬ ॥

## ॥ श्रीगांगेय मुनिनी कथा. ॥

વાણિજ નગરમાં શ્રી વર્ધમાન સ્વામી સમવસર્યા. ત્યાં શ્રી પાર્શ્વનાથના પુત્ર ગાંગેય નામના અણગારે શ્રમણ ભગવંત શ્રી મહાવીરને વંદના તથા નમસ્કાર કરી સર્વે જીવોની ઉત્પત્તિ તથા વિગમાદિ પ્રશ્નો પુછયા. શ્રી મહાવીર પ્રભુએ તે પ્રશ્નોના ઉત્તર આપ્યા એટલે ગાંગેયે પાંચ મહાવ્રત રૂપ ધર્મ અંગીકાર કર્યા પછી ધર્મનું આરાધન કરતા તે મોક્ષ પામ્યા. આ ગાંગેયનો સંબંધ અહિં સંક્ષેપમાં કહ્યો છે. વિશેષ જાણવાની ઇચ્છા કરનારે શ્રી ભગવતી સૂત્રથી જાણી લેવો.

**શ્રી 'गांगेय' नामना महर्षिनी कथा संपूर्ण**

इकारसअंगधारी सीसो वीरस्स मासिएणगओ ॥
सोहम्मे जिणपालिय नामा सिष्भिस्सइ विदेहे ॥ १०७ ॥

અગીયાર અંગના ધારણહાર અને શ્રી મહાવીર પ્રભુના શિષ્ય જિનપાલિત નામના મુનિ એક માસના અનશનથી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકે ગયા. ત્યાંથી તે મહા વિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ થશે. ॥ १०७ ॥

॥ जिनपालित मुनिनी कथा ॥

આ ભરત ક્ષેત્રમાં શત્રુઓથી નિષ્કંપ એવી ચંપા નગરીને વિષે ધનવંત પુરૂષોમાં શ્રેષ્ઠ એવો માકંદી નામે સાર્થપતિ રહેતો હતો. તેને ઉત્તમ આકૃતિવાલી, અનેક પુણ્યકાર્ય કરનારી, શીલગુણની શોભાવાલી અને વિનયકાર્યમાં શ્રેષ્ઠ એવી ભદ્રા નામે સ્ત્રી હતી. પરસ્પર વિષયસુખ ભોગવતા એવા તે બન્ને જણાને જિનરક્ષિત અને જિનપાલિત નામે બે પુત્રો થયા. પિતાએ તે બન્ને પુત્રોને કલાચાર્ય પાસે સર્વ કલાનો અભ્યાસ કરાવી ઘર વેપારના કામમાં જોડયા.

એકદા તે બન્ને ભાઇઓ પરસ્પર એકાંતમાં એવી વાર્તા કરવા લાગ્યા કે "આપણે અગીયારવાર સમુદ્રની મુસાફરી કરી છે તેમાં સર્વ વખતે દ્રવ્ય મેલવી, કૃત કાર્ય થઈ, સુખ યુકત નિર્વિઘ્નપણે આપણે પોતાના ઘર પ્રત્યે આવ્યા છીએ, માટે હમણાં બારમી મુસાફરી કરવી જોઇએ." એમ વિચાર કરી તેઓએ પોતાના પિતાને કહ્યું "હે માતાપિતા! જો આપ અમને ઝટ આજ્ઞા આપો તો અમે દ્રવ્યની પ્રાપ્તિને અર્થે બારમી વખત સમુદ્રની મુસાફરી કરીએ." માતા પિતાએ કહ્યું: "હે પુત્રો! તમોએ આપણા ઘરને વિષે બહુ સંપત્તિ એકઠી કરી છે, વળી તમારી યુવાવસ્થા છે અને રૂપલાવણ્યથી તમારે મનોહર સ્ત્રીઓ છે તેથી તમે બન્ને જણા તે સ્ત્રીઓની સાથે સંભોગ ભોગવો. હે પુત્રો! હમણાં તમારે કષ્ટકારી એવી સમુદ્રની મુસાફરી કરવાની નથી. કહ્યું છે કે સત્પુરૂષોએ ક્યારે પણ અતિ લોભ કરવો નહીં. વળી બીજા માણસો પાસેથી મેં બહુ વખત સાંભળ્યું છે કે માણસોને સમુદ્રની બારમી મુસાફરી વિઘ્નકારી થાય છે." પિતાના આવા એક બે ત્રણ વાર કહેલા વચન સાંભળીને પણ પુત્રોએ કહ્યું. "હે માતાપિતા! બારમી મુસાફરી ગમે તેટલી દુષ્કર હોય પરંતુ અમારે બારમી વખતની મુસાફરી કરવી. સત્પુરૂષોનું એજ બળ છે જે પોતાનું કહેલું પોતે પાળવું."

પછી તે પુત્રોનો ઘોર આગ્રહ જાણી માતા પિતાએ કહ્યું. "જેમ તમને સુખ ઉપજે તેમ કરો." માતા પિતાની આજ્ઞા મલી એટલે તો બહુ હર્ષ પામેલા તે બન્ને જણા નાના પ્રકારના બહુ કરીયાણાથી વહાણોને ભરી બલી કર્મ કરી (એટલે પ્રભુની પૂજાદિક) મંગલિક કરી શુભ દિવસે હર્ષ પામતા છતા ઉત્સવપૂર્વક સમુદ્ર મધ્યે ચાલ્યા. થોડા

દિવસમાં તેઓ સુખેથી જેટલામાં સેંકડો યોજન ઉલ્લંઘીને સમુદ્રની મધ્ય ભાગે આવ્યા તેટલામાં મહા ભયંકર વાયુથી તે વહાણ ભાંગી ગયું તેથી સર્વે માણસો અને પાત્રાદિ જલમાં બુડવા લાગ્યા. જિનરક્ષિત અને જિનપાલિતના હાથમાં પૂર્વ ભવના ઉપાર્જન કરેલા પુણ્ય યોગથી એક પાટીઉં આવી ગયું. તેથી તેઓ રત્નદ્વીપને કાંઠે જીવતા નિકળ્યા. તે દ્વીપના વાયુથી સ્વસ્થ થએલા તે બન્ને ભાઈ-ઓ ક્ષુધાતુર થવાથી તત્કાલ ત્યાંના યોગ્ય અને મનોહર ફલોનું ભક્ષણ કરવા લાગ્યા. પરસ્પર બન્ને ભાઇઓ લાંગલી ફલના તૈલથી એક બીજાના શરીરને મર્દન કરી અને વાવડીના જળમાં સ્નાન કરી સ્વસ્થ શરીરવાળા થયા.

પછી તેઓ જેટલામાં બીજા કોઇ દેશ પ્રત્યે જવા માટે સુખના હેતુ રૂપ વાત કરતા હતા તેટલામાં હાથમાં ખડ્ગવાલી રત્નદ્વીપની ભયંકર દેવી પોતાનું સાત તાડ પ્રમાણ ઉંચુ રૂપ કરી ત્યાં આવી અને દુષ્ટ મનવાળી અસતી તેમ ક્રોધયુક્ત તે દેવી કહેવા લાગી કે "હે માકંદીના પુત્રો ! જો તમે જીવવાની ઇચ્છા રાખતા હો તો નિર્ભય એવા તમે બન્ને જણાઓ મ્હારી સાથે દિવ્ય એવા અસંખ્ય વિષય સુખ ભોગવો. નહિ તો નિર્બળ એવા તમારા બન્નેના મસ્તક તુરત આ ખડ્ગવડે તોડી નાખીશ." દેવીનાં આવાં વચન સાંભળી અત્યંત ભયભીત થએલા બન્ને ભાઈઓએ તેણીનું કહેવું કબુલ કર્યું. પછી શાંત ચિત્તવાળી તે દેવી પોતાનું મનોહર રૂપ ધારણ કરી તુરત તે બન્ને ભાઇઓને પોતાના મહેલ ઉપર તેડી ગઇ ત્યાં તે દેવી અશુભ પુદ્ગલોને દૂર કરી તથા શુભ સ્થાનાદિ અવયવોને ધારણ કરી મરજી પ્રમાણે તે બન્ને પુરૂષોની સાથે હર્ષથી ભોગ ભોગવવા લાગી, અમૃત ફળના સ્વાદથી ઉત્પન્ન થએલા સુખમાં અતિ લંપટ થએલા જિનરક્ષિત અને જિનપાલિત બન્ને ભાઇઓ પણ પોતાના માતા પિતાના સ્નેહને કયારે પણ સંભારતા નથી.

એકદા લવણ સમુદ્રના અધિષ્ટિત સુસ્થિત નામના દેવતાએ ઇંદ્રની આજ્ઞાથી રત્નદ્વીપની દેવીને આ પ્રમાણે કહ્યું: "હે ભદ્રે ! તું મ્હારી આજ્ઞાથી તૃણ, કાષ્ટ, પાંદડાં અને કચરો બહાર કાઢી નાખી લવણ સમુદ્રને એકવીશ વાર શુદ્ધ કર."

સ્વામીની આવી આજ્ઞાથી રત્નદ્વીપ દેવી તુરત પોતાના ઘર પ્રત્યે આવીને માકંદીના પુત્રોને કહેવા લાગી.

આજે સુસ્થિત નામના દેવતાએ મને આજ્ઞા કરી છે તેથી હું સમુદ્રને શુદ્ધ કરવા જાઉં છું. કારણ સ્વામીની આજ્ઞા ન ઉલ્લંઘી શકાય તેવી હોય છે. હે શુભો ! તમે બન્ને જણા ક્રીડા કરતા છતા આ મેહેલને વિષે સુખેથી રહો. તમને અહિં રહેતાં કાંઇપણ દુ:ખ થવાનું નથી. જો તમે અહિં રહેતાં ઉદ્વેગ પામો તો પૂર્વ દિશાના ઉદ્યાનમાં તમારે સુખેથી ક્રીડા કરવી. ત્યાં પ્રાવૃટ્ અને વર્ષા નામના બે ઋતુ સુખકારી છે. જેથી તેમનાથી ઉત્પન્ન થએલા ફળ પુષ્પાદિ વડે તમારે રમવું.

જો ત્યાં પણ તમે ઉદ્વેગ પામો તો તમારે ઉત્તર દિશાના ઉદ્યાનમાં જવું. ત્યાં સ્વાધિન અને સુખકારી હેમંત અને શરત્ નામની છેલ્લી બે ઋતુઓ નિવાસ કરીને રહે છે તેનાથી ઉત્પન્ન થએલા ફલાદિ વડે કરીને તમારે નિર્ભય એવા હસ્તિની પેઠે સ્વેચ્છાથી ક્રીડા કરવી. જો કદાપિ ત્યાં પણ તમને ઉદ્વેગ થાય તો તમારે પશ્ચિમ દિશાના ઉદ્યાનમાં જવું. ત્યાં વસંત અને ગ્રીષ્મ નામની બે ઋતુઓ રહે છે. તેમનાથી ઉત્પન્ન થએલા ફળ પુષ્પ જળ વિગેરેથી તમારે દીર્ઘકાળ પર્યંત સુખે ક્રીડા કરવી. હે વીર પુરૂષો ! જો તમે ત્યાં નિર્જનપણાને લીધે ઉદ્વેગ પામો તો ફરી આ મેહેલમાં આવી સુખેથી ક્રીડા કરવી પરંતુ તમારે કયારે પણ દક્ષિણના ઉદ્યાનમાં જવું નહી કારણ ત્યાં મ્હોટા શરીરવાળો, રાતા નેત્રવાળો, ક્ષુધાથી વ્યાપ્ત અને મહા ભયંકર એવો દૃષ્ટિ વિષ સર્પ રહે છે એ સર્પને જોવાથી તમારૂં મૃત્યુ ન થાઓ એ હેતુથી હું તમને દક્ષિણ ઉદ્યાનમાં જવાનો નિષેધ કરૂં છું.”

આ પ્રમાણે તે દેવી એક, બે, ત્રણ વાર તેઓને પ્રતિબોધ કરી પોતે લવણ સમુદ્રને શુદ્ધ કરવા ચાલી ગઇ. પાછળ બન્ને ભાઇઓ પૂર્વ પશ્ચિમ અને ઉત્તર એ ત્રણે દિશાઓમાં દીર્ઘકાળ પર્યંત ક્રીડા કરી પોતાના મેહેલ પ્રત્યે આવી વિચાર કરવા લાગ્યા. દેવીએ આપણને દક્ષિણ દિશાના ઉદ્યાનમાં જવાનો શા માટે નિષેધ કર્યો. નિશ્ચે ત્યાં કોઇ મ્હોટું કારણ હોવું જોઇએ, માટે હમણાં આપણે ત્યાં જવું હિતકારી છે. કહ્યું છે કે, અજ્ઞાન વૃત્તિવાળા પ્રાણીઓનો વિશ્વાસ કરવો નહિ.

આવી રીતે વિચાર કરીને તે બન્ને ભાઇઓ ગાયના કલેવરથી બહુ પ્રસરી રહેલા દુર્ગંધવાળી દક્ષિણ દિશા પ્રત્યે ગયા. ત્યાં તેઓએ બહુ પ્રહાર થએલો, ફક્ત હાડકાના સમૂહથી વ્યાપ્ત, જોવાને અયોગ્ય, જોવાથી દુઃખી કરનારો અને શૂલીથી વિંધાયેલો હોવાથી આક્રોશ કરતો કોઈ પુરૂષ દીઠો. પ્રથમ તો તેઓ તે પુરૂષને જોઈ બહુ ભય પામ્યા. પણ પછી ધીરજ રાખી શૂલીથી વિંધાયેલા તે પુરૂષની પાસે જઈ તે બન્ને ભાઇઓએ તેને પૂછયું: “ આ કોનું આઘાત સ્થાન છે ? તું કોણ છે ? અહિં કેમ આવ્યો છું ? અને તને આવું દુઃખ કોણે આપ્યું ?” પેલા પુરૂષે કહ્યું. “ હે ભદ્રો ! આ રત્નદ્વીપનું હિંસાસ્થાન છે. હું કાકંદીપુરમાં નિવાસ કરનારો વણિક છું. હું વેપાર માટે વહાણ લઈ જતો હતો. રસ્તે વહાણ ભાંગી પડયું. પાટીયું હાથ આવવાથી હું મ્હારા દુર્દૈવથી અહિં આવી ચડયો. અહિં આ દુષ્ટ ચિત્તવાલી રત્નદ્વીપની દેવીએ મને રાખ્યો અને તેણીએ મ્હારી સાથે બહુ કાળ પર્યંત હર્ષથી ભોગો ભોગવ્યા. તમારૂં આવવું સાંભળીને તે દેવીએ તુરત મને શૂલી ઉપર ચડાવ્યો કારણ દુષ્ટોનો એવોજ સ્વભાવ હોય છે. દુષ્ટ ચિત્તવાળી આ દેવીએ આ પ્રમાણે ભોળા હૃદયવાળા બહુ જનોને છેતરીને મારી નાખ્યા છે હું જાણુતો કે રૂપ સૌભાગ્યે કરીને મનોહર એવા તમને એ દુઃખ આપનારી દેવીથી શી શી વિપત્તિઓ ભોગવવી પડશે.” શૂળીમાં પરોવાએલા પુરૂષનાં આવાં વચન સાંભળી

બહુ ભયભ્રાંત થએલા તે જિનરક્ષિત અને જિનપાલિત બન્ને ભાઇઓ તેને કહેવા લાગ્યા. "હે પરોપકારી પુરૂષ ! અમે જે પ્રકારે આ વિપત્તિરૂપ સમુદ્રનો પાર પામીએ તેવો ઉપાય તું અમને બતાવ. તે પુરૂષે કહ્યું: "હે ભદ્રો ! તમે પોતાના જીવિતનો ઉત્તમ ઉપાય સાંભળો.

અહિંથી પૂર્વ દિશાના ઉદ્યાનમાં શોભાથી મનોહર એવું એક યક્ષનું આશ્ચર્યકારી સ્થાનક છે ત્યાં અશ્વરૂપને ધારણ કરના સેલક નામે યક્ષ વસે છે. તે યક્ષરાજ આઠમ, ચૌદશ અને પુનમ એ તીથિઓને વિષે હંમેશા મ્હોટા શબ્દથી એમ કહે છે કે—હું કયા માણસને તારૂં અને કયા માણસને પાળું ?" માટે તમે ત્યાં જઈ તેનું પૂજન કરતા છતા રહો. જ્યારે સમય આવે તે સેલક યક્ષ "હું કયા માણસને તારૂં અને કયા માણસને પાળું ?" એમ કહે ત્યારે તમારે પોતાના જીવિતની ઇચ્છાથી અમને ઝટ તારો અને પાલન કરો, પાલન કરો " એમ કહેવું. તમે એમ કહેશો એટલે તે યક્ષરાજ તમને આપત્તિરૂપ સમુદ્રનો પાર પમાડશે એ વિના બીજો કોઈ ઉપાય નથી."

પછી જિનરક્ષિત અને જિનપાલિત બન્ને ભાઇઓ શૂલિમાં વિંધાયલા પુરૂષથી પોતાના જીવિતનો ઉપાય સાંભળી હર્ષ પામતા છતા તુરત સેલકયક્ષના મંદિર પ્રત્યે ગયા. ત્યાં તેઓ પુષ્પાદિક વડે ભક્તિથી યક્ષનું પૂજન કરતા છતા અહર્નિશ આદરથી તેનું સેવન કરવા લાગ્યા. પછી અવસરે સેલકયક્ષે જેટલામાં "હું કયા માણસને તારૂં અને કયા માણસને પાળું? " એવો શબ્દ કર્યો, તેટલામાં તે બન્ને ભાઈઓએ " હે સ્વામિન્ ! અમને પાળો અને આ મહા આપત્તિથી તારો " એમ કહ્યું. તેઓનાં આવાં વચન સાંભળી તુરત પ્રગટ થઇ યક્ષે કહ્યું: " હે માકંદી પુત્રો ! સાંભળો, જો તમે મ્હારૂં કહ્યું કરો હું તમારૂં પાલનાદિ કાર્ય કરૂં. " બન્ને ભાઇઓએ કહ્યું: " હે યક્ષેંદ્ર ! તમે અમારા પિતા છો. માટે તમારૂં હિતકારી કહેલું અમે સર્વ અંગીકાર કરશું. " પછી યક્ષે તે બન્નેને પોતાની પીઠ ઉપર બેસારીને કહ્યું: " તમારે પાછલ આવેલી તે દેવીના મુખ સામું જોવું નહીં. એટલુંજ નહીં પણ તેનાં વચન સાંભળી મનમાં જરાપણ રાગ કરવો નહીં. નહિ તો હું તમને બન્નેને મ્હારી પીઠ ઉપરથી અપાર એવા સમુદ્રમાં ફેંકી દઈશ. " આ પ્રમાણે શીખામણ દઈ તે બન્ને ભાઇઓને લઈ સેલકયક્ષ સમુદ્રમાં આકાશ માર્ગે વેગવડે ચાલ્યો.

હવે અહિં રત્નદ્વીપની દેવી લવણસમુદ્રને શુદ્ધ કરી જેટલામાં પોતાના ઘર પ્રત્યે આવી તો તેણીએ તે બન્ને પુરૂષોને દીઠા નહીં તેથી તે બહુ આકુલ વ્યાકુલ થવા લાગી. તેણીએ પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં બહુ શોધખોલ કરી પણ તેઓને ક્યાંઇ દીઠા નહીં. પછી પોતાના અવધિજ્ઞાનથી મહા સમુદ્રની મધ્યે સેલકયક્ષવડે લઇ જવાતા તે બન્નેને જોઇ અત્યંત ક્રોધ પામેલી તે દુષ્ટ દેવી પોતાનું તીક્ષ્ણ ખડગ લઇ તત્કાલ ત્યાં આવીને કઠોર વચનથી કહેવા લાગી.

" અરે માકંદીના પુત્રો ! તમે મ્હારી સાથે દીર્ઘકાલ ભોગો ભોગવી અત્યારે મને કહ્યા વિના કેમ નાસી જાઓ છો ? ધિક્કાર છે કૃતઘ્ન એવા તમોને, જો તમે પોતાનું જીવિત ઇચ્છતા હો તો આ સેલકયક્ષને ત્યજી દઈ ઝટ મ્હારી સાથે ચાલો, નહિ તો આ ખડ્ગ વડે તમારાં બન્નેનાં મસ્તકો છેદી વૃક્ષના ફલની પેઠે સમુદ્રમાં પાડી નાખીશ. " દેવીનાં આવાં કઠોર વચન સાંભળીને પણ નિર્ભય રહેલા તે બન્ને જણાઓ ત્રાસ પામ્યા વિના સમુદ્રમાં ચાલવા લાગ્યા. દેવી જ્યારે તેઓને ભયંકર ઉપસર્ગથી ચલાવવા સમર્થ થઇ નહીં ત્યારે તે અનુકુલ ઉપસર્ગથી ક્ષોભ પમાડવા લાગી. દિવ્ય શૃંગાર ધારણ કરી કટાક્ષ ફેંકતી અને હાવભાવ દેખાડતી તે દેવી ફરી તેઓના પ્રત્યે કહેવા લાગી.

હે પ્રાણપ્રિય જિનરક્ષિત તથા જિનપાલિત ! હા હા ! તમે બન્ને જણા મને એકલીને અહિ મૂકી કેમ ચાલ્યા જાઓ છો ? મેં સ્વપ્નમાં પણ તમને જરા પીડા પમાડી નથી તેમજ ક્યારે પણ તમારી આજ્ઞા ઉલ્લંઘન કરી નથી ! હે પ્રાણનાથ ! તમે મને હમણાં પુણ્યથી પ્રાપ્ત થએલા છો, છતાં તમારો અપરાધ વિના મ્હારી ઉપરનો મોહ ક્યાં જતો રહ્યો ? તમારા વિના હું મંદભાગ્યવાળી થઇ છું, તો હવે મ્હારા દિવસો શી રીતે જશે ? મ્હારૂં શરીર, સંપત્તિ અને નિવાસસ્થાન વિગેરે સર્વ નિષ્ફલ થયું. " દેવીએ આ પ્રમાણે બહુ કહ્યું પરંતુ જિનપાલિતનું મન જરા પણ અસ્થિર થયું નહીં પણ જિનરક્ષિત તો કંઇક ચલચિત્ત થયો. દેવીએ તેને અવધિ જ્ઞાનથી ચલચિત્ત થએલો જાણી કહ્યું, " હે પ્રાણનાથ જિનરક્ષિત ! હું તને જેવી પ્રિય હતી તેવી જિનપાલિતને નથી તેમજ તું મને જેવો હંમેશાં પ્રિય હતો તેવો ક્યારે પણ જિનપાલિત નહોતો. હે નાથ ! હા હા, નિઃકૃત્રિમ સ્નેહવાળી, વિયોગથી આક્રોશ કરતી અને સ્નેહવાળી મને તું અપરાધ વિના ન ત્યજી દે. હે જિનરક્ષિત ! તું એકવાર તો મ્હારૂં મુખ જો. ઉત્તમ પુરૂષો સ્નેહવંત સ્વજનને વિષે દક્ષિણ્યતા-રહિત થતા નથી." દેવીનાં આવાં સ્નેહયુક્ત વચનથી છિન્ન ભિન્ન થએલા ચિત્તવાલા જિનરક્ષિતે પોતાના બંધુએ વાર્યા છતાં પણ દેવીના મુખ સામું જોયું. પછી સેલક-યક્ષે જિનરક્ષિતને ચલચિત્ત થએલો જાણી અત્યંત ક્રોધ પામી પોતાની પીઠ ઉપરથી સમુદ્રમાં ફેંકી દીધો. સમુદ્રમાં પડતા એવા તે જિનરક્ષિતને " અરે તું મને મૂકીને ક્યાં જાય છે ? " એમ કહેતી એવી તે નિર્દય દેવીએ ક્રોધથી તુરત હાથવડે પકડ્યો અને ફરી આક્રોશ કરતા એવા તેને આકાશમાં ઉચ્છાલી તેના શરીરના કકડે કકડા કરી દશ દિશામાં બલીદાન રૂપે ફેંકી દીધા. જિનપાલિત તો દેવીના અનુકુલ, પ્રતિ-કુલ અથવા મોહકારી વચનથી જરાપણ ક્ષોભ પામ્યો નહીં તેથી ભગ્નોચ્છાહવાળી તથા શાંત થએલા ચિત્તવાળી તે રત્નદ્વીપની દેવી પોતાના સ્થાનકે ગઇ.

પછી સેલકયક્ષ નિર્વિઘ્નપણે સમુદ્ર ઉતરી સમાધિથી જિનપાલિતને ચંપાપુરીના મ્હોટા ઉદ્યાનમાં લાવ્યો. ત્યાં તેણે પોતાની પીઠ ઉપરથી જિનપાલિતને ઉતારીને

કહ્યું: " હે વત્સ ! આ ચંપાપુરી દેખાય છે માટે તું ત્હારા ઘર પ્રત્યે જા અને હું કૃતાર્થપણે ત્હારી આજ્ઞાથી મ્હારા પોતાના સ્થાન પ્રત્યે જાઉં છું " એમ કહી સેલકયક્ષ તુરત પોતાને સ્થાનકે ગયો.

પછી જિનપાલિત ચંપાપુરીમાં પ્રવેશ કરી ભક્તિવડે માતા પિતાના ચરણમાં નમસ્કાર કર્યો. " હે વત્સ ! ત્હારો બંધુ જિનરક્ષિત ક્યાં છે ? એમ માતા પિતાના પૂછવા ઉપરથી જિનપાલિતે પોતાનો સઘળો વૃત્તાંત તેમની આગલ વારંવાર કહ્યો. પછી પિતાએ દીર્ઘકાલ પર્યંત જિનરક્ષિતનો શોક કરી તથા તેનું પ્રેતકાર્ય કરી તેમજ જિનપાલિતને સઘળો ઘરભાર સોંપી પોતે ધર્મસાધન કર્યું. જિનપાલિત પણ અખંડ ભોગોને ભોગવતો યશ, ધન અને પુત્રાદિકવડે મ્હોટી વૃદ્ધિ પામ્યો.

એકદા શ્રી મહાવીર પ્રભુ ચંપાનગરીમાં સમવસર્યા. તેમની ધર્મ દેશના સાંભળી જિનપાલિતે દીક્ષા લીધી. અનુક્રમે અગીયાર અંગનો અભ્યાસ કરી તથા નિર્મલ એવા ચારિત્રને પાલી તે જિનપાલિત સૌધર્મ દેવલોકને વિષે બે સાગરોપમ સ્થિતિના આયુષ્યવાળો દેવતા થયો. ત્યાંથી ચવી વિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ પામી સર્વ કર્મને ખપાવનારો તે જિનપાલિત સિદ્ધિ પામશે.

સંસાર રૂપ સમુદ્ર, મનુષ્યજન્મ રૂપ અતિ શ્રેષ્ઠ રત્નદ્વિપ, અને ભોગેચ્છા રૂપ દુષ્ટ દેવી જાણવી. તે ભોગેચ્છાને વિષે જડમતિ માણસ પોતાનું મન ધારણ કરે છે, તે ભોગેચ્છાના વિપરિતપણાથી માણસો જિનરક્ષિતની પેઠે બહુ દુઃખ પામે છે અને જિનવરની આજ્ઞા પાળવાથી જિનપાલિતની પેઠે સ્વર્ગ અપવર્ગના સુખ પામે છે.

**' श्रीजिनपालित ' नामना मुनिवरनी कथा संपूर्ण**

**तीअद्धाए चंपाइ, सोमपत्तीइ जस्स कडुतुंबं ॥**
**दाउं नागसिरीए, उवज्जिउणंतसंसारो ॥ ८ ॥**

અતીતકાલે ચંપાનગરીમાં સોમ બ્રાહ્મણની સ્ત્રી નાગશ્રીએ ધર્મરૂચિ નામના સાધુને કડવું તુંબડુ વહોરાવી અનંત સંસાર ઉપાર્જન કર્યો. ॥ ૮ ॥

**सो धम्मघोससीसो, तं भुच्चा मासखमणपारणए ॥**
**धम्मरुई संपत्तो, विमाणपवरंमि सव्वट्ठे ॥ ९ ॥**

ધર્મઘોષ આચાર્યનો શિષ્ય ધર્મરૂચિ, માસખમણના પારણે તે કડવા તુંબડાને ભક્ષણ કરી સર્વાર્થસિદ્ધ નામના ઉત્તમ વિમાનને વિષે દેવતાપણે ઉત્પન્ન થયો. ॥૯॥

**' श्रीधर्मरुचि ' नामना मुनिवरनी कथा**

અતીતકાલે ચંપાપુરીમાં સોમદેવ, સોમદત્ત અને સોમભુતિ નામના ત્રણ બ્રાહ્મણ બંધુઓ રહેતા હતા. તેઓને નાગશ્રી, ભૂતશ્રી અને યજ્ઞશ્રી નામે સ્ત્રીઓ હતી. મહા સમૃદ્ધિવંત એવા તે ત્રણે વિપ્રો સુખી હતા.

એકદા તે ત્રણે વિપ્રો પરસ્પર વિચાર કરવા લાગ્યા કે “ આપણા ઘરને વિષે સુપુણ્યયોગથી બહુ લક્ષ્મી છે માટે આપણે સૌએ નિરંતર ભેગા જમવું. ક્યારે પણ જુદા જમવું નહીં કારણ ભેગા જમવું એજ મુખ્ય પ્રેમનું ફલ છે. ” આ પ્રમાણે વિચાર કરી તે સર્વે ભાઈઓ કુટુંબ સહિત હંમેશા એકઠું ભોજન કરવા લાગ્યા.

એક દિવસ નાગશ્રીનો રસોઇ કરવાનો વારો આવ્યો તે દિવસે તેણીએ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એવા ચાર પ્રકારની રસોઈ બનાવી, પરંતુ અજાણપણાથી કડવા તુંબડાનું બહુમશાલાદિ પદાર્થોનું સરસ શાક બનાવ્યું. પછી તેણીએ જેટલામાં તે શાક ચાખી જોયું તેટલામાં તે વિષમય લાગ્યું તેથી નાગશ્રી વિચાર કરવા લાગી કે “ અરે અજાણથી આ શું થઈ ગયું ? નિશ્ચે આ શાક પતિ અથવા દિયર વિગેરેને પિરસી શકાય તેવું નથી. તેમ બહુ મશાલા વિગેરે પદાર્થોથી સુધારેલું હોવાથી નાખી દેવાય તેવું પણ નથી. ” આમ વિચાર કરી નાગશ્રીએ તુરત તે કડવા તુંબડાના શાકને સંતાડી દઈ બીજા મધુર તુંબડાનું શાક કરી પોતાના પતિ દિયર વિગેરેને ભોજન કરાવ્યું. સોમદેવાદિ ત્રણે ભાઈઓ પણ સ્નાન, સેવા વિગેરે કરી તથા ઉત્તમ ભોજન કરી અનુક્રમે હંમેશની પેઠે પોતપોતાના કાર્ય માટે ચાલ્યા ગયા. નાગશ્રી પણ જેટલામાં જમી ઉઠયા પછી બહાર આવી તેટલામાં શ્રીધર્મઘોષ સૂરિનો સર્વગુણધારી ધર્મરૂચિ નામનો શિષ્ય ગુરૂની આજ્ઞાથી માસખમણને પારણે ભિક્ષા માટે ઘર ઘર પ્રત્યે ફરતો છતો ત્યાં આવી પહોંચ્યો. ધર્મરૂચિને આવતો જોઇ હર્ષ પામેલી દુષ્ટ ચિત્તવાળી નાગશ્રીએ તુરત તે મહાત્માને પેલા કડવા તુંબડાનું સઘળું શાક વહોરાવી દીધું. પછી ધર્મરૂચિ મુનિ ઇર્યાપથિકી પૂર્વક ગોચરી ફરી કડવું તુંબડુ લઈ ગુરૂ પાસે આવ્યા. ત્યાં તેમણે વિનયથી નિર્વિકલ્પપણે તે તુંબડુ ગુરૂને દેખાડયું. ગુરૂએ તે તુંબડાને ગંધથી વિષમય જાણી ધર્મરૂચિને કહ્યું “ આ તુંબડુ વિષમય છે માટે ત્હારે તે ભક્ષણ ન કરતાં પરઠવી દેવું.” ગુરૂનાં આવાં વચન સાંભળી ધર્મરૂચિ મુનિ તે તુંબડાને ભૂમિમાં પરઠવવા માટે વનમાં ગયા ત્યાં તે ધર્મરૂચિ મુનિ કડવા તુંબડાનું એક ટીપું પૃથ્વી ઉપર પડી જવાથી અનેક કીડીઓનું મૃત્યુ થએલું જોઇ ઉત્પન્ન થએલી દયાવડે તે સઘળું કડવું તુંબડુ ભક્ષણ કરી ગયા. પછી ત્યાંજ અનશન કરી, મૃત્યુ પામી તે ધર્મરૂચિ મુનિ, સર્વાર્થ સિદ્ધ નામના મહાવિમાનમાં દેવતાપણે ઉપન્યા.

હવે અહીં કડવા તુંબડાનું દાન અને તેથી થએલું મુનિનું મૃત્યુ સાંભળી સોમદેવ બ્રાહ્મણે મુનિનો ઘાત કરનારી પોતાની સ્રીને રોગવાળી કુતરીની પેઠે કાઢી મૂકી. પછી તે પાપથી દુ:ખી થએલી નાગશ્રી સોળ રોગથી પીડા પામીને મૃત્યુ પામી છઠ્ઠી નરકને વિષે ઉત્પન્ન થઈ. ત્યાંથી તે મત્સ્યજાતિમાં ઉત્પન્ન થઇ ફરી સાતમી નરકે ગઇ. ત્યાંથી તંદુલ મત્સ્યનો ભવ પામી ત્યાંથી ફરી સાતમી નરકે ગઇ ફરી મત્સ્ય થઇ ફરી છઠ્ઠી નરકે ગઇ. આવી રીતે ગોશાળાની પેઠે બબે ભવ આં-

તરામાં કરી સાતે નરકે ઉત્પન્ન થઈ. છેવટ અનંત ભવ ભ્રમણ કરી પાપ-કર્મથી તિર્યંચ યોનિમાં ઉપની. ત્યાંથી ચંપાપુરીમાં સાગરદત્ત શ્રેષ્ઠીની ભદ્રાવતી સ્ત્રી-ના ઉદરથી સુકુમાલિકા નામની પુત્રીપણે જન્મી. યુવાવસ્થા પામી એટલે પિતાએ તેણીને જિનદત્ત શ્રેષ્ઠીના પુત્ર સાગરની સાથે મ્હોટા ઓચ્છવથી પરણાવી. સાગર તેણીના દેહનો સ્પર્શ અગ્નિના સરખો જાણી નાસી ગયો. પછી પિતાએ તેણીને કોઈ દ્રમકને સોંપી. દ્રમક પણ તે સુકુમાલિકાના અંગસ્પર્શને નહિં સહન કરતો છતો નાસી ગયો. પછી પિતાની આજ્ઞાથી નિરંતર યાચકજનોને દાન આપતી તે સુકુ-માલિકાએ ઉત્તમ સાધ્વીના સંગથી ઉત્પન્ન થએલા વૈરાગ્યવડે દીક્ષા લીધી. છઠ્ઠ, અઠ્ઠમ અને માસખમણાદિ મહા તપને કરતી એવી તે સુકુમાલિકા સાધ્વીએ, ગુરૂ-ણીએ ના કહ્યા છતાં વનમાં વિધિથી આતાપના કરવા માંડી.

એકદા ત્યાં પાંચ પાંચ પુરૂષોથી સેવન કરાતી કોઇ રૂપવતી વેશ્યાને જોઇ સુકુમાલિકા પોતાના મનમાં વિચાર કરવા લાગી. "મેં પૂર્વે નિર્મલ પુણ્ય કર્યું નથી જેથી મને જરા પણ સુખ મલ્યું નહિ. આ વેશ્યા મહા ભોગસુખ ભોગવે છે. જો મ્હારા આ તપનું કાંઈ પણ ફલ હોય તો મને આવતા ભવમાં આવું ભોગ-સુખ પ્રાપ્ત થાઓ." આ પ્રમાણે તે મૂઢ સુકુમાલિકાએ નિયાણું કર્યું. પછી વસ્ત્રાદિ શરીરના ઉપકરણોમાં વારંવાર આસક્ત થએલી તે સુકુમાલિકા મૃત્યુ પામીને ઇશાન દેવલોકમાં સાધારણ દેવી થઇ ત્યાંથી ચવીને તે કાંપીલ્યપુરનાં દ્રુપદ રાજાની ઉત્તમ રૂપવાળી ચુલની રાણીના ઉદરથી દ્રૌપદી નામની પુત્રીપણે ઉત્પન્ન થઇ. તેનો વિવાહ કરવા માટે રચેલા સ્વયંવર મંડપમાં પિતાએ અનેક ભૂપતિઓને તેડાવ્યા. તેથી કૃષ્ણાદિ અનેક રાજાઓ ત્યાં આવ્યા. પછી પૂર્વે કરેલા નિયાણાથી ઉદય પામેલા કર્મવશપણાને લીધે તેણીએ પાંડુરાજાના પાંચ પુત્રો વર્યા. કહ્યું છે કે પૂર્વે કરેલું કર્મ દુર્લંઘ્ય છે. પછી પાંડવો પોતાના નગર પ્રત્યે જઈને તે દ્રૌપદીની સાથે પોત પોતાના વારા પ્રમાણે નિરંતર વિષયસુખ ભોગવવા લાગ્યા.

એકદા નારદમુનિ દ્રૌપદીના ઘરને વિષે આવ્યા પણ દ્રૌપદીએ તેમનો આદરસત્કાર કર્યો નહિ તેથી નારદ તેણીના ઉપર બહુ ક્રોધ પામ્યા. પછી તેમણે ધાતકી ખંડની અમરકંકા નગરીમાં જઈ પદ્મોતર રાજાની પાસે દ્રૌપદીના રૂપ ગુણનું બહુ વર્ણન કર્યું. *દ્રૌપદીના રૂપનું શ્રવણ કરવાથી તેણીના ઉપર અનુરાગ ધરતા એવા પદ્મોત્તર* ભૂપતિએ દેવતાની આરાધના કરી દ્રૌપદીને ત્યાં પોતાની પાસે તેડાવી. અહિં બલ-વંત પાંડવોએ દ્રૌપદીની સર્વ સ્થાનકે બહુ શોધ કરી પણ તે કયાંઈથી મળી શકી નહી, તેથી તેઓએ પોતાની માતા કુંતાને દ્વારકા નગરી મોકલ્યાં. કુંતાએ ત્યાં જઈ દ્રૌપદીના હરણની સર્વ વાત કૃષ્ણને કહી. કૃષ્ણે "હું જ્યાં ત્યાંથી દ્રૌપદીને લાવી આપીશ." એમ કહી કુંતાને સંતોષ પમાડી તેમની ભક્તિ કરી.

એકદા કૃષ્ણે પોતાની સભામાં આવેલા નારદને પૂછયું કે "હે નારદ ? તમે

પાંડવોની પ્રિયા દ્રૌપદીને કયાંય દીઠી ?" નારદે કહ્યું: "હે ગોવિંદ ! ધાતકિખંડમાં પદ્મોત્તર રાજાના અંતઃપુરમાં દ્રૌપદીને જોઈ છે." પછી કૃષ્ણ તુરત પાંડવોને સાથે લઈ પૂર્વ સમુદ્રને કાંઠે ગયા, ત્યાં વિધિથી સુસ્થિત દેવની આરાધના કરી. સુસ્થિત દેવે પ્રસન્ન થઈ તેમને છ રથો આપ્યા જેથી કૃષ્ણ પાંડવો સહિત અમર નગરીએ ગયા. પ્રથમ કૃષ્ણની આજ્ઞાથી પાંચે પાંડવો પદ્મોત્તર ભૂપતિની સાથે યુદ્ધ કરવા લાગ્યા પરંતુ તેઓ ભયથી નાસીને કૃષ્ણના શરણે આવ્યા. પછી કૃષ્ણે પોતાના શંખનાદથી શત્રુની સેનાના ત્રીજા ભાગને ક્ષણ માત્રમાં નાશ કર્યો એટલુંજ નહિ પણ ધનુષ્યના ટંકારથી પણ તેવી રીતે બાકી રહેલા સૈન્યનો ત્રીજો ભાગ હણી નાખ્યો. છેવટ પદ્મોત્તર રાજા નાઠો અને ઝટ પોતાની નગરીમાં પેસી ગયો. ભયભ્રાંત ચિત્તવાળા તેણે પોતાના માણસો પાસે દરવાજા બંધ કરાવી દીધા. કૃષ્ણે નૃસિંહ રૂપ ધારણ કરી કોટ અને દરવાજા વિગેરે પગપ્રહાર વડે ભાગી નાખ્યા. પછી ભયભ્રાંત થએલો પદ્મોત્તર રાજા સતી દ્રૌપદીને સાથે લઈ કૃષ્ણની પાસે આવ્યો ત્યાં તેણે દ્રૌપદીને કૃષ્ણની આગળ મૂકી તુરત પ્રણામ કર્યા. પછી દ્રૌપદીને સાથે લઈ પાંચ પાંડવો સહિત કૃષ્ણ પાંચજન્ય શંખનો શબ્દ કરી સમુદ્રકાંઠે આવ્યા.

આ વખતે ધાતકિખંડના ભરતક્ષેત્રનો વાસુદેવ કપિલ શ્રી મુનિસુવ્રત પ્રભુ પાસે બેઠો હતો, તેણે કૃષ્ણના શંખનો શબ્દ સાંભળી કૃષ્ણના આગમનનું વૃત્તાંત પ્રભુ પાસેથી સાંભળ્યું. પછી તે કપિલ વાસુદેવ કૃષ્ણને મલવા માટે જેટલામાં સમુદ્રને કાંઠે આવ્યો તેટલામાં શ્રીકૃષ્ણ પાંચે પાંડવો સહિત સમુદ્ર મધ્યે કેટલેક દૂર ગએલા હોવાથી તેણે ફક્ત કૃષ્ણના રથની ધ્વજા દીઠી. કપિલ વાસુદેવે હર્ષથી પોતાના શંખનો શબ્દ કર્યો તે શબ્દ સાંભળી હર્ષ પામેલા કૃષ્ણે સામો શંખનો શબ્દ કરી તુરત સમુદ્રના કાંઠે આવ્યા. કૃષ્ણ સુસ્થિત દેવને વિદાય કરવા માટે સમુદ્રકાંઠે રોકાયા અને પાંડવો વ્હાણમાં બેસી ગંગાના સામા તીરે ગયા. જો કે પાંડવોએ પરીક્ષા કરવા પાછું કૃષ્ણને માટે વહાણ મોકલ્યું નહીં. તો પણ કૃતકૃત્ય એવા કૃષ્ણ પોતે બન્ને ભુજાથી ગંગાને તરી મધ્ય ભાગમાં દેવીએ કરેલા સ્થળમાં વિશ્રામ કર્યો ત્યાંથી તે ગંગાના સામા કાંઠે ગયા, પાંડવો તો કૃષ્ણને આવેલા જોઈ તેમની પ્રશંસા કરવા લાગ્યા પરંતુ કૃષ્ણે તો ક્રોધથી તેમના રથો ભાગી નાખી અને કહ્યું કે "હવે પછી મારા રાજ્યમાં રહેવું નહીં." એમ કહી કૃષ્ણ તુરત પોતાની દ્વારકાપુરી પ્રત્યે ગયા.

પછી કૃષ્ણે કુંતીના આગ્રહથી પાંડવોને નિવાસ કરવા માટે દક્ષિણ સમુદ્રને કાંઠે પૃથ્વી આપી. ત્યાં તેઓ પાંડુ મથુરા નામે નગરી વસાવી સીમાડાનું નકી કરી તથા બીજા રાજાઓને પોતાના તાબામાં કરી ઈંદ્રની પેઠે રાજ્ય કરવા લાગ્યા. પછી અવસરે વૈરાગ્યવાસિત થએલા પાંડવોએ દ્રૌપદીથી ઉત્પન્ન થએલા પાંડુસેન પુત્રને

મ્હોટા ઉત્સવથી રાજ્યાભિષેક કરી દીક્ષા લીધી. છેવટ બે માસની સંલેખનાથી નિર્મળ થએલા તેઓ સર્વ કર્મનો ક્ષય કરી પુંડરીકાચળને વિષે સિદ્ધ થયા. દ્રૌપદી પણ વ્રત અંગીકાર કરી મૃત્યુ પામી બ્રહ્મલોકમાં દેવતા થઇ. ત્યાંથી ચવી તે વિદેહ ક્ષેત્રને વિષે નિશ્ચે સિદ્ધિ પામશે.

નાગશ્રી બ્રાહ્મણીએ આપેલા અશુભ વિષમય કડવા તુંબડાને જીવોના ઉપર દયાના વશથી ભક્ષણ કરી તથા સુવ્રત ગુરૂની પાસે અનશન અંગીકાર કરી જે ધર્મરૂચિ મુનિ, સર્વાર્થ સિદ્ધ દેવલોકે ગયા તે ધર્મરૂચિ મહર્ષિને હું ભક્તિથી નિરંતર સ્તવું છું.

**श्री धर्मरुचि नामना मुनिवरनी कथा संपूर्ण**

**पालिअ मंसनियमं, विज्जेहि पभणिआवि गेलन्ने ॥**
**पव्वइउं सिद्धिपुरं, संपत्तो जयउ जिणदेवो ॥ १० ॥**

માંદગીમાં વૈદ્યોએ માંસ ખાવાનું કહ્યા છતાં પણ માંસ ન ખાવાના પોતે લીધેલા નિયમને પાળી તથા દીક્ષા લઈ મોક્ષસિદ્ધિ પામેલો જિનદેવ શ્રાવક જયવંતો વર્તે છે. ॥ ૧૦ ॥

## श्री जिनदेव नामना मुनीवरनी कथा

દ્વારિકા નગરીમાં પોતાના ગુણોએ કરીને સંપત્તિના સ્થાન રૂપ તથા પૃથ્વીમા વિખ્યાત એવો અર્હમિત્ર નામે શ્રેષ્ઠી વસતો હતો, તેને ઉત્તમ ગુણોવાળી અણુદ્ધરી નામે સ્ત્રી હતી. તે બન્ને જણાઓ ઉત્તમ શ્રાવક ધર્મને પાળતા હતા. કાળક્રમે તેઓને એક પુત્ર થયો. માતા પિતાએ વિનયવંત, ન્યાયવંત તથા શુદ્ધ બુદ્ધિથી પ્રેમવાળા તે પુત્રનું જિનદેવ નામ પાડયું અને તેને કલાચાર્ય પાસે મોકલી સર્વ કલાઓનો અભ્યાસ કરાવ્યો. પુત્ર અનુક્રમે પૂર્વના પુણ્યથી યૌવનાવસ્થા પામ્યો.

એકદા શુદ્ધ બુદ્ધિવાળા તે પુત્રે સુગુરૂ પાસે ધર્મોપદેશ સાંભળવાથી માંસ-ભક્ષણમાં દોષ જાણી તેનું પચ્ચાખાણ લીધું. પૂર્વ કર્મના યોગથી તે પુત્રને શરીરે રોગ ઉત્પન્ન થયો. વૈદ્યો ઔષધ કરવા અસમર્થ થયા. તેથી તેઓએ તે શ્રેષ્ઠી પુત્રને કહ્યું. " હે જિનદેવ ! જો તું માંસ ભક્ષણ કરે તો ત્હારા રોગનો નાશ થાય. એ વિના હવે રોગના ક્ષયનો બીજો કાંઇ ઉપાય નથી. " જિનદેવે કહ્યું. " હે વૈદ્યો ! સાંભળો, :પૂર્વકર્મના યોગથી ઉત્પન્ન થએલા રોગો નાશ પામો અથવા ન પામો પરંતુ હું પ્રાણાંતે પણ માંસભક્ષણ કરીશ નહીં. " માતા પિતાએ પણ બહુ આગ્રહ કર્યો છતાં તેણે તે માંસભક્ષણની વાત અંગીકાર કરી નહીં. પછી ઉત્પન્ન થએલા વૈરાગ્યથી ભાવિત આત્માવાળા અને ઉદાર મનવાળા તે જિનદેવે સર્વ સાવદ્ય યોગનું પચ્ચખાણ કરી શુદ્ધ બુદ્ધિથી પ્રવ્રજ્યા લીધી. છેવટ કેવળજ્ઞાન પામી કૃતાર્થ થએલા તે જિનદેવ મુનિ મોક્ષ પામ્યા.

**'श्रीजिनदेव' नामना मुनिवरनी कथा संपूर्ण**

दोमासकणयकज्जं, कोडिएवि हु न निट्ठिअं जस्स ॥
छमासे छउमत्थो, विहरिअ जो केवली जाओ ॥ ११ ॥

જેમનું બે માસ સોનાનું કાર્ય ક્રોડ સોનામ્હોરથી પણ પૂર્ણ થયું નહિં, અને જે છ માસ પર્યંત છદ્મસ્થપણે વિહાર કરી કેવલી થયા. ॥ ૧૧ ॥

बलभद्दप्पमुहाणं, इक्कडदासाण पंचयसयाइं ॥
जेण पडिबोहिआइं, तं कविलमहारिसिं वंदे ॥ १२ ॥

વળી જેમણે બાલભદ્ર પ્રમુખ પાંચસેં ચોરોને પ્રતિબોધ પમાડયા તે કપિલ મહા મુનિને હું વંદના કરૂં છું. ॥ ૧૨ ॥

## 'श्रीकपिल' नामना मुनिवरनी कथा

આ ભરતક્ષેત્રમાં ધન ધાન્યાદિ સંપત્તિથી પૂર્ણ એવી કૌશાંબી નામે નગરી હતી. ત્યાં મહા વિદ્વાન્ કાશ્યપ નામે બ્રાહ્મણ વસતો હતો. તેને એક અભણ કપિલ નામે પુત્ર હતો. પિતા મૃત્યુ પામ્યા પછી માતાની આજ્ઞાથી તે પુત્ર શ્રાવસ્તી નગરીમાં પોતાના પિતાના મિત્ર ઈંદ્રદત્ત નામના વિપ્ર પાસે ભણવા માટે ગયો. ત્યાં તે હંમેશા ભિક્ષાવૃત્તિ કરી વિનયથી ઈંદ્રદત્તની પાસે બહુ અભ્યાસ કરવા લાગ્યો. અભ્યાસમાં ભિક્ષાવૃત્તિ બહુ વિઘ્નકારી થવાથી ગુરૂએ કપિલને હંમેશ ભોજન કરવાનો ઠરાવ શાલિભદ્ર શ્રેષ્ઠીને ત્યાં કર્યો.

હવે ઈંદ્રદત્ત ગુરૂ પાસે અભ્યાસ કરતો અને શાલિભદ્ર શ્રેષ્ઠીને ત્યાં ભોજન કરતો એવો તે કપિલ શાલિભદ્રની દાસીને વિષે બહુ રાગવંત થયો. એક દિવસ કાંઇ મહોત્સવ આવવાથી દાસીએ કપિલને કહ્યું. " આ નગરમાં શ્રીધન નામે શ્રેષ્ઠી રહે છે તે હમેશાં પ્રભાતની વધાઈ આપનારને બે માષા સુવર્ણ આપે છે તે લાવી આપો." કપિલ, ધનશ્રેષ્ઠીને ત્યાં વધાઇ આપવા જવાના ઉત્સાહથી આખી રાત ઉંઘ્યો નહીં ને પાછલી રાત્રીએ હર્ષથી વધાઇ આપવા ચાલ્યો. રસ્તે તેને નગરરક્ષક લોકોએ પકડયો અને રાજાને સોંપ્યો.

ત્યાં કપિલે પોતાની ખરી વાત પ્રગટ કરી તેથી પ્રસન્ન થએલા ભૂપતિએ કહ્યું " હે ભદ્ર ! ત્હારે જે જોઇએ તે માગ, તું જે માગે તે હું તને આપીશ. " રાજાના આવાં વચન સાંભળી સંતુષ્ટ થએલો કપિલ, " હું વિચારીને માગીશ " એમ કહી પાસેના અશોક વનમાં ગયો. ત્યાં તેને તેજ વખતે જાતિસ્મરણ જ્ઞાન થવાથી તે પ્રતિબોધ પામ્યો. પછી તે કપિલ, લોચ કરી, શાસનદેવીએ આપેલા યતિવેષને અંગીકાર કરી અને ભૂપતિ પાસે આવ્યો. ભૂપતિએ તેને એમ કરવાનું કારણ પૂછયું એટલે તે કપિલે નીચેની ગાથા કહી:-

जहा लाहो तहा लोहो, लोहे लोहा पवड्ढई ॥
दोमासकणयकज्जं, कोडिएवि न निट्ठिअं ॥ १ ॥

હે રાજન્ ! જેમ લાભ થતો જાય છે તેમ લોભ પણ વધતો જાય છે, તે લોભ લાભથી વૃદ્ધિ પામે છે. મ્હારૂં બે માષા સુવર્ણનું કાર્ય ક્રોડ સોનૈયાથી પણ પુરૂં ન થયું. ॥ ૧ ॥

પછી આશ્ચર્ય પામેલા ભૂપતિએ ભક્તિથી બહુ પ્રશંસા કરેલા તે મહાત્માએ ત્યાંથી વિહાર કર્યો. આચારથી શુદ્ધ અને અતિચારરહિત ચારિત્ર પાલતા એ મહાત્માએ જેટલામાં છ માસ વિહાર કર્યો તેટલામાં તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

હવે રાજગૃહ નગરથી અઢાર યોજન દૂર અટવીમાં ઇક્કડદાસ વિગેરે પાંચસે ચોરો ચોરીનો ધંધો કરતા છતા રહેતા હતા. કપિલ કેવલી " તે ચોરો મ્હારાથી પ્રતિબોધ પામશે. " એમ જાણી ત્યાં ગયા. મુનિને આવતા જોઈ ચોરોએ કહ્યું " હે મહામુનિ ! તમે અમારી આગળ નૃત્ય કરો. " પછી કપિલકેવલિ " ધ્રુવકામ ઇત્યાદિ ગાથાઓનું ગાયન કરતા છતા તે ચોર લોકોના હિતને અર્થે અદ્ભૂત નૃત્ય કરવા લાગ્યા ચોર પણ આશ્ચર્ય પામી તાલીઓ પાડવા લાગ્યા. પછી કેટલાક ચોરો નૃત્યથી અને કેટલાક ધ્રુવક એ ગાથાથી પ્રતિબોધ પામ્યા. આ પ્રમાણે વિશ ધ્રુવકોથી પ્રતિબોધ પામેલા તે સર્વે ચોરોએ તેમની પાસે સંયમ લીધો. પછી સર્વ શિષ્યોની સાથે પૃથ્વી ઉપર વિહાર કરતા એવા તે કપિલ કેવલીએ બહુ કાલ પર્યંત નાના પ્રકારના ભવ્ય જીવોને ધર્મદેશનાથી પ્રતિબોધ પમાડયા. છેવટ કાપિલ નામના ઉત્તમ ઉત્તરાધ્યયનના અધ્યયનને પ્રગટ કરી તે કપિલ કેવલી પાંચસે શિષ્યો સહિત મોક્ષપદ પામ્યા.

## શ્રી ' કપિલ ' નામના મુનિવરની કથા સંપૂર્ણ

दट्ठूण तवोरुद्धिं, बुद्धा माहणा पउट्ठावि जस्साइ
सेसनिहिणो हरिएसबलं तयं नमिमो ॥ १३ ॥

જેમની અતિશય નિધિવાલી તપસમૃદ્ધિ ( તપમહિમા ) ને જોઇ દુષ્ટ એવા પણ બ્રાહ્મણો પ્રતિબોધ પામ્યા તે હરિકેશબલ મુનિને અમે નમસ્કાર કરીએ છીએ ॥ ૧૩ ॥

## 'શ્રીહરિકેશબલ' નામના મુનિવરની કથા

મથુરા નગરીમાં શંખ નામે રાજા રહેતો હતો. તેણે ગુરૂ પાસેથી ધર્મોપદેશ સાંભળી સંયમ લીધો. એકદા વિહાર કરતા તે શંખસાધુ ગજપુર પ્રત્યે ગયા. ત્યાં ગોચરી માટે ફરતા તે મુનિ એક શેરીમાં જઈ ચડયા. અતિ ઉષ્ણકાલનો દિવસ

હોવાથી તે શેરીમાં કોઇ જવા સમર્થ થતું નહીં અને જે જાય તે નિશ્ચે મૃત્યુ પામે. આવા કારણથી લોકમાં તે શેરીનું નામ "હુતવહરથ્યા" એવું નામ પડયું હતું. કહ્યું છે કે જે જેવા સ્વભાવનું હોય, તેવું તેનું ઘણું કરીને લોકમાં નામ પડે છે. મુનિએ "આ શેરીમાં જઇ શકાય છે?" એમ પૂછયું એટલે પુરોહિતના પુત્રે ઉત્તર દીધો કે "હા, સુખે જઇ શકાય છે."

પછી શેરીમાં જતા એવા સાધુના તપપ્રભાવથી તે શેરી શીતલ થઇ ગઇ. એ ઉપરથી પ્રતિબોધ પામેલા પુરોહિતપુત્રે દીક્ષા લીધી પછી જાતિમદ અને કુલ-મદ કરતો એવો તે પુરોહિત પુત્ર મુનિ, મૃત્યુ પામી સ્વર્ગમાં ગયો અને ત્યાં નિરંતર અસંખ્ય સુખો ભોગવવા લાગ્યો.

ગંગા નદીને કાંઠે બલકોદ અટકવાલા ચાંડાલો વસતા હતા. એઓનો બલકોદ નામનો ઉત્તમ બુદ્ધિવાળો અધિપતિ હતો. તેને ગૌરી અને ગાંધારી એવા નામની બહુપ્રિય બે સ્ત્રીઓ હતી. પેલો પ્રધાનના પુત્રનો જીવ જે સ્વર્ગમાં દેવતાપણે રહ્યો હતો, તે ત્યાંથી ચવીને ગૌરીના ઉદરને વિષે અવતર્યો. ગૌરી સ્વપ્નામાં વસંતઋતુને વિષે પ્રફુલ્લિત થએલા આમ્ર વૃક્ષને જોઇ જાગી ગઇ. તેણીએ પોતાના સ્વપ્નાની વાત બાલકોદપતિને હર્ષપૂર્વક નિવેદન કરી. બલકોદે સ્વપ્નપાઠકને બોલાવી સ્વપ્નાની વાત પૂછી ને પ્રિયાને ઉત્તમ પુત્રના ફલને સૂચવનારો તે સ્વપ્નવિચાર કહ્યો. સમય પૂર્ણ થયે ગૌરીને શુભ દિવસે પુત્ર જનમ્યો. તે પુત્ર પૂર્વ ભવે કરેલા જાતિમદ અને કુલમદ રૂપ કર્મથી કાળો, કુરૂપવાળો અને દુઃસ્વરવાળો થયો. માતાપિતાએ તેનું મહો-ત્સવપૂર્વક "બલ" એવું નામ પાડયું. અનુક્રમે તે પુત્ર ક્રોધી અને અત્યંત કલેશ-પ્રિય થયો તેથી તેને સ્વજનોએ ( મિત્રોએ ) પોતાના સમૂહથી કાઢી મૂકયો. એટલે તે હંમેશા એકલો રહેવા લાગ્યો. અહો ! ક્રોધનાં ફલ કેવા આશ્ચર્યકારી છે ?

એકદા તે ચાંડાલના બાલકો એકઠા થઇ મદિરાનું પાન અને માંસનું ભક્ષણ કરતા હતા. બલ તેઓના મધ્યે ન જઈ શકવાથી દૂર રહેલો હતો. એવામાં એક સાપ નિકલ્યો તેને પેલા ચાંડાલના બાલકોએ "આ સાપ ઝેરી છે" એમ કહીને મારી નાખ્યો. વળી થોડીવાર થયા પછી ત્યાંજ એક અલસીયું નિકલ્યું. ચંડાલના બાલકોએ તેને "આ ઝેરરહિત છે." એમ કહી જવા દીધું. બલ, આ સર્વ તમાસો ઉભો ઉભો જોતો હતો, તેથી તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે સર્વ પ્રાણીઓ કેવલ પોતાના દોષથીજ કલેશ પામે છે અને નિરંતર પોતાના દોષને જોનારો પુરૂષ સુખી થાય છે માટે વિવેકી પુરૂષે આ ગાથા કહી છેઃ-

भद्दएणेव होअव्वं, पावइ भद्दाणि भद्दओ ॥
सविसो हम्मई सप्पो, भेरुंडो तत्थ मुच्चई ॥ १ ॥

દરેકે ભદ્રપ્રકૃતિવાળા થવું. ભદ્રક હોય તે કલ્યાણને પામે. જેમ વિષવાળો સર્પ માર્યો અને અલસીયું મુકી દિધું.

આ પ્રમાણે વિચાર કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી પ્રતિબોધ પામેલા બલે લોચ કરી, શાસનદેવીએ આપેલા વેષને અંગીકાર કરી વ્રત લીધું.

એકદા તે મુનિરાજ વિહાર કરતા કરતા વાણારસી નગરીએ ગયા. ત્યાં તેમણે તિંદુક ઉદ્યાનની મધ્યે રહેલા ગંડીયક્ષના મંદીરમાં બાગવાનની રજા લઈ નિવાસ કર્યો. મુનિરાજના તપથી ગંડીયક્ષ બહુ શાંત ચિત્તવાલો થયો, તેથી તે નિરંતર ભકિતથી મુનિરાજની સેવા કરવા લાગ્યો ? એક દિવસ ત્યાંના રાજા કોશલિકની પુત્રી ભદ્રા, પુષ્પાદિ સામગ્રી લઇ તે ગંડીયક્ષની પૂજા કરવા આવી. પૂજા કરી રહ્યા પછી ભાવથી પ્રદક્ષિણા કરતી એવી ભદ્રાએ મલથી દુર્ગંધવાળા તે સાધુને જોઇ થુંકવા વિગેરે દુગંચ્છા કરવા લાગી. તેણીના આવા કૃત્યથી મુનિરાજની ભકિત કરવામાં તત્પર યક્ષે ગુસ્સે થઇ ભદ્રાને ગાંડી બનાવીને બહુ પીડા પમાડવા માંડી. આ વાતની ભૂપતિને ખબર પડી ત્યારે તેણે પોતાની પુત્રીને યક્ષમંદીરે લઈ જઇ બલિદાન વિગેરે કરી ભદ્રાને એક મંડલમાં બેસાડી પછી યક્ષ તેણીના અંગમાં આવી બોલવા લાગ્યો. " આ જગત્પૂજ્ય મુનિરાજને જોઈ તેણીએ થુંકવા વિગેરે દુગંચ્છા કરી છે, તેથી મેં એણીને ગ્રહણ કરી છે, હું તેણીને ક્યારે પણ છોડવાનો નથી. કહ્યું છે કે પૂજ્ય પુરૂષની હેલના, જીવને કયારે પણ છોડતી નથી. " ભૂપતિએ પગે લાગીને કહ્યું. હે સ્વામિન્ દેવેંદ્ર ! આ મ્હારી પુત્રીએ મુગ્ધપણાથી તે મુનિરાજનો અપરાધ કર્યો છે, માટે તે બાલાને ત્યજી દ્યો, હવે તે ફરીથી અપરાધ કરશે નહીં, કહ્યું છે કે સંતપુરૂષો પરાધીન બાલકને વિષે દયાવંત હોય છે. " યક્ષે કહ્યુંઃ " હે નૃપ ! જો એ તમારી પુત્રી, મુનિરાજને વરે તો હું તેને ત્યજી દઉં. રાજાએ, તે વાત અંગીકાર કરી એટલે યક્ષે ભદ્રાને ત્યજી દીધી. પછી ભૂપતિએ, પુત્રીનો મુનિની સાથે વિવાહ કર્યો પણ મુનિ તો નિઃસંગ હોવાથી તેને ત્યજી દઇ ચાલ્યા ગયા. પછી ભૂપતિએ, પોતાની પુત્રીને ઋષિપત્ની બનાવી પોતાના રૂદ્રદેવ પુરોહિતને આપી. યજ્ઞમાં દીક્ષા લેવાની ઇચ્છાવાલા તે પુરોહિતે પણ " આ મ્હારી યજ્ઞપત્ની થશે " એમ ધારી તેણીને સ્વીકાર કરી.

ચાંડાલના કુલમાં ઉત્પન્ન થયા છતાં પણ સર્વ પ્રકારના ગુણને ધારણ કરનારા તે જિતેંદ્રિય બલ મુનિરાજ તે દિવસથી લોકમાં " હરિકેશ બલ " એવા નામથી પ્રખ્યાત થયા.

એકદા પાંચ સમિતિ અને ઉત્તમ ત્રણ ગુપ્તિથી પવિત્ર એવા તે હરિકેશબલ મુનિ, ભિક્ષાર્થે પેલા રૂદ્રદેવ પુરોહિતે આરંભેલા યજ્ઞ મંડપમાં ગયા. તીવ્રતપથી દુર્બલ એવા તે મુનિને યજ્ઞ કરવાની સામગ્રી પાસે આવેલા જોઈ અધમ વિપ્રો હસવા લાગ્યા, એટલુંજ નહિ પણ જાતિમદથી હિંસા કરનારા, અજિતેદ્રિય, અબ્રહ્મચારી અને અજ્ઞ એવા તે વિપ્રો પરસ્પર કહેવા લાગ્યા. " અરે ! કાલને પણ ભયંકર એવા અપવિત્ર દેહવાળો, મ્હોટી નાસીકાવાલો, મળવ્યાસ શરીરવાળો અને મહાભયંકર એવો આ કોણ આવે છે ? " પછી તેઓએ મુનિરાજને કહ્યું " અરે

જોવાને પણ અયોગ્ય એવો તું કોણ છે અને અહિં કેમ આવ્યો છે ? ભૂતના તુલ્ય એવો તું અહિંથી દૂર જા, અહિં કેમ ઉભો છે. ” આ વખતે તિંદુક વનમાં રહેનારા તે મુનિના ભક્ત યક્ષે મુનિરાજના શરીરમાં પ્રવેશ કરીને કહ્યું. “ હે દ્વિજો ! પરિગ્રહાદિથી રહિત, બ્રહ્મચારી અને ભિક્ષુક એવો હું, અહિં અવસરે ભિક્ષા માટે આવેલો છું. તમે બીજાઓને બહુ અન્ન આપો છો તથા પોતે ખાઓ છો માટે હવે બાકી રહેલું મને અતિથિને આપો.” સાધુના મુખથી યક્ષે આ પ્રમાણે કહ્યું, એટલે જાતિમદથી ઉત્કટ એવા તે અનાર્ય વિપ્રોએ કહ્યું, “ બ્રાહ્મણભોજન માટે આ તૈયાર કરેલું બહુજ થોડું છે તે શું અમે તને શુદ્રને આપીએ ? હે ભિક્ષુક ! તું અહીં શા માટે ઉભો છે ? ” યક્ષે કહ્યું. “ ખેડુતો જેવી રીતે ઉંચી ભૂમિમાં ધાન્ય વાવે છે તેવી રીતે ઉગવાના સંશયથી નીચી ભૂમિમાં નથી વાવતા. માટે હે દ્વિજો ! મ્હારા આવા વચનથી ખેડુ લોકોના સરખા મનવાળા તમે મને ભિક્ષુકને ભોજન આપો. વિદ્વાનોએ સાધુઓનેજ પ્રત્યક્ષ દેખાતું પવિત્ર ક્ષેત્ર કહ્યું છે અને માણુસો પુણ્યરૂપ ધાન્ય સંપત્તિને અર્થે તેનું આરાધન કરે છે.” ફરી બ્રાહ્મણોએ કહ્યું “ હે ભિક્ષુ ! અમારાં તો તેજ પવિત્ર ક્ષેત્ર છે, કે જેને વિષે વાવેલું ધન્ય ઉગી નીકળે છે. વેદવિદ્યાનું અધ્યયન કરવામાં કુશળ જે બ્રાહ્મણો છે તેજ અમારાં મનોહર ક્ષેત્રો છે બીજા નહીં.” યક્ષે કહ્યું “ જેમને વિષે વધ, ક્રોધ, માન, માન, માયાદિ સર્વે દોષો રહેલા છે, તે પવિત્ર ક્ષેત્ર કેમ કહેવાય ? ‘જેવી રીતે શિલ્પશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કામ કરનારો શિલ્પિક કહેવાય છે તેમજ બ્રહ્મચર્યવડે કરીને બ્રાહ્મણ કહેવાય છે, આમ શાસ્ત્રમાં કહેલું હોવાથી તમે બ્રહ્મચર્ય ધારણ કર્યા વિના શ્રેષ્ઠ જાતિ કેમ કહેવાઓ ? વલી સારા જ્ઞાનનું ફલ વિરતિ છે તો તે વિરતિ વિના વેદવિદ્યા સારી કેમ કહેવાય ? માટે હે વિપ્રો ! કેવલ વેદના ભારને ઉપાડનારા તમે વેદને ભણ્યા છતાં તેના અર્થને જાણુતા નથી. ઉંચ નીચ ઘરોને વિષે સાધુઓ ભિક્ષા માટે જાય છે પણ તેઓ એકજ ગૃહસ્થના ઘરથી કયારે પણ ભિક્ષા લેતા નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

चरेन्माधुकरीं वृत्ति–मपि म्लेच्छकुलादपि ॥
एकान्नं नैव भुंजीत, बृहस्पतिसमादपि ॥ १ ॥

મધુકર વૃત્તિ કરનારા સાધુએ ગૌચરી માટે મ્લેચ્છ કુલમાં જવું પણ એક બૃહસ્પતિ સરખા વિદ્વાન્ અને પવિત્ર પુરૂષને ત્યાંથી ભોજન લેવું નહીં ॥ ૧ ॥

શ્રી જિનેશ્વર પ્રભુએ પાંચ મહાવ્રતો ઉચ્ચ વ્રત કહ્યાં છે, અને તે વ્રતોને સાધુઓ પાળે છે તમે તો અજિતેંદ્રિય છો.”

આ પ્રમાણે યક્ષે યુક્તિયુક્ત વચનથી અધ્યાપકને ક્ષણમાત્રમાં બોલતો બંધ કરી દીધો. તે જોઇ તેના શિષ્યો બહુ ક્રોધ પામ્યા છતાં યક્ષને કહેવા લાગ્યા કે:–

"અરે ! તું અમારા અધ્યાપકને આવું પ્રતિકુળ વચન કેમ કહે છે ? અમે તે સહન કરનારા નથી, અરે જડ ! તને ધિક્કાર થાઓ. અમારા અધ્યાપકને આવા ઉગ્ર વચન કહ્યાં તે અયોગ્ય કર્યું છે. આ અન્ન ભલે નાશ પામી જાય, પરંતુ તને જરા પણ આપનાર નથી." મુનિએ કહ્યું." ત્રણ ગુપ્તિવાળા અને પાંચ સમિતિવાળા મને અન્ન નહિ આપો તો તમે યજ્ઞનું ફલ કેમ પામશો ?" યક્ષનાં આવાં વચન સાંભળી મુખ્ય ગોરે દ્વારાદિ પ્રદેશને વિષે બેઠેલા મહા આયુધવાળા ક્ષત્રિઓને કહ્યું. હે વીર પુરૂષો ! આ ફક્ત કહેવા માત્ર સાધુને બહુ દંડ મુષ્ટયાદિથી પ્રહાર કરી અને ગલે પકડી અહીંથી કાઢી મૂકો." અધ્યાપકનાં આવાં વચન સાંભળી ક્ષત્રિયાદિ સર્વે પુરૂષો દોડયા અને પોતાના પુણ્યનો નાશ કરનારા તેઓ મુનિને દંડાદિવડે પ્રહાર કરવા લાગ્યા. આ અવસરે કૌશલિક રાજાની પુત્રી કે જે મુનિની સ્રી થઇ હતી તે ભદ્રાએ મુનિને પ્રહાર કરતા એવા ક્ષત્રિયાદિકને નિવાર્યા અને કહ્યું કેઃ—

"જે દેવની આજ્ઞાથી ભૂપતિએ અર્પણ કર્યા છતાં મને દેવ મનુષ્યોને પૂજવા યોગ્ય જે મહાત્માએ અંગીકાર કરી નહિ, તેજ આ ઉગ્રતપવાળા અને અનુભાવવાળા મહાવ્રતધારી સાધુ છે. માટે હીલના કરવાને અયોગ્ય એવા તે મુનિરાજની હીલના કરો નહીં. કારણ એમ કરવાથી ભસ્મરૂપ થવાય છે." ભદ્રાનાં આવાં વચન સાંભળી મહામુનિની વૈયાવચ્ચ કરનારો યક્ષ, તે ક્ષત્રિયાદિને વારવા લાગ્યો. વળી તેણે ઘોર રૂપ કરી આકાશમાં ઉભા રહી ક્ષત્રિયાદિકને બહુ પ્રહાર કરી રૂધિર વમતા એવા તેઓને કહ્યું: "હે ક્ષત્રિઓ ! તમે જે આ મુનિરાજની નિંદા કરો છો તે નખવડે કરીને પર્વતને ખોદો છો, અથવા દાંતવડે કરીને પર્વતને ખાઓ છો અને પગ વડે અગ્નિને પ્રહાર કરો છો. એમ સમજવું. આ મહર્ષિ ઉગ્ર તપવાળા, સર્પ સમાન લબ્ધિવાળા અને મ્હોટા અતિશયવાળા છે તે મહામુનિને તમે ભિક્ષા આપવાને અવસરે આવી તાડના કરો છો તો તમારૂં કેમ કલ્યાણ થશે ?" હે વિપ્રો ! આ મહામુનિ કોપ પામે તે અગાઉ જો તમે પ્રમાણ વિનાની લક્ષ્મીને અને જીવિતને ઇચ્છતા હો તો ઝટ તે મુનિરાજના શરણે જાઓ. હે મૂઢો ! ક્રોધ પામેલા તે મુનિરાજ પોતાની તેજોલેશ્યાવડે કરીને દુષ્ટ ચિત્તવાળા અને અપરાધી એવા તમને મા હણો."

પછી પૃષ્ટ પર્યંત નીચે નમી ગએલા મસ્તકવાળા, ભિન્ન ભિન્ન થઇ ગએલા હાથ પગવાળા, પોતાનું કાર્ય કરવા અસમર્થ થએલા, ચપળ બન્ને નેત્રવાળા ઉંચા મુખવાળા, મુખથી રૂધિરને વમતા અને નિકળી પડેલી જીભવાળા શિષ્યાદિકને જોઇ અત્યંત ભય પામેલો, મનરહિત બનેલો અને ખેદયુક્ત ચિત્તવાળો થએલો મુખ્ય અધ્યાપક ( ગોર ) પોતાની સ્રી સહિત મુનિરાજને પ્રસન્ન કરતો છતો કહેવા લાગ્યો. "હે ભદંત ! અમારાથી થએલી આપની હીલના અને નિંદા આપ ક્ષમા કરો. અજાણ અને બાળ એવા આ મૂર્ખ જનોએ, વિશ્વને પૂજ્ય એવા આપની જે

અવહીલના કરી છે તે આપે ક્ષમા કરવી. પ્રસન્ન એવા મહર્ષિઓ, પોતાનો અપરાધ કરનારા ઉપર પણ કોઇ વખતે પીડા કરતા નથી." મુનિએ કહ્યું. "મ્હારા ચિત્તમાં પહેલો જરા પણ ક્રોધ નહોતો, હમણાં પણ નથી અને હવે પછી પણ થવાનો નથી. મ્હારી વૈયાવચ્ચ કરનારા યક્ષે આ પ્રમાણે તમારા શિષ્ય વિગેરેને હણ્યા છે, મેં નથી હણ્યા."

પછી મુનિરાજના ગુણથી હર્ષિત થએલા ઉપાધ્યાયાદિ પુરૂષો કહેવા લાગ્યા. "વિશ્વને પવિત્ર કરનારા હે મહર્ષિ ! રાગ દ્વેષના વિપાકને તથા જિનેશ્વર પ્રભુએ કહેલા સાધુ પુરૂષોના ધર્મને વિશેષ જાણનારા અને ભવનો પાર પામેલા તમારા જેવા પુરૂષો કોપ કેમ કરે ? અર્થાત્ ન કરે. હવે પછી અમે પણ અમારા સર્વ સ્વજનો સહિત શરણ કરવા યોગ્ય તમારા ચરણનું શરણ અંગીકાર કરીએ છીએ. વળી અમે તમારૂં પૂજન કરશું. આપ આ નાના પ્રકારના શાકયુક્ત ભોજન સ્વીકારીને ભક્ષણ કરો." પછી અભિગ્રહને ધારણ કરનારા મુનિએ માસખમણને પારણે તે વિપ્રો ઉપર અનુગ્રહ કરવા માટે ઉત્તમ અન્ન અંગીકાર કર્યું. આ વખતે દેવતાઓએ યજ્ઞમંડપમાં સુગંધી જલનો વર્ષાદ અને સુવર્ણવૃષ્ટિ કરી એટલુંજ નહિ પણ આકાશમાં દેવદુંદુભિના શબ્દ પૂર્વક "અહો દાનં, અહો દાનં" એવો નિર્ઘોષ કર્યો. વિસ્મય પામેલા બ્રાહ્મણો કહેવા લાગ્યા કે "માણસોને વિષે પવિત્ર એવા તપનુંજ વિશેષ અદ્‌ભૂત માહાત્મ્ય છે, જાતિમહાત્મ્ય નથી. આ હરિકેશબલ મુનિ ચાંડાલના કુળમાં ઉત્પન્ન થયા છે પણ એ મુનિરાજના તપનુંજ આવું અદ્‌ભૂત માહાત્મ્ય પ્રગટ થયું. પછી બ્રાહ્મણોને શાંત ચિત્તવાળા થએલા જાણી તત્ત્વના જાણ એવા હરિકેશ મુનિએ તેમના હિતને અર્થે કહ્યું.

હે બ્રાહ્મણો ! તમે યજ્ઞ કર્મ કરતા છતાં જળવડે જે બાહ્યશુદ્ધિ કરો છો તે સારૂં નથી. વળી હે મૂર્ખો ! કુશ કાષ્ઠાદિને ગ્રહણ કરતા, યજ્ઞાદિ ક્રિયા કરતા અને સાયંકાલે જળ સ્પર્શ કરતા એવા તમે શા માટે પાપ વ્હોરી લ્યો છો ?" મુનિનાં આવાં વચનથી યજ્ઞકાર્ય પ્રત્યે થએલી શંકાવાળા બ્રાહ્મણોએ તેમને યજ્ઞનું સ્વરૂપ પૂછ્યું. "હે ભિક્ષુ ! અમે શી રીતે વર્તીએ, શી રીતે યજ્ઞ કરીએ અને શી રીતે પાપ કર્મનો ક્ષય કરીએ ? કુશલ પુરૂષો યજ્ઞમાં સારી રીતે હોમેલું હોય તે બહુ શ્રેયકારી કહે છે તો એ શી રીતે સમજવું ?" બ્રાહ્મણોએ આવી રીતે પૂછ્યું એટલે મુનિએ તેમના હિતને અર્થે કહ્યું.

"હે વિપ્રો ! તમે ષટ્‌જીવકાયની હિંસા ત્યજી દઇ, મૃષાવાદ તથા અદત્તાદાન છોડી દઈ તેમજ કષાય તથા સ્ત્રી વિગેરે પરિગ્રહનું પચ્ચખાણ કરી આત્મ શુદ્ધિને અર્થે આચરણ કરો. પાંચ સંવરથી વ્યાપ્ત તેમજ અસંયમ તથા જીવિતને નહિ ઇચ્છતો એવો હું જેવી રીતે કાયાને વોસિરાવી નિરંતર યજ્ઞ કરૂં છું તેમ તમે પણ યજ્ઞ કરો. બ્રાહ્મણોએ ફરી પૂછ્યું. "હે મુનીશ્વર ! તે યજ્ઞમાં અગ્નિ કયો જા-

ણુવો ? વેદી કઈ સમજવી ? શ્રુવ કયો ? કરીષ શું ? કાષ્ટ કયાં ? શાંતિ કઇ ? અને કયા હોમવડે અગ્નિમાં આહુતિ આપવી ?" મુનિએ કહ્યું "દીક્ષારૂપ યજ્ઞમાં તપરૂપ અગ્નિ, જીવરૂપ વેદી, યોગરૂપ શ્રુવ છે અને આ શરીરને કરીષ જાણવું. તેમજ કર્મરૂપ કાષ્ટ અને સંયમયોગરૂપ શાંતિ જાણવી." બ્રાહ્મણોએ કહ્યું. "દ્રહ કયો સમજવો ? પવિત્ર તીર્થ કયું સમજવું ? કે જેમાં સ્નાન કરી મળનો ત્યાગ કરાય ? યક્ષે પૂજન કરેલા સાધુના મુખથી સાંભળવાની ઈચ્છાવાળા બ્રાહ્મણોને ફરી મુનિરાજે કહ્યું. "હે વિપ્રો ! ધર્મરૂપ દ્રહ જાણવો, બાહ્યતરૂપ પવિત્ર તીર્થ સમજવું અને નિર્મલ આત્માની શુદ્ધ લેશ્યા તેજ સ્નાન જાણવું. હું તેજ સ્નાનથી નિર્મલ અને શીતલ થયો છતો પોતાના કર્મરૂપ રજને નાશ કરૂં છું. ઉત્તમ પુરૂષોએ મુનિઓને આજ ઉત્તમ મહા સ્નાન કહ્યું છે અને તેવીજ રીતે સ્નાન કરીને શુદ્ધ થઇ બહુ મુનિઓ ઉત્તમ પદને પામ્યા છે."

હરિકેશબળ મુનિનાં આવાં વચન સાંભળી સર્વે બ્રાહ્મણોએ જૈનધર્મ અંગીકાર કર્યો અને હરિકેશબળ મુનિરાજ પણ ઉત્તમ રીતે ચારિત્ર પાળી અનંત સુખવાળા મોક્ષ સ્થાનને પામ્યા.

## 'श्री हरिकेशबल' नामना मुनिवरनी कथा संपूर्ण.

पलिओवमाइं चउरो, भोए भुत्तूण पउमगुम्मंमि ॥
छप्पिअ पुव्ववयंसा, इसुआरपुरे समुप्पन्ना ॥ १४ ॥

સૌધર્મ દેવલોકમાં રહેલા પદ્મગુલ્મ વિમાનમાં ચાર પલ્યોપમ પર્યંત ભોગોને ભોગવી પૂર્વ ભવના છ મિત્રો, ઇષુકારપુરમાં ઉત્પન્ન થયા. ॥ ૧૪ ॥

इसुआरो पुहविवई, देवी कमलावईअ तस्सेव ॥
भिगुनामाइ पुरोहिय–पवरो भज्जा जसा तस्स ॥ १५ ॥
दुन्निअ पुरोहिअसुआ ते, जाया बोहिकारणं तेसिं ॥
ते सव्वे पव्वइआ, पत्ता अयरामरं ठाणं ॥ १६ ॥

ઉપર કહેલા છ મિત્રોમાં ૧–ઇષુકાર રાજા, ૨–તેની કમલાવતી પટ્ટરાણી ૩–ભૃગુનામે મુખ્ય પુરોહિત, ૪ તે પુરોહિતની યશા નામની સ્ત્રી,૫–૬ પુરોહિતના બે પુત્રો. પુરોહિતના બન્ને પુત્રો ઉપર કહેલા ચારે જણાને સમ્યક્ત્વનું કારણ થયા પછી તે છએ મિત્રો, પ્રવ્રજ્યા લઈ અજરામર એવા મોક્ષસ્થાનને પામ્યા. ॥ ૧૫–૧૬ ॥

## 'श्री इषुकार' आदि छ महर्षिओनी कथा

સાકેતપુરના રાજા ચંદ્રાવતંસકના પુત્ર મુનિચંદ્રે, પોતાનું રાજ્ય ત્યજી દઈ દીક્ષા લીધી. એકદા તે મુનિ, કેટલાક સાધુઓની સાથે વિહાર કરતા કરતા રસ્તે

ભુખ લાગવાથી પાસેના ગામમાં ભક્ત પાન માટે ગયા અને બીજા સાધુઓએ આગલ વિહાર કર્યો. ગામમાં ગએલા મુનિ, આહાર કરીને પછી જે રસ્તે ગુરૂ વિગેરે સાધુઓ ગયા હતા તે રસ્તે ચાલ્યા. પરંતુ દિશા ન જાણી શકવાથી મહા વિકટ વનમાં ભૂલા પડયા. મુનિ ત્રીજે દિવસ મહા કષ્ટથી તે અરણ્ય તો ઉતર્યા પરંતુ ક્ષુધા તૃષાથી બહુ પીડા પામવાથી તેમજ હોઠ, તાલુ તથા કંઠ સૂકાઇ જવાથી તે કોઈ એક વૃક્ષની નીચે મૂર્ચ્છા પામ્યા. આ વખતે ત્યાં ચાર ગોવાલો આવી ચડયા, તેમણે તે મુનિને દીઠા. ગોવાલોએ દયાથી મુનિને જગાડયા અને પ્રાસુક અન્નાદિથી પ્રતિલાભ્યા. મુનિએ, તેમને અરિહંત ધર્મનો ઉપદેશ કર્યો અને પંચ મહાવ્રત અંગીકાર કરાવ્યા. તેમાં બે જણા સાધુના શરીરના મલની બહુ જુગુપ્સા કરતા મુનિની અનુકંપાથી અને ઉત્તમ પ્રકારે સમકિત પાળવાથી તે ચારે ગોવાલો મૃત્યુ પામીને સ્વર્ગે ગયા.

હવે જેમણે સાધુના મલ વિગેરેની જુગુપ્સા કરી નહોતી તે ગોવાલના જીવ દેવતાઓ સ્વર્ગથી ચવી ક્ષિતિપ્રતિષ્ટિત નગરમાં શ્રેષ્ઠીપુત્રપણે ઉત્પન્ન થયા. તે શ્રેષ્ઠીને બીજા ચાર પુત્રો થયા. તે છએ પુત્રો પૂર્વ ભવના પુણ્યયોગથી દીર્ઘકાળ પર્યંત ભોગો ભોગવી, ગુરૂના ઉપદેશથી દીક્ષા લઇ, સૌધર્મ દેવલોકમાં નલિનીગુલ્મ વિમાનમાં દેવતાપણે ઉપન્યા. ત્યાં ચાર પાલ્યોપમનું પોતાનું આયુષ્ય ભોગવી બે ગોવાલના જીવ રૂપ દેવતા વિના બીજા ચાર મિત્ર દેવતાઓ ચવ્યા. તેમાં ૧ ઇષુકાર નગરમાં ઇષુકાર નામે ભૂપતિ થયો. ૨ તે રાજાની સ્ત્રી કમલાવતી થઇ. ૩ ભૂપતિનો ભૃગુનામે પુરોહિત થયો, અને ૪ તે પુરોહિતની સ્ત્રી યશા થઈ. ભૃગુ, પુત્રરહિત હતો તેથી તે નિરંતર બહુ ખેદ પામતો. તેના ખેદની વાત અવધિજ્ઞાનથી જાણીને નલિનીગુલ્મ વિમાનમાં રહેલા બે ગોવાળપુત્ર રૂપ દેવતાઓ સાધુનું રૂપ લઇ ત્યાં આવ્યા. અત્યંત પ્રિય અને હર્ષિત ચિત્તવાળા તે ભૃગુએ તેમને વંદના કરી. ભૃગુ અને તે સ્ત્રીએ મુનિઓનો ધર્મોપદેશ સાંભળી શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. પછી ભૃગુએ પૂછ્યું કે “ મ્હારે પુત્ર થશે ? ” મુનિઓએ ઉત્તર આપ્યો. “ તમને થોડા કાલમાં બે પુત્રો થશે. એ બન્ને પુત્રોને દીક્ષા લેતાં તમારે નિષેધ કરવો નહીં. કારણ તેઓ બાલ્યાવસ્થામાંજ બહુ લોકને પ્રતિબોધ કરનારા થશે. ” દેવતાઓ આ પ્રમાણે કહીને સ્વર્ગ પ્રત્યે ગયા. અછી અનુક્રમે શુભ મનવાળા તેઓ ત્યાંથી ચવીને ભૃગુની સ્ત્રી યશાના ઉદરમાં અવતર્યા. યશાને સાધુના દર્શનનો ડોહલો ઉપન્યો તેથી ભૃગુપુરોહિત, સર્વ કુટુંબને સાથે લઇ પ્રત્યંત નામના ગામને વિષે ગયો. પછી શુભ દિવસે તથા સારા લગ્ન વખતે તે પુત્રોનો જન્મ થયો. ભૃગુએ હર્ષથી પુત્રોનો જન્મ મહોત્સવ કર્યો.

હવે તે પુત્રો જ્યારે આઠ વર્ષના થયા ત્યારે ભૃગુ પુરોહિત તેમને ઘરને વિષે રાખવા માટે સાધુ દેખાડી એમ ભય પમાડવા લાગ્યો કે આવી આકૃતિવાળા હોય

તે સાધુઓ કહેવાય છે. તે સાધુઓનો વિશ્વાસ કરવો નહીં. કારણ તેઓ બાળકને મારીને ભક્ષણ કરે છે. "

એકદા તે બન્ને પુત્રો નગર બહાર રમતા હતા. એવામાં તેઓએ ભિક્ષા લઇને આવતા એવા સાધુઓને જોયા. મુનિઓને દેખવા માત્રમાં ભયભ્રાંત થએલા બન્ને જણાઓ દૂર નાસી જઇને એક વડના ઝાડ ઉપર ચડી ગયા. જિતેંદ્રિય એવા સાધુઓ પણ તેજ વડ નીચે આવ્યા. ત્યાં તેઓ ગોચરીચર્યાને પ્રતિક્રમી વિધિવડે નિર્દોષ એવા ભક્ત પાનને ખાવા લાગ્યા. મુનિઓને સ્વાભાવિક ભક્તપાન ખાતા જોઈ વડવૃક્ષ ઉપર રહેલા પેલા બન્ને કુમારો પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા.

" આ સાધુઓ પોતાને સ્વાભાવિક એવા અન્નપાન ભક્ષણ કરે છે, તેઓ હમણાં કાંઇ બાલકોને મારીને ખાતા નથી. હા હા ! મોહથી મૂઢ થએલા ચિત્તવાળા માતા પિતાએ આપણને એઓનો સંગ ત્યજી દેવરાવવા માટે ખરેખર બહુ ભય પમાડયો હતો. પરંતુ આપણે આવા આકારવાળા પુરૂષો પૂર્વે કોઈ વખતે દીઠા છે." આ પ્રમાણે વિચાર કરતા એવા તે બન્ને કુમારોને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી પ્રતિબોધ પામેલા તે બન્ને ભાઇઓ તુરત વડ ઉપરથી નીચે ઉતરી ભક્તિથી વંદના કરી તે સાધુઓને સ્પષ્ટ કહેવા લાગ્યા.

" જાતિસ્મરણ જ્ઞાનથી અમે પૂર્વનો ભવ જાણ્યો છે. માટે શુભ આશયથી પ્રતિબોધ પામેલા અમે, તમારી પાસે ચારિત્ર લેશું. માટે હે મુનીશ્વરો ! અમે માતા પિતાને પ્રતિબોધ પમાડી અહિં આવીએ, ત્યાં સુધી આપે અમારા ઉપર કૃપા કરી અહિં રહેવું. " મુનિઓએ કહ્યું. " હે વત્સો ! તમારે વિલંબ કરવો નહીં, કારણ પ્રાયઃ ધર્મકૃત્ય બહુ વિઘ્નકારી હોય છે. "

પછી બન્ને કુમારો, પોતાના માતાપિતાની પાસે જઈ કહેવા લાગ્યાઃ હે પિતા ! સાધુઓને જોઈ અમને બન્ને ભાઇઓને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું છે. તેથી અમે અમારો પૂર્વભવ તેમજ જન્મ મરણનું સત્ય સ્વરૂપ દીઠું છે. માટે અમે હમણાં તમારી આજ્ઞાથી ચારીત્ર લેશું. " પુત્રનાં આવાં ઉકાળેલા કથીર સરખાં વચન સાંભળી અત્યંત ખેદ પામેલા મનવાળા પિતાએ વ્રતવિઘાતકારી વચનો કહ્યાં તે આ રીતે.

" હે પુત્રો ! વેદના જાણ બ્રાહ્મણો શ્રુતિમાં એમ કહે છે કે-પુત્ર રહિત માણસોને સ્વર્ગ મળતું નથી. કહ્યું છે કે-પુત્રવડે કરીને સ્વર્ગ પ્રાપ્તિ થાય છે. વેદની શ્રુતિ કહે છે કે, પુત્રવડે સ્વર્ગલોક પમાય છે. માટે હે પુત્રો ! તમે પ્રથમ આ લોકમાં વેદનો અભ્યાસ કરો, બહુ બ્રાહ્મણોને ભોજન કરાવો, ગૃહભાર પુત્રોને સોંપો, મહાદુર્લભ એવા ભોગો ભોગવો અને પછી છેવટે ત્રીજી અવસ્થામાં તીવ્ર તપસ્વીઓ થઇને અરણ્યમાં નિવાસ કરો. "

આ પ્રમાણે પોતાના ગુણરૂપ કાષ્ટને બાળી નાખનારા, શોકરૂપ અગ્નિથી વ્યાપ્ત અને મોહરૂપ અગ્નિથી જ્વાજલ્યમાન થતા એવા પિતાએ કહ્યું, એટલે સંસારમાં ભ્રમણ કરવાથી ઉદ્વેગ પામેલા બન્ને પુત્રોએ શોકરૂપ અગ્નિથી તપ્ત થએલા અંગવાળા, ગૃહસ્થાશ્રમમાં રહેવા માટે બહુધા આગ્રહ કરતા અને વારંવાર દીન વચન બોલતા એવા પિતાને આ પ્રમાણે કહ્યું.

"હે પિતા ! જીવહિંસામય વેદો ભણવાથી સુખ મળતું નથી; તેમજ અબ્રહ્મચારી એવા બ્રાહ્મણોને જમાડવાથી દુર્ગતિમાં જવું પડે છે. વળી દુર્ગતિમાં પડતા પ્રાણીઓને પુત્રો રક્ષણ કરનારા થતા નથી. માટે હે તાત ! અમને આજ્ઞા આપો. કામો ક્ષણમાત્ર સુખ આપે છે અને ભોગ તો તેથી પણ વધારે દુઃખ કરનાર છે. અતિ કામના સુખો, તીવ્ર દુઃખના સ્થાન અને મોક્ષસુખના શત્રુઓ છે. દ્રવ્યને અર્થે આમ તેમ ભમતો અને અવિરતિનો ઇચ્છિક માણસ, નિરંતર તપ્ત થયો છતો રહે છે. હા, હંમેશા સરસ આહાર અને પાનમાં આસકત એવો પુરૂષ પરવશ થઇને ક્ષણમાત્રમાં મૃત્યુ પામે છે. આ મ્હારૂં છે, આ મ્હારૂં નથી, આ કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી એમ કહેતા એવા પુરૂષને મૃત્યુ, બીજા ભવ પ્રત્યે પહોચાડે છે. માટે અમે સર્વ સંસારના મહા ભયને ભેદી નાખનારા શ્રી અરિહંત ધર્મની સાધના કરવાને અર્થે પંચ મહાવ્રત અંગીકાર કરશું." ભૃગુપુરોહિતે પુત્રોને લોભ પમાડવા માટે કહ્યું.

"હે પુત્રો ! આપણા ઘરને વિષે બહુ દ્રવ્ય છે. કામભોગો પણ અસંખ્ય છે વળી સ્વજનો અનુકુળ અને ચાકરો ભક્તિવંત છે. જેની લોકો બહુ સ્પૃહા કરે છે તે આપણું સ્વાધિનમાં છે." પુત્રોએ કહ્યું. "હે પિતા ! ધર્માધિકારને વિષે સ્વજનોનું કે કામભોગનું જરા પણ પ્રયોજન નથી અમે તો સાધુઓ થઇશું." પુરોહિતે ફરીથી ધર્માધાર જીવને ખંડન કરવા માટે કહ્યું. અગ્નિ અરણીના કાષ્ટમાં નહિ છતાં અને તેલ તલમાં નહિં છતાં જેમ ઉત્પન્ન થાય છે, તેમ શરીરમાં પણ પાંચ ભૂતથી જુદો કોઇ જીવ નથી, કિન્તુ પાંચ ભૂતરૂપજ છે. એવીજ રીતે બીજી પણ અપ્રત્યક્ષ વસ્તુઓ સમજવી.

પુત્રોએ કહ્યું કે જીવ અમૂર્ત હોવાથી ઇન્દ્રિયગ્રાહ્ય નથી તે ફકત ડાહ્યા વિદ્વાન માણસો જાણી શકે છે. આકાશની પેઠે કદાચિત્ નિત્ય સ્વરૂપવાળો જીવ નિરંતર કર્મ બાંધે છે. સ્વાર્થને અને ઉત્તમ એવા અરિહંત ધર્મને જાણતા એવા અમે હવે પછી ન કરાય એવા પાપકારી કર્મને નહિં કરીએ. અમોઘ પડતી એવી વસ્તુવડે અત્યંત હણાએલા અને ચારે તરફથી ઘેરાયલા લોકને વિષે અમે પ્રીતિ પામતા નથી" પિતાએ કહ્યું લોક શેનાથી હણાએલો છે ? અને શેનાથી ઘેરાયલો છે ? તે મને કહો. "પુત્રોએ કહ્યું: અમોઘ પડતી એવી રાત્રી છે. લોક મૃત્યુથી હણાએલો અને જરાથી ઘેરાયલો છે. એમ અમે જાણ્યું છે. જે જે રાત્રીઓ જાય તે તે પાછી આવતી નથી. માટે ધર્મ કરનાર પુરૂષનીજ સફલ રાત્રીઓ જાય છે."

આવા પુત્રોના વચનથી જેને સમ્યકૃત્વ પ્રાપ્ત થયું છે એવા ભૃગુએ તેઓને આગળ કરતાં મધુર વચનથી કહ્યું: "આપણે સૌએ એક સ્થાનમાં દીર્ઘકાળ પર્યંત એકઠા રહી અને પછી સમ્યકૃત્વને ધારણ કરતા છતા અંતે સાથેજ સંયમ લેશું." પુત્રોએ કહ્યું: "હે પિતા! જે પુરૂષની મૃત્યુની સાથે મૈત્રી હોય તો પણ મૃત્યુ પ્રાપ્ત થયે છતે તે મનુષ્યને નાસી જવાની શું શકિત છે ખરી? જે પુરૂષ એમજ જાણે છે કે હું કયારે પણ મરવાનો નથી તેજ પુરૂષ આવતી કાલે વ્રત લેવાની ઇચ્છા કરે છે. માટે હે પિતા! અમે તો આજેજ દીક્ષા લેશું. કારણ સંસારમાં કયો પુરૂષ કોઇનો શાશ્વતો સ્વજન છે." પુત્રનાં આવાં વચન સાંભળી દીક્ષા લેવાને તૈયાર થએલા ભૃગુ પુરોહિતે પોતાની સ્ત્રીને વિઘ્નકારી જાણી તેણીને કહેવા લાગ્યો.

"હે પ્રિયે! પુત્રો દીક્ષા લેવા તૈયાર થયા છે માટે હવે મ્હારે પણ ગૃહાવાસમાં નહિ રહેતાં દીક્ષા લેવાનો સમય થયો છે. જેવો પાંખો વિનાનો પક્ષી, સૈન્ય વિનાનો રાજા અને વહાણમાં નાશ પામેલા દ્રવ્યવાળો વણિક્ હોય તેવો પુત્ર વિનાનો હું છું." સ્ત્રીએ કહ્યું: "હે વિભો! આપણા ઘરમાં ઘણું ધન છે માટે ઈચ્છા પ્રમાણે કામભોગને ભોગવી છેવટ આપણે સંયમ લેશું" ભૃગુ પુરોહિતે કહ્યું: "હે પ્રિયે! ભોગવેલા ભોગો મને ત્યજી દે છે માટે હમણાં હુંજ પોતે ભોગોને ત્યજી દીક્ષા લઈશ." સ્ત્રીએ કહ્યું: "હે પ્રિય! તમે વ્રત લઇ તેને પાલવા અસમર્થ થશો. કારણ તમે મને સંભારશો, એટલુંજ નહીં પણ મ્હારા સૌંદર્યને, પ્રેમને અને ભોગીન્દ્રિયથી ઉત્પન્ન થએલા સુખને સંભારશો. માટે મ્હારી સાથે માણસોને અતિ દુર્લભ એવા ભોગોને ભોગવો. વ્રતમાં ભિક્ષાચર્યા અને વિહાર એ બહુ દુ:ખકારી છે." ભૃગુએ કહ્યું: "હે પ્રિયે! જેવી રીતે મ્હારા પુત્રો એ મોહરૂપ સર્પને અને ભોગોને ત્યજી દઈ દીક્ષા લેવા તૈયાર થયા તેવીજ રીતે આસકિતરહિત હું પણ સજનોના સંગને ત્યજી દઈ અપ્રતિબદ્ધપણાથી પુત્રોની પેઠે વ્રત પાળીશ. જેમ રોહિત નામના મત્સો, પોતાના તીક્ષ્ણ પુચ્છાદિવડે જાલને છેદી નાખી જલમાં વિચરે છે તેમ હું પણ ભોગોને ત્યજી દઈ ધર્મને વિષે વિચરીશ." પતિનાં આવાં વચન સાંભળી સ્ત્રીએ કહ્યું "પુત્રસહિત તમે દીક્ષા લીધે છતે હું શી રીતે ઘરને વિષે રહું?"

પછી ધન ધાન્યાદિ નવ પ્રકારના પરિગ્રહને ત્યજી દઈ પુત્ર અને પ્રિયા સહિત દીક્ષા લેવાને તૈયાર થએલા ભૃગુ પુરોહિતને સાંભલી ઈષુકાર નૃપતિ તેણે ત્યજી દીધેલા દ્રવ્યને લેવા તૈયાર થયો. આવી રીતે પુરોહિતનું દ્રવ્ય લેવા તૈયાર થએલા પોતાના પતિને કમલાવતી રાણીએ કહ્યું.

"હે મહિપતિ! લોકમાં વમેલું ભક્ષણ કરનારા પુરૂષો બહુ નિંદાપાત્ર થાય છે તો પોતાના પુરોહિતે ત્યજી દીધેલા ધનને તમે શા માટે લેવાની ઇચ્છા કરો છો?

હે નૃપ! આત્માથી અન્ય એવી સર્વ વસ્તુને ત્યજી દઈ જ્યારે ત્યારે તમે મૃત્યુ પામશો અને તમારૂં રક્ષણ કરનાર એક ધર્મ છે બીજું કોઈ નથી. જેમ

ખોવાઈ ગએલા બચ્ચાવાળી પક્ષિણી કોઇ સ્થાનકે પ્રીતિ પામતી નથી તેમ માણસ, મૃત્યુ વિગેરે ઉપદ્રવથી વ્યાપ્ત એવા આ નર ભવને વિષે પ્રીતિ પામતા નથી. માટે હું હિંસા અને અશાંતિરહિત તેમજ મૃદુતા તથા સરલતા યુક્ત થઇ વળી પરિગ્રહના આરંભને ત્યજી દઇ ચારિત્ર અંગીકાર કરીશ. કયા અવિવેકી પ્રાણીઓ વનમાં દાવાનળથી બળતા એવા જીવોને જોઈ બહુ હર્ષ પામે ? હા હા, કામ ભોગને વિષે મૂર્ચ્છિત થએલા મૂઢ માણસો, અવિવેકી પુરૂષોની પેઠે મૃત્યુ વિગેરે દાવાનલ અગ્નિથી તપ્ત થએલા જગતને નથી દેખતા ? પ્રિયા અને પુત્રો યુક્ત ભૃગુએ, ભોગોને ભોગવી તથા ત્યજી દઈ જેમ સંસારથી ઉદ્વેગ પામી સર્વ સંગ ત્યજી દીધો, તેમ હે રાજન્ ! ભોગને ભોગવી રહેલા તમે શા માટે સંગને ત્યજી દેતા નથી ? શું તમને આ ભવમાં જરા મૃત્યુ વિગેરેથી ઉત્પન્ન થએલું દુ:ખ નથી થવાનું ? "

રાણીનાં આવાં વચન સાંભળી અત્યંત હર્ષ પામેલા અને પ્રતિબોધ પામેલા ઇષુકાર ભૂપતિએ સર્વ સંગ ત્યાજી દીધો. પછી ઇષુકાર ભૂપતિએ રાણી, પુરોહિત, તેના બે પુત્ર અને સ્ત્રી સહિત ચારિત્ર લીધું. નિર્મળ મનવાળા તે છએ જણા વિશુદ્ધ ચારિત્ર પાળી દીર્ઘકાળે મોક્ષ પામ્યા.

**'श्री इषुकार ' आदि छ महर्षिओनी कथा संपूर्ण.**

**खत्तियमुणिणा कहिआइं, जस्स चत्तारि समवसरणाइं ॥**
**तह पुव्वपुरिसचरिआइं, संजओ सो गओ सिद्धिं ॥ १७ ॥**

ગર્દભાલિ નામના ક્ષત્રિય મુનિએ જે સંયત મુનિના ધર્મવિચારના સ્થાન તથા તેમના પૂર્વ પુરૂષનાં ચરિત્ર કહ્યાં તે સંયત રાજર્ષિ મોક્ષ પામ્યા ॥ ૧૭ ॥

## 'श्रीसंयत' नामना राजर्षिनी कथा

કાંપીલ્ય નગરમાં મહા તેજવંત, બલવંત અને પ્રજાનું પાલન કરવામાં તત્પર એવો સંયત નામે ઉત્તમ રાજા રાજ્ય કરતો હતો. એકદા કુસંગથી પ્રેરાએલો તે ભૂપતિ અશ્વ, હસ્તિ રથ, ઉદ્દંડ પાયદલ અને બીજી સેનાને સાથે લઈ મૃગયા રમવા ગયો. માંસના લોભી અને અશ્વ ઉપર બેઠેલા સંયત ભૂપતિએ, કેશર નામના ઉપવનમાં બહુ મૃગોને લોભ પમાડીને બહુ ખેદ યુકત થએલા તે મૃગોને મારી નાખ્યા. તે ઉપવનમાં કોઇ તપસ્વી રાજર્ષિ અખોડ મંડપમાં ધર્મધ્યાન કરતા હતા. રાજાના ભયથી કેટલાક મૃગો તે રાજર્ષિની પાસે જતા રહ્યા. અશ્વ ઉપર બેઠેલો ભૂપતિ પણ તેઓને પ્રહાર કરતો કરતો ત્યાં જઇ પહોંચ્યો તો તેણે સ્વાધ્યાયના ધ્યાનમાં બેઠેલા તે મુનિને દીઠા. મુનિને જોઈ ભયભ્રાંત થએલો રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે મુનિને શરણે રહેલા મૃગોને મેં માર્યા છે તેથી મેં નિશ્ચે કાંઇક મુનિને પણ હણ્યા કહેવાય, "

પછી ભયાકુલ એવો રાજા અશ્વને મૂકી દઈ મુનિના ચરણમાં નમસ્કાર કરતો છતો કહેવા લાગ્યો કે " હે મુનિ ! આ મ્હારો અપરાધ ક્ષમા કરો. " સમર્થ એવા મુનિ ધ્યાનમાં હતા તેથી તેમણે જ્યાં સુધી રાજાને ઉત્તર આપ્યો નહીં ત્યાં ત્યાં સુધી રાજા બહુ ભય પામવા લાગ્યો. કારણ ક્રોધ પામેલા મુનિ પોતાની તેજો-લેશ્યાએ કરીને કોટિ પુરૂષોને પણ બાળી નાખે છે. રાજાએ ફરી કહ્યું. " હે પ્રભુ ! હું સંયત રાજા છું માટે આપ મને બોલાવો. મુનિએ કહ્યું " હે રાજન્ ! તને અભય હો અને તું પણ અભય આપનારો થા. હે ભૂપતિ ! આ જીવિત અનિત્ય છતાં તું નિરંતર શામાટે હિંસા કરે છે ? હે રાજન્ ! ત્હારે રાજ્ય ત્યજી નિશ્ચે મરી જવું તો છેજ, માટે જીવલોક અનિત્ય છતાં તું રાજ્યને વિષે શા માટે મોહ પામે છે ? ધન, જીવિત અને રૂપ વિગેરે સર્વ વિજળીની પેઠે અસ્થિર છે તો તું તેને વિષે કેમ મોહ પામે છે ? અને મરણ સંબંધી અર્થને કેમ નથી જાણતો ? મિત્ર, પુત્ર, સ્ત્રી અને સ્વજનો એ સર્વે ગૃહપતિ જીવતાં છતાં તેની પાછળ જીવે છે પણ ગૃહપતિ મૃત્યુ પામતા છતાં તેની પાછળ કોઇ જતું નથી. મૃત્યુ પામેલા પિતાને પુત્રો, ઘરમાંથી ઝટ બહાર કાઢે છે તેવીજ રીતે પિતા પણ પુત્રોને કાઢે છે. આ સર્વ જાણીને મેં વ્રત આચર્યું છે. વળી તેણે એકઠું કરેલું દ્રવ્ય સ્વરક્ષિત એવી સ્ત્રીઓ અને અતિ સંતુષ્ટ ચિત્તવાળા બીજા માણસો ભોગવે છે તથા પોતે જે શુભ અથવા અશુભ કર્મ કર્યું હશે તે મર્મયુક્ત બીજા ભવને વિષે પામે છે."

સાધુનાં આવાં વચન સાંભળી સંયત ભૂમિપતિ તુરત ઉત્કૃષ્ટો સંવેગ પામ્યો. પછી રાજ્યને ત્યજી દઇ તેણે સાવદ્ય આરંભ વર્જવા પૂર્વક ગર્દભાલિ મુનિ પાસે દીક્ષા લીધી. દીક્ષા લઈ અને હેય તથા ઉપાદેય વસ્તુના સ્વરૂપને જાણી તે સંયત મુનિ નિયમ પ્રમાણે વિહાર કરતા કોઈ સંનિવેશ પ્રત્યે આવ્યા. ત્યાં દેશ વિગેરે રાજ્યને ત્યજી દઈ સંયમ અંગીકાર કરનારા કોઈ ક્ષત્રિય મુનિએ તેમને આ પ્રમાણે કહ્યું.

હે મુનીશ્વર ! જેવું તમારૂં સ્વરૂપ દેખાય છે તેવુંજ મન પણ પ્રસન્ન દેખાય છે. તો આપનું નામ શું ? અને ગોત્ર કયું ? વલી હે સાધો ! સર્વ સંગ ત્યજી પ્રવ્રજ્યા શા માટે લીધી ? શા માટે સેવો છો ? તેમજ વિનિત શી રીતે થયા ? " સંયત મુનિએ કહ્યું. " મ્હારૂં નામ સંયત મુનિ છે. હું ગૌતમ ગોત્રનો છું અને ગર્દભાલિ મુનિ મ્હારા ગુરૂ છે હે મુનિ ! નિરંતર ધર્મોપદેશ કરતા એવા તેમના ઉપદેશથી મને ભવનો પાર પમાડનાર વિનિતપણું ઉત્પન્ન થયું છે અને એ મહાગુરૂના ગુણોથી તેમજ તેમની વાણી સાંભળવાથી હું હર્ષિત ચિત્તવાળો રહું છું." પછી સંયતમુનિના હિતને અર્થે ક્ષત્રિયમુનિએ કહ્યું.

હે મુનિ ! ક્રિયાવાદિ, અક્રિયાવાદિ વિનયવાદિ અને અજ્ઞાનવાદિ એ ચારે એકાંતવાદિ હોવાથી દુર્ગતિ પ્રત્યે જાય છે." એમ વિશ્વને પ્રકાશકારી વચનો કહે-

નારા શ્રી વર્દ્ધમાન જિનેશ્વરે સાધુઓની સ્થિરતા માટે કહ્યું છે. લોકમાં મેં અક્રિયા-વાદિ સર્વે જનો અનાર્ય અને મિથ્યા દ્રષ્ટિ જાણ્યા છે. માટે હું આત્માને આત્મા-થીજ જાણુંછું.” ક્ષત્રિય મુનિનાં આવાં વચન સાંભળી વિસ્મય પામેલા સંયતમુનિએ પૂછ્યું “હે ભગવન્! તમે આત્માને શી રીતે જાણો છો?” ક્ષત્રિય મુનિએ ફરીથી કહ્યું. બ્રહ્મલોક નામના સ્વર્ગથી ચવીને મનુષ્ય ભવ પામેલો હું, પોતાની અને પરની આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણુંછું.

असीइसयं किरियाणं अकिरिअवाईण हुंति चुलसीई ॥
अन्नाणी सत्तट्ठी वेणइः आइण च बत्तीसा ॥ १ ॥

૧૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી, ૫૨ વિનયવાદીના ભેદ છે.

હે સાધો! એ પ્રકારે ક્રિયાદી ચારે ભાવોને જાણી તે ક્રિયાદીવાદીઓના કુસંગને ત્યજી દે. કારણ જ્ઞાન વિના કરેલી ક્રિયા ફલ આપનારી થતી નથી. તેમજ ક્રિયા વિનાનું જ્ઞાન પણ ફળ આપતું નથી. માટે હે સંયતમુનિ! અક્રિયાને ત્યજી દઇ તથા શુદ્ધ ક્રિયાનું નિત્ય આચરણ કરતા એવા તમે સમ્યક્ત્વસહિત અતિ દુસ્તર એવા ધર્મને આચરણ કરો. ઉત્તમ ધર્મ અર્થથી શોભતા એવા આ ઉપર કહેલી ગાથાને સાંભળી સંત એવા ભરતાદિ નરો ઉત્તમપદ પામ્યા છે. ક્ષત્રિયમુનિનાં આવાં વચન સાંભળી જ્ઞાનતત્ત્વવાળા સંયતમુનિ દીર્ઘકાલ પર્યંત તપ કરી મોક્ષપદ પામ્યા.

**‘श्री सयंत’ नामना राजर्षिनी कथा संपूर्ण.**

सेणिअपुरओ जेणं,परुविअं अवितहं अणाहत्तं॥
तं वंदे हयमोहं, अमोहचरिअं निअंठमुणि ॥१८॥

જેમણે શ્રી શ્રેણિક ભૂપતિ પાસે પોતાનું સત્ય અનાથપાણું પ્રગટ કર્યું તે સફલ ચારિત્રવાળા અને મોહનો નાશ કરનારા અનાથી નામના નિર્ગ્રંથમુનિને હું વંદના કરૂં છું. ॥ ૧૮ ॥

## ‘श्रीअनाथि’ नामना निर्ग्रंथ मुनिवरनी कथा.

આ ભરતક્ષેત્રના મગધ દેશમાં ઉત્તમ એવા રાજગૃહ નગરને વિષે પૃથ્વીમાં પ્રસિદ્ધ એવો શ્રી શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. એકદા તે ભૂપતિ, પોતાના ઉત્સાહથી નંદનવન સમાન મંડિકુક્ષી નામના ઉદ્યાનમાં ગજ, અશ્વ અને સેના સહિત ક્રીડા કરવા ગયો. નંદન વનમાં ઇંદ્રની પેઠે ત્યાં હર્ષથી ક્રીડા કરતા તે શ્રી શ્રેણિક ભૂપતિએ કોઇ ઉત્તમ સાધુને દીઠા, ઇંદ્રિઓના સમૂહને વશ કરી રહેલા, ત્રણ

ગુપ્તિથી પવિત્ર, વૃક્ષની નીચે બેઠેલા, સુકુમાલ, સુખી અને વિશ્વને આશ્ચર્યકારી રૂપવાલા તે મુનિને જોઈ શ્રેણિક રાજા મનમાં બહુ આશ્ચર્ય પામ્યો. વલી તે મનમાં વિચાર કરવા લાગ્યો કે આહા ! શું એમનું રૂપ, વર્ણ અને સૌમ્યતા. ખરેખર એ મહામુનિની ક્ષમા, મુક્તિ અને મહાભાગપણું પણ આશ્ચર્યકારી છે. " પછી શ્રેણિક રાજા મુનિને પ્રદક્ષિણા કરી તથા તેમના ચરણમાં પ્રણામ કરી આગલ બેસી તેમને પૂછવા લાગ્યા.

હે આર્ય ! આપ યુવાવસ્થાવાલા છો, તો આ ભોગ ભોગવવાના અવસરે આપે દીક્ષા લીધી. જેથી આપના ચારિત્ર લેવાના કારણને સાંભલવાની હું ઈચ્છા કરૂં છું." મુનિએ કહ્યું. " હે મહારાજ ! હું અનાથ છું. મ્હારો કોઈ પતિ નથી તેમ દયા કરનારો કોઇ પરમ મિત્ર પણ નથી. મેં અનાથપણાથીજ ચારિત્ર લીધું છે. હે પૃથ્વીનાથ ! એજ મ્હારૂં તપસ્યા લેવાનું ખરૂં કારણ છે. " સાધુનાં આવાં વચન સાંભલી શ્રેણિકે હસીને કહ્યું. " તમે આવા સમૃદ્ધિવંત છો છતાં કેમ તમારો કોઇ નાથ ( અધિપતિ ) નથી. હે સાધો ! આવા વર્ણાદિકે કરીને આપને અનાથપણું યુક્ત નથી. છતા જો આપ અનાથ હો તો હું આપનો નાથ ( સ્વામી ) થાઉં છું. માટે હવે પછી આપ મિત્ર, જ્ઞાતિ અને ઉત્તમ સ્વરૂપવાલી સ્ત્રી સહિત બની અને પોતાના હિતેચ્છુ થઈ મ્હારા ઘરને વિષે શ્રેષ્ઠ ભોગોને ભોગવો. " શ્રેણિક ભૂપતિએ આ પ્રમાણે કહ્યે છતે મુનિએ કહ્યું. " હે નરેશ્વર ! તું પણ આત્માવડે કરીને અનાથ છતાં મ્હારો નાથ શી રીતે થઇશ ? " મુનિએ આવું કહ્યું તેથી પૂર્વે આવું ક્યારે પણ નહિં સાંભલનારા ભૂપતિએ બહુ વિસ્મય પામી ફરીથી મુનિને આ પ્રમાણે કહ્યું.

હે મુનીશ્વર ! મ્હારે હસ્તિ, અશ્વ, રથ અને પાયદલ વિગેરે બહુ સેના છે. તેમજ દેવાંગનાઓના રૂપ તથા ગર્વને હરણ કરનારી સ્ત્રીઓ છે. હું નિરંતર ઈચ્છા પ્રમાણે મનુષ્યભવ સંબંધી ભોગોને ભોગવું છું. મ્હારા સર્વે સ્વજનો પણ મ્હારી આજ્ઞા પાલનારા, ઐશ્વર્યવંત અને સ્નેહયુક્ત છે. આ પ્રમાણે સર્વ પ્રકારના સુખ આપનારી મ્હારી ઉત્કર્ષ સંપત્તિ છતાં તમે મને અનાથ કેમ કહ્યો ? લોકમાં સંત પુરૂષો મૃષાભાષી હોતા નથી માટે આપે પણ આજે કહ્યું તે સત્ય હશે. " મુનિએ કહ્યું. " હે ભૂમિપતિ ! તમે નાથ શબ્દનો અર્થ નથી જાણતા માટે નાથ તથા અનાથપણાના અર્થ જે થાય છે, તે સાંભલ.

કૌશાંબી નામની મહાનગરીમાં ઘણા હસ્તિ, અશ્વ, રથ અને પાયદલના સૈન્યવાળો મ્હારો પિતા રાજા હતો. અને પ્રથમ વયમાં બહુ નેત્ર પીડા ઉત્પન્ન થઇ તેમજ સર્વ અંગને વિષે મહાદુઃખ આપનારો દાહજ્વર ઉત્પન્ન થયો. જેમ શરીરના છીદ્રને વિષે તીક્ષ્ણ શાસ્ત્ર પેસવાથી બહુ પીડા થાય તેવીજ રીતે મને નેત્ર પીડા થવા લાગી.

મ્હારી કેડને વિષે જાણે મહેન્દ્રનું વજ્ર પડયું હાયની ? એવી મહા ઘાર વેદના પીડા કરવા લાગી. હે રાજન્! આ મ્હારી વેદનાને દૂર કરવા માટે વૈદ્યવિધાના જાણ અને મંત્રશાસ્ત્રમાં નિપુણ એવા બહુ ચતુર મહાવૈદ્યો આવ્યા. તેઓએ મ્હારા માટે ચાર પ્રકારના ઔષધપ્રયોગ કર્યા પરંતુ તેઓ મને દુઃખથી છોડાવી શકયા નહીં એજ મ્હારૂં અનાથપણું છે. મ્હારા પિતા મ્હારે માટે સર્વ ગૃહાવાસ આપી દેવા તૈયાર થયા પણ કોઇએ મને વેદનાથી છોડાવ્યો નહીં.એજ મ્હારૂં અનાથપણું છે.હે રાજન્! પાસે બેઠેલી માતા પણ બહુ શોક કરવા લાગી પરંતુ મને દુઃખથી છોડાવવા સમર્થ થઇ નહીં એજ મ્હારૂં અનાથપણું છે. મ્હારા ન્હાના અને મ્હોટા ભાઇઓ કષ્ટ પામવા લાગ્યા તેઓએ પણ મને છોડાવ્યો નહીં. એજ મ્હારૂં અનાથપણું છે. મ્હારાં દુઃખથી દુઃખી થએલી મ્હારી ન્હાની અને મ્હોટી બ્હેનોએ પણ મને દુઃખથી છોડાવ્યો નહીં, એજ મ્હારૂં અનાથપણું છે. જેઓ સ્નેહને લીધે મ્હારા પડખાને ક્ષણમાત્ર છોડતી નહોતી એવી અને મ્હારા ઉપર પૂર્ણ પ્રેમ ધરનારી મ્હારી પતિવ્રતા સ્ત્રીઓ મ્હારી ઘોર વેદના જોઈને ભોજન ન કરતાં રૂદન કરવા લાગી. પરંતુ તેઓએ પણ મને દુઃખથી છોડાવ્યો નહીં એજ મ્હારૂં અનાથપણું છે.

( અનાથીમુનિ શ્રી શ્રેણિક રાજાને કહે છે કે, ) હે ભૂપ ! આ પ્રમાણે મ્હારી વેદના ટાલવાને કોઇ સમર્થ થયું નહીં છેવટ હુંજ તે વેદનાને દૂર કરવા સમર્થ થયો, કારણ આ અનંત એવા સંસારને વિષે મેં દુષ્કર એવી બહુ વેદનાઓ સહન કરી છે. મેં ધાર્યું કે જો આ વિસ્તાર પામેલી મ્હારી વેદના એકવાર નાશ પામશે તો હું ક્ષમાવંત અને ઉદાર થઇને પ્રવ્રજ્યા અંગીકાર કરીશ. હે રાજશિરોમણિ ! આ પ્રમાણે વિચાર કરીને હું જેટલામાં સુઇ ગયો. તેટલામાં પ્રભાત થતાં મ્હારી સર્વ વેદના નાશ પામી ગઈ. હે ભૂપ ! રોગરહિત થએલા મેં સવારે મ્હારા બંધુ વિગેરેની રજા લઇ આરંભ ત્યજી દઈ અને શાંત આત્માવાલા થઇને અનગારપણું અંગીકાર કર્યું. હે પૃથ્વીનાથ ! મેં ચારિત્ર અંગીકાર કર્યું તેથીજ હું પોતાનો, પરનો, ત્રસનો, સ્થાવરનો અને સામાન્ય રીતે કહીએ તો સર્વ પ્રાણીઓનો નાથ ( સ્વામી ) થયો. આ આત્માજ ભયંકર પ્રવાહવાલી વૈતરણી નદી છે. કઠીન નરક દુઃખ આપનારૂં શાલ્મલી વૃક્ષ છે. તેમાં પ્રવર્તનારો જીવ છે તેને સ્વર્ગ અને મોક્ષના હેતુપણાથી ઇચ્છિત ફલ આપનારી કામધેનુ કહી છે અને આત્મા એજ નંદનવન છે. જિનેશ્વર પ્રભુએ સુખનો અને દુઃખનો કર્ત્તા આત્માને માન્યો છે. તેમાં જો તે સારે માર્ગે ચાલે તો મિત્ર ( સુખનો કર્ત્તા ) અને અવલે માર્ગે ચાલે તો અમિત્ર ( દુઃખનો કર્ત્તા ) છે. હે રાજન્! વલી બીજું એક અનાથપણું કહું છું તે તું સાવધાનપણે સાંભલ. જે મંદ પુરૂષો નિર્ગ્રંથપણું સ્વીકારીને પછી ખેદ પામે છે તે પણ અનાથ જાણવા જે પુરૂષો પ્રવ્રજ્યા લઈ મ્હોટા પ્રમાદથી પાંચ મહાવ્રતોને પાલતા નથી અને રસને વિષે લોલુપ તથા ઇંદ્રિઓને સ્વાધિન રાખતા નથી તેઓને શ્રી

જિનેશ્વર પ્રભુએ અનાથ કહ્યા છે. જેને ઇર્યાદિ પાંચ સમિતિમાં યોગ્યતા નથી તેમજ પરિષ્ઠાપનમાં પણ યોગ્યતા નથી તેને પણ જિનેશ્વર પ્રભુએ અનાથ કહ્યા છે. જે દીર્ઘ કાલનો દીક્ષા ધારી છતાં સ્થિરવ્રત અને શુદ્ધ તપ વિનાનો હોય તેમજ આત્માને અત્યંત બાધા પમાડતો હોય તો તેને પણ શ્રી જિનેશ્વર પ્રભુએ અનાથ કહ્યો છે. જેવી રીતે ખાલી મુઠી, કપટખેતી અને વૈડુર્યમાં રહેલો કાચમણિ અસાર છે, તેમજ પંડિત પુરૂષોના ચિત્તમાં ઉપર કહેવા પ્રમાણે ચાલનારો પુરૂષ અસાર માલમ પડે છે. જે સાધુ પોતાની આજીવિકા માટે કુશીલ અને કુલિંગ ધારણ કરે છે તે અસંયમી ધર્મધ્વજ પરલોકમાં નરકના બહુ દુઃખો પામે છે. જેવી રીતે કાલકુટ વિષ પીવું અને યુદ્ધમાં આયુધ પકડવું દુઃખદાયી છે તેવી રીતે તપસ્વીઓને વિષયયુક્ત ધર્મ દુર્ગતિનાં દુઃખ આપનારો છે. જે પુરૂષ ઘર ત્યજી દઈ તથા મુનિરૂપ ધારણ કરી અને પછી કોઇની હસ્તરેખા જોઇને, કોઇને સ્વપ્નાની વાત કહીને, કોઇના જોશ જોઇને, કોઇને વિદ્યા ભણાવીને તથા બીજાં કોઈ એવાંજ કુતુહલ કરીને પોતાની આજીવિકા કરે તે પાપી પુરૂષ ખરેખર દુર્ગતિમાંજ જાય છે. જે પુરૂષ નિત્ય આગમમાં કહ્યા પ્રમાણે એષણીય આહાર ન લેતાં અગ્નિની પેઠે સર્વભક્ષી થાય છે, તે સંસાર-સમુદ્રમાં બહુ ભમે છે. અહો નરેંદ્ર! મહાદુષ્ટાચારની પ્રવૃત્તિવાલો મુનિ જેવું પોતાના આત્માને દુઃખ આપે છે તેવું દુઃખ શત્રુ પણ બીજા જીવને કંઠ છેદીને પણ નથી આપતો માટે તેવા સાધુનું સાધુપણું નિરર્થક છે અને તે અંતે બહુ વિપરીત ગતિ પામે છે અરે એટલુંજ નહીં પણ હે નરપતિ! સાધુનો આ ભવ તથા પરભવ પણ નાશ પામે છે. એવી રીતે પોતાની ઇચ્છા પ્રમાણે ચાલનારો કુશીલરૂપ ધારી સાધુ, ધર્મવિરાધનાના ફલને જાણતો છતો શ્રી જિનેશ્વરના માર્ગને વિરાધે છે તે અંતે બહુ પરિતાપ પામે છે. પુણ્યવંત મહાત્માઓના જ્ઞાનગુણે કરીને શોભતા એવા ઉત્તમ શિક્ષણરૂપ વચનને સારી રીતે સાંભલીને સાધુ પુરૂષો કુશીલ માર્ગને છોડી દઈ નિરંતર સારા માર્ગે ચાલે છે. ચારિત્રના ગુણે કરીને યુક્ત તથા આશ્રવરહિત એવો સાધુ, આત્મશુદ્ધિથી ચારિત્રને પાલી, સર્વ કર્મને ખપાવી અનંત સુખવાલા નિર્વાણ પદને પામે છે."

અનાથી મુનિનાં આવાં વચન સાંભલી અત્યંત સંતુષ્ટ થએલા શ્રેણિક રાજાએ હાથ જોડીને કહ્યું "હે મુનિ! આપે મ્હારી આગલ જે નાથપણું કહ્યું છે તે સત્ય છે. હે મુનિ! તમને વિશ્વમાં ઉત્તમ એવા મનુષ્યભવના લાભો સારી રીતે મલ્યા છે. તમે પોતાના બંધુઓ સહિત સનાથ છો, કારણકે તમે જિનરાજના માર્ગને વિષે રહ્યા છો. હે મહાત્મા! તમે અનાથના, સ્થાવરના, જંગમના અને સામાન્ય રીતે કહીએ તો સર્વ દેહધારીઓના નાથ છો. હું મ્હારો અપરાધ ખમવાની આપની પાસે ક્ષમા માગું છું. વલી હે મહર્ષિ! મેં આપના ધ્યાનનો ભંગ કર્યો તેમજ ભોગ ભોગવવાનું આમંત્રણ કર્યું, તે સર્વ મ્હારો અપરાધ આપ ક્ષમા કરો."

આ પ્રમાણે ભકિતથી મુનિની સ્તુતિ કરી તથા તેમની રાજા લઇ લઇ ધર્મમાં અનુરક્ત એવો શ્રેણિક રાજા પોતાના અંતઃપુર અને પરિવાર સહિત પોતાના નગર પ્રત્યે ગયો. નિરંતર ધર્માનુરાગને ધારણ કરતો અને તે મહા મુનિના ગુણોનું સ્મરણ કરતો શ્રેણિક રાજા હર્ષથી રાજ્ય કરવા લાગ્યો.

અસંખ્ય ગુણોનીપંકિતથી સમૃદ્ધિવંત, પક્ષીઓની પેઠે પ્રતિબંધરહિત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત અને ઉગ્ર દંડ વિનાના તે નિર્ગ્રંથ મુનીશ્વર પૃથ્વી ઉપર વિહાર કરતા છતા અનુક્રમે મોહાદિ કર્મના સમૂહનો ક્ષય કરી અક્ષય લક્ષ્મી આપનારા મોક્ષપદને પામ્યા. લોકમાં " અનાથી મુનિ " એવી પ્રસિદ્ધિ પામેલા અને શિવ-સુખને ભજનારા તે મહામુનિ, સંઘને પરિમાણ વિનાનું મંગલ આપો.

**'श्री अनाथी' नामना निर्गंथ मुनिवरनी कथा संपूर्ण.**

**वध्यं नीणिज्जंतं दट्ठुं, विरत्नो भवाउ निरकंतो ॥**
**निव्वाणं संपत्तो, समुद्दपालो महासत्तो ॥ १९ ॥**

વધ કરવા યોગ્ય ચોરને વધ્ય ભૂમિ પ્રત્યે લઈ જતો જોઈ વૈરાગ્ય પામેલા, સંસારથી નિકલી ગએલા મહા સત્વવાન્ સમુદ્રપાલ મુનિ મોક્ષ પામ્યા.

## 'श्रीसमुद्रपाल' नामना मुनिवरनी कथा

શત્રુઓથી નિષ્કંપ એવી ચંપાનગરીમાં પાલિત નામે સાર્થવાહ વસતો હતો. તે ઉત્તમ શ્રાવક શ્રી વીરપ્રભુનો શિષ્ય હતો. એકદા જીવાજીવાદિ તત્ત્વનો જાણ તે શ્રાવક વહાણ વડે સમુદ્રમાં વેપાર કરતો કરતો પિહુંડ નામના નગર પ્રત્યે ગયો. પિહુંડ નગરમાં વેપાર કરતા એવા તે પાલિતને તેના ગુણથી રંજિત થએલા ત્યાંના કોઇ શ્રેષ્ઠીએ પોતાની પુત્રી આપી. અનુક્રમે બહુ દ્રવ્ય સંપાદન કરી પાલિત શ્રાવક પોતાની ગર્ભવતી સ્ત્રીને સાથે લઇ પોતાના દેશ પ્રત્યે જવા નિકલ્યો. સમુદ્રમાં જતાં જતાં તેની સ્ત્રીએ પુત્રને જન્મ આપ્યો. પિતાએ તે પુત્રનું સમુદ્રપાલ નામ પાડયું. પાલક શ્રેષ્ઠી ક્ષેમ કુશલ ચંપાનગરીમાં પોતાને ઘેર આવ્યો. પુત્ર પણ સુખે ઘરમાં વૃદ્ધિ પામવા લાગ્યો. પિતાએ કલાચાર્ય પાસે મોકલી તેને બોંતેર કલાઓનો અભ્યાસ કરાવ્યો. સર્વે નીતિનો જાણ તે બાલક અનુક્રમે યુવાવસ્થા પામ્યો. ત્યારે પિતાએ તેને રૂપવતી અને સતી એવી રૂપિણી નામની કન્યા સાથે મ્હોટા ઉત્સવથી પર-ણાવ્યો. સમુદ્રપાલ, પૂર્વ ભવના પુણ્યસમૂહથી મ્હોટા મેહેલમાં પ્રિયાની સાથે દોગુંદક દેવતાની પેઠે ઈચ્છાપ્રમાણે ક્રીડા કરતો હતો.

એકદા સમુદ્રપાલ પોતાના મહેલના ગવાક્ષમાં બેઠો હતો એવામાં તેણે વધ કરવા યોગ) પુરૂષને પહેરાવવા યોગ્ય આભૂષણોથી શોભતા કોઈ ચોરને વધ ભૂમિ પ્રત્યે લઇ જવાતો દીઠો. સમુદ્રપાલ તેને જોઈ વૈરાગ્યથી આ પ્રમણે બોલવા લાગ્યો

કે "અશુભ કૃત્યના આવા પાપકારી ફળને ધિક્કાર થાઓ" આ પ્રમાણે વિચાર કરતાં પ્રતિબોધ પામેલા અને ત્યાંને ત્યાંજ વૈરાગ્યવાસિત થએલા તેણે માતા પિતાની રજા લઇ તુરત દીક્ષા લીધી. કલેશકારી અને ભય આપનારો શંકા તથા મોહને ત્યજી ચારિત્ર, વ્રત, શીળ પાળતા અને પરિષહોને સહતા તે સમુદ્રપાલે અહિંસા, સત્ય, અચોરી, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ પાંચ મહાવ્રતોને ગ્રહણ કરી ધર્મનું આચરણ કરવા માંડ્યું. અનુકંપા કરવા યોગ્ય જીવોને વિષે દયા કરનારા, શાંત અને બ્રહ્મવ્રતધારી તેમજ જિતેંદ્રિય એવા તે મુનિરાજ સાવદ્ય કર્મને વર્જી એક ધર્મનું આચરણ કરવા લાગ્યા. અવસરે ધર્મક્રિયા કરતા તેમજ પોતાનું બલાબલ જાણતા તે મહામુનિ સિંહની પેઠે નિર્ભયપણાથી દેશને વિષે વિહાર કરતા. ચારિત્રમાં અદીન એવા તે મુનિરાજ પ્રિય, અપ્રિય, માન, અપમાન, તેમજ પૂજા સત્કાર તથા નિંદા એ સર્વને સરખા જાણી તેને સહન કરતા. મેરૂ પર્વત સમાન સ્થિર ચિત્તવાળા તે સાધુએ દેવતા સંબંધી, મનુષ્ય સંબંધી અને તિર્યંચ સંબંધી અનેક ભયંકર ઉપસર્ગો સહન કર્યા. શીત, ઉષ્ણ તેમજ દંશ અને મત્સર વિગેરેના અનેક પરિષહોને આવતા જોઈ તે મુનિરાજ યુદ્ધમાં ગજેંદ્રની પેઠે નાશી ન જતા હતા. ભવબંધનના કારણરૂપ રાગ દ્વેષ અને મોહને ત્યજી દઇ મેરૂ પર્વતની પેઠે સ્થિર આત્માવાળા તે મહામુનિ પરીષહોને સહન કરતા હતા. સત્કાર તેમજ નિંદાને પામી હર્ષ શોક નહિં પામનારા તે મુનિરાજ કેવલ સરલભાવને અંગીકાર કરી મોક્ષ માર્ગને સાધતા હતા. ગૃહસ્થાશ્રમીઓની સાથે રતિ, અરતિ, સ્તુતિ તથા નિંદાદિને ત્યજી દેનારા, આસક્તિરહિત, પોતાના હિતેચ્છુ, શોકને છેદી નાખનારા અને નિરહંકારી એવા તે મુનિરાજ, પોતાના ધર્મનું આચરણ કરતા હતા. આ પ્રમાણે દીર્ઘકાલ પર્યંત નિર્મલ ચારિત્રને પાલી, સંસાર સમુદ્રને તરી તેમજ પોતાના સર્વ કર્મનો ક્ષય કરી તે સમુદ્રપાલ મુનિ, અનંત સુખવાલા મુક્તિપદને પામ્યા.

**' श्री समुद्रपाल ' नामना मुनिवरनी कथा संपूर्ण**

**जयघोसेणवि पडिबोहिऊण, पन्नाविओ विजयघोसो ॥**
**कासवगुत्ता ते दोवि, समणसीहा गया सिद्धिं ॥ २० ॥**

જયઘોષ નામના મુનિએ પ્રતિબોધ કરીને વિજયઘોષ નામના બ્રાહ્મણને સંયમ લેવરાવ્યો, પછી કાશ્યપ ગોત્રવાલા તે બન્ને મુનિરાજો મોક્ષ પામ્યા. ॥ ૨૦ ॥

## 'जयघोष' अने 'विजयघोष' नामना मुनिवरोनी कथा

વાણારસી નગરીમાં જોડલે ઉત્પન્ન થએલા, સ્નેહવાળા અને બહુ શાસ્ત્રના જાણ એવા જયઘોષ અને વિજયઘોષ એવા બે બંધુઓ રહેતા હતા.

એકદા જયઘોષ, તીર્થયાત્રા માટે ગંગા પ્રત્યે ગયા. ત્યાં તેણે દેડકાએ પકડેલા સર્પને અને તેજ સર્પને પકડેલા એક ગીધપક્ષીને દીઠો. આવા સંસારના નાટકના સ્વરૂપનો વિચાર કરતા તુરત ત્યાંજ પ્રતિબોધ પામેલા તે જયઘોષે ગંગાને ઉતરી ગુરૂ પાસે ચારિત્ર સ્વીકાર્યું. પાંચ ઇંદ્રિયોને દમન કરવામાં તત્પર, ત્રણ ગુપ્તિથી ગુપ્ત અને પવિત્ર ચારિત્રવાળા તે મુનિ, પૃથ્વી ઉપર વિહાર કરતા બહુ વર્ષે વાણારસી નગરી પ્રત્યે આવ્યા. નગરી બહાર પ્રાસુક શય્યા સંથારાવાલા મનોહર ઉદ્યાનને વિષે તે મુનિરાજ ચાતુર્માસ રહ્યા.

હવે આ અવસરે તે નગરીમાં વેદનો જાણ અને ઉત્તમ કાર્ય કરનારો વિજયઘોષ નામનો બ્રાહ્મણ યજ્ઞ કરતો હતો, પછી જયઘોષ મુનિ માસક્ષમણને પારણે તે વિજયઘોષ વિપ્રના યજ્ઞને વિષે ભિક્ષાર્થે આવ્યા. મુનિને ભિક્ષાર્થે આવેલા જોઇ યજ્ઞ કરનાર ગોર તેમને ધિક્કારવા લાગ્યો અને કહેવા લાગ્યો કે હે ભિક્ષુક! અમે તને ભિક્ષા નહિ આપીએ. કારણ વેદના જાણ, યજ્ઞકાર્ય કરનાર, જ્યોતિષશાસ્ત્રના જાણ, ધર્મના પાર પામેલા અને પરમાત્માનો ઉદ્ધાર કરવા સમર્થ જે બ્રાહ્મણો છે તેઓના માટેજ આ અન્ન છે." આ પ્રમાણે ગોરે નિષેધ કર્યો છતાં રૂષ્ટ નહિ થએલા પણ મોક્ષમાર્ગના ગવેષક એવા તે જયઘોષમુનિ, ભક્ત પાન તેમજ વસ્ત્રને અર્થે નહિ કિંતુ તે ગોરને પ્રતિબોધ કરવા માટે આવી રીતે કહેવા લાગ્યા.

"હે વિપ્ર! તું વેદના મુખને, યજ્ઞના મુખને, નક્ષત્રના મુખને, ધર્મના મુખને નથી જાણતો. એટલુંજ નહિ પણ જેઓ આત્માને તેમજ પરલોકને ઉદ્ધરવા સમર્થ છે તેઓને પણ નથી જાણતો. કદાપી જો તું જાણતો હોય તો તે મને કહે." મુનિનાં આવાં વચન સાંભળી તેના ભાવાર્થને નહિ જાણનારો તે યાચક બહુ વિસ્મય પામતો છતો હાથ જોડીને કહેવા લાગ્યો. "હે મુનિ! વેદનું મુખ, યજ્ઞનું મુખ, નક્ષત્રનું મુખ અને ધર્મનું મુખ મને કહો. વળી જેઓ આત્માને ઉદ્ધરવા સમર્થ હોય તે પણ મને કહો. આ મ્હારા હૃદયના સંશયોને તમે ઝટ દૂર કરો." મુનિએ કહ્યું. "અગ્નિ હોત્રનું મુખ વેદ, વેદનું મુખ યજ્ઞ, નક્ષત્રનું મુખ ચંદ્ર અને ધર્મનું મુખ કાશ્યપ છે." બ્રાહ્મણે કહ્યું: "આપ અગ્નિહોત્રનો શબ્દાર્થ શું કહો છો? યજ્ઞનો અર્થ શું છે? તેમજ કાશ્યપ કોને કહો છો?" મુનિએ કહ્યું. "હે દ્વિજાધિપતિ! આ અગ્નિહોત્રના અર્થને સાંભળ. અગ્નિહોત્રને અગ્નિકા કહી છે. અને તેનું સ્વરૂપ શાસ્ત્રમાં આ પ્રમાણે છે. દીક્ષાધારી (સાધુ) પુરૂષે ધર્મધ્યાન રૂપ અગ્નિમાં કર્મરૂપ ઇંધન (હોમવાના પદાર્થ)ની સદ્ભાવના રૂપ આહુતિ દેવી એ અગ્નિકા કહી છે. ઇત્યાદિ રૂપ વેદોનું મુખ અગ્નિહોત્ર કહ્યું છે. જેમ દહીંનો સાર માખણ છે, ચંદનમાં મલયાચળ ચંદન સારરૂપ છે અને ઔષધમાં અમૃત સાર છે. તેમજ વેદમાં આરણ્યક સાર છે. આરણ્યકમાં દશ પ્રકારના મુનિ ધર્મનો સાર જાણવો. વળી વેદોનો સાર આરણ્યકજ છે. કહ્યું છે કે:-

नवनीतं यथा दध्नः—श्चंदनं मलयादिव ॥
औषधेभ्योऽमृतं यद्व—द्वेदेष्वारण्यकस्तथा ॥ १ ॥

જેમ દહીંનું સાર માખણ, ચંદનનું સાર મલયાગર ચંદન અને ઔષધિનું સાર અમૃત છે, તેમજ વેદને વિષે સાર રૂપ આરણ્યક છે. તે આરણ્યકમાં સત્ય, તપ, સંતોષ, ક્ષમા, ચારિત્ર, માર્દવ, શ્રદ્ધા, ધૃતિ, અહિંસા અને સંવર એ દશ પ્રકારનો ધર્મ સારરૂપ કહેલો છે. અગ્નિહોત્રને યજ્ઞ કહેલો છે. તેમાં ભાવ યજ્ઞ તે કહેલો છે. ભાવ યજ્ઞ તે સંયમ કહેવાય છે. તત્વવેત્તાઓએ સંયમાર્થિને યજ્ઞાર્થિ કહ્યો છે. સંયમયોગોજ યજ્ઞાર્થિનું મુખ છે. વિદ્વાન પુરૂષોએ કાશ્યપ શબ્દથી શ્રી રૂષભ તીર્થંકર કહ્યા છે. તેમણેજ પ્રથમ ધર્મકર્મનું નિરૂપણ કરેલું હોવાથી તે પોતે ધર્મનું મુખ છે. આરણ્યકમાં કહ્યું છે કે 'ઋષભ પ્રભુ પોતે બ્રહ્મા છે, અને તે પોતે પ્રભુએ વેદોને પ્રગટ કર્યા જ્યારે તે ઋષભ પ્રભુ તપથી પરમપદ પામ્યા ત્યારે બ્રહ્મર્ષિઓએ તેજ વેદોને ફરી અભ્યાસ કરી તૈયાર કર્યા.' ઈત્યાદિ. વળી તમારૂં બ્રહ્માંડ પુરાણ સર્વ પુરાણમાં મ્હોટું છે, તેને માટે વિદ્વાનોએ કહ્યું છે કે જેમ દહીંનું સાર માખણ અને ચંદનનું સાર મલયાગર છે તેમ પુરાણોમાં બ્રહ્માંડ પુરાણ સાર રૂપ છે. તે બ્રહ્માંડ પુરાણમાં આ વચન છે, કે ઇક્ષ્વાકુકુલમાં ઉત્પન્ન થએલા નાભિ રાજાના અને મરૂદેવીના પુત્ર શ્રી ઋષભ પ્રભુએ પોતે દશ પ્રકારનો યતિધર્મ આચરેલો છે. જેઓ રાગરહિત, સ્નાતક અને નિર્ગ્રંથ છે તેમના માટેજ એ પરમેષ્ઠી મહર્ષિ શ્રી ઋષભ પ્રભુએ કેવળજ્ઞાનથી તે ધર્મ પ્રવર્તાવ્યો છે, અને યુગાદિકને વિષે કહ્યો છે. શ્રી ઋષભ પ્રભુજ ધર્મનું મુખ હતા તે જણાવવા માટે જે માહાત્મ્ય કહ્યું છે તે આ પ્રમાણે જેમ ગ્રહાદિ નક્ષત્રો પોતાની શોભાથી ચંદ્રને ચારે તરફ સેવે છે. તેમજ દેવેંદ્રાદિ દેવતાઓ પણ હર્ષથી તે શ્રીઋષભ પ્રભુને સેવે છે. જેઓ અજ્ઞાની, હિંસક, જુઠું બોલનારા, નહિ આપેલી વસ્તુ લેનારા, અબ્રહ્મચારી અને આરંભવાળા છે તેને બ્રાહ્મણો ન જાણવા. પણ જે લોકમાં અગ્નિની પેઠે નિત્ય પૂજાય છે, અને જે પૂછેલું સત્ય કહે છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જે ક્યારે પણ શોક કરતો નથી તેમજ આસક્તિ રાખતો નથી વળી જે અરિહંતના વચનને વિષે પ્રીતિ ધરે છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જેમ સોનું ચોખ્ખું હોય છે, તેમ જે રાગ દ્વેષ અને ભય વિનાનો હોય તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જે તપસ્વી, શુદ્ધ ભિક્ષા ભોજન કરનારો, દુર્બળ અંગવાળો, સારા વ્રતવાળો અને નિર્વાણને પામેલો હોય તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જે પૃથિવ્યાદિ સ્થાવર જીવોને, દ્વીંદ્રિયાદિ ત્રસ જીવોને જાણીને નથી હણતો તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જે ક્રોધથી, લોભથી તેમજ પરવશપણાથી મૃષા ભાષણ કરતો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જે સચિત્ત અથવા અચિત્ત, થોડી અથવા વધારે અદત્ત વસ્તુ નથી લેતો તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જે મન વચન અને કાયાએ કરીને દિવ્ય માનુષ્ય અથવા તિર્યંચ

સંબંધી મૈથુન નથી સેવતો તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જેમ જળમાં ઉત્પન્ન થએલું કમળ જળથી સ્પર્શાતું નથી તેમ જે ભોગોથી નથી લેપાતો તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જે અલોભી, ફોગટ નહિ જીવનારો, અનગાર, અકિંચન અને ઘરને વિષે અનાસક્ત હોય તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જે માતા પિતા અને ભાઈ વિગેરેને ત્યજી દઇ બીજાઓની સાથે સ્નેહ નથી કરતો તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. જેઓ મૈથુન સેવનારા હોય, હિંસા કરનારા હોય, જુઠું બોલનારા હોય, લોભી હોય અને આરંભવાલા હોય તેઓને વિષે પાત્રતા ક્યાંથી હોય ? માથે લોચ કરવાથી સાધુ થવાતું નથી, જનોઈ ધારણ કરવાથી બ્રાહ્મણ બનાતું નથી, વનમાં નિવાસ કરવાથી મુનિ થવાતું નથી અને વલ્કલ વસ્ત્ર પહેરવાથી તાપસ કહેવાવાતું નથી. પરંતુ બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, ઉપશમથીજ શ્રમણ, જ્ઞાનથીજ મુનિ અને તપથી તાપસ થવાય છે. કર્મથીજ બ્રાહ્મણ કહેવાય છે. ક્ષત્રિય પણ કર્મથીજ થવાય, વૈશ્ય કર્મવડે કહેવાય અને શુદ્ર પણ કર્મથીજ થવાય છે. શ્રી તીર્થંકર પ્રભુએ સર્વ માણસોના હિતને અર્થે પ્રથમ અહિંસાદિક ધર્મને નિરૂપણ કરી અને પછી અર્થાદિને પ્રકટ કર્યાં છે. જે સ્નાતક પુરૂષ આરાધન કરેલા અર્થાદિકે કરીને સર્વ કર્મથી નિર્મુક્ત થએલો છે. તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. આ પ્રમાણે અનેક ગુણોથી યુક્ત જે બ્રાહ્મણો હોય તેજ આત્માને ઉદ્ધરવા સમર્થ છે. ”

આવાં જયઘોષ મુનિનાં વચન સાંભલી છેદાઈ ગએલા સંશયવાલા વિજયઘોષ બ્રાહ્મણે હાથ જોડીને કહ્યું.

“ હે મહર્ષિ ! નિશ્ચે મ્હારા હિતની ઈચ્છાથીજ આપે યથાર્થ સત્ય બ્રાહ્મણપણું સારી રીતે દેખાડ્યું. ખરેખર આપજ યજ્ઞના કરનારા, વેદના જાણ, જ્યોતિષશાસ્ત્રના જાણ અને ધર્મના પાર પામેલા છો. વલી આપજ પોતાને તથા પરને ઉદ્ધરવા સમર્થ છો. માટે હે મુનિરાજ ! મ્હારા ઉપર ભિક્ષાર્થે અનુગ્રહ કરો. ” જયઘોષ મુનિએ કહ્યું. “ મ્હારે ભિક્ષાનું કામ નથી, તું સંયમ અંગીકાર કર, કે જેથી તું ભયંકર એવા સંસારસમુદ્રમાં નહિં ભમે. કર્મનો લેપ ભોગીઓને થાય છે, યોગીઓને થતો નથી, તેથીજ ભોગી સંસારમાં ભમે છે અને યોગી કર્મથી મુક્ત થાય છે. કોઈ પુરૂષે એક લીલો અને બીજો સુકો એમ બે માટીના ગોળા ભીંત ઉપર ફેંક્યા, તેમાં લીલો ગોળો ભીંત સાથે ચોટી ગયો અને બીજો ન ચોટ્યો એજ રીતે લીલા ગોળા સમાન કામાસક્ત કુબુદ્ધિ પુરૂષો ભોગમાં ચોટી જાય છે, અને સુકા ગોલા સમાન વિરક્ત પુરૂષો નથી ચોટતા. ”

જયઘોષ મહા મુનિનાં આવાં વચન સાંભલી વિજયઘોષ વિપ્રે તેમની પાસે વૈરાગ્યથી દીક્ષા લીધી. પછી ઉત્કૃષ્ટા તપ અને સંયમથી કર્મના સમૂહનો ક્ષય કરી જયઘોષ અને વિજયઘોષ એ બન્ને મહા મુનિઓ મોક્ષ પામ્યા.

**‘श्री जयघोष’ अने ‘विजयघोष’ नामना मुनिवरोनी कथा संपूर्ण.**

**जायं पयागतित्थं, देवेहिं कयाइ जस्स महियाए ॥**
**गंगाए अंतगडं तं, वंदे अग्निआपुत्तं ॥ २१ ॥**

જેમના દેવતાએ કરેલા મહિમાએ કરીને પ્રયાગ નામનું પ્રસિદ્ધ તીર્થ થયું. તે ગંગામાં અંતકૃત કેવલી થએલા અગ્નિકાપુત્ર આચાર્યને હું વંદના કરૂં છું. ॥૨૧॥

## 'श्री अग्निकापुत्र' नामना सूरिपुरंदरनी कथा

પુષ્પભદ્રા નામની નગરીમાં પુષ્પકેતુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શીલ ગુણવાલી પુષ્પવતી નામે સ્ત્રી હતી. પુષ્પવતીએ પુત્ર પુત્રીના જોડલાને સારા વખતે જન્મ આપ્યો. તેમાં પુત્રનું નામ પુષ્પચૂલ અને પુત્રીનું નામ પુષ્પચૂલા પાડયું. એકદા પરસ્પર ક્રીડા કરવામાં પ્રેમવંત થએલા તે પુત્ર પુત્રીને જોઈ પુષ્પકેતુ રાજા વિચાર કરવા લાગ્યો કે "આ બન્નેનો પરસ્પર વિવાહ કરવા યોગ્ય છે."

પછી ભૂપતિએ નગરીના બહુ લોકોને બોલાવીને પૂછયું કે "અંતઃપુરમાં રત્ન ઉત્પન્ન થાય તો તેને કોને લેવાનો અધિકાર છે ?" ભૂપતિના અભિપ્રાયને નહિ જાણનારા તે મુગ્ધ લોકોએ કહ્યું. "હે રાજન્ ! અંતઃપુરમાં ઉત્પન્ન થએલું હોય અથવા બીજે પોતાના દેશમાં ઉત્પન્ન થએલું હોય તો પણ તેના આપજ ધણી છો." લોકોનાં આવાં વચન સાંભલી ભૂપતિએ તે પોતાના પુત્ર પુત્રીનો વિવાહ કર્યો. આ વાતની પુષ્પવતી રાણીને ખબર પડી તેથી તે વૈરાગ્યથી ચારિત્ર લઇ આરાધના પૂર્વક મૃત્યુ પામીને સ્વર્ગે ગઈ. અનુક્રમે પુષ્પકેતુ મૃત્યુ પામ્યો અને તેની ગાદીએ પુષ્પચુલ બેઠો.

એકદા તે નગરમાં શ્રી અગ્નિકાપુત્ર આચાર્ય આવ્યા. આ અવસરે પુષ્પવતીનો જીવ જે દેવતા થયો હતો તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે "આવા કુકર્મથી પુષ્પચુલા નરકને વિષે મા જાઓ." આમ ધારી તે દેવતાએ પુષ્પચૂલાને સ્વપ્નમાં નરકનાં દુઃખો દેખાડયાં. પછી જાગી ગએલી અને અત્યંત ભય પામેલી પુષ્પચુલાએ સ્વપ્નાની વાત પોતાના પતિને કહી. ભૂપતિએ સવારે દુષ્ટ સ્વપ્નની શાંતિ કરાવી પણ દેવતાએ તો પુષ્પચુલાને બીજે દિવસ પણ નરકનું દુઃખ દેખાડયું. બીજે દિવસે સવારે ભૂપતિએ પ્રિયાના કહેવા ઉપરથી પાખંડી લોકોને બોલાવીને તેમને નરકનું સ્વરૂપ પૂછયું. તેમાં કેટલાકે ઉત્કટ દારિદ્રય, કેટલાકે રોગીપણું, કેટલાકે દાસ્યપણું અને કેટલાકે પરતંત્રતા એજ નરકનું સ્વરૂપ કહ્યું. સ્વપ્નામાં અને તે લોકોના કહેવામાં ફેરફાર પડવાથી રાણીએ ભૂપતિને કહ્યું "હે સ્વામિન્ ! આ સર્વ મિથ્યા છે." પછી ભૂપતિએ અગ્નિકાપુત્ર આચાર્યને સ્વપ્નાની વાત પૂછી, એટલે તેમણે નરકની યથાર્થ શાસ્ત્રના વચનથી વાત કરી. પુષ્પચુલાએ સત્ય બોલનારા ગુરૂને કહ્યું

" હે પ્રભો ! શું આપે પણ રાત્રીએ સ્વપ્નામાં નરક દીઠી છે કે ? " મુનિએ કહ્યું. " હે વત્સે ! અમે શાસ્ત્રવચનથી નરકનું સ્વરૂપ જાણીએ છીએ, અને જિનેશ્વરોએ તે શાસ્ત્ર યથાર્થરૂપે નિરૂપણ કરેલું છે. "

હવે પુષ્પવતીના જીવ રૂપ દેવતાએ બીજે દિવસે પુષ્પચુલાને સ્વર્ગસુખ સ્વપ્નામાં દેખાડયાં. તેણીએ તે વાત ભૂપતિને કહી. ભૂપતિએ પાખંડી લોકોને ફરી બોલાવી સ્વર્ગ સુખનું સ્વરૂપ પૂછયું. તેઓએ કહ્યું કે " સારા ભોગ, સંપત્તિ, ઐશ્વર્ય; નિરોગીપણું અને સારૂં કુટુંબ એજ સ્વર્ગસુખ જાણવું. આથી બીજું સ્વર્ગ સુખ નથી. " બીજે દિવસે ભૂપતિએ અન્નિકાપુત્ર આચાર્યને સ્વર્ગ સુખનું સ્વરૂપ પૂછયું એટલે તેમણે કહ્યું કે " સ્વર્ગ સુખ દેવ અને ભવનપતિ વિગેરે ભેદથી ચાર પ્રકારનું છે. " એમ કહીને આચાર્યે અસુરની ઐશ્વર્યતાનું વર્ણન, તેમજ તેમના વર્ણ, અંગમાન અને શક્તિ વિગેરેનું વર્ણન શ્રી જિનેશ્વર પ્રભુના કહેવા પ્રમાણે વર્ણવી દીધું. " અધર્મથી નર્ક અને ધર્મથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. " એવાં ગુરૂનાં વચન સાંભલી પુષ્પચુલાએ દીક્ષા માટે ભૂપતિની આજ્ઞા માગી. ભૂપતિએ કહ્યું. " જો તું મ્હારા અંતઃપુરમાંથી હંમેશાં ભિક્ષા લઈજા તો હું તને દીક્ષા લેવાની આજ્ઞા આપું. નહિ તો નહિ. " પુષ્પચુલાએ તે વાત અંગીકાર કરી મહા ઉત્સવ પૂર્વક તેજ ગુરૂ પાસે દીક્ષા લીધી.

એકદા અન્નિકાપુત્ર આચાર્યે શ્રુતબળથી આવતા દુર્ભિક્ષકાલને જાણી પોતાના ગણીને બીજે મોકલી દઈ પોતે ત્યાંજ રહ્યા. સાધ્વીઓમાં શિરોમણિરૂપ પુષ્પચૂલા નિરંતર અંતઃપુરથી ભોજનાદિ લાવી ગુરૂની સેવા કરતી અનુક્રમે તે પુષ્પચુલા ઉત્તમ અધ્યવસાયથી કેવલજ્ઞાન પામી. તો પણ તેણીએ ગુરૂની સેવા ત્યજી દીધી નહિ " અને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે તોપણ મ્હારે ગુરૂનો વિનય ત્યજી દેવો નહીં " એમ ધારી તેણીએ કૃતજ્ઞપણાથી વિનય કરવો ચાલુ રાખ્યો.

એકદા તે પુષ્પચુલા સાધ્વી વર્ષાદ વરસતો હતો તો પણ ભિક્ષા લઇ આવી. ગુરૂએ તેણીને જોઈ મધુર વચનથી આ પ્રમાણે શિક્ષા આપવા માંડી.

"હે સુભગે ! આ ઉત્તમ પ્રકારે ચારિત્ર પાલતી એવી તને ષટ્કાય જીવોની મહા વિરાધના કરવી કેમ ઘટે ?" તેણીએ કહ્યું. " હે ભગવન્ ? હું અચિત્ત પ્રદેશથી અહીં આવી છું. " ગુરૂએ કહ્યું. " તેં અચિત્ત પ્રદેશ શાથી જાણ્યો ? " પુષ્પચુલાએ કહ્યું. " કેવલજ્ઞાનથી." ગુરૂએ કહ્યું. " અહો ? કેવલજ્ઞાનીને અશાતા ઉપજાવનાર એવા મને ધિક્કાર થાઓ, મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો. " આ પ્રમાણે ખેદ કરતા એવા ગુરૂએ કહ્યું કે " અરે મને આ જન્મમાં ધીરજ કરનારૂં કેવલજ્ઞાન ઉત્પન્ન થશે ?" કેવલીએ કહ્યું. " હે ભગવન્ ? અધીરજ ન રાખો, તમને પણ ગંગાતટ ઉતરતાં કેવલજ્ઞાન પ્રાપ્ત થશે. "

પછી ગુરૂ, ગંગા ઉતરવા માટે ગંગાતટ પ્રત્યે ગયા. ત્યાં અન્નિકાપુત્ર આચાર્ય લોકોસહિત ઝટ વહાણમાં બેસવા લાગ્યા. તે ગુરૂ જે બાજુએ બેસવા ગયા તે તરફ વહાણ

નમવા લાગ્યું. "સર્વે માણસો ગંગામાં ન બુડી જાઓ" એમ ધારી કેટલાક માણસોએ ગુરૂને ગંગામાં નાખી દીધા. આહા! મૃત્યુ કોને કોને ભય લગાડતું નથી? ગંગામાં પડતા એવા તે શાંત ગુરૂને કોઇ દુષ્ટ વ્યંતરીએ ક્રોધથી ત્રિશૂલવડે વિંધ્યા. આ વખતે મુનીશ્વર વિચારવા લાગ્યા કે "પાપના કારણ રૂપ મ્હારા શરીરને ધિક્કાર છે, કે જે શરીરથી ટપકતા રૂધિરવડે અપ્કાય જીવોનો ઘાત થાય છે." વૈરાગ્ય પામેલા તે મુનિ આ પ્રમાણે શુકલધ્યાનથી કેવલજ્ઞાન ઉત્પન્ન કરીને લોકાગ્રમાં સ્થિત થયા. શ્રી અગ્નિકાપુત્ર સૂરીંદ્રે સંસારસમુદ્રને તરીને અખંડિત શાશ્વત સુખ મેલવ્યું.

અખંડિત વ્રતવાલા અને સત્ત્વધારી અગ્નિકાપુત્રસૂરિ, ઘોર ઉપસર્ગ સહન કરી, અંતે કેવલજ્ઞાન પામી મોક્ષપદ પામ્યા. તે મુનિ કોને નમસ્કાર કરવા યોગ્ય ન હોય? અર્થાત સર્વેને નમસ્કાર કરવા યોગ્ય છે.

**'श्री अग्निकापुत्र' नामना सूरिपुरंदरनी कथा संपूर्ण.**

**गुट्ठीभत्ते मासेस्सपारणे, रोहिणीए कडुतुंबं ॥**
**दिन्नं दयाइ भुत्तं, धम्मरुइ मुत्तिमणुपत्तो ॥ २ ॥**

માસભક્તના પારણે રોહિણીએ આપેલા કડવા તુંબડાને દયાથી ભક્ષણ કરી ધર્મ રૂચિ નામના મુનિ મોક્ષ પામ્યા.

## 'श्रीमती 'रोहिणी' नो संबंध

રોહિત નગરમાં લલિતા ગોષ્ટી હતી. તેને માટે રોહિણી નામની કોઇ સ્ત્રીએ રસોઇ કરવા માંડી. તેણીએ અભણપણાથી શાકમાં કડવા તુંબડાનું શાક મશાલા વિગેરે ઉત્તમ પદાર્થોથી સરસ બનાવ્યું. પછી તેણીએ "તે કડવાતુંબડાનું શાક છે" એમ જાણીને તે માસખમણને પારણે આવેલા ધર્મરૂચિ નામના મુનિને આપ્યું. તેમણે પણ "આ શાકથી બીજા જીવોનો ઘાત ન થાઓ" એમ ધારી તે શાકનું ભક્ષણ કર્યું. પછી તે મુનિ, અનશન કરી, તીવ્ર વેદનાને સહન કરી મુક્તિ પામ્યા. હવે રોહિણીનો સંબંધ કહે છે. તે લોક પ્રસિદ્ધ છે. પણ સૂત્રમાં કહ્યો નથી. તેથી વૃત્તિકાર કહે છે.

ચંપાનગરીમાં શ્રી વાસુપૂજય આરિહંતનો પુત્ર શ્રી મઘવન્ નામે રાજા રાજ્ય કરતો હતો. જાણે સાક્ષાત્ લક્ષ્મી પોતેજ હોયની? એવી તે રાજાને લક્ષ્મી નામે સ્ત્રી હતી, તેઓને જયસેનાદિ બહુ પુત્રો હતા અને તેઓના ઉપર ઉત્તમ ગુણવાલી રોહિણી નામે પુત્રી હતી.

એકદા તે પુત્રીને યુવાવસ્થા યુક્ત થએલી જોઈ આનંદિત થએલા ભૂપતિએ પ્રધાનોને કહ્યું કે "હે સચિવો! આ પુત્રીને યોગ્યવર શોધી કાઢો." પ્રધાનોએ કહ્યું,

"હે મહારાજા ? આપ ઉત્તમ સ્વયંવર મંડપ રચાવો કે તેમાં રોહિણી પોતાની ઇચ્છાપ્રમાણે યોગ્ય વર વરે." મઘવન્ ભૂપતિએ પ્રધાનોનું વચન માન્ય કરી સ્વયંવર મંડપ રચાવ્યો અને તેમાં દૂતો મોકલી અનેક દેશના રાજાઓને તેડાવ્યા. સર્વે ભૂપતિઓ સ્વયંવર મંડપમાં આવ્યા. વિશ્વને મોહ પમાડનાર રોહિણી પણ હાથમાં વરમાળા લઈ સ્વયંવર મંડપમાં આવી. ત્યાં પોતાની દૂતીએ વર્ણન કરેલા ઐશ્વર્ય, રૂપ, સંપત્તિ, બલ અને તેજ વાળા સર્વ ભૂપતિઓ ત્યજી દઇ રોહિણીએ, નાગપુરના રાજા વીતશોકના પુત્ર અશોકચંદ્રને હર્ષથી વર્યો.

પછી મઘવન્ ભૂપતિએ તે યોગ્ય સંબંધ જાણી તેઓનો વિવાહ ઉત્સવ કર્યો અને રોહિણીના પૂર્વ પુણ્યથી સંતુષ્ટ થએલા બીજા રાજાઓને દાનમાનથી સત્કાર કરી વિદાય કર્યા. અશોકચંદ્રે કેટલાક દિવસ સુધી ચંપાનગરીમાં સાસરાને ઘેર રહી રોહિણીપ્રિયા સાથે હર્ષથી ભોગો ભોગવ્યા, પછી પિતાએ તેડાવેલો અશોકચંદ્ર, પ્રિયાસહિત થોડા દિવસમાં નાગપુરે ગયો. ત્યાં પિતાએ તેને મ્હોટા ઉત્સવથી નગર-પ્રવેશ કરાવ્યો. વૈરાગ્યવાસિત થએલા વીતશોક ભૂપતિએ પોતાના રાજ્યાસને અશોકચંદ્રને સ્થાપન કરી પોતે દીક્ષા લીધી પછી અશોકચંદ્ર ભૂપતિ, રાજ્યભાર પ્રધાનોને સોંપી પોતે રોહિણીની સાથે બહુ ભોગો ભોગવવા લાગ્યો. અનુક્રમે તેને ગુણપાલાદિ આઠ પુત્રો અને ગુણમાલાદિ ઉત્તમ કાંતિવાલી ચાર પુત્રીઓ થઇ.

એકદા પોતાના મેહેલના સાતમા માળના ગોખમાં બેઠેલી રોહિણીએ આશ્ચર્યથી વસંતતિલકા નામની પોતાની ધાવમાતાને કહ્યું કે "હે માત ! નીચે શેરીમાં દ્રષ્ટિ કરીને જુઓ તો ખરાં, આ સ્ત્રીઓનું ટોળું છુટા કેશ મૂકી કરૂણસ્વરથી રૂદન કરે છે. અરે એટલું જ નહિં પણ જેમ તેમ વાગતા એવા વાજીંત્ર સરખું નૃત્ય અને વ્ય-વસ્થારહિત તાબોટા પૂર્વક હાથને આમ તેમ ફેરવે છે. મેં બહુ નાટકો જોયાં છે પણ ભારતાદિ શાસ્ત્રમાં આવું નાટક ક્યારે જોયું નથી તેમ સાંભળ્યું પણ નથી. માટે આ સ્ત્રીઓ આવું આશ્ચર્યકારી અપૂર્વ કયું નાટક કરે છે ?" ધાવમાતાએ ક્રોધ કરીને તેણીને કહ્યું. "અરે આ ત્હારો રૂપમદ શો ? અથવા તું પોતાની લક્ષ્મીના મદથી એ સ્ત્રીઓને આવી રીતે હસે છે ?" રોહિણીએ કહ્યું. "હે માત ! આપ કોપ ન કરો. એ કોઇપણ મ્હારો મદ નથી. કારણ આવું કૌતુક મેં કયારે પણ દીઠું નથી તેથી હું તમને પૂછું છું." ધાવમાતાએ કહ્યું. "હે વત્સે ! સ્ત્રીઓના ટોળામાં જે મધ્યે સ્ત્રી છે તેણીનો એક પુત્ર મરી ગયો છે તેનો આજે તિલાંજલિનો દિવસ છે માટે તે સ્ત્રીઓ પુત્રના ગુણોને સંભારીને રૂવે છે. સંસારનું આવું નાટક તને આ ભવમાં થયું નથી." રોહિણીએ ફરીથી ધાવ માતાને કહ્યું. હે માત ! તે સ્ત્રીનો પુત્ર મરી ગયો તેમાં તે રોવે છે શા માટે ? શું તેણીનું રોવું પુત્રને બોધકારી થશે ?" આ વખતે અશોકચંદ્ર ભૂપતિએ હાસ્ય કરતાં છતાં રોહિણીને કહ્યું કે "હું તને રોવું સમજાવું અર્થાત્ ત્હારી પાસે તેવું નાટક કરાવું." એમ કહીને ભૂપતિએ

તેણીના ખોળામાંથી લોકપાલ નામના પુત્રને પોતાના હાથમાં લીધો. "હું આ ત્હારા પુત્રને નીચે પૃથ્વી ઉપર ફેંકી દઉં છું." એમ સ્ત્રીને કહેતા એવા ભૂપતિએ ગોખની બહાર રાખેલા હાથમાં પુત્રને હિંડોળવવા માંડયો. દૈવયોગે ભૂપતિના હાથમાંથી પુત્ર જેમ વૃક્ષ ઉપરથી ફળ પડે તેમ નીચે પડયો. રાજલોક અને નગરવાસી માણુસો "હાહા શબ્દ કરવા લાગ્યા, રાજા, પુત્રની પાછળ ઝંપાપાત કરવા તૈયાર થયો અને રાણી "આશું આશું" એમ કહેવા લાગી એટલામાં નગરીની અધિષ્ટાયિકા દેવીએ તુરત અધરથીજ બાલકને ઝીલી લઈ વસ્ત્રાભૂષણથી શણગારી ઝટ રાજાના આસન ઉપર મૂકયો. નગરવાસી લોકોથી સ્ત્રીની અને પુત્રની પુણ્યસ્તુતિ સાંભલી અશોકચંદ્ર ભૂપતિએ ફરી પુત્ર જન્મનો મહોત્સવ કર્યો.

આ વખતે તે નગરીના ઉદ્યાનમાં ચાર જ્ઞાનના ધારણહાર રૂપકુંભ નામના આચાર્ય પોતાના માણિકુંભાદિ સાધુઓના પરિવાર સાહત આવ્યા. પ્રિયાસહિત અશોકચંદ્ર ભૂપતિ ગુરૂને વાંદવા માટે ઉદ્યાનમાં ગયો. ત્યાં તેણે ગુરૂને વંદના કરીને કલેશનો નાશ કરનારી ધર્મદેશના સાંભલી. પછી મહા ભક્તિ પ્રગટ કરતા એવા તેમણે રોહિણીના ભાગ્ય સૌભાગ્યથી વિસ્મય પામેલા ભૂપતિએ રૂપકુંભ મુનીશ્વરને પૂછયું. "હે ભગવન્! આ મ્હારી પ્રિયા રોહિણીએ પૂર્વભવને વિષે એવું શું પુણ્ય કર્યું છે. કે જેથી તેણીને કયારે પણ કલેશનો લેશ થતો નથી ? વળી મ્હારે તેણીની સાથે આવો અતિશય પ્રેમ શેનો ? અને તેણીના આ સર્વે પુત્રો કોણ છે ?" આ પ્રમાણે બહુ વિનયથી પૂછયું એટલે ઉપશમધારી એવા તે મુનિએ સંસાર સમુદ્રને તારનારી આવી વાણી કહી.

"હે રાજન્! આ ત્હારા નાગપુર નગરમાં પૂર્વે વસુપાલ નામે રાજા હતો. તેને વસુમતી નામે સ્ત્રી હતી તે રાજાને લક્ષ્મીના પાત્ર રૂપ ધનમિત્ર નામનો ગુણ-વાન શ્રેષ્ઠી મિત્ર હતો તેને ધનમિત્રા નામની સ્ત્રી હતી. તેઓને અનુક્રમે કુરૂપના પાત્ર રૂપ એક પુત્રી થઇ. તે પુત્રીના દેહનો બહુ દુર્ગંધ હતો. તેથી માતા પિતાએ તે પુત્રીનું દુર્ગંધા નામ પાડયું. યુવાવસ્થા પ્રાપ્ત થયા છતાં પણ તે પુત્રીને કોઈ પરણ્યું નહીં. તે નગરમાં એક વસુમિત્ર નામે ધનવંત શ્રેષ્ઠી વસતો હતો તેને વસુ-કાંતા નામે સ્ત્રી હતી. તેઓને શ્રીષેણ નામે પુત્ર હતો. તે શ્રીષેણ ચોરી વિગેરે સાત વ્યસન સેવન કરવામાં બહુ તત્પર હતો. તેથી તેને રાજાના હુકમથી નગરરક્ષક લોકો વધ્યભૂમિ પ્રત્યે લઈ જતા હતા. ધનમિત્રે રાજાને વિનંતિ કરી ધનાદિ આપી શ્રીષેણને છોડાવ્યો અને તેને પોતાની પુત્રી દુર્ગંધા પરણાવી. શ્રીષેણ દુર્ગંધના દુઃખને વધદુઃખથી અધિક માની મહા કષ્ટથી દિવસ નિર્ગમન કરી રાત્રીએ નાસી ગયો. પછી પિતાએ તે દુર્ગંધાને દીન પુરૂષોને દાન આપવા માટે દાનશાલામાં રાખી. ત્યાં પણ તેણીના હાથથી કોઇ ભિક્ષા લે નહિ. પછી સાધુ પાસેથી ધર્મ પામીને શાંત ચિત્ત-

વાળી તે દુર્ગંધા ધર્મકાર્યમાં તત્પર થઇને માતાની પાસેજ રહેવા લાગી.

એકદા તે નગરીમાં જ્ઞાનામૃતના સમુદ્ર રૂપ મહા ઉદયવંત અમૃતાસવ નામના મુનિ આવ્યા. મુનિનું આગમન સાંભળી ધનમિત્ર શ્રેષ્ઠીના કહેવા ઉપરથી વસુપાળ ભૂપતિ, પોતાના અંત:પુરસહિત તેમને વંદના કરવા ગયો. ત્યાં ભૂપતિ, મુનિને નમસ્કાર કરીને બેઠા એટલે મુનિરાજે યુક્તિપૂર્વક ધર્માધર્મની ગતિ રૂપ જીવવિચાર સ્પષ્ટ રીતે કહ્યો.

પછી દુર્ગંધાએ પોતાના દુર્ગંધનું કારણ મુનિરાજને પૂછયું એટલે તેમણે કહ્યું કે:–

આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં સર્વ પ્રકારની સંપત્તિથી ભરપૂર એવો સૌરાષ્ટ્ર નામે દેશ છે તેમાં સર્વ નગરના આભૂષણ રૂપ ગિરિપુર (જુનાગઢ) નામે નગર છે. તે નગરની પાસે ગિરિનાર નામે મ્હોટા પ્રખ્યાત અને ઉંચો પર્વત આવેલો છે. જેનું મન નિરંતર શ્રી અરિહંતના ધર્મ રૂપ કમળને વિષેજ રમતું હતું એવો પૃથ્વીપાલ નામે પ્રસિદ્ધ રાજા ત્યાં રાજ્ય કરતો હતો. તેને પ્રેમના પાત્ર રૂપ અને મનોહર કાંતિવાળી સિદ્ધમતિ નામે સતી સ્ત્રી હતી. તે હંમેશાં પતિના દાક્ષિણ્યતાથી જિનધર્મને વિષે બુદ્ધિ રાખતી હતી.

એકદા પૃથ્વીપાલ ભૂપતિ, અંત:પુરસહિત ઉદ્યાનમાં ક્રીડા કરવા જતો હતો, એવામાં તેણે ગિરિનાર પર્વતથી નગરમાં જતા એવા ધર્મરૂચિ નામના મુનિને દીઠા, તેથી તેણે પ્રિયાને કહ્યું કે " આ એક માસના ઉપવાસી મુનિને પારણું કરાવી તું ઝટ આવજે, અમે ધીમે ધીમે જઇએ છીએ." રાજાની આવી આજ્ઞાનો ભંગ કરવાથી ભય પામતી પણ પોતાની ઈચ્છાનો ભંગ થવાથી મનમાં બહુ ક્રોધાતુર થએલી તે રાણી સિદ્ધમતિ, મુનિને પારણું કરાવવા માટે પોતાના ઘર પ્રત્યે લઇ ગઈ. ત્યાં તેણીએ કોઈને માટે કડવું તુંબડુ પકવી રાખ્યું હતું તે દાસી વિગેરે બીજા માણસોએ ના કહ્યા છતા બીજા ભક્ષ્ય પદાર્થોની સાથે મુનિને વહોરાવ્યું. ધર્મરૂચિ મુનિ પણ ગુરૂએ ના કહ્યા છતાં જીવો ઉપર દયા ભાવથી તે સર્વ કડવું તુંબડુ ભક્ષણ કરી ગયા, અને પછી તેમણે અનશન કર્યું. કડવું તુંબડુ ઉદરમાં પરિણમ્યું એટલે અત્યંત પીડા પામેલા તે ધર્મરૂચિ વિશુદ્ધ અધ્યવસાયથી અંતકૃત કેવળી થઇ મોક્ષ પામ્યા.

પૃથ્વીપાલ ભૂપતિને આ વાતની ખબર પડી જેથી તેણે ક્રોધથી સિદ્ધમતિનું સર્વ વસ્ત્રાભરણાદિ લઈ તથા તેણીના ગળે સરાવલાનો હાર પહેરાવી તેણીને નગર બહાર કાઢી મૂકી. પછી પછી ઉદંબર નામના કોઢથી ગળતા શરીરવાળી અને છેદાઇ ગયા છે કાન તથા નાક જેણીના એવી તે સિદ્ધમતિ મૃત્યુ પામીને છઠી નરકે ગઇ. ત્યાંથી નીકળીને અનુક્રમે અસંખ્ય દુ:ખસમૂહથી બળતી એવી સાતે નરકમાં ફરી. પછી કુતરી, સાપણ, ઉંટડી, ભુંડણી, ઘરોલી, જળો, ઉંદરડી, કાગડી, બીલાડી,

ગધેડી અને ગાય થઇ. એક દિવસ તે ગાય, પર્વત શિખરના માર્ગે પડી હતી એવામાં તે ગાયે મુનિએ આપેલા નમસ્કાર મંત્રને સાભળ્યો. તે મંત્રના પ્રભાવથી શાંત ચિત્તવાલી ગાય મૃત્યુ પામી પણ બાકી રહેલા કુકર્મના પાપથી તું દુર્ગંધા નામે શ્રેષ્ઠીપુત્રીપણે ઉત્પન્ન થઈ." મુનિનાં આવાં વચન સાંભળી જાતિસ્મરણજ્ઞાન પામેલી, નરકાદિની પીડાને સાક્ષાત્ દેખતી, અત્યંત ભય પામેલી કંપતી દીન થઈ ગએલા નેત્રવાળી, કરમાઇ ગએલા મુખવાળી, સુકાઇ ગએલા કંઠવાળી અને ભયથી વિહ્વલ બનેલી તે દુર્ગંધા હાથ જોડીને ગુરૂને કહેવા લાગી.

હે સ્વામિન્! હું બહુ ભય પામી છું માટે આ દુઃખસમૂહથી મ્હારો ઉદ્ધાર કરો. વળી ફરીથી હું તેવાં દુઃખ ન પામું તેમ પણ કરો." પછી દયારૂપ અમૃતના સમુદ્ર એવા તે અમૃતાસવ નામના મુનિએ, તેણીના પાપનો ઉચ્છેદ કરવા માટે મધુર સ્વરથી કહ્યું. "હે વત્સે! ત્હારે રોહિણી નામના નક્ષત્રને વિષે નિરંતર સાત વર્ષ પર્યંત વિધિ પ્રમાણે ક્ષપણ (ઉપવાસ) કરવું. આ વ્રત કરવાથી આવતે ભવે કૃષ્ણ ને લક્ષ્મીની પેઠે તું અશોકચંદ્ર ભૂપતિની સ્ત્રી રોહિણી નામે થઈશ. તે ભવમાં તું શોકરહિતપણે દીર્ઘકાળ પર્યંત ભોગો ભોગવી તેમજ શ્રી વાસુપૂજ્ય સ્વામીની સેવાથી પતિસહિત મુક્તિ પામીશ. ત્હારે રોહિણી તપનું ઉદ્યાપન ઉત્સવ પૂર્વક કરવું. તે નીચે પ્રમાણે દર્શાવે છે:—

વૃક્ષ ઉપર રોહિણી અને અશોક ભૂપતિ સહિત શ્રી વાસુપૂજ્યસ્વામિની ઉત્તમ શોભાવાલી મૂર્તિ કરવી. તેમની આગળ પ્રાણાતિપાત વર્જીને શ્રી વાસુપૂજ્ય સ્વામિનો સ્નાત્રમહોત્સવ કરી તે પ્રભુનું સુગંધિ ચંદન, પુષ્પ, સુવર્ણ અને મણિ વિગેરેથી પૂજન કરવું. પ્રભુની પાસે ફળ નૈવેદ્ય ચોખા વિગેરે મૂકવું તેમજ ગીત નૃત્યાદિકથી પ્રભાવના કરવી. સાધર્મિકોની વસ્ત્રાભૂષણ તથા ભોજન વડે ભક્તિ કરવી. દીન જનોને દયાદાન આપવું. પાત્રને વિષે ભક્તિથી શક્તિ માફક દાન આપવું. પોતાના દ્રવ્યથી જૈન પુસ્તકો લખાવવાં." હે વત્સે! વિધિથી વ્રત કરવા વડે તું દુઃખથી મૂકાઇ જઇને ઉત્તમ ગંધવાળી રાજપત્ની થઇશ."

"આ તપ પૂર્વે કોઇએ કર્યું છે? જો કોઈએ કર્યું હોય તો જ્ઞાનવંત એવા આપ તે અમને કહો?" એમ દુર્ગંધાએ પૂછયું એટલે ઉત્તમ પુષ્ટ બુદ્ધિવાળા મુનિએ સંસારના કલેશનો નાશ કરનારી વાણી કહી.

(અમૃતાસવ મુનિરાજ દુર્ગંધાને કહે છે કે, આ ભરતક્ષેત્રમાં શકટીલ નામના દેશને વિષે પૂર્વે લક્ષ્મીના નિવાસ સ્થાન રૂપ સિંહપુર નામે નગર હતું ત્યાં બહુ યશસમૂહથી પૃથ્વીને ઉજ્વલ કરનારો અને બહુ રાજસમૂહનો ક્ષય કરનારો સિંહ-સેન નામે રાજા રાજ્ય કરતો હતો. જેણીએ પોતાના શીલગુણથી સ્ત્રીઓમાં નિત્ય મુખ્ય પદ મેળવ્યું હતું એવી તેને કનકના સમાન મનોહર કાંતિવાળી કનકપ્રભા નામે સ્ત્રી હતી. તેઓને દિવ્ય રૂપવાળો પણ દુર્ગંધ શરીરવાળો એક પુત્ર હતો. જેથી

તે પુત્રનું લોકમાં દુર્ગંધ એવું નામ પડ્યું. કોઇ સ્ત્રી ધન લોભથી પણ તેની સેવા કરતી નહિ. તેમજ વિંજણાના પવનથી પણ તેના શરીર ઉપરથી માખીઓ ઉડતી નહિ. તેની દુર્ગંધથી પીડાએલા સેવકો પણ માત્ર મનોબળથી સેવતા હતા. માતા પિતા કષ્ટકારી પુત્રનું મૃત્યુજ માગતા હતા. હર્ષના સમૂહ યુક્ત અંતઃકરણવાળા, બહુ આભૂષણોથી દેદીપ્યમાન એવા દેવ અસુર અને વિદ્યાધરો આકાશમાં ફરતા હતા. આ વખતે તે નગરના ઉદ્યાનમાં છઠા તીર્થંકર શ્રીપદ્મપ્રભ-સ્વામી સમવસર્યા. પ્રભુનું આગમન સાંભળી ભૂપતિ પુત્રાદિસહિત તેમને વંદના કરવા માટે ગયો. સિંહસેન ભૂપતિ સમવસરણમાં જઇ ત્યાં પ્રભુને વિધિથી વંદના કરીને બેઠો. શ્રી જિનેશ્વર પ્રભુએ મેઘની પેઠે ધર્મોપદેશ રૂપ અમૃતના વરસાદથી ભવ્ય પુરૂષોના અંતરંગ તાપને દૂર કર્યો. પછી ભૂપતિએ પુત્રના દુર્ગંધનું કારણ પૂછ્યું એટલે શ્રી જિનેશ્વરે અમૃતસમાન મધુરવાણીથી કહ્યું.

આ ભરતક્ષેત્રમાં બાર યોજન વિસ્તારવાલું નાગપુર નામે નગર છે. તેની પાસે નીલનગ નામે પર્વત છે. તે પર્વતની એક શિલા ઉપર કોઈ એક માસક્ષમણે પારણું કરનારા સંયમધારક મુનિ, સર્વ પ્રકારના ઉપદ્રવોને સહન કરવા રહેતા હતા. વલી તે પર્વતના શિખર ઉપર મૃગમાર નામે પારધી રહેતો હતો. ક્રુરકર્મ કરનારો તે પારધી હંમેશાં કાલની પેઠે પશુ હણતો હતો. પરંતુ સર્વ પ્રકારની લબ્ધિના ભંડાર રૂપ તે મુનિના પ્રભાવથી તે પારધીની હંમેશા પાપક્રીડા નિષ્ફલ થવા લાગી તે ઉપરથી મૃગમાર પારધી, મુનિનો વધ કરવાનાં છિદ્ર શોધવા લાગ્યો. એક દિવસ મુનિરાજ માસક્ષમણના પારણાર્થે નગરમાં ગયા એટલે પાછળ પેલો દુષ્ટ પારધી બહુ કાષ્ટ ઘાસ વિગેરેને એકઠું કરી શિલાને નીચેથી સળગાવી પછી જેમ હતું તેમ કરી ત્યાંથી નાશી ગયો. મુનિરાજે પાછા સ્થાનમાં આવીને અવધિજ્ઞાનથી જોયું તો પોતાનું આયુષ્ય પૂર્ણ થયું જાણ્યું. પછી પોતે કર્મ ક્ષય કરવા માટે તુરત શિલા ઉપર બેઠા. અતિ ઘોર એવા શિલાના તાપને સહન કરતા તે તપસ્વીને વિશ્વમાં ઉત્તમ એવું અંતકૃત્ કેવલીપણું ઉત્પન્ન થયું.

હવે પેલો પારધી આવા ઘોર પાપથી કોઢીયો થયો. ગલતા શરીરવાલો તે મૃત્યુ પામીને અનંત ઉગ્ર વેદના વાલી સાતમી નરક પ્રત્યે ગયો. ત્યાંથી સ્વયંભૂ-રમણદ્વીપમાં મત્સ થયો. ત્યાંથી છઠી નરકમાં જઈ બહુ દુઃખ પામ્યો. ત્યાંથી નિકલી સર્પ થયો. મૃત્યુ પામી પાંચમી નરક પ્રત્યે ગયો. ત્યાંથી સિંહ થયો અને ચોથી નરકે ગયો. વાઘ થયા પછી તે ત્રીજી નરકમાં ગયો. ત્યાંથી બિલાડો થઇ બીજી નરકે ગયો. છેવટ બગલો થઇ પેહેલી નરકે ગયો. ત્યાંથી નિકલી ચાંડાલાદિ બહુ જાતિમાં ભમ્યા પછી તે પારધીનો જીવ નાગપુર નગરમાં ગોવાલીની સ્ત્રી ગાંધારીથી વૃષભસેન નામે પુત્રપણે ઉત્પન્ન થયો. ભદ્રકસ્વભાવવાલો તે વૃષભસેન શ્રાવકોના સંગે ગાયોને ચારવા માટે નીલ પર્વતની પાસે ગયો. ત્યાં દાવાનલથી

ઘેરાયલો તે " મેં પૂર્વભવે કોઇને દગ્ધ કર્યા હશે " એમ ખેદ કરતાં છતાં પંચ નવકારનું સ્મરણ કરતાં તુરત ભસ્મરૂપ થઇ ગયો.

શ્રી પદ્મપ્રભુ ભગવાન સિંહસેન રાજાને કહે છે કે હે રાજન્ ! નવકાર મંત્રના પુણ્યથી તે ગોવાલના પુત્ર વૃષભસેનનો જીવ આ ત્હારા પુત્રપણે ઉત્પન્ન થયો છે. પોતાનું પાપકર્મ કાંઇક બાકી રહી જવાને લીધે તે મહા દુર્ગંધી દેહવાલો થયો છે. " જિનેશ્વરનાં આવાં વચન સાંભલી ઉત્પન્ન થએલા જાતિસ્મરણ જ્ઞાનવાલા અને કંપતા દેહવાલા સિંહસેનપુત્રે હાથ જોડીને પ્રભુને કહ્યું. " હે નાથ ! આ દુસ્તર એવા સંસારસમુદ્રથી મ્હારો ઉદ્ધાર કરો, ઉદ્ધાર કરો, અને હું તે પાપથી તે શી રીતે મૂકાઈશ તે નિવેદન કરો. નિવેદન કરો. "

( અમૃતાસવ મુનિરાજ દુર્ગંધાને કહે છે કે ) દીનમુખવાલા રાજપુત્રે આમ કહ્યે છતે દયાવંત એવા શ્રી જિનેશ્વરે, મ્હારા કહેવા પ્રમાણે તેને રોહિણીવ્રત કહ્યું. પછી સિંહસેન રાજા પુત્રાદિપરિવારસહિત નગર પ્રત્યે ગયો. ત્યાં રાજપુત્રે વિધિ પ્રમાણે રોહિણી વ્રત કર્યું. રોહિણી વ્રત રૂપ વેલથી ઉત્પન્ન થએલા અને મુક્તિ રૂપ ફલને ઉત્પન્ન કરનારા પુણ્યરૂપી પુષ્પથી સિંહસેન નૃપ પુત્ર દુર્ગંધવાળો મટી ઉત્તમ ગંધવાલો થયો. પછી રાજાએ નગરમાં મ્હોટો મહોત્સવ કરી પોતાના પુત્રનું સર્વ સ્થાનકે પ્રસિદ્ધ એવું " સુગંધ " નામ પાડ્યું. માટે હે ભદ્રે ! રોહિણી વ્રત કરતાં તને પણ તે દુર્ગંધની પેઠે બહુ સુખ થશે. "

અમૃતાસવ મુનિરાજનાં આવાં વચન સાંભલી દુર્ગંધા બહુ હર્ષ પામતી છતી તે ઉપશમધારી મુનિરાજને નમસ્કાર કરી લોકો સહિત નગરીમાં ગઇ. ત્યાં તેણીએ વિધિ પ્રમાણે રોહિણીનું વ્રત કર્યું તેથી તે દુષ્ટ કર્મના હેતુથી મૂકાઈને ઉત્તમ સુગંધવાળી થઇ એટલુંજ નહિ પણ માણસોને વિસ્મયકારી રૂપને ધારણ કરતી તે રોહિણી તપ કરતી છતી અનુક્રમે સુખના ધામ રૂપ સ્વર્ગમાં ગઇ. ત્યાં દીર્ઘકાલ અસંખ્ય ભોગો ભોગવી સ્વર્ગથી ચવેલી તે ચંપાપુરીના રાજા મઘવનની સ્ત્રી લક્ષ્મી દેવીથી રોહિણી નામની પુત્રીપણે ઉત્પન્ન થઇ.

( રૂપકુંભ મુનિરાજ અશોકચંદ્ર ભૂપતિને કહે છે કે, ) હે રાજન્ ! તે આ રોહિણી ત્હારી સ્ત્રી થઇ છે. તેણીએ વિધિથી રોહિણી વ્રત કર્યું છે તેથી તે શોકરહિત રહે છે. હવે છઠા જિનેશ્વર શ્રી પદ્મપ્રભુના કહેવાથી જેણે રોહિણી વ્રત કર્યું છે, તે પેલા સુગંધનું વૃત્તાંત સાંભલ.

સિંહપુરમાં સિંહસેન ભૂપતિએ પોતાના પુત્ર સુગંધને રાજ્યાસને બેસારી પોતે દીક્ષા લઈ પરમાર્થનું સાધન કર્યું. પોતાના શરીરનો દુર્ગંધ નાશ થવાથી જૈનશાસનનો અદ્‌ભૂત અતિશય જોઈ સુગંધ જિનધર્મને વિષે નિરંતર અધિક અધિક શ્રદ્ધા ધારણ કરવા લાગ્યો. સમર્થ એવા તે ભૂપતિએ બાહ્ય તથા અંતરંગના શત્રુઓને જીતી દીર્ઘકાલ પર્યંત પોતાના મ્હોટા ધર્મરાજ્યનું પાલન કર્યું. શુદ્ધ શ્રાવક

ધર્મને વિષેજ એક મનવાલો અને પવિત્ર અંતઃકરણવાલો તે ભૂપતિ મૃત્યુ પામીને સ્વર્ગસંપત્તિ પામ્યો.

પૂર્વ વિદેહક્ષેત્રને વિષે પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નામે પ્રસિદ્ધ નગરી છે. તેમાં વિમલકીર્તિ નામનો રાજા, ઉત્તમ નીતિથી રાજ્ય કરતો હતો. તેને કમલ-લક્ષ્મી સરખી મનોહર પદ્મશ્રી નામે સ્ત્રી હતી. પેલા સુગંધ નૃપતિનો જીવ સ્વર્ગથી ચવી ચૌદ સ્વપ્ન સૂચિત તે પદ્મશ્રીના ઉદરને વિષે અવતર્યો. પદ્મશ્રીએ સારા અવ-સરે અદ્દભૂત એવા પુત્રને જન્મ આપ્યો. ભૂપતિએ તેનું મહોત્સવ પૂર્વક અર્ક કીર્તિ એવું નામ પાડયું. લીલામાત્રમાં કલાચાર્ય પાસે સર્વ કલાઓનો અભ્યાસ કરતો તે અર્કકીર્તિ, અનુક્રમે સ્ત્રીઓને વશ કરવામાં સમર્થ એવી યૌવનાવસ્થા પામ્યો. તેને સાથે અભ્યાસ કરનારો. સાથે ક્રીડા કરનારો અને સાથે ફરનારો મેઘસેન નામે મિત્ર હતો.

હવે ઉત્તર મથુરા નગરીમાં સાગરદત્ત શ્રેષ્ઠીની લક્ષ્મીવતી સ્ત્રીને મંદિર નામે એક પુત્ર હતો. દક્ષિણ મથુરામાં નંદિમિત્ર નામના ધનવંત શ્રેષ્ઠીને સુભદ્રા નામે સ્ત્રી હતી. તેઓને બે પુત્રી હતી. એક કમલશ્રી અને બીજી ગુણમાલા નંદિમિત્ર શ્રેષ્ઠીએ પોતાની બન્ને પુત્રીઓ મંદિરને પરણાવી હતી. તે બન્ને સ્ત્રીઓના રૂપથી મોહ પામેલા અર્કકીર્તિ કુમારે, મેઘસેન મિત્રની સહાયથી તે બન્ને સ્ત્રીયોનું હરણ કર્યું. આ વાતની નંદિમિત્રે તથા મંદિરે, વિમલકિર્તિ રાજાની આગલ ફરીયાદ કરી, તેથી તે ભૂપતિએ પુત્ર પાસેથી બન્ને કન્યાઓને છોડાવી તે બન્ને શ્રેષ્ઠીઓને હર્ષ પમાડયા. ન્યાયવંત એવા વિમલકીર્તિ ભૂપતિએ પોતાના પુત્રને પ્રજાને પીડાકારી તથા અન્યાયી જાણી તેના મિત્ર મેઘસેન સહિત પોતાના નગરમાંથી કાઢી મૂકયો. સૂર્ય સમાન કાંતિવાલો અર્કકીર્તિકુમાર પણ મિત્રસહિત ત્યાંથી નિકળીને સર્વ સ્ત્રીઓને મોહ પમાડતો છતો વીતશોકા નામની નગરી પ્રત્યે આવ્યો. ત્યાં તેણે ભૂપતિના મનોહર ઉદ્યાનને જોઇ કોઈ માણસને પૂછયું કે—“ આ ઉદ્યાન કોનું છે ? ” તેણે કહ્યું. “ આ નગરમાં તેજના પાત્ર રૂપ વિમલવાહન નામે રાજા રાજ્ય કરે છે. તેને શીલવ્રતથી ઉત્તમ કાંતિના સ્થાનરૂપ સુપ્રભા નામે સ્ત્રી છે. તેઓને જયવતી વિગેરે આઠ પુત્રીઓ છે. “ એ સર્વ પુત્રીઓનો પતિ ચક્રવર્તી થવાનો છે. ” એમ જોશીએ કહેલું હોવાથી વિમલવાહન ભૂપતિએ ચક્રવર્તિના જાણ માટે વિધિપૂર્વક રાધાવેધ રચ્યો છે. તેણે અનુચરો મોકલી ચારે દિશાઓમાંથી બહુ રાજાઓને તેડાવ્યા હતા. પરંતુ કોઈ રાધાવેધ સાધી શકયો નહીં. હે કુમારેંદ્ર ! હું જાણું છું કે નિશ્ચે તમે રાધાવેધ સાધશો. ” તે માણસનાં આવાં વચન સાંભલી હર્ષિત થએલો અર્કકીર્તિકુમાર તે પુરૂષને ઉત્તમ ભેટથી સંતોષ પમાડી રાધાવેધને સ્થાનકે ગયો. ત્યાં દેદીપ્ય કાંતિ-વાળા તેણે બીજા અનેક ભૂપતિઓને ગ્લાનિ પમાડતાં છતાં અને ચિત્તમાં આશ્ચર્ય ઉત્પન્ન કરતાં છતાં શીઘ્ર રાધાવેધ સાધ્યા. પછી જેમ પૂર્વદિશા વિગેરે આઠે દિશા-ઓને સૂર્ય વરે, તેમ સાતે બ્હેનો સહિત જયવતી કન્યાને અર્કકીર્તિ પરણ્યો. ભ્રમર

જેમ પદ્મપત્રની સાથે ભોગ ભોગવે તેમ અર્કકીર્તિ આઠે સ્ત્રીઓની સાથે ભોગનો અનુભવ કરતો છતો ત્યાં દીર્ઘકાલ પર્યંત રહ્યો.

એકદા અર્કકીર્તિકુમાર, શ્રીજિનેશ્વરને વંદના કરવા માટે પુંડરીકગિરિ પ્રત્યે ગયો. ત્યાં જિનેશ્વરની પૂજનાદિ કરી થાકી ગએલો તે કુમાર રાત્રીએ સૂતો હતો એવામાં તેના રૂપથી મોહ પામેલી ચિત્રલેખા નામની વિદ્યાધરી તેનું હરણ કરીને વૈતાઢ્ય પર્વત ઉપર જવા લાગી. વિદ્યાધરી વૈતાઢ્યની નજીક આવી એટલામાં કુમાર જાગી ગયો. જાગી ગએલા અને ક્રોધ પામેલા કુમારને જોઈ વિદ્યાધરી તેને વૈતાઢ્ય પર્વતના શિખર ઉપર મૂકી શાશ્વતા ચૈત્યને વિષે જતી રહી. જેમ સૂર્યના દર્શનથી કમળના પત્રો ઉઘડી જાય એમ તે કુમારના દર્શનથી સિદ્ધાલયનાં તુરત વજ્રમય દ્વાર ઉઘડી ગયાં. સિદ્ધાલયમાં રહેલા સિદ્ધાર્કે બહુ હર્ષ પામતા છતાં તેમજ પોતાના જન્મને ધન્ય માનતા છતાં બહુ ભક્તિથી તેને નમસ્કાર કર્યો. આ વખતે કોઈ એક પુરૂષ ત્યાં આવી હાથ જોડી કુમારને નમન કરી કહેવા લાગ્યો.

હે કુમારેંદ્ર ! લક્ષ્મીના સ્થાનરૂપ આ વૈતાઢ્ય નામનો પર્વત છે. અહિં સર્વ નગરોમાં શ્રેષ્ઠ એવું અભયપુર નામે નગર છે. તે નગરમાં પવનવેગ નામનો બલવંત રાજા રાજ્ય કરે છે. તેને અતિપ્રિય એવી ચિત્તવેગા નામે સ્ત્રી છે. તેઓને ગતશોકા નામની એક બહુ રૂપવાલી સતી પુત્રી છે. એકદા તે રાજાએ " આ મ્હારી પુત્રીનો કોણ પતિ થશે " એમ કોઈ ત્રિકાલજ્ઞાનીને પૂછ્યું. એટલે તેમણે કહ્યું કે-હે પ્રભો ! રૂપથી મોહ પામેલી વિદ્યાધરીએ દૂરથી આણેલો ચક્રવર્તિ પુરૂષ ત્હારી પુત્રીનો પતિ થશે. " રાજાએ " હે દૈવજ્ઞ ? મ્હારે તેને શી રીતે જાણવો. " એમ પૂછ્યું એટલે તે ત્રિકાળજ્ઞાનીએ ફરી રાજાને કહ્યું. જેના દર્શનથી આ સિદ્ધાલયાના વજ્રમય કમાડનું ઉઘડવું થાય તે પુણ્યવંત પુરૂષને ત્હારે ચક્રવર્તિ જાણવો. પવનવેગ ભૂપતિએ મને અહિં તે જોવા માટેજ રાખ્યો છે. આજે મેં મ્હારા ભાગ્યયોગથી તમને દીઠા માટે હે કુમારેંદ્ર ! તમે ત્યાં ચાલો. અને જગતમાં ઉત્તમ એવી તે રાજપુત્રી તમારી પ્રિયા થાઓ. " અર્કકીર્તિ કુમાર, તે પુરૂષના આવાં પ્રિય વચન સાંભલી હર્ષથી તેની સાથે ચાલ્યો. કુમારનું આગમન સાંભળી વિદ્યાધર રાજા પવનવેગ તેના સામો ગયો. અનુક્રમે મ્હોટા મહોત્સવથી નગરમાં પ્રવેશ કરાવી વિદ્યાધરાધિપતિએ પોતાની પુત્રી વીતશોકાને મહોત્સવ પૂર્વક તે કુમારની સાથે પરણાવી. આ વખતે કુમારના ગુણોથી હર્ષ પામેલા બીજા વિદ્યાધરોએ પોત પોતાની ત્રણસેં ત્રણસેં પુત્રીઓ તે કુમારને આપી. વિદ્યાધરોથી પ્રાપ્ત થએલી વિદ્યાવાળો અને ઉત્તમ ભોગોને ભોગવતો તે અર્કકીર્તિ કુમાર ત્યાં પાંચ વર્ષ રહી અને પછી વિદ્યાધરાધિપતિની રજા લઈ પોતાના દેશ તરફ જવાને તૈયાર થયો. પ્રિયાઓના મુખરૂપી કમલોથી આકાશને તલાવમય બનાવી દેતો તે કુમાર રથ, હસ્તિ, મિમાન અને અશ્વ ઉપર બેઠેલા વિદ્યાધરોથી વિંટાયલો છતો ચાલવા લાગ્યો. રસ્તે તેણે અંજનગિરિથી

નાસી જતા, દુર્દાંત હસ્તિઓથી પણ ન વશ થઇ શકે એવા એક મ્હોટા હસ્તિને દીઠો. સૂર્ય સમાન તેજવાલા અર્કકીર્તિએ તુરત આકાશમાંથી નીચે ઉતરી શીઘ્ર હસ્તિને વશ કરી અંજનગિરિના ભૂપતિ પ્રભંજનને સોંપ્યો. પ્રભંજને પણ જ્ઞાનીનાં વચન યાદમાં લાવી મદનાવલી વિગેરે પોતાની આઠ કન્યાઓ તેને આપી. અર્કકીર્તિ નગરવાસી જનોને વિસ્મય પમાડતો છતો સસરાની પ્રસન્નતા માટે ત્યાં કેટલાક દિવસ રહ્યો. ત્યાંથી તે વીતશોકા નગરી પ્રત્યે ગયો. ત્યાંથી જયવતી વિગેરે સ્રીઓના પરીવારથી વિંટલાયલો તે અર્કકીર્તિ, મ્હોટી સંપત્તિથી પોતાની પુંડરીકણી નગરીએ ગયો. ત્યાં વામન તથા લુલા પુરૂષોએ સારા અને નરસા અક્ષર ચિન્હવાલા બલદોથી જોડેલા ગાડાઓમાં કસ્તુરી, ખડી, ગલી, સુવર્ણ, કપુર, પીતલ ઇત્યાદિ અનેક સારાં નરસાં કરીયાણા ભરી તેમજ પાંચ વર્ણના કાચ આદિને પાંચ વર્ણના શરીરવાળો તે અર્કકીર્તિ કૌતુકથી વેપારીનું રૂપ ધારણ કરી પોતાની નગરીમાં પેઠો. ત્યાં વેચવા માટે ચારે તરફ મૂકી દીધેલા કરીયાણાના પાત્રોથી તેમજ પોતાના તે પંચવર્ણિ વેષથી તેણે સર્વ માણસોને વિસ્મય પમાડયા. આવા સ્વરૂપથી નગરીના સર્વ દ્રવ્યને હરણ કરી તેણે ભૂપતિને (પોતાના પિતાને) બહુ ખેદ ઉપજાવ્યો. છેવટ વિમલકીર્તિ રાજા પોતાની સેનારૂપ સમુદ્રના અશ્વમય તુરંગો વડે મર્યાદા તુલ્ય અર્કકીર્તિ સામે યુદ્ધ કરવા આવ્યો. અને બાણો ફેંકવા લાગ્યો. અર્કકીર્તિએ એકજ બાણ ફેંકયું જેથી વિમલકીર્તિ રાજાના સર્વે યોદ્ધાઓ જેમ એક વિવેકથી બીજા સર્વે દૂષણો નાશી જાય તેમ નાસી ગયા. "હું બહુ સેનાથી પણ તે એક પુરૂષને જીતી શકીશ નહીં." એમ ધારી વિમલકીર્તિ રાજા "મ્હારા ભુજાબળને ધિક્કાર થાઓ, ધિક્કાર થાઓ" એમ કહેતો છતો ખેદ કરવા લાગ્યો.

આ વખતે અર્કકીર્તિના મિત્ર મેઘસેને વિમલકીર્તિ રાજા પાસે આવીને કહ્યું કે "હે રાજન્! આપ ખેદ ન કરતાં પ્રીતિ કરો, એમ પોતાના બળને અર્પણ કરનારો તે રાજપુત્ર આપને કહેવરાવે છે." મેઘસેનનાં આવાં વચન સાંભળી સ્નેહ રૂપ સમુદ્રના શીકર સમાન અશ્રુને વરસાવતો વિમલકીર્તિ રાજા તુરત ત્યાં આવીને નમ્ર અને પોતાના સરખા રૂપવાલા પુત્રને આલિંગન કર્યું પછી વિમલકીર્તિ ભૂપતિએ પુત્રને મહોત્સવ પૂર્વક નગરપ્રવેશ કરાવ્યો અને હર્ષથી પ્રીતિદાનના પાત્ર એવા તેને રાજ્યાભિષેક કર્યો. તથા પોતે ચારૂગુપ્ત મુનિ પાસે દીક્ષા લીધી. અનુક્રમે તે ભૂપતિ એક હજાર સામંતો સહિત મોક્ષપદ પામ્યો.

પછી ઉત્તમ પ્રકારે પ્રજાનું પાલન કરતા એવા તે અર્કકીર્તિ ભૂપતિની આયુધશાળામાં એક દિવસ ચક્રરત્ન ઉત્પન્ન થયું. તેજના ભંડાર રૂપ અર્કકીર્તિ રાજાએ વિધિથી ચક્રમહોત્સવ કરી છ ખંડ પૃથ્વી સાધી. પછી ઉત્પન્ન થએલા ચૌદ રત્નના વૈભવવાલા તે અર્કકીર્તિ ભૂપતિએ પોતાની પુંડરીકિણી નગરીને નવ યોજન પહોલી

અને બાર યોજન લાંબી બનાવી. ગામે ગામ અને નગરે નગર અરિહંત પ્રભુના પ્રાસાદો કરાવી સુવર્ણ અને રત્નમય એક લાખ જિન પ્રતિબિંબ ભરાવ્યાં. પ્રતિ દિવસે સાધર્મિઓનું વાત્સલ્ય અને ભોજનાદિકથી સાધુ સાધ્વીઓની ભક્તિ કરી તે ભૂપતિએ કર માફ, ન્યાય પ્રવૃત્તિ અને અન્યાયત્યાગ ઈત્યાદિથી સર્વ પ્રજાને નિરંતર જિનધર્મની ઉન્નતિ અને પોતાના રાજ્યની ઉન્નતિ કરતા એવા તે રાજાનો ઘણો કાળ સુખમાં નિર્ગમન થયો.

એકદા ઉદ્યાનમાં આવેલા જિતશત્રુ મુનિ પાસેથી અરિહંત ધર્મ સાંભળી સંયમ રૂપ પરમ વૈરાગ્યવાસિત થએલા તે અર્કકીર્તિ ભૂપતિએ, મિત્ર, પુત્ર, સ્ત્રી, અને મંત્રી મંડળને પૂછી પોંતાના ધવલકીર્તિ પુત્રને રાજ્યાસને સ્થાપન કરી પોતે દીક્ષા લીધી. અર્કકીર્તિ મુનિ, શ્રી જિનેશ્વર પ્રભુની આજ્ઞાથી દીર્ઘકાલ પર્યંત ઘોર તપ કરી શુભ ધ્યાનથી મૃત્યુ પામી અચ્યુત દેવલોકમાં દેવતા થયા.

રૂપકુંભ મુનિરાજ અશોકચંદ્ર ભૂપતિને કહે છે કે, હે રાજન્! દેવલોકનાં દીર્ઘકાલ પર્યંત સુખ ભોગવી ત્યાંથી ચવેલો તે અર્કકીર્તિ મુનિનો જીવ અશોક ભાવવાળો તું અશોકચંદ્ર ભૂપતિ થયો છું. એક રોહિણી વ્રતના તપથી બહુ સંપાદન કરેલા પુણ્યવાલા તમે બન્ને જણા અપ્રમાણ પ્રેમબંધવાળાં સ્ત્રી પુરૂષ થયાં છો. તમને બન્ને જણાને રોહિણી તપના પ્રભાવથી વિશ્વને આશ્ચર્યકારી સ્પષ્ટ આ ભાગ્યસૌભાગ્યની લક્ષ્મી મલી છે. માટે અનુભાવને જાણનારા ભવ્ય પુરૂષોએ ઉપવાસાદિ યથા વિધિએ કરીને અનંત સુખને અર્થે તે વ્રતનું સેવન કરવું. હે રાજન્! મેં તમારા બન્નેના પૂર્વ ભવની કથા કહી. હવે તમારા પુત્રોના પૂર્વ જન્મ કહું તે તમે સાંભળો.

પૃથ્વીરૂપ સ્ત્રીના આભૂષણ રૂપ મથુરા નામની નગરીમાં ઉત્તમ બુદ્ધિવાલો વીરસેન નામે રાજા રાજ્ય કરે છે, તે નગરીમાં અગ્નિશર્મા નામે બ્રાહ્મણ વસતો હતો તેને સાવિત્રી નામે સ્ત્રી હતી. તેઓને શિવશર્માદિ સાત પુત્રો હતા. દારિદ્રથી દુઃખી પણ પ્રકૃતિથી ભદ્રક સ્વભાવવાલા તે સાતે પુત્રો દ્રવ્ય મેળવવા માટે પાટલીપુરે ગયા. ત્યાં સિંહવાહન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને કમલશ્રી નામની સ્ત્રીથી ઉત્પન્ન થએલો હરિવાહક નામે પુત્ર હતો. સિંહવાહન ભૂપતિ આ અવસરે વસુમિત્ર રાજાની કનકમાલિકા નામની પુત્રીને મ્હોટા મહોત્સવથી પરણતો હતો. મથુરા નગરીમાં રાજાની સમૃદ્ધિ જોઈ પોતાના દારિદ્રથી દુઃખી થએલા ન્હાના છ ભાઇઓ મ્હોટા શિવશર્માને કહેવા લાગ્યા.

"હે આર્ય ! જુઓ, જુઓ ! આ વિધિની ક્રીડાની વિચિત્રતા શી ? મનુષ્યપણું સરખું છતાં વિધિ કેટલું બધું અંતર દેખાડે છે ? આ વિવાહોત્સવમાં આ માણુસો આપણા હાથી અને ઘોડા ઉપર બેઠા છે અને આપણા પગ તો જોડા પણ ન હોવાથી કાંટાવડે વિંધાઈ જાય છે. હે ભાઇ ! આ દરેક પુરૂષે આભુષણુમાં જેટલાં

મોતી ધારણ કર્યાં છે તેટલા ધાન્યના દાણા પણ આપણા ઘરમાં નથી. વળી તેઓએ પહેરેલા વસ્ત્રોમાંના એક વસ્ત્રનું જેટલું મૂલ્ય છે તેટલાં મૂલ્યનાં તો આપણે જીવિત પર્યંત વસ્ત્ર પહેરનારા નથી. આ પુરૂષોએ વિધિને શું આપ્યું હશે કે જેથી વિધિએ તેમને આવું સુખ આપ્યું છે અને આપણને કાંઇ ન આપ્યું." ન્હાના ભાઇઓનાં આવાં વચન સાંભળી મ્હોટાએ કહ્યું. "તમે વિધિને કેમ ઠપકો આપો છો? ઠપકો આપવા યોગ્ય તમારો આત્માજ છે કે જેણે પૂર્વે ધર્મ કર્યો નહિ. આપણે પૂર્વ ભવે પુણ્ય કર્યું નથી તેથી આપણને જરા પણ લક્ષ્મી મલી નહિ માટે આપણે આ ભવમાં ધર્મ કરીએ કે જેથી આપણને આગલા ભવમાં લક્ષ્મી મળે."

મ્હોટા ભાઇના વચનથી શાંત ચિત્તવાળા ન્હાના ભાઇઓ કહેવા લાગ્યા. "તો આપણે પણ એ ધર્મ કરવો જોઇએ. તેનું જે કાર્ય હોય તે કહો?" શિવશર્મા મ્હોટા ભાઈએ નિષ્કપટપણે ફરીથી કહ્યું. "તે અનંત સુખ આપનારો ધર્મ આપણે કોઈ સાધુ પાસેથી જાણવો જોઇએ માટે આપણે કોઇ મ્હોટા ઉદ્યાન કે પર્વતાદિ ભૂમિ પ્રત્યે જઇએ. કારણ સુગુરૂનો યોગ સર્વ સ્થાનકે મળતો નથી."

આ પ્રમાણે વિચાર કરી તે સાતે ભાઇઓ નગરીની બહાર નિકલ્યા ને મુનિની શોધ કરવા લાગ્યા એટલામાં તેઓએ ઉદ્યાનમાં એક મુનિ દીઠા. કહ્યું છે કે ઉદ્યમ નિષ્ફલ થતો નથી.

મુનિને જોઇ અત્યંત હર્ષ પામેલા તે ભક્તિવંત સાતે ભાઇઓએ તેમને નમસ્કાર કર્યો. મુનિરાજે પણ તે સર્વેને યોગ્ય જાણી ઉત્તમ ધર્મોપદેશ આપ્યો પછી શિવશર્માદિ સાતે દ્વિજ બંધુઓ દીક્ષા લઈ તપ કરી સુખના સ્થાનક રૂપ સૌધર્મ દેવલોક પ્રત્યે ગયા.

આ ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વત ઉપર જિનધર્મને વિષે પ્રીતિવાળો અને ધર્મનિષ્ઠ ભલ્લક્ષુલ્લક નામે વિદ્યાધર રહેતો હતો. લઘુકર્મિ એવો તે વિદ્યાધર, નિરંતર પંદર કર્મભૂમિમાં નવા નવા તીર્થને વિષે જિનયાત્રાનો ઉત્સવ કરતો હતો. શુદ્ધ ભાવથી ઉત્તમ એવા શ્રાવક ધર્મનું આરાધન કરી તે વિદ્યાધર પણ મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થયો.

હવે જંબૂદ્વીપના પૂર્વ વિદેહ ક્ષેત્રને વિષે વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધરોનો અધિપતિ શ્રી ગરૂડવેગ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને કમલની શોભા સરખી સુશોભિત મુખવાલી કમલશ્રી નામે સ્ત્રી હતી. તેઓને પદ્મશ્રી વિગેરે ચાર પુત્રીઓ હતી. એક દિવસ તે ચારે પુત્રીઓ ઉદ્યાનમાં ક્રીડા કરવા ગઇ. ત્યાં તેણીઓએ સમાધિગુપ્ત નામના મુનિને દીઠા. મુનિને જોવાથી અતિ હર્ષ પામેલી તે કન્યાઓ, તેમને વંદના કરી આગલ બેઠી. મુનિએ તે ચારે કન્યાઓને અલ્પ આયુષ્યવાલી જાણી તેણીઓના હિતને અર્થે તે દિવસ પાંચમનો દિવસ હોવાથી આ પ્રમાણે કહ્યું. "જે માણસ જ્ઞાનવૃદ્ધિ માટે પાંચમનો ઉપવાસ કરે તે બીજા ભવમાં બહુ સુખપૂર્વક

અને પાંચજ્ઞાન પામે. આ પાંચમનો ઉપવાસ કર્મની શાંતિ કરનારો છે. એટલુંજ નહિ પણ તે સ્વર્ગ તથા અપવર્ગની સુખસંપત્તિનું કારણ છે." મુનિનાં આવાં વચન સાંભળી તે ચારે કન્યાઓ પંચમીવ્રત લઇ પોતાના મનુષ્ય જન્મને સફલ માનતી છતી ઘર પ્રત્યે આવીયો. પછી વિજળીના પડવાથી મૃત્યુ પામીને તે ચારે કન્યાઓ સ્વર્ગ પ્રત્યે ગઈ.

રૂપકુંભ મુનિ અશોકચંદ્ર ભૂપતિને કહે છે કે, હે રાજન્ ત્યાંથી ચવીને તે ચારે કન્યાઓ આ ત્હારી પુત્રીઓ થઇ છે અને શિવશર્માદિ બ્રાહ્મણના પુત્રો પણ સ્વર્ગથી ચવીને ત્હારા પુત્રો થયા છે. પવિત્ર આત્માવાળો પેલો વિદ્યાધર પણ સ્વર્ગથી ચવી ત્હારો આ છેલો પુત્ર થયો છે."

આ પ્રમાણે પોતાના પૂર્વ ભવ સાંભલી ઉત્પન્ન થએલા જાતિસ્મરણ જ્ઞાનવાલા તે અશોકચંદ્ર ભૂપતિ વિગેરે સર્વે માણસો, શ્રાવકધર્મ અંગીકાર કરી પોતાના ઘર પ્રત્યે ગયા.

એકદા અશોકચંદ્ર ભૂપતિ સભામાં બેઠો હતો, એવામાં વનપાલે આવીને વધામણી આપી કે "હે વિભો ! ઉદ્યાનમાં શ્રી વાસુપૂજ્ય અરિહંત પ્રભુ સમવસર્યા છે. શ્રી તીર્થનાથનું આગમન સાંભલી અત્યંત હર્ષ પામેલા અને કૃતાર્થ થયેલા અશોકચંદ્ર ભૂપતિએ પોતાના અંગનાં સર્વ આભૂષણો વનપાલને આપ્યાં. પછી સર્વ નાગપુર નગરને શણગારી પ્રિયા પુત્રાદિ પરિવારસહિત અશોકચંદ્ર ઉદ્યાનમાં ગયો. ત્યાં જિનેશ્વર પાસે ધર્મોપદેશ સાંભળી પ્રતિબોધ પામેલા ભૂપતિએ ન્હાના પુત્રને રાજ્યાસને સ્થાપી પોતે પ્રિયા પુત્ર સહિત શ્રી જિનેશ્વર પ્રભુ પાસે દીક્ષા લીધી. શિક્ષા સહિત દીક્ષાનો અંગીકાર કરી પ્રભુની સાથે વિહાર કરતા એવા તે રાજર્ષિએ થોડા દિવસમાં સર્વ શાસ્ત્રનો અભ્યાસ કર્યો. પુત્ર અને સ્ત્રી સહિત દીર્ઘકાલ પર્યંત તપ કરી તે અશોકચંદ્ર મુનિ મોક્ષસુખ પામ્યા.

પૂર્વ ભવે રોહિણીએ આપેલા કડવા તુંબડાને જેમણે જીવદયાથી પકવાન્નની પેઠે ભક્ષણ કર્યું, ત્રણ લોકને ચરણથી પવિત્ર કરનારા, કામદેવના ગર્વને નાશ કરનારા તેમજ મોક્ષ ગતિ પામેલા તે ધર્મરૂચિ મુનિરાજને હું ભક્તિથી નમસ્કાર કરૂં છું.

**श्रीमती 'रोहिणी' नो संबंध संपूर्ण.**

**उज्जुअवंगे पत्तेअ, बुद्धरुदेअ कोसिअज्जे अ ॥**
**उज्झा एतप्भज्जा, जयंति चउरोवि ।सद्धाइं ॥ १२३ ॥**

સરલ સ્વભાવવાલા અંગમુનિ, વક્રસ્વભાવવાલા પ્રત્યેકબુધ રૂદ્રમુનિ, કૌશિકાર્ય ઉપાધ્યાય અને તે ઉપાધ્યાયની સ્ત્રી એ ચારે જણા સિદ્ધિપદને પામ્યા છતા જયવંતા વર્તે છે. ॥ ૧૨૩ ॥

### प्रिया अने शिष्योनी साथे 'श्रीकौशिकार्य' नामना उपाध्यायनी कथा

રોગાદિ અનિષ્ટ રહિત એવી ચંપાનગરીમાં કૌશિકાર્ય નામે બ્રાહ્મણ ઉત્તમ ઉપાધ્યાય હતો. તેને મનસ્વી એવા અંગ અને રૂદ્ર નામના બે શિષ્યો હતા. ઉપાધ્યાય તે બન્ને શિષ્યોને આદરથી સર્વ ઉત્તમ શાસ્ત્રોનો અભ્યાસ કરાવતા હતા. અંગશિષ્ય સરલ સ્વભાવનો હતો તેથી ગુરૂએ તેનું અંગમુનિ નામ પાડયું હતું. કહ્યું છે કે જે પુરૂષ જેવા સ્વભાવનો હોય તે પુરૂષનું તેવુંજ નામ પડે છે.

એકદા ઉપાધ્યાયે બન્ને શિષ્યોને સવારે કાષ્ટ લેવા વનમાં મોકલ્યા. સાંજે અંગ વનમાંથી કાષ્ટો લઇ ઘેર જવા નીકલ્યો. તેને અરણ્યમાં રમતા એવા રૂદ્રે દીઠો. દુષ્ટ બુદ્ધિવાલો રૂદ્ર, ઉપાધ્યાયના ભયથી વનમાંથી કાષ્ટ લઇને આવતી એવી જ્યોતિર્યશા નામની કોઇ દાસીને મારી તેના કાષ્ટ લઈ અંગના પહેલો ઘરે આવ્યો અને કપટથી ગુરૂને એમ કહેવા લાગ્યો કે તમારો સારો શિષ્ય જ્યોતિર્યશા નામની દાસીને મારી તેનાં સર્વ કાષ્ટ ઘરે લાવ્યો છે." રૂદ્રનાં આવાં વચન સાંભળી અત્યંત ક્રોધ પામેલા ગુરૂએ અંગના સરલ સ્વભાવને નહિ જાણુતા છતાં તેને પોતાના ઘરમાંથી ઝટ કાઢી મૂકયો. પછી કષાયરહિત અંગમુનિ વનમાં ગયો. ત્યાં તેને વૃદ્ધિ પામતા શુભ ધ્યાનથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. પાસે રહેલા દેવતાઓએ તુરત તે કેવલીનો મ્હોટો મહોત્સવ કર્યો. પછી સુવર્ણના કમલ ઉપર બેઠેલા તે કેવલીને દેવ, અસુર અને મનુષ્યો સેવવા લાગ્યા. અંગને કેવલજ્ઞાન ઉત્પન્ન થયાની વાત સાંભલી વિસ્મય પામેલા ઉપાધ્યાયે તુરત ત્યાં આવી હર્ષથી તેને નમસ્કાર કર્યો. આ વખતે દેવોએ ઉપાધ્યાયને કહ્યું કે "દુરત્મા એવા રૂદ્રેજ દાસીને મારી તેનાં કાષ્ટ લઇ લીધાં છે. એણે ક્રોધથીજ તમને ખોટું કહ્યું હતું."

પછી ઉપાધ્યાયાદિ લોકોએ બહુ નિંદા કરેલો તે રૂદ્ર, પોતાના કરેલા કર્મને નિંદતો છતો પ્રત્યેક બુદ્ધ થયો. ઉપાધ્યાયે પણ અંગ કેવલીના મુખથી ઉત્તમ ધર્મદેશના સાંભલી સ્ત્રી સહિત તપસ્યા લીધી. અસંખ્ય ભવોના ઉપાર્જન કરેલા સર્વ કર્મને તપથી ક્ષય કરી પ્રિયા સહિત કૌશિકાર્ય ઉપાધ્યાય તથા રૂદ્ર અને અંગ તે સત્ત્વવંત ચારે જણા મોક્ષપદ પામ્યા. ત્રણ જગત્માં પૂજ્ય એવા તે ચારે મુનિઓને હું નમસ્કાર કરૂં છું.

**प्रिया अने शिष्योनी साथे श्री 'कौशिकार्य' नामना उपाध्यायनी कथा संपूर्ण.**

**भविअव्वं खलु भो सव्व–कामविरएण एअमज्झयणं ॥**
**भासित्तु देवलासुअ–रायरिसी सिवयं पत्तो ॥ १२४ ॥**

"હે ભવ્યો! તમારે નિશ્ચે સર્વ કામના અભિલાષથી નિવૃત્ત થવું." એ અધ્યયન કહી દેવલાસુત રાજર્ષિ મોક્ષપદ પામ્યા. ॥ ૧૨૪ ॥

## ॐ 'श्रीदेविलासुत' नामना राजर्षिनी कथा ॐ

જાણે બ્રહ્માએ સર્વ વિશ્વનો સાર લઇને જ બનાવી હોયની ? એવી માલવ દેશમાં વિજયવંતી ઉજ્જયિની નામે નગરી છે. ત્યાં શૌર્યવંત, શત્રુઓના સમૂહને પરાભવ કરનારો, વિનયવંત અને ન્યાયવંત એવો દેવિલાસુત નામે રાજા રાજ્ય કરતો હતો. નિરંતર કુવલયને ( પૃથ્વી મંડલને ) તથા ભવ્ય કમલોને ઉલ્લાસ પમાડતા એવા તે ભૂપતિને લોકમાં પુષ્પદંત ( ચંદ્ર સૂર્ય ) પણું કેમ ન ઘટે ? હું એમજ માનું છું કે તે ભૂપતિની નગરી ઉજ્જયિની નવા કમલરૂપ હતી, કારણ કે તે ભૂપતિના શત્રુઓથી નિવૃત્ત થએલી વિજયલક્ષ્મીએ તે નગરીનોજ આશ્રય કર્યો હતો. જે ભૂપતિના અતિ ઔદાર્યને જોઇ લોકોએ પોતાના ચિત્તમાંથી બલિ, કર્ણ અને ભોજાદિ રાજાઓને વિસારી દીધા હતા. પ્રશંસા કરવા યોગ્ય તે ભૂપતિને અનુરક્ત, નેત્રને પ્રિય, રૂપસંપત્તિવડે દેવાંગનાઓને પણ દાસીતુલ્ય બનાવનારી શીલ, સૌભાગ્ય, ભાગ્યશ્રી અને દિવ્ય રૂપાદિ ગુણોવડે સર્વ સ્ત્રીઓમાં મુખ્ય પદ પામેલી સ્ત્રી હતી. પૂર્વના પુણ્યથી વિષય સુખ ભોગવતા એવા તેઓને ગુણશ્રીવડે પવિત્ર એવો પદ્મરથ નામે પુત્ર થયો. પાંચ ધાવમાતાઓથી લાલન કરાતો તે પુત્ર પૂર્વ પુણ્યથી અનુક્રમે પાંચ વર્ષનો થયો. પછી પિતાએ ઉત્તમ શાસ્ત્રજ્ઞ ઉપાધ્યાય પાસે મહોત્સવ પૂર્વક મોકલી સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો. અનુક્રમે તે સર્વકલાઓનો જાણ થએલો અને પવિત્ર એવી યૌવનાવસ્થામાં આવેલો તે પુત્ર વિશ્વની સ્ત્રીઓના ચિત્તને આકર્ષણ કરનારો થયો.

એકદા અંતઃપુરમાં ભૂપતિના મસ્તકને જોતી એવી રાણીએ તેના મસ્તકમાં એક પલી દીઠો. ધર્મના મર્મને જાણનારી રાણીએ પલીને જોઈ રાજાને કહ્યું. " હે સ્વામિન્ ! ભવદૂત આવેલો છે. માટે સાવધાન મનવાલા થાઓ. " આમ તેમ જોવા છતાં પણ દૂતને નહિ દેખવાથી ભૂપતિએ આશ્ચર્ય પામીને રાણીને કહ્યું. " હે પ્રિયે ! દૂત ક્યાં છે ? અને કોનો આવ્યો છો ? " રાણીએ મસ્તકનો પલી રાજાના હાથમાં મૂકીને કહ્યું. " આ દૂત તમને એમ કહેવા આવ્યો છે કે " હે રાજન્ ! ઝટ પ્રતિબોધ પામો પ્રતિબોધ પામો. અને ધર્મ કરો, ધર્મ કરો. કારણ મ્હારી પાછળ લાગેલો મ્હારો અધિપતિ આવે છે. ત્રણ લોકમાં ઇંદ્રાદિ કોઈ પણ પુરૂષ એવો સમર્થ નથી કે જે આવતા એવા તે કાળને પોતાની શક્તિથી નિવારી શકે. " માટે હે પ્રભો ! તમે તે આવવા પહેલાંજ ઝટ ધર્મ કરો ધર્મ. કરો કે જેથી તમને બીજા ભવમાં બહુ સુખો થાય. " પછી મૃત્યુથી ભય પામતા એવા રાજાએ રાણીને કહ્યું. " હે પ્રિયે પલી જોવાથી મને મૃત્યુનો ભય ઉત્પન્ન થયો છે. માટે તે ભયનો કયો ઉપાય છે ? કે જે હું હમણાં ઝટ કરૂં કે મારો તે મૃત્યુનો ભય, મૂલથીજ નાશ પામે. " રાણીએ કહ્યું. " હે નૃપતિ ! મૃત્યુભયને નાશ કરનારો ધર્મ છે. બીજો કોઈ નથી. માટે હે નરેશ્વર ! તે ધર્મનુંજ ઝટ આરાધન કરો. "

પછી રાણીના વચનથી ઉત્પન્ન થએલા વૈરાગ્યવાલા દેવિલાસુત ભૂપતિએ પોતાના

પુત્ર પદ્મરથને રાજ્યાભિષેક કર્યો અને પોતે ઉદ્દઘોષણા પૂર્વક દીન અને દુઃખી જનોને સુવર્ણ, વસ્ત્ર અને રત્નાદિ બહુ દાન આપી આજ્ઞાકારી દાસી અને દાસ સાથે રાખી પોતાની નહિ પ્રગટ કરેલા ગર્ભવાળી રાણીની સાથે તાપસવ્રત લીધું. પછી તાપસવ્રતને પાલવા અસમર્થ એવા દાસ દાસીએ કાલે કરીને તે વ્રત ત્યજી દીધું. અવસરે તાપસીએ એક પુત્રીને જન્મ આપ્યો અને પોતે અચાનક મૃત્યુ પામી. મુનિએ પુત્રીનું અર્ધસંકાશા નામ પાડયું. પિતાએ કષ્ટથી દૂધ પાનાદિવડે લાલન પાલન કરેલી તે પુત્રી અનુક્રમે વિશ્વને મોહ પમાડનારી યુવાવસ્થા પામી. વિકારરહિત એવી તે પુત્રી પિતાની સેવા કરતી તેથી પિતા તે પુત્રીને જોઇ બહુ કામાતુર થયો. અહો ! કામનો કોઇ અપૂર્વ મહિમા દેખાય છે, કે જે કામથી પ્રેરાયલો પુરૂષ, જિતેંદ્રિય છતાં પણ કૃત્ય અકૃત્ય જાણતો નથી. વિશ્વને વંદન કરવા યોગ્ય અને ધન્ય એવા તો તે ઉત્તમ પુરૂષો છે કે જેમને દિવ્ય રૂપવાલી સ્ત્રીઓને જોયા છતાં પણ કામવિકાર થતો નથી. પછી ઉત્તમ ભાગ્યવાલી પોતાની પુત્રી અર્દ્ધસંકાશાને ઝુંપડીમાં બેઠેલી જોઇ કામદેવથી અત્યંત પીડા પામેલા દેવિલાસુત તાપસ, તે પુત્રીની સાથે પશુક્રીડા કરવા માટે તુરત દોડયા. એવામાં તે રસ્તામાં પડેલા કાષ્ટોની સાથે અફલાવાથી પૃથ્વી ઉપર પડી ગયા. ખીલાવડે વિંધાવાથી બહુ પીડા પામેલા તે દેવિલાસુત મુનિ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે " આ ચિંતવેલા પાપનું ફલ મને આજ ભવમાં મલ્યું તો પછી પરલોકમાં કેટલું દુઃખ થશે ? ધિક્કાર છે, ધિક્કાર છે કામ વિડંબનાને, અત્યંત કામથી ઉન્મત્ત થએલા વિવેકી પુરૂષો પણ મ્હારી પેઠે વિવેકરહિત બની જાય છે. માટે ધિક્કાર છે, ધિક્કાર છે મને, બ્રહ્મચર્ય ધારણ કરનારા પુરૂષોએ સર્વથા સ્ત્રીસંગ ત્યાગ કરવા યોગ્ય છે. કારણ એમ ન હોય તો તે તપસ્વી પુરૂષોને પણ મ્હારી પેઠે વિડંબના થાય છે. " આ પ્રમાણે વિચાર કરતાં અંતરાયના કર્મનો નાશ થવાથી કૃતાર્થ એવા દેવિલાસુત મુનિ જાતિ સ્મરણ જ્ઞાન પામ્યા. પછી ,' હે ભવ્ય જીવો ! તમારે સર્વ પ્રકારના કામથી વિરક્ત થવું. " એવું અધ્યયન કહી, દેવિલાસુત મુનિ પ્રત્યેક બુદ્ધ થયા. મુનિએ પોતાની અર્દ્ધસંકાશા પુત્રી સાધ્વીને સોંપી. પછી પિતા અને પુત્રી બન્ને જણા ઉત્તમ પ્રકારે ચારિત્ર પાલવા લાગ્યા.

ક્રોધના ત્યાગથી ક્ષમા, ૨ માનના ત્યાગથી મૃદુતા, ૩ માયાના ત્યાગથી સરલતા અને ૪ લોભના ત્યાગથી મુક્તિ થાય છે. ૫ બાર પ્રકારનો તપ, ૬ સત્તર પ્રકારનો સંયમ અને ૭ દશ પ્રકારનું સત્ય છે. ૮ શૌચ, તેજ પાંચ ઇંદ્રિયોનો દમ કહ્યો છે. ૯ સર્વ પ્રકારે દ્રવ્યનું નહિ રાખવું, તેને શ્રીજિનેશ્વરોએ અકિંચનપણું માન્યું છે. ૧૦ નવ પ્રકારના ભેદવડે વિશુદ્ધિ અને બ્રહ્મચર્ય રૂપ મહાવ્રત કહેવાય. આ પ્રમાણે સંયમના જીવિત રૂપ દશ પ્રકારના ધર્મને મન, વચન અને કાયાના યોગથી પાળતા એવા તે પિતા પુત્રી અનુક્રમે શુકલ ધ્યાનથી કેવલ જ્ઞાન પામી અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી મોક્ષપદ પામ્યા.

માથું જોવામાં તત્પર એવી રાણીએ હાથમાં મૂકેલા પલીને જોઈ ભય પામેલા દેવિલાસુત રાજાએ તાપસપણું અંગીકાર કર્યું, તેમાં પુત્રીને જોઇ અનુરાગથી દોડતા એવા તે ખીલાથી વિંધાયા, છેવટ ચારિત્ર લઈ ઉપશમ ભાવથી તે દેવિલાસુત રાજર્ષિ મોક્ષપદ પામ્યા.

**'श्रीदेविलासुत' नामना राजर्षिनी कथा संपूर्ण.**

**दोरयणिपमाणतणूं, जहणओगाहणाइ जो सिद्धा ॥**
**तमहं गुत्तिगुत्तं, कुंमापुत्तं नमंसामि ॥ १२५ ॥**

બે હાથના પ્રમાણવાલું જઘન્ય દેહમાન છતાં જે સિદ્ધ થયા તે ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવા કુર્માપુત્ર મુનિને હું નમસ્કાર કરૂં છું. ॥ ૧૨૫ ॥

## 'श्री कुर्मापुत्र' नामना मुनिपुंगवनी कथा

પૂર્વદૂર્ગમ નામના નગરને વિષે દ્રોણ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને દ્રુમા નામે સ્ત્રી હતી. તેઓને દુર્લભ નામે પુત્ર હતો. દુષ્ટ ચેષ્ટાવાલા તે દુર્લભે, દડાની પેઠે બીજા રાજકુમારોને લોટાવતા છતા પૂર્વના પૂણ્યથી ઈચ્છા પ્રમાણે દીર્ઘકાલ પર્યંત ક્રીડા કરી.

એકદા તે નગરના દુર્ગિલ નામના ઉદ્યાનમાં કેવલજ્ઞાનથી સંશયને દૂર કરનારા શ્રેષ્ઠ સુલોચન નામના સુગુરૂ સમવસર્યા. તે ઉદ્યાનમાં બહુશાલ નામના વડ વૃક્ષની નીચે એક ભદ્રમુખી નામે યક્ષણી રહેતી હતી. કેવલીની પેઠે સર્વ પદાર્થને જાણનારી તે યક્ષિણીયે સુલોચન ગુરૂ પાસે આવી તેમને ભક્તિથી નમસ્કાર કરી પૂછયું.

હે મુનિપતિ ! હું પૂર્વભવમાં સુવેલની મનુષ્ય જાતિની મનવતી નામે સ્ત્રી હતી, ત્યાંથી વેલંધર દેવની સ્ત્રી થઇ ત્યાંથી પણ આયુષ્ય અને પુણ્યનો એકીકાલે ક્ષય થવાથી હું મત્યુ પામીને ભદ્રમુખી નામે યક્ષણી થઇ છું. હે સ્વામિન્ ! વેલંધર મ્હારો પતિ કયાં છે ? તે કહો ? મુનિએ કહ્યું. હે ભદ્રે ! ત્હારો વેલંધર પતિ ત્હારી પાછલ ચવીને હમણાં આજ નગરીમાં દ્રોણ રાજાનો પુત્ર થયો છે. દુર્લભ છતાં પણ તે તને મલવો સુલભ છે." મુનિનાં આવાં વચન સાંભળી અત્યંત હર્ષ પામેલી યક્ષણી ગુરૂને નમસ્કાર કરી તથા માનવતીનું રૂપ ધારણ કરી દુર્લભ પાસે ગઇ. ત્યાં તેને મિત્રોને ફેંકી દેવા રૂપ ક્રીડામાં પરાયણ થએલો જોઈ યક્ષણીએ કહ્યું. " અરે એ રાંકડાઓને ફેંકી દેવાથી શું ? જો બળ હોય તો મ્હારી પાછળ દોડ." યક્ષણીનાં આવાં વચન સાંભળી દુર્લભ તુરત તેની પાછળ દોડયો. આગળ દોડતી એવી યક્ષણી

પણ તેને પોતાના વનમાં લઇ ગઇ. ત્યાંથી તે બહુ વિશાળ વડ વૃક્ષના નીચેના માર્ગે થઇ પાતાળમાં વિવિધ પ્રકારના સુવર્ણ અને મણિમય ઘર પ્રત્યે તેડી ગઇ. તે મણિમય ઘર જોઈ વિસ્મય પામેલો રાજપુત્ર વિચાર કરવા લાગ્યો કે આહા ! મને અહિં કોણે ઝટ પહોંચાડયો. પછી ભદ્રમુખી યક્ષણીએ તે વિસ્મય પામેલા રાજપુત્રને પોતાના પલંગ ઉપર બેસારી સેવા કરી અને પછી કહ્યું. "હે સ્વામિન્ પૂર્વ ભવના પુણ્યયોગથી મેં આજે તમને દીઠા છે. કુમાર દુર્લભ પણ યક્ષણીને જોઈ પોતાના મનમાં "મેં આને કયારેક દીઠી છે" એમ વિચાર કરતા ક્ષણ માત્રમાં પૂર્વજન્મનું જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. પછી કુમાર, પૂર્વ ભવની સ્ત્રીને વિષે બહુ અનુરાગ ધારણ કરવા લાગ્યો. કહ્યું છે કે પૂર્વનો સ્નેહ ત્યજવો સહેલો નથી. પછી યક્ષણી, કુમારના શરીરમાંથી અશુભ પુદ્‌ગલો કાઢી નાખી તથા બીજા સારા પુદ્‌ગલો ઉમેરી તેની સાથે ભોગ ભોગવવા લાગી.

હવે અહીં શોકથી વ્યાપ્ત થએલા દ્રોણ ભૂપતિએ પુત્રની સર્વ સ્થાનકે શોધ કરાવી. પરંતુ ક્યાંઇથી તે મલી શકયો નહીં. કહ્યું છે કે-દેવતાએ આકર્ષણ કરેલી વસ્તુ ક્યાંથી મલી શકે ? રાજા અને રાણીએ પુત્રવિયોગથી આહાર પણ ત્યજી દીધો એટલે તેને પોતાના પરિવારે કહ્યું કે આ વાત કોઇ કેવલીને પૂછો." પછી અત્યંત વિયોગથી પીડા પામેલો ભૂપતિ, કેવલી પાસે જઇ વંદના કરવા પૂર્વક યોગ્ય સ્થાનકે બેસી પૂછવા લાગ્યો.

"હે ભગવન્ ! વંશના આભૂષણ રૂપ મ્હારા પુત્રને કોણે હરણ કર્યો છે? તે અમારા ઉપર કૃપા કરીને નિવેદન કરો." જ્ઞાનીએ કહ્યું. હમણાં તમારા પુત્રને યક્ષણીએ હરણ કર્યો છે." ફરી રાજા અને રાણી એ બન્નેએ પોતાના પુત્રની સર્વ વાત પૂછી તે સર્વ મુનિરાજે કહી, વલી "એ પુત્ર અમને કયારે મળશે ? એમ તેઓના પૂછવા ઉપરથી મુનિરાજે કહ્યું કે "અમે જ્યારે ફરીથી અહિં આવીશું ત્યારે તે પુત્ર તમને મળશે." મુનિરાજનાં આવાં વચન સાંભલી વૈરાગ્યવાસિત થએલા રાજા અને રાણીએ દુર્લભના ન્હાના ભાઇ (પોતાના ન્હાના પુત્ર)ને રાજ્યાસને બેસારી પોતે તેજ મુનિરાજ પાસે ચારિત્ર લીધું. પછી પરીષહને સહન કરતા, તપ કરતા અને અભ્યાસ કરતા તે બન્ને જણા કેવલજ્ઞાની મુનિરાજની સાથે દેશ દેશ પ્રત્યે વિહાર કરવા લાગ્યા. અનુક્રમે પૃથ્વી ઉપર વિહાર કરતા તે સુલોચન કેવળી રાજા રાણી સહિત ફરી તેજ દુર્ગમ નગરના દુર્ગિલોદ્યાનમાં આવ્યા.

હવે અહિં યક્ષણી, અવધિજ્ઞાનથી દુર્લભને અલ્પ આયુષ્યવાળો જાણી તુરત કેવળી પાસે આવીને પૂછવા લાગી. "હે વિભો ! થોડું પણ આયુષ્ય વધારી શકાય ખરૂં ?" કેવળીએ કહ્યું "અરિહંત પ્રભુ પણ થોડું આયુષ્ય વધારવાને શક્તિવંત નથી." કેવળીનાં આવાં વચનથી જાણે પોતાનું સર્વ નાશ પામી ગયું હોયની ? એમ નિરૂત્સાહ મનવાળી યક્ષણી ઘરે આવી. પછી કુમારે તેણીને "તું ખેદયુક્ત કેમ

દેખાય છે ?" એમ પૂછયું એટલે યક્ષણીએ કાંઈ પણ જવાબ આપ્યો નહીં. પછી કુમારે બહુ આગ્રહથી પૂછયું એટલે યક્ષણીએ સર્વ વાત યથાર્થ નિવેદન કરી. પછી સંવેગ પામેલા કુમારે યક્ષણીને કહ્યું કે "હે પ્રિયે ! તું મને ઝટ તે કેવલીની પાસે લઈ જા." યક્ષણી તુરત કુમારને જ્ઞાની પાસે લઇ ગઇ. કુમાર કેવળીને નમસ્કાર કરી તેમની પર્ષદાને વંદના કરવા લાગ્યો. એવામાં પુત્રને જોઇ પર્ષદામાં બેઠેલાં માતા પિતા મોહથી રોવા લાગ્યાં. આ વખતે કેવળીએ કુમારને કહ્યું કે "તું આ ત્હારા માતા પિતાને વંદના કર. કુમારે તેનું કારણ પૂછયું એટલે કેવળીએ સર્વ યથાર્થ વાત કહી. કુમાર ઉત્સાહથી માતા પિતાને પૂર્વની પેઠે આલિંગન કરી બહુ રૂદન કરવા લાગ્યો. પણ યક્ષણી તેને વારવા લાગી. પોતાના વસ્ત્રથી કુમારનાં આંસુ લુહી યક્ષણીએ ફરી તેને મુનિરાજના ચરણ કમળ પાસે બેસાર્યો. આ અવસરે કેવળીએ મોહ રૂપ વિષને દૂર કરનારી અમૃતસમાન ધર્મદેશના આપી. તે સાંભળી યક્ષણીએ આદરથી સમ્યક્ત્વ અંગીકાર કર્યું અને કુમારે યક્ષણીની રજા લઇ ગુરૂની પાસે ચારિત્ર લીધું. નિરંતર તીવ્ર તપ કરતો અને પરીષહને સહન કરતા એવા દુર્લભકુમાર મુનિ અનુક્રમે ચૌદ પૂર્વ ભણ્યા. આયુષ્ય પૂર્ણ થયે કુમાર અને તેના માતા પિતા કાળ ધર્મ પામી મહાશુક્ર દેવલોકમાં દેવમંદિર નામના વિમાનમાં દેવતાપણે ઉત્પન્ન થયાં. યક્ષણી પણ વૈશાલી નગરીમાં ભ્રમર છે પતિ જેનો એવી કમલા નામે સ્ત્રી થઇ ત્યાંથી તે મહાશુક્ર દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થઈ.

હવે લક્ષ્મીના ધામ રૂપ રાજગૃહ નામના ઉત્તમ નગરમાં સિંહ સમાન ઉત્કટ મહેંદ્રસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો તેને કુર્માદેવી નામે સ્ત્રી હતી. દુર્લભ કુમારનો જીવ મહાશુક્ર દેવલોકથી ચવીને ભવનનું સ્વપ્ન સૂચવતો છતો તે કુર્માદેવીના ઉદરને વિષે અવતર્યો. કુર્માદેવીએ હર્ષથી સવારે સ્વપ્નાની વાત પતિને કહી. પતિએ કહ્યું કે "હે પ્રિયે ! તને લક્ષ્મીના ભવન (સ્થાન) રૂપ પુત્ર થશે." પછી હર્ષિત અને ગર્ભને ધારણ કરતી એવી કુમાદેવીને પૂર્વ પુણ્ય સૂચવનારો પ્રીતિકારી ધર્મ શ્રવણ કરવાનો ડોહલો ઉત્પન્ન થયો. ભૂપતિ ષટદર્શનના આચાર્યોને બોલાવી નિરંતર તેનાં તેનાં ધર્મશાસ્ત્ર રાણીને સંભળાવવા લાગ્યો. તેમાં પાંચ દર્શનવાળા તો પોત પોતાના હિંસાવાળા ધર્મનો બોધ દેવા લાગ્યા જેથી તે ધર્મ સાંભળી કુર્માદેવી બહુ ખેદ પામવા લાગી. પછી હર્ષિત ચિત્તવાળા ભૂપતિએ ભક્તિથી જૈનમુનિને બોલાવીને તેમનાં ધર્મશાસ્ત્ર સંભળાવવા લાગ્યો. સર્વ જીવ ઉપર દયા રાખવાના સારવાળા શ્રી અરિહંત પરમાત્માના પરમ આનંદમય આગમને સાંભળતી કુર્માદેવી પોતાને સંસારમાં સુખી માનવા લાગી. જેમ મેરૂ પર્વતની ચુલિકા કલ્પવૃક્ષને જન્મ આપે તેમ રાણી કુર્માદેવીએ નવ માસ અને સાડાસાત દિવસ ગયે છતે એક પુત્રને જન્મ આપ્યો. ભૂપતિએ પણ તે વખતે હર્ષથી યાચક જનોને પ્રમાણ વિનાનું બહુ દાન આપતાં છતાં પુત્રજન્મોત્સવ કર્યો, ઉત્તમ દોહદના અનુ

સારે ભૂપતિએ મહોત્સવપૂર્વક પુત્રનું ધર્મદેવ એવું યથાર્થ નામ પાડયું પણ લોકમાં બોલાવવાનું તો કુર્માપુત્ર એવું નામ પ્રસિદ્ધ થયું. પૂર્વે બાલકોને બાંધીને ઉછાળવા રૂપ કરેલી ક્રીડાથી બાંધેલા કર્મ વડે તે પુત્રરત્ન બે હાથ પ્રમાણ શરીરવાળો થયો. જેમ દર્પણ નિર્મલ એવા પ્રતિબિંબને ધારણ કરે તેમ તે કુમારે કલાચાર્ય પાસેથી થોડા વખતમાં સર્વ કળાઓનો અભ્યાસ કર્યો. કુર્માપુત્ર પૂર્વ ભવે અભ્યાસ કરેલા સંયમથી જિતેંદ્રિય થયો. વળી યૌવનાવસ્થા પ્રાપ્ત થયા છતા પણ નિરંતર ભોગેચ્છાથી વિમુખ રહ્યો.

કોઇ વખતે તે કુર્માપુત્રે સાધુઓ પાસેથી જૈનસિદ્ધાંત સાંભળ્યા, તેથી ઉત્પન્ન થએલા જાતિસ્મરણજ્ઞાનવાળો તે રાજપુત્ર વિચાર કરવા લાગ્યો કે—મેં આવા સિદ્ધાંતો ક્યાંઇ સાંભળ્યા છે. પછી ક્ષપકશ્રેણિના યોગથી સર્વ કર્મનો ક્ષય કરી તે કુર્માપુત્ર મોક્ષના નિબંધન રૂપ કેવળજ્ઞાન પામ્યો. તે કેવળી ભગવાન્ કુર્માપુત્ર ઘરને વિષેજ રહ્યા.

હવે વિદેહક્ષેત્રમાં મંગલાવતી નામના વિજયને વિષે ઇંદ્રપુરી સમાન રત્નસંચયા નામે નગરી છે ત્યાં સૂર્ય સમાન તેજસ્વી વિજયની સર્વ ભૂમિને સાધનારો દેવાદિત્ય નામે ચક્રી રાજ્ય કરતો હતો. એક દિવસ વિશ્વમાં ઉત્તમ નામવાળા શ્રી અરિહંત પ્રભુ તે નગરીના ઉદ્યાનમાં સમવસર્યા. ચક્રી ત્યાં પ્રભુને વંદન કરવા આવ્યો અને હાથ જોડી વિધિ પ્રમાણે વંદના કરી યોગ્ય સ્થાનકે બેઠો.

હવે એમ બન્યું કે કમળા, ભ્રમર, દ્રોણ અને દ્રુમા એ ચારે જણાઓ મહાશુક્ર દેવલોકમાં દેવ દેવીપણે ઉત્પન્ન થયા હતા તે ત્યાંથી ચવીને ભરતક્ષેત્રના વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધરાધિપતિના પુત્રપણે ઉત્પન્ન થયા. આ ચારે જણાઓ કોઇ શ્રમણ પાસે વ્રત અંગીકાર કરી અહીં રત્નસંચયા નગરીએ શ્રી જિનેશ્વર પ્રભુને વંદના કરવા આવ્યા. તેઓ તીર્થનાથને નમસ્કાર કરી યોગ્ય સ્થાનકે બેઠા પછી દેવાદિત્ય ચક્રીએ પ્રભુને પૂછયું કે "હે વિભો! ધર્મના અંગ સરખા આ ચારણ મુનિઓ ક્યાંથી આવ્યા ?" પ્રભુએ "એ ભરતક્ષેત્રના વૈતાઢય પર્વતથી આવ્યા છે." એમ કહ્યું એટલે ફરી દેવાદિત્ય ચક્રીએ પ્રભુને પૂછયું કે "હે સ્વામિન્! હમણાં ભરતક્ષેત્રમાં કોઈ કેવળજ્ઞાની અથવા ચક્રી છે?" પ્રભુએ કહ્યું. રાજગૃહ નગરમાં કુર્માપુત્ર કેવળજ્ઞાની છે." દેવાદિત્ય ચક્રીએ કહ્યું. તે દીક્ષાધારી છે કે નહિ ? પ્રભુએ કહ્યું. દીક્ષારહિત છે." પ્રભુનાં આવાં વચન સાંભળી આવેલા ચારણમુનિઓએ શ્રી અરિહંતને પૂછયું. "હે ભગવન્! અમને કેવળજ્ઞાન ઉત્પન્ન થશે કે નહિ ?" પ્રભુએ કહ્યું "હે શુભો! તમને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થશે." ચારણમુનિઓએ ફરીથી પૂછયું હે સ્વામિન્ અમને કેવળજ્ઞાન કયારે ઉત્પન્ન થશે ?" પ્રભુએ કહ્યું. હે શુભો! જ્યારે તમે કુર્માપુત્રથી તેના મંદિરની કથા સાંભળવાની ઇચ્છા કરશો ત્યારે." પછી વિસ્મય પામેલા તે ચારણ મુનિઓ જિનેશ્વરને નમસ્કાર કરી કુર્માપુત્રની પાસે જઈ જેટલામાં ત્યાં મૌનપણે બેઠા, તેટલામાં

કુર્માપુત્રે તેમને કહ્યું કે "હે ભદ્રો! શ્રી તીર્થંકર પ્રભુએ તમને મહાશુક્ર દેવલોકમાં રહેલા દેવમંદિરની વાત ન કહી? કુર્માપુત્રનાં આવાં વચન સાંભળી ઉત્પન્ન થએલા જાતિસ્મરણ જ્ઞાનવાલા અને શુભ મનવાલા તે ચારણ મુનિઓ ક્ષપકશ્રેણિના આશ્રયથી કેવલજ્ઞાન પામ્યા. પછી તે ચારણમુનિઓ જિનેશ્વરને નમસ્કાર કરી કેવલિની પર્ષદામાં ગયા. આ વખતે ઇંદ્રે પ્રભુને પૂછયું કે "હે સ્વામિન્! ચારણ મુનિઓએ બીજા સાધુઓને વંદના કેમ ન કરી?" પ્રભુએ કહ્યું. તેઓને કુર્માપુત્રથી કેવલ જ્ઞાન ઉત્પન્ન થયું છે." ઇંદ્રે ફરી પૂછયું. "હે નાથ! કુર્માપુત્ર દીક્ષા કયારે લેશે?" પ્રભુએ કહ્યું "આજથી સાતમા દિવસના ત્રીજે પ્રહરે કુર્માપુત્ર કેવલી મુનિવેષ સ્વીકારશે."

હવે અહીં કુર્માપુત્રે અનુક્રમે પોતાના માતા પિતાને પ્રતિબોધ પમાડી દીક્ષાદાનથી અતિ ઉત્તમ ગતિપ્રત્યે પહોંચાડયા. પોતે કેવલી કુર્માપુત્ર પણ પોતાની વાણીના વિલાસથી અનેક ભવ્ય જનોને પ્રતિબોધ પમાડી તથા પોતાના બાકી રહેલા બહુ કર્મને શૈલેશિકરણથી ઝટ ક્ષય કરી ચિદાત્મા રૂપ પોતે મોક્ષપદ પામ્યા. હે ભવ્યજનો! તમે આ પવિત્ર એવા કુર્માપુત્રચરિત્રને સાંભલી નિરંતર મોક્ષ સુખ આપનારા ધર્મને વિષે ચિત્ત રાખો.

**'श्रीकुर्मापुत्र' नामना महर्षिनी कथा संपूर्ण.**

---

**जो सासय सुहहेऊ, जाओ गुरुणोवि उवसमसहावो ॥**
**तं चंडरुद्दसीसं, वंदे सेहंपि वरनाणिं ॥ १२६ ॥**

ઉપશમ સ્વભાવવાલા જે મુનિ ગુરૂને પણ મોક્ષ સુખના કારણ થયા, તે એક દિવસના વ્રતધારી અને ઉપશમથી તુરત ઉત્પન્ન થએલા કેવલ જ્ઞાનવાલા ચંડરૂદ્રસૂરિના શિષ્યને હું વંદના કરૂં છું. ॥ ૧૨૬ ॥

## 'श्रीचंडरुद्र' नामना सूरीश्वरजीना शिष्यरत्ननी कथा

વિશાલ અને સંપત્તિથી સુશોભિત એવી વિશાલા નગરીમાં સ્વભાવથી અતિ ક્રોધી એવા ચંડરૂદ્ર નામે આચાર્ય રહેતા હતા. "મને મ્હારા સાધુસમૂહથી ક્રોધ ન થાઓ." એમ ધારી તે આચાર્ય, સાધુઓના સમૂહથી જુદા રહેતા હતા.

હવે એમ બન્યું કે કોઈ નવો પરણેલો શ્રેષ્ઠીપુત્ર, પોતાના મિત્રો સહિત સાધુને વંદના કરવા આવ્યો. તે વંદના કરતો હતો એવામાં તેના મિત્રોએ પરસ્પર હાસ્ય કરતા છતા સાધુઓને કહ્યું કે "હે ભદંતો! તમે આને દીક્ષા આપો!" સાધુઓએ પણ "આ શઠ છોકરાઓ છે" એમ ધારી કહ્યું કે "હે ભદ્રકો! અમે કોઇને દીક્ષા આપતા નથી. પણ જો તમે આ તમારા મિત્રને દીક્ષા અપાવવાની ઇચ્છા રાખતા હો તો આ પાસેના ઉપવનમાં અમારા ઉત્તમ બુદ્ધિવાલા ગુરૂ રહે છે તેમની

પાસે જાઓ, તે તેને દીક્ષા આપશે." પછી તે સર્વે છોકરાઓ ઉપવનમાં ગુરૂ પાસે ગયા અને ગુરૂને કહેવા લાગ્યા કે "આ અમારા મિત્રને દીક્ષા આપો." ગુરૂએ રોષથી કહ્યું. "જો તમારે આને દીક્ષા આપવાની ઈચ્છા હોય તો વિભૂતિ (રાખ) લાવો." તેઓ વિભૂતિ લાવ્યા એટલે રોષથી ગુરૂએ તત્કાલ પૂર્વ કર્મયોગથી તે શ્રેષ્ઠીપુત્રના મસ્તકને વિષે લોચ કર્યો. આ વખતે વિલક્ષ બનેલા ચિત્તવાલા તે સર્વે મિત્રો, પોતાના માતાપિતાના ભયથી પોતાના ઘરે જતા રહ્યા. પછી શ્રેષ્ઠીપુત્રે ગુરૂને કહ્યું, "હે ભગવન્! આ સર્વે મિત્રોએ મ્હારૂં હાસ્ય કર્યું હતું. હું હમણાં નવો પરણેલો છું. મ્હારા બહુ બાંધવો છે. માટે જો-આ વૃત્તાંત જાણશે, તો તેઓ તત્કાલ અહીં આવી ક્રોધથી તમને બહુ પ્રહાર કરી મને પોતાના ઘર પ્રત્યે લઈ જશે. માટે તેઓ જેટલામાં અહીં ન આવે તેટલામાં આપણે બીજે ક્યાંઇ નાસી જઇએ." ગુરૂએ કહ્યું. "હું રાતે દેખતો નથી. માટે તું માર્ગ જોઈને આગલ ચાલ, અને હું પાછલ ચાલું." શિષ્યે તેમ કર્યું એટલે ભયથી શિષ્યની સાથે ગુરૂ ત્યાંથી ચાલી નિકળ્યા. રાત્રી હોવાથી નીચી ઉંચી ભૂમિના ભાગમાં ગુરૂને સ્ખલના થવા લાગી. તેથી ગુરૂએ કહ્યું કે "અરે કુશિષ્ય! તે આ કેવો માર્ગ જોયો છે? ઇત્યાદિ વચન કહેતા એવા ગુરૂએ ક્રોધથી શિષ્યને દંડપ્રહારથી મસ્તક ઉપર તાડન કર્યો. શિષ્ય પણ મનમાં વિચાર કરવા લાગ્યો કે "હા મંદભાગ્યવાલા મેં આ મહાત્માને આવી મ્હોટી ખરાબ અવસ્થામાં પહોંચાડયા." આ પ્રમાણે વિચાર કરતાં તે વૈરાગ્ય પામ્યો. ગુરૂએ તો તેને મસ્તક ઉપર વારંવાર તાડના કરવા માંડયો અને શિષ્ય આત્માની નિંદા કરવા લાગ્યો. તેથી તે શુકલ ધ્યાન પામ્યો. પછી કેવલ જ્ઞાનની પ્રાપ્તિ થવાથી તે શિષ્ય સારા માર્ગે ચાલવા લાગ્યો. કહ્યું છે કે-સર્વજ્ઞ પુરૂષોનું સ્ખલન ક્યાંથી હોય?

સવારે ઝરતા રૂધિરથી ભિંજાઇ ગએલા અંગવાલા પોતાના શિષ્યને જોઇ ગુરૂના મનમાં આ પ્રમાણે ચિંતા થઈ કે-"અહો! આજેજ દિક્ષા લેનારા આ શિષ્યનો આ ઉપશમ કેવો? જે મેં દુર્જને આવી રીતે પ્રહાર કર્યા છતાં પણ તેને જરાપણ કોપ ઉત્પન્ન ન થયો! મ્હારૂં આચાર્યપણું અને દીર્ઘકાળનું દીક્ષિતપણું વૃથા છે. જે મેં અપરાધ વિનાના શિષ્યને વિષે આવો અપરાધ કર્યો." આ પ્રમાણે ઉત્પન્ન થએલા પશ્ચાતાપ રૂપ તીવ્ર અગ્નિથી ગુરૂએ પોતાના થોડા રહેલા કર્મ રૂપ કાષ્ટને બાળી નાખ્યાં. તેથી તે તત્કાલ કેવલ જ્ઞાન પામ્યા. આ વખતે દેવતાઓએ ત્યાં આવી હર્ષથી મ્હોટું સમવસરણ રચ્યું.

પ્રથમ દીક્ષા લઇ કોપથી ગુરૂએ તાડન કર્યા છતાં પણ જેણે ક્ષમા ધારણ કરી, ક્ષમા ધારણ કરવાથી તેજ દિવસે જે ત્રણ લોકમાં પૂજ્ય એવો કેવલી થયો વળી જેણે તીક્ષ્ણ ક્રોધવાલા પોતાના ગુરૂને ક્ષમાધારી તથા કેવલી બનાવ્યા, તે ચંડ રૂદ્રાચાર્યના ઉત્તમ શિષ્યને હું નિરંતર નમસ્કાર કરૂં છું.

**'શ્રીચંડરુદ્ર' નામના સૂરીશ્વરજીના શિષ્યરત્નનો કથા સંપૂર્ણ.**

बत्तीसयजुवइवई, जो कार्कदीपुरीइ पव्वइओ ॥
छट्ठस्स सया पारण–सुज्झिअमायंबिलं जस्स ॥ १२७ ॥
वीरपसंसिअतवरूव, नवमाससुकयपरिआओ ॥
सो धन्नो सव्वट्ठे, पत्तो इक्कारसंगविऊ ॥ १२८ ॥

બત્રીશ સ્ત્રીઓનો પતિ છતાં જેણે કાકંદી નગરીમાં દીક્ષા લીધી, જે નિરંતર છઠ્ઠના પારણે ફેંકી દેવા જેવા આહારનું આંબિલ કરતો, શ્રીવીર પ્રભુએ જેના તપ રૂપ લક્ષ્મીની પ્રશંસા કરી અને જેણે નવ માસ પર્યંત દીક્ષાપર્યાય પાલ્યો. તે અગીયાર અંગના ધારક ધન્ય મુનિ, સર્વાર્થ સિદ્ધ નામના દેવલોકમાં ગયા. ૧૨૭–૧૨૮

## 'श्रीधन्यकुमार' नामना मुनिपुङ्गवनी कथा

જંબૂદ્વીપની ભૂમિના આભૂષણ રૂપ ભરતક્ષેત્રમાં મ્હોટા વૈભવવાળી કાકંદી નામે નગરી હતી. જેમ પદ્મદ્રહમાં લક્ષ્મી નિવાસ કરે તેમ તેમાં શ્રેષ્ઠ આકૃતિવાલી, બહુ લક્ષ્મીવાળી અને સતી એવી ભદ્રા નામે શ્રેષ્ઠીપત્ની રહેતી હતી. ભદ્રાને ગુણોએ કરીને ધન્ય એવો ધન્ય નામે પુત્ર હતો. માતાએ તેને મોહથી બાલ્યાવસ્થામાં અભ્યાસ કરાવ્યો હતો. પુત્ર યૌવનાવસ્થા પામ્યો એટલે માતાએ તેના માટે આભૂષણ રૂપ બત્રીશ મહેલો ચણાવ્યા અને પૂર્વના પુણ્યથી મનોહર એવા પુત્રને એક દિવસ મોહથી બત્રીશ શ્રેષ્ઠીપુત્રીઓ પરણાવી. ધન્ય, હસ્તમેલાપ વખતે બત્રીશ સાસરા પાસેથી જુદા જુદા બત્રીશ ક્રોડ સુવર્ણ, મણિ રૂપું ઈત્યાદિ પામ્યો. પછી ધન્ય, બત્રીશ મહેલને વિષે બત્રીશ સ્ત્રીઓની સાથે દેવતાની પેઠે બહુ ભોગો ભોગવવા લાગ્યો,

એકદા સુર, અસુર અને મનુષ્યોએ સેવન કરેલા શ્રી મહાવીર પ્રભુ તે કાકંદી નગરીના ઉદ્યાનમાં સમવસર્યા. વનપાલના મુખથી શ્રીવીરપ્રભુનું આગમન સાંભલી હર્ષ પામેલો ધાન્યકુમાર, મ્હોટી ઋદ્ધિથી તેમને વંદના કરવા ગયો. ત્યાં તે જિનેશ્વરને ત્રણ પ્રદક્ષિણા કરી તથા નમસ્કાર કરી ભવ્ય ભાવવાલો તે ધન્યકુમાર યોગ્ય સ્થાનકે બેઠો. પછી વિશ્વજંતુના હિતેચ્છુ પ્રભુએ તેને સંવેગને ઉત્પન્ન કરનારી ધર્મદેશના આ પ્રમાણે દીધી.

હે ભવ્યજનો ! આયુને વાયુના સરખું અસ્થિર, યૌવનને ઝટ નાશ થવાના સ્વભાવવાલું, સંસારની પીડાને ઉત્પન્ન કરનારા સ્વજનોના સંગને સ્વપ્ન સરખા ક્ષણભંગુર, લક્ષ્મીને જલના તરંગો સમાન ચંચલ અને કામસુખોને અંતે વિરસ જાણી મોક્ષ સુખને આપનારા ધર્મને વિષે પ્રયત્ન કરો. " પ્રભુના મુખથી આવી ધર્મ દેશના સાંભલી સંસારથી ઉદ્વેગ પામી વૈરાગ્યવાસિત થએલા ધાન્યકુમારે જિનેશ્વરને કહ્યું. " દયારસના સમુદ્રરૂપ હે નાથ ! મને સંસારથી નિસ્તારો કારણ હમણાં મ્હારે સંસારથી ઉત્પન્ન થએલા સુખનું પ્રયોજન નથી. " પ્રભુએ કહ્યું.

" સંસારથી નિસ્તાર થવો એ દીક્ષા વિના થતો નથી. " ધન્યકુમારે ફરીથી કહ્યું. " જો એમ છે તો મને ઝટ દીક્ષા આપો. હે સ્વામિન્ ! જ્યાં સુધીમાં સ્નેહથી દીન થએલી મ્હારી માતાને સંતોષ પમાડી હું અહીં આવું ત્યાં સુધી આપ મ્હારા ઉપર દયા કરી અહિયાંજ રહેજો. " આમ કહી ધન્યકુમારે પ્રભુને નમસ્કાર કરી અને પોતાને ઘરે જઈ મધુર વચનથી માતાને સંતોષ પમાડી. પછી વૈરાગ્યથી ઉછળતા સદ્ભાવવાળા તેણે માતાએ કરેલા મહોત્સવ પૂર્વક પ્રભુ પાસે દીક્ષા દીધી. વલી આ વખતે ધન્યકુમારે પ્રભુની પાસે નિરંતર છઠ્ઠના પારણે આંબિલ કરવાનો અભિગ્રહ લીધો અને પ્રભુને કહ્યું કે " હે સ્વામિન્ ! સંસારના તાપને નાશ કરનારો આ મ્હારો અભિગ્રહ જીવિતપર્યંત હો. " એમ કહીને તે ચારિત્રને પાલવા લાગ્યો.

એકદા શ્રેણિક રાજાએ શ્રી વીર પ્રભુને પૂછ્યું કે " હે તીર્થનાથ ! હમણાં આ સાધુઓમાં અધિક તપવાલો કોણ છે ? પ્રભુએ કહ્યું. " નિષ્કપટ વૃત્તિવાળો અને પુણ્યાત્મા એવો આ ધન્યમુનિ, જેવું ઘોર તપ કરે છે, તેવું બીજો કોઇ સાધુ કરતો નથી. જેવું તેનું ગૃહવાસમાં લોકોત્તર રૂપ હતું તેવી તેની સંપત્તિ પણ લોકોત્તર હતી. " શ્રી અરિહંત પ્રભુના મુખથી તે ધન્યમુનિના તપ, રૂપ અને સંપત્તિની પ્રશંસા સાંભલી દેવ, દાનવ અને મનુષ્યની સભા બહુ હર્ષ પામી. શ્રી શ્રેણિક રાજા પણ હર્ષ પામતો છતો આદરથી શ્રી જિનેશ્વર પ્રભુને નમસ્કાર કરવા લાગ્યો. પછી ધર્મને વિષે અધિક સ્થાપન કરેલી બુદ્ધિવાલા શ્રેણિક રાજા, પોતાના ચિત્તમાં ધન્યમુનિના ગુણોને સંભારતો છતો પોતાના ઘર પ્રત્યે ગયો. પછી ત્રણ લોકે નમસ્કાર કરેલા શ્રી વર્દ્ધમાન સ્વામી ભવ્ય લોકોને પ્રતિબોધ કરવા માટે બીજે સ્થાનકે વિહાર કરી ગયા.

અગીયાર અંગના જાણ ધન્યમુનિ, નવ માસ પર્યંત અતિચારરહિત ચારિત્ર પાલી સર્વાર્થસિદ્ધ દેવલોકે ગયા. જેને યુવાવસ્થામાં પોતાની માતાએ મ્હોટી ઋદ્ધિથી બત્રીશ શ્રેષ્ઠી કન્યાઓ પરણાવી, જે પોતાના સસરા પાસેથી હસ્તમેલાપ વખતે બત્રીશ ક્રોડ દ્રવ્ય પામ્યો; છેવટે જે સંયમ લઇ સાતલવીઆ દેવતા થયા તે ધન્યમુનિની હુ સ્તુતિ કરૂં છું.

**'શ્રી ધન્યકુમાર' નામના મુનિપુઙ્ગવની કથા સંપૂર્ણ.**

**सो जयउ सीअलसूरी, केवलनाणीण भायणिज्जाण**
**दिंतेण भाववंदण-मुवज्जिअं केवलं जेण ॥ १२९ ॥**

જેમણે કેવલજ્ઞાની એવા પોતાના ભાણેજોને દ્રવ્ય વંદન કરવાથી કેવલજ્ઞાન ઉપાર્જન કર્યું. તે શ્રી શીતલાચાર્ય જયવંતા વર્તો. ॥ ૧૨૯ ॥

## 'શ્રીશિતલાચાર્ય' નામના સૂરિપુરંદરની કથા

કોઇ નગરમાં શીતલ કાંતિવાલો અને સૌમ્યાદિ ગુણોથી શીતલ સ્વભાવવાલો શીતલ નામે રાજપુત્ર હતો. તેને સદ્ગુણુની સંપત્તિથી ઉત્તમ ભાગ્યવાલી એક બ્હેન હતી. તેને તેના પતિએ મહોત્સવ પૂર્વક કોઇ રાજાને પરણાવી હતી. તેને સદ્ગુણુથી શોભતા એવા ચાર પુત્રો થયા. અનુક્રમે વૃદ્ધિ પામતા એવા તે પુત્રો સર્વ કલાના જાણુ થયા.

હવે શીતલે કોઈ ગુરૂ પાસેથી દેશના સાંભલી વૈરાગ્યવાસિત થવાથી દીક્ષા લીધી. શીતલ મુનિ વિનયથી ગુરૂ પાસે અભ્યાસ કરતા છતા સર્વ સિદ્ધાંતરૂપ સમુદ્રના પારગામી થયા. પછી શીતલને યોગ્ય જાણી ગુરૂએ તેમને આચાર્ય પદ આપ્યું. અને પોતે બહુ ગુણોના મંદીરરૂપ પરમાર્થ સાધ્યો. પછી પંચાચારને ધારણ કરનારાઓમાં મુખ્ય એવા શીતલાચાર્ય ભવ્યજનોને પ્રતિબોધ પમાડવા માટે પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા.

હવે શીતલાચાર્યની બ્હેન પોતાના ચારે પુત્રો આગલ શીતલ ગુરૂના (પોતાના ભાઇના ) બહુ વખાણુ કરતી હતી. તેથી ચારે પુત્રોએ માતાએ કરેલી પ્રશંસા સાંભલી વૈરાગ્યવાસિત થઈ કોઇ સ્થવિર સાધુ પાસે દીક્ષા લીધી. નિરંતર હર્ષથી સર્વ સામાચારીને પાલતા અને ગુરૂનો વિનય કરતા તે ચારે જણા અનુક્રમે બહુશ્રુત થયા.

એકદા તે ચારે મુનિઓ પોતાના ગુરૂને વિનંતિ કરવા લાગ્યા કે " હે ગુરો ! શ્રી શીતલાચાર્ય ગુરૂ અમારા મામા થાય છે. માટે જો આપ પ્રસન્ન ચિત્તથી આજ્ઞા આપો તો તેમને મલવાને ઉત્સાહવંત એવા અમે તેમને વંદન કરવા માટે જઈએ. " ગુરૂએ કહ્યું " હે વત્સો ! તેમને વંદન કરવા માટે જાઓ, અમે શા માટે આજ્ઞા નહિ આપીએ ? કારણુ શીતલસૂરીંદ્ર પણુ ગુણોત્તમ છે. " પછી ગુરૂની આજ્ઞા લઇ શુભ મનવાલા તે ચારે મુનિયો, તુરત શીતલાચાર્યને વંદન કરવા માટે ચાલ્યા. વિધિથી વિહાર કરતા તે મુનિઓ, જે નગરમાં ઉત્તમ બુદ્ધિવાલા શીતલાચાર્ય રહેતા હતા તે નગરે સંધ્યાકાલે આવી પહોંચ્યા. પણુ વિકાલ જાણી તેઓ પોતાનું આગમન કોઈ શ્રાવક સાથે ગુરૂને જણાવી નગરની બ્હાર દેવમંદીરમાં રહ્યા. ત્યાં તે ચારે મુનિઓ સાંઝનું સર્વ કૃત્ય કરી વિચારવા લાગ્યા કે " આપણે અહીં આવી પહોચ્યાં છતાં આજે ગુરૂને વંદના કરી નહીં માટે ધિક્કાર છે આપણને, નિશ્ચે સવારે નગરમાં જઇ ત્રણુ પ્રદક્ષિણા કરી આપણે શીતલ ગુરૂને સારી રીતે વાંદીશું.

આ પ્રમાણે વૃદ્ધિ પામતા શુભ ધ્યાનથી તે ચારે મુનિઓ રાત્રીમાં વિના પ્રયાસે કેવલજ્ઞાન પામ્યા. કૃતકૃત્યપણાથી ચારે મુનિઓ શ્રીશીતલાચાર્ય સદ્ગુરૂથી ત્યાંજ થયેલા લાભને જાણી સવારે પણ તે દેવમંદીરમાંજ રહ્યા.

અહીં શીતલાચાર્ય સવારે સ્વાધ્યાય કરી રહ્યા પછી પણ જ્યારે તે ચારે મુનિઓ આવ્યા નહીં ત્યારે પોતે નગર બહાર આવ્યા. ત્યાં દેવાલયમાં સુખે બેઠેલા ચારે મુનિઓને જોઈ તે મનમાં વિચાર કરવા લાગ્યા કે "અહો! એઓએ નગરમાં આવી પ્રથમ મને વંદના તો ન કરી પણ હમણાં મને અહીં આવેલો દેખતાં છતાં તે જડો નમસ્કાર નથી કરતા ? તેઓનું આવું દુર્વિનિતપણું કુલધર્મને વિષે અયોગ્ય છે. તેમની આવી વર્તણુંક કોને કોને દ્વેષકારી ન થાય ? આ પ્રમાણેના વિચારથી કાંઇક ઉત્પન્ન થએલા કષાયવાલા શીતલ ગુરૂએ તેઓને કહ્યું કે "હું તમને વંદના કરૂં ?" વીતરાગપણાથી તેઓએ પણ કહ્યું કે "પોતાના પાપસમૂહને છેદન કરવા માટે તમે કેમ અમને વંદના નથી કરતા ?" મુનિઓનાં આવાં વચનથી ઉત્પન્ન થએલા અધિક કષાયવાલા શીતલાચાર્યે દંડને સ્થાપી ઇર્યાવહી પ્રતિક્રમી મનવિના ચારે જણાને જુદી જુદી વંદના કરીને ફરીથી કહ્યું કે "હે વત્સો ! હમણાં બીજું કાંઈ પણ કરવાનું હોય તો કહો ? કેવલીઓએ કહ્યું. "હે મુનીશ્વર ! તમે પ્રથમ દ્રવ્યવંદન કર્યું છે, માટે હવે સારી રીતે ભાવ વંદન કરો." કેવલીઓનાં આવાં વચનથી ઉત્પન્ન થએલી શંકાવાલા શીતલાચાર્ય વિચાર કરવા લાગ્યા કે "મ્હારા હૃદયમાં રહેલું દ્રવ્ય ભાવ સ્વરૂપ તેઓએ શી રીતે જાણ્યું ? હું પાસે આવ્યો છતાં તેઓએ વિનય ન કર્યો તેનું પણ કાંઇ કારણ હોવું જોઇએ કારણ કે ઉત્તમ પુરૂષોને ધીઠપણું કયાંથી હોય ? આવી રીતે મનમાં વિચાર કરીને શીતલાચાર્યે તેમને પૂછયું.

"મેં તમને વંદન કર્યું તેમાં તમોએ દ્રવ્ય ભાવ સ્વરૂપ કહ્યું તે તમે અતિશયના ઉદયથી જાણ્યું ? કે બીજા કોઇ કારણથી જાણ્યું ?" કેવળીઓએ કહ્યું. "તે અમે અતિશયથી જાણ્યું છે." શીતલાચાર્યે ફરીથી પૂછયું. "તમને તે અતિશય પ્રતિપાતિ ઉત્પન્ન થયો છે કે અપ્રતિપાતિ, તે મને ઝટ કહો ?" મુનિઓએ કહ્યું. હે શીતલાચાર્ય ! તે અપ્રતિપાતિ અતિશય અમને ઉપજ્યો છે. મુનિઓનાં આવાં વચન સાંભળી શીતલાચાર્ય વિચારવા લાગ્યા. "આહા ! આ તો કેવળજ્ઞાની મહાત્મા છે. ધિક્કાર છે મને જે મેં તેમની આવી આશાતના કરી." આ પ્રમાણે પશ્ચાત્તાપ કરી ભાવવંદના કરતા એવા શીતલાચાર્યને વિશ્વને પ્રકાશ કરનારૂં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. પછી પાંચે કેવળીઓનો દેવતાઓએ આશ્ચર્યકારી મ્હોટો કેવલમહોત્સવ કર્યો.

જેમને વંદન કરવાના ધ્યાનથી સંગરહિત એવા ભાણેજ રૂપ મુનિઓને કેવજ્ઞાન ઉત્પન્ન થયું વળી જે મહામુનિને પણ તે કેવળીઓને ભાવવંદન કરતાં નિર્મળ કેવળજ્ઞાન પ્રગટયું તે ત્રણ લોકે નમન કરેલા શીતલાચાર્ય સૂરીશ્વરને હું હર્ષથી નમસ્કાર કરૂંછું.

'श्री शीतलाचार्य' नामना सूरिपुरंदरनो कथा संपूर्ण.

---※---

पिअदंसणो मुणीणवि, जो मुणिदाणप्यभावओ जाओ ॥
वीरमुसीसो पत्तो, मासं संलिहिअ सोहम्मे ॥ १३० ॥
आरणए सव्वट्ठे, तत्तो सिज्झिस्सइ विदेहेसु ॥
तमहं सुबाहुसाहुं, नमामि इक्कारसंगधरं ॥ १३१ ॥

જે મુનિઓને સુપાત્ર દાનના પ્રભાવથી પ્રિયદર્શન થઇ પડયા, જે મહાવીરના ઉત્તમ શિષ્ય થઈ એક માસની સંલેખના કરી સૌધર્મ દેવલોક પ્રત્યે ગયા, ત્યાંથી ચવી આ લોકમાં મનુષ્ય થઇ આરણ દેવલોક પ્રત્યે જશે, ત્યાંથી ફરી ચવી મનુષ્ય થઇ સર્વાર્થ સિદ્ધ વિમાને જશે, ત્યાંથી ચવી ફરી મનુષ્ય થઈ મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધિપદ પામશે. તે અગીયાર અંગના ધારક સુબાહુ મુનિને હું નમસ્કાર કરૂં છું. ૧૩૦-૧૩૧ ॥

## 'श्रीसुबाहुकुमार' नामना महर्षिनी कथा

આ ભરત ક્ષેત્રમાં હસ્તિશીર્ષ નામે ઉત્તમ નગર છે. તે નગરના ઈશાન કોણમાં પુષ્પકરંડક નામે શ્રેષ્ટ વન છે. તે વનમાં પ્રભાવવાલા કૃતમાલક નામના યક્ષનું મંદીર છે. યક્ષ ઇષ્ટ ફળ આપનાર હોવાથી બહુ માણસો તેની સેવા કરતા. હસ્તિશીર્ષ નગરમાં પવિત્ર બુદ્ધિવાળો અદીનશત્રુ રાજા, જેમ પિતા પુત્રનું રક્ષણ કરે તેમ પ્રજાનું રક્ષણ કરતો હતો. તે ભૂપતિને ઉત્તમ રૂપ સંપત્તિવાળી એક હજાર રાણીઓ હતી. તેઓમાં પણ રૂપસંપત્તિએ કરીને શ્રેષ્ઠ તથા ગુણોને ધારણ કરનારી ધારિણી નામે મુખ્ય રાણી હતી.

એકદા રાત્રીએ સુખે સુતેલી ધારિણી રાણીએ સ્વપ્નામાં સિંહ દીઠો પછી તુરત જાગી ગએલી તેણીએ તે વાત પોતાના પતિને કહી એટલે ભૂપતિએ કહ્યું. "હે પ્રિયે ! તને સર્વગુણયુક્ત પુત્ર થશે, જા હમણાં રાત્રીને નિર્ગમન કર. રાણી પતિનું વચન માન્ય કરી પોતાને આસને ગઈ. સવારે ભૂપતિએ સ્નાન કરી, સર્વ આભુષણોને ધારણ કરી અને સભામાં સિંહાસન ઉપર બેસી હર્ષથી સ્વપ્નપાઠકોને બોલાવ્યા. સ્વપ્નપાઠકો પણ સ્નાનાદિ નિત્ય ક્રીયા કરી કૌતુક મંગલ કરી રાજસભામાં આવ્યા, ત્યાં તેઓ આશિર્વચન આપી ભૂપતિની આજ્ઞાથી બેઠા.

પછી રાજાએ રાણીને પડદામાં બેસારી હર્ષથી હાથમાં ઉત્તમ ફળ ફુલ થઇ સ્વપ્નપાઠકોની આગળ સ્વપ્ન કહ્યું. સ્વપ્નપાઠકોએ શાસ્ત્રનો વિચાર કરી રાજાને કહ્યું "હે વિભો ! શાસ્ત્રમાં સામાન્ય સ્વપ્ન બેતાલીશ અને મહા સ્વપ્નન ત્રીશ એમ સઘળાં મળી બોંતેર સ્વપ્ન કહ્યાં છે. તેમાં ગજેંદ્રાદિ ચૌદ મહાસ્વપ્ન તો તીર્થંકર અથવા તો ચક્રવર્તીની માતાજ દેખે છે. મંડલિક રાજાની માતા તો બે અથવા એકજ સ્વપ્ન દેખે. ધારિણીએ રાત્રીએ સ્વપ્નમાં સિંહ દીઠો છે તેથી તેણીને તેના અનુભાવથી રાજ્યના ભારને ધારણ કરનારો પુત્ર થશે, અથવા સંયમરૂપ સામ્રાજ્યપદને ધારણ કરનારો પવિત્ર શ્રમણ થશે."

સ્વપ્નનું આવું ફલ સાંભળી હર્ષ પામેલા ભૂપતિએ સ્વપ્નપાઠકોને જીવિત પર્યંતનું અપરિમિત પ્રીતિદાન આપી વિદાય કર્યા. પછી ભૂપતિએ પૂર્ણ કરેલા ઉત્તમ દોહલાવાળી ધારિણી પોતે યોગ્ય એવા આહારથી ગર્ભનું પોષણ કરવા લાગી. જેમ રોહણાચળની ભૂમિ બહુ તેજથી દેદીપ્યમાન એવા રત્નને પ્રગટ કરે તેમ રાણીએ અવસરે રાજલક્ષણના ચિહ્નવાળા એક પુત્રને જન્મ આપ્યો. ભૂપતિએ મ્હોટી સંપત્તિથી જન્મમહોત્સવ કરી પુત્રનું સુબાહુ નામ પાડયું. પાંચ ધાવમાતાથી લાલન કરાતો તે પુત્ર શુકલ પક્ષના ચંદ્રની પેઠે કલાઓ વડે વૃદ્ધિ પામવા લાગ્યો. પછી રાજાએ પુત્રને કલાચાર્ય પાસે ભણવા મૂકયો. ત્યાં કલાચાર્યે તેને સર્વ કલાઓ શીખવી તેટલામાં તે પુત્ર યૌવનાવસ્થા પામ્યો. પછી અદીનશત્રુ ભૂપાલે પાંચસે મહેલ ચણાવી મ્હોટા ઉત્સવથી પુત્રને પાંચસેં રાજકન્યા પરણાવી. જેમ સ્વર્ગમાં ઈંદ્ર અનર્ગલ સુખ ભોગવે તેમ રાજપુત્ર સુબાહુ, તે પાંચસે કન્યા સાથે નિરંતર બહુ સુખ ભોગવવા લાગ્યો.

એકદા તે નગરના પુષ્પકરંડક નામના ઉદ્યાનમાં ઇંદ્રોએ સેવન કરેલા શ્રી વર્દ્ધમાન સ્વામી સમવસર્યા. વનપાળે તુરત પ્રભુના આગમનની વધામણી આપી. તેથી બહુ હર્ષ પામેલા ભૂપતિએ ત્યાંજ રહ્યા છતા પ્રભુને વંદના કરી. પછી હર્ષથી વનપાળને સાડાબાર લાખ દ્રવ્યની વધાઇ આપી. ભૂપતિ પ્રભુને વંદન કરવા માટે નગર બહાર ગયો. સુબાહુ કુમાર પણ પ્રભુના આગમનને સાંભળી તુરત રથમાં બેસી બહુ ભક્તિથી જિનેશ્વરને નમન કરવા માટે ઉદ્યાનમાં આવ્યો. અદીનશત્રુ ભૂપતિ અને યુવરાજ બન્ને જણા વિધિથી જિનેશ્વરને પ્રણામ કરી ધર્મ સાંભળવા માટે યોગ્ય આસને બેઠા. આ વખતે પ્રભુએ લોકોના ઉપકાર માટે પર્ષદામાં સાધુઓનો તથા શ્રાવકોનો ધર્મ નિરૂપણ કર્યો. સુબાહુયુવરાજ, બન્ને ધર્મ સાંભળી હાથ જોડી જિનેશ્વરની વિનંતિ કરવા લાગ્યો. "હે વિભો ! આપે નિરૂપણ કરેલા શાશ્વત સુખ આપનારા અને સંસારનો પાર પમાડનારા સાધુ શ્રાવક ધર્મને હું મન, વચન અને કાયાથી સદ્દહુ છું. જો કે નૃપાદિ બહુ પુરૂષો ચારિત્ર ગ્રહણ કરે છે પરંતુ હું હમણાં ચારિત્ર લેવા શક્તિવંત નથી માટે આપ મને ગૃહવાસનો ધર્મ બતાવો." પ્રભુએ "ગૃહવાસનો ધર્મ અંગીકાર કર." એમ કહ્યું એટલે સુબાહુ સમ્યક્ત્વ સહિત ગૃહવાસના ધર્મને અંગીકાર કરી પોતાના ઘર પ્રત્યે ગયો.

પછી ગૌતમસ્વામીએ વીરપ્રભુને નમસ્કાર કરી પૂછયું કે "હે સ્વામિન્ ! આ સુબાહુકુમાર દેવતાની પેઠે દિવ્યરૂપ ધારણ કરનારો, સૌભાગ્યાદિકનો સમુદ્ર, સૌમ્ય, મનોહર, અને પ્રિયદર્શન સર્વ લોકને ઇષ્ટ તેમજ વિશેષે કરીને સાધુઓને ઇષ્ટ છે. તો હે પ્રભો ! એ કુમારનું કયા કર્મથી લોકમાં ઇષ્ટપણું થયું ?" ગૌતમ સ્વામીનાં આવાં વચન સાંભળી શ્રી વીરપ્રભુએ કહ્યું.

પૂર્વે આ ભરતક્ષેત્રમાં હસ્તિનાપુરને વિષે સૂક્ષ્મ નામે કોઈ ધનવંત સુખી

શ્રેષ્ઠી વસતો હતો. એકદા તે નગરના સહસ્રામ્ર વનમાં પાંચસે સાધુસહિત શ્રી-ધર્મઘોષ મુનીશ્વર સમવસર્યા. તે સાધુઓમાં એક સુદત્ત નામનો શિષ્ય માસ માસના ઉપવાસ કરનારો જીવિત પર્યંત ક્ષમાધારી અને સ્પષ્ટ સંયમધારી હતો. શાંત ચિત્ત-વાળો અને ઉત્તમ સત્ત્વધારી તે શિષ્ય માસક્ષમણને પારણે પોતાના ગુરૂની રજા લઈ નગરમાં આવ્યો. ઉંચ નીચ ઘરો પ્રત્યે ગોચરી માટે ફરતા ફરતા તે મુનિ સૂક્ષ્મ શ્રેષ્ઠીના ઘરની નજીક આવી પહોંચ્યા. ત્રણ ગુપ્તિવાળા, પાંચ સમિતિવાળા અને બીજા અનેક ગુણોથી યુક્ત એવા તે મુનિને આવતા જોઇ હર્ષ પામેલો સૂક્ષ્મ શ્રેષ્ઠી વિચારવા લાગ્યો. " હું એમ જાણું છું જે આજે મ્હારા ઘરને વિષે ચિંતામણિ વિગેરે રત્ન પ્રાપ્ત થયાં કે જે આ મુનિ માસક્ષમણને પારણે મ્હારા ઘરે આવ્યા." આમ વિચાર કરી સૂક્ષ્મ શ્રેષ્ઠીએ તેમના સામા સાત આઠ પગલાં જઈ પ્રદક્ષિણા કરી તે મહામુનિને વંદના કરી પછી આસન આપી અને હાથ જોડી શ્રેષ્ઠી કહેવા લાગ્યો કે " આપ યોગ્ય એવો પ્રાસુક આહાર સ્વીકારી મ્હારા ઉપર અનુગ્રહ કરો. હું આપના પ્રસા-દથી શીઘ્ર સંસાર રૂપ સમુદ્રને તરીશ. શું તુંબડા ઉપર મૂકેલો પથ્થર નથી તરતો ? " પછી પ્રસન્ન ચિત્તવાલા સુદત્ત મુનિએ દ્રવ્યાદિકના ઉપયોગથી તે વખતે પોતાનું પાત્ર ધર્યું એટલે હર્ષથી ઉલ્લાસ પામતા શરીરના રોમાંચવાલા કમલ સમાન પ્રફુલ્લિત થએલા આનંદ યુક્ત નેત્રવાલા તે સૂક્ષ્મ શ્રેષ્ઠીએ પોતાના આત્માને સફલ તથા કૃતાર્થ થએલો જાણતાં છતાં મુનિને બહુ ભક્તિથી પ્રાસુક ભોજન વહો-રાવ્યું. ચિત્ત, વિત્ત અને સુપાત્રની અતિ દુર્લભ એવી સામગ્રીને પામી તે શ્રેષ્ઠીએ મુનિને આહાર વહોરાવતાં નીચે કહ્યા પ્રમાણે ફલ ઉપાર્જન કર્યું. પુણ્યાનુબંધી પુણ્યપણું, સુલભબોધિપણું, મનુષ્યનું આયુષ્ય અને ઉત્તમ ભોગાદિ બાંધીને છેવટ ભવસ્થિતિ પણ અલ્પ કરી.

વલી તે વખતે પંચ દિવ્ય થયાં. તેમાં પ્રથમ દેવતાઓએ દુંદુભિનો નાદ કર્યો, પછી વસ્ત્રની, હિરણ્યની અને પુષ્પની વૃષ્ટિ કરી અને છેવટ " અહો દાન અહો દાન " એમ મ્હોટા શબ્દથી ઉદ્ઘોષણા કરી. આ વખતે ત્યાં સુખે એકઠા થઈ ગએલા રાજાદિ લોકોએ સૂક્ષ્મ મતિવાલા અને અતિ પુણ્યાત્મા એવા સૂક્ષ્મ શ્રેષ્ઠીનાં બહુ વખાણ કર્યાં. " પછી દીર્ઘકાલ પર્યંત તે સૂક્ષ્મ શ્રેષ્ઠી ભોગ ભોગવી સમાધિથી મૃત્યુ પામી આ સૌભાગ્યના ભાગ્યવાળો સુબાહુકુમાર થયો છે. " શ્રી મહાવીર પ્રભુનાં આવાં વચન સાંભલી ગૌતમે ફરીથી પૂછ્યું કે " આ સુબાહુ ક્યારે સંયમ અંગીકાર કરશે ? " ભગવાને કહ્યું કે હે ગણના અધિપતિ ! અવસરે તે દીક્ષા લેશે. " પછી પ્રભુએ બીજે વિહાર કર્યો એટલે અખંડિત અષ્ટમી વિગેરેને વિષે પૌષધ વ્રત કરતો એવો તે સુબાહુ શ્રાવક ધર્મ પાલવા લાગ્યો.

એકદા તે સુબાહુ આઠમને દિવસે પોતાની પૌષધશાળામાં જઈ, વિધિથી સાફ કરી સાધુની પેઠે પ્રતિલેખન કરેલું દર્ભાસન પાથરી અને તેના ઉપર બેસી અઠ્ઠમ

ભક્તાયુક્ત પૌષધવ્રત કરવા લાગ્યો. ઉત્તમ વાસનાવાલા સુબાહુએ આઠમા પહોરને અંતે પાછલી રાત્રીએ નિદ્રામાંથી જાગી એમ વિચાર કર્યો કે તેજ નગર, ગામ, દેશ, ખેટ અને ખાણુ વિગેરે ધન્ય છે કે જ્યાં લોકોના અજ્ઞાન રૂપ અંધકારને નાશ કરનારા શ્રી જિનેશ્વર રૂપ સૂર્ય વિચરે છે, વલી તેજ પુણ્યાત્મા નૃપાદિ પુરૂષો ધન્યજનોમાં શ્રેષ્ઠ છે કે જેઓ શ્રીવીરપ્રભુની દેશના સાંભલી હર્ષથી દીક્ષા લે છે. જો આજે ત્રણુ લોકના સૂર્ય રૂપ શ્રી વીરપ્રભુ અહીં આવે તો હું નિશ્ચે તેમની પાસે સંયમ લઉં. " સુબાહુ કુમારના આવા ભાવને જાણી સવારે શ્રી વીરપ્રભુ પુષ્પકરંડક ઉદ્યાનમાં રહેલા કૃતમાલ યક્ષના મંદીરમાં સવસર્યા. અદીનશત્રુ રાજા અને સુબાહુકુમાર બન્ને જણાએ ફરી ત્યાં જિનેશ્વરને નમસ્કાર કરી ધર્મદેશના સાંભલી. પછી રાજા ઘરે ગયો એટલે સુબાહુ કુમારે, વીરપ્રભુને નમસ્કાર કરીને કહ્યું કે " હે વિભો ! હું મ્હારા માતા પિતાની રજા લઈ દીક્ષા લઈશ. " શ્રી વીરપ્રભુએ તેને " વિલંબ ન કરીશ. " એમ કહ્યું.

પછી નિસ્પૃહ એવો સુબાહુ કુમાર, માતા પિતા પાસે આવી નમસ્કાર કરી કહેવા લાગ્યો. " હે માતા પિતા ! મેં આજે શ્રી વીરપ્રભુ પાસે મનોહર ધર્મ સાંભલ્યો છે, તે મને બહુ રૂચ્યો છે, અને તે મ્હારે બહુ ઈષ્ટ છે. " માતા પિતાએ " ઉત્તમ લક્ષણવાળા તને ધન્ય છે એમ તેની વારંવાર પ્રશંસા કરી. એટલે સુબાહુ, તેમને ફરી કહેવા લાગ્યો. આપની આજ્ઞાથી હું હમણાં દીક્ષા લઈશ." પુત્રનાં આવાં અનિષ્ટ વચન સાંભળી રાણી તુરત મૂર્ચ્છા પામી. શીતલ વાયરા વિગેરેના ઉપચારથી સચેત થઇ એટલે તે વિલાપ કરતી છતી કહેવા લાગી. " હે પુત્ર! ત્હારા પિતાએ સેંકડો બાધાઓ રાખવાથી તું પુત્ર થયો છું, માટે તું મને અનાથને ત્યજી દઇ કેમ સંયમ લેવા તૈયાર થાય છે ? હે પુત્ર ! ત્હારા વિના નિશ્ચે મ્હારા પ્રાણો ચાલ્યા જશે. તેથી જ્યાં સુધી અમે જીવિએ ત્યાં સુધી તું ભોગમાં સ્પૃહાવંત થઇ ઘરેજ રહે. અમે મૃત્યુ પામ્યા પછી તું ઉજ્વલ એવું ચારિત્ર લેજે." પુત્રે કહ્યું. " સંધ્યા સમયના રંગ અને પાણીના પરપોટા સમાન તેમજ સેંકડો દુઃખોથી વ્યાપ્ત એવા આ મનુષ્યભવને વિષે હું ક્યારે પણ પ્રીતિ પામતો નથી. વળી હે માતા ! હું એમ પણ નથી જાણતો કે મ્હારૂં મૃત્યુ તમારા પહેલું થશે કે પછી, કારણ મૃત્યુ બાલકને, વૃદ્ધને, યુવાનને, રાજાને, ધનવંતને કે નિર્ધનને ક્યારે પણ છોડતું નથી. માટે હે માતા પિતા ! આપ મને હમણાં ચારિત્ર લેવાની આજ્ઞા આપો. " માતા પિતાએ તેને ફરીથી કહ્યું. " હે પુત્ર ! સર્વ અવયવથી સુંદર, રૂપ સૌભાગ્ય યુક્ત અને યૌવન લક્ષ્મીથી મનોહર આ ત્હારૂં કોમલ શરીર છે. માટે કેટલાક દિવસ સુધી તે પોતાના દેહથી ઉત્તમ ભોગોને ભોગવીને પછી મહાવ્રત અંગીકાર કરજે. " કુમારે કહ્યું. " હે માતા પિતા ! આ મ્હારૂં શરીર મેદની જાલથી બંધાયલું તેમજ માંસ, રૂધિર અને હાડકાંના ઘર રૂપ છે. વળી એ શરીર અશુચિ વસ્તુથી ઉત્પન્ન થએલું, અશુચિના સ્થાન રૂપ, વ્યાધિના ભયને આપનારૂં

અને સર્વ દુઃખોનું કારણ છે; તો પછી તે શરીરને વિષે મ્હારે શી પ્રીતિ કરવી ? જીર્ણ થએલા ઘર સમાન આ વિનશ્વર સ્વભાવવાળા શરીરને વિષે મ્હારો પ્રતિબંધ નથી માટે હું તો હમણાંજ દીક્ષા લઇશ." પ્રેમથી પૂર્ણ અંગવાળા માતા પિતાએ ફરી કહ્યું. "સમાન વયવાળી, તુલ્ય રૂપવાળી, ગુણરૂપ જલના કુવા સમાન તથા ત્હારે વિષે ભક્તિવંત અને વિનિત એવી પાંચસે સ્ત્રીઓ છે. હે પુત્ર ! વિલાપ કરતી એવી તે અનાથ સ્ત્રીઓને તું શા માટે ત્યજી દે છે ?" પુત્રે કહ્યું. "હે માતા પિતા ! મ્હારે ભવ ભવને વિષે પ્રેમવાળી બહુ સ્ત્રીઓ થઇ છે. તેણીઓએ મને દુર્ગતિપાતથી બચાવ્યો નથી પરંતુ તેણીઓના પ્રેમથી મ્હારે ઉલટું બહુ દુઃખ ભોગવવું પડયું છે. મેં દેવાદિભવને વિષે બહુ ભોગો ભોગવ્યા પણ જેમ નદીઓથી સમુદ્ર તૃપ્તિ ન પામે તેમ હું તે ભોગોથી તૃપ્તિ પામ્યો નથી. વળી બીજું એ કે ફક્ત આરંભમાં મધુર પરંતુ પરિણામે અત્યંત વિરસ એવા વિષયો વિષ સમાન છે. તો તેઓને કયો ઉત્તમ બુદ્ધિવાળો માણસ સેવે ?" પછી પ્રેમથી વિહ્વલ એવા માતા પિતા કહેવા લાગ્યા. "હે પુત્ર ! ત્હારા પીતામહાદિ પુરૂષોએ જે સુવર્ણ રત્નાદિ દ્રવ્ય ઉપાર્જન કરેલું છે, તે સાત પેઢી પર્યંત દાન આપી શકાય અને ભોગવી શકાય તેટલું છે, માટે તે દ્રવ્યને ભોગવી પછી તું મહાવ્રત ગ્રહણ કર." સુબાહુએ કહ્યું. "તે દ્રવ્ય મેં આગલા ભવમાં બહુ ભેગું કર્યું હતું, તેમાંથી થોડું પણ મ્હારી સાથે આવ્યું નહિ. તેને ભોગવતાં ઉત્પન્ન થએલું પાપ મ્હારી સાથે આવ્યું, જેથી મેં નરકનાં બહુ દુઃખ ભોગવ્યાં. ધિક્કાર છે મને. કયો ઉત્તમ બુદ્ધિવાળો માણસ આ લોકમાં જ રહેલા, અશાશ્વત અને સર્વ પ્રકારના કલેશના મૂલરૂપ દ્રવ્ય ઉપર મોહ કરે ?" ભોગ સુખથી વિમુખ થએલા પુત્રને જાણતાં છતાં માતા પિતાએ સ્નેહથી ફરી વ્રતને વિઘ્ન કરનારા વચનવડે કહ્યું. "હે વત્સ ! શ્રી અરિહંતે કહેલું ચારિત્ર માણસોને ભુક્તિ તથા મુક્તિ આપનારૂં છે ખરૂં, પણ તે રાંક માણસોને બહુ દુષ્કર છે. સાંભળ. હે પુત્ર ! જેમ આ લોઢાના ચણા દાંતથી ચાવવા કઠીણ છે; અને અતિ તીક્ષ્ણ ખડ્‌ગધારા ઉપર ચાલવું અતિ દુષ્કર છે. તેમ પોતાના વંશમાંજ ધ્વજ સમાન ત્હારા સરખા કોમલ દેહવાળાને યૌવનાવસ્થામાં ચારિત્ર પાળવું દુષ્કર છે. સાધુઓને બત્રીશ દોષવાળું અશનાદિ કલ્પતું નથી. વળી નિશ્ચે બાવીશ પરીષહો સહન કરવા તો બહુજ કઠીણ છે. ઉપસર્ગોથી ભય ન પામવો જોઈએ. કેશલોચ બહુ દુઃસહ છે. ઈત્યાદિ અનેક કારણોથી હમણાં ચારિત્ર લેવું બહુ દુષ્કર છે." સુબાહુકુમારે કહ્યું "તમે વ્રત પાળવું દુષ્કર કહ્યું, પણ તે તો નપુંસક અને બીકણને જાણવું. ધીર અને સત્ત્વધારીને વ્રત પાળવું જરાપણ દુષ્કર નથી. માટે હે માતા પિતા ! મને ચારિત્ર લેવાની ઝટ રજા આપો." જ્યારે માતાપિતા કોઇ પણ રીતે પુત્રને ચારિત્ર લેવાનું બંધ કરાવવા સમર્થ થયા નહીં, ત્યારે તેઓએ પુત્રને ચારિત્ર લેવાની હા કહી. તો પણ તેઓ "હે પુત્ર ! તું આ મ્હોટું રાજ્ય એક દિવસ ભોગવ." એમ કહેવા લાગ્યા. આ વખતે પુત્ર મૌન રહ્યો એટલે સામંત તથા મંત્રીઓ સહિત રાજાએ તે પુત્રને

સુવર્ણના સિંહાસન ઉપર બેસાડી સુવર્ણકલશમાં ભરેલા જલથી અભિષેક કર્યો. અદ્દીનશત્રુ રાજાએ વિવિધ પ્રકારના મહોત્સવથી પુત્રને રાજ્યાસન ઉપર બેસારીને કહ્યું કે "હે પુત્ર ! હું તને શું આપું અને ત્હારૂં શું કામ કરૂં ?" સુબાહુએ કહ્યું "મને રજોહરણ અને પાત્ર આપો." પછી રાજાએ બજારમાંથી બે લક્ષ દ્રવ્ય તે બન્ને વસ્તુ અને એક લક્ષના મૂલ્યથી કાશ્યપને બોલાવી તેને દીક્ષાને યોગ્ય એવા પુત્રના આગલા કેશ કાપવાનું કહ્યું. કાશ્યપે પણ પવિત્ર થઇ આઠપડની મુહુપત્તિને મુખ આગલ રાખી શીઘ્ર સુબાહુ કુમારના કેશ કાપ્યા. પુત્રના તે કેશને માતાએ પોતાના વસ્ત્રમાં લઈ સુગંધી જલથી ધોઈ રત્નના ડાબડામાં રાખ્યા.

પછી ભૂપતિએ સુવર્ણના અને રૂપાના ઘડામાં ભરી રાખેલા જલથી સુબાહુ કુમારને સ્નાન કરાવી અને તેના શરીરને ઉત્તમ વસ્ત્રથી લુહી નાખ્યું ત્યાર પછી પુત્રના શરીરને ગોશીર્ષ ચંદનનો લેપ કરી ઉત્તમ શોભાવાળાં બે વસ્ત્ર ઓઢાડી હાર, અર્ધહાર, કુંડલ અને મુકુટાદિ આભૂષણોથી તેમજ સુગંધી પુષ્પોથી સુશોભિત કર્યું. વળી ભૂપતિએ સેંકડો સ્તંભવાળી, મણિની પાંચ ઓળવાળી અને હજારો મનુષ્યોથી ઉપાડી શકાય એવી એક સુંદર શિબિકા તૈયાર કરાવી. પછી રાજકુમાર સુબાહુ પૂર્વાભિમુખે શિબિકામાં ભદ્રાસન ઉપર બેઠો. તેની દક્ષિણ બાજુએ માતા, ડાબી બાજુએ રજોહરણ અને પાત્ર ધારી રહેલી એક સારી ધાવમાતા અને પાછલ સર્વ સ્ત્રીઓ રહી. ડાબી અને જમણી બાજુએ બે સ્ત્રીઓ ચામર ધારણ કરી ઉભી રહી અને તાલવૃંત છે હાથમાં જેણીને એવી એક સ્ત્રી આગલ ઉભી રહી. પછી સમાન આભૂષણોને ધારણ કરનારા અને રૂપ યૌવનથી શોભતા એવા હજારો રાજાઓએ શિબિકા ઉપાડી. ઉત્તમ બુદ્ધિવાળા અદ્દીનશત્રુ રાજાએ સુબાહુ કુમારની આગળ સ્વસ્તિક વિગેરે આઠ મંગલીક લખ્યા. પ્રથમ આભૂષણોથી શોભતા એકસો આઠ અશ્વો, અને તેની પાછલ તેટલાજ રથો ચાલવા લાગ્યા, તેની પાછલ ખડ્ગ, ભાલા અને ધ્વજાઓને ધારણ કરનારા પુરૂષો "હે રાજકુમાર ! તું જયવંતો થા." એમ ઉચાર કરતા છતા ચાલ્યા. સુબાહુ કુમાર કલ્પવૃક્ષની પેઠે યાચકજનોને બહુ દાન આપતો છતો અનુક્રમે અરિહંત પ્રભુના સમવસરણમાં આવી પહોંચ્યો. ત્યાં તેણે શિબિકામાંથી નીચે ઉતરી પાંચ અભિગમ સાચવવાપૂર્વક ભક્તિથી શ્રી જિનેશ્વરને ત્રણ પ્રદક્ષિણા કરી અને વંદના કરી. આ વખતે રાજા અને રાણી બન્ને જણા પ્રભુને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે "હે સ્વામિન્ ! આ અમારો એકનો એક બહુ પ્રિય એવો પુત્ર જરા, જન્મ અને મૃત્યુથી બહુ ભય પામે છે, માટે તે આપની પાસે દીક્ષા લેવાની ઇચ્છા કરે છે. તો અમે આ પુત્ર રૂપ સચિત્ત ભિક્ષા આપીએ છીએ તે આપ પ્રસન્ન થઈ સ્વીકારો." પ્રભુએ કહ્યું. "એને તમે પ્રતિબંધ ન કરો." પછી સુબાહુ કુમારે ઇશાન દિશામાં જઇ પોતે જ પોતાના શરીર ઉપરથી સર્વ આભૂષણો ઉતાર્યાં અને પંચમુષ્ટી લોચ કર્યો. આ વખતે તે તેની માતાએ પોતાના વસ્ત્રમાં ઝીલી લઇ પુત્રને કહ્યું કે "તું આ મ્હોટા

અર્થને વિષે પ્રમાદ ન કરતાં યત્ન રાખ." એમ કહીને માતા ધારિણી પોતાને ઘેર ગઇ.

પછી સુબાહુકુમારે શ્રી જિનેશ્વર પ્રભુ પાસે જઈને કહ્યું. "હે જિનેશ્વર! જન્મ મૃત્યુ વિગેરેથી ભયંકર એવો આ લોક છે. માટે તેને નાશ કરનારી દીક્ષા મને આપો. પ્રભુએ તેને દીક્ષા આપીને કહ્યું, આ દીક્ષા ત્હારે ઉત્કૃષ્ટ રીતે પાળવી.

" આપની આજ્ઞા પ્રમાણે હું ચાલીશ." એમ કહેતા એવા તે સુબાહુને પ્રભુએ બીજા સ્થવિર સાધુઓ પાસે રાખ્યા. ત્યાં નિર્મલ સંયમવાલા તે સુબાહુ મુનિ અગીયાર અંગ ભણ્યા. માસક્ષમણ, પક્ષક્ષમણ, દશમ, દ્વાદશ, છઠ અને અઠમ ઇત્યાદિ ઉપવાસવડે તે મુનિએ બહુ વર્ષ ચારિત્ર પાલ્યું. છેવટ આલોચના લઇ, પ્રતિક્રમી અને સંલેખના કરી મૃત્યુ પામેલા તે સુબાહુમુનિ સૌધર્મ દેવલોકને વિષે મ્હોટા વૈભવવાલા દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં બહુ ભોગો ભોગવી આયુષ્યના ક્ષયથી ચવી તે સુબાહુનો જીવ કોઇ ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયો. ત્યાં પણ તે અદ્‌ભૂત ભોગોને ભોગવી અંતે દીક્ષા લઇ સનત્કુમાર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. એવી રીતે પાંચમા, સાતમા અને દશમા દેવલોકમાં તેમજ સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં એક એક મનુષ્ય ભવના અંતરે ઉત્પન્ન થયો. એવી રીતે ચૌદ દેવલોકમાં ઉત્પન્ન થયા પછી મહા વિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે. ત્યાં તે પ્રવ્રજ્યા લઇ, કર્મને ખપાવી કેવલી થઇ અને પછી તે સુબાહુનો જીવ નિશ્ચલ અને શાશ્વતા સુખવાલા મોક્ષપદને પામશે.

**'श्रीसुबाहुकुमार' नामना महर्षिनी कथा संपूर्ण.**

**लोए व अलोए वा, पुव्विं एमाइ पुच्छिओ वीरो ॥**
**रोहा ! सासयभावाण, नाणपुव्वित्ति अकहिंसु ॥ १३२ ॥**

સર્વજ્ઞ શ્રી વીરપ્રભુને સમવસરેલા જાણી મિથ્યાત્વી એવા રોહક નામના કોઇ પુરૂષે પ્રભુ પાસે આવીને પૂછ્યું કે -' પ્રથમ લોક ઉત્પન્ન થયો કે અલોક ઉત્પન્ન થયો? પ્રભુએ કહ્યું "હે રોહક! શાશ્વત ભાવોનો કોઇ પણ અનુક્રમ નથી. અમુક શાશ્વત વસ્તુ પૂર્વની ઉત્પન્ન થએલી છે કે અમુક વસ્તુ પછીથી ઉત્પન્ન થએલી છે એ વિચાર શાશ્વતી વસ્તુ ઉપર હોઈ શકતો નથી. ॥ ૧૩૨ ॥

**संते व असंते वा, लोए इच्चाइ पिंगलगमुणिणा ॥**
**पुट्ठो निव्वागरणो, वीरसगासम्मि पव्वइओ ॥ १३३ ॥**

શ્રીવીર પ્રભુએ રોહકને ઉત્તર આપ્યા પછી ત્યાં બેઠેલા પિંગલક નામના મુનિએ રોહકને કહ્યું. "હે રોહક! હું પ્રથમ તને પૂછું છું તેનો ઉત્તર આપ. આ લોક સાંત (અંતવાળો) છે કે અનંત (અંતવિનાનો) છે? વળી એ લોક સાદિ (આદિ-

વાળો) છે કે અનાદિ (આદિરહિત) છે? જે સત્ય હોય તે કહે? આવી આવી રીતે પ્રશ્ન પૂછીને પિંગલક મુનિએ નિરુત્તર કરી દીધેલા રોહકે પ્રતિબોધ પામી શ્રી-વીરપ્રભુ પાસે દીક્ષા લીધી, ઇત્યાદિ. ॥ ૧૩૩ ॥

## 'श्री रोहक' नामना मुनिवरनी कथा.

કેવળજ્ઞાની એવા શ્રી વીરપ્રભુને સમવસરેલા જાણી અતિ મિથ્યાત્વી એવા રોહકે પ્રભુ પાસે આવી તેમને "લોક પહેલો છે કે અલોક પહેલો છે? એવો પ્રશ્ન પૂછ્યો. ભગવાને કહ્યું. "હે રોહક! શાશ્વત ભાવોનો ક્રમ ક્યાંથી હોય? ક્રમ અને અક્રમ તો અશાશ્વત વસ્તુનો હોય છે." પ્રભુએ આ પ્રમાણે કહ્યા પછી ત્યાં બેઠેલા પિંગલક નામના સાધુએ રોહકને પૂછ્યું. "હે રોહક! આ લોક સાંત (અંતવાળો) છે કે અનંત (અંતવિનાનો) છે? ઈત્યાદિ પ્રશ્નનો રોહક ઉત્તર આપી શક્યો નહિ તેથી તેણે પ્રતિબોધ પામી શ્રી વીરપ્રભુ પાસે દીક્ષા લીધી.

**श्री रोहक नामना मुनिवरनी कथा संपूर्ण.**

**इक्कारसंगधारी, गोअमसामिस्स पूव्वसंगइओ ॥**
**बारसवासे बारस, पडिमाओ तवं च गुणरयणं ॥ १३४ ॥**

ગૌતમસ્વામીનો પૂર્વ ભવનો મિત્ર અને અગીયાર અંગના ધારણહાર સ્કંદક નામના મુનિ, બાર વર્ષ પર્યંત બાર સાધુઓની પ્રતિમા ને ગુણરત્ન નામનું સંવત્સર તપ કરી માસિક પાદપોપગમન નામના અનશનથી મત્યુ પામી અચ્યુત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદ પામશે. ॥૧૩૪॥

## 'श्रीस्कंदक नामना मुनिवरनी कथा.

એકદા શ્રાવસ્તી નગરીમાં શ્રી વીરપ્રભુ સમવસર્યા. તે વખતે દેવતાઓએ ત્યાં સમવસરણ રચ્યું. તે નગરીમાં બહુ મિથ્યાત્વવાળો, લોકપ્રસિદ્ધ અને ચાર વેદનો જાણ એવો સ્કંદ નામે તાપસ રહેતો હતો. એક દિવસ પિંગલક નામના સાધુએ તે સ્કંદકને પૂછ્યું કે "આ લોક સાંત (અંતવાળો) છે કે અનંત (અંત વિનાનો) છે? અથવા સાદી (આદિવાળો) છે કે અનાદિ (આદિરહિત) છે?" સ્કંદ આ પ્રશ્નના ઉત્તર નહિ જાણતો હોવાથી કાંઈ બોલ્યો નહિ પણ તેણે શ્રી વીરપ્રભુને સર્વજ્ઞ જાણી તેમની પાસે જઇ તેમને ઉપરના પ્રશ્નો પૂછયા. જિનેશ્વરે કહ્યું. "લોક સાંત અને અનંત છે, તેમજ આદિ અને અનાદિ છે." આ પ્રમાણે પ્રભુએ લોકનું વર્ણન કર્યું એટલે પ્રતિબોધ પામેલા સ્કંદકે દીક્ષા લીધી. અનુક્રમે અગીયાર અંગના ધારક થઇ, બાર વર્ષ પર્યંત બાર પડિમા વહી, ગુણરત્ન મહાતપ કરી અને પાદોપગમ નામનું અનશન કરી તે સ્કંદક મુનિ, અચ્યુત દેવલોકમાં ગયા, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદ પામશે.

**'श्री स्कंदक' नामना मुनिवरनी कथा संपूर्ण."**

આ રોહકમુનિ અને સ્કંદકનો સંબંધ પાંચમા અંગથી (ભગવતી સૂત્રથી)જાણી લેવો.

चरमजिणसीसतीसगमुणी, तवं छट्ठमट्ठवरिसाइ ॥
काउं मासं संलिहिअ, सक्कसामाणिओ जाओ ॥ १३५ ॥

શ્રી વીરપ્રભુનો શિષ્ય તિષ્યક નામનો મુનિ આઠ વર્ષ પર્યંત છઠ્ઠ તપ કરી તેમ માસ પર્યંત સંલેખના કરી શક્રસામાનિક દેવતા થયો. ॥ ૧૩૫ ॥

कुरुदत्तसुओ छम्मास,–मट्ठमायवणपारणायामं ॥
काउं इसाणसमो, जाओ संलिहिअ मासद्धं ॥ १३६ ॥

કુરૂદત્તસુત મુનિ, છમાસ પર્યંત અઠ્ઠમ તપના પારણે આયંબિલ કરી તથા અર્ધ-માસ સંલેખના કરી ઈશાનેંદ્રસમાન થયા. ॥ ૧૩૮ ॥

छट्ठट्ठम मासो, अद्धमासं वासाइं अठछमासा ॥
तीसगकुरुदत्ताण, तवभत्तपरिन्नपरिआया ॥ १३७ ॥

તિષ્યમુનિયે આઠ વર્ષ સુધી છઠ કર્યા અને પારણે આંબિલ કરતાં હતા કુરૂદત્ત-સુતમુનિએ છ માસ પર્યંત અઠમ કર્યાં અને અઠમ કરી પારણાને દિવસે આંબિલ કરતા હતા, અને છેવટે તિષ્યકમુનિએ એક માસનું અને કુરૂદત્તસુતમુનિએ પંદર દિવસનું અણસણ કર્યું. તિષ્ય અને કુરૂદત્ત મુનિ સંબંધી તપ 'ભક્તપરિજ્ઞા'નામના પ્રકીર્ણકથી જાણી લેવો. ॥ ૧૩૭ ॥

## 'श्रीतिष्य' नामना मुनिवरनी कथा.

શ્રી વીરપ્રભુની ધર્મદેશના સાંભળી સમૃદ્ધિવંત તિષ્ય નામના શ્રાવકે વૈરાગ્ય-વાસિત થઇ, ભાવથી તીર્થંકર પાસે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી તે મુનિએ એવો ઘોર અભિગ્રહ લીધો કે " હું જીવિતપર્યંત નિરંતર છઠ્ઠ કરી પારણે આંબિલ કરીશ." આવો ઘોર અભિગ્રહ લઈ મુનિએ પૃથ્વી ઉપર વિહાર કર્યો. પુણ્યાત્મા અને ઉપ-શમના સમુદ્ર એવા તે મુનિએ આઠ વર્ષ પર્યંત એવું ઘોર તપ કરી અંતે એક માસની સંલેખના કરી. છેવટ સમતાદિ ગુણવંત એવા તે મુનિ ઉત્કૃષ્ટ આરાધના કરી સૌધર્મ દેવલોકમાં ઇંદ્રના સામાનિક દેવતા થયા.

' श्री तिष्य' नामना मुनिवरनी कथा संपूर्ण.

## 'श्री कुरुदत्तसुत' नामना मुनिवरनी कथा.

ઉત્તમ બુદ્ધિવાળા કુરૂદત્તસુત મુનિએ પણ એવો ઘોર અભિગ્રહ લીધો કે " હું નિરંતર અઠમ કરી પારણે આંબિલ કરીશ." આવો અભિગ્રહ લઇ તે મુનિએ પૃથ્વી ઉપર વિહાર કર્યો. છ માસ પર્યંત આવા અભિગ્રહને પાળી તે મુનીશ્વરે અંતે પક્ષ

પર્યંત સંલેખના કરી. છેવટ તે શાંત અને ક્ષમાધારી મુનિ, ઈશાનેંદ્ર દેવલોકમાં મહા સમૃદ્ધિવંત સામાનિક દેવ થયા.

' શ્રી कुरुदत्तसुत ' नामना मुनिवरनी कथा संपूर्ण.

पव्वइओ जो माया–समन्निओ वीरपायमूलम्मि ॥
सो अभयकुमारमुणी, पत्तो विजयं वरविमाणं ॥ १३८ ॥

જેણે પોતાની માતા સહિત શ્રી વીરપ્રભુ પાસે દીક્ષા લીધી, તે શ્રીઅભયકુમાર મુનિ વિજય નામના પાંચમા અનુત્તર વિમાનને પામ્યા. ॥ ૧૩૮ ॥

## ' श्री अभयकुमार' नामना मुनिपुंगवनी कथा.

આ ભરતક્ષેત્રમાં કુશાગ્રપુર નામના નગરને વિષે શત્રુરૂપ હસ્તિને ત્રાસ પમાડવામાં કેશરીસિંહ સમાન પ્રસેનજિત્ નામે રાજા રાજ્ય કરતો હતો. જેના ચિત્તને વિષે જિનધર્મે સ્થિર નિવાસ કર્યો હતો એવા તે ભૂપતિના નીતિધર્મે લોકમાં અને યશસમૂહે પૃથ્વી ઉપર પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરના શાસનને વિષે અણુવ્રતધારી, કૃતાર્થ અને સમ્યક્ત્વથી પવિત્ર આત્માવાળો તે રાજા ઉત્તમ શ્રાવકધર્મ પાળતો હતો. બહુ સ્ત્રીઓ છતાં પણ તે રાજાને ઉત્તમ શીલવાળી ધારિણી નામે પટ્ટરાણી હતી. પૃથ્વીનું પાલન કરતા અને ઉગ્ર તેજવાળા તે રાજાને બીજી રાણીઓથી ઉત્પન્ન થએલા બહુ પવિત્ર પુત્રો હતા. ધારિણીએ પણ ઉત્તમ તેજવાળા, વિનયવંત, ન્યાયવંત અને બુદ્ધિવંત એવા શ્રેણિક નામના પુત્રને જન્મ આપ્યો હતો.

એકદા પ્રસેનજિત્ ભૂપતિએ રાજ્યના યોગ્યપણાથી પરીક્ષા કરવા માટે પોતાના સઘળા પુત્રોને એક સ્થાનકે બેસારી તેમને ભોજન માટે ખીરના થાળો આપ્યા. પછી સઘળા પુત્રો ભોજન કરવા લાગ્યા ત્યારે ઉત્તમ બુદ્ધિવાળા પ્રસેનજિત રાજાએ પહોળા મોઢાવાળા વાઘ સમાન કુતરાઓને છોડી મૂક્યા. કુતરાઓને ઝડપથી આવતા જોઇ બીજા કુમારો ઉઠી ગયા પણ બુદ્ધિના સ્થાનરૂપ શ્રેણિક તો જેમ હતો તેમનો તેમ બેસી રહ્યો. તે બીજા થાળોમાંથી થોડી થોડી થોડી ખીર કુતરાઓને આપી પોતે ભોજન કરવા લાગ્યો. પુત્રના આવા સાહસને જોઈ પ્રસેનજિત્ રાજા "આ જે તે ઉપાયથી બીજાઓને રોકી પોતે રાજ્ય ભોગવશે." એમ ધારી બહુ હર્ષ પામ્યો. વળી જેણે ફરી પરીક્ષા કરવા માટે પુત્રોને લાડુ ભરેલા કરંડીયા અને પાણીથી ભરેલા કોરા ઘડા આપીને કહ્યું કે, તમારે આમાંથી લાડુ ખાવા પણ કરંડીયાને ઉઘાડવા તેમજ ભાંગવા નહિ. વળી આ ઘડામાંથી પાણી પીવું પણ ઘડાનાં મોં ઉઘાડવાં નહિ તેમ નીચે છીદ્ર પાડવાં નહિ." શ્રેણિક વિના બીજો કોઇ પણ પુત્ર

લાડુ ખાઈ શકયો નહિ તેમ પાણી પી શકયો નહિ. કહ્યું છે કે બુદ્ધિસાધ્ય કાર્યને વિષે બુદ્ધિવંત પુરૂષ શું ન કરી શકે ? શ્રેણિક વારંવાર કરંડીયાને હલાવવા લાગ્યો અને તેમાંથી પડેલો લાડુનો ભૂકો ખાવા લાગ્યો વળી કુંભની નીચે ઝમવાથી મોતીની પેઠે બાઝી રહેલા પાણીને પીવા લાગ્યો. કહ્યું છે કે બુદ્ધિથી કર્યું કાર્ય નથી થતું ? આ પ્રમાણે પિતાની પરીક્ષા રૂપ સમુદ્રના પાર પામેલા શ્રેણિકને ભૂપતિ પ્રસેનજિતે પોતાના રાજ્યને યોગ્ય જાણી કુશાગ્ર નગરનો અધિપતિ ધાર્યો.

એકદા કુશાગ્ર નગરને વિષે અગ્નિનો ઉપદ્રવ થવા લાગ્યો એટલે ભૂપતિએ નગરમાં એવી ઉદ્‌ઘોષણા કરાવી કે " જેના જેના ઘરમાંથી અગ્નિ નીકળશે અર્થાત્ જેનું જેનું ઘર સળગશે તે અપરાધીને હું નગરમાંથી બહાર કાઢી મૂકીશ." એક દિવસ રસોઈયાના પ્રમાદથી રાજાના ઘરમાંથી ન બુઝાવી શકાય એવો અને દુષ્ટ શત્રુના જેવો અગ્નિ નિકળ્યો અર્થાત્ રાજાનો મ્હેલ સળગ્યો મ્હેલ બહુ બળવા લાગ્યો એટલે ભૂપતિએ પોતાના પુત્રાને કહ્યું કે " મ્હારા ઘરમાંથી જે પુત્ર જે વસ્તુ લાવશે તે વસ્તુ હું તેને આપીશ. પછી સર્વે પુત્રો પોત પોતાને ઇષ્ટ એવા અશ્વ, હસ્તિ વિગેરે વસ્તુઓ લઈ બહાર નીકળ્યા. અભયકુમાર પણ એક ભંભા લઈ બહાર આવ્યો. પ્રસેનજિત રાજાએ " આ તેં શું આણ્યું ? " એમ પૂછ્યું એટલે શ્રેણિકે ઉત્તર આપ્યો કે " હે મહિપતિ ! આ ભંભાજ રાજાઓનું મુખ્ય વિજયચિન્હ છે. એ ભંભાના મ્હોટા શબ્દથી રાજાઓને મંગલકારી એવી દિગ્યાત્રા થાય છે. માટે હે તાત ! ભૂપતિઓએ મૂખ્ય આ ભંભાનું પ્રયત્નથી રક્ષણ કરવું. શ્રેણિકનાં આવાં યુક્તિવાલાં વચન સાંભલી પ્રસેનજિત રાજાએ હર્ષથી તેનું " ભંભાસાર " એવું નામ પાડયું.

આ વખતે પ્રસેનજિત રાજા પોતાનું ( જેના ઘરમાંથી અગ્નિ નિકળશે તેને હું નગર બહાર કાઢી મૂકીશ. ) વચન ભૂલી ગયો હતો. તોપણ તેને તે વચન કયારેક યાદ આવ્યું તેથી તે વિચાર કરવા લાગ્યો કે " જો હું મ્હારૂં પોતાનું વચન નહિં પાલું તો બીજા માણસો મ્હારા વચનને કેમ પાલશે ? આમ ધારીને પરિવારયુક્ત એવા તે પ્રસેનજિત રાજાએ કુશાગ્રપુર ત્યાજી દઈ વનમાં એક ગાઉની છાવણી નાખી. આ વખતે આમ તેમ ફરતા એવા માણસો પરસ્પર કહેવા લાગ્યા કે " તમે કયાં જશો ? અમે રાજગૃહ ( રાજાના નિવાસસ્થાન ) પ્રત્યે જઇશું. " લોકોનાં આવાં વચન સાંભલી પ્રસેનજિત ભૂપતિએ તેજ ઠેકાણે કિલ્લો, ખાઇ ઘર અને મ્હેલ વડે સુંદર એવું રાજગૃહ નગર નામે પુર વસાવ્યું. " અમે રાજ્યને યોગ્ય છીએ, એવા માનધારી બીજા પુત્રો આ રાજ્યને યોગ્ય એવા શ્રેણિકની ઉપર દ્વેષ ન રાખો" એમ ધારી પ્રસેનજિત રાજા, ભંભાસાર નામના પુત્રને બોલાવતો નહિ એટલું નહિ પણ " આ રાજા થવાનો છે. " એમ ધારી પ્રસેનજિતે બીજા પુત્રાને જુદા જુદા દેશો આપ્યા અને શ્રેણિકને કાંઈ પણ આપ્યું નહિ.

પછી અપમાન થયું જાણી શ્રેણિક, પોતાના પિતાના નગરમાંથી નિકલી બેનાતટ નગરે ગયો. ત્યાં તે નગરમાં પ્રવેશ કરી શ્રેષ્ઠ ચિત્તવાળા ભદ્રશ્રેષ્ઠિની દુકાન ઉપર જાણે લાભોદયનું મૂર્તિમંત કર્મજ હોયની ? એમ બેઠો. આ વખતે તે નગરમાં કોઇ મ્હોટો ઉત્સવ ચાલતો હતો. તેથી બહુ માણસો નવિન વસ્ત્ર, આભૂષણ, અંગરાગ ધારણ કરવામાં વ્યગ્ર બની ગયા હતા. તેથી શ્રેષ્ઠી બહુ કરિયાણાની ખપત હોવાથી વ્યાકુલ બની ગયો હતો. શ્રેણિકે શ્રેષ્ઠીને કાંઇ પુટપુટયાદિ આપ્યું. તેથી શ્રેણિકના માહાત્મ્યથી શ્રેષ્ઠી બહુ ધન કમાણો. કહ્યું છે કે ભાગ્યશાલી પુરૂષોને પરદેશમાં લક્ષ્મી સહાયકારી થાય છે. શ્રેષ્ઠીએ અભયકુમારને પૂછયું. " તમે આજે કયા પુણ્યવંતાના પરોણા થયા છો. ? " શ્રેણિકે હસીને કહ્યું " હે સુંદર ! તમારાજ. " આજ રાતે સ્વપ્નમાં મે જે આનંદિત, યોગ્ય અને શ્રેષ્ઠ પુરૂષને દીઠો છે તે સાક્ષાત્ આજ છે. " એમ મનમાં વિચાર કરીને કહેવા લાગ્યો. " અહો ! હું ભાગ્યવંત છું. જે તમે મ્હારા પરોણા થશો. નિશ્ચે આ આળસુના ઘરને વિષે ગંગા નદીના આવવા જેવું થયું છે. પછી ભદ્રશ્રેષ્ઠી, દુકાન બંધ કરી શ્રેણિકને પોતાના ઘર પ્રત્યે લઇ ગયો. ત્યાં તેણે શ્રેણિકને વસ્ત્રદાનાદિ પૂર્વક વિધિથી ભોજન કરાવ્યું. પછી શ્રેણિક તે શ્રેષ્ઠીને ઘરે રહેવા લાગ્યો.

એકદા ભદ્રશ્રેષ્ઠીએ શ્રેણિકને પોતાની નંદાપુત્રી પરણવાની યાચના કરી. શ્રેણિકે કહ્યું. " અજાણ કુલવાલા મને તમે પોતાની પુત્રી કેમ આપશો ? " શ્રેષ્ઠીએ કહ્યું. " મેં તમારા ગુણોથી તમારૂં કુલ જાણ્યું છે. પછી શ્રેષ્ઠીના આગ્રહથી શ્રેણિક તેની નંદાપુત્રીને પરણ્યો. અને ધવલ મંગલ વરત્યું. પોતાની તે પ્રિયાની સાથે અનેક પ્રકારના ભોગોને ભોગવતો છતો શ્રેણિક ×નિકુંજમાં હસ્તિની પેઠે શ્રેષ્ઠીને ત્યાં રહેવા લાગ્યો.

અહીં પ્રસેનજિત રાજાએ શ્રેણિકની સર્વ હકીકત જાણી. કારણકે નરેંદ્ર ચરરૂપ નેત્રથી સહસ્રાક્ષ કહેવાય છે. પ્રસેનજિત રાજાએ, અંતકારી ઉત્પન્ન થએલા રોગથી પોતાનું મૃત્યુ પાસે આવ્યું જાણીને તુરત શ્રેણિકને પોતાની પાસે તેડી લાવવા માટે ઉંટવાલાઓને આજ્ઞા આપી, અહિં બેનાતટ ઉંટવાળા પાસેથી પોતાના પિતાને રોગ ઉત્પન્ન થએલો જાણી શ્રેણિક સ્નેહથી નંદાની આજ્ઞા લઈ તુરત ચાલી નીકલ્યો. પણ તે વખતે તેણે નંદાને " અમે રાજગૃહ નગરમાં રહેનારા પાંડુગર કુડયકા ગોપાલ ( ગોવાળ ) છીએ. " એટલા અક્ષરો લખી આપ્યા. " મ્હારા પિતાના રોગની વાત બીજા રાજાઓ ન જાણે. " એમ ધારી શ્રેણિક તુરત ઉંટડી ઉપર બેસી રાજગૃહ નગર પ્રત્યે આવ્યો. પુત્રને જોઈ હર્ષ પામેલા પ્રસેનજિત ભૂપાલે, તુરત શ્રેણિકને હર્ષનાં આંસુસહિત સુવર્ણના કુંભમાં ભરેલા જલથી રાજ્યાભિષેક કર્યો. ત્યાર પછી તે ભૂપતિ પંચ નમસ્કારનું તથા પાર્શ્વનાથ જિનેશ્વરનું સ્મરણ કરી

×લતાથી ભરપુર પ્રદેશ.

તેમજ ચાર શરણનો આશ્રય કરી દેવલોક પ્રત્યે ગયો.

હવે શ્રેણિક ભૂપતિ, પોતાના બન્ને ભુજને વિષે પૃથ્વીનો ભાર ધારણ કરવા લાગ્યો. તેમજ તેણે બેનાતટ નગરમાં ગર્ભસહિત મૂકેલી નંદા પણ દુર્વહ એવા ગર્ભને ધારણ કરવા લાગી. નંદાને એવો ડોહલો ઉત્પન્ન થયો કે " જાણે હું હસ્તિ ઉપર બેસી માણસોને ઉપકાર કરી અભય આપનારી થાઉં. " તેનો આવો ડોહલો તેના પિતાએ રાજાની વિનંતિ કરીને પૂરો કર્યો. જેમ પૂર્વ દિશા સૂર્યને પ્રગટ કરે તેમ નંદાએ પૂર્ણ અવસરે શુભ દિવસે પુત્રને જન્મ આપ્યો. માતામહે ( ભદ્ર શ્રેષ્ઠીએ ) ડોહલાના અનુસારથી પુત્રનું મહોત્સવ પૂર્વક અભયકુમાર એવું નામ પાડયું, અનુક્રમે ઉત્તમ વિદ્યાનો અભ્યાસ કરતો તે પુત્ર વૃદ્ધિ પામવા લાગ્યો. આઠ વર્ષમાં તે બોંતેર કલાનો જાણ થયો.

એકદા સરખે સરખા છોકરાઓની લડાઇ થઇ એમાં કોઇ છોકરાએ અભયને તિરસ્કાર કરીને કહ્યું કે " અરે જડ અભય ! તું બોલે છે શું ? ત્હારા પિતાને તો તું જાણતો નથી. " અભયકુમારે કહ્યું. " નિશ્ચે મ્હારો પિતા ભદ્ર શ્રેષ્ઠી છે." તેણે કહ્યું " અરે તે તો ત્હારી માનો પિતા છે. પછી અભયકુમારે ઘેર જઈ માતાને પોતાના પિતાનું સ્વરૂપ પૂછયું એટલે નંદાએ કહ્યું કે ત્હારો પિતા આ ભદ્ર શ્રેષ્ઠી છે. " ફરી અભયકુમારે " એ ભદ્ર શ્રેષ્ઠી ત્હારો પિતા છે મ્હારો નહિ. " એમ કહ્યું એટલે બહુ શોકયુક્ત થએલી નંદાએ કહ્યું " મ્હારા પિતાએ મને કોઇ પરદેશીની સાથે પરણાવી હતી. તું ગર્ભમાં આવ્યા પછી કેટલાક ઉંટવાલા પુરૂષો ત્હારા પિતા પાસે આવ્યા. પછી એકાંતમાં મ્હારી રજા લઈ તે ઉંટવાલા સાથે ત્હારા પિતા કયાંઈ ગયા છે પણ કયાં અને શા માટે ગયા છે ? તે હું નથી જાણતી. " અભયકુમારે ફરી પૂછયું. " હે માતા ! તે ગયા ત્યારે તને કાંઇ કહેતા ગયા છે ? નંદાએ " મને આટલા અક્ષરો આપતા ગયા છે " એમ કહી પુત્રને અક્ષરો દેખાડયા.

પછી અક્ષરોને જોઇ તથા વિચાર કરી હર્ષ પામેલા અભયકુમારે નંદાને કહ્યું. " હે માતા ! મ્હારો પિતા રાજગૃહ નગરનો રાજા છે. માટે હમણાં આપણે ત્યાં જઇએ. " પછી ભદ્રશ્રેષ્ઠીની રજા લઈ પરિવારયુક્ત અભયકુમાર પોતાની માતાને સાથે લઈ રાજગૃહ નગર પ્રત્યે ગયો. ત્યાં તે પોતાની માતાને બહારના ઉદ્યાનમાં બેસારી પોતે થોડા પરિવારથી રાજગૃહ નગરમાં ગયો.

હવે અહીં શ્રેણિક રાજાએ વિદ્વાન અને ચતુર એવા ચારસોને નવાણું મંત્રીઓ એકઠા કર્યા હતા અને પૂર્ણ પાંચસો મંત્રી બનાવવાને કોઇ એક ઉત્તમ પુરૂષની દેશમાં શોધ કરતો હતો. તેણે મંત્રીની પરીક્ષા માટે પોતાના હાથની વિંટી જલરહિત કુવામાં નાખી નગરવાસી જનોને એવી આજ્ઞા કરી કે " જે પુરૂષ આ કુવાના કાંઠે જ ઉભો રહી મુદ્રિકા લેશે તેને હું મ્હારૂં સર્વ મંત્રીઓને વિષે મુખ્ય એવું પ્રધાનપદ આપીશ." નગરવાસી લોકોએ પણ કહ્યું કે " એ કુવામાંથી મુદ્રિકા

ખેંચી લેવી એ દુષ્કર કામ અમારાથી બનવું અશકય છે. પછી ત્યાં અભયકુમાર આવ્યો તેણે તે વાત કુવા પાસે ઉભેલા માણસો પાસેથી જાણી હાસ્યપૂર્વક તેમને કહ્યું. "હે લોકો ! શું તે દુષ્કર છે કે એ વિંટી ગ્રહણ કરાતી નથી? લોકોએ કહ્યું. એ મુદ્રિકાને તું હાથમાં પહેરી શીઘ્ર અર્ધરાજ્ય, રાજકન્યા અને મુખ્યમંત્રીપદ સ્વીકાર. પછી બુદ્ધિમંત અભયકુમારે કૂવાના કાંઠા ઉપર રહીને કુવામાં રહેલી વિંટી ઉપર લીલું છાણ નાખ્યું, અને ઘાસનો પુળો સલગાવી તેના ઉપર ફેંકયો. તેથી તે છાણ તુરત સૂકાઇ ગયું. પછી બીજા કુવામાંથી નીકવાટે તે કુવામાં જલ ભર્યું, જેથી સૂકાઈ ગએલું છાણું વિંટી સહિત ઉપર આવ્યું. અભયકુમારે તરતા છાણાને હાથમાં લઈ તેમાંથી વિંટી કાઢી લીધી. કહ્યું છે કે બુદ્ધિરૂપ ધનવાલા પુરૂષોએ કરેલા ઉપાયને શું દુષ્કર છે? રક્ષક પુરૂષોએ આ વાત શ્રેણિક ભૂપતિને કહી, તેથી તેણે આશ્ચર્ય પામીને તુરત હર્ષથી અભયકુમારને પોતાની પાસે બોલાવ્યો. શ્રેણિક ભૂપતિએ પુત્રની પ્રતીતિથી અભયકુમારને આલિંગન કર્યું. કારણ કે અજાણ એવાય પણ બંધુને જોવાથી મન ખુશી થાય છે. "તું કયાંથી આવ્યો છું? એમ શ્રેણિકે અભયકુમારને પૂછયું એટલે અભયકુમારે કહ્યું કે "હે વિભો! હું બેનાતટ નગરેથી આવ્યો છું." શ્રેણિકે કહ્યું. "ત્યાં પ્રખ્યાત એવો ભદ્ર શ્રેષ્ટી અને તેની ગુણરત્નની ભૂમિરૂપ નંદા નામની પુત્રી છે કે?' અભયકુમારે "હા ત્યાં ભદ્રશ્રેષ્ટી રહે છે." એમ કહ્યું એટલે ફરી શ્રેણિકે પૂછયું. "તે ધન્ય એવી નંદાને કંઇ સંતાન છે?" પ્રસન્ન ચિત્તવાલા અભયકુમારે કહ્યું. "નંદાએ અભયકુમાર નામના પુત્રરત્નને જન્મ આપ્યો છે." શ્રેણિકે ફરીથી "તે કેવા રૂપવાલો તથા કેવા ગુણવાલો છે?" એમ પૂછયું એટલે અભયકુમારે કહ્યું કે "હે સ્વામિન્! મને તે નંદાનો પુત્ર અભયકુમાર આપ જાણો." પુત્રનાં આવાં વચન સાંભલી ભૂપતિએ પુત્રને સ્નેહથી આલિંગન કરી, મસ્તક સુંઘી હર્ષથી ખોળામાં બેસાડયો અને પછી પૂછયું કે "હે વત્સ! ત્હારી માતા કુશલ છે?" અભયકુમારે હાથ જોડીને કહ્યું. ભમરીની પેઠે આપના ચરણ કમલનું સ્મરણ કરતી તે મ્હારી માતા હમણાં આ નગરના બહારના ઉદ્યાનમાં સમાધિથી બેઠી છે."

પછી શ્રેણિકે આનંદથી નંદાને તેડી લાવવા માટે સર્વ સામગ્રી કરી અભયકુમારને આગલથી મોકલ્યો. અને પોતે પણ બહુ ઉત્સાહ ધરતો જેમ પદ્મિની સામે મરાલ જાય તેમ નંદાની સામો ગયો. ભૂપતિએ ઉદ્યાનમાં કાજલરહિત નેત્રવાલી, સુકાઈ ગએલા ગાલ ઉપર લટકતા કેશવાલી, મલીનવાલને ધારણ કરતી, હાથમાંથી નિકલી જતા કંકણવાલી, દુર્બલ અને પડવાના ચંદ્રની કલાના સમાનપણાને ધારણ કરતી એવી નંદાને હર્ષથી બહુકાલે દીઠી. શ્રેણિક મધુર વચનથી નંદાને આનંદ પમાડી પોતના ઘર પ્રત્યે લઇ ગયો. ત્યાં રામે નિર્મલ એવી સીતાની પેઠે તેણે નંદાને પટ્ટરાણી પદ આપ્યું

પછી શ્રેણિક રાજાએ અભયકુમારને અર્ધા રાજ્યસહિત મુખ્ય પ્રધાન પદ આપ્યું. ઉત્તમ બુદ્ધિવંત એવા અભયકુમારે પણ પોતાના પિતા ઉપર બહુ ભક્તિ ધારણ કરતાં છતાં દુ:સાધ્ય એવા દેશોને પોતાના કબજે કર્યા. પછી શ્રેણિક ભૂપતિ રાજ્યની ચિંતાના તાપને ત્યજી દઈ દેવેંદ્રની પેઠે કેવલ નંદાની સાથે ભોગ ભોગવવા લાગ્યો.

એકદા ઉજ્જયિની નગરીનો ચંડપ્રદ્યોતન રાજા રાજગૃહ નગરને બહુ રાજ્ય સંપત્તિથી યુક્ત માની તેના ઉપર ચઢી આવ્યો. મુકુટબદ્ધ ચૌદ રાજાઓ સહિત યુદ્ધ કરવા ચઢી આવેલા ચંડપ્રદ્યોતન રાજાને સાંભલી શ્રેણિક ભૂપતિ વિચાર કરવા લાગ્યો કે " સેનાથી પ્રબલ એવા ચંડપ્રદ્યોતન રાજાને અલ્પસેનાવાળો હું શી રીતે જીતી શકીશ ? શ્રેણિક આ પ્રમાણે વિચાર કરી સુધાથી મધુર એવી દ્રષ્ટિથી ઔાત્પાતિકી આદિ ચાર બુદ્ધિના ભંડાર રૂપ અભયકુમાર સામું જોઈ કહેવા લાગ્યો. કે "હવે શું કરવું ? નિર્ભય એવા અભયકુમારે કહ્યું. " હે તાત ! ચંડપ્રદ્યોતનના ચઢી આવવાથી તમારે ચિંતા શી છે ? બુદ્ધિથી સાધી શકાય એવા કાર્યમાં લડાઇની વાત વૃથા છે. હું એવી બુદ્ધિ પ્રેરીશ કે જેથી તમારો જય થશે.

પછી અભયકુમારે શત્રુના નિવાસ સ્થાનની ભૂમિમાં ગુપ્ત રીતે સોના મ્હોરો ભરેલા બહુ પાત્રો દટાવ્યાં. ત્યાર પછી ચંદ્રની પેઠે ચંડપ્રદ્યોતન ભૂપતિએ સૈન્યથી રાજગૃહ નગરને ઘેરી લીધું. પછી અભયકુમારે મધુર ભાષણવાલા ગુપ્ત પુરૂષની સાથે ચંડપ્રદ્યોતન રાજાને તુરત કાગલ મોકલ્યો કે " હું શિવાદેવી અને લક્ષ્મણા વચ્ચે જરા પણ અંતર રાખતો નથી. આપ શિવાદેવીના પતિ હોવાથી મ્હારે માન્ય છો. માટે જ હે માલવનાથ ! હું આપને ગુપ્ત રીતે ખબર આપું છું કે " નિશ્ચે શ્રેણિક રાજાએ તમારા ચૌદે રાજાઓને દ્રવ્ય આપી ફોડી નાખ્યા છે. હે રાજન્ શ્રેણિક રાજાએ તમારા રાજાઓને વશ કરવા માટે તેમને સોનામોહોરો મોકલી છે. જેથી તે રાજાઓ તે દ્રવ્ય અંગીકાર કરી તમનેજ બાંધી (શ્રેણિક રાજા)ને સોંપશે. અને તેજ માટે તેઓએ પોત પોતાના મકાનમાં સોના મોહોરોનાં પાત્રો દાટેલાં છે. હું આ સત્ય કહું છું. છતાં જો આપને વિશ્વાસ ન હોય તો તેઓનાં મકાન જોવાં." ચંડપ્રદ્યોતને આ સમાચાર સાંભલી તુરત એક ભૂપતિના મકાનમાં તપાસ કર્યો જેથી સોનામ્હોરો નિકલી. ચંડપ્રદ્યોતન સોનામ્હોરો જોઇ તુરત નાસી ગયો. ચંડ પ્રદ્યોતન નાસી ગયો એટલે તેની સેના રૂપ સમુદ્રને મંથન કરી શ્રેણિક રાજાએ અશ્વાદિ સર્વ સારવસ્તુ લઈ લીધી. ચંડપ્રદ્યોતન રાજા તો વેગવાન અશ્વ ઉપર બેસી જીવ લઈને નાસી ગયો અને ઝટ પોતાના પુરમાં પેઠો. પાછલ કેટલાક મુકુટબદ્ધ રાજાઓ અને મહારથીએ પણ નાસી ગયા. જેથી નાયક વિનાનું સૈન્ય પણ તેવુંજ કરવા લાગ્યું. છત્રવિનાના મસ્તકવાલા, બખતર વિનાના અને કપાયલા કેશવાલા તે સર્વે પુરૂષો પણ ચંડપ્રદ્યોતન રાજાની પાછલ ઉજ્જયિની

નગરીમાં જતા રહ્યા. પછી ચૌદ મુકુટબુદ્ધ રાજાઓએ ચંડપ્રદ્યોતન ભૂપતિને કહ્યું કે " નિશ્ચે એ અભયકુમારે કપટ કર્યું હતું. અમે એવું કામ કરનારા નથી. " એમ કહી તેઓએ સોગન ખાઇ ઉજ્જયિનિના પતિને વિશ્વાસ ઉપજાવ્યો. પછી ચંડપ્રદ્યોતને ક્રોધ કરીને સભા મધ્યે કહ્યું કે જે અભયકુમારને બાંધી મને સોંપે તેને હું બહુ દ્રવ્ય આપીશ. " આ વખતે ત્યાં કોઇ ગણિકાએ હાથ ઉંચો કરી ભૂપતિને કહ્યું કે " હે સ્વામિન્ ! એ કાર્ય કરવામાં હું નિપુણ છું. " ચંડપ્રદ્યોતને તેણીને કહ્યું. " તું એ કાર્ય કર અને તે કાર્ય કરવામાં ત્હારે દ્રવ્યાદિકની જે કાંઇ સહાય જોઇતી હોય તે હમણાં કહે કે તે હું તને આપું. " ગણિકાએ વિચાર્યું જે અભયકુમાર બીજા કોઇ પણ ઉપાયથી પકડી શકાય તેવો નથી માટે હું ધર્મછલ કરી મ્હારૂં પોતાનું કાર્ય સાધું. " આમ ધારી તેણીએ ચંડપ્રદ્યોતન પાસે પોતાના સ્વરૂપવાલી બે સ્ત્રીઓ માગી. ચંડપ્રદ્યોતને પણ તેવી બન્ને સ્ત્રીઓ ગણિકાના સ્વાધિનમાં કરી તેણીને બહુ દ્રવ્ય આપ્યું.

પછી બુદ્ધિવંત એવી તે ત્રણે સ્ત્રીઓ બહુ પ્રયત્નથી શાસ્ત્રોનો અભ્યાસ કરી જૈનધર્મમાં પ્રવીણ થઈ. ત્યારપછી તેઓ માયાવૃત્તિથી અભયકુમારને છેતરવા માટે તુરત રાજગૃહ નગર પ્રત્યે ગઇ. ત્યાં તે ગણિકા પોતાની સખીઓ સહિત બ્હારના ઉદ્યાનમાં નિવાસ કરી રાજગૃહ નગરમાં ચૈત્યવંદન કરવા માટે જિનમંદિરે ગઇ. ઉત્તમ આભૂષણાદિથી સુશોભિત એવી તે ગણિકા પોતાની બન્ને સખિઓ સહિત, શ્રેણિક ભૂપતિએ કરાવેલા જિનમંદીરમાં ત્રણ નિસિહિ કરીને પેઠી. વિધિ પ્રમાણે જિનપૂજન કરીને ગણિકા માલકોષાદિ રાગથી ચૈત્યવંદન કરવા લાગી. આ વખતે અભયકુમાર પ્રભુને વંદના કરવા માટે ત્યાં આવ્યો તો તેણે પોતાની નજીક સખીઓસહિત ચૈત્યવંદન કરીને જેટલામાં ઉભી રહે છે તેટલામાં ભાવથી દેદીપ્યમાન એવો અભયકુમાર તેણીની પાસે આવ્યો અને તેણીના તેવા ઉત્તમ વેષ, તેવાજ ઉપશમ અને તેવીજ ભાવનાનું હર્ષથી વખાણ કરવા લાગ્યો. વળી તે અભયકુમાર ગણિકાને કહેવા લાગ્યો કે " હે ભદ્રે ! તમારા સરખા સાધર્મિકનું આવવું તો ભાગ્યથીજ થાય છે. આ સંસારમાં વિવેકી પુરૂષોને સાધર્મિક વિના બીજું કોઈ બંધુરૂપ નથી તમે કોણ છો ? શા માટે આવ્યાં છો ? તમારૂં નિવાસસ્થાન ક્યાં છે ? અને આ તમારી સાથે રહેલી બન્ને સ્ત્રીઓ કોણ છે ? કે જેનાથી તમે સ્વાતિ અને અનુરાધાથી યુક્ત એવી ચંદ્રકલાની પેઠે શોભો છો ?" ગણિકાએ કહ્યું. " હું ઉજ્જયિની નગરીના રહેવાસી મ્હોટા શ્રેષ્ઠીની સ્ત્રી છું અને પૂર્વ ભવના દુષ્ટ કર્મોદયથી વિધવા થઇ છું. હે મંત્રિન્ ! આ બન્ને સ્ત્રીઓ પણ મ્હારા પુત્રની પ્રિયા છે. તે બન્ને જણીઓ પણ દુર્દૈવયોગથી વૃક્ષ ભાગી પડવાથી લતાની પેઠે વિધવા થઇ છે. વિધવા થયા પછી તે બન્ને જણીઓએ ચારિત્ર લેવાની મ્હારી પાસે રજા માગી. કારણ કે સતી એવી વિધવા સ્ત્રીને ચારિત્ર એજ શરણ છે. તે વખતે મેં પણ એમ કહ્યું કે

પુત્ર વિનાની હું પણ ચારિત્ર લઇશ. પરંતુ પ્રથમ ઉત્તમ તીર્થોની યાત્રા કરી મનુષ્ય ભવનું ફળ ગ્રહણ કરીએ. કારણ દ્રવ્યથી નહિ પણ ભાવથી કરેલી જિનેશ્વરની પૂજા નિશ્ચે વ્રતને વિષે જોડે છે. આવા વિચારથીજ હું એ બન્ને સ્ત્રીઓ સહિત તીર્થયાત્રા કરવા નિકળી છું."

અભયકુમારે કહ્યું. "જો એમ છે તો તમે આજે મ્હારા પરોણા થાઓ. કારણ સાધર્મિની પરોણાગત કરવી એ તીર્થથી પણ પવિત્ર છે." ગણિકાએ કહ્યું. "આપે બહુ સારૂં કહ્યું. પરંતુ આજે અમે તીર્થોપવાસ કર્યો છે તો તમારા પરોણા શી રીતે થઇએ ?" તેણીઓની આવી નિષ્ટાથી હર્ષ પામેલા અભયકુમારે ફરીથી કહ્યું. "તો તમારે કાલે સવારે મ્હારા ઘર પ્રત્યે આવવું." વેશ્યાએ કહ્યું. દેહ ક્ષણભંગુર હોવાથી પ્રાણીઓનો જન્મ ક્ષણમાત્રમાં પૂર્ણ થઇ જાય છે. તો "હું અમુક કામ કાલે કરીશ." એમ કયો બુદ્ધિવાન કહે ? અભયકુમાર "હમણાં એમ હો. હું ફરીથી કાલે સવારે તમારૂં આમંત્રણ કરીશ." એમ કહી તેઓને રજા આપી પોતે જિનેશ્વરને વંદનાદિ કરી ઘરે આવ્યો.

બીજે દિવસે અભયકુમાર, તે ત્રણે જણીઓને પોતાને ત્યાં બોલાવીને પોતાના ઘર દેરાસર પ્રત્યે વંદના કરવા તેડી ગયો. ત્યારપછી તેણે ઉત્તમ વસ્તુના ભેટણા પૂર્વક ભોજન કરાવ્યું બીજે દિવસે તે ગણીકાએ પણ પ્રમાણીભૂત થઇ જઇને અભિયોગથી અભયકુમારને નિમંત્રણ કર્યું. કહ્યું છે કે સાધર્મિકે નિમંત્રણ કરેલા તેવા માણસો શું શું નથી કરતા ? વેશ્યાએ પણ અદ્દભૂત એવા નાના પ્રકારના ભોજનથી અભયકુમારને ભોજન કરાવ્યું, અને ભોજનની અંદર પીવા માટે ચંદ્રહાસ નામની મદીરા આપી. ભોજન કરી રહ્યા પછી તુરત મદીરાના નીશાથી વ્યાપ્ત થવાથી સૂઈ ગએલા અભયકુમારને વેશ્યા પોતાના નગર પ્રત્યે લઇ ગઇ. ત્યાં તેણીએ ચંડપ્રદ્યોતનને અભયકુમાર સોંપી તેને લાવવાનું સર્વ વૃત્તાંત કહ્યું. ચંડપ્રદ્યોતને તે વેશ્યાને કહ્યું. "તેં આ સારૂ કર્યું નહિ જે એ વિશ્વાસી માણસને ધર્મના દંભથી છેતરી અહિં આણ્યો." વળી ઉત્તમ બુદ્ધિવાળા અને નિતિના જાણ એવા તેણે અભયકુમારને પણ કહ્યું કે "હે અભયકુમાર ? બીલાડી જેમ પોપટને ખેંચી આણે તેમ આ વેશ્યા તને અહિં ખેંચી લાવી છે." અભયકુમારે કહ્યું. "જેનો આવી બુદ્ધિથીજ રાજધર્મ ચાલે છે, તે તો તું પોતેજ છે." અભયકુમારના આવા વચનથી કોપ પામેલા તથા લજ્જા પામેલા ચંડપ્રદ્યોતને અભયકુમારને પોપટની પેઠે લાકડાના પાંજરામાં ઘાલ્યો.

હવે ચંડપ્રદ્યોતન રાજાને ત્યાં શિવાદેવી રાણી, અગ્નિભીરૂ રથ, અનલગિરિ હસ્તિ અને લોહજંઘ ટપાલી એ ચાર રત્ન હતાં. મહારાજા ચંડપ્રદ્યોતન લોહજંઘને કાંઇ કાર્ય પ્રસંગે વારંવાર ભૃગુકચ્છ (ભરૂચ) મોકલતો હતો. એકદા ભૃગુકચ્છના રાજાએ પોતાને ત્યાં આવેલા લોહજંઘને જોઇ વિચાર્યું કે "આ લોહજંઘ એક દિવસમાં પચીશ યોજન જાય છે અને તે વારંવાર એક બીજાના સમાચાર લાવે

છે, માટે હું તેને મારી નાખું." આમ ધારી તેણે લોહજંઘને માર્ગમાં ભાથા માટે વિષવાળા મોદક આપ્યા. લોહજંઘે પણ તે મોદક લઈ પોતાની પાસે રહેલું પહેલાનું ભાથુ ફેંકી દીધું. પછી તે ત્યાંથી પોતાની નગરી તરફ જવા નિકળ્યો. કેટલોક માર્ગ ઉલ્લંઘન કર્યા પછી લોહજંઘ એક નદીને કાંઠે ભાથું ખાવા બેઠો. ત્યાં તેને અપશુકન થયા તેથી તે ત્યાંથી ઉઠી આગળ ચાલ્યો. બહુ ભુખ લાગી હોવાથી તે કેટલેક દૂર જઇ વળી ખાવા બેઠો ત્યાં પણ તેને અપશુકને ભોજન કરતાં નિવાર્યો. આ પ્રમાણે તે ભોજન કર્યા વિનાજ ઉજ્જયિની નગરી પ્રત્યે આવ્યો ત્યાં તેણે સર્વ વાત ચંડપ્રદ્યોતન ભૂપતિને નિવેદન કરી. પછી ચંડપ્રદ્યોતને પણ અભયકુમારને બોલાવી તે વાત પૂછી એટલે બુદ્ધિમાન એવા અભયકુમારે તે મોદક ભરેલી ચામડાની કોથળી સુંઘીને કહ્યું કે "આમાં દ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થએલો દૃષ્ટિવિષ સર્પ છે. માટે જે પુરૂષ તે કોથળીને ઉઘાડશે, તે પુરૂષ નિશ્ચે ભસ્મીભૂત થશે. તેથી તે કોથળીને વનમાં અવળે મોઢે ઉભા રહી છોડી દેવી." અભયકુમારે આમ કહ્યા છતાં પણ લોહજંઘે વનમાં સવળા મુખે ઉભા રહી કોથળી છોડી દીધી. જેથી પાસેના વૃક્ષો ભસ્મીભુત થઇ ગયાં અને લોહજંઘ મૃત્યુ પામ્યો. ચંડપ્રદ્યોતન ભૂપતિએ અભયકુમારને કહ્યું કે "તું મ્હારી કેદથી છુટવા વિના બીજું કોઇપણ વરદાન માગ." અભયકુમારે કહ્યું. "તે વરદાન હમણાં ભંડારે રાખો."

હવે ચંડપ્રદ્યોતન રાજાને અંગારવતી રાણીથી ઉત્પન્ન થએલી વાસવદત્તા નામની ઉત્તમ રૂપવાળી પુત્રી હતી. ભૂપતિએ તેને ફક્ત એક ગાંધર્વી કળા વિના બાકીની સર્વ કળાઓનો ગુરૂ પાસે અભ્યાસ કરાવ્યો હતો. એક દિવસ ચંડપ્રદ્યોતન ભૂપતિએ અભયકુમારને પૂછ્યું કે "કોઇ એવો પુરૂષ છે કે જે સર્વ ગંધર્વ કલાનો જાણુ હોય ?" અભયકુમારે કહ્યું સર્વ પ્રકારની ગંધર્વ કળાના જાણ પુરૂષોમાં પણ મૂખ્ય એવો અને જાણે સાક્ષાત્ તુંબરૂ પોતેજ હોયની ? એવો ઉદાયનકુમાર હમણાં ગંધર્વકળામાં ઉત્તમ સંભળાય છે. કોઈ પણ ગંધર્વકલા તેને નથી આવડતી એમ નથી. યૌવનાવસ્થાવાળો તે રાજકુમાર હસ્તિઓને મોહ પમાડી બાંધી લે છે. ઉદાયન કુમારના ગીતથી મોહ પામેલા ગજેંદ્રો પણ જાણે સ્તંભિત થઈ ગયા હોયની ? એમ પોતાને થએલા બંધનને નથી જાણતા. જેવી રીતે તે રાજકુમાર વનમાં ગીત પ્રયોગથી હસ્તિઓને બાંધે છે તેવી રીતે તે રાજકુમારને બાંધવાનો તથા અહિં લાવવાનો પણ તેજ ઉપાય છે. તે એકે યંત્રના પ્રયોગથી ઉભા રહેવાની, ચાલવાની તથા સુંઢ વાળી ટુંકી કરવાની ક્રિયા કરતો હોય તો તેવો તે વનમાં સાચાના સરખો એક કપટહસ્તિ બનાવવો." પછી ચંડપ્રદ્યોતને "બહુ સારૂં બહુ સારૂં" એમ કહ્યું એટલે અભયકુમારે તે વનમાં સાચા હસ્તિથી પણ અધિક ગુણવાલો એક કપટહસ્તિ બનાવ્યો. વનેચર લોકો સુંઢને લાંબી ટુંકી કરવી, વૃક્ષને દંતપ્રહાર કરવો ઇત્યાદિ ચેષ્ટાથી તે ગજેંદ્રને સાચો

માનવા લાગ્યા, તેથી તેઓએ ઉદાયન કુમાર આગલ વનમાં હસ્તિ આવ્યાની વાત કહી. ઉદાયન કુમાર પણ હસ્તિને બાંધવા માંટે તે વનમાં આવ્યો. પોતાના માણસોને ચારે બાજુએ રાખી પોતે વનની અંદર તે કપટહસ્તિની નજીકમાં આવી કિન્નર સમાન ઉત્તમ સ્વરથી ગાયન કરવા લાગ્યો. જેમ જેમ ઉદાયન કુમાર અમૃતસમાન મધુર ગીત ગાવા લાગ્યો. તેમ તેમ હસ્તિના પગ, સુંઢ, મુસ્તક ઈત્યાદિ સ્થાનકે રહેલા પુરૂષો ઓછી ચેષ્ટા કરવા લાગ્યા. પછી પોતાના ગીતથી મોહ પામેલા હસ્તિને જાણી બહુ હર્ષ પામેલો ઉદાયન કુમાર ધીમે ધીમે હસ્તિની પાસે આવ્યો અને એક વૃક્ષ ઉપર ચડીને ત્યાંથી છલંગ મારી જેટલામાં ગીતથી સ્તબ્ધ થએલા હસ્તિ ઉપર બેઠો તેટલામાં હસ્તિના ઉદરમાંથી નિકલીને ચંડપ્રદ્યોતન રાજાના પુરૂષોએ તે ઉદાયન કુમારને નીચે પાડી બાંધ્યો. જો કે ઉદાયન કુમાર બહુ શૂરવીર હતો તો પણ ચતુર અને અવસારના જાણુ એવા તેણે એકલો અને શસ્ત્રરહિત હોવાથી કાંઇપણ પુરૂષાર્થ પ્રગટ કર્યું નહિ. સુભટોએ ઉદાયન કુમાર ચંડદ્યોતનને સોંપ્યો એટલે અવંતિપતિએ ઉદાયનકુમારને કહ્યું કે " તું પોતાની ગાંધર્વકલા મ્હારી એક નેત્રવાલી પુત્રીને શિખવાડ અને મ્હારા ઘરે સુખે રહે. જો એમ નહીં કરે તો પકડાયલા એવા ત્હારૂં જીવિત મ્હારા હાથમાં છે. " ચંડપ્રદ્યોતનનાં આવાં વચન સાંભલી ઉદાયન કુમારે વિચાર્યું જે" હમણાં તેની પુત્રીને ભણાવતો છતો હું કાલ નિર્ગમન કરૂં. કારણ કે જીવતો માણસ નિશ્ચે ભદ્ર પામે છે. " આવી રીતે મનમાં વિચાર કરીને બુદ્ધિવંત અને અવસરના જાણુ એવા વત્સરાજે અવંતિપતિના વચનને માન્ય કર્યું.

ચંડપ્રદ્યોતન ભૂપતિએ ઉદાયનકુમારને એમ સમજાવ્યો કે " મ્હારી પુત્રી એક આંખે કાણી છે, તેથી ત્હારે તેને જોવી નહીં કારણ કે તેથી તે શરમાય. વલી તેણે પોતાની પુત્રીને પણ સમજાવી કે ત્હારે ગંધર્વ વિધિના જાણુ એવા ઉદાયનકુમારને જોવો નહીં કારણ કે તે કોઢીયો છે. " વત્સરાજ પડદામાં રહેલી વાસવદત્તાને ભણાવવા લાગ્યો. પણ અવંતિપતિએ છેતરેલાં તે બન્ને જણાં પરસ્પર એક બીજાને જોતાં નથી.

એકદા વાસવદત્તા વિચારવા લાગી કે " આ ઉદાયન કુમાર કેવો હશે ?" આવી રીતે વિચાર કરતી તે વ્યગ્રચિત્તવાલી બની ગઇ, જેથી તે ઉદાયનકુમારના બતાવ્યાથી વિરૂદ્ધ ભણવા લાગી. કહ્યું છે કે ભણવું એ સ્થિર ચિત્તનું છે. આ વખતે ઉદાયનકુમારે તે રાજપુત્રીનો તિરસ્કાર કર્યો કે " અરે કાણી ! શું મેં તને આવું ખોટું શીખવાડયું છે ? તું શીખવાડેલાને કેમ ભૂલી જાય છે ?" ઉદાયનકુમારના આવા તિરસ્કારથી ઉત્પન્ન થએલા ક્રોધવાલી વાસવદત્તાએ કહ્યું. " અરે કોઢીયાના શિરોમણિ ! તું મને કાણી કેમ કહે છે ? " ઉદાયન કુમારે વિચાર્યું જે " જેવો હું કોઢીયો છું, તેવી તે કાણી છે. માટે હવે હું તેણીને જોઉં." આમ ધારી તેણે વચેનો પડદો ફાડી નાખ્યો તો ચંદ્રલેખા સમાન ચંડપ્રદ્યોતનની પુત્રી તેના જોવામાં આવી. પ્રફુલ્લિત નેત્રવાળી વાસવદત્તાએ પણ કામદેવ સમાન મનોહર

અંગવાળા તે ઉદાયન કુમારને દીઠો. વત્સરાજ વાસવદત્તાને જોઇને અને વાસવદત્તા વત્સરાજને જોઇને પરસ્પર બન્ને જણાઓ એક બીજા ઉપર સુખસૂચક અનુરાગ ધરવા લાગ્યાં.

વાસવદત્તાએ કહ્યું. " હે સુભગ ! ધિક્કાર છે ધિક્કાર છે મને, જે હું પિતાએ છેતરવાથી આટલા કાલ સુધી નિર્દુષિત એવા તમને હું જોઇ શકી નહીં. હે ભૂપતિ ! તમે મને સર્વ ગાંધર્વ કલાઓ શિખવાડી છે, તે તમારે અર્થેજ ફલીભૂત થશે. તે એવી રીતે કે તમે આજથી મ્હારા પતિ છો. " ઉદાયન કુમારે કહ્યું. " હે પ્રિયે ! ત્હારા પિતાએ મને પણ તું કાણી છે, " એમ કહી મને છેતર્યો છે. અને તેથીજ હું વિશ્વને સુખ આપનારી તને અટલા દિવસ જોઇ શકયો નથી. " હે કાંતે ! હવે આપણા બન્નેનો યોગ અહિં રહ્યા છતાં થાઓ. અવસર આવે જેમ કૃષ્ણે રૂક્ષ્મણીનું હરણ કર્યું હતું તેમ હું ત્હારૂં હરણ કરીશ. " આવી રીતે પરસ્પર વાતો કરતા એવા તે બન્ને જણાનો જેવી રીતે મનોયોગ થયો હતો તેવી રીતે કાયયોગ પણ થયો. વાસવદત્તાને વિશ્વાસના પાત્ર રૂપ કાંચનમાલા નામે ચતુર ધાવ માતા હતી તે તેઓનું સર્વ ચરિત્ર જાણતી હતી. નિરંતર એક કાંચનમાલા દાસીથી સેવન કરાતા તે બન્ને જણાએ ગુપ્ત રીતે કેટલોક કાલ નિર્ગમન કર્યો.

એકદા ચંડપ્રદ્યોતન રાજાનો અનલગિરિ હસ્તિ આલાનસ્તંભને ઉખેડી નાખી તથા માવતને પૃથ્વી ઉપર પાડી દઈ મરજી માફક ભ્રમણ કરતો છતો નગરવાસી જનોને ક્ષોભ પમાડવા લાગ્યો. પછી ચંડપ્રદ્યોતન ભૂપતિએ " આ હસ્તિને શી રીતે વશ કરેવો ? " એમ અભયકુમારને પૂછ્યું એટલે તેણે કહ્યું કે " હે રાજન્ ! જો એ અનલગિરિ હસ્તિની આગલ ઉદાયન કુમાર ગીત કરે તો એ હસ્તિ વશ થાય. " પછી અવંતિપતિની આજ્ઞાથી ઉદાયન કુમાર વાસવદત્તા સહિત અનલગિરિની આગલ મધુર સ્વરથી ગાયન કરવા લાગ્યો. ઉદાયન કુમારના ગીતથી આકર્ષણ થએલા અનલગિરિ હસ્તિને બાંધે છતે ચંડપ્રદ્યોતને ફરીથી અભયકુમારને વરદાન આપવાનું કહ્યું. તે પણ તેણે ભંડારે રાખવાનું કહ્યું.

એક વખત ઉજાણી નિમિત્તે નાગરિક તથા જનાના સાથે રાજા બગીચામાં ગયો. પછી યૌગંધરાયણ મંત્રી માર્ગમાં વત્સરાજને છોડાવવાની કલ્પનાનો વિચાર કરતો ચાલતો હતો. બુદ્ધિવૈભવના તરંગોને અન્તઃકરણમાં ગુપ્ત રાખવા અસમર્થ એવો યૌગંધરાયણ મંત્રી બોલ્યો કે, જે મનમાં હોય તે ઘણું કરીને વચનમાં પણ હોય છે. આ યૌગંધરાયણ ઉદાયનનો ગુપ્ત હિતૈષી થઇને ચંડપ્રદ્યોત રાજાની પાસે મંત્રી થયો. 'અતિશય સૌંદર્યવાલી તને આ યૌગંધરાયણ હરણ કરતો નથી. પણ રાજાને માટે હું હરણ કરૂં છુ.' આવું કટુ વચન સાથે ચાલનાર ચંડપ્રદ્યોતન રાજાએ સાંભળીને ક્રોધથી રક્ત નેત્ર થઇ યૌગંધરયણ ઉપર કોપાયમાન થયો. આકાર ચેષ્ટાદિથી આશયના જાણકાર યૌગંધરાયણે માલવાધિપતિ ચંડપ્રદ્યોતન રાજા આપણા ઉપર

ક્રોધાયમાન થયો છે આમ તરત જાણ્યું. પછી બુદ્ધિમાન્ યોગંધરાયણે પોતાનું કૌશામ્બીશ્વરનું આધીનપણું ત્યાગવા માટે ઉપાય કર્યો. મુડદા જેવો વિકૃત થઇને નિશ્ચેષ્ટિત ઉભો રહી લજ્જાનો ત્યાગ કરી ભૂતબાધાદિ થઈ છે, આવો બન્યો ત્યાર પછી રાજાએ મંત્રિને પિશાચ વલગ્યું છે. આમ જાણી હસ્તિપક જેમ હાથીને વાળે છે, તેમ ક્રોધને વાળ્યો ત્યાર બાદ પ્રદ્યોતન રાજાએ નવું ગંધર્વોનું કૌશલ્ય જોવા સારૂ ઉત્કંઠિત થઈ, વત્સરાજને અને પોતાની પુત્રીને બોલાવી એટલામાં કૌશામ્બીના રાજાના પુત્ર ઉદાયને વાસવદત્તાને કહ્યું. હે સુંદરિ ! આ સમય આપણને જવાને યોગ્ય છે. અને અતિશય વેગવાલી એવી એક હાથણી લાવીને ઉપર વાસવદત્તાને બેસાડી હાથીણી ચાલી. હાથીણી ઉપર આસ્તરણ પાથરીને બંધનના અવસરે હાથીણી બોલી, તે સાંભલીને અંધેદૈવજ્ઞે કહ્યું કે હાથીણીના ઉપર આસ્તરણ નાંખીને બંધન સમયે જો હાથીણી બોલે તો સો યોજન જઇને હાથીણી અવશ્ય મરશે. પછી ઉદાયનના હુકમથી વસંતક નામા એક હાથી લાવ્યો. અને તેના ઉપર હસ્તિનીના મૂતરના ચાર ઘડા બે પાર્શ્વે બાંધ્યા. કાંચનમાલા દાસી, વાસવદત્તા અને ઉદાયન હાથમાં વીણા લઇને હાથીની ઉપર બેઠા. એટલામાં યોગંધરાયણ આવીને હાથની સંજ્ઞાવડે પ્રેરણા કરીકે, 'ઉદાયન જાજા' ઉદાયને યોગંધરાયણનો સંકેત જાણીને વાસવદત્તા, કાંચનમાલા, વસંતક, વેગવતી હાથીણી અને ઉદાયન આ પાંચ જાય છે. આવી રીતે જણાવીને હાથીણીને પ્રેરણા કરીને અતિશય વેગથી ચલાવી. આત્માને જણાવ્યું કે ક્ષત્રિયનું વ્રત ન છોડવું. પછી ઉદાયન પાંચની સાથે નાશી ગયો આ વાર્તા જાણીને ચંડપ્રદ્યોતન રાજાએ નલગિરિ નામના મહાન હાથીને સજ્જ કરી સૈન્યસહિત સુભટોની સાથે પાછલથી દોડાવ્યો. આ નલગિરી મોટો હાથી પચીશ યોજન ચાલ્યા પછી ઉદાયને જોયું હાથી નજીક આવ્યો છે. તરત મૂતરનો એક ઘડો ભાંગ્યો તે જમીન ઉપર પડીને કાદવ થયો. આટલામાં નલગિરી ત્યાં આવ્યો. અને તે મૂતરને સુંઘતો ઉભો રહ્યો. પછી ઘણા પ્રયત્નોથી હાથીને ચલાવ્યો. પુનઃ માર્ગમાં બીજો મૂતરનો ઘડો ભાંગ્યો. ત્યાં નલગિરી આવીને મૂતરને સુંઘતો ઉભો રહ્યો. એટલામાં કોશાંબીના રાજા પોતાની નગરી પાસે આવ્યો. તરત થાકેલી હાથીણી મરી ગઇ. નલગિરી હાથી મૂતરને સુંઘતો ત્યાંજ ઉભો રહ્યો આગળ ચાલે નહિ. આ તરફ વત્સરાજનું સૈન્ય પણ આવ્યું. પછી અનલગિરી હસ્તિને પાછો વાલી માવતો જેમ ગયા હતા તેમ પાછા ઉજ્જયિની નગરી પ્રત્યે આવ્યા. ચંડપ્રદ્યોતન ભૂપતિ ક્રોધથી લાલ મુખ કરતો છતો સેનાને તૈયારી કરવા લાગ્યો. પણ તેને ભક્તિવંત એવા અમાત્યોએ બહુ યુક્તિથી સમજાવીને નિવાર્યો અને કહ્યું કે "જેને તેને એ પુત્રી પરણાવવી તો છેજ તો પછી વત્સરાજથી બીજો અધિક ગુણવાલો કયો વર મલવાનો છે ? હે વિભો ! તમારી પુત્રીએ પોતેજ એ વરને વર્યો છે, અને પુણ્યથીજ તમારી પુત્રીને તે યોગ્ય વર મલ્યો છે. હે રાજન્ ! તેણે વિશેષે તમારી પુત્રીનું હરણ કર્યું છે

માટે હવે તેના ઉપર પ્રયાણ ન કરતાં તેને તમે પોતાનો જમાઈ માનો. ”

આ પ્રમાણે પ્રધાનાદિ પુરૂષોએ બોધ પમાડેલા ચંડપ્રદ્યોતન ભૂપતિએ ઉદાયન કુમારને પોતાનો જમાઈ માની તેને ઉત્તમ વસ્તુનું ભેટણું મોકલ્યું.

એકદા ઉજ્જયિની નગરીમાં બહુ અગ્નિનો ઉપદ્રવ થવા લાગ્યો એટલે ચંડપ્રદ્યોતને તેની શાંતિનો ઉપાય અભયકુમારને પૂછયો. અભયકુમારે કહ્યું. “ વિષ વિષનું અને અગ્નિ અગ્નિનું ઔષધ છે. માટે એ અગ્નિને નિવૃત્ત કરવા માટે બીજા (પથ્થરમાંથી) અગ્નિને ઉત્પન્ન કરો કે જેથી તે અગ્નિ શાંત થઈ જાય. ” અભયકુમારના વચનથી ભૂપતિએ તેમ કર્યું જેથી અગ્નિ શાંત થઇ ગયો. ચંડપ્રદ્યોતન ભૂપતિએ પ્રસન્ન થઈ અભયકુમારને ત્રીજો વર માગવાનું કહ્યું. તે પણ તેણે ભંડારે રાખવાનું કહ્યું.

વલી એકદા અવંતી નગરીમાં પ્રજાને પીડાકારી રોગ ઉત્પન્ન થયો. ચંડપ્રદ્યોતને તેની શાંતિનો ઉપાય અભયકુમારને પૂછયો એટલે તેણે કહ્યું કે “ અંતઃપુરની સાતસેં સ્ત્રીઓ વસ્ત્રાલંકાર ધારણ કરી એકઠી થાઓ તેમાં જે પોતાની દ્રષ્ટિથી તમને જીતે. તે તમે મને કહેજો. ” રાજાએ તેમ કર્યું અને તેમાં શિવાદેવી વિના બીજી સર્વ સ્ત્રીઓને પોતે દ્રષ્ટિ વડે જીતી. ફક્ત શિવાદેવીથી રાજા પોતે પરાભવ પામ્યો. આ વાત તેણે અભયકુમારને કહી. અભયકુમારે કહ્યું. “ આપ તે પોતાની મુખ્ય પટ્ટરાણી શિવાદેવીના હાથથી રાત્રીએ કુરના બલીવડે ભૂતોનું પૂજન કરાવો. તેમાં જે જે ભૂત જ્વાળા રૂપે પ્રગટ થાય તેના તેના મુખને વિષે દેવીએ પોતે કૂરનું બલિ આપવું. ” શિવાદેવીએ તેમ કર્યું એટલે રોગની શાંતિ થઇ.

ચંડપ્રદ્યોતન રાજાએ અભયકુમારને ચોથું વરદાન માગવાનું કહ્યું એટલે અભયકુમારે કહ્યું કે “ શિવાદેવીને ખોળામાં લઇ હું અનલગીરિ હસ્તિ ઉપર બેસું, આપ મ્હારી પાછલ હસ્તિ ઉપર બેસો અને પછી આપણે સર્વ અગ્નિભીરૂ રથના કાષ્ટની કરેલી ચિતામાં પ્રવેશ કરીએ. ” અભયકુમારનાં આવાં વરદાનને આપવા અસમર્થ અને વિસ્મય પામેલા ચંડપ્રદ્યોતને હાથજોડી અભયકુમાને છોડી મૂકયો. આ વખતે અભયકુમારે ચંડપ્રદ્યોતને કહ્યું. “ હે નૃપ ! તેં મને છેતરીને અહીં આણ્યો છે, તો હું પણ રટતા એવા તને આ ત્હારી નગરીમાંથી દિવસે લઈ જઈશ. ”

પછી અભયકુમાર અનુક્રમે પોતાના રાજગૃહ નગર પ્રત્યે ગયો અને ત્યાં તે મહામતિવાળો કેટલોક કાલ રહ્યો. થોડા દિવસ પછી ઉત્તમ બુદ્ધિવાલો અભયકુમાર ઉત્તમ વેષવાલી બે વેશ્યાપુત્રીઓને લઇ ઉજ્જયિની નગરી પ્રત્યે ગયો. ત્યાં તે વણિકનો વેષ લઇ રાજમાર્ગે દુકાન માંડીને રહ્યો. એકદા ચંડપ્રદ્યોતન ભૂપતિએ રસ્તે જતાં બે સ્ત્રીઓની સાથે વિલાસ કરતા અભયકુમારને બારણામાંથી દીઠો. બન્ને સ્ત્રીઓને જોઇ તેના ઉપર બહુ અનુરાગી થએલા ચંડપ્રદ્યોતને ઘરે જઈ એક દૂતીને તે સ્ત્રીઓ પસે મોકલી. દૂતી ત્યાં જઈ બન્ને સ્ત્રીઓની વિનંતિ કરવા લાગી, પણ

તે બન્ને જણીઓએ ક્રોધ કરી કાઢી મૂકી. બીજે દિવસે પણ તે દૂતી ત્યાં આવી ભૂપતિ માટે તે બન્ને સ્ત્રીઓની વિનંતિ કરવા લાગી. તે દિવસ પણ ક્રોધથી બન્ને સ્ત્રીઓએ તેનું અપમાન કરી તુરત કાઢી મૂકી. ત્રીજે દિવસે પણ દૂતી આવી અને હંમેશની માફક વિનંતિ કરવા લાગી. એટલે તે બન્ને સ્ત્રીઓએ કહ્યું " કે આ અમારો ધણી અમારૂં રક્ષણ કરે છે. આજથી સાતમે દિવસે તે બહાર જવાના છે. તે વખતે તારો રાજા ગુપ્તરીતે અહીં આવે કે જેથી તેને અમારો મેળાપ થશે."

હવે અભયકુમારે ચંડપ્રદ્યોતન રાજાના સરખા પોતાના એક માણસને ગાંડો બનાવ્યો અને તેનું ચંડપ્રદ્યોતન નામ પાડયું. પછી તે ગાંડો " હું પોતે ચંડપ્રદ્યોતન છું. મ્હારો ભાઇ આવો અથવા આ પોતે છે. મ્હારે તેનું રક્ષણ કરવું જોઈએ. હું શું કરૂં ? એમ નગરીમાં ભમતો છતો કહેવા લાગ્યો. " એને વૈદ્યના ઘર પ્રત્યે લઇ જાઓ. " એમ અભયકુમાર હંમેશા બહાર આવીને કહેતો અને માંચા ઉપર બેઠેલા અને ઉપર કહ્યા પ્રમાણે બોલતા એવા તે ગાંડાને લઈ જતો, પણ તે ગાંડો તો ચોકે ચોકે અધિક અધિક હું પોતેજ ચંડપ્રદ્યોતન છું એમ કહેતો.

હવે હસ્તિની પેઠે કામથી તપ્ત થએલો ચંડપ્રદ્યોતન રાજા પોતે એકલો સાતમે દિવસે અભયકુમાર બહાર ગયે છતે તેના ઘર પ્રત્યે ગુપ્ત રીતે આવ્યો. ત્યાં તેને અભયકુમારના સુભટોએ બાંધ્યો. " અભયકુમાર એ ગાંડાને વૈદ્યના ઘરે લઇ જાય છે. " એમ નાગરીક લોકો કહેતા હતા. એટલામાં અભયકુમાર તો દિવસને વિષેજ ખાટલામાં ઘાલીને બાંધી રાખેલા ચંડપ્રદ્યોતનને નગરીમાંથી લઈ ગયો. અને ગાઉ ગાઉને છેટે રાખેલા ઉત્તમ અશ્વવાલા રથોની સહાયથી તુરત તે ચંડપ્રદ્યોતનને રાજગૃહ નગર પ્રત્યે પહોંચાડયો અભયકુમાર ચંડપ્રદ્યોતનને શ્રેણિક રાજા પાસે લઇ ગયો. શ્રેણિક પણ ખડ્ગ ખેંચી ચંડપ્રદ્યોતનને હણવા માટે તેના સામો દોડયો. પછી અભયકુમારે શ્રેણિક રાજાને સમજાવ્યા તેથી તેમણે વસ્ત્રાલંકારથી સત્કાર કરી અવંતીપતિને છોડી દીધો.

આ પ્રમાણે ચાર પ્રકારની બુદ્ધિનો ભંડાર અને પિતાને વિષે ભક્તિવાળો અભયકુમાર તૃષ્ણા નહિ રાખતો છતો પણ પિતાના રાજ્યની સર્વ પ્રકારની ચિંતા કરતો હતો તેણે પ્રજાને ધર્મને વિષે પ્રવર્તાવી. જેવો તે બાર પ્રકારના રાજચક્રને વિષે જાગૃત રહેતો હતો તેવોજ ધર્મને વિષે સાવધાન હતો. જેવી રીતે તેણે બ્હારના શત્રુઓને જીત્યા હતા તેવી રીતે બન્ને લોકનું સાધન કરનારા તે અભયકુમારે અંતરંગના શત્રુઓને પણ જીત્યા હતા.

એકદા શ્રી શ્રેણિક ભૂપતિએ અભયકુમારને કહ્યું કે " ઉત્તમ પુત્ર ! તું રાજ્ય ગ્રહણ કર અને હવે હું અહોરાત્ર શ્રી વર્દ્ધમાન સ્વામીની સેવા કરીશ. " સંસારથી ભય પામેલા પિતાની આજ્ઞાનો ભંગ કરવાને ભય પામતા એવા અભયકુમારે કહ્યું. " હે તાત ! આપે કહ્યું તે બહુ સારૂ, પરંતુ આપ એક ક્ષણ માત્ર વાટ જુઓ. "

હવે એમ બન્યું કે શ્રી વર્દ્ધમાન સ્વામી, ઉદાયન રાજાને દીક્ષા આપી માર-વાડ દેશમાં થઈ ત્યાં રાજગૃહ નગરમાં સમવસર્યા. નિશ્ચે આપણા ભાગ્યથી આજે ભગવાન સમવસર્યા. " એમ કહી હર્ષ પામેલો અભયકુમાર પ્રભુ પાસે જઈ ધર્મોપદેશ સાંભળવા લાગ્યો. ધર્મોપદેશને અંતે ઉત્પન્ન થએલા વૈરાગ્યવાલા અભયકુમારે પ્રભુને પૂછયું કે " હે પ્રભો ! છેલ્લો રાજર્ષિ કોણ થશે ? " પ્રભુએ કહ્યું. " હે શ્રેણિકપુત્ર ! ઉદાયનને છેલ્લો રાજર્ષિ જાણ. " અભયકુમારે ફરી " એ ઉદાયન કોણ છે ? એમ પૂછયું એટલે શ્રી વીર પ્રભુએ અભયકુમારને પ્રતિબોધ કરવા માટે **ઉદાયન રાજાનું** સર્વ ચરિત્ર કહ્યું. તે આ પ્રમાણે:-

સિંધુસૌવીર દેશમાં વીતભય નામના નગરને વિષે પુત્રની પેઠે પ્રજાનું રક્ષણ કરનારો ઉદાયન નામે રાજા રાજ્ય કરતો હતો તે વીતભયાદિ ત્રણસેં ત્રેસઠ નગરીનો અને સિંધુસૌવીરાદિ સોલ દેશનો અધિપતિ હતો. મહાસેનાદિ મુકુટબદ્ધ ભૂપતિઓથી સેવન કરાયલા અને બીજા અનેક ભૂપતિઓને જીતી એ રાજાએ મહારાજ પદ મેળવ્યું હતું. એ રાજાને તીર્થની ઉન્નતિ કરનારી નિરંતર સમ્યક્ત્વથી પવિત્ર શરીર વાલી અને શીલવ્રતના પ્રભાવવાલી નામે સ્ત્રી હતી. પ્રભાવતીના ઉદરથી ઉત્પન્ન થએલો અને યુવરાજ પદ પામેલો તે રાજાને અભિચિ નામે પુત્ર અને કેશી નામે ભાણેજ હતો.

હવે ચંપા નગરીમાં જન્મથી આરંભીને ચપલ નેત્રવાલી સ્ત્રીના નેત્ર સમાન ચંચલ અને મહા ધનવંત કુમારનંદી નામે સોની રહેતો હતો. તે સોની જે જે રૂપવાળી કન્યા સાંભલતો તથા દેખતો તેને તેને પાંચસેં પાંચસેં સોનામ્હોરો આપી પરણતો. આ પ્રમાણે તેણે પાંચસેં કન્યાઓ સાથે પાણીગ્રહણ કર્યું હતું. ઈર્ષ્યાવંત એવો તે સોની, સર્વે સ્ત્રીઓને એક સ્તંભવાલા મહેલમાં રાખી તેમની સાથે ક્રીડા કરતો હતો. તે સોનીને નાગિલ નામનો માણસ પ્રાણપ્રિય મિત્ર હતો, નાગિલ પાંચ અણુવ્રતને ધારણ કરનારો, પવિત્ર અને નિરંતર સાધુની સેવા કરનારો હતો.

એકદા પંચશૈલ ઉપર રહેનારી બે વ્યંતરીઓ ઇન્દ્રની આજ્ઞાથી રજા લઇ નંદીશ્વર દ્વીપ વિષે યાત્રા કરવા ગઇ. તે વખતે તેણીઓનો પતિ વિદ્યુન્માલી જે પંચશૈલ પર્વતનો અધિપતિ હતો તે ચવી ગયો, તેથી બન્ને વ્યંતરીઓ વિચાર કરવા લાગી કે " હવે આપણે આજે કોને મોહ પમાડવો કે જે આપણો પતિ થાય ! પછી વિચરતી એવી તે બન્ને જણીઓએ ચંપાપુરીમાં પાંચસેં કન્યાઓની સાથે વિલાસ કરતા એવા કુમારનંદી સોનીને દીઠો. પતિની ઈચ્છાથી બન્ને વ્યંતરીઓ સોનીને મોહ પમાડવા માટે તેની પાસે આવી. કુમારનંદી બન્ને દેવીઓને જોઈ પૂછવા લાગ્યો કે " તમે કોણ છો ?" તેણીઓએ ઉત્તર આપ્યો. અમે હાસાપ્રહાસા નામની દેવીઓ છીએ. " દેવીઓના રૂપને જોઇ સોની બહુ મોહ પામ્યો તેથી તે

દેવીઓની સાથે ક્રીડા કરવાની પ્રાર્થના કરવા લાગ્યો. દેવીઓએ કહ્યું " જો તું અમારી ઇચ્છા કરતો હોય તો પંચશૈલ ચાલ." એમ કહી દેવીઓ ચાલી ગઈ. પછી કુમારનંદી સોનીએ રાજાને દ્રવ્ય આપી એવો પટહ વગડાવ્યો કે " જે મને પંચશૈલ પર્વત ઉપર લઈ જશે તેને હું કોટિ દ્રવ્ય આપીશ." કોઈ એક વૃદ્ધ નાવિકે પટહને સ્પર્શ કરી દ્રવ્ય લીધું. પછી તે વૃદ્ધ નાવિકે પોતાના પુત્રોને દ્રવ્ય આપી અને બહુ ભાથું કરાવી વહાણમાં ભર્યું. સોનીની સાથે વહાણમાં બેસી સમુદ્ર માર્ગે દૂર જઈ તે વૃદ્ધ નાવિકે સોનીને કહ્યું. " અહિંથી સામે સમુદ્રની અંદર રહેલા પર્વત ઉપર પેલું વડવૃક્ષ દેખાય છે. જ્યારે વહાણ તે વડની સમીપે જાય ત્યારે તું વહાણમાંથી કૂદી તે વડવૃક્ષને વલગી પડજે. રાત્રીએ ત્યાં પંચશૈલ પર્વતથી ભારંડપક્ષીઓ આવે છે. તે સૂતે છતે એક પક્ષીના પગની સાથે પોતાનું શરીર મજબુત બાંધી અને બન્ને હાથથી તેના પગને પકડી રાખજે, ભારંડ પક્ષીઓ સવારે ઉડીને પંચશૈલ પર્વત ઉપર જશે. તું પણ તેઓની સહાયથી ત્યાં પહોંચીશ. વલી જો તું વડવૃક્ષને વલગી પડીશ નહીં તો ત્યાં ભમરીમાં પડેલું વહાણ ભાંગી જશે તેની સાથે તું પણ મૃત્યુ પામીશ." સોની નાવિકના કહેવા પ્રમાણે કરીને પંચશૈલ પર્વત ઉપર પહોંચ્યો. ત્યાં તે, વ્યંતરીઓના રૂપને જોઈ વિશેષે મોહ પામ્યો. દેવીઓએ કહ્યું. " અમે ત્હારા આવા શરીરની સાથે ક્રીડા કરશું નહિ. અમારા સરખું મનોહર શરીર ધારણ કર તોજ અમે ત્હારી સાથે ક્રીડા કરવા યોગ્ય છીએ. માટે તું અગ્નિમાં પ્રવેશ કરીને પંચશૈલ પર્વતનો પતિ થા." દેવીઓનાં આવાં વચન સાંભળી સોનીએ કહ્યું. " હે દેવાંગનાઓ ! હવે હું પાછો મ્હારે નગરે શી રીતે જાઉં ? આ પ્રમાણે કહેતા એવા તે સોનીને દેવીઓએ તુરત તેના નગર પ્રત્યે પહોંચાડયો. લોકોએ તેને જોઇને તેની સર્વ વાત પૂછી તે તેણે યથાર્થ કહી પછી તે સોની ચિત્તમાં દેવીઓનું સ્મરણ કરતો છતો અગ્નિપ્રવેશ કરવાની તૈયારી કરવા લાગ્યો. આ વખતે તે સોનીનો મિત્ર નાગિલ ત્યાં આવી તેને કહેવા લાગ્યો કે " અરે તું કેવો પુરૂષાર્થહિન બની ગયો. જે મૃત્યુ પામવા તૈયાર થાય છે ? આ મનુષ્ય જન્મ બહુ દુર્લભ છે માટે હે મિત્ર ! તું અલ્પ એવા ભોગસંગના ફલ મેલવવા માટે તે મનુષ્ય જન્મને વૃથા ન ગુમાવ. એવો કયો મૂર્ખ હોય કે અશ્વ વેચીને ગધેડાને ખરીદ કરે ?" આ પ્રમાણે નાગિલે તે સોનીને નિયાણું કરતાં બહુ અટકાવ્યો, પરંતુ તે સોની તો દેવીઓના પતિ થવાનું નિયાણું કરી અગ્નિમાં પ્રવેશ કરી મૃત્યુ પામી પંચશૈલ પર્વતના પતિરૂપે ઉત્તમ દેવપણે ઉપજ્યો. પોતાના મિત્રનું આવું અયોગ્ય મૃત્યુ જોઇ તુરત વૈરાગ્ય પામેલા નાગિલે હર્ષથી દીક્ષા લીધી. અનુક્રમે સંયમનું આરાધન કરી મૃત્યુ પામી નાગિલ અચ્યુત દેવલોકમાં દેવતા થયો. ત્યાં તેણે અવધિજ્ઞાનથી જોયું તો પોતાના મિત્ર કુમારનંદી સોનીને પંચશૈલ પર્વત ઉપર દીઠો.

એકદા નંદીશ્વર તીર્થયાત્રા કરવા જતા એવા દેવતાઓએ પોતાની આગળ ગાયન કરવાની હાસા પ્રહાસા દેવીઓને આજ્ઞા કરી. દેવીએ તુરત વિદ્યુન્માલી નામના પોતાના પતિ રૂપે ઉત્પન્ન થએલા નંદીમિત્ર સોનીને કહ્યું કે મૃદંગ ગ્રહણ કર, વિદ્યુન્માલીએ કહ્યું, " અરે ! અહીં પણ મને કોઇ આજ્ઞા કરનારો છે કે શું ? આ પ્રમાણે ગાઢ અહંકારથી વચન બોલતા એવા તે સોનીના જીવ વિદ્યુન્માલીને કંઠે તેના દુષ્કર્મથી પટહ બાંધ્યું. વિદ્યુન્માલી જાણે પોતાની સાથેજ હાથ પગની પેઠે ઉત્પન્ન થએલા હોયની ? એમ તે પડહને પોતાના ગળામાંથી કાઢી નાખવા સમર્થ થયો નહીં. દેવીઓએ તેને કહ્યું. તેં આભિયોગિક કર્મ કર્યાં છે. જેથી ત્હારે દેવેંદ્રોની આગળ આ પટહ વગાડવો પડશે " પછી ગાયન કરતી એવી તે દેવીઓની સાથે વિદ્યુન્માલી પટહ વગાડતો છતો દેવતાઓની આગળ ચાલવા લાગ્યો.

આ વખતે યાત્રા માટે જતા એવા નાગિલના જીવ રૂપ દેવતાએ હાસા પ્રહાસાની મધ્યે પોતાના મિત્ર નંદીમિત્ર સોનીના જીવ રૂપ દેવતાને પટહ વગાડતો દીઠો. અવધિજ્ઞાનથી તેને પોતાનો મિત્ર જાણી કાંઈ કહેવા માટે તેની પાસે આવ્યો વિદ્યુન્માલી સૂર્ય સમાન અત્યંત તેજવાળા દેવતાને પાસે આવતો જોઈ તેના તેજને સહન ન કરી શકવાને લીધે દૂર નાસતો છતો નૃત્ય કરવા લાગ્યો. નાગિલ દેવ પણ પોતાના તેજને સંવરી પંચશૈલ પર્વતના અધિપતિ એવા વિદ્યુન્માલીને કહેવા લાગ્યો. " જો મને ઓળખે છે કે નહિ ?" હાસા પ્રહાસાના પતિએ કહ્યું. " હે દેવેંદ્ર આપ કોણ છો ? હું મહા સમૃદ્ધિવાળા મુખ્ય દેવતાઓને નથી ઓળખતો.

પછી અચ્યુત દેવલોકના દેવતા (નાગિલ દેવતા)એ પોતાનું પૂર્વનું શ્રાવકરૂપ ધારણ કરી તે વિદ્યુન્માલી દેવતાને પ્રતિબોધ કરવા માંડયો. કારણ કે નિશ્ચે પૂર્વનો સ્નેહ દુસ્ત્યજ હોય છે.

નાગિલ દેવતા કહે છે કે " મેં ઉપદેશ કરેલા અરિહંત ધર્મ ઉપર શ્રદ્ધા નહિ રાખતા એવા દુષ્ટ બુદ્ધિવાળા તેં તે વખતે પતંગની પેઠે અગ્નિમાં પ્રવેશ કરી મૃત્યુ અંગીકાર કર્યું અને જૈનધર્મના જાણ એવા મેં ચારિત્ર પાળીને મૃત્યુ અંગીકાર કર્યું આપણ બન્નેને પોત પોતાના કરેલા કર્મથીજ આવું ફળ મળેલું છે." નાગિલ દેવતાનાં આવાં વચન સાંભળી પંચશૈલાધિપ દેવ બહુ વૈરાગ્ય પામ્યો અને " હવે હું શું કરૂં ?" એમ નાગિલ દેવને પૂછવા લાગ્યો. નાગિલે કહ્યું. " હે મિત્ર ! તું ગૃહસ્થની ચિત્રશાળામાં કાયોત્સર્ગે રહેલા અને ભાવસાધુ એવા શ્રી વીરપ્રભુની મૂર્ત્તિ કરાવ અને તેનું કોઇ પાસે પૂજન કરાવ જેથી તને પરભવમાં પાપને નાશ કરનારૂં અને મહા ફળવાળું બોધિબીજ ઉત્પન્ન થશે. જે પ્રાણી પુણ્યસંપત્તિને વૃદ્ધિ કરનારી જિનેશ્વરની પ્રતિમા કરાવે છે, તેને સ્વર્ગ તથા મોક્ષના સુખ આપનારો ધર્મ પ્રાપ્ત થાય છે. વળી દૌર્ભાગ્ય, અકીર્તિ, દારિદ્ર, કુજન્મ અને કુગતિ એટલાં વાનાં તેમ બીજા નિંદ્ય પદાર્થો પણ તિર્થંકરની મૂર્તિ ચિતરનારને મળતાં નથી."

નાગિલનાં આવાં વચન અંગીકાર કરી ત્યાંથી ચાલી નિકળેલા વિદ્યુન્માલી દેવતાએ ક્ષત્રિયકુંડ નગરમાં ગૃહસ્થની ચિત્રશાળામાં કાયોત્સર્ગે રહેલા વીરપ્રભુને દીઠા. પછી ગોશિર્ષચંદનના કાષ્ઠને છેદી અને હિમવાન પર્વત ઉપર જઈ નાગિલે ત્યાં જેવી દીઠી હતી તેવી આભૂષણયુક્ત શ્રી વીરપ્રભુની મૂર્ત્તિ બનાવી. વળી જાતિવંત ચંદનના બનાવેલા સંપુટમાં તેણે તે મૂર્તિ જેમ ધનવંત પુરૂષ પોતાના દ્રવ્યને મૂકે તેમ મૂકી. આ વખતે છ માસ થયા સમુદ્રમાં આમ તેમ ભ્રમણ કરતા એક વહાણને અને આકુળ વ્યાકુળ થએલા નાવિકને વિદ્યુન્માલી દેવે દીઠો. વિદ્યુન્માલી તુરત તે નાવિક પાસે જઈ તેને કહેવા લાગ્યો. "હે મુખ્ય નાવિક! સાંભળ, જો તું સમુદ્રને ઉતરી સિંધુસૌવીર દેશમાં રહેલા શ્રી વીતભય નગર પ્રત્યે જઈ અને ત્યાં ચૌટામાં "આ સમુદ્રમાંથી મળેલી દેવાધિદેવની પ્રતિમાને કોઈ લ્યો કોઈ લ્યો" એમ ઉદ્‌ઘોષણા કરે તો હું આ ત્હારા વહાણને આ સમુદ્ર ચક્રમાંથી બહાર કાઢું." નાવિકે હર્ષથી તે વાત કબુલ કરી એટલે વિદ્યુન્માલી દેવતાએ તેના વહાણને બહાર કાઢયું.

પછી તે નાવિક, તુરત સિંધુસૌવીરના વીતભય નગરના ચૌટામાં જઈ પૂર્વે કહેલા પ્રમાણે જેટલામાં ઉદ્‌ઘોષણા કરવા લાગ્યો તેટલામાં તે ઉદાયન રાજા કેટલાક તાપસોસહિત ત્યાં આવ્યો સર્વે માણસો પોત પોતાના ઈષ્ટદેવ રૂપ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરને સ્મરણ કરી કુહાડાવતી પેલા સંપુટને ઉઘાડવા માટે બહુ પ્રહાર કરવા લાગ્યા. લોકોને ત્રાસ ઉપજે એવા કુહાડાના બહુ પ્રહાર કર્યા. જેથી તે કુહાડાઓ ભાંગી ગયા પણ તે સંપુટ ભાગ્યો નહીં. આશ્ચર્ય પામેલા ચિત્તવાલો રાજા ઉદાયન પણ સવારથી માંડી મધ્યાન્હ સુધી ત્યાંજ રહ્યો. ભોજન અવસર પણ વ્યતીત થઈ ગયો જાણી રાણી પ્રભાવતીએ ભૂપતિને બોલાવવા માટે પોતાની એક દાસીને મોકલી. ભૂપતિએ પણ તે આશ્ચર્ય જોવા માટે રાણી પ્રભાવતીને ત્યાંજ બોલાવી. રાણી પ્રભાવતી ત્યાં આવીને પૂછવા લાગી એટલે ભૂપતિએ તે સર્વ વાત કહી. રાણીએ કહ્યું. "નિશ્ચે શંકર તથા વિષ્ણુ વિગેરે દેવાધિદેવ નથી. દેવાધિદેવ તો એક તીર્થંકર ભગવાન છે. ખરેખર આ સંપુટમાં જિનેશ્વરની પ્રતિમા હશે. માટે બ્રહ્માદિકનાં નામ બોલવાથી તે દર્શન આપતી નથી. હે સ્વામિન્! હું તેનું નામ લઇ પ્રતિમા આપને દેખાડીશ અને તે આશ્ચર્ય આ સર્વે માણસો જુઓ."

પછી પ્રભાવતી રાણીએ સુગંધી ચંદનથી અને પુષ્પથી સંપુટને પૂજન કરી નમસ્કાર કરી અને પછી આ પ્રમાણે કહ્યું. "આઠ પ્રતિહાર્યયુકત, રાગાદિ દોષરહિત, દેવાધિદેવ અને ત્રણ કાલ (ભૂત, ભવિષ્ય અને વર્તમાન) ના જાણ એવા અરિહંત પ્રભુ અમને દર્શન આપો." પ્રભાવતીએ, આ પ્રમાણે કહ્યું એટલે જેમ પ્રભાતમાં પદ્મકોશ ઉઘડી જાય તેમ સંપુટ પોતાની મેલે ઉઘડી ગયું, અને તેમાંથી પ્રફુલ્લિત પુષ્પથી પૂજાયલી ગોશીર્ષ ચંદનની અખંડિત નિકળેલી જિનપ્રતિમા સર્વે માણસોએ દીઠી. તે વખતે જૈનશાસનની મ્હોટી પ્રભાવના થઈ. પ્રભાવતી પણ તે

પ્રતિમાને નમસ્કાર કરી સ્તુતિ કરવા લાગી. " હે ત્રણ જથતના નાથ, હે અક્ષય સુખ આપનારા, હે કેવલજ્ઞાનથી લોકાલોકને પ્રકાશ કરનારા અર્હન્! તમે જયવંતા વર્તો."

પછી પ્રભાવતી હર્ષથી પેલા નાવિકનો દ્રવ્યથી સત્કાર કરી મ્હોટા ઉત્સવથી પ્રતિમાને પોતાના અંતઃપુરમાં લઈ ગઇ. ત્યાં તેણીએ એક જિનમંદિર બનાવી તેમાં મૂર્તિ પધરાવી. પછી પ્રભાવતી હંમેશાં સ્નાન કરી પૂજન કરતી.

એકદા પ્રભાવતી રાણી હર્ષપૂર્વક કમલો વડે જિનેશ્વરની પ્રતિમાનું પૂજન કરી બીજી સ્ત્રીઓ સહિત અદ્ભૂત ગાયન કરવા લાગી. આ વખતે ચતુર એવો ઉદાયન રાજા ગુણોથી મોહ કરનારી, સ્પષ્ટ સ્વરવાલી અને છ ભાગથી બનાવેલી વીણાને વગાડવા લાગ્યો. જેથી પ્રભાવતી રાણી વૃદ્ધિ પામેલા ભાવથી જિનેશ્વરની પ્રતિમા આગલ અંગહારાદિથી બહુ નૃત્ય કરવા લાગી. આ અવસરે ભૂપતિએ પ્રભાવતીનું મસ્તક નહિ દેખતાં ફક્ત તેણીનું શરીર નૃત્ય કરતું દીઠું. આવું અરિષ્ટ જોવાથી રાજા બહુ ક્ષોભ પામી ગયો જેથી જેમ નિદ્રાવાલા માણસના હાથમાં કાંઈ વસ્તુ પડી જાય તેમ તેના હાથમાંથી કાંબી પડી ગઇ. આમ ઓચિંતો નૃત્યનો ભંગ થયો તેથી ક્રોધ પામેલી રાણીએ ઉદાયનને કહ્યું. " અરે તમે કેમ વગાડવું બંધ કરી મને તાલભ્રષ્ટ કરી ? " રાણીએ વારંવાર ભૂપતિને હાથમાંથી કાંબી પડી ગયાનું કારણ પૂછ્યું એટલે ભૂપતિએ યથાર્થ વાત કહી. કહ્યું છે કે સ્ત્રીનો કદાગ્રહ બળવંત હોય છે. પ્રભાવતીએ કહ્યું. " આ દુર્નિમિત્તથી હું અલ્પાયુષી છું ખરી તો પણ જ્યાં સુધી હું ધર્મકાર્ય કરૂં છું ત્યાં સુધી મને મૃત્યનો ભય શો છે ? ઉલટું આ દુર્નિમિત્તનું દર્શન મને આનંદ કરનારૂં છે અને તે નિશ્ચે હમણાં મને દીક્ષા લેવાનો અવસર સૂચવે છે. "

આ પ્રમાણે કહી રાણી પ્રભાવતી મૃત્યુથી જરા પણ ભય ન પામતી છતી અંતઃપુરમાં ગઈ પણ અરિહંતના મતને નહિ જાણનારો ઉદાયન રાજા તો બહુ ઉદ્વેગ પામવા લાગ્યો.

એકદા પ્રભાવતી રાણીએ, સ્નાન કરી પવિત્ર થઈ પ્રભુને પૂજન કરવાને યોગ્ય પવિત્ર વસ્ત્ર દાસી પાસે મંગાવ્યાં. ભવિષ્યમાં વિઘ્ન થવાને લીધે દાસીએ આણેલા વસ્ત્રને તેણીએ રક્તવર્ણનાં દીઠા તેથી રાણીએ " આ અવસરે આ વસ્ત્રો અયોગ્ય છે. " એમ કહી બહુ ક્રોધ પામીને દાસીને દર્પણ ફેંકીને મારી. દાસી દર્પણના પ્રહારથી તુરત મૃત્યુ પામી કારણકે કાલની ગતિ વિષમ હોય છે.

પછી રાણી પ્રભાવતીએ તેજ વસ્ત્રોને તુરત શ્વેતવર્ણનાં જોઇ વિચારવા લાગી કે " અરે ધિક્કાર છે મને, જે મેં વ્રત ખંડન કર્યું. પંચેંદ્રિય જીવનો વધ પણ નિશ્ચે નરકગતિ આપનારો છે તો પછી સ્ત્રીવધનું તો શું કહેવું. માટે હવે મ્હારે વ્રત લેવું એજ ઉત્તમ છે.

પછી દાસીની હત્યાથી વિશેષે વૈરાગ્ય પામેલી પ્રભાવતી રાણીએ ભૂપતિને કહ્યું કે " હે નાથ ! નિશ્ચે હું અલ્પ આયુષ્યવાલી છું, કેમકે મેં અનર્થ કર્યો. માટે

હમણાં તમે મને સંસારનો નાશ કરવા માટે દીક્ષા લેવાની આજ્ઞા આપો. આપે મને મસ્તકરહિત દીઠી હતી અને હમણાં મેં વસ્ત્રના વર્ણનો ફેરફાર દીઠો આ બન્ને દુર્નિમિત્ત આ અવસરે મ્હારા અલ્પ આયુષ્યનાં દુષ્ટ ચિન્હો છે. તો હે નાથ ! આપ મને દીક્ષા લેવામાં વૃથા વિઘ્ન નહિ કરો. " આવો રાણીનો પ્રતિબંધ જાણી મહા રાજા ઉદાયને કહ્યું. " હે કૃશોદરી ? જેમ તને રૂચે તેમ તું ઝટ કર પરંતુ હે દેવી ! તું જ્યારે દેવપણું પામે, ત્યારે ત્હારે અહીં આવીને મને પ્રતિબોધ પમાડવો. વળી હે પ્રિયે ! મને પ્રતિબોધ પમાડવા માટે અહીં આવતાં તને જે ત્હારા સ્વર્ગસુખમાં વિઘ્ન થાય તે સહન કરવું. "

પછી રાણી પ્રભાવતી દીક્ષા લઇ અનશન કરી સ્વર્ગમાં મહા સમૃદ્ધિવંત અને સુખી એવા દેવપણે ઉપની. અહીં તેના અંતઃપુરમાં રહેલી જિનપ્રતિમાને તેની કુબ્જા એવી દેવદત્તા નામની દાસી પૂર્વની પેઠે પૂજવા લાગી. પછી પ્રભાવતીના જીવ રૂપ દેવતાએ આવીને ઉદાયનને પ્રતિબોધ કરવા માંડયો પણ તે પ્રતિબોધ પામ્યો નહીં પછી દેવતાએ બીજો ઉપાય કર્યો. તે દેવતા તાપસનું રૂપ લઇ હાથમાં દિવ્ય ફલનું પાત્ર ભરી ઉદાયન રાજા પાસે આવ્યો. એક તો સુવર્ણ અને તેમાં વલી સુગંધ એમ હાથમાં ભેટ આપવા માટે ફલના પાત્રને ધારણ કરનારા તાપસે ફલનું પાત્ર ઉદાયનની આગલ ભેટ મૂકયું. ભક્ત એવા ઉદાયન રાજાએ પણ બહુ ભક્તિથી તે તાપસનો આદર સત્કાર કર્યો. અમૃતરસ સરખા સ્વાદવાળાં તે ફલોનું આદરથી ભક્ષણ કરી ઉદાયન ભૂમિપતિ મનમાં બહુ ચમત્કાર પામ્યો, તેથી તેણે પૂછયું કે " હે મુને ! તમે આવાં ફલ કયાંથી લાવ્યા ? મને તે સ્થાન દેખાડો. " તાપસે કહ્યું. " આ નગરની સમીપમાં એક રમણીય ઉદ્યાન છે તેમાં આવાં નેત્રને વિશ્રાંતિ આપનારાં ફલોનો સમૂહ થાય છે. " ઉદાયન ભૂપતિએ " એ ઉદ્યાન મને બતાવો. " એમ કહ્યું એટલે તાપસ, જાણે તેને વિદ્યા આપવા માટે લઇ જતો હોયની ? એમ ભૂપતિને એકલો જોઈ દૂર લઇ ગયો. ત્યાં તાપસે પોતાની શક્તિથી તેવાંજ ઉત્તમ ફલોથી ભરપુર અને નાના પ્રકારના તાપસોના આશ્રમવાલો એક મનોહર બગીચો બનાવી દીધો. પછી ભૂપતિ " હું તેમનો ભક્ત છું માટે આ તાપસવન મ્હારી ફલની ઇચ્છા પૂર્ણ કરશે. " એમ ધારી ઉદ્યાન તરફ દોડયો. આ વખતે સામા દોડતા આવતા તે માયામય તાપસોએ " આ ચોર છે " એમ ધારી રાજાને બહુ માર્યો. તેથી ઉદાયન ભૂપતિ બહુ ભય પામી નાસવા લાગ્યો તો સામી બાજુએ પણ " ભય ન પામ. " એમ કહેતા એવા સાધુઓને દીઠા. પછી ભૂપતિ તેમના શરણે થયો. માયામય સાધુ- ઓએ આશ્વાસન પમાડેલો ભૂપતિ સ્વસ્થ થઈ વિચાર કરવા લાગ્યો " હા ! જન્મથી આરંભીને ક્રુર કર્મ કરનારા તાપસોએ મને છેતરેલો છે. સાધુઓએ કહ્યું. " ધર્મ એજ માણસને શરણ છે. અને ધર્મના અર્થે એવા ઉત્તમ બુદ્ધિવાલા માણસે દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણુની ઉત્તમ પ્રકારે પરીક્ષા કરવી. જે રાગાદિથી મુક્ત હોય તે

દેવ કહેવાય છે. બ્રહ્મચારી તથા પરિગ્રહથી મુકાયલાનેજ ગુરૂ માનેલા છે. તેમજ દયાયુક્ત ધર્મ તેજ ધર્મ સમજવો. ” સાધુની આવી દેશના સાંભલી શુદ્ધ બુદ્ધિવાલો રાજા પ્રતિબોધ પામ્યો, અને તેના અતિ સ્થિર એવા ચિત્તરૂપ ઘરને વિષે અરિહંતના ધર્મે નિવાસ કર્યો. પછી તે દેવતાએ પ્રત્યક્ષ થઈ ઉદાયન ભૂપતિને ધર્મ વિષે સ્થાપ્યો. ત્યારબાદ તે સ્વર્ગ પ્રત્યે ચાલ્યો ગયો. ઉદાયન ભૂપતિએ પણ પોતાને પોતાની સભામાં બેઠેલો જોયો. તે દિવસથી માંડી યથોક્ત દેવ ગુરૂ ધર્મ વિગેરે ત્રણથી વાસિત થએલો ઉદાયન રાજા સમ્યક્ત્વધારી થયો.

(શ્રી વીરપ્રભુ અભયકુમારને કહે છે.) હવે ગાંધાર દેશનો ગાંધાર નામે રાજા વૈતાઢ્ય પર્વત ઉપર શાશ્વતી જિન પ્રતિમાને વંદન કરવા ગયો. ત્યાં તે વૈતાઢ્ય પર્વતના મૂલમાં વંદના કરવાની ઈચ્છાથી બેઠો. પ્રસન્ન થએલી શાસનદેવીએ તેનું ઈષ્ટ પૂર્ણ કર્યું. શાસનદેવીએ કૃતકૃત્ય એવા તેને ઈષ્ટ ફળ આપનારી એકસો આઠ ગોળીઓ આપી. એક ગોળી મોઢામાં નાખી ગાંધારે વિચાર કર્યો કે “ હું વીતભય નગરે જઈ દેવાધિદેવની પ્રતિમાને વંદના કરૂં.” આમ વિચાર કરવા માત્રમાં તે વીતભય નગરે ગયો ત્યાં દેવાધિદેવની પ્રતિમાને પ્રભાવતીની દાસી કુબ્જા પૂજતી હતી. બીજે દિવસ ગાંધારના શરીરે કાંઇ રોગ થયો. જિનધર્મને વિષે પ્રીતિવાળી કુબ્જાએ તેની ભક્તિ કરી. ગાંધારે પોતાનું મૃત્યુ પાસે આવ્યું જાણી કુબ્જાને સો ગોળીઓ આપી દીધી, ત્યારપછી આર્ત્તધ્યાન રહિત એવા તેણે દીક્ષા લીધી. કુબડા રૂપવાળી કુબ્જાએ પણ સારૂં રૂપ પામવાની ઈચ્છાથી એક ગોળી મુખમાં નાખી. તેથી તે પણ દેવીની પેઠે દિવ્ય રૂપ ધારણ કરનારી થઈ, તે ગોળી વડે કુબ્જા સુવર્ણના વર્ણથી પણ અધિક રૂપવાળી થઇ તેથી લોકોએ તેનું સુવર્ણગુલિકા એવું નામ પાડ્યું.

હવે સુવર્ણ ગુલિકાએ બીજી ગોળી મુખમાં મૂકી વિચાર્યું જે મ્હારા સરખા રૂપવાલા પતિ વિના મ્હારૂં આવું રૂપ વૃથા છે. આ ઉદાયન રાજા તો મ્હારે પિતા સમાન છે. અને બીજા રાજાઓ તો તેના સેવક છે. માટે ઉદ્ધત એવો ચંડપ્રદ્યોતન રાજા મ્હારો પતિ થાઓ. ” સુવર્ણગુલિકા આવો વિચાર કરતી હતી એવામાં કોઇએ પ્રથમથી ચંડપ્રદ્યોતન પાસે સુવર્ણ ગુલિકાના રૂપનાં વખાણ કર્યાં હશે. તેથી માલવપતિ ચંડપ્રદ્યોતન ભૂપતિએ એક દૂત સુવર્ણગુલિકા પાસે તેની યાચના કરવા મોકલ્યો ! દૂતે ત્યાં આવી તેની પ્રાર્થના કરી એટલે સુવર્ણગુલિકાએ કહ્યું. “ તું ચંડપ્રદ્યોતન રાજાને અહિં તેડી લાવ.” દૂતે સુવર્ણગુલિકાના કહ્યા પ્રમાણે માલવપતિને ખબર આપ્યા. પછી ચંડપ્રદ્યોતન રાજા, ઐરાવણ હસ્તિ ઉપર બેઠેલા ઇંદ્રની સંપત્તિને ધારણ કરતો છતો વાયુ સરખા વેગવાલા હસ્તિ ઉપર બેસી રાત્રીએ વીતભય નગર પ્રત્યે આવ્યો. જેવી રીતે ચંડપ્રદ્યોતન રાજાને સુવર્ણગુલિકા રૂચી, તેવીજ રીતે સુવર્ણ ગુલિકાને માલવપતિ પ્રસન્ન પડયો. માલવપતિએ સુવર્ણગુલિકાને કહ્યું “ હે સુંદરી !

તું મ્હારી નગરી પ્રત્યે ચાલ." સુવર્ણગુલિકાએ કહ્યું "હું આ દેવાધિદેવની પ્રતિમાને મૂકી દઇ ક્ષણમાત્ર પણ જીવી શકું તેમ નથી માટે હે રાજન્! તમારે આ મૂર્તિના સમાન બીજી મૂર્તિ લાવીને ત્યાં સ્થાપન કરવી અથવા તો આ મૂર્તિનેજ ત્યાં લઇ જઇને સ્થાપવી." પછી ચંડપ્રદ્યોતન ભૂપતિ, દેવાધિદેવની પ્રતિમાસમાન રૂપ આલેખી લઇ અને તે રાત્રી પ્રીતિથી તેણીની સાથે ક્રીડા કરવામાં નિર્ગમન કરી સવારે પોતાની ઉજ્જયિની નગરી પ્રત્યે ચાલ્યો ગયો. ત્યાં ચંડપ્રદ્યોતન ભૂપતિએ જેવી જોઈ હતી તેવી જાતિવંત ચંદનના કાષ્ટની શ્રી વીરપ્રભુની પ્રતિમા કરાવી. પછી તેણે પોતાના પ્રધાનોને પૂછયું કે "મેં આ દેવાધિદેવની નવીન પ્રતિમા કરાવી છે તેની પ્રતિષ્ઠા કોણ કરશે?" પ્રધાનોએ કહ્યું. "હે પૃથ્વીનાથ! અનંત ભવના સંદેહને નાશ કરનારા તથા કેવલજ્ઞાની એવા કપિલ મુનિ એ પ્રતિમાની પ્રતિષ્ઠા કરશે. પછી ચંડપ્રદ્યોતન રાજાની વિનંતિ ઉપરથી ઉપશમધારી કપિલ મુનિએ વાસક્ષેપ નાખવા પૂર્વક તે નવીન મૂર્તિની પ્રતિષ્ટા કરી. પછી ચંડપ્રદ્યોતન રાજાએ તે પ્રતિમા વાયુના સરખા વેગવાલા હસ્તિની પીઠ ઉપર મૂકી અને પોતે પણ હર્ષથી તે પ્રતિમાની સેવા કરતો છતો હસ્તિ ઉપર ચઢયો. હસ્તિના દિવ્ય વાહનથી પણ અધિક વેગથી વીતભય નગરને વિષે જઇ તેણે તે પ્રતિમા કુબ્જા (સુવર્ણગુલિકા)ને આપી. કુબ્જાએ પણ તે પ્રતિમાને મંદીરમાં સ્થાપન કરી તથા પૂર્વની પ્રતિમા લઈ ચંડપ્રદ્યોતન રાજા પાસે આવી ચંડપ્રદ્યોતન ભૂપતિ પણ પ્રતિમાસહિત કુબ્જાને હસ્તિ ઉપર બેસારી તુરત પોતાની નગરી પ્રત્યે ગયો. આ વખતે તેની ઉજ્જયિની નગરી જાણે પોતાની સામે આવી હોયની? એમ તેને માલમ પડયું.

એકદા કુબ્જાએ તથા ચંડપ્રદ્યોતન રાજાએ વિદિશર નગરીના ભાયલ શ્રેષ્ઠીને તે વિદ્યુન્માલી દેવતાએ બનાવેલી ગોશિર્ષ ચંદનની મૂર્તિ પૂજા કરવા સોંપી. કારણ તેઓ બહુ વિષયાસક્ત હોવાથી મૂર્તિની પૂજા કરી શકતાં નહોતાં. એક દિવસ ભાયલે જાણે મૂર્તિમંત તેજનો સમૂહ હોયની? એવા અને પોતાના હાથથીજ ચંદનાદિ વડે તેજ જિનપ્રતિમાને પૂજન કરતા બે ઉત્તમ પુરૂષોને દીઠા. દૃષ્ટિને સુખ આપનારા અને ઉત્તમ કાંતિથી દેદીપ્યમાન એવા તે બન્ને પુરૂષોને જોઇ ભાયલે તેમને પૂછયું કે "તમે કોણ છો?" તેઓએ કહ્યું. "અમે પાતાળમાં રહેનારા કંબલ શંબલ નામના નાગકુમાર છીએ. ધરણેંદ્રની આજ્ઞાથી અમે નિરંતર વિદ્યુન્માલી દેવતાએ બનાવેલી દેવધિદેવની આ પ્રતિમાને ચંદનાદિ પૂજાસામગ્રીથી પૂજા કરવા માટે અહીં આવીએ છીએ, આ હ્રદયની અંદર રહેલી વિદિસા નદીના માર્ગે થઈ અમે મરાલ પક્ષીની પેઠે આવ જા કરીએ છીએ," ભાયાલે કહ્યું. "તમે કૃપા કરી પાતાલના તમારા ભુવનો મને દેખાડો. વલી મને ત્યાંની શાશ્વતી પ્રતિમાને જોવાનો મનોરથ છે તે મ્હારો મનોરથ પૂર્ણ કરો. કારણ દેવતાનું દર્શન નિષ્ફળ થતું નથી." પછી તે બન્ને દેવતાઓ નદીમાર્ગે અર્ધું પૂજન કરેલા ભાયલને તુરત પાતાલ પ્રત્યે

લઇ ગયા. ભાયલે ત્યાં શાશ્વતી પ્રતિમાને હર્ષથી વંદન કર્યું એટલે ધરણેંદ્રે તેને કહ્યું કે " વરદાન માગ વરદાન માગ." ભાયલે કહ્યું. " નાથ ! જેવી રીતે લોકમાં મ્હારૂં નામ પ્રસિદ્ધ થાય તેમ કરો. કારણ મનસ્વી પુરૂષોને એજ સાર રૂપ છે." નાગરાજે કહ્યું. " ચંડપ્રદ્યોતન રાજા અહીં ત્હારા નામથી દૈવિક નગર વસાવસે. પણ તું શ્રી જિનેશ્વરની અડધી પૂજા કરીને અહિં આવ્યો છું. માટે કાલે કરીને મિથ્યાદ્રષ્ટિજનો તે પ્રતિમાનું ગુપ્ત રીતે પૂજન કરશે. એટલું જ નહિં પણ તે મિથ્યાદ્રષ્ટિઓ તે પ્રતિમાને બહાર સ્થાપન કરીને આ ભાયલ નામના આદિત્ય (સૂર્ય) છે. એમ કહેશે અને ભાયલસ્વામી સૂર્ય એવા નામની તે મૂર્તિને પૂજશે. કારણકે સર્વ માણસોએ ઉદ્ઘોષણ કરેલી યુક્તિ પણ નિષ્ફળ નથી થતી." ભાયલે કહ્યું. " હા હા ! હું પાપી ઠર્યો. હે મહેંદ્ર ! મને ધિક્કાર છે ધિક્કાર છે. આ એક મ્હારૂં ન નિવારી શકાય તેવું અમંગલ થયું. કારણકે દેવાધિદેવની પ્રતિમાને પ્રતિનિધિ બનાવી આદિત્ય એવા મ્હારા નામથી અન્યજનો પૂજશે." ઇંદ્રે કહ્યુ. " હે ભાયલ ! તું શોક ન કર. એમાં આપણે શું કરીએ, કારણકે દૂષમ કાળનું આ ચેષ્ટિત બહુ પ્રબલ છે." પછી નાગકુમાર દેવતાઓએ તેજ માર્ગવડે ભાયલને સ્વપ્નના દર્શનની પેઠે તેના પૂર્વ સ્થાનકે પહોંચાડયો.

હવે અહિં વીતભય નગરમાં કૃતાર્થ એવો ઉદાયન ભૂપતિ સવારે જિનેશ્વરની પૂજા કરવા જિનપ્રાસાદ પ્રત્યે આવ્યો. ત્યાં તેણે પોતાની આગલ કરમાઈ ગએલી પુષ્પમાલાવાળી પ્રતિમા જોઈ વિચાર્યું જે " આ પ્રતિમા કોઇ બીજી છે. પ્રથમની નથી. કારણ કે તે પ્રતિમા ઉપર સવારે ચડાવેલા પુષ્પો સાંજે પણ જાણે તુરતના ચડાવેલા હોયની ? એવાં દેખાય છે. વલી જાણે સ્તંભ ઉપર કોરેલી પુતળી હોય ની ? એમ અહિં નિરંતર રહેતી એવી દેવદત્તા દાસી પણ જાણે મરી ગઇ હોયની ? એમ દેખાતી નથી. ઉનાલામાં જેમ મારવાડમાં પાણી સુકાઇ જાય તેમ હાથીઓનો મદ ગળી ગયો છે માટે અહીં નિશ્ચે અનિલવેગ નામનો ગંધહસ્તિ આવ્યો હોય એમ મને લાગે છે. રાત્રીએ ચોરની પેઠે અવંતીનો રાજા ચંડપ્રદ્યોતન અનિલવેગ નામના હસ્તિની સહાયથી અહીં આવી પ્રતિમાને તથા દેવદત્તાને હરણ કરી ગયો છે." પછી ક્રોધથી કંપતા અંગવાલા ઉદાયન રાજાએ ચંડપ્રદ્યોતન ઉપર ચડાઇ કરવા માટે જયપડહ વગડાવ્યો. સર્વ સૈન્ય સજ્જ કરી ઉદાયન ભૂપતિએ શુભ દિવસે અતિપ્રચંડ તેજવાલા ચંડપ્રદ્યોતન તરફ પ્રયાણ કર્યું. જેમ રૂદ્રની સામે ચંદ્ર પ્રયાણ કરે તેમ ચંડપ્રદ્યોતન તરફ પ્રયાણ કરતા એવા ઉદાયન રાજાની પાછલ બીજા મહા તેજવાલા મુકુટબદ્ધ દશ રાજાઓ ચાલ્યા પછી જાંગલ દેશની ભૂમિ પ્રત્યે ગએલા ઉદાયન રાજાના સૈન્યને પ્રાણનો નાશ કરનારી મહા તરસ્યા ઉત્પન્ન થઇ. તરસ્યાથી પરસ્પર અથડાઈ પડતા અને પૃથ્વી ઉપર આલોટતા એવા સુભટો દિવસ છતાં પણ ઘુડની પેઠે માર્ગને વિષે કાંઇ પણ દેખતા નહોતા. આ વખતે

ઉદાયન રાજાએ પોતાની રાણી પ્રભાવતીના જીવ રૂપ જે સ્વર્ગમાં દેવતા ઉત્પન્ન થયો હતો તેનું સ્મરણ કર્યું દેવતાએ તુરત ત્યાં આવીને ત્રણ મ્હોટાં તલાવો બનાવી આપ્યાં. પછી જલપાન કરી કરીને સર્વ સૈન્ય સ્વસ્થ થયું. કહ્યું છે કે માણસો અન્ન વિના જીવી શકે પણ જળ વિના તો જીવી શકે નહીં. પછી પ્રભાવતીના જીવ રૂપ દેવતા પોતાના સ્થાનકે ગયો અને ઉદાયન ભૂપતિ ઉજ્જયિની નગરીએ પહોંચ્યો. ત્યાં દૂતના મુખથી ઉદાયન રાજાને તથા ચંડપ્રદ્યોતનને સૈન્યને સુખ આપનારી ધર્મ વૃત્તિની પેઠે સંગ્રામની વાત થઇ. ધન્ય એવા ઉદાયન રાજા સંગ્રામ કરવાના રથ ઉપર બેઠો અને તુરત રણતુર ( યુદ્ધના વાજીંત્રો ) વાગ્યાં. પછી ઉદાયન રાજાને ન જીતી શકાય એવો જાણી ચંડપ્રદ્યોતન રાજા પોતાના અનિલવેગ નામના ઉત્તમ હસ્તિ ઉપર બેઠો. ચંડપ્રદ્યોતન રાજાને હસ્તિ ઉપર બેઠેલો જોઈ ઉદાયન રાજાએ કહ્યું. " અરે અધમ ! તું ભ્રષ્ટ પ્રતિજ્ઞાવાલો થયો છતો સમર્થ થયો નહીં એમ કહી ઉદાયન રાજાએ ચંડપ્રદ્યોતનના હસ્તિને ચારે બાજુએ ભમાવી સર્વ પ્રકારના અભિસારથી યુદ્ધ આરંભ્યું, તેમાં તેણે સોયના સમાન તીક્ષ્ણ બાણોએ કરીને ચંડપ્રદ્યોતનના મુકુટને તથા અનિલવેગ હસ્તિના ચરણને વિંધી નાખ્યા. સર્વ અંગોને વિષે પ્રસરતી બાણની અતિ પીડાથી બહુ કષ્ટ પામેલો હસ્તિ કયાંઇ પણ જવા સમર્થ થયો નહીં તેથી તે ત્યાંજ પડી ગયો તુરત ઉદાયન ભૂપતિ ચંડપ્રદ્યોતનને હસ્તિ ઉપરથી નીચે પાડી, હાથવતી પકડી, બાંધી અને પોતાના સૈન્ય પ્રત્યે લાવ્યો. ત્યાં તેણે ચંડપ્રદ્યોતનના કપાલમાં " તું મ્હારી દાસીનો પતિ થયો છે. " એવા આત્મપ્રશસ્તિના અક્ષર કરાવ્યા.

પછી ઉદાનય રાજા ચંડપ્રદ્યોતનને પોતાના સેવક સમાન બનાવી પોતે ઉજ્જયિની નગરી પ્રત્યે તે દિવ્ય પ્રતિમા લેવા માટે આવ્યો. ત્યાં તે દિવ્ય પ્રતિમાને નમસ્કાર કરી, પૂજન કરી લેવા માટે ઉપાડવા ગયો પરંતુ પર્વતની પેઠે તે પ્રતિમા જરા પણ ચલાયમાન થઈ નહિ. તેથી વિદ્યુન્માલી દેવતાએ બનાવેલી તે પ્રતિમા પ્રત્યે ઉદાયન રાજાએ કહ્યું કે " હે સ્વામિન્ ? શું હું અભાગ્યવાન છું જે આપ મ્હારી નગરી પ્રત્યે નથી પધારતા ? આ વખતે મૂર્તિના અધિષ્ઠાયક દેવતાએ કહ્યું " હે ઉદાયન ! શોક ન કર કારણકે ત્હારા નગરને વિષે રજોવૃષ્ટિથી સ્થળ થવાનું છે. માટે હું ત્યાં નહિં આવું. " અધિષ્ઠાયક દેવતાની આવી આજ્ઞાથી ઉદાયન પોતાના નગર તરફ વિદાય થયો. રસ્તામાં તેના પ્રયાણને રોકી રાખનારી વૃષ્ટિ થઇ, તેથી તેણે ત્યાંજ ઉત્તમ નગર વસાવી છાવણી નાખી. કહ્યું છે કે જ્યાં રાજાઓ નિવાસ કરે ત્યાંજ નગર જાણવું. સાથેના દશ રાજાઓ પણ રક્ષણ માટે ધુળનો કોટ કરી ત્યાં રહ્યા જેથી તે છાવણી દશપુર નામે પ્રસિદ્ધ નગર થયું. ઉદાયન રાજા ચંડપ્રદ્યોતનને ભોજનાદિક વડે જાણે પોતાનો આવોજ ક્ષત્રિય ધર્મ હોયની ? એમ પોતાનું બલ દેખાડતો હતો.

એકદા વાર્ષિક પર્વ આવ્યું. એટલે ઉદાયન રાજાએ, શ્રાવક ધર્મી હોવાથી ઉપવાસ કર્યો. રસોઇયાઓએ ઉદાયન ભૂપતિની આજ્ઞાથી માલવપતિ ચંડપ્રદ્યોતનને પૂછયું કે " હે નરપતિ ? આજે શું જમશો ? " રસોઇયાનાં આવાં વચન સાંભલી ભય પામેલો ચંડપ્રદ્યોતન રાજા વિચારવા લાગ્યો. "નિશ્ચે આજે આ પ્રશ્ન કુશલકારી લાગતો નથી. ખરેખર આ વચન વધબંધનને સૂચવનારૂં દેખાય છે." ચંડપ્રદ્યોતને રસોઇયાને પૂછ્યું "તમે હંમેશાં તો પૂછયા વિના અવસરે એમને એમ ભોજન લાવોછો અને આજે પૂછવાનું શું કારણ છે ?" સસોઈઆએ કહ્યું. " હે ભૂપતિ ! આજે પર્યુષણપર્વ છે માટે અંતઃપુર સહિત અમારા રાજાને ઉપવાસ છે હંમેશાં તો અમારા રાજાને માટે જે ભોજન કર્યું હોય તેનાથીજ આપને ભોજન કરાવતા અને હમણાં તો આપના માટે-જ રસોઇ કરવાની છે માટે પૂછીએ છીએ." ચંડપ્રદ્યોતને કહ્યું. " હે રસોઇયા ! ત્યારે તો આજે હું પણ નિશ્ચે ઉપવાસ કરીશ. તમે આજે પર્યુષણપર્વના ખબર આપ્યા તે બહુ સારૂં કર્યું. કારણ નિશ્ચે અમારા કુળને વિષે પણ શ્રાવક ધર્મ છે." રસોઈ-યાએ ચંડપ્રદ્યોતનનું કહેલું સર્વ ઉદાયન રાજાને કહ્યું. ઉદાયને હસીને કહ્યું. નિશ્ચે તેણે ધૂર્તપણાથી આ કપટ જાણ્યું છે. બંધીખાનામાં રહ્યા છતાં પણ તેણે જે તે પ્રકારે આ મ્હારૂં ઉત્તમ પર્વ કર્યું " એમ વિચાર કરી તેણે ચંડપ્રદ્યોતનને ખમાવી તેના કપાળમાં લખેલા અક્ષરને ઢાંકવા માટે પટ્ટબંધ કર્યો. તે દિવસથી આરંભીને રાજાઓ વૈભવને સૂચવનારો પટ્ટબંધ કરે છે. ઉદાયન રાજાએ ચંડપ્રદ્યોતનને તેનો પૂર્વનો મુકુટ બાંધી ઉજ્જયિનીનું રાજ્ય પાછું સોંપ્યું અને વર્ષાકાળ નિર્ગમન થયા પછી પોતે પોતાના વીતભય નગરે ગયો, છાવણીમાં વેપારને અર્થે આવેલા વૈશ્યો ત્યાં રહ્યા. તેથી તે નગરનું દશપુર એવું નામ તે વેપારીઓથીજ પ્રસિદ્ધ પામ્યું.

એકદા ઉદાયન વિદિશા નગરી પ્રત્યે જઇ " આ દેવનિર્મિત નગરને ઇંદ્રે ભાયલસ્વામિ નામવડે કહેલું છે, તે વૃથા કેમ થાય " એમ વિચાર કરવા લાગ્યો. પછી હર્ષિત થએલા તેણે વિદ્યુન્માલી દેવતાએ કરેલી પ્રભુની પ્રતિમાને પૂજન કરવા નિમિત્તે બાર હજાર ગામ આપ્યાં, પછી પ્રભાવતીના જીવ રૂપ દેવતાએ વીતભય નગરમાં આવી ઉદાયન રાજાને સુખે પ્રતિબોધ કર્યો. " હે નૃપ ! જે અહીંયાં શ્રી વર્દ્ધમાનસ્વામીની પ્રતિમા છે તે પણ નિશ્ચે માન્ય છે. તે પણ ઉત્તમ તીર્થરૂપ છે કારણ તે પ્રતિમાને પણ કેવળજ્ઞાનથી દેદીપ્યમાન એવા કપિલ નામના બ્રહ્મ સાધુએ પ્રતિષ્ઠા કરેલી છે. માટે આ દેવાધિદેવની પ્રતિમા ત્હારે પૂજન કરવા યોગ્ય તથા વંદન કરવા યોગ્ય છે વળી ત્હારે અવસરે દીક્ષા લેવી." દેવતાનું આ સર્વ વચન અંગીકાર કરી રાજા ઉદાયન તે પ્રતિમાને પૂજવા લાગ્યો અને ઉદાયન ભૂપતિના ચિત્તરૂપ વનને સિંચન કરવામાં મેઘ સમાન તે દેવતા પણ અંતર્ધ્યાન થઇ ગયો.

એકદા ધર્મકાર્યને વિષે ઉદ્યમવંત થએલા ઉદાયન રાજાએ પૌષધશાળામાં પાખી (ચૌદશ)નો પૌષધ કર્યો શુભ ધ્યાનથી રહેલા તે ભૂપતિને મધ્ય રાત્રીએ ઉત્તમ

વિવેકના અંધુરૂપ એવો અધ્યવસાય ઉત્પન્ન થયો કે "શ્રી વીરપ્રભુએ જે ગામ નગરને પવિત્ર કર્યાં છે તે ધન્ય છે વળી જે રાજાઓએ તેમના મુખથી ધર્મ સાંભળ્યો છે તેઓને પણ ધન્ય છે. તે પ્રભુની ધર્મદેશનાથી ઉજ્વલ પ્રતિબોધ પામી જેમણે શ્રાવકધર્મ આદર્યો છે તેજ કૃતાર્થ થયા છે. તેમજ તે પ્રભુના પ્રસાદથી જેઓ વિરતિ પામ્યા છે તેઓ વંદન કરવા યોગ્ય તથા વખાણવા યોગ્ય છે અને તેમનેજ વારંવાર નમસ્કાર થાઓ. હમણાં જો તે પ્રભુ વિહાર કરતા કરતા અહિં આવે તો હું તેમની પાસે સર્વવિરતિ અંગીકાર કરી કૃતાર્થ થાઉં" આ વાત જાણી શ્રીવીરપ્રભુ તે ઉદાયનના હિતને માટેજ ચંપાપુરીથી દેવતાઓએ વિંટાએલા છતા ત્યાં સમવસર્યા. ઉત્તમ બુદ્ધિવાળો ઉદાયન પ્રભુ પાસે જઈ ધર્મ સાંભળી ઘરે ગયો. ત્યાં તે વિચારવા લાગ્યો કે "જો વ્રતેચ્છુ એવો હું મ્હારા પુત્ર અભિચિને રાજ્ય આપું તો મેં તેને નવ પ્રકારના નૃત્ય કરનારો નટ બનાવ્યો એમ કહેવાશે કારણ નીતિના જાણ પુરૂષો પણ રાજ્યને નરક આપનારૂં માને છે. માટે હું મ્હારા પુત્રને તો રાજ્ય નહિ આપું કદાપિ આપું તો તેમાં તેનું હિત શું થવાનું ? પછી નિસ્પૃહ અને ભિન્ન સ્વભાવવાળા ઉદાયન રાજાએ પોતાના ભાણેજ કેશીને પોતાની રાજ્યલક્ષ્મી આપી. વળી તેણે જીવતસ્વામીની પ્રતિમાના પૂજનને અર્થે બહુ ગામ, નગર અને આકરાદિ આપ્યાં

શ્રી મહાવીર પ્રભુ અભયકુમારને કહે છે કે, પછી ઇંદ્રિયોને દમન કરનારા ઉદાયન ભૂપતિએ કેશીએ કરેલા નિષ્ક્રમણ ઉત્સવપૂર્વક અમારી પાસે દીક્ષા લીધી. વ્રતના દિવસે છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે તીવ્ર તપથી તેણે પોતાના દેહને પૂર્વ ભવના કર્મથી શુદ્ધ કર્યો. આ વખતે ફરી અભયકુમારે નમસ્કાર કરીને શ્રી જિનેશ્વરને પૂછ્યું કે "એ ઉદાયન રાજર્ષિનો ઉત્તરકાલ કેવો થશે ?" પ્રભુએ કહ્યું. "પૃથ્વી ઉપર વિહાર કરતા એવા તે મુનિને કોઇ એક દિવસ અકાળે અપથ્ય ભોજન ખાવાથી મહાવ્યાધિ થશે. તે વખતે નિર્વદ્ય અંતઃકરણવાળા વૈદ્યો ગુણના સમુદ્રરૂપ તેમને કહેશે કે "હે મુનિ! દહીં ભક્ષણ કરો પછી દેહને વિષે આસક્તિ રહિત એવા પણ તે મુનિ ગોષ્ટને વિષે વિહાર કરશે કારણ કે ત્યાં નિર્દોષ એવું દહિનું ભોજન મલવું સુલભ હોય છે. એકદા તે મુનિ વીતભય નગર પ્રત્યે જશે. તે વખતે ત્યાં કેશી ભાણેજ રાજ્ય કરતો હતો. ઉદાયન રાજર્ષિને આવ્યા સાંભળી પ્રધાનો કેશીને કહેશે કે "હમણાં ચારિત્રને ત્યજી દેવાની ઇચ્છાવાળો તમારો મામો અહીં આવેલ છે. ઇંદ્રપદ સમાન સમૃદ્ધિવંત રાજ્યને ત્યજી દઈ તે શાંતભાવને પામ્યા હતા. પણ હમણાં તો તે ફરી રાજ્યને અર્થે આવ્યા છે. માટે તમારે તેમનો વિશ્વાસ કરવો નહિ." કેશીએ "તે પોતાનું રાજ્ય આજે ભલે સ્વીકારે" એમ કહેશે. એટલે દુષ્ટ બુદ્ધિવાળા મંત્રીઓ ફરી તેને કહેશે કે "પૂર્વના પુણ્યથીજ તમને રાજ્ય મળ્યું છે. તે તમને કોઇએ આપ્યું નથી. રાજાનો ધર્મ એવો નથી જે

લીધેલું પાછું આપી દે. રાજાઓ તો બલવડે ભાઈ પાસેથી, મામા પાસેથી, પિતા પાસેથી અથવા તો મિત્ર પાસેથી રાજ્ય લઈ લે છે. એવો કોણ મૂર્ખ હોય જે લીધેલું પાછું મૂકી દે. " પ્રધાનોનાં આવાં વચનથી હર્ષ પામેલો કેશી ફરી કહેશે. " ત્યારે તેમનું મૃત્યુ શી રીતે થાય ? " પ્રધાનોએ કહ્યું. " વિષથીજ કરાવાય. પછી કેશીની આજ્ઞાથી કોઇ એક ગોવાલણ વિષમિશ્રિત દહિં ઉદાયન મહર્ષિને આપશે. પ્રભાવતીના જીવ રૂપ દેવતા વિષનું હરણ કરી મુનિને કહેશે કે તમને અહિં વિષયુક્ત દહિની પ્રાપ્તિ થશે. માટે હવે દહીંની ઇચ્છા કરશો નહીં. " મુનિ દહિંનું ભક્ષણ નહિ કરે તેથી તેમના શરીરે રોગ વૃદ્ધિ પામશે. કારણ ઔષધનું સેવન ન કરવાથી રોગો વૃદ્ધિ પામે છે. ફરી મુનિ રોગની નિવૃત્તિ માટે દહિનું ભોજન લેશે. પણ દેવતા તે વિષનું હરણ કરશે. આમ ત્રણ વખત દેવતા વિષનું હરણ કરશે. એકદા પ્રમાદથી દેવતા વિષનું હરણ કરશે નહીં તેથી મુનિ વિષમિશ્રિત દહિનું ભક્ષણ કરશે. વિષથી ઉત્પન્ન થએલી પીડા બહુ વૃદ્ધિ પામશે ત્યારે પોતાનો કાલ સમીપ આવ્યો જાણી તે મહા મુનિ અનશન લેશે. ત્રીશ દિવસ સુધી અનશન પાલી સમાધિથી કેવલ જ્ઞાન પ્રાપ્ત કરી કર્મરહિત એવા તે મુનિરાજ મોક્ષ પામશે. ઉદાયન રાજર્ષિ મોક્ષ પામ્યાનું જાણી બીજી કાલરાત્રી હોયની તેમ દેવતા કોપ પામશે તેથી તે ધુળ વડે કરીને વીતભય નગરને પૂરી દેશે. અને ધુળની વૃષ્ટિથી દિવસને પણ રાત્રી જેવો કરી દેશે. આ વખતે કપિલ મુનિએ પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમા દ્રવ્યની પેઠે ભૂમિમાં દટાઇ જશે. જે કુંભકારના ઘરમાં ઉદાયન રાજર્ષિ રહેશે તે કુંભારને દેવતા બીજે સ્થાનકે લઇ જઈ ને તેના નામથી નવું નગર સ્થાપન કરશે.

નિર્ભય એવા અભયકુમારે ફરી નમસ્કાર કરી શ્રી વીરપ્રભુને પૂછ્યું. હે વિશ્વપતિ ! પછી શું થશે તે ઝટ કહો. " પ્રભુએ કહ્યું. " જ્યારે ઉદાન રાજાએ પોતાનું રાજ્ય પોતાના ભાણેજ કેશીને આપ્યું. ત્યારે ઉદાયનની સ્ત્રી પ્રભાવતીનો પુત્ર વિચારવા લાગ્યો કે " હું રાજ્યને યોગ્ય, નિરપરાધી અને ભક્ત એવો પુત્ર છતાં પિતાએ મને રાજ્ય ન આપતાં પોતાના ભાણેજને આપ્યું તે સારૂં કર્યું નથી. પિતાએ પ્રભુપણાથી જે અયોગ્ય કર્યું છે તે ઠીક છે. પણ હું કેશીની સેવા તો શી રીતે કરીશ. કારણ ઉદાયનનો પુત્ર તો હુંજ છું. " આ પ્રમાણે વિચાર કરી તે અભિચિ પિતાથી પરાભવ પામ્યો છતો કુણિક રાજા પાસે જશે. કારણ માનવંત પુરૂષને પરાભવ થયે છતે પરદેશ જવું યોગ્ય છે. કૂણિક અભિચિને માસીનો પુત્ર ભાઇ થાય છે. તેથી તે ત્યાં તેની દેખરેખ નીચે સુખથી રહેશે. જીવાજીવાદિ તત્ત્વનો જાણ, સાધુનો ઉપાસક અને વિવેકવાળો તે અભિચિ શ્રાવક ધર્મ પાલશે. જો કે તે અભિચિ બહુ વર્ષ પર્યંત અખંડિત રીતે શ્રાવક ધર્મને પાલશે ખરો પણ પિતાથી થએલા પરાભવને સ્મરણ કરતો છતો પિતા ઉપરનું વૈરત્યજી દેશે નહીં, છેવટ પંદર દિવસના

અનશનથી સંલેખના કરી તે અભિચિ આલોચના લીધા વિના મૃત્યુ પામીને અસુરપણે ઉત્પન્ન થશે. ત્યાં તે એક પલ્યોપમનું આયુષ્ય પાલી મહા વિદેહ ક્ષેત્રને વિષે ઉત્પન્ન થશે. ત્યાંથી નિરભિમાની એવો તે મોક્ષ પામશે.

શ્રી મહાવીર પ્રભુએ વર્ણન કરેલા ઉદાયન રાજાના ચરિત્રને સાંભલી અભયકુમાર, " હે જિનેશ્વર ! હવે મ્હારે રાજ્યનું કાંઇ પ્રયોજન નથી. " એમ કહી તથા પ્રભુને વંદના કરી શ્રેણિક રાજા પાસે આવીને કહેવા લાગ્યો.

" હે તાત ! જો હું રાજા ન હોઉં તો મુનિ થાઉં છું. કારણ કે શ્રી વીર પ્રભુએ તો છેલ્લો રાજર્ષિ ઉદાયન કહ્યો છે. તમારા પુત્રપણાને પામી તથા શ્રી વીર પ્રભુને મલી જો હુ સંસારથી ન ભય પામું અર્થાત્ સંસારથી વૈરાગ્ય ન પામું તો પછી મ્હારા વિના બીજો અધમ કયો જાણવો ? હે તાત ! જો કે મ્હારૂં નામ અભય છે તો પણ સંસારથી સભય થયો છું માટે મને આજ્ઞા આપો કે જેથી હું વિશ્વના જીવોને અભય આપનારા શ્રી વીર પ્રભુનો આશ્રય કરૂં. મ્હારે પ્રમાણ સુખવાલા રાજ્યથી સર્યું. કારણ જિનેશ્વરોએ સંતોષના સારવાલા સુખને ઉત્તમ કહ્યું છે. " શ્રેણિક રાજાએ બહુ કહ્યું પણ જ્યારે અભયકુમારે રાજ્ય સ્વીકાર્યું નહીં, ત્યારે શ્રેણિકે તેને દીક્ષા લેવાની રજા આપી. પછી અભયકુમારે તૃણની પેઠે રાજ્યસુખ ત્યજી દઈ પ્રભુ પાસે સંતોષસુખના સમુદ્ર રૂપ દીક્ષા લીધી. અભય કુમારે દીક્ષા લીધા પછી શ્રેણિક રાજાની આજ્ઞા લઇ નંદાએ પણ શ્રીવર્દ્ધમાન સ્વામી પાસે દીક્ષા લીધી. નંદાએ દીક્ષા લેવાના અવસરે બે દિવ્ય કુંડલ અને બે દુકુલ હલ્લ વિહલ્લને આપી દીધા. પછી સુર અસુરોથી સેવન કરાયલા શ્રી વીરપ્રભુએ ભવ્યજનોને પ્રતિબોધ કરવા માટે બીજે વિહાર કર્યો. અભયકુમાર, તીવ્ર તપ કરી, દીર્ઘકાલ ચારિત્ર પાળી અનુત્તર દેવલોકના વિજય વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો.

શ્રી વીરપ્રભુના મુખથી ઉદાયન રાજાને છેલ્લો રાજર્ષિ જાણી જેણે પોતાના સંતોષથીજ પિતાએ આપેલું રાજ્ય ત્યજી દીધું, તેમજ જેણે શ્રી જિનેશ્વરની આજ્ઞાથી માતા સહિત નિર્મલ ચારિત્ર પાલી વિજય નામના દેવલોકમાં દેવપદ સ્વીકાર્યું, તે શ્રી અભયકુમાર મુનિને હું હર્ષથી વંદના કરૂં છું.

'श्रीअभयकुमार' नामना मुनिपुङ्गवनी कथा संपूर्ण.

रायवरकन्नगाओ, अवगन्निअ अट्ठ गहिअपव्वज्जो ॥
पुव्वभवगहणपुव्वं, वीरेण थिरीकओ धम्मे ॥ १४२ ॥
भिक्खूपडिमा बारस, फासिअ गुणरयणवच्छरं च तवं ॥
पत्तो मेहकुमारो, विजये इक्कारसंगधरो ॥ १४३ ॥

શ્રી વીરપ્રભુએ પૂર્વભવના કથન પૂર્વક ધર્મને વિષે સ્થીર કરેલો અને તેથીજ ઉત્તમ આઠ રાજકન્યાઓને ત્યજી દઈ દીક્ષા લેનારો મેઘકુમાર, ભિક્ષુની બાર પ્રકારની

પ્રતિમા વહન કરી તથા ગુણરયણ સંવત્સર નામનું તપ કરી પાંચમા વિજય નામના દેવલોક પ્રત્યે ગયો. ॥ ૧૪૨-૧૪૩ ॥

## 'શ્રી મેઘકુમાર' નામના મુનિવરની કથા.

રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તેને ગુણવંત ધારિણી નામે સ્ત્રી હતી. ઈચ્છા પ્રમાણે વિષયસુખ ભોગવતા એવા તેઓને મેઘના ઉત્તમ સ્વપ્નથી સૂચિત મેઘકુમાર નામે પુત્ર થયો. માતા પિતાએ તેને કળાચાર્ય પાસે ભણાવ્યો અનુક્રમે તે પુત્ર, સ્ત્રીઓની દ્રષ્ટિરૂપ મૃગપંક્તિને બાંધવામાં વાગુરા સમાન યૌવનાવસ્થા પામ્યો. પિતાએ સ્નેહથી તેને આઠ રાજકન્યાઓ પરણાવી, જેથી તે પૂર્વના પુણ્યયોગથી પંચ પ્રકારનાં વિષયસુખ ભોગવવા લાગ્યો.

એકદા શ્રી વર્દ્ધમાનસ્વામી રાજગૃહ નગરે સમવસર્યા. દેવતાઓએ ત્યાં સમવસરણ રચ્યું. શ્રી વીરપ્રભુને સમવસરેલા જાણી પુત્ર સહિત શ્રેણિક રાજા અત્યંત ભક્તિવડે મ્હોટી સંપત્તિવડે પ્રભુને વંદન કરવા ગયો. ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વંદના કરી સાવધાન મનવાળો તે ત્યાં યોગ્ય આસને બેઠો. પછી શ્રી વીરપ્રભુએ અમૃતસમાન મધુર વાણીથી મિથ્યાત્વ રૂપ અંધકારનો નાશ કરનારી ઉત્તમ ધર્મદેશના આપી. દેશના સાંભળી શ્રેણિક રાજાએ સમ્યક્ત્વ લીધું અને અભયકુમારાદિકે સુખકારી એવો શ્રાવક ધર્મ આદર્યો. પછી હાથજોડી તીર્થનાથને નમસ્કાર કરી શ્રેણિક, પ્રભુની આજ્ઞાથી હર્ષ પામતો છતો પુત્રો સહિત ઘરે ગયો. આ વખતે મેઘકુમારે હાથ જોડી આનંદથી ધારિણીને તથા શ્રેણિકને મધુર વાણીથી કહ્યું કે "હે માતા પિતા ! તમોએ મ્હારૂં મોહથી કાળ પર્યંત લાલન પાલન કર્યું છે તે હું કેવલ તમારા શ્રમને અર્થેજ થયો છું, છતાં વિનંતિ કરૂં છું કે–આ અનંત દુઃખથી ભરપૂર એવા સંસારવાસથી હું ભય પામું છું, અને સંસારના ભયને દૂર કરનારા શ્રી અરિહંતપ્રભુ હમણાં અહિ વિરાજે છે. માટે સંસારથી ઉદ્વેગ પામેલા મને તમે હમણાં રજા આપો કે જેથી હું તે મહાવીરપ્રભુ પાસે દીક્ષા લઉં." માતાપિતાએ કહ્યું. "હે પુત્ર ! નિશ્ચે વ્રત બહુ દુષ્કર છ અને તું કોમલ છે તો તે વ્રતને તું શી રીતે પાળીશ ?" મેઘકુમારે કહ્યું હું સંસારવાસથી ભય પામ્યો છું માટે દુષ્કર એવા પણ વ્રતને પાલીશ. માટે હમણાં મને ઝટ રજા આપો. પુત્રાદિકનું મૃત્યુ માતાપિતાથી નિવારી શકાતું નથી. તો પણ હું જિનેશ્વરના શરણથી મૃત્યુને છેતરીશ." શ્રેણિકે કહ્યું. "જો તને સંસારનો ભય છે. તોપણ અમને પ્રસન્ન કરવા માટે એક દિવસ રાજ્ય અંગીકાર કર." મેઘકુમારે તે વાત અંગીકાર કરી એટલે શ્રેણિકે તેને રાજ્યાસન ઉપર સ્થાપન કર્યો અને હર્ષથી કહ્યું કે "હવે હું ત્હારૂં કામ શું કરૂં ?" મેઘકુમારે કહ્યું કે–"હે તાત ! મ્હારે દીક્ષા લેવાની ઇચ્છા છે માટે મ્હારે અર્થે પાત્રાં, રજોહરણ ઈત્યાદિ વસ્તુઓ લાવો." જો કે શ્રેણિકને આ વાત મોહના વશથી

ગમતી નહોતી તો પણ વાણીથી બંધાઇ ગએલો અને સંયમ માર્ગનો પૂરો રાગી હોવાથી તેણે તે સર્વ વસ્તુઓ મગાવી આપી. પછી મેઘકુમારે શ્રી જિનેશ્વર પ્રભુ પાસે જઈને દીક્ષા લીધી. રાત્રીએ મેઘકુમાર બારણા આગલ સંથારા ઉપર સુતો હતો તે વખતે બીજા મ્હોટા સાધુઓના જવા આવવાથી તેમના ચરણનો પ્રહાર મેઘકુમારને થતો. આમ બીજા સાધુઓનો પાદપ્રહાર થવાથી મેઘકુમાર વિચાર કરવા લાગ્યો કે "હું રાજ્ય ત્યજી દઈ નિર્ધન થયો, તેથી આ સાધુઓ મને પાદપ્રહાર કરે છે. સર્વ સ્થાનકે ધનવંત માણસોજ માન પામે છે માટે હવે હું પણ સવારે વ્રત ત્યજી દઇ ઘરે જઇશ." આ પ્રમાણે વિચાર કરતા મેઘકુમાર મુનિએ રાત્રી મહા કષ્ટથી નિવૃત્ત કરી સવારે વ્રત ત્યજી દેવાની ઇચ્છાથી પ્રભુ પાસે ગયા. શ્રી મહાવીર પ્રભુએ જ્ઞાનથી તેનો ભાવ જાણીને કહ્યું "હે વત્સ? તું સંયમથી કેમ ભગ્ન પરિણામવાલો થયો છે? તેમજ તું પોતાના પૂર્વભવોને કેમ નથી સંભારતો? સાંભલ ત્હારા પૂર્વભવઃ—

આથી ત્રીજા ભવે તું વૈતાઢય પર્વત ઉપર મેરૂપ્રભ નામે હસ્તિ હતો. એકદા ત્યાં દાવાનલ સળગ્યો તેથી તું ત્યાંથી નાસીને એક તલાવમાં ગયો. ત્યાં તું કાદવમાં ખુંચી ગયો તેથી બલવંત એવા બીજા હસ્તિઓએ તને મારી નાખ્યો. સાત દિવસ પીડા પામ્યા પછી તું મરી ગયો અને વિંધ્યાચલને વિષે તેજ નામથી મ્હોટા ગજરાજપણે ઉત્પન્ન થયો. એક દિવસ વિંધ્યાચલ ઉપર દાવાનલ સળગ્યો જોઇ તને જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યું તેથી તેં તૃણ વિગેરેને ઉખેડી નાખી પોતાના યુથનું રક્ષણ કરવા માટે ત્રણ માંડલાં કર્યાં. વલી એક દિવસ દાવાનલ સલગ્યો તેથી પોત પોતાના માંડલા પ્રત્યે જતા એવા મૃગાદિકથી બે માંડલાં તો ભરાઇ ગયાં. તું પોતાના પરિવારસહિત ત્રીજા માંડલામાં ઉભો રહ્યો એવામાં તને ખરજ આવવાથી તેં ખજવાલવા માટે ત્હારો એક પગ ઉંચો કર્યો. તેં પગ ઉંચો કર્યો એટલે તુરતજ બહુ જનાવરોના ઘસારાથી પીડા પામતું કોઇ એક શશલુ સ્થાન ન મળવાને લીધે ત્યાંજ આવી ઉભું રહ્યું પોતાના પગ મૂકવાના સ્થાનકે શશલાને ઉભેલું જોઈ દયાથી પૂર્ણ મનવાલો તું ચોથો પગ પૃથ્વી ઉપર મૂકયા વિના ત્રણ પગેજ ઉભો રહ્યો. અઢી દિવસે દાવાનલ શાંત થયો એટલે શશલા પ્રમુખ સર્વે પ્રાણીઓ ક્ષુધા તૃષાથી પીડા પામેલા હોવાથી ચાલ્યા ગયા. તું જેવો ત્યાંથી ચાલવા ગયો તેવોજ પગ ઉંચો રાખવાથી થયેલી પીડાને લીધે પૃથ્વી ઉપર પડી ગયો. પછી ક્ષુધા તૃષાથી પરવશ થયેલો તું ત્રીજે દિવસે મૃત્યુ પામ્યો. તેં પ્રાણી ઉપર દયા રાખી તે પુણ્યથી હમણાં તું રાજપુત્ર થયો છું તો હવે આ મનુષ્યભવને વૃથા શા માટે હારી જાય છે? તેં એક શશલાનું રક્ષણ કરવા માટે ત્રણ દિવસ ઉભા રહી છેવટે દેહને ત્યાગ કર્યો તો "હવે" સાધુઓના પગના પ્રહારના કષ્ટથી ચારિત્રથી કેમ ભ્રષ્ટ થાય છે? તું એક જીવને અભય આપવાથી આવું ફલ પામ્યો તો પછી સાધુની પેઠે સર્વ જીવને

અભય આપવાનું ઉત્તમ ફલ પામી તેનાથી શામાટે ભ્રષ્ટ થાય છે. માટે પોતાની લીધેલી પ્રતિજ્ઞા પાળ અને સંસાર સમુદ્રને ઉતર, કારણ; સંસારસમુદ્રને તરવાના કારણ રૂપ આ મનુષ્ય ભવ બહુ દુર્લભ છે."

શ્રી વીરપ્રભુનાં એવાં વચન સાંભલી વ્રતને વિષે સ્થિર થએલા મેઘકુમારે મિથ્યાદુષ્કૃત દઇ ઘોર તપ આચર્યું. ઉત્તમ રીતે ચારિત્ર પાલી તે મેઘકુમાર મૃત્યુ પામીને વિજયને વિષે દેવતા થયો ત્યાંથી ચવી વિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇ ત્યાંથી મોક્ષ પામશે. જેમણે સુગુરૂ પાસે કલાસહિત એકાદશાંગીનો અભ્યાસ કર્યો અને જેમણે શ્રી વર્દ્ધમાનસ્વામીની આજ્ઞાથી સાધુઓની પડીમા વહન કરીને ગુણરત્ન-વત્સર નામનું તીવ્ર તપ કર્યું. તે મોહરહિત અને ક્ષમાના મંદીર રૂપ શ્રી મેઘકુમાર મુનિવરને હું વંદના કરૂં છું. વલી ઉત્તમ એવા શ્રી વીરપ્રભુના ઉપદેશને સાંભલી જેમણે મહાસંપત્તિ ત્યજી દઇ ચારિત્ર લીધું પછી સાધુઓના પાદપ્રહારથી ભગ્ન પરિણામવાલા થએલા જાણી વીરપ્રભુએ કહેલા પૂર્વ ભવના સંબંધને જાણી ચારિત્રમાં સ્થિર થએલા અને મૃત્યુ પામીને વિજય દેવલોકમાં ઉત્પન્ન થએલા મેઘકુમાર મુનિની હું સ્તુતિ કરૂં છું."

## 'श्रीमेघकुमार' नामना मुनिवरनी कथा संपूर्ण

सामिस्स वयं सीसत्ति, चत्तवेरा सुरीइसा हरिआ ॥
सेअण एरयणाए, उववन्ने हल्लविहल्ला ॥ १४४ ॥
कयगुणरयणा इक्कार–संगिणो सोलवीसवरिसवया ॥
हल्ल जयंते पत्तो, अवरो अवराइ अ विमाणे ॥ १४५ ॥

સેચનક હસ્તિ મૃત્યુ પામીને રત્નપ્રભા નરકને વિષે ઉત્પન્ન થયે છતે શાસન-દેવતાએ આકર્ષણ કરીને શ્રી વીરપ્રભુ પાસે પહોંચાડેલા અને "અમે વીરપ્રભુના શિષ્યો છીએ." એમ કહેતા એવા અગીયાર અંગના ધારણહાર હલ્લ અને વિહલ્લ પૈકી શોળ વર્ષની અવસ્થામાં ગુણરત્ન સંવત્સર તપ કરી હલ્લ જયંત નામના વિમાન પ્રત્યે ગયો અને વિહલ્લ વીશ વર્ષની અવસ્થામાં તેજ તપ કરી અપરાજિત વિમાનમાં ઉત્પન્ન થયો. ॥ ૧૪૪–૧૪૫. ॥

## 'श्रीहल्ल' अने 'श्रीविहल्ल' नामना मुनिवरोनी कथा.

કલ્યાણના સ્થાન રૂપ અને લક્ષ્મીએ કરીને મનોહર એવા રાજગૃહ નગરમાં પ્રજાને પ્રીતિ ઉત્પન્ન કરવામાં તત્પર એવો શ્રી શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શ્રી જિનેશ્વરની આજ્ઞાથી પવિત્ર આત્માવાલી, સારા કુલમાં ઉત્પન્ન થએલી અને પતિવ્રતા એવી ચેલ્લણા અને નંદા વિગેરે બહુ સ્ત્રીઓ હતી તથા બુદ્ધિમ-

લાદિ ગુણોથી શોભતા એવા મેઘકુમાર, અભયકુમાર અને નંદિષેણ વિગેરે પુત્રો પણ બહુ હતા. અભયકુમારે પ્રભુ પાસે દીક્ષા લીધી, ત્યારે શ્રી શ્રેણિક રાજા વિચાર કરવા લાગ્યો કે " રાજ્યને યોગ્ય, ગુણવાન અને પિતાની સેવા કરનારો તો અભયકુમાર હતો. પણ તેણે તો પ્રભુના મુખથી ધર્મોપદેશ સાંભલી વૈરાગ્યવાસિત થઈ શ્રી જિનેશ્વર પાસે દીક્ષા લીધી છે. હવે કૂણિકજ ગુણવાન્ અને ચિત્તને વિશ્રાંતિના સ્થાન રૂપ છે તેથી તેજ રાજ્ય યોગ્ય છે બીજો નથી કારણ તેના સમાન બીજો સંપત્તિ મેલવી શકે તેમ નથી માટે હું રાજ્ય કુણિકને આપીશ." એમ ધારી તેણે હલ્લ વિહલ્લને સેચનક હસ્તિ અને અઢાર સેરનો હાર આપ્યો.

હવે અહીં તેજ વખતે કુણિક પોતાના સરખા કાલાદિ દશ ભાઇઓની સાથે વિચાર કરતો કહેવા લાગ્યો કે " અહો ! પિતા વૃદ્ધાવસ્થાથી વ્યાપ્ત થયા તો પણ રાજ્યતૃષ્ણા તજતા નથી. પુત્ર રાજ્યયોગ્ય થાય ત્યારે પિતાએ દીક્ષા લેવી એ યોગ્ય છે. તે અભયકુમાર નિશ્ચે શ્રેષ્ઠ ઠર્યો કે જેણે યુવાવસ્થા છતાં રાજ્યલક્ષ્મી ત્યજી દીધી અને આ કામાંધ પિતા તો પોતાની જરાવસ્થાને પણ જોતા નથી. માટે આજે પિતાને બાંધી તેમનું અવસરને યોગ્ય એવું રાજ્ય આપણે ગ્રહણ કરી લઇએ, એમાં આપણને અપવાદ લાગવાનો નથી. કારણ પિતા વિવેકરહિત થયા છે. હે ભાઈઓ ! પછી આપણે રાજ્યના અગીયાર ભાગ પાડી વહેંચી લઈશું અને પછી બંધીખાનામાં નાખેલા પિતા તો ભલેને બહુ વર્ષ જીવે."

આ પ્રમાણે વિચાર કરીને દુષ્ટ બુદ્ધિવાળા તે સર્વે પુત્રોએ વિશ્વાસી એવા પોતાના પિતાને બાંધ્યા. કહ્યું છે કે–કુપુત્રો પિતાને દુઃખ આપનારા થાય છે. પછી કૂણિકે પિતા શ્રેણિકને પોપટની પેઠે પાંજરામાં ઘાલ્યા, એટલુંજ નહિ પણ દ્વેષથી વિશેષે ભક્તપાન પણ આપવાને મંદાદરવાળો થયો. શ્રેણિક દુર્દૈવથી આવી દુર્દશા પામ્યો છતાં કૂણિક તેની પાસે કોઇને જવા દેતો નહીં. એટલુંજ નહિ પણ દુષ્ટ બુદ્ધિવાળો અને અતિ દુષ્ટ આત્માવાળો કૂણિક પૂર્વ ભવના વૈરને લીધે નિત્ય સવારે પોતાના પિતા શ્રેણિકને સો ચાબક મારતો. જો કે કૂણિક કોઈને શ્રેણિકની પાસે જવા દેતો નહિ તોપણ પોતાના પતિ ઉપર સ્નેહવાળી મહાસતી ચેલ્લણા પોતાના કેશને મદીરાથી ભીંજાવીને તથા કેશની અંદર પુષ્પની પેઠે અડદના બાકળાના પીંડને ઘાલી નિત્ય આદરથી શ્રેણિક પાસે જતી અને અડદના બાકળાના પીંડ પતિને ખાવા માટે આપતી. શ્રેણિક, દુષ્પ્રાપ્ય એવા તે ભોજનને ઉત્તમ ભોજન સરખું માનતો. વળી ચેલ્લણાના કેશપાશથી પડતા એવા મદીરાનાં ટીપાંને પણ તે પીતો. આમ કરવાથી તેને ગાઢ તૃષા પીડા કરતી નહોતી તેમજ ચાબુકનો માર માલમ પડતો નહીં. આવી રીતે પિતા શ્રેણિકને બાંધીને કૂણિક પોતે રાજ્ય કરતો હતો.

એકદા કૂણિક પોતાના પુત્ર ઉદાયીને ખોળામાં બેસારી ભોજન કરવા બેઠો હતો. અર્ધુભોજન થયું હતું તે વખતે પેલો પુત્ર જાણે તેના ભોજન કરવાના પાત્રમાં

થી પીરસતો હોયની ? તેમ મૂતર્યો. કૂણિક તરત મૂતરથી ભિંજાએલું ભોજન દૂર કરી બાકીનું પુત્રના ઉપર પ્રેમને લીધે હર્ષથી ખાવા લાગ્યો. આ વખતે ત્યાં બેઠેલી પોતાની માતા ચેલ્લણાને કૂણિકે પૂછ્યું કે "હે માતા ! મ્હારી પેઠે બીજાને આવો કોઈ પ્રિયપુત્ર હશે ? ચેલ્લણાએ કહ્યું. " અરે પાપી ! નૃપાધમ ! તું જેવો ત્હારા પિતાને પ્રિય હતો તેવા બીજા કોઇ નહોતા. તું મ્હારા ગર્ભમાં આવ્યો ત્યારે મને દુષ્ટ ડહોળો ઉત્પન્ન થયો હતો. તે વખતે મેં તને પિતાનો વૈરી ધાર્યો હતો. પછી મેં ગર્ભ ગાળી નાખવા માટે બહુ ઔષધો કર્યાં પણ તેથી તું ગળી ગયો નહીં પણ ઉલટો પુષ્ટ અંગવાળો થયો. કારણ કે ભાગ્યવંત પુરૂષને સર્વ હિતકારી થાય છે, હું પુત્રનું મુખ કયારે જોઇશ એવા અધિક ઉત્સાહથી ત્હારા પિતાએ મ્હારો તેવો ડહોળો પણ પૂર્ણ કર્યો હતો. જન્મ આપ્યા પછી મેં તુરત તને પિતાનો વૈરી સમજી ત્યજી દીધો હતો પણ ત્યાંથી પોતાના જીવિતની પેઠે ત્હારા પિતાએ તને પાછો આણ્યો.

એકદા ત્હારી આંગલીને કુકડાએ કરડી હતી. આંગળી તેથી પાકી અને તને બહુ પીડા કરવા લાગી. ત્હારા પિતાએ ત્હારી તેવી આંગલીને પણ ત્યાં સુધી પોતાના મુખમાં રાખી કે જ્યાં સુધી તને બીજી આંગળી પ્રાપ્ત થઈ. હે દુષ્ટ બુદ્ધિવાળા ! શ્રીમંત પિતાએ તને આવી રીતે લાડ લડાવ્યો તેને તું આવું કષ્ટ આપે છે. તે શું તને યોગ્ય છે ?" કૂણિકે કહ્યું. " જો પિતા મ્હારા ઉપર દ્વેષ ન રાખતા હોય તો તેમણે મને ગોળના મોદક આપી હલ્લવિહલ્લને ખાંડના મોદક શામાટે આપ્યા ?" ચેલ્લણાએ કહ્યું. " તને ગોળના મોદક અપાવનાર હું પોતે છું કારણ કે તું પિતાનો દ્વેષી હોવાથી મને અપ્રિય હતો. કૂણિકે કહ્યું. " હે માત ! અવિચારકારી એવા મને ધિક્કાર થાઓ, હું ફરી મ્હારા પિતાને તેમનું રાજ્ય પાછું આપીશ. " આમ કહી કૂણિક અર્ધું જમ્યા છતાં પણ હાથ ધોઇ, પુત્ર ધાવને સોંપી પિતા પાસે જવા માટે ત્યાંથી ઉઠયો. " હું પિતાના ચરણકમળમાં રહેલા નિગડને ભાંગી નાખું " એમ ધારી કૂણિક હાથમાં લોહદંડ લઈ પિતા તરફ દોડયો. આ વખતે શ્રેણિકની પાસે રહેલા પૂર્વ પરિચિત સેવકોએ તેવી રીતે આવતા એવા કૂણિકને જોઇ આકુલવ્યાકુલ થયા છતાં શ્રેણિકને કહ્યું. " હે રાજન્ ! આ તમારો પુત્ર હાથમાં લોહદંડ લઇ વેગથી આવે છે તે દુષ્ટ ચિત્તવાળો શું કરશે તે અમે જાણી શકતા નથી. " શ્રેણિકે વિચાર્યું " નિશ્ચે તે હાથમાં લોહદંડ લઇને મને મારવા માટે આવે છે. માટે હવે હું શું કરૂં ? હું નથી જાણતો કે તે કયારે મને કેવા પ્રકારે મારશે. તો તે જેટલામાં મ્હારી પાસે ન આવી પહોંચે તેટલામાં મ્હારે મરણનું શરણ લેવું યોગ્ય છે. આમ ધારી તેણે તાલપુટ વિષ જિહ્વાના અગ્રભાગ ઉપર મૂકયું. તેથી તેના પ્રાણો પ્રાઘૂર્ણકની પેઠે તત્કાલ ચાલ્યા ગયા. કૂણિક જેટલામાં પિતાની આગળ આવી પહોંચ્યો, તેટલામાં તેણે પિતાને મૃત્યુ પામેલા દીઠા તેથી તે અતિ દુઃખી થઇને પોતાની છાતીમાં પ્રહાર

કરતો છતો પોકાર કરવા લાગ્યો. "હે તાત ! હું પૃથ્વી ઉપર આવા ક્રૂર કર્મથી મહાપાપી થયો." એમ તે વારંવાર વિલાપ કરવા લાગ્યો. વળી "હું પિતાની ક્ષમા માગીશ. એવો જે મનોરથ ધારતો હતો તે પણ પૂર્ણ થયો નહિ, જેથી હું બહુ પાપી ઠર્યો છું. હું ઝંપાપાત કરૂં અથવા અગ્નિ, શસ્ત્ર કે જલ ઈત્યાદિ બીજા કોઇ પણ પ્રકારથી મૃત્યુ પામું તો પણ આ કરેલા કર્મની પ્રતિક્રિયા થાય તેમ નથી." આ પ્રમાણે શોકથી આકુલ થએલા અને મારવા માટે ઇચ્છા કરતા કૂણિકને તેના પ્રધાનોએ પ્રતિબોધ કર્યો. પછી નિરંતર પિતાનો બહુ શોક કરવાથી ક્ષય રોગવડે ક્ષીણ થતા કૂણિક ભૂપતિને જોઇ પ્રધાનો વિચાર કરવા લાગ્યા કે "આ કૂણિક રાજા પિતાનો શોક કરવાથી મૃત્યુ પામશે અને રાજ્ય નાશ પામશે માટે પિતાની ભક્તિના ઉપદેશથી તેને શાંત કરીએ." આમ ધારી મિથ્યાદૃષ્ટિ હોવાથી તેઓએ એક જીર્ણ તામ્રપત્રમાં લખ્યું કે "પુત્રે શ્રાદ્ધમાં આપેલા પિંડાદિ મૃત્યુ પામેલો પિતા પામે છે" આ લેખ પ્રધાનોએ રાજા કૂણિકની આગળ વાંચ્યો. તેથી હર્ષ પામેલો કૂણિક પોતે પિંડદાન કરવા લાગ્યો. તે દિવસથી પિંડદાન લોકમાં પ્રવૃત્ત થયું. "મૃત્યુ પામેલા મ્હારા પિતા મેં આપેલું અન્ન ભોજન કરે છે." એમ માનતો જડબુદ્ધિવાળા કૂણિકે જેમ રોગી રસ વિક્રિયાને ત્યજી દે તેમ ધીમે ધીમે શોક ત્યજી દીધો. પોતાના પિતાના બહુ શોકથી વ્યાકુલ મનવાળો કૂણિક રાજા રાજગૃહ નગરમાં રહેવા ક્યારે પણ ઉત્સાહ ધરતો નહોતો તેથી તેણે કોઈ એક ઠેકાણે પ્રફુલ્લિત ચંપાના વૃક્ષને જોઈ તે સ્થાનકે ચંપાપુરી નામે નગરી વસાવી ત્યાં નિવાસ કર્યો.

એકદા કૂણિકની સ્રી પદ્માવતી દિવ્ય કુંડલને ધારણ કરનારા, દિવ્યહારના ધારણહાર અને સેચનક હસ્તિ ઉપર બેઠેલા પોતાના દિયર હલ્લવિહલ્લને જોઇ વિચાર કરવા લાગી. કારણ સ્રીઓને સ્વાભાવિક ઈર્ષ્યા હોય છે. બે દિવ્ય કુંડલ, હાર અને સેચનક હસ્તિ વિના મ્હારા પતિનું રાજ્ય નેત્ર વિનાના મુખની પેઠે શોભતું નથી. પછી પદ્માવતીએ હલ્લવિહલ્લ પાસેથી તે વસ્તુઓ લઇ લેવાનો બહુ આગ્રહ કર્યો. એટલે કૂણિકે કહ્યું. "પિતાએ તેમને તે વસ્તુઓ આપી છે માટે તે લઇ લેવી એ યોગ્ય નથી. વલી મ્હારા પિતા મૃત્યુ પામ્યા છે તેથી તો મ્હારે તેમના ઉપર બહુ કૃપા રાખવી જોઇએ." રાણી પદ્માવતીએ બહુ આગ્રહ કર્યો એટલે કૂણિકે તે ચારે વસ્તુની પોતાના ભાઈ પાસે માગણી કરી. "અમે તે વસ્તુઓ તમને આપીશું." એમ કહી તે બન્ને ભાઇઓ પોતાના ઘરે જઇ એકાંતમાં પરસ્પર વિચાર કરવા લાગ્યા. "ભાઈનો વિચાર કાંઈ સારો દેખાતો નથી. તેને આ વસ્તુઓનું શું પ્રયોજન હશે ? માટે આપણે અહીંથી ક્યાંઈ બીજે ચાલ્યા જઈએ. કારણ કે સર્વ સ્થાનકે બલવંત પુરૂષનીજ સંપત્તિ હોય છે." આ પ્રમાણે વિચાર કરી સેચનક અને હારાદિ વસ્તુઓ લઇ અંતઃપુરસહિત રાત્રીએ વિશાલા નગરી પ્રત્યે ચાલ્યા ગયા. વિશાલામાં તેમનો માતામહ ( માનો બાપ ) ચેડા રાજા રાજ્ય કરતો હતો

તેણે આવેલા એવા પોતાના બન્ને પોત્રોને બહુ માનથી પોતાની પાસે રાખ્યા.

હવે અહીં કૂણિક રાજા, ધૂર્ત્તની પેઠે પોતાને છેતરીને નાસી ગએલા હલ્લ-વિહલ્લને જાણી ગાલને વિષે હાથ મૂકી વિચાર કરવા લાગ્યો. "નિશ્ચે સ્ત્રીના પ્રધાનપણાથી મને ગજાદિ રત્નોએ અને બંધવોએ ત્યજી દીધો. આવું દુઃખ પ્રાપ્ત થયે છતે હવે જો હું તેઓને અહીં ન લાવું તો પછી પરાભવને સહન કરનારા વાણીયામાં અને મ્હારામાં ફેર શો ? અથાત્ કાંઇ નહિ.

પછી કૂણિકે રત્નો લઇને નાસી ગએલા પોતાના ભાઈઓને મૃત્યુનો ભય દેખાડવાનું એક દૂતને શીખવી વિશાલા નગરીમાં ચેડા રાજા પાસે મોકલ્યો. પછી દૂત વિશાલા નગરીમાં જઈ નમસ્કાર કરી, આસને બેસી સાહસપણાથી ચેડા રાજાને આ પ્રમાણે કહ્યું. "ગજાદિ રત્નોને લઇ તુરત નાસી આવેલા હલ્લવિહલ્લ તમે કૂણિક રાજાને સોંપો. જો તમે તેમ નહિં કરો તો પોતાના રાજ્યનો નાશ કરી બેસશો. એવો કોણ જડ પુરૂષ હોય કે જે એક ખીલી કાઢવાને માટે પોતાના મહેલને પાડી નાખે ?" ચેડા રાજાએ કહ્યું. "જો કે કોઇ એક બીજો માણસ શરણે આવ્યો હોય તો તેને ત્યજી દેવાતો નથી પછી આતો વિશ્વાસ પામેલા મ્હારી વહાલી પુત્રીના પુત્રો છે તેની તો વાતજ શી કરવી." દૂતે કહ્યું. જો તેઓ તમારે શરણે આવેલા હોય અને તેથી તેઓને તમે કૂણિક રાજાની સ્વાધિનમાં કરો નહિ તો તેઓની પાસેથી રત્નો લઈ મ્હારા રાજા કૂણિકને આપો." ચેડા રાજાએ કહ્યું. "રાજા અથવા રાંકનો એવો કાંઇ ન્યાય નથી જે એકનું દ્રવ્ય બીજાને આપવા ત્રીજો સમર્થ થાય. માટે હે દૂત ! હલ્લવિહલ્લ તેને સોંપવામાં નહીં આવે તેમ રત્નો નહીંજ મળે. જા આ વાત ત્હારા રાજાને ઝટ નિવેદન કર.

પછી દૂતના મુખથી ચેડા રાજાએ કહેલી વાણી સાંભલી અત્યંત ક્રોધાતુર થએલા કૂણિક રાજાએ જયનો પડહ વગડાવ્યો. આ વખતે અસહ્ય તેજવાલા તે રાજાનું સર્વ સૈન્ય સર્વ પ્રકારની તૈયારીથી સજ્જ થઇ ગયું. દુર્જય એવા કાલાદિ દશ કુમારો પણ સેનાની સાથે સજ્જ થઇ આગલ ચાલ્યા. ત્રણ હજાર હસ્તિ ત્રણ હજાર અશ્વ, ત્રણ હજાર રથ અને ત્રણ ક્રોડ પાયદલ. આ પ્રમાણે અતુલ તે એક એક કુમારોનું સૈન્ય હતું. આવી રીતે કુણિકનું એક મ્હોટું સૈન્ય તૈયાર થયું. આવા મ્હોટા સૈન્યથી ચેડા રાજા ઉપર જતો એવો કૂણિક પૃથ્વીને તથા શત્રુઓના હૃદયને કંપાવતો હતો. ચેડા રાજા પણ મુકુટબદ્ધ અઢાર રાજાઓની સાથે બહુ સૈન્યથી તૈયાર થઈ કૂણિક સામે ચાલ્યા. ત્રણ હજાર હસ્તિ; ત્રણ હજાર અશ્વ, ત્રણ હજાર રથ અને ત્રણ ક્રોડ પાયદલ એ દરેક મુકુટબદ્ધ રાજાનું સૈન્ય હતું. આ પ્રમાણે અઢાર મુકુટબદ્ધ રાજાઓના મ્હોટા સૈન્યવાલા ચેડા રાજાએ પોતાને સીમાડે જઈ પોતાના સૈન્યનો દુર્ભેદ એવો મ્હોટો સાગર વ્યૂહ રચ્યો. કૂણિકે પણ પૂર્વે કહેલી મ્હોટી સૈન્યથી ત્યાં આવી શત્રુની સેનાથી ન ભેદી શકાય એવો ગરૂડ વ્યૂહ રચ્યો. કૂણિકનો સેનાપતિ

કાલકુમાર થયો અને તે પ્રથમ ચેડા રાજાની સેના સાથે યુદ્ધ કરવા લાગ્યો. કાલકુમાર ચેડા રાજાના સૈન્યને છેદન ભેદન કરતો ચેડા રાજાની સમીપે આવી પહોંચ્યો. આ પ્રમાણે અતિ ઉગ્ર એવા કાલકુમારને આવતો જોઈ ચેડા રાજાએ વિચાર કર્યો કેઃ—

કાલ સમાન ભયંકર અને સર્વ રાજાઓથી ન જીતી શકાય એવો આ કાલકુમાર મ્હારા સૈન્યને ન ભેદી નાખે એટલા માટે આવતા એવા બુદ્ધિના પર્વત અને ઉદ્ધત એવા તેને હું મ્હારા આ દેવતાએ આપેલા બાણથીજ મારી નાખું." આ પ્રમાણે વિચાર કરી ચેડા રાજાએ પોતે પ્રયાસ વિનાજ કાલકુમારને બાણવડે હણી યમરાજનો અતિથિ બનાવ્યો. આ પ્રમાણે ચેડા રાજાએ મહા બળવંત એવાય પણ બીજા મહાકાલાદિ નવ કુમારોને દિવ્ય બાણથી મારી નાખ્યા. ચેડા રાજાએ એવી રીતે કાલાદિ દશ બાંધવોને રણાંગણમાં મારી નાખ્યા ત્યારે કૂણિક વિચાર કરવા લાગ્યો. " આ ચેડા રાજા પ્રસન્ન થએલા દેવતાએ આપેલા અમોઘ બાણને લીધે ક્રોડ માણસથી પણ જીતી શકાય તેમ નથી. હા ધિક્કાર છે મને, જે મેં તેના અતિશયને નહિ જાણવાથી આ મ્હારા દશ ભાઈઓને યમલોક પ્રત્યે મોકલ્યા. તે મ્હારા ભાઇઓની જે ગતિ થઈ તેજ ગતિ નિશ્ચે મ્હારી થશે. હા હા ! તો પણ હવે મ્હારા ભાઈઓનો નાશ થયા છતાં નાસી જવું એ યોગ્ય નથી. હવે તો હું પણ દેવનું આરાધન કરી તેમના બલથી શત્રુને જીતીશ. કારણ કે દિવ્ય બલ દિવ્ય બલથીજ નાશ થાય છે."

કૂણિક રાજા આ પ્રમાણે વિચાર કરી હૃદયમાં દેવનું ધ્યાન ધરી અત્યંત સ્થિર મને અઠ્ઠમ ભક્ત કરીને બેઠો. પછી પૂર્વ ભવના પુણ્યથી અને અઠ્ઠમના તપથી તેજ કાલે ચમરેંદ્ર અને શક્રેદ્ર તેની પાસે આવ્યા. અસુરેંદ્ર તથા સુરેંદ્ર બન્ને જણાએ કહ્યું. " હે રાજન્ ! તું શું ઇચ્છે છે ? કૂણિક રાજાએ કહ્યું. જો તમે મ્હારા ઉપર પ્રસન્ન થયા હો તો આ ચેડા રાજાને મારો." ઇંદ્રે ફરીથી કહ્યું. " હે ભૂપ ! તું બીજો વર માગ કારણ કે સાધર્મિક એવા ચેડા રાજાને હું કયારે પણ મારીશ નહીં. તો પણ હું યુદ્ધમાં તારી રક્ષા કરીશ કે જેથી તું ચેડા રાજાથી જીતી શકાઇશ નહીં." કૂણિકે કહ્યું. " ત્યારે એમ થાઓ."

પછી ચમરેંદ્રે મહાશિલા અને કંટક નામે ઘોર યુદ્ધ આરંભ્યું વલી રથ અને મુશલ એ નામના વિજયકારી યુદ્ધ આરંભ્યાં. પહેલા યુદ્ધમાં પડતા એવા કાંકરાઓ પણ મ્હોટી શિલાસમાન થવા લાગ્યા. તેમજ કંટક યુદ્ધમાં કાંટાઓ મહા શસ્ત્રથી પણ અધિક લાગવા માંડયા. બીજા યુદ્ધમાં ચમરેંદ્રે તથા શક્રેંદ્રે ચારે તરફથી શત્રુના મંડલને બહુ પીડા પમાડયું. ચમરેંદ્ર, શક્રેંદ્ર તથા કૂણિક તે ત્રણે રાજાઓ ચેડા રાજાના સુભટોની સામે મહા દારૂણ યુદ્ધ કરવા લાગ્યા. આ વખતે બાર વ્રતને ધારણ કરનારા, નિરંતર સંસારથી વૈરાગ્ય પામેલા,

છઠ્ઠ ભોજી અને ઉત્તમ દ્રષ્ટિવાન્ એવા નાગ સારથીના પૌત્ર વરૂણે ચેડા રાજાની આજ્ઞાથી છઠ્ઠ ભક્તને અંતે અઠ્ઠમ કરી અને સેનાપતિ પદ અંગીકાર કરી તેવા રથ અને મુશળ નામના દારૂણ યુદ્ધ પ્રત્યે પ્રવેશ કર્યો. સમર્થ અને મહા બળવંત એવો વરૂણ કૂણિકના સેનાપતિને યુદ્ધ માટે તિરસ્કાર કરતો અસહ્ય વેગવાળા રથથી યુદ્ધમાં આગળ ધસ્યો. સામ સામા તૈયાર કરેલા રથવાલા, અતિ વૈર ધારણ કરતા અને ગજરાજના સરખા દુર્જય બન્ને સેનાપતિઓ યુદ્ધની ઇચ્છાથી બહુ નજીક આવ્યા. આ વખતે કૂણિક રાજાના સેનાપતિએ યુદ્ધભૂમિમાં આવેલા અને પોતાની નજીક ઉભેલા વરૂણને કહ્યું કે " તું પ્રથમ મ્હારા ઉપર પ્રહાર કર, પ્રહાર કર. " શૂરવીર એવા વરૂણે ઉત્તર આપ્યો કે " મ્હારે શ્રાવકનું વ્રત છે, જેથી હું મ્હારા ઉપર પ્રહાર કર્યા વિના શત્રુ ઉપર પ્રહાર કરતો નથી." પછી "તેં બહુ સારૂં કહ્યું, બહુ સારૂં કહ્યું." એમ કહી કૂણિક રાજાના સેનાપતિએ તુરત એક બાણવડે વરૂણ સુભટને પ્રહાર કર્યો. પછી ક્રોધથી રાતા નેત્રવાલા વરૂણે એકજ પ્રહાર કરી કૂણિકના સેનાપતિને યમલોક પ્રત્યે મોકલી દીધો. છેવટ કુણિકના સુભટોના બહુ પ્રહારથી વિહ્‌વળ બનેલો અને ઉત્તમ બુદ્ધિવાળો વરૂણ રણભૂમિમાંથી બહાર નિકલી એક તૃણના સંથારા ઉપર બેસી વિચાર કરવા લાગ્યો.

" મેં મ્હારી કાયાથી પોતાના સ્વામીનું કાર્ય સર્વ પ્રકારે કર્યું છે હવે મ્હારૂં મૃત્યુ પાસે આવ્યું છે માટે હમણાં મ્હારે પોતાનો સ્વાર્થ સાધવાનો વખત છે. " આવી રીતે વિચાર કરી ઉત્તમ બુદ્ધિવાલા વરૂણે આરાધના કરી અનશન લીધું અને સાવધાનપણે ચિત્તમાં નવકારનો જાપ કરવા માંડયો. આ વખતે વરૂણનો મિત્ર કોઇ મિથ્યાદષ્ટિ પુરૂષ સેનામાંથી બહાર નિકલી વરૂણ પાસે આવી કહેવા લાગ્યો. " હે મિત્ર ? હમણાં હું તમારા સ્નેહથી વશ થઇ ગયો છું. હું તમારા માર્ગને જાણતો નથી માટેજ ઉત્તમ ભાવથી તમારી પાસે આવ્યો છું. " પછી ધર્મધ્યાનમાં તત્પર અને પંચપરમેષ્ઠીના સ્મરણવાલો વરૂણ સમાધિથી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકને વિષે ગયો. ત્યાં સૂર્ય સમાન કાંતિવાલો તે ચાર પલ્યોપમના પોતાના આયુષ્યને પૂર્ણ કરી મહા વિદેહ ક્ષેત્રને વિષે ઉત્પન્ન થઈ ત્યાંથી સિદ્ધિપદ પામશે. વરૂણના માર્ગને અજ્ઞાનથી સેવન કરનારો તેનો મિત્ર પણ મૃત્યુ પામી ઉત્તમ કુલમાં મનુષ્યપણે ઉત્પન્ન થયો. ત્યાંથી વિદેહ ક્ષેત્રમાં મ્હોટા કુલને વિષે મનુષ્યપણે ઉત્પન્ન થઈ મુક્તિમાર્ગનું આરાધન કરવાથી મોક્ષપદ પામશે.

હવે ચેડા રાજાનો વરૂણ સેનાપતિ હણાયે છતે તેના સર્વે સુભટો બાણથી વિંધાયલા વરાહની પેઠે બમણું યુદ્ધ કરવા તૈયાર થયા. સર્વ ગણરાજથી વિરાજિત એવા તે ચેડા રાજાના સુભટોએ કુણિક રાજાની સેનાને કુટી નાખી. તાડન કરાતી પોતાની સેનાને જોઇ બલવંત એવો કુણિક પથ્થરથી તાડન કરેલા ઉદ્ધત સિંહની પેઠે શત્રુની સેના સામે દોડયો. તલાવમાં હસ્તિની પેઠે શત્રુની સેનામાં ક્રીડા કરતા

વીર એવા કુણિકે પદ્મખંડની પેઠે શત્રુના સૈન્યને તાડનાથી નસાડી મૂક્યું. પછી કુણિકને દુર્જય જાણી અત્યંત ક્રોધ પામેલા અને મહાબલવંત એવા ચેડા રાજાએ ધનુષ્ય ઉપર દિવ્ય બાણ ચડાવ્યું. આ વખતે કુણિકના અગ્રભાગમાં ઇંદ્રે તુરત વજ્રમય કવચ ધારણ કર્યું અને પાછલ ચમરેંદ્રે લોહકવચ ધારણ કર્યું. વિશાલા નગરીના પતિ ચેડા રાજાએ કાન સુધી ધનુષ્ય ખેંચીને કુણિક ઉપર બાણ છોડયું. પણ તે બાણ વજ્રમય કવચથી સ્ખલના પામ્યું. ચેડા રાજાના અમોઘ બાણને સ્ખલના પામેલું જોઈ તેના યોદ્ધાઓ પોતાના પતિના પુણ્યને ક્ષય માનવા લાગ્યા. સત્ય પ્રતિજ્ઞાવાલા ચેડારાજાએ તે દિવસે બીજું બાણ મૂક્યું નહીં. બીજે દિવસે તેવીજ રીતે કુણિક યુદ્ધ કરવા લાગ્યો એટલે તે દિવસે પણ ચેડારાજાએ તે અમોઘ બાણ ફેંક્યું તે પણ પૂર્વની પેઠે નિષ્ફલ થયું. આ પ્રમાણે તે બન્ને રાજાઓનું દિવસે દિવસે ઘોર યુદ્ધ થવા લાગ્યું. બન્ને સૈન્યમાં થઈ યુદ્ધમાં મૃત્યુ પામેલા એક ક્રોડ અને એંસીલાખ યોદ્ધાઓ તિર્યંચ અને નરકને વિષે ઉત્પન્ન થયા. ચેડા રાજાના સુભટો નાસી નાસીને પોત પોતાના ગામમાં જતા રહ્યા તેથી થોડું સૈન્ય રહેવાને લીધે ચેડા રાજા પણ નાસી પુરમાં જતા રહ્યા. પછી કુણિકે તે નગરીને ઘેરો ઘાલ્યો. હલ્લ વિહલ્લ બન્ને ભાઇઓ સેચનક હસ્તિ ઉપર બેસી રાત્રીએ ગુપ્ત રીતે કુણિકના સૈન્યને બહુ મારી નાખતા, પણ કુણિકના સૈન્યમાં એવો કોઇ વીરપુરૂષ નહોતો કે જે યમરાજની પેઠે તે સેચનકને પકડવા સમર્થ થાય. હલ્લ વિહલ્લ તો હમેશાં રાત્રીને વિષે કુણિકની સેનાને મારી ક્ષેમકુશલ નગરીમાં જતા રહેતા. આ વાતની કુણિકને માલમ પડી તેથી તેણે પોતાના મંત્રીમંડલને કહ્યું.

"હલ્લ વિહલ્લે આપણા સર્વ સૈન્યને બહુ પીડા પમાડયું છે માટે તે સુભટનો આપણાથી નાશ થાય તે ઉપાય કહો!" મંત્રીઓએ કહ્યું. "જ્યાં સુધી મનુષ્યની મધ્યે ગજરૂપ એવા તે બન્ને ભાઇઓ, સેચનક હસ્તિ ઉપર બેઠા છે, ત્યાં સુધી તે કોઇથી જીતી શકાય તેમ નથી. માટે તે હસ્તિનેજ મારી નાખવાનો કાંઇ ઉપાય માર્ગમાં કરો અને તે એ કે માર્ગને વિષે ખેરના અંગારાથી ભરપૂર એવી એક ખાઇ કરી તેને ઉપરથી ઢાંકી દેવી. પછી વેગથી દોડતો એવો સેચનક તેમાં પડશે." કુણિક રાજાએ હસ્તિને આવવાના માર્ગમાં ખેરના અંગારાથી ભરપૂર એવી એક ખાઇ કરાવી અને તેને ઉપરથી ઢાંકી દીધી.

પછી સુભટ એવા હલ્લ વિહલ્લ બન્ને ભાઈઓ રાત્રીએ રણભૂમિમાં જવા માટે સેચનક હસ્તી ઉપર બેઠા. સેચનક હસ્તિ પણ ખાઈની નજીક આવી મુનિની પેઠે વિભંગ જ્ઞાનથી ખાઈ જાણી આગળ ચાલતો અટકી પડયો. આ વખતે હલ્લ વિહલ્લે તિરસ્કાર કરીને હસ્તિને કહ્યું કેઃ—

"અરે તું પશુપણાએ કરીને કૃતઘ્ન થયો જે આ રણભૂમિમાં દીન બની

જાય છે. હે ગજરાજ ! ત્હારે માટે અમોએ બંધુ, દેશ વિગેરેને ત્યજી દીધા છે એટલુંજ નહિ પણ આ ચેડા મહારાજાને પણ આવા મહાકષ્ટને વિષે ઝંપલાવ્યા છે જો અમે બીજાને પોષણ કર્યો હોત તો તે પોતાના ધણી માટે બહુ ભક્તિવાલો થાત ખરેખર તું અમારા ઉપર અપ્રીતિ રાખનારો નિવડયો જે અમારા કાર્યની બહુ ઉપેક્ષા કરે છે. ”

આ પ્રમાણે હલ્લ વિહલ્લે તિરસ્કાર કરેલા હસ્તિ સેચનકે પોતાને તેઓનો ભકત માનતા છતાં તુરત વેગથી તે બન્ને કુમારોને પોતાની પીઠ ઉપરથી ઉતારી મૂકી પોતે પેલી અંગારાથી ભરપૂર એવી ખાઇમાં ઝંપાપાત કર્યો. સેચનક બહુ દુષ્ટ હોવાથી તુરત મૃત્યુ પામી પહેલી નરકને વિષે ઉત્પન્ન થયો.

પાછલ હલ્લવિહલ્લ વિચાર કરવા લાગ્યા કે “ અહો ! આપણે આ શું અકાર્ય કર્યું. ખરેખર પશુપણું તો આપણનેજ યોગ્ય છે. આ સેચનક હસ્તિ ધિક્કારવા યોગ્ય નથી. હવે આપણે જીવવું યોગ્ય નથી છતાં જો આપણે જીવીએ તો શ્રી વીરપ્રભુના શિષ્ય થઇનેજ જીવવું પણ બીજી કોઈ રીતે જીવવું નહીં. ” પછી તેઓ બન્ને જણાએ શાસનદેવીની આજ્ઞાથી ભાવસાધુપણાને પામીને પાછલથી તુરત શ્રી વીર-પ્રભુ પાસે દીક્ષા લીધી. પોતાના ન્હાના ભાઈ એવા હલ્લવિહલ્લે દીક્ષા લીધી તો પણ કુણિકરાજા વિશાલા નગરીને પોતાના તાબે કરવા શકિતવંત થયો નહીં. તેથી તેણે એવી પ્રતિજ્ઞા કરી કે જે પ્રતિજ્ઞાથી શૂરવીરપણાને ધારણ કરતા એવા વીર પુરૂષોનું શૂરવીરપણું બહુ વૃદ્ધિ પામે છે. કુણિકે એવી પ્રતિજ્ઞા કરી કે “ જો હું ગધેડા જોડેલા હલોવડે આ નગરીને નહિ ખોદી નાખું તો કુવામાં અથવા અગ્નિમાં પ્રવેશ કરીને કે પર્વત ઉપરથી પડતું મૂકીને મૃત્યુ પામીશ. ” કુણિકે આવી ભય-કર પ્રતિજ્ઞા કરી તો પણ તે વિશાલા નગરીને તોડી પાડવા સમર્થ થયો નહીં જેથી તે મનમાં બહુ ખેદ પામવા લાગ્યો. આ પ્રમાણે અશોકચંદ્ર ભૂપતિ બહુ ખેદ પામવા લાગ્યો. આ પ્રમાણે અશોકચંદ્ર ભૂપતિ બહુ ખેદ પામ્યો એટલે આકાશમાં ઉભેલી અને કુલવાલક શ્રમણને વિષે હિતકારી એવી શાસનદેવીએ તેને આ પ્રમાણે એક ગાથા કહી:—

गिणियं चे मागधियं, समणे कुलवालके ॥
लभिज्ज इति लोए, तो वेसालिं गहिस्सति ॥ १ ॥

**હે રાજન્ !** જો માગધિકા નામની ગણીકાને કુલવાલુક નામના સાધુ જો મલે તો તો વિશાલ નગરી ગ્રહણ કરી શકે.

આકાશથી આવાં વચન સાંભળી અતિ પ્રસન્ન થએલા કુણિક ભૂપતિએ પોતાના પ્રધાનોને પૂછ્યું કે “ કુલવાલક મુનિ કોણ છે તેમજ માગધિકા વેશ્યા પણ

કોણ છે ?" મંત્રીઓએ કહ્યું. "મહારાજ ! અમે કુલવાલક મુનિને તો જાણતા નથી પણ આપણા નગરમાં ઉત્તમ બુદ્ધિવાલી માગધિકા વેશ્યા તો રહે છે ખરી." કુણિકે કહ્યું. "ત્યારે તે માગધિકા વેશ્યાને ઝટ અહિં તેડાવો." પ્રધાનોએ ભૂપતિની આજ્ઞાથી પોતાના નગરે માણસ મોકલી માગધિકાને તુરત રાજાની આગલ બોલાવી આણી. માગધિકાને જોઇ પ્રસન્ન થએલા કૂણિકે તેણીને કહ્યું. "હે સુંદરિ ! કાર્યની જાણ એવી તું કુલવાલક મુનિને પોતાનો પતિ બનાવી અહિં લાવ. હે ભદ્રે ! તેને લાવવાથી તને મ્હોટો લાભ થશે." રાજાનાં આવાં વચન સાંભળી હર્ષિત થએલી માગધિકાએ કહ્યું "હે પ્રભો ! તે કુલવાલક મુનિ ગમે ત્યાં રહ્યા હશે ત્યાંથી હું તેને મ્હારો પોતાનો પતિ બનાવી ઝટ આપની પાસે લાવીશ." આવી પ્રતિજ્ઞાથી ભૂપતિને સંતોષ પમાડી માગધિકા પોતાના ઘેર આવી મનમાં વિચાર કરવા લાગી કે "કુલવાલક દંભ વિના મ્હારા પાસમાં આવશે નહીં, માટે હું સુશ્રાવિકા બની દંભથી તેને મ્હારા વશ કરૂં." આમ વિચાર ધારી તે વેશ્યા દેવપૂજામાં અતિ તત્પર એવી શ્રાવિકા થઇ ત્યાર પછી મીષથી પંડિતા એવી તે વેશ્યાએ કોઈ એક સુગુરૂ પાસે જઇ તેમને પૂછયું. "હે મહામુનિ ! કુલવાલક મુનિરાજ પૃથ્વીમાં વિખ્યાત સંભળાય છે, તો તે મુનિરાજ કયાં હશે ? વળી તેમનું જેવું સ્વરૂપ હોય તે પણ મને કહો. કારણ કે તેમને વંદન કરવાની મને બહુ સ્પૃહા છે." ગુરૂએ કહ્યું:-

પાંચ આચાર પાળવામાં તત્પર અને ઉપશમધારી કોઇ એક ગુરૂનો દુષ્ટ બુદ્ધિવાળો અને વાંદરાના સરખો ચપળ બાલ શિષ્ય હતો. સૂરીશ્વર તે પોતાના બાલ શિષ્યને આદર સહિત આચારશિક્ષા શિખવાડતા. કારણ કે સુગુરૂઓ જે જે હિતકારી હોય તેનો તેનો ઉપદેશ આપે છે. બાલશિષ્ય બહુ દુર્વિનિત હતો તેથી તેને ગુરૂ જે જે હિતકારી શિખામણ આપતા તે તે અહિતકારી થતી. કહ્યું છે કે સર્પને પાયેલું દુધ વિષ રૂપ થાય છે. એકદા પોતાના બાલશિષ્ય સહિત તે સુગુરૂ ઉજ્જયંત ( ગિરનાર ) પર્વત ઉપર શ્રીનેમનાથ પ્રભુને વંદન કરવા માટે ગયા. રેવતાચલ ઉપર જઈ અનુક્રમે ત્યાંના જિનેશ્વરોના પ્રતિબિંબોને નમસ્કાર કરી શ્રીમાન્ અને ઉત્તમ પુણ્યવંત એવા તે સુગુરૂ જેટલામાં પાછા ઉતરતા હતા તેટલામાં પાછલ ચાલ્યા આવતા એવા દુરાત્મા બાળશિષ્યે પોતાના દુષ્ટ સ્વભાવને લીધે ગુરૂનો વધ કરવાના વિચારથી એક મ્હોટો પથ્થર રેડબ્યો. જાણે વજ્રનો દંડ હોયની ? એમ દડી આવતા એવા પથ્થરનો ખડખડાટ શબ્દ સાંભળી ગુરૂએ તુરત પોતાના પગ પહોળા કર્યા જેથી તે પથ્થર બન્ને પગ વચ્ચે થઈ ચાલ્યો ગયો. યોગ્ય છે, ઘણું કરીને આપત્તિઓ ધર્મવંત પુરૂષને વિષે પોતાનું બલ ફોરવી શકતી નથી. પછી મહાખેદ પામેલા ગુરૂએ તે ક્ષુલ્લકને તેના તુચ્છ કાર્યથી શ્રાપ આપ્યો કે "અરે પાપી ! સ્ત્રીઓના સંગથી ત્હારૂં વ્રત ભંગ થશે." ક્ષુલ્લકે કહ્યું. "હે ગુરો ! હું તમારો શ્રાપ નિષ્ફલ કરીશ. કેમકે હું અરણ્યમાં નિવાસ કરીશ જેથી

ત્યાં સ્ત્રીઓ મ્હારા જોવામાં પણ આવશે નહીં." પછી દુષ્ટ બુદ્ધિવાળો ક્ષુલ્લક એકની પેઠે તુરત ગુરૂને ત્યજી દઈ સિંહની પેઠે નિર્જન અરણ્યમાં ગયો. ત્યાં તે પર્વતની પાસેના ભાગમાં નદીને કાંઠે નિરંતર કાયોત્સર્ગે રહે છે. અને માસે અથવા અર્દ્ધ માસે વટેમાર્ગુ પાસેથી ભોજન મેળવી પારણું કરે છે. આ પ્રમાણે ક્ષુલ્લક પર્વતની પાસે નદીના કાંઠા ઉપર તપ કરતો હતો એવામાં મેઘના સમૂહથી સુશોભિત એવી વર્ષાઋતુ આવી. જલથી તે નદી ચારે બાજુથી સંપૂર્ણ ભરાઈ ગઇ એટલે ક્ષુલ્લકના તીવ્ર તપથી પ્રસન્ન થએલી પર્વત અને નદીની અધિષ્ટાયક દેવીએ વિચાર્યું જે "નદીને કાંઠે બેઠેલા આ મુનિરાજને જલનો સમૂહ પલાળી દેશે, તેમાં જો હું તેમની ઉપેક્ષા કરૂં તો મ્હારી શક્તિ નિષ્ફલ ગણાય." આમ ધારી નદીની અધિષ્ટાયક દેવીએ નદીનો પ્રવાહ બીજી દિશામાં પ્રવર્તાવ્યો. કહ્યું છે કે તપસ્વી પુરૂષોની મ્હોટી આપત્તિ નાશ પામે છે.

સુગુરૂ માગધિકા વેશ્યાને કહે છે કે, તે દિવસથી તે ક્ષુલ્લક મુનિરાજનું કુલવાલક એવું નામ પડયું છે. હમણાં તે તપોનિધિ નદીના પ્રવેશને વિષે નિવાસ કરીને રહ્યા છે."

માગધિકા વેશ્યા સુગુરૂનાં આવાં વચન સાંભળીને પછી તુરત બીજી સ્ત્રીને સાથે લઇ તીર્થયાત્રાના મીષથી કુલવાલક મુનિ તરફ જવા નિકળી. ત્યાં તે દંભીશ્રાવિકાએ મુનીશ્વરને વંદના કરી "તમને વંદન કરવાથી મેં ગિરનાર વિગેરે સર્વ તીર્થને વાંદ્યાં." એમ કહ્યું. મુનિરાજ કુલવાલકે પણ કાયોત્સર્ગ પારી અને ધર્મલાભની આશિષ આપી "હે ભદ્રે! તમે કયાંથી આવ્યાં છો?" એમ પૂછયું. માગધિકાએ કહ્યું. "હું ચંપા નગરીથી તીર્થયાત્રા કરવા નિકળી છું અને અહિં આવી છું કારણ તમે સર્વ તીર્થથી ઉત્તમ તીર્થ રૂપ ગણાઓ છો. હે મુનીશ્વર! મ્હારી પાસે નિર્દોષ એવું ભાથું છે, તે સ્વીકારી પાપને નાશ કરનારૂં પારણું કરો કે જેથી મને હર્ષ થાય." કોમળ મનવાળા મુનિ, તેની પૂર્ણ ભક્તિને લીધે તેના અનર્થકારી આશ્રમમાં ભિક્ષા લેવા ગયા ત્યાં તેણીએ પોતે કપટ દાસી પાસે મુનિને રેચના પદાર્થ મિશ્રિત ઉત્તમ મોદક વહોરાવ્યા. મુનિ કુળવાલકે તે મોદકોને ભક્ષણ કર્યા જેથી તેમને બહુ અતિસાર (ઝાડો) થયો, તેથી મુનિરાજ એવી ગ્લાનિ પામ્યા કે તે ઉઠી શકવાને પણ સમર્થ થયા નહીં. પછી અવસર અને કાર્યની જાણ એવી માગધિકાએ કુલવાલક મુનિને કહ્યું. "હે મહાનુભાગ! તમે મ્હારા ઉપર દયા કરી પારણું કર્યું છે તમને મ્હારૂં ભાથું ખાવાથી આ આવી દુર્દશા પ્રાપ્ત થઈ છે માટે ધાઢ પાપથી મલીન એવી મને ધિક્કાર થાઓ, આવી દશા પામેલા તમને એકલાને ત્યજી દઈ સંયમિનીની પેઠે મ્હારા પગ અહીંથી આગળ ચાલવા ઉત્સાહ પામતા નથી." આ પ્રમાણે કહીને મહા દંભવાળી તે માગધિકા વેશ્યા, મુનિના શરીરને ધોવું, ઉત્તમ ઔષધ આપવાં ઇત્યાદિ સેવામાં તત્પર થઇને ત્યાં મુનિ પાસે રહી.

માગધિકા મુનિના શરીરને ધોવા વિગેરેનું કામ એવી રીતે કરતી કે જેથી મુનિના સર્વ અંગને સ્પર્શ થતો. એક તો મધુર વચન તેની સાથે અંગનો સ્પર્શ અને વળી તેમાં કટાક્ષ વિગેરેનું ફેંકવું ઈત્યાદિ કારણોથી તે કુળવાલક મુનિનું ચિત્ત ચપળ બન્યું. કારણ કે સ્ત્રીનો પ્રસંગ સારો હોયજ ક્યાંથી ? કુળવાલક મુનિ અને માગધિકા વેશ્યા એ બન્ને જણા દિવસે દિવસે શય્યા આસન વિગેરેથી સ્પષ્ટ સ્ત્રી પુરૂષના યોગને પામ્યા. પછી માગધિકા કુળવાલકને વેગથી ચંપા નગરી પ્રત્યે તેડી લાવી. કહ્યું છે કે કામથી આંધળો થએલો પુરૂષ ચાકરની પેઠે સ્ત્રીઓની શી શી સેવા નથી કરતો ? માગધિકાએ કુણિક રાજા પાસે આવીને કહ્યું "હે દેવ ! આ કુલવાલકને હું મ્હારો પોતાનો પતિ બનાવી અહિં લાવી છું. માટે તે આપનું શું કામ કરે, જે કાર્ય હોય તેની આપ એને આજ્ઞા આપો." પછી કુણિકે આદરથી કુળવાલકને કહ્યું. હે મુનિ ! જેવી રીતે વિશાળા નગરીને તોડી પડાય તેવી રીતે તમે કરો." રાજાની આવી આજ્ઞાને અંગીકાર કરી બુદ્ધિમાન એવા તે કુળવાલક સાધુએ મુનિરાજના વેષથી કોઇએ રોકયા વિના તુરત વિશાળા નગરીમાં પ્રવેશ કર્યો. જો કે મહા બલવંત એવા કુણિક રાજાએ પ્રથમથી વિશાળા નગરીને ઘેરો ઘાલ્યો હતો તો પણ આ વખતે સર્વ સૈન્યથી જય શબ્દ ઉચ્ચારતા વધારે ઘેરો ઘાલ્યો. હવે કુળવાલક મુનિએ વિશાળા નગરીની અંદર અપૂર્વ વસ્તુને જોતા જોતા એક શ્રી મુનિસુવ્રત સ્વામીનો સ્તૂપ દીઠો. સ્તૂપને જોઇ કુળવાલક વિચાર કરવા લાગ્યો કે "નિશ્ચે આ સ્તૂપની પ્રતિષ્ઠાનો અવસરજ બલવંત છે કે જેના મહિમાથી આ નગરી તોડી શકાતી નથી. જો કોઇ પણ ઉપાયથી આ સ્તૂપ ખોદાવી નખાય તોજ આ નગરીનો ભંગ થઇ શકે તેમ છે નહિ તો ઇંદ્રથી પણ આ નગરી તોડી શકાય તેમ નથી." આ પ્રમાણે વિચાર કરતા કરતા કુળવાલક મુનિ નગરીમાં ફરતા હતા એવામાં પુરીના રોગથી પીડા પામેલા લોકો તેમને પૂછવા લાગ્યા કે "હે સાધો ! આ નગરીમેં ઘેરો ઘાલેલો હોવાથી અમે બહુ પીડા પામીએ છીએ, જો તમે કાંઈ તત્ત્વ જાણતા હો તો કહો કે આ નગરીનો ઘેરો ક્યારે નાશ પામશે ?" કુળવાળકે કહ્યું. "હે લોકો ! હું જાણું છું કે જ્યાંસુધી આ સ્તૂપ છે ત્યાં સુધી ઘેરો મટવાનો નથી. આ સ્તૂપ તોડવા માંડે છતે તમને તુરત વિશ્વાશ આવશે કે સમુદ્રની વેલાનું પેઠે શત્રુનું સૈન્ય ઓચિંતુ પાછું ખસશે. હે જનો ! ચારે તરફથી આ સ્તૂપને ખોદી નાખ્યે છતે તમારૂં સારૂં થશે કારણ કે આ સ્તૂપનું દુષ્ટ લગ્નમાં સ્થાપન થએલું છે." આ પ્રમાણે ધૂર્ત્ત એવા કુળવાલકે છેતરેલા નગરવાસી જનો સ્તૂપને ખોદી નાખવા લાગ્યા. કહ્યું છે કે દુઃખ પામેલા માણસો સહેલાઈથી છેતરી શકાય છે.

જ્યારે લોકો સ્તૂપને ખોદવા લાગ્યા, ત્યારે કૂલવાલક સાધુએ તુરત નગર બહાર જઇ કુણિકને સંકેતથી બે ગાઉ દૂર ખસેડયો. પછી વિશ્વાસ પામેલા જડ

લોકોએ સ્તૂપને કુર્મન્યાસની શિલાસહિત ખોદી કાઢયો; જેથી કૂણિકે બાર વર્ષને અંતે વિશાલા નગરીને તોડી પાડી. કારણ કે પૂર્વનો સ્તૂપ સંબંધી મહિમા દુરતિક્રમ હોય છે. પછી ચેડા રાજાનું અને કૂણિકનું યુદ્ધ બંધ થયું. આવું ભયંકર યુદ્ધ આ અવસર્પિણીમાં પૂર્વ કયારે પણ થયું નહોતું. યુદ્ધ બંધ થયા પછી ચંપાનગરીના રાજા કૂણિકે ચેડા મહારાજાને દુત મોકલી કહેવરાવ્યું કે " આપ મ્હારા [1]માતામહ થાઓ છો જેથી આપ મ્હારે પૂજ્ય છો તો હું આપનું શું ઇષ્ટકાર્ય કરૂં ?" ચેડા રાજાએ કહ્યું, કે જય ઉત્સવમાં ઉત્સુક એવા તારે નગરીમાં વિલંબથી પ્રવેશ કરવો. ચેડા રાજાનું કહેલું દૂતે કૂણિકને કહ્યું. તેથી તેણે વિચાર્યું કે " તેમણે લજ્જાકારી આ શું માગ્યું ? તો પણ તેણે તે વાત અંગીકાર કરી.

હવે ચેડા રાજાની પુત્રી સુજયેષ્ટાનો પુત્ર કે જે બલવંત સત્યકીનામે વિદ્યાધર હતો તેને આ ભયંકર યુદ્ધની ખબર પડી તેથી તેણે પોતાના મનમાં વિચાર કર્યો કે " બલવંત શત્રુએ પીડા પમાડેલી મ્હારા માતામહની પ્રજાને હું શી રીતે જોઉં ? માટે હું તે પ્રજાને કોઈ બીજા સ્થાનકે લઈ જાઉં. " આમ ધારી તેણે પોતાની વિદ્યાથી સર્વ નગરવાસી માણસોને પુષ્પની પેઠે નીલવંત પર્વત ઉપર લઇ જઈ લાલન પાલન કર્યા. ચેડા રાજાએ પણ લોઢાની પુતલી પોતાના કંઠે બાંધી અનશન લઈ મૃત્યુ માટે કૂવામાં ઝંપાપાત દીધો. મૃત્યુના મુખમાં આવેલા ચેડા રાજાને કુવામાં પડતા જોઈ નાગરાજ તેમને પોતાના સાધર્મિક જાણી તુરત પોતાના મહેલમાં તેડી લાવ્યો. ત્યાં નાગરાજે પ્રસંસા કરેલા શાંત આત્માવાલા અને શુભ મનવાલા તેમજ મૃત્યુથી ભય નહિ પામતા એવા ચેડા રાજા વિધિથી આરાધના કરવામાં ઉદ્યમવંત થઇને રહેવા લાગ્યા. નમસ્કારનું સ્મરણ કરતા તેમજ બે પ્રકારના પરિગ્રહથી મુક્ત થએલા તે ચેડા રાજા કેટલેક દિવસે મૃત્યુ પામીને સ્વર્ગ પ્રત્યે ગયા. કૂણિકરાજાએ ગધેડા જોડેલા હળો વડે ખેતરની પેઠે વિશાળ નગરીને ખેડી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી, આવી દુસ્તર પ્રતિજ્ઞાનો નદીની પેઠે પાર પામી કૂણિક રાજા મ્હોટા મહોત્સવથી પોતાની ચંપાનગરી પ્રત્યે આવ્યો.

એકદા ત્રણ વિશ્વના ગુરૂ અને દેવતાઓથી વિંટલાયલા શ્રીવીરપ્રભુ વિહારથી પૃથ્વીને પવિત્ર કરતા કરતા ચંપાપુરીને વિષે સમવસર્યા. આ વખતે પુત્રના મૃત્યુને લીધે સંસારથી વૈરાગ્ય પામેલી કાલાદિની માતાઓ કે જે શ્રેણિક રાજાની પ્રિયા થતી હતી, તેણીઓએ શ્રી મહાવીર પ્રભુ પાસે દીક્ષા લીધી. વિશ્વના સંશયને છેદન કરનારા શ્રી વીરપ્રભુને વંદના કરવા માટે કૂણિક રાજા સમવસરણમાં આવ્યો ત્યાં તેણે અરિહંતને નમસ્કાર કરી યોગ્યસ્થાને બેસી અવસરે પોતાના મસ્તક ઉપર હાથ જોડી શ્રી વીરપ્રભુને પૂછયું કે " હે નાથ ! જે ચક્રવર્તિઓ સંપૂર્ણ એવી કામભોગની સમૃદ્ધિને નથી ત્યજતા તેમજ જેઓ પોતાના સ્થાનને નથી ત્યજી દેતા, તેઓ મૃત્યુ

૧ માનો બાપ તે માતામહ કહેવાય છે.

પામીને કઈ ગતિએ જાય છે ? " પ્રભુએ કહ્યું. તેવા પુરૂષો મૃત્યુ પામીને સાતમી નરકે જાય છે. " કૂણિકે ફરી પૂછયું " હે સ્વામિન્ ! હું કઈ ગતિ પામીશ ? " શ્રી વીરપ્રભુએ કહ્યું. " તું છઠ્ઠી નરકે જઈશ. " કૂણિકે કહ્યું. " હે ઈશ ! હું સાતમી નરકે શા માટે નહિ જાઉં ? " પ્રભુએ કહ્યું. " તું ચક્રવર્તિ નથી. " કૂણિકે " હું ચક્રવર્તી કેમ નથી ? મ્હારી સંપત્તિ તો ચક્રવર્તી સમાન છે. " પ્રભુએ કહ્યું. " હે રાજન્ ! ત્હારી પાસે ચૌદ રત્ન નથી, એક રત્ન વિના પણ ચક્રવર્તિનું નામ દુર્ઘટ છે. " પ્રભુનાં આવાં વચન સાંભળી ગર્વના પર્વત સમાન કૂણિક રાજાએ લોહમય એકેંદ્રિય રત્નો બનાવ્યા. વળી વૃથા મનોરથ કરનારા તે દુષ્ટબુદ્ધિવાળા રાજાએ પોતાની પદ્માવતી પ્રિયાને સ્ત્રીરત્ન બનાવી, ગજાદિકને બીજા રત્નરૂપ બનાવ્યા. પછી મહાપરાક્રમવાળો તે ભરત ક્ષેત્રને સાધતો છતો અનુક્રમે વૈતાઢય પર્વતની જગજયી તમિશ્રા ગુફા પાસે આવી પહોંચ્યો. પછી દુર્દૈવથી દૂષિત થએલા અને આત્માને નહિ જાણનારા કૂણિકે પોતાના દંડરત્નવડે ગુફાના બારણાના કમાડને ત્રણવાર પ્રહાર કર્યો. આ અવસરે ગુફાના દ્વારનું રક્ષણ કરનાર કૃતમાલ દેવે કહ્યું કે " અરે મરવાની ઈચ્છા કરનારો અને આત્માને નહિ જાણનારો કયો પુરૂષ આ ગુફાના દ્વારના કમાડને તાડન કરે છે ? " ચંપાપતિએ કહ્યું. " વિજય કરવાની ઈચ્છાથી અહીં આવેલા મને તું શું નથી જાણતો ? હું અશોકચંદ્ર નામે ઉત્તમ બુદ્ધિવાળો ચક્રવર્તિ ઉત્પન્ન થયો છું. " કૃતમાલ દેવતાએ કહ્યું. " ચક્રવર્તિઓ તો બારજ હોય છે. તું નહિ પ્રાર્થના કરવા યોગ્ય વસ્તુની પ્રાર્થના કરે છે તો હવે તેમ નહિ કરતા પ્રતિબોધ પામ અને ત્હારૂં કલ્યાણ થાઓ. કૂણિકે કહ્યું. " પુણ્યથી પુષ્ટ એવો હું આ લોકમાં તેરમો ચક્રવર્તિ થયો છું. કારણ પુણ્યથી શું નથી પ્રાપ્ત થતું અર્થાત્ સર્વ વસ્તુ મળે છે. હે કૃતમાલ ! તું મ્હારા ભુજાબલને જાણતો નથી, માટે આ ગુફાના બારણાને ઉઘાડ નહિ તો નિશ્ચે તું મૃત્યુ પામીશ. " આ પ્રમાણે જાણે શરીરમાં ભૂત ભરાયું હોયની ? એમ જેમ તેમ બોલતા એવા કૂણિકને કૃતમાલ દેવતાએ ક્રોધથી ક્ષણમાત્રનાં ભસ્મરૂપ કરી દીધો.

આવી રીતે મૃત્યુ પામીને ચંપાનગરીનો રાજા કૂણિક છઠ્ઠી નરકે ગયો. નિશ્ચે જિનેશ્વરોનું વચન કયારે પણ મિથ્યા થતું નથી. કૂણિક ફક્ત કહેવા માત્ર રહે છતે પ્રધાનાદિ પુરૂષોએ તેના પુત્ર ઉદાયનને રાજ્યાભિષેક કર્યો. પછી નિર્મલ અંતઃકરણવાળા હલ્લ વિહલ્લ મુનિઓ અતિચાર રહિત દીક્ષા પાળવા લાગ્યા. અગીયાર અંગના ધારણહાર અને સોલ તથા વીશ વર્ષના પર્યાયવાળા એ બન્ને મુનિરાજોએ વિધિથી એક વર્ષ પર્યંત સુગુણ રત્ન નામે તપ કર્યું. ગુણોના ભંડારરૂપ હલ્લ મુનિરાજ સોળ વર્ષ પર્યંત ઉત્તમ રીતે ચારિત્ર પાળી જયંત નામના અનુત્તર દેવલોકમાં ગયા. અને વિહલ્લ મુનિરાજ વીસ વર્ષ ઉત્તમ ચારિત્ર પાળી અપરાજિત વિમાન પ્રત્યે ગયા તે બન્ને મુનિરાજને હું ભકિતથી સ્તવું છું.

**'શ્રીહલ્લ' અને શ્રીવિહલ્લ નામના મુનિવરોની કથા સંપૂર્ણ**

धम्मायरिअणुराएण, चत्तजीअं पडीणजाणवयं ॥
सव्वाणुभुइमेगावयारं, सहसारगं वंदे ॥ १४६ ॥

ધર્માચાર્ય એવા શ્રી મહાવીર પ્રભુ ઉપર અનુરાગ ધરવાથી જીવિતને ત્યાગ કરનારા, પૂર્વ દેશના અધિપતિ, ચરમ શરીરવાળા અને સહસ્રાર દેવલોકને વિષે પ્રાપ્ત થએલા સર્વાનુભૂતિ રાજર્ષિને હું વંદના કરૂં છું. ॥ ૪૬ ॥

जो तेअपरिग्गयतणू, कासी मुणिखामणाइ तं नमिमो ॥
कोसलजाणवयं, अच्चुअंमि पत्तं सुनरकत्तं ॥ ४७ ॥

ગોશાળાએ મૂકેલી તેજોલેશ્યાથી શરીર દગ્ધ થયા છતાં પણ જેણે ક્ષમા કરી તે કોશલ દેશના અધિપતિ કે જે અચ્યુત દેવલોકમાં પ્રાપ્ત થયા તે સુનક્ષત્ર મુનિરાજને હું નમસ્કાર કરૂં છું. ॥ ૪૭ ॥

मिंढियगामे रेवइ, पडिलाभिअमोसहं भुवणगुरुणो ॥
पार्णि सन्निविट्ठं, जेण वंदिमो तमिह सीहमुणिं ॥ ४८ ॥

જેમણે મિઢિક ગામમાં રેવતી શ્રાવિકાએ પ્રતિલાભેલું ( અતિસારને બંધ કરનારૂં ઔષધ ) ત્રણ ભુવનના ગુરૂ એવા શ્રી વીર પ્રભુના હાથમાં આપ્યું તે શ્રી સિંહ મુનિને હું વંદના કરૂં છું. ॥ ૪૮ ॥

## 'श्री सर्वानुभूति, श्रीसुनक्षत्र अने श्रीसिंह' नामना मुनिपुङ्गवोनी कथा

એકદા શ્રી વર્દ્ધમાન જિનેશ્વર વિહાર કરતા કરતા શ્રાવસ્તી નગરીમાં સમવસર્યા. તે વખતે ત્યાં દેવતાઓએ સમવસરણ રચ્યું. તે નગરીમાં પૂર્વે આવેલો અષ્ટાંગ નિમિત્તના બળથી લોકના હૃદયને જાણનારો, ઇર્ષા અને તેજોલેશ્યાએ કરી ઉદ્દિષ્ટ થએલો ગોશાલો પોતાને જિન તરીકે લોકોમાં ઓળખાવા માંડયો. ખરેખર આ પોતે અરિહંત છે એવી પ્રસિદ્ધિ સાંભળી મુગ્ધ બુદ્ધિવાળા લોકો નિરંતર તેની પાસે આવી ગોશાલાની સેવા કરતા.

હવે શ્રીગૌતમસ્વામી, પ્રભુની આજ્ઞા લઇ છઠ્ઠ તપને અંતે પારણું કરવાની ઇચ્છાથી ભિક્ષા લેવા માટે નગરીમાં આવ્યા. " અહીં ગોશાલો સર્વજ્ઞ અરિહંત પ્રભુ છે. " એવાં લોકોનાં વચન સાંભળી મનમાં ખેદ પામેલા ગૌતમ ભિક્ષા લઇ વીર પ્રભુ પાસે આવ્યા. ત્યાં શુદ્ધ બુદ્ધિવાલા તેમણે અવસરે વિધિથી પારણું કરીને પછી સર્વ નગરવાસીના જોતા છતાં શ્રી વીરપ્રભુને પૂછયું. " હે સ્વામિન્ ! આ મહા નગરીમાં સર્વ લોકો ગોશાલાને સર્વજ્ઞ માને છે તે સત્ય છે કે મિથ્યા છે ? " પ્રભુએ કહ્યું. " કપટ કરવામાં નિપુણ એવો તે મંખલીનો પુત્ર ગોશાલો લોકને

વિષે પોતાનું જિનપણું ખોટું દેખાડે છે. તે મ્હારો પોતાનો શિષ્ય થઇ કાંઇક અભ્યાસ કરી મારાથી જુદો થયો છે. હે ગૌતમ ! તે પોતે સર્વજ્ઞ નથી. " પ્રભુનાં આવાં વચન સાંભળી નગરવાસી લોકો નગરીમાં ચકલે, ત્રણ શેરીએ અથવા તો સર્વ સ્થાનકે પરસ્પર એમ વાતો કરવા લાગ્યા કે " હે લોકો ! અહિં સમવસરેલા શ્રી વર્દ્ધમાન પ્રભુ એમ કહે છે કે મંખલીનો પુત્ર ગોશાલો સર્વજ્ઞપણાનું મિથ્યાભિમાન ધરાવે છે. " પોતાની આજીવિકા ચલાવનારા લોકોથી વિંટલાએલો ગોશાલો કાલ-સર્પની પેઠે નગરવાસી જનોના મુખથી આવી વાણી સાંભળી બહુ ક્રોધ પામ્યો.

હવે આનંદ નામના સ્થવિર સાધુ કે જે શ્રી વીરપ્રભુના શિષ્ય થતા હતા તે છઠ્ઠનું પારણું કરવાની ઇચ્છાથી ભિક્ષા લેવા માટે નગરીમાં ગયા. હાલાહલ સ્થાનની નજીકે રહેલા ગોશાળે પોતાની નજીકમાં થઇને જતા એવા આનંદ મુનિને બોલાવી ઉત્કર્ષથી આ પ્રમાણે કહેવા લાગ્યો કેઃ—

" હે આનંદ ! અહો ! ત્હારો આચાર્ય વીર, લોકોથી સત્કાર ઇચ્છતો છતો પોતાની ઉન્નતિ ગાઈ મ્હારો તિરસ્કાર કરે છે. વળી તે મને એમ કહે છે કે એ મંખપુત્ર, નથી અરિહંત કે નથી સર્વજ્ઞ પણ તે ત્હારો આચાર્ય મ્હારા વૈરીને બાળી નાખવામાં સમર્થ એવી તેજોલેશ્યાને જાણતો નથી. હું તેને પરિવારસહિત ક્ષણમાત્રમાં ભસ્મરૂપ કરી દઈશ. ફક્ત તને એકનેજ એવી સ્થિતિએ નહિ પહોંચાડું. સાંભળ તેનું દ્રષ્ટાંત કહું છું:—

ક્ષેમિલા નામની મહા નગરીમાં નલન, પ્રસર, સંવાદ, અવસર અને કારક એ નામના પાંચ વેહેપારી હતા. તેઓ પાંચે જણા અનેક પ્રકારના વાસણોના ગાડાં ભરી વેપાર કરવા ચાલ્યા. રસ્તે જતા તેઓ એક જલરહિત મહા અરણ્યમાં પેઠા. જાણે મરૂદેશના માર્ગમાંજ ગયા હોયની ? એમ બહુ તૃષાથી પીડા પામેલા તેઓ તે મહા અરણ્યમાં જુદા જુદા ભટકતા છતા જલની શોધ કરવા લાગ્યા. અવસર, જળની શોધમાં ફરતો હતો એવામાં તેણે પાંચ શિખર (ટેકરા)વાળો રાફડો દીઠો. તેણે તુરત બીજા ચારે મિત્રોને બોલાવી તે દેખાડયો. તેઓએ પ્રથમનું શિખર ચારે તરફથી ખોદી કાઢયું તો તેમાંથી જળ નિકળ્યું. પાંચ જણાએ જલપાન કરી પોતાની તૃષાને શાંત કરી પછી પ્રસરે કહ્યું. " આપણે આ બીજું શિખર પણ ખોદી કાઢીએ તેમાંથી આપણને કાંઇ બીજી વસ્તુ મળશે." અવસરે કહ્યું. " એને ખોદવું યોગ્ય નથી કારણ નિશ્ચે તેમાંથી સર્પ નિકળશે કેમકે એ સર્પના રાફડાનું સ્થાન છે." સંવાદે કહ્યું. " અરે મિત્ર ! ખરેખરો આ તારો વિસંવાદ છે કારણ ખોદી નાખેલા પડેલા રાફડામાંથી સર્પ કાંઈ નિકળ્યો નહીં." અવસરે ફરીથી કહ્યું. " આ જળ કાંઈ દૈવિક હોય એમ દેખાય છે." કારકે કહ્યું ત્યારે નિશ્ચે આ બીજા શિખરોમાં દૈવયોગથી સોના મ્હોરો હોવી જોઇએ." કારક

એમ કહી બીજા શિખરને ખોદવા લાગ્યો એટલે અવસર " મ્હારે એમાંથી નિકલેલું ધન ન જોઇએ. " એમ કહી ત્યાંથી બીજે ચાલતો થયો. " નલને કહ્યું " જો અવસર જતો હોય તો જવાદ્યો. આપણે તેના વિના જ ખોદશું." એમ કહી તેઓ સર્વે બીજા શિખરને ખોદવા લાગ્યા. થોડું ખોદ્યું એટલે તેમાંથી કેટલાક દ્રમ નિકલ્યા તે અવસર વિના પેલા ચારે જણાએ હર્ષથી વેંહેચી લીધી. પછી તે ચારે જણાઓ લોભથી રાફડાના ત્રીજા શિખરને ખોદવા લાગ્યા. એટલે તેમાંથી રૂપું નિકલ્યું. પછી દ્રમને ત્યજી દઈ તેઓએ રૂપું વેંહેચી લીધું. લોભથી ચોથા શિખરને પણ ખોદ્યું તો તેમાંથી સુવર્ણ નિકલ્યું. સુવર્ણ લેવાનો લોભ થયો તેથી પોતાની પાસેના રૂપાને ત્યજી દીધું અને સુવર્ણ લીધું " હવે આ પાંચમામાંથી નિશ્ચે રત્નો નિકલશે" એમ ધારી તેઓએ લોભથી પાંચમા શિખરને ખોદવા માંડ્યું. કહ્યું છે કે લાભથી લોભ વૃદ્ધિ પામે છે. પછી ખોદેલા એવા તે પાંચમા શિખરમાંથી દૃષ્ટિવિષ સર્પ નિકલ્યો કે જેણે તે ચારે જણાને તથા તેમના ગાડા અને વૃષભોને તુરત બાળી નાખ્યા નાગના અધિષ્ટાયક દેવતાએ અવસરને લોભ રહિત જાણી તેને તેના ગાડા અને બલદો સહિત ઇષ્ટ સ્થાને પહોંચાડયો. "

( ગોશાલો આનંદ સાધુને કહે છે કે ) જેમ દ્રષ્ટિવિષ સર્પે અવસર વિના બાકીના ચારને બાળી નાખ્યા તેમ હું પણ તને એકને રાખી ત્હારા ગુરૂને બાળી નાખીશ. " પછી આનંદ મુનિ ભિક્ષા લઇ પ્રભુ પાસે આવ્યા અને મનમાં શંકા થવાથી ગોશાલાનું કહેલું પૂછવા લાગ્યા. " હે સ્વામિન્ ! ગોશાલે એમ કહ્યું કે હું જિનેશ્વરને બાલી નાખીશ. તો તે તેમ કરવાને સમર્થ છે કે તે તો તેનું ઉન્મત્તની પેઠે ફક્ત બોલવું થયું છે ? " પ્રભુએ કહ્યું. " દુષ્ટ બુદ્ધિવાલો ગોશાલો તીર્થપતિને ભસ્મરૂપ કરવા સમર્થ નથી પણ સંતાપ માત્ર કરવાની શક્તિ છે. " આનંદ મુનિ પ્રભુનાં આવાં વચન સાંભલી જેટલામાં પ્રસન્ન થયા છતા બેઠા છે તેટલામાં ગોશાલો ત્યાં આવી શ્રી અરિહંત પ્રભુને આ પ્રમાણે કહેવા લાગ્યો:—

" હે મહાવીર ! તમે મંખલિનો પુત્ર ગોશાલો મ્હારો શિષ્ય થાય છે એમ જે કહો છો તેજ તમારૂં પ્રથમ મિથ્યા બોલવું છે. કારણ જે ગોશાલો તમારો શિષ્ય છે તે તો શુકલ જાતિમાં ઉત્પન્ન થએલો છે. વળી તે ધર્મધ્યાનથી મૃત્યુ પામી દેવતાને વિષે ઉત્પન્ન થયો છે. તેનું શરીર ઘોર ઉપસર્ગ અને પરીષહ સહન કરવામાં સમર્થ જાણી મેં તેના શરીરમાં પ્રવેશ કર્યો છે. તમે મને નહિ જાણતાં છતાં આ મંખલિપુત્ર ગોશાલો છે, અને મારો શિષ્ય છે એમ શા માટે કહો છો ? નિશ્ચે તમે મ્હારા ગુરૂ નથી. " શ્રી મહાવીર પ્રભુએ કહ્યું. " જેમ પૂર્વ નગરરક્ષક લોકોએ પીડા પમાડેલો ચોર, પોતાને રક્ષણ કરવાનું સાધન દુર્ગ, ખાઇ વિગેરે કાંઇ ન મલવાથી તૃણ, ઉન, રૂ, ઈત્યાદિથી જુદા જુદા ગઢ કરી પોતે અંદર રહી પોતાનું રક્ષણ સાધન થયું એમ માનવા લાગ્યો, તેમ તું પણ બીજા ગોશાલાનું

નામ લઇ પોતાને છુપાવતો છતો મૃષા શા માટે બોલે છે ? હે મૂઢ ! તું પોતે ગોશાલો મ્હારો શિષ્ય છે. બીજો નહિ. " શ્રી અરિહંતના આવા વચનથી અત્યંત ક્રોધ પામેલો ગોશાલો પ્રભુને કહેવા લાગ્યો. " હે કાશ્યપ ! તું અજ્ઞ છે, તુચ્છ છે, ભ્રષ્ટ છે, તેમજ નહિ જેવો છે. " આ વખતે સર્વાનુભૂતિ કે જે વીરપ્રભુનો શિષ્ય થતો હતો તે ગુરૂભક્તિને લીધે ગોશાલાનાં વચન સહન કરવાને શક્તિવંત થયો નહિ તેથી તેણે ગોશાલાને કહ્યું. " તને આ ગુરૂએ દીક્ષા આપી છે એમણે શિક્ષા આપી છે છતાં અત્યારે શા માટે ના કહે છે. કારણ નિશ્ચે તું તેજ ગોશાલો છે." પછી બહુ ક્રોધ પામેલા ગોશાલે તેજ વખતે સર્વાનુભૂતિ ઉપર અનાહત એવી તેમજ ઉગ્ર માહાત્મ્યવાલી તેજોલેશ્યા મૂકી. તેજોલેશ્યાથી શરીર બલી જવાને લીધે સર્વાનુભૂતિ શુભ ધ્યાનથી મૃત્યુ પામીને સહસ્રાર નામના દેવલોકને વિષે દેવતાપણે ઉત્પન્ન થયા. ગોશાલો પણ પોતાની તેજોલેશ્યાની શક્તિનો ગર્વ ધારણ કરવાને અર્થે વારંવાર પ્રભુનો તિરસ્કાર કરવા લાગ્યો. સુનક્ષત્ર નામે પ્રભુનો શિષ્ય હતો તે સર્વાનુભૂતિની પેઠે પ્રભુની ભક્તિને લીધે ગુરૂના નિંદક એવા ગોશાલાને શિખામણ આપવા લાગ્યો. ગોશાલાએ તેના ઉપર પણ તેજોલેશ્યા મૂકી. તેજોલેશ્યાથી બલતા દેહવાલા સુનક્ષત્રે તુરત શ્રીજિનેશ્વરને પ્રદક્ષિણા કરી ફરી વ્રત અંગીકાર કરી તેમજ પ્રતિક્રમી તથા આલોચના લઇ મુનિઓને ખમાવી અને મૃત્યુ પામી અચ્યુત દેવલોકમાં દેવ પદવી સ્વીકારી. પછી દયાધારી એવા શ્રી વીરપ્રભુએ કટુ વચનથી આક્રોશ કરતા એવા તેમજ વિજયનો ગર્વ ધરતા એવા ગોશાલાને કહ્યું:—

હે દુષ્ટ ! મેં તને ભણાવ્યો, દિક્ષિત કર્યો અને પ્રતિબોધ્યો છતાં તું આવું અયોગ્ય બોલે છે તો ત્હારી સુમતિ કયાં નાશ પામી ગઇ ? " આ પ્રમાણે વીરપ્રભુના કહેવાથી અત્યંત ક્રોધ પામેલા પોતે ગોશાલે, કાંઈક અરિહંત પ્રભુની પાસે આવી તુરત તેમના ઉપર તેજોલેશ્યા મૂકી તે તેજોલેશ્યાવડે પ્રભુના અંગને વિષે માત્ર તાપ ઉત્પન્ન થયો. તેજોલેશ્યા પણ પ્રભુની પાસેથી પાછી ફરી ક્રોધ પામીને ગોશાલાના શરીરમાંજ પેઠી. જો કે તેજોલેશ્યાથી ગોશાલાનું અંતર બલતું હતું તોપણ તે ઉદ્ધત ધીરજ રાખી વર્દ્ધમાન જિનેશ્વરને આ પ્રમાણે કહેવા લાગ્યો.

હે કાશ્યપ ! તું મ્હારી તેજોલેશ્યાથી બહુ દુઃખ પામી પિત્તજવરથી દુઃખી થઇ છદ્મસ્થપણે રહ્યો છતો છ માસને અંતે મત્યુ પામીશ. " પ્રભુએ ગોશાલાને કહ્યું. " હે ગોશાલા ! નિશ્ચે આ ત્હારૂં વચન મિથ્યા છે. કારણ સર્વજ્ઞ એવો હું હજુ બીજાં શોલ વર્ષ વિહાર કરીશ. વળી પિત્તજ્વરથી પીડા પામેલો તું પોતેજ પોતાની તેજોલેશ્યાથી આજથી સાતમે દિવસે મૃત્યુ પામીશ, એમાં જરાપણ સંશય નથી. " પછી તેજોલેશ્યાથી બલતા શરીરવાલો મંખલીપુત્ર ગોશાલો વાયુથી ઉખડી ગએલા શાલ વૃક્ષની પેઠે પૃથ્વી ઉપર પડયો. આ વખતે ગુરૂની અવજ્ઞાથી ક્રોધ પામેલા ઇંદ્રભૂતિ વિગેરે મુનિઓ મર્મને વીંધી નાખનારા ઉંચા શબ્દથી ગોશાલાને

કહેવા લાગ્યા. " હે ગોશાલ ? પોતાના ગુરૂને પ્રતિકુલ થએલા પુરૂષની આવીજ અવસ્થા થાય છે. અરે ! તેં પોતાના ગુરૂ ઉપર મૂકેલી હારી તેજોલેશ્યા ક્યાં ગઇ. દીર્ઘકાલ પર્યંતથી આવા દુષ્ટ વચન બોલતો એવો તું નિશ્ચે ભસ્મ રૂપ બનાવવાનું ધારે છે તો પણ તે મહા મુનિએ કૃપાથી હારી ઉપેક્ષા કરી છે. જેથી તું હારી પોતાની મેળેજ મત્યુ પામીશ. હે ગોશાલ ! શું તે નહોતું જોયું. જો શીતલેશ્યાથી પ્રભુએ હારૂં રક્ષણ ન કર્યું હોત તો વૈશિકાયને મૂકેલી તેજોલેશ્યાથી તું મત્યુ પામત."

ખાઈમાં પડી ગએલા સિંહની પેઠે ગોશાલો પણ તે સાધુઓને તિરસ્કાર કરવા માટે સમર્થ થયો નહીં જેથી તે ક્રોધ પામતો છતો બેસી રહ્યો. વળી તે દાંતોને પીસવા લાગ્યો, લાંબા મ્હોટા નિશાસા મૂકવા લાગ્યો, પગથી પૃથ્વીને તાડન કરવા લાગ્યો અને હું હણાયો એમ વારંવાર બોલવા લાગ્યો. ત્યાર પછી અરિહંતની સભામાંથી તે ગોશાલો ભય પામી હાલાહલ કુલાલને ત્યાં ચાલ્યો ગયો.

ગોશાલો ગયા પછી શ્રી વીરપ્રભુએ સાધુઓને કહ્યું કે " મંખલીના પુત્ર ગોશાલે મ્હારા ઉપર તેજોલેશ્યા મૂકી હતી, તે તેજોલેશ્યા એજ તેની અગાધ શક્તિ છે. ઉગ્ર તેજવાલા એ ગોશાલે વત્સ, અચ્છ, કચ્છ, મગધ, વંગ, માલવ, કોશલ, પાટ, લાટ, વક્રિય, અલિ, મલય બાંધ, કાંગ, કાશી અને સહ્ય વિગેરે દેશોને એ તેજોલેશ્યાથી બાળી શોળ રાજાઓને પોતાને સ્વાધિન કર્યા છે. " પ્રભુનાં આવાં વચન સાંભલી ગૈતમાદિ સાધુઓ બહુ વિસ્મય પામ્યા. કહ્યું છે કે ઉત્તમ માણસો બીજાની શક્તિને જોઇ તેના ઉપર દ્વેષ કરતા નથી. પોતાની તેજોલેશ્યાથી બળતા શરીરવાળા ગોશાલે તાપની શાંતિ માટે મદ્યપાન કર્યું. ત્યાર પછી તે મંખલીપુત્ર મદ્યપાત્ર હાથમાં લઈ મદોન્મત્તપણે ગાયન કરવા અને નાચવા લાગ્યો. તેમજ હાથ જોડી વારંવાર હાલાહલને પ્રણામ કરવા લાગ્યો. પાત્ર બનાવવા માટે મર્દન કરેલી માટીના પીંડાને બનાવવા લાગ્યો, તેમજ તેવા હાથ પોતાને શરીરે ચોપડવા લાગ્યો, આલોટવા લાગ્યો અને ભસ્મ વિગેરેનું જલ બનાવી પીવા લાગ્યો. વિરૂદ્ધ અને અસંબદ્ધ વચન બોલવા લાગ્યો. છેવટ શોકથી વ્યાપ્ત થએલા તેણે નીચજનોની સાથે દિવસ નિર્ગમન કર્યો.

હવે પુલ નામનો ગોશાળાનો શ્રાવક રાત્રીએ ધર્મજાગરણા કરતો હતો તે ભ્રાંતિથી વિચાર કરવા લાગ્યો કે " આ તે પેહેલી રાત છે કે પાછલી રાત છે. વળી તૃણગોપાલીકા કેવા આકારવાળી હોય તે હું જાણતો નથી માટે ચાલ આજે સર્વજ્ઞ એવા મ્હારા ગુરૂ ગોશાળાને તે વાત પૂછું. " આમ ધારી સવારે યોગ્ય વસ્ત્રાલંકાર ધારણ કરીને તે પુલ હાલાહલના સ્થાનકે રહેલા ગોશાળા પાસે ગયો. પુલે ઉપર કહેલી સ્થિતિમાં ગોશાળાને દીઠો તેથી તે લજ્જા પામી તુરત પાછો વલ્યો. ત્યાર પછી દ્દઢ એવા તેને ગોશાલાના સ્થવિર સાધુઓએ કહ્યુ કે " હે પુલ ! તને પાછલી રાત્રીને વિષે તૃણગોપાલિકાના સ્વરૂપ વિષે સંશય ઉત્પન્ન થયો છે. " પુલે વિસ્મયથી કહ્યું " હા તે તેમજ છે. " પછી ગોશાલાના સાધુઓએ ગોશાલાની

તે ચેષ્ટાને છાની રાખવા માટે ફરી પુલને કહ્યું. "જે આ આપણા ગુરૂ હાથ જોડી ગાયન કરે છે, વળી હાથમાં પાત્ર ધરી હસતા છતાં નૃત્ય કરે છે તે પોતાની મુક્તિ પ્રાપ્તિનાં ચિન્હ છે અને તેથીજ તે જેમ તેમ બોલે છે જે આ છેવટનું ગાયન, હાથ જોડી નૃત્યનું કર્મ, વિલેપાદિ તથા મદ્યપાન વળી એ વિના જે કાંઇ બીજું છે તે સર્વ મોક્ષ પ્રાપ્તિનાં ચિન્હ છે માટે તું એ ગોશાળા રૂપ ચોવીશમા જિનેશ્વરની પાસે જઈ પોતાનો સંશય પૂછ કારણ તે ત્હારા સર્વજ્ઞ એવા ગુરૂ છે."

આ પ્રમાણે સાધુઓએ કહ્યું, એટલે પુલ જેટલામાં પોતાના સંશયો પૂછવા માટે ગોશાળા પાસે જવાની તૈયારી કરી તેટલામાં તે સાધુઓએ આગલથી ગોશાળા પાસે જઇ પુલના આગમન અને સંશયની વાત ગુપ્ત રીતે કહી દીધી પછી ગોશાળો મદ્ય પાત્ર સંતાડી દેવરાવવા પૂર્વક આસન ઉપર બેઠો એટલામાં પુલ ત્યાં આવ્યો. પુલ આસન ઉપર બેઠો એટલે તુરત ગોશાળાએ તેને કહ્યું કે "હે પુલ ! તૃણગોપાલિકા કેવા આકારની છે. એ ત્હારો સંશય છે સાંભલ, વંશીના મૂલ સમાન આકારવાલી તૃણગોપાલિકા છે. એમ ત્હારે જાણવું." ગોશાળાનાં આવાં વચન સાંભલી હર્ષ પામેલો પુલ પોતાના આશ્રમ પ્રત્યે ગયો.

પછી જ્યારે ગોશાળો સ્વસ્થપણું પામ્યો ત્યારે પોતાનો અંતકાલ સમીપે આવ્યો જાણી તેણે પોતાના શિષ્યોને બોલાવી આદરથી આ પ્રમાણે કહ્યું "હું મૃત્યુ પામું ત્યારે મ્હારા શરીરને સુગંધી જલથી ન્હવરાવી તેમજ સુગંધી ચંદનથી લેપ કરી ઉત્તમવસ્ત્રવડે આચ્છાદિત કરવું. વલી દિવ્ય આભૂષણોથી સુશોભિત બનાવી અને પછી હજારો માણસોએ ઉપાડેલી શિબિકામાં બેસારી તે મ્હારા શરીરને મ્હોટા ઉત્સવથી બહાર કાઢવું. આ વખતે તમારે સર્વ નગરમાં એવી ઉદ્‌ઘોષણા કરવી કે આ અવસર્પિણીને વિષે ચોવીશમા જિનેશ્વર ગોશાળો મોક્ષનગરે ગયા." ગોશાળાના કહેવા પ્રમાણે તેના શિષ્યોએ અંગીકાર કર્યું પછી ગોશાળાને સાતમે દિવસે શુદ્ધ સ્વભાવ ઉત્પન્ન થયો, તેથી તે પસ્તાવો કરતો છતો વિચાર કરવા લાગ્યો કે "અહો ? પાપી અને દુર્મતિ એવા મેં પોતાના ધર્મગુરૂ શ્રી વીરજિનેશ્વરને ત્રણ પ્રકારે અત્યંત અશાતા કરી છે. તેમજ હું પોતે સર્વજ્ઞ છું એમ સર્વે માણસોની આગલ કહી મેં સત્યના આભાસવાળા ખોટા ઉપદેશથી લોકોને છેતર્યા છે. વલી ધિક્કાર છે મને કે જે મેં ગુરૂને ગ્રહણ કરવા યોગ્ય બે મ્હોટા મુનિને તેજો લેશ્યાથી દગ્ધ કર્યા અરે એટલુંજ નહીં પણ મેં પોતાને દગ્ધ કરનારી તેજોલેશ્યા પણ પ્રભુ ઉપર મૂકી અહો ! મેં થોડા દિવસને માટે આવું નરકાદિ મહાદુઃખના કુવામાં પડવાના કારણરૂપ અકૃત્ય શા માટે કર્યું ? અરે મેં નરકની ખાઈમાં કેવલ પોતાના આત્માનેજ પાડયો એમ નથી પણ અસત્‌ માર્ગના ઉપદેશથી આ સર્વે લોકોને નરકાદિ ખાઇમાં નાખ્યા છે તો પણ તે લોકો કુમાર્ગ પ્રત્યે ન જાઓ"

એમ ધારી ઉત્તમ બુદ્ધિવાલા ગોશાળે કાર્ય કરવામાં નમ્ર એવા પોતાના શિષ્યોને આદરથી બોલાવીને કહ્યું.

"હે શિષ્યો ! તમે સર્વે સાંભલો, હું નથી જિનેશ્વર કે નથી કેવલી પણ મંખલીનો પુત્ર અને શ્રી મહાવીરનો શિષ્ય ગોશાળો છું. જેમ અગ્નિ પોતાનો આશ્રય કરનાર કાષ્ટ વિગેરેને બાળી નાખી તેનો અંત કરે છે તેમ હું પણ પોતાના ગુરૂનો શત્રુજ છું. મેં આટલો કાળ પોતાના દંભથી લોકને છેતર્યો છે. જ્ઞાનરહિત અને પોતાની તેજોલેશ્યાથી બલતો એવો હું પોતેજ મૃત્યુ પામ્યો છતો દોરડીથી બાંધીને દિવસે નગરીમાં ઘર્ષણ કરવા યોગ્ય છું. કુતરાના શરીરની પેઠે મને ખેંચતા અને મ્હારા મુખમાં થુંકતા એવા પુરૂષોએ ચોક વિગેરે સર્વે સ્થાનકે નગરમાં આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરવી. પ્રજાને છેતરનારો, મંખલીનો પુત્ર, દોષોનો સ્થાન, ગુરૂનો દ્વેષી, સાધુનો ઘાત કરનાર, અજિન અને અશુભ એવો આ ગોશાળો છે. આ ગોશાલાએ સર્વજ્ઞ, દયાના સમુદ્ર, હિતનો ઉપદેશ કરનાર અને જિનેશ્વર એવા શ્રી વીરપ્રભુની બહુ આશાતના કરી છે." ગોશાલો આ પ્રમાણે કરવાને પોતાના શિષ્યોને સોગન આપી અતિ વેદનાથી મૃત્યુ પામ્યો પછી. તેના શિષ્યોએ લજ્જાથી પોતાના ઉપાશ્રયના દ્વારને બંધ કર્યું ગોશાલાએ શિષ્યોને સોગન આપ્યા હતા તેથી શિષ્યોએ સોગન પાલવા માટે ત્યાં ઉપાશ્રયમાંજ ભૂમિ ઉપર શ્રાવસ્તી નગરી આલેખી તેમાં ઉદ્‌ઘોષણા પૂર્વક ગોશાલાને શ્વાનની પેઠે આકર્ષણ કર્યો. પછી તે શિષ્યોએ ગોશાલાના શરીરને મ્હોટી સમૃદ્ધિથી નગરીની બહાર કાઢી અગ્નિસંસ્કાર કર્યો.

પછી શ્રી મહાવીરપ્રભુ મેંઢક ગામમાં આવીને ત્યાં કોષ્ટક નામના ચૈત્યને વિષે સમવસર્યા. ત્યાં અવસર મલ્યો એટલે ગૌતમગણીએ શ્રી પ્રભુને પૂછ્યું કે "હે અર્હન્! ગોશાળો કંઈ ગતિને પામ્યો ?" પ્રભુએ કહ્યું. "તે અચ્યુત દેવ લોકને વિષે ગયો છે." ગૌતમે ફરી પૂછયું. "હે સ્વામિન્! એ દુષ્ટ એવા ઘોર પાપથી કેમ દેવતા થયો ? આ એક મ્હારા મનમાં ખરેખરૂં આશ્ચર્ય થયું છે." ભગવંતે કહ્યું. "જે અંતકાળને વિષે પોતાના દુષ્કૃતની નિંદા કરે છે તેને દેવપણું દૂર નથી. ગોશાળાએ પણ તેમ કર્યું છે અને તેથીજ તે દેવતા થયો છે." ગૌતમે ફરી પૂછયું. "હે વિભો તે ગોશાળો અચ્યુત દેવલોકથી ચવીને ક્યાં ઉત્પન્ન થશે અને તે ક્યારે મોક્ષ પામશે ?" પ્રભુએ કહ્યું:—

"જંબૂદ્વીપની અંદર રહેલા આ ભરતક્ષેત્રમાં ઉપવિધિ દેશમાં સમધારા નામે નગર થશે તેમાં સંમુચિ રાજાની સ્ત્રી ભદ્રાના ઉદરથી ઉત્પન્ન થએલો ગોશાળાનો જીવ મહાપદ્મ નામે બલવંત પુત્ર થશે. અનુક્રમે તે રાજાધિરાજ થશે. માણિભદ્ર અને પૂર્ણભદ્ર નામના બે યક્ષપતિઓ તેને પોતાની સેનાનું અધિપતિપણું આપશે,

તેથી મહાભાગ્યના સમુદ્ર રૂપ તે મહાપદ્મનું ગુણથી ઉત્પન્ન થએલું બીજું નામ દેવસેન એમ પ્રજા કહેશે. જેમ ચક્રવર્તિને ચક્ર ઉત્પન્ન થાય તેમ શૌર્યવંત એવા તે રાજાને ઇંદ્રના હસ્તિ ઐરાવણના સરખો ચાર દાંતવાળો શ્વેતહસ્તિ પ્રાપ્ત થશે. તે હસ્તિ ઉપર બેઠેલા તે રાજાની સમૃદ્ધિથી હર્ષ પામેલા માણસો તેનું વિમલવાહન રાજા એવું નામ કહેશે. એકદા તે રાજાને પૂર્વભવના અભ્યાસથી જૈનરાજર્ષિઓના દ્વેષ કરવાથી સાધુઓને વિષે અતિ દુઃખ આપનારો દુષ્ટ પરિણામ ઉત્પન્ન થશે. તેથી તે ઉદ્ગાહ, મારણ, બંધ, તાડન અને નિંદા ઇત્યાદિથી દેખેલા અથવા સાંભલેલા સાધુઓને બોલાવી બોલાવીને નૃત્ય કરાવશે. પછી નગરવાસી લોકો અને પ્રધાનાદિ તેને વિનંતિ કરશે કે "રાજાએ સાધુનું પાલન કરવું અને દુષ્ટને દંડ આપવો જોઈએ. હે સ્વામિન્! આ ભિક્ષાવૃત્તિ કરનારા અપરાધ વિનાના અને તપ રૂપ દ્રવ્યવાલા મુનિઓની રક્ષા ન કરતાં તેઓને શામાટે હણો છો? તમે તેઓને તાડના કરો છો પણ તેથી જો કોઇ મહામુનિ ક્રોધ કરશે તો તે પોતાના તેજથી દેશ અને રાજ્યસહિત તમને ભસ્મરૂપ કરી દેશે." પ્રધાનાદિ લોકો આ પ્રમાણે બહુ કહેશે એટલે રાજા તે ચિત્તવિના અંગીકાર કરશે.

એકદા તે મહાપદ્મ રાજા રથમાં બેસી ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં જશે. ત્યાં જેમને તેજોલેશ્યા ઉત્પન્ન થઇ છે એવા તેમજ આતાપના કરતા અને કાયોત્સર્ગમાં રહેલા સુમંગળ નામના મુનિને જોશે. કારણ વિના સાધુને જોવાથી ક્રોધ પામેલો તે પાપ બુદ્ધિવાળો રાજા તેમની પાસે જઈ રથના અગ્રભાગથી તે મહામુનિને પાડી દેશે, મુનિરાજ ફરી ઉઠીને કાયોત્સર્ગ કરશે. રાજા તેમને ફરી પાડી નાખશે. સુમંગળ મુનિ ફરી ઉઠીને કયોત્સર્ગ કરશે. પછી તે સુમંગલ મુનિરાજ અવધિજ્ઞાનથી તે મહાપદ્મના આગલા ભવોને જાણી તેને આ પ્રમાણે કહેશે કેઃ-

"અરે તું દેવસેન નથી તેમ વિમલવાહન નથી પણ મંખલીનો પુત્ર દુષ્ટ ચિત્તવાલો ગોશાલો છું. અરે, દુષ્ટ એવા તેં ગોશાલાના ભવને વિષે ધર્માચાર્ય એવા શ્રી વીરજિનેશ્વરને અશાતા પમાડયા છે એટલું જ નહીં પણ તેમના બે શિષ્યોને બાલી ભસ્મરૂપ બનાવ્યા છે, તે વખતે તેઓએ જેવી ક્ષમા રાખી છે તેવી હું રાખીશ નહીં અને યોગથી પ્રાપ્ત થએલી તેજોલેશ્યાવડે હું તને ભસ્મરૂપ કરી નાખીશ." જેમ ઘી નાખવાથી અગ્નિ વધારે જ્વાજલ્યમાન થાય એમ તે સુમંગલ મુનિના કહેવાથી અત્યંત ક્રોધાતુર થએલો મહાપદ્મ રાજા તે સુમંગલ મુનિને ફરી પાડી દેશે. પછી ઉત્પન્ન થએલા ક્રોધવાલા તે સુમંગલ મુનિરાજ પોતાની તેજોલેશ્યાથી મહાપદ્મને બાળી નાખશે. ત્યાર પછી તે મુનિરાજ તે પાપની આલોચના લઇ દીર્ઘકાલ પર્યંત ચારિત્ર પાલી અને એકમાસનું અનશન લઇ સર્વાર્થસિદ્ધ લોકપ્રત્યે જશે. ત્યાં તેત્રીશ સાગરોપમનુ આયુષ્ય ભોગવી અને પછી ચ્યવી વિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇ ત્યાં દીક્ષા લઇ મોક્ષ પામશે. મહાપદ્મ રાજા પણ સાતમી નરકે

જશે. ત્યાંથી તે અનુક્રમે બબેવાર સર્વે નરકને વિષે ઉત્પન્ન થશે. પછી સર્વ તિર્યંચ જાતિને વિષે ઉત્પન્ન થઇ શસ્ત્રઘાતથી અથવા તો અગ્નિવડે દગ્ધ થઈ નિરંતર મૃત્યુ પામશે. આ પ્રમાણે અનેક કાળ પર્યંત દુ:ખકારી બહુ ભવો ભમી છેવટ તે ગોશાળાનો જીવ રાજગૃહ નગરની બહાર વેશ્યા પણે ઉત્પન્ન થશે. એકદા સુઇ રહેલી તે વેશ્યાને કોઇ કામીપુરૂષ ભૂષાલોભથી મારી નાખશે ફરી તે રાજગૃહ નગરની અંદર ઉત્પન્ન થશે અને ત્યાંજ મરણ પામશે. ત્યાંથી તે વિંધ્યાચલના મૂલ ભાગમાં વેભેલ નામના સન્નિવેશને વિષે બ્રાહ્મણની પુત્રીરૂપે ઉત્પન્ન થશે ત્યાં તેનો કોઈ બ્રાહ્મણપુત્ર પરણશે. અનુક્રમે તે ગર્ભિણી થશે અને સાસરાના ઘરથી પીયર જવા નિકલશે રસ્તામાં દાવાનલથી બલી મૃત્યુ પામીને તે અગ્નિ કુમારદેવતાને વિષે ઉત્પન્ન થશે ત્યાંથી મનુષ્યભવ પામી મહાવ્રત અંગીકાર કરશે, પણ વ્રતની વિરાધના કરશે તેથી તે અસુરાદિકની દેવ પદવી પામશે. પછી તે વારંવાર કેટલાક મનુષ્ય ભવ કરશે તેમાં ઉત્તમ પ્રકારના વ્રતોની વિરાધના કરવાથી અસુરાદિમાં ઉત્પન્ન થશે. ત્યાંથી માણસજાતિમાં ઉત્પન્ન થઇ અતિચારરહિત ચારિત્ર પાલી પહેલા દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થશે. એવી રીતે સાત ભવ પર્યંત સંયમ પાલી સ્વર્ગે ઉત્પન્ન થઇ સર્વાર્થસિદ્ધિ દેવલોકે જશે. ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રને વિષે મ્હોટા શ્રેષ્ઠીના ઉત્તમ બુદ્ધિવાલા પુત્ર તરીકે ઉત્પન્ન થઇ ત્યાં પણ દ્રઢ પ્રતિજ્ઞાવાલો તે વૈરાગ્યવાસિત થઇ પ્રવ્રજ્યા લેશે. પછી તેને કેવલજ્ઞાન ઉત્પન્ન થશે જેથી તે જિનેંદ્રની આશાતના અને સાધુના ઘાતથી ઉત્પન્ન થએલા પોતાના ગોશાલાદિ અનેક ભવોને જાણી પોતે પોતાના શિષ્યોને ગુરૂની કરેલી અવજ્ઞા કહી બતાવશે કે " ગુરૂની અવજ્ઞાથી ઉત્પન્ન થએલા ફલ રૂપ કાર્યનો મે બહુ ભવ પર્યંત અનુભવ કર્યો છે. " આ પ્રમાણે પોતાના શિષ્યોને પ્રતિબોધ પમાડી પૃથ્વી ઉપર વિહાર કરતો એવો તે ગોશાલાનો જીવ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ પામશે.

શ્રી ગૌતમસ્વામીએ પ્રભુને પૂછયું કે " હે ભગવંત ! ગોશાલો કયા પૂર્વ ભવના કર્મથી તમારો બહુ શત્રુરૂપ થઇ પડયો ? " પ્રભુએ કહ્યું કે:-

" હે ગૌતમ ! જંબૂદ્રીપની અંદર રહેલા આ ભરતક્ષેત્રમાં ગઇ ચોવીસીને વિષે ઉદય નામે તીર્થંકર હતા. એકદા દેવ અને દાનવો તેમના નિર્વાણ કલ્યાણકના મહોત્સવ કરવા આવ્યા. દેવતાઓને જોઇ એક પ્રત્યંતવાસીને જાતિસ્મરણ જ્ઞાન થયું આ વખતે તે પ્રત્યંતવાસી નિર્મલ મનવાલો અને પ્રત્યેક બુદ્ધ હતો, તેથી તેને શાસનદેવીએ સાધુનો વેષ આપ્યો. માણસોથી સત્કાર પામેલા અને તીવ્ર તપ કરતા એવા તે પ્રત્યેકબુદ્ધ મુનિને જોઇ ઇશ્વર નામના કોઈ દુષ્ટ મતિવાલાએ તેમને પૂછયું " તમને કોણે દીક્ષા આપી છે ? તમારી જન્મભૂમિ કયાં છે ? તમારૂં કુલ કયું ? તેમજ તમે સૂત્ર અને અર્થનો અભ્યાસ કયાં કર્યો છે ? " ઇશ્વરના આવાં વચન સાંભલી તે પ્રત્યેક બુદ્ધ મુનિરાજે પોતાનું સર્વ વૃતાંત કહી દીધું. ઇશ્વર મનમાં વિચાર કરવા લાગ્યો કે "આ માણસ નિશ્ચે ભીક્ષથી આજીવિકા ચલાવે છે કારણ

જેવું જિનેશ્વર કહે છે તેવું આ માણુસ પોતે બોલે છે અથવા જો આમને મોહ ન હોય તો તો તે જે કહે છે તે સત્ય છે. માટે ચાલ હમણાં તે જિનેશ્વર પાસે જાઉં, હું આજ કારણથી સર્વ દુઃખનો નાશ કરનારી દીક્ષાને નિંદું છું. આ પ્રમાણે વિચાર કરી તે ઈશ્વર જિનેશ્વર પાસે જવા નિકલ્યો પણ ત્યાં તેમને દીઠા નહીં, તેથી વ્યામોહને લીધે ઉત્પન્ન થએલા વૈરાગ્યવાલા અને વાંદરાના સરખી જડ બુદ્ધિરૂપ ધનવાલા તેણે ગણધર પાસે ચારિત્ર લીધું. ઉદય તીર્થપતિ મોક્ષગતિ પામે છતે સભામાં બેઠેલા ગણધરે કહ્યું કે "જિનેશ્વરે જેટલું અવાચ્ય કહ્યું છે તે સર્વ ઉકિત કહેવાય છે જે માણુસ પૃથ્વીના એક પણ જીવને મન વચન અને કાયાથી હણે છે તેને તીર્થંકરોએ જિનશાસનમાં અસંયત કહ્યો છે." ગણધરનાં આવાં વચન સાંભલી ઇશ્વર વિચાર કરવા લાગ્યો કે "પૃથ્વીકાય જીવો સર્વ સ્થાનકે પીડા પમાડાય છે તો તેનું રક્ષણ કરવા કોણ સમર્થ છે? આ વચન કેવલ લઘુતા કરનારૂં હોવાથી શ્રદ્ધા રાખવા જેવું નથી. કયો પુરૂષ આવું ઉન્મત્તનું બોલવું સાંભલી અહીં ઉભો રહે? માટે આ પક્ષને ત્યજી દઇ કાંઇક મધ્ય પક્ષના ચારિત્રનું વર્ણન કરે તો અહીં સર્વે માણુસો પ્રીતિ પામે. હાહા હું હણાયો છું અથવા તો હું આ આચરીશ નહીં. શું સર્વજ્ઞ પુરૂષોએ કહેલો ધર્મ સર્વે માણુસો આચરતા નથી. હમણાં હું જિનવચનને અન્યથા કરવારૂપ પ્રાયશ્ચિત્ત લઈશ" એમ કહી તે ઇશ્વર, પ્રત્યેકબુદ્ધ મુનીશ્વર પાસે ગયો ત્યાં તેમના ધર્મોપદેશને વિષે પણ તેણે "પૃથ્વીકાય વિગેરેનો ત્રણ પ્રકારનો આરંભ મુનિઓ ત્યજી દે છે" એવું વચન સાંભળ્યું. ઇશ્વર વિચાર કરવા લાગ્યો કે "કયો માણુસ આ લોકમાં આરંભ નથી કરતો? અથવા શું આ પોતે પણ આરંભ નથી કરતો? તે પોતે પણ પૃથ્વી ઉપર બેસી અગ્નિથી રાંધેલું ભક્ષણ કરે છે અને જલ પીએ છે પોતાને વિષે વિરૂદ્ધ પડે તેમ આ મુનીશ્વર જેમ તેમ બોલે છે. જો કે તે ગણધર વિરૂદ્ધ વચન તો બોલતા હતા તો પણ આ કરતાં તો તે સારા હતા. માટે આ બન્નેથી મ્હારે સર્યું. હું પોતેજ એવો ધર્મ કહીશ કે જે વિરક્ત બુદ્ધિવાલો માણુસ સુખેથી આચરણ કરી શકે."

આ પ્રમાણે વિચાર કરતા એવા તે ઈશ્વરના મસ્તક ઉપર આકાશથી વિજળી પડી તેથી તે મૃત્યુ પામીને સાતમી નરકને વિષે ઉત્પન્ન થયો ત્યાં તે ઉત્સૂત્ર નિરૂપણના તેમજ અસમ્યક્ત્વના પાપથી ઉત્પન્ન થએલા દુઃખને દીર્ઘકાલ પર્યંત ભોગવી છેવટ સમુદ્રમાં મત્સ્ય રૂપે ઉત્પન્ન થયો ત્યાંથી સાતમી નરકે ગયો ત્યાંથી નિકલીને કાગડો થયો ફરી પહેલી નરકે ગયો. ત્યાંથી નિકલી ફરી તે દુષ્ટબુદ્ધિવાલો કુતરો થયો વલી પહેલી નરકે ગયો ત્યાંથી છ ભવ પર્યંત ગધેડો થયો પછી તે ભિલ્લ રૂપે મનુષ્ય જન્મ પામ્યો. ફરી મૃત્યુ પામી બીલાડો થયો અને તે ભવમાં મૃત્યુ પામી નરકે ગયો. ત્યાંથી નિકલી કોઢીયો અને અસંખ્ય જીવોથી વ્યાપ્ત શરીરવાલો ચાક્રિક થયો. પાંચશે વર્ષ પર્યંત જીવોએ ભક્ષણ કરેલો તે ચાક્રિક મૃત્યુ પામી

અકામનિર્જરાના યોગથી દેવતા થયો ત્યાંથી ચવી પૃથ્વી ઉપર આવ્યો ત્યાં પણ મૃત્યુ પામી સાતમી નરકે ગયો. આ પ્રમાણે મનુષ્ય, તિર્યંચ અને નરક ગતિને વિષે ભમતો એવો તે ગોશાલા રૂપે ઉત્પન્ન થયો. પૂર્વભવના અભ્યાસ અને વાસનાના આવેશથી ગોશાલો તીર્થંકરના ધર્મનો બહુ પ્રત્યનીક ( શત્રુરૂપ ) થયો. ”

શ્રી મહાવીર પ્રભુનાં આવાં વચન સાંભળી પ્રતિબોધ પામેલા કેટલાક માણુસોએ વૈરાગ્યથી દીક્ષા લીધી અને કેટલાકે શ્રાવકધર્મ અંગીકાર કર્યો. હવે ગોશાલાએ પ્રભુ ઉપર તેજોલેશ્યા મૂકી હતી તેથી ભગવાનને રાતો અતિસાર ( ઝાડો ) અને પિત્તનો અતિજ્વર આવતો હતો તેથી તેમનું શરીર બહુ દુબલું થઇ ગયું હતું તો પણ પ્રભુ કાંઇ ઔષધ કરતા નહોતા. પ્રભુના શરીરને વિષે આવો મહાવ્યાધિ દેખાવા લાગ્યો તેથી લોકોમાં એવી વાત ચાલી કે “ ગોશાલાની તેજોલેશ્યાથી પ્રભુ છ માસની અંદર મૃત્યુ પામશે. ” આ વાત પ્રભુના એક સિંહ નામના શિષ્યે સાંભલી, તેથી તે પોતાના ગુરૂના વિયોગ થવાના કારણથી આકુલ વ્યાકુલ થયો છતો એકાંતને વિષે જઇ રોવા લાગ્યો. પ્રભુએ તેની આવી ચેષ્ટા જ્ઞાનથી જાણી તેથી તેમણે સિંહને પોતાની પાસે બોલાવીને કહ્યું કે “ હે સાધો ! તું લોકોની વાતથી ભય પામી મનમાં કેમ ખેદ કરે છે ? વિપત્તિથી ક્યારે પણ જિનેશ્વરો મૃત્યુ પામતા નથી તે સંગમાદિકથી ઉત્પન્ન થએલા ઉપસર્ગોથી પણ મૃત્યુ પામ્યા નથી. ” સિંહમુનિએ કહ્યું. “ હે વિભો ! જો કે એમ છે તો પણ નિશ્ચે તમારી આવી આપત્તિ જોઇ લોક પોતાના હૃદયમાં બહુ ખેદ પામે છે માટે આપ અમારા વિગેરે લોકની સુખશાંતિને માટે ઔષધ ભક્ષણ કરો. કારણ હે નાથ ! અમે પીડા પામતા એવા તમને જોવા માટે એક ક્ષણ પણ સમર્થ થતા નથી. ” પછી પ્રભુએ તે સિંહ મુનિને હર્ષ પમાડવાના હેતુથી કહ્યું. “ હે મુનીશ્વર ! રેવતી શ્રાવિકાએ મ્હારા માટે કોલાપાક કરી રાખ્યો છે તે નહિ લેતાં પોતાના ઘરને માટે બનાવી રાખેલા બીજોરા પાકને લઈ આવ કે જેથી હું તને જેમ ધીરજ થાય તેમ કરીશ. ” પછી શ્રેષ્ઠીની પ્રિયા રેવતીના નિવાસ ઘરથી સિંહમુનિએ વસુવૃષ્ટિ પૂર્વક આણેલા નિર્દોષ તે ઔષધને ભક્ષણ કરી જિનરાજ નિરોગી થયા.

શ્રી વીરપ્રભુના ગોશાલાએ કરેલા પરાભવને નહિ સહન કરતા એવા સુનક્ષત્ર મુનિ તેમજ સર્વાનુભૂતિ મુનિ મૃત્યુ પામી સ્વર્ગે ગયા. તેવીજ રીતે શ્રી જિનેશ્વર માટે રેવતી શ્રાવિકાના ઘરથી ઉત્તમ ઔષધ લાવ્યા. તે સિંહમુનિ પણ આઠમા કલ્પને પામ્યા. તે ત્રણે મુનીશ્વરોની અમે સ્તુતિ કરીએ છીએ.

**‘શ્રીસર્વાનુભૂતિ, શ્રીસુનક્ષત્ર અને શ્રીસિંહ’ નામના મુનિપુઙ્ગવોની કથા સંપૂર્ણ.**

अज्जवि अट्ठनिवेसा, जेसिं अच्छेरयं व दीसंति ॥
वेभारपव्वयवरे, जमलसिलारूवसंथारे ॥ १४९ ॥
ते धन्नसालिभद्दा, अणगारा दोवि लवमहड्ढिआ ॥
मासं पाउवया, पत्ता सव्वट्ठसिद्धिंमि ॥ १५० ॥

વૈભાર પર્વતને વિષે યમલ શીલારૂપ સંથારા ઉપર જેમનાં આજ પર્યંત અર્થ-નિવેશ (દિવ્યભોગ, ઋદ્ધિ, સુખવિલાસ તપ તપવાના પ્રયોજન) આશ્ચર્ય કરનારાં દેખાય છે તે ધન્યકુમાર અને શાલિભદ્ર બન્ને સાધુઓ તપથી મહાસમૃદ્ધિવંત થઈ એક માસનું પાદોપગમ અનશન લઇ સર્વાર્થસિદ્ધ વિમાનને વિષે ગયા. ૧૪૯-૧૫૦

## 🙞 'શ્રીધન્યકુમાર' તથા 'શ્રીશાલિભદ્ર' નામના મહર્ષિઓની કથા. 🙜

આ ભરતક્ષેત્રને વિષે લક્ષ્મીના નિવાસ સ્થાનરૂપ પ્રતિષ્ઠાન નામે નગર છે. ત્યાં ક્ષત્રિયના ગુણરૂપ, સંપત્તિના પાત્ર રૂપ જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. હવે પ્રથમ ધનવંત અવસ્થામાં છતાં પાછળથી નિર્ધન અવસ્થા પામેલું કોઈ કુળ બીજા કોઈ નગરથી આવીને તે નગરમાં રહ્યું. તેમાં એક વિનયવંત, ઉદાર અને ભદ્રક પ્રકૃતિવાળો બાલક હતો. તે હમેશાં પોતાની આજીવિકા માટે લોકોનાં વાછરડાં ચારતો હતો.

એકદા કાંઈ ઉત્સવને વિષે તે બાલકે ઉદ્યાનમાં નગરવાસી લોકોને ઉત્તમ વસ્ત્રાલંકારથી સુશોભિત બનેલા તથા સરસ આહારનું ભોજન કરતા દીઠા. તુરત તે બાલક વાછરડાંને ત્યાંજ રહેવા દઈ પોતે ઘરે આવી માતાને કહેવા લાગ્યો કે "હે અંબા! મને તેવુંજ ભોજન આપ." માતાએ કહ્યું. "આપણને ધનરહિતને એવું ભોજન ક્યાંથી હોય? માતાએ આવો ઉત્તર આપ્યા છતાં પણ પુત્રે તો હઠ કરીને કહ્યું કે "જેમ તેમ કરીને પણ મને તેવું ભોજન કરી આપ." પુત્રે આવી રીતે બહુ આગ્રહ કર્યો એટલે સર્વ પ્રકારે નિર્ધન એવી તેની માતા ઉત્પન્ન થએલા શોકથી પૂર્વની સધન અવસ્થાનું સ્મરણ કરી રોવા લાગી. તેણીનું રૂદન સાંભળી પાડોશણો તુરત ત્યાં દોડી આવી અને તેણીના દુ:ખથી દુ:ખિત થએલી તે પાડોશણો તેને દુ:ખનું કારણ પૂછવા લાગી. દુ:ખી સ્ત્રીએ દીન વાણીથી પાડોશણોની પાસે યથાર્થ વાત કહી તેથી દયાવંત એવી તે પાડોશણીઓએ તેણીને દુધ વિગેરે આણી આપ્યું. પછી માતાએ ઘી અને સાકરથી યુક્ત ખીર બનાવી પુત્રને ખાવા માટે થાલીમાં પીરસી. ત્યાર પછી તે માતા કાંઇ કારણથી ઘરની અંદર ગઇ.

હવે તે વખતે જાણે તે બાલકના પૂર્વ પુણ્યનાપૂરથી ખેંચાઈનેજ આવ્યા હોયની? એમ કોઇ એક ગુણવંત સાધુ માસક્ષમણને પારણે ત્યાં આવ્યા. વાદળાં વિનાની વૃષ્ટિની પેઠે મુનિને જોઈ જેને રોમાંચ થયો હતો એવો તે બાલક સંભ્રમ સહિત હર્ષથી ઉભો થયો, એટલુંજ નહિ પણ હર્ષનાં આંસુથી તેનાં નેત્રો ભરાઇ

ગયા છે એવો તે બાલક બે હાથવતી થાલને ઉપાડી ઈષ્ટવાણીથી તે મુનીશ્વરને કહેવા લાગ્યો કે " હે મુનિ ! અગણ્ય પુણ્યના કારણ રૂપ અને શિવસુખનો સાધક એવો ચિત્ત, વિત્ત અને પાત્રમય દુષ્પ્રાપ્ય યોગ આજે મને મલ્યો છે. માટે હે દયાનિધિ ! આ ખીરને સ્વીકારી દારિદ્રાદિકથી દગ્ધ થએલા અંગવાલા મને આ સંસારરૂપ અગ્નિથી ઉદ્ધારો; " પછી મુનિએ તેના ભાવને નિર્મલ જાણી પાત્ર ધર્યું. તેમાં તે બાલકે પરમભક્તિથી પેલી ખીર આપી દીધી. મુનિને ઉત્તમ ભાવથી દાન આપ્યું તેથી તે બાલકે શ્રેષ્ટ મનુષ્યનું આયુષ્ય બાંધ્યું. પછી માતાએ બહાર આવીને જોયું તો પાત્રમાં ખીર દીઠી નહીં તેથી તેણીએ પુત્રને ફરી બહુ ખીર પીરસી. પુત્ર, ખીર ખાઇ વાછરડાને શોધવા માટે નગર બહાર ગયો. ત્યાં તે પોતેજ ખીર વહોરાવેલા સાધુને જોઇ તેમની પાસે બેઠો. પછી મહા હર્ષથી મુનિની ધર્મદેશના સાંભલતો એવો તે બાલક વિસૂચિકા ( ઝાડ ) ના રોગથી તુરત મૃત્યુ પામીને તેજ નગરમાં કોઇ ઉત્તમ શ્રેષ્ઠીની સ્ત્રીના ગર્ભને વિષે પુત્રપણે અવતર્યો. ત્યાર પછી શ્રેષ્ઠી દ્રવ્યાદિકથી બહુ વૃદ્ધિ પામવા લાગ્યો. પછી શ્રેષ્ઠિપત્નિએ સારા દિવસે સર્વ લક્ષણથી સંપૂર્ણ એવા પુત્રને જન્મ આપ્યો. તેજ દિવસે શ્રેષ્ટીના ઘરમાંથી દાટેલું બહુ નિધાન નિકલ્યું. લક્ષ્મી મલવાની સાથે પુત્ર ઉત્પન્ન થયો તેથી પુત્રજન્મના ઉત્સવ નિમિત્તે આવેલા માણસો એમજ કહેવા લાગ્યા કે " આ પુત્રને ધન્ય છે ધન્ય છે. " તેથી પિતાએ તે વખતે મ્હોટા મહોત્સવ પૂર્વક પુત્રનું ધન્ય એવું નામ પાડયું. પુત્ર ધન્યકુમાર, પિતાના મનોરથની સાથે સુખે વૃદ્ધિ પામવા લાગ્યો. માતા પિતાએ પુત્રને કલાચાર્ય પાસે સર્વ કલાઓનો અભ્યાસ કરાવ્યો. ગુણરાગથી વશ થઇ ગયેલા માતા પિતા ધન્યને બહુ વખાણતા, તેથી તેમના મ્હોટા ચાર પુત્રોએ તેમને કહ્યું કે " અમે સર્વ પુત્રપણાએ કરીને સમાન છીએ છતાં તમે ધન્યને અતિ આદરથી કેમ બહુ વખાણો છો ? " માતા પિતાએ કહ્યું. " હે પુત્રો ! ગુણીપણાથી એ અમને વધારે માન્ય છે. " પુત્રોએ ફરીથી કહ્યું. " જો એમ હોય તો પરીક્ષા કરો. " પછી માતા પિતાએ સઘલા પુત્રોને બત્રીશ બત્રીશ રૂપીયા આપીને કહ્યું કે " આમાંથી તમે જે કાંઈ કમાઓ તે અમને દેખાડજો. " પછી સર્વે પુત્રો વેપાર કરવા લાગ્યા. ધન્યકુમારે તો પોતાને મળેલા રૂપીયાનો એક ઘેટો લીધો અને સહસ્ર સોના મોહોરો પણ કરી રાજપુત્રના ઘેટાની સાથે પોતાના ઘેટાને લડાવા લાગ્યો. ધન્યકુમારના ઘેટાથી રાજપુત્રનો ઘેટો યુદ્ધમાં હારી ગયો તેથી ધન્યકુમાર પણમાં કરેલી સહસ્ર સોનામોહોરો લઇ ઘરે આવ્યો. નિર્ભાગ્યવંત એવા પેલા ભાઇઓ પણ જેમાં કેટલાકે બીલકુલ લાભ મેલવ્યો નહોતો અને કેટલાકે મેળવેલો લાભ નહિ જેવો હતો તેઓ સર્વે ઘરે આવ્યા. કહ્યું છે કે લક્ષ્મી પુણ્યવશ છે. બીજે દિવસે ફરી ચારે પુત્રોએ માતા પિતાને કહ્યું કે " અમારી પરીક્ષા કરો. " તે ઉપરથી માતા પિતાએ દરેકને સાઠ સાઠ માસા સોનું આપ્યું. પછી સઘલા પુત્રો આદ-

રથી વેપાર કરવા લાગ્યા, તેમાં એઓએ કાંઇ પણ લાભ નહિ પામતાં ઉલટી ખોટ ખાધી.

પછી ભગ્યવંત માણસોમાં મુખ્ય, ઉત્તમ ધર્મરૂપ ધનના ભંડારરૂપ અને કાર્યનો જાણુ એવો ધન્યકુમાર ધન મેલવવાને અર્થે બજારમાં આવીને બેઠો. હવે એ નગરમાં મહા ધનવંત છતાં બહુ કૃપણુ એવો કોઇ મહેશ્વર શ્રેષ્ટી રહેતો હતો તેણે અનેક મહા આરંભથી બહુ ધન મેલવ્યું હતું તો પણ તે ધર્મને વિષે કાંઇપણ ખર્ચતો નહીં, એટલુંજ નહિ પણ સ્વજનાદિકને આપવું એ પણ તેને રૂચતું નહીં. આંધલાં પાંગલાં, ગરીબ તેમજ દરિદ્રી લોકોને તે કાંઇ થોડું પણ આપતો નહીં, પોતે કયારે પણ સારાં નવીન વસ્ત્રો પહેરતો નહીં તો પછી વાર્ષિક પર્વને દિવસે સારૂં ભોજન કરવું તે તો હોયજ કયાંથી ? વળી દુષ્ટ બુદ્ધિવાલો તે કૃપણુ શ્રેષ્ટી તાંબુલ અને ચંદન વિગેરેનું નામ પણ કયાંથી જાણુતો હોય ? જો કાંઈ તેની પાસે અજાણુથી કોઈ માગે તો તે બહુ ક્રોધ કરતો. તેમજ જો કોઇ બીજો માણુસ કોઇ ગરીબને કાંઇ આપતો તેના જોવામાં આવે તો તે જડાત્મા એવા કૃપણુ શ્રેષ્ઠીના માથામાં શૂલ આવતું. ધનની મહા મૂર્ચ્છા પામેલો તેમજ બન્ને લોકોનો વિનાશ કરનારો તે શ્રેષ્ઠી હંમેશાં ધનનું ધ્યાન કરતો, પરંતુ કયારે પણ ધર્મનું ધ્યાન કરતો નહીં, જડ એવો તે શ્રેષ્ઠી પોતાના ઘરની અંદર ખાઈ ખોદી તેમાં દ્રવ્ય ભરી તેના ઉપર પોતાનો પોલો ખાટલો કે જેમાં રત્નો ભર્યાં હતાં તે પાથરીને જાણે પરબ્રહ્મમાં લીન થએલો યોગી હોયની ? તેમ દ્રવ્યની મૂર્છાથી નિત્ય સૂતો પણ તે જડાત્મા એમ જાણુતો નહિ કે કયો પુરૂષ પ્રયત્નથી રક્ષણુ કરેલા દ્રવ્યને ત્યજી દઈ પરલોકમાં નથી જતો ? અર્થાત્ સર્વે જાય છે. જરાવસ્થાથી જર્જરિત થએલા શરીરવાળા અને મૃત્યુ પામવાને તૈયાર થએલા તે શ્રેષ્ઠીને તેના પુત્રોએ જ્યારે ખાટલેથી નીચે ઉતારવા માંડયો ત્યારે ખાટલાની ઈસોને બન્ને હાથથી પકડી રહેલા તે શ્રેષ્ઠીએ કહ્યું. "મને આ ખાટલો બહુ સારો લાગે છે માટે નીચે ઉતારશો નહિ. શ્રેષ્ઠી ખાટલામાંજ મૃત્યુ પામ્યો એટલે રત્નના વૃત્તાંતને નહિ જાણુનારા તેના પુત્રો શ્રેષ્ઠીની સાથે તેના વહાલા ખાટલાને પણ સ્મશાનમાં લઇ ગયા. શ્રેષ્ઠીના પુત્રોએ સ્મશાનના અધિપતિને ખાટલો આપી દીધો તેથી તે સ્મશાનાધિપતિએ તે ખાટલાને વેચવા માટે ચૌટામાં મૂકયો. આ વખતે ચૌટામાં બેઠેલા ધન્યકુમારે રત્નગર્ભ એવા તે ખાટલાને ઓળખ્યો. કહ્યું છે કે બુદ્ધિવંત પુરૂષો તૃણુ અથવા વેલાદિકથી ઢંકાઈ ગએલા તેમજ દૂર રહેલા નિધિને નેત્રોથી નહિ દેખતા છતા બુદ્ધિથી જોઇ શકે છે. પછી ધન્યકુમારે તે ખાટલાને ખરીદ કરી પોતાને ઘરે આણ્યો અને તેમાંથી રત્નો કાઢી હર્ષથી પોતાના માતા પિતાને આપ્યાં. આથી ધન્યકુમારની ઘરમાં લક્ષ્મી અને બહાર કીર્તિ બહુ ફેલાણી. તેમજ તેના ભાઇઓના ચિત્તને વિષે અભાગ્યપણુાથી બહુ મત્સર થયો. કહ્યું છે કે આ જગત્માં કારણુ વિના ક્રોધ કરનારા અસંખ્ય

તેમજ કારણ છતાં પણ ક્રોધ કરનારા સંખ્યાબંધ છે. પરંતુ કારણ છતાં જે ક્રોધ નથી કરતા એવા તો પાંચ છ હોય છે.

પછી ધન્યકુમારને મારી નાખવાનો વિચાર કરતા એવા તેના ભાઇઓના વિચારને તેમની સ્ત્રીઓએ જાણ્યો તેથી તે સ્ત્રીઓએ પોતાના ગુણવંત, પ્યારા અને ભવ્ય એવા દિયર ધન્યકુમારને વિનંતિ કરીને તે સર્વ વાત તેને જાહેર કરી. પછી પુત્રની પેઠે વિનયથી નમ્ર એવા ધન્યકુમારે પોતાના મ્હોટા ભાઇઓની સ્ત્રીઓની આગળ મધુર વાણીથી કહ્યું કે "મેં એમનો જરાપણ અપરાધ કર્યો નથી છતાં તેઓ મ્હારા ઉપર શા માટે ક્રોધ કરે છે? સ્ત્રીઓએ કહ્યું. "હે દિયર! ખલ પુરૂષો એવાજ હોય છે." પછી ધન્યકુમાર વિચાર કરવા લાગ્યા કે "મ્હારે અહીંયાં રહેવું યોગ્ય નથી. કારણ કે મ્હોટા પુરૂષો કોઈને ક્યારે પણ પીડા કરતા નથી." આ પ્રમાણે વિચાર કરી ઉત્સાહવંત એવો ધન્યકુમાર એકલો નિકળી ગામ, નગર, ખાણ વિગેરેથી વ્યાપ્ત એવી ભૂમિ ઉપર ભ્રમવા લાગ્યો.

એકદા ખેતરમાં રહેલા કોઈ કણબીએ મનોહર આકારવાળા ધન્યકુમારને જોઈ હર્ષથી તેને ભોજનનું આમંત્રણ કર્યું. ધન્યકુમાર કણબીના આગ્રહથી જેટલામાં ત્યાં બેઠો તેટલામાં કણબીની સ્ત્રી ભાથું લઈ ત્યાં આવી કણબીએ પોતાની સ્ત્રીને "આ પરોણાને ભોજન કરાવ્ય." એમ કહી હળ ચલાવવા માંડયું. પછી જેટલામાં સ્ત્રીએ ધન્યકુમારના પાત્રમાં ખીર પીરસી તેટલામાં તે કણબીના હળની સીરા ભૂમિમાં દટાઈ રહેલા કળશના કંઠને વિષે લાગી. કણબીએ તુરત સોના મ્હોરોથી ભરેલા ઘડાને બ્હાર કાઢી ધન્યકુમારને અર્પણ કરી અને કહ્યું કે "તમારા પુણ્યથી નિકળેલો આ નિધિ તમે પોતેજ લ્યો." ધન્યપુરૂષોમાં શિરોમણિ એવા ધન્યકુમારે આગ્રહ કરી તેને તે દ્રવ્યકળશ પાછો આપ્યો અને પોતે ત્યાંથી ચાલતો થયો. અનુક્રમે તે રાજગૃહ નગરે પહોંચ્યો અને ત્યાં ઉદ્યાનમાં રહ્યો. ઉત્તમ બુદ્ધિવાળા માળીએ શ્રેષ્ઠ આકૃતિવાળા ધન્યકુમારને જોઇ તેને પોતાને ઘરે તેડી ગયો ત્યાં તેણે તેની બહુ ભક્તિ કરી.

હવે એમ બન્યું કે જેણીના વંશના સઘળા માણસો મરી ગયા છે એવી તેમજ નિર્ધનપણાને લીધે વિભવરહિત થએલી કોઇ ધન્યા નામની ગોવાલણ સ્ત્રી તે નગરથી નિકળીને શાલિગામને વિષે રહેતી હતી. તે સ્ત્રી ત્યાં પોતાના સંગમ નામના બાળક સહિત નિવાસ કરતી હતી. કહ્યું છે કે જીવિતના સરખા બાળકને દુ:ખમાં પણ ત્યજી દેવું બહુ મુશ્કેલ છે. સંગમ ત્યાં આજીવિકા નિમિત્તે વાછરડાં ચારતો હતો. કારણ એ આજીવિકા નિર્ધન માણસોના પુત્રને સુખે સાધી શકાય તેમ છે.

એકદા તે સંગમે કોઈ પર્વને દિવસે શ્રેષ્ઠીઓના પુત્રોને પોત પોતાના ઘરમાં ખીરનું ભોજન કરતા દીઠા તેથી તેણે ઘરે આવી પોતાની માતાને કહ્યું કે "હે માત! આજે બહુ ખીર બનાવી મ્હારો ઉત્સવ કરો." માતાએ કહ્યું. "હે વત્સ!

દ્રવ્ય વિના તે ઉત્સવ શી રીતે કરી શકાય ?" અજ્ઞાનપણાથી ફરી કહ્યું કે "હે માત! મને ખીર આપ, નહિ તો હું ભોજન કરીશ નહિ. કહ્યું છે કે બાળકનો આગ્રહ બલવાન હોય છે. પુત્ર આગ્રહથી ખીર માગવા લાગ્યો તેથી નિર્ધન એવી તે સ્ત્રી પોતાની પૂર્વની સધન અવસ્થાને સંભારી અત્યંત દુ:ખી થઇને ઉંચા શબ્દથી રોવા લાગી. તેણીનું ગાઢ રૂદન સાંભળી પાડોશણ સ્ત્રીઓ દોડી આવી અને દયાથી ભિંજાઇ ગએલા ચિત્તવાળી તેઓ કહેવા લાગી કે "હે સખિ! તું કેમ બહુ રૂએ છે ?" નિર્ધન સ્ત્રીએ પોતાના પુત્રે કરેલા આગ્રહની યથાર્થ વાત કહી તેથી દયાળુ એવી તે સ્ત્રીઓએ ચોખા, ઘી, સાકર, દુધ વિગેરે આણી આપ્યું પછી માતાએ ઘૃતાદિયુક્ત ખીર બનાવી પુત્રને પીરસી ત્યાર પછી તે કાંઇ કાર્યને માટે પોતાના ઘરની અંદર ગઇ. આ વખતે જાણે તે સંગમને સંસારસમુદ્રથી પાર ઉતરવા માટે વહાણ હોયની ? એવા એક માસના ઉપવાસી મુનીશ્વર ત્યાં આવ્યા. અકસ્માત આવેલા મુનીશ્વરને જોઈ પૂર્ણ ચંદ્રને દેખવાથી ચકોરના જોડલાની પેઠે સંગમ તુરત બહુ હર્ષ પામ્યો. પોતાના શરીરને વિષે પુલકાવલીને ધારણ કરતો અને પ્રફુલ્લ નેત્રવાળો સંગમ ઝટ ઉભો થઇ મુનિરાજને જોતો છતો મનમાં વિચાર કરવા લાગ્યો. "આ મુનિરાજ મ્હારે ઘરે અતિથિ થયા તેથી હું ધારૂં છું કે નિશ્ચે આજે મ્હારા ઘરે કામધેનુ અથવા તો કામઘટ, ચિંતામણી કે કલ્પવૃક્ષ આવેલ છે." આવો વિચાર કરી સંગમ મુનીશ્વરને પ્રણામ કરી કહેવા લાગ્યો કે "હે મુનિરાજ! આ પરમાન્ન સ્વીકારી મ્હારા ઉપર અનુગ્રહ કરો." પછી હિતેચ્છુ એવા મુનિરાજે એ સંગમના નિર્મલ ભાવને જાણી તેને સંતોષ પમાડવા માટે તેની આગળ પાત્ર ધર્યું. પછી સંગમે વિચાર્યું જે નિશ્ચે સારો લાભ થશે કારણ આજે મ્હારે ચિત્ત, વિત્ત અને પાત્રનો સંગમ થયો છે. ખરેખર આજે મ્હારૂં ભાગ્ય જાગ્યું અથવા તો ધન્ય એવો હું આજે પુણ્યવાન થયો જે આ મહાત્માએ પોતાનું પુણ્યપાત્ર મ્હારી આગળ ધર્યું." આ પ્રમાણે વૃદ્ધિ પામતા એવા શુભ ભાવથી સંગમે વેગથી પોતાનો થાળ ઉપાડી સાધુને ખીર વહોરાવી દીધી. સર્વ પ્રકારની ઉપાધિથી શૂન્ય એવા આ દાનથી તે સંગમે ઉત્તમ આયુષ્ય બાંધ્યું અને અલ્પ સંસાર કર્યો. મુનિરાજ તેના ઘરેથી ચાલ્યા ગયા પછી સંગમની માતા બ્હાર આવી. માતાએ ધાર્યું કે પુત્ર ખીર ખાઈ ગયો તેથી તેણીએ હર્ષથી બહુ ખીર પુત્રને પીરસી. સંગમ અતૃપ્ત હતો તેથી તેણે કંઠપર્યંત ધરાઈ ખીર ખાધી. સાંજે અજીર્ણ થયું તેથી સંગમ રાત્રીએ પેલા મુનિરાજનું સ્મરણ કરતો છતો મૃત્યુ પામ્યો. દાનપુણ્યના પ્રભાવથી સંગમ રાજગૃહ નગરને વિષે ગોભદ્ર શ્રેષ્ઠીની સ્ત્રી ભદ્રાના ઉદરને વિષે પુત્રપણે અવતર્યો. માતાએ સ્વપ્નમાં સારૂં પાકેલું અદ્દભૂત શાલિનું ખેતર દીઠું. તેમજ તેણીને ઉત્પન્ન થએલો ધર્મકૃત્ય સંબંધી ડોહોલો શ્રેષ્ઠીએ પૂર્ણ કર્યો. જેમ પૂર્વ દીશા તેજથી અંધકારનો નાશ કરતા એવા સૂર્યને પ્રગટ કરે તેમ ભદ્રાએ ઉત્તમ ગુણવાળા પુત્રને સુખે જન્મ આપ્યો. પુત્રનો જન્મો-

ત્સવ કરી સ્વપ્નાના અનુસારથી માતાપિતાએ પુત્રનું હર્ષથી શાલિભદ્ર એવું સ્પષ્ટ નામ પાડયું. આનંદથી પાંચ ધાવ માતાઓ વડે લાલન પાલન કરાતો તે પુત્ર અધિક મૂર્તિમંત એવા પૂણ્યસમૂહની પેઠે અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો. પુત્રે બહુ કોમળપણાને લીધે કલાચાર્યને પોતાના ઘરને વિષે બોલાવી લીલામાત્રમાં સર્વ કળાઓનો અભ્યાસ કર્યો. જાણે પૃથ્વીને વિષે કામદેવ રૂપ નૃપતિનું ચક્રવર્તી રાજ્ય હોયની ? એવી રૂપ સૌભાગ્યના પાત્રરૂપ તે પુત્ર યૌવનાવસ્થા પામ્યો. પછી તેજ નગરમાં રહેનારા બત્રીશશ્રેષ્ઠીઓએ પોતાની બત્રીશ કન્યા ગોભદ્ર શ્રેષ્ટીની વિનંતિ કરીને સુશોભિત એવા શાલિભદ્રને આપી. બીજે દિવસ શાલિભદ્ર, પોતાના માતપિતાના સર્વ મનોરથને પૂર્ણ કરતો છતો ઉત્તમ લક્ષણવાળી તે કન્યાઓને મ્હોટા ઉત્સવથી પરણ્યો.

હવે શ્રી શ્રેણિક રાજાને સોમશ્રી નામે પુત્રી હતી. શાલિભદ્રને સુભદ્રા નામે ન્હાની બ્હેન હતી. તેમજ ઉદ્યાનપાલને પુષ્પવતી નામે પુત્રી હતી. આ ત્રણે પુત્રીઓ એકજ દિવસે જન્મેલી હોવાથી પરસ્પર સખીઓ થઈ હતી. યુવાવસ્થા પામેલી તે પુત્રીઓ એક દિવસ પરસ્પર કહેવા લાગી કે આપણે ત્રણેને એકજ પતિ પરણવો કે જેથી આપણો પરસ્પર વિયોગ થાય નહિ. એકદા પુષ્પાવતીએ પોતાના ઘરને વિષે રહેતા ધન્યકુમારના ઉત્કૃષ્ટ ગુણનું વર્ણન કર્યું, તેથી સોમશ્રીએ હર્ષથી તે વાત શ્રેણિક રાજાને નિવેદન કરી પછી શ્રેણિક રાજાએ હર્ષથી તે ત્રણે કન્યાઓ સારા મુહૂર્તે મ્હોટા ઉત્સવથી ધન્યકુમારને પરણાવી. એટલુંજ નહિ પણ તેને રહેવા માટે નિવાસસ્થાન તથા ગજાદિ સમૃદ્ધિ આપી. ધન્યકુમાર પણ પોતે પૂર્વે આપેલા દાનના પૂણ્યથી તે ભોગ્ય વસ્તુને ઉત્કૃષ્ટપણે ભોગવવા લાગ્યો.

એકદા ધન્યકુમાર પોતાની પ્રિયાઓની સામે હાસ્યવિલાસ કરતો છતો ગોખમાં બેઠો હતો એવામાં તેણે અતિ દુઃખી અવસ્થાને પામેલા પોતાના માતા પિતાને રાજમાર્ગમાં દીઠા. ધન્યકુમારે તુરત દ્વારપાલ મોકલી તેમને પોતાની પાસે બોલાવી વસ્ત્રાલંકારથી સુશોભિત બનાવીને પછી સ્ત્રી સહિત તેણે તેમને હર્ષથી નમસ્કાર કર્યો. પછી ધન્યકુમારે માતા પિતાને પૂછયું કે "તે તમારૂં બહુ ધન કયાં ગયું ?" તેઓએ કહ્યું. "ત્હારા પ્રવાસ પછી તે દ્રવ્ય પણ નદીના પ્રવાહની પેઠે ચાલ્યું ગયું. હે પુત્ર ! અમે સાંભળ્યું કે તું અહીંયાં અદ્દભૂત રાજ્ય કરે છે તેથી તને જોવાને ઉત્સાહવંત એવા અમે અહીં આવ્યા છીએ. પછી ધન્ય બુદ્ધિવાળા ધન્યકુમારે તેઓને જુદાં જુદાં ગામ આપ્યાં. કહ્યું છે કે સંતપુરૂષો, સ્વભાવથીજ નિત્ય ખલ પુરૂષોનું પણ હિત કરનારા હોય છે. માતાપિતાના ગૃહકાર્યને ધન્યકુમાર પોતે કરતો છતો સ્ત્રી સહિત દેવતાની પેઠે વિલાસ કરતો હતો.

હવે ગોભદ્ર શ્રેષ્ટીએ શ્રી વર્દ્ધમાનસ્વામી પાસે દીક્ષા લીધી ત્યારપછી તે છ માસ પર્યંત વ્રતનું આરાધન કરી સ્વર્ગલોક પ્રત્યે ગયા. ત્યાં તે દેવ શાલિભદ્રના

પૂર્વ પુણ્યના પ્રભાવથી તેના ઉપર પૂર્વ ભવના પ્રેમથી તેનું બહુ પ્રિય કરનારા થયા. તેથી તે દેવ નવીન કલ્પવૃક્ષની પેઠે હંમેશાં પ્રિયા સહિત એવા શાલિભદ્રને અયાચિત તેમજ દિવ્ય એવા વસ્ત્રાલંકાર આપવા લાગ્યા જો કે ભદ્રા તો ઘરનાં સર્વ કામ કરતી હતી પણ સુખસમૂહમાં રહેલો શાલિભદ્ર તો દિવસ કે રાત્રિ કાંઇપણ જાણતો નહિ.

એકદા કોઇ વેપારીએ બીજા દેશમાંથી રાજગૃહ નગરમાં આવી શ્રેણિક રાજાને હર્ષથી રત્નકંબલ દેખાડી. પણ તે બહુ મૂલ્યવાળી હોવાથી શ્રેણિકે એક પણ લીધી નહિ તેથી તે વેપારી ભદ્રાને ત્યાં ગયો. ભદ્રાએ તેને મોઢે માગેલું મૂલ્ય આપી સઘળી રત્નકંબલો લઈ લીધી. હવે એમ બન્યું કે ચેલ્લણા રાણીને રત્નકંબલની ખબર પડી તેથી તેણીએ શ્રેણિક રાજાને કહ્યું કે " હે વિભો ! મહા મૂલ્યવાળું પણ તે એક રત્નકંબળ મને લઈ આપો. પછી શ્રેણિક રાજાએ વેપારીને બોલાવીને તેને યોગ્ય મૂલ્ય લઇ એક વસ્ત્ર આપવાનું કહ્યું. વેપારીએ ઉત્તર આપ્યો કે ભદ્રાએ વાત વાતમાં આગ્રહથી મ્હારી સર્વ રત્નકંબલો લઈ લીધી છે." પછી શ્રેણિકે એક માણસ ભદ્રા પાસે મોકલી મૂલ્યથી એક રત્નકંબલ લેવાનું કહ્યું. ભદ્રાએ કહ્યું કે " રત્નકંબલો સોલજ હતી તેથી તે સર્વેના બબે કકડા કરી મ્હારા શાલિભદ્ર પુત્રની બત્રીસ સ્ત્રીઓને દરેકને એક એક કકડો સ્નાન કર્યા પછી અંગ લોવા માટે આપી દીધો છે. જો તે અંગ લોવાથી જિર્ણ થઈ ગએલા રત્નકંબલોના કકડાનો ખપ હોય તોજ રાજાને પૂછી આવીને ત્હારી ઈચ્છા પ્રમાણે લઇ જા. " સેવકે રાજા પાસે આવી ભદ્રાએ કહેલી વાત નિવેદન કરીને કહ્યું કે " હે નાથ ! વેપારીઓના અને રાજાઓના આ મ્હોટા અંતરને આપ જુઓ." પછી શ્રેણિક રાજાએ કૌતુકથી શ્રેષ્ઠીના પુત્ર શાલિભદ્રને જોવાના હેતુથી તેજ દૂતને ફરીથી મોકલી શ્રેષ્ઠી પુત્રને પોતાની પાસે બોલાવ્યો. તે વખતે ભદ્રાએ તે આવેલા સેવકને કહ્યું. તું ભૂપતિને કહે કે " મ્હારો પુત્ર ક્યારે પણ ઘરથી બહાર જતો નથી, " માટે હે રાજન્ ! આપ પોતાના ચરણથી મ્હારા ઘરને પવિત્ર કરો." સેવકે તે વાત રાજા શ્રેણિકને કહી એટલે શ્રેણિક રાજાએ ભદ્રાને ત્યાં આવવું કબુલ કર્યું. પછી ભદ્રાએ તે વખતે નગરને સુશોભિત કરવા સારૂ ગોભદ્ર દેવનું સ્મરણ કર્યું તેથી તે દેવે ભદ્રાના ઘરથી માંડીને રાજાના મંદીર સુધી રત્નજડિત સિંહાસનોને ઉપરા ઉપર ગોઠવી હારની શોભા કરી દીધી. પછી બજારની શોભા થએલી જાણી ભદ્રાએ શ્રેણિક રાજાને તેડાવ્યો તેથી રાજા શ્રેણિક પગલે પગલે વિસ્મય પામતો છતો શાલિભદ્રના ઘર પ્રત્યે આવ્યો. અતિ વિસ્મય પામેલા ચિત્તવાળો શ્રેણિક રાજા શાલિભદ્રના ઘર પ્રત્યે આવી રત્નના સિંહાસનોથી ગોઠવેલી ચોથી ભૂમિકા ઉપર બેઠો. પછી ભદ્રાએ સાતમા માલ ઉપર જઈ શાલિભદ્રને કહ્યું કે " હે વત્સ ! તને જોવા માટે શ્રેણિક રાજા આપણે ઘરે આવ્યા છે માટે તું ત્યાં ચાલ." શાલિભદ્રે માતાને કહ્યું " હે માત

એને જે વેચવાનું હોય તે લઇ તેને મૂલ આપો ત્યાં મ્હારૂં શું કામ છે ? ” હર્ષ પામેલી ભદ્રાએ ફરીથી કહ્યું “ હે શ્રેષ્ઠ પુત્ર ! એને કાંઈ વેચવાનું નથી પણ તેને તું પોતાનો અને સર્વ લોકોને અધિપતિ જાણ. ” માતાનાં આવાં વચન સાંભલી શુદ્ધ બુદ્ધિવાલો શાલિભદ્ર વિચાર કરવા લાગ્યો કે “ મ્હારો પણ અધિપતિ છે તો પછી મ્હારા આ ઐશ્વર્યને ધિક્કાર થાઓ ! મ્હારે પરતંત્રતાથી અપવિત્ર એવા આ ભોગોથી સર્યું. હવે હું સ્વતંત્રતાના સુખ માટે શ્રી વીરપ્રભુ પાસે દીક્ષા લઈશ.”

આવા વૈરાગ્યથી વ્યાપ્ત થયા છતાં પણ માતાના આગ્રહથી વિનિત એવા શાલિભદ્રે પ્રિયાઓ સહિત નીચે આવી શ્રેણિકને પ્રણામ કર્યા. શ્રેણિક પણ પુત્રની પેઠે તેને સ્નેહથી આલિંગન કરી, પોતાના ખોળામાં બેસારી વારંવાર મુખ જોવા પૂર્વક તેના મસ્તકને બહુ સુંઘવા લાગ્યો. પછી શ્રેણિક રાજાના માલતીના પુષ્પની માળા સરખા હાથના સ્પર્શથી તેમજ તેણે ધારણ કરેલા પુષ્પના સુગંધથી શાલિભદ્ર ક્ષણ માત્રમાં ગ્લાનિ પામી ગયો. તેથી ભદ્રાએ ભૂપતિને કહ્યું કે “ હે વિભો ! આ મ્હારો પુત્ર શાલિભદ્ર દેવભોગને ભોગવનારો છે માટે તેને ઝટ છોડી દ્યો. એ માણસોએ ધારણ કરેલી પુષ્પની માલાના ગંધને પણ સહન કરવા સમર્થ નથી. એનો પિતા દેવ થયેલ છે, તેથી તે પત્નીયુક્ત એવા પોતાના પુત્રને દિવ્ય આભરણ, વસ્ત્ર અને પુષ્પાદિ આપે છે. ” પછી શ્રેણિક રાજાએ જવાની રજા આપેલો શાલિભદ્ર જેમ દેવીઓથી યુક્ત એવો દેવતા સ્વર્ગમાં જાય તેમ પોતાના સાતમા માળ ઉપર ગયો. ભદ્રાએ બહુ આગ્રહ કર્યો તેથી શ્રેણિક રાજા ત્યાં ભોજન કરવા રહ્યો. ભદ્રાએ પણ સર્વ સામગ્રી તૈયાર કરાવી. કહ્યું છે કે લક્ષ્મીથી શું નથી થતું ? પછી ચૂર્ણથી શરીરને ચોળી બહુ જલવડે સ્નાન કરતા એવા તે શ્રેણિક રાજાના હાથની વિંટી સ્નાનવાવમાં પડી ગઇ. પછી ચપલ ચિત્તવાલા ભૂપતિએ જેટલામાં આમ તેમ શોધ કરી તેટલામાં ભદ્રાએ પોતાની દાસી પાસે તે સ્નાનવાવમાંથી સઘલું જલ કઢાવી નાખ્યું એટલે ભૂપતિએ તેમાં દિવ્ય અલંકારોની મધ્યે અંગારા સમાન પડેલી પોતાની વિંટીને જોઈ દાસીને પૂછયું કે “ આ શું ? ” દાસીએ કહ્યું. “ ન્હાવાને અવસરે શાલિભદ્રે અથવા તેની સ્ત્રીઓએ નિર્માલ્યની પેઠે અંગ ઉપરથી ઉતારી નાખેલાં આભૂષણો આ વાવમાં નાખી દેવામાં આવે છે. ” દાસીના આવાં વચન સાંભલી રાજા શ્રેણિક વિચાર કરવા લાગ્યો કે “ આ શાલિભદ્રને ધન્ય છે જે એની આવી આશ્ચર્યકારી લક્ષ્મી છે. મને પણ ધન્ય છે જે આવા શ્રીમાન્ પુરૂષો મ્હારા રાજ્યમાં વસે છે. ભોજનને અંતે ભદ્રાએ વસ્ત્રાદિકથી સત્કાર કરી રજા આપી એટલે અત્યંત સંતોષ પામેલો શ્રેણિક પોતાના ઘર પ્રત્યે આવ્યો. પછી જેટલામાં શાલિભદ્ર સંસારને ત્યજી દેવાની ઇચ્છા કરતો હતો તેટલામાં તેના ધર્મમિત્રે આવીને તેને કહ્યું કે “ ચાર જ્ઞાનના ધારણહાર અને ગુણના સમુદ્ર રૂપ ધર્મઘોષસૂરિ મૂર્તિમંત ધર્મની પેઠે અહીં ઉદ્યાનમાં સમવસરેલા છે. ”

મિત્રનાં આવાં વચન સાંભલી શાલિભદ્ર હર્ષથી રથ ઉપર બેસી ઉદ્યાનમાં ગયો ત્યાં તેણે ગુરૂને નમસ્કાર કરી શુદ્ધ ભૂમિ ઉપર બેસી ધર્મ સાંભલ્યો. દેશનાને અંતે શાલિભદ્રે હાથ જોડી પ્રણામ કરી ગુરૂને પૂછયું. " હે ભગવન્ ! કયા ધર્મથી માણુસોને બીજો કોઇ અધિપતિ ન થાય ? " ગુરૂએ કહ્યું. " જે પુરૂષો વિધિ પ્રમાણે ચારિત્ર પાલે છે તેજ યોગને વિષે નિગ્રહ કરનારા પુરૂષો સર્વ પ્રાણીઓના અધિપતિ થાય છે. " ગુરૂનાં આવાં વચન સાંભલી શાલિભદ્રે ગુરૂને નમસ્કાર કરી વિનંતિ કરી કે " હે સ્વામિન્ ! હું મ્હારી માતાની રજા લઇ સંયમ અંગીકાર કરીશ. " ગુરૂએ " એ કાર્યમાં ત્હારે પ્રમાદ કરવો નહીં. " એમ કહ્યું એટલે વિનયથી નમ્ર એવા શાલિભદ્રે ઘરે જઇ માતાને કહ્યું. " હે માત ! મેં ધર્મઘોષસૂરિ પાસેથી હિતકારી ધર્મ સાંભલ્યો છે. જે ધર્મ મ્હોટા ઉદય, સુખ તથા લક્ષ્મી આપનારો છે. એટલુંજ નહિ પણ તે સર્વ પ્રકારના દુઃખનો વિનાશ કરનાર છે. " પછી ભદ્રાએ " તેં એ બહુ સારૂં કર્યું બહુ સારૂં કર્યું કારણ તું તેવા દીક્ષાધારી ધર્મવંત પિતાનો પુત્ર છે. " એમ કહી શાલિભદ્રને બહુ અનુમોદના આપી. શાલિભદ્રે કહ્યું " હે માત ! જો આપ પ્રસન્ન થઈ મને આજ્ઞા આપતા હો તો હું પણ દીક્ષા લઉં કારણ મ્હારા પિતાએ પણ દીક્ષા લીધી હતી. " ભદ્રાએ કહ્યું. તેં એ યોગ્ય કહ્યું છે પણ તું લોઢાના ચણાને ચાવી જાણે છે ? તું પ્રકૃતિથી સુકુમાર અને દિવ્ય ભોગોથી લાલન પાલન કરાયેલો છે તો જેમ ન્હાનો વાછરડો મ્હોટા રથને ખેંચવા સમર્થ ન થાય તેમ તું વ્રત પાલવા કેમ સમર્થ થઈશ ? " શાલિભદ્રે ફરી માતાને કહ્યું. " નિશ્ચે આપનું આ વચન સત્ય છે. પણ નપુંસક પુરૂષોને તે વ્રત દુષ્કાર લાગે છે, પરંતુ ધીર પુરૂષોને તો ઘણુંજ સહેલાઇથી સાધી શકાય તેવું દેખાય છે. " ભદ્રાએ કહ્યું " એ સત્ય છે પણ તું પ્રથમ ધીમે ધીમે દિવ્ય અંગરાગ અને ભોગાદિકને ત્યજી દે પછી હું તને રજા આપું. " પછી શાલિભદ્રે દિવસે દિવસે એક એક સ્ત્રીને ત્યજી દેવા માંડી વલી દેવતાના ભોગાદિકને પણ ત્યજી દીધા.

હવે આ અવસરે શાલિભદ્રની બ્હેન સુભદ્રા કે જે ધન્યકુમારને પરણાવી હતી તે પોતાના પતિ ધાન્યકુમારને સ્નાન કરાવતાં રોવા લાગી. ધન્યકુમારે તેણીને રોતી જોઇને પૂછયું કે " તું કેમ રૂવે છે ? " ખેદથી ગદ્‌ગદ્ સ્વરવાલી સુભદ્રાએ ઉત્તર આપ્યો કે " હે પ્રિય ! સંસારથી વિમુખ થએલો અને ચારિત્રની ઇચ્છા કરનારો મ્હારો ભાઇ શાલિભદ્ર દરરોજ એક એક તુલિકાને અને એક એક સ્ત્રીને ત્યજી દે છે માટે હું રૂદન કરૂં છું. " ધન્યકુમારે કહ્યું. " ખરેખર તું સીયાલની પેઠે બહુ બીકણ દેખાય છે. જે પુરૂષ ક્ષણ માત્રમાં તૃણની પેઠે ભોગોને નથી ત્યજી દેતો તે સત્ત્વરહિત કહેવાય છે. " સુભદ્રાએ બીજી સ્ત્રીઓ સહિત હાસ્ય કરીને કહ્યું કે " હે સ્વામિન્ ! તો આપ દુસ્ત્યજ એવા ભોગોને કેમ નથી ત્યજી દેતા ? " ધન્યકુમારે કહ્યું. " તમે મને દીક્ષા લેવામાં વિઘ્ન કરનારી હતી, પણ તેજ તમો આજે મને દીક્ષા લેવરાવવામાં પ્રેરણા કરનારી થઇ છો માટે હું પણ ઝટ દીક્ષા

લઇશ, ” પછી સર્વે સ્ત્રીઓએ એકઠી થઇ ધન્યકુમારને કહ્યું “ હે નાથ ! અમે તે મશ્કરીથી કહ્યું છે. માટે આપ અમને તથા આ સંપત્તિને વૃથા ત્યજી દેશો નહીં. ” સ્ત્રીઓએ આવી રીતે બહુ કહ્યું પણ ધન્યકુમાર તો “ નિત્ય સુખની ઇચ્છા કરનારા માણસોએ અશાશ્વત એવી આ સર્વ વસ્તુ ત્યજી દેવી માટે હું નિશ્ચે વ્રત લઇશ. ” એમ કહી ત્યાંથી ઝટ ઉભો થયો. સ્ત્રીઓએ કહ્યું. “ અમે પણ તમારી પાછલ તુરત વ્રત લેશું. ” ધન્ય માનતા એવા ધન્યકુમારે સ્ત્રીઓના તે વચનને હર્ષથી અંગીકાર કર્યું.

ત્યાર પછી શ્રી વીરપ્રભુ તે રાજગૃહ નગરના ઉદ્યાનમાં સમવસર્યા પ્રભુના આગમનની વાત ધન્યકુમારે પોતાના ધર્મમિત્રથી જાણી તેથી વ્રત લેવા માટે ઉત્સાહવંત એવો ધન્યકુમાર ધર્માદિ કાર્યમાં ધન વાપરી પ્રિયાઓ સહિત શિબિકામાં બેસી વીરપ્રભુની પાસે આવ્યો. ત્યાં તે પ્રિયાઓ સહિત શિબિકામાંથી નીચે ઉતરી પ્રભુની વિનંતિ કરવા લાગ્યો કે “ હે વિભો ! મને સંસારસમુદ્રને તારવામાં વહાણરૂપ ચારિત્ર આપો. ” પછી વિશ્વનાયક એવા પ્રભુએ પ્રિયાઓ સહિત એવા તે ધન્યકુમારને દીક્ષા આપી. આ વાત શાલિભદ્રે સાંભલી તેથી તે ધન્યકુમારને જયવંત માનતો છતો તેમજ હર્ષથી શ્રેણિકરાજા વડે સ્તુતિ કરાતો છતો અદ્‌ભૂત સંપત્તિથી વીરપ્રભુ પાસે આવ્યો ત્યાં તેણે મ્હોટા ઉત્સવથી દીક્ષા લીધી.

પછી યૂથસહિત ગજરાજની પેઠે સર્વ સાધુઓના પરિવાર સહિત શ્રી વીરપ્રભુ જગત્‌નું હિત કરવાની ઇચ્છાથી પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા. ધન્ય અને શાલિભદ્ર બન્ને સાધુઓ પણ તીવ્ર તપ કરતા તેમજ જૈનધર્મના આગમનો અભ્યાસ કરતા શ્રી જિનેશ્વરની સાથે વિહાર કરવા લાગ્યા. નિસ્પૃહ એવા તે બન્ને મુનિઓ ક્યારેકજ પક્ષાંતે પારણું કરતા નહિ તો ઘણે ભાગે એક, બે, ત્રણ, ચાર, પાંચ અથવા છ માસે પારણું કરતા ધર્મધ્યાનમાં પરાયણ તેમજ નિત્ય આતાપના કરવામાં ઉદ્યમવંત એવા તે સાહસી બન્ને મુનિઓ દુઃસહ એવા પરિષહોને સહન કરતા હતા. દીર્ઘકાલ પર્યંત અતિચારરહિત ચારિત્રને પાલતા એવા તે બન્ને મુનિઓએ બહુ કાલ પોષણ કરેલા કર્મશરીરને દુર્બલ કરી નાખ્યું.

એકદા શ્રી વીરપ્રભુ પૃથ્વી ઉપર વિહાર કરતા છતા ફરી રાજગૃહ નગર પ્રત્યે આવ્યા. તે વખતે નગરવાસી લોકો તુરત તેમને વંદન કરવા માટે નગર બહાર આવવા લાગ્યા. આ અવસરે ધન્યકુમારસહિત શાલિભદ્રે માસક્ષમણને પારણે ગોચરી લેવા માટે નગરમાં જવાની રજા માગી. પ્રભુએ કહ્યું. “ આજે તારૂં માતાના હાથે પારણું થશે. ” પછી તે વાત જાણીને ધન્યકુમાર સહિત શાલિભદ્ર નગરમાં ગયો. રાગરહિત અને ઉચ્ચ નીચ ગૃહોને વિષે ફરતા એવા તે બન્ને જણા ભદ્રાના આંગણામાં આવીને ઉભા રહ્યા. માતા ભદ્રાએ તપથી દુર્બલ થઇ ગએલા અને જેમના શરીરને વિષે ફક્ત હાડકાં અને ચર્મ રહ્યાં હતાં એવા તે બન્ને મુનિઓ-

ને ઓલખ્યા નહીં કારણ મહર્ષિઓ કોનાથી ઓલખી શકાય ? માતા ભદ્રા તો શાલિભદ્રને, ધન્યકુમારને તથા જિનેશ્વરને વંદના કરવા જવાના ઉત્સાહમાં હતાં તેથી તેમણે પોતાને ત્યાંજ આવેલા તે બન્ને મુનિઓને દીઠા છતાં ઓલખ્યા નહીં પછી ગુપ્તિવંત અને સમતાધારી તેમજ નિરહંકારી તે બન્ને મુનિઓ ક્ષણમાત્ર ઉભા રહી ત્યાંથી બહાર નિકલી દરવાજાથી બહાર નિકલતા હતા એટલામાં શાલિભદ્રની પૂર્વભવની માતા ધન્યા કે જે દહિં વેચવા માટે નગરમાં આવતી હતી તેણે બન્ને મુનિઓને દીઠા તુરતજ ઝરતા સ્તનવાલી તે માતા પોતાના પૂર્વભવના પુત્રને જોતી છતી અને તેથીજ પોતાના આત્માને ધન્ય માનતી છતી તેણીએ પાસે જઇ તે બન્ને મુનિઓને દહિં વહોરાવ્યું, પછી શાલિભદ્ર, પ્રભુ પાસે જઇ વિધિ પ્રમાણે આલોચના લઇ પૂછવા લાગ્યો કે “ હે પ્રભો ? આપે કહ્યું હતું તે છતાં આજે મ્હારૂં પારણું માતાને હાથે કેમ ન થયું ? ” શાલિભદ્રનાં આવાં વચન સાંભલી શ્રી વીરપ્રભુએ ભદ્ર એવા શાલિભદ્રના પૂર્વ જન્મનું સવિસ્તર ચરિત્ર સભામાં કહી સંભલાવ્યું. પછી તે બન્ને મુનિઓ વિધિ પૂર્વક દહિંનું પારણું કરી સંસારના વિરાગથી શ્રી જિનેશ્વરની રજા લઈ વૈભાર પર્વતના શિખર ઉપર ગયા. ત્યાં તે બન્ને મુનિઓએ પડીલેહણ કરેલી શિલા ઉપર બેસી પાદપોપગમ નામનું અનશન કર્યું.

હવે અહીં એમ બન્યું કે સરલ મનવાલી ભદ્રા બહુ ભકિતને ધારણ કરતી છતી શ્રી શ્રેણિક રાજાની સાથે શ્રી વીરપ્રભુ પાસે આવીને પૂછવા લાગી કે “ હે વિભો ? વંદના કરવા યોગ્ય ધન્ય અને શાલિભદ્ર એ બન્ને મુનિઓ અમારા ઘરને વિષે અમને સંતોષ પમાડવા માટે કેમ ન આવ્યા ? ” પ્રભુએ કહ્યું. “ તે બન્ને મુનિઓ તમારા ઘરને વિષે આવ્યા હતા પણ અહીં આવવાના ઉત્સાહવંત એવા તમે તે દુર્બલ શરીરવાલા મુનિઓને ઓલખ્યા નહીં. શાલિભદ્રની પૂર્વ જન્મની માતા ધન્યા ગોવાલણી કે જે દહિં વેચવા માટે ઉતાવલી ઉતાવલી નગરમાં આવતી હતી તેણીએ નગરમાંથી બહાર આવતા એવા તે બન્ને મુનિઓને દહિં વડે પ્રતિલાભ્યા છે. દહિંથી પારણું કરીને તે બન્ને મુનિઓએ મુકિતનગરીમાં જવાના પ્રસ્થાનની પેઠે વૈભાર પર્વત ઉપર જઈ અનશન લીધું છે. ”

પછી ભદ્રાયે શ્રેણિકરાજા સહિત વૈભાર પર્વત ઉપર જઈ ભૂમિમાં ખોડેલા ખીલાની પેઠે નિશ્ચલ અંગવાલા તે બન્ને મુનિઓને જોયા. મહા સત્ત્વધારી એવાય પણ તે મુનિઓના બહુ ઉત્કૃષ્ટ કષ્ટને જોઈ સરલ હૃદયવાલી અને દયાલુ એવી ભદ્રા બહુ ખેદ પામી. ઝરણાની પેઠે બહુ શોકના આંસુને વરસાવતી ભદ્રા પોતાના રૂદનના શબ્દથી જાણે વૈભાર પર્વતને રોવરાવતી હોયની ? એમ રોવા લાગી અને ત્યાં બેઠેલી તે ભદ્રા પોતાના પુત્રના આગળના સુખને વારંવાર સ્મરણ કરતી તેમજ આવા ઉગ્ર તપને જોતી છતી આ પ્રમાણે બહુ વિલાપ કરવા લાગી.

"હે પુત્ર પૂર્વે જે તું માણસે ધારણ કરેલી માલાના ગંધને પણ સહન કરી શકતો નહોતો તે તું આ અતિ દુઃસહ એવી તાઢ, તડકા વિગેરે પીડાને શી રીતે સહન કરી શકશે ? આ ત્હારૂં શરીર પલંગને વિષે રૂના ગાદલામાં લાલન કરાયલું છે, તે શરીર આ અતિ કઠોર એવા શિલાતલ ઉપર શી રીતે રહી શકશે ? વલી જે આ શરીરને તેં દિવ્ય એવા આહારથી બહુ કાલ પોષણ કર્યું છે તે શરીરને તું અનશન વડે ત્યાગ કરવા શી રીતે સમર્થ થઇશ ! હાહા ધન્ય એવો તું ઘરને વિષે આવ્યો છતાં પુણ્યરહિત એવી મેં તને ઓલખ્યો નહીં આથી બીજું વધારે શોક કરવા યોગ્ય શું છે ? હું એમ ધારતી હતી જે ભિક્ષાને અર્થે ઘરે આવેલા શાલિભદ્ર મુનિને હું ક્યારે જોઇશ." આવો જે મ્હારો મનમાં મનોરથ હતો તે ત્હારા આ અનશનથી કુવાની અંદર રહેલી છાયાની પેઠે નાશ પામ્યો. ખરેખર આથી હું મંદભાગ્યવાલી છું. મ્હારા મનોરથને વિઘ્નકારી તેં જે આ હમણાં આરંભ્યું છે તેથી શું ? માટે આ અતિકષ્ટકારી કઠોર શિલાતલને ત્યજી દે."

પછી શ્રી શ્રેણિક રાજાએ ભદ્રાને કહ્યું. કે "તું શા માટે ખેદ પામે છે ? કારણ તું એકજ આ સઘળી પૃથ્વીમાં વીર પુત્રને જન્મ આપનારી છું. જે પૂર્વ ભવે દાનવીર થયો હતો તે આ ભવે ત્હારો પુત્ર ભોગવીર થઇ હમણાં આવો તપવીર થયો છે. જેની લોકોત્તર લક્ષ્મી હોય છે, જેના લોકોત્તર ગુરૂ હોય છે અને જેનું લોકોત્તર તપ હોય છે તેજ પુરૂષ લોકોત્તર ( લોકશ્રેષ્ટ ) થાય છે. ત્હારો આવો આશ્ચર્યકારી ચારિત્રવાલો, નિર્મલ આત્માવાલો અને ગુણના સમુદ્ર રૂપ પુત્ર છે માટે તું આ પ્રમાણે શોક ન કર. ઉઠ અને ધ્યાન માર્ગમાં રહેલા આ મહાસત્ત્વ ધારીઓને વિઘ્ન ન કર પણ તું ત્હારો અર્થ સાધ." આ પ્રમાણે શ્રેણિકરાજાએ અલ્પ કરાવેલા ખેદવાલી ભદ્રા તે બન્ને મહા મુનિઓને નમસ્કાર કરી ઘરે ગઇ. રાજા શ્રેણિક પણ પોતાને ઘેર ગયો. અહીં તે બન્ને સાધુઓ માસનું અનશન લઇ મૃત્યુ પામી સર્વાર્થસિદ્ધ દેવલોકમાં દેવતા થયા. ત્યાં તેઓ તેત્રીશ સાગરોપમ સુધી બહુ સુખ ભોગવી. મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ દીક્ષા લઇ સિદ્ધિપદ પામશે.

હે ભવ્યજીવસમૂહો ! તમે વિશ્વના માણસોને આશ્ચર્યકારી અને મનુષ્ય ભવના પાપને નાશ કરનારા શ્રી ધન્યકુમાર મુનિના તેમજ શાલિભદ્ર મહર્ષિના ચરિત્રને સાંભલી મનુષ્ય અને દેવતાને મોક્ષ સુખના સાધન રૂપ જૈન ધર્મને વિષે અધિક સદ્દભાવ ધરો અને નિરંતર પ્રયત્ન કરો.

**'श्रीधन्यकुमार' अने 'श्रीशालिभद्र' नामना मुनिपुङ्गवोनी कथा संपूर्ण.**

चंपाओ वीअभए, गंतुं वीरेण दिक्खिओ जोउ ॥
सो पत्तो परमपयं, उदायणो चरम रायरिसी ॥ १५१ ॥

ચંપા નગરીથી વીતભય નગરમાં જઇ શ્રી વીરપ્રભુએ દીક્ષા આપેલો ઉદાયન નામનો છેલ્લો રાજર્ષિ મોક્ષપદ પામ્યો. ॥ ૧૫૧ ॥

આ ઉદાયન રાજર્ષિની કથા અભયકુમારની કથામાંથી જાણી લેવી.

जस्स य अभिनिक्खमणे, चोरा संवेगमागया खिप्पं ॥
तेण सह प्पवइआ, जंबुं वंदामि अणगारं ॥ १५२ ॥

જેમના દીક્ષાગ્રહણસમયે તત્કાળ વૈરાગ્ય પામેલા પ્રભવાદિ ચોરોએ પણ તે જંબૂકુમારની સાથે દીક્ષા લીધી, તે જંબૂકુમાર મુનીશ્વરને હું વંદના કરૂં છું. ॥૧૫૨॥

सीहत्ता निखंतो, सीहत्ता चेव विहरिओ भयवं ॥
जंबूपवरमुनिवरो, वरनाणचरित्तसंपत्तो ॥ १५३ ॥

સિંહપણાએ દીક્ષા લેનારા અને સિંહપણાએ વિહાર કરનારા ભગવાન્ જંબૂસ્વામી મુનીશ્વર ઉત્તમ જ્ઞાન અને ચારિત્ર પામ્યા. ૧૫૩ ॥

जो नवजुव्वणपसरो, विअलिअकंदप्पदप्पमाहप्पो ॥
सो जंबूरायरिसी, अपच्छिमो केवली जाओ ॥ १५४ ॥

જેમણે નવયૌવન છતાં કામદેવના ગર્વને દલી નાખવાથી પોતાનું માહાત્મ્ય પ્રગટ કર્યું છે, તે જંબૂરાજર્ષિ છેલ્લા કેવળી થયા છે. ॥ ૫૪ ॥

## 'श्रीजंबूस्वामी' नामना चरमकेवलीनी कथा

એકદા જેમના ચરણને દેવતાઓ પ્રણામ કરી રહ્યા છે એવા શ્રી વીરપ્રભુ રાજગૃહ નગરને વિષે સમવસર્યા. દેવતાઓએ અમૂલ્ય પ્રતિહાર્ય રચ્યું. શ્રેણિક રાજા પણ ધર્મદેશના સાંભલવા માટે ભક્તિથી સમવસરણમાં આવ્યો. દેશનાને અંતે શ્રેણિક રાજાએ શ્રી જિનેશ્વરને પૂછયું કે "હે ભગવંત! કયા પુરૂષને વિષે કેવલજ્ઞાન ઉચ્છેદ પામશે? અર્થાત્ છેલ્લો કેવલી કોણ થશે?" પ્રભુએ કહ્યું. "હે રાજન્! ત્હારી પાસે રહેલો આ ચાર દેવી સહિત વિદ્યુન્માલી દેવ કે જે ઇંદ્રનો સામાનિક છે તે આજથી સાતમે દિવસે દેવપદવીથી ચવીને ત્હારા નગરમાં ઋષભદત્ત શ્રેષ્ઠીના જંબૂ નામના પુત્રપણે ઉત્પન્ન થશે. તે અંત્ય કેવલી થવાનો છે." શ્રેણિકે ફરી પૂછયું. "હે નાથ! જો કે તેને ચવવાનો સમય નજીક આવ્યો છે છતાં તેની કાંતિ કેમ ક્ષય નથી પામતી?" શ્રી જિનેશ્વરે કહ્યું. "હે રાજન્! એકાવતારી દેવતાઓના અંતકાલને વિષે પણ તેઓના તેજસ્વીપણાનાં ચિન્હો નિશ્ચે નાશ

પામતાં નથી." પ્રભુનાં આવાં વચન સાંભલી તે વખતે જંબૂદ્વીપનો પતિ કે જેનું નામ પણ તેવુંજ ( જંબૂદ્વીપપતિ. ) હતું તે ઉંચા સ્વરથી કહેવા લાગ્યો કે "અહો ? પૃથ્વીમાં મ્હારૂં કુલ વખાણુવા યોગ્ય છે." આ અવસરે શ્રેણિક રાજાએ હાથ જોડી શ્રી મહાવીર પ્રભુને પૂછયું. "હે સ્વામિન્ ! આ દેવતા પોતાના કુલની પ્રશંસા શા વાસ્તે કરે છે ? શ્રી જિનેશ્વરે કહ્યું:-

"હે રાજન્ ! આ નગરને વિષે ડાહ્યા પુરૂષોમાં શિરોમણિ અને પ્રસિદ્ધ એવો ગુપ્તિમતિ નામે શ્રેષ્ઠી હતો. તેને અનુક્રમે ગુણવંત બે પુત્રો થયા હતા તેમાં મ્હોટાનું નામ ઋષભદત્ત અને ન્હાનાનું જિનદાસ હતું. શ્રેષ્ઠીનો મ્હોટો પુત્ર ઋષભદત્ત સારા આચારવાલો થયો અને ન્હાનો પુત્ર જિનદાસ વ્યસની થયો. મ્હોટા ભાઇએ ન્હાનાને વ્યસની જાણી તેને ત્યજી દીધો, અને તે સર્વ ઠેકાણે એમ કહેવા લાગ્યો કે ગુપ્તિમત્તિ શેઠનો હું એકજ પુત્ર છું. પાપરહિત એવા તે ઋષભદત્ત, પોતાના ન્હાના ભાઇને કુતરાની પેઠે ઘરમાં પણ આવવા દેતો નહીં. જિનદાસ બહુ જુગટું રમતો. તે કોઈ એક દિવસે બીજા કોઇ જુગટું રમનારા પુરૂષની સાથે પણ કરી જુગટું રમવા લાગ્યો. બન્નેને જુગટામાં વિવાદ થયો તેથી પેલા પુરૂષે જિનદાસને શસ્ત્રપ્રહારથી માર્યો. નિશ્ચે દ્યુતરૂપ પાપવૃક્ષનું આવું શસ્ત્રઘાતની પીડારૂપ ફલ હોય છે. પછી પૃથ્વી ઉપર આલોટતો એવો જિનદાસ જાણે અતિ રાંક હોયની ? એમ દેખાતો હતો. પછી સ્વજનોએ એકઠા થઈ ઋષભદત્તને કહ્યું કે "હે શ્રાવકશિરોમણિ ! તું ધર્મરૂપ મૂળવાલી દયાવડે પોતાના પીડા પામતા ભાઇને જીવાડ." સ્વજનોએ બહુ આગ્રહથી કહેલા ઋષભે પોતાના ભાઈ જિનદાસ પાસે જઈને કહ્યું કે "હે બંધો ! હું તને ઉત્તમ ઔષધાદિકથી સુખ કરીશ." જિનદાસે કહ્યું "હે ભાઈ ! તમે મ્હારા બહુ અપરાધને ક્ષમા કરો અને હવે જીવિત પૂર્ણ થએલા એવા મને પરલોક સંબંધી ભાથું આપો." ઋષભદત્તે કહ્યું. "હે વત્સ ! હવે તું હર્ષથી અનશન સ્વીકાર અને એકાગ્ર મનથી પરમેષ્ઠી મંત્ર-નમસ્કારનો જપ કર." આ પ્રમાણે શુદ્ધ બુદ્ધિવાલા ઋષભદત્તે પોતાના ન્હાના ભાઇને શીખામણ આપી પોતે તેને વિધિ પ્રમાણે આરાધના કરાવી.

( શ્રી મહાવીર પ્રભુ શ્રેણિક રાજાને કહે છે કે ) હે રાજન્ ! પછી તે જિનદાસ પંડિતમૃત્યુથી મરણ પામી જંબૂદ્વીપનો પતિ અને મહાસમૃદ્ધિવાલો દેવ ઉત્પન્ન થયો છે. તેણે "રાજગૃહ નગરમાં ઋષભદત્ત શ્રેષ્ઠીનો પુત્ર જંબુકુમાર અંત્ય કેવલી થશે." એવા અમારાં વચન સાંભલ્યાં તેથી હર્ષિત ચિત્તવાલો થએલો તે પોતાના કુલમાં કેવલીનો પવિત્ર જન્મ સાંભલી પોતાના કુલની બહુ પ્રશંસા કરે છે."

શ્રેણિક રાજાએ પૂછયું. "હે પ્રભો ! ગુરૂ, શુક્રાદિ ગ્રહોની મધ્યે સૂર્યની પેઠે આ વિદ્યુન્માલી દેવતા સઘલા દેવતાઓની મધ્યે અધિક તેજવાન્ કેમ દેખાય છે ? ભગવાને કહ્યું:-

આ જંબૂદ્વીપની અંદર રહેલા ભરતક્ષેત્રને વિષે મગધ નામના દેશમાં સુગ્રામ નામે ગામ છે, ત્યાં શ્રેષ્ઠ એવો રાષ્ટ્રકુટ નામે ધનવંત ગૃહસ્થ રહેતો હતો. તેને રેવતી નામની સ્ત્રીથી ઉત્પન્ન થએલા ભવદત્ત અને ભવદેવ નામના બે પુત્ર હતા. ભવદત્ત યુવાવસ્થાવાલો હતો છતાં તેણે સુસ્થિત સદ્‌ગુરૂ પાસે સંસારસમુદ્રને તારનારી દીક્ષા લીધી. પછી શાસ્ત્રોનો પાર પામેલા ભવદત્ત મુનિ ખડ્‌ગધારા સમાન ઉગ્ર વ્રતને પાલતા છતાં ગુરૂની સાથે વિહાર કરવા લાગ્યા.

એકદા તે ગણના એક મુનિએ ગુરૂની વિનંતિ કરી કે "હે સ્વામિન્! મને મ્હારા બંધુજનોને પ્રતિબોધ કરવા માટે જવાની આજ્ઞા આપો ત્યાં એક મ્હારો બંધુ રહે છે તે સ્વભાવે ભદ્રક હોવાથી મ્હારા ઉપર બહુ સ્નેહ રાખે છે તો તે મને જોઇને દીક્ષા લેશે" પછી ગીતાર્થ એવા તે સાધુને ગુરૂએ આજ્ઞા આપી. કારણકે પરનો નિસ્તાર કરવામાં તત્પર એવા શિષ્યો ઉપર સુગુરૂઓ હમેશાં પ્રીતિ ધરે છે. પછી તે મુનિ પિતાને ઘરે ગયા તો ત્યાં તેમણે પોતાના ન્હાના બંધુનોજ સ્વજનોને વ્યગ્રતા કરનારો વિવાહોત્સવ આરંભેલો દીઠો. મુનિનો ન્હાનો બંધુ પણ વિવાહના ઉત્સવથી વિહ્વલ બની ગયો હતો તેથી તે પણ બીજા કાર્યોને ભૂલી જઈ વિવાહના કાર્યમાં વ્યાકુલ થઈ રહ્યો હતો, તેથી તેણે વિવાહના અવસરે આવેલા એવા પોતાના મ્હોટા બંધુરૂપ મુનિને ઓલખ્યા નહીં અને આવકાર પણ આપ્યો નહીં તો પછી તેને દીક્ષા લેવાની તો વાતજ શી? પછી વિલક્ષ થએલા મુનિ ફરી ગુરૂ પાસે આવ્યા ત્યાં તેમણે આલોચના લઈ પોતાના ન્હાના ભાઇની સર્વ વાત નિવેદન કરી. ભવદત્તે પેલા મુનિને કહ્યું. "અહો! તમારા ભાઈની કઠોરતા ઉગ્ર દેખાય છે, કે જેણે પોતાના ઘરે આવેલા મ્હોટા બંધુ મુનિની અવજ્ઞા કરી. શું ગુરૂની ભક્તિથી વિવાહ કૌતુક વધારે કલ્યાણકારી છે? કે જે તમારો ભાઈ હર્ષસહિત વિવાહકૌતુકને ત્યજી દઇ પોતાના મ્હોટા ભાઈ રૂપ ગુરૂ પાસે ન આવ્યો. જો આપણા ગુરૂ મગધ દેશમાં વિહાર કરશે તો હું મ્હારા ન્હાના ભાઇનું કૌતુક તમને બતાવીશ."

એકદા શ્રી સુસ્થિર ગુરૂ વિહાર કરતા કરતા મગધ દેશ પ્રત્યે ગયા. આ વખતે નિપુણ એવા ભવદત્તે ગુરૂને નમસ્કાર કરીને વિનંતિ કરી કે "હે ભગવંત! દયાવંત એવા આપ જો મને આજ્ઞા આપો તો હુ આપની આજ્ઞાથી અહીં નજીક રહેલા મ્હારા સ્વજનોને મલી આવું." ગુરૂએ ફક્ત ભવદત્ત એકલાને ત્યાં જવાની રજા આપી, તેથી તે ઉપશમધારી ભવદત્ત પોતાના સ્વજનોના ઘર પ્રત્યે ગયો. આ વખતે ભવદતનો ન્હાનો ભાઇ ભવદેવ નાગદત્ત નામના શ્રેષ્ઠીની વાસુકી સ્ત્રીના ઉદરથી ઉત્પન્ન થએલી પુત્રીને હર્ષથી પરણ્યો હતો ભવદત્ત મુનિનું આગમન સાંભલી હર્ષ પામેલા અને વિવાહોત્સવ કરી રહેલા સર્વે વિવેકી બંધુઓ તેમની પાસે ગયા. પ્રથમ પ્રાસુક જલથી મુનિના ચરણને ધોઈ સર્વે માણસોએ તીર્થના જલથી અધિક

એવા તે જલને વાંદ્યું. પછી સંસારસાગરને વિષે બુડતા એવા પ્રાણીઓને તારનાર એવા તે મુનિને રોમાંચયુક્ત થએલા સર્વે જનોએ હર્ષથી વંદના કરી. ભવદત્ત મુનિએ પોતાના પૂર્વાવસ્થાના બાંધવોને કહ્યું. " હે દેવાનુપ્રિયો ! હમણાં તમે વિવાહના કામમાં વ્યાકુલ છો માટે અમે બીજે વિહાર કરીશું, અને તમને નિત્ય ધર્મલાભ હો. પછી ભક્તિથી ભાવિત ચિત્તવાલા સર્વે બાંધવોએ કલ્પ્ય અને એષણીય પ્રાસુક આહારથી તે મુનિને પ્રતિલાભ્યા. આ વખતે અંતઃપુરમાં ભવદેવ પોતાનો કુલાચાર પાલતો છતો પોતાની નવી પરણેલી સ્ત્રી નાગિલાને સખીઓ સહિત આભૂષણ ધરાવતો હતો. ત્યાં તેણે પોતાના બંધુનું આગમન સાંભલ્યું તેથી તે પોતાના ભાઇરૂપ મુનિને જોવાના ઉત્સાહને ધરતો છતો તુરત અર્ધા આભૂષણ ધારણ કરાવેલી પોતાની સ્ત્રીને ત્યજી દઈ ત્યાંથી ચાલી નિકલ્યો. " હે કાંત ! અર્ધ આભૂષણ કરેલી પ્રિયાને ત્યજી દઇ આપને જવું યોગ્ય નથી. " એમ સખીઓએ બહુ કહ્યું પણ તે તો તે ભવદેવે બહેરાની પેઠે સાંભલ્યુંજ નહીં. પણ તે ના પાડતી એવી સ્ત્રીઓને તેણે ઉત્તર આપ્યો કે " હે અબલા ! હું મ્હારા બંધુરૂપ મુનિને વંદના કરી ઝટ પાછો આવીશ. "

પછી ભાઈને જોવાના ઉત્સાહ યુક્ત મનવાલા ભવદેવે ત્યાંજ ઉભેલા ભવદત્ત મુનિને વંદના કરી. વંદના કરીને ઉભા થએલા પોતાના ન્હાના ભાઇને ભવદત્ત મુનીશ્વરે ચારિત્ર આપવાની ઇચ્છાથી ઘીનું પાત્ર ઝાલવા આપ્યું. પછી અનગારોમાં મુખ્ય એવા ભવદત્ત મુનિ, બીજા કુટંબીઓ ઉપર દ્રષ્ટિ દઇ ત્યાંથી તુરત ચાલી નિકલ્યા. ભવદેવ પણ બંધુ ઉપર ઝરતી ભક્તિને લીધે હાથમાં ઘીનું પાત્ર ઝાલીને તેમની પાછલ ચાલ્યો. જેમ ભવદેવ તેમ બીજા બહુ સ્ત્રી પુરૂષો પણ પ્રેમને લીધે ભવદત્ત મુનિની પાછલ ચાલ્યા. મુનિએ પોતાની પાછલ આવતા એવા માણસો માંહેથી કોઇને પાછા જવાનું કહ્યું નહીં, કારણ તપસ્વીઓને તે યોગ્ય છે. વલી મુનિએ પાછા જવાની રજા નહિ આપેલા અને લજ્જાથી વશ થએલા તે સર્વે કેટલેક સુધી પાછલ ગયા. બહુ દૂર જવાથી વ્યાકુલ થએલા અને આદરરહિત એવા સર્વે સ્ત્રી પુરૂષો તે મુનિને નમસ્કાર કરી પોત પોતાની મેલે પાછા વલ્યા. ભોળા મનવાલો ભવદેવ વિચાર કરવા લાગ્યો કે " મુનીશ્વરે રજા નહિ આપ્યા છતાં આ સર્વે લોકો પાછા જાય છે પણ ખરે તેઓ મુનીશ્વરના બંધુઓ નથી, અને હું તો તેમનો અતિ સ્નેહવાળો બંધુ છું માટે મુનીશ્વરે રજા આપ્યા વિના મ્હારે પાછું વળવું તે યોગ્ય નથી. પછી ભવદત્ત મુનિ વાર્તાથી પોતાના ન્હાના ભાઇને આસક્ત બનાવી આદરથી સુગ્રામ ગામમાં તેડી લાવ્યા કે જ્યાં પોતાના ઉત્તમ ગુરૂ હતા. બંધુ સહિત ભવદત્ત મુનિને વસતિદ્વારમાં આવેલા જોઇ બીજા બાલ શિષ્યો મુખ મલકાવી પરસ્પર કહેવા લાગ્યા કે " આ મુનિ કોઇને દીક્ષા લેવરાવવા અહીં તેડી લાવ્યા છે. શ્રીમાન્ પુરૂષો પોતાના કહેલા વચનને પ્રમાણ કરવા બહુ

પ્રયત્ન કરે છે. " પછી ગુરૂએ ભવદત્તને પૂછયું કે " ત્હારી સાથે આ બીજો કોણ આવ્યો છે ? " ભવદત્તે ઉત્તર આપ્યો કે " હે ભગવન્ ! તે વ્રત લેવા આવેલો છે. " પછી ગુરૂએ ભવદેવને પૂછયું કે " તું દીક્ષા લેશે ? " ભવદેવે કહ્યું. " મ્હારો ભાઈ મૃષા ભાષણ કરનારો ન થાઓ. " ગુરૂએ તેને તુરત દીક્ષા આપી અને બીજા બે સાધુઓની સાથે વિહાર કરવા આજ્ઞા આપી.

હવે બહુ વાર થયા છતાં પણ જ્યારે ભવદેવ ઘેર ન ગયો ત્યારે સ્વજનો પાછા સુગ્રામ ગામમાં આવી પૂછવા લાગ્યા કે " અર્ધા આભૂષણો ધારણ કરાવેલી સ્રીને ત્યજી દઇ ભવદેવ તમારી પાછલ આવ્યો છે, તે જ્યાં સુધી ઘેર નથી આવ્યો ત્યાં સુધી અમે જીવતા છતા મુવા સરખા છીએ તેમજ પતિના સમીપપણાને ત્યજી દીધેલી ચકલીની પેઠે તે નવીન કન્યા મનમાં બહુ ખેદ પામે છે એટલુંજ નહિ પણ તેણીના નેત્રમાંથી ઝરતું જલ કયારે પણ સુકાતું નથી. ભવદેવ એકલો રજા લીધા વિના કયાંઈ ચાલ્યો જાય તે સ્વપ્નામાં પણ સંભવતું નથી. તો તે શું કયાંઈ ગયો હશે ? ભવદેવને નહિ જોવાથી જાણે પોતાનું સર્વ દ્રવ્ય નાશ પામ્યું હોયની ? અથવા તો જાણે પોતે ગાંડી થઇ ગઇ હોયની ? એમ નાગિલા પોતે ત્યાં આવીને વારંવાર ભવદત્ત મુનિને પૂછવા લાગી કે " હે સાધો ! તમારો ન્હાનો ભાઇ કયાં ગયેલ છે ? " ભવદત્ત મુનિએ પોતાના ન્હાના ભાઇનું ધર્મને વિષે ઉત્તર ફલ ઇચ્છતાં છતાં મિથ્યા વચન કહ્યું કે " તે અહીં આવીને તુરત ચાલ્યો ગયો છે. તેથી હું નથી જાણતો કે તે કયાં ગયો છે. " પછી " શું તે બીજા માર્ગે ગયો હશે ? એમ કહેતા અને જાણે છેતરાયેલા હોયની ? એવા અતિ દીન થએલા મુખવાળા તે સર્વે માણસો પાછા આવ્યા.

હવે ભવદેવ મનમાં નવોઢા એવી નાગિલાનું સ્મરણ કરતો છતો કેવલ ભાઇની ભક્તિને લીધેજ મન વિના ચારિત્ર પાળતો હતો. કેટલેક કાળે ભવદત્ત મુનિ અનશન લઈ મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં મહા સમૃદ્ધિવંત દેવતાપણે ઉપન્યા. પછી ભવદેવ મનમાં વિચાર કરવા લાગ્યો કે " મને નાગિલા બહુ પ્રિય છે તેમ હું પણ તેને બહુ વ્હાલો છું છતાં અમારા બન્નેનો વિયોગ થયો છે. મેં ભાઇના ઉપરોધથી બહુ કાલ દીક્ષા પાળી છે પણ તે ભાઈ તો સ્વર્ગે ગયો તો હવે કલેશ આપનારી આ દીક્ષાવડે મ્હારે શું ? હું જેવો તે પ્રાણપ્રિયા નાગિલાના વિયોગથી પીડા પામ્યો છું તેવો આ દુષ્ટ વ્રતથી પીડા પામ્યો નથી. હા હા તો હવે તે કેવી થઇ ગઈ હશે ? મૃગના સરખા નેત્રવાળી તે પ્યારીને જો હું જીવતી જોઈશ તો સકામ એવો હું તેની સાથે નિરંતર ક્રીડા કરીશ."

ભવદેવ આ પ્રમાણે વિચાર કરી પોતાનું બહુ કાળ પાળેલું દાક્ષિણ્યપણું ત્યજી દઇ બીજા સર્વે સાધુઓની રજા લઇ ત્યાંથી ચાલી નિકળ્યો. સંસારમાં પડવાને

તૈયાર થએલો ભવદેવ અનુક્રમે સુગ્રામ ગામ પ્રત્યે આવ્યો અને વ્રતને વિષે આળસુ એવો તે ગામની સમીપે રહેલી વાવ ઉપર બેઠો. આ વખતે ત્યાં કોઇ સ્ત્રી, બ્રાહ્મણીની સાથે પાણી ભરવા આવી તેણીએ તે મહાત્માને જોઇ ભક્તિથી વંદના કરી. "પછી ભવદેવે તે સ્ત્રીને પૂછયું. "હે અનઘે! રાષ્ટ્રકૂટક નામનો ગૃહસ્થ પોતાની રેવતી પ્રિયા સહિત જીવે છે કે નહિ.? તેણીએ કહ્યું. "હે મુનીશ્વર રાષ્ટ્રકૂટક અને તેની પ્રિયા રેવતી એ બન્ને જણાને મરી ગયે બહુ વર્ષ થઇ ગયાં છે." મુનિએ ફરીથી પૂછયું. "રાષ્ટ્રકૂટના પુત્ર ભવદેવે જેણીને ત્યજી દીધી હતી તે નવી સ્ત્રી છે કે નહિ?" સ્ત્રીએ મનમાં વિચાર્યું કે "જેને મ્હોટા ભાઇએ વ્રત લેવરાવ્યું હતું તે આ ભવદેવ પોતેજ જણાય છે, માટે આવેલા એને હું પૂછી જોઉં" આમ ધારી તે સ્ત્રીએ કહ્યું કે "રાષ્ટ્રકૂટ અને રેવતીથી ઉત્પન્ન થએલા તમે પોતે ભવદેવ છો કે શું, તમે પોતે સાધુ અહીં આવ્યા દેખાઓ છો?" ભવદેવે કહ્યું. "તમે સારો ઓળખ્યો. હું નાગિલાનો પ્રાણવલ્લભ ભવદેવ છું. મ્હોટા ભાઇના ઉપરોધથી તેની પાછલ જતા એવા મેં તે પ્રાણપ્રિયાને ત્યજી દઇ અનિષ્ઠ એવાય પણ દુષ્કર વ્રતને આદર્યું છે. હમણાં મ્હારા મ્હોટા બંધુ મૃત્યુ પામ્યા તેથી હું તેમના પ્રતિબંધથી મુક્ત થયો છું. માટે નાગિલા કેમ રહે છે તેમ હું તે પ્રિયાને જોવા માટે આવ્યો છું." ભવદેવનાં આવાં વચન સાંભળી નાગિલા વિચાર કરવા લાગી કે "એણે મને બહુ કાળે દીઠી હતી તેથી તે ફરી ગએલા વય, રૂપ, ગુણ અને શોભાવાળી મને ઓલખી શકયા નહિ માટે હું તેમને મ્હારી પોતાની વાત કહું." એમ ધારી નાગિલાએ કહ્યું. "હે મુનિ! તમે નવી પરણેલી જે સ્ત્રીને ત્યજી દીધી હતી તે પોતે હું નાગિલા છું. આપ વિચારો. આટલો બધો કાળ ગયે છતે અને યૌવનાવસ્થાએ પણ ત્યજી દીધે છતે મ્હારે વિષે ગુણના મંદીર રૂપ લાવણ્યપણું કયાંથી હોય? માટે સ્વર્ગ અને મોક્ષસુખના ફળરૂપ જ્ઞાન, દર્શન અને ચારિત્ર નામના ત્રણ રત્નને ત્યજી દઈ વરાટિકાના સમાન એવી મ્હારા ઉપર તમે સ્પૃહા ન કરો વલી તમે નરક રૂપ ખાઈમાં પાડી દેનારા અને મોહ પમાડનારા વિષયોના અતિ પરાધિનપણાને ન પામો. હે મુનિ! હિતેચ્છુ એવા બંધુએ તમને દીક્ષા લેવરાવી છે તો હવે મ્હારે વિષે આસક્ત થઇ તે વ્રતને પાપરૂપ ખાઇમાં ન ફેંકી દ્યો. તમે આજે પાછા ગુરૂ પાસે જાઓ અને મ્હારા ઉપર અનુરાગ કરવાથી ઉત્પન્ન થએલા પાપની તેમની પાસે આલોચના લ્યો."

નાગિલા આ પ્રમાણે જેટલામાં ભવદેવને શિખામણ આપતી હતી તેટલામાં બ્રાહ્મણીનો પુત્ર ખીરનું ભોજન કરીને ત્યાં આવ્યો તે પુત્ર પોતાની માતાને કહેવા લાગ્યો. "હે માત! આજે મેં ખીરનું ભોજન કર્યું છે તેને હું વમું છું, માટે તું પાત્ર ધરી રાખ મ્હારે બીજે સ્થાનકેથી ભોજનનું આમંત્રણ આવ્યું છે અને ત્યાં દક્ષિણા મળવાની છે મેં ખીરનું ભોજન કર્યું છે માટે હું ફરીથી ભોજન કરવા શક્તિવંત નથી. હું ત્યાં દક્ષિણા લઇ ખીરનું ભોજન કરી અને પછી અવસરે

પોતાનું વમી કાઢેલું હું પોતે ભક્ષણ કરીશ. પોતાનું ઉચ્છિષ્ટ ભોજન કરવામાં લાજ શી ? બ્રાહ્મણીએ કહ્યું. "હે પુત્ર ! તું પોતે વમેલું અને નિંદા કરવા યોગ્ય ભક્ષણ કરવા તૈયાર થાય છે, પણ તે નિંદ્ય કાર્યથી તું સર્વ લોકમાં નિંદા કરવા યોગ્ય થઈશ." ભવદેવ મુનિ પણ બ્રાહ્મણ પુત્રનું વચન સાંભળી તેને કહેવા લાગ્યા. "હે બટુક ! તું વમન કરેલાને ભક્ષણ કરીશ તો નિશ્ચે કુતરાથી પણ હીન કહેવાઇશ." નાગિલાએ મુનિને કહ્યું. "જો આપ તે બ્રાહ્મણપુત્રને એમ કહો છો અને જાણો છો તો પછી તમે પોતે મને વમી દઇને (ત્યજી દઇને) ફરી ભોગવવાની કેમ ઇચ્છા કરો છો ?" આ મ્હારો દેહ વિષ્ટા, મૂત્ર, માંસ, ચરબી અને હાડકાંથી ભરેલો હોવાને લીધે અપવિત્ર વસ્તુના સ્થાનરૂપ છે તેથી તે વમન કરેલા પદાર્થથી પણ વધારે નિંદા કરવા યોગ્ય છે તો તેની ઇચ્છા કરતાં તમે કેમ લાજ નથી પામતા ? તમે પર્વત ઉપર બળતા અગ્નિને જોવા જાઓ છો પણ પોતાના પગ નીચે થતા ભડકાને જોતા નથી. જે બીજાને શીખામણ આપવા તૈયાર થાઓ છો પણ પોતાના આત્માને શિક્ષણ કરતા નથી. જેઓ બીજાને પૂર્ણ રીતે શિક્ષણ કરે છે તેઓની પુરૂષની ગણના શી ? કારણ તેજ માણસને પુરૂષની ગણત્રીમાં ગણી શકાય કે જે પોતાના આત્માને શિક્ષણ કરવા સમર્થ છે."

પછી ભવદેવે કહ્યું "હે શુભે ! તેં બહુ સારૂં કર્યું જે આવી શિખામણ દઈ જાતિઅંધની પેઠે અવળે માર્ગે જતા એવા મને સારા માર્ગે દોર્યો. હવે હું આજેજ મ્હારા બંધુઓને મળી તુરત હર્ષથી ગુરૂ પાસે જઇ પોતાના કરેલા દુષ્કૃત્યની આલોચના લઇ ઉગ્ર તપ આચરીશ." નાગિલાએ કહ્યું. "તમારે સ્વજનોને મળવાનો શી જરૂર છે ? હમણાંજ તમે પોતાના સ્વાર્થને મેળવવા તત્પર થાઓ. તમારાં સ્વજનો તમને ગુરૂના દર્શન કરવામાં મૂર્તિમંત વિઘ્ન રૂપ થઈ પડશે. પછી ભવદેવે ઉત્તમ પ્રકારે જિનપ્રતિબિંબોને વંદના કરી ગુરૂની પાસે જઇ આલોચના લીધી. અતિચારરહિત શુદ્ધ ચારિત્રને પાળતો એવો તે ભવદેવ મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં ઇંદ્રનો સામાનક દેવતા થયો.

હવે ભવદત્ત મહામુનિનો જીવ કે જે સૌધર્મ દેવલોકમાં દેવતા થયો હતો તે સ્વર્ગથી ચવીને વિશ્વમાં ઉત્તમ એવા મહાવિદેહક્ષેત્રની પુષ્કલાવતી વિજયની પુંડરીકિણી નગરીના વજ્રદત્ત ચક્રવર્તિની યશોધરા સ્ત્રીના ઉદરને વિષે અવતર્યો. જેમ તળાવને વિષે રાજહંસ ઉતરે તેમ યશોધરાના ઉદરને વિષે ભવદત્તનો જીવ અવતરે છતે તેણીને સમુદ્રમાં સ્નાન કરવાનો ડોહોલો ઉત્પન્ન થયો. વજ્રદત્ત ચક્રવર્તિએ સમુદ્ર સમાન સીતા નામની મહા નદીમાં પોતાની પ્રિયાને બહુ વાર ક્રીડા કરાવી તેણીનો ડોહોલો પૂર્ણ કર્યો. પછી પૂર્ણ થએલા ડોહોલાવાળી અને મનસ્વિની એવી તે યશોધરા પટ્ટરાણીએ દિવસે દિવસે પોતાના લાવણ્યને અધિક ખિલાવ્યું. જેમ

પૂર્વ દિશા સૂર્યના મંડળને પ્રગટ કરે તેમ પૂર્ણ અવસરે તે યશોધરાએ એક ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. શુભ અંતઃકરણવાળા વજ્રદત્ત ચક્રવર્તિએ શુભ દિવસે ડોહોલાના અનુસારે તે પુત્રનું સાગરદત્ત નામ પાડ્યું. નિરંતર પાંચ ધાવમાતાઓથી લાલન કરાવાતો તે પુત્ર આકાશમાંના બાલચંદ્રની પેઠે અધિક વૃદ્ધિ પામવા લાગ્યો. પિતાએ તેને કલાચાર્ય પાસે અભ્યાસ કરવા મોકલ્યો. ત્યાં તેણે થોડા કાળમાં સર્વ કળાનો અભ્યાસ કર્યો. જેમ સમુદ્ર સર્વ નદીઓને પરણે તેમ માતા પિતાએ સ્વંયંવરમાં આવેલી બહુ કન્યાઓ સાથે તેને પરણાવ્યો.

એકદા સાગરદત્ત કુમાર પોતાના મહેલમાં બેઠે છતો પ્રિયાની સાથે ક્રીડા કરતો હતો એવામાં તેણે આકાશમાં મેરૂ પર્વત સમાન ચડી આવેલું વાદલ જોયું. સાગરદત્ત તેને જોઇ વિચાર કરવા લાગ્યો કે " જેવો મેં મેરૂ પર્વતનો રંગ સાંભલ્યો છે તેવોજ આ વાદળાનો છે. અહો ! શું તેની મહા રમ્યતા છે ! આવી રીતે વિચાર કરતા અને મેરૂ પર્વત સમાન તે મેઘમંડલને જોતા એવા તે સાગરદત્ત કુમારની દ્રષ્ટિ જાણે મેઘને વિષે ચોટી ગઇ હોયની ? એમ નીચે જતી ન હતી. જેમ પાણીનો પરપોટો તુરત ફુટી જાય એમ પ્રબલ વાયુથી તે મેઘ મંડલ સાગરદત્તના જોતા જોતામાં કયાંઈ અદૃશ્ય થઈ ગયું. તેથી સાગરદત્ત વિચાર કરવા લાગ્યો કે જેવી રીતે આ મેઘ વિનશ્વર છે તેવી રીતે આ દેહ પણ નાશવંત છે તો પછી સર્વ સંપત્તિઓ નાશવંત સ્વભાવની હોય તેમાં તો શું કહેવું ! જે વસ્તુ સવારે દેખાય છે તે બપોરે દેખાતી નથી, જે બપોરે દેખાય છે તે સાંજે દેખાતી નથી માટે નિશ્ચે આ જગત્ અનિત્ય છે. માટે હું વિવેક રૂપ જલથી સિંચન કરેલા મનુષ્યભવ રૂપ કલ્પવૃક્ષના કર્મફલને છેદનારા દીક્ષારૂપ ફલને અંગીકાર કરૂં. "

આ પ્રમાણે વૈરાગ્યને પ્રગટ કરતા એવા સાગરદત્ત કુમારે માતા પિતાની રજા લઇ અનેક રાજાઓ સહિત હર્ષથી દીક્ષા લીધી. નાના પ્રકારના અભિગ્રહવાળા ગુરૂની સેવામાં તત્પર અને વિગ્રહરહિત એવા સાગરદત્ત મુનિ અનુક્રમે સર્વ આગમના પારગામી થયા. સાગરદત્ત મુનીશ્વરને તીવ્ર તપ કરતાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. કહ્યું છે કે-ઉત્તમ એવા તપથી શું શું નથી પ્રાપ્ત થતું ? અર્થાત્ સર્વ મળે છે.

હવે ભવદેવનો જીવ પણ દેવલોકથી ચવીને તેજ વિજયની વીતશોકા નામની મહાનગરીના અતિ સંપત્તિવાળા પદ્મરથ રાજાની વનમાલા સ્ત્રીના ઉદરથી શિવ નામના પુત્રપણે ઉત્પન્ન થયો. કલ્પવૃક્ષના અંકુરની પેઠે બહુ યત્નથી પાલન કરાતો તે કાનસીયા ધારી પુત્ર અનુક્રમે વૃદ્ધિ પામ્યો. જાણે પ્રથમથી સંકેત કરી રાખેલી હોયની ? એવી સર્વકલાઓએ ગુરૂની સાક્ષી માત્ર કરવામાં તે શિવકુમારને વિષે નિવેશ કર્યો પછી યુવાવસ્થા પામેલા તે રાજપુત્ર શિવકુમારને માત પિતાએ કુલવંત બહુ રાજકન્યાઓ પરણાવી. કુમાર લતાઓની પેઠે તે રાજકન્યાઓની સાથે ક્રીડા કરવા લાગ્યો.

એકદા શિવકુમાર ( ભવદેવનો જીવ ) પોતાની સ્ત્રીઓની સાથે ગોખમાં બેઠો હતો એવામાં તે નગરીના ઉપવનને વિષે પ્રથમથી સમવસરેલા સાગરદત્ત ( ભવદત્તનો જીવ ) મુનિ કે જે મહામુનિ એક માસના ઉપવાસી હતા તેમને કામસમૃદ્ધ નામના સાર્થવાહ ( સંઘ ) પતિએ ભકિતથી શુદ્ધ ભોજન વડે પ્રતિલાભ્યા. તે વખતે તે કામસમૃદ્ધના ઘરને વિષે પાત્રદાનના પ્રભાવથી બહુ વસુવૃષ્ટિ થઇ. કહ્યું છે કે પાત્રદાનના પ્રભાવથી શું શું નથી થતું ? ગોખમાં બેઠેલા શિવકુમારે આ વસુવૃષ્ટિની વાત સાંભળી તેથી તે સાગરદત્ત મુનિ પાસે જઇ મરાલપક્ષીની પેઠે તેમના ચરણકમલ સમીપે બેઠો. પછી દ્વાદશાંગી રૂપ નદીઓના સમુદ્ર રૂપ સાગરદત્ત મુનીશ્વરે કલ્યાણથી શોભતા એવા શિવકુમારને અરિહંતનો ધર્મ કહ્યો. વળી બુદ્ધિવંત એવા તે કુમારના સ્ફટિક સમાન નિર્મલ ચિત્તને વિષે સંસારની અસારતાનો પ્રવેશ કરાવ્યો. પૂર્વ ભવના સંબંધથી ઉત્પન્ન થતા સ્નેહવાળા શિવકુમારે સાગરદત્ત મુનિને પૂછ્યું કે " તમને જોવાથી મને અધિક અધિક હર્ષ કેમ ઉત્પન્ન થાય છે ?" સાગરદત્ત મુનિએ અવધિજ્ઞાનથી પૂર્વભવોને જાણી તેને કહ્યું કે " પૂર્વ ભવને વિષે તું યોગ્ય એવો મ્હારો ન્હાનો ભાઇ હતો. હે મહાભાગ ! ત્હારૂં પરલોકસંબંધી હિત ઇચ્છનારા મેં ચારિત્ર નહિ ઇચ્છનારા તને કપટ કરી ચારિત્ર લેવરાવ્યું. પછી આપણે બન્ને જણા સૌધર્મ દેવલોકમાં મહા સમૃદ્ધિવંત દેવતા થયા હતા. હે શિવકુમાર ! એજ કારણથી આ ભવમાં પણ આપણી પરસ્પર બહુ પ્રીતિ થઈ. હું આ જન્મને વિષે રાગરહિત હોવાથી પોતાના અને પારકા માણસો ઉપર સરખી દ્રષ્ટિવાળો છું અને તું સરાગ હોવાથી આજસુધી મ્હારા ઉપર પૂર્વ જન્મનો પ્રેમ ધરી રાખે છે." શિવકુમારે કહ્યું. " મેં પૂર્વ ભવે ચારિત્ર લીધું હતું તેથી હું દેવતા થયો હતો તો હે પ્રભો ! આ ભવને વિષે પણ પૂર્વ જન્મની પેઠે મને તમે પોતેજ ચારિત્ર આપો." હું જેટલામાં મ્હારા માતા પિતાની રજા લઈ વ્રત લેવા માટે અહીં આવું, ત્યાં સુધી આપ મ્હારા ઉપર કૃપા કરી અહીંજ રહેજ્યો." પછી શિવકુમાર, મુનિને નમસ્કાર કરી ઘરે આવી માતા પિતાની વિનંતિ કરવા લાગ્યો કે " મેં આજે સાગરદત્ત મુનિના મુખથી ધર્મ સાંભળ્યો છે અને તેમના પ્રસાદથી સંસારની અસારતા જાણી છે તેથી હું સંસારથી વૈરાગ્ય પામ્યોછું. માટે મને ચારિત્ર લેવાની રજા આપો." માતા પિતાએ કહ્યું. હે પુત્ર ! તું યૌવનાવસ્થામાં દીક્ષા ન લે, કારણ આજસુધી અમે ત્હારી ક્રીડાને જોવાનું સુખ ભોગવ્યું નથી. હે શિવકુમાર ! તું આજે એક પગલા માત્રમાં આવો નિરભિમાની કેમ થઇ ગયો ? તું જે કારણથી અમને ત્યજી દે છે, તે ધર્મ તો તેં નિત્ય સાંભળ્યો છે. જો તું પિતૃભક્તિપણાને લીધે અમારી રજા લઈને જઇશ તો તને ના પાડવાનો અમને શો લાભ થશે ? પછી માતા પિતાની આજ્ઞા વિના ગુરૂ પાસે જવા નહિ શક્તિવંત થએલો શિવકુમાર, સર્વ સાવદ્ય વ્યાપાર ત્યજી દઇ ત્યાંજ રહી ભાવ

સાધુ થયો. "હું સાગરદત્ત મુનિનો શિષ્ય છું." એવો નિશ્ચય કરી શિવકુમારે મૌન વ્રત આદર્યું. કહ્યું છે કે મૌન વ્રત એ સર્વ અર્થને સાધનારૂ છે. માતા પિતા તેને બળથી ભોજન કરાવવા માંડે પણ તે જરા ખાય નહિ અને તે શિવકુમાર માતા પિતાને એમજ કહ્યા કરે છે કે મને કાંઈ રૂચતું નથી." આ પ્રમાણે કરવાથી મોક્ષના અર્થી એવા શિવકુમારે પિતા પદ્મરથ ભૂપતિને બહુ ઉદ્વેગ પમાડયો. તેથી તેણે દઢ ધર્મવાળા શ્રેષ્ઠીપુત્ર કે જે શિવકુમારનો મિત્ર થતો હતો તેને બોલાવીને કહ્યું કે "અમે શિવકુમારને વ્રત લેવાની ના પાડી તેથી તેણે એવું મૌનવ્રત લીધું છે કે તેને કોઈપણ ભોજન કરાવવા શક્તિવંત થતું નથી. હે અનઘ! તું જે પ્રકારે જાણે છે તે પ્રકારે કરીને શિવકુમારને ભોજન કરાવ્ય. હે નિપુણ! અને તું તે પ્રકારે કરીશ તો પછી તેં મ્હારા ઉપર શો શો ઉપકાર નથી કર્યો એમ હું માનીશ." પછી શુદ્ધ બુદ્ધિવાળો દઢધર્મ પદ્મરથ ભૂપતિની તે આજ્ઞાને અંગીકાર કરી તુરત હર્ષથી શિવકુમાર પાસે ગયો. ઉત્તમ બુદ્ધિવાળા દ્રઢધર્મે શિવકુમારના મહેલની અંદર પ્રવેશ કરતાં નિસીહિ કરીને વિધિ પ્રમાણે ઈર્યાપથિકી કરી ત્યારપછી પૃથ્વીને પુંજી દ્વાદશાવર્ત વંદન કરી "મને આજ્ઞા આપો" એમ કહી શિવકુમાર પાસે બેઠો. શિવકુમારે કહ્યું "હે મિત્ર! જે વિનય સાગરદત્ત મુનિની પાસે કરવો ઘટે તે વિનય મ્હારી પાસે કેમ કરો છો?" દઢધર્મે કહ્યું. "જે કોઈ સ્થાનને વિષે પણ સમ્યક્ દ્રષ્ટિવંત પુરૂષને વિષે યોગ્ય એવા સમભાવ હોય તે સર્વનો વિનય કરવો યોગ્ય છે જે કોઈ પુરૂષનું મન ઉપશમવાળું હોય તે પુરૂષ વંદના કરવા યોગ્ય છે તેવા પુરૂષને વંદના કરવામાં કાંઈ દોષની શંકા કરાતી નથી. હે રાજકુમાર! હું આપને પૂછવા માટે અહીં આવ્યો છું કે તાવથી પીડા પામતા માણસની પેઠે આપે ભોજન શા માટે ત્યજી દીધું છે?" શિવકુમારે કહ્યું. "હે મિત્ર! માતા પિતા મને વ્રત લેવાની આજ્ઞા આપતા નથી. માટે ગૃહસ્થ વૈરાગ્ય પામેલો હું ભાવસાધુ થઇને રહ્યો છું. માતા પિતા જ્યારે મને વ્રત લેવાની રજા આપશે ત્યારે હું ભોજન કરીશ. નહિ તો કયારે પણ ભોજન કરવાનો નથી." દઢધર્મે કહ્યું. "હે શુભ મનવાળા! જો એમ હોય તો હમણાં ભોજન કર, કારણ દેહને આધીન ધર્મ રહેલો છે અને આહારને આધિન દેહ છે. અર્થાત્ આહાર કરવાથી દેહ રહેશે અને દેહ રહેવાથી ધર્મ બની શકશે. મુનિઓ પણ પ્રાસુક એવા આહારને ગ્રહણ કરે છે. કારણ આહારરહિત શરીર છતે ધર્મકાર્ય કરવું દુષ્કર છે." શિવકુમારે કહ્યું. મને તેવો કોઈ શ્રાવક મળતો નથી કે જયાં પ્રાસુક આહાર હોય માટે હું ઘરને વિષે ભોજન ન કરવું તે શ્રેષ્ઠ માનું છું." દઢધર્મે કહ્યું. "આપે તે યોગ્ય કહ્યું છે તો પણ હવે તે સર્વ ભોજનાદિ પ્રાસુકજ થશે." શિવકુમારે કહ્યું. "હુ બાર વર્ષ પર્યંત છઠ્ઠ કરીને પારણે આંબિલ કરીશ" પછી સાધુના આચારમાં વિચક્ષણ એવો દઢધર્મ, તે દિવસથી ભાવસાધુ એવા શિવકુમારનો વિનય કરવા લાગ્યો.

આ પ્રમાણે તપ કરતા એવા શિવકુમારનાં બાર વર્ષ વીતી ગયાં પણ માતા પિતાએ મોહથી તેને ગુરૂ પાસે મોકલ્યો નહિ. પછી શિવકુમાર મૃત્યુ પામીને બ્રહ્મલોકમાં વિદ્યુન્માલી નામે ઇંદ્રનો સામાનિક દેવતા થયો.

( શ્રી મહાવીરપ્રભુ શ્રેણિક રાજાને કહે છે કે,) હે નૃપ ! ઉપર કહેલા કારણથી પુણ્યપુષ્ટ અને સમીપ રહેલા ચ્યવનવાળા તે વિદ્યુન્માલી દેવતાની બીજા દેવતાઓથી અધિક અધિક કાંતિ દેખાય છે. આજથી સાતમે દિવસે ચવીને તે દેવ આજ નગરમાં શ્રીઋષભશ્રેષ્ઠીના જંબૂનામના પુત્રપણે ઉત્પન્ન થશે તે અંત્યકેવલી થવાનો છે."

તે વખતે પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેથી તે વિદ્યુન્માલી દેવતાની ચારે સ્રીઓએ તે કેવળી પાસે આવીને આ પ્રમાણે પૂછયું. "હે વિભો ! અમે વિદ્યુન્માલી દેવતાની સ્રીઓ તેનાથી વિયોગ પામેલી છીએ. હવે અમારો તેની સાથે કોઇ પણ ઠેકાણે મેળાપ થશે કે નહિ ? કેવલીએ કહ્યું. "આ નગરમાં સમુદ્ર પ્રિયસમુદ્ર, કુબેર અને સાગર એ નામના ચાર શ્રેષ્ઠીઓ વસે છે. તે ચારે શ્રેષ્ઠીઓની તમે ચારે ઉત્તમ પુત્રીઓ થશો ત્યાં તમારે પૂર્વ ભવના પતિનો મેલાપ થશે." પછી સુર અસુરોએ પૂજન કરેલા ચરણ કમળવાળા અને દયાના ભંડાર એવા શ્રી મહાવીર પ્રભુએ ભવ્યજનોને પ્રતિબોધ કરવા માટે બીજે સ્થાને વિહાર કર્યો.

## અધિકાર બીજો:—

આ ભરતક્ષેત્રના રાજગૃહી નામના નગરમાં કીર્તિ અને કાન્તિએ કરી મનોહર શ્રેણિક નામનો રાજા રાજ કરતો હતો. તેની સભાને શોભાવનાર કૃતજ્ઞ મોટી ઋદ્ધિવાળો રૂષભદત્ત નામનો શ્રેષ્ઠી વસતો હતો. તેની સાથે જ ધર્મનું આચરણ કરનારી સત્ય ધર્મને અનુસરનારી અને સર્વ પ્રકારના ગુણોને ધારણ કરનારી ધારણી નામે સ્રી હતી.

એકદા ધારિણી વિચાર કરવા લાગી કે " હા હા ! સંતાનરહિત હોવાને લીધે મ્હારો જન્મ વાંઝીયા વૃક્ષની પેઠે નિષ્ફલપણું ધારણ કરે છે. ખરેખર સ્તનમાં બહુ અમૃત રસની પેઠે શિતલપણું પ્રગટ કરનારો પુત્ર તો ભાગ્યવંત એવી સ્રીઓના ખોળામાં ક્રીડા કરે છે. મુખ્ય આ સંસારવાસ પાપને અર્થે છે તેમાં વલી પુત્રરહિતપણું એ નિશ્ચે મ્હારે મીઠા વિનાના ખરાબ ભોજનની પેઠે થયું છે. " આવી ચિંતાથી વ્યાકુલ થએલી સ્રીને જોઇ કાંઇક ખેદ યુક્ત થએલા મનવાલા રૂષભદત્ત શ્રેષ્ઠીએ કહ્યું કે " હે પ્રાણપ્રિયે ! તને આવી મહા ચિંતા શી છે ? " શ્રેષ્ઠીએ બહુ કદાગ્રહ કરીને પૂછયું એટલે ધારિણીએ તેને સંતાન નહિ હોવાથી થએલું દુઃખ કહ્યું. જો કે ધારિણીએ પોતાને પુત્ર નહિ હોવાનું દુઃખ પતિને આપ્યું તો પણ તેથી તેણીનું દુઃખ જરાપણ ઓછું થયું નહીં પરંતુ અધિક અધિક વૃદ્ધિ

પામવા લાગ્યું. જેમ કૃષ્ણ પક્ષના ચંદ્રમાની કાંતિ દિવસે દિવસે ઘટતી જાય તેમ નિરંતર છાતીને વિષે શલ્ય સમાન અપુત્રપણાના દુ:ખથી ધારિણી બહુ દુબલી થઈ ગઇ.

એકદા તેનું દુ:ખ ભૂલાવી દેવાની ઇચ્છાથી પતિએ પ્રિયાને કહ્યું. "હે પ્રિયે ! ચાલો આપણે વૈભાર પર્વતના મનોહર ઉદ્યાનમાં જઇ ક્રીડા કરીએ. " ધારિણીએ પોતાના પતિનું વચન " બહુ સારૂ " એમ કહીને અંગીકાર કર્યું. કારણ સ્ત્રીઓએં " મ્હારા દુ:ખની વિસ્મૃતિ થાઓ " એમ ધારી પતિની વાણી માનવા યોગ્ય છે. પછી સેવકે તૈયાર કરીને આણેલા મનોહર રથ ઉપર ઋષભદત્ત શ્રેષ્ઠી પોતાની પ્રિયા સહિત બેઠો. અનુક્રમે રસ્તે જતા એવા શ્રેષ્ઠીએ પોતાની આંગળીની સંજ્ઞાથી ધારિણીને વૈભાર પર્વતનો નજીક આવેલું મનોહર ઉદ્યાન બતાવ્યું. પછી પ્રિયા સહિત આમ તેમ ફરતા એવા શ્રેષ્ઠીએ કોઈ વૃક્ષની છાયામાં બેઠેલા યશોમિત્ર નામના સિદ્ધપુત્રને જોયો. ઋષભશ્રેષ્ઠીએ મનોહર વાણીથી સિદ્ધપુત્રને કહ્યું. " તું મ્હારો સાધર્મી છે તો કહે તું કયાં જાય છે ? " સિદ્ધપુત્રે કહ્યું. " શ્રી વર્દ્ધમાનસ્વામીના શિષ્ય અને પાંચમાં ગણધર તેમજ શ્રુતકેવલી એવા ઉત્તમ સુધર્મા ગણધર આ ઉદ્યાનને વિષે સમવર્યા છે. તેમને હું વંદન કરવા જાઉં છું. હે વત્સ ! જો ત્હારે તેમને વંદન કરવાની ઇચ્છા હોય તો તમે તે ધર્મધારી મુનિની આગલ જવાની ઉતાવલ કરો." પછી તે દંપતી, સિદ્ધપુત્રના વચનને અંગીકાર કરી તેની સાથે ચાલ્યા. અનુક્રમે તે ત્રણે જણાઓ સુધર્માસ્વામીથી પવિત્ર કરેલા સ્થાન પ્રત્યે ગયા. ત્યાં તે ત્રણે જણાઓ સુધર્મા ગણધરને દ્વાદશાવર્ત્ત વંદનથી યોગ્ય વંદના કરી ભક્તિથી તેમની આગલ બેઠા, અને તેમના ધર્મોપદેશરૂપ અમૃતનું કાન રૂપ અંજાલથી પાન કરી બહુ સંતોષ પામ્યા. પછી અવસરે સિદ્ધપુત્રે સુધર્માસ્વામીને પૂછયું, કે " જેના નામ ઉપરથી આ જંબૂદ્વીપનું નામ પડયું છે તે જંબૂ વૃક્ષ કેવું છે ? " ગણધરે તેની આગળ જાતિવંત રત્નમય આકારવાલા તેમજ અતિશય અને પ્રમાણાદિયુક્ત એવા તે જંબૂ વૃક્ષનું યથાર્થ સ્વરૂપ કહી સંભળાવ્યું.

પછી અવસર આવે ધારિણી રાણીએ પણ તે ગણેશ્વરને પૂછયું કે " હે પ્રભો ! મને પુત્ર થશે કે નહીં ? " આ વખતે સિદ્ધપુત્રે કહ્યું. " તમારે તેમને સાવદ્ય પ્રશ્ન પૂછવો, યોગ્ય નથી. કારણ કે, મહાત્માઓ જાણતા છતાં સાવદ્ય પ્રશ્નનો ઉત્તર આપતા નથી. હે કલ્યાણી ! જિનેશ્વરના ચરણકમલના પ્રસાદથી હું નિમિત્તજ્ઞાનને જાણું છું તેથી હું જ કહું છું તે સર્વ તું સાંભલ.

શરીરે કરીને પરાક્રમી, મને કરીને ધીર સ્વભાવવાળા અને શિલા ઉપર બેઠેલા એવા ગણધર પ્રભુને તેં જે પુત્ર જન્મ સંબંધી પ્રશ્ન પૂછયો તેનો ઉત્તર એ કે તું જ્યારે સ્વપ્નાને વિષે ત્હારા ખોળામાં સિંહને જોઈશ ત્યારે તું ઉદરને વિષે પુત્ર રૂપ સિંહને ધારણ કરીશ. ઉપર વર્ણવેલા જંબૂ વૃક્ષ સમાન ગુણરત્નવાલો અને દેવતાઓએ વર્ણન

કરેલા અતિશયવાલો તને જંબૂ નામનો પુત્ર થશે." ધારિણીએ કહ્યું. "હે પુણ્યવંત ! ત્યારે તો હું તે જંબૂ દેવતાને ઉદ્દેશીને એકસો ને આઠ આંબિલ કરીશ." પછી તે ત્રણે જણાઓ સુધર્માસ્વામીને વંદના કરી વૈભાર પર્વતથી નીચે ઉતરી ફરી પોતાના નગર પ્રત્યે આવ્યા. ત્યાં પ્રિયા સહિત ગૃહવાસને પાલતા અને સિદ્ધપુત્રે કહેલા વચનથી ઉત્પન્ન થએલી આશાવાલા રુષભદત્ત શ્રેષ્ઠીએ કેટલોક કાલ નિર્ગમન કર્યો.

એકદા ધારિણીએ સ્વપ્નામાં શ્વેત સિંહ દીઠો, તેથી ઉત્પન્ન થએલા હર્ષરૂપ જલની વાવરૂપ તેણીએ તે વાત પોતાના પતિને કહી. રુષભ શ્રેષ્ઠીએ કહ્યું. "હે પ્રિયે ! તને સિદ્ધ પુત્રના સત્ય વચનને પ્રખ્યાત કરનારો અને જંબૂ નામનો ઉત્તમ પુત્ર થશે." પછી તેજ સમયે જેમ છીપમાં મોતી પ્રગટ થાય તેમ સ્વર્ગથી ચવેલો વિદ્યુન્માલિ દેવ ધારિણીના ઉદર રૂપ છીપને વિષે મુક્તાફલની પેઠે અવતર્યો. ધારિણીને ગુરૂ દેવની પૂજા કરવાનો ડોહોલો ઉત્પન્ન થયો તે શ્રેષ્ટીએ તુરત પૂર્ણ કર્યો. જેમ પૂર્વ દિશા સૂર્યને જન્મ આપે તેમ અનુક્રમે ગુણવંત એવી ધારિણીએ પૂર્ણ સમયે પુત્રને જન્મ આપ્યો. સરલ મનવાલા શ્રેષ્ઠીએ પુત્રનો જન્મોત્સવ કરીને પછી શુભ દિવસે તેનું જંબૂકુમાર નામ પાડયું. અનુક્રમે વૃદ્ધિ પામતા તે પુત્રે પૂર્વે આચરેલા પુણ્યથી કલાચાર્યની પાસે સર્વ કલાઓનો અભ્યાસ કર્યો.

હવે તેજ નગરમાં એક સમુદ્રપ્રિય નામના મ્હોટા ધનવંત શ્રેષ્ઠીને મહા રૂપવતી પદ્માવતી નામે સ્ત્રી હતી; સર્વ સંપત્તિના નિવાસ સ્થાન સમુદ્રદત્ત નામના બીજા શ્રેષ્ટીને સુવર્ણ સમાન કાંતિવાલી કનકમાલા નામે સ્ત્રી હતી; વૈભવના સમુદ્ર રૂપ ત્રીજા સાગરદત્ત શ્રેષ્ટીને નિરંતર વિનયવાલી વિનયશ્રી નામે સ્ત્રી હતી; કુબેર સમાન સંપત્તિવાલા ચોથા કુબેરદત્ત શ્રેષ્ટીને શીલે કરીને પવિત્ર એવી ધનશ્રી નામે સ્ત્રી હતી. આ ચારે જોડલાઓથી પેલા વિદ્યુન્માલિ દેવતાની ચારે સ્ત્રીઓ પવિત્ર અંગવાલી પુત્રીપણે ઉત્પન્ન થઇ. રૂપ સંપત્તિથી ઇંદ્રાણી સમાન તે ચારે કન્યાઓનાં સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના અને કનકસેના એવાં નામ હતાં. વલી તે નગરમાં કુબેરદત્ત નામના શ્રેષ્ઠીને કનકવતી નામે સ્ત્રી હતી; શ્રમણદત્ત શ્રેષ્ઠીને શ્રીષેણા નામે સ્ત્રી હતી; વસુષેણને હરિમતિ નામે સ્ત્રી હતી અને વસુપાલિત નામના શ્રેષ્ઠીને જયસેના નામે સ્ત્રી હતી. આચારે શ્રેષ્ઠીઓને નભસેના, કનકશ્રી, કનકવતી અને જયશ્રી નામે ચાર પુત્રીઓ હતી. એ આઠે કન્યાઓના માતા પિતા વિનય પૂર્વક આદરથી જંબૂ કુમારના પિતાની પ્રાર્થના કરતા કે "અમારે રૂપ સૌભાગ્યે કરીને મનોહર એવી આઠ કન્યાઓ છે તેઓને યોગ્ય વર તમારો પુત્ર અમારા જોવામાં આવે છે. વય, શીલ અને કુલાદિ જેવા વરના ગુણો જોઇએ તેવાજ ગુણો જંબૂકુમારને વિષે છે માટે આવો વર પુણ્યથી મળી શકે તેમ છે. તમારો પુત્ર આ જંબૂકુમાર તમારી કૃપાથીજ અમારી પુત્રીઓનો પતિ થાઓ. કારણ આવો વર મળવો બહુ મુશ્કેલ છે. તમે કુલીન છો, ધનવંત છો, જેથી તમારી યાચના કરવામાં અમને

લાજ આવે તેમ નથી માટે વિવાહનો સંબંધ કરી અમારા ઉપર હંમેશાનો અનુગ્રહ કરો." જો કે રુષભદત્ત શ્રેષ્ઠી પોતેજ પુત્રનો વિવાહ કરવા માટે ઉત્સાહવંત હતા તેમાં આઠ કન્યાના માતા પિતાએ આવી વિનંતિ કરી તેથી રુષભદત્ત શ્રેષ્ઠીએ હર્ષથી તેમનું વચન સ્વીકાર્યું. આ વાત આઠે કન્યાઓએ જાણી તેથી તેઓ "આપણુને જંબૂકુમાર નામનો અતિ ગરિષ્ઠ વર મલ્યો છે" એમ ધારી ધન્ય માનતી તે આઠે કન્યાઓ બહુ હર્ષ પામી.

આ અવસરે ભવ્યજનોને બોધ કરવા માટે પૃથ્વી ઉપર વિહાર કરતા એવા શ્રી સુધર્માસ્વામી તે નગરને વિષે સમવસર્યા. સુધર્મા ગણધરનું આગમન સાંભળી રોમાંચિત થએલો જંબૂકુમાર તેમની પાસે ગયો. ત્યાં તેણે ગણધરને પ્રણામ કરી તેમના મુખથી અમૃતસમાન સરસ ધર્મોપદેશ સાંભળ્યો, જેથી તે જંબૂકુમારને સંસાર રૂપ સમુદ્રને વિષે વહાણ સમાન ઉત્કૃષ્ટ વૈરાગ્ય ઉત્પન્ન થયો. પછી જંબૂકુમારે સુધર્માસ્વામીને પ્રણામ કરીને કહ્યું કે "હે વિભો ! હું હમણાં સંસારનો ક્ષય કરનારી દીક્ષા લઈશ, માટે હું મ્હારા માતા પિતાની રજા લઈ અહીં પાછો આવું ત્યાં સુધી આપ આ સ્થાનને વિષે ધર્મરૂપ વૃક્ષની શોભાનું વર્ણન કરો." સુધર્માસ્વામીએ તે વાતની હા કહી, એટલે જંબૂકુમાર રથમાં બેસી નગરના દ્વાર પાસે આવી પહોંચ્યો. આ વખતે નગરદ્વાર ( દરવાજો ) રથ, હસ્તિ અને અશ્વોથી એવો ભરાઈ ગયો હતો કે ઉપરથી પડેલા તલને પૃથ્વી સુધી પહોંચવાની જગ્યા નહોતી. પછી જંબૂકુમારે વિચાર્યું જે "જો હું આ દરવાજેથી શહેરમાં પેસવાની વાટ જોઈ રહીશ, તો બહુ કાલ જતો રહેશે. વલી મેં સુધર્માસ્વામીને ત્યાં બેસારી રાખ્યા છે, તેથી મ્હારે અહીં ક્ષણ માત્ર વધારે વાર લગાડવી યોગ્ય નથી. તો હું રથને ઝટ ફેરવી બીજે દરવાજેથી નગરમાં પ્રવેશ કરૂં." આમ ધારી મ્હોટાં મનવાળો જંબુકુમાર તુરત બીજે દરવાજે ગયો. ત્યાં પણ તેણે તે દરવાજાને યંત્રથી બંધ કરેલો જોયો, એટલુંજ નહિ પણ મનુષ્યોનો ઘાત કરનારી મ્હોટી શિલાઓ દરવાજાની ઉપર લટકાવેલી તેના જોવામાં આવી. તેથી તે વિચાર કરવા લાગ્યો કે "આ બધી તૈયારી શત્રુના સૈન્યના ભયને લીધે છે; તો આ બહુ અનર્થકારી દરવાજો પણ કાંઇ કામનો નથી. હું આ દરવાજેથી અંદર પ્રવેશ કરૂં; અને કદાપી મ્હારા ઉપર શિલા તુટી પડે તો હું પોતે, રથ, અશ્વો અને સારથી એ સઘળા નહતા એમ થઇ જઈએ. હજુ મેં સર્વવિરતિ સ્વીકારી નથી અને આવી રીતે મૃત્યુ પામેલા જીવોને સુગતિ દુર્લભ હોય છે. હવે હું સ્વાર્થ ભ્રષ્ટ ન થાઉં, અને અહીંથીજ પાછો ફરી અમરરૂપ થઈ શ્રી સુધર્માસ્વામીના ચરણકમલની સેવા કરૂં."

પછી વક્રગતિવાલા ગ્રહની પેઠે જંબૂકુમાર રથને પાછો વાળી સુધર્માસ્વામીના ચરણથી પવિત્ર એવા તે ઉદ્યાનને વિષે આવ્યો. ત્યાં તેણે ગણેશ્વરને પ્રણામ

ફરી વિનંતિ કરી કે "હું યાવજ્જીવિત ત્રિવિધે ( મન વચન કાયાએ કરીને ) મહાવ્રત રૂપ બ્રહ્મચર્ય અંગીકાર કરૂં છું." ગુરૂએ અનુજ્ઞા આપી એટલે મહાવ્રત રૂપ બ્રહ્મચર્યને સ્વીકારી અતિ હર્ષવાન્ અને કામદેવને જીતનારો તે જંબૂ કુમાર પોતાને ઘેર ગયો. ત્યાં તેણે પોતાના માતા પિતાને કહ્યું કે "મેં સુધર્મા ગણધરના મુખથી સંસારસમુદ્રને તારવામાં નાવ સમાન શ્રી અરિહંત પ્રભુનો ધર્મ સાંભલ્યો છે, અને તેથી હું દીક્ષા લેવાને ઉત્સાહ પામ્યો છું માટે મને ઝટ રજા આપો. કારણ કે આ સંસાર સર્વ પ્રાણીઓને કારાગાર ( કેદખાના ) સમાન છે." પુત્રનાં આવાં વચન સાંભલી રૂદન કરતા એવા માતા પિતાએ તેને કહ્યું કે "હે વત્સ ! તું આમ અચાનક અમારી આશા રૂપ લતાને છેદી નાખનારો ન થા. હજી અમારો તો એવો મનોરથ છે કે આઠ કન્યાઓની સાથે વિવાહ કરેલા અને સર્વ સંપત્તિના સ્થાન રૂપ પુત્રને અમે કયારે જોઇશું. વિષયસેવન કરવાને યોગ્ય એવી યૌવનાવસ્થામાં આ દીક્ષાસમય શો ? તું એ યૌવનાવસ્થાના યોગ્ય આચારને કેમ બીલકુલ ઈચ્છતો નથી ? હે વત્સ ! જો તને દીક્ષા લેવાનો બહુ આગ્રહ હોય તો પણ ત્હારે અમારૂં કહેવું માન્ય કરવું જોઈએ. કારણ કે અમે ત્હારા ગુરૂઓ (વડીલ) છીએ. હે વત્સ! અમે અમ્હારા સરખા ધનવંત આઠ શ્રેષ્ઠીઓની કન્યાઓ સાથે ત્હારો સંબંધ કરેલો છે, તો તે આઠે કન્યાઓનું પાણિગ્રહણ કરીને તું અમારા મનોરથને પૂર્ણ કર. હે કુમાર ! તું અમારા કહેવા પ્રમાણે કરીને પછી નિર્વિઘ્નપણે પ્રવ્રજ્યા લેજે, અને પછી કૃતાર્થ થએલા અમે પણ વૈભવને ત્યજી દઈ ત્હારી પાછલ દીક્ષા લઈશું." કુમારે કહ્યું. "હે પૂજ્યો ! હું તમારી આજ્ઞા પ્રમાણે કરૂં તો પછી તમારે ભૂખ્યાને ભોજનથી ન વારવાની પેઠે મને દીક્ષા લેતાં વારવો નહીં."

જંબૂકુમારના આવા વચનને સ્વીકારી અને પછી દયાવંત એવા માતા પિતાએ આઠે કન્યાઓના પિતાને બોલાવીને આ પ્રમાણે કહ્યું. "મ્હારો પુત્ર ફક્ત તમારી કન્યાઓને પરણીને તુરત દીક્ષા લેવાનો છે. વલી તેણે અમારા બહુ આગ્રહને લીધે પાણિગ્રહણ કરવાનું કબુલ કર્યું છે તેથી તે તેમ કરશે. પાછલથી તમને પણ વિવાહ કરવાનો પસ્તાવો કરવો પડશે. માટે તેનો દોષ અમને દેશો નહી." પછી તે આઠે શ્રેષ્ઠીઓ પોત પોતાની સ્ત્રીઓ સહિત બહુ ખેદ પામ્યા અને "હવે શું કરવું ?" એમ પરસ્પર કહેવા લાગ્યા. તેઓની પરસ્પર થતી વાતચીત સાંભલી કન્યાઓએ કહ્યું. "હે પૂજ્યો ! તમારે વિચાર કરવાની કાંઈ જરૂર નથી ! તે સંબંધી અમારા નિશ્ચયને તમે સાંભળો. "તમે પ્રથમથીજ અમારો જંબૂકુમારની સાથે સંબંધ કરી ચુકયા છો. તો હવે તેજ અમારો પતિ છે. હવે તમારે અમને બીજાની સાથે પરણાવવી નહીં. લોકમાં પણ કહેવત છે કે, રાજાઓ એકજવાર બોલે છે. સાધુઓ પણ એકજવાર બોલે છે તેમજ કન્યાઓ પણ એકજ વાર અપાય છે. આ ત્રણ્યે એકજવાર થાય છે. તમે અમને ઋષભદત્ત શ્રેષ્ઠીના પુત્રને આપી ચુકયા છો તો હવે

તેજ જંબૂકુમાર અમારી ગતિ છે અને અમારૂં જીવિત પણ તેનેજ સ્વાધિન છે. તે જંબૂકુમાર ચારિત્ર અથવા બીજું જે કાંઈ આચરશે તેજ અમારે પતિની ભક્તિ કરનારીઓને કરવું યોગ્ય છે.” છેવટ આઠે કન્યાના પિતાએ જંબુકુમારના પિતાને કહ્યું કે “તમે વિવાહને માટે ઝટ તૈયારી કરો.”

પછી ઋષભદત્ત શ્રેષ્ઠીએ, તે આઠે શ્રેષ્ઠીઓની સાથે નૈમિત્તિકના મુખથી વિવાહને દિવસ ત્યારથી સાતમે દિવસ ઠરાવ્યો. પછી સગા ભાઇઓના સરખા એકાગ્રમનવાળા તે આઠે શ્રેષ્ઠીઓએ શિઘ્ર અદ્ભૂત એવો વિવાહ મંડપ રચાવ્યો. કામદેવ સમાન આકૃતિવાળો જંબૂકુમાર ફક્ત માતા પિતાના સંતોષને માટે ઉત્તમ દિવસે અનેક મહા ઉત્સવોથી આઠે કન્યાઓને પરણ્યો. અહો ! પ્રિયાઓની મધ્યમાં રહ્યા છતાં જંબૂકુમાર બ્રહ્મચારી રહ્યો. કારણ કે મહાશય પુરૂષો વિકારનાં કારણો નજીક હોવા છતાં પણ અવિકારી રહે છે.

હવે આ ભરતક્ષેત્રને વિષે વિંધ્યાચળ પર્વત ઉપર જયપુર નામે નગર છે. ત્યાં વિંધ્ય નામનો રાજા રાજ્ય કરતો હતો. તે ભૂપતિને વિખ્યાત એવા બે પુત્રો હતા. તેમાં મ્હોટાનું નામ પ્રભવ અને ન્હાનાનું નામ પ્રભુ હતું. એકદા વંધ્ય રાજાએ કાંઇ કારણથી મ્હોટો પુત્ર પ્રભવ વિદ્યમાન છતાં ન્હાના પ્રભુને રાજ્ય સોંપ્યું. પછી પ્રભવ અભિમાનને લીધે નગરથી ચાલી નીકળી વિંધ્યાચળની વિષમ ભૂમિને વિષે નિવાસસ્થાન કરીને રહ્યો. ત્યાં પોતાના પરિવારસહિત રહેલો તે ચોરવૃત્તિથી આજીવિકા કરતો. તેમજ પારકા ઘરમાં ખાતર પાડવું, બંદીઓને પકડવા, રસ્તે જનારાઓને લુંટવા ઈત્યાદિ કાર્યો કરતો.

કોઈ એક દિવસે તેના ચર લોકોએ આવીને તેને કહ્યું કે, જંબૂકુમારની સમૃદ્ધિ કુબેરના સમાન છે.” ચરલોકોનાં આવાં વચન સાંભળી પરદ્રવ્યથી આજીવિકા કરનારો તથા બહુ ઉત્પન્ન થએલા લોભવાળો પ્રભવ, પાંચસે ચોરો સહિત નગર તરફ ચાલ્યો અને અવસ્વાપનિકા તથા તાલોદઘાટિની વિદ્યાઓ યુક્ત એવો તે પ્રભવ પોતાની વિદ્યાના બલથી હર્ષ પૂર્વક જંબૂકુમારના ઘરે ગયો. ત્યાં તેણે અવસ્વાપિની વિદ્યાથી એક જંબૂ કુમાર વિના બીજા સર્વને નિદ્રાવશ્ય કરી દીધા. અવસ્વાપિની વિદ્યા પુણ્યશાલી એવા જંબૂ કુમારને પોતાના સ્વાધિન કરવાને શક્તિવંત થઈ નહીં. કારણ હ પ્રાયે પુણ્યવંત પુરૂષોને ઇંદ્ર પણ આપત્તિમાં નાખવા સમર્થ થતો નથી. પછી નિદ્રાવશ થએલા સર્વ માણસોના અલંકારાદિ સર્વ ચોર લોકોએ લુંટી લેવા માંડયું. ચોરો લુંટવા લાગ્યા એટલે ધારિણીનો પુત્ર જંબૂકુમાર ક્રોધ અને ક્ષોભ પામ્યા વિના ચોરોને આ પ્રમાણે કહેવા લાગ્યો.

“ હે ચોરો ! આમંત્રણ કરેલા અને વિશ્વાસને લીધે ઉંઘી ગએલા આ

લોકોને તમે સ્પર્શ કરશો નહીં, કારણ હું તેમનો રખવાળ જાગું છું." પ્રૌઢ પ્રભાવના ભુવન રૂપ જંબૂકુમારની આવી વાણીથી તે સર્વે ચોરો ચિત્રામણમાં આલેખેલાની પેઠે સ્તબ્ધ થઇ ગયા. પ્રભવ આમ તેમ જોવા લાગ્યો તો તેણે હાથણીઓથી યુક્ત એવા હસ્તિની પેઠે સ્ત્રીઓથી વીંટલાયેલા જંબૂકુમારને દીઠો, તેથી તે પોતાનું સ્વરૂપ કહેવા લાગ્યો કે "હે મહાભાગ! હું વિંધ્ય રાજાનો પ્રભવ નામે પુત્ર છું. તું મૈત્રીએ કરીને મ્હારા ઉપર અનુગ્રહ કર. હે સુંદર! તું ત્હારી સ્તંભિની અને મોક્ષણી બન્ને વિદ્યા મને આપ અને હું તને મ્હારી અવસ્વાપનિકા તથા તોલોદ્ઘાટિની વિદ્યા આપું." જંબૂકુમારે કહ્યું. "હે પ્રભવ! હું સવારે આ નવી પરણેલી સ્ત્રીઓને ત્યજી દઇ ચારિત્ર લેવાનો છું. હમણાં પણ હું ભાવસાધુ છું. તેથીજ ત્હારી અવસ્વાપનિકા વિદ્યા મ્હારે વિષે પોતાનું બલ ચલાવી શકી નહીં. હે ભાઇ! હું સવારે આ લક્ષ્મીને તૃણની પેઠે ત્યજી દઇ દીક્ષા લઇશ તો પછી ત્હારી એ શક્તિવાલી વિદ્યાનું મ્હારે શું કામ છે?" જંબૂકુમારનાં આવાં વચન સાંભળીને પોતાની અવસ્વાપનિકા વિદ્યાને સંવરી લઇ પ્રભવ ભક્તિથી હાથ જોડી જંબૂકુમારને કહેવા લાગ્યો.

"હે સખે! તું નવયૌવનવાળો હોવાથી વિષય સુખ ભોગવ અને આ નવી પરણેલી સ્ત્રીઓ ઉપર દયા કર કારણ તું વિવેકી છે. વળી જો તું આ સુલોચનાઓની સાથે વિષયસુખ ભોગવીને પછી દીક્ષા લઇશ તો તે દીક્ષા વધારે શોભશે." જંબૂકુમારે કહ્યું. "હે પ્રભવ! કામભોગથી ઉત્પન્ન થએલું સુખ બહુ પાપ દેનારૂં છે, માટે દુઃખના કારણરૂપ તે સુખે કરીને શું? કામભોગથી ઉત્પન્ન થએલું સુખ સર્ષવના દાણાથી પણ અલ્પ છે અને મધના ટિપાના સ્વાદ લેનારા પુરૂષની માફક દુઃખ તો બહુ છે." તેનું દૃષ્ટાંત:–

દેશ દેશમાં ભ્રમણ કરતા એવા કોઇ એક પુણ્યરહિત પુરૂષે કોઇ સાર્થવાહની સાથે ભિલ્લોથી ભયંકર એવી અટવીમાં પ્રવેશ કર્યો. ત્યાં તે સાર્થવાહને લુંટવા માટે ભિલ્લો દોડી આવવા લાગ્યા. તેથી સર્વે સાર્થ લોક, મૃગની પેઠે નાસી ગયા. પેલો સંઘથી છુટો પડી ગએલો પુરૂષ અરણ્યમાં આમ તેમ ભટકતો હતો એવામાં તેને કોઇ એક યમરૂપ ભયંકર હસ્તિએ દીઠો તેથી કાલસમાન ભયંકર અને ક્રોધી એવો તે હસ્તી પેલા પુરૂષની પાછલ દોડયો. પુરૂષ ભયથી પડતો અને ઉઠતો નાસી જતો હતો એવામાં તેણે કૂવાની અંદર ઉગેલા એક મ્હોટા વડ વૃક્ષને દીઠું. તુરત તે પુરૂષ વિચારવા લાગ્યો કે "વડ ઉપર રહેલા મને આ હસ્તી નિશ્ચે મારી નાખશે. વખતે કૂવામાં ઝંપાપાત કરવાથી જીવું તો જીવું" આમ વિચાર કરી તે પુરૂષ તુરત કૂવામાં ઝંપાપાત કરી અંદર રહેલા વડવૃક્ષની ડાળીએ વળગી પડયો આ વખતે નાશકારી એવો પેલો હસ્તી તે પુરૂષને

પકડવા માટે ત્યાં આવી પહોંચ્યો. પછી પેલો ભાગ્યહીન પુરૂષ વડની નીચે દ્રષ્ટિથી જોવા લાગ્યો તો તેણે ગળવાની ઇચ્છાથી મુખ ફાડી રહેલા એક ભયંકર અજગરને દીઠો. એટલુંજ નહિ પણ જાણે પ્રાણને હરણ કરનારા યમરાજના અતિ ભયંકર બાણો હોયની? એવા ચાર દિશાએ રહેલા ચાર સર્પો તેના જોવામાં આવ્યા. દુષ્ટ આશયવાળા તે ચારે સર્પો ધમણના સરખા પોતાના મુખે કરીને કુંફાડા કરતા તે પુરૂષને દંશવા માટે ઉંચું જોઈ રહ્યા હતા. કાળો અને ધોળો એમ બે ઉંદરડાઓ પોતાના દાંતરૂપ કરવતવડે કરીને તેજ વડશાખાને કાપવા માટે મહા પ્રયાસ કરતા હતા. પેલો મદોન્મત્ત હસ્તી પણ તે પુરૂષને નહિ પોહોંચી શકવાથી બહુ રોષ કરતો સુંઢવડે તે વડશાખાને તાડન કરતો હતો. હસ્તીએ વડશાખાને બહુ કંપાવા માંડી તેથી તે ઉપર રહેલી મધમાખીઓ પોતાના તીક્ષ્ણ મુખથી પેલા પુરૂષના સર્વ અંગે દંશ દેતી હતી પછી માખીઓ જેના સર્વ અંગને વિષે દંશ દેતી હતી અને તેથી જેને બહુ પીડા થતી હતી એવો તે પુરૂષ કૂવાથી બ્હાર નીકળવા માટે બહુ ઉત્સાહ ધરતો હતો. આવા ભયંકર દુઃખમાં રહ્યા છતાં આકાશમાંથી પડતા જળબિંદુની પેઠે વડવૃક્ષ ઉપર રહેલા મધપુડામાંથી વારંવાર મધનું ટીપું પેલા પુરૂષના કપાળને વિષે પડતું હતું તે મધ ત્યાંથી ઉતરીને તેના મુખમાં જતું હતું, તેને ચાખીને પેલો પુરૂષ બહુ મ્હોટું સુખ માનતો હતો."

જંબૂકુમાર પ્રભવને કહે છે કે "હે પ્રભવ! તું એ દ્રષ્ટાંતના સ્પષ્ટાર્થને સાંભળ. જે પુરૂષ કહ્યો છે તે સંસારી જીવ જાણવો. જે અટવી કહી, તે સંસાર સમજવો. હસ્તી તે મૃત્યુ અને કુવો તે મનુષ્ય જન્મ જાણવો. વળી જે અજગર કહ્યો તે પ્રગટ વેદનાવાલું નરક; જે ચાર દિશાએ ચાર સર્પ કહ્યા તે ક્રોધાદિ (ક્રોધ, માન, માયા અને લોભ) ચાર કષાય જાણવા; જે વટવૃક્ષની શાખા તે આયુષ્ય; જે શ્વેત અને કૃષ્ણ ઉંદર તે આયુષ્યને છેદનારા શુકલ અને કૃષ્ણ પક્ષ જાણવા. જે મધમાખીઓ તે રોગ અને જે મધનું ટીપું કહ્યું તે ક્ષણિક એવું વિષયસુખ જાણવું. હે સખે! સંસારથી ભય પામનારો કયો ઉત્તમ બુદ્ધિવાળો માણસ આવા તુચ્છ વિષય સુખને વિષે આસક્તિ પામે? અર્થાત્ કોઇ ન પામે. હે મિત્ર! હવે જો કદી તે દૈવથી દુઃખી થએલા પુરૂષનો કોઇ વિદ્યાધર કે દેવ ઉદ્ધાર કરે તો તે પુરૂષ શું ઇચ્છે?" પ્રભવે કહ્યું. આપત્તિરૂપ સમુદ્રને વિષે બુડતો એવો કયો પુરૂષ તે સર્વ પ્રકારના ઉપકાર કરનારા ઉત્તમ પુરૂષને ન ઈચ્છે?" જંબૂકુમારે કહ્યું. "હે સખે! ત્યારે ગણાધીશ્વર સમાન તારનાર મલ્યા છતા હું સંસારરૂપ સમુદ્રમાં શા માટે બુડું?" પ્રભવે કહ્યું "હે બંધો! ત્હારા માતા પિતા બહુ સ્નેહવાલા છે, સ્ત્રીઓ અનુરક્ત છે છતાં કઠોર એવો તું તેઓને કેમ ત્યજી દે છે? જંબૂકુમારે કહ્યું. "અહો! બંધુના નિર્બંધને વિષે બંધુ કોણ છે? કારણ પ્રાણી કુબેરદત્તની પેઠે પોતાના કર્મથીજ બંધાય છે. સાંભળ કુબેરદત્તનું દ્રષ્ટાંતઃ-

મથુરા નામની મહા નગરીમાં રૂપ સંપત્તિથી વિશ્વને ક્ષોભ કરનારી કુબેરસેના નામે ગણિકા રહેતી હતી. તે પહેલાજ ગર્ભે બહુ દુઃખ પામવા લાગી તેથી તેની માતા તેને વૈદ્ય પાસે લઈ ગઇ. કારણ કે રોગ થાય ત્યારે માણસને વૈદ્યજ શરણ છે. વૈદ્યે નાડી વિગેરે જોઈ તેને રોગરહિત જાણી અને પછી કહ્યું કે "એને કોઈ રોગ નથી, પણ તેના કલેશનું કારણ એ છે કે તેના ઉદરને વિષે અતિ દુર્વહ એવા બે ગર્ભ ઉત્પન્ન થયા છે તેથી તેને આ દુઃખ થાય છે. આ દુઃખ તને પ્રસવ થતાં સુધી રહેશે. પછી માતાએ કુબેરસેનાને કહ્યું. "હે વત્સ ! હું હારો ગર્ભ પડાવી નાખું; કારણ પ્રાણનો નાશ કરનારા ગર્ભને રક્ષણ કરવાથી આપણને શું લાભ ? કુબેરસેનાએ કહ્યુ. "મ્હારો ગર્ભ સુખે રહો, હું કલેશને સહન કરીશ. એકજ વખતે ઘણા બચ્ચાને જન્મ આપનારી ભૂંડણી પણ જીવે છે." પછી બહુ દુઃખને સહન કરી તે કુબેરસેના ગણિકાએ ઉત્તમ સમયે એક પુત્રી અને એક પુત્ર એમ જોડલાને જન્મ આપ્યો. માતાએ પુત્રીને કહ્યું. "હે વત્સે ! આ બન્ને બાળકો ત્હારા શત્રુરૂપ છે કારણ કે તેમણે ગર્ભમાં રહ્યા છતાં તને મૃત્યુના મુખ સુધી પહોંચાડી છે. આ બન્ને બાળકો ત્હારા નવયાૈવનને હરણ કરનારા છે અને યાૈવન એ વેશ્યાઓની આજીવિકા છે, માટે તું ત્હારા યાૈવનનું રક્ષણ કર, તેમજ હે પુત્રી ! ઉદરથી ઉત્પન્ન થએલા બાલકને મલની પેઠે ત્યજી દે. તું યાૈવનાવસ્થાનો મોહ ત્યજી આ બાલકો ઉપર મોહ ન કર. આ આપણો કુલાચાર છે." કુબેરદત્તાએ કહ્યું. "હે માતા જો કે તું કહે છે તે ઠીક છે તો પણ દશ દિવસ સુધી ધીરજ રાખ. હું તેટલા દિવસ સુધી આ મ્હારા પોતાના બાલકોનું પોષણ કરીશ" માતાએ તેમ કરવાની તેને આજ્ઞા આપી તેથી બાલકનું ઇષ્ટ કરનારી તે કુબેરદત્તા વેશ્યા નિરંતર ધવરાવવા વિગેરેથી તે બન્ને બાલકોનું પોષણ કરવા લાગી. આ પ્રમાણે ઉત્સવથી નિરંતર બાલકોને પાલતી એવી તે વેશ્યાના દશ દિવસ સુખેથી નિકલી ગયા. પછી તે ચતુર ગુણીકાએ કુબેરદત્ત અને કુબેરદત્તા એવા નામની બે મુદ્રિકાઓ કરાવીને તે બન્ને બાલકોના એક એક આંગળીને વિષે પહેરાવી. ત્યાર પછી તેણીએ એક ઉત્તમ લાકડાની પેટી કરાવીને તેમાં બહુ રત્નો ભરી બન્ને બાલકોને મૂકયાં. છેવટ તે પેટીને પોતે યમુના નદીના પ્રવાહમાં તણાતી મૂકી જેથી તે જાણે હંસલી હોયની ? એમ સુખે તરતી ચાલી પછી બાલકોના વિયોગથી ઉત્પન્ન થએલા ગાઢ શોકથી બહુ પીડા પામતી તે વેશ્યા પોતાના ઘર પ્રત્યે આવી.

હવે પેટી સવાર થતા શાૈર્યપુર નગરના દ્વાર પાસે આવી પહોંચી ત્યાં તેને કોઇ શ્રેષ્ઠીપુત્રોએ દીઠી જેથી તેઓએ લઇ લીધી. બન્ને જણાએ પેટીને ઉઘાડતાં તેમાં રહેલા પુત્ર પુત્રી રૂપ બાલકોને જોયાં, તેથી એકે પુત્રને અને એકે પુત્રીને એમ એક એક લઈ લીધાં. શ્રેષ્ઠીપુત્રોએ બાલકની આંગલીમાં રહેલી મુદ્રિકા જોઈ તેમનાં કુબેરદત્ત અને કુબેરદત્તા એવાં નામ જાણ્યાં.

પછી બન્ને શ્રેષ્ઠીઓના ઘરને વિષે તે બન્ને બાલકો નિરંતર પાંચ ધાવમાતાથી યત્નવડે રક્ષણ કર્યાં છતાં વૃદ્ધિ પામવા લાગ્યાં. અનુક્રમે તે બન્ને બાલકો સર્વ કલાના જાણ થયા અને રૂપથી પવિત્ર એવા નવયૌવનને પામ્યાં. " આ બન્ને પરસ્પર યોગ્ય રૂપ વાળા છે " એમ ધારી તે બન્ને શ્રેષ્ઠીઓએ તેઓનો પરસ્પર પાણિગ્રહણ મહોત્સવ કર્યો. ચતુરાઇના શિક્ષાગુરૂ એવી યૌવનાવસ્થાવડે કરીને જેનું વાહન સ્ત્રી અને પુરૂષ છે એવા કામદેવે તેઓના શરીરને વિષે પ્રવેશ કર્યો.

એકદા તે દંપતીએ પોતાની લીલામાત્રથી પરસ્પર ઉત્પન્ન થતા સ્નેહરૂપ અમૃતની નદી સમાન દ્યુતક્રીડા આરંભી. આ વખતે કુબેરદત્તાની સખીએ કાંઇક અવસરનો લાભ પામી કુબેરદત્તના હાથમાંથી મુદ્રિકા લઈ કુબેરદત્તાના હાથમાં આપી. કુબેરદત્તા પોતાના હાથમાં આવેલી તે મુદ્રિકાને વારંવાર જોવા લાગી તે જાણે કાંઇ પરીક્ષા કરવા યોગ્ય માણેકની પરીક્ષા કરતી હોયની ? એમ દેખાતી હતી. આ બીજી મુદ્રિકાને જોવાથી કુબેરદત્ત મનમાં વિચાર કરવા લાગી " આ મુદ્રિકા કોઈ બીજા દેશમાં અતિપ્રયત્નથી બનાવેલી જણાય છે. " પછી પોતાની અને તે એમ બન્ને મુદ્રિકાને વારંવાર જોતી એવી તેમજ ચિંતાના આવેશથી પ્રફુલ્લિત થએલા અંગવાલી કુબેરદત્તાએ મનમાં નિશ્ચય કર્યો કે " એકજ દેશમાં ઘડાયલી, સરખા અને સુશોભિત નામની લીંટીવાલી આ બન્ને મુદ્રિકાઓ, સગા ભાઈ બ્હેન સમાન હોયની ? એમ દેખાય છે. આ મુદ્રિકાની પેઠે સરખા રૂપ અને વયવાલા હું અને કુબેરદત બન્ને જણા નિશ્ચે ભાઇ બ્હેન થતા હશું. અમે એકજ માતાથી સાથેજ જન્મ પામેલા હોવા જોઇએ, કારણ અમારા બન્નેમાંથી એકેનું શરીર ન્યૂનાધિક નથી. મને ખેદ થાય છે કે દૈવે અમારા ભાઈ બ્હેનનું આવું અયોગ્ય વિવાહ રૂપ અકૃત્ય કરાવ્યું ! ! પિતાએ અથવા માતાએ સ્નેહથી સમાન પોષણ કરી અમને બન્નેને સરખી મુદ્રિકા કરાવી હશે. નિશ્ચે અમે ભાઇ બ્હેન છીએ, કારણ કયારે પણ મ્હારી તેને વિષે પતિબુદ્ધિ થઇ નથી તેમ તેની મ્હારે વિષે સ્ત્રી બુદ્ધિ થઈ નથી. " આ પ્રમાણે વિચાર તેમજ નિશ્ચય કરી કુબેરદત્તાએ બન્ને મુદ્રિકાઓ કુબેરદત્તના હાથમાં આપી. ઉત્તમ બુદ્ધિવાલો કુબેરદત્ત પણ બન્ને મુદ્રિકાને જોઈ બહુ વિચાર કરતાં ખેદ પામ્યો પછી શ્રેષ્ટ બુદ્ધિવાળા તેણે કુબેરદત્તાને મુદ્રિકા પાછી આપી પોતે ઘેર જઇ પોતાની માતાને સોગન દઇને પૂછ્યું કે " હે માત ! હું ખરેખરો ત્હારોજ પુત્ર છું ? અથવા તો બીજાથી ઉત્પન્ન થએલા મને તમે પુત્ર તરીકે પાલ્યો છે ? હું તે તમારો કૃત્રિમ પુત્ર છું કે અકૃત્રિમ ? કારણ પુત્રો બહુ પ્રકારના હોય છે. " પુત્રે આવા ખરા આગ્રહથી પૂછયું એટલે માતાએ તેને " પેટી હાથ આવ્યાથી માંડીને " સર્વ વાત કહી સંભળાવી. ત્યારે કુબેરદત્તે કહ્યું. " અરે માત ! તમે આ શું મ્હોટું અકાર્ય કર્યું જે તમે એકજ માતાથી સાથે ઉત્પન્ન થએલાં અમને પરસ્પર પરણાવી દીધાં ? " માતાએ કહ્યું. " હે વત્સ !

તમારા પરસ્પર યોગ્ય એવા મનોહર રૂપથી અમે અલ્પબુદ્ધિવાળા મોહ પામી ગયા હતા. ત્હારા સમાન બીજી કોઈ કન્યા તેના શિવાય નહોતી તેમજ તે કન્યા સમાન બીજો કોઈ વર ત્હારા શિવાય નહોતો. હજુ પણ તમારો ફક્ત વિવાહ થયો એટલોજ સંબંધ થયો છે. તમે કયારે પણ સ્ત્રી પુરૂષના સંબંધથી ઉત્પન્ન થએલું પાપકર્મ કર્યું નથી, તેથી હે વત્સ ! તું આજ સુધી કુમાર અને તે કુમારી છે. તું તેને પોતાના ભાઇ બ્હેનના સંબંધની વાત કહીને ત્યજી દે. હે પુત્ર ! તું હમણાં વેપાર કરવા માટે પરદેશ જવાની ઇચ્છા કરે છે તો ભલે અમારી આશિષથી ત્યાં વેપાર કરી તુરત ક્ષેમકુશલ પાછો આવ. તું કુશલ અહિં આવીશ ત્યારે ત્હારો કોઇ ધન્ય કન્યાની સાથે મ્હોટા ઉત્સવથી અમે વિવાહ કરીશું."

માતાનાં આવાં વચન સાંભળીને પછી શુદ્ધ બુદ્ધિવાળા કુબેરદત્તે કુબેરદત્તાને સર્વ નિર્ણય કહી સંભળાવ્યો અને કહ્યું કે "હે અનઘે ! તું ત્હારા ઘર પ્રત્યે જા. તું મ્હારી બ્હેન થાય છે. તું ચતુર અને વિવેકવાળી છે માટે જેમ યોગ્ય લાગે તેમ કર. હે બ્હેન ! આપણાં માતા પિતાએ આપણને છેતર્યાં છે તો પછી આપણે શું કરીએ ? અરે ! તેમનો પણ તે દોષ નથી, એ તો આપણીજ ભવિતવ્યતા. માતા પિતા પુત્રને ખરીદ કરે છે અથવા તો વેચી દે છે. વળી જેવી રીતે તેઓ આજ્ઞા કરે તેવી રીતે પુત્રોએ કરવું જોઇએ."

કુબેરદત્ત આ પ્રમાણે કુબેરદત્તાને કહી પોતે વેપારની બહુ સારી વસ્તુઓ લઈ મથુરા નગરી પ્રત્યે ગયો. ત્યાં નિરંતર વ્યવહારથી વેપાર કરતા અને યૌવનાવસ્થાને યોગ્ય વિલાસ કરતા તેણે બહુ કાળ નિવાસ કર્યો. એકદા અતિ રાગબુદ્ધિવાળા તેણે રૂપ સૌભાગ્યથી મનોહર એવી કુબેરસેના ( પોતાને જન્મ આપનારી માતા ) ને બહુ દ્રવ્ય આપી પોતાની સ્ત્રી કરી. પછી કુબેરસેનાની સાથે નિરંતર વિષય સુખ ભોગવતા એવા તેને એક પુત્ર થયો. ખરેખર દૈવનું નાટક આશ્ચર્યકારી છે.

હવે પાછળ કુબેરદત્તાએ પણ તેજ વખતે માતાને પૂછયું તેથી તેણે પણ "પેટી હાથ આવવાથી માંડીને" સર્વ વાત તેને કહી સંભળાવી. પોતાની આવી વાતથી તુરત વૈરાગ્ય પામેલી કુબેરદત્તા દીક્ષા લઈ મહા તપ કરવા લાગી. દીક્ષા લીધા પછી પણ કુબેરદત્તાએ મુદ્રિકાને સંતાડી રાખી અને તે પરીષહને સહન કરતી છતી મુખ્ય સાધ્વીની સાથે વિહાર કરવા લાગી. પ્રવર્તિનીની આજ્ઞાથી આરંભેલા અખંડ તપયોગવાળી તે કુબેરદત્તા સાધ્વીને થોડા કાલમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. "પછી "કુબેરદત્ત કયાં છે ?" એમ તેણે મનમાં વિચાર્યું તો તેને કુબેરસેના ( પોતાને જન્મ આપનારી માતા ) ના સંગથી ઉત્પન્ન થએલા પુત્ર સહિત જોયો. સાધ્વી કુબેરદત્તા આ વાત જાણી બહુ ખેદ પામી અને કહેવા લાગી કે "અહો ! મ્હારા બંધુને ધિક્કાર છે, ધિક્કાર છે, કે જે તે અકૃત્ય રૂપ મહા પાપ

પંક ( કાદવ )ને વિષે ખુંચી ગયો છે.” આમ વિચાર કરીને પછી કુબેરદત્તને પ્રતિબોધ કરવા માટે દયારૂપ અમૃત રસની વાવ રૂપ તે કુબેરદત્તા સાધ્વી બીજી બહુ સાધ્વીઓ સહિત મથુરાપુરી પ્રત્યે ગઈ. ત્યાં તેણે કુબેરસેના પાસે જઈ ધર્મલાભની આશિષ આપવા પૂર્વક ઉપાશ્રયની યાચના કરી. કુબેરસેનાએ વંદના કરીને કહ્યું. “હે આર્યે ! હું પ્રથમ વેશ્યા હતી પણ હમણાં એક પતિવાળી હોવાથી કુલસ્ત્રી સમાન છું. કુલીન પતિનો સંયોગ થવાથી મેં આ કુલસ્ત્રીને યોગ્ય એવો વેષ ધારણ કર્યો છે. મ્હારૂં કુલીન આચરણ હોવાથી હવે હું આપની કૃપાપાત્ર થઈ છું. હે મહાસતી ! મ્હારા ઘરની પાસે રહેલા ઉપાશ્રયને સ્વીકારી અમને સદાચારમાં પ્રવર્તાવો.” પછી કલ્યાણની કામધેનુ એવી કુબેરદત્તા સાધ્વીએ પોતાના પરિવારસહિત કુબેરસેનાએ આપેલા ઉપાશ્રયમાં સુખે નિવાસ કર્યો. કુબેરસેના હંમેશા ત્યાં ઉપાશ્રયમાં આવીને પોતાના બાળકને કુબેરદત્તા સાધ્વીના ચરણકમલની આગળ લોટતો મૂકતી. “જે પ્રાણી જેવી રીતે પ્રતિબોધ પામે તેને તેવી રીતે પ્રતિબોધ આપવો.” એમ વિચારીને કુબેરસેનાને પ્રતિબોધ આપવા માટે કુબેરદત્તા સાધ્વીએ તે બાલકને બોલાવતાં ( હાલરડું ગાતાં ) આ પ્રમાણે કહ્યું.

“હે બાલક ! તું મ્હારો ભાઈ, પુત્ર, દીયર, ભત્રિજો, કાકો અને પૌત્ર થાય છે. હે બાલક ! અને આ જે ત્હારો પિતા છે તે મ્હારો ભાઈ, પિતા, પિતામહ ( દાદો ), પતિ, પુત્ર અને સાસરો થાય છે. વળી હે બાળક ! આ જે ત્હારી માતા છે તે મ્હારી માતા, મ્હારા બાપની માતા, ભોજાઇ, વધુ ( પુત્રની સ્ત્રી ), સાસુ અને શોક્ય થાય છે.” કુબેરદત્તે સાધ્વીનાં આવાં વચન સાંભળી તેને કહ્યું “હે આર્યે ! તમે આવું પરસ્પર વિરૂદ્ધ વચન કેમ બોલો છો ? તમારા આવા વચનથી હું નિશ્ચે બહુ વિસ્મય પામ્યો છું.” સાધ્વી કુબેરદત્તાએ કહ્યું. “આ બાળક મ્હારો ભાઇ થાય છે, કારણ કે તે અને હું એકજ માતાના ઉદરથી ઉત્પન્ન થયાં છીએ. મ્હારો પુત્ર પણ તેજ છે, કારણ મ્હારા પતિનો પુત્ર તે મ્હારો પુત્ર કહેવાય. મ્હારો પતિ અને તે બાળક બન્ને જણા એકજ ઉદરથી ઉત્પન્ન થયેલા હોવાથી તે મ્હારો દિયર છે. મ્હારા ભાઇનો પુત્ર હોવાથી હું તેને ભત્રિજો કહું છું. મ્હારી માતાના પતિનો ભાઇ છે માટે તેને હું કાકો ધારૂં છું. છેવટ મ્હારી શોક્યના પુત્રનો પુત્ર પણ તે બાળક છે તેથી હું તેને મ્હારો પૌત્ર કહું છું. હવે આ બાલકનો જે પિતા તે મ્હારો બંધુ થાય છે. કારણ અમારા બન્નેની એકજ માતા છે. તેનો પિતા તે મ્હારો પિતા, કારણ તે મ્હારી માતાનો પતિ છે. વળી મ્હારા કાકાનો પિતા પણ તેજ હોવાથી તેને હું પિતામહ ( દાદો ) કહું છું. તેમજ તે મને પરણ્યો હતો માટે તે મ્હારો પતિ છે. મ્હારી શોક્યના ઉદરને વિષે ઉત્પન્ન થએલો હોવાથી તે મ્હારો પુત્ર છે. મ્હારા દિયરનો પિતા પણ તે હોવાથી તે મ્હારો સસરો કહેવાય. હવે આ બાળકની જે માતા તે મ્હારી પણ માતા છે, કારણ હું તેનાથી ઉત્પન્ન

થઈ છું. મ્હારા કાકાની માતા તેજ હોવાથી મ્હારી પિતામહી ( દાદી ) પણ કહેવાય. મ્હારા ભાઇની સ્ત્રી થવાથી મ્હારી ભોજાઈ પણ થઇ. શોકયના પુત્રની સ્ત્રી હોવાથી તે મ્હારી વધુ ( પુત્રની સ્ત્રી ) પણ છે. મ્હારા પતિની માતા હોવાથી તે નિશ્ચે મ્હારી સાસુ થઈ અને મ્હારા પતિની બીજી સ્ત્રી થવાથી મ્હારી શોકય પણ કહેવાય."

કુબેરદત્તા સાધ્વીએ આ પ્રમાણે કહીને કુબેરદત્તને પોતાની મુદ્રિકા આપી. કુબેરદત્તે પણ મુદ્રિકાને જોઈ થએલા પરસ્પર સર્વ સંબંધના ખરાબ પરિણામને જાણ્યો. પછી તેજ વખતે વૈરાગ્ય પામેલા કુબેરદત્તે દીક્ષા લીધી. તપ કરી અને મૃત્યુ પામી તે કુબેરદત્ત દેવલોકને વિષે મ્હોટો દેવતા થયો. કુબેરદત્તાએ તેજ વખતથી શ્રાવકધર્મ આદર્યો. નિર્મલ મનવાળી સાધ્વી કુબેરદત્તા પણ પોતાની ગુરૂણી પાસે ગઈ.

જંબૂકુમાર પ્રભવને કહે છે કે, જે પ્રાણીઓ આવી રીતે કર્મથી બંધાય છે તેજ જડબુદ્ધિવાળાઓ છીપમાં રૂપાની ભ્રાંતિની પેઠે બીજાઓને બંધુ માને છે. જે પોતે બંધુ સહિત છે અને બીજાઓને બંધુના સંબંધથી છોડાવે છે તેજ ક્ષમાશ્રમણ ( સાધુ ) બંધુ છે. બીજા બંધુઓ તો નિશ્ચે નહિ સમાન છે.

પ્રભવે કહ્યું. "હે કુમાર ! દુર્ગતિમાં પડતા પોતાના પૂર્વજોને રક્ષણ કરવા માટે તું પુત્રોને ઉત્પન્ન કર. કારણ સંતાન રહિત માણસના પૂર્વજો નિશ્ચે નરકે જાય છે. તું સંતાનરહિત હોવાથી પૂર્વજોના ઋણથી મુકત થઈશ નહિ." જંબૂકુમારે કહ્યું. "હે પ્રભવ ! પુત્રો પિતાને તારનારા છે, એમ જે કહેવું તે મોહને લીધે જ છે. અહીં મહેશ્વરદત્ત સાર્થવાહનું દ્રષ્ટાંત છે તે તું સાંભળ:–

પૂર્વે તામલિપ્તી નગરીમાં મહેશ્વરદત્ત નામનો લોકપ્રસિદ્ધ અને ધનવંત સાર્થપતિ રહેતો હતો. જેમ સમુદ્ર, જલથી તૃપ્તિ ન પામે તેમ બહુ ધન છતાં પણ સંતોષરહિત એવો સમુદ્ર નામનો પ્રસિદ્ધ પુરૂષ તે મહેશ્વરદત્તનો પિતા હતો. માણસોની નીતિને જાણનારી અને બહુલક્ષણવાળી છતાં માયાના નિવાસસ્થાન રૂપ તેમજ અતિ તૃષ્ણાવાળી બહુલા નામે તેને માતા હતી. દ્રવ્યસમૂહને એકઠું કરવાના વ્યસનવાળો તે મહેશ્વરદત્તનો પિતા સમુદ્ર, મૃત્યુ પામીને તેજ નગરમાં પોતાના કર્મથી પાડારૂપે ઉત્પન્ન થયો હતો. પોતાના પતિના મરણથી ઉત્પન્ન થએલા અતિ આર્ત્તધ્યાનના સંકટવાળી તેની માતા બહુલા પણ મૃત્યુ પામીને તેજ નગરમાં કૂતરી ઉત્પન્ન થઈ હતી. હવે મહેશ્વરદત્તની ગાંગિલા નામની સ્ત્રી, શંકરની પ્રિયા પાર્વતીની પેઠે અતિ સૌભાગ્યવંત હતી. સાસુ અને સસરા વિનાના ઘરમાં એકલી રહેતી તે ગાંગિલા, અરણ્યમાં હરિણીની પેઠે સ્વચ્છંદચારિણી ( મરજી પ્રમાણે ચાલનારી ) થઈ, તેથી તે દુષ્ટા પતિની દૃષ્ટિને છેતરી બીજા પુરૂષની સાથે ક્રીડા કરવા લાગી. કારણ આ લોકમાં સ્વેચ્છાચારિણી સ્ત્રીઓને સતીપણું કયાંથી હોય ?

એકદા ગાંગિલા મરજી માફક પર પુરૂષની સાથે ક્રીડા કરતી હતી, એવામાં મહેશ્વરદત્ત ઓચિંતો ઘરમાં આવ્યો. પરપુરૂષવડે ભોગવાતી પોતાની સ્ત્રીને જોઇ અતિ ક્રોધ પામેલા મહેશ્વરદત્તે હાથવડે જાર પુરૂષને પકડયો, પછી તેણે તે જાર પુરૂષને લાકડી, મુઠી અને જેરબંધ વિગેરેના પ્રહારથી એવો માર્યો કે તે જારપુરૂષ અધમૂવા જેવો બની ગયો. આવું નિંદ્ય કર્મ કરનારો કયો પુરૂષ સુખ પામે ? કોઈ ન પામે. બહુ માર ખાતા છતાં પણ મહા મહેનતથી છુટીને નાસી ગએલો તે જાર પુરૂષ વિચાર કરવા લાગ્યો કે "આવા નિંદ્ય કર્મ કરનાર એવા મને ધિક્કાર છે ! કે જે કર્મ મ્હારા મૃત્યુને અર્થે થયું." આવી રીતે વિચાર કરતો તે જારપુરૂષ, તુરત મૃત્યુ પામીને હમણાં પોતે ભોગવેલી ગાંગિલાના ઉદરને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો. પછી ગાંગિલાએ યોગ્ય અવસરે પુત્રને જન્મ આપ્યો. જો કે તે જારપુરૂષથી ઉત્પન્ન થયો હતો તોપણ મહેશ્વરદત્ત તેને પોતાથી ઉત્પન્ન થએલો જાણી લાડ લડાવતો હતો, એટલું જ નહિ પણ પોતાની પ્રિયાએ પુત્રને જન્મ આપ્યો તેથી મહેશ્વરદત્ત પુત્રપ્રેમને લીધે તેના વ્યભિચાર દોષને પણ ભૂલી ગયો અને પોતાની સ્ત્રીના જારપતિના જીવરૂપ પુત્રનું ધાત્રી કર્મ ( ધાવમાતાને કરવા યોગ્ય કામ ) પણ પોતે હર્ષથી કરવા લાગ્યો. પરંતુ જરા પણ શરમાયો નહિ. વૃદ્ધિ પામતા અને પોતાની દાઢી મૂછના વાળ ખેંચતા તે પુત્રને મહેશ્વરદત્ત પુત્રપ્રેમને લીધે પોતાની નજર આગળ રાખતો.

અન્યદા પિતાના મરણની તીથિ આવી, તેથી મહેશ્વરદત્તે માંસની ઈચ્છાથી પોતાના પિતાના જીવરૂપ પાડાને વેચાતો લીધો. પિતાની તીથિને દિવસે હર્ષથી રોમાંચિત થએલા મહેશ્વરદત્તે પાડાને માર્યો. પછી પાડાનું માંસ ખાતા એવા મહેશ્વરદત્તે, પોતાના ખોળામાં બેસારેલા બાળકને પણ હર્ષથી માંસ ખવરાવ્યું, તેમ જ માંસની ઈચ્છાથી ત્યાં આવેલી માતાના જીવરૂપ કૂતરીને પણ માંસથી ખરડાએલા હાડકાના કકડા નાખ્યા. પોતાના પતિના જીવ એવા પાડાના હાડકાની અંદર ચોટી રહેલા માંસને ખાતી એવી તે કૂતરી સંતોષ પામીને હસ્તિના કર્ણનીપેઠે પૂછડાને હલાવવા લાગી.

મહેશ્વરદત્ત આ પ્રમાણે પિતાનું માંસ ભક્ષણ કરતો હતો એવામાં માસક્ષમણના પારણે ભિક્ષા માટે ફરતા એવા એક મુનિ ત્યાં આવ્યા. મુનિએ પોતાના જ્ઞાનાતિશયને લીધે મહેશ્વરદત્તનું સંસારસમુદ્રમાં પાડનારૂં તેનું સર્વ ચેષ્ટિત જાણી લીધું, તેથી તે વિચાર કરવા લાગ્યા કે "અહો ! ડાહ્યા પુરૂષોમાં શિરોમણિ એવા આ મહેશ્વરદત્તના અજ્ઞાનને ધિક્કાર છે, તે પોતે પિતાનું માંસ ખાય છે અને વળી શત્રુને ખોળામાં બેસારે છે. આ કૂતરી પણ હર્ષ પામતી છતી પોતાના પતિના માંસવાલા હાડકાંને ભક્ષણ કરે છે. ધિક્કાર છે સંસારના આવા નાટકને !

આ પ્રમાણે જાણીને મુનિ, તેના ઘરથી નીકળી ગયા એટલે મહેશ્વરદત્ત તેમની

પાછલ જઈ વંદના કરી અને બોલ્યો. "હે મહાત્મા! આપ મ્હારે ઘરેથી ભિક્ષા લીધા વિના કેમ પાછા વલ્યા? મેં આપની કાંઈ અવજ્ઞા કરી નથી તેમ હું તમારો અભકત પણ નથી." મુનિએ કહ્યું. "હું માંસ ભક્ષણ કરનારાના ઘેરથી ભિક્ષા લેતો નથી તેથી મેં ભિક્ષા લીધી નથી. તેમજ મને એક મહાન્ વૈરાગ્ય ઉત્પન્ન થયો છે." મહેશ્વરદત્તે "આપને વૈરાગ્ય થવાનું શું કારણ છે?" એમ પૂછયું એટલે મુનિએ કૂતરી અને પાડા વિગેરેની મુખ્ય કથા કહી સંભળાવી. મહેશ્વરદત્તે ફરીથી "આપે કહ્યું તેનો વિશ્વાસ શો?" એમ પૂછયું એટલે મુનિએ કહ્યું કે "આ કૂતરીને તેણીએ પૂર્વ ભવે ડાટેલા ધનાદિનું સ્થાન પૂછ." મહેશ્વરદત્તે કૂતરીને તેજ પ્રમાણે પૂછયું એટલે કૂતરીએ ડાટેલા દ્રવ્યનું સ્થાન બતાવ્યું પછી વૈરાગ્ય પામેલા મહેશ્વરદત્તે સઘલું દ્રવ્ય ધર્મકાર્યમાં વાપરી દીક્ષા લીધી.

(જંબૂકુમાર પ્રભવને કહે છે કે, હે વાચાલશિરોમણિ પ્રભવ! માટે પુત્રો દુર્ગતિ રૂપ કૂવામાંથી માતાપિતાને તારે છે તેનો નિશ્ચય શો?"

આ વખતે જંબૂકુમારની સ્ત્રી સમુદ્રશ્રીએ પોતાના પતિને કહ્યું. "હે પ્રિય! તમે અમને ત્યજી દઇને પછી ખેડુતની પેઠે પાછળથી પસ્તાવો કરશો સાંભળો તે ખેડુતનું દૃષ્ટાંત:-

પૃથ્વી ઉપર શ્રેષ્ઠ એવા સુસીમ નામના મહા નગરને વિષે ધનધાન્યાદિકથી અતિ સમૃદ્ધિવંત એવો બક નામે ખેડુત રહેતો હતો. તેણે વર્ષાકાળ આવ્યો જાણી મહા આરંભથી રસવાળા ક્ષેત્રને વિષે કાંગ અને કોદરા નામનાં ધાન્ય વાવ્યાં. પછી ઉગી નિકળેલા શ્યામ પત્રવાળા ધાન્યથી જાણે ક્ષેત્રની ભૂમિ લીલા કાચથી પથરાવી હોયની? એમ શોભવા લાગી.

પછી વૃદ્ધિ પામતા એવા તે કાંગ અને કોદરાના વનને જોઇ બહુ હર્ષ પામેલો બક ખેડુત, કોઇ દૂર આવેલા ગામને વિષે પોતાના સંબંધીને ત્યાં પરોણા તરીકે ગયો ત્યાં તેના સ્વજનોએ તેને ગોળથી બનાવેલા માંડાનું ભોજન કરાવ્યું. આવું અપૂર્વ ભોજન મળવાથી અધિક અધિક પ્રસન્ન થએલા તેણે સ્વજનોને કહ્યું કે, "અહો! તમારૂં જીવિત ધન્ય છે કે, જેમનો આવો અમૃત સમાન મનોહર આહાર છે. અમે આવો આહાર તો કયારે સ્વપ્નામાં પણ જોયો નથી. કાંગ અને કોદરાનાં ભોજન કરનારા અમને પશુ સરખાને ધિક્કાર થાઓ! ધિક્કાર થાઓ!! પછી ગોળના માંડા નહિ જોનારા તે બક ખેડુતે પોતાના સ્વજનોને પૂછયું કે "આ ભોજનની વસ્તુ શી છે અને તે ક્યાં નિપજે છે?" તેઓએ કહ્યું. "રેંટના પાણીથી સિંચન કરેલી ક્ષેત્રભૂમિમાં ઘણા સારા ઘઉં થાય છે, તેનો ઘંટીમાં દળી લોટ કરીને પછી માંડા બનાવવા અને પછી તેને અગ્નિથી તપાવેલા પાત્રમાં શેકવા જેથી સરસ માંડા થાય છે. એવીજ રીતે વાવીને ઉત્પન્ન કરેલી શેરડીના સાંઠાને પીલીને તેના ઉત્તમ સ્વાદવાળા રસથી નિશ્ચે ગોળ થાય છે."

આ પ્રમાણે ગોળ અને માંડાને બનાવવાની રીત જાણીને હર્ષ પામેલો બક ખેડુત શેરડી અને ઘઉંનાં બીજ લઇ પોતાને ગામ આવ્યો. પછી ખેતરમાં જઇ તે બક ફુલી નીકળેલા કાંગ અને કોદરાના ધાન્યને અવિચારપણે ઝટ કાપી નાખવા લાગ્યો. તેના આવાં કૃત્યને જોઈ પુત્રોએ કહ્યું. "હે તાત! અર્ધા પાકેલા અને આપણા કુટુંબના આધારરૂપ આ ધાન્યને તમે ઘાસની માફક શા માટે કાપી નાખો છો?" બક ખેડુતે કહ્યું. "હે વત્સો! આ કાંગ અને કોદરા શા કામના છે? હું અહિં શેરડી અને ઘઉં વાવવાનો છું જેથી તેના ગોળના માંડા બનશે." પુત્રોએ કહ્યું. "થોડા દિવસમાં આ ધાન્ય પાકી રહેશે માટે તેને લણી લીધા પછી તમે તેમાં મરજી પ્રમાણે ઘઉં અને શેરડી વાવજો. હજુ ઘઉં અને શેરડીમાં સંદેહ છે અને આ ધાન્ય તો તૈયાર થઈ ગયાં છે. "હે તાત! કેડમાં બેઠેલું બાળક જતું રહે તો પછી ઉદરમાં રહેલાની તો શી વાત." આવી રીતે પુત્રોએ બહુ વાર્યા છતાં પણ તે અલ્પબુદ્ધિવાળા બક ખેડુતે થોડી વખતમાં બન્ને ધાન્યને કાપી નાખ્યાં અને દેવાનાંપ્રિય એવા તેણે ચારે બાજુએથી ધાન્યને કાપી નાખી ક્ષેત્ર ભૂમિને ગોળીએ રમવા સરખી બનાવી. પછી તેણે ત્યાં પાસે એક કૂવો ખોદ્યો પણ જેમ વંધ્યા સ્રીના સ્તનમાં દુધ ન નીકળે તેમ કૂવામાંથી જળ નીકળ્યું નહીં. થાકયા વિના ખોદી ખોદીને પાતાળ સમાન કૂવાને બનાવ્યો છતાં તેમાંથી કાદવ પણ નીકળ્યો નહિ. આમ થવાથી કાંગ કોદરા મળ્યા નહીં અને ઘઉં શેરડી થયાં નહીં તેથી તે બક ખેડુતને બહુ પસ્તાવો થયો.

(સમુદ્રશ્રી જંબૂકુમારને કહે છે કે) હે સ્વામિન્! તમે પણ આ પ્રાપ્ત થએલા પ્રત્યક્ષ સુખને ત્યજી દઇ અને ન દેખાતા પરોક્ષ સુખને ઈચ્છતા છતાં રખે બક ખેડુતની પેઠે પાછળથી પશ્ચાતાપ કરનારા થઈ પડો!"

ઉત્તમ માણસોના મનને પણ વિસ્મય પમાડતા એવા જંબૂકુમારે કહ્યું. "હે સમુદ્રશ્રી! હું કાગડાના સરખો બુદ્ધિરહિત નથી. સાંભળ તેનું દ્રષ્ટાંતઃ-

વિંધ્યાટવીમાં નર્મદા નદીને કાંઠે જાણે વિંધ્યાચળ પર્વતનો યુવરાજ હોયની? એવો યુથપતિ એક મહા હસ્તિ રહેતો હતો. વિંધ્યાચળને વિષે વિહાર કરતા એવા તે હસ્તિની યૌવનાવસ્થા ગઇ અને આયુષ્ય રૂપ નદીના પાળ સરખી વૃદ્ધાવસ્થા આવી. ઉનાળાની ઋતુમાં સૂકાઇ ગએલા ઝરણાવાળા પર્વતની પેઠે મદરહિત થઇ જવાને લીધે નિર્બળ થઇ ગએલો તે ગજરાજ વૃક્ષને વિષે દંત પ્રહાર કરવાને પણ શક્તિ ધરાવતો નહોતો. દાંતના પડી જવાથી થોડું ખાઈ શકનારો અને ભુખને લીધે દુર્બળ થએલા શરીરવાળો તે હસ્તિ વૃદ્ધાવસ્થામાં હાડકાના માળારૂપ શરીરવાળો દેખાતો હતો.

એકદા પર્વતની સૂકાઈ ગએલી નદીમાં ઉતરતા એવા તે હસ્તિનો પગ લશ્કરી

ગયો જેથી જાણે બીજું પર્વત શિખર હોયની ? એમ તે પર્વત ઉપર પડયો. વૃદ્ધાવસ્થાને લીધે ત્યાંથી ઉઠી શકવાને સમર્થ નહિ થએલો તે હસ્તિ, તેવીજ સ્થિતિમાં ત્યાં કેટલાક દિવસ રહીને મૃત્યુ પામ્યો. પછી શીયાલ વિગેરે અનેક પ્રાણીઓએ માંસભક્ષણુથી તેની ગુદાવાટે મ્હોટું રંધ્ર ( બાકું ) પાડયું. હસ્તિના તે દ્વારમાં કાગડાદિ અનેક પક્ષીઓ માંસ ખાવા માટે પેસતા અને નિકળતા. માંસભક્ષણુ કરવામાં અતૃપ્ત એવો એક કાગડો તો જાણે તેમાંજ ઉત્પન્ન થએલો જીવ હોયની ? એમ તે ગુદાદ્વારમાં પડી રહેતો. હસ્તિના શરીરની અંદર રહેલી સાર વસ્તુને ભક્ષણ કરતો એવો તે કાગડો કાષ્ટમાં ધૃણ જાતિના જીવની પેઠે અધિક અધિક અંદર પેસવા લાગ્યો. ચારે બાજુએથી હસ્તિના સ્વાદિષ્ટ માંસને ભક્ષણુ કરનારો અને બહુ મધ્યભાગમાં ગએલો તે કાગડો આગલા પાછલા સર્વ વિભાગને જાણનારો થયો.

હવે સૂર્યના કિરણોના તાપથી હસ્તિના અપાન દ્વારનું તે છિદ્ર નિર્માંસ હોવાથી પૂર્વની પેઠે સંકોચાઇ ગયું તેથી હસ્તિના કલેવરને વિષે કાગડો કરંડીયામાં પૂરેલા સાપની પેઠે પૂરાઇ ગયો. ચોમાસામાં જળથી ભરપૂર થએલી નદીએ કલ્લોલ રૂપી હાથથી ખેંચીને તે હસ્તિના કલેવરને નર્મદા નદીમાં આણ્યું. ત્યાં મહાજલમાં તરતા એવા તે હસ્તિ કલેવરને નર્મદાએ મગરાદિ જીવોના સુખ માટે સમુદ્રમાં આણ્યું. પછી જળથી ચીરાઇ ગએલા તે કલેવરમાંથી કાગડો બહાર નીકળ્યો. જાણે સમુદ્રની મધ્યેનો કોઇ દ્વીપ હોયની ? એવા તે હસ્તિના શરીર ઉપર બેસીને કાગડાએ ચારે તરફ જોયું તો જળ વિના બીજું કાંઇ તેના જોવામાં આવ્યું નહિ. તો પણ તેણે વિચાર્યું કે " હું ઉડીને સમુદ્રના કાંઠે પહોંચી જઇશ. પછી બહુ વાર ઉડી ઉડીને જઈ આવ્યો પણ સમુદ્રના પારને નહિ પામવાથી તે કાગડો વારંવાર પાછો આવી તે કલેવર ઉપર બેસતો. જેમ બહુ ભાર થવાથી વહાણુ બુડી જાય તેમ માછલા અને મગર વિગેરે બહુ જીવોએ ચારે તરફથી ઘેરેલું તે કલેવર સમુદ્રમાં બુડી ગયું, જેથી આધારરહિત થએલો કાગડો પણ જળમાં બુડી ગયો અને જળના તરંગોના ભયથી તુરત મૃત્યુ પામ્યો. આ દ્રષ્ટાંતમાં મૃત્યુ પામેલા હસ્તિના કલેવર સમાન સ્ત્રીઓને જાણવી. તેમજ સંસાર, સમુદ્ર સમાન તથા પુરૂષ, કાગડા સમાન જાણવો. હસ્તિના કલેવર સમાન તમારે વિષે રાગવાન એવો હું આ સંસારસમુદ્રમાં કાગડાની પેઠે બુડી જવાનો નથી.

પછી પદ્મશ્રીએ કહ્યું. " હે પ્રિય ! અમને ત્યજી દેવાથી તમે નિશ્ચે વાનરની પેઠે મહા પસ્તાવો પામશો. સાંભળો વાનરનું દ્રષ્ટાંતઃ—

કોઇ એક અટવીમાં નિત્ય સાથે રહેનારૂં અને પરસ્પર પ્રીતિવાળું વાનર અને વાનરીનું જોડલું વસતું હતું. તે બન્ને જણા સાથે ભોજન કરતા, સાથે ફરતા અને સાથેજ એક વૃક્ષ ઉપરથી બીજા વૃક્ષ ઉપર ચડતા. વળી એકજ દોરીથી બાંધેલાની પેઠે સાથે દોડતા. આવી રીતે તેઓ હંમેશા સાથેજ સર્વ ક્રીડા કરતા.

અન્યદા ગંગા નદીના તીરે નેતરના વૃક્ષો ઉપર ફરતા એવા તે જોડલા માંહેલો વાનર, કુદકો મારવા જતાં ભૂલી જવાથી પૃથ્વી ઉપર પડી ગયો. નીચે મહા પ્રભાવવાળું તીર્થ હતું તેથી તીર્થપ્રભાવને લીધે વાનર પડતા વારમાંજ દેવતા સમાન રૂપ કાંતિવાળો પુરૂષ બની ગયો. વાનરને મનુષ્યનું રૂપ પામેલો જોઇ વાનરીએ પણ દેવાંગના સમાન રૂપ સંપત્તિ પામવાની ઇચ્છાથી તેજ વખતે ત્યાં ઝંપાપાત કર્યો; તેથી તે પણ દેવાંગના સમાન કાંતિવાળી સ્ત્રી થઇ, ને તુરત નવીન પ્રેમથી પોતાના પતિને ભેટી પડી. પછી રાત્રી અને ચંદ્રની પેઠે પરસ્પર સાથે રહેનારા તે દંપતી, પ્રથમની ( વાનર અને વાનરીની ) પેઠે વિલાસ કરવા લાગ્યા.

અન્યદા વાનર કે જે પુરૂષ થયો હતો તેણે વાનરી કે જે મનુષ્યરૂપે પોતાની પ્રિયા હતી તેને કહ્યું. " આપણે જેવી રીતે મનુષ્ય જાતિ પામ્યા તેવી રીતે ચાલો પાછા ત્યાં જઇને દેવતાઓ થઇએ. " સ્ત્રીએ કહ્યું. " હે નાથ ! આવો બહુ લોભ કરવો રહેવા દ્યો. આપણે આ મનુષ્ય રૂપમાંજ વિષયસુખ ભોગવશું. વળી આપણે મનુષ્યપણામાં દેવતાથી પણ અધિક સુખ છે. આપણે અહીં વિયોગ પામ્યા શિવાય નિર્વિઘ્નપણે નિરંતર રહીએ છીએ. " આ પ્રમાણે સ્ત્રીએ બહુ વાર્યો છતાં મનુષ્યરૂપ પામેલા વાનરે ત્યાં જઇ પૂર્વની પેઠે ઉંચા નેતરના વૃક્ષ ઉપર ચડી ઝંપાપાત કર્યો.

હવે તે તીર્થનો પ્રભાવ એવો હતો કે ઝંપાપાત કરીને મનુષ્ય થએલો કોઇ પણ તીર્યંચ અથવા દેવતા થએલો કોઇપણ માણસ ફરીથી ઝંપાપાત કરે તો તે પોતાના પૂર્વ સ્વરૂપને પામે. વાનરરૂપ માણસે દેવ થવાની ઇચ્છાથી ફરીથી ઝંપાપાત કર્યો તેથી તે દેવપણું ન પમતાં ફરી વાનર થયો.

પછી પુષ્ટ સ્તનવાળી, વિશાળ નેત્રવાળી, શંખ સમાન કંઠવાળી, સૂક્ષ્મ ઉદરવાળી, પૂર્ણચંદ્ર સમાન મુખવાળી, કમલપત્ર સમાન હાથ પગની અંગુલીઓવાળી, ગંગાની મૃત્તિકા વડે કરેલા તિલકવાલી, વેલથી બાંધેલા કેશવાલી, કેતકી પુષ્પની વેણીવાળી, તાલપત્રના કુંડલવાળી, કમલનાલના હારવાળી અને મૃગના સરખા નેત્રવાળી તે સ્રીને વનમાં ફરતા એવા રાજપુરૂષોએ દીઠી. તુરત રાજપુરૂષોએ તે સ્રીને લઇ જઇ રાજાને અર્પણ કરી. ભૂપતિએ પણ તે સરલ હૃદયવાળી સ્રીને પોતાની પટ્ટરાણી બનાવી. પેલા વાનરને પણ વનમાં આવેલા મદારી લોકો પકડીને લઇ ગયા અને તેઓએ તેને પુત્રની પેઠે નાના પ્રકારનું નૃત્ય શીખવ્યું. પછી કોઇ એક દિવસે તે મદારી લોકોએ રાજાની પાસે જઇ નટની સાથે વાંદરાને નચાવવા રૂપ નાટક કર્યું. આ વખતે વાનરાએ રાજાની સાથે અર્ધા આસન ઉપર બેઠેલી તે પોતાની પ્રિયાને જોઇ પોતાના સાત્વિક અભિનયને પ્રગટ કરતાં છતાં અશ્રુપાતયુક્ત રૂદન કર્યું. તે ઉપરથી રાણીએ તેને કહ્યું. " હે વાનર ! તું પોતાનું કરેલું કર્મ નિત્ય ભોગવ અને નેતર વૃક્ષ ઉપરથી કરેલા પોતાના ઝંપાપાતને સંભાર નહીં.

( પદ્મશ્રી કહે છે કે ) " હે નાથ ! તમે પણ આ પ્રાપ્ત થએલા વિષય સુખને ત્યજી દઇ પાછળથી વાનરની પેઠે પસ્તાવો કરતા નહીં."

જંબૂકુમારે કહ્યું " હે પદ્મશ્રી ! હું અંગારા કરનારા પુરૂષની પેઠે ક્યારે પણ વિષયમાં નિશ્ચે અતૃપ્ત નથી. સાંભલ તે અંગારા બનાવનારાનું દ્રષ્ટાંતઃ–"

કોઈ એક અંગારા બનાવનાર પુરૂષ, ઉનાળાની ઋતુમાં સાથે બહુ પાણી લઇ વનમાં અંગારા બનાવવા માટે ગયો. અંગારા બનાવતાં તેને અગ્નિના અને સૂર્યના કિરણોના તાપથી બહુ તરસ્યા લાગવા માંડી. તેથી અગ્નિથી તપ્ત થએલો તે અંગારકારક પુરૂષ, વનના હસ્તિની પેઠે વારંવાર પોતાના શરીર ઉપર, પાણી છાંટવા લાગ્યો તથા પીવા લાગ્યો. આમ કરતા સઘળું જલ ખુટી ગયું તોપણ તેની તૃષા શાંત થઇ નહીં. પછી તે પુરૂષ જેટલામાં વાવ વિગેરેમાં જલપાન કરવા જવા લાગ્યો તેટલામાં તૃષ્ણાથી પીડા પામેલો તે રસ્તામાં મૂર્ચ્છા આવવાથી પૃથ્વી ઉપર પડી ગયો પણ એટલું સારૂં થયું કે તે દૈવયોગથી જાણે શિતલતાની માતા હોયની ? એવી કોઇ માર્ગના વૃક્ષની ગંભીર છાયામાં પડયો. વૃક્ષની નીચે શીતલ છાયામાં પડેલા તે પુરૂષને સુખ રૂપ જલની નદી સમાન નિદ્રા આવી. પછી તે પુરૂષે મંત્રથી પ્રેરેલા અગ્નિશસ્ત્રની પેઠે સ્વપ્નમાં સરોવર, વાવ, કૂવા વિગેરે સર્વ જલાશયોને પાણી પીને સૂકવી નાખ્યાં. સ્વપ્નામાં આવી રીતે બહુ જલપાનથી પણ જેની તૃષા શાંત થઇ નથી એવા તે પુરૂષે ભમતા ભમતા કાદવવાલા પાણીથી ભરેલા એક જીર્ણ કૂવાને દીઠો. કૂવામાં પાણી બહુ ઓછું હોવાને લીધે તે અંગારકારક પુરૂષ તેમાંથી ખોબાવડે પાણી પી શકયો નહીં તેથી જીભવડે ચાટવા લાગ્યો તોપણ તેની દાહજ્વરથી પીડાતા માણસની પેઠે કોઇપણ રીતે તૃષા શાંત થઇ નહીં.

જંબૂકુમાર પદ્મશ્રીને કહે છે કે, હે પ્રિયે ! આ દષ્ટાંતમાં અંગારા બનાવનાર પુરૂષ, તે જીવ જાણવો અને વાવ વિગેરેના સરખા વ્યંતર તથા દેવતાઓના ભોગો જાણવા. જે જીવ સ્વર્ગાદિ સુખ ભોગવવાથી પણ તૃપ્ત થયો નહીં તે માણસનાં સુખ ભોગવવાથી કેમ તૃપ્ત થશે. માટે તું આગ્રહ કર નહીં.

પછી પદ્મસેનાએ કહ્યું. " હે નાથ ! નિશ્ચે મનુષ્યોનો સ્વભાવ કર્મને આધિન છે. માટે આપ ભોગોને ભોગવો. ભોગમાં પ્રવૃત્તિ કરાવનારાં તેમજ ભોગથી નિવૃત્તિ કરાવનારાં બહુ દષ્ટાંતો છે. તેમાં નૂપુરપંડિતા અને શિયાળનું દષ્ટાંત છે તે તમે સાંભળોઃ–

રાજગૃહ નગરમાં દેવદત્ત નામનો સ્વર્ણકાર ( સોની ) રહેતો હતો. તેને દેવદિન્ન નામે પુત્ર હતો. તે દેવદિન્નને દુર્ગિલા નામની સ્ત્રી હતી.

એકદા તે દુર્ગિલા કટાક્ષથી યુવાન પુરૂષોના ચિત્તને સર્વ પ્રકારે ક્ષોભ પમાડતી નદીએ જલક્રીડા કરવા માટે ગઇ. અદ્‌ભૂત વસ્ત્રોથી શોભતી અને સર્વ પ્રકારના

આભૂષણોથી દેદીપ્યમાન એવી દુર્ગિલાએ સાક્ષાત્ મૂર્તિમતી જલદેવતાની પેઠે નદીના તીરને શોભાવ્યું. અંગના વસ્ત્ર અલંકારાદિ પોતાની સખીને આપી પોતે હંસીની પેઠે ધીમે ધીમે જલમાં પ્રવેશ કર્યો. જાણે કમલ ઉપર બેઠેલી રાજહંસી હોયની ? એવી તે દેવાંગના સમાન મનોહર આકૃતિવાળી દુર્ગિલાએ નદીના જલમાં બહુ કાલ ક્રીડા કરી. સમુદ્રમાં દેવાંગનાની પેઠે નદીના જલમાં ક્રીડા કરતી એવી દુર્ગિલાને કોઈ યુવાન અને કુશીલ એવા નાગરિક પુરૂષે દીઠી. સ્પષ્ટ દેખાતા અંગવાળી અને આભૂષણ તથા વસ્ત્રરહિત એવી તે દુર્ગિલાને જોઈ કામદેવથી ક્ષોભ પામેલા ચિત્તવાળો તે પુરૂષ વારંવાર આ પ્રમાણે બોલવા લાગ્યો. “ આ નદી, આ વૃક્ષો અને ત્હારા ચરણકમલમાં પડેલો હું પોતે પણ એમ અમે ત્રણે જણા તને પૂછીએ છીએ કે તેં સારી રીતે સ્નાન કર્યું ? ” સ્ત્રીએ ઉત્તર આપ્યો. “ નદીનું કલ્યાણ થાઓ, વૃક્ષો દીર્ઘ કાલ સુધી આનંદમાં રહો અને મ્હારૂં સુખસ્નાન પૂછનારનું હું ઈષ્ટ કાર્ય કરીશ. ” મનોરથ રૂપ લતાના ઉત્પતિ સ્થાનને વિષે અમૃતના સિંચન સમાન તે સ્ત્રીના વચનને સાંભળી કામદેવથી વ્યાકુળ થએલો તે પુરૂષ ત્યાંને ત્યાંજ સ્થિર થઈ ગયો. “ આ સ્ત્રી કોણ હશે ? ” એમ વિચાર કરતા તે પુરૂષે એક પાસેના વૃક્ષની નીચે ફળ પાડવાની ઇચ્છાથી ઉભેલા બે બાલકોને જોયાં. પછી તે પુરૂષે પથ્થરના કકડાઓ વૃક્ષની શાખા ઉપર ફેંકીને તત્કાલ બહુ ફલો પાડયાં. ઈષ્ટ ફલ મળવાથી હર્ષ પામેલા બાલકોને તે પુરૂષે પૂછયું કે “ આ નદીમાં ન્હાય છે તે સ્ત્રી કોણ છે અને તેનું ઘર કયાં છે ? ” બાલકોએ કહ્યું “ તે દેવદત્ત સોનીના પુત્રની સ્ત્રી છે અને તેનું અહીં નજીક ઘર છે. ” દુર્ગિલા પણ એક ચિત્તથી તે યુવાન પુરૂષનું ધ્યાન કરતી જલક્રીડા ત્યજી તુરત પોતાના ઘર પ્રત્યે ગઇ. “ કયે દિવસે, કઈ રાત્રીએ; કયે સ્થાનકે અને કયે વખતે અમે મળશું ? ” એમ તે બન્ને જણાં અહોરાત્ર વિચાર કરવા લાગ્યાં. યુવાન અને વિયોગથી પીડાતાં એવા તે બન્ને જણા ચક્રવાકના યુગલની પેઠે પરસ્પર એક બીજાના સંગને ઇચ્છતાં છતાં ઘણા દિવસ સુધી રહ્યાં.

એકદા તે પુરૂષે કુલટા સ્ત્રીઓની કુલ દેવતા સરખી એક તાપસીને ભોજનાદિકથી સંતોષ પમાડીને કહ્યું. “ હે તાપસી ! દેવદિન્નની સ્ત્રી અને હું પરસ્પર આસકત છીએ માટે કુલદેવીની પેઠે તું અમારા બન્નેનો મેલાપ કર, પ્રથમ મેં પોતેજ દૂત થઇ તેને કહી રાખ્યું છે, અને તેણે મ્હારી સાથે સંગ કરવાની કબુલાત આપી છે. માટે હે શુભે ! હમણાં અમારા બન્નેનો સંયોગ કરી આપવો તને સહેલો થઇ પડશે. ” પછી તાપસી “ હું તારૂં કાર્ય કરીશ. ” એમ કહી તુરત ભિક્ષાના મીષથી દેવદત્ત સોનીના ઘર પ્રત્યે ગઇ. આ વખતે દુર્ગિલા પાત્ર ધોતી હતી તેને જોઇ તાપસીએ કહ્યું. “ હે ચંચલાક્ષી ! કામદેવના સમાન મૂર્તિમાન કોઈ યુવાન પુરૂષ, મ્હારી મારફતે ત્હારી પ્રાર્થના કરે છે, માટે તેને તું નિરાશ કરીશ નહીં.

વય, બુદ્ધિ, રૂપ અને ચાતુર્યાદિ ગુણોથી નિરંતર પોતાને યોગ્ય એવા તે પુરૂષને મળી તું ત્હારી યૌવનાવસ્થાને કૃતાર્થ કર. હે ભદ્રે ! જ્યારથી તે પુરૂષે તને નદીમાં સ્નાન કરતી દીઠી છે, ત્યારથી ત્હારે વિષે બહુજ આસકત થએલો તે પુરૂષ બીજી સ્ત્રીનું નામ પણ લેતો નથી." પછી બુદ્ધિવાળી દુર્ગિલા પણ પોતાના હૃદયમાં રહેલા ભાવને ગુપ્ત રાખવા માટે તે તાપસીને કઠોર અક્ષરથી તિરસ્કાર કરતી છતી કહેવા લાગી. "હે મુંડા ! શું તે મદ્યપાન કર્યું છે કે જે તું કુલીન માણસને અયોગ્ય વચન બોલે છે ? શું તું કુટ્ટિની છે ? અરે પાપીણી, તું મ્હારી દૃષ્ટિ આગલથી દૂર જા દૂર જા તને જોવાથી પાપ થાય તો પછી ત્હારી સાથે વાત કરવાની તો વાતજ શી કરવી ?" આવાં તિરસ્કારનાં વચન સાંભલી પાછી જતી એવી તે તાપસીની પીઠ ઉપર દુર્ગિલાએ જાણે ભીંત ઉપર હોયની ? એમ મશથી લેપન કરેલો હાથ માર્યો.

પછી તાપસી દુર્ગિલાના આશયને ન જાણવાથી અતિ વિલક્ષ બની ગઇ અને પેલા કુશીલ પુરૂષ પાસે જઇ કડવા વચનથી કહેવા લાગી. "અરે ! પોતાને વિષે તે સ્ત્રીનું આસકતપણું દેખાડતા એવા તેં મને એવું અસત્ય વચન કહ્યું ? તેણે તો પોતાનું સતીપણું દેખાડતાં છતાં કુતરીની પેઠે વચનથી મ્હારો બહુ તિરસ્કાર કર્યો. હે મૂઢ ! તે સ્ત્રીની પાસે હું વૃથા દૂતી તરીકે ગઇ. ચતુર પુરૂષને સારી ભીંત ઉપર ચિત્ર રચના કરવી ઘટે છે. અરે તેણે મ્હારો તિરસ્કાર કર્યો એટલુંજ નહીં પણ ઘર કાર્ય કરવામાં મશવાળા કરેલા હાથવડે તેણે ક્રોધ કરી મને વાંસામાં મારી છે." આ પ્રમાણે કહીને તાપસીએ પોતાનો પૃષ્ઠ ભાગ કે જેમાં દુર્ગિલાએ મશવાલા હાથવડે પ્રહાર કર્યો હતો તે પેલા ધૂર્ત્ત કામી પુરૂષને દેખાડયો. કામી પુરૂષે વિચાર્યું કે "એ સ્ત્રીએ આ તાપસીના પૃષ્ઠ ભાગને વિષે પાંચ આંગુલીથી મશી હાથ માર્યો છે, તેથી તેણે મને ખરેખર કૃષ્ણપક્ષની પાંચમનો સંકેત કર્યો છે. અહો ! શી તેની ચતુરાઇ કે, જેણે મને આવા બ્હાનાથી સંકેતનો દિવસ કહ્યો. હે ચિત્ત ! હવે તું ધીરજ રાખ ! અરે ! તેણે કોઈ કારણને લીધે સંકેતનું સ્થાન તો સૂચવ્યું નથી તેથી હજુ મને તેનો સંગ કરવામાં અંતરાય છે." આમ વિચાર કરી તે કામી પુરૂષે ફરી તે તાપસીને કહ્યું. "તું તેનો ભાવ જાણતી નથી, તે નિશ્ચે મ્હારા ઉપર અનુરકત છે. તેથી તું ફરી તેની પાસે જઇ પ્રાર્થના કર. હે માત ! તું કોઇ પણ રીતે મ્હારા કાર્યમાં ખેદ લાવીશ નહીં. તું ફરી તેની પાસે જા. લક્ષ્મી રૂપ વેલનું મુખ્ય મૂલ ખેદ નહિ કરવો તેજ છે." તાપસીએ કહ્યું "કુલીન એવી તે સ્ત્રી ત્હારૂં નામ પણ સહન કરતી નથી તો પછી ત્હારૂં ઇષ્ટકાર્ય કરવું તે તો નિશ્ચે ઉંચા સ્થાનમાં જલ રાખવા જેવું છે. જો કે ત્હારા કાર્યની સિદ્ધિનો સંદેહ છતાં નિઃસંદેહપણે મ્હારો તો ધિક્કારજ થવાનો છે તો પણ હું લજ્જાને ત્યજી દઇ હમણાં જાઉં છું."

તાપસી આ પ્રમાણે કહી ફરી દુર્ગિલા પાસે જઈ અમૃત સમાન મધુર વચનથી કહેવા લાગી. "હે મૃગનયને ! પોતાના સમાન રૂપવંત તે યુવાન પુરૂષની સાથે તું ક્રીડા કર. કારણ તેજ પોતાની યુવાવસ્થાનું સાર ફલ છે." તાપસીનાં આવાં વચન સાંભળી જાણે ક્રોધાતુર થએલી હોયની ? એવી દુર્ગિલાએ તે તાપસીને ગળે પકડી ધિક્કાર કરવા પૂર્વક પોતાની અશોકવાડીના પાછલા બારણેથી કાઢી મૂકી. તાપસી પણ લજ્જાને લીધે પોતાના મુખ ઉપર વસ્ત્ર ઢાંકી તે કામી પુરૂષ પાસે જઇ ખેદ કરતી છતી કહેવા લાગી. "તેણે પ્રથમની પેઠે મ્હારો તિરસ્કાર કરીને પછી મને ગળે પકડી અશોકવનના પાછલા દ્વારથી કાઢી મૂકી છે."

બુદ્ધિમંત એવા કામી પુરૂષે વિચાર્યું કે "તે સ્ત્રીએ મને અશોકવાડીમાં થઇને આવવાનો સંકેત કર્યો છે." પછી તેણે તાપસીને કહ્યું. "હે પૂજ્યે ! તેણીએ તમારો જે તિરસ્કાર રૂપ અપરાધ કર્યો છે તે ક્ષમા કરવો અને આ વાત તમારે ક્યાંઇ ન કહેવી."

પછી કૃષ્ણ પંચમીની રાત્રીએ તે યુવાન પુરૂષ અશોકવાડીમાં થઇ પાછલા દ્વાર તરફ ગયો. ત્યાં તેણે માર્ગમાં ઉભેલી દુર્ગિલાને દીઠી. દુર્ગિલાએ પણ દૂરથી આવતા એવા તે પુરૂષને દીઠો. આ વખતે તેમનો પરસ્પર પ્રતિબંધરહિત મેલાપ થયો. પરસ્પર નેત્રની પેઠે હાથને લાંબા કરી રોમાંચિત થએલા સર્વ અંગવાળા તે બન્ને જણા સામસામા દોડયા. જો કે તેઓ પ્રથમથી એક ચિત્તવાળા હતા અને આ વખતે નદી અને સમુદ્રની પેઠે તેઓનાં શરીર એકઠાં થયાં. આલિંગનથી અને પ્રેમયુક્ત પરસ્પર વાર્તાલાપથી તેઓએ ત્યાં એક મુહૂર્ત્તની પેઠે બે પ્રહર ગાળ્યા. પછી સુરત ( કામ ) સુખ રૂપ સમુદ્રમાં મગ્ન થએલા અને પ્રસન્ન ચિત્તવાળા તે બન્ને જણાઓને ત્યાંજ નયન કમલને રાત્રી રૂપ નિદ્રા આવી.

હવે દેવદત્ત સોની શરીરની ચિંતાને અર્થે ઉઠી અશોકવાડીમાં ગયો તો તેણે તે બન્ને સૂતેલાં જોયાં તેથી તે વિચાર કરવા લાગ્યો. "ધિક્કાર છે આ દૂરાચારિણી પુત્રવધુને, કે જે પર પુરૂષની સાથે ક્રીડા કરી થાકી જવાથી જાર પુરૂષની સાથે ભરનિદ્રામાં સૂતી છે." આમ ધારી તે વૃદ્ધ સોની "આ જાર પુરૂષજ છે" એમ નિશ્ચય કરવાને પોતાના ઘર પ્રત્યે ગયો તો તેણે ત્યાં પોતાના પુત્રને એકલો સૂતેલો જોયો. તેથી તે વિચારવા લાગ્યો કે "હું ધીમે રહીને તે દુરાચારિણીના પગમાંથી ઝાંઝર કાઢી લઉં કે જેથી મ્હારો પુત્ર, એ નિશાનીથી મ્હારા કહેવા પ્રમાણે "તે વ્યભિચારિણી છે" એવો વિશ્વાસ પામે." પછી દેવદત્ત સોનીએ ચોરની પેઠે ધીમેથી તેના પગમાંથી ઝટ ઝાંઝર કાઢી લઇ તેજ માર્ગે થઇ પોતાના ઘરમાં પ્રવેશ કર્યો. દુર્ગિલા પણ ઝાંઝરને કાઢી લેવા માત્રમાં તુરત જાગી ગઇ. કહ્યું છે કે પ્રાયઃ ભયસહિત સૂતેલા માણસને નિદ્રા થોડી હોય છે. પોતાના પગનું ઝાંઝર સસરાએજ કાઢી લીધું છે એમ જાણી ભયથી કંપતી એવી દુર્ગિલાએ જાર પુરૂષને

ઉઠાડીને આ પ્રમાણે કહ્યું. " તું અહીંથી ઝટ જતો રહે, જતો રહે, કારણ મ્હારા સસરાએ આપણુ બન્ને જણાને જોયાં છે. હવે તું મને થતા અનર્થમાં યોગ્ય રીતે સહાય કરજે. "

જાર પુરૂષ તે વાત કબુલ કરી અર્ધાં વસ્ત્ર પહેરીને તુરત ચાલ્યો ગયો અને અસતી એવી દુર્ગિલા પણ તુરત પોતાના પતિની પાસે સૂઈ ગઈ. ચતુર સ્ત્રીઓની મધ્યે મૂખ્ય અને ધીરજપણાને ધારણ કરતી એવી દુર્ગિલાએ પતિને ગાઢ આલિંગન કરતાં છતાં જગાડ્યો અને કહ્યું કે " હે આર્યપુત્ર ! મને તાપ બહુ લાગે છે, માટે ચાલો ઠંડા પવનવાળી અશોક વાડીમાં જઇએ." પ્રિયાએ પ્રેરેલો દેવદિન્ન તેને વશ હોવાથી તુરત કંઠ વળગી રહેલી તે સ્ત્રીની સાથે અશોકવાડીમાં ગયો. દુર્ગિલા જે, સ્થાનકે પોતે સૂતી હતી અને સસરાએ દીઠી હતી તેજ સ્થાનકે પતિને આલિંગન કરીને સૂતી. સરળ મનવાળો દેવદિન્ન ત્યાં પણ ઉંઘી ગયો. કહ્યું છે કે અક્ષુદ્ર ચિત્તવાળાને નિદ્રા સુલભ હોય છે.

પછી આકારને ગોપવી રાખનારી નટીની પેઠે તે ધૂર્ત્ત એવી દુર્ગિલાએ પતિને કહ્યું. " અરે ! તમારા કુળમાં આ કેવો આચાર, કે જે કહી શકાય પણ નહિ ? હું વસ્ત્ર વિના તમારૂં આલિંગન કરી સૂતી છું એવામાં તમારા પિતાએ મ્હારા પગનું નૂપુર ( ઝાંઝર ) કાઢી લીધું. પૂજ્યોએ ( સસરા વિગેરે વડિલોએ ) ક્યારે પણ વહુનો સ્પર્શ કરવો યોગ્ય નથી, તો પછી ક્રિડાગૃહમાં રહેલી અને પતિની સાથે સૂતેલી હોય ત્યારે તો વાતજ શી કરવી." દેવદિન્ને કહ્યું. " હે સુલક્ષણે ! આવું કામ કરનારા પિતાને હું સવારે ત્હારા દેખતા છતાં ઠપકો આપીશ." સ્ત્રીએ કહ્યું. " તમારે તેમને અત્યારેજ કહેવું જોઇએ; નહિ તો સવારે તે મને " તું બીજા પુરૂષની સાથે સૂતી હતી, એમ કહેશે." દેવદિન્ને કહ્યું. " હું તેમને આક્ષેપ કરીને કહીશ કે " હું સૂતો હતો અને તમે નૂપુર કાઢી ગયા છો; હું નિશ્ચે ત્હારા પક્ષમાંજ છું." પતિનાં આવાં વચન સાંભળી " હે નાથ ! હમણાં જેવું કહો છો તેવું સવારે કહેજો " એમ કહી તે ધૂર્ત્ત દુર્ગિલાએ તેને બહુ સોગન ખવરાવ્યા.

પછી સવારે દેવદિન્ને ક્રોધ કરી પોતાના પિતાને કહ્યું. " હે તાત ! તમે તમારી વહુનું નૂપુર કાઢી લીધું તે શું કર્યું ? " પિતા દેવદત્તે કહ્યું. " હે પુત્ર ! ખરેખર આ ત્હારી સ્ત્રી વ્યભિચારિણી છે. મેં તેને ગઈ રાત્રીએ બીજા પુરૂષની સાથે અશોકવાડીમાં સૂતેલી દીઠી છે. તને આ પોતે દુરાચારિણી છે " એવો વિશ્વાસ કરી દેવા માટે મેં તેનું નૂપુર કાઢી લીધું છે." પુત્રે કહ્યું. " ત વખતે હુંજ સુતો હતો, બીજો કોઇ પુરૂષ નહોતો. હે તાત ! નિર્લજ્જ એવા તમારાથી હું બહુ લાજું છું. તમે આ શું કૃત્ય કર્યું ? હે તાત ! તમે તે નૂપુર ન સંતાડો, પણ પોતાની વહુને પાછું આપો. તમે તે કાઢી લીધું ત્યારે હુંજ સૂતો હતો. આ તમારી વહુ તો મહા-

સતી છે." પિતાએ કહ્યું. "જ્યારે મેં તેના પગમાંથી નૂપુર કાઢી લીધું ત્યારે મેં ઘરમાં જઇને જોયું તો તને એકલાનેજ સૂતેલો દીઠો હતો." દુર્ગિલાએ કહ્યું "હે સસરા ! હું આવું મિથ્યા કલંક નહિ સહન કરૂં. હે તાત ! દિવ્ય કરીને હું તમને ખાત્રી કરી આપીશ. ધોએલા શ્વેત વસ્ત્રમાં પડેલા મશના ટપકાની પેઠે મને નિષ્કલંકને આવું કલંક શોભે નહીં. અહીંના શોભન યક્ષની જાંઘ વચ્ચેથી હું નિકળીશ. કારણ અશુભ માણસ તેની જાંઘ વચ્ચેથી નીકળી શકતો નથી." વિકલ્પવાલા સસરાના અને નિર્વિકલ્પવાલા પતિના સમક્ષ ધિઠ્ઠાઇના સમુદ્રરૂપ તે સ્ત્રીએ એવી પ્રતિજ્ઞા કરી.

પછી સ્નાન કરી, પવિત્ર શ્વેત વસ્ત્ર પહેરી, બલિ તથા પુષ્પ વિગેરે પૂજાનો સામાન લઈ તે દુર્ગિલા, પોતાના સ્વજનો સહિત યક્ષને પૂજવા ગઈ. ત્યાં તે યક્ષનું પૂજન કરતી હતી એવામાં પૂર્વે સંકેત કરી રાખેલો તેનો જાર, જાણે ગાંડો થઇ ગયો હોયની ? એમ તુરત આવીને તેના ગલાને વિષે વલગી પડયો. માણસોએ "આ ગાંડો થઇ ગયો છે" એમ કહી ગલે પકડી તેને બહાર કાઢી મૂકયો. પછી દુર્ગિલા ફરી સ્નાન કરી, યક્ષનું પૂજન કરી અને આ પ્રમાણે વિનંતિ કરવા લાગી. "મેં મ્હારા પતિ વિના ક્યારે પણ કોઇ પુરૂષનો સ્પર્શ કર્યો નથી અને આ ગાંડો મ્હારે ગળે વલગી પડયો તે તો પ્રત્યક્ષજ છે. તો હવે મ્હારો પતિ અને આ ગાંડો એ બે જણા શિવાય બીજા કોઇ પુરૂષે મ્હારા શરીરે સ્પર્શ ન કર્યો હોય તો મને સતીને તું સત્યપ્રિયપણાએ કરીને શુદ્ધિ આપનારો થજે." યક્ષ પણ હવે શું કરવું ? એવો વિચાર કરતો હતો એટલામાં તે દુરાચારિણી તેની બન્ને જાંઘ વચ્ચેથી નીકળી ગઇ. ! ! !

આ અવસરે લોકોએ "તે શુદ્ધ છે, શુદ્ધ છે" એવો કોલાહલ કરી મૂકયો જેથી રાજાધ્યક્ષ પુરૂષોએ તે દુર્ગિલાના કંઠને વિષે પુષ્પમાલા પહેરાવી. પછી દેવદિન્ને સ્વીકારેલી તે પોતાના બંધુજનો સહિત વાજીંત્રો વાગતે છતે પોતાના સસરાને ઘેર ગઈ. સસરાએ નૂપુર કાઢી લેવાથી પોતાને માથે આવેલું કલંક ઉતાર્યું તેથી લોકમાં તે દિવસથી તેનું "નૂપુરપંડિતા" એવું નામ પડયું. દેવદત્તાનો પરાભવ થયો તથી બાંધેલા હસ્તિની પેઠે ચિંતાથી તેની અધિક નિદ્રા જતી રહી. જાણે યોગીંદ્ર હોયની? એમ નિદ્રારહિત એવા તે સોનીને જાણી ભૂપતિએ તેને યોગ્ય આજીવિકા બાંધી આપીને પોતાના અંતઃપુરનો રક્ષક બનાવ્યો.

હવે ભૂપતિની કોઇ એક રાણી તે રક્ષક (સોની)ને ઉંઘે છે કે નહિ ? એમ વારંવાર આવીને જોઇ જતી. તેથી તેણે વિચાર્યું કે "આ રાણી વારંવાર આવીને મને જોઇ જાય છે, તેનું કાંઇ કારણ જણાતું નથી. મ્હારા સૂઇ ગયા પછી તે શું કરવાની હશે ? તે જાણવાને તે કપટ નિદ્રાથી સૂઈ ગયો. પછી રાણીએ ફરી આવીને જાયું તો તેને ભરનિદ્રામાં સૂતો દીઠો, તેથી તે બહુ હર્ષ પામીને ચોરની

પેઠે ધીમે ધીમે ગોખ તરફ જવા લાગી. ગોખની નીચે ઐરાવત હસ્તિ સમાન મ્હોટા શરીરવાલો રાજપ્રિય હસ્તિ બંધાતો હતો. રાણી હસ્તિના મહાવત ઉપર આસક્ત હતી, તેથી તે ગોખના પાટીયાને દૂર ખસેડી ગોખ બહાર ઉભી રહી. હસ્તિએ તેને નિત્યના અભ્યાસથી સુંઢ વડે પકડી ભૂમિ ઉપર મૂકી. રાણીને પૃથ્વી ઉપર ઉભેલી જોઈ મહાવતે ક્રોધ કરી "અરે દાસી! તું મોડી કેમ આવી? એમ કહીને તેને હસ્તિની સાંકળવડે પ્રહાર કર્યો. રાણીએ કહ્યું. "હે નાથ મને મ્હારો નહિ. આજે રાજાએ કોઇ નવો અંતઃપુરનો રક્ષક મોકલ્યો છે તે જાગતો હોવાથી મ્હારે રોકાવું પડયું છે. હે વલ્લભ! બહુ વખત પછી તે ઉંઘી ગયો એટલે લાગ જોઇ હું તમારી પાસે આવી છું માટે આપ મ્હારા ઉપર ક્રોધ ન કરો." આવાં રાણીનાં વચનથી શાંત થએલો મહાવત તેવી સાથે નિર્ભયપણે ક્રીડા કરવા લાગ્યો. ધીરજના ભંડારરૂપ તે રાણી રાત્રી વીતી જવા આવી ત્યારે હસ્તીની સુંઢના આશ્રયથી પોતાને સ્થાનકે ગઇ.

આ સર્વ વાત જાણી દેવદત્ત સોની કે જે અંતઃપુરનું રક્ષણ કરતો હતો તે વિચાર કરવા લાગ્યો કે "અહો! અશ્વના ખોંખારાના શબ્દ જેવું સ્ત્રીઓનું ચરિત્ર જાણવાને કોણ સમર્થ છે? અહો! અંતપુરમાંથી નહિ નીકળી શકવાને લીધે જેમને સૂર્ય પણ જોઇ શકતો નથી એવી આ રાજસ્ત્રીઓ પણ પોતાના શીલવ્રતને ખંડિત કરે છે તો પછી બીજી સ્ત્રીઓની તો વાતજ શી? તેઓ જલાદિ વસ્તુને લાવવા માટે નગરમાં ચારે તરફ ભટકતી હોય એવી સામાન્ય ઘરની સ્ત્રીઓના શીળનું રક્ષણ તો કયાંથી થાય?" આમ વિચાર કરી પુત્રવધુના દુરાચરણથી થએલા ક્રોધના વિચારને ત્યજી દઇ દેવાદારથી છુટેલા પુરૂષની પેઠે સૂઇ ગયો. પ્રભાત થઇ તો પણ તે વૃદ્ધ સોની જાગ્યો નહિ, તેથી તે વાત દાસીઓએ રાજાને કહી. રાજાએ કહ્યું. "એ કાંઇ કારણથી થયું હશે માટે તે જાગે ત્યારે મારી પાસે લાવજો." ભૂપતિની આવી આજ્ઞા સાંભળી સેવક લોકો ગયા. દેવદત્ત સોનીએ પણ આજ બહુ કાળે સાત દિવસનું નિદ્રાસુખ અનુભવ્યું. અર્થાત્ તે સાત દિવસ સુધી સૂઈ રહ્યો. સાત રાત્રી પૂરી થએ તે જાગ્યો એટલે સેવક લોકો તેને રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને આ પ્રમાણે પૂછયું. "જેમ દુર્ભાગી પુરૂષને કામિની સ્વીકારતી નથી તેમ નિદ્રાએ ત્યજી દીધેલો તું સાત દિવસ સુધી કેમ સૂઇ રહ્યો. તને મ્હારા તરફથી અભય છે." તે ઉપરથી તેણે રાત્રીએ રાણી, હસ્તી અને મહાવત સંબંધી જે વૃત્તાંત જોયું હતું તે કહી દીધું પછી રાજાએ તેને અનુકંપા દાન આપી વિદાય કર્યો, જેથી તે વૃદ્ધ દેવદત્ત સોની, પોતાના પરાભવથી થએલું જીર્ણ દુઃખ ત્યજી દઈ સુખે રહેવા લાગ્યો.

હવે રાજાએ તે પોતાની દુરાચારિણી સ્ત્રીની પરીક્ષા કરવા માટે એક લાકડાનો મ્હોટો હસ્તિ કરાવીને સર્વે રાણીઓએ કહ્યું. "આજે રાત્રીમાં મેં સ્વપ્ન જોયું છે તેથી વસ્ત્રરહિત થઈ તમારે મ્હારી સમક્ષ તે હસ્તિ ઉપર બેસવું." સર્વે રાણી-

ઓએ રાજાના જોતાં છતાં તેમ કર્યું પણ પેલી એક દુરાચારિણીએ તો ભૂપતિને કહ્યું કે "હું તો આ હસ્તિથી ભય પામુંછું." રાજાએ ક્રોધથી તેને જળથી ઉત્પન્ન થએલા કમળદંડનો પ્રહાર કર્યો જેથી તે રાણી કૃત્રિમ મૂર્ચ્છા પામીને પૃથ્વી ઉપર પડી ગઈ. રાજાએ બુદ્ધિથી તેને અસતી જાણી નિશ્ચય કર્યો કે "વૃદ્ધ સોનીએ કહી હતી તે આજ દુરાચારિણી છે." વળી ભૂપતિએ તે રાણીના વાંસામાં સાંકળના પ્રહારથી થએલાં ચિન્હો જોયાં તેથી તેણે ટચકારો કરી હાસ્યપૂર્વક કહ્યું. "તું મદોન્મત્ત હસ્તિની સાથે ક્રીડા કરે છે, છતાં આ લાકડાના હસ્તિથી ભય પામે છે? વળી સાંકળના પ્રહારથી ખુશી થાય છે, છતાં કમળદંડના પ્રહારથી મૂર્ચ્છા પામે છે?

પછી ક્રોધથી રાતા નેત્રવાળા તે ભૂપતિએ વૈભાર પર્વત ઉપર જઈ ત્યાં તેજ હસ્તિ ઉપર બેસીને આવવાની મહાવતને આજ્ઞા કરી. પછી રાણી સહિત મહાવતને હસ્તિ ઉપર બેસારી ભૂપતિએ તે મહાવતને આજ્ઞા કરી કે "પર્વતના વિષમ પ્રદેશ ઉપર આ હસ્તીને લઈ જઇ પછી પાડી નાખજે, અને તે હસ્તીના પડવાથી તમારા બન્નેનો નાશ થશે."

રાજાની આવી આજ્ઞાથી મહાવત હસ્તીને પર્વતના શિખર ઉપર લઈ ગયો, ત્યાં તેને એક પગ ઉંચો રખાવી ત્રણ પગે ઉભો રાખ્યો. તે જોઇ લોકો હાહાકાર કરી કહેવા લાગ્યા. "હે નરેશ્વર! નિશ્ચે તમારે આ હસ્તીને મારવો યોગ્ય નથી." લોકોના આવા પોકારને પણ જાણે પોતે ન સાંભળ્યો હોયની? એમ ભૂપતિએ તેને પાડી નાખવાનું કહ્યું. જેથી મહાવતે હસ્તીને બે પગે ઉભો રાખ્યો. "હા હા આ હસ્તિ વધ કરવા યોગ્ય નથી. એમ લોકો કહેતા પણ રાજા મૌન રહ્યો તેથી મહાવતે હસ્તીને ત્રણ પગ ઉંચા રખાવી ફક્ત એક પગે ઉભો રાખ્યો. હસ્તીનું મરણ જોવા અશક્ત થએલા લોકો હાહાકાર કરતા છતા ઉંચા હાથ કરીને રાજાને કહેવા લાગ્યા. "હે મહારાજ! દક્ષિણાવર્ત શંખની પેઠે દુર્લભ એવો આ હસ્તિ બહુ શિક્ષિત અને બીજા હસ્તીઓથી ઉત્તમ છે. આપ ઇચ્છા પ્રમાણે કરી શકો તેમ છે પણ આ હસ્તી તો અપરાધી નથી. આપ હસ્તીને મરાવી નાખશો તો લોકમાં આપના અવિવેકથી ઉત્પન્ન થએલી નિરંકુશ એવી અપકીર્તિ ફેલાઇ જશે. હે નરેશ્વર! આપ પોતાના ચિત્તમાં કાર્યાકાર્યનો વિચાર કરી પ્રસન્ન થઈ આ દુર્લભ એવા હસ્તિરત્નનું રક્ષણ કરો."

રાજાએ "એમ થાઓ" એવું કહી ફરી લોકોને કહ્યું. "હે લોકો! તમે મ્હારા વચનથી તે મહાવતને હસ્તિનું રક્ષણ કરવાનું કહો." પછી લોકોએ મહાવત પાસે જઇ તેને કહ્યું. "હે મહાવત તું આટલી ઉંચી ભૂમિ ઉપર લઇ ગએલા હસ્તિને પાછો ઉતારવા શક્તિવંત છે?" મહાવતે કહ્યું. "જો પૃથ્વીનાથ અમને બન્નેને અભય આપે, તો હું આ હસ્તીરત્નને ઉતારૂં." પછી લોકોની વિનંતિ ઉપરથી

રાજાએ તે બન્નેને અભય આપ્યું. એટલે મહાવતે હસ્તિને ધીમે ધીમે તેને સ્થાનકે પહોંચાડયો.

પછી રાજાના ભયથી નાસી જતા તે બન્ને જણા (મહાવત અને રાણી) કોઈ એક ગામ પાસે આવી પહોચ્યાં. ત્યાં તેઓ એક શૂન્ય દેવાલયમાં સાથે સૂતાં. હવે એમ બન્યું કે તેજ ગામમાં મધ્ય રાત્રીએ ચોરી કરીને નાસી જતા ચોરે પાછલ આવતા રક્ષક પુરૂષોના ભયથી તે મંદીરમાં પ્રવેશ કર્યો. "સવારે આપણે ચોરને પકડી લઈશું." એમ નિશ્ચય કરી રક્ષક પુરૂષો દેવમંદીરને ફરી વલ્યા. અહીં મહેલની પેઠે દેવમંદીરમાં પેલો ચોર હાથ ફેરવતો ફરવતો જ્યાં પેલા બન્ને જણાં સૂતાં હતાં, ત્યાં આવી પહોંચ્યો. ચોરે સ્પર્શ કર્યો છતાં મહાવત જાગ્યો નહીં, કારણ થાકી જવાથી ઉંઘી ગએલા માણસને બહુ નિદ્રા આવે છે. રાણીને ચોરના હાથનો સ્પર્શ થયો કે તે તુરત જાગી ગઈ અને સ્પર્શ માત્રથી અનુરક્ત થવાને લીધે તેણે પેલાને પૂછયું કે "તું કોણ છે?" તેણે ઉત્તર આપ્યો કે "હું ચોર છું. હે શુભે! મ્હારી પાછલ રક્ષક પુરૂષો દોડતા આવતા હતા તેથી હું મ્હારા પ્રાણનું રક્ષણ કરવા માટે અહીં પેઠો છું." વ્યભિચારિણી રાણીએ કહ્યું. "હું ત્હારા ઉપર બહુ અનુરાગવાલી થઇ છું, માટે જો તું મને અંગીકાર કરે તો હું તને નિશ્ચે બચાવું." ચોરે કહ્યું. "તું એક તો મ્હારા પ્રાણ બચાવે છે અને બીજું મ્હારી સ્ત્રી થાય છે, તો પછી આજે મને સુગંધવાળું સુવર્ણ મલ્યું એમ થયું છે. પણ હે ભદ્રે! હું તને પૂછું છું કે તું મને શી રીતે બચાવીશ? તે તું મને કહીને શાંત કર." સ્ત્રીએ કહ્યું. "સવારે રાજપુરૂષો આવીને પૂછશે ત્યારે હું તને દેખાડીને કહીશ કે આ મ્હારો પતિ છે." ચોરે કહ્યું. "એમ થાઓ."

પ્રભાત થતાં ઉગ્ર કર્મ કરનારા અને શસ્ત્રધારી સુભટોએ આવીને ક્રોધથી તે ત્રણે જણાને પૂછયું કે "તમારામાં ચોર કોણ છે?" ધૂર્ત્ત અને માયાવાલી સ્ત્રીએ તુરત તે રક્ષક પુરૂષોને પેલા ચોર સામે આંગલી કરીને કહ્યું કે "આ મ્હારો પતિ છે." પછી જડ એવા તે રક્ષક લોકોએ મહાવતને આજ્ઞાનથી ચોર જાણી તુરત શૂલિએ ચડાવ્યો. ધિક્કાર છે સ્ત્રી ઉપર પ્રીતિ રાખનારને. પછી શૂળિ ઉપર પરોવાએલા ચોરને તૃષા લાગી, તેથી તે માર્ગને વિષે જેને જેને જતા દેખે, તેને તેને "મને પાણી પાઓ, પાણી પાઓ" એમ કહે પણ કોઇ રાજ્યભયને લીધે તેને પાણી પાય નહીં. કારણ કે સર્વે માણસો પોતાના આત્માનું રક્ષણ કરવા પછી ધર્મ કાર્ય કરે છે.

હવે જિનદાસ નામનો કોઇ શ્રાવક, તે રસ્તે થઇને જતો હતો, ચોરે તેને જોઇ તેની પાસે પાણી માગ્યું, એટલે તેણે કહ્યું કે "જો તું મ્હારા કહ્યા પ્રમાણે કર તો હું તને પાણી લાવી આપું અને તે એજ કે હું જ્યાં સૂધીમાં પાણી લાવી

ન આપું, ત્યાં સૂધી ત્હારે “ **नमो अरिहंताणं** ” એ વચન બોલ્યા કરવું.” મહાવત બહુ તૃષાતુર હતો તેથી તે એ પ્રમાણે બોલવા લાગ્યો અને જિનદાસ, રાજપુરૂષોની રજા લઈ પાણી લઇ આવ્યો. પાણીને આવેલું જોઇ શાંત થએલો મહાવત “ **नमो अरिहंताणं** ” એ શબ્દનો ઉચ્ચાર કરતો કરતો તુરત મૃત્યુ પામ્યો. જો કે તે મહાવત દુરાચારી હતો તોપણ કરેલી અકામનિર્જરાના પુણ્યયોગથી તેમજ નવકારના પ્રભાવથી વ્યંતર દેવતા થયો.

હવે પેલી વ્યભિચારિણી રાણી ચોરની સાથે ચાલવા લાગી એવામાં માર્ગે જલના પૂરથી ન ઉતરી શકાય એવી એક નદી આવી. ચોરે તે દુરાચારિણીને કહ્યું. “ હે પ્રિયે ! વસ્ત્રાભૂષણના ભાર સહિત તને હું એકી વખતે ઉતારી શકવા સમર્થ નથી, તેથી આ વસ્ત્રાભૂષણોનો ભાર મને આપ. હું પ્રથમ તેને સામે તીરે મૂકી-આવીને પછી તને ક્ષેમકુશળ ત્યાં પહોંચાડીશ. હું જ્યાં સુધીમાં અહીં આવું ત્યાં સુધી તું આ નદીના કાંઠે ઉગેલા શરના સમૂહમાં સંતાઈ રહે. એકલી છતાં પણ તું બ્હીશ નહીં. હું હમણાં ઝટ પાછો આવું છું. હું તને મ્હારી પીઠ ઉપર બેસારી વહાણની પેઠે તરતો છતો સામે કાંઠે પહોંચાડીશ. હે પ્રિયે ! મ્હારૂં વચન માન. ” પછી તે દુરાચારિણીએ શરના સમૂહમાં પેસી તેના કહેવા પ્રમાણે કર્યું. ચોર પણ વસ્ત્રાભરણ સહિત નદીના સામે કાંઠે જઇ વિચાર કરવા લાગ્યો. “ જેણે મ્હારા ઉપર અનુરાગ ધરી પોતાના પતિને પણ મારી નાખ્યો તે ક્ષણ માત્ર રાગ ધરનારી સ્ત્રી મને પણ નિશ્ચે આપત્તિ કરનારી થશે. ” આવો વિચાર કરી તે ચોર, વસ્ત્રાભરણ લઈ ઉંચું મુખ કરી તે સ્ત્રીને જોતો જોતો હરિણની પેઠે નાસી જવા લાગ્યો. તેને નાસી જતો જોઈ નગ્ન રહેલી પેલી સ્ત્રીએ કહ્યું કે “ અરે ! તું મને ત્યજી દઈ કયાં નાસી જાય છે ? ” ચોરે કહ્યું. “ તને કૃતઘ્નને જાણી હું નાસી જાઉં છું. ત્હા-રાથી મ્હારે સર્યું. ” આમ કહીને પછી તે ચોર પક્ષીની પેઠે નાસી જતો છતો અદૃશ્ય થઇ ગયો અને પતિનો નાશ કરનારી તે દુષ્ટા તો ત્યાંજ રહી.

હવે મહાવતનો જીવ કે જે દેવતા થયો હતો. તેણે અવધિજ્ઞાનથી જોયું તો આવી સ્થિતિ પામેલી તે સ્ત્રીને વનમાં એકલી દીઠી. પછી પોતાના પૂર્વજન્મની સ્ત્રીને બોધ આપવા માટે તે દેવતાએ મુખમાં માંસના કકડાવાળું એક શીયાળનું રૂપ ધારણ કર્યું. તે ત્યાં નદીને તીરે માંસના કકડાને પડતો મેલી પાણીથી બહાર ઉંચું મુખ રાખીને રહેલા એક મત્સ્યને પકડવા દોડયું. મત્સ્ય તુરત નદીમાં પેશી ગયું અને માંસનો કકડો શમળી લઈ ગઇ.

આ કૌતુકને જોઈ નદીના તીરે શરના વનમાં બેઠેલી નગ્ન સ્ત્રીએ દુઃખથી દગ્ધ થયા છતાં પણ તે શીયાલને કહ્યું. “ અરે દુર્મતિ શિયાલ ! તેં માંસનો કકડો ત્યજી દઈ મત્સ્યની ઇચ્છા કરી તો તું માંસ અને અને મત્સ્ય બન્નેથી ભ્રષ્ટ થયો. હવે શું જોયા કરે છે ? શિયાલે કહ્યું. “ હે નગ્ન સ્ત્રી ! તેં પણ પોતાના

પતિ ( રાજા ) ને ત્યજી દઇ જાર પુરૂષની ઈચ્છા કરી તો તું પણ પતિ અને જાર એ બન્નેથી ભ્રષ્ટ થઇ છું, તો હવે તું પણ શું જોયા કરે છે. ”

શિયાલનાં આવાં વચન સાંભલી અત્યંત પશ્ચાતાપ પામેલી તે પુંશ્ચલી પ્રત્યે તે વ્યંતર દેવતાએ પ્રગટ થઇ આ પ્રમાણે કહ્યું. હે પાપિષ્ટે ! તેં આવાં પાપકર્મજ કર્યાં છે, તો પણ હમણાં પાપરૂપ કાદવનો ત્યાગ કરવા માટે જૈનધર્મનો આશ્રય કર. હે મુગ્ધે ! જેને તેં મરાવી નાખ્યો હતો તે હું મહાવત છું. હું જૈનધર્મના પ્રભાવથી દેવતા થયો છું. તે તું મને જો. ” પછી “ હું ચારિત્ર લઇશ ” એવા નિશ્ચયવાલી તે સ્ત્રીને સાધ્વી પાસે લઇ જઇ દેવતાએ ચારિત્ર લેવરાવ્યું.

( પદ્મશ્રી જંબૂકુમારને કહે છે કે ) હે નાથ ! મનુષ્યોને આવા પ્રવૃત્તિ તથા નિવૃત્તિ કરાવનારાં દ્રષ્ટાંતોનો અનાદર કરી આપ વિષય સુખ ભોગવો. ”

જંબૂકુમારે કહ્યું. “ હું વિદ્યુન્માલી દેવતાની પેઠે પ્રેમઘેલો થયો નથી. હે પ્રિયે ! તેનું દ્રષ્ટાંત સાંભળ:-

આ ભરતક્ષેત્રના મધ્ય ભાગમાં રહેલો વૈતાઢય નામે પર્વત છે. તેની ઉત્તર શ્રેણિ ઉપર ગગનવલ્લભ નામનું નગર છે. ત્યાં પરસ્પર પ્રીતિવાળા અને યુવાન એવા મેઘરથ તથા વિદ્યુન્માલી નામના બે સગાભાઇઓ રહેતા હતા.

એકદા તે બન્ને ભાઈઓએ, ઉત્તમ વિદ્યા સાધવાનો વિચાર કર્યો કે “ આપણે ભૂગોચર ( ચાંડાલ ) પાસે જઇએ કે ત્યાં આપણી વિદ્યા નિશ્ચે સિદ્ધ થશે. વિદ્યા સિદ્ધ કરવાનો એવો વિધિ છે કે નીચ કુલમાં ઉત્પન્ન થએલી કન્યાને પરણી એક વર્ષ પર્યંત બ્રહ્મચર્ય વ્રત પાલવું. ” પછી તેઓ માતાપિતાની રજા લઈ સુખે દક્ષિણ ભરતાર્દ્ધમાં વસંતપુર નામના નગર પ્રત્યે આવ્યા. ત્યાં તેઓએ ચંડાલનો વેષ ધારણ કરી અને ચંડાલની પાટીમાં જઈ બે ચંડાલ કન્યાઓ સાથે લગ્ન કર્યું. વિદ્યુન્માલી ચંડાલ કન્યા ઉપર બહુ રાગી થયો તેથી તે વિદ્યા સાધન કરી શકયો નહીં. ધિક્કાર છે સ્વાર્થમાં વિઘ્ન પાડનારા કામને ! ! !

અનુક્રમે વિદ્યુન્માલીની સ્ત્રી સગર્ભા થઇ અને મેઘરથ એક વર્ષ પૂર્ણ થએ વિદ્યાસિદ્ધ થયો. પછી મેઘરથે વિદ્યુન્માલીને કહ્યું. “ ભાઇ ! આપણે વિદ્યાસિદ્ધ થયા છીએ, માટે ચાંડાલ કન્યાને ત્યજી દે. આપણે વૈતાઢય પર્વતની સુખ સંપત્તિને યોગ્ય થયા છીએ, જેથી આપણને ઉત્તમ રૂપવતી ખેચર કન્યાઓ પોતાની મેળે આવીને વરશે. ” લજ્જાથી નીચું મુખ કરી રહેલા વિદ્યુન્માલીએ મેઘરથને કહ્યું. “ હે બંધો વિદ્યાથી યુકત થએલો તુંજ વૈતાઢય પર્વત ઉપર જા. તું ઉત્તમ વ્રત પાલવાથી વિદ્યાસિદ્ધ થયો છે. અધમ સત્ત્વવાલા મેં વેગથી નિયમરૂપ વૃક્ષને તોડી પાડયું છે, તો પછી તે નિયમથીજ ઉત્પન્ન થનારૂં વિદ્યાસિદ્ધિનું ફલ કયાંથી હોય ? હે ભાઇ ! હું આ ગર્ભવતી સ્ત્રીને શી રીતે ત્યજી દઉં ? તેમજ વિદ્યાવંત

એવા ત્હારી સાથે વિદ્યારહિત એવો હું આવતાં બહુ લજ્જા પામું છું. તેં વિદ્યાસાધન કર્યું છે માટે તું જા. ત્હારૂં માર્ગને વિષે કુશલ થાઓ. મેં ત્હારી પેઠે વિદ્યાસાધન કર્યું નથી, એટલે હું ત્યાંના બંધુઓને શી રીતે મુખ દેખાડું ? હા મેં પોતેજ પ્રમાદથી પોતાના આત્માને છેતર્યો છે. હવે હું શ્રમ કરી વિદ્યા સાધન કરીશ તું એક વર્ષને અંતે ત્હારા બંધુને ધ્યાનમાં લાવી પાછો અહીં તેડવા આવજે તે વખતે હું વિદ્યાસાધન કરી રહેવાથી ત્હારી સાથે આવીશ."

પછી સ્ત્રીના પ્રેમપાશથી બંધાઈ ગએલા વિદ્યુન્માલીને લઇ જવા અસમર્થ થએલો મેઘરથ પોતે એકલો વૈતાઢય પર્વત ઉપર ગયો. ત્યાં તેને તેના સંબંધીઓએ "તું એકલો કેમ આવ્યો, ત્હારો ભાઇ ક્યાં છે ? પૂછવા માંડયું, તેથી તેણે પોતાના ભાઈ વિદ્યુન્માલીની યથાર્થ વાત કહી.

હવે અહીં વિદ્યુન્માલીની ચાંડાલી કુરૂપા સ્ત્રીએ એક પુત્રને જન્મ આપ્યો, તેથી વિદ્યુન્માલી જાણે વિદ્યાનિધિ પ્રાપ્ત થયો હોયની ! એમ બહુ હર્ષિત થયો જો કે વિદ્યુન્માલી ચાંડાલી ઉપર બહુ આસકત તો હતો તેથી પણ પુત્ર ઉપર વધારે આસક્તિ થઇ, તેથી તે મૂઢ બુદ્ધિવાલો પોતાના વિદ્યાધરપણાના સર્વ સુખને ભૂલી ગયો. વિદ્યુન્માલીની સાથે ક્રીડા કરતી રમતી એવી તે કુરૂપા ચાંડાલીનીએ ફરી બીજીવાર ગર્ભ ધારણ કર્યો.

અહીં વિદ્યાવંત એવા મેઘરથે એક વર્ષ નિર્ગમન કરી ફરી વિદ્યુન્માલી પાસે આવીને કહ્યું. હે બંધો ! હું દેવાંગના સમાન વિદ્યાધરીઓની સાથે ક્રીડા કરૂં છું. અને તું આ કુરૂપા ચાંડાલીના સંગ રૂપ નરકને વિષે પડયો છું. હું સાત ભૂમિના ઉદ્યાનવાલા મેહેલમાં વસુ છું અને તું નિરંતર સ્મશાન સમાન ચાંડાલની ઝુંપડીમાં રહે છે. વલી હું પોતાની વિદ્યાથી સિદ્ધ કરેલા મનચિંતિત ભોગ ભોગવું છું તેમજ ઉત્તમ પદાર્થનું ભોજન કરૂં છું અને તું જુના ફાટેલા વસ્ત્ર પહેરે છે તેમજ હલકો ખોરાક થાય છે. માટે ભાઈ ! તું હમણાં વૈતાઢય પર્વત ઉપર ચાલ શું ત્હારે વિદ્યાધરોના અનર્ગલ એવા ઐશ્વર્યનો અનુભવ નથી કરવો ? વિદ્યુન્માલીએ વિલક્ષ્ય હાસ્ય કરીને કહ્યું. " આ મ્હારી પુત્રવતી સ્ત્રી ફરી સગર્ભા છે. હું વજ્રસમાન કઠોર હૃદયવાલા ત્હારી પેઠે, આ જેને બીજા કોઇનો આધાર નથી એવી, ભક્તિવાલી, પુત્રવાલી અને સગર્ભા એવી પ્રિયાને ત્યજી દેવા ઉત્સાહ પામતો નથી. ભાઇ ! તું અત્યારે જા, વલી અવસરે દર્શન દેજે. તુચ્છ આત્માવાલો હું આ અવસરે તો અહીંજ રહિશ. " પછી ખેદ પામેલા મેઘરથે તેને બહુ બહુ સમજાવ્યો, પણ અંતે તે પાછો ગયો. કહ્યું છે કે " માણસ મૂર્ખ હોય તો હિતકારી પુરૂષ તેને શું કરી શકે ?

બીજા પુત્રના જન્મથી મૂઢ બુદ્ધિવાલો વિદ્યુન્માલી તે ચાંડાલકુલને સ્વર્ગથી પણ અધિક માનવા લાગ્યો. જો કે તેને વસ્ત્ર, ભોજન વિગેરે પૂર્ણ મલતું નહીં.

તોપણુ ચાંડાલીના ઉદરથી ઉત્પન્ન થએલા બે બાળકોને નિરંતર હર્ષથી રમાડતા એવા તેને કાંઇ દુઃખ જણાતું નહિ. ખોળામાં બેઠેલા અને વારંવાર પેસાબ કરતા એવા તે પુત્રના મૂત્રથી થતા સ્નાનને તે વિદ્યુન્માલી, સુગંધી જળના સ્નાન સમાન માનવા લાગ્યો. ચાંડાલીની પગલે પગલે તેનો તિરસ્કાર કરતી તો પણુ તે મૂર્ખ પોતાને ભાગ્યવંત માનતો છતો તે સ્ત્રી ઉપરના સ્નેહને લીધે તેનો દાસ થઇને રહેતો.

ઉત્તમ બુદ્ધિવાળો મેઘરથ ફરી પણુ ભ્રાતૃસ્નેહને લીધે ત્યાં આવ્યો. અને વિદ્યુન્માલીને આલિંગન કરી કહેવા લાગ્યો. "હે કુલિન ! તું આ ચંડાલકુલને વિષે ન રહે. તને તેના ઉપર આ રૂચિ શી ? શું માનસરોવર ઉપર ક્રીડા કરનારો હંસ, ઘરને આગણે રહેલા દુર્ગંધિજલવાલા તલાવને વિષે રમે ખરો ? હે જડ ! જેમ અગ્નિ ધુમાડાથી ઘરને મલિન કરે તેમ તું જે કુલમાં ઉત્પન્ન થયો છે તે કુલને પોતાના કુકર્મથી મલીન ન કર." મેઘરથે આવી રીતે તેને બહુ સમઝાવ્યો. પણુ તેણે તેની સાથે જવાની ઇચ્છા કરી નહીં ત્યારે મેઘરથ "જે બનવાનું હોય તે અન્યથા થતું નથી" એમ કહી પાછો ગયો.

પછી મેઘરથે પિતાનું રાજ્ય દીર્ઘકાળ પર્યંત પાળી અવસર આવ્યે પોતાના પુત્રને સોંપી પોતે શ્રી સુસ્થિત ગુરૂ પાસે દીક્ષા લીધી. અનુક્રમે તપ કરતો તે મેઘરથ દેવતા થયો. આ પ્રમાણે મેઘરથ અધિક સુખશ્રી પામ્યો અને વિદ્યુન્માલી ભયંકર એવી સંસારરૂપ અટવીમાં ભમ્યો.

( જંબૂકુમાર પદ્મસેનાને કહે છે કે ) પ્રિયે ! મોક્ષલક્ષ્મીના સુખમાં લંપટ એવો હું વિદ્યુન્માલીની પેઠે તમારા ઉપર અધિક રાગવાલો નહીં થઉં."

પછી કનકસેનાએ કહ્યું. "જરા મ્હારૂં કહ્યું માનો, આપ શંખ ધમનકની પેઠે અતિશય આગ્રહ ન કરો. સાંભળો તે શંખ ધમનકનું દ્રષ્ટાંત:

"હે પ્રિય ! શાલિ ગ્રામમાં કોઇ એક ખેડુત રહેતો હતો તે હંમેશાં સૂર્યાસ્તથી સૂર્યોદય પર્યંત રાત્રીએ ક્ષેત્રનું રક્ષણુ કરતો હતો. ક્ષેત્રરૂપ સમુદ્રમાં મંચરૂપ વહાણુ ઉપર બેઠેલો તે ખેડુત નિત્ય ઉડી આવતા પક્ષીઓને શંખ ફુંકવાથી દૂર ઉડાડી મૂકતો.

એકદા ક્રુર ચિત્તવાલા કેટલાક ચોરો ગાયોનું ધણુ ચોરીને પેલા ખેડુતના ક્ષેત્રની પાસે આવ્યા, એવામાં તેઓએ શંખનો શબ્દ સાંભલ્યો. તુરત તેઓ ગાયોના ધણુને ત્યજી દઇ દશે દિશાએ પલાયન કરી ગયા. સવાર થતાં ગાયોનું ધણુ ધીમે ધીમે ચરતું પેલા ક્ષેત્રની પાસે આવી પહોંચ્યું. પછી પેલો ખેડુત ક્રોધથી હાથમાં લાકડી લઇ ગાયોના ધણુ સામે દોડયો, પણુ ગાયોના ધણુનું કોઇ રક્ષણુ કરનાર તેની નજરે પડયું નહીં. તેથી તે વિચાર કરવા લાગ્યો. "નિશ્ચે મ્હારા શંખ શબ્દથી થએલા ભયને લીધે ચોરો ગાયોના ધણુને ત્યજી દઇ નાસી ગયા છે. ખરૂં

છે. પાપી પુરૂષો હંમેશાં શંકાવાલા હોય છે. ” પછી તે ખેડુતે ગાયોનું ધણ લાવી ગામને સોંપ્યું, તે એમ કહીને કે “ હે લોકો ! આ ગાયોનું ધણ મને દેવતાએ આપ્યું છે તે તમે લ્યો. ” ગ્રામ લોકો પણ તેનું યક્ષની પેઠે વસ્ત્ર ભોજનાદિથી પૂજન કરવા લાગ્યા. કારણ જે આપે તે દેવતા કહેવાય છે. બીજે વર્ષે પણ જ્યારે ક્ષેત્રનું રક્ષણ કરવાનો વખત આવ્યો ત્યારે પેલો ખેડુત પેહેલાની માફક હંમેશાં રાત્રીએ ક્ષેત્રમાં જઈ શંખ ફુંકવા લાગ્યો.

હવે એમ બન્યું કે તેના તેજ ચોરો બીજા કોઇ ગામથી ગાયોના ધણને ચોરી ત્યાં આવ્યા. ખેડુત શંખ તો વગાડતો હતો તેથી તેઓ શંખ શબ્દને સાંભલી સારી ધીરજ રાખી પરસ્પર કહેવા લાગ્યા. “ આપણે પહેલાં પણ આજ સ્થાનકે અને આજ ખેતરમાં શંખનો શબ્દ સાંભલ્યો હતો અને હમણાં પણ અહીં સાંભળીએ છીએ તો તેજ શંખ અને તેજ વગાડનાર કોઈ ક્ષેત્રરક્ષક પોતાના ક્ષેત્રનું પક્ષીઓથી રક્ષણ કરવા માટે શંખ વગાડે છે. ધિક્કાર છે આપણને જે આપણે પૂર્વે છેતરાયા. ” પછી તેઓએ હાથ ઘસતા અને દાંતથી હોઠને પીસતા પેલા ખેડુત પાસે જઇ માંચડા ઉપર બેઠેલો તેને નીચે પાડી દીધો. ત્યાર પછી તેઓએ તેને ધાન્યના ડુંડાની પેઠે લાકડીઓ વડે બહુ કુટયો તેથી તે જાણે ભોજન કરતો હોયની ? એમ પાંચ આંગલી મોઢામાં નાખી આજીજી કરવા લાગ્યો. ચોરો ગાયોનું ધણ અને તેના લુગડાં વિગેરે સર્વ લઇ લીધું અને તેને ત્યાંજ મૂકી તેઓ ચાલ્યા ગયા. સવારે ત્યાં આવેલા ગોવાલીયાઓએ તેને પૂછયું એટલે તેણે લજ્જા પામીને સર્વ યથાર્થ વાત નિવેદન કરીને કહ્યું કે “ ધમવો, ધમવો અર્થાત્ શંખ વારંવાર ફુંકવો, પણ બહુ ધમવો નહીં. કારણ અતિ ધમવો તે શોભતું નથી. જે થોડું ધમીને મેલવ્યું હતું, તે બહુ ધમવાથી ખોવું પડયું. ”

કનકસેના જંબૂકુમારને કહે છે કે “ હે સ્વામિન્ ! માટે આપને પણ નિશ્ચે અતિશય કરવું તે યોગ્ય નથી, તેમજ પાષાણના સમાન કઠીણ હૃદયવાલા તમારે અમારૂં અપમાન કરવું પણ યોગ્ય નથી. ”

પછી જંબૂકુમારે ચંદ્રકાંતિ સમાન શિતલવાણી વડે કહ્યું. “ હું શિલારસમાં ચોટી જનારા વાનરની પેઠે બંધનનો અજાણ નથી. સાંભલ તે વાનરનું દ્રષ્ટાંત:-

ઉત્તમ સંપત્તિના સ્થાનરૂપ વિંધ્ય પર્વતને વિષે વાનરીના યુથનો પતિ એક વાનર રહેતો હતો. જેમ કોઈ ગૃહસ્થ પોતાના પુત્રોને લાડ લડાવે તેમ બે વાનર-યુથમાં રહેલા સર્વ વાનરોને વિંધ્યાચલ પર્વતની ગુફામાં ક્રીડા કરાવતો. સર્વ સ્ત્રીઓના રાજ્યઐશ્વર્યની સુખ સંપત્તિને ભોગવતો એવો તે બળવંત વાનર પોતે એકલો સર્વ સ્ત્રીઓની સાથે ક્રીડા કરતો.

એકદા કોઇ એક અત્યંત મદોન્મત્ત અને યુવાવસ્થાવાળો વાનર તે વાનરનું અપમાન કરી વાનરી પાસે ગયો અને પોતાની ઇચ્છા પ્રમાણે વાનરીઓની સાથે

રમવા લાગ્યો. તેની આવી ક્રીડા જોઇ પેલો વૃદ્ધ વાનર તેના ઉપર અતિશય ક્રોધ પામ્યો. તેણે ત્યાં નજીક આવી પેલા યુવાન વાનરના ઉપર પથ્થરનો ઘા કર્યો. પથ્થરથી હણાએલો તે યુવાન વાનર પણ સિંહની પેઠે અધિક ઘુરૂ ઘુરૂ શબ્દ કરતો તેની સામો દોડયો. પરસ્પર તે બન્ને વાનરાઓએ ક્રોધથી વ્યાપ્ત થઇને દાંતે દાંત અને નખે નખવડે મહાભયંકર યુદ્ધ આરંભ્યું. યુવાન વાનરે મુષ્ઠીના પ્રહારથી વૃદ્ધ વાનરના અંગનું હાડકું ભાગી નાખ્યું. જેથી તે વૃદ્ધ વાનર તુરત ધીમે ધીમે નાસી જવા લાગ્યો, એવામાં પેલા યુવાન વાનરે ક્રોધથી પથ્થર ફેંકીને નાસી જતા એવા વૃદ્ધ વાનરનું માથું ફોડી નાખ્યું. તીવ્ર પ્રહારની વ્યથાથી દુઃખી થએલો તે વૃદ્ધ યુથપતિ વાનર છુટી ગએલા પક્ષીની પેઠે બહુ દૂર નાસી ગયો. પથ્થરના પ્રહારથી ઉત્પન્ન થએલી પીડાને લીધે તેને તૃષા લાગી, તેથી તે ખોડંગતો ખોડંગતો ભમતો છતો જલની શોધ કરવા લાગ્યો, તો તેણે પર્વતના કોઇ એક ભાગમાં શિલાજિત જોયો. "આ પાણી છે" એમ ધારી તેણે તે શિલાજિતમાં મુખ નાખ્યું તેથી તે ભૂમિમાં નાખેલા ખીલાની પેઠે ચોટી ગયું "મુખને ખેંચી લઉં" એમ ધારી તેણે તેમાં બે હાથ નાખ્યા; તે પણ તેમાં ચોટી ગયા. છેવટ પગ પણ તેમજ ચોટી ગયા. પછી ખીલાથી વિંધાયલા અંગવાલાની પેઠે તે વાનર ત્યાંજ મૃત્યુ પામ્યો. જો તે વાનરે પોતાના હાથ પગ બ્હાર રાખી મુખને ખેંચ્યું હોત તો તે શિલાજિતથી નિશ્ચે નિકલત.

જંબૂકુમાર કનકસેનાને કહે છે કે હે પ્રિયે ! એવી રીતે જિહ્વા ઇંદ્રિયમાં લુબ્ધ થએલો માણસ સ્ત્રીઓ ઉપર સંગ કરવા રૂપ સમુદ્રમાં પાંચ ઇંદ્રિયોથી વાનરાની પેઠે ડુબી જાય છે, તેમ થવાથી તે પ્રાણી બહુ દુઃખ પામતો છતો મૃત્યુ પામે છે. પણ હે કમલવદને ! હું તે વાનરાના જેવો રાગી નથી પણ રાગમુક્ત છું."

પછી ઋષભ શ્રેષ્ઠીના પુત્ર જંબૂકુમારને નભઃસેનાએ કહ્યું. "હે નાથ ! આપ પેલી સ્થવિરા ( વૃદ્ધ સ્ત્રી ) જેવા ન થાઓ, સાંભલો તેની કથા આ પ્રમાણે છેઃ—

કોઇ એક ગામમાં બુદ્ધિ અને સિદ્ધિ નામની બે વૃદ્ધ સ્ત્રીઓ રહેતી હતી. તેઓ જન્મથી માંડીને બ્હેનપણીઓ હતી તેમજ દરિદ્રતાથી દુઃખી હતી.

તે ગામની બ્હાર ભોલક નામના યક્ષનું મંદિર છે, તે કલ્પવૃક્ષની પેઠે લોકોનાં ઇચ્છિત કાર્ય પૂર્ણ કરતો હતો. દારિદ્રરૂપ અગ્નિથી દગ્ધ થએલા અંગવાળી બુદ્ધિ નામની વૃદ્ધ સ્ત્રીએ દરરોજ તે યક્ષની મન, વચન અને કાયાવડે ભક્તિ કરવા માંડી. દરરોજ ત્રણ વખત યક્ષમંદિરને પ્રમાર્જન કરે અને પૂજાની સાથે ઉત્તમ નૈવેદ્ય પણ ધરે. એમ સેવતાં પ્રસન્ન થએલા યક્ષે તે બુદ્ધિ નામની વૃદ્ધ ડોશીને કહ્યું કે "હે દરિદ્રી સ્ત્રી ! હું તને શું આપું ?" કારણ કે બહુ આરાધના કરવાથી પાષાણ પણ પ્રસન્ન થાય છે. ડોશીએ કહ્યું "હે દેવ ! જો આપ મ્હારા ઉપર પ્રસન્ન થયા હો તો હું જેથી સંતોષ પામીને સુખે જીવું તે મને આપો." યક્ષે કહ્યું. "હે શુભે!

તું સુસ્થિત થા. તું પ્રતિ દિવસે મ્હારા પગ નીચેથી એક એક સોના મ્હોર લઇ લેજે." પછી તે બુદ્ધિ સ્થવિરા હંમેશાં યક્ષના ચરણકમલ નીચેથી એક એક સોના મ્હોર લેતી છતી મહા સમૃદ્ધિવાળી થઈ ગઈ. બુદ્ધિને મહા સમૃદ્ધિવાળી જોઈ જેને મત્સર ઉત્પન્ન થયો છે એવી સિદ્ધિ સ્થવિરા મનમાં વિચાર કરવા લાગી કે "આને આવી બહુ સમૃદ્ધિ કયાંથી પ્રાપ્ત થઇ ? ઠીક છે ! ચાલ હું તેની વિશ્વાસના પાત્રરૂપ સખી છું, તેથી તેને સેંકડો મિષ્ટ વચનથી તે વાત પૂછી જોઉં." બુદ્ધિવાળી સિદ્ધિ આ પ્રમાણે વિચાર કરી બુદ્ધિને ઘેર ગઇ. બુદ્ધિએ પણ "તું મ્હારી પ્રિય સખી છું." એમ કહી તેનો બહુ સત્કાર કર્યો. પછી સિદ્ધિએ પૂછયું "હે બ્હેન તને આવી અણુચિંતવી લક્ષ્મી કયાંથી મળી ? ત્હારી આવી સંપત્તિને જોઈ હું અનુમાન કરૂં છું કે નિશ્ચે તને ચિંતામણી પ્રાપ્ત થયો છે. બ્હેન ! શું તને તે કાંઇ રાજાનો પ્રસાદ મલ્યો કે કોઇ દેવ પ્રસન્ન થયો ? અથવા કયાંઇથી નિધાન મળ્યું કે કાંઇ રસાયન સાધ્યું ? સખી ! તું ઋદ્ધિવંત થઇ તેથી હું પણ મને પોતાને ઋદ્ધિવંત થએલી માનું છું. આજે મ્હારો દારિદ્ર રૂપ દાવાનળ શાંત થઈ ગયો. આપણા બન્નેનો દેહમાં પણ અંતર નથી અર્થાત્ તું તે હું અને હું તે તું છું. માટે હે બુદ્ધિ ! તને આ સમૃદ્ધિ કયાંથી મળી ?"

પછી તેના મનનો આશય નહિ જાણી શકવાથી બુદ્ધિએ પોતે કરેલી યક્ષની આરાધના અને તેથી પ્રાપ્ત થએલી સંપદા વિગેરે સર્વ યથાર્થ વાત કહી દીધી. તે સાંભળી સિદ્ધિ વિચારવા લાગી. "અહો સારૂં થયું, સારૂ થયું ! મને પણ લક્ષ્મી મેળવવાનો અક્ષય સુખકારી ઉપાય મલ્યો. હવે હું પણ યક્ષને તેનાથી વિશેષ ભક્તિવડે આરાધું કે જેથી મને તેનાથી વિશેષ સંપત્તિ પ્રાપ્ત થાય."

પછી બુદ્ધિએ કહેલી વિધિ પ્રમાણે સિદ્ધિએ પોતાના અર્થની સિદ્ધિને માટે નિરંતર મ્હોટી ભક્તિથી યક્ષની આરાધના કરવા માંડી. તેણે વિવિધ પ્રકારની ભક્તિથી મંદિરના પગથીયાંને તથા મંદિરને ખડીથી ચિત્ર કાઢીને શણગાર્યું. સિદ્ધિ હંમેશાં યક્ષ મંદિરના આંગણાને સાથીયા વિગેરે ચિત્રથી શોભાવવા લાગી. તેમજ ભક્તિથી વિવિધ પ્રકારના ઉત્સવ કરવા લાગી. જાણે ઉપાસના કરવાનો નિયમ લીધો હોયની ? એમ સિદ્ધિ પોતે પાણી લાવીને યક્ષને ત્રણે કાળ સ્નાન કરાવી ચંદન, તુળસી, કરેણ પુષ્પ અને બિલી વિગેરેથી પૂજા કરવા લાગી.

આ પ્રમાણે બહુ ભક્તિ કરવાથી પ્રસન્ન થએલા યક્ષે તેને આ પ્રમાણે કહ્યું. "હે સિદ્ધિ ! હું પ્રસન્ન થયો છું માટે ત્હારે જે ઇચ્છા હોય તે માગ." સિદ્ધિએ અક્ષય સંપત્તિવાળા યક્ષને કહ્યું. "તમે મ્હારી સખીને જે આપ્યું હોય તેનાથી મને બમણું આપો." ભોલક યક્ષ "એમ થશે એમ કહી અંતર્ધ્યાન થઈ ગયો. પછી સિદ્ધિ અનુક્રમે બુદ્ધિથી અધિક વૈભવવાળી થઇ. સિદ્ધિની અધિક લક્ષ્મી જોઈ બુદ્ધિને ઈર્ષ્યા થઈ તેથી તેણે યક્ષને ફરી આરાધ્યો. યક્ષે તેને સિદ્ધિથી વધારે

સંપત્તિ આપી. પછી બુદ્ધિ ઉપર સ્પર્ધા કરી સિદ્ધિએ યક્ષની આરાધના કરવા માંડી યક્ષ પ્રસન્ન થયો ત્યારે દુષ્ટ ચિત્તવાળી સિદ્ધિએ વિચાર્યું જો હું આજે પ્રસન્ન થએલા યક્ષથી જો કાંઇ ધન માગીશ તો બુદ્ધિ યક્ષનું આરાધન કરી મ્હારાથી બમણું માગશે. માટે આજે હું યક્ષ પાસેથી એવું માગું કે મ્હારાથી બમણું માગનારી બુદ્ધિને અનર્થકારી થઇ પડે. "જો હું આવી રીતે કરૂં તોજ મ્હારી બુદ્ધિ ખરી." આમ વિચાર કરી તેણે યક્ષને કહ્યું કે મ્હારી એક આંખ કાણી કરો." યક્ષે "એમ થાઓ" એમ કહ્યું, એટલે તેની એક આંખ કાણી થઇ.

હવે બુદ્ધિ "યક્ષે તેને શું બમણું આપ્યું હશે?" એમ ધારી સિદ્ધિથી બમણું મેળવવાની ઇચ્છાથી ફરી યક્ષનું આરાધન કરવા લાગી. છેવટ પ્રસન્ન થએલા યક્ષ પાસેથી બુદ્ધિએ એવું માગ્યું કે "તમે સિદ્ધિને જે આપ્યું હોય તેથી મને બમણું આપો." યક્ષ "એમ થાઓ" એમ કહી અંતર્ધ્યાન થઇ ગયો. બુદ્ધિ તુરત આંધળી થઈ. કારણ દેવતાનું વચન અન્યથા થતું નથી. આ પ્રમાણે અપૂર્વ અપૂર્વ સંપત્તિની પ્રાપ્તિથી પણ સંતોષ નહિ પામેલી અને લોભથી બહુ વ્યાપ્ત થએલી બુદ્ધિએ પોતે પોતાનો નાશ કર્યો.

(નભઃસેના જંબૂકુમારને કહે છે કે) "હે નાથ! આ પ્રાપ્ત થએલી મનુષ્ય ભવની સંપત્તિને નહિ ઇચ્છતા એવા તમે અધિક સંપત્તિની ઇચ્છા કરો છો તો તમે પણ અંધ થએલી બુદ્ધિની સમાન થશો."

જંબૂકુમારે કહ્યું "હે દેવાનુપ્રિયે! હું જાતિવંત અશ્વની પેઠે અવળે માર્ગે જાઉં તેવો નથી. સાંભળ તેની કથાઃ-

વસંતપુર નગરમાં કલ્યાણના સ્થાનરૂપ અને પવિત્ર બુદ્ધિવાળો જિતશત્રુ નામે રાજા પુત્રની પેઠે પ્રજાનું રક્ષણ કરતો હતો. તેને શ્રેષ્ઠ ગુણના સ્થાનરૂપ બાલમિત્ર અને વિશ્વાસનો પાત્ર એવો જિનદાસ નામે શ્રેષ્ઠી હતો.

એકદા અશ્વપાલે સર્વ લક્ષણથી શોભતા એવા બાળ અશ્વો ભૂપતિને દેખાડયા. તે વખતે ભૂપતિએ અશ્વલક્ષણને જાણનારા પુરૂષોને આજ્ઞા કરી કે "આમાં કયાં કયાં લક્ષણોથી પૂર્ણ અશ્વ છે?" પછી તેઓ શાસ્ત્રમાં કહેલા લક્ષણોવાળા એક અશ્વને રાજાની પાસે લાવી કહેવા લાગ્યા. "આ અશ્વની જંઘા અને ખરીઓનો વચલો ભાગ મજબુત સાંધાવાળો છે, ખરીઓ ગોળ છે. જાનું, જંઘા અને મુખ માંસરહિત છે. ડોક અતિ ઉંચી અને ચક્રાકાર છે, એના મુખનો શ્વાસ પદ્મ સમાન છે, વાળ ગાઢ છે, કોયલ જેવો સ્વર છે, ન્હાના કાન, ન્હાનું પૂચ્છ અને મલિકાના જેવી તેની આંખો છે. વાંસો પુષ્ટ છે, તેને પંચભદ્રના ચિન્હ છે. સંધાદિ સાત સ્થાનકો પણ પુષ્ટ છે. છાતી વિગેરે સ્થાનકે દશ ધ્રુવાવર્તથી સુશોભિત છે. તેમ બુધાવર્તી દશ દુષ્ટ ચિન્હોથી રહિત છે, માટે આ સ્નિગ્ધ દાંતવાળો બાળ અશ્વ

પોતાના રાજાની સંપત્તિને વૃદ્ધિ પમાડનારો છે." પછી રાજાએ પણ તે અશ્વને લેખે ઉત્તમ લક્ષણવાળો જાણી તેની બહુ ભક્તિથી પૂજા કરી અને પોતે તેનું રક્ષણ કરવાને સમર્થ નહિ હોવાથી તેણે જિનદાસને બોલાવીને કહ્યું. " તમારે આ મ્હારા બાલ અશ્વનું પોતાના પ્રાણુની પેઠે રક્ષણ કરવું. " જિનદાસ " આપનો હુકમ મ્હારે પ્રમાણ છે " એમ કહી અશ્વને પોતાના ઘરે લાવ્યો અને તેને સ્નાન, પાન, ભોજનાદિથી બહુ સુખી કર્યો. જિનદાસ તેના ઉપર બેસી પ્રથમ ધારાથી ચલાવતો છતો તેને હંમેશાં તલાવે પાણી પાવા લઈ જતો. ઘરેથી તલાવે જતા રસ્તામાં એક જિનમંદિર હતું. તેને સંસાર સમુદ્રના દ્વીપ સમાન માની તેને તે ઉલ્લંઘીને જતો નહીં " મ્હારે જિનમંદિરની અવજ્ઞા ન થાઓ " એવા હેતુથી તે અશ્વ ઉપર બેઠા બેઠા જતાં આવતાં હંમેશા ત્રણ પ્રદક્ષિણા કરતો. દેવના તત્ત્વને જાણનારો એવો પણ તે શ્રેષ્ઠી અશ્વ ઉપરથી નીચે ન ઉતરતાં તેમજ મંદિરની અંદર પ્રવેશ ન કરતાં તેમનો તેમ પ્રભુને વંદના કરતો તે એવા હેતુથી કે આ અશ્વને પ્રમાદ ન થાય. જિનદાસ શ્રેષ્ઠીએ અશ્વને એવો શિક્ષિત કર્યો હતો કે તે અશ્વ ઘર, તલાવ અને ચૈત્ય એ ત્રણ શિવાય બીજે કોઈ ઠેકાણે જતો નહીં.

જેમ જેમ આ બાલ અશ્વ ધીમે ધીમે વૃદ્ધિ પામતો ગયો તેમ તેમ રાજાને ત્યાં સંપત્તિ વધતી ગઇ. એટલુંજ નહિ પણ તે બાલ અશ્વના પ્રભાવથી તે રાજા દેવતાઓની મધ્યે ઇંદ્રની પેઠે સર્વ રાજાઓની મધ્યે ઉત્કૃષ્ટ થયો. પછી તે રાજાની આજ્ઞામાં રહેવાથી પીડા પામતા બીજા રાજાઓ વિચાર કરવા લાગ્યા કે " જેના પ્રભાવથી જિતશત્રુ ભૂપતિએ આપણને વશ કર્યા છે તે અશ્વને કાંતો હરણ કરવો અથવા મારી નાખવો. પણ તે અશ્વ જ્યારે વૃદ્ધિ પામશે ત્યારે પકડી શકાશે. " આ પ્રમાણે રાજાઓ વિચાર કરતા હતા તેવામાં કોઇ રાજાના એક મંત્રીએ કહ્યું. " હે નૃપ ! હું કોઇ પણ ઉપાયથી તે અશ્વનું હરણ કરીશ. કારણ બુદ્ધિમંતને અસાધ્ય શું છે, અને તે બુદ્ધિ તો મ્હારે બહુ છે. " રાજાએ તેને " એમ કર" એવો આદેશ કર્યો એટલે તે બુદ્ધિવંત મંત્રી કપટ શ્રાવક થઇ તત્કાલ વસંતપુર ગયો.

ત્યાં તેણે જિનમંદિરોમાં પરમેશ્વરને વંદના કરી ઉત્તમ સાધુઓને નમસ્કાર કર્યો. પછી જિનદાસને ઘેર જઈ તેના ઘર દેરાસરમાં પ્રભુને વંદના કરી. શ્રાવકને પણ પ્રણામ કરવાની રીત પ્રમાણે નમસ્કાર કર્યો અને પછી બગલાની પેઠે કપટથી પોતાનું શ્રાવકપણું દર્શાવ્યું. જિનદાસે પણ સામા જઈ તે ધર્મિને વંદના કરીને પૂછયું કે " તમે કયા નગરથી આવો છો ? " કપટ શ્રાવકે કહ્યું. " મ્હારૂં મન સંસારથી ઉદ્વેગ પામ્યું છે તેથી હું થોડા દિવસમાં ચારિત્ર લઇશ. મ્હારે ગૃહવાસથી સર્યું, દંભરહિત અને ઉત્તમ શ્રાવક એવો હું તીર્થયાત્રા કરીને પછી સુગુરૂ પાસે મહાવ્રત આદરીશ. " જિનદાસે કહ્યું. " હે મહાભાગ ! આપ ભલે આવ્યા. સમાન ધર્મવાળા આપણ બન્ને સુખકારી ધર્મવાર્તા કરશું. " કપટ શ્રાવકે તે વાત સ્વીકારી

એટલે પ્રસન્ન થએલા જિનદાસ શ્રેષ્ઠીએ પોતાના બંધુની પેઠે તે દંભી શ્રાવકને પ્રીતિથી સ્નાન કરાવ્યું. પછી વિવિધ પ્રકારના સ્વાદથી મનોહર એવા ભોજનથી સંતોષ પમાડી પાન સોપારી આપ્યાં. પછી પુણ્યાત્મા જિનદાસ તે દુરાત્મા કપટી શ્રાવકની સાથે ધર્મ કથા કરવા લાગ્યો.

તે વખતે જિનદાસનો સબંધી કોઇ પુરૂષ ત્યાં આવી તેને કહેવા લાગ્યો. " હે બંધો ! કાલે મ્હારે ત્યાં શુભ અવસર હોવાથી આપ પધારજો. ત્યાં આપને દિવસ અને રાત્રી રહેવાનું છે. કારણ આપ કલ્યાણ કરવામાં કુશલ છો તેથી આપના વિના શ્રેય કેમ થાય ? " જિનદાસે તે પોતાના માણસને હા કહીને રજા આપ્યા પછી સરલ મનવાળા તેણે પેલા કપટ શ્રાવકને કહ્યું કે " હે ઉતમ બુદ્ધિવંત ! મ્હારે તે મ્હારા સ્વજનને ઘેર નિશ્ચે જવું પડશે, તેથી હું જાઉં ત્યારે તમારે પોતાના ઘરની પેઠે આ મ્હારા ઘરનું રક્ષણ કરવું " કપટ શ્રાવકે હસતાં હસતાં તે વાત કબુલ કરી એટલે જિનદાસ તેના ઉપર વિશ્વાસ રાખી પોતાના સંબંધીને ત્યાં ગયો.

હવે તે દિવસની રાત્રીએ કૌમુદી પર્વતનો ઉત્સવ હોવાથી સર્વે નગરવાસી જનો તે ઉત્સવમાં વ્યગ્ર બની ગયા હતા. કપટ શ્રાવકને તે અવસર મલ્યો તેથી તે હર્ષથી બાલ અશ્વને લઇ ચાલતો થયો. ધિક્કાર છે, ધિક્કાર છે આવા વિશ્વાસ-ઘાતી માણસોને. તે અશ્વ પણ અરિહંત પ્રભુના મંદિરને ત્રણ પ્રદક્ષિણા કરીને કપટ શ્રાવકે બહુ નિવાર્યા છતા પણ તલાવે ગયો. બીજે ક્યાંઈ ગયો નહીં. તલાવથી પાછો ફર્યો ત્યારે પણ જિનમંદિરને ફરી પ્રદક્ષિણા કરી જિનદાસના ઘરે આવ્યો પણ બીજે કોઈ સ્થાનકે ગયો નહીં. દુષ્ટ વૈરીઓના સચિવે તે અશ્વને લઈ જવા બહુ પ્રયાસ કર્યો પણ તે તેમ કરવા સમર્થ થયો નહીં એટલામાં સવાર થઇ. સૂર્યનો ઉદય થયો એટલે પેલો દુષ્ટ બુદ્ધિવાળો કપટ શ્રાવક નાસી ગયો. આ વખતે જિન-દાસ પણ પોતાના ઘર પ્રત્યે આવ્યો. જિનદાસે રસ્તે આવતા લોકોના મુખથી સાંભળ્યું કે " આજે તમારા અશ્વને કૌમુદી ઉત્સવની આખી રાત્રી ફેરવ્યો છે. " જિનદાસ " આ શું " એમ વિસ્મય પામતો છતો ઘરે આવ્યો તો તેણે થાકી ગએલા, દુબલા થએલા અને પરસેવાથી ભિંજાઇ ગએલા તે અશ્વને દીઠો. " ખરેખર પુણ્યના યોગથી આ અશ્વ રહ્યો. અહો ! તેણે મને ધર્મને બ્હાને છેતર્યો છે. " આમ વિચાર કરતો એવો તે શ્રેષ્ઠી એકી વખતે ઉત્પન્ન થએલા હર્ષ અને શોકથી તુરત તે અશ્વને ભેટી પડયો. જિનદાસ તે દિવસથી અશ્વનું વધારે રક્ષણ કરવા લાગ્યો. કારણ કે તે અશ્વ અવળે માર્ગે ગયો નહિ, તેથી તેને વધારે પ્રિય થયો.

( જંબૂકુમાર નભઃસેનાને કહે છે કે ) હે પ્રિયે ! તે અશ્વની પેઠે મને પણ કોઈ અવળે માર્ગે લઇ જવા સમર્થ નથી, તેમ હું પણ પરલોકને વિષે સુખકારી એવા તે માર્ગને ત્યજી દઈશ નહીં. "

પછી કનકશ્રીએ સ્નેહ અને હાસ્યપૂર્વક કહ્યું. " હે પ્રિયે ! આપ ગ્રામકૂટા પુત્રની પેઠે જડ ન થાઓ, સાંભળો તેનું દ્રષ્ટાંત:—

કોઈ એક ગામમાં ગ્રામકૂટ પુત્ર વસતો હતો. તેનો પિતા મૃત્યુ પામેલો હોવાથી તેની માતા દારિદ્રતાને લીધે બહુ દુઃખી હતી. એક દિવસ માતાએ રડતાં રડતાં પુત્રને કહ્યું કે " તું કેવો નીચ પુરૂષોનો સરદાર છે ? જે તને હંમેશાં પારકી વાત વિના બીજું કાંઈ પણ કામ નથી. નિત્ય ઉદ્યમ કરનારો ત્હારો પિતા તો ઉદ્યમથીજ જીવતો અને તું તો હજી બીલકુલ ઉદ્યમ કરતોજ નથી તેથી તને હું નીચ માણસોનો અગ્રેસર કહું છું. તું યુવાન થયો છતાં કાંઈ પણ ઉદ્યમ કરતો નથી તો ઉદ્યમ વિના લક્ષ્મી મળતી નથી અને લક્ષ્મી ન મળી તો પછી સુખ ક્યાંથી હોય ? ત્હારી સમાન વયના તો પોતપોતાના ઉદ્યમથી આજીવિકા ચલાવે છે અને તું શંડની પેઠે નિત્ય ઉદ્યમ વિના ભટકયા કરે છે તો શરમાતો નથી ? હું દરિદ્રી મહેનત કરૂં છું તેથી તું પોતાનું ઉદર ભરે છે અને ઉદર ભરાયું એટલે તું પોતાનો ભંડાર ભરાયો એમ માને છે." પુત્રે કહ્યું. "હે માત ! હવે હું ભટકીશ નહીં પણ દ્રવ્ય મેલવવાનો ઉદ્યમ કરીશ. હે માત ! દ્રવ્ય મેળવવા માટે ઉદ્યમ આરંભી હું પોતે મ્હારા પિતાની પેઠે નિર્વાહ કરીશ "

એકદા તે મૂર્ખ ચોરે બેઠો હતો એવામાં તેણે બંધન તોડાવીને નાસી જતા એવા એક ગધેડાને જોયો. ગધેડાને નાસી જતો જોઈ તેનો ધણી તેની પાછળ બહુ દોડયો પણ તે પકડી શકયો નહીં, તેથી તેણે ઉંચા હાથ કરીને કહ્યું. " ચોરે બેઠેલા હે બાલકો, તમારામાંથી જે શકિતવંત હોય તે મ્હારા ગધેડાને પકડી રાખો." તે ઉપરથી પેલા મૂર્ખ ગ્રામકુટપુત્રે તેનાથી ધનનો લાભ ધારીને ગધેડા પાછળ દોડી શાખાફલની પેઠે તેના પૂંછડાને પકડી લીધું. જો કે લોકોએ તેને બહુ વાર્યો તોપણ તેણે ગધેડાના પૂંછડાને છોડી દીધું નહીં તેથી ગધેડાએ તેને પાટુઓ મારી જેથી દાંત પડી જવાને લીધે તે પૃથ્વી ઉપર પડી ગયો.

( કનકશ્રી જંબૂકુમારને કહે છે કે ) તમે પણ તેની પેઠે પોતાના કદાગ્રહને છોડતા નથી તો તેથી આપને શું ફળ મળશે તે અમે જાણી શકતાં નથી.

પછી હાસ્યથી ઉજવલ હોઠવાળા જંબૂકુમારે કહ્યું. " હું પેલા પોતાના કાર્યમાં નિત્ય ઘેલા થઈ રહેલા સોલ્લક જેવો નથી. સાંભળ તેનું દ્રષ્ટાંત:–

કોઇ એક કોટવાલને એક ઉત્તમ ઘોડી હતી. તેનું તે પોતાની પુત્રીની પેઠે લાલન પાલન કરતો. તેણે અશ્વહૃદયના જાણ એવા એક સોલ્લક નામના પુરૂષને નોકર રાખી તેની પાસે સ્નિગ્ધ ભોજનથી પોતાની ઘોડીની ચાકરી કરાવવા માંડી. સોલ્લક, ઘોડી માટે જે જે સ્વાદિષ્ટ ખોરાક લાવતો તેમાંથી થોડું થોડું ઘોડીને ખવરાવી બાકીનું સઘળું પોતે ખાઈ જતો. આવું કપટ કામ બહુ દિવસ કર્યાથી તેણે સર્વ

સુખને નિવારક એવું મહા ઘોર આભિયોગિક કર્મ ઉપાર્જન કર્યું. આવા કપટકાર્યથી કાલધર્મ પામીને તે સોલ્લક બહુ દુઃખથી ભરપૂર એવી તિર્યંચ ગતિમાં બહુ કાળ ભમી છેવટ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરને વિષે સોમદત્ત બ્રાહ્મણની સ્ત્રી સોમશ્રીના ઉદરથી પુત્રપણે ઉત્પન્ન થયો. પેલી ઘોડી પણ મૃત્યુ પામી અનેક ભવ ભમી છેવટ તેજ નગરમાં કામપતાકા વેશ્યાની અતિપ્રિય પુત્રીપણે ઉત્પન્ન થઈ. અનુક્રમે માતા પિતાએ નિત્ય હર્ષપૂર્વક કણવૃત્તિથી પોષણ કરાતો તે પુત્ર યૌવનાવસ્થા પામ્યો. તેમજ ગણિકાની પુત્રી પણ ધાવમાતાઓએ હૃદય આગળ ધારણ કરી છતી હારયષ્ટિની પેઠે અનુક્રમે અદ્ભૂત એવી યૌવનાવસ્થા પામી. જેમ માલતી ઉપર ભમરાઓ અનુરક્ત થાય તેમ ગામના મ્હોટા ધનવંત યુવાન પુરૂષો પરસ્પર તે ગણિકાપુત્રીના ઉપર અનુરકત થવા લાગ્યા. પેલા બ્રાહ્મણપુત્રનું મન પણ તેના ઉપર આસક્ત થયું તેથી સર્વ અર્થને બાધા કરનારો તે પણ શ્વાનની પેઠે તેના દ્વારનું નિત્ય સેવન કરતો હતો. મહા સમૃદ્ધિવંત રાજા, પ્રધાન અને શ્રેષ્ઠી પુત્રોની સાથે ક્રીડા કરતી તે વેશ્યાપુત્રી બ્રાહ્મણ પુત્રનું અપમાન કરતી, પણ તે વિપ્રપુત્ર તો તેને જોઇ જોઈને પોતાનું જીવિત ગાળવા લાગ્યો. વેશ્યાપુત્રી તો તેના સામું જોતી પણ નહોતી. કારણ ધનવંત પુરૂષો ઉપર રાગ કરવો એ વેશ્યાસ્ત્રીઓનો સ્વભાવ હોય છે.

પછી કામથી પીડા પામતો તે બ્રાહ્મણપુત્ર વેશ્યાપુત્રીના પડખાને ત્યજી દેવા સમર્થ નહીં હોવાથી તેનો ચાકર થઈ તેના ઘરે રહ્યો. ત્યાં તે ખેતીનું કામ, સારથીનું કામ, પાણી લાવવાનું અને ધાન્ય દળવાનું કામ એમ સઘળાં કામ કરવા લાગ્યો. એક કામ તે નહિં કરતો તેમ નહોતું. નિરંતર માર ખાતો પણ તે તેના ઘરથી નિકલતો નહીં એટલું જ નહિ પણ કામાતુર એવો તે વિપ્રપુત્ર ભૂખ તરસ અને વેશ્યાપુત્રીના તિરસ્કારને પણ સહન કરતો.

જંબૂકુમાર કનકશ્રીને કહે છે કે, ઘોડી સમાન તમારે વિષે હું તે પુરૂષની પેઠે આભિયોગિક કર્મ નહિ ઉપાર્જન કરૂં માટે હવે તમે યુક્તિ કરવી ત્યજી દો.

પછી કમલવતીએ કહ્યું: "હે પ્રખ્યાત ગુણમંડલ ! આપ માસાહસ પક્ષીની પેઠે સાહસિક ન થાઓ. સાંભળો તેની કથાઃ–

કોઈ એક દુકાલથી પીડા પામતો પુરૂષ પોતાના સ્વજનોને ત્યજી દઈ મ્હોટા સંઘની સાથે દેશાંતર જવા ચાલી નીકલ્યો. સંઘે એક મ્હોટા અરણ્યમાં પડાવ કર્યો ત્યાં તે પુરૂષ તૃણ, કાષ્ટ વિગેરે લેવા માટે એકલો જંગલમાં ગયો. તે વખતે અરણ્યની ગુફામાં મ્હોઢું પહોળું કરીને સુતેલા એક સિંહના દાંતે વળગેલા માંસના કકડાને લઈ કોઈ એક પક્ષી વૃક્ષ ઉપર બેઠું. વળી તે માંસભક્ષણ કરનારૂં પક્ષી ત્યાં બેઠું બેઠું **"मा साहसम्"** એમ વારંવાર બોલતું હતું. પેલો પુરૂષ, તેની આવી ચેષ્ટાથી વિસ્મય પામી તેને કહેવા લાગ્યો. "તું **'मा साहसम्'** ( સાહસ ન કરવું ) એમ બોલે છે અને ખાય છે તો સિંહના મ્હોઢામાંથી માંસ. ખરેખર આ

ઉપરથી તું મૂર્ખ હોય એમ દેખાય છે કારણુ તું પોતાના બોલવા પ્રમાણે કરતું નથી.

(કમલવતી જંબૂકુમારને કહે છે કે) આપ આ પ્રત્યક્ષ મળેલા આ લોક સંબંધી સુખને ત્યજી દઇ અદૃષ્ટ સુખની ઇચ્છાથી તપ કરવાની ઇચ્છા કરો છો તેથી તમે 'મા સાહસ' પક્ષીની ઉપમાને લાયક છો."

જંબૂકુમારે હસીને કહ્યું. "હું તમારી વાણીથી મોહ નહિ પામું, તેમજ સ્વાર્થથી ભ્રષ્ટ નહિ થઉં. કારણુ હું ત્રણુ મિત્રોની કથા જાણું છું. સાંભળ તે ત્રણુ મિત્રોની કથા:-

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરને વિષે જિતશત્રુ રાજાને સર્વ પ્રકારના અધિકાર બજાવનારો સોમદત્ત નામે પુરોહિત હતો. તેને એક સહમિત્ર નામનો અતિપ્રિય મિત્ર હતો, તે ખાનપાન વિગેરે સર્વ કાર્યમાં તેની સાથે રહેતો. પુરોહિતને બીજો પર્વ નામનો મિત્ર હતો, તે તેનું પર્વ દિવસોમાં જ સન્માન કરતો, બીજે વખતે નહીં. ત્રીજો પ્રણામ નામે મિત્ર હતો તે તો જયારે તેને મળે ત્યારે ફક્ત વાતચિતથીજ સન્માન કરે.

એકદા પુરોહિતનો કાંઈ અપરાધ આવ્યો, ત્યારે રાજા તેને પકડી મંગાવવાની ઇચ્છા કરવા લાગ્યો. આ વાતની પુરોહિતને ખબર પડી તેથી તે તુરત રાત્રીએ પોતાના સહમિત્રને ઘેર ગયો અને કહેવા લાગ્યો. આજે રાજા મ્હારા ઉપર કોપાયમાન થયા છે, તેથી હું મ્હારી માઠી અવસ્થા ત્હારા ઘરમાં ગુપ્તપણે રહીને નિર્ગમન કરવા ઇચ્છા કરૂં છું. હે શુભ! આપત્તિકાળેજ મિત્રની ખબર પડે છે, માટે તું મને પોતાના ઘરમાં સંતાડી રાખી મૈત્રીને કૃતાર્થ કર." સહમિત્રે કહ્યું. "હમણું આપણે મૈત્રી નથી. આપણી મિત્રાઈ ત્યાં સુધી સમજવી કે જયાં સુધી રાજાનો ભય નથી. રાજાનો અપરાધી થઈ તું મહારા ઘરને વિષે રહે તો મને પણુ દુઃખ થાય, એવો કોણુ મૂર્ખ હોય કે બળતી ઉનવાળા ઘેટાને પોતાના ઘરમાં રાખે? હું મ્હારા એકલાને માટે મ્હારા આત્માને અને સઘળા કુટુંબને આપત્તિમાં નહિ નાખું. ત્હારૂં કલ્યાણુ થાઓ, અને તું બીજે સ્થાનકે જા."

સહમિત્રે આવી રીતે તિરસ્કાર કર્યો તેથી સોમદત્ત તુરત પર્વ મિત્રને ઘેર ગયો. ત્યાં તેના ઘરને વિષે રહેવાની ઇચ્છાવાળા તેણે (સોમદત્તે) રાજકોપાદિ સર્વ વાત કહી. પર્વમિત્રે પણુ તેની સાથે પર્વ મિત્રાઇને લીધે તુરત તેના સામું જોઇ આદરસત્કાર કરી આ પ્રમાણે કહ્યું. "હે સખે! તેં અનેક પર્વ દિવસોમાં સંભાષણાદિ વિવિધ પ્રકારના પ્રેમે કરીને મ્હારા પ્રાણુ ખરીદ કરેલા છે. ભાઇ! જો હું ત્હારા દુઃખમાં ભાગ ન લઉં, તો મ્હારા કુલીનનું કુલીનપણું શી રીતે રહ્યું કહેવાય? ત્હારી પ્રીતિથી પરવશ થએલો હું પોતે મ્હારા પોતાના ઉપર અનર્થ આવી પડે તે સહન કરૂં, પણુ મ્હારૂં કુટુંબ અનર્થ પામે તે દુઃસહ છે. હે મિત્ર!

તું મને વહાલો છે તેમ મ્હારૂં કુટુંબ પણ મને વહાલું છે. હવે મ્હારે શું કરવું? તે વિચારથી ભિન્ન ભિન્ન ચિત્તવાળો બની ગયો છું. મ્હારે એક બાજુ વાઘ અને એક બાજુ નદી જેવું થયું છે. હું ડિંભાદિ રૂપે કરીને કેવલ સુખનો ભજનારો છું. તેથી તું તે મ્હારા કુટુંબ ઉપર અનુકંપા કર, ભાઈ! ત્હારૂં કલ્યાણ થાઓ અને તું બીજે ઠેકાણે જા."

પર્વમિત્રે પણ પુરોહિતને આવી રીતે સત્કાર કરીને રજા આપી, તેથી તે તેના ઘરથી ચાલી નિકલ્યો. દૈવ કોપે છતે પુત્ર પણ દોષ આપે છે. ધિક્કાર છે, આવા કમભાગ્યને.

પર્વમિત્ર તેને ચોક સુધી વળાવી પાછો વલ્યો ત્યારે પુરોહિત વિચારવા લાગ્યો. "આ દુઃખરૂપ સમુદ્ર તરવો બહુ મુશ્કેલ છે. જેનો મેં વારંવાર ઉપકાર કર્યો હતો તેઓએ તો આવો જવાબ આપ્યો. હવે દીન એવો હું કોની પાસે જાઉં? ચાલ, હમણાં હું મ્હારા પ્રણામમિત્રની પાસે જાઉં, મને તેની આશા તો નથી પણ મ્હારે તેની સાથે વાતચિત કરવાનો પ્રેમ છે ખરો. અથવા હું વિકલ્પ શા માટે કરૂં? મ્હારે ને તેને કાંઇ મેલાપ તો છે માટે તેને મળું તો ખરો! શી ખબર પડે કે કોણ કોનો ઉપકાર કરનારો થશે."

આ પ્રમાણે વિચાર કરી સોમદત્ત પુરોહિત પ્રણામમિત્રના ઘરે ગયો. પ્રણામ મિત્રે તેને આવતો જોઇ તુરત ઉભા થઇ આદરસત્કાર કર્યો અને પછી તેણે તેને કહ્યું કે "હે બંધો! તમે ભલે પધાર્યા. તમારી આવી દુર્દશા કેમ થઇ? આપને મ્હારૂં શું કામ પડયું? જે હોય તે કહો; હું આપનું કાર્ય કરૂં." પુરોહિતે રાજાનું સર્વ વૃત્તાંત કહીને પછી કહ્યું કે હે મિત્ર! "મ્હારે રાજાની સીમ ત્યજીને જતું રહેવું છે તેમાં તમે મને સહાય કરો." પ્રણામ મિત્રે મધુર શબ્દથી કહ્યું "હે સખે! હું આપનો અધમ દેવાદાર છું તો હમણાં હે સહાય કરી તેમાંથી મુક્ત થઇશ. તમે જરાપણ ભય રાખશો નહિ, કારણ હું જ્યાં સુધી જીવતો છું ત્યાં સૂધી આપનું રક્ષણ કરીશ. તેમજ મ્હારા પ્રાણ છે ત્યાં સુધી તમારો વાંકો વાળ કરવા કોઇ સમર્થ નથી. પછી પ્રણામમિત્રે ધનુષ્ય સજ્જ કરી ખભા ઉપર બાણનો ભાથો બાંધી લઇ નિઃશંક-પણે પુરોહિતને પોતાની આગળ કર્યો. પુરોહિત પણ તેની સાથે પોતાના ઇષ્ટ સ્થાનકે જઈ ત્યાં નિઃશંકપણે વૈષયિક સુખ ભોગવવા લાગ્યો.

આ કથાનો સાર એ છે કે આ જીવ, સોમદત્ત પુરોહિત સમાન છે, અને આ શરીર, તેના સહમિત્ર રૂપ છે. સંબંધી બાંધવો એ સર્વે પર્વમિત્ર સમાન જાણવા. ચોક તે સ્મશાન કે જ્યાં સુધી પર્વમિત્ર રૂપ સંબંધી બાંધવો જીવને વલાવી પાછા વલે છે. ફક્ત પ્રણામમિત્ર સમાન સુખકારી અરિહંત ધર્મ છે કે જે નિરંતર ભવોસત્રમાં ભ્રમણ કરતા જીવની સાથે રહે છે.

( જંબૂકુમાર કમલાવતીને કહે છે કે ) હે કામિની! હું આ લોકના સુખ-

સ્વાદમાં લુબ્ધ થઈ અન્ય જન્મના એક હિતકારી ધર્મની કયારે પણ ઉપેક્ષા કરીશ નહીં. ”

પછી જયશ્રીએ કહ્યું. “ ચાતુર્યના ભંડાર રૂપ હે પ્રાણપ્રિય ! તમે નાગશ્રીની પેઠે અસત્ય કથાઓ વડે અમને મોહ પમાડો છો, સાંભલો તે નાગશ્રીની કથા:—

રમણીય નામના નગરમાં કથાપ્રિય નામે રાજા હતો. તે હંમેશા વારા પ્રમાણે નગરવાસી લોકો પાસે કથા કહેવરાવતો. તે નગરમાં એક દારિદ્રથી બહુ દુ:ખી એવો બ્રાહ્મણ રહેતો હતો. તે આખો દિવસ નગરમાં ભટકી ભટકીને કણવૃત્તિવડે પોતાની આજીવિકા કરતો હતો.

એકદા તે વિપ્રનો કથા કહેવાનો વારો આવ્યો. તેને કથા કહેતાં આવડતી નહોતી તેથી તે વિચાર કરવા લાગ્યો કે “ જો હું રાજાને એમ કહીશ કે મને કથા કહેતાં આવડતી નથી, તો રાજા મને કેદખાનામાં નાખશે. જો એમ થાય તો પછી મ્હારી શી ગતિ થશે ? ” તે બ્રાહ્મણને એક કુમારિકા પુત્રી હતી, તે પોતાના પિતાને આવા ચિંતાતુર જોઇ પૂછવા લાગી. “ હે તાત ! આપને શી ચિંતા છે ? ” પિતાએ પોતાની ચિંતાનું કારણ કહ્યું, એટલે પુત્રીએ ફરી કહ્યું કે “ આપ ચિંતા ન કરો, તમારા વારાને દિવસ હું કથા કહેવા જઈશ. ” પછી સ્નાન કરી, શ્વેત વસ્ત્ર પહેરી રાજાની પાસે જઈ, આશિષ આપી તે કુમારીકાએ કહ્યું. હે નૃપ ! કથા સાંભળો.” તેના આવા નિ:ક્ષોભપણાથી અતિ વિસ્મય પામેલો રાજા પણ જેમ મૃગો ઉંચા કાન કરીને ગીત સાંભળવા માટે ઉત્સાહવંત થાય, તેમ કથા સાંભળવા ઉત્સાહવંત થયો. કુમારીકાએ કથા કહેવી શરૂ કરી.

આ નગરમાં ફક્ત ભિક્ષાવૃત્તિ ઉપર પોતાની આજીવિકા ચલાવનારો નાગશર્મા નામે અગ્નિહોત્રી બ્રાહ્મણ છે. તેને સોમશ્રી નામે સ્ત્રી છે. તેમની હું પુત્રી છું. મ્હારૂં નામ નાગશ્રી છે. હું જ્યારે અનુક્રમે યૌવનાવસ્થા પામી ત્યારે મ્હારા પિતાએ હર્ષથી મને વટ્ટ નામના દ્વિજપુત્રને આપી. સ્ત્રીઓને નવ સંપત્તિને યોગ્ય એવો વર મળે છે. પછી કાંઈ પણ વિવાહના કાર્ય નિમિત્તે મ્હારા માતા પિતા મને એકલી ઘેર મૂકી બીજે ગામ ગયા. જે દિવસે મ્હારા માતા પિતા ગામ ગયા તેજ દિવસે વિપ્રપુત્ર વટ્ટ મ્હારા ઘરને વિષે આવ્યો. જો કે મ્હારા માતા પિતા ઘરે નહોતા તોપણ મેં અમારી સંપત્તિ પ્રમાણે સ્નાન, ભોજન વિગેરેથી તેનું ઔચિત્ય કર્યું. રાત્રીએ તેને સૂવા માટે એક ખાટલો કે જે અમારૂં સર્વસ્વ હતું તે મેં તેને ભક્તિથી આપ્યો. પછી મેં વિચાર કર્યો કે “ મેં તેને ખાટલો તો આપ્યો પણ આ ઘર તો સર્પના દરવાળું છે, તો હું તેના ઉપર કેવી રીતે સૂઇ શકીશ ?” આમ વિચારી રાત્રીએ ભૂમિ ઉપર સૂવાથી ભય પામેલી હું તેના ખાટલા ઉપર સૂતી, તે વખતે ગાઢ અંધકારમાં મને કોઈ જોઈ શકતું નહોતું. હું તો ચિત્તના નિર્વિકારપણે સૂતી હતી એવામાં મ્હારા અંગના સ્પર્શથી તે કામાતુર થયો, તેણે ક્ષોભ અને

લજ્જાથી કામને રોકી રાખ્યો, તેથી તેને શૂલ ઉત્પન્ન થયું જેથી તે તુરતજ મૃત્યુ પામ્યો.

તેને મૃત્યુ પામેલો જોઇ ભયભ્રાંત થએલી હું વિચાર કરવા લાગી કે "મ્હારા પાપિણીના દોષથી આ વિપ્રપુત્ર મૃત્યુ પામ્યો છે. અત્યારે આ વાત હું કોને કહું અને શો ઉપાય કરૂં? હા હા! હું એકલી તેને મ્હારા ઘરમાંથી બ્હાર શી રીતે મૂકી આવું? આમ વિચાર કરીને મેં તીક્ષ્ણ આયુદ્ધ વડે તેના શરીરના કકડે કકડા કરી ત્યાંજ ભૂમિમાં ખાડો ખોદી નિધાનની પેઠે ડાટયા. પછી ખાડાને પૂરી દઇ તેના ઉપર સરખું કરી લીંપી દીધું કે જેથી કોઇને ખબર પડે નહિ છેવટ તે સ્થાનને ચંદન, પુષ્પ અને ધુપ વિગેરેથી સુવાસિત કર્યું. હમણાં મ્હારા માતા પિતા ગામથી આવ્યાં છે.

રાજાએ કહ્યું. "હે કુમારી! તેં આ હિંસા વિગેરે જે કહ્યું તે સત્ય છે? કુમારીકાએ ફરી ઉત્તર આપ્યો. "હે ભૂપ! આપ જે બીજી કથાઓ સાંભળો છો તે જો સત્ય હોય તો આ સઘળું પણ સત્ય છે."

(જયશ્રી જંબૂકુમારને કહે છે કે,) હે સ્વામિન્! જેવી રીતે નાગશ્રીએ ભૂપતિને વિસ્મય પમાડયો તેવી રીતે આપ કલ્પિત કથાઓથી અમને શા માટે વિસ્મય પમાડો છો?"

જંબૂકુમારે કહ્યું. "હે પ્રિયાઓ! હું લલિતાંગ કુમારની પેઠે વિષયલંપટ નથી." સાંભળો તેની કથાઃ-

વસંતપુર નામના નગરમાં શતાયુધ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને જ્ઞાન અને વિજ્ઞાનના ભંડારરૂપ લલિતા નામની રાણી હતી.

એકદા તે રાણી વિનોદ માટે ગોખમાં બેસી નીચે જતા એવા લોકોને જોતી હતી, એવામાં તેણે રૂપકાંતિથી દેવતા સમાન અને ચિત્તને મોહ ઉપજાવનારા કોઈ યુવાન પુરૂષને દીઠો. તે પુરૂષના રૂપને જોવાથીજ ઉત્પન્ન થએલા કામ વિકારવાળી તે લલિતા વિચારવા લાગી કે "જો હું તેને આલિંગન કરૂં તોજ મ્હારો જન્મ સફળ કહેવાય. જો હું પક્ષિણી હોત તો નિશ્ચે ઉડી ત્યાં જઈ મ્હારા ચિત્તને મોહ પમાડનારા અને કામના ખીલારૂપ તે યુવાન પુરૂષને ઝટ સેવન કરત." આ વખતે તેની પાસે રહેલી સુવિચક્ષણ દાસીએ વિચાર્યું કે મ્હારી બાઇની દૃષ્ટિ આ યુવાન પુરૂષને વિષે રમી રહેલી છે." આમ ધારી તેણે કહ્યું. "બાઈ સાહેબ! આપનું મન આ તરૂણ પુરૂષને વિષે રમે છે. ખરૂં છે જે લોકોને નેત્રને આનંદ પમાડે નહિ તે શું અદ્‌ભૂત કહેવાય? નજ કહેવાય." લલિતા રાણીએ કહ્યું. "બહુ સારૂં, બહુ સારૂં તું ખરેખર મનને જાણનારી છે. હવે જો હું તે મનોહર પુરૂષની સાથે ક્રીડા કરીશ તોજ જીવીશ. હે અનઘે! એ પુરૂષ કોણ છે? તે પ્રથમ મને કહે પછી તું તેની વિનંતિ કરી મ્હારા દેહની સાથે તેનો સંગ કરાવ." દાસી નીચે જઈ ઝટ

શોધ કરી આવી જેવું સાંભળ્યું તેવું રાણીને કહેવા લાગી. "બાઈ સાહેબ ! આજ નગરમાં રહેનારા સમુદ્રપ્રિય નામના સાર્થવાહનો એ પુત્ર છે. પોતે કુલીન અને યુવાવસ્થાવાળો છે. જેવી રીતે સ્રીઓમાં ફક્ત આપ એકલાંજ ગુણી છો તેવી રીતે પુરૂષોમાં તે પોતે એકજ ગુણી છે. માટે આપ આજ્ઞા કરો કે ઝટ ગુણીએ ગુણીનો સંગ કરી દઉં." પછી રાણીએ તે લલિતાંગ કુમારની સાથે સંગ કરવાની ઈચ્છાથી તુરત પ્રેમરૂપ વનને સજીવન કરવાને મેઘના બંધુ સમાન એક પત્ર લખી દાસીના હાથમાં આપ્યો. દૂતીના કાર્યમાં વિચક્ષણ એવી દાસીએ તુરત ત્યાં જઈ લલિતાંગ કુમારને લલિતા રાણીએ કહેલા મધુર વચનથી પ્રીતિ ઉત્પન્ન કરી અને પછી તેના મનને પ્રસન્ન કરવા માટે પેલો પત્ર આપ્યો. તુરત વિસ્મય પામેલા અને રોમાંચિત થએલા શરીરવાળા તે લલિતાંગ કુમારે પ્રેમ પ્રગટ કરનારા પત્રને વાંચ્યો તે આ પ્રમાણે—

હે સુમતે ! જ્યારથી મેં આપને જોયા છે, ત્યારથી દીન એવી હું સર્વ સ્થળે આપનેજ દેખું છું. માટે યોગ મેલવી મને સંતોષ પમાડો. " આ પ્રમાણે પત્ર વાંચી અને પછી લલિતાંગ કુમારે દાસીને કહ્યું.' ' હે વિચક્ષણે ! ક્યાં તે અંતઃપુરમાં રહેનારી રાણી અને ક્યાં હું વણિક્પુત્ર ! હું રાજપત્નિ સાથે વિહાર કરીશ, એ વાત મનમાં ધારી શકાય તેવી નથી. તેમ હું તે ધારતો પણ નથી. તેમ હું કહી શકતો પણ નથી. જો પૃથ્વી ઉપર ઉભેલા માણસથી ચંદ્રનો સ્પર્શ કરી શકાય તોજ રાજા શિવાય બીજા માણસોથી રાજપત્નિની સાથે સંભોગ ભોગવી શકાય. " દાસીએ કહ્યું. "એ સર્વ સહાય્યરહિતને દુષ્કર છે; પરંતુ હું તમને સહાય્ય કરનારી છું; માટે તમે વૃથા ચિંતા ન કરો. હું તમને મ્હારી બુદ્ધિના પ્રભાવથી કોઇ નહિ જાણે તેવી રીતે પુષ્પના મધ્યભાગમાં રહેલા ભ્રમરની પેઠે આનંદથી અંતઃપુરમાં લઇ જઇશ. " પછી લલિતાંગ કુમારે "તું મને અવસરે બોલાવજે " એમ કહીને દાસીને રજા આપી. દાસીએ' તુરત હર્ષ ધરતી રાણી પાસે જઇ સર્વ વાત નિવેદન કરી. રાણી લલિતા તે દિવસથી તેના સમાગમની વાટ જોવા લાગી.

એકદા તે નગરમાં મ્હોટો કૌમુદી ઉત્સવ આવ્યો, તેથી રાજા પોતાના પરિવારસહિત કૌમુદી ઉત્સવ કરવા માટે ક્રીડા ઉદ્યાનના સરોવરે ગયો. આ વખતે રાજ્યમંદિરની આસપાસ કોઇ માણસ નહોતું તેથી રાણી લલિતાએ દાસીની મારફતે લલિતાંગ કુમારને બોલાવ્યો. દાસીએ પણ રાણીના વિનોદને ઉદ્દેશી યક્ષના મીષથી લલિતાંગ કુમારને અંતઃપુરમાં પ્રવેશ કરાવ્યો. બહુ કાલે એકઠા થએલા લલિતા અને લલિતાંગે મહી અને સમુદ્રની પેઠે પરસ્પર ગાઢ આલિંગન દીધું.

હવે અંતઃપુરના રક્ષકોએ પોતાની ચાતુરીથી અતંઃપુરમાં પરપુરૂષનો પ્રવેશ થયો જાણી મનમાં વિચાર કરવા લાગ્યા કે " નિશ્ચે આપણે છેતરાયા છીએ. " આવી

રીતે વિચાર કરતા હતા એટલામાં રાજા કૌમુદીમહોત્સવ કરી પાછો આવ્યો, તેથી અંતઃપુરરક્ષકોએ તેને જણાવ્યું કે અંતઃપુરમાં કોઇ પુરૂષ હોય, એમ અમને વ્હેમ છે. " પછી રાજા જોડાને કાઢી નાખી ચોરની પેઠે ધીમે ધીમે તુરત અંતઃપુર તરફ જવા લાગ્યો. અંતઃપુરના બારણામાં ઉભેલી દાસીએ રાજાને આવતા જોઈ ભયભ્રાંત થઇ દૂરથી રાણીને તુરત તે ખબર આપ્યા. પછી રાણી અને દાસી બન્નેએ એકઠા થઈ લલિતાંગ કુમારને ઉપાડી ઉપરના માર્ગેથી ( બારીમાંથી ) ઘરના પૂંજાની પેઠે ઝટ બહાર ફેંકી દીધો. લલિતાંગ કુમાર મહેલના પાછલા ભાગે આવેલી મ્હોટી ખાડીમાં પડ્યો, ત્યાં તે ગુફામાં પડેલા ઘુવડ પક્ષીની પેઠે રહેવા લાગ્યો. અત્યંત દુર્ગંધથી પૂર્ણ, નરકના સરખી તે અપવિત્ર ખાડીમાં પોતાના પૂર્વ સુખને સ્મરણ કરતો છતો રહ્યો. ત્યાં તે એમ વિચારવા લાગ્યો કે " જો હું કોઇ ઉપાય વડે આ ખાડીમાંથી બ્હાર નિકલું, તો પછી આવા દુઃખ આપનારા ભોગોથી મ્હારે સર્યું. " રાણી અને દાસી તેના ઉપર દયા લાવી હંમેશાં તે ખાડીમાં પોતાનું ઉચ્છિષ્ટ ભોજન ફેંકી દેતી. તે ઉપર તે પોતાની આજીવિકા કરતો.

પછી વર્ષાઋતુ આવી તેથી ઘરના મૂત્રમય જલથી તે ખાડો પાપથી પાપી પુરૂષની પેઠે ભરાઇ ગયો. છેવટ જલના વેગે શબની પેઠે તેને ઘસડીને કિલ્લાની બ્હારની મ્હોટી ખાઇમાં નાખ્યો. ત્યાં જલના પૂરે તેને તુંબડાની પેઠે ઉંચે ઉચ્છાલી ખાઈના કાંઠે કાઢી નાખ્યો. જેથી જલવડે પીડા પામીને તે મૂર્ચ્છા પામ્યો. દૈવયોગે ત્યાં કુલદેવીની પેઠે વેગથી આવી ચડેલી તેની ધાવમાતાએ તેને દીઠો. એટલે તે તેને ગુપ્ત રીતે ઘેર તેડી ગઇ. ત્યાં તેના માતા પિતાએ અભ્યંગ, સ્નાન, પાન અને ભોજનાદિથી પાલન કરેલો તે, કાપી નાખ્યા પછી ફરી નવપલ્લવ થએલી વૃક્ષ શાખાની પેઠે સારો થયો.

આ કથાનો સાર એ જાણવો કે લલિતાંગ કુમાર તે જીવ કે જે કામભોગને વિષે લંપટ થઇ રહ્યો છે. લલિતા સમાન વિષયનું ભોગસુખ જાણવું, કે જે ફક્ત આરંભમાં જરા મીઠું અંતે તો અત્યંત દુઃખદાયી છે. ગર્ભ, ખાડા રૂપ છે, તેમાં રહેલા જીવને માતા ભક્ષણ કરેલા પદાર્થથી પોષણ કરે છે. આ ઉચ્છિષ્ટ ભોજનના આહાર તુલ્ય જાણવું. જલના ભરાવા વડે કૂવાથી ખાળ માર્ગે નિકળવું કહ્યું, તે પુદ્‌ગલથી ભરાયલા ગર્ભથી યોનિને રસ્તે થઇ નિકલવા જેવું જાણવું. કિલ્લાની બ્હાર રહેલી ખાઇમાં પડવું કહ્યું, તે ગર્ભવાસથી નીકળી સૂતિકાના ઘરમાં પડવા જેવું સમજવું. પાણીથી ભરપૂર એવી ખાઇના તીરે મૂર્છા આવવાનું કહ્યું, તે જરાયુ અને રૂધિરમય યોનિના કોશથી બહાર આવેલા જીવને મૂર્છા સમાન જાણવું. દેહ ઉપર ઉપકાર કરનારી જે પ્રિય ધાવમાતા કહી, તે કર્મ રૂપ પરિણામની સંતતી જાણવી.

( જંબૂકુમાર પોતાની આઠે સ્ત્રીઓને કહે છે કે, હવે લલિતાંગ કુમાર ઉપર આસક્ત થએલી રાણી લલિતા જો પોતાની દાસીની મારફતે તેને પોતાના અંતઃ-પુરમાં પ્રવેશ કરવાનું કહે તો તે ફરી આવે ખરો ? " આઠે સ્ત્રીઓએ ઉત્તર આપ્યો કે " એવો કોણ મૂર્ખ હોય જે નરકની ખાઈમાં પડીને પ્રત્યક્ષ ભોગવેલા દુઃખને મનમાં સ્મરણ કરતો છતો પાછો ત્યાં જાય ? અર્થાત્ કોઈ ન જાય. " જંબૂકુમારે કહ્યું. " વખતે તે અજ્ઞાની તો પોતાના અજ્ઞાનને લીધે પ્રવેશ કરે તો કરે; પણ હું તો ગર્ભમાં ફરી પ્રવેશ કરવાના કારણને નહીં આદરૂં. " જંબૂકુમારના આવા મહા આગ્રહને જાણી તે આઠે સ્ત્રીઓ પોતાના પતિ જંબૂકુમારને કહેવા લાગી.

" હે નાથ ! જેવી રીતે આપ પોતાને તારો છો, તેવી રીતે અમને પણ ઝટ તારો; કારણ મ્હોટા પુરૂષો ફક્ત પોતાનું પેટ ભરીને પ્રસન્ન થતા નથી. " જંબૂ-કુમારને તેના સાસુ, સસરો, માતા, પિતા તેમજ બંધુઓ કહેવા લાગ્યા. " તમે ઉત્તમ માર્ગ કહ્યો છે, તપસ્યા પણ આથી ઉત્કૃષ્ટ નથી. " પ્રભવે પણ કહ્યું. " હે બંધો ! હું મ્હારા માતા પિતાની રજા લઈ નિશ્ચે ત્હારી સાથે તપસ્યા અંગીકાર કરીશ. " પછી જંબૂકુમારે પ્રભવને કહ્યું. " તું નિર્વિઘ્ન થા; તેમ પ્રતિબંધ પણ કરીશ નહીં.

પછી પ્રભાતે સૂર્યોદય વખતે નિર્મલ મનવાલા જંબૂકુમારે પોતે ચારિત્ર ગ્રહ-ણનો મહોત્સવ કરાવ્યો. વલી તે, " આવોજ આચાર છે. " એમ જાણી સ્નાન કરી, અંગરાગ ચોપડી, વસ્ત્રાલંકાર ધારણ કરી જંબૂદ્વીપના અનાદૃત દેવતાએ કરેલા મહોત્સવપૂર્વક સહસ્ર મનુષ્યોએ ઉપાડેલી શિબિકામાં બેઠો. કાશ્યપ ગોત્રમાં ઉત્પન્ન થએલો તે જંબૂકુમાર કલ્પવૃક્ષની પેઠે વિશ્વના લોકોને દાન આપતો અને મનુ-ષ્યોથી સ્તુતિ કરાતો છતો શ્રી સુધર્માસ્વામી ગણધરના ચરણરજના સમૂહથી પવિત્ર અને મોક્ષલક્ષ્મીના નિવાસસ્થાન રૂપ ઉદ્યાનમાં ગયો. ત્યાં તે જંબૂકુમાર, શ્રીસુધર્માસ્વામીએ પોતાના નિવાસથી અલંકૃત કરેલા ઉદ્યાનમાં જઇ જાણે સંસા-રના પારને ઉતરતો હોયની ? એમ શિબિકાથી નીચે ઉતર્યો. ત્યાં તેણે સુધર્મા-સ્વામીના સંસારસમુદ્રથી તારનારા ચરણને મસ્તકવડે પૃથ્વીને સ્પર્શ કરવા રૂપ પ્રણામ કરીને વિનંતિ કરી કે " હે મુનીશ્વર ! મ્હારા ઉપર દયા કરી મને કુટુંબ-સહિતને સંસારસમુદ્રમાંથી પાર ઉતારવામાં વહાણ સમાન પ્રવ્રજ્યા આપો. " આવી રીતે જંબૂકુમારે વિનંતિ કરેલા શ્રીસુધર્માસ્વામીએ, જંબૂકુમારને અને તેના પરિવારને વિધિ પ્રમાણે દીક્ષા આપી. પ્રભવે પણ માતા પિતાની રજા લઇ જંબૂ-કુમારની પાછલ બીજે દિવસ ગુરૂ પાસે દીક્ષા લીધી. શ્રીસુધર્માસ્વામીએ પ્રભવને શિષ્યભાવથી ભક્તિવાલો જાણી તેને જંબૂસ્વામીને સોંપ્યો, જેથી પ્રભવ, શ્રી જંબૂસ્વામીના ચરણકમલનો સેવક થયો.

પછી શ્રીસુધર્માસ્વામીના ચરણકમલની સેવામાં તત્પર, ચારિત્ર પાલવામાં

સાવધાન અને ઉત્તમ બુદ્ધિવાન્ એવા શ્રીજંબૂસ્વામી પરીષહાદિકને જીતી પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા.

અન્યદા ગુણના સમુદ્રરૂપ શ્રીસુધર્માસ્વામી, જંબૂસ્વામી વિગેરે સાધુઓ સહિત પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા ચંપાનગરી પ્રત્યે આવ્યા. વનપાલના મુખથી શ્રી ગણધરના આગમનને સાંભળી હર્ષ પામેલો કુણિક રાજા, તેમને વંદના કરવા ગયો. ઉદ્યાનમાં પ્રવેશ કરતાં છત્ર, ચામર, પાદુકા, આયુધ અને મુકુટ ત્યજી દઇ ચંપાપતિ ગુરૂના સન્મુખ આવ્યો ત્યાં તેણે ત્રણ પ્રદક્ષિણાપૂર્વક ગણધરને વંદના કરી અને પછી ભક્તિવંત એવો તે કૂણિકરાજા ગુરૂની સન્મુખ બેઠો.

પછી શ્રી સુધર્મા ગણધરે ધર્મથી મનોહર અને દયારૂપ વેલના વનને અમૃતની નદી સમાન ધર્મદેશના આપી. દેશનાને અંતે કૂણિકરાજાએ શ્રી ગણધર મહારાજાના સર્વ શિષ્યોને જોતાં જોતાં જંબૂસ્વામીને ઉદ્દેશી શ્રી ગણધર મહારાજાને પૂછ્યું "હે ભગવન્ ! આ મુનિનું રૂપ અદ્ભૂત છે, તેજ પણ મહા અદ્ભૂત છે, સૌભાગ્ય પણ મહા અદ્ભૂત છે. સામાન્ય રીતે એમનું સર્વ અંગોપાંગ અદ્ભૂત દેખાય છે." પછી શ્રી સુધર્માસ્વામીએ કૂણિક રાજાની આગલ જંબૂસ્વામીના પૂર્વ ભવનું ચારિત્ર કે જે શ્રી મહાવીર પ્રભુએ શ્રેણિક રાજાને કહ્યું હતું તે કહી સંભલાવ્યું; અને પછી કહ્યું કે "હે ભૂપતિ ! એ મુનીશ્વરના રૂપ, સૌભાગ્ય અને તેજ તેમના પૂર્વભવના તપને લીધે એવાં દેખાય છે. એ છેલ્લા કેવલી છે, તેમ ચરમ દેહધારી છે. તે પોતે આજ ભવમાં સિદ્ધિપદ પામશે." શ્રીસુધર્માસ્વામી કૂણિક ભૂપતિને કહે છે કે–પૂર્વે ગણધરોએ એમજ કહ્યું કે "જંબૂકુમાર મોક્ષપદ પામ્યા પછી મનઃ પર્યવજ્ઞાન તથા પરમ અવધિજ્ઞાન રહેશે નહીં. આહારક શરીરની લબ્ધિ તેમજ પુલાક લબ્ધિ રહેશે નહીં. વલી ક્ષપક શ્રેણિને ઉપશમ શ્રેણિ ઉપર ચડવાનું પણ બંધ થશે. જિનકલ્પિપણું પણ રહેશે નહીં. ૧ પરિહારવિશુદ્ધિ, ૨ સૂક્ષ્મ સંપરાય અને ૩ યથાખ્યાત એ ત્રણ ચારિત્ર પણ રહેશે નહીં. આ પ્રમાણે આગલ પણ ઓછું, ઓછું થતું જશે."

શ્રી સુધર્માસ્વામીનાં આવાં વચન સાંભળી કૂણિક રાજા, તેમના ચરણ કમલને નમસ્કાર કરી ચંપાપુરી પ્રત્યે ગયો. શ્રી સુધર્માસ્વામી પણ પોતાના પરિવાર સહિત શ્રી મહાવીર પ્રભુ પાસે ગયા અને તેમની સાથે વિહાર કરવા લાગ્યા.

શ્રી સુધર્માસ્વામીએ પચાસ વર્ષની વયે દીક્ષા લીધી. ત્યાર પછી તેમણે ત્રીશ વર્ષ પર્યંત શ્રી વીરપ્રભુની અખંડ સેવા કરી. શ્રી મહાવીરપ્રભુ મોક્ષ ગયા પછી શ્રી સુધર્માસ્વામી તીર્થ પ્રવર્તાવતા છતા બાર વર્ષ પર્યંત છદ્મસ્થપણે રહ્યા. પછી બાણુમેં વર્ષે કેવલજ્ઞાન પામી તેમણે આઠ વર્ષ પર્યંત ભવ્યજીવોને પ્રતિબોધ પમાડતાં પૃથ્વી ઉપર વિહાર કર્યો. સો વર્ષનું આયુષ્ય પૂર્ણ થયે નિર્વાણ સમય પાસે આવ્યે છતે શ્રી સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને ગણધર પદે સ્થાપ્યા. જંબૂસ્વામી પણ તીવ્ર તપ

કરતા કેવલજ્ઞાન પામી ભવ્યજનોને પ્રતિબોધ કરવા લાગ્યા. શ્રી વીરપ્રભુના મોક્ષથી ચોસઠ વર્ષ પછી જંબૂસ્વામીએ, કાત્યાયન કુલમાં ઉત્પન્ન થએલા એવા પ્રભવ સ્વામીને પોતાને પદે સ્થાપી મોક્ષપદ અંગીકાર કર્યું. જેમણે પોતાના બંધુઓને, સાસુ સસરાને, માતાપિતાને, આઠ સ્ત્રીઓને અને પરિવાર સહિત પ્રભવ ચોરને પ્રતિબોધ પમાડી તેઓની સાથે દીક્ષા લઇ કેવલલક્ષ્મી સંપાદન કરી મોક્ષપદ સ્વીકાર્યું, તે છેલ્લા કેવલી એવા શ્રીજંબૂસ્વામીને હું ત્રણેકાલ વંદના કરૂં છું.

**'श्री जंबूस्वामी' नामना चरमकेवलीनी कथा संपूर्ण.**

**सिज्जंभवं गणहरं, जिनपडिमादंसणेण पडिबुद्धं ॥**
**मणगपिअरं दसकालि–अस्स निज्जुहगं वंदे ॥ १५८ ॥**

જિનપ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામેલા, મનકના પિતા અને બીજા ગ્રંથોથી આકર્ષણ કરીને દશવૈકાલિક સૂત્રના કર્તા એવા શ્રી શય્યંભવ નામના આચાર્યને હું નમસ્કાર કરૂં છું. ॥ ૫૮ ॥

## 'श्रीशय्यंभवसूरि' नामना श्रुतकेवलीनी कथा.

એકદા કાત્યાયન કુલમાં ઉત્પન્ન થએલા પ્રભવસ્વામી, નિત્ય જૈનશાસનની ઉન્નતિ કરતા છતા પૃથ્વીતલને પવિત્ર કરતા હતા. એકદા શિષ્ય વર્ગ સ્વાધ્યાય કરીને સુઇ ગયે છતે મધ્યરાત્રીએ યોગનિદ્રામાં રહેલા તે પ્રભવસ્વામી વિચાર કરવા લાગ્યા કે "અરિહંત ધર્મને પ્રકાશ કરવા માટે સૂર્યરૂપ કયો પુરૂષ મ્હારો ગણધર થશે ? કે જે સંસાર રૂપ સમુદ્રમાં સંઘને નાવરૂપ થઇ પડશે." આ પ્રમાણે વિચાર કરતા તેમણે સંઘને વિષે તથા પોતાના ગચ્છને વિષે અન્ય પદાર્થને દેખાડી આપવામાં પ્રદીપ સરખો ઉપયોગ મૂકીને જોયું, પણ તેવા કોઇ પુરૂષને દીઠો નહીં છેવટ તેમણે અન્ય દર્શનને વિષે ઉપયોગ મૂકયો તો તેમાં રાજગૃહ નગરને વિષે સમીપ સિદ્ધિવાલા, વત્સગોત્રમાં ઉત્પન્ન થએલા શય્યંભવ નામના બ્રાહ્મણને યજ્ઞ કરતા દીઠો. પછી "હવે આપણે બીજે સ્થાનકે વિહારથી સર્યું." એમ ધારી તે મુનીશ્વર શય્યંભવને પ્રતિબોધ પમાડવા માટે રાજગૃહ નગર પ્રત્યે ગયા. ત્યાં તેમણે બે શિષ્યોને આજ્ઞા કરી કે "તમે યજ્ઞસ્થાને જાઓ અને ત્યાં ધર્મલાભ કહો ત્યાં તમોએ તે પ્રમાણે કહ્યા છતાં પણ જો તે બ્રાહ્મણ ઉત્તર ન આપે તો તમારે એમ કહેવું કે 'આ કષ્ટ છે, આ કષ્ટ છે, તત્ત્વને નથી જાણતા, તત્ત્વને નથી, જાણતા' પછી તે બન્ને સાધુઓએ ત્યાં જઇ ભિક્ષાની પ્રાર્થના કરતાં ધર્મલાભ કહ્યો.

પરંતુ બ્રાહ્મણોએ તો તેમને ભિક્ષા નહિ આપતાં ઉત્તર પણ આપ્યો નહીં; તેથી તે બન્ને શિષ્યોએ ગુરૂના કહેવા પ્રમાણે " આ કષ્ટ છે, આ કષ્ઠ છે, તત્ત્વને નથી જાણતા, તત્ત્વને નથી જાણતા. " એમ કહ્યું.

પછી યજ્ઞમંડપની મધ્યે બેઠેલા શય્યંભવ બ્રાહ્મણે, બન્ને મુનિઓના વચનને સાંભલી તરત મનમાં વિચાર કર્યો, " આ મહાશય સાધુઓ ક્ષમાદિગુણયુક્ત છે, તેથી તેઓ મૃષા ભાષણ કરે નહીં. નિશ્ચે મ્હારૂં મન તત્ત્વને વિષે સંદેહ પામે છે." પછી સંશય રૂપ પર્વતને વિષે આરૂઢ થએલા શય્યંભવે, યજ્ઞના જાણ એવા યાજ્ઞિક ગોરને પૂછયું કે " તત્ત્વ શું છે ? " યાજ્ઞિક ગોરે કહ્યું. " હે શય્યંભવ ! સ્વર્ગ અને મોક્ષના સુખ આપનારા વેદો એજ તત્વ છે. ' વેદથી બીજું કાંઇ પણ તત્ત્વ નથી. ' એમ વેદના જાણ પુરૂષો કહે છે. " શય્યંભવે કહ્યું. "હા હા હે યાજ્ઞિક ! તું દક્ષિણાના લોભથી 'વેદો તત્ત્વ છે' એમ કહી અમને છેતરે છે. અહો ! રાગદ્વેષથી મુક્ત થએલા મોહરહિત અને પરિગ્રહ વિનાના આ શાંત મુનિઓ મૃષા ભાષણ કરતા નથી. તું અમારો ગુરૂ છે, છતાં જન્મથી આરંભીને તેં આ વિશ્વને છેતર્યું છે, માટે હે દુરાચારી ! તું હમણાં મ્હારી શિક્ષાને યોગ્ય થયો છું. તું ઝટ મ્હારી આગલ નિઃસંશય એવા તત્ત્વને પ્રગટ કર, નહિ તો હું ત્હારો શિરઃછેદ કરીશ. દુષ્ટને મારવો તેમાં હત્યા શી ? " આ પ્રમાણે કહી ચપલ નેત્રવાલા શય્યંભવ, મ્યાનમાંથી ખડ્ગ કાઢી જાણે પ્રત્યક્ષ યમરાજ હોયની ? એમ તે યાજ્ઞિક ગોરને મારવા માટે દોડયો. " નિશ્ચે આ મને મારશે. " એમ ધારી ઉપાધ્યાય વિચાર કરવા લાગ્યો કે "યથાર્થ તત્ત્વ પ્રગટ કરવાનો આ સમય આવ્યો છે. વેદમાં કહ્યું છે તેમ અમારા કુલમાં પણ એવીજ સ્થિતિ છે કે જ્યારે પોતાના મસ્તકના છેદનો અવસર આવે ત્યારેજ યથાર્થ તત્ત્વ પ્રગટ કરવું અન્યથા નહીં. માટે હું આને યથાર્થ તત્ત્વ કહું, જેથી હું જીવું. કહ્યું છે કે " જીવતો માણસ ભદ્રને જુએ છે. " આ પ્રમાણે પોતાના દેહનું કુશલ ઇચ્છતા તે યાજ્ઞિક ગોરે શય્યંભવને કહ્યું કે " આ યૂપની નીચે અરિહંત પ્રભુની પ્રતિમા ડાટેલી છે. બ્રાહ્મણો યૂપની નીચે રહેલી અરિહંત પ્રતિમાને ગુપ્ત રીતે પૂજે છે, અને તે પ્રતિમાના પ્રભાવથીજ અમારૂં યજ્ઞાદિ કાર્ય નિર્વિઘ્નપણે થાય છે. અરિહંતના ચરણનો ભક્ત, મહાતપવાળો સિદ્ધપુત્ર નારદ પણ મણિમય જિનપ્રતિમા વિનાના યજ્ઞને નાશ કરે છે." આ પ્રમાણે તે યાજ્ઞિક ગોરે યૂપને કાઢી નાખી તેની નીચે રહેલી અરિહંતની પ્રતિમા દેખાડી અને આવી રીતે કહ્યું. " જે મહાત્મા દેવાધિદેવની આ પ્રતિમા છે, તેમણે કહેલો જે ધર્મ તેજ તત્ત્વ છે, પણ યજ્ઞના સ્વરૂપને કહેનારા વેદો તત્વ નથી. જીવની દયારૂપ સારવાળો તેમજ મોક્ષ આપનારો ધર્મ, શ્રી અરિહંત પ્રભુએ કહ્યો છે તો પછી પશુઓની હિંસાત્મક એવા યજ્ઞને વિષે ધર્મની સંભાવના ક્યાંથી હોય ? મને ખેદ થાય છે કે અમે મ્હોટા દંભથીજ જીવીયે છીએ. તમે મ્હારા કહેલા તત્ત્વને જાણી મને મૂકી દ્યો અને જિનધર્મને

ભજનારા થાઓ. મેં પોતાનો નિર્વાહ કરવા માટે બહુ કાલ સુધી તમને છેતર્યા છે. પણ હવે પછી હું તમારો ગુરૂ છું. તમારૂં સર્વદા કલ્યાણ થાઓ." પછી તે યાજ્ઞિક ગોરને નમસ્કાર કરી શય્યંભવે કહ્યું. "સત્ય એવા તત્ત્વના પ્રકાશથી તમેજ પૃથ્વિને વિષે યાજ્ઞિક ગોર છો." આ પ્રમાણે કહીને સંતોષ પામેલા મનવાળા શય્યંભવે હર્ષથી તેને સર્વ સુવર્ણ, તામ્રપાત્રાદિ યજ્ઞનો ઉપસ્કાર આપી દીધો.

પછી ઉત્તમ બુદ્ધિવાળો શય્યંભવ પોતે પેલા બન્ને મુનિની તેમના પગલાંથી શોધ કરતો કરતો શ્રી પ્રભવસ્વામી પાસે આવી પહોંચ્યો. ત્યાં તે શ્રીપ્રભવસ્વામીના ચરણને અને બીજા સર્વ સાધુઓને નમસ્કાર કરી અને તેઓએ ધર્મલાભના વચનથી પ્રશંસા કર્યો છતો તેમની આગળ બેઠો. શય્યંભવે હાથ જોડી શ્રી પ્રભવસ્વામીની વિનંતિ કરી કે "હે મુનીશ્વરો! મને મોક્ષપદનું સાધક એવું ધર્મતત્ત્વ કહો." પછી વિશ્વને એક પ્રિય એવા તે મહાત્માએ પંચ મહાવ્રતમય ધર્મ તેને સંભળાવ્યો. તે ઉત્તમ ધર્મને સાંભળી શય્યંભવ વિપ્રે ગુરૂને ફરી વિનંતિ કરી કે "મને દીક્ષા આપો." પછી શ્રી પ્રભવસ્વામીએ સંસારસમુદ્રથી ભય પામેલા તે શય્યંભવ બ્રાહ્મણને દીક્ષા આપી. નિરંતર પોતાની ગુરૂભક્તિથી ગુરૂની સેવા કરતો એવો તે શય્યંભવ દ્વાદશાંગીનો જાણ થયો. પછી પ્રભવ સ્વામીએ તેને શ્રુતજ્ઞાનાદિકથી પોતાના તુલ્ય એવા તે શય્યંભવને જાણી તેને પોતાને પદે સ્થાપન કરી પોતે પરલોકને સાધ્યો. પછી ઉત્તમ સાધુઓના પરિવાર સહિત શ્રી શય્યંભવાચાર્ય ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરવા માટે ચંપા નગરી પ્રત્યે આવ્યા.

હવે એમ બન્યું કે શય્યંભવે ઘરને વિષે પોતાની ગર્ભવતી સ્ત્રીને મૂકી હતી, તેણે શુભ દિવસે મનક નામના પુત્રને જન્મ આપ્યો. મનકપુત્ર અનુક્રમે વૃદ્ધિ પામતો આઠ વર્ષનો થયો, ત્યારે તેણે આદરથી પોતાની માતાને પૂછ્યું. "હે માત! તું આવો વેષ ધારણ કરે છે, તેથી હું નિશ્ચે એમ જાણું છું કે તું વિધવા નથી. તો પછી મ્હારો પિતા ક્યાં છે? હું તેમને મળવાનો ઉત્સાહ ધરાવું છું." માતાએ કહ્યું. "હે વત્સ! વત્સગોત્રમાં ઉત્પન્ન થએલો અને કુબેર સમાન લક્ષ્મીવાળો શય્યંભવ નામે બ્રાહ્મણ ત્હારો પિતા થાય છે. તે યજ્ઞ કરતા હતા એવામાં બે સાધુઓએ અહિં આવી તેમને કાંઇ વચન કહી છેતરી સાધુ કરી દીધા છે. અભ્યાસ કરી આચાર્યપદ પામેલા તે હમણાં ચંપા નગરીએ રહ્યા છે."

પછી માતાની દૃષ્ટિને વંચી મનક બાળક, પોતાના પિતાને મલવાનો ઉત્સાહ ધરતો ઉતાવળો ચંપાપુરી તરફ ચાલ્યો. જેટલામાં તે ચંપાપુરીના ઉપવન પાસે આવ્યો તેટલામાં શય્યંભવ ગુરૂ કાયચિંતાથી તેજ વનમાં આવ્યા. જેમ ચંદ્રને જોવાથી સમુદ્ર જળવડે ઉલ્લાસ પામતો દેખાય છે. તેમ મનકને આવતો જોઇ શય્યંભવ ગુરૂ પ્રેમરૂપ જળથી અધિક ઉલ્લાસ પામવા લાગ્યા. સૂરિએ મનકને પૂછ્યું. "હે બાળ! તું કોણ છે? ક્યાંથી આવે છે? કોનો પુત્ર છે? અથવા કોના પુત્રનો

પુત્ર છે ? તે તું કહે ?" તે મનક બાળકે કહ્યું. "હું રાજગૃહ નગરથી અહીં આવ્યો છું. વત્સ ગોત્રમાં ઉત્પન્ન થએલા શય્યંભવનો પુત્ર છું. હું ગર્ભમાં હતો; તે વખતે મ્હારા પિતાએ હર્ષથી દીક્ષા લીધી છે, માટે હું તેમને જોવા માટે આવ્યો છું. જો આપ મ્હારા પિતા શય્યંભવને ઓળખતા હો તો હે પૂજ્યો ! મને પ્રસન્ન થઈને કહો કે તે કયાં છે ? હું પણ મ્હારા પિતાને જોઇ તેમની પાસે દીક્ષા લઈશ. કારણ પિતાએ જે આચર્યું હોય તે સુપુત્ર પણ કરે છે." શય્યંભવ આચાર્યે કહ્યું. "હું ત્હારા પિતાને ઓળખું છું. તે મ્હારા મિત્ર છે. હું અને તે ફક્ત દેહથીજ ભિન્ન છીએ, બાકી અમારો જીવ તો એકજ છે. માટે તું ત્હારા પિતાના સરખો મને જાણ. તેમની પાસે અથવા તો મ્હારી પાસે તું સંયમ ગ્રહણ કર. કયારે પણ ધર્મકાર્યમાં વિલંબ કરવો નહિ." કુમારે તે વાત અંગીકાર કરી એટલે શય્યંભવે તેને તુરત દીક્ષા આપી. ખરૂં છે કે મહાત્માઓનું તેજ હિતકારી કર્તવ્ય છે. શ્રી શય્યંભવ ગુરૂએ શ્રુત ઉપયોગથી તે બાળકનું છ માસનું આયુષ્ય બાકી જાણી તેને અભ્યાસ કરાવવા માટે શાસ્ત્રસમૂહથી દશવૈકાલિક સૂત્ર ઉદ્ધર્યું. આચાર્યે ઉત્તમ એવા દશ અધ્યયનથી યુક્ત એવા એ સૂત્રને અકાલે રચ્યું તે ઉપરથી અજ્ઞાન રૂપ અંધકારને નાશ કરનારા તે સૂત્રનું "દશવૈકાલિક" એવું નામ પડયું. સૂરિએ મનકને તે સૂત્ર આનંદથી ભણાવ્યું. કહ્યું છે કે મ્હોટા મહાત્માઓને બીજાઓ ઉપર પણ એજ હિત કર્ત્તવ્ય છે. મનકને આરાધનાદિ સર્વ કૃત્ય સૂરિએ પોતે કરાવ્યું. છ માસને અંતે મનક કાલ કરી દેવલોક પ્રત્યે ગયો. મનક મૃત્યુ પામ્યો એટલે શય્યંભવ મુનીશ્વરના નેત્રથી શરદ્ઋતુના મેઘની પેઠે આંસુની ધારા થવા લાગી. તુરત દુઃખથી વિસ્મય પામેલા યશોભદ્રાદિ શિષ્યોએ તેમને વિનંતિ કરી કે "હે પ્રભો ! આમ દીલગીર થવાનું શું કારણ છે ?" પછી શય્યંભવ સૂરિએ તે પોતાના શિષ્યોને મનકનું ચરિત્ર તથા તેની સાથે થતો એવો પોતાનો પિતા પુત્રનો સંબંધ કહી સંભળાવ્યો અને કહ્યું કે "બાલ છતાં પણ અબાલની પેઠે એ મનકે થોડા કાળમાં નિર્મલ ચારિત્ર પાળી સમાધિવડે કાલ કર્યો છે એથી ઉત્પન્ન થએલા હર્ષવડે મને અશ્રુપાત થયો છે. બીજું સઘળું ત્યજી દેવું સહેલું છે, પણ પુત્રનો સ્નેહ દુસ્ત્યજ છે." પછી યશોભદ્રાદિ શિષ્યોએ હાથ જોડી તેમને કહ્યું. "હે આર્ય ! આપે તેની સાથેનો પુત્ર સંબંધ અમને પ્રથમ કેમ ન કહ્યો ?" સૂરિએ કહ્યું. "જો મેં તમને "આ મ્હારો પુત્ર છે" એમ જણાવ્યું હોત તો તેનું પરલોક સંબંધી કાર્ય નાશ પામત. કારણ મુનીશ્વર તેની પાસે પોતાની વૈયાવચ્ચ ન કરાવત પણ ઉલટા તેઓ બાલ શિષ્યની વૈયાવચ્ચ કરવા લાગત. તો પછી તેની નિર્જરા કયાંથી થાત ? માટેજ મેં "આ મ્હારો પુત્ર છે." એમ તમને પ્રગટ ન કહ્યું. હે મુનીશ્વરો ! બાલ છતાં પણ તેણે સારી રીતે આરાધના કરી છે. મેં મનક માટે બીજાં શાસ્ત્રોથી ઉદ્ધરી દશવૈકાલિક નામનો ગ્રંથ રચ્યો છે. તેને હમણાં તે તે સ્થાનકે ફરી મૂકીને

સંવરી લઉં છું. હે મુનીશ્વરો ! છેલ્લા દશપૂર્વધર પૂર્વમાંથી શ્રુતજ્ઞાનનો ઉદ્ધાર કરી શકે અને કારણે ચૌદપૂર્વધર પણ કરે." પછી યશોભદ્રાદિ શિષ્યોએ તે વાત શ્રી સંઘને નિવેદન કરીને કહ્યું કે "સૂરિ દશવૈકાલિક સૂત્રને સંવરી લેશે." સંઘે પણ આનંદથી વ્યાપ્ત થઈ સૂરિને વિનંતિ કરી કે "આ દશવૈકાલિક સૂત્ર સર્વ જગત્ ઉપર અનુગ્રહ કરો. હવે પછી પ્રાણીઓ અલ્પ બુદ્ધિવાળા થશે માટે હે પ્રભો ! મનકની પેઠે તેઓ પણ આપના પ્રસાદથી કૃતાર્થ થાઓ. શાસ્ત્રરૂપ સમુદ્રના અમૃત રૂપ આ દશવૈકાલિક સૂત્રને પાન કરી ઉત્તમ વિદ્વાન મુનિઓ નિરંતર હર્ષ પામો.

પછી મહાત્મા સૂરિએ સંઘના આગ્રહથી દશવૈકાલિક સૂત્રને સંવર્યું નહીં. શ્રી શય્યંભવ સૂરિએ શ્રુતસમુદ્રના પાર પામેલા કૃતભદ્ર એવા યશોભદ્ર મુનિને પોતાને પદે સ્થાપ્યા ત્યાર પછી શ્રુતકેવલી અને નિષ્પાપ એવા સૂરીશ્વર સમાધિથી મૃત્યુ પામી દેવલોક પ્રત્યે ગયા.

જેમણે, યૂપની નીચે રહેલી અને યાજ્ઞિક ગોરે પ્રગટ કરેલી શ્રી અરિહંત પ્રભુની મૂર્તિ જોઇ પ્રતિબોધ પામી શ્રી પ્રભવ ગુરૂ પાસે દીક્ષા લીધી, તેમજ સર્વ આગમનો અભ્યાસ કરી મનકને માટે પ્રસિદ્ધ એવું દશવૈકાલિક નામનું સૂત્ર રચ્યું, તે નિર્દોષ એવા શ્રીશય્યંભવ સૂરીશ્વરને હું હર્ષથી ત્રણે કાલ નમસ્કાર કરૂં છું.

**'શ્રી શય્યંભવસૂરિ' નામના શ્રુતકેવલીની કથા સંપૂર્ણ.**

**चउदसपुव्विस्स नमो, जसभद्दस्सामि जस्स दो सीसा ॥**
**संभूइविजयणामे, थेरे तह भद्दबाहु अ ॥ १५७ ॥**

જેમના બે શિષ્યોની મધ્યે પહેલા સંભૂતિવિજય સ્થવિર અને બીજા ભદ્રબાહુ હતા, તે શ્રી ચૌદ પૂર્વના ધારણહાર યશોભદ્ર ગુરૂને નમસ્કાર થાઓ.

**दसकप्पववहारा, निज्जूढा जेण नवमपुव्वाओ ॥**
**वंदामि भद्दबाहुं, तमपच्छिमसयलसुअनाणिं ॥ १५८ ॥**

જેમણે નવમા પૂર્વથી દશાશ્રુતસ્કંધ, કલ્પ અને વ્યવહાર એવા ત્રણ ગ્રંથો પ્રકાશ કર્યા; તે ચરમ શ્રુતજ્ઞાનિ એવા શ્રી ભદ્રબાહુ મુનિને વંદના કરૂં છું.

**इक्को गुहाइ हरिणो, बीओ दिट्ठीविसस्स सप्पस्स ॥**
**तइओ अ कूवफलए, कोसघरे थूलभद्द मुणी ॥१५९ ॥**

શ્રી સંભૂતિવિજય સૂરિના ચાર શિષ્યો શાસનની પ્રભાવના કરનારા થયા. તેમાં પહેલો શિષ્ય સિંહ ગુફા આગલ ચતુર્માસ કાયોત્સર્ગે રહ્યો, બીજો શિષ્ય દૃષ્ટિવિષ સર્પના બિલ આગલ ચાતુર્માસ કાયોત્સર્ગે રહ્યો, ત્રીજો શિષ્ય કુવાના મંડાણ ઉપર ચાતુર્માસ કાયોત્સર્ગે રહ્યો, અને ચોથો સ્થૂલભદ્ર મુનિ, કોશ્યા વેશ્યાના ઘરને

વિષે છ પ્રકારના રસનો આહાર કરતા અને શુદ્ધ શીલવ્રત પાલતો છતો ચાતુર્માસ રહ્યો.

सिंहो वा सप्पो वा, सरीरपीडाकरा मुणेअव्वा ॥
नाणं च दंसणं वा, चरणं च न पच्चला भित्तु ॥ १६० ॥

સિંહ અથવા સર્પ એ બન્ને જણા શરીરે પીડા કરનારા જાણવા, પણ તેઓ જ્ઞાન, દર્શન અને ચારિત્રને ભેદી નાખવા સમર્થ નથી.

न दुक्करं अंबयलुंबितोडनं, न दुक्करं सिरिसवनच्चिआए ॥
तं दुकरं तं चं महाणुभावो, जं सो मुणी पमयवणंमि वुच्छो ॥१६१॥

કોશા વેશ્યા રથકાર ( સુથાર ) ને કહે છે કે તેં આંબાની લુંબ તોડી તે દુષ્કર નથી, તેમજ મેં સર્ષપના ઢગલા ઉપર નૃત્ય કર્યું તે પણ દુષ્કર નથી કારણ તે બન્ને અભ્યાસ કરવાથી થઈ શકે છે. પરંતુ અભ્યાસ નહિં છતાં તે મહાનુભાવ સ્થૂલભદ્ર, મોહ ઉપજાવનારા સ્થાનમાં ચિરકાલ રહ્યા છતાં પણ મોહ ન પામ્યા, તેજ દુષ્કર જાણવું.

## 'श्री भद्रबाहुस्वामी' नामना श्रुतकेवलीनी कथा.

પ્રતિષ્ઠાન પુરને વિષે બહુ ભદ્રક અને શ્રેષ્ઠ એવા વરાહમિહર અને ભદ્રબાહુ નામના બે બ્રાહ્મણો હતા. એકદા તે બન્ને જણાઓએ શ્રી યશોભદ્ર સુગુરૂની દેશના રૂપ અમૃતનું પાન કરી સંસારની તૃષ્ણા ત્યજી દઈ ચારિત્ર લીધું. પછી વિશુદ્ધ વિનય કરતા એવા ભદ્રબાહુને ગુરૂએ થોડા કાલમાં ચૌદપૂર્વનો અભ્યાસ કરાવ્યો અને દુર્વિનિત એવા વરાહમિહરને મન વિના કાંઇ થોડો શાસ્ત્રાભ્યાસ કરાવ્યો. શ્રીમાન્ યશોભદ્ર ગુરૂએ ભદ્રબાહુ મુનીશ્વરને ઘણા ગુણવાલા અને યોગ જાણી તેમને સુખે આચાર્ય પદ આપ્યું. પછી વરાહમિહર, ભદ્રબાહુ ઉપર ઈર્ષ્યા આવ્યાથી તુરત સાધુનો વેષ ત્યજી દઇ ગૃહસ્થ થયા અને વરાહીસંહિતા બનાવી નિમિત્ત જોવાથી આજીવિકા કરવા લાગ્યા. વળી તે લોકમાં એમ કહેવા લાગ્યો કે " કોઇ વખતે હું વનમાં શિલા ઉપર લગ્ન લખી જોતો હતો. સ્મૃતિ ન આવવાથી તે લગ્નને ભૂંસી નાખ્યા વિના મ્હારા ઘરને વિષે આવ્યો. સુવાને વખતે સ્મૃતિ આવવાથી ફરી લગ્ન ભુંસી નાખવા માટે હું વનમાં ગયો. ત્યાં મેં સિંહને દીઠો. લગ્નને ભૂંસી નાખવા માટે મેં હાથ લાંબો કર્યો એટલામાં લગ્નની ભક્તિથી સંતુષ્ટ થએલા સિંહરૂપ સૂર્યે પ્રગટ થઈને મને કહ્યું. " હે વત્સ ! તું ઈષ્ટ એવા વરદાનને માગ. " મેં કહ્યું. " જો આપ મ્હારા ઉપર પ્રસન્ન થયા હો તો મને પોતાના મંડલમાં લઈ સર્વ ગ્રહોની યથાર્થ ગતિ દેખાડો. " પછી સૂર્યે મને પોતાની સર્વ ગ્રહગતિ દેખાડી અહીંયા મૂકયો છે. માટે હે લોકો ! હું ત્રિકાલનો જાણ છું. "

પછી રાજાદિ સર્વે લોકો મ્હોટો સત્કાર, માન અને દાન વિગેરેથી તેની નિરંતર અનેક પ્રકારની ભક્તિ કરવા લાગ્યા. ત્રિકાલના જાણપણાથી તેના વચનને માણસો પ્રમાણ કરતા. અનુક્રમે તે વરાહમિહર રાજમાન્ય થયો. તેના અતિશયને જોઇ કેટલાક શ્રાવકો મિથ્યાત્વી થઇ ગયા. કારણ કે અજ્ઞાન સુલભ હોય છે.

અન્યદા સાધુઓના પરિવાર સહિત શ્રી ભદ્રબાહુ મુનીશ્વર ભવ્યજનોને પ્રતિબોધ કરવા માટે પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા તે પ્રતિષ્ઠાન પુર પ્રત્યે આવ્યા. ત્યાં સર્વ સંઘે તે ગુરૂના આગમનનો મ્હોટો મહોત્સવ કર્યો, કે જેનાથી શ્રી જૈનમત પરમ ઉન્નતિ પામ્યો હતો.

આ અવસરે તેજ દિવસે વરાહમિહરની સ્ત્રીએ પુત્રને જન્મ આપ્યો. વરાહમિહરે પોતાના પુત્રની જન્મપત્રિકા કરી અને લોકમાં પોતાના પુત્રનું સો વર્ષનું આયુષ્ય પ્રસિદ્ધ કર્યું. પછી સર્વ નગરવાસી લોકો, વર્દ્ધાપન લઇ તેમની પ્રસન્નતા માટે તેમના ઘરે આવવા લાગ્યા.

પછી સર્વ સંઘે ગુરૂને કહ્યું "હે વિભો! આપ વરાહમિહરના ઘર પ્રત્યે કેમ નથી ગયા? એ દુષ્ટાત્મા જૈનશાસનનો દ્વેષી અને સાધુઓનો શત્રુ છે. તે જે તે પ્રકારે કરીને સંઘને દુઃખ દે છે. તમારા આવવા પહેલાં તેણે સંઘની આગલ કહ્યું હતું કે–જૈન લોકો પોતાના ગુરૂની પેઠે નિરંતર વ્યવહારના અજ્ઞાની હોય છે. એ રાજાનો મુખ્ય માનિતો પુરોહિત છે. લક્ષ્મીવડે પ્રબલ છે. તેથી તે સંઘને પીડાકારી મહા અનર્થ કરશે." પછી શ્રી ભદ્રબાહુ ગુરૂએ સંઘને આ પ્રમાણે કહ્યું. "હે મહાનુભાવો! તમે ભય પામશો નહીં. તે બીચારો મૂઢ બુદ્ધિવાલો શું જાણે છે? આજથી સાતમે દિવસે તેના પુત્રનું મૃત્યુ થવાનું છે, તે વખતે અમારે તેના ઘરને વિષે જવું પડશે."

ગુરૂનાં આવાં વચન સાંભળી આશ્ચર્ય પામેલા શ્રાવકોએ કહ્યું. "હે સદ્‌ગુરૂ! તે વરાહમિહરનું કહેલું વચન આજ સુધી કયારે પણ મિથ્યા થયું નથી. તો હે પ્રભો! સાતમે દિવસે તે બાલકનું મૃત્યુ કેમ અને શા કારણથી થશે તે આપ અમને કહો?" શ્રી ભદ્રબાહુ ગુરૂએ કહ્યું. "હે ઉત્તમ શ્રાવકો! સાંભળો, તે બાલકનું મૃત્યુ બીલાડીના મુખથી થવાનું છે. પછી વિસ્મય પામેલા શ્રાવકોએ ગુરૂને કહ્યું. "હે ભગવન્! આ વાત કોઇને કહેવી નહીં. કારણકે તે વરાહમિહર દુષ્ટ બુદ્ધિવાળો છે."

હવે વરાહમિહરે આ વાત પરંપરાથી સાંભળી. તેથી તે વિચાર કરવા લાગ્યો કે "આ મુનીશ્વરો શ્રુતના જાણ છે, માટે તેમનું વચન મિથ્યા હોય નહીં. સૂરિએ આ બાલકનું મૃત્યુ બીલાડીના મુખથી કહ્યું છે. માટે આ બાલકને બીલાડીનો યોગ ન થાય તેમ હું કરૂં." આ પ્રમાણે ધારી તેણે ચોથા માળ ઉપર બાલકને પ્રયત્નથી માંચીમાં સુવાડયો અને પાસે રક્ષકો રાખ્યા. ભાવિ અન્યથા થતું નથી. સાતમે

દિવસે દ્વારની સાંકલ પડવાથી બાલક તુરત મૃત્યુ પામ્યો. પછી સર્વ સંઘ સહિત શ્રી ભદ્રબાહુ મુનિ, વરાહમિહરને ઘેર ગયા. ત્યાં અરિહંત ધર્મના દ્વેષી એવા વરાહમિહરે ગુરૂને એમ પૂછયું કે "હે સૂરિ! આપે મૃષા ભાષણ કેમ કર્યું? ગુરૂએ કહ્યું. "હે દ્વિજ! મેં મૃષા ભાષણ શું કર્યું તે કહે?" તેણે કહ્યું. "તમે મ્હારા પુત્રનું મૃત્યુ બીલાડીના મુખથી થવાનું કહ્યું હતું, તે તમારૂં વચન મિથ્યા થયું છે." ગુરૂએ કહ્યું. "શાસ્ત્રમાં અર્ગલા (સાકલ) નું મુખ બીલાડી કહી છે." પછી ગુરૂએ બહુ વાદવિવાદ કરતા એવા વરાહમિહરને તુરત રાજાની સભામાં આણ્યો. ત્યાં રાજસભામાં શ્રી ભદ્રબાહુ સૂરિએ તે વરાહમિહરને કહ્યું. "હે વરાહમિહર! હમણાં આકાશમાં નવીન શું થવાનું છે?" વરાહમિહરે તુરત રાજાની સમક્ષ તેમને ઉત્તર આપ્યો કે "હે મુનિ! આકાશમાં બાવન પલનો મત્સ્ય ઉત્પન્ન થશે. તે મત્સ્ય નિશ્ચે આ કુંડાલાથી બહાર પડશે." પછી શ્રુતકેવલી એવા ભદ્રબાહુ મુનિએ તેને આ પ્રમાણે કહ્યું. "આકાશથી મત્સ્ય પડશે તે વાત સત્ય છે, પણ તે આ કુંડાલાની અંદર પડશે, તેમજ તે મત્સ્ય એકાવન પલનો હશે."

પછી સર્વે માણસો તાત્કાલ આશ્ચર્યથી આકાશ તરફ જોવા લાગ્યા. એટલામાં આકાશ વિજલી સહિત ગર્જના કરતા એવા મેઘોથી છવાઈ ગયું. વર્ષાદ વરસવા લાગ્યો અને તત્કાલ એકાવન પલના પ્રમાણવાલો એક મહામત્સ્ય તે કુંડાલાની અંદર પડયો. પછી રાજાદિ સર્વે લોકો "અહો જ્ઞાન, અહો જ્ઞાન" એમ કહીને મુનીશ્વરની બહુ પ્રશંસા કરવા લાગ્યા. રાજાએ શ્રી ભદ્રબાહુ સૂરિને પૂછયું કે "હે પ્રભો! આજે આ મહાત્માનું વચન કેમ સત્ય ન થયું? ગુરૂએ કહ્યું. "એ મ્હારો ભાઈ છે. મેં અને તેણે સાથે વ્રત લીધું હતું. મને આચાર્ય પદ પ્રાપ્ત થયું, તે જોઈ તેણે ગુરૂ ઉપર ઈર્ષ્યા કરી એટલુંજ નહિ પણ તે દુરાત્મા વ્રતને ત્યજી ત્હારો પુરોહિત થયો છે. તેણે પ્રથમ લોકની આગલ એવી વાત કરી હતી કે "મેં સૂર્યમંડલમાં જઈ સર્વ ગ્રહોની ગતિ જોઇ છે." તે સર્વ તેણે લોકોને છેતરવા માટે કહ્યું છે. જૈનધર્મનાં શાસ્ત્રો ભણવાથી તે ગઈ કાલની વાત જાણે છે. પણ તે મિથ્યાદૃષ્ટિ થઇ ગયો, તેથી તેણે વાયુ, ભૂકંપ અને તાપ વિગેરે જાણ્યું નહીં, તેથી તે વિસંવાદી વચનવાલો થઇ ગયો છે."

પછી રાજાદિ લોકોએ નિંદી કાઢેલો વારાહમિહર, ફરી તાપસી દીક્ષા લઈ મૃત્યુ પામી વ્યંતર થયો. તેણે દુઃખદાઈ રોગ ઉત્પન્ન કરી સંઘને ઉપસર્ગ કરવા માંડયો. ગુરૂ એવા શ્રી ભદ્રબાહુસ્વામીએ ઉપસર્ગહર સ્તવન રચી તેનાથી તે ઉપસર્ગને તુરત નાશ કર્યો. જેને માટે કહ્યું છે કે "**उवसग्गहरं थुत्तं, काउणं जेण संघकल्लाणं करुणापरेण विहिअं, स भद्दबाहु गुरु जयउ**" દયાવંત એવા **જે ગુરૂએ સંઘના કલ્યાણ માટે ઉપસર્ગહર "ઉવસગ્ગહરં" સ્તોત્ર રચ્યું. તે શ્રી ભદ્ર-**

બાહુ ગુરૂ જયવંતા વર્તો. દ્વાદશાંગીના જાણ પ્રસિદ્ધ અને મહાશય એવા શ્રી ભદ્રબાહુ સૂરીશ્વર દીર્ઘકાલ પર્યંત પૃથ્વી ઉપર વિહાર કરી સ્વર્ગ પ્રત્યે ગયા.

**'श्री भद्रबाहुस्वामी' नामना श्रुतकेवलीनी कथा संपूर्ण.**

---

निच्चंपि तस्स नमिमो, कमकमलं विमलसीलकलिअस्स ॥
अइदुक्करदुक्करकारयस्स, सिरिथूलभद्दस्स ॥ १६२ ॥

નિર્મલ શીલથી વ્યાપ્ત અને અતિ દુષ્કરથી પણ દુષ્કર એવા બ્રહ્મચર્ય વ્રતે ધારણ કરનારા તે શ્રી સ્થુલભદ્ર મુનિના ચરણકમલને અમે વંદના કરીએ છીએ.

जो हावभावसिंगार–सारवयणेहिं णेगरूवेहिं ॥
वालग्गंपि न चलिओ, तस्स नमो थूलभद्दस्स ॥ १६३ ॥

જે મુનીશ્વર કોશા વેશ્યાના અનેક પ્રકારના હાવ, ભાવ, શૃંગાર અને મધુર વચનથી એક વાલના અગ્રભાગ જેટલા પણ ન ચલાયમાન થયા તે શ્રી સ્થુલભદ્ર મુનિને હું નમસ્કાર કરૂં છું.

कोसाइ लवंतीए, पुराणभूआइं रहस्सभणिआइं ॥
जो मणयंपि न खुहिओ, तस्स नमो थूलिभद्दस्स ॥ १६४ ॥

પૂર્વે અનુભવ કરેલા વિષય સુખને અને એકાંતમાં કહેલા પ્રિય વચનને કોશાએ કહ્યે છતે પણ જે કિંચિંત્માત્ર ક્ષોભ ન પામ્યા. તે સ્થૂલભદ્ર મુનિને હું નમસ્કાર કરૂં છું.

जो अच्चब्भूअलावण्ण–पुण्णपुण्णेसु मज्झ अंगेसु ॥
दिट्ठेसु नहि खुभिओ, तस्स नमो थूलभद्दस्स ॥ १६५ ॥

( કોશા વેશ્યા કહે છે કે ) જે સ્થૂલભદ્ર, અતિ અદ્‌ભુત લાવણ્યે કરીને પવિત્ર અને અલંકારોથી વ્યાપ્ત એવા મ્હારા હાથ, પગ, મુખ, નેત્ર અને સ્તનાદિ અંગોને દીઠે છતે પણ ક્ષોભ ન પામ્યા, તે શ્રી સ્થુલભદ્ર મુનીશ્વરને હું નમસ્કાર કરૂં છું.

जो मह कडक्खविखेवतिख–सरधोरणीहिं नहु विद्धो ॥
मेरुव्व निप्पकंपो, स थूलभद्दो चिरं जयउ ॥ १६६ ॥

( કોશા કહે છે કે, ) જે મ્હારા કટાક્ષના ફેંકવા રૂપ બાણની પંક્તિથી ન વિધાતા મેરૂ પર્વતની પેઠે અચલ રહ્યા, તે શ્રી સ્થુલભદ્ર મુનિ દીર્ઘકાલ પર્યંત જયવંતા વર્તો.

भयवंपि थूलभद्दो तिखे चंकमिओ न उण विच्छिन्नो ॥
अग्गिसीहाए वुच्छो, चाउमासं नवि अ दड्ढो ॥१६७ ॥

ભગવાન સ્થુલભદ્ર મુનિ, તીક્ષ્ણ ખડગ સમાન કોશાના ઘરને વિષે રહ્યા છતા

પણ ન છેદાયા તેમજ અગ્નિની જ્વાળા સમાન ચિત્રશાળામાં રહ્યા છતાં પણ ન દગ્ધ થયા.

अखलिअमरट्टकंदप्प–मद्दणे लद्धजयपडागस्स ॥
तिकालं तिविहेणं, नमो नमो थूलभद्दस्स ॥ १६८ ॥

અસ્ખલિત ગર્વવાલા કામદેવનું મર્દન કરવામાં વિજય પતાકા મેળવનારા શ્રી સ્થુલભદ્રસ્વામીને હું ત્રણે કાળ મન, વચન અને કાયાથી વારંવાર નમસ્કાર કરૂં છું

कोसासंसग्गीए, अग्गीइजोतया सुवणस्स ॥
उच्छलिअबहुलतेओ, थूलभद्दो चिरं जयउ ॥१६९ ॥

જે મુનિ, તે વખતે કોશાવેશ્યાના સંસર્ગરૂપ અગ્નિમાં પેઠા છતા સુવર્ણની પેઠે બહુ તેજવંત થયા અર્થાત્ પ્રાપ્ત થએલા શીલના પાલનથી પ્રસિદ્ધિ પામ્યા, તે શ્રી સ્થુલભદ્રસ્વામી દીર્ઘકાલ પર્યંત જયવંતા વર્તો.

वंदामि चलणजुअलं, मुणिणे सिरिथूलभद्दसामिस्स ॥
जो कसिणभुअंगीए, पडिओवि मुहे न निडंसिओ ॥१७०॥

જે મુનિ, કોશાવેશ્યા રૂપ કાલી નાગણના મુખને વિષે પડયા છતાં પણ તેનાથી ડસાયા નહીં. તે તત્ત્વના જાણુ એવા શ્રી સ્થુલભદ્ર મુનિરાજના બે ચરણુને હું વંદન કરૂં છું.

धन्नो स थूलभद्दो, मयरद्धयकुंभीकुंभनिम्महणो ॥
निम्महियमोहमल्लो, स थूलभद्दो चिरं जयउ ॥१७१॥

જેમણે કામદેવ રૂપ હસ્તિના કુંભસ્થળને મથન કરી નાખ્યું છે, જેમણે મોહ રૂપ મલ્લને મર્દન કરી નાખ્યો છે અને જેમની "દુષ્કરદુષ્કરકારક" એમ કહીને ગુરૂએ પ્રશંસા કરી છે, તે પ્રશંસા કરવા યોગ્ય શ્રી સ્થુલભદ્ર મુનિ દીર્ઘકાળ પર્યંત જયવંતા વર્તો.

पणमामि अहं निच्चं, पयपउमं तस्स थूलभद्दस्स ॥
अद्धत्थिपिच्छिआइं, कोसाइ न जेण गणिआइं ॥ १७२ ॥

કોશા વેશ્યાએ અર્ધકટાક્ષ રૂપ બાણોનો છાતીમાં બહુ પ્રહાર કર્યા છતાં પણ જેણે તે ગણકાર્યો નહિ; તે સ્થુલભદ્ર મુનિના ચરણ કમળને હું નિરંતર નમસ્કાર કરૂં છું.

न खमो सहस्सवयणो, विवन्निउं थूलभद्दझाणग्गिं ॥
तिजयदमणो वि मयणो, खयं गओ जत्थ मयणं व ॥ १७३ ॥

શ્રી સ્થુલભદ્રના ધ્યાનાગ્નિને વર્ણન કરવા હજાર મુખવાળો શેષનાગ પણ સમર્થ

નથી, કે જે ધ્યાનાગ્નિને વિષે ત્રણ વિશ્વનું દમન કરનાર કામદેવ પોતે પોતાની પેઠે ક્ષય પામ્યો.

**पणमह भत्तिभरेण, तिक्कालं तिविहकरणजोएण ॥**
**सिरिथूलभद्दपाए, निहणिअकंदप्पभडवाए ॥१७४॥**

હે લોકો ! તમે કામદેવના સુભટવાદને જીતનારા શ્રી સ્થુલભદ્ર મુનિના ચરણને ત્રણે કાળ મન, વચન અને કાયાના યોગે કરી બહુ ભક્તિવડે પ્રણામ કરો.

## 'श्री स्थुलिभद्रस्वामी' नामना अंतिम श्रुतकेवलीनी कथा.

પાટલીપુરમાં નવમો નંદ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને બુદ્ધિના ભંડારરૂપ શકટાળ નામે પ્રધાન હતો. તે પ્રધાનને સાક્ષાત્ લક્ષ્મીના સરખી ઉત્તમ રૂપસૌભાગ્યથી મનોહર એવી લક્ષ્મીવતી નામે સતી સ્ત્રી હતી. તેઓને અતિ વિનયવાળો અને ન્યાયવંત એવો મ્હોટો સ્થુલભદ્ર નામે પુત્ર હતો. અને પવિત્ર ગુણના ભંડાર રૂપ બીજો શ્રિયક નામે ન્હાનો પુત્ર હતો. તે નગરમાં ઉર્વસી સમાન કોશા નામની વેશ્યા રહેતી હતી. સ્થુલભદ્ર તે વેશ્યાના ઘરમાં બાર વર્ષ પર્યંત રહ્યા હતા. વિષયના લાલચુ એવા સ્થુલભદ્ર બાર ક્રોડ સુવર્ણ આપી તેના ઘરને વિષે રહી બહુ ભક્તિથી તેને ભોગવતા હતા. જાણે વક્ષસ્થળની બીજી સંપતિ હોયની ? એમ શ્રીયક શ્રી નંદરાજાનો અંગરક્ષક અને અતિ વિશ્વાસનું પાત્ર થયો હતો. તે નગરમાં ઉત્તમ બુદ્ધિવાળો, કવિ, પ્રમાણિક અને મહા વ્યાકરણનો જાણુ એવો એક વરરૂચિ નામનો શ્રેષ્ટ બ્રાહ્મણ વસતો હતો. તે હંમેશાં પોતાના બનાવેલા એકસો આઠ નવા કાવ્યથી નંદરાજાની સ્તુતિ કરતો, પણ તે મિથ્યાદૃષ્ટિ હોવાથી મંત્રી ક્યારે પણ રાજા પાસે તેની પ્રશંસા કરતો નહિ, વરરૂચિ ઇનામ નહિ મલવાના કારણને જાણી પ્રધાનની સ્ત્રી પાસે જવા લાગ્યો. પ્રધાનની સ્ત્રીએ તેને કાર્ય પૂછ્યું એટલે તેણે કહ્યું કે "તમારા પતિ રાજાની આગળ મ્હારા કાવ્યની શા કારણથી પ્રશંસા નથી કરતા ? તે હું જાણતો નથી." બ્રાહ્મણે બહુ આગ્રહ કરેલો હોવાથી લક્ષ્મીવતીએ પોતાના પતિને રાજાની પાસે બ્રાહ્મણની પ્રશંસા કરવાનું કહ્યું એટલે તેણે કહ્યું. "હે પ્રિયે ! તે મિથ્યાદૃષ્ટિના કાવ્યને હું કેમ વખાણું ?" પ્રિયાએ બહુ આગ્રહ કર્યો એટલે પ્રધાને રાજાની આગળ તેની પ્રશંસા કરવાનું કબુલ કર્યું પછી બીજે દિવસે પ્રધાને, વરરૂચિના કાવ્યની રાજા પાસે પ્રશંસા કરી, તેથી રાજાએ તેને એક સો આઠ સોના મ્હોરો આપી. કહ્યું છે કે રાજમાન્ય પુરૂષની અનુકુળ વાણીથી પણ જીવી શકાય છે. રાજાએ વરરૂચિને એકસો આઠ સોના મ્હોરો આપી તે જોઈ મંત્રી શકટાલે રાજાને કહ્યું કે "આપે આ તેને શું આપ્યું ? રાજાએ કહ્યું. "હે સખે ! ત્હારી પ્રશંસાથીજ મેં તેને તે આપેલું છે. કારણ જો એમ ન હોત તો હું તેને પ્રથમથી શા માટે ન આપતો ?" મંત્રીએ કહ્યું "મહારાજ ! તે વખતે

મેં તેની પ્રશંસા કરી નથી પણ તે ઉત્તમ કાવ્યની પ્રશંસા કરી હતી. એ વરરૂચિ બીજાએ બનાવેવા કાવ્યને "પોતાના બનાવેલા છે" એમ કહી આપની આગળ બોલે છે. રાજાએ કહ્યું. "જો તે સત્ય હોય તો તેના કહેલા કાવ્યને કયો માણસ બોલે છે તે પ્રગટ કરી આપ. તો હું માનું." મંત્રીએ કહ્યું તેના બોલેલા કાવ્યો તો મ્હારી પુત્રીઓ પણ જાણે છે. હું તે આપને સવારે દેખાડીશ."

હવે મંત્રી શકટાલને જક્ષા, જક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા અને રેણા એ નામની સાત પુત્રીઓ હતી, એ સાતે સ્થુલભદ્રની બ્હેનો હતી. તેમાં સૌથી મ્હોટીને એક વાર કહેલું આવડી જાય છે, બીજીને બે વાર કહેલું આવડી જાય છે, ત્રીજીને ત્રણ વાર કહેલું, ચોથીને ચાર વાર કહેલું, પાંચમીને પાંચવાર કહેલું, છઠીને છ વાર કહેલું અને સાતમીને સાતવાર કહેલું આવડી જાય છે.

પછી બીજે દિવસે પ્રધાને તે પોતાની સાતે પુત્રીઓને રાજાની પાસે લઈ જઇ તુરત એક પડદાની અંદર બેસારી. વરરૂચિએ હંમેશ પ્રમાણે નવા એકસો આઠ કાવ્ય કરી રાજાને કહ્યા. તે કાવ્યો સાંભળી પ્રધાનપુત્રીઓ પણ અનુક્રમે બોલી ગઈ. પછી રાજાએ ક્રોધ કરી વરરૂચિને ઈનામ આપવું બંધ કર્યું કહ્યું છે કે, ઉત્તમ બુદ્ધિવાળાઓને નિગ્રહ અને અનુગ્રહ કરવાના બહુ ઉપાય હોય છે.

પછી વરરૂચિએ ગંગાના જળમાં યંત્ર ગોઠવ્યો અને તેમાં એકસોને આઠ સોના મ્હોરોની પોટલી મૂકી. બીજે દિવસે સવારે ત્યાં જઇ ગંગાની સ્તુતિ કરીને પગવડે યંત્ર દબાવ્યો એટલે યંત્રમાં રહેલી સોનામ્હોરોની પોટલી ઉછલીને તેના હાથમાં પડી. આવી રીતે વરરૂચિ હંમેશાં સાંજે સોનામ્હોરોની પોટલી મૂકી આવે અને બીજે દિવસ સવારે ગંગાની સ્તુતિ કરી તે પોટલી લઈ આવે; તેથી નગરવાસી લોકો તેની પ્રશંસા કરવા લાગ્યા. આ વાત લોકોના કહેવાથી રાજાએ સાંભળી, તેથી તેણે તે વાત પ્રધાનને કહી. પ્રધાને કહ્યું "જો તે વાત સત્ય હોય તો આપણે પોતે સવારે ત્યાં જઇને જોઇએ." રાજાએ તે વાત કબુલ કરી. પછી પ્રધાને ચાકરને શીખવીને સાંજે ગંગાના તીરે મોકલ્યો. તે ચાકર ત્યાં એક સ્તંભની ઓથે કોઈ ન દેખે તેવી રીતે સંતાઈ રહ્યો. આ વખતે વરરૂચિ ગુપ્ત રીતે ત્યાં જઇ ગંગાના જળમાં રહેલા યંત્રને વિષે સોના મ્હોરોની પોટલી મૂકી હર્ષથી ઘેર આવ્યો. પછી પેલા સંતાઈ રહેલા ચાકરે જાતે તે વરરૂચિના જીવિતનેજ લેતો હોયની ? એમ તે સોના મહોરોની પોટલી લઇ ગુપ્ત રીતે મંત્રીને આપી.

પછી બીજે દિવસે ગુપ્ત રીતે સોના મ્હોરોની પોટલી સાથે લઈ પ્રધાન રાજાની સાથે ગંગાના તીરે આવ્યો. જડ અને અભિમાની એવો વરરૂચિ પણ તે વખતે ત્યાં આવી વિસ્તારથી ગંગાની સ્તુતિ કરવા લાગ્યો. સ્તુતિ કરી રહ્યા પછી તેણે યંત્રને પગવતી દબાવ્યું, પણ સોનામ્હોરોની પોટલી ઉછલી તેના હાથમાં પડી નહિ. પછી વિલખા થએલા ધૂર્ત્તની પેઠે તે વરરૂચિ, પોટલી ન મળવાથી હાથ

વડે પાણીમાં તેને શોધવા લાગ્યો. તે વખતે પ્રધાને તેને કહ્યું કે "શું આજે તમને ગંગા માતા આપતા નથી કે પોતે મૂકેલા દ્રવ્યને ખોળો છો? પ્રધાને આ પ્રમાણે કહી "આ તમારૂં પોતાનું દ્રવ્ય ઓળખીને લ્યો." એમ વારંવાર નિવેદન કરી પોતાની પાસે રહેલી સોના મ્હોરોની પોટલી વરરૂચિના હાથમાં આપી. પોટલીને જોઇ ખિન્ન થએલો વરરૂચિ વિચારવા લાગ્યો કે "મ્હારૂં આ કપટ રાજાદિ લોકો જાણી ગયા, માટે મને ધિક્કાર છે." શકટાલ મંત્રીએ રાજાને કહ્યું. "સ્વામિન્! આપે આ વાત જાણી? વરરૂચિ સાંજે અહીં તે દ્રવ્ય યંત્રમાં મૂકી જાય છે અને સવારે કપટ કરી લઇ જાય છે." રાજાએ, મંત્રીને કહ્યું. "તમે તેનું કપટ જાણ્યું એ બહુ સારૂં કર્યું." એમ કહી રાજા, પ્રધાનની બુદ્ધિનાં વખાણ કરતો છતો પોતાના ઘર પ્રત્યે ગયો.

પછી ક્રોધ પામેલો વરરૂચિ મંત્રીનાં છિદ્રોને જાણવા માટે, તેના ઘરનું સ્વરૂપ જાણવા માટે તેની દાસીઓ વિગેરેને પૂછવા લાગ્યો. તેથી પ્રધાનની કોઇ દાસીએ તેને કહ્યું "શ્રિયકના વિવાહના મંગલ કાર્ય પ્રસંગે રાજા પ્રધાનને ઘરે જમવા આવનાર છે, તે વખતે રાજાને ભેટ આપવા માટે પ્રધાન શસ્ત્રો વિગેરે કરાવે છે. કારણ રાજાને ઈષ્ટ શસ્ત્રની પહેલી ભેટ આપવી જોઇએ. છલના જાણ એવા વરરૂચિને આ છલ હાથમાં આવ્યું તેથી તે છોકરાઓને ચણા વિગેરે આપી તેમની પાસે એમ બોલાવવા લાગ્યો કે "રાજા નથી જાણતો જે આ શકટાલ મંત્રી મને મારી મ્હારા પોતાના રાજ્યને વિષે શ્રિયકને સ્થાપન કરશે." બાલકો આ પ્રમાણે હંમેશા ઠેકાણે ઠેકાણે બોલવા લાગ્યા. આ વાત માણસોના કહેવાથી રાજાએ સાંભલી તેથી તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો. "બાલકો જે બોલે છે, સ્ત્રીઓ જે કહે છે અથવા જે કાંઇ બીજી ઔત્પાતિકી ભાષા સાંભલાય છે તે આ લોકમાં અન્યથા થતી નથી." આ પ્રમાણે વિચાર કરી રાજાએ તેનો નિશ્ચય કરવા માટે એક પોતાના વિશ્વાસુ માણસને પ્રધાનના ઘરે મોકલ્યો. તે પુરૂષે પ્રધાનના ઘરે જેવું દીઠું તેવું રાજાને કહ્યું. પછી સેવાને અવસરે મંત્રી રાજા પાસે આવી પ્રણામ કરવા લાગ્યો, તે વખતે રાજાએ ક્રોધથી અવલું મુખ કર્યું. મંત્રી તેના ભાવને જાણી ગયો, તેથી તે ઘરે આવી શ્રિયકને કહેવા લાગ્યો. "કોઇ પણ પુરૂષે મને રાજાની આગળ તેના (રાજાના) શત્રુરૂપે નિવેદન કર્યો છે. નિશ્ચે આ અકસ્માત્ આપણા કુલને ક્ષય કરનારો ઉત્પન્ન થયો છે. માટે હે વત્સ! જો તું મ્હારૂં કહ્યું કરે તો આપણા કુલનો બચાવ થાય, અને તે એજ કે હું જ્યારે રાજાને નમન કરૂં ત્યારે ત્હારે "પિતા પણ જો રાજાનો અભક્ત હોય તો તે વધ કરવા યોગ્ય છે" એમ કહી મ્હારૂં મસ્તક છેદી નાખવું. હે સુત! વૃદ્ધાવસ્થાથી જર્જરીત થએલો હું આવી રીતે મૃત્યુ પામ્યે છતે તું દીર્ઘકાલ પર્યંત મ્હારા વંશ રૂપ ઘરને ટકાવી શકવામાં સ્થંભ રૂપ થઇશ." શ્રિયકે રોતા રોતા ગદ્ગદ્ સ્વરથી કહ્યું. "શું આવું ઘોર કૃત્ય ચાંડાલ પણ કરે ખરો?

શકટાલે કહ્યું. " તું આ પ્રમાણે કરીને કેવલ વૈરીના સમૂહોના મનોરથને પૂર્ણ કરશે. યમરાજની પેઠે ઉદ્ધત થએલો આ રાજા જેટલામાં મને કુટુંબ સહિત મારી નાખે તેટલામાં હે પુત્ર ! તું મને મારીને કુટુંબનું રક્ષણ કર. વલી હું મુખમાં તાલપુટ નામનું વિષ નાખી રાજા આગલ મૃત્યુ પામીશ, જેથી તને અગાઉથી મૃત્યુ પામેલા એવા મ્હારા મસ્તકને છેદવાથી પિતાની હત્યા નહિ લાગે. "

આ પ્રમાણે પિતાએ બહુ કહીને શ્રિયકને સમજાવ્યો, તેથી તેણે પિતાનું વચન માન્ય કર્યું, કહ્યું છે કે બુદ્ધિવંત પુરૂષે ભવિષ્યમાં સારા ફલને માટે પડેલાને વિદારવું. પછી બીજે દિવસે પ્રધાન, સેવાને અવસરે સભામાં આવ્યો. ત્યારે રાજાએ અવલું મુખ કર્યું ? તે જોઈ શ્રિયકે પોતાના પિતાનું મસ્તક ખડગ વડે છેદી નાખ્યું. " હે વત્સ ! તે આવું દુષ્કર કર્મ કેમ કર્યું ? એમ સંભ્રમથી નંદ રાજાએ શ્રિયકને પૂછયું એટલે તેણે કહ્યું કે " આપે તેને પોતાનો દ્રોહી જાણ્યો તેથી મેં તેને મારી નાખ્યો છે. કારણ કે સ્વામીના ચિત્તના અનુસારથી તેના સેવકો કાર્ય કરે છે. સેવકનો દોષ જણાયાથી સ્વામી તુરત વિચાર કરી શકે છે. પણ ધણીનો દોષ જણાયા છતાં પણ તેમને વિષે સેવકે શો વિચાર કરી શકાય ? " પછી શકટાલનું ઉત્તર કાર્ય કરીને રાજાએ શ્રિયકને કહ્યું. તું સર્વ વ્યાપારસહિત આ પ્રધાન મુદ્રા ધારણ કર. " શ્રિયકે નમન કરીને કહ્યું. " મ્હારે પિતા સમાન સ્થુલભદ્ર નામે મ્હોટા ભાઇ છે. તેણે કોશાની સાથે નિરંતર ભોગ ભોગવતાં તેનાજ ઘરને વિષે પ્રમાદથી બાર વર્ષ નિવાસ કર્યો છે. તેને તે મુદ્રા આપો. રાજાએ તેને બોલાવી પ્રધાનમુદ્રા લેવાનું કહ્યું. " સ્થુલભદ્રે કહ્યું. " હું આપનું કહેવું વિચારીને સ્વીકારીશ. " રાજાએ કહ્યું. " હે વત્સ ! જો એમ હોય તો આ અશોકવાડીમાં જઇ વિચાર કરી હમણાં મને જવાબ આપ. " પછી સર્વ પ્રકારના વિચારનો જાણ એવો ઉત્તમ બુદ્ધિવાલો સ્થુલિભદ્ર, અશોકવાડીમાં જઈ આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો.

" જો કે આ પ્રધાનમુદ્રા આરંભમાં સુખનું કારણ જણાય છે, પરંતુ અંતે તે ત્હારા પિતાની પેઠે લક્ષ દુઃખનું કારણ થઇ પડે છે. વલી જેમાં શયન, સ્નાન અને ભોજન વિગેરેનું જરાપણ સુખ દેખાતું નથી અને અતિ દુષ્કર એવું મ્હોટું પરાધિનપણું જણાય છે. જે મૂઢાત્મા પોતાના કાર્યને ત્યજી દઈ રાજ્ય કાર્ય કરે છે; તે આ લોકમાં ત્હારા પિતાની પેઠે વિટંબના પામે છે. માટે ત્હારે રાજાના અધિકારનું કાંઇ પ્રયોજન નથી. હું તો સંસારના ઉચ્છેદને અર્થે આત્મકાર્ય કરીશ. " ઉત્તમ બુદ્ધિવાલા સ્થુલિભદ્રે આ પ્રમાણે વિચાર કરી તુરત પંચમુષ્ઠી લોચ કર્યો અને શાસનદેવીએ આપેલો યતિવેષ લીધો. પછી પુણ્યાત્મા એવા તેણે સભામાં જઈ " આ પ્રમાણે મેં આલોચ્યું. " એમ કહી ભૂપતિને ધર્મલાભ દીધો. પછી વૃદ્ધિ પામતા વૈરાગ્યના રસથી પૂર્ણ મનવાલા તે સ્થુલિભદ્ર, તુરત રાજદ્વારથી નિકલી આલ્યા, " નિશ્ચે તે કપટ કરી કોશાના ઘરે જશે " એમ ધારી રાજા ગોખમાંથી

જોવા લાગ્યો, પણ તેણે તો રાગરહિત અને નિસ્પૃહ એવા સ્થુલભદ્રને નગરની બ્હારના ભાગમાં જતા દીઠા; તેથી તે મસ્તક ધુણાવવા લાગ્યો. એટલુંજ નહિ પણ "આ સ્થુલિભદ્ર રાગરહિત છે, મેં તેમના વિષે ખોટો વિચાર કર્યો, માટે મને ધિક્કાર છે." એમ તે રાજા, સ્થુલિભદ્રની પ્રશંસા કરતો છતો પોતાની નિંદા કરવા લાગ્યો. સ્થુલિભદ્રે પણ શ્રી સંભૂતિવિજય આચાર્ય પાસે જઈ દંડકના ઉચ્ચાર પૂર્વક ચારિત્ર લીધું.

પછી નંદ રાજાએ આનંદથી શ્રિયકને હાથ પકડી સર્વ રાજ્ય વ્યાપારના કાર્યમાં જોડયો. પોતાની બુદ્ધિવડે ઉત્તમ ન્યાયમાં પ્રવિણપણાથી શકટાલ સમાન શ્રિયક પણ રાજ્યની સર્વે પ્રકારે ચિંતા કરવા લાગ્યો. શ્રિયક, પોતાના ભાઇના સ્નેહને લીધે નિત્ય કોશાને ઘરે જતો તેમજ કુલીનપણાથી પોતાના ભાઈની સ્ત્રીને બહુ માન આપતો. સ્થુલિભદ્રના વિયોગથી દુઃખ પામતી કોશા પણ શ્રિયકને જોઇ રૂદન કરતી અને કહેતી કે "હે ઇશ! અતિ દુઃખ પામેલી હું વિયોગના દુઃખને નથી સહન કરી શકતી." શ્રિયકે તેને કહ્યું. "હે શુભે! અમે શું કરીએ? આ પાપી વરરૂચિએ અમારા પિતાને હણાવ્યા છે અને અકસ્માત્ વજ્રપાતની પેઠે મ્હારા ભાઇનો ત્હારી સાથેથી વિયોગ પણ તેણે કરાવ્યો છે. હે મનસ્વિનિ! એ ખલ વરરૂચિ ત્હારી ન્હાની બ્હેન ઉપકોશાનો ભકત છે માટે તું તે દુષ્ટની કાંઈ પ્રતિક્રિયા કરવાનો વિચાર કર. તું ઉપકોશાને એવી આજ્ઞા કર કે "તું કષ્ટથી પણ વરરૂચિને છેતરી મદ્યપાન કરાવ." એકતો સ્થુલભદ્રના વિયોગથી અને બીજું શ્રિયકના દાક્ષિણ્યથી કોશાએ, શ્રિયકનું તે વચન અંગીકાર કરી ઉપકોશાને કહ્યું. ઉપકોશાએ પણ કોશાની આજ્ઞાથી શ્રિયકને મદ્યપાન કરવાનું કહ્યું. શ્રિયકે મદ્યપાન કર્યું. કારણ સ્રીને વશ થએલા પુરૂષો શું નથી કરતા? પછી ઉપકોશાએ કોશાને કહ્યું કે "ત્હારી આજ્ઞાથી મેં આજે રાતે વરરૂચિને મદ્યપાન કરાવ્યું છે. આ વાત શ્રિયકે કોશાના કહેવાથી જાણી તેથી તે નિશ્ચે પિતાનું વૈર લેવાનો અવસર આવ્યો માનવા લાગ્યો. શકટાલ મંત્રી મૃત્યુ પામ્યા પછી તુરત તે વરરૂચિ હંમેશા રાજસેવા માટે નંદરાજા પાસે જતો. પ્રતિદિન રાજસેવા માટે રાજ્યદ્વારમાં જતા એવા વરરૂચિને રાજાદિ સર્વ લોકો ગૌરવતાથી જોતા.

અન્યદા શકટાલ મંત્રીના ગુણનું સ્મરણ કરવામાં તત્પર એવો નંદરાજા પોતે, પોતાના શ્રિયક પ્રધાનને ગદ્ગદ્ વાણીથી કહેવા લાગ્યો કે "નિરંતર ભકિતવંત, સર્વ પ્રકારની શકિતવાલો અને ચાર પ્રકારની બુદ્ધિનો ભંડાર એવો શકટાલ મંત્રી મ્હારા સર્વ પ્રકારના અધિકારના વ્યાપારને કરનારો હતો. હા હા! તે પ્રધાન દૈવયોગથી મૃત્યુ પામ્યો હવે હું શું કરૂં? તેના વિના આ મ્હારૂં સ્થાન શુન્ય સમાન દેખાય છે." શ્રિયકે કહ્યું. "હે દેવ! હવે તેમાં આપણે શું કરીએ? કારણકે મદ્યનું પાન કરનારા આ વરરૂચિએ તે પાપ કર્યું છે." રાજાએ "શું તે વરરૂચિ મદ્યપાન કરે છે?" શ્રિયકે કહ્યું. "આપને તે સવારે દેખાડીશ."

બીજે દિવસે સવારે વેશ્યાએ શિખવાડયા પ્રમાણે શ્રિયકે રાજસભામાં સર્વને એક એક કમલ આપ્યું. તેમજ વરરૂચિને પણ મદનફલના રસથી લેપન કરેલું એક કમલ આપ્યું. કમલની અદ્‌ભૂતતા જોઈ રાજાદિ લોકો " આ કમલ કયાંથી લાવ્યા ? એમ પૂછતા છતાં પોત પોતાની નાસિકા આગલ લઈ સુંઘવા લાગ્યા. વરરૂચિએ પણ કમલને પોતાના નાક આગલ સુંઘવા લીધું, તેથી તેણે રાત્રીએ પીધેલી ચંદ્રહાસ સુરા તુરત ત્યાંજ વમી કાઢી. પછી "આ વિપ્રનો ડોળ રાખનારા અને મદ્યપાન કરવાથી બંધન કરવા યોગ્ય એવા વરરૂચિને ધિક્કાર છે." આ પ્રમાણે રાજાદિ લોકોએ તિરસ્કાર કરેલો વરરૂચિ સભામાંથી ઘરે ચાલ્યો ગયો. પછી વરરૂચિએ બ્રાહ્મણો પાસે સુરાપાનનું પ્રાયશ્ચિત્ત માગ્યું પણ તેઓએ તો કહ્યું કે " મદ્યપાનના પાપને નાશ કરનારૂં કાંઈ નથી. તેથી વરરૂચિએ તે પાપના ભયથી ઉકાળેલા સીસાનું પાન કરી પ્રાણનો ત્યાગ કર્યો.

સ્થુલિભદ્ર, શ્રુતસમુદ્રના પાર પામેલા શ્રી સંભૂતિવિજય આચાર્ય પાસે ચારિત્ર લઈ દીક્ષા પાલતા હતા.

એકદા વર્ષાઋતુ સમીપ આવી એટલે ત્રણ શિષ્યોએ શ્રી સંભૂતિવિજય ગુરૂને નમસ્કાર કરી આગ્રહથી જુદા જુદા અભિગ્રહ લીધા. તેમાં એકે ચાર માસ પર્યંત ઉપવાસ કરી સિંહની ગુફા આગલ કાયોત્સર્ગે રહેવાનો ઘોર અભિગ્રહ લીધો. બીજાએ પણ તેનીજ પેઠે ચાર માસ પર્યંત ઉપવાસ કરી સર્પના રાફડા આગલ કાયોત્સર્ગે નિવાસ કરવાનો ઘોર અભિગ્રહ લીધો. ત્રીજાએ પણ ચાર માસના ઉપવાસ કરી કૂવાના મંડાણ ઉપર કાયોત્સર્ગે રહેવાનો અભિગ્રહ લીધો. પછી સ્થુલભદ્રને યોગ્ય જાણી ગુરૂએ તેમને કાંઇ પણ અભિગ્રહનો આદેશ આપ્યો. સ્થુલભદ્રે ગુરૂને નમસ્કાર કરી કહ્યું. " હે ગુરૂ ! કોશા વેશ્યાને ત્યાં એવી ચિત્રેલી ચિત્રશાલા છે કે જેને જોઇને રાગરહિત પુરૂષ પણ અતિશય રાગી થઈ જાય છે. હું તે ચિત્રશાલામાં નિત્ય છ રસનું ભોજન કરતો છતો અખંડ એવા બ્રહ્મચર્યને પાળી ચાર માસ પર્યંત રહીશ એ મ્હારો અભિગ્રહ છે. જ્ઞાનાતિશયવાલા ગુરૂએ તેને યોગ્ય જાણી રજા આપી. પછી સર્વે મુનિઓ પોત પોતાને સ્થાને ગયા. જો કે શાંત અને તીવ્ર તપ કરવામાં તત્પર એવા તે મુનીશ્વરોને જોઈ સિંહ, સર્પ અને અરઘટ્ટ તો શાંત થઈ ગયા પણ કોશા વેશ્યા તો પોતાને આંગણે આવેલા સ્થુલિભદ્રને જોઇ બહુ હર્ષ પામતી છતી તુરત હાથ જોડી તેમની આગલ જઇ ઉભી રહી. પછી " વ્રતના ભારથી વિધુર થએલા અને સુકોમલ સ્વભાવવાલા આ મુનિનું ચિત્ત ચારિત્ર પાલવામાં શિથિલ થયું જણાય છે અને તેથીજ તે અહીં આવ્યા છે." એમ ધારી કોશાએ કહ્યું. " હે નાથ ! આપ ભલે પધાર્યા. હું આપનું શું કામ કરૂં ? મને આજ્ઞા આપો. આ મ્હારૂં શરીર અને આ પરિજનાદિ સર્વ આપ-

ગુંજ છે." સ્થુલિભદ્રે "મને ચાર માસ નિવાસ કરવા માટે ચિત્રશાલા આપ." એમ કહયું. એટલે વેશ્યાએ કહયું કે "ભલે આપ તેમાં સુખેથી નિવાસ કરો."

પછી વેશ્યાએ સજ્જ કરેલી ચિત્રશાલામાં જાણે કામદેવના સ્થાન પ્રત્યે ધર્મ પોતેજ પ્રવેશ કરતો ન હોય ? એમ સમર્થ એવા સ્થુલિભદ્રે પોતાના પરાક્રમથી પ્રવેશ કર્યો. મુનિને છ રસના આહારનું ભોજન કરાવીને પછી કોશા વેશ્યા, ઉત્તમ પ્રકારના શૃંગારને ધારણ કરી તેમને ક્ષોભ પમાડવા માટે ચિત્રશાલામાં આવી અદ્‌ભૂત રૂપવાલી દેવાંગનાની પેઠે કોશ્યાએ પ્રથમ મુનિ આગલ બેસીને આદરથી હાવભાવાદિ પ્રગટ કર્યા. ત્યાર પછી કામને પ્રગટ કરનારા અને પોતે પ્રથમ એકાંતમાં ભોગવેલા સુરત સુખને સંભાળ્યું. છેવટ કોશાએ મહામુનિને ક્ષોભ પમાડવા માટે જે જે કાંઇ કર્યું, તે સઘલું અરણ્યમાં માણસના રૂદનની પેઠે વૃથા નિવડયું. વેશ્યાએ મુનિને ક્ષોભ પમાડવા માટે રાત્રીએ પૂરેપૂરા ઉજાગરા વેઠયા, પરંતુ તે મહામનવાલા મુનિરાજ જરા પણ ક્ષોભ પામ્યા નહીં, ઉલટા તે વેશ્યાના ઉપસર્ગથો મુનિનો ધ્યાનાગ્નિ, જલથી મેઘાગ્નિની પેઠે વધારે દીપવા લાગ્યો.

પછી તે કોશા વેશ્યા "મેં મુગ્ધપણાથી પૂર્વની પેઠે તમારી સાથે ક્રીડા કરવાની ઇચ્છા કરી, તેથી મને ધિક્કાર થાઓ" એમ પોતાના આત્માની નિંદા કરતી છતી મુનિના ચરણમાં પડી. પછી તે સ્થુલિભદ્ર મુનિએ કરેલા ઇંદ્રિયોના ઉત્કૃષ્ટજયથી ચમત્કાર પામેલી કોશા વેશ્યાએ શ્રાવકપણું અંગીકાર કરી એવો અભિગ્રહ લીધો કે "રાજા પ્રસન્ન થઈ મ્હારે ત્યાં જે પુરૂષ મોકલે તે પુરૂષ વિના બીજા પુરૂષોનો મ્હારે આ ભવમાં નિષેધ છે."

પછી વર્ષાઋતુ પૂર્ણ થઈ એટલે પેલા ત્રણ સાધુઓ પોત પોતાનો અભિગ્રહ પૂર્ણ કરી અનુક્રમે ગુરૂ પાસે આવ્યા. પ્રથમ સિંહની ગુફાના દ્વાર આગલ રહેનારા સાધુ ગુરૂ પાસે આવ્યા. એટલે ગુરૂએ કાંઇક ઉઠીને "હે દુષ્કર કરનારા ! તમને સુખ છે." એમ પૂછયું. બીજા બન્ને મુનિઓ આવ્યા, ત્યારે પણ તેમને ગુરૂએ એજ પ્રમાણે કહ્યું. કારણ સરખી પ્રતિજ્ઞા પૂર્ણ કરનારાને તેમના ઉપરી તરફથી સત્કાર પણ સરખોજ થાય છે. પછી સ્થુલિભદ્રને આવતા જોઈ ગુરૂએ "હે દુષ્કર દુષ્કરકારક સુશ્રમણ ! તમે ભલે આવ્યા." એમ ઉભા થઇને કહ્યું, એટલે પેલા ત્રણે સાધુઓને ઈર્ષ્યા ઉત્પન્ન થઇ, તેથી તેઓ વિચારવા લાગ્યા કે "એ સ્થુલિભદ્ર મંત્રીપુત્ર ખરો કની ? માટે ગુરૂએ તેને એવું આમંત્રણ કર્યું. જો ષડ્રસના આહારથી દુષ્કર દુષ્કર થવાતું હશે તો આવતા ચોમાસામાં અમે પણ તેજ અભિગ્રહ લેશું."

આ પ્રમાણે વિચાર કરી તે ત્રણે ઈર્ષ્યાવંત સાધુઓએ સંયમનું પાલન કરતાં છતાં અનુક્રમે આઠ માસ નિર્ગમન કર્યા.

પછી સંતુષ્ટ મનવાલા સિંહગુફાવાસી મુનિએ ગુરૂ પાસે એવી દુષ્કર પ્રતિજ્ઞા કરી કે "હે ભગવન્ ! હું ષડરસ ભોજન કરતો છતો નિરંતર બ્રહ્મચર્ય વ્રત

ધારણુ કરી કોશા વેશ્યાના ઘરને વિષે ચાતુર્માસ રહીશ." ગુરૂએ "આ સ્થુલિભદ્રની ઈર્ષ્યાથી આવો અભિગ્રહ ધારણુ કરે છે." એમ ઉપયોગથી વિચારી તેને કહ્યું. "હે સાધો! દુષ્કરથી પણુ દુષ્કર એવા એ અભિગ્રહને તું ન સ્વીકાર, કારણુ સ્થુલિભદ્ર વિના બીજો કયો મુનિ એ વ્રત પાલવા સમર્થ છે?" સિંહગુફાવાસી શિષ્યે ફરીથી કહ્યું. "આપ એ અભિગ્રહને અતિ દુષ્કર કહો છો, પણુ મ્હારે તો તે દુષ્કર દુષ્કર નથી, માટે હું તો તેજ અભિગ્રહ લઇશ." ગુરૂએ કહ્યું. "આ અભિગ્રહથી ત્હારૂં વ્રત ભંગ થશે કારણુ શક્તિથી અધિક ઉપાડેલો ભાર, શરીરનો ભંગ કરવાને અર્થે થાય છે." ગુરૂનાં આવાં વચનની અવગણુના કરી તે મુનિરાજ, પોતાને વિજયવંત માનતા છતાં કામદેવના નિવાસ સ્થાન રૂપ કોશાના ઘર પ્રત્યે ગયા. કોશા વેશ્યાએ પણુ તેને સ્થુલિભદ્રની ઇર્ષ્યાથી આવેલો જાણી "મ્હારે તેને શિક્ષા કરવી જોઈએ" એમ ધારી વંદના કરી. મુનિરાજે પોતાના નિવાસ માટે સુશોભિત એવી ચિત્રશાલા માગી અને વેશ્યાએ તે આપી તેથી તેમાં મુનિરાજે નિવાસ કર્યો. ષડરસના આહારનું ભોજન કરાવ્યા પછી લાવણ્યના ભંડાર રૂપ કોશાવેશ્યા, પરીક્ષા કરવા માટે તુરત મુનિ પાસે આવી. મૃગના સરખા નેત્રવાલી તે વેશ્યાને જોઈ મુનિ તત્કાલ ક્ષોભ પામ્યા. કારણુ ઉત્તમ લાવણ્યના ભંડાર સમાન તેવી સ્ત્રી અને ષડ્રસમય ભોજન કોને વિકાર કરનારૂં ન થાય?

પછી કામની પીડાથી યાચના કરતા મુનિને કોશાએ કહ્યું "હે સાધો! અમે વેશ્યાઓ દ્રવ્યને આધિન છીએ." મુનિએ કહ્યું. "હે કમલમુખી! તું ઝટ મ્હારા ઉપર પ્રસન્ન થા. અમારી પાસે દ્રવ્ય કયાંથી હોય? કારણુ સાધુઓ દ્રવ્યરહિત હોય છે." વેશ્યાએ મુનિને વૈરાગ્ય ઉત્પન્ન કરવાના હેતુથી કહ્યું. "નેપાલ દેશનો રાજા, નવીન મુનિને એક રત્નકંબલ આપે છે, તે લઇ આવો. જેથી તમારૂં ધારેલું કાર્ય થશે." વેશ્યાનાં આવાં વચન સાંભળીને મુનિ, બહુ કાદવથી દુર્વહ એવા માર્ગમાં પગલે પગલે સ્ખલના પામતા છતાં અકાલે ( ચોમાસામાં ) નેપાલ પ્રત્યે ગયા ત્યાં જઇ તેમણે રાજા પાસેથી રત્નકંબલ લીધું પછી તે મુનિ, જે માર્ગે થઈને પાછા આવતા હતા તે માર્ગને વિષે ચોરો રહેતા હતા ચોરોએ પાલેલા શકુન પોપટે "લક્ષ જાય છે." એમ શબ્દ કર્યો; તે ઉપરથી ચોર લોકોના અધિપતિએ પોતાની આગલ રહેલા પુરૂષને કહ્યું કે "કોણુ જાય છે?" તે પુરૂષે વૃક્ષ ઉપર ચડી ચારે તરફ જોઈ રાજાને કહ્યું કે "હે વિભો! એક સાધુ વિના બીજું કોઈ આવતું નથી" પછી ચોરોએ સાધુ પાસે જઇ તપાસી જોયું પણુ કાંઈ દ્રવ્ય ન મલવાથી તેને છોડી દીધો. પોપટે ફરી "લક્ષ જાય છે" એમ ઉચ્ચાર કર્યો, તે ઉપરથી ચોર રાજાએ કહ્યું કે "હે સાધો! ત્હારી પાસે શું છે તે કહે?" મુનિએ કહ્યું. "હે ભૂપતિ! મેં વેશ્યાને માટે આ વંશમાં રત્નકંબલ નાખી છે."

મુનિને સાચું બોલનાર જાણી ચોર રાજાએ રત્નકંબલ ન લેતાં તેને છોડી દીધો.

મુનિએ પાડલીપુર નગરમાં આવી કોશાને રત્નકંબલ આપી. કોશાએ તુરત તે રત્નકંબલને પોતાના ઘરની અશુચિ ખાલમાં ફેંકી દીધી. મુનિએ કહ્યું. " અરે મુગ્ધે ! દેવતાને પણ દુર્લભ એવી આ રત્નકંબલને આવી અશુચિ ખાલમાં કેમ ફેંકી દે છે ? " વેશ્યાએ કહ્યું. " અરે મૂર્ખ મુનિ ! તું નરકને વિષે પડતા એવા પોતાના આત્માનો શોક નહિ કરતાં આ રત્નકંબલનો શા માટે શોક કરે છે ? " કોશાનાં આવાં વચન સાંભલી ઉત્પન્ન થએલા વૈરાગ્યવાલા મુનિએ તેને કહ્યું. " હે શુભે ! તેં મને બોધ પમાડયો છે અને સંસારમાં ભ્રમણ કરવાથી અટકાવ્યો છે. હવે હું અતિચારથી ઉત્પન્ન થએલા પાપોને નાશ કરવા માટે ગુરૂ પાસે જઇશ; તને ધર્મલાભ થાઓ. " કોશાએ કહ્યું. " મને પણ આપને વિષે મિથ્યાદુષ્કૃત હો, કારણ કે બ્રહ્મચર્ય વ્રતમાં રહેલી મેં આપને ખેદ પમાડયા છે. તમને પ્રતિબોધ પમાડવા માટે મેં તમારી આજે અશાતના કરી છે તે આપે ક્ષમા કરવી. હવે આપ ઝટ પધારો અને ગુરૂના વચનનું પ્રતિપાલન કરો. "

પછી તે મુનિ, કોશાના વચનને અંગીકાર કરી શ્રી સંભૂતિ વિજય આચાર્ય પાસે ગયા. ત્યાં તે ઉત્તમ પ્રકારે આલોચના લઈ મહા તપ કરવા લાગ્યા. અનુક્રમે ઉત્તમ સંયમ ધારી સંભૂતિ વિજય આચાર્ય પણ સમાધિથી મરણ પામી દેવલોક પ્રત્યે ગયા.

અન્યદા પ્રસન્ન થએલા ભૂપતિએ કોઇ એક સૂથારને કોશા વેશ્યાને ત્યાં મોકલ્યો. કોશા પણ રાજાની આજ્ઞાથી તે સૂથારની રાગ વિના સેવા કરવા લાગી. " સ્થુલિભદ્ર વિના બીજો કોઇ પુરૂષ નથી. " એમ કોશા હંમેશાં તે સૂથારની આગલ સ્થુલિભદ્રનાં વખાણ કરતી હતી; તે ઉપરથી તે સૂથારે ઘરના ઉદ્યાનમાં જઇ પલંગ ઉપર બેસી વેશ્યાના મનને પ્રસન્ન કરવા માટે પોતાનું વિજ્ઞાન ( ચાતુરી ) દેખાડવા લાગ્યો. તેણે પ્રથમ એક બાણથી આંબાની લુંબને વિંધી. તે બાણને બીજા બાણથી વિંધ્યું, તેને ત્રીજા બાણથી વિંધ્યું, એમ એક બીજા બાણને વિંધતા પોતાનો હાથ પહોંચી શકે ત્યાં સુધી પરસ્પર બાણોની હાર બાંધી. પછી પોતાના હાથથી તે આંબાની લુંબ ખેંચી લઇ તેના બીંટને તોડી તે લુંબ કોશાને આપી. પછી વિચક્ષણ એવી કોશાએ પણ " મ્હારી ચાતુરી જો. " એમ કહી સરસવનો ઢગલો કરાવી તેના ઉપર નૃત્ય કર્યું, એટલુંજ નહિં પણ તે સર્ષવના ઢગલા ઉપર સોય ખોસી તેના ઉપર પુષ્પ મૂકી તેના ઉપર નૃત્ય કરી દેખાડયું. એવી રીતે નૃત્ય કર્યા છતાં સોયથી ન વિંધાણો તેનો પગ કે ન વેરાઇ ગયો સરસવનો ઢગલો.

પછી પ્રસન્ન થએલા સૂથારે કહ્યું. " હું ત્હારી આવી ચાતુરીથી પ્રસન્ન થયો છું. માટે મ્હારા ઘરમાંથી કોઇ પણ વસ્તુ માગ કે તે હું તને આપું " કોશાએ

કહ્યું. " અરે મેં એવું શું કર્યું છે કે જેથી તું પ્રસન્ન થયો છે ? કારણ અભ્યાસથી કાંઇ પણ દુષ્કર નથી. અભ્યાસને લીધે મેં સરસવના ઢગલા ઉપર કરેલું નૃત્ય અને તેં તોડેલી આંબાની લુંબ એ સર્વ થઇ શકે છે. પરંતુ નહિ અભ્યાસિત કે નહિ શિક્ષિત એવું જે સ્થુલિભદ્રે કર્યું છે તેજ ખરેખર દુષ્કર છે. પૂર્વે તેણે મ્હારી સાથે બાર વર્ષ પર્યંત બહુ ભોગો ભોગવ્યા છે. તે અત્યારે મ્હારા ચિત્ત રૂપ ચિત્રશાળામાં શુદ્ધ શીલ પાલતા છતા રહ્યા છે. સ્ત્રીઓના સંગથી ફક્ત સ્થુલિભદ્ર વિનો યોગીઓના મનને પણ કામદેવ તુરત દૂષિત કરી દે છે. જેવી રીતે સ્થુલિભદ્ર અખંડ વ્રત પાલી ચાર માસપર્યંત સ્ત્રી સમીપે રહ્યા. તેવી રીતે એક દિવસ પણ કયો પુરૂષ રહેવા સમર્થ છે ? લોઢાના સરખા દેહવાળાને ષડ્રસનું ભોજન, ચિત્રશાલા જેવું નિવાસસ્થાન અને યૌવનાવસ્થા એમાંનું એક એક પણ વ્રતનો નાશ કરાવનાર થાય છે તો પછી તે ત્રણે એકઠા થાય તેની તો વાતજ શી ? "

" જેણે આવી યુવાવસ્થામાં અખંડ બ્રહ્મચર્ય વ્રત પાલ્યું તે સ્થુલિભદ્ર નામનો કયો ઉત્તમ પુરૂષ છે, કે જેનું તું આવું વખાણ કરે છે ? " આવાં સૂથારના વચન સાંભળી કોશાએ કહ્યું. " તે સ્થુલભદ્ર, નંદરાજાના શકટાલ મંત્રીનો પુત્ર છે. " કોશાંના આવાં વચન સાંભલી તે સૂથારે હાથ જોડીને કહ્યું " તે સ્થુલભદ્ર તપસ્વીનો હું કિંકર છું. " પછી વેશ્યાએ તે સૂથારને જાણ માની તેને ધર્મ સંભલાવ્યો; જેથી તે ઉત્તમ બુદ્ધિવાળો સૂથાર, મોહનો નાશ થવાથી તુરત પ્રતિબોધ પામ્યો. તેને પ્રતિબોધ પામેલો જાણી વેશ્યાએ તેને પોતાનો અભિગ્રહ કહી સંભળાવ્યો. વેશ્યાના અભિગ્રહને સાંભળી જાણ પુરૂષોમાં મુખ્ય એવા સૂથારે વિસ્મય પામીને કહ્યું. " હે શુભે ! તેં સ્થુલભદ્રના ગુણનું વર્ણન કરી મને પ્રતિબોધ પમાડયો છે માટે હવે સંસારથી અત્યંત ભય પામતો એવો હું તે સ્થુલભદ્રના માર્ગે ચાલીશ. હે કોશા ! ત્હારૂં કલ્યાણ થાઓ, તું ત્હારા અભિગ્રહને પાલ. એમ કહી તે સુથારે ગુરૂ પાસે જઇ દીક્ષા લીધી.

સ્થુલિભદ્ર મુનિરાજ શુદ્ધ વ્રતનું પાલન કરતા હતા એવામાં બાર વર્ષનો ઘોર દુકાલ પડયો. માણસો દુઃખી થવા લાગ્યા એટલે સાધુઓ પરસ્પર વિચાર કરીને નિર્વાહઅર્થે મહા સાગરને તીરે ગયા. આ વખતે સ્વાધ્યાય નહિ થવાથી તેઓ અભ્યાસ કરેલું શાસ્ત્ર ભૂલી ગયા. કારણ તપસ્વી એવાય પણ બુદ્ધિમંત પુરૂષોનું અભ્યાસ કરેલું શાસ્ત્ર સ્વાધ્યાય નહિ કરવાથી નાશ પામે છે. દુર્ભિક્ષને અંતે સર્વ સંઘ પાડલીપુર નગરે ભેગો થયો. ત્યાં જેને જે જે આવડતું હતું તે સર્વ એકઠું કરીને સંઘે અગીયાર અંગ પૂરા કર્યા. પછી સંઘને નેપાલ દેશના માર્ગમાં રહેલા ભદ્રબાહુ મુનિના ખબર મલ્યા; તેથી તેમને બોલાવવા માટે બે સાધુઓને મોકલ્યા. સાધુઓએ ત્યાં જઈ આદરથી ભદ્રબાહુ ગુરૂને વંદન કરીને કહ્યું કે " શ્રી સંઘ આગમને માટે તમને ત્યાં બોલાવે છે " શ્રી ભદ્રબાહુ મુનીશ્વરે ઉત્તર આપ્યો કે "હમણાં

મેં મહાપ્રાણ નામનું ધ્યાન આરંભ્યું છે તે બાર વર્ષે પૂર્ણ થશે. પછી હું આવીશ. મહાપ્રાણ ધ્યાન સિદ્ધ થયે છતે કોઇ પણ આવેલા કાર્યમાં સૂત્ર સહિત ચૌદ પૂર્વો ફક્ત એક અંતર્મુહૂર્ત્તમાં ગણી શકાય છે. ” પછી તે બન્ને સાધુઓએ સંઘની પાસે જઇ શ્રી ભદ્રબાહુ સ્વામીનું કહેલું નિવેદન કર્યું. શ્રી સંઘે ફરીથી બીજા બે સાધુને કાંઇ શીખામણ આપી ભદ્રબાહુ સ્વામી પાસે મોકલ્યા. તે બન્ને મુનિઓએ ઝટ શ્રી ભદ્રબાહુ સ્વામી પાસે જઇ શ્રી સંઘનો આદેશ કહ્યો કે “ જે સંઘની આજ્ઞા માન્ય ન કરે તેને શો દંડ આપવો, તે અમને કહો. ” પછી જ્યારે ગુરૂએ “ શ્રી સંઘની આજ્ઞા ન માનનારને સંઘ બહાર કાઢી મૂકવો. ” એમ કહ્યું, ત્યારે પેલા બે સાધુઓએ કહ્યું કે “ ત્યારે આપજ તે દંડને યોગ્ય થયા. ” ગુરૂએ કહ્યું. મ્હારે શ્રી સંઘની આજ્ઞા પ્રમાણ છે. માટે હવે પછી એમ કરો કે શ્રી સંઘે મ્હારા ઉપર કૃપા કરી કુશાગ્ર બુદ્ધિવાલા શિષ્યોને અહીં મોકલવા હું તેમને વાચના દઇશ. તેમાં એક ગોચરીથી આવીને આપીશ, બીજી ત્રણ વાચના ત્રણ કાલવેલાએ, અને બાકીની ત્રણ સાંજે પ્રતિક્રમણ કરી રહ્યા પછી આપીશ. આમ કરવાથી મ્હારા કાર્યને હરકત નહિ આવે અને સંઘનું કાર્ય થશે. ”

આ વાત બન્ને મુનિઓએ શ્રી સંઘને કહી, તે ઉપરથી હર્ષ પામેલા શ્રી સંઘે સ્થુલભદ્રાદિ પાંચસે સાધુઓને ત્યાં મોકલ્યા. શ્રી ભદ્રબાહુ ગુરૂ તેમને વાંચના આપવા લાગ્યા, પણ “ વાંચના અલ્પ મળે છે ” એમ ધારી તેઓ ઉદ્વેગ પામી પોત પોતાને સ્થાનકે જતા રહ્યા. ફકત સ્થુલભદ્ર પોતે એકલા ત્યાં રહ્યા. શ્રી ભદ્રબાહુ ગુરૂની પાસે રહેલા બુદ્ધિમાન સ્થુલભદ્રે દશ વર્ષે આઠ પૂર્વનો અભ્યાસ કર્યો.

ગુરૂએ શ્રી સ્થુલભદ્રને પૂછ્યું. “ તું કેમ ઉદ્વેગ પામે છે ? સ્થુલભદ્રે કહ્યું “ હે પ્રભો ! હું ઉદ્વેગ પામતો નથી પરંતુ મને વાચના અલ્પ મલે છે. ” ગુરૂએ કહ્યું. “ મ્હારૂં ધ્યાન લગભગ પૂર્ણ થવા આવ્યું છે, માટે તે પૂર્ણ થયા પછી હું તને ત્હારી મરજી પ્રમાણે વાચના આપીશ. ” સ્થુલભદ્રે પૂછ્યું. “ હે ભગવન્ ! મ્હારે કેટલોક અભ્યાસ કરવો બાકી છે ? ” ગુરૂએ કહ્યું. “ સમુદ્રમાંથી બિંદુ માફક તેં અભ્યાસ કર્યો છે. ” પછી મહા ધ્યાન પૂર્ણ થયું, એટલે સ્થુલભદ્રે ગુરૂના મુખથી ફકત બે વસ્તુ વિના દશ પૂર્વનો અભ્યાસ કર્યો.

એકદા શ્રી ભદ્રબાહુ મુનીશ્વર, સ્થુલભદ્રાદિ સાધુઓ સહિત પાડલીપુરના ઉદ્યાનમાં આવ્યા. ગુરૂનું આગમન જાણી તપમાં તત્પર એવી યક્ષા વિગેરે સાધ્વીઓ કે જે સ્થુલભદ્રની બ્હેનો થતી હતી તે સ્થુલભદ્રને વાંદવા માટે ઉદ્યાનમાં આવી. સાધ્વીઓએ, શ્રી ભદ્રબાહુ ગુરૂને વંદના કરીને પૂછ્યું કે “ હે પ્રભો ! સ્થુલભદ્ર કયાં છે ? ” ગુરૂએ કહ્યું. “ સમીપે રહેલા ન્હાના દેવમંદિરમાં છે. ” પછી સાધ્વીઓ ત્યાં જવા નિકલી. પોતાની બ્હેનોને આવતી જાણી સ્થુલભદ્રે તેમને આશ્ચર્ય પમાડવા માટે સિંહનું રૂપ વિકુર્વ્યું. સાધ્વીઓ સિંહને જોઇ ભય પામતી છતી ગુરૂ પાસે

આવી કહેવા લાગી. "હે પૂજ્યો ! નિશ્ચે અમારા ભાઇને સિંહે ભક્ષણ કર્યો. કારણ ત્યાં અમારો ભાઈ નથી પણ સિંહ છે." ગુરૂએ ઉપયોગથી જાણી ફરી સાધ્વીઓને કહ્યું. "તમે ત્યાં જાઓ અને સ્થુલભદ્રને વંદના કરો. કારણ ત્યાં સ્થુલભદ્ર છે સિંહ નથી." ફરી યક્ષાદિ સાધ્વીઓએ ત્યાં જઇ પોતાના સ્વરૂપમાં રહેલા સ્થુલભદ્રને વંદના કરી પોતાની વાત કહી કે:–

"તમે ચારિત્ર અંગીકાર કર્યા પછી અમારી સાથે શ્રિયકે પણ દીક્ષા લીધી હતી. શ્રિયક બહુ ભુખાલું હોવાથી એકાસણું કરવા સમર્થ થતો નહીં. પજુસણના દિવસો આવ્યા તેથી મેં તેને કહ્યું કે 'આજે પજુસણનો દિવસ હોવાથી તું પોરશી કર.' તેણે તે પચ્ચખાણ લઈ પુરૂં કર્યું, એટલે ફરી મે કહ્યું. 'હે મુનિ ! હવે તું મહાપાપને નાશ કરનારી સાઢ પોરશી કર, તે તેણે કરી પછી મેં તેને પુરીમઢનું પચ્ચખાણ કરાવ્યું', તે પણ તેણે કર્યું. છેવટ મેં તેને કહ્યું. 'હમણાં રાત્રી થવાનો વખત આવ્યો છે, માટે ઉંઘમાં સુખે રાત્રી ચાલી જાશે; તેથી તું ઉપવાસનું પચ્ચખાણ કર. શ્રિયકે તે પણ સ્વીકાર્યું. પછી મધ્યરાત્રીને વિષે ઉત્પન્ન થએલી મહાક્ષુધાની પીડાથી શ્રિયક, ગુરૂ અને શ્રી અરિહંત પ્રભુનું સ્મરણ કરતો છતો મૃત્યુ પામીને સ્વર્ગ પ્રત્યે ગયો. નિશ્ચે મેં મુનિનો ઘાત કર્યો છે. એમ કહી હું તુરત પ્રાયશ્ચિત્ત (કરેલા પાપના નિવારણ) માટે સંઘની પાસે ગઇ. શ્રી સંઘે કહ્યું. "તેં નિર્મલ ભાવથી શ્રિયકને તે કરાવ્યું હતું. માટે તેનું ત્હારે પ્રાયશ્ચિત કરવાની જરૂર નથી." મેં કહ્યું "જો એ વાત સત્ય હોય તો મને સાક્ષાત્ જિનેશ્વર કહે, જેથી મને માનવામાં આવે, અન્યથા નહીં." પછી શ્રી સંઘે તેના માટે કાયોત્સર્ગ કર્યો, જેથી પ્રસન્ન થએલી શાસનદેવીએ આવીને કહ્યું કે "કહો, હું તમારૂં શું કામ કરૂં ?" શ્રી સંઘે કહ્યું. "આ યક્ષા સાધ્વીને શ્રી જિનેશ્વર પાસે લઈ જાઓ." દેવીએ કહ્યું. "મ્હારૂં નિર્વિઘ્ને ત્યાં જઇ ફરી અહીં આવવું થાય ત્યાં સુધી તમે કાયોત્સર્ગે રહો." શ્રી સંઘે તે વાત અંગીકાર કરી એટલે શાસનદેવી મને જિનેશ્વર પ્રભુ પાસે લઇ ગઇ. પછી મેં ત્યાં શ્રીસીમંધરસ્વામીને ભક્તિથી વંદના કરી." પ્રભુએ કહ્યું. "હે યક્ષા ! તું તે કાર્યમાં નિર્દોષ છે." પછી જેનો સંશય છિન્ન થઇ ગયો એવી મને શાસનદેવીએ મ્હારા પોતાના સ્થાનકે લાવી મૂકી. શ્રી સીમંધર જિનેશ્વરે સંઘ ઉપર પ્રસન્ન થઇ તેમના માટે ભાવના, વિમુક્તિ, રતિવાક્ય અને વિવિક્તચર્યા એ નામનાં ચાર અધ્યયનો મ્હારી મારફત મોકલ્યાં, તે એવી રીતે કે પોતે વાચનામાં કહેલાં તે ચારે અધ્યયનો મેં ધારી રાખ્યાં હતાં, તે મેં શ્રીસંઘને કહ્યાં. શ્રી સંઘે તેમાંથી પેલાં બે અધ્યયન આચારાંગ સૂત્રના અંતે અને બીજાં બે અધ્યયન દશવૈકાલિક સૂત્રને અંતે જોડયાં."

શ્રી યક્ષા સાધ્વી, આ સઘલી પોતાની હકીકત સ્થુલભદ્રને કહી અને તેમની રજા લઈ પોતાને સ્થાનકે ગઈ. સ્થુલભદ્ર પણ વાચના લેવા માટે ગુરૂ પાસે આવ્યા.

સૂરિએ તેમને " તું અયોગ્ય છે " એમ કહી વાચના ન આપી. પછી સ્થુલભદ્ર દીક્ષા લીધાના દિવસથી આરંભી પોતાના અપરાધનો વિચાર કરવા લાગ્યા. બહુ વિચાર કરીને તેમણે ગુરૂને કહ્યું. " મને મ્હારો કાંઈ અપરાધ સાંભરતો નથી. " ગુરૂએ કહ્યું. " અરે એકતો તું અપરાધ કરીને પાછો માનતો નથી. " સ્થુલભદ્રને પોતાનો અપરાધ યાદ આવ્યો તેથી તેણે ગુરૂના ચરણમાં પડી કહ્યું કે " હે ભગવન્ ! આ એક મ્હારા અપરાધને ક્ષમા કરો. હવે હું તેવો અપરાધ નહિ કરૂં. " આવી રીતે સ્થુલભદ્રે બહુ વિનંતિ કરી પરંતુ ગુરૂએ તેમને વાચના આપી નહીં; તે ઉપરથી શ્રીસંઘ એકઠો થઇ ગુરૂને વિનંતિ કરવા લાગ્યો. " હે ભગવન્! જો સ્થુલભદ્ર વિના બીજો કોઈ શિષ્ય હોય તો તેને આપ બાકીનો અભ્યાસ કરાવો." ગુરૂએ કહ્યું. " સ્થુલભદ્ર વિના બીજો કોઇ યોગ્ય શિષ્ય નથી. પરંતુ એ સ્થુલભદ્રને કાલના પ્રભાવથી આવો પ્રમાદ થયો છે. હવે બાકીના પૂર્વો મ્હારી પાસે રહો, હું તેને તે નહિં ભણાવું. એ તેનો કરેલા અપરાધનો દંડ બીજાની શિખામણ માટે થશે." પછી શ્રીસંઘે બહુ આગ્રહ કર્યો એટલે સૂરિએ ઉપયોગ દઇને જોયું તો તેમના જાણવામાં આવ્યું કે ' બાકીના ચારે પૂર્વોનો મ્હારાથી ઉચ્છેદ થવાનો નથી." પછી તેમણે સ્થુલિભદ્રને " ત્હારે આ બાકીના ચાર પૂર્વો કોઈને ન શિખવાડવાં." એવો અભિગ્રહ આપીને વાચના આપવા માંડી, શ્રી ભદ્રબાહુસૂરિએ સ્થુલિભદ્રને સર્વ પૂર્વના જાણ કરી હર્ષપૂર્વક પોતાને પદે સ્થાપ્યા. ત્યાર પછી તે પોતે શ્રી ભદ્રબાહુસ્વામી, શ્રી વીરપ્રભુના નિર્વાણ પછી એકસો ને સિત્તોતેર વર્ષ ગયે છતે સમાધિથી સ્વર્ગ પ્રત્યે ગયા.

પછી શ્રી સ્થુલભદ્રસૂરિ અનેક સાધુના પરિવારસહિત પૃથ્વી ઉપર વિહાર કરતા શ્રાવસ્તી નગરીના ઉદ્યાનમાં આવ્યા. તે વખતે શ્રાવસ્તી નગરીમાં રહેનારા સર્વ લોકો મનમાં બહુ હર્ષ પામતા છતા તેમને વંદન કરવા આવ્યા. વિશ્વનું કુશલ કરનારા શ્રી સ્થુલભદ્ર મુનીશ્વરે પણ તેમને અમૃતરસ સમાન નવીન ધર્મદેશના આપી. સ્થુલભદ્રે દેશનાને અંતે વિચાર કર્યો કે "હજુ સુધી મ્હારો ધનદેવ નામનો મિત્ર મને વંદન કરવા કેમ ન આવ્યો ? શું તે દેશાંતર ગયો છે કે તેને કાંઈ રોગની પીડા થઈ છે ? ચાલ હું તેના ઘરે જાઉં, કારણ પ્રાણી ઉપર દયા કરવી એ મ્હારો ધર્મ છે." આવી રીતે વિચાર કરી અનેક જનોથી વંદન કરાતા સ્થુલભદ્ર પોતાના મિત્ર ધનદેવને ઘરે આવ્યા. ત્યાં ધનદેવની સ્ત્રી ધનેશ્વરીએ તેમની ભક્તિ કરી. સ્થુલભદ્રે તે સ્ત્રીને પૂછયું. " હે શુભાનને! મ્હારો મિત્ર ધનદેવ ક્યાં છે ? " સ્ત્રીએ કહ્યું. " તમારા મિત્ર દ્રવ્ય કમાવા માટે પરદેશ ગયા છે. પછી સૂરિએ ધર્મોપદેશના મિષથી હાથની સંજ્ઞાવડે સ્તંભની નીચે રહેલું દ્રવ્ય સ્ત્રીને જણાવ્યું તે એવી રીતે કે–આ સંસારનું સ્વરૂપ કેવું છે ? તો કે જેવું ત્હારૂં ઘર તેવોજ ત્હારા પતિનો વેપાર છે. " સૂરીશ્વર આવી રીતે વારંવાર ધનેશ્વરીને કહી પોતે ધર્મની પ્રભાવના કરતા છતા બીજે વિહાર કર્યો.

હવે ધનદેવ કર્મના યોગથી લાભ ન મળવાને લીધે જેવો ગયો હતો તેવો પાછો આવ્યો. તેમજ તે ધનના દરિદ્રપણાથી પીડા પામવા લાગ્યો, તે વખતે ધનેશ્વરીએ સ્થુલભદ્રના આગમનની વાત કહી, ધનદેવે આનંદથી પૂછયું. "તે સ્થુલભદ્ર મુનીશ્વરે કાંઇ કહ્યું હતું?" સ્ત્રીએ કહ્યું. "તેમણે આ સ્તંભની સામે વારંવાર પોતાના હાથને લાંબો કરી મને ધર્મદેશના આપી છે." ધનદેવ વિચારવા લાગ્યો, "જ્ઞાનના નિધિ એવા તે મુનિરાજનું આગમન કાંઇ ઇષ્ટ અભિપ્રાય વિના હોય નહીં. સૂરિએ આ સ્તંભને ઉદ્દેશીને પોતાનો હાથ લાંબો કર્યો છે તો નિશ્ચે આ સ્તંભની નીચે દ્રવ્ય સંભવે છે." ધનદેવે આમ વિચાર કરી સ્તંભના મૂળમાં ખોદવા માંડયું તો તેમાંથી પોતાના પુણ્યની પેઠે બહુ દ્રવ્ય નિકલ્યું. ધનદેવ પોતાની સંપત્તિથી કુબેર તુલ્ય થયો તેથી તે "મને આ પ્રસાદ સૂરિએ આપ્યો છે." એમ હંમેશાં સ્મરણ કરતો હતો.

એકદા ધનદેવ, પોતાના ઉપર ઉપકાર કરનારા પોતાના મિત્ર અને વંદના કરવા યોગ્ય એવા સ્થુલભદ્રને વંદના કરવા માટે હર્ષથી પાડલીપુર નગરે ગયો. ત્યાં તેણે ઉપાશ્રયમાં જઈ પરીવાર સહિત સ્થુલભદ્રને બહુ ભક્તિથી વંદના કરી. પછી ધનદેવે શ્રી સ્થુલભદ્ર ગુરૂને કહ્યું કે, હે પ્રભો! હું આપના પ્રભાવથી દારિદ્રરૂપ સમુદ્રનો પાર પામ્યો છું, તે આપના પ્રસાદરૂપ ઋણથી હું કયારે મુક્ત થઈશ? તમે જ મ્હારા સ્વામી અને સુગુરૂ છો, હું આપનું શું કાર્ય કરૂં? મને આજ્ઞા આપો. શ્રી સ્થુલભદ્રસૂરિએ "તું મ્હારો ધર્મમિત્ર થા. એવાં વચન કહ્યાં, તે અંગીકાર કરી ધનદેવ પોતાને ઘરે ગયો. શ્રી સ્થુલભદ્રસૂરિએ યક્ષા સાધ્વી પાસે માતાની પેઠે પાલન કરાવેલા અને પોતે દીક્ષા આપેલા મહાગિરિ અને સુહસ્તી મુનિ ઉત્તમ ગુણના સમુદ્રપણાને પામી આચાર્યપદ પામ્યા હતા. તે બન્ને મુનીશ્વરો, તીક્ષ્ણ ખડ્ગધારા સમાન અતિચાર રહિત વ્રતને પાલતા છતા પરિષહ સહન કરતા હતા. શ્રી સ્થુલભદ્રસૂરિ દશ પૂર્વના જાણ એવા તે બન્નેને આચાર્યપદ આપી પોતે કાલધર્મ પામી સ્વર્ગ પ્રત્યે ગયા. જેમણે કોશા વેશ્યાની સાથે વિલાસ કરતાં બાર ક્રોડ દ્રવ્યનો વ્યય કર્યો, જેમણે વ્રત લઈ નિત્ય ષડ્રસમય આહારનું ભોજન કરતા તેજ વેશ્યાની ચિત્રશાળામાં ઉજ્વલ એવા બ્રહ્મચર્ય વ્રત પાળીને ચાર માસ પર્યંત નિવાસ કર્યો, તે સ્થુલભદ્ર સુરીશ્વરની હું સ્તુતિ કરૂં છું.

'श्रीस्थुलिभद्रस्वामी' नामना अंतिम श्रुतकेवलीनी कथा संपूर्ण.

चउरो सीसे सिरिभद्द–बाहुणो चउहिं रयणिजामेहिं ॥
रायगिहे सीएणं, कयनियकज्जे नमंसामि ॥१७५॥

શ્રી ભદ્રબાહુ સ્વામીના ચાર શિષ્યો કે જેમણે રાત્રીના ચાર પહોરમાં શીત ઉપસર્ગથી પોતાનું કાર્ય સાધી લીધું, તે ચારે મુનિઓને હું નમસ્કાર કરૂંછું.

## શ્રી भद्रबाहुस्वामीना चार शिष्योनी कथा.

રાજગૃહ નગરને વિષે વય, તેજ અને લક્ષ્મીથી સમાન અને પરસ્પર પ્રીતિવાળા ચાર વણિક પુત્રો રહેતા હતા. તેઓએ શ્રી ભદ્રબાહુ ગુરૂ પાસે ધર્મ સાંભળી દીક્ષા લીધી. ગુરૂની ઉપાસનાથી તે ચારે જણા અનુક્રમે ગીતાર્થ થયા. મમતારહિત, અહંકાર વિનાના, સંતોષવાળા અને ક્ષમાને ધારણ કરનારા તે ચારે મુનિઓ ગુરૂની આજ્ઞાથી એકલવિહારી થયા.

એકદા પ્રસિદ્ધ એવા તે મુનિઓ પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા ફરી રાજગૃહ નગર પ્રત્યે આવ્યા. આ વખતે નિર્દ્રવ્ય જનોને દુઃખદાયી શીતકાલ (શીયાળો) ચાલતો હતો. દિવસના ત્રીજા પ્રહરને વિષે ભિક્ષા લઇને પાછા ફરેલા તે ચારે મુનિઓ નગરથી જુદા જુદા વૈભાર પર્વત ઉપર જવા લાગ્યા. તેમાં પહેલાને પર્વની ગુફાના બારણા પાસે, બીજાને નગરના ઉદ્યાનમાં, ત્રીજાને તેની નજીકમાં અને ચોથાને નગરના સમીપે. એમ અનુક્રમે ચારે જણાને ચોથો પ્રહર થયો પછી દિવસના ત્રીજા પ્રહરને વિષે ભિક્ષા માટે જવું જોઇએ. એમ વિચારી તે ચારે મુનિઓ પોત પોતાને સ્થાનકે કાર્યોત્સર્ગ કરી ઉભા રહ્યા. તેમાં જે પર્વતની ગુફાના બારણા આગળ ઉભો હતો તેને બહુ ટાઢ લાગતી હતી, જે ઉદ્યાનમાં હતો, તેને તેનાથી કાંઈ ઓછી લાગતી હતી, ઉદ્યાનની સમીપે રહેનારને તેથી કાંઈ ઓછી લાગતી હતી અને જે નગરની સમીપે હતો તેને તો નગરનો ગરમાવો લાગતો હતો, તે ચારે મુનિઓ ટાઢથી પીડા પામી પેલા, બીજા, ત્રીજા અને ચોથા પહોરમાં અનુક્રમે મૃત્યુ પામી સ્વર્ગપ્રત્યે ગયા. ઘોર પરીષહને સહન કરનારા તે ભદ્રબાહુ ગુરૂના ચારે શિષ્યોને હું ત્રણે કાળે નમસ્કાર કરૂંછું.

**श्री भद्रबाहुस्वामीना चार शिष्योनी कथा संपूर्ण.**

जिणकप्प करी कम्मं जो कासी जस्स संथवमकासी ॥
सिद्धिवरंमि सुहात्थी तं अज्जमहागिरिं वंदे ॥१७६॥

જેમણે જિન કલ્પની તુલના કરી અને જેમણે શ્રેષ્ઠીના ઘરને વિષે સ્તોત્ર રચ્યું.

कोसंबीए जेणं, दुमगो पव्वाविओ अज्ज जाओ ॥
उज्जेणीए संपइ, राया सो नंदउ सुहत्थी ॥ १७७ ॥

જેમણે કૌશાબી નગરીમાં દ્રમક ભિક્ષાચરને દીક્ષા લેવરાવી કે જે દ્રમક હમણાં ઉજ્જયિની નગરીને વિષે રાજા થયો છે. તે શ્રી આર્ય સુહસ્તિ મુનિ આનંદવંતા વર્તો.

सोऊण गणिज्जंतं सुहत्थिगा नलिगगुम्ममज्झयणं ॥
तक्कालं पव्वइओ चइत्तु भज्जाओ बत्तीसं ॥१७८॥

तिह जामेहिं सिवाए, अवच्चसहिआइ विहिअउवसग्गो ॥
साहिअकज्जो निअगेहिं, पूइओवंतिसुकुमालो ॥१७९॥

શ્રી આર્ય સુહસ્તિ ગુરૂએ માંડેલું નાલિની ગુલ્મ અધ્યયન સાંભલી અવંતિ સુકુમાલે બત્રીશ સ્ત્રીઓને ત્યજી દઇ તુરત દીક્ષા લીધી. પછી રાત્રીના ત્રણુ પ્રહરમાં પુત્ર સહિત શિવાએ બહુ ઉપસર્ગ કર્યા તો પણ તેમણે પોતાનું કાર્ય સાધ્યું. છેવટ દેવતાએ પ્રશંસા કરેલા તે અવંતિ સુકુમાલ નલિની ગુલ્મ વિમાનને વિષે ગયા.

## 'श्रीआर्यमहागिरि' अने 'श्रीआर्यसुहस्ती' नामना दशपूर्वधरोनी कथा

શ્રી સ્થુલભદ્ર સૂરિના શિષ્ય આર્ય મહાગિરિ અને સુહસ્તી એ બન્ને મુનિઓ પૃથ્વી ઉપર વિહાર કરતા હતા; ઉત્પન્ન થએલા અતિ હાર્દ વૈરાગ્યવાલા શ્રી મહાગિરિ સૂરિએ વાચનાથી અનુક્રમે બહુ કાલે અનેક શિષ્યો કરી શ્રી સુહસ્તી સૂરિને ગચ્છનો ભાર સોંપી પોતે ગચ્છની નિશ્રામાં રહી વ્યુચ્છિન્ન થઇ ગએલા જિનકલ્પની તુલના કરવા લાગ્યા.

અન્યદા શ્રી સુહસ્તીસૂરિ મેઘની પેઠે ધર્મદેશનાનો વરસાદ વરસાવતા છતા પાડલીપુર નગરે આવ્યા. ત્યાં તેમણે વસુભૂતિ નામના શ્રેષ્ઠીને પ્રતિબોધ પમાડી જીવાજીવાદિ તત્ત્વનો જાણ કરી શ્રાવક કર્યો, પછી તે વસુભૂતિ, ગુરૂએ કહેલી નીતિવડે પોતાના કુટુંબને પ્રતિબોધ દેવા લાગ્યો. પરંતુ કુટુંબ પ્રતિબોધ પામ્યું નહીં. તે ઉપરથી વસુભૂતિએ ગુરૂને કહ્યું. "હે ભગવન્! મેં મ્હારા કુટુંબને પ્રતિબોધ પમાડવા માટે બહુ ઉપાય કર્યા, પણ તેમાં હું પાર પડયો નહિ. કુટુંબ સ્વધર્મી વિના ધર્મકાર્ય કરવું દુષ્કર છે માટે આપ મહારા ઘરને વિષે પધારી મહારા ધર્મનો નિર્વાહ કરવા માટે મહારા કુટુંબને પ્રતિબોધ પમાડો." પછી સુસ્હતીસૂરિ, તેના ઉપર અનુગ્રહની બુદ્ધિથી તેના ઘેર ગયા, ત્યાં તેમણે તેના કુટુંબ આગળ ધર્મદેશનાનો આરંભ કર્યો. આ વખતે શ્રી આર્યમહાગિરિ ગોચરી માટે ફરતા ફરતા ત્યાં આવી ચડયા. શ્રી સુહસ્તીસૂરિએ તત્કાલ તેમને પાંચ અભિગમ સાચવી ભક્તિથી વંદના કરી. શ્રી આર્યમહાગિરિ ગયા પછી વસુભૂતિએ તેમને કહ્યું "હે ભગવન્! તમારે પણ કોઈ ગુરૂ છે કે શું? જે વિશ્વને વંદના કરવા યોગ્ય તમે તેમને વંદના કરી?" સુહસ્તીસૂરિએ કહ્યું. "હે શ્રેષ્ઠી! એ મ્હારા ગુરૂ છે. તેઓ તમે આપેલા પ્રાશુક ભક્તપાનાદિકને નિત્ય અંગીકાર કરે છે, જો તેવું ભક્તપાન ન મલે તો તેઓ ઉપવાસ કરે છે. માટે તેમનું નામ ઉચ્ચારવું તે શ્રેષ્ઠ છે તેમ તેમના ચરણુની રજ પણ વંદન કરવા યોગ્ય છે."

શ્રી આર્યસુહસ્તિસૂરિ આ પ્રમાણે પોતાના ગુરૂની પ્રશંસા કરી અને

શ્રેષ્ઠીના સર્વ કુટુંબને પ્રતિબોધ કરી પોતાને ઉપાશ્રયે આવ્યા. પછી શ્રેષ્ઠી વસુભૂતિ પોતાના કુટુંબને કહેવા લાગ્યો કે "જ્યારે તમે આર્યમહાગિરિ મુનિને આપણા ઘરને વિષે ભિક્ષા માટે આવતા દેખો ત્યારે "આ અમારે પ્રાશુક અન્ન છે" એમ કહી તેમને ભકતપાન વહોરાવવું. કારણ તેમને આપેલું ભકતપાન મહાફલને અર્થે થાય છે." વસુભૂતિનું આ વચન તેના કુટુંબે અંગીકાર કર્યું.

બીજે દિવસે શ્રી આર્યમહાગિરિસૂરિ તે વસુભૂતિને ત્યાં ગોચરી માટે આવ્યા એટલે શ્રેષ્ઠીના કુટુંબે તેમના માટે ભિક્ષા લાવી સૂરિનો મ્હોટો આદરસત્કાર કર્યો. શ્રી મહાગિરિએ શ્રુતોપયોગથી તે અન્ન અશુદ્ધ જાણી લીધું નહિ અને ઉપાશ્રયે જઈ સુહસ્તીને કહ્યું. "સૂરિ! તમે કાલે મ્હારો વિનય કરીને મ્હોટી અનેષણા કરી. કારણ કે તમારા ઉપદેશથી શ્રેષ્ઠીના કુટુંબે મ્હારા માટેજ ભિક્ષા તૈયાર કરી." પછી પસ્તાવો કરવા લાગેલા આર્યસુહસ્તીસૂરિએ "હે ભગવન્! હવે હું એમ નહિ કરૂં." એમ કહીને આર્યમહાગિરિની ક્ષમા માગી.

અન્યદા જીવતસ્વામીની પ્રતિમાને વંદના કરવા માટે શ્રી આર્યમહાગિરિ અને સુહસ્તી બન્ને સૂરિઓ ઉજ્જણ નગરી પ્રત્યે આવ્યા. તે વખતે ત્યાં સંપ્રતિ રાજા રાજ્ય કરતો હતો. શ્રી સંઘે કરેલા રથયાત્રાના ઉત્સવમાં બન્ને મુનિઓ અને સર્વ સંઘની પાછળ ચાલતો શ્રી જીવતસ્વામીની પ્રતિમાનો રથ અસ્ખલિત ગતિથી ચાલતો ચાલતો રાજદ્વાર આગળ આવી પહોંચ્યો. આ વખતે ગોખમાં બેઠેલો સંપ્રતિ રાજા, દૂરથી આર્યસુહસ્તિસૂરિને જોઈ વિચાર કરવા લાગ્યો કે "મેં આ સૂરિને કયાંઇ દીઠા હોય એમ લાગે છે, પરંતુ કયાં, તે માલમ પડતું નથી." આ પ્રમાણે વિચાર કરતો રાજા મૂર્ચ્છા પામી તુરત પૃથ્વી ઉપર પડી ગયો. "અરે આ શું થયું?" એમ કહેતા એવા સેવક લોકો તેની પાસે દોડયા. વિંજણાઓના પવનથી અને ચંદનના લેપનથી મૂર્ચ્છાને ત્યજી દઈ સચેત થએલો તે રાજા તુરત જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. જાતિસ્મરણના જ્ઞાનથી તેણે શ્રી સુહસ્તી આચાર્યને પોતાના પૂર્વ ભવના ગુરૂ જાણ્યા તેથી તે પગે ચાલી તેમને વંદના કરવા ગયો. સંપ્રતિ રાજાએ પંચાગથી ભૂમિનો સ્પર્શ કરી શ્રી આર્ય સુહસ્તી ગુરૂને પ્રણામ કરીને પૂછ્યું કે "હે ભગવન્! શ્રી જિનધર્મનું શું ફળ છે?" ભગવાન્ સુહસ્તીસૂરિએ કહ્યું "જિનધર્મનું ફળ મોક્ષ અથવા તો સ્વર્ગ છે." રાજાએ ફરીથી પૂછ્યું "હે ગુરો! સામાયિકનું શું ફળ છે?" ગુરૂએ કહ્યું "હે રાજન્! સ્પષ્ટ એવા સામાયિકનું ફળ રાજ્યાદિ છે." પછી વિશ્વાસ પામેલા રાજાએ "એ એમજ છે. તેમાં મને કાંઇપણ સંદેહ નથી" એમ કહી ફરી ગુરૂને કહ્યું. "હે ભગવન્! આપ મને શું નથી ઓળખતા?" ગુરૂએ કહ્યું. "હે નૃપ! તને કોણ નહિ ઓળખે?" રાજાએ કહ્યું. આપ તે ઉપલક્ષણા નહિ કરો, કાંઇ બીજું કહો?" સુહસ્તિસૂરિએ શ્રુતના ઉપયોગથી તેને અવ્યક્તકારી દ્રુમક જાણી વિસ્મય પામતા છતાં કહ્યું. "હે

સંપ્રતિ રાજા! મેં તને સારી રીતે જાણેલો છે. તું હારા પોતાના પૂર્વભવ સંબંધી કથા સાંભળ:–

પૂર્વે અમે શ્રી આર્યમહાગિરિ આચાર્યની સાથે વિહાર કરતા કરતા કૌશાંબી નગરીને વિષે આવ્યા હતા. અમારો પરિવાર બહુ મ્હોટો હતો તેથી સંકીર્ણપણાને લીધે અમે જુદા જુદા ઉપાશ્રયમાં ઉતર્યા હતા. તે વખતે ત્યાં બહુ દુકાળ હતો તો પણ ભક્તિવંત લોકો અમને ભક્તાદિક વિશેષે આપવા આગ્રહ કરતા.

એકદા કોઈ એક શ્રેષ્ઠીના ઘરને વિષે સાધુઓ ભિક્ષા લેવા માટે જતા હતા એવામાં તેમની પાછળ એક રાંક પેશી ગયો. રાંકના જોતાં છતાં સાધુઓએ શ્રેષ્ઠીના ઘેરથી મોદક વિગેરેની ભિક્ષા વહોરી. ભિક્ષા લઇ ઉપાશ્રય પ્રત્યે જતા એવા સાધુઓની પાછળ જતો એવો પેલો રાંક "મને ભોજન આપો" એમ કહેવા લાગ્યો. સાધુઓએ કહ્યું. "હે રંક! ગુરૂ જાણે. અમે પરાધીન છીએ, માટે તને કાંઇ આપી શકવા સમર્થ નથી." પછી તે રાંક, સાધુઓની પાછળ પાછળ ઉપાશ્રયે ગયો, અને ભોજનની યાચના કરવા લાગ્યો. સાધુઓએ ગુરૂને કહ્યું. "હે ભગવન્! આ રાંકે માર્ગમાં અમારી પાસે ભોજન માગ્યું હતું પણ અમે તેને અસંયત માની આપ્યું નથી." ગુરૂએ શ્રુત ઉપયોગ દઇને પછી કહ્યું.

"હે સાધુઓ! આ રાંક ભવાંતરે પ્રવચનનો આધાર થશે માટે તેને કહો કે 'જો તું દીક્ષા લે તો તને ભોજન મળે.' સાધુઓના કહેવાથી રાંકે તે વાત કબુલ કરી એટલે તેજ વખતે ગુરૂએ તેને દીક્ષા આપી સરસ મોદકાદિકનો આહાર આપ્યો. રાંકે તે અધરાયો થઈ કંઠ પર્યંત ભક્ષણ કર્યો. પછી તે દિવસની રાત્રીએ અત્યંત પીડા પામેલો અને ગુરૂની આજ્ઞાથી સાધુઓએ આરાધના કરાવેલો તે રાંક મુનિ મૃત્યુ પામીને હમણાં કુણાલ ભૂપતિના પુત્રરૂપે તું ઉત્પન્ન થયો છે."

પોતાના પૂર્વભવને સાંભળી નિર્ણય પામેલા સંપ્રતિ રાજાએ ફરી ગુરૂને કહ્યું. "હે ભગવન્! તમારા પ્રસાદથી હું આવી રાજપદવી પામ્યો છું. હે ભગવન્! જો તે ભવમાં આપે મને દીક્ષા ન આપી હોત તો હું આવી પદવી ન પામત એટલુંજ નહિ પણ હું જિનધર્મ ન પામ્યો હોત તો મ્હારી શી ગતિ થાત? માટે મને કાંઈ આજ્ઞા આપો; મ્હારા ઉપર પ્રસન્ન થાઓ. તમે. મ્હારા ઉપર પૂર્વ જન્મને વિષે ઉપકાર કર્યો છે માટે તમારો આદેશ સ્વીકારી ઋણમુક્ત થાઉં. પૂર્વ જન્મની માફક આ ભવમાં પણ તમે મ્હારા ગુરૂ છો માટે આજ્ઞા કરી મ્હારા ઉપર અનુગ્રહ કરો." શ્રી સુહસ્તી સૂરિએ કહ્યું. "હે રાજન્! તું અખંડિત સુખ માટે જિનધર્મનું આરાધન કર. કારણ ધર્મના આરાધનથીજ પરભવને વિષે સ્વર્ગ અને મોક્ષ સુખ મળે છે. વળી આ ભવમાં પણ હસ્તી, અશ્વ અને કોશ આદિ સંપત્તિ અધિક મલે છે." પછી રાજાએ ગુરૂ પાસે સમ્યક્ત્વમૂલ બાર વ્રત રૂપ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. પછી સંપ્રતિ રાજા, તે દિવસથી આરંભી ત્રણે કાળ જિનેશ્વરનું પૂજન અને

બંધુની પેઠે સાધર્મિકોનું વાત્સલ્ય કરવા લાગ્યો. વળી જીવદયામાં તત્પર એવો તે રાજા સત્પાત્રને વિષે દાન આપવા લાગ્યો. તેણે ભરતક્ષેત્રના ત્રણ ખંડ જિનેશ્વરના મંદીરોથી સુશોભિત બનાવી દીધા.

પછી ઉજ્જણ નગરીમાં શ્રી આર્યસુહસ્તી આચાર્યના ચરણકમળ વિરાજતા હતા, એવામાં ભક્તિવંત સંઘે બીજે વર્ષે ચૈત્યયાત્રાનો ઉત્સવ કર્યો. ભગવાન્ સુહસ્તી સૂરિ શ્રી સંઘની સાથે નિત્ય યાત્રા મંડપમાં પધારી શોભા આપતા. સંપ્રતિ રાજા પણ બાલ શિષ્યની પેઠે તેમની આગળ હાથ જોડીને બેસતો. ચૈત્ય યાત્રા ઉત્સવને અંતે શ્રી સંઘે રથયાત્રા કરી. કારણ રથયાત્રાએ કરીનેજ યાત્રોત્સવ પૂર્ણ થાય છે.

પછી સુવર્ણ અને મણિમય એવો શ્રી જિનેશ્વરની પ્રતિમાથી અધિષ્ટિત રથ, સ્થાનકે સ્થાનકે વાગતા અનેક વાજીંત્રોના શબ્દથી દિશાઓના મધ્ય ભાગને ગજાવતો; પગલે પગલે કરાતા મ્હોટા મહોત્સવવાળો, ઘર ઘર પ્રત્યે કરેલા મ્હોટા સ્નાત્રમહોત્સવવાળો; ઉત્તમ શ્રાવકોએ માલતી, જાઈ, કમળ ઈત્યાદિ પુષ્પોની માળાથી પૂજન કરેલી અરિહંત પ્રતિમાવાળો; બળાતા અગુરૂ ધુપના ગાઢા સુગંધથી સર્વ પૃથ્વીને સુગંધમય બનાવી દેતો અને નાગરીક સ્ત્રીઓએ ઉત્તમ ગીત ગવાતો છતો સંપ્રતિ રાજાના રાજદ્વાર પ્રત્યે આવ્યો. પછી સંપ્રતિ રાજાએ પણ અષ્ટપ્રકારી પૂજાથી શ્રી જિનેશ્વરની પ્રતિમાની પૂજા કરી; શ્રાવકોને વસ્ત્રદાન આપી સાધર્મી વાત્સલ્ય કર્યું. ત્યારપછી તેણે તેજ વખતે સર્વે સામંતોને બોલાવી સમ્યક્ત્વ ગ્રહણ કરાવી અને એમ આજ્ઞા કરી કે " હે સામંતો ! જો તમે મને પોતાનો અધિપતિ માનતા હો તો તમે આ સુવિહિત સાધુઓના ઉપાસક થાઓ. તમને સત્કારમાં આપેલા દ્રવ્યનું મ્હારે કાંઇ પ્રયોજન નથી. હે સામંતો ! તમે એમ કર્યે છતે મ્હારૂં પ્રિય કરેલું કહેવાશે." સંપ્રતિ રાજાએ આવી રીતે કહીને સર્વે રાજાઓને પોત પોતાના ઘર પ્રત્યે જઇ સ્વામીભક્તિથી સાધુઓની સેવા કરવા લાગ્યા. એટલુંજ નહિ પણ તેઓએ રથયાત્રા અને તીર્થયાત્રા કરાવી. તેમજ તેની પાછળ પુષ્પવૃષ્ટિ અને ચૈત્યપૂજા પણ કરાવી. તેઓએ શ્રાવકનો આચાર એવો પાલ્યો કે અંતે તેઓ સાધુના વિહારને યોગ્ય થયા.

એકદા સંપ્રતિ રાજા પાછલી રાત્રીએ વિચાર કરવા લાગ્યો. " હું અનાર્ય દેશમાં સાધુઓને વિહાર કરાવું. " પછી સવારમાં તેણે પોતાના અનાર્ય દેશમાં રહેનારા માણસોને આજ્ઞા કરી કે " હે પુરૂષો ! તમે જેવી રીતે મ્હારો કર અહિયાં લ્યો છો તેવો અનાર્ય દેશમાં લેવા માટે હું તમને મોકલું છું. " સંપ્રતિ રાજાના આદેશથી તે પુરૂષો પણ રાજાએ જે પ્રમાણે કહ્યું, તે પ્રમાણે કરી અનાર્ય દેશમાં જઈ લોકોને શિક્ષણ કરવા લાગ્યા. " તમારે અમુક અમુક બેંતાલીશ દોષરહિત આહાર અને વસ્ત્ર પાત્રાદિ અમને આપવાં અને અમુક શાસ્ત્રનો અભ્યાસ કરવો.

તમે એ પ્રમાણે અમને આપશો તો સંપ્રતિ રાજા તમારા ઉપર પ્રસન્ન થશે, નહિં તો કોપ પામશે. "

પછી સંપ્રતિ રાજાને પ્રસન્ન રાખવા માટે તે અનાર્ય લોકો પણ પ્રતિ દિવસ રાજાના હુકમ પ્રમાણે કરવા લાગ્યા. આ પ્રમાણે અનાર્ય દેશને પણ સાધુના યોગ્ય આચારમાં પ્રવીણ કરીને પછી સંપ્રતિ રાજાએ શ્રી આર્યસુહસ્તી ગુરૂની વિનંતિ કરી કે " હે ભગવન્ ! સાધુઓ, આર્ય દેશની પેઠે અનાર્ય દેશમાં શા માટે નથી વિહાર કરતા ? " સૂરિએ કહ્યું. " અનાર્ય દેશમાં માણસો, સાધુની સામાચારીને નથી જાણતા, તેથી ત્યાં સાધુનો વિહાર ચારિત્રનો નિર્વાહ કરનારો કેમ થાય ?" રાજાએ કહ્યું. " હે ભગવન્ ! હમણાં અનાર્ય દેશમાં સાધુઓને મોકલી તેમના આચારની ચાતુરીને આપ જુઓ." રાજાના આવા આગ્રહથી સૂરિએ કેટલાક સાધુઓને અનાર્ય દેશમાં જવાની આજ્ઞા કરી. અનાર્ય લોકો તે સાધુઓને જોઈ આ સંપ્રતિ રાજાના માણસો છે એમ માની પૂર્વે કહેલી રીત પ્રમાણે તેમને ભક્તપાન આપવા લાગ્યા. તેથી તે સાધુઓ પણ અનાર્ય દેશમાં નિરવદ્ય એવું શ્રાવકપણું જોઇ વિસ્મય પામ્યા. પછી તેમણે સંતોષ પામી ગુરૂને સર્વ વાત નિવેદન કરી. આ પ્રમાણે સંપ્રતિ રાજાએ બુદ્ધિગર્ભિત પોતાની શક્તિવડે અનાર્ય દેશ પણ સાધુઓને વિહાર કરવા યોગ્ય બનાવ્યો.

પછી સંપ્રતિ રાજાએ રૌદ્ર એવા પોતાના પૂર્વજન્મના રંકપણાને સંભારી પૂર્વાદિ ચારે દ્વારને વિષે દાનશાલા મંડાવી. " આ પોતાનો અને આ પારકો" એવી અપેક્ષા વિના ભોજન કરવામાં ઉત્સુક એવા રંક લોકો ત્યાં કોઈએ રોકયા વિના ભોજન કરતા હતા. રાજા સંપ્રતિએ રસોઈયાના અગ્રેસરોને પૂછ્યું કે " હે પાચકો ! વધેલું અન્ન કોણ લઇ જાય છે ? " તેઓએ કહ્યું. " હે સ્વામિન્ ! તે અમે લઈ જઇએ છીએ. " રાજાએ ફરી તેઓને આજ્ઞા કરી કે " જે અન્ન બાકી વધે તે નહિ કરનારા અને નહિં કરાવનારા એવા ગોચરીએ આવેલા સાધુઓને આપવું. હું તેને બદલે તમને દ્રવ્ય આપીશ. તેથી તમારો નિર્વાહ થશે. " કહ્યું છે કે ધનવાન્ માણસ કોઈ પણ કાર્યને વિષે ખેદ પામતા નથી. પછી તે રસોઈયા તે દિવસથી આરંભીને રાજાની આજ્ઞાથી વધેલું અન્ન સાધુઓને આપવા લાગ્યા. તેમ સાધુઓ પણ તે શુદ્ધ અન્નને લેવા લાગ્યા.

પછી શ્રમણના ઉપાસક એવા સંપ્રતિ રાજાએ કંદોઈ, ઘી દુધ અને તેલના વેચનાર, તેમજ વસ્ત્રને વેચનાર લોકોને આજ્ઞા કરી કે " જે કોઇ માણસ કાંઇ પણ પોતાની વસ્તુ આપી સાધુનો ઉપકાર કરશે, તેને હું તેની વસ્તુનું મૂલ્ય આપીશ. નહિ તો તે લોકોને મ્હારાથી ભય થશે. " રાજાના આવા આદેશથી લોકો હર્ષ પામી તે પ્રમાણે કરવા લાગ્યા જો કે સુહસ્તી ગુરૂ રાજપિંડ દોષયુક્ત જાણતા હતા તો પણ બલીષ્ટ એવા શિષ્યના અનુરાગથી લિપ્ત થએલા તે ગુરૂ, શિષ્યોને

રાજપીંડ લેતા અટકાવતા નહોતા. એવામાં શ્રી મહાગિરિસૂરિએ આવીને સુહસ્તી સૂરિને કહ્યું. " હે સૂરિ ! તમે રાજપીંડને અનેષણીય જાણતા છતાં શા માટે સ્વીકારો છો ? " શ્રી સુહસ્તીસૂરિએ કહ્યું " હે ભગવન્ ! ' યથા રાજા તથા પ્રજા ' એ દ્રષ્ટાંતને અનુસરી રાજાની અનુવૃત્તિથી નાગરીક લોકો પણ આપે છે. " ક્રોધ પામેલા મહાગિરિએ કહ્યું. " અરે સુહસ્તી ! હવે સહી આપણા બન્નેનો વિસંભોગ જાણવો. કારણ સમાન સામાચારીવાલા સાધુઓની સાથે સંભોગિકપણું હોય છે. પણ ભિન્ન સામાચારીવાલા સાધુઓની સાથે સંભોગીકપણ હોતું નથી. માટે તું આજથી અમારા માર્ગથી જુદો છે. "

શ્રી આર્યમહાગિરિના આવાં વચન સાંભળી બાળકની પેઠે ભયથી કંપતા એવા સુહસ્તીસૂરિએ હાથ જોડી વંદના કરી અને કહ્યુ " હે ભગવન્ ! હું અપરાધી થયો છું. માટે મ્હારૂં મિથ્યાદુષ્કૃત હો. આ મ્હારો એક અપરાધ ક્ષમા કરો. હવે હું તેવો અપરાધ નહિ કરૂં. " શ્રી આર્યમહાગિરિએ કહ્યુ. " હે સૂરિ ! એમાં તમારો દોષ શો ? કારણ પૂર્વે ભગવાન્ શ્રી મહાવીર પ્રભુએજ તે કહ્યુ છે કે " મ્હારી શિષ્યપરંપરામાં સ્થુલિભદ્ર પછી સાધુઓની સામાચારી ભિન્ન ભિન્ન થશે. " આપણુ બન્ને જણા સ્થુલિભદ્ર પછી તીર્થના પ્રવર્તક થયા છીએ માટે તેં શ્રી વીરપ્રભુનાં વચન સત્ય કરી આપ્યાં છે. " પછી અસંભોગ કલ્પની સ્થાપના કરી તેમજ જીવંતસ્વામીની પ્રતિમાને પ્રણામ કરી શ્રી આર્યમહાગિરિ સ્વામી અવંતી નગરી થકી બહાર નિકળી ચાલતા થયા. અનુક્રમે તે, ગજેંદ્રપદ નામના પ્રસિદ્ધ મહાતીર્થને વિષે જઈ અનશન લઇ સ્વર્ગ પ્રત્યે ગયા. શ્રી સંપ્રતિ રાજા પણ શુદ્ધ શ્રાવક ધર્મને પાળી આયુષ્ય પૂર્ણ થયે દેવતા થયા. અનુક્રમે તે પણ મુક્તિ પામશે.

પછી આર્યસુહસ્તીસૂરિ, અન્ય સ્થલે વિહાર કરી ફરી ઉજ્જયિની નગરીમાં શ્રી જીવંતસ્વામીની પ્રતિમાને વંદના કરવા માટે ગયા. બહારના ઉદ્યાનમાં વસતીની યાચના કરવા માટે શ્રી સુહસ્તીસ્વામીએ બે મુનિઓને નગર મધ્યે મોકલ્યા. તે બન્ને મુનિઓ ભદ્રા નામની શેઠાણીને ઘેર ગયા. ભદ્રા શેઠાણીએ પણ વંદના કરી બન્ને સાધુઓને પૂછ્યું કે " આપ મને શી આજ્ઞા કરે છો ? " મુનિઓએ કહ્યું. " અમે સુહસ્તી સુરિના શિષ્યો છીએ, તેમની આજ્ઞાથી તમારી પાસે વસતિની યાચના કરીએ છીએ. " પછી ભદ્રાએ તેઓને વિસ્તારવાલી વસતી આપી, તેમાં શ્રીસુહસ્તીએ પરીવારસહિત નિવાસ કર્યો.

અન્યદા સૂરિએ પ્રદોષસમયે નલિનીગુલ્મ નામના અધ્યયનનું આવર્તન કરવા માંડયું. તે વખતે ભદ્રાનો પુત્ર અવંતિસુકુમાલ કે જે પોતાના સમાન રૂપવાલી પોતાની બત્રીશ સ્ત્રીઓની સાથે સાતમે માળે વિલાસ કરતો હતો તેના કાને તે નલિનીગુલ્મ વિમાન સાંભલાર્યું, પછી અવંતિસુકુમાલ તે અધ્યયન સાંભલવા

માટે તુરત આવાસથી નીચે ઉતરી સાધુઓની વસતીના બારણે આવ્યો. " મેં આ ક્યાંઈ અનુભવ્યું છે. " એમ વિચાર કરતાં ઉત્પન્ન થએલા જાતિસ્મરણ જ્ઞાનવાળો તે અવંતિસુકુમાલ સૂરિ પાસે આવ્યો. ત્યાં તેણે સૂરિને નમસ્કાર કરીને કહ્યું કે " હે ભગવન્ ! હું ભદ્રાનો અવંતિસુકુમાલ નામે પુત્ર છું. હું આ ભવથી આગલે ભવે નલિનીગુલ્મ વિમાનને વિષે દેવતા હતો. હે ભગવન્ ! જાતિસ્મરણ જ્ઞાનથી મને નલિનીગુલ્મ વિમાનની સ્મૃતિ આવી છે. હવે હું ત્યાજ જવા માટે દીક્ષા લઇશ. "

પછી દીક્ષાની યાચના કરતા એવા તે અવંતિસુકુમાલને સૂરિએ કહ્યું. " હે અવંતિસુકુમાલ ! તું અતિ સુકોમલ છે અને દીક્ષા પાલવી તો લોઢાના ચણા ચાવવા જેવી અથવા તો અગ્નિનો સ્પર્શ કરવા જેવી દુષ્કર છે. " અવંતિસુકુમાલે કહ્યું. " હે ભગવન્ ! હું પ્રવ્રજ્યાદાન લેવામાં બહુ ઉત્સુક છું પરંતુ બહુ કાલ લગી સામાચારી પાલવા સમર્થ નથી, માટે હું અનશનની સાથેજ દીક્ષા લઇશ. કારણ તેથી સત્ત્વધારીઓને થોડું કષ્ટ થાય છે. " ગુરૂએ કહ્યું. " હે મહાભાગ ! જો તું દીક્ષા લેવાની ઇચ્છા કરે છે તો તું ત્હારા સ્વજનો પાસેથી આજ્ઞા લઇ આવ. " પછી અવંતિસુકુમાલે ઘેર જઇ હાથ જોડી સ્વજનોને પૂછ્યું. સ્વજનોએ દીક્ષા લેવાની આજ્ઞા ન આપી તેથી તેણે ત્યાંજ લોચ કરી સાધુનો વેષ પહેર્યો, પછી પોતાના શરીરને વિષે પણ મમતારહિત એવો તે તેવાને તેવાજ સ્વરૂપમાં શ્રી સુહસ્તીસૂરિ પાસે ગયો. સૂરિએ પણ " આ પોતાની મેળે વેષધારી ન થાઓ. " એમ વિચારી તેને દીક્ષા આપી. ચિરકાલ સુધી તપકષ્ટની નિર્જરા કરવાને અસમર્થ એવા તે અવંતિસુકુમાલ ગુરૂ પાસેથી અનશન લેવાની રજા લઇ અન્ય સ્થલે વહાર કરી ગયા. અતિ સુકોમલ હોવાથી ચાલવાને લીધે રૂધિરથી ખરડાયલા પગવાલા તે અવંતિસુકુમાલ મુનિ સ્મશાનમાં જઈ અનશન લઇ એકાગ્ર ચિત્તથી પંચ પરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરતા છતાં એક કંથેરિકાના કુંડમધ્યે કાયોત્સર્ગ કરી ઉભા રહ્યા. આ વખતે તેમના રૂધિરવડે ખરડાયલા પગની ગંધથી ખેંચાયલી કોઇ એક શિયાલણી પોતાના બાલકો સહિત ત્યાં આવી. ત્યાં તે, અવંતિસુકુમાલની પાસે જઇ રૂધિરથી ખરડાયલા તેમના પગને ભક્ષણ કરવા લાગી. શિયાલણીએ રાત્રીના પહેલા પહોરમાં મુનિના બન્ને પગ ભક્ષણ કર્યા. પરંતુ તે મહાત્મા જરા પણ કંપ્યા નહીં. એટલુંજ નહિં પણ ઉલટા તે સત્ત્વધારી મુનિ, પોતાના પગનું ભક્ષણ કરનારી શિયાલણીને પોતાના પગ દાબનારી માનવા લાગ્યા. એવી રીતે બીજા પહોરે શિયાલણીએ મુનિના સાથલનું ભક્ષણ કર્યું. તો પણ મુનિએ " આ જીવ તૃપ્તિ પામો. " એમ ધારી તેના ઉપર દયા કરી. ત્રીજે પ્રહરે શિયાલણીએ મુનિના ઉદરનું ભક્ષણ કરવા માંડ્યું. તે વખતે પણ મુનિએ એમજ ચિંતવ્યું કે " તે મ્હારા ઉદરનું ભક્ષણ કરતી નથી, પણ મ્હારા પૂર્વભવના સંપાદન કરેલા કર્મને ભક્ષણ કરે છે, ચોથે પ્રહરે તે મહાત્મા મૃત્યુ પામીને નલિનીગુલ્મ વિમાનમાં ઋદ્ધિવંત દેવતાપણે ઉત્પન્ન થયા.

"આ મહાકષ્ટ કરનારા અને સત્ત્વધારી મુનિ વંદના કરવા યોગ્ય છે." એમ ધારી દેવતાઓએ તુરત તેમના દેહનો મહિમા કર્યો.

હવે એમ બન્યું કે અવંતિસુકુમાલની બત્રીસ સ્ત્રીઓ કે જેમનાં મન પોતાના પતિને વિષે હતા તે સ્ત્રીઓ, ગુરૂ પાસે પોતાના પતિને ન દેખી શ્રી સુહસ્તીસૂરિને પૂછવા લાગી. "હે ભગવન્ ! અમારા પતિ કયાં છે, તે અમને કહો ?" શ્રી સુહસ્તી સૂરિએ, શ્રુતના ઉપયોગથી અવંતિસુકુમાલની સ્થિતિ જાણી તે સ્ત્રીઓની આગલ સર્વ વાત કહી. પછી શોકથી વ્યાકુલ થએલી સર્વે સ્ત્રીઓએ પોતાના ઘરે જઇ ભદ્રાની આગલ તે સર્વ વૃત્તાંત કહ્યું. અવંતિસુકુમાલની માતા ભદ્રા પણ પ્રભાતે સર્વ વહુની સાથે કંથેરિકાથી વ્યાપ્ત એવા શ્મસાનમાં જઇ. ત્યાં નૈરૃત્ય દિશામાં શિયાલણી ખેંચી ગએલી એવા પોતાના પુત્રના કલેવરને જોઇ વહુઓની સાથે ભદ્રા રૂદન કરવા લાગી. બહુ કાલ રૂદન કરી તથા વિલાપ કરી પછી પોતાની મેલે ઉત્પન્ન થએલા વૈરાગ્યવાલી ભદ્રાએ શિપ્રાનદીને કાંઠે પુત્રનું ઉર્ધ્વદેહિક કરી, ઘરે આવી અને એક ગર્ભિણી વહુને ઘેર રાખી બાકીની એકત્રીશ વહુઓ સહિત પોતે શ્રી સુહસ્તીસૂરિ પાસે દીક્ષા લીધી.

પછી ગર્ભિણી વહુએ એક પુત્રને જન્મ આપ્યો. તે પુત્રે અવંતિસુકુમાલના મૃત્યુને સ્થાનકે મહાકાલ નામનો અને મ્હોટો જિનપ્રાસાદ કરાવ્યો. તે લોકમાં પ્રસિદ્ધ થયો પણ તે કાલાંતરે મિથ્યાત્વીપણું પામ્યો. ભગવાન્ સુહસ્તીસૂરિ પણ યોગ્ય શિષ્યોને પોતાનો ગચ્છ સોંપી પોતે અનશન લઇ દેવલોક પ્રત્યે ગયા.

**'श्रीआर्यमहागिरि' अने 'श्रीआर्यसुहस्ति' नामना दशपूर्वधरोनी कथा संपूर्ण.**

निव्वुढा जेण तया, पन्नवणा सव्वभावपन्नवणा ॥
तेवीसइमो पुरिसपवरो, सो जयउ सामज्जो ॥ १८० ॥

જેમણે સર્વ ભાવોને પ્રરૂપણ કરનાર પન્નવણા ( પ્રજ્ઞાપના ) નામનો ગ્રંથ બનાવ્યો. તે ત્રેવીશમા શ્યામાર્ય નામના ઉત્તમ પુરૂષ જયવંતા વર્તો.

पढमणुओगे कासी, जिणचक्किदसारचरिअपूव्वभवे ॥
कालगसूरी बहुओलोगणुओगे निमित्तं च ॥ १८१ ॥

કાલકસૂરિએ પ્રથમાનુયોગ અને લોકાનુયોગ એવા બે ગ્રંથ કર્યા છે. તેમાં પ્રથમાનુયોગને વિષે જિન, ચક્રવર્તી અને દસારો ( દસાર કુલમાં થએલા પુરૂષો) નાં ચરિત્ર અને પૂર્વભવો છે. તેમજ લોકાનુયોગને વિષે ઘણાં નિમિત્ત કહ્યાં છે.

अज्जसमुद्दगणहरे, दुव्वलिए घिप्पईपिहोसव्वं ॥
सुतत्थचरमपोरिसि, समुट्टिए तिन्निकिइकम्मा ॥ १८२ ॥

આર્ય સમુદ્રસૂરિ દુર્બલ એટલે બહુ પ્રયાસ કરવામાં અસમર્થ હતા. એ કાર-

ણુથી ગુરૂયોગ્ય જૂદુ લે છે અને ગુરૂ સૂત્ર, અર્થ અને પોરિસીથી ઉઠે ત્યારે શિષ્યો ત્રણે વખત વિશ્રાંતિ, સેવા વિગેરે કરે છે. પહેલું સૂત્રની વાચના આપી રહે ત્યારે, બીજું અર્થવાચના થઇ રહ્યા પછી અને ત્રીજું સંથારા વખતે એમ અનુક્રમે જાણી લેવું.

सङ्काणगंति भंडय–पमुहे दिट्ठंत एगमित्तस्स ॥
मंगुस्स न किइकम्मं, नय विसु धिप्पई किंची ॥१८३॥

ગુરૂની માફક શ્રી મંગુસૂરિજી, આહાર જુદો લેતા નથી અને વિશ્રામણા પણ કરાવતા નથી. અને ભક્તિથી પૂછતા શ્રાવકોને ગંત્રી અને ભંડક આદિના દૃષ્ટાંતથી કહેતા હતા કે ' મજબુત ભાજન તેમ મજબુત ગાડીને સંસ્કારની જરૂર નથી.

जाइसरे सीहागिरी, वरसीसा आसि जस्सिमे चउरो ॥
धणगिरि थेरे समिए वइरे तह अरिहदिन्नेअ ॥ १८४ ॥

તે જાતિસ્મરણવાલા સિંહગિરિસૂરિ જયવંતા વર્તો કે જે સૂરિના ૧ ધનગિરિ, ૨ સ્થવિર સમિત, ૩ વજ્ર, અને અર્હદિન્ન, એવા ચાર શ્રેષ્ઠ શિષ્યો હતા.

सुमिणे पीओ पयपुन्न–पडिग्गहो जस्स हरिकिसोरेण ॥
सिरिवइरसमागमणे, तं वंदे भद्दगुत्तगुरुं ॥ १८५ ॥

શ્રીવજ્રસ્વામી ભણવા આવતા હતા તે સમયે જે સૂરિએ સ્વપ્નમાં પાત્રને વિષે ભરેલા દુધને સિંહનો બાલક પી જતો દીઠો હતો. તે શ્રી ભદ્રગુપ્ત ગુરૂને હું વંદના કરૂં છું.

कन्नाबिन्नंतरिदीव–वासिणो तावसावि पव्वइआ ॥
जस्साइसयं दट्ठुं, तं समिअं वंदिमो समिअं ॥ १८६ ॥

કણ્ણા અને બીણ્ણા નામની બે નદીઓનો મધ્યભાગ કે જે દ્વીપ કહેવાતો હતો તેમાં નિવાસ કરીને રહેલા તાપસો પણ જેમના અતિશયને જોઈ સાધુ થયા, તે શ્રીઆર્યસમિત ગુરૂને હું વંદના કરૂં છું. ॥

## 'श्रीआर्यसमित' नामना सूरीश्वरजीनी कथा.

આભીર દેશમાં અચલપુરની સમીપે કન્ના અને બિન્ના નામની બે નદીઓનો મધ્યભાગ કે જે બ્રહ્મદ્વીપ નામે ઓળખાતો હતો ત્યાં પાંચસે તાપસો રહેતા હતા. તેઓમાં જે મુખ્ય તાપસ હતો તે લેપવાલી પાવડીઓ ઉપર ચડી બિન્ના નદીને ઉતરી ગામમાં પારણું કરવા જતો. " આ તાપસ બહુ તપશક્તિવાલા છે. " એમ ધારી બહુ માણુસો તેના ભક્ત થયા. પછી તે માણસો શ્રાવકોની નિંદા કરતા અને કહેતા કે તમારા ગુરૂઓની મધ્યે કોઈ આવો અતિશયવાલો

છે ? તે ઉપરથી શ્રાવકોએ વજ્રસ્વામીના મામા આર્યસમિતસૂરિને તેડાવ્યા અને સર્વ વાત કહી. સૂરિએ કહ્યું. "તાપસની એ કાંઇ તપશક્તિ નથી પરંતુ પાદલેપની શક્તિ છે." પછી સૂરિના કહેવા ઉપરથી ઉપાય શોધી કાઢી શ્રાવકોએ તે તપસ્વીને પોતાને ત્યાં ભોજનનું આમંત્રણ કર્યું. ઘેર આવેલા તાપસને શ્રાવકોએ આદરથી પગ ધોવા પૂર્વક ભોજન કરાવ્યું અને સત્કાર કર્યો પછી સર્વે શ્રાવકો તે તાપસની સાથે નદીને કાંઠે ગયા. ત્યાં જેવો તે તાપસ જલમાં ચાલવા લાગ્યો તેવો તે બુડવા પણ લાગ્યો, તેથી તેની નિંદા થઈ. એવામાં ત્યાં આર્યસમિતિસૂરિ આવ્યા. તેમણે લોકને બોધ કરવા માટે નદીને કહ્યું. "હે બિન્ના નદી ! મ્હારે ત્હારા સામે પાર જવું છે." મુનિએ આટલુંજ કહ્યું. તેટલામાં તે નદીના બન્ને કાંઠા એકઠા થઇ ગયા, તેથી સૂરિ સામે તીરે ગયા. લોકો પણ બહુ આશ્ચર્ય પામ્યા. પછી નગરવાસી લોકોથી વિંટલાએલા સૂરિ પેલા તાપસો પાસે ગયા. ત્યાં તેમને ધર્મોપદેશ દઇ, પ્રતિબોધ પમાડી દીક્ષા આપી. પછી શ્રાવકો "આ ચૂર્ણપ્રયોગ છે પરંતુ તેઓની તપશકિત નથી." એમ ધારી જિનશાસનની પ્રભાવના કરતા છતાં નગર મધ્યે આવ્યા. તે દિવસથી તે સ્થાન "બ્રહ્મદ્વીપિકા શિખા." એવા નામથી પ્રસિદ્ધ થએલું છે.

**'श्रीआर्यसमित' नामना सूरीश्वरजीनी कथा संपूर्ण.**

**वेसमणस्स उ सामाणिओ, चुओ वग्गुरविमाणाओ ॥**
**जो तुंबवणे धनगिरि, अज्झ सुनंदासुओजाओ ॥ १८७ ॥**

કુબેરનો સામાનિક દેવતા વલગુવર વિમાનથી ચવી તુંબવન સંનિવેશને વિષે સુનંદાથકી પૂજ્ય એવો ધનગિરિ નામે પુત્ર થયો.

**तुंबवणसंनिवेसाओ, निग्गयं पियसगासमुल्लीणं ॥**
**छमासिअं छसुजुअं, माऊइसमन्निअं वंदे ॥ १८८ ॥**

તુંબક સંનિવેશથી નિકળેલા, પિતાની સાથે ઝોળીમાં રહેલા છ માસના, છકાય જીવની યતના કરનારા અને માતા સહિત એવા શ્રી વજ્ર સ્વામીને હું વંદના કરૂં છું.

**जो गुज्झगेहिं वालो, निमंतिओ भोयणेण वासंते ॥**
**निच्छइ विणीअविणओ, तं वइररिसिं नमंसामि ॥ १८९ ॥**

મહાવિનયવંત વજ્રસ્વામી જો કે બાલ્યાવસ્થાવાળા હતા તો પણ વર્ષાઋતુમાં ગુહ્યક દેવતાએ ભોજન માટે નિમંત્રણ તેમણે તે દેવતાના પીંડની ઇચ્છા કરી નહિ. તે શ્રી વજ્રસ્વામીને હું નમસ્કાર કરૂં છું.

उज्जेणीए जो जंभगेहिं, आणखिउण थुअमहिओ ॥
अखीणमहाणसिअं, सीहगिरिपसंसिअं वंदे ॥ १९० ॥

ઉજ્જયિની નગરીમાં જંભગ દેવતાએ જેમની પરીક્ષા કરી ગગનગામિની વિદ્યા આપવાપૂર્વક પ્રશંસા કરી, તે અક્ષીણ મહાનસીશક્તિવાળા અને સિંહગિરિ ગુરૂએ પ્રશંસા કરેલા વજ્રસ્વામીને હું વંદના કરૂં છું.

जस्स अणुन्नाए वायग–त्तणेण दशपुरंमि नयरंमि ॥
देवेहिं कया महिमा, पयाणुसारिं नमंसामि ॥ १९१ ॥

જેના વાચકપદની અનુજ્ઞામાં દેવતાઓએ જેમનો દશપુર નગરમા મહિમા કર્યો તે પદાનુસારી લબ્ધિવાળા **શ્રી** વજ્રસ્વામીને હું નમસ્કાર કરૂં છું.

जो कन्नाइ धणेण य, निमंतिओ जुव्वणंम्मि गिहिवइणा ॥
नयरंमि कुसुमनामे, तं वइररिसिं नमंसामि ॥ १९२ ॥

જેમને યુવાવસ્થામાં કુસુમપુર નામના નગરમાં ગૃહપતિએ ધન અને કન્યા માટે નિમંતર્યા હતા, તે શ્રી વજ્રસ્વામીને હું નમસ્કાર કરૂં છું.

जेणुद्धरिआ विज्जा, आगासगमा महापरिन्नाओ ॥
वंदामि अज्जवइरं, अपच्छिमो सो सुअहराणं ॥ १९३ ॥

જેમણે આકાશગામિની વિદ્યાનો મહાપરિજ્ઞાથકી ઉદ્ધાર કર્યો અને જે છેલ્લા શ્રુતધર થયા હતા, તે શ્રી વજ્રસ્વામીને હું વંદના કરૂં છું.

माहेसरीउ सेसा, पुरिअं निआ हुआसणगिहाओ ॥
गयणयलमइवइत्ता, वइरेण महाणुभावेण ॥ १९४ ॥

માહેશ્વરપુરીના હુતાશન વનથી શેષ કુલાદિક જે વજ્રસ્વામીજી આકાશ માર્ગે નગરીમાં લઈ ગયા તે મહાનુભાવ શ્રી વજ્રસ્વામીને હું નમસ્કાર કરૂં છું.

जस्सासी वेउव्विअ–नहगमणपयाणुसारिलद्धिओ ॥
तं वंदे जाइसरं, अपच्छिमं सुअहरं वइरं ॥ १९५ ॥

જેમને વૈક્રિય લબ્ધિ, આકાશગામિની અને પદાનુસારી લબ્ધિઓ પ્રાપ્ત થઈ હતી, તે જાતિ સ્મરણવાલા શ્રુતધર વજ્રસ્વામીને હું વંદ ા કરૂં છું.

नाणाविणयप्पहाणेहिं, पंचहिं सएहिं जो सुविहिआणं ॥
पाउवगओ महप्पा तज्झसवइरं नमंसामि ॥ १९६ ॥

જ્ઞાન અને વિનયાદિ ગુણોવાલા પાંચસે સાધુઓ સહિત જેમણે પાદોપગમન સ્વીકાર્યું. તે વજ્રસ્વામીને હું નમસ્કાર કરૂં છું.

करुणाइ वइरसामी, जं उज्झिअ उत्तमट्ठमल्लीणो ॥
आराहिअं लहुंतेण खुड्डएणंपि संतेणं ॥ १९७ ॥

વજ્રસ્વામીએ દયાથી જે ક્ષુલ્લકને ત્યજી દઇ અનશન સ્વીકાર્યું, ઉત્તમ એવા તે ક્ષુલ્લકે પણ તુરત અનશન લઈ પોતાના આત્માને સાધ્યો.

जस्सय सरीरपूअं, जं कासि रहेहिं लोगपालाओ ॥
तेण रहावत्तगिरी, अज्झवि सुविस्सओजाओ ॥ १९८ ॥

જે ક્ષુલ્લકના શરીરની પૂજા રથ ઉપર બેઠેલા લોકપાલોએ કરી, કે જેથી તે પર્વત " રથાવર્તગિરિ " એવા નામે આજ સુધી લોક પ્રસિદ્ધ થયો છે.

सोपारयंमि नयरमि–वयरसाहाविणग्गाया जत्तो ॥
सिरि वइरसामि सीसं, तं वंदे वइरसेनरिसिं ॥१९९॥

શ્રીવજ્રસ્વામીએ પોતાના શિષ્ય વજ્રસેનસૂરિને મહા દુર્ભિક્ષ કાલમાં સાધુના બીજનો ઉદ્ધાર કરવા માટે સોપારક નગરમાં મોકલી દીધો, કે જે વજ્રસેનથી વજ્રસ્વામીની એક શાખા ઉત્પન્ન થઈ. તે શ્રીવજ્રસ્વામીના શિષ્ય વજ્રસેન સૂરિને હું વંદના કરૂં છું.

## 'श्रीवज्रस्वामी' नामना अंतिम दशपूर्वधरनी कथा

માલવદેશના આભૂષણ રૂપ તુંબવન નામના ગામને વિષે ધનવંત એવા ધનગિરિએ પોતાની સુનંદા નામની ગર્ભિણી સ્ત્રીને ત્યજી દઈ દીક્ષા લીધી. સુનંદાએ અવસરે પુત્રને જન્મ આપ્યો. તે વખતે પુત્રે સુનંદાના મુખ થકી પોતાના પિતાની દીક્ષાની વાત સાંભલી. તેથી તે પુત્રને તુરત જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી તે બાલક પોતાની માતાને ઉદ્વેગ પમાડવા માટે નિરંતર રોવા લાગ્યો, તે એમ ધારીને કે " મ્હારા રોવાથી ઉદ્વેગ પામેલી મ્હારી માતા મને ત્યજી દેશે. " અનુક્રમે તે બાલક જેટલામાં છ માસનો થયો તેટલામાં ધનગિરિ વિગેરે બહુ સાધુઓના પરિવાર સહિત ઉત્તમ યુક્તિના જાણ એવા શ્રી સિંહગિરિ ગુરૂ તે તુંબવન નામના ગામ પ્રત્યે આવ્યા. પછી ધનગિરિ મુનિ, ભિક્ષા લેવા માટે ગામમાં જવા તૈયાર થયા, એટલે તેમને ગુરૂએ કહ્યું કે " આજે તમને સચિત્ત અથવા અચિત્ત જે કાંઇ મલે તે તમારે લેવું. " પછી ધનગિરિ મુનિ, ભિક્ષા માટે ગામમાં ફરતા ફરતા સુનંદાના ઘર પ્રત્યે આવ્યા. તે વખતે પુત્રથી ઉદ્વેગ પામેલી સુનંદાએ કહ્યું કે " હે સાધુશિરોમણિ ! તમે આ પુત્રને લઇ જાઓ. " ધનગિરિ મુનિએ તુરત તે પુત્રને લઇ ઝોળીમાં નાખી, સુનંદાના ઘરથી બહાર નિકલી, ગુરૂ પાસે આવી અને ગુરૂના હાથમાં મૂકયો. બાળકને હાથમાં મૂકતાંજ ગુરૂનો હાથ નમી ગયો તેથી " આ વજ્રસમાન ભારવાલો છે " એમ કહી હર્ષિત ચિત્તવાલા ગુરૂએ તે બાલકનું વજ્ર એવું નામ પાડયું. મહાસતીના ઉપાશ્રયમાં શ્રાવિકાઓ વડે પાલન કરાતો તે બાલક પારણામાં રહ્યો છતો અગીયાર અંગ ભણ્યો. જેને માટે કહ્યું છે કે,–

" જેમણે ફક્ત છ માસની અવસ્થામાં ચારિત્ર લેવાની ઇચ્છા કરી, જેમણે પારણામાં સૂતા સૂતા શાસ્ત્રનો અભ્યાસ કર્યો, જેમણે ત્રણ વર્ષની અવસ્થામાં સંયમ સ્વીકાર્યો અને જેમણે બાલ્યાવસ્થામાં સાધુઓના સમૂહને અભ્યાસ કરાવ્યો. " શય્યાતરીઓએ લાલન પાલન કરેલો અને અલંકૃત કરેલા વજ્રને ત્રણ વર્ષનો થએલો જોઇ સુનંદાએ સાધ્વી પાસે પુત્રની માગણી કરી કે " આ પુત્ર મ્હારો છે માટે તે મને સોંપો. " સાધ્વીઓએ કહ્યું. " અમે તમારો માતા પુત્રનો સંબંધ જાણતાં નથી. હે અનઘે ! અમને તે ગુરૂએ સોંપ્યો છે, તેટલુંજ ફક્ત જાણીએ છીએ. " એમ કહી સાધ્વીઓએ સુનંદાને પુત્ર સોંપ્યો નહીં. પછી સુનંદા પોતે તે સાધ્વીઓના ઉપાશ્રયમાં જઇ ધાવમાતાની પેઠે હર્ષથી સ્તનપાનાદિ વડે પુત્રને લાડ લડાવવા લાગી. વલી તેણીએ મનમાં એમ ધાર્યું કે " જ્યારે ધનગિરિ મુનિ ગામમાં આવશે ત્યારે હું બલાત્કારથી પુત્રને લઇશ. "

વજ્રકુમાર ત્રણ વર્ષનો થયો એવામાં કાર્યાકાર્યના જાણ ધનગિરિ વિગેરે સાધુઓ ત્યાં આવ્યા. સુનંદાએ ધનગિરિને કહ્યું. " મને મ્હારો પુત્ર પાછો આપો." ધનગિરિએ તેને પુત્ર આપ્યો નહીં પણ ઉલટું એમ કહ્યું કે " અરે મુગ્ધે ! તેં પુત્ર અમને આપી દીધો છે છતાં અત્યારે બેભાનથી માગે છે કે શું ? વમન કરેલા અન્નની પેઠે તે પુત્રને તું પાછો લેવાને કેમ ઇચ્છે છે ? જેમ વેચી દીધેલી વસ્તુ ઉપરથી પોતાનું સ્વામીપણું જતું રહે છે, તેમ આપી દીધેલી વસ્તુ ઉપરથી પણ પોતાનું સ્વામીપણું નાશ પામે છે. તેં તે પુત્ર આપી દઈ પરસ્વાધિન કર્યો છે. તો હવે તું તેને ન માગ. છેવટ બન્ને પક્ષોનો મ્હોટો વિવાદ થયો. તેમાં માણસોએ કહ્યું કે " આ વિવાદનો રાજા નિવેડો લાવશે. પછી પોતાના સ્વજનો સહિત સુનંદા રાજસભામાં ગઈ, સર્વ સંઘસહિત ધનગિરિ મુનિ પણ રાજસભામાં આવ્યા. રાજાની ડાબી બાજુએ સુનંદા બેઠી અને જમણી બાજુએ સંઘ સહિત ધનગિરિ વિગેરે સાધુઓ બેઠા. ભૂપતિએ બન્ને પક્ષની વાત સાંભલી કહ્યું કે " એ બાલક બોલાવવાથી જેની તરફ જાય તેને સોંપવામાં આવશે. " રાજાના આ ન્યાયને બન્ને પક્ષના લોકોએ માન્ય કર્યો. પરંતુ એમાં એ પ્રશ્ન ઉઠયો કે ' એ બાલકને પહેલું કોણ બોલાવે ? " નગરવાસી લોકોએ કહ્યું કે " હમણાં એ બાલક સાધુઓના સંગને લીધે તેમના પ્રેમમાં બંધાઈ ગયો છે માટે તે તેમનું વચન ઉલ્લંઘન કરશે નહીં, તેથી તે બાલકને પ્રથમ તેની દુષ્કરકારિણી માતા બોલાવે. કહ્યું છે કે મ્હોટા પુરૂષોને સ્ત્રીઓ અનુકંપા પાત્ર હોય છે. "

પછી સુનંદા, બાલકને ક્રીડા કરવા યોગ્ય રમકડાં અને વિવિધ પ્રકારનાં ભક્ષ્ય પદાર્થો દેખાડીને કહેવા લાગી. " હે વત્સ ! હું ત્હારા માટે આ હસ્તિ વિગેરે રમકડાં લાવી છું. તેને તું ગ્રહણ કરી મ્હારી આશા પૂર્ણ કર. હે બાલક ! આ

સાકર, લાડુ, દ્રાખ અને માંડા વિગેરે બહુ ખાવાના પદાર્થો છે તેમાંથી તને રૂચે તે ગ્રહણ કર. હે વત્સ ! સ્વામીએ ત્યજી દીધેલી અને તુંજ એક જેને આશ્રયભૂત છે એવી નિરાધાર જે હું તેની પાસે આવીને તું મને હર્ષ પમાડય, હર્ષ પમાડય. ” માતાનાં આવાં વચન સાંભળી જાણુ એવો વજ્રકુમાર “ માતાએ કરેલા ઉપકાર રૂપ દેવાથી કોઇ પુરૂષ છુટી શકતો નથી ” એમ ધારી વિચારવા લાગ્યો કે “ જો હું માતા ઉપર દયા કરી સંઘની ઉપેક્ષા કરીશ તો નિશ્ચે મને સંસાર બહુ લાંબો થશે. નહિ તો લઘુકર્મવાલી મ્હારી ધન્ય માતા દીક્ષા લેશે. ” આમ ધારી યોગીંદ્રની પેઠે વજ્રકુમાર પોતાના સ્થાનતરફથી માતા તરફ ગયો નહીં. પછી રાજાએ સુનંદાને કહ્યું. “ હે સુનંદે ! હવે તું જા, કારણુ તેં બોલાવ્યા છતાં પણ જાણે ક્રોધથીજ હોયની ? એમ ત્હારા તરફ આવ્યો નહીં. ” અવસર આવ્યો જાણી ધનગિરિએ હાથમાં રજોહરણ લઇ થોડા અક્ષરથી કહ્યું કે “ વત્સ ! જો દીક્ષા લેવામાં ત્હારૂં ચિત્ત હોય અને તું તત્ત્વનો જાણ હોય તો મેં આપેલા આ રજોહરણને અંગીકાર કર. ” મુનિનાં આવાં વચન સાંભલી ઉંચા કરેલા હાથવાલો વજ્રકુમાર બાલહસ્તિની પેઠે પગની ઘુઘરીઓનો શબ્દ કરતો છતો ધનગિરિ તરફ ચાલ્યો. નિર્મલ મનવાલા વજ્રકુમારે પિતાના ખોલામાં બેસી લીલા માત્રમાં તેમના ધર્મધ્વજને પોતાના હાથમાં લીધો.

પછી ખેદ પામેલી અને ગ્લાનિ પામેલા મુખવાલી સુનંદા પોતાના ચિત્તમાં ઉત્તમ બુદ્ધિવડે વિચારવા લાગી કે “ મ્હારા બંધુએ દીક્ષા લીધી, પતિએ પ્રવ્રજ્યા અંગીકાર કરી અને હવે પુત્ર પણ દીક્ષા લેશે. તો પછી હું પણ ચારિત્ર અંગીકાર કરૂં. હમણાં મ્હારે નથી પતિ કે નથી બંધુ, વલી પુત્ર પણ નથી. તેથી ગૃહવાસ કરતા તપસ્યા લેવી એજ મ્હારે શ્રેયકારી છે. ” આ પ્રમાણે વિચાર કરી સુનંદા પોતાને ઘરે ગઇ અને ધનગિરિ વિગેરે સાધુઓ વજ્રકુમારને લઈ ઉપાશ્રયે ગયા. વજ્રકુમારે તેટલા વર્ષ સુધી (ત્રણ વર્ષ પર્યંત) સ્તન પાન કર્યું. પછી તેણે તે ત્યજી દીધું. સિંહગિરિ ગુરૂએ તેને ફરી સાધ્વીઓને સોંપ્યો પછી સુનંદાએ પોતે પૂર્વના પુણ્યોદયથી તેજ સુગુરૂના ગચ્છને વિષે દીક્ષા લીધી અને વૈરાગ્યથી બહુ તપ કરવા લાગી. અભ્યાસ કરતી એવી સાધ્વીઓના મુખથી સાંભલીને સર્વ લબ્ધિના સમુદ્ર રૂપ એવા ભગવાન્ વજ્રસ્વામી અગીયાર અંગ ભણી ગયા. વજ્રસ્વામી આઠ વર્ષના થયા ત્યાં સુધી તે, સાધ્વીઓના ઉપાશ્રયે રહ્યા. ત્યાર પછી મુનિઓ તેમને પોતાને ઉપાશ્રયે લઇ ગયા.

એકદા શ્રી સિંહગિરિ ગુરૂએ અવંતિ નગરી પ્રત્યે જવા માટે પ્રયાણ કર્યું. એવામાં રસ્તે એક દિવસ મેઘ અખંડ ધારાથી વર્ષવા લાગ્યો. એટલે બાલ મુનિ વજ્રસ્વામી વિગેરે સાધુના પરિવાર સહિત ગુરૂએ કોઈ એક યક્ષ મંડપમાં નિવાસ કર્યો.

હવે વજ્રકુમારને કોઇ પૂર્વ ભવનો મિત્ર જૃંભક દેવતા હતો; તેણે તે વખતે

વજ્રકુમારના સત્ત્વની પરીક્ષા કરવા માટે વાણિકરૂપ વિકૂર્વ્યું. એટલુંજ નહિ પણ ઉત્તમ ઉંટ અને અશ્વ બાંધેલું, ગોણકથી વ્યાપ્ત, ગાડાઓના મંડલવાલું, અમૃત સમાન રાંધેલા અન્નના પાત્રોવાલું જમતા એવા બહુ માણસોવાળું આમ તેમ ફરી રહેલા ચાકરોવાળું અને દેવતાઓના નિવાસસ્થાન રૂપ સાર્થવાહ મંડલ વિકૂર્વ્યું. વર્ષાદ બંધ થયો એટલે તે જૃંભક દેવતા કે જેણે વણિક્ રૂપ ધારણ કર્યું હતું તે, સૂરિ પાસે જઇ ઝટ વંદનાપૂર્વક ભિક્ષાને અર્થે નિમંત્રણ કરવા લાગ્યો. સૂરિએ વૃષ્ટિને સર્વ પ્રકારે બંધ થએલી જોઇ વજ્રસ્વામીને ભિક્ષા લેવા જવા માટે આજ્ઞા આપી. પછી વજ્રસ્વામી આવશ્યકી ક્રીયા કરી બીજા સાધુસહિત ઈર્યાપથિનું ધ્યાન કરતા છતા ગોચરી લેવા ચાલ્યા; પણ રસ્તે બહુ ઝીણી ફોરી પડતી જોઈ અપ્કાયની વિરાધનાથી ભય પામીને પાછા વલ્યા. પછી પેલા જૃંભક દેવતાએ તે ઝીણી ફોરીને પણ બંધ કરી "હવે વૃષ્ટિ થતી નથી." એમ કહી વજ્રસ્વામીને બોલાવવા લાગ્યો. વજ્રસ્વામી વૃષ્ટિને બંધ થએલી જોઈ ભકતપાનાદિથી મનોહર એવા તે દેવતારૂપ સાર્થવાહના આવાસસ્થાન પ્રત્યે ગયા. ત્યાં તે સાર્થવાહ ભક્તિથી વહોરાવતા એવા સરસ ભકતને જોઇ વજ્રસ્વામીએ દ્રવ્ય ક્ષેત્રાદિથી ઉપયોગ દઇ વિચાર્યું કે "આ અસંભવિત એવા કોહોલા વિગેરેનું શાક એમણે કયાંથી કર્યું ? આ અવંતિ દેશમાં તો તે સ્વાભાવિક રીતે થતુંજ નથી; તો પછી આ વર્ષાઋતુમાં તેની વાત પણ શી કરવી ! વલી આ દાતારના પગ પૃથ્વીનો સ્પર્શ કરતા નથી, તેમજ તેની દ્રષ્ટિ પણ નિમેષરહિત દેખાય છે. આ દેવપિંડ વ્રતધારીઓને કલ્પતો નથી, માટે હું તે ભકતપાન વહોર્યા વિનાજ મ્હારા ગુરૂ પાસે જાઉં" આવી રીતે વિચાર કરી વજ્રસ્વામી ભિક્ષા લીધા વિના જેટલામાં પાછાવલ્યા, તેટલામાં વિસ્મય પામેલા દેવતાએ પ્રગટ થઇને કહ્યું. "અમે તમારા પૂર્વજન્મના મિત્રો જૃંભક દેવતા છીએ. તમે અમારા મિત્ર હોવાથી તમને જોવા માટે અહીં આવ્યા છીએ." પછી જૃંભક દેવતાએ પોતે કરેલા કપટના દંડરૂપ વજ્રસ્વામીને વૈક્રિયલબ્ધિ નામની વિદ્યા આપી.

એકદા શ્રીવજ્રસ્વામી જયેષ્ટ માસમાં બહિર્ભૂમિને વિષે વિહાર કરતા હતા, તે વખતે પણ વણિક્રૂપને ધારણ કરનારા તેના તેજ જૃંભક દેવતાએ ઘેબર વહોરાવવાનું નિમંત્રણ કર્યું. વજ્રસ્વામી તેના નિવાસસ્થાને આવ્યા પણ સાવધાન મનવાલા તેમણે પૂર્વની પેઠે તેને દેવપિંડ જાણી લીધો નહિ તેથી સંતોષ પામેલા ચિત્તવાળા તે જૃંભક દેવતા પોતાના પૂર્વભવના મિત્ર વજ્રસ્વામીને આકાશગામિની વિદ્યા આપી પોતાને સ્થાનકે ગયા. પોતાના ગચ્છ મધ્યે વિહાર કરતા વજ્રસ્વામીને પદાનુસારી લબ્ધિવડે એકાદશાંગી સ્થિર થઇ. સિંહગિરિ સૂરિ બીજા શિષ્યોને જે ભણાવતા કે જે વજ્રસ્વામી નહોતા ભણ્યા તે પણ ઉત્તમ બુદ્ધિવાળા વજ્રકુમાર ધારી લેતા. જ્યારે આચાર્ય, વજ્રસ્વામીને ભણવાનું કહેતા, ત્યારે તે નિદ્રાલુની પેઠે કાંઈક ગણગણ

કરતા, ગુરૂની આજ્ઞાના ભંગથી ભય પામતા અને પોતાના વીર્યને પ્રકાશ નહિ કરતા એવા તે વજ્રસ્વામી, કાંઈક અસ્પૃષ્ટ ઉચ્ચાર કરતા છતા બીજાના પાઠને સાંભળતા હતા.

એકદા મધ્યાન્હે સર્વે સાધુઓ ગોચરી લેવા ગયા અને ગુરૂ કાયચિંતા માટે બ્હાર ગયા. તે વખતે વજ્રસ્વામી એકલા ઉપાશ્રયનું રક્ષણ કરતા હતા. અવસર મલ્યો તેથી તેમણે સર્વે સાધુઓની ઉપધિ પોતાની આસપાસ મૂકી પોતે ગુરૂની પેઠે તેની મધ્યે બેસી ગંભીર મધુર સ્વરથી એકાદશાંગીની વાચના આપવા લાગ્યા. એવામાં દૂરથી આવતા એવા ગુરૂએ તે સાંભળ્યું. વાચનાનો શબ્દ સાંભલી ગુરૂએ ઉપાશ્રયના બારણા પાસે આવી વિચાર્યું કે "શું આજે સાધુઓ ગોચરી લઈ વહેલા આવ્યા ? નિશ્ચે ગોચરી લઈ આવેલા સાધુઓ મ્હારી વાટ જોતા સ્વાધ્યાય કરવા લાગ્યા જણાય છે." બોલ્યા વિના ક્ષણ માત્ર ઉભા રહી અને વિચારીને પછી વાચના આપતા એવા બાલ સાધુ વજ્રસ્વામીના શબ્દને તેમણે ઓળખ્યો.

એકાદશાંગીનો પોતાથી આગળ અભ્યાસ કરનારાને તે વાચના આપે છે ત્યારે તેણે ગર્ભમાંજ રહીને અભ્યાસ કર્યો છે કે શું ? ખરેખર આ અમને મ્હોટું આશ્ચર્ય થયું છે. જ્યારે હું તેને ભણાવું છું ત્યારે તો તે આળસ કરે છે. તેથી અમે તેને ભણવામાં આળસુ માની ધિક્કારીએ છીએ." આ પ્રમાણે વિચાર કરતા સિંહગિરિ ગુરૂ પોતે પ્રસન્ન થયા. અને આગળ જતા ઉભા રહ્યા, તે એમ ધારીને કે "પોતાની વાણી અમારા સાંભળવાથી શંકા પામેલો એ બાળક લજ્જા ન પામો." પછી ગુરૂએ મ્હોટા શબ્દથી નૈષેધિકીનો ઉચ્ચાર કર્યો. ગુરૂના તે શબ્દને સાંભળી વજ્રસ્વામી તુરત પોતાને આસનેથી ઉઠી ગયા અને મંદ ગતિથી આવતા એવા ગુરૂ જેટલામાં અંદર નહોતા આવ્યા તેટલામાં તેમણે સર્વ ઉપધિ જેમ હતી તેમ સૌ સૌને સ્થાનકે મૂકી દીધી. પછી સરળ સ્વભાવવાળા તેણે ગુરૂના ચરણની પ્રમાર્જનાદિ ભક્તિ કરી.

આ બાળકના મહાત્મ્યને નહિ જાણનારા બીજા સાધુઓ બાળકની સંસારનો ભય આપનારી અવજ્ઞા ન કરો." એમ રાત્રીએ વિચાર કરી સૂરિએ શિષ્યોને કહ્યું કે "હું અમુક ગામે જાઉં છું. ત્યાં મ્હારે બે ત્રણ દિવસ રહેવું પડશે." સાધુઓએ ગુરૂની પાસે આવીને કહ્યું કે "હે ગુરૂ ! અમને વાચના કોણ આપશે." ગુરૂએ કહ્યું. "તમારો વાચનાચાર્ય (તમને વાચના આપનારો) વજ્ર થશે." શિષ્યોએ તે ગુરૂના વચનને ભક્તિથી અંગીકાર કર્યું.

બીજે દિવસે સવારે ગુરૂ બીજે ગામ ગયા, એટલે સાધુઓએ પોતાનું આવશ્યક કર્મ કરી વાચના લેવા માટે વજ્રસ્વામીને ઉચ્ચ આસને બેસાર્યા. ગુણી એવા વજ્રસ્વામી પણ ગુરૂની આજ્ઞાથી તે ઉચ્ચ સ્થાનકે બેઠા અને સાધુઓ, તેમની ગુરૂની પેઠે વિનય ભક્તિ કરવા લાગ્યા. પછી વજ્રસ્વામીએ સર્વે સાધુઓને સ્પષ્ટ વાચના

આપી. વજ્રસ્વામીએ, મંદબુદ્ધિવાળાઓને પણ થોડા દિવસમાં એટલી વાચના આપી કે જે વાચનાને પૂર્વે બહુ દિવસ લાગતા. અતિ જડને વિષે પણ અમોઘ વચનવાળા વજ્રસ્વામીને જોઇ ગણવાસી કયા કયા સાધુઓ વિસ્મય નથી પામ્યા ? સાધુઓ પરસ્પર વિચારવા લાગ્યા કે " જો સૂરિ, અહિં આવતાં વાર લગાડે તો આપણે વજ્રસ્વામી પાસે શ્રુતસ્કંધને સમાપ્ત કરીએ. સાધુઓ વજ્રસ્વામીને ગુરૂથી અધિક ગુણવાળા માનવા લાગ્યા. ઉત્તમ પુરૂષ, પોતાના ગુરૂએ દીક્ષા આપેલા શ્રેષ્ઠ ગુણી પુરૂષને જોઇ હર્ષ પામે છે. સૂરિ વિચારવા લાગ્યા કે " આટલા દિવસમાં અમારા પરિવારથી વજ્રના ગુણ જાણી શકાયા નહિ.

એમ વિચારી સૂરિ કહેલે દિવસે પાછા આવ્યા. વજ્રસ્વામી સહિત સર્વે મુનિઓએ તેમના ચરણમાં નમસ્કાર કર્યા. પછી ગુરૂએ સર્વે સાધુઓને " તમારા સ્વાધ્યાયનો નિર્વાહ થાય છે કે ?" એમ પૂછ્યું એટલે સાધુઓએ " આપના ચરણના પ્રસાદથી સારો થાય છે " એમ કહ્યું. વળી સર્વે શિષ્યોએ નમસ્કાર કરી ગુરૂની વિનંતિ કરી કે " આપની આજ્ઞાથી વજ્રસ્વામી અમારા વાચનાચાર્ય થાઓ. અમોએ વજ્રસ્વામીના ગુણો આજે ઘણે દિવસે જાણ્યા છે. બાલ છતાં પણ તે હમણાં અમને આપના ચરણસમાન દેખાય છે. " શ્રી સિંહગિરિ સૂરિએ કહ્યું " ભલે તમે વજ્ર પાસે વાચના લ્યો. કારણ એ છે બાલક પણ હંમેશાં વિદ્યાથી વૃદ્ધ જાણવા. અમે ગામ જવાના મિષથી તમને ગુરૂ તરીકે સોંપ્યા હતા, તેનું કારણ એજ કે તમે તેમના આવા આશ્ચર્યકારી ગુણોના જાણ થાઓ. કારણ-ફક્ત સાંભળવાથીજ એણે અભ્યાસ કર્યો છે-એમ ન હોય તો એ વાચનાચાર્યની પદવીને યોગ્ય ન હોય. હે સાધુઓ ! તમારે તેને સાર કલ્પવાલા અને ઉપાસના કરવા યોગ્ય જાણવો. કારણ એ સર્વોત્તમ પદવીને યોગ્ય છે. "

પછી ઉદાર બુદ્ધિવાલા ગુરૂએ વજ્રસ્વામીને જે જે શ્રુત નહોતા ભણ્યા, તે તે તેમને અર્થસહિત ભણાવ્યા. વજ્રસ્વામીએ પણ ગુરૂને ફક્ત સાક્ષી માત્ર રાખી દર્પણને વિષે પ્રતિબિંબની પેઠે સર્વ સિદ્ધાંતનો અભ્યાસ કર્યો. શ્રી વજ્રસ્વામી બહુ કાલે એવા બહુશ્રુત ધારી થયા કે તે ગુરૂના પણ ન ભેદી શકાય એવા સંદેહ રૂપ ઘડીના ફોડી નાખવામાં મુદ્ગરપણાને પામ્યા. જેમ લીલા માત્રે કરી અંજલીમાં જલ લેવાય તેમ વજ્રસ્વામીએ એટલો અભ્યાસ કર્યો કે તેમણે ફક્ત ગુરૂના હૃદયમાં દૃષ્ટિવાદ રહેવા દીધો.

અન્યદા ગામે ગામ અને નગરે નગર ફરતા એવા સિંહગિરિ આચાર્ય પોતાના સાધુઓ સહિત દશપુર નગર પ્રત્યે આવ્યા. ત્યાં તેમણે વિચાર્યું જે " અત્યારે દશ પૂર્વના ધારણહાર ભદ્રગુપ્ત આચાર્ય ઉજ્જયિની નગરી પ્રત્યે રહે છે તેમની પાસેથી તે દશપૂર્વ ગ્રહણ કરવાં જોઇએ. આ વખતે પદાનુસારીલબ્ધિવાળો વજ્ર એકજ વિદ્યાદાન કરવા યોગ્ય છે. માટે વજ્રને હું તે દશપૂર્વના જાણ સૂરિ

પાસે મોકલું.” આ પ્રમાણે વિચાર કરી સિંહગિરિ સૂરિએ વજસ્વામીને કહ્યું કે “હે ઉત્તમ વજ્ર ! તું ઉજ્જયિની નગરીમાં રહેલા ભદ્રગુપ્ત આચાર્ય પાસે જઇ દશપૂર્વનો અભ્યાસ કર. મ્હારી આજ્ઞાથી તું ત્યાં દશપૂર્વનો અભ્યાસ કરી અહીં આવજે. તને શાસનદેવી નિરંતર સહાય થાઓ અને ત્હારા મુખથી અમારા ગચ્છને વિષે દશપૂર્વ વિસ્તાર પામો.” ગુરૂએ એવી રીતે આજ્ઞા કરી એટલે વજ, વિશાલા નગરી પ્રત્યે ગયો. વજસ્વામી જે દિવસે વિશાળા નગરીને વિષે આવવાના હતા તેજ રાત્રીમાં નિશ્ચિંત મનવાળા શ્રી ભદ્રગુપ્ત ગુરૂએ એક શુભ સ્વપ્ન દીઠું. તે એમકે “જાણે કોઈ પરદેશથી આવેલા માણસે ઝટ મ્હારા હાથમાંથી દુધ ભરેલું પાત્ર લઇ પોતે તૃપ્તિપર્યંત પીધું, અને તે સંતોષ પામ્યો.” ગુરૂએ સ્વપ્નની વાત પોતાના શિષ્યોને કહી, તેથી તેઓ પોતાની બુદ્ધિ પ્રમાણે જુદા જુદા વિતર્ક કરી તેનો અર્થ વિચારવા લાગ્યા. પછી રાત્રી નગરીની બહાર રહીને સવાર થતાં વજસ્વામી વિધિપૂર્વક શ્રી ભદ્રગુપ્ત સૂરિના ઉપાશ્રયે આવ્યા. શ્રી ભદ્રગુપ્ત મુનીશ્વર દૂરથી આવતા એવા વજસ્વામીને જોઈ હર્ષથી બહુ ઉલ્લાસ પામ્યા, એટલુંજ નહિ પણ પ્રસિદ્ધિના સમાન વજ્રની આકૃતિ જોઇ તેમણે “આ પોતે વજ છે.” એમ મનમાં નિશ્ચય કર્યો. પછી વંદના કરતા એવા વજસ્વામીને શ્રી ભદ્રગુપ્ત આચાર્યે સંતોષ પામી પોતાના ખોળામાં બેસારી આ પ્રમાણે કહ્યું.

“હે મહાભાગ ! તું ભલે આવ્યો. ત્હારૂં તપ નિર્વિઘ્નપણે વર્તે છે તો ખરૂં ? હે વત્સ ત્હારા ગુરૂ કુશળ છે ? ત્હારૂં અહીં આવવું શા કારણથી થયું છે ?” શ્રી વજસ્વામીએ ભદ્રગુપ્ત સૂરિને નમસ્કાર કરી, હાથ જોડી અને પોતાના મુખ આડી મુહપત્તિ રાખીને કહ્યું. “આપે સ્વાગતાદિ જે જે મને પૂછ્યું, તે ગુરૂના ચરણ પ્રસાદથી તેમજ વર્તે છે. હું ગુરૂની આજ્ઞાથી આપની પાસે દશપૂર્વનો અભ્યાસ કરવા આવ્યો છું, માટે આપ મ્હારા ઉપર કૃપા કરી મને વાચનાદાન આપો.” પછી શ્રી ભદ્રગુપ્ત આચાર્યે વજસ્વામીને દશપૂર્વ ભણાવ્યાં તેમાં ગુરૂને જરાપણ કલેશ થયો નહિ અને વજસ્વાતી દશપૂર્વી થયા.

શ્રી ભદ્રગુપ્ત ગુરૂએ વજસ્વામીને કહ્યું, કે “હે વત્સ ! હવે તું ઝટ ત્હારા ગુરૂ પાસે જા. કારણ જે મહાત્માએ જ્યાં શાસ્ત્રનો અભ્યાસ કરવાનો આરંભ કર્યો હોય, તે મનસ્વી પુરૂષે તે પોતાના ગુરૂની આજ્ઞા સ્વીકારવી જોઇએ.” શ્રી ભદ્રગુપ્ત ગુરૂએ આવી રીતે આજ્ઞા કરી એટલે સંપૂર્ણ દશપૂર્વના જાણ એવા શ્રી વજસ્વામી તેમને નમસ્કાર કરી પોતાના ગુરૂ શ્રી સિંહગિરિ સૂરિ પાસે આવ્યા. શ્રી સિંહગિરિ સૂરિએ પોતાની પાસે આવેલા વજસ્વામીને તે વખતે સર્વ સંઘની સમક્ષ પૂર્વની આજ્ઞા કરી તેજ વખતે વજસ્વામીના પૂર્વ ભવના મિત્ર જૃંભક દેવતાએ પુષ્પવૃષ્ટિ વિગેરે પ્રગટ મ્હોટું પ્રાતિહાર્ય કર્યું. શુભ આશયવાળા શ્રી સિંહગિરિ સૂરિ, વજસ્વામીને પોતાનો ગચ્છ સોંપી પોતે અનશન લઇ સ્વર્ગે ગયા.

પછી પાંચસે સાધુઓના પરિવાર સહિત શ્રી વજ્રસ્વામી ભવ્ય જનોને પ્રતિબોધ કરવા માટે પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા. સૂરીશ્વર શ્રીવજ્રસ્વામી પોતાના વિહારથી પૃથ્વીને પવિત્ર કરતા છતા જ્યાં જ્યાં વિહાર કરવા લાગ્યા ત્યાં ત્યાં તેમની આવી રીતે પ્રશંસા થવા લાગી કે "અહો એમનું ઉજ્વળ એવું શીલ આશ્ચર્યકારી છે, લોકોત્તર શ્રુત પણ આશ્ચર્યકારી છે. પવિત્ર એવું સૌભાગ્ય અને લાવણ્યતા પણ તેવાંજ આશ્ચર્ય ઉત્પન્ન કરનારાં છે."

હવે પાટલીપુર નગરને વિષે કુબેરના સરખો ધનવંત, લોકમાં સર્વથી પ્રસિદ્ધ અને સર્વ ઉત્તમ ગુણોથી શ્રેષ્ટ એવો ધન નામે શ્રેષ્ઠી વસતો હતો. તેને રૂકિમણી સમાન રૂપાળી, યૌવનાવસ્થાની સંપત્તિને પામેલી અને સર્વ પ્રકારની ઉત્તમ વસ્તુના આશ્રયરૂપ રૂકિમણી નામે પુત્રી હતી. એકદા તે શ્રેષ્ઠીની યાનશાલામાં શ્રી વજ્રસ્વામીના ગચ્છની કેટલીક સાધ્વીઓએ નિવાસ કર્યો હતો. તે સાધ્વીઓ હંમેશાં શ્રી વજ્રસ્વામીનાં સત્ય ગુણોની સ્તુતિ કરતી હતી. કહ્યું છે કે ગુરૂના ગુણની સ્તુતિ કરવી એ એક સ્વાધ્યાય તથા આવશ્યક સમાન છે. શ્રી વજ્રસ્વામીના ઉત્તમ ગુણોને સાંભળી હર્ષ પામેલી રૂકિમણીએ શ્રી વજ્રસ્વામીને પોતાનો પતિ ઈચ્છતાં છતાં એવી પ્રતિજ્ઞા કરી કે "જો વજ્રસ્વામી મ્હારો પતિ થાય તોજ મ્હારે ભોગ ભોગવવા નહિતર મ્હારે ભોગથી સર્યું. કારણ ઇષ્ટ પતિ વિના શોભા શા કામની? હવે બીજા જે કોઇ માણસ, ધનશ્રેષ્ઠીને ઘરે તે રૂકિમણીનું હર્ષથી માગુ કરવા આવતા તેનું પોતે રૂકિમણી મ્હોં મરડી તિરસ્કાર કરતી. આ વાતની સાધ્વીઓને ખબર પડી ત્યારે તેમણે રૂકિમણીને કહ્યું કે "હે રૂકિમણી! તું ખરેખરી ભોળી દેખાય છે. કારણ જે તું રાગરહિત એવા યતિ વજ્રસ્વામીને વરવાની ઇચ્છા કરે છે." રૂકિમણીએ કહ્યું "જો વજ્રસ્વામી યતિ છે તો હું પણ પ્રવ્રજ્યા લઇશ. કારણ જે તેમની ગતિ તે મ્હારી ગતિ." એવામાં શ્રુતના સમુદ્ર એવા શ્રી વજ્રસ્વામી વિહારથી પૃથ્વીને પવિત્ર કરતા છતા તે પાટલીપુર નગરને વિષે આવ્યા. રાજાએ સૂરિનું આગમન સાંભલ્યું, તેથી તે, પોતાના પરિવાર સહિત મ્હોટી સંપત્તિથી તેમને વંદન કરવા ગયો. ત્યાં તેણે આવતા એવા વજ્રસ્વામીની ચારે તરફ ટોળે ટોળાં રહેલા સર્વે મુનિઓને તીવ્ર તપની સંપત્તિએ કરીને રાજાના સરખા અંગવાળા જોયા. રાજા સર્વે મુનિઓને કાંતિવાલા, સુંદર આકૃતિવાળા અને પ્રસન્ન એવા જોઈ વિચારવા લાગ્યો કે "આ સર્વે પ્રિયકારી બોલનારા, દયાના સમુદ્ર, સમતા તથા અમમતાના પાત્ર તેમજ ગુણવંત દેખાય છે. આમાં વજ્રસ્વામી કોણ છે? તે હું જાણતો નથી. જે સર્વ ગચ્છના અધિપતિ છે અને વંદના કરવા યોગ્ય છે. હવે હું શું કરૂં? ક્ષણ ઉભા રહી તેણે પૂછ્યું કે "હે પવિત્ર તપોધન ભગવંતો! તમારામાં વજ્રસ્વામી કોણ છે તે મને કહો?" સાધુઓએ કહ્યું. "હે રાજન્! અમે વજ્રસ્વામીની પાસે રહેનારા છીએ, તેથી અમે તેમના સમાન કેમ થઇએ? તારાઓ ક્યાં અને

ચંદ્રમા ક્યાં ? ” રાજાએ આ પ્રમાણે સર્વે સાધુઓને પૂછતાં પૂછતાં છેવટના ભાગમાં રહેલા અને અતિશયના સ્થાન રૂપ એવા વજ્રસ્વામીને દીઠા. જાણે પોતાના મુકુટના રત્નોના કિરણો રૂપ જલપ્રવાહથી જાણે તેમના ચરણને પ્રક્ષાલન કરતો હોયની ? એમ રાજાએ ત્રણ પ્રદક્ષિણા કરીને શ્રીવજ્રસ્વામીના ચરણમાં વંદના કરી. સૂરીશ્વર શ્રીવજ્રસ્વામીએ, પોતાના પરિવાર સહિત ઉદ્યાનમાં વૃક્ષની છાયામાં નિવાસ કર્યો. રાજા પણ નગરવાસી લોકો સહિત ભક્તિ ભાવથી ધર્મ સાંભળવા માટે ત્યાં જઈ તેમની પાસે બેઠો. પછી ભગવાન શ્રીવજ્રસ્વામીએ એવી ધર્મ-દેશના આપી કે જેથી રાજાદિ સર્વે લોકો ચમત્કાર પામ્યા. રાજા દેશનાને અંતે સૂરિને પ્રણામ કરી પોતાના અંતઃપુર પ્રત્યે ગયો. ત્યાં તેણે પોતાથી સ્ત્રીઓની આગલ તુરત કહ્યું કે “ હે પ્રિયાઓ ! શાસ્ત્રના સમુદ્ર રૂપ શ્રીવજ્રસ્વામી ગુરૂ આજે ઉદ્યાનમાં સમવસર્યા છે. મેં અમૃતને પણ તુચ્છ કરનારી તેમની ધર્મ દેશના સાંભળી અને શ્રાવક ધર્મ અંગીકાર કરી પોતાનો જન્મ સફલ કર્યો છે. માટે તમે પણ શ્રીવજ્રસ્વામીને વંદન કરવા માટે ઝટ જાઓ. ” રાજાનો આવો આદેશ સાંભલી શુભ મનવાલી સર્વે રાણીઓ રથમાં બેસી પોતાના પરિવાર સહિત શ્રી વજ્રસ્વામી પાસે ગઇ.

હવે એમ બન્યું કે માણસોના કહેવાથી શ્રીવજ્રસ્વામીના આગમનને સાંભલી રૂકિમણી પણ લજ્જા ત્યજી દઇ અતિ પ્રિય એવા પોતાના પિતાને કહેવા લાગી. “ હે તાત ! જેમ બપૈયો મેઘ ઉપર અનુરાગ ધરે છે તેમ હું જેના ગુણ સાંભલી બહુ અનુરાગવાળી થઇ છું તે મહિમાના આશ્રય રૂપ શ્રીવજ્રસ્વામી અહીં આવ્યા છે. માટે ઝટ મને ત્યાં લઇ તેમને સ્વાધિન કરો. કારણ બુદ્ધિવંત પુરૂષોએ સારા કાર્યમાં જરા પણ વિલંબ કરવો નહીં. ” રૂકિમણીનાં આવાં વચન સાંભલી હર્ષ પામેલો ધન શ્રેષ્ઠી બીજે દિવસે ક્રોડ દ્રવ્ય સહિત રૂકિમણીને સાથે લઇ તુરત વજ્ર-સ્વામી પાસે ગયો. તે વખતે શ્રીવજ્રસ્વામીની ધર્મદેશના સાંભલી ભક્તિવંત લોકો પરસ્પર એમ સ્પષ્ટ કહેવા લાગ્યા કે “ શ્રીવજ્રસૂરીશ્વરનો જેવો સુસ્વર છે તેવું જો રૂપ હોત તો નિશ્ચે દુધમાં સાકર મલ્યા જેવું થાત. ગુણના સમુદ્ર રૂપ શ્રીવજ્રસ્વામીએ નગરપ્રવેશ કરવામાં પોતાનું રૂપ પુરને ક્ષોભ પમાડે એવા ભયથી પોતાની શક્તિવડે તે સંક્ષેપ કરી દીધું છે. ” લોકોના આવા મનોગત ભાવને તથા સંતાપને શ્રીવજ્રસ્વામીએ શ્રુતજ્ઞાનના ઉપયોગથી જાણ્યો. પછી બીજે દિવસ તેમણે પોતાની લબ્ધિથી લક્ષ્મીના પદ્માસન સરખું સહસ્ર દલ કમલ પ્રગટ કર્યું અને પોતાનું સ્વાભાવિક અદ્‌ભૂત રૂપ પણ પ્રગટ કર્યું, ત્યાર પછી ભગ-વાન વજ્રસૂરિ હંસની પેઠે તે સહસ્ર દળ કમલ ઉપર બીરાજ્યા. શ્રીવજ્રસ્વામીના નિરૂપમ રૂપને જોઇ લોકો પોતાના મસ્તકને ધૂણાવતા છતા પરમ આશ્ચર્ય પામ્યા. લોકો કહેવા લાગ્યા કે “ શ્રીવજ્રસ્વામીનું આ સ્વાભાવિક રૂપ અને તેને મલતો

તેવોજ ઉત્તમ સ્વર, સુવર્ણ અને સુગંધ સમાન શોભે છે." રાજાએ કહ્યું. "હે ભગવન્ ! આપની આકૃતિ આવી વિરૂપ કેમ હતી ?" ગુરૂએ કહ્યું. "મ્હારૂં સ્વરૂપ રાજ સ્ત્રીઓને વિકૃતિ ઉત્પન્ન કરનારૂં હોવાથી મેં પોતાની શક્તિથી આવું વિરૂપ બનાવ્યું કહ્યું છે કે પાપપ્રવૃત્તિ સંસારને વધારનારી છે."

પોતાની પુત્રીનું પાણીગ્રહણ કરવામાં વ્યગ્ર ચિત્તવાલા ધન શ્રેષ્ઠીએ આગલ બેસીને શ્રીવજ્રસ્વામીની ધર્મદેશના સાંભલી. દેશનાને અંતે ધનશ્રેષ્ઠીએ હાથ જોડી શ્રીવજ્રસ્વામીને કહ્યું. "હે શ્રેષ્ઠ મુનીશ્વર ! આપ આ મ્હારી પુત્રીનો પાણીગ્રહણ કરો. હે વજ્રસ્વામી ! વિવાહ પછી હસ્તમેલાપ વખતે હું આપને આ અનેક ક્રોડ દ્રવ્ય આપીશ." શ્રીવજ્રસ્વામીએ તેને અજાણ જાણી હસીને કહ્યું. "મ્હારે ત્હારી કન્યાનું તેમજ ક્રોડ દ્રવ્યનું પ્રયોજન નથી. કમલાના રોગવાલાની પેઠે મ્હારે વિષયો વિષ તુલ્ય છે. મદ્યપાન પ્રથમ બહુ મીષ્ટ લાગે છે પરંતુ પરિણામે બહુ દુઃખકારી થાય છે. હા ! માણસને ચિંતવન કરેલા વિષયો પરભવમાં પણ વિષથી વધારે અનર્થકારી થાય છે. વિષયોને દુઃખકારી માની હું તેનો શી રીતે સ્વીકાર કરૂં ? શું પકડાઈ ગએલા ચોરથી કોઇ પણ દ્રવ્ય ચોરી શકાય ખરૂં કે ? જો પુણ્યથી પવિત્ર અંગવાલી તમારી કન્યા મ્હારા ઉપર અનુરાગ ધરતી હોય તો મેં ગ્રહણ કરેલી તપસ્યાને તે પણ સ્વીકારો. જો કુલીન એવી તે તમારી પુત્રી મનવડે કરીને મને પોતાને ઇચ્છતી હોય તો તે પોતાનું ચિત્ત નિશ્ચયથી તપસ્યાને વિષે સ્થાપન કરો."

આ પ્રકારના શ્રી વજ્રસૂરીશ્વરના કોમલ અને મધુર વચનથી પ્રતિબોધ પામેલી અલ્પ કર્મવાલી રૂકિમણીએ તેજ વખતે દીક્ષા લીધી. તે વખતે બીજા બહુ માણસો ભવિક જનો "નિશ્ચે આ ધર્મ કલ્યાણકારી છે, કે જેમાં આવું અકિંચનપણું દેખાય છે" એમ વિચારી પ્રતિબોધ પામ્યા.

એકદા શ્રી ભગવાન વજ્રસ્વામીએ 'મહાપરિજ્ઞા' નામના ધ્યયનથી ઉત્તમ એવી આકાશ ગામિની વિદ્યાનો ઉદ્ધાર કર્યો અને કહ્યું કે "આ ગુહ્ય વિદ્યાથી ઉત્પન્ન થએલી શક્તિવડે એટલી અપ્રતિમ શક્તિ આવે છે કે માણસ જંબૂદ્વીપથી માનસોત્તર પર્વત સૂધી જઈ શકે છે. આ વિદ્યા ફક્ત મ્હારે ધારણ કરી રાખવી, પરંતુ કોઈને આપવી નહીં. કારણ હવે પછીના માણસો અલ્પ સંપત્તિવાળા અને અલ્પ સત્ત્વવાલા થશે."

જેમ મકરસંક્રાતિને વિષે સૂર્ય દક્ષિણદિશાના માર્ગથી ઉત્તર તરફ ગમન કરે છે તેમ ક્યારેક શ્રીવજ્રસ્વામીએ પૂર્વ દિશા તરફથી ઉત્તર દિશામાં વિહાર કર્યો. આ વખતે ત્યાં મ્હોટો દુકાલ પડેલો હોવાથી ભોજનની ઇચ્છાના અનુબંધથી અતિ વિધુર બનેલા લોકો દેખાતા હતા. પછી દુકાલથી અતિ પીડા પામેલા અને દીનમનવાલા સર્વ સંઘે એકઠા થઈ સૂરીશ્વર એવા શ્રીવજ્રસ્વામીની વિનંતિ કરી કે "આપ કોઈ પણ રીતે આ દુઃખ રૂપ સમુદ્રથી અમારો ઉદ્ધાર કરો, અને

સંઘને માટે પોતાની વિદ્યાનો પ્રયોગ ક્યારે પણ દૂષણ પામતો નથી. ” પછી વજ્રસ્વામીએ પોતાની વિદ્યાના પ્રભાવથી ચર્મરત્નના સમાન અને ચક્રવર્તીના અતિશયના સ્થાન રૂપ એક મ્હોટો પટ્ટ વિકુર્વ્યો. શ્રી વજ્રસ્વામીની આજ્ઞાથી સર્વ સંઘ, તે વિસ્તારવંત એવા મહાપટ્ટને વિષે ઝટ બેઠો. પછી શ્રી વજ્રસ્વામીએ પ્રેરેલી વિદ્યાની શક્તિથી તે પટ્ટ વાયુએ ઉડાડેલા આકડાના રૂની પેઠે આકાશમાં ચાલ્યો. આ વખતે શ્રી વજ્રસૂરિનો દત્ત નામનો શય્યાતર કે જે પ્રથમ પાણી લેવા માટે ગયો હતો તે આવ્યો. તેણે જોયું તો સંઘ સહિત આકાશમાં પટ્ટને જતો જોયો. તેથી તે તુરત લોચ કરીને કહેવા લાગ્યો કે “ હે ભગવન્! હું પહેલો આપનો શય્યાતર હતો અને હમણાં સાધર્મીક થયો છું. માટે આપ હમણાં મ્હારો પણ ઉદ્ધાર કરો. ” આવી ઉપાલંભગર્ભિત શય્યાતરની વાણી સાંભલી શ્રી વજ્રસ્વામીએ તેને લોચ કરેલો જોઈ તુરત સૂત્રાર્થને સંભાર્યો કે “ જે સાધર્મિકનું વાત્સલ્ય કરનારા હોય, જે સ્વાધ્યાય કરવામાં તત્પર હોય અને જે તીર્થપ્રભાવના કરનારા હોય તેમને મુનિરાજે આપત્તિમાંથી છોડાવવા. આવો સૂત્રાર્થ મનમાં યાદ લાવી શ્રી વજ્રસ્વામીએ તે શય્યાતરને તુરત પટ્ટ ઉપર લઈ લીધો. વિદ્યાપટ્ટ ઉપર બેઠેલો સર્વ સંઘ વિસ્મયથી પૃથ્વીને હાથમાં રહેલા આંબલાની પેઠે દેખતો હતો. માર્ગે સમ્યક્દ્રષ્ટિ દેવતાઓએ પૂજન કરેલા, પટ્ટ ઉપર બિરાજમાન થએલા, પટ્ટ ઉપર બેઠેલા શ્રી સંઘને તત્ત્વની ધર્મદેશના આપતા અને માર્ગમાં અનેક ચૈત્યને ભક્તિથી વંદના કરતા એવા શ્રીમાન વજ્રસ્વામી પુરિકા નામની નગરી પ્રત્યે આવ્યા. ધનથી પૂર્ણ એવી તે નગરીમાં હંમેશાં સુકાલ હતો. લોકો ઘણું કરીને ઉત્તમ શ્રાવક હતા. પણ ત્યાંનો રાજા બૌદ્ધધર્મી હતો. તે નગરીમાં જૈન અને બૌદ્ધ લોકો હંમેશાં પરસ્પર સ્પર્ધા કરી દેવપૂજાદિ પુણ્ય કાર્યો કરતા હતા. જૈન લોકો નગરીમાં જે જે પૂજાના ઉપયોગમાં આવે તેવી પુષ્પાદિ વસ્તુઓ જોતા તે તે અધિક અધિક મૂલ્ય આપીને ઝટ ખરીદ કરતા. બૌદ્ધ લોકો તે પ્રમાણે પુષ્પાદિ વસ્તુઓ ઝટ ખરીદ કરતા નહીં, તેથી બૌદ્ધ મંદીરોને વિષે પૂજા બહુ ઓછી થતી તે ઉપરથી લજ્જા પામેલા બૌદ્ધ લોકોએ પોતાના બુદ્ધધર્મિ રાજા પાસે જઇ વિનંતિ કરી શ્રાવકને મળતાં પુષ્પો બંધ કરાવ્યાં. તેથી શ્રાવકોને બજારમાં એક પણ પુષ્પ મળતું નહીં. અરે બહુ મૂલ્ય આપતા છતાં એક બહુ નાનું બીંટ પણ મેળવવા તેઓ સમર્થ થયા નહીં એવામાં પર્યુષણ પર્વ સમીપ આવ્યું, તેથી જિનરાજની ઉપાસના કરનારા જૈન લોકો દીન મુખવાલા થઈ રૂદન કરતા છતા શ્રી વજ્રસ્વામી પાસે આવ્યા. નેત્રના જલથી પૃથ્વીને પલાળતા એવા તે ઉત્તમ શ્રાવકો વજ્રસ્વામીને નમસ્કાર કરી ગદ્ ગદ્ વાણી વડે આ પ્રમાણે કહેવા લાગ્યાઃ–

હે સૂરીશ્વર! દુષ્ટ ભૂતથી તિરસ્કાર કરાયલા બાલસમૂહની પેઠે બૌદ્ધ લોકોથી

પરાભવ પામેલા અમે જિનમંદીરમાં પૂજાદિ રચવા સમર્થ થતા નથી. બૌદ્ધ લોકોની વિનંતિ ઉપરથી બૌદ્ધધર્મિ રાજાએ સર્વ માલી લોકોને હુકમ કરી અમને પુષ્પ આપતા અટકાવ્યા છે. હે પ્રભો ! વધારે શું કહીએ પરંતુ અમે અગથિઆના પુષ્પ પણ મેલવી શકતા નથી. ધનવંત છતાં પણ અમે શું કરીએ, કારણ રાજાની આજ્ઞાને કોણ ઉલ્લંઘન કરે ? માટે હે સ્વામિન્ ! બૌદ્ધ મતથી પરાભવ પામેલા જિનમતની શ્રી જિનરાજના કહેવા પ્રમાણે પોતાની શકિતવડે પ્રભાવના કરો." પછી "હે શ્રાવકો ! હું પ્રભાવના માટે ઝટ યત્ન કરીશ." એમ કહી ભગવાન્ શ્રી વજ્રસ્વામી તત્કાલ આકાશ માર્ગે ચાલ્યા અને ક્ષણમાત્રમાં માહેશ્વરી પુરી પ્રત્યે આવી પહોચ્યા. ત્યાં એક આશ્ચર્યકારી ઉદ્યાનમાં ઉતર્યા. તે મહા ઉદ્યાન હુતાશન નામના દેવનો હતો. તે ઉદ્યાનમાં જે માલી રહેતો હતો. તે ધનગિરિનો મિત્ર થતો હતો. તેથી તે માલી સવારે વાદલા વિના ઓચિંતા આવેલા વર્ષાદની પેઠે વજ્રસ્વામીને જોઇ બહુ હર્ષ પામ્યો. "જે તિથિએ આપ મ્હારા અતિથિ થયા, તે તિથિ મ્હારે ધન્ય છે. આપવડે હું જોવાયો તેથી હું મ્હારા આત્માને પણ ધન્ય માનું છું. આપે સુસ્વપ્નની પેઠે મ્હારા ઉપર ઓચિંતો ઉપકાર કર્યો, તેથી હું મ્હારા ભાગ્યને મ્હોટું માનું છું. આપ મ્હારા અતિથિ થયા છો તો હું આપનું શું આતિથ્ય કરૂં ?" શ્રી વજ્રસ્વામીએ કહ્યું. "હે ઉદ્યાનપાલક ! મ્હારે પુષ્પનું પ્રયોજન છે. તો કહે તું તે કેટલાં આપીશ ?" ઉદ્યાનપાલકે કહ્યું. "આ ઉદ્યાનમાં હંમેશાં વીસ લાખ પુષ્પ થાય છે, માટે તે સ્વીકારી આપ મ્હારા ઉપર અનુગ્રહ કરો." શ્રીવજ્રસ્વામીએ કહ્યું. "હે આરામિકાધિપ ! તું તે પુષ્પોને તૈયાર કરી રાખ, હું હમણાં જઇને પાછો આવું છું." મુનીશ્વર શ્રીવજ્રસ્વામી એમ કહી પોતાની વિદ્યાની શકિતથી આકાશ માર્ગે ચાલ્યા અને અલ્પ સમયમાં ક્ષુદ્ર હિમવદ્‌ગિરિ પ્રત્યે આવી પહોંચ્યા. ત્યાં તેમણે શાશ્વત અરિહંત ચૈત્યને ભાવથી નમસ્કાર કરી તત્કાલ પદ્મહૃદમાં રહેલા લક્ષ્મીના ગૃહ પ્રત્યે પ્રવેશ કર્યો. આ વખતે એક લક્ષ પાંખડીવાલું પ્રફુલ્લિત કમલ હાથમાં લઈ જિનરાજનું પૂજન કરવા માટે જિનમંદીરમાં જતી એવી લક્ષ્મીદેવીએ તે વજ્રસ્વામીને દીઠા. લક્ષ્મીદેવીએ શ્રી વજ્રસ્વામીને પ્રણામ કરીને આ પ્રમાણે કહ્યું. "હે ભદ્રે ! અહિં આપનું પધારવું શા હેતુથી થયું છે ?" ભગવાન્ વજ્રસ્વામીએ કહ્યું. "હે શ્રી દેવી ! તમારા હસ્તકમલમાં રહેલું પદ્મ જિનેશ્વરનું પૂજન કરવા માટે મને આપો." શ્રી દેવીએ તે કમલ શ્રી વજ્રસ્વામીને આપ્યું એટલે તે કમલ લઈ આગમના સમુદ્ર શ્રી વજ્રસ્વામી આકાશ માર્ગે થઈ તુરત હુતાશન દેવના મ્હોટા ઉદ્યાનમાં આવ્યા. ત્યાં તેમણે પોતાની વિદ્યાના બલથી પાલકના સરખા આકારવાલું અને બહુ સંપત્તિથી મનોહર એક મ્હોટું વિમાન વિકૂર્વ્યું. તેમાં તેમણે લક્ષ્મી દેવીએ આપેલું કમલ મૂકી તેની પડખે વિશ લાખ પુષ્પો મૂક્યાં. તે વખતે સ્મરણ કરવા માત્રથીજ હાજર થએલા જાંભક

દેવતાઓએ મ્હોટા મહોત્સવપૂર્વક નૃત્ય કરવા માંડયું. પછી વિમાનને વિષે કમલના નીચેના ભાગમાં શ્રી વજ્રસૂરિએ બેસીને આકાશમાં તે વિમાનને ચલાવ્યું. વિમાન આકાશ માર્ગે ચાલવા લાગ્યું એટલે તેની સાથે વિમાનમાં બેઠેલા દેવતાઓ પણ ગાયન કરતા અને વાજીંત્ર વડાગતા છતાં ચાલવા લાગ્યા. દેવતાઓથી વિંટલાયલા અને વિમાનમાં બેઠેલા શ્રી વજ્રસ્વામી, બૌદ્ધલોકોથી દૂષિત એવી પુરિકા નામની નગરી પ્રત્યે આવી પહોંચ્યા. આકાશમાં વિમાનોને જોઈ નગરીનિવાસી લોકો ઉંચું જોઈ હર્ષ પામતા છતા પરસ્પર કહેવા લાગ્યા.

અહો ! બૌદ્ધમતના મ્હોટા પ્રભાવને જોઈ દેવતાઓ બુદ્ધપ્રતિમાનું પૂજન કરવા માટે આવે છે, માટે બુદ્ધ પ્રભુને નમસ્કાર થાઓ." આવી રીતે બૌદ્ધ લોકો કહેતા હતા એવામાં શ્રી વજ્રસ્વામી વિમાનોવડે આકાશમાં ગાંધર્વ નગરની શોભાને દેખાડતા છતા અરિહંત મંદીરમાં ગયા. ત્યારે તો ગ્લાનિ પામેલા મુખવાળા બૌદ્ધ લોકો ફરી કહેવા લાગ્યા કે " અહો ! જિનમતની આ મ્હોટી પ્રભાવના થઇ. અમોએ ચિંતવ્યું હતું કાંઈ બીજું અને થયું પણ કાંઇ બીજું. આજેજ આ બૌદ્ધશાસનના પહેલાજ થએલા લાઘવપણાને ધિક્કાર થાઓ ! ધિક્કાર થાઓ ! !

પછી પર્યુષણ પર્વને દિવસે દેવતાઓએ અરિહંત પ્રભુના મંદીરમાં માણસોને અગોચર એવું મ્હોટું સમવસરણ રચ્યું. જૃંભક દેવતાઓના સમૂહે કરેલી અરિહંત-શાસનની પ્રભાવનાને જોઇ રાજાએ બૌદ્ધધર્મને ત્યજી દઇ શ્રી અરિહંતના ધર્મને પોતે સ્વીકાર્યો.

પછી મમતારહિત એવા શ્રીવજ્રગુરૂ પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા સૂર્યની પેઠે લોકને પ્રતિબોધ કરવા માટે દક્ષિણ દિશામાં ગયા. ત્યાં એક દિવસ તેમને શ્લેષ્મ ( સલેખમ ) નો વ્યાધિ થયો. પછી પોતાના સાધુઓએ ઉપચાર માટે આણેલા સુંઠના ગાંગડાને હાથમાં લઇ " હું તેને ભોજન કરી રહ્યા પછી ભક્ષણ કરીશ. " એમ ધારી પાંચ આચારના નિધિ રૂપ શ્રીવજ્રસ્વામીએ તે સુંઠના ગાંગડાને પોતાના કાન ઉપર મૂકયો. સ્વાધ્યાયના ધ્યાનમાં લીન આત્માવાલા તે પૂજ્ય મહાત્મા શ્રીવજ્રસ્વામી ભોજનને અંતે પણ કાન ઉપર રહેલી સુંઠને ભક્ષણ કરવી ભૂલી ગયા. પછી સંધ્યા સમયે પ્રતિક્રમણ અવસરે મુહપત્તિથી દેહનું પડિલેહણ કરતાં તે સુંઠનો ગાંગડો પૃથ્વી ઉપર પડયો. ખટ શબ્દ કરીને પડેલી સુંઠને જોઇ શ્રીવજ્રસ્વામીને સ્મૃતિ આવી. તેથી તે પોતાની નિંદા કરવા લાગ્યા કે મને ધિક્કાર થાઓ ! ધિક્કાર થાઓ ! ! જે મને આવો મ્હોટો પ્રમાદ થયો. પ્રમાદથી નિર્દોષ એવો સંયમ કયારે પણ પાળી સકાતો નથી, અને સંયમ વિના જીવવું એ પણ નિરર્થક છે. માટે હવે હું મ્હારા દેહનો ત્યાગ કરીશ. " આવી રીતે શ્રી વજ્રસ્વામી વિચાર કરતા હતા. એવામાં સામટો બાર વર્ષનો દુકાલ પડયો. પછી શ્રીવજ્રસ્વામીએ શાસ્ત્રના સમુદ્ર રૂપ પોતાના વજ્રસેન નામના શિષ્યને " તું

જ્યાં લક્ષ્ય મૂલના ચોખાની ભિક્ષા પામે, તેના બીજા દિવસે સુકાલ જાણજે." એમ કહી તેને આદરથી બીજા દેશ પ્રત્યે વિહાર કરાવ્યો. પછી વજ્રસેન પણ ગુરૂની આજ્ઞાથી ગામ પુર, અરણ્ય અને પર્વતવાલી પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા. અહીં શ્રીવજ્રસ્વામીની પાસે રહેલા સર્વે સાધુઓને ઘર ઘર પ્રત્યે ફરતા છતાં પણ ભિક્ષા મલતી નહિ, તેથી ભિક્ષા વિના બીજી વૃત્તિને નહિ લેનારા અને ભુખથી દુર્બળ થઈ ગએલા ઉદરવાળા તે સર્વે સાધુઓ, ગુરૂએ આપેલા વિદ્યાપિંડને ભક્ષણ કરવા લાગ્યા. પછી શ્રીવજ્રસ્વામી ગુરૂએ કહ્યું કે "જો આ વિદ્યાપિંડ તમારે બાર વર્ષ પર્યંત ભક્ષણ કરવો હોય તો તે હું તમને આણી આપું, પણ તેથી સંયમને બાધા થશે. અને જો એમ કરવા તમારી મરજી ન હોય તો આપણે સર્વે હર્ષથી દેહ અને આહારનો ત્યાગ કરીએ." આવાં ગુરૂનાં વચન સાંભળી તે સર્વે શિષ્યોએ કહ્યું. હે વિભો ! પ્રથમ વિદ્યાપિંડથી જે દેહનું પોષણ કરવું તે ધિક્કારવા યોગ્યછે. માટે હે સુગુરૂ! આપણે અનશન લઈ દેહનો ત્યાગ કરીએ પછી યુગોત્તમ અને વૈરાગ્યરસના સમુદ્ર એવા શ્રી વજ્રસ્વામી, સર્વે શિષ્યોને સાથે લઇ એક પર્વત ઉપર ચઢવા માટે ચાલ્યા. એક બાલ શિષ્ય ગુરૂએ ના કહ્યા છતાં પણ તેમની પાછળ જતો હતો. ગુરૂ તેને કોઇ ગામમાં છેતરી સાધુઓ સહિત પર્વત ઉપર ચડી ગયા. પાછળ તે બાલશિષ્ય "મ્હારા ઉપર ગુરૂની અપ્રીતિ ન થાઓ." એમ ચિત્તમાં વિચાર કરી ભોજનનું પચ્ચખાણ લઇ પર્વતની નીચે રહ્યો. ત્યાં તે બપોરના સૂર્યના તીક્ષ્ણ તાપથી તપેલી પર્વતની શિલા ઉપર માખણના પિંડાની માફક તત્કાલ ગળવા લાગ્યો. શુભ ધ્યાન રૂપ અન્નને વિષે પડેલા તે બાલ શિષ્યે મલના સ્થાનરૂપ દેહને ત્યજી દઇ સ્વર્ગ લોકમાં સર્વ પ્રકારના મલથી રહિત એવા દેહને સ્વીકાર્યો. બાલશિષ્ય અસંખ્ય સુખ આપનારા દેવલોક પ્રત્યે ગયે છતે દેવતાઓ તેના કલેવરને પૂજવા લાગ્યા. પર્વત ઉપર જતા એવા સાધુઓએ, આવતા એવા દેવતાઓને જોઇ ગુરૂને પૂછયું કે "હે પ્રભો ! આ સર્વ સંપત્તિવાલા દેવતાઓ અહીં શા માટે આવે છે ?" શ્રીવજ્રસ્વામીએ કહ્યું. "હમણાં ક્ષુલ્લકે પોતાનું કાર્ય સાધ્યું છે. તેથી દેવતાઓ તેનો મ્હોટો ઉત્સવ કરવા માટે આવે છે." ગુરૂનાં આવાં વચન સાંભલી સાધુઓ વિચાર કરવા લાગ્યા કે "જો એ બાલશિષ્યે પોતાનું કાર્ય સાધ્યું તો પછી વયોવૃદ્ધ એવા આપણે પોતાનું કાર્ય કેમ નહિ સાધીએ ?" આ પ્રમાણે વૈરાગ્ય પામેલા અને ચારિત્રને સાધનારા તે મુનિઓને કોઇ મિથ્યાદ્રષ્ટિ દેવતાએ શ્રાવક થઈ આ પ્રમાણે કહ્યું. "હે પૂજ્યો ! આજે અમારે ત્યાંથી મોદક તથા સાકર અને દ્રાખ મિશ્રિત જલ લઇ શિઘ્ર પારણું કરો." મુનિઓ "એનું લેવું એ આપણો કલ્પ નથી, એ કેવલ પ્રીતિનું કારણ છે. માટે બીજે જઇએ" એમ ધારી તે સર્વ મુનિઓ સમીપે રહેલા પર્વત ઉપર ગયા. ત્યાં તે સઘલા મુનિઓએ ત્યાંના અધિષ્ઠાયક દેવતાનું મનમાં ધ્યાન કરી કાયોત્સર્ગ કર્યો, એટલે તે દેવતાએ ત્યાં આવી મુનિઓને આવી રીતે કહ્યું. "આપની આજ્ઞાથી

મેં એ અવગ્રહ સ્વીકાર્યો છે, માટે આપ અહીં સુખેથી રહો, કે જેથી હું પુણ્યવંત થાઉં. ” દેવતાના આવા વચનથી પ્રસન્ન થએલા તે સર્વે શુભ મનવાલા સાધુઓ શ્રીવજ્રસ્વામીની સાથે અનશન લઇ સ્વર્ગ પ્રત્યે ગયા. પછી સૌધર્મ દેવલોકના ઇંદ્રે રથમાં બેસી ત્યાં આવી શ્રીવજ્રસ્વામી વિગેરે સર્વે સાધુઓના શરીરને ભક્તિથી પૂજ્યા અને તેજ વખતે ઉંચાં વૃક્ષોને નમાવતાં છતાં બહુ ભક્તિથી તે પર્વતને રથમાં બેસી પ્રદક્ષિણા કરી. આજ સુધી તે પર્વતને વિષે વૃક્ષો નમ્ર દેખાય છે તેમજ તે પર્વતનું તે દીવસથી આરંભીને રથાવર્ત એવું નામ પડયું. દશ પૂર્વના ધારણહાર અને શાસ્ત્રના સમુદ્રરૂપ શ્રીવજ્રસ્વામી દેવલોક પ્રત્યે ગયા ત્યારથી દશમું પૂર્વ વિચ્છેદ ગયું તેમજ ચોથું સંહનન પણ નાશ પામ્યું.

હવે શ્રીવજ્રસ્વામીના શિષ્ય વજ્રસેન પૃથ્વી ઉપર ફરતા ફરતા સર્વે સંપત્તિના નિવાસ સ્થાનરૂપ સોપારક નામના નગર પ્રત્યે આવ્યા. તે નગરમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. તેને ધારિણી નામે સ્ત્રી હતી. ત્યાં જિનદત્ત નામે શ્રેષ્ઠી વસતો હતો તેને ઇશ્વરી નામે સ્ત્રી હતી. તેઓને નાગેંદ્રચંદ્ર અને નિવૃત્તિવિદ્યાધર નામના બે પુત્રો હતા. વજ્રસેન મુનિ તેમના ઘર પ્રત્યે ભિક્ષાને અર્થે ગયા. ઇશ્વરીએ મુનિને જોઈ આનંદથી વિચાર્યું કે “ આજે ચિત્ત, વિત્ત અને સુપાત્રનો યોગ થયો એ બહુ સારૂં થયું. આ વખતે ઇશ્વરી કાંઇ થોડું અન્ન કાઢી લઈ તેમાં કાંઇ વસ્તુ નાખી તે અન્નને ત્યાં પડયું મૂકયું અને બાકીનું અન્ન વજ્રસેન મુનિને આપવા માટે આવી. વજ્રસેન મુનિએ કહ્યું. “ હે શુભે ! તમે ભોજનમાં કોઇ વસ્તુ નાખીને પાછું મૂકયું તે વસ્તુ શી હતી, તે મને કહો ? ઇશ્વરીએ કહ્યું. “ એ વિષ હતું. ” “ તે તમે ભોજનમાં કેમ નાખ્યું ? એવાં વજ્રસેન મુનિનાં વચન સાંભલી ઇશ્વરીએ ફરી કહ્યું. “ અમે લક્ષ્ય મૂલ્યથી આટલું અન્ન રાંધ્યું છે, આવા મહાઘોર દુર્ભિક્ષને વિષે બહુ દ્રવ્ય છતાં અન્ન મળતું નથી, માટે પુત્રસહિત અમે વિષમિશ્રિત અન્નનું ભક્ષણ કરી મૃત્યુ પામીશું. હે મુનીશ્વર ! આપ અમારા પુણ્યથી ખેંચાઇને અમારા ઘર પ્રત્યે આવ્યા છો તે આપ આ પ્રાશુક અન્નને લઇ અમારો ઉદ્ધાર કરો ઉદ્ધાર કરો.

વજ્રસેન મુનિએ કહ્યું. “ હે ભદ્રે ! તમે મૃત્યુ પામશો નહીં કારણ સવારે નિશ્ચે સુકાલ થશે. ઇશ્વરીએ પૂછયું “ આપે તે પોતાથી જાણ્યું કે કોઇના કહેવાથી જાણ્યું ? શ્રી વજ્રસેન મુનિએ કહ્યું. “ તે વાત મેં શ્રી વજ્રસ્વામીના મુખથી જાણી છે. ઇશ્વરીએ કહ્યું. “ હે મહાસાધુ ! જો આપના કહેવા પ્રમાણે સવારે સુકાલ થશે તો હું મ્હારા પતિ પુત્રાદિ સહિત દીક્ષા લઇશ. પછી સવારે ઉત્તમ ધાન્યથી ભરેલાં બહુ વહાણો આવ્યાં. તેથી દુકાલનો નાશ થયો અને માણસો સ્થિર મનવાલા થયા. પછી ઇશ્વરી અને જિનદત્તે પુત્રો સહિત કેટલેક દિવસે શ્રી વજ્રસેન ગુરૂ પાસે હર્ષથી દીક્ષા લીધી. એ પ્રમાણે જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિ ગુણોરૂપ

ઉત્તમ માણિક્યની માલાથી વ્યાપ્ત એવો શ્રી ભગવાન્ મહામુનિ શ્રી વજ્રસ્વામીનો, નાગેંદ્રચંદ્રાદિક શિષ્ય પ્રશિષ્યથી સમુદ્રની પેઠે પૂર્ણ રીતે વૃદ્ધિ પામતો અને જગત્નાં મંગલ કાર્ય કરતો એવો વંશ સર્વ દિશાઓમાં વિસ્તાર પામ્યો.

**'श्रीवज्रस्वामी' नामना अंतिम दशपूर्वधरनी कथा संपूर्ण.**

---

**नाउण गहणधारण-हाणिं चउहापि ही कओ जेण ॥**
**अणुओगो तं देविंद-वंदिअं रखिअं वंदे ॥२००॥**

જેમણે ગ્રહણ ધારણની હાનિ જાણી, પછીના માણસોને સુખે બોધ થવા માટે ચાર પ્રકારના અનુયોગને ( દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ ) રચ્યો. એ પ્રકારે અનુયોગને ભિન્નભિન્ન કરવાથી પાછળના માણસોને સુખે બોધ થયો. દેવેંદ્રે વંદના કરેલા તે આર્યરક્ષિતને હું વંદના કરૂં છું.

**निष्फावकुडसमाणो, जेण कओ अज्जरखिओ सूरी ॥**
**सुतत्थतदुभयविउ, तं वंदे पूसमित्तगणि ॥२०१॥**

જેમણે સૂત્ર, અર્થ અને સૂત્રાર્થનો અભ્યાસ કરતા પોતાના ગુરૂને વલ્લઘટ સમાન કરી દીધા તે પુષ્પમિત્ર ગણિને હું વંદના કરૂં છું.

**गहिअनवपुव्वसारो, दुब्बलिआपूसमित्तगणिवसहा ॥**
**विंज्झो अविंज्झपाठो, न खोहिओ परमवाएहिं ॥२०२॥**

નવપૂર્વના સારને ગ્રહણ કરનારા દુર્બલિકા પુષ્પમિત્ર કે જે સૂરિઓને વિષે શ્રેષ્ઠ છે, તેમજ સકલ શાસ્ત્રાભ્યાસવાળા વિંધ્ય કે જે બૌદ્ધલોકોના વાદમાં જરા પણ ક્ષોભ પામ્યા નહિ તે બન્ને સૂરિઓ શ્રી આર્યરક્ષિતના શિષ્ય હતા.

---

## 'श्रीआर्यरक्षित' नामना पूर्वधर सूरिपुरंदरनी कथा.

દશપુર નગરને વિષે સોમદેવ નામનો પુરોહિત રહેતો હતો. તેને ઔદ્રાયણ રાજાની પુત્રી રૂદ્રસોમા નામે સ્ત્રી હતી. તેઓને પોતાના વંશમાં મુક્તાફળની ઉપમા રૂપ આર્યરક્ષિત અને ફલ્ગુરક્ષિત નામના બે પુત્રો હતા. આર્યરક્ષિત પાટલીપુર નગરે જઈ ચૌદ વિદ્યાનો અભ્યાસ કરી પોતાના નગરે આવ્યો. રાજાએ તેને હાથી ઉપર બેસારી મહોત્સવપૂર્વક તેના ઘરે આણ્યો. પછી આર્યરક્ષિતે ભક્તિથી પોતાના પિતાના ચરણમાં નમસ્કાર કરી જેટલામાં પોતાની માતા પાસે જઈ પ્રણામ કર્યો તેટલામાં તેણે માતાને ખેદયુક્ત દીઠી. આર્યરક્ષિતે પૂછ્યું. "હે માત! આજે હર્ષ પામવાને વખતે તમે કેમ ખેદયુક્ત કેમ દેખાઓ છો?" માતાએ કહ્યું. "હે પુત્ર! જો તું દ્રષ્ટિવાદનો અભ્યાસ કર, તો મને નિવૃત્તિ થાય." પછી માતાને હર્ષ પમાડવા માટે દ્રષ્ટિ-

વાદ ભણવાની ઈચ્છા કરનારા આર્યરક્ષિતે ફરી માતાને પૂછયું કે "હે અંબ ! કહો દ્રષ્ટિવાદ કયાં મલી શકશે ?" માતાએ હર્ષ પામી કહ્યું. "હે સુત ! હમણાં આપણી ઈક્ષુવાટિકા ( શેરડીની વાડી )માં તોસલિપુત્ર નામના સૂરિ આવ્યા છે કે જે ત્હારા મામા થાય છે. હે પુત્ર ! જો તને દ્રષ્ટિવાદ ભણવાની ખરેખરી સ્પૃહા હોય તો તેમની પાસે જા, કારણ તે દ્રષ્ટિવાદના જાણ છે." પછી માતાએ શિખામણ આપેલો તે આર્યરક્ષિત, "દ્રષ્ટિ એટલે દર્શન અને વાદ એટલે વિચાર તે દ્રષ્ટિવાદ" એવો દ્રષ્ટિવાદ શબ્દનો અર્થ વિચારતો છતો સવારે પોતાની માતાની રજા લઈ દ્રષ્ટિવાદ ભણવા માટે ઈક્ષુવાટિકા પ્રત્યે જવા નિકળ્યો. રસ્તામાં તેને સાડાનવ શેરડીના સાંઠા લઈ આવનાર કોઇ પુરૂષના શકન થયા, તેથી તે મનમાં વિચાર કરતો કરતો તોસલીપુત્ર ગુરૂના આશ્રયની સમીપમાં આવી પહોંચ્યો. દ્વારની પાસે તેણે કોઈ ઢઠ્ઠર નામના શ્રાવકના મુખથી વંદના વિધિ જાણી લીધી. ત્યારપછી તે ગુરૂ અને સર્વ સાધુને વંદના કરી ગુરૂ પાસે બેઠો. પછી શ્રાવકની અવંદનાથી તેને ગુરૂએ કોઈ નવીન શ્રાવક જાણ્યો. પછી સૂરિ તેને ઓળખીને જેટલામાં કાંઈ પૂછવા વિચાર કરે છે તેટલામાં આર્યરક્ષિતે પોતાનો સર્વ વૃત્તાંત ગુરૂ આગળ નિવેદન કર્યો. ગુરૂએ કહ્યું. "ગૃહસ્થને દ્રષ્ટિવાદ ભણવો યોગ્ય નથી." આર્યરક્ષિતે કહ્યું. "હે પ્રભો ! જો એમ હોય તો દીક્ષા આપી મને દ્રષ્ટિવાદ ભણાવો. કારણ મ્હારી માતાને દ્રષ્ટિવાદ ભણવાથી પ્રીતિ થશે. બીજી રીતે પ્રીતિ થાય તેમ નથી." શ્રી તોસલીપુત્ર ગુરૂએ તેને યોગ્ય જાણ્યો પણ તેના સ્વજનોના ભયથી તેમણે તેને બીજે ગામ તેડી જઇ વિધિ પ્રમાણે દિક્ષા આપી. થોડા દિવસમાં સાધુના સર્વ આચારના જાણ થએલા અને પોતાની પાસે રહેતા એવા તે આર્યરક્ષિતને પરિશ્રમ વિનાજ સર્વ શાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો. પછી ગુરૂએ તેને પૂર્વના અધ્યયનના અર્થનો અભ્યાસ કરવા માટે શ્રીવજ્રસ્વામી પાસે મોકલ્યો. કાર્યનો જાણ આર્યરક્ષિત પણ અનુક્રમે વિશાલા નગરીમાં પ્રથમ અનશનવ્રતધારી અને જિતેંદ્રિય એવા ભદ્રગુપ્ત આચાર્ય પાસે ગયો. ત્યાં તેણે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે તેમની વંદના કરી. "જે કોઇ સોપક્રમ આયુષ્યવાળો માણસ, શ્રીવજ્રસ્વામીની સાથે એક રાત્રી રહે છે તે નિશ્ચે મૃત્યુ પામે છે." એમ વિચાર કરી શ્રી ભદ્રગુપ્તાચાર્યે આર્યરક્ષિતને કહ્યું કે "ત્હારે જુદા ઉપાશ્રયમાં રહી તેમની પાસે અભ્યાસ કરવો." પછી ભદ્રગુપ્તાચાર્યને નિર્યામણા કરાવી તથા તેમનું વચન ચિત્તમાં ધારણ કરી આર્યરક્ષિત ત્યાંથી ચાલી નિકલ્યા અને જ્યાં શ્રીવજ્રસ્વામી રહેતા હતા તે મહાપુર નગરને ત્વષે આવી પહોંચ્યા. ત્યાં તેમણે પ્રથમ જુદા ઉપાશ્રયમાં આશ્રમ કરી શ્રી વજ્રસ્વામી પાસે જઈ તેમને વંદના કરી. શ્રી વજ્રસ્વામીએ પણ તેજ રાત્રીમાં "જાણે મ્હારા હાથમાંથી દુધનું ભરેલું પાત્ર લઇ કોઇ વટેમાર્ગુ માણુસ તેમાંનુ દુધ પી ગયો." એવું સ્વપ્ન દીઠું હતું. શ્રી વજ્રસ્વામીએ તે આર્યરક્ષિતને દશપૂર્વથી કાંઇક ઓછો અભ્યાસ કરનાર જાણી અને જુદા

ઉપાશ્રયમાં રહેવાનું કારણ પૂછી અભ્યાસ કરાવવા માંડયો. આર્યરક્ષિતે થોડા વખતમાં નવપૂર્વનો પૂર્ણ અભ્યાસ કર્યો. ત્યારપછી તેમણે દશમું પૂર્વ ભણવાનો ઉદ્યમ ચલાવ્યો. દશમા પૂર્વનો અભ્યાસ ચાલતો હતો તેટલામાં પિતાએ મોકલેલા માણસો આવીને આર્યરક્ષિતને કહેવા લાગ્યા કે "તમારા પિતા કહે છે જે તમે અમને શું ભૂલી ગયા છો?" પિતા વિગેરે માણસોએ આવા સંદેશાથી તેડાવ્યા છતાં પણ અભ્યાસ કરવામાં આસક્ત થએલા આર્યરક્ષિત જેટલામાં ત્યાં ગયા નહિ, તેટલામાં પિતા વિગેરે માણસોએ તેડવા માટે મોકલેલો શ્રી આર્યરક્ષિતનો ન્હાનો ભાઇ ફલ્ગુરક્ષિત નિર્બંધની શિક્ષાથી તુરત ત્યાં આવ્યો. ફલ્ગુરક્ષિત, આર્યરક્ષિત પાસે જઈ વંદના કરી કહેવા લાગ્યો. "હે બંધો! તું શું આવીજ રીતે માતા પિતા ઉપર તદ્દન નિઃસ્નેહ બની ગયો? હે બંધો! જો કે તેં વૈરાગ્ય રૂપ ખડગથી પ્રેમના બંધને છેદી નાખ્યો છે. તોપણ ત્હારી પાસે કલ્યાણકારી દયા છે. ન્હાના ભાઈએ આવી રીતે કહ્યું, તેથી આર્યરક્ષિત જવા માટે ઉત્સાહવંત થયો. પછી શુદ્ધ હૃદયવાલા તેણે શ્રી વજ્રસ્વામીને નમસ્કાર કરી તેમની આજ્ઞા માગી. શ્રીવજ્રસ્વામીએ તેને ફરી અભ્યાસ કર" એમ કહ્યું. આર્યરક્ષિત અભ્યાસ કરવા લાગ્યો એટલે ફરી ફલ્ગુરક્ષિતે કહ્યું કે "હે બંધો! તું શું પિતાનો આદેશ ભૂલી ગયો કે? ત્હારા સર્વે બંધુઓ દીક્ષા લેવા માટે ઉત્સાહવંત થઇ રહ્યા છે. માટે તું ત્યાં આવી તે સર્વેને દીક્ષાનું દાન આપી કૃતાર્થ કર." આર્યરક્ષિતે કહ્યું "હે બંધો! જો આ ત્હારૂં વચન સત્ય હોય તો પ્રથમ તું નિશ્ચે દીક્ષા લે." આર્યરક્ષિતનાં આવાં વચન સાંભલી સદ્ભાવથી ભાવિત આત્માવાલા ફલ્ગુરક્ષિતે કહ્યું. "હે આર્યરક્ષિત બંધો! તું પ્રથમ મને દીક્ષા આપ! દીક્ષા આપ!! તેના આવા વચનથી પ્રસન્ન થએલા આર્યરક્ષિતે, તે બંધુ ફલ્ગુરક્ષિતને તુરત દીક્ષા આપી. કહ્યું છે કે કયો પુરૂષ શુભ કાર્યમાં વિલંબ કરે? એક દિવસ ફલ્ગુરક્ષિતે ફરી આર્યરક્ષિતને પિતા પાસે જવા માટે કહ્યું, તેથી ઉત્કર્ષ યમકના અભ્યાસ કરનારા આર્યરક્ષિતે જવા માટે ફરી ગુરૂ પાસે રજા માગી. ગુરૂએ તેને પૂર્વની પેઠે નિવાર્યો એટલે અત્યંત ખેદ પામેલો તે આર્યરક્ષિત વિચારવા લાગ્યો કે "એક તરફથી સ્વજનોનું બોલાવવું અને બીજી તરફથી ગુરૂની આજ્ઞા પાલવી. ખરેખર હું આ મ્હોટા સંકટમાં પડયો છું. ફરી યમકનું અધ્યયન કરતાં થાકી ગએલા તે આર્યરક્ષિતે ફરી હાથ જોડી નમસ્કાર કરી ગુરૂને આ પ્રમાણે પૂછયું:—

"હે ગુરો! મેં આ દશમા પૂર્વનો કેટલોક અભ્યાસ કર્યો અને કેટલો બાકી છે તે મને આપ મ્હારા ઉપર કૃપા કરી કહો?" ગુરૂએ હસીને કહ્યું. "હે આર્યરક્ષિત! હજી તેં સમુદ્રમાંથી બિંદુ માફક અભ્યાસ કર્યો છે. બીજું સર્વ બાકી છે." ગુરૂનાં આવાં વચન સાંભલી આર્યરક્ષિતે કહ્યું. હે ગુરો! હવે ખેદ પામેલા મનવાલો હું અભ્યાસ કરવા સમર્થ નથી." "હે આર્યરક્ષિત! તું થોડા

દિવસમાં દશમું પૂર્વ ભણી રહીશ; માટે અભ્યાસ કર, તું ધીર છે તો પછી હમણાં શા માટે ખેદ પામે છે." હિતસ્ત્રી એવા ગુરૂએ આ પ્રમાણે કહી ઉત્સાહ પમાડેલો આર્યરક્ષિત જો કે ઉત્સહરહિત થયો હતો, તો પણ ગુરૂની ભક્તિવાલા તેણે અભ્યાસ ચલાવ્યો. જો કે ગુરૂ વજ્રસ્વામી તેને પોતાના બંધુની પેઠે અભ્યાસ કરાવતા હતા, તો પણ આર્યરક્ષિતનું મન જવા માટે બહું ઉત્સાહવંત થયું હતું, તેથી તેણે ફરી ગુરૂ પાસેથી જવાની રજા માગી. "હું તેને અભ્યાસ કરાવું છું છતાં તે ઉત્તમ બુદ્ધિવાલો શા માટે જવાને ઉત્સાહ ધરે છે ?" આમ વિચાર કરતા શ્રીવજ્રસ્વામીને ઉપયોગ આવ્યો; તેથી તેમણે વિચાર્યું કે "હા મેં જાણ્યું. મ્હારાથીજ દશમા પૂર્વનો વિચ્છેદ થવાનો છે. વલી હવે મ્હારૂં આયુષ્ય પણ થોડું છે." આમ ધારી તેમણે આર્યરાક્ષતને જવાની આજ્ઞા આપી.

પછી ફલગુરક્ષિત અને આર્યરક્ષિત બન્ને જણા ગુરૂને ભક્તિથી વંદના કરી દશપુર નગર પ્રત્યે ગયા. આર્યરક્ષિત મુનિને આવ્યા જાણી નાગરિક લોકો સહિત રાજા, અને રૂદ્રસોમા સહિત સોમદેવ, તેમને ભક્તિથી વંદના કરવા ગયા. હર્ષના આંસુથી ભરાઈ ગએલા નેત્રવાલા તે સર્વે લોકો, જાણે મૂર્તિમંત ધર્મજ હોયની ? એવા તે આર્યરક્ષિત મુનિને વિધિ પ્રમાણે વંદના કરી તેમની આગલ બેઠા. તે સર્વને ધર્મ સાંભલવાની ઇચ્છાવાલા જાણી દયાના સમુદ્રરૂપ આર્યરક્ષિત મુનિએ ગંભીર વાણીથી તેમને ધર્મદેશના આપી. મુનિની દેશના રૂપ અમૃતની વાવમાં પોતાના મનના મેલને ધોઇ નાખતા એવા નૃપાદિ સર્વે માણસોએ વિસ્મય પામી બહુ ભક્તિથી તેમને વંદના કરી તે મુનીશ્વર પાસે સમ્યક્ત્વ લઈ પોતાને કૃતાર્થ માનતા છતા પોત પોતાને ઘેર ગયા. સંસારમાં ભ્રમણ કરાવનારા સંસારવાસથી ઉદ્વેગ પામેલી રૂદ્રસોમાએ, પોતાના પતિ સોમદેવ અને બીજા બહુ બંધુઓની સાથે દીક્ષા લીધી.

જો કે સોમદેવે દીક્ષા લીધી તો પણ તેણે સ્વજનાદિથી લજ્જા પામીને ધોતી, કચ્છ, છત્રી, જનોઇ અને જોડા વિગેરે ત્યજી દીધું નહિ. પછી ગુરૂના શિખવાડવાથી સર્વ બાલકોએ સર્વ મુનિઓને વંદના કરી પણ સોમદેવ મુનિને વંદના કરી નહીં. ગુરૂએ તેનું કારણ પૂછ્યું, એટલે તે છોકરાઓએ ઉત્તર આપ્યો કે "છત્ર ધારણ કરનારને વંદના કરાય નહીં." ખેદ પામેલા સોમદેવે આર્યરક્ષિત મુનિ કે જે પોતાના પુત્ર થતા હતા, તેમને કહ્યું. "હે વત્સ ! બાલકો વિના બીજા સર્વે શ્રાવકો, મને તથા બીજા મુનિઓને વંદના કરે છે અને બાલકો તો એમ કહે છે કે છત્ર ધારણ કરનારને અમે વંદના કરતા નથી" ગુરૂ શ્રી આર્યરક્ષિતે કહ્યું. "જો એમ છે તો હે તાત ! તમે તે છત્રીને ત્યજી દ્યો. સોમદેવે, ગુરૂના આવા વચનથી ભદ્રક પરિણામને લીધે છત્રી ત્યજી દીધી. એવીજ રીતે તેણે જનોઇ વિગેરે સર્વ વસ્તુનો ત્યાગ કર્યો. એવી રીતે સોમદેવે સર્વ વસ્તુ ત્યજી દીધી પણ ધોતીયું ત્યજી દીધું નહીં તેથી આર્યરક્ષિત ગુરૂએ એક બીજો ઉપાય શોધી કાઢયો.

એકદા કોઈ એક સાધુ અનશન લઈ મૃત્યુ પામ્યા. તેમના દેહને ઉપાડવા માટે ગુરૂએ પ્રથમથી શીખવાડી રાખેલા સાધુઓ પરસ્પર બહુ કલેશ કરવા લાગ્યા. સોમદેવે તેનું કારણ પૂછયું એટલે ગુરૂએ " મ્હોટી નિર્જરાની ઇચ્છાવાલો હોય તે કલેવરને ઉપાડે" એવો આદેશ કર્યો. ત્યારે સોમદેવે કહ્યું. " તે કલેવર હું ઉપાડીશ. " ગુરૂએ કહ્યું " જો તમે ઉપસર્ગોને સહન કરી શકો તો ઉપાડો. નહિ તો વિઘ્ન થશે." પછી સોમદેવ મુનિ, તે કલેવરને ઉપાડી ચાલવા લાગ્યા, એટલે ગુરૂએ શીખવી રાખેલા બાલકોએ તેમનું ધોતીયું કાઢી લીધું અને ધોતીયાને બદલે ચોલપટો પહેરાવી દીધો. જો કે સોમદેવ મુનિ, પોતાના પુત્ર, પૌત્ર અને વધુ વિગેરેના જોવાથી લજ્જા તો બહુ પામ્યા. તો પણ પુત્ર ( આર્યરક્ષિત ) રૂપ ગુરૂના ભયથી અને વિઘ્નના ભયથી કાંઈ બોલ્યા નહીં. સોમદેવ મુનિ તે મહા કાર્ય કરી પાછા આવ્યા ત્યારે ગુરૂએ " હે સોમદેવ મુનિ ! તમારૂં ધોતીયું લાવો " એમ કહ્યું. " જો જોવાયોગ્ય છે તે-જ દીઠું, મ્હારે ધોતીયાનું શું પ્રયોજન છે " એમ ધારી સોમદેવ મુનિએ " હે ગુરો ! હવે પછી હું આ કલ્યાણકારી ચોલપટ્ટો ધારણ કરીશ. " એમ કહ્યું.

જો કે સોમદેવ મુનિએ આ પ્રમાણે ચોલપટો ધારણ કર્યો તો પણ તે મુનિ-રાજ તે ચોલપટો પહેરી ગામમાં ગોચરી લેવા જતા બહુ લજ્જા પામવા લાગ્યા. પછી શ્રી આર્યરક્ષિત ગુરૂ બીજા શિષ્યોને કાંઈ શીખવાડી પોતે બીજે ગામ ગયા. પછી સર્વે સાધુઓ મધ્યાન્હે પોત પોતાની મેળે આહાર લઈ આવી ભોજન કર્યું. સોમદેવ મુનિ ભોજન કર્યા વિના રહ્યા. બીજે દિવસે ગુરૂ પોતાનું કાર્ય કરી પાછા આવ્યા એટલે સોમદેવ મુનિએ તેમને કહ્યું કે " આ સર્વે સાધુઓએ ભોજન કર્યું છે અને હું ભોજન કર્યા વિના રહ્યો છું. " ગુરૂએ કૃત્રિમ કોપ કરી સર્વે સાધુઓને કહ્યું. " હે મૂઢો ! મ્હારા પિતાને ભૂખ્યા રાખ્યા અને તમે ભોજન કર્યું ? સાધુઓએ કહ્યું. " તે પોતે ગોચરી લેવા આવતા નથી. " ગુરૂએ ફરી કોપ કરીને કહ્યું. "તમે શા માટે બેસી રહો છો ? " ગુરૂએ આ પ્રમાણે કહ્યું. એટલે સર્વે સાધુઓ ગોચરી લેવા માટે ગયા. સોમદેવ મુનિ પણ પોતે ગોચરી લેવા માટે ગયા. તેમણે કોઇ શ્રેષ્ઠીના ઘરને વિષે અજાણપણાને લીધે પાછલા બારણેથી પ્રવેશ કર્યો. શ્રેષ્ઠીએ "પાછલા બારણેથી કેમ પ્રવેશ કર્યો " એમ પૂછયું એટલે તે સોમદેવ મુનિએ કહ્યું કે " હે ભદ્ર ! લક્ષ્મી તો પાછલા અથવા આગલા ગમે તે બારણેથી આવે છે. " મુનિનાં આવાં સુંદર વચન સાંભલી શ્રેષ્ઠી બહુ હર્ષ પામ્યો, તેથી તેણે અધિક પ્રીતિથી મુનિને બત્રીશ મોદક વહોરાવ્યા સોમદેવ મુનિએ તે લઈ હર્ષથી ગુરૂને દેખાડયા. શ્રી આર્યરક્ષિત સૂરિએ વિચાર્યું. " એમને એ પ્રથમ લાભ થયો છે માટે નિશ્ચે મ્હારા વંશને વિષે વિનયાદિ બત્રીશ ગુણોની ખાણો થશે. પછી ગુરૂએ તે સર્વ લાડુ સર્વે સાધુઓને વેહેંચી આપ્યા. સોમદેવ મુનિએ ફરી ખીર વહોરી લાવી ભોજન કર્યું. અનુક્રમે સોમદેવ મુનિ લબ્ધિસંપન્નપણાને લીધે અને

ઇચ્છિત આહારના પૂર્ણપણાને લીધે ગણધર ( ગચ્છના અધિપતિ ) થયા, શ્રી આર્ય રક્ષિતસૂરિના ગચ્છને વિષે મૃતપુષ્પ, દુર્બલિકાપુષ્પમિત્ર એ નામના પુરૂષો અતિશયવાલા થયા છે. તેમજ ગોષ્ઠામાહિલ, વંધ્ય, દુર્બલિકા અને ફલગુરક્ષિત એ ચાર મહાપ્રજ્ઞાવાલા થયા છે.

એકદા શ્રીસીમંધર જિનેશ્વરે જ્ઞાન, ક્રિયા અને ગુણોએ કરીને આર્યરક્ષિતનું વર્ણન કર્યું. તે સાંભલી દેવેંદ્ર હર્ષ પામ્યો. પછી તે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ કરીને આર્યરક્ષિત સૂરિ પાસે આવ્યો. ત્યાં તે દેવેંદ્રે પોતાનું આયુષ્ય આર્યરક્ષિતને પૂછયું. શ્રી આર્યરક્ષિતે શ્રુતજ્ઞાનના ઉપયોગથી તેનું આયુષ્ય બે સાગરોપમનું કહ્યું પછી ઇંદ્રે પ્રગટ થઈ તેમને નિગોદનું સ્વરૂપ પૂછયું. તે તેમણે તેની આગલ કહ્યું. દેવેંદ્ર, શ્રીઆર્યરક્ષિતને ભક્તિથી નમસ્કાર કરી અને તેમનું દ્વાર ફેરવી નાખી સ્વર્ગલોક પ્રત્યે ગયો. શ્રી આર્યરક્ષિતસૂરિએ હવે પછી થનારા લોકોની અલ્પબુદ્ધિ જાણી સૂત્રને વિષે અનુયોગ ચાર પ્રકારના બનાવી જુદા જુદા સ્થાપન કર્યા. જેને માટે કહ્યું છે કે, **देविंदवंदिएहिं, महाणुभावेहिं रक्खिअज्जेहिं, जुगमासज्ज विहत्तो अणुओगो तो कओ चउहा ॥**

જેમણે પિતાદિ સર્વ સ્વજનોને પ્રતિબોધ પમાડી દીક્ષા આપી, શ્રીસીમંધર-સ્વામીએ દેવેંદ્ર આગળ જેનો મહિમા ગાયો અને જેમણે અનુયોગને દુષ્કર જાણી ચાર પ્રકારે જુદો જુદો રચ્યો તે શ્રુતના સમુદ્ર રૂપ શ્રી આર્યરક્ષિત સૂરિ ગુરૂને હું વંદના કરૂં છું.

**श्री आर्यरक्षित नामना मुनिवरनी कथा संपूर्ण.**

---

**दुभिक्खंमि प्पणट्ठे, पुणरवि मेलित्तु समणसंघाओ ॥**
**महुराए अणुओगो, पवत्तिओ खंदिलेण तहा ॥२०३॥**

દુર્ભિક્ષ નાશ થયે છતે ખંદિલાચાર્યે ફરી મથુરા નગરીમાં સાધુઓના સમૂહથી અનુયોગને મેળવ્યો ત્યારે તે અનુયોગની વાચના ચાલતી થઈ.

**सुतत्थरयणभरिए, खमदममद्दवगुणेहि संपन्ने ॥**
**देवड्ढिखमासमणे, कासवगुत्ते पणिवयामि ॥२०४॥**

સૂત્ર અને અર્થરૂપ રત્નોથી ભરપુર, ક્ષમા, દમ અને માર્દવ ગુણોથી પૂર્ણ, તેમજ કાશ્યપગોત્રમાં ઉત્પન્ન થએલા શ્રી દેવર્દ્ધિક્ષમાશ્રમણને હું નમસ્કાર કરૂં છું.

**फल्गुसिरिसमणी, नाइलसावयं सच्चसिरिसाविया थुणिमो ॥**
**ओसाप्पिणीए चरमं, वंदे दुप्पस्सहं मुणिवसहं ॥२०५॥**

આ અવસર્પિણીમાં છેલ્લા આચાર્ય શ્રીદુપ્પસહસૂરિજી, સાધ્વી શ્રીફલ્ગુશ્રીજી, નાગિર શ્રાવક અને સત્યશ્રી શ્રાવિકાને અમે સ્તવીએ છીએ.

બાઇન્ડર
વીરશાસન
પ્રી. પ્રેસ.